Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક

મુંબઇ તા. ૧-૧-૮૪
વાર્ષિક લવાજમ રૂા.૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

નાતાલની એક વિશિષ્ટ ઊજવણી

© રમણલાલ ચી. શાહ

નાતાલની ઊજવણી મુંબઇના ખ્રિસ્તી કૅથોલિક સંપ્રદાયના આર્ચબિશપે એક નાનકડા વિશિષ્ટ કાર્યક્રમથી કરી. એમણે મુંબઇના જુદા જુદા ધર્મના ધર્મગુરુઓ કે ગૃહસ્થ પ્રતિનિધિઓને પોતાને ત્યાં બોલાવ્યા હતા. જૈન સાધુ-સાધ્વીઓ રાત્રે બહાર જાય નહીં, એટલે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે મને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. લગભગ પચીસેક વ્યક્તિનો નાનો સમુદાય એકત્ર થયો હતો.

જગતમાં હમણાં હમણાં ચારે બાજુ અશાંતિ વધતી જાય છે. હિંસાના બનાવો અચાનક ફાટી નીકળે છે. સામાન્ય માનવ વ્યગ્ર અને ઉપાધિમય જીવન જીવે છે. માણસ જાણે કે ઈશ્વરને ભૂલી ગયો છે. દુનિયામાં અન્યત્ર જેવી સ્થિતિ છે તેવી જ અશાંત સ્થિતિ ભારતમાં પ્રવર્તે છે. દુનિયામાં સાચી શાંતિ સ્થપાય, પરસ્પર ભ્રાતૃભાવ ખીલે, પ્રેમનું વાતાવરણ સર્જાય અને મનુષ્ય ધર્મમય, સહકારભર્યું, આનંદમય જીવન જીવે એ માટે માત્ર પ્રાર્થનાનો જ આ કાર્યક્રમ હતો.

આર્ચબિશપે આ કાર્યક્રમની ભૂમિકા સમજાવી. કાર્યક્રમ આ પ્રમાણે હતો : દરેક ધર્મની વારાફરતી પ્રાર્થના થાય. તે સૌ એકચિત્તે નતમસ્તકે સાંભળે. પ્રત્યેક પ્રાર્થના પછી બે મિનિટનું મૌન રહે. પ્રાર્થના ઉચ્ચારનાર તે પછી અંગ્રેજીમાં એકાદ-બે મિનિટમાં પોતાની પ્રાર્થનાનો સાર સમજાવે. આ કાર્યક્રમ માટે હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, યહુદી, શીખ, જૈન, પારસી વગેરે ધર્મના સંન્યાસી, મૌલવી, પાદરી, દસ્તુર ઇત્યાદિ કોટિના મહાનુભાવો કે ગૃહસ્થ પ્રતિનિધિઓ પધાર્યા હતા (બૌદ્ધ ભિક્ષુ આવી શકયા નહોતા). ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મની જુદી જુદી શાખાના પ્રતિનિધિઓ હતા. આર્ચબિશપના રહેઠાણના વિશાળ ખંડમાં કાર્યક્રમ હતો એટલે શ્વેત ઝભ્ભામાં સજ્જ એવા, જુદી જુદી વ્યવસ્થામાં રોકાયેલા પાદરીઓની સંખ્યા પણ ઠીક ઠીક હતી. ગૃહસ્થ પ્રતિનિધિ તરીકે હું તથા યહુદી ધર્મના એક સજ્જન હતા. બીજા કેટલાક ગૃહસ્થો પણ પધાર્યા હતા. દરેકનો એકબીજા સાથે પરિચય કરાવવામાં આવ્યો. આરંભમાં ધાર્મિક સંગીતની કેસેટ વગાડવામાં આવી. ત્યાર પછી પ્રાર્થનાઓ થઇ. માત્ર પ્રાર્થનાઓ હતી; બીજી કોઈ ઉપદેશાત્મક કે પ્રચારાત્મક આપણુબાજી નહોતી.

પ્રાર્થનાનો આ કાર્યક્રમ લગભગ કલાક ચાલ્યો. અંતે સંત ફ્રાન્સિસ ઑફ એસિસીની વિશ્વકલ્યાણની ભાવનાની પ્રાર્થનાના સમૂહગાન સાથે કાર્યક્રમ પૂરો થયો. પ્રાર્થનાને અંતે સૌ મહેમાનોને માટે ચા-પાણી રાખવામાં આવ્યાં હતાં. ખુદ આર્ચબિશપ પોતે અને બીજા પાદરીઓ તથા ખ્રિસ્તી સાધ્વીઓ બધાને ચા-પાણી આપવામાં રોકાયાં. એક શાંત, પ્રેરક, ધર્મમય વાતાવરણ આ પવિત્ર સ્થળમાં અનુભવવા મળ્યું.

દુનિયામાં 'ધર્મ' ઘણા છે અને કોઇ ધર્મ એવો નથી કે જેના એકથી વધુ ફાંટા ન હોય. જેમ ભાષા, ભૌગોલિક પ્રદેશો, વર્ણ કે જાતિ માણસને જુદા પાડે છે તેમ ધર્મની અધૂરી સમજણ પણ માણસને જુદા પાડે છે. બીજાં કારણોની જેમ ધર્મને કારણે પણ વિસંવાદ, સંઘર્ષ, યુદ્ધ ઇત્યાદિ થાય છે. વસ્તુત : ધર્મનું ધ્યેય મનુષ્યને ઉન્નત બનાવવાનું છે, પરંતુ કેટલાક ધર્માંધ ધર્માચાર્યોનાં અભિનિવેશભર્યાં વચનો અને અન્ય ધર્મો કે સંપ્રદાયો માટે અસહિષ્ણુતાભર્યાં ઉચ્ચારણો અજ્ઞાન કે અર્ધદગ્ધ, જનૂની અનુયાયીઓને બીજા સાથે સંઘર્ષ તરફ દોરી જાય છે. ધર્મને નામે માણસ કયારેક વધુ હિંસક બને છે. 'ધર્મ ખતરે મેં હૈ' એવું ઉચ્ચાસને બેઠેલા ધર્માચાર્યો પાસેથી સાંભળતાં જ અનુયાયી જૂથ શસ્ત્ર હાથમાં લે છે. અનેક નિર્દોષ માણસોના પ્રાણ હરી લેવાય છે. આપણે ત્યાં પંજાબમાં કે મહારાષ્ટ્રમાં (કુંભોજગિરિના બાહુબલિ પાસે), ગુજરાતમાં, પાકિસ્તાનમાં, ઇરાનમાં, લબનોનના બેરુતમાં, ઇઝરાયલની સરહદ ઉપર કે આયરલેન્ડમાં-એમ કયાંક ને કયાંક વખતોવખત ધાર્મિક વિવાદને કારણે હિંસક ઝમકલાં થતાં રહે છે. કયારેક એને રાજદ્વારી સ્વરૂપ અપાય છે. એથી હિંસા વધે છે.

આર્ચબિશપની પ્રાર્થનાસભામાં બધા ધર્મો વચ્ચે પ્રેમ, સહિષ્ણુતા, ઉદારતાની ભાવનાનું દિવ્યદર્શન થયું. આ સભામાં બધા જ ધર્મના સર્વોચ્ચ કોટિના ધર્મગુરુઓ કે સંતમહાત્માઓ હતા એમ નહિ કહી શકાય. ગમે તે કોટિના હોય તો પણ બધા પ્રતિનિધિઓ માનવતા, મતાંતરક્ષમા, માનવસેવા તથા વિશ્વવાત્સલ્યની દ્રષ્ટિએ પરસ્પર કેટલા નિકટ આવી શકે છે તે અહીં અનુભવવા મળ્યું. એમ કહેવાય છે કે જગતના જુદા જુદા સાચા ધર્મપુરુષો વચ્ચે જે સમજદારીપૂર્વકની, સહાનુભૂતિભરી એકતા અને નિકટતા હોય

છે તથા સહજ સદ્‌ભાવ અને ઔદાર્ય રહેલાં હોય છે, તેટલાં એ ધર્મના નિમ્ન સ્તરના સમજદારી સહિત સામાન્ય અનુયાયીઓ વચ્ચે હોતાં નથી. એટલે નીચેની કક્ષાએ જેટલો સંઘર્ષ હોય છે તેટલો સંઘર્ષ ઉપરની કક્ષાએ સાચા ધર્મપુરુષો વચ્ચે હોતો નથી. કોઇક વખત ઉચ્ચાસને ચડી બેઠેલા ધર્માચાર્યો પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી પરસ્પર વિસંવાદ કે કલહ ઊભા કરે છે ત્યારે તેઓ નીચેની કક્ષાના અનુયાયીઓની દુષ્પ્રવૃત્તિઓનો ગેરલાભ ઉઠાવવા માટે ઉશ્કેરણીભર્યો, અસહિષ્ણુ પ્રચાર કરતા હોય છે. પરંતુ તેથી સરવાળે તો પોતાના ધર્મને જ હાનિ પહોંચે છે. દુનિયામાં બધા જ ધર્મો સરખા છે, એમ વ્યવહારદૃષ્ટિએ કહેવાય છે, નિશ્ચયદૃષ્ટિએ નહિ. સાચું બોલવું, ચોરી ન કરવી, કોઇનો વધ ન કરવો, કોઇનું પડાવી ન લેવું, વ્યભિચાર ન કરવો ઇત્યાદિ વિવિધ પ્રકારના નીતિ-ધર્મની આચાર-સંહિતા બધા જ ધર્મોમાં લગભગ સમાન છે. અલબત્ત તાત્ત્વિક વિષયોમાં-કર્મ અને પુનર્જન્મ, આત્મા અને પરમાત્મા, સ્વર્ગ અને નરક, વિશ્વની ઉત્પત્તિ અને નાશ ઇત્યાદિ વિષયોમાં મતમતાંતર રહેવાનાં. કોઇકમાં એક વાત ઉપર તો કોઇકમાં બીજી વાત ઉપર વધુ ભાર મુકાયો હોય છે. એ દૃષ્ટિએ દરેક ધર્મની પોતાની આગવી વિશિષ્ટતા હોવાથી બધા ધર્મોને સમાન કક્ષામાં મૂકવાની વિચારણા જ અપ્રસ્તુત ગણાવી જોઇએ. એટલું જ નહિ તે સમગ્ર ચર્ચા-વિચારણા વિશ્વના કલ્યાણની ભાવનાની આડે ન આવવી જોઇએ. માટે પ્રથમ જે જરૂર છે તે અન્ય ધર્મીઓ પ્રત્યે કે પોતાના ધર્મના અન્ય સંપ્રદાયના લોકો પ્રત્યે પ્રેમ, ઉદારતા અને ક્ષમાની ભાવનાની. એની સાધના વિના ધર્મની સાચી આરાધના થઇ શકતી નથી.

સમાજ ઉપર કેળવણીકારો, સાહિત્યકારો રાજકારણના પુરુષો કે વૈજ્ઞાનિકોનો જેટલો પ્રભાવ પડે છે તેથી વધુ પ્રભાવ ધર્માચાર્યોનો પડે છે, કારણ કે સાચા ધર્માચાર્યો નિઃસ્વાર્થ, ત્યાગી, અને શીલસંપન્ન હોય છે. વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણની ભાવના પ્રસરાવવામાં તેઓનું યોગદાન મોટું રહે છે. એ માટે આવશ્યક છે કે વિભિન્ન ધર્મના મહાપુરુષો વારંવાર મળતા રહે અને સમાજનાં દુઃખસંકટના ઉપાયો વિચારતા રહે. એ માટે પ્રાર્થનાના આવા કાર્યક્રમોના આયોજનની જરૂર છે.

આચાર્યશ્રીએ જે પ્રેમ અને ઉદારતાથી પ્રાર્થનાનો જે પ્રેરક કાર્યક્રમ યોજ્યો તે માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

કાર્યક્રમ નાનો હતો, પરંતુ તેનો પ્રભાવ ઘણો મોટો રહેશે.

એકયુપ્રેશરના વર્ગો

એકયુપ્રેશરના વર્ગો ૯ મી જાન્યુઆરી સોમવારથી શરૂ કરવામાં આવશે. તેનો સમય બપોરના ૨-૩૦ થી ૫-૦૦ સુધીનો રહેશે.

તેમાં જોડાવા ઇચ્છતાં ભાઇ-બહેનોને નોંધ લેવા વિનંતિ.

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ,
૩૮૫, સરદાર વી. પી. રોડ,
પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪૦૦-૦૦૪

(પાના ૧૭૬ થી ચાલુ)

પરમાણુઓ આત્માની આસપાસ વીંટળાતાં એ મલિન થયેલો આત્મા સત્કર્મ દ્વારા, પુરુષાર્થ દ્વારા મુક્ત થાય એ પ્રક્રિયાને આધ્યાત્મિક કહેવાય. તુમડાને માટીનો ખૂબ લેપ લગાવો અને જળમાં મૂકો તો એ જળને તળિયે બેસે. માટી ધીમે ધીમે પૂરેપૂરી દૂર થાય ત્યારે એ પાછું જળ ઉપર તરતું થાય, એમ મલિન આત્મા જ્ઞાનરૂપી વારિ મળતાં શુદ્ધ થાય ત્યારે જીવ અને શિવની એકતા સધાય.

ઊઠ જાગ મુસાફિર ભોર ભયો

કવિ કહે છે જ્ઞાનનો સૂર્યોદય થયો, હવે આધ્યાત્મિક જાગરણ શરૂ થાય છે. આધ્યાત્મિક જાગૃતિ થતાં જીવનની ક્ષણભંગુરતા સમજાય છે. અને જીવનની ક્ષણભંગુરતાનું ભાન થતાં માણસ પ્રભુ પાસે યાચે છે :

આવો આવો હો જીવણ આમના
અમે રે ઊધઇ ખાધેલ ઇંધણ
તમે ધગધગ ધુણીના અંગાર
આપો અમને અગનના શણગાર

શ્રી મકરન્દ દવેના કાવ્યની આ પંક્તિઓનો મર્મ સમજાવી પ્રો. તારાબહેને કહ્યું: જેમ જેમ પશ્ચાત્તાપ થાય તેમ તેમ આત્મા પવિત્ર બને છે. અને પશ્ચાત્તાપથી અધિકાધિક ઊજળો થતો જતો આત્મા પ્રભુ સાથે એકાકાર થઇ શકે છે. પાપ કર્મ કષાય એટલે જૂનું દેવું ઓછું થતું જાય.

પ્રો. તારાબહેને સંયમનો મહિમા ગાયો, મીરાંને યાદ કરી. 'મેરે પિયા તો અમર સુહાગી, તુમ પાયો મૈં બહુ બડભાગી. મૈં તો પલપલ બ્યાહ રહી' એ કવિ સુન્દરમ્‌ની અદ્‌ભુત સુંદર પંક્તિઓનો ગૂઢાર્થ તારવી આપ્યો. આત્માની શુદ્ધિનો સુંદર પ્રસંગ પ્રેમાનન્દ સુદામા આખ્યાનમાં મૂકયો છે. જેમાં સુદામા પત્નીએ બાંધી આપેલા ચોખાની પોટલી જે ચોરાંની હતી તેની ગાંઠ જેમ જેમ કૃષ્ણ છોડતા ગયા તેમ તેમ સુદામાના આત્માનાં વળગણો છૂટતાં ગયાં અને એમ જીવની શિવ સાથેની એકતા સધાઈ ગોપી વસ્ત્રહરણની ઘટનાને પણ પ્રો. તારાબહેને એ રીતે ઘટાવીને કહ્યું ગોપી એ આત્મા છે. તે જ્ઞાનરૂપી જળમાં સ્નાન કરે છે. અને ભગવાન આત્માને નિર્મળ કરવા સહાય કરે છે. તેમણે 'દાસ કબીર જતન કરી ઓઢી, જ્યોંકી ત્યોં ધર દીની ચદરિયાં' એ કબીરની પંક્તિનો મર્મ પ્રગટ કરી પોતાનું વક્તવ્ય સમાપ્ત કરતાં બીજી બેઠક પૂરી થઇ.

જ્ઞાનસત્રની ત્રીજી અને ચોથી બેઠકનાં વૃત્તાન્ત હવે પછીના અંકમાં પ્રસિદ્ધ થશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

વિદ્યાસત્ર (વર્ષ ૮ મું)

વક્તા : ડૉ. સુરેશ દલાલ
વિષય : આસ્વાદ : કેટલાંક કાવ્યો
પ્રથમ દિવસ : ગુજરાતી કાવ્યો
બીજો દિવસ : ભારતીય ભાષાઓનાં કાવ્યો
ત્રીજો દિવસ : વિદેશનાં કાવ્યો
સ્થળ : ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર સભાગૃહ,
ચર્ચગેટ સ્ટેશનની પાછળ.
દિવસ : બુધ-ગુરુ-શુક્ર, તા. ૪-૫-૬ જાન્યુ. '૮૪
સમય રોજ સાંજના છ વાગે.
સભાના પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
રસજ્ઞોને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ-મંત્રીઓ

આપણું પ્રથમ કર્તવ્ય : સ્વરૂપદર્શન

ડૉ. શશિકાન્ત મહેતા

[લંડનમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય જૈન કૉન્ફરન્સમાં રજૂ થયેલું વક્તવ્ય]

જૈનદર્શન એ વિશ્વદર્શન છે.

જૈનશાસન એ વિશ્વશાસન છે.

જૈનોનું તત્ત્વજ્ઞાન એ કોઇ એક સાંપ્રદાયિકતાની ભેટ નથી; જૈનોનું તત્ત્વજ્ઞાન એ કોઇ એક બની ગયેલી ઐતિહાસિક ઘટના નથી કે તેને આપણે સ્મૃતિપટમાં વારંવાર યાદ કરીને સંતોષ માની બેસી રહીએ.

આ તત્ત્વજ્ઞાન એટલું વિશદ – વિશાળ – ગંભીર અને ઊંડાણપૂર્વ છે કે એકવાર તેનો જીવંત સ્પર્શ આપણને થાય ત્યારે આપણી ચેતના મૂલાધારમાંથી ઉર્ધ્વારોહણ પામી, અનુભૂતિનું શીલ જીવનમાં પ્રગટ કરે છે અને સત્યમ્-શિવમ્-સૌંદર્યમ્નું મધુર આત્મિક સંગીત સદાયે તેમાંથી રેલાયા કરે છે.

જૈનદર્શન અને તત્ત્વજ્ઞાન માનવીના પૂર્ણવિકાસની યાત્રા છે. એ કોઇ એક નિષ્ણાતનો વિષય નથી. એ તો જીવનની સમગ્રતાને સ્પર્શતો એક અદ્‌ભુત રોમાંચક અભિગમ છે, (It is a Holistic approach towards Life) કે જ્યાં ચેતનાથી અખંડ ઉપસ્થિતિમાં જીવનની પ્રત્યેક ઘડી એક જીવંત યાત્રાનો ભાગ બની જાય છે. પશ્ચિમનું જગત આજે ભૌતિક સમૃદ્ધિનાં શિખરો સર કરી રહ્યું છે, પરંતુ આ શિખરના આરોહણનો આનંદ કયાં છે? આ શિખર ઉપરથી ખાબડી પડવાના અને બીજાને પાડવાનો જ પ્રયત્ન સેવાઈ રહ્યો છે.

જ્યારે–

જૈનોની સિદ્ધશિલા તરફનું આરોહણ તો સમગ્ર સંસારને એક પવિત્રતા, નિર્મળ આનંદ અને સમૃદ્ધિથી સભર કરી દે છે.

વિજ્ઞાને આજે સમગ્ર માનવજાતને એક ભૌતિક સ્તર ઉપર એકતા આપી દીધી છે, પરંતુ જીવનના તમામ ક્ષેત્રમાંથી આપણા પુરુષાર્થમાં આત્માનું અનુસંધાન છૂટી ગયું છે (We are divorced with our innerself and consciousness).

તેને કારણે,

સંપત્તિ વધી પણ સમૃદ્ધિ કયાં છે?

બુદ્ધિ વધી પણ બોધ કયાં છે?

જ્ઞાન વધ્યું પણ ડહાપણ ઘટયું છે.

માહિતીઓ ખૂબ વધી પણ હિત સધાતું નથી.

વ્યક્તિ અને સમાજની તમામ પ્રવૃત્તિનું કેન્દ્ર જ્યારે આત્મલક્ષી નથી બનતું ત્યારે સર્વત્ર પ્રવૃત્તિના આનંદના સ્થાને ગ્લાનિ, થાક અને અરસપરસના મતભેદોથી જીવન કલુષિત બની જાય છે.

આ કૉન્ફરન્સ કે જેમાં પશ્ચિમ જગતના અતિ વિશાળ સંખ્યામાં જૈનોની ઉપસ્થિતિ છે તેઓનું પ્રથમ અને અગ્રિમ કર્તવ્ય એક સાચા જૈન બની (દ્રષ્ટાંતથી, નહીં કે માત્ર શબ્દોથી) જીવનનાં તમામ ક્ષેત્રોમાં અહિંસા અને પ્રેમની પ્રતિભા પ્રતિષ્ઠિત કરવાનું છે.

જનમાંથી જૈન બનાવતી બે માત્રાઓ એટલે

સ્વાર્થનું વિસર્જન.

પરાર્થનું સર્જન.

આ બે કાર્યો કરે તે જ સાચો જૈન છે.

૨૦ મી સદીમાં શ્રુતિ-યુક્તિનું અનુદાન અને ઉપયોગિતા સીમિત બન્યાં છે. સૈકાઓથી આપણે શાસ્ત્રોનો, પરંપરાનો, મહાપુરુષોના વારસાનો ભાર ઉઠાવતાં આવ્યા છીએ. આજે તો આ વારસાને જીવંત કરી બતાવે, જીવનમાં અનુભૂતિ પ્રગટ કરે તેવા શ્રાવકો–શ્રાવિકાઓની જરૂરત છે. આ કૉન્ફરન્સનું ધ્યેય શ્રી સંઘની પ્રત્યેક વ્યક્તિ

સત્યનિષ્ઠ

શીલનિષ્ઠ

મૌનનિષ્ઠ બને તેવા અભિગમને જીવનમાં લાવવાનું હોઇ શકે.

–Present day WORLD needs your experience in YOGA rather than Lessons in YOGA

આપ સહુ આપના વ્યવસાયોમાં ખૂબ રોકાયેલા છો, પરંતુ જો આપની કુરસદનો સમય આરાધનાને આપશો તો આપ એક જીવંત પ્રકાશનું પ્રતીક બની શકો.

જીવન આખું સાધનસંપન્ન થવા માટે ખર્ચી નાખ્યું– હવે સાધના–સંપન્ન થવા માટે સમય આપો. સાધન અને સાધના જ્યારે બંને મળે છે ત્યારે જ આપણા જીવન–યજ્ઞની સાચી સફળતા પ્રાપ્ત થશે.

જ્યારે પણ કંઇક સારી પ્રવૃત્તિ કરવાનું મન થાય છે ત્યારે આપણે એક સંસ્થાકીય માળખું ઊભું કરી દઇએ છીએ. અને પછી આ સંસ્થાની વ્યવસ્થામાં જ સમય ખર્ચાઈ જાય છે અને વ્યવસ્થાની ચિંતામાં અવસ્થા ઝુલાઇ જાય છે.

માનવીના પ્રશ્નો માત્ર સંસ્થાઓ હલ નહીં કરી શકે. Institutions and Establishments have rarely solved our problems. એક પ્રશ્ન હલ કરવા જતાં બીજા અનેક પ્રશ્નો ઊભા થાય છે.

– પ્રશ્નોનું સમાધાન નહીં નિરાકરણ માગવું હોય તો આપણે પોતે જ આપણી શુદ્ધ ચેતનાના ઝરાનું પાન કરી તૃષા છીપાવવી પડે.

શુભ પ્રવૃત્તિ માટે શુભ પ્રકૃતિ પ્રથમ જોઇએ. બીજી બધી વાતો આનુષંગિક છે.

નમસ્કાર મહામંત્રની આરાધના પ્રત્યેક વ્યક્તિને તેના સ્વરૂપદર્શનની અણમોલ ચાવી છે. આપણી માટીની કુલડીમાં રહેલા શાશ્વત અખંડ ચૈતન્યને બહાર પ્રગટ કરવા માટે આ મહામંત્ર સમર્થ છે.

એકવાર સ્વરૂપદર્શન થાય, ત્યાર બાદના સંબંધોનું સર્જન કેવું સુમધુર–સામંજસ્યમય બને તેની તો કલ્પના જ કરવી રહી.

આરાધનાનો ક્રમ

પ્રથમ સ્વરૂપદર્શન

બાદ સંબંધોનું સર્જન

અને ત્યાર બાદ સાધના દ્વારા વ્યક્તિત્વનું વિસર્જન છે. આ ક્રમમાં આપણે સૌ સ્વરૂપદર્શનને અગ્રિમતા આપીએ અને જીવનને સાધનલક્ષીને સ્થાને સાધનાલક્ષી બનાવીએ એ જ અભ્યર્થના.

જનીનશાસ્ત્રના પિતા મેન્ડેલ

મનોજ્ઞા દેસાઈ

દિલ્હીમાં હમણાં જનીનશાસ્ત્ર વિશે આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ ગઈ. આ પ્રસંગે એ શાસ્ત્રના પિતા મનાતા જહોન મેન્ડેલના જીવનકાર્ય વિશે આપણને જિજ્ઞાસા થશે.

આપણે ઘણીવાર વાતો કરીએ છીએ કે, 'આ મીનળ-બહેનની સ્વાતિ ખરીને? અરસલં નાનાં મીનળબહેન જોઈ રહ્યા! કોપી ટુ કોપી;' કે પછી 'પલ્લવીને બાપો આવ્યો તે દેખાવે તો બરાબર મા જેવો છે, પણ રંગ બિચારાને બાપનો મળ્યો.' તો કોઇવાર વળી એવું પણ બને છે કે મા-બાપ બન્ને તદ્દન શ્યામ હોય અને બાળક ગોરું દૂધ જેવું.

જ્યોર્જ બર્નાડ શોની એક જાણીતી વાત છે. એ દેખાવમાં કુરૂપ હતા, પણ હતા ખૂબ વિદ્વાન એમને એક અભિનેત્રીએ સંદેશો કહેવડાવ્યો કે, 'આપણને બાળક થાય અને એમાં મારું રૂપ અને તમારી વિદ્વત્તા આવે તો કેવું સુંદર!' શો એ જવાબમાં કહ્યું કે, 'પણ ઊંધું થાય તો?'

આવું શાથી થતું હશે? સદીઓથી વૈજ્ઞાનિકો આની પાછળના કારણો શોધવાનો પ્રયત્ન કરતા આવ્યા છે.

આ કારણો શોધવાનું કામ ગઈ સદીમાં ઝેકોસ્લોવેકિયા (ઓસ્ટ્રિયા)માં વસતા એક પાદરીએ કર્યું હતું. એની પહેલાં પણ કેટલાક વૈજ્ઞાનિકોએ આ દિશામાં પ્રયોગો કર્યા હતા. પણ આ પાદરીની એકનિષ્ઠા, આઠ વર્ષ સુધીની સતત મહેનત અને પદ્ધતિસરની નોંધો લેવાની આવડતને લીધે સફળતા એને વરી. 'સફળતા એને વરી.' એમ આજે આપણે કહીએ છીએ પણ વિધાત્રીની કલમે એ પાદરીને તો મૃત્યુ સુધી એના કામની કદર કરનાર કોઈ મળ્યું ન હતું.

એ પાદરી તે જહોન મેન્ડેલ. મૂળ નામ જહોન અને પાદરી બન્યા પછી ધારણ કરેલું નામ ગ્રેગોર. વિજ્ઞાનજગતમાં જાણીતા થયા મેન્ડેલ તરીકે

૧૮૨૨માં મેન્ડેલનો જન્મ. પિતા ખેડૂત. બાળક મેન્ડેલને ફૂલો ઉગાડતાં અને ફલમ કરતાં શિખવનાર પિતાને કલ્પના પણ નહીં હોય કે આ બાળક ભવિષ્યમાં વટાણાના છોડો પર પ્રયોગો કરીને 'આધુનિક જનીનશાસ્ત્રના પિતા' બનવાનું માન પામશે. શાળાનું ભણતર સરસ રીતે પૂરું કર્યું. પછી એણે બે વર્ષનો તત્ત્વજ્ઞાનનો અભ્યાસક્રમ શરૂ કર્યો. એ વખતે એની આર્થિક સ્થિતિ જરા નબળી હતી. એના એક શિક્ષકની સલાહથી મેન્ડેલ ઝેકોસ્લોવેકિયા (ઓસ્ટ્રિયા) ના મારાવિયા વિસ્તારના બ્રુન ગામની ધાર્મિક સંસ્થામાં જોડાયો. ૧૮૪૭ માં બરાબર પચ્ચીસ વર્ષનો આ યુવાન પાદરી બન્યો. જહોન હવે ગ્રેગોર (ધાર્મિક) બન્યો.

આ નવા પ્રતિભાશાળી આગંતુકને પાદરીઓએ વિયેનાના મહાવિદ્યાલયમાં મોકલ્યો. વિયેનામાં એણે ભૌતિકશાસ્ત્ર અને અંકડાશાસ્ત્રનો અભ્યાસ કર્યો. વિયેનામાં મેન્ડેલને અશંતઃ સફળતા મળી.

તે સમયે પણ એવા બનાવો તો બનતા જ હશે જેમાં બાળક માતા-પિતા બન્નેથી તદ્દન ભિન્ન હોય, પણ એના તરફ વિજ્ઞાનીઓનું ધ્યાન ખેંચાયું નહીં હોય, કારણ કે એ લોકોનું દૃઢપણે માનવું હતું કે માતા-પિતાના ગુણોનો સરેરાશ જ બાળકમાં આવે. દા. ત. માતાનો વાન ઉજળો હોય અને પિતાનો શ્યામ હોય તો બાળક ઘઉંવર્ણું જ બને.

વિયેનામાં મેન્ડેલ એક પ્રોફેસર ઉંગર નામના જીવવિજ્ઞાનીના સંપર્કમાં આવ્યો. પ્રોફેસરના આનુવંશિકતા વિશેના વિચારો સ્પષ્ટ હતા, માત્ર સત્યને વળગી રહેવું એ એનો સિદ્ધાંત હતો.

ગ્રેગોર મેન્ડેલમાં રહેલો ખેડૂતનો દીકરો જહોન જાગી ઊઠ્યો. વિયેનાથી પાછા ફરીને શાળામાં ભૌતિક અને પ્રાકૃતિક વિજ્ઞાનના શિક્ષક તરીકે એણે કામ કર્યું, પણ એ સાથે એના બાગમાં એણે વટાણાના છોડ પરનું સૌથી જાણીતું સંશોધન શરૂ કર્યું. આઠ વર્ષ સુધી સતત આ સંશોધન ચાલ્યું.

ઊંડા વિચાર પછી સંશોધન માટેનો કળશ વટાણાના છોડ પર ઢોળાયો. સરખામણી કરવા માટે એણે ઊંચા છોડ, નીચા છોડ, પીળા દાણા, લીલા દાણા (૬ ફીટ), (૧½ ફીટ), ગોળ બી, કરચલિયાળું બી એવા દેખીતી રીતે જુદા પડતા સાત ગુણધર્મો તારવ્યા. અનેક પેઢી સુધી આ છોડોનું અંદર અંદર ફલીકરણ કર્યું અને સતત પરિણામોની નોંધ રાખી.

પ્રયોગોની સતત પૂણ નોંધ એ મેન્ડેલની સફળતાની મુખ્ય ચાવી બની ગઈ. પહેલી જ પેઢીમાં એણે જોયું કે અત્યાર સુધીની જીવશાસ્ત્રીઓની 'સરેરાશ' આનુવંશિકતાની માન્યતા ખોટી હતી. ઊંચા અને નીચા છોડોમાંથી જે નવા છોડ જન્મ્યા તે વચલી ઊંચાઇના ન હતા કે પીળા અને લીલા દાણાવાળામાંથી પોપટી દાણાવાળા કે ગોળ અને કરચલિયાળાં બીવાળા છોડોમાંથી સહેજ ગોળ અને સહેજ કરચલિયાળાં એવાં બી નહોતાં બન્યાં. પહેલી પેઢીના છોડ બધા જ ઊંચા, બધા જ પીળા દાણાવાળા અને બધા જ ગોળ બી વાળા હતા ફરી આ છોડોનું એણે અંદરઅંદર ફલીકરણ કર્યું. એમાંથી ઊગેલા છોડોમાં આ ગુણધર્મોનું પ્રમાણ ૩ : ૧નું હતું એટલે કે ત્રણ ઊંચા અને એક નીચો-એ પ્રમાણે હતું.

મેન્ડેલની ઝીણવટ, એની ચોકસાઇ, એની મહેનત કેવા સ્તર સુધી પહોંચ્યા'તા એનું એક ઉદાહરણ છે એની આ પ્રાયોગિક નોંધ :-

'૧૦૬૪ છોડમાંથી ૭૮૭ છોડમાં થડ લાંબું અને ૨૭૭ ટૂંકા (ટૂંકું) હતું. તેથી એનું પ્રમાણ ૨.૮૪ : ૧,..હવે જો આખા પ્રયોગનાં પરિણામો ભેગાં કરીએ તો સરેરાશ પ્રમાણ ૨.૯૮ : ૧ અથવા ૩ : ૧ નું થાય.'

આટઆટલા છોડ વાવવા, એને ઉછેરવા, સંભાળપૂર્વક ફલીકરણ કરવું, તેમાંથી થયેલાં બીને ફરી વાવવા, ઊગેલા છોડનું નિરીક્ષણ કરીને એની નોંધ કરવી કેટલી મહેનતનું કામ છે, એની આપણે તો કલ્પના જ કરવી રહી.

પોતાનાં નિરીક્ષણો પરથી મેન્ડેલે કેટલાંક વિધાન તારવ્યાં, જે આજે આનુવંશિકતાના નિયમો તરીકે ઓળખાય છે. આ નિયમો માત્ર વટાણામાં કે બીજા છોડોમાં જ નહીં પણ પ્રાણીઓમાં અને માણસોમાં સુદ્ધાં આનુવંશિકતા સમજવા માટે અને માનવજાતના વિકાસ માટે અત્યંત મહત્ત્વના પુરવાર થયા છે. ખાસ કરીને ખેતીમાં વધારે પ્રમાણમાં અને સારી જાતનાં ફૂલો ઉત્પન્ન કરવા માટે ખૂબ ઉપયોગી છે.

જો કે કોઈકવાર આ પ્રયોગોમાં પણ બર્નાડ શોના ઉદાહરણ જેવું થઈ જાય છે. મૂળો એ મૂળા છે. વૈજ્ઞાનિકોએ

મૂળાનું મૂળ અને કોબીનું થડ (પાન) બન્ને એકમાં જ હોય એવો છોડ ઉત્પન્ન કરવા માટે બન્ને છોડોનું કલીકરણ કર્યું". પણ શોની આગાહીની પ્રેરણાથી કે ગમે તેમ પણ જે છોડ બન્યો એને મૂળાનાં પાન અને કોબીનું મૂળ મળ્યાં'તાં.

વટાણાના છોડ પર પ્રયોગ કરનાર મેન્ડેલથી કદાચ ઘણાં પરિચિત હશે પણ એના પ્રયોગોના અને અસ્તિત્વના કેટલાંક પાસાં હજી ઓછાં જાણીતાં છે. પચાસ મધપૂડાનું નિરીક્ષણ કરીને અને જુદી જુદી 'રાણી' માખીઓને લઈને એણે ખૂબ સરસ મધ આપતી મધમાખી ઉત્પન્ન કરી હતી. પણ ખૂબ કરડતી હોવાને કારણે આ મધમાખીઓનો નાશ કરવો પડ્યો હતો.

એણે પોતાનો વટાણાના છોડ પરનો શોધનિબંધ ૧૮૬૫માં બ્રુનની ફિલોસોફિકલ સોસાયટી આગળ વાંચ્યો. ૧૮૬૬માં એ છપાયો અને રોયલ સોસાયટી ઑફ લંડન સહિત દુનિયાની અનેક વૈજ્ઞાનિક સંસ્થાઓમાં મોકલાયો. આ જ વિષય પર બીજો નિબંધ એણે ૧૮૬૯માં વાંચ્યો, જે ૧૮૭૦માં છપાયો.

પણ આધુનિક જનીનશાસ્ત્રનો વિકાસ ત્રીસ વર્ષ મોડો થવા સર્જાયો હશે કે આ મહાન વૈજ્ઞાનિકના હાથમાં જશની રેખા નહીં હોય, નહિ તો એક પાદરીએ આઠ આઠ વર્ષ સુધી પ્રયોગો કરીને, નિયમો બનાવીને દુનિયા આગળ ધરી દીધા એની કોઇકે તો નોંધ લીધી હોત ને?!

૧૮૬૮ માં મેન્ડેલ એની ધાર્મિક સંસ્થાનો મુખ્ય પાદરી બન્યો. એને આશા હતી કે એ પોતાના માનીતા ક્ષેત્રમાં વધારે પ્રદાન કરી શકશે. ૧૮૭૨ માં ત્યાંની સરકારે ધાર્મિક જગ્યાની મૂડી પર વિશેષ કર નાંખ્યા. મેન્ડેલને એ અન્યાયી લાગ્યા. એણે એનો વિરોધ કર્યો. અનેક દબાણો અને લાલચો આપ્યા છતાં આ વૈજ્ઞાનિકની એકનિષ્ઠાએ સરકાર સામે નમતું ન જોખ્યું.

મેન્ડેલ જન્મજાત નિરીક્ષક હતો. હજારો વટાણાના છોડની ગણતરી રાખ્યા પછી પણ એ થાક્યો ન હતો. એ નિયમિત રીતે હવામાનની નોંધો રાખતો અને છાપતો. એણે સૂર્યનાં ધાબાં અને પૃથ્વીની આબોહવા વચ્ચેનો સંબંધ નોંધ્યો હતો. ખૂબ સુંદર રીતે એ શેતરંજ પણ ખેલી લેતો.

એક પાદરી હતો એટલે એ પ્રમાણમાં નિસ્પૃહી હશે. પ્રયોગો પાછળનો એનો હેતુ લોકોનું ધ્યાન ખેંચવાનો કે પ્રસિદ્ધિ મેળવવાનો નહોતો. છતાં આટલી હદ સુધીની વૈજ્ઞાનિકોની ઉદાસીનતાએ એને નિરાશ કર્યો. એણે જીવશાસ્ત્રની નવી દિશા ઉઘાડી; ક્ષિતિજો વિસ્તારી પણ એ જોવા માટે કોઇએ આંખો પણ ન ખોલી.

એના જીવનનો સંધ્યાસમય ખૂબ હતાશામાં ગયો. એનું પ્રદાન આગળ ન વધ્યું. પ્રયોગોની નોંધો અને લખાણો એણે બાળી નાખ્યાં. આટલી મહેનતથી કરેલા પ્રયોગોની નોંધો બાળતી વખતે એ પાદરીના મન પર શું વીત્યું હશે! એ વખતે કદાચ એ ગ્રેગોર નહીં હોય, જહોન હશે.

બે વર્ષની શારીરિક માંદગી પછી ૧૮૮૪ની છઠ્ઠી જાન્યુઆરીએ મેન્ડેલે દેહનો ત્યાગ કર્યો. મૃત્યુ સુધી એ હતાશ રહ્યો. દુનિયાએ એને ન ઓળખ્યો.

છેક ૧૯૦૦ની સાલમાં એની શોધની દુનિયાને જાણ થઇ. કહેવાય છે કે એના સમકાલીન અને ગઈ સદીના સૌથી મહાન વૈજ્ઞાનિક ડાર્વિનને પણ એણે પ્રયોગો વિષે જણાવ્યું હોત તો આજે ઓગણીસમી સદીનો વૈજ્ઞાનિક ઇતિહાસ કંઇક જુદો જ હોત.

એક મૂંઝવણ

ડૉ. કાન્તિલાલ શાહ

આજકાલ છાપાંમાં ચૂંટણી-સુધારાની વાતો આવે છે. કોઈ ચૂંટણીના ખરચા સરકારે આપવા જોઇએ એમ કહે છે, કોઇ પ્રતિનિધિને પાછો બોલાવી લેવાના અધિકારની વાત કરે છે; બધા જ પક્ષપલટાની વિરુદ્ધ લખે છે; ઘણા કહે છે કે ચૂંટણી પછી ઑડિટેડ હિસાબ બહાર પાડવાનું પ્રતિનિધિ માટે ફરજિયાત હોવું જોઇએ; ઉપરાંત, ચૂંટાયા બાદ પોતાની જે કંઈ સ્થાવર-જંગમ મિલકત હોય તે પ્રસિદ્ધ કરવાનું પણ ફરજિયાત બનાવવું.

હું રાજકારણનો અભ્યાસી નથી, તેમ જ ચૂંટણીના વર્તમાન કાયદા તથા ચૂંટણી કમિશ્નરોએ સૂચવેલા સુધારા, કે ચૂંટણી સમિતિની ભલામણોનો મારો અભ્યાસ નથી. **એક સામાન્ય નાગરિકની હેસિયતથી હું વિચારું છું ને આ લખ્યું છું.**

મને મોટામાં મોટું આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે આપણું બંધારણ ઘડનારા બાંધાતાઓએ બંધારણમાં એક મોટામાં મોટી ખામી કેમ રાખી, અને એ ખામી આજ સુધીના બૌદ્ધિકોની નજર બહાર કેમ રહી ગઈ છે અને રહી જાય છે? આનું કારણ મને એ લાગે છે કે આ બધા અંગ્રેજી ભણેલા મહાનુભાવોની દૃષ્ટિ બીજાઓ તરફ હતી. દેશદેશનાં બંધારણોનો અભ્યાસ એમણે કર્યો, પણ મૌલિક રીતે વિચાર ન કર્યો.

પણ હું મૂળ મુદ્દા પર આવું. ચૂંટણી શા માટે થાય છે? પ્રજાના પ્રતિનિધિઓ ચૂંટવા માટે જ ચૂંટણી થાય છે ને? પ્રતિનિધિ કોને કહેશો? બંધારણે પ્રતિનિધિની વ્યાખ્યા આપી છે? અભ્યાસીઓને આ પ્રશ્ન શિષ્યભાવે પૂછું છું. કોઇપણ સભામાં આપણા જેવા સો સભ્યો બેઠા હોઇએ, અને પ્રતિનિધિ નીમવાની વાત ચાલતી હોય તો પ્રતિનિધિની કેવી વ્યાખ્યા કરીએ? ગુજરાતીમાં કહેવત છે કે, 'પંચ બોલે તે પરમેશ્વર.' આનો હું એવો અર્થ કરું છું કે ઓછામાં ઓછા પાંચમા ભાગના સભ્યોનો આપણને ટેકો હોય કે આપણા મતના હોય, તો જ આપણે એ સભાના પ્રતિનિધિ બની શકીએ, અર્થાત્ **એક મત વિસ્તારમાં કુલ મતદારોની જેટલી સંખ્યા હોય તેના પાંચમા ભાગના (એટલે વીસ ટકા) મત મેળવે ને જ ઉમેદવાર લોકોનું પ્રતિનિધિત્વ કરી શકે.** વિદ્યાર્થીઓ માટે જેમ પરીક્ષામાં અમુક ગુણ મેળવવાનું આવશ્યક હોય છે, તેમ જ ઉમેદવારો માટે અમુક ટકા મત મેળવવાનું આવશ્યક બનાવવું જોઇએ. હું પચીસ ટકા આવશ્યક ગણું છું, તથાપિ એમાં મતભેદને સ્થાન હોઈ શકે.

આવી જોગવાઇ બંધારણમાં છે? નથી જ. પરિણામે ડિપોઝિટ ગુમાવનાર નાલાયક ઉમેદવારો પણ ચૂંટાઇને આવી શકે છે, અને આસામમાં બન્યું એમ ગુંડાઓ પણ સરકારમાં ઘૂસી શકે છે. પ્રજાની આ એક મોટામાં મોટી કમનસીબી છે. બંધારણ ઘડનારાઓએ મતદારોના હાથમાંથી ચૂંટણી-બહિષ્કાર રૂપી સબળમાં સબળ શસ્ત્ર ખુંટવી લીધું છે. માટે જ હું કહું છું કે બંધારણ ઘડનારાઓએ-પછી એ જવાહર હોય કે આંબેડકર હોય-તથા ચૂંટણીમાં સુધારા

સૂચવનારાઓએ–પછી એ જયપ્રકાશ હોય કે તારકુંડે હોય–ઉમેદવારનો વધારે વિચાર કર્યો છે, અને મતદારનો ઓછો કર્યો છે, કારણ ઉપર કહ્યો તે મુદ્દો તેઓ વીસરી ગયા છે. **મારા નમ્ર મતે આ મુદ્દો પાયાનો છે.** બંધારણનો જે મિત્રોએ ઊંડો અભ્યાસ કર્યો છે તેમની સમક્ષ આ વાત નમ્રતાપૂર્વક શિષ્યભાવે રજૂ કરું છું.

બીજી એક અગત્યની વાત. જે સર્વોદય કાર્યકર્તાઓ વિકેન્દ્રિત વહીવટની, લોકનીતિની અને ગ્રામસ્વરાજની વાતો કરે છે, તે બધા અગાઉથી ચેતી જાય અને વિચાર કરે. જો ગ્રામસભાઓ રચાય, પંચાયતો પાસે વધારે નાણાં અને સત્તા આવે, અને ત્યાં પણ ચૂંટણીઓ થાય, તો ગામડાંઓમાં ગુંડા જ ચૂંટાઈ આવશે. માટે અહીં તો **પહેલામાં પહેલો ચૂંટણી નિયમ એ હોવો જોઈએ કે એંશી ટકા** (હું સો એ સો ટકા અથવા સર્વાનુમતિની હિમાયત કરું) **મત મેળવનાર ઉમેદવાર જ ગ્રામસભામાં બેસી શકે.**

શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટ, સૂરતના ઉપક્રમે

સંતપર્ક જ્ઞાનસત્ર

૪૪ કૃષ્ણવીર દીક્ષિત

શનિ–રવિ તા. ૧૦–૧૧ ડિસેમ્બર ૧૯૮૬–એ બે દિવસ સૂરતમાં નાનપુરા ખાતેના 'સમૃદ્ધિ' હોલમાં શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે ત્રીજું જ્ઞાનસત્ર યોજાઈ ગયું. તેનું ઉદ્‌ઘાટન મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા, મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ તથા 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહે પંચજ્ઞાનના પ્રતીકરૂપ મંગળદીપ પ્રગટાવીને કર્યું હતું. આ પ્રથમ બેઠકના પ્રમુખપદે એમ. ટી. બી. કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી કુંજવિહારી મહેતા હતા.

જ્ઞાનસત્રનો આરંભ શ્રીમતી કુમુદબહેન લાકડાવાળા તથા શ્રીમતી મંજુલાબહેન લાકડાવાળાની પ્રભુ–પ્રાર્થનાથી થયો હતો. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઈ હીરાભાઈ જરીવાલાએ સહુનું સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી અમરભાઈ જરીવાલાએ પણ સહુનું સ્વાગત કર્યું હતું. તેમણે ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. તથા સમૃદ્ધ જ્ઞાનભંડારોમાંની અમૂલ્ય હસ્તપ્રતો અને ગ્રંથોનું તેમજ લાલભાઈ દલપતભાઈ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડોલોજીના ગ્રંથોનું મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા મુંબઈ તથા સૂરતમાં પ્રદર્શન યોજવાની વિચારણા ચાલી રહી હોવાનું જાહેર કર્યું હતું.

આ પ્રસંગે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ મોકલેલો સંદેશો વાંચવામાં આવ્યો હતો, જેમાં તેમણે પ્રથમ જૈન સાહિત્ય સમારોહમાં, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય સમારોહમાં, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય સંશોધન અને સ્વાધ્યાય કેન્દ્ર–'ચેર'–સ્થાપવાની કરાયેલી જાહેરાતની યાદ તાજી કરાવી હતી.

ઉદ્‌ઘાટન

ડૉ. રમણલાલ શાહે ઉદ્‌ઘાટન પ્રવચનમાં પ્રથમ આ જ્ઞાનસત્ર યોજવા પાછળનો આશય સમજાવતાં કહ્યું હતું: 'પ્રજાનો સર્વાંગી વિકાસ થાય અને પ્રજાજીવન અધ્યાત્મલક્ષી થાય તે માટેની વિવિધ પ્રવૃત્તિઓમાંની એક તે જ્ઞાનચેતનાનો આવિષ્કાર છે, જે આવા જ્ઞાનસત્ર દ્વારા થઈ શકે. શાળા, કૉલેજો વિદ્યાર્થીઓની બુદ્ધિપ્રતિભાને ખીલવે છે. પરન્તુ તેમને ડાહ્યા બનાવવાનું કામ શાસ્ત્રગ્રંથો કરે છે. શાસ્ત્રગ્રંથોના પરિશીલનથી વિવેકદૃષ્ટિ સંપન્ન એવી વ્યક્તિઓ જ આધ્યાત્મિક કોટિએ પહોંચી મુક્તિને દ્વારે પહોંચે છે. જ્ઞાનમાર્ગ અતિ કઠિન છે. જ્ઞાન પામવા કરતાં પણ જ્ઞાનને આચારસ્થ કરવાનું કામ ઘણું અઘરું છે. એકલી બુદ્ધિ વ્યક્તિને સ્થિરતા બક્ષતી નથી. બુદ્ધિમાંથી મેધા, અને મેધામાંથી પ્રજ્ઞા એમ ગતિનો ક્રમ રહેલો છે. પ્રજ્ઞાવાન વ્યક્તિ જ વિષમ પરિસ્થિતિમાં સ્થિર અને સ્વસ્થ રહી શકે. એવી વ્યક્તિ જ પ્રલોભનો સામે અવિચલ રહી શકે, કારણ કે જ્ઞાનીને ભૌતિક લાભોની એષણા હોતી નથી.'

ડૉ. રમણલાલ શાહે પ્રમુખ શ્રી કુંજવિહારી મહેતાનો, શ્રીમતી તારાબહેન શાહે વિદ્વાન વક્તા ડૉ. શેખરચન્દ્ર જૈનનો તથા શ્રી ભગવતીકુમાર શર્માએ પ્રસિદ્ધ કવિ અને 'જન્મભૂમિ' તથા 'જન્મભૂમિ પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેનો પરિચય કરાવ્યો હતો.

જૈન ધર્મ કે પ્રાણ

વક્તાઓના સન્માન બાદ ડૉ. શેખરચન્દ્ર જૈને 'જૈન ધર્મ કે પ્રાણ' એ વિષય પર અભ્યાસપૂર્ણ પ્રવચન કરતાં કહ્યું હતું: 'જૈન ધર્મના સિદ્ધાન્તોની વિશિષ્ટતા એ છે કે જે ચાર સ્થંભો ઉપર જૈન ધર્મનું ભવન સ્થિત છે તે અહિંસા, કર્મવાદ, સ્યાદ્‌વાદ અને સમતાવાદ આજે પણ અચલ રહ્યા છે. જૈન ધર્મ જીવતો રહી શક્યો છે તેનું કારણ આ ચાર સિદ્ધાન્તો પ્રજાજીવનમાં આચારસ્થ છે. જૈન ધર્મનો મૂળ અને સહુથી મહત્ત્વનો સિદ્ધાન્ત અહિંસા છે. વિરોધી બળોની આંધી સામે દૃઢતાથી ને સ્થિરતાથી ટકી રહેલા ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરે કેવળ વિચારને નહિ, આચારને મહત્ત્વ આપ્યું છે. તેમણે અહિંસાને પ્રેમની સાથે સાંકળી. તેમણે કહ્યું: 'મન, વચન તથા કર્મ, આ ત્રણે કે ત્રણમાંના કોઈ પણ એક વડે કોઈ પણ જીવની લાગણીને આઘાત પહોંચાડવો તે હિંસા છે. આ વાત એક જૈન ધર્મ જ સૂચવે છે. મન, વચન અને કર્મ ત્રણેયના એકતા દ્વારા અહિંસા સિદ્ધ કરવાની વાત જૈન ધર્મ કરે છે. વનસ્પતે, માટી તથા જળમાં પણ જીવ છે ને એ સર્વનું રક્ષણ કરવાનું છે. જીવો જીવસ્ય જીવનમ્ એ વાતને જૈન ધર્મ પુરસ્કારતા નથી. જૈન ધર્મ માનવધર્મ ઉપર પ્રતિષ્ઠિત થયો છે. જૈન ધર્મ તે મનુષ્યના ભગવાન સુધીની યાત્રાનો નિર્દેશક છે. એક ધર્મ કહે છે: 'વ્યક્તિ કર્મ કરે છે. ભગવાન તેનું ફળ આપે છે.' જૈન ધર્મ કહે છે: 'વ્યક્તિ કર્મ કરે છે અને તેનું ફળ પણ તે જ ભોગવે છે. કર્મની સાથે ફળ સંકળાયેલું છે જ. કર્મનો ઉદ્‌ભવ ક્રોધ, માયા, લોભ, અભિમાન – એ ચાર કષાયોમાંથી થાય છે.' ગ્રાહ્ય અને ત્યાજ્ય એ વિવેક ઉપર ભાર

મૂકી વક્તાએ જણાવ્યું કે "પુણ્ય પણ એક અવસ્થા પર ત્યાજ્ય છે. કારણ આત્માથી પરમાત્મા સુધીની જીવનયાત્રામાં કર્મનો ઉત્તરોત્તર ક્ષય કરતા રહેવાનું છે."

સ્યાદ્વાદ

સ્યાદ્વાદનું મહત્ત્વ દૃઢાવતાં વક્તાએ કહ્યું : 'સ્યાદ્વાદ એ 'જ' થી 'પણ' સુધીની યાત્રા છે : 'આ જ સાચું છે' એમ નહિ, 'આ પણ સાચું હોઇ શકે' એમ પુરસ્કારતાં સ્યાદ્વાદને વક્તાએ અનેકાન્તવાદના સંદર્ભમાં સમજાવીને કહ્યું : 'સ્યાદ્વાદનું પ્રતિપાદન એ છે કે કોઇના પણ સત્યની અવહેલના થઇ ન શકે. અનેકાન્તવાદ માનવીને જગત પ્રત્યે સાચી સૂઝસમજ કેળવવામાં મહત્ત્વનું પ્રદાન કરે છે.

એ પછી સમતાવાદનો સિદ્ધાન્ત સમજાવતાં વક્તાએ કહ્યું: 'સમતાવાદ એ અન્ય પ્રત્યેની કરુણા અને સમભાવનો નિદર્શક છે. તે માનવતાવાદ ઉપર પ્રતિષ્ઠિત થયેલો છે. માનવીને માનવ બનાવે તે સાચો ધર્મ. જૈન ધર્મ માનવીને માનવ બનાવવાની ક્ષમતા ધરાવે છે.'

બે મોટા પડકાર

પ્રમુખપદેથી આચાર્ય શ્રી કુંજવિહારી મહેતાએ કહ્યું : 'આજની દુનિયા સમક્ષ બે મોટા પડકાર છેઃ એક વિજ્ઞાનનો, બીજો પડકાર છે આર્થિક પરિસ્થિતિનો. ધર્મને જીવન્ત પ્રક્રિયા માનતા હોઇએ તો સમાજની પ્રગતિ સાધતી એ પ્રક્રિયાનું સતત મૂલ્યાંકન કરતા રહેવું જોઇએ. અંતરમાં પ્રગટે એ જ સાચો ધર્મ. મિથ્યા આચારોથી ધર્મનું પાલન થતું નથી. પાંચ હજાર વર્ષ જૂના ધર્મને તેના તે સ્વરૂપમાં વળગી રહેવું એ કેટલું ઉચિત છે, તે પણ વિચારવું જોઇએ.' આ સર્વ કહીને વક્તાએ વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ધર્મને પુરસ્કૃત કરવાની હિમાયત કરી હતી. ભારતીય ધર્મોની સામે એક, આંતરિક આક્રમણ અને બીજું વિજ્ઞાનનું આક્રમણ, એ બંને જબરદસ્ત પડકારરૂપ હોવાનું કહી વક્તાએ કહ્યું : 'બિનસાંપ્રદાયિકતા તે બિનધાર્મિકતા નથી.' બીજા ધર્મોની અપેક્ષાએ જૈન ધર્મ વધારે ડિસિપ્લિન્ડ છે એમ કહીને વક્તાએ કહ્યું : 'વર્તમાન સંદર્ભમાં ધર્મને સચેત કરવો હોય તો પ્રજાએ પરસ્પરના આચાર-વ્યવહારમાં પ્રામાણિક રહેવું જોઇશે. ધર્મ માત્ર અંચળો બની રહે તેનો કશો અર્થ નથી, આર્થિક પરિસ્થિતિની અવહેલના થતી રહેશે તો જૈન શું કોઇ પણ ધર્મ ટકવાનો નથી એમ કહી વક્તાએ ધર્મને ટકાવી રાખવા માટે ગરીબોનું દુઃખ નિવારવાના કાર્યમાં રત રહે અને લોકોને જ્ઞાન આપવાની પ્રવૃત્તિમાં મગ્ન રહે એવા બે પ્રકારના મિશનરી કાર્યકર્તાઓ ઊભા કરવાનું સૂચવી પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું હતું.

શ્રી પ્રભાત લાકડાવાળાએ સહુનો આભાર માનતાં આ બેઠક સમાપ્ત થઇ હતી.

સભાસંચાલન શ્રી નરેશ મદ્રાસીએ કર્યું હતું.

કવિતામાં આધ્યાત્મિકતા

સાંજે એ જ સ્થળે પ્રો. તારાબહેન શાહના પ્રમુખપદે મળેલી બીજી બેઠકના વક્તા હતા પ્રસિદ્ધ કવિ શ્રી હરીન્દ્ર દવે. આ બેઠકમાં મંચ ઉપર સુપ્રસિદ્ધ ચિંતક, લેખક અને પ્રાધ્યાપક ફાધર વાલેસ પણ ઉપસ્થિત હતા. ત્રણેનું સન્માન થયા બાદ શ્રી હરીન્દ્ર દવેએ 'કવિતામાં આધ્યાત્મિકતા' એ વિષય પર અભ્યાસપૂર્ણ પ્રવચન કર્યું હતું.

તેમણે કહ્યું : 'કવિતામાં એવું કંઇક તત્ત્વ છે જેને લઇને ભાવક ભૌતિક સ્તર ઉપરથી ઊંચકાઇને આધ્યાત્મિક સ્તર ઉપર સ્થિર થાય છે. કવિતા કેવળ સાહિત્યના અભ્યાસ અર્થે જ ઉપયોગી નથી, કવિતા પદાર્થ વસ્તુતઃ જીવન અર્થે છે. ફ્રાન્સના કવિ સેન્ટ જોન ઓફ પર્સના કહેવા પ્રમાણે ધર્મ-શાસ્ત્રોમાંથી લોકોની આસ્થા ઊઠી જાય છે ત્યારે ધર્મ અને ભગવાન ટકતા આવ્યા છે.

શ્રી હરીન્દ્રે એક રસપ્રદ વાત કહી : 'નિકોલા ટેસ્લા નામનો વિજ્ઞાની નદીકિનારાની રેતીમાં પડ્યો પડ્યો જર્મન કવિ ગટેના કાવ્યની એક પંક્તિ ગુંજતો હતો. એનો અર્થ 'ઓલ્ટરનેટ કરન્ટ' થતો હતો. એ ઉપરથી ટેસ્લા ઓલ્ટરનેટ કરન્ટ શોધવાને પ્રેરાયો. આ અલબત્ત એક એકરમાત છે, પણ તેમાં નિમિત્ત બને છે કવિતા. દુનિયાભરના ફિઝિકસના ઘણા વિજ્ઞાનીઓની વિચારસૃષ્ટિમાં આધ્યાત્મિકતાનો સંચાર થયો છે. વિજ્ઞાનીઓને પણ કવિતામાં ધર્મ અને ભગવાનનો વાસ હોવાનો સાક્ષાત્કાર થયો છે.

કવિ અને ઋષિ

આધ્યાત્મિક કવિતા વિષે સહુથી સમર્થ વિચાર શ્રી અરવિન્દે 'ફ્યુચર પોએટ્રી'માં કર્યો હોવાનું કહ્યા પછી શ્રી હરીન્દ્રે શ્રી અરવિન્દના જ શબ્દોમાં એક મઝાની વાત એ કહી કે : 'કવિ એ એવો જાદુગર છે કે જે સ્વસર્જિત કવિતાનો વાચકચિત્ત ઉપર કેવો પ્રભાવ પડશે તેની એને કલ્પના પણ નથી હોતી !' નરસિંહ મહેતાએ 'નીરખને ગગનમાં કોણ ધૂમી રહ્યો, તે જ હું તે જ 'હું શબ્દ બોલે' પદ રચ્યું ત્યારે પાંચસો વર્ષ પછી પણ એ પદની કલ્પનાની ભવ્યતા, અર્થની ગહનતા અને ભાવની રમણીયતા ભાવકોને અનહદ પ્રભાવિત કરશે એવી કલ્પના એને નહિ જ થઈ હોય. પણ આ પંક્તિ નરસિંહને એના ભીતરના ગગનમાં ધૂમી રહેલા પરમાત્માનો સાક્ષાત્કાર થયો હોવાની પ્રતીતિ કરાવે છે. આચાર્ય રજનીશ એક સમજવા જેવી વાત એ કહે છે કે ઋષિ અને કવિ કયારેક કયારેક મધુર વાતો કહે છે. પણ એમાં થોડોક ભેદ છે. ઋષિ મંત્ર કવિતામાં જે ઉદ્‌ગારે છે તે તે પોતાના પૂરા હોશમાં ઉચ્ચારે છે, જ્યારે કવિ કવિતામાં જે ઉચ્ચારે છે તે બેહોશીમાં ઉદ્‌ગારે છે.'

ગાલિબનો એક શેઅર અવતારીને શ્રી હરીન્દ્રે આ વાત સ્પષ્ટ કરી.

યે મસાયલે તસવ્વુફ
યે તેરા બયાન ગાલિબ
તુઝે હમ વલી સમઝતે
જો ન બાદાખ્વાર હોતા

'આધ્યાત્મિક તથા રહસ્યગર્ભ કવિતા વધારે 'કોંક્રીટ' યાને મૂર્ત કવિતા છે. ધર્મ-અધ્યાત્મ તથા રહસ્યવાદની કવિતા અમૂર્ત લાગતી હોવા છતાં આભાસી કોંક્રીટ કરતાં વધારે કોંક્રીટ છે. નોંધવા જેવું એ છે કે ઇશ્વર વિષયક દરેકની કલ્પનામાં કંઇકને કંઇક સમાન તત્ત્વ મળશે અને તે સમાનતા મૂર્ત વસ્તુમાં ન મળે એવી હશે. કવિતા જન્મી છે ત્યારથી, અર્થાત્ વેદની કવિતામાં ઘણી કવિતા એવી છે જે બહુજ સરળ અને હૃદયમાં વસી જાય એવી કવિતા છે. આ આધ્યાત્મિક તથા રહસ્યગર્ભ કવિતા રચનારને પોતાના કવિપણા વિષે કોઇ આગ્રહ નહોતો. મહર્ષિ વ્યાસે વેદનાં દસ મંડળ

રચ્યાં ત્યારે આ કવિતા અમુક ઋષિની અને આ કવિતા અમુક ઋષિની એવી ભાળ મળી. ઋગ્વેદ સંહિતામાંના બૃહદારણ્યક ઉપનિષદમાંની 'તમસો મા જ્યોતિર્ગમય' જેવી અમર પંક્તિ મુનિ યાજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રેયીએ રચી છે એ હું હજી હમણાં જાણી શકયો.

જ્યોર્જ હર્બર્ટ

'જ્યોર્જ હર્બર્ટ' હતા તો પાદરી. જીવનભર એઓ ભગવાનમાં રત રહ્યા હતા...પોતાનું મૃત્યુ સમીપ આવ્યાનું ભાન થતાં જ્યોર્જ હર્બર્ટ પોતાની પાસેની કાગળોની થપ્પી પોતાના મિત્રને મોકલી આપતાં જણાવ્યું કે: "સાચવવા જેવી લાગે તો આ થપ્પી સાચવજે નહિ તો ફેંકી દેજે." મિત્રે જોયું તો કાગળની થપ્પામાં અંગ્રેજી ભાષાની ઉત્તમમાં ઉત્તમ કવિતા હતી. એ લખાઇ હતી ઇશ્વરની પ્રાર્થનારૂપે. એટલી બધી ઉત્તમ કવિતા હતી, અમર કવિતા હતી કે એનો સંગ્રહ પ્રસિદ્ધ કરનાર ટી. એસ. એલિયટે હર્બર્ટને કવિ ડન કરતાં પણ એ સદીના શ્રેષ્ઠ કવિ તરીકે પ્રસ્થાપિત કર્યો. એની એક કાવ્ય-પંક્તિમાં એ કહે છે: "ભગવાન હું આ પદ લખું છું, એ કંઇ તાજ નથી. રાજા-રાણીએ અર્પેલો ખિતાબ નથી. નથી એ તલવાર, નથી એ વાંસળી; આ કોઈ દરજ્જો નથી. કોઈ કલા નથી; કોઈ સમાચાર નથી, શેરબજારનો કોઇ હોલ નથી જ્યાં લેવડદેવડ થતી હોય. પણ આ એ વસ્તુ છે કે હું જ્યારે એનો ઉપયોગ કરું છું ત્યારે હું તારી સાથે હોઉં છું.' આવી ઘણી બધી કવિતા જ્યોર્જ હર્બર્ટ લખી છે. હર્બર્ટ અંગ્રેજી ભાષાનો એક શ્રેષ્ઠ કવિ છે.

'મનમાં સતત એમ થયા કરે છે કે હજારો વર્ષ પૂર્વે ક્યાંથી આ મબલક સંપત્તિ આ કવિઓ પાસે આવી હશે!

'એ ઉચિત નથી કે રહસ્ય પરદાની બહાર છે. નહિતર અમે લોકો ભકિતની મસ્ત સ્થિતિમાં ક્યાંથી હોઇ શકીએ?' આ સંકેત સૂફી સંતોએ પ્રગટ કર્યો છે. એ સંપ્રદાયની પ્રજા અમુક જ ભાષા સમજતી હતી. 'એ રહસ્ય પરદાની બહાર ન જાય માટે અંતરમાં પ્રગટ કરીએ. તું પોતે આ દુનિયાનાં રહસ્યોનો જ્ઞાતા નથી. અહીં જે પરદો છે તે વાજિંત્રનો પરદો છે. પરદાની અંદરથી પરદાની બહાર જતી ભાષા તે કવિતાની ભાષા છે. 'બુક ઓફ અવર્સ' માં રિલ્કે પોતાની એક કવિતામાં પ્રશ્ન કરે છે 'વોટ વુડ યુ હુ ઇફ આઇ ડાય? મારૂં મૃત્યુ થશે તો તું શું કરીશ?'

આવો જ પ્રશ્ન નરસિંહ મહેતાએ પણ કર્યો છે:

'હું વિના તું તુંને કોણ કહેશે?'

'સારાયે જગતના આધ્યાત્મિક કવિઓમાં સર્વોચ્ચ સ્થાનના અધિકારી એવા સમર્થ કવિ કબીરની કલ્પનાની ગહનતાનો અણસાર આપતી બે પંક્તિઓ શ્રી હરીન્દ્રે રજૂ કરી:

ચીંટી કે પાંવમેં નેપુર બાજે,
ઓલી મેરે સાહિબ સુનતા હૈ

'કીડીના પગમાંનું ઝાંઝર રણકતું હોય તો એ પણ મારો ભગવાન સાંભળે છે.

'સંત કવિઓની વાણીનું રહસ્ય પામી શકીએ તો આ સંસાર તરી જવાય. પણ સી. જે. કૃષ્ણમૂર્તિ કહે છે તેમ વાણી દ્વારા જીવનનું રહસ્ય પામવું દુષ્કર છે અને છતાં સંતોને જે કહેવું છે તે માટે વાણીનો જ આશ્રય લેવો પડે છે. શબ્દોની પાર કોઇ અનુભવની વાત નથી પણ એ શબ્દોની આપણે ખોજ કરવી પડે છે. કવિ સૂરદાસ આપણા બધાના અનુભવોની વાત બહુ સરળતાથી કહે છે:

જા દિન મન પંછી ઉડી જૈ હૈ
તા દિન તેરે તન તરૂવર કે
સબૈ પાન ઝર હૈ

'ભાષાની મધુરતા તો જુઓ. મૃત્યુની વાત સૂરદાસ કેટલી સુંદર રીતે, મધુર રીતે કહે છે! જે દિવસે તારા મનનું પંછી (પક્ષી) ઊતરશે તે ક્ષણે તારા તનના બધાં જ પર્ણો ખરી પડશે. ઉદ્ધવ સાથેના ગોપીઓના પ્રસંગમાં સૂરદાસ કેવા ખીલ્યા છે! ગોપીઓ સમક્ષ ઉદ્ધવ ઉપદેશ કરવા ગયા તો ગોપીઓ એને શું કહે છે?

ઊધો હમહીં ન જોગ સિખે હૈ
જે હિ ઉપદેસ મિલૈ હરિ હમકો
સો વ્રત નેમ બને હૈ

'જે ઉપદેશથી ભગવાન અમને મળે તે ઉપદેશ તમે કરો, નહિ તો ચાલ્યા જાઓ.'

એની આ બે પંક્તિઓ જુઓ;

મેરો મન અમલ કહાં સુખ પાવે
જૈસે ઊડી જહાજકો પંછી
ફિર જહાજ પર આવૈ

'જહાજના કૂવાથંભ ઉપર બેઠેલું પંખી ત્યાંથી ઊડીને અસીમ દરિયાના પર ઉપર ઊડતું ઊડતું જાય તો છે; પણ કયાંય બેસવાનો આધાર એને મળતો નથી, એટલે ઊડી ઊડીને પાછું આવે છે તો જહાજ ઉપર જ. માનવીમન પણ ઊડી ઊડીને પાછું ભગવાનના વિચાર ઉપર આવે તે જ એનું સુખધામ છે.

શ્રી હરીન્દ્ર નરસિંહ, મીરાં, આપણા રમેશ પારેખ, રાજેન્દ્ર શુકલ, આદિલ મનસૂરી, ઉર્દૂ કવિ ઇકબાલ કે કવિઓને તે પ્રત્યેકની અજબગજબની, ને ભાતભાતની પંક્તિઓ અવતારતાં અવતારતાં યાદ કર્યા અને છેલ્લે કહ્યું: 'આ કવિતા જે કવિઓએ લખી છે તે કવિઓ આપણા શિરતાજ છે. તાજથી પણ ઘણું વધારે છે. કવિતાનો દાવો એ જ માણસ કરી શકે જેની કવિતામાં ભગવાન વાસ કરે છે. અને એ કવિતામાં ભગવાન અમસ્તા નથી વસતા. નરસિંહ, મીરાં, કબીર, સૂર, જ્ઞાનેશ્વર આ બધા જ કવિઓની કવિતા આજ સેંકડો વરસ પછી પણ એવી ને એવી જ તાજી છે. કાળ પોતાના ટાંકણાથી જે નામ કોતરે છે એ કદી ભૂંસાતું નથી.'

ઉપસંહાર

પ્રમુખપદેથી પ્રો. તારાબહેન શાહે કહ્યું: 'ઉત્તમોત્તમ કવિતા જ્ઞાનની હોય છે. તે અધ્યાત્મની પ્રબોધક હોય છે. ભગવાન મહાવીર, કૃષ્ણ, બુદ્ધ આ સર્વની કાવ્યના માધ્યમમાં વહેલી વાણી પ્રબોધક તો છે જ, પણ સેંકડો વર્ષો પછી પણ તે એટલી જ જીવતી. એટલી જ હૃદય અને મનને સ્પર્શતી ને તાજગીભરેલી છે. ઉત્તમ કવિતાની એ જ તો કસોટી છે. ઉત્તમ કવિઓએ કેટલા બધા નવા નવા સંદર્ભો આપ્યા! આત્મા વિશે જે કવિતામાં વિશેષ કહેવાયું હોય તે આધ્યાત્મિક કવિતા. આત્માનું મૂળ સ્વરૂપ તો શુદ્ધ, બુદ્ધ, મુકત છે. પુદ્ગલ

(વધુ માટે જુઓ પાનું ૨ જું)

અણુવિગ્રહમાં આપણે પણ બચી શકીએ નહિ

વિજયગુપ્ત મૌર્ય

અણુવિગ્રહનો ભય રશિયા અને અમેરિકા વચ્ચેની વાટાઘાટ ભાંગી પડવાથી વધ્યો છે. કોઇને એમ પણ લાગે કે રશિયા અને અમેરિકા લડી મરે તેમાં આપણે શું ? પરંતુ જ્યારે નાના મોટા હજારો અણુશસ્ત્રોના ધડાકા થતા હોય ત્યારે પૃથ્વી ઉપર કોણ બચી શકે ? વળી આપણી ઉપર પ્રહાર કરવા પાકિસ્તાન અણુબોમ બનાવી રહ્યું છે અને તેને તેમાં ચીન મદદ કરે છે. બેજવાબદાર રાજકર્તાઓના હાથમાં અણુશસ્ત્રો આવે તે ખતરનાક હોવાથી અમેરિકાએ પાકિસ્તાન વિશે ચીન પ્રત્યે પોતાનો વિરોધ દર્શાવ્યો છે. પાકિસ્તાનના રાજકર્તાઓ ગમે તેટલું બોટું બોલે, તો પણ પ્રમુખ રેગનને ખાતરી થઇ છે કે પાકિસ્તાન ચીનની મદદથી અણુબોમ બનાવી રહ્યું છે, આવી ખાતરી પ્રમુખ કાર્ટરને પણ થઇ હતી. તેથી તેમણે પાકિસ્તાનને અદ્યતન શસ્ત્રોની સહાય આપવાની ના પાડી હતી. અને થોડાક કરોડ ડોલરની આર્થિક સહાય આપવા તૈયારી બતાવી હતી, જેથી પાકિસ્તાન અમેરિકાના મોરચામાંથી નીકળી ન જાય. પરંતુ સીંગદાણાની વિશાળ ખેતી ધરાવતા પ્રમુખ કાર્ટર પ્રત્યે છણકો કરીને જનરલ ઝિયાએ ટકોર કરી હતી કે થોડાક સીંગદાણા જેવી તમારી મદદ અમને નથી જોઇતી.

રેગન પ્રમુખપદે ચૂંટાઇ આવ્યા પછી પરિસ્થિતિ બદલી ગઈ છે. જો ઝિયા અણુબોમ બનાવતા હોય તો અમેરિકાના કાયદા પ્રમાણે તેમને શસ્ત્રસહાય આપી શકાય નહિ. જો તેઓ નથી બનાવતા એવું અમેરિકાની સંસદને પ્રમાણપત્ર આપે તો જ સંસદ શસ્ત્ર-સહાય મંજૂર કરે. પ્રમુખ રેગન એવું પ્રમાણપત્ર આપે છે. રેગન, સંસદસભ્યો અને બધા જાણે છે કે આ પ્રમાણપત્ર સાચું નથી, તેમ છતાં કાયદાની જોગવાઇ સંતોષાય છે એમ માનીને બધા આગળ વધે છે. અણુબોમ માટે સમૃદ્ધ યુરેનિયમ કેમ બનાવવું તેની ટેકનોલોજીની પાકિસ્તાને ચોરી કરાવી હતી. નેધરલેન્ડમાં બ્રિટન, ફ્રાંસ, પશ્ચિમ જર્મની અને નેધરલેન્ડની એક સંયુક્ત અણુસંશોધન સંસ્થા છે, તેમાં શાંતિમય હેતુ માટે સંશોધન કરવા દેવા ભૂતોએ ડો. ખાન નામના અણુવિજ્ઞાનીને રખાવી દીધા હતા. ડો. ખાને સંસ્થાનો વિશ્વાસ મેળવી લઇને જોઇતી ટેકનોલોજી સરકાવી લીધી અને પછી ગાયબ થઇ ગયા. તેથી સનસનાટી ફેલાઇ. હમણાં થોડા દિવસ પહેલાં ડો. ખાનની ગેરહાજરીમાં તેમની સામે નેધરલેન્ડની અદાલતે કેસ ચલાવીને જેલની સજા કરી છે. પણ ડો. ખાન હવે હાથમાં શા માટે આવે ?

પાકિસ્તાનના અણુબોમ આપણી સામે વાપરવા માટે અથવા આપણી સામે ઉગામીને આપણને હરાવવા માટે બની રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો, કોમવાદી નેતાઓ અને સ્વાર્થી તથા મહત્ત્વાકાંક્ષી આગેવાનો ક્ષુલ્લક બાબતો માટે લડી રહેલ છે. પાકિસ્તાન અણુબોમ વડે આપણને બ્લેકમેઇલ કરે તેમાં ચીનનો પણ હાથ છે. અમેરિકાને ચિંતા હોય તો એટલી જ છે કે પાકિસ્તાન આ ફરિલામી અણુબોમ ઇઝરાયેલ પર ઉપર નાખવા માટે લિબિયા જેવા ધનવાન આરબ દેશને અથવા કોઇ ત્રાસવાદી જૂથને આપે. પરંતુ પાકિસ્તાનને પહોંચી વળવા ઇઝરાયેલ સમર્થ છે.

હવે નજીક આવી રહેલા બે મહાસત્તાઓ વચ્ચેના સંભવિત અણુવિગ્રહની વાત કરીએ.

બંને પક્ષ આશ્વાસન આપે છે કે અમે અણુશસ્ત્રોનો પહેલો ઉપયોગ નહિ કરીએ. પરંતુ આ આશ્વાસન વ્યર્થ અને અર્થહીન છે. યુરોપમાં બંને પક્ષો સામસામા અણુમિસાઇલો ગોઠવી રહેલ છે. બીજી બે મહાસત્તાઓ બ્રિટન અને ફ્રાંસ પોતપોતાના અણુમિસાઇલો ધરાવે છે અમેરિકા વિમાનો અને સબમરીનોમાં અણુમિસાઇલો ગોઠવીને વિમાનોને ચોવીસે કલાક વારા પ્રમાણે રશિયાની નજીક આંતરરાષ્ટ્રીય આકાશમાં ઊડતાં રાખે છે. અને અણુસબમરીનોને રશિયાની નજીક પણ આંતરરાષ્ટ્રીય સમુદ્રમાં સરકતી રાખે છે. પશ્ચિમ યુરોપમાં અમેરિકાના નાટો મોરચાના સભ્યો બ્રિટન, પશ્ચિમ જર્મની, નેધરલેન્ડ, બેલ્જિયમ અને ઇટાલીમાં અમેરિકા મધ્યમ અંતરનાં સ્વયંસંચાલિત પશિંગ-૨ અને ક્રુઝ મિસાઇલો ગોઠવવા માગે છે. એક તરફ જ્યારે મધ્યમ અંતરનાં મિસાઇલો ઓછાં કરવાની તથા બાકીના મિસાઇલોનું નિયંત્રણ કરવાની વાટાઘાટ ચાલતી હોય ત્યારે અમેરિકા રશિયા સામે ૫૦૦ જેટલાં અણુમિસાઇલો ગોઠવવાનું શરૂ કરે તો રશિયા એવા દબાણને અને ધાકધમકીને વશ થઇને નમી દે નહિ.

પ્રમુખ રેગન જાણતા હતા કે નવા અદ્યતન મિસાઇલો ગોઠવવાનું શરૂ કરશું તો વાટાઘાટ પડી ભાંગશે. રશિયા પણ જાણતું હતું કે અમેરિકાને નમી નહિ દઇએ તો અણુ મિસાઇલો જરૂર ગોઠવશે. આમ સમાધાન માટેની વાટાઘાટ ભાંગી પડવાની જ હતી અને તે ભાંગી પડી.

હવે આ પરિસ્થિતિમાં અણુવિગ્રહનો ભય કેમ વધ્યો છે તે જોઇએ. અત્યારે અમેરિકા સામે રશિયામાં અને રશિયા સામે અમેરિકામાં આંતરખંડીય સ્વયંસંચાલિત અણુમિસાઇલો ભૂગર્ભમાં ભોંયરામાં ગોઠવેલાં છે. તેમને જો આક્રમણ માટે છોડવામાં આવે તો તેમણે કઈ દિશામાં ક્યાં જવું અને ક્યા નિશાન ઉપર અણુબોમ ઝીંકવા તે વિશેની માહિતી કોમ્પ્યુટર વડે અંકિત કરવામાં આવી છે.

જે આંતરખંડીય મિસાઇલો આ બે મહાસત્તાઓએ એકબીજા સામે ગોઠવ્યાં છે તેમને જો સ્વદ માટે છોડવામાં આવે તો દુશ્મન દેશ સુધી પહોંચતાં તેમને ૩૦ મિનિટ લાગે. તે દરમિયાન બચાવ માટે અને વળતો કટકો મારવા માટે એટલો સમય મળે. અણુકેટો આક્રમણ માટે છૂટ્યાં છે એવી માહિતી તો અવકાશમાંથી અમાનવ જાસૂસી ઉપગ્રહો તત્ક્ષણ આપી દે. આ અણુમિસાઇલોના પહેલા આક્રમણમાં કેટલાક કરોડ માણસો વગળ અને કોલસા બની જાય.

હવે મધ્યમ અંતરનાં અણુમિસાઇલોની વાત કરીએ તો તેઓ છૂટ્યા પછી પાંચ-સાત મિનિટમાં જ દુશ્મન દેશ ઉપર ત્રાટકે. બંને મહાસત્તાઓ અણુશસ્ત્રોનો પહેલો ઉપયોગ નહિ કરે એવું આશ્વસન આપે છે, પરંતુ તે વ્યર્થ છે. એ ખરું છે કે બેમાંથી કોઇ દેશ અણુવિગ્રહ શરૂ કરવા નથી માગતો, પરંતુ બંનેને મનમાં બીક છે કે આમો પક્ષ પહેલો કટકો મારીને આપણને વળતો કટકો મારવાની તક નહિ આપે. આ સંજોગોમાં બંને મહાસત્તાઓ સામો પક્ષ અણુશસ્ત્રો ઝીંકવાની તૈયારીમાં છે, એવી ખોટી કે સાચી માન્યતાથી

પ્રેરાઇને પોતાના અણુશસ્ત્રો આક્રમણ માટે મોકલે. ગેરસમજથી અને ખોટા ભયથી પ્રેરાઇને અણુયુદ્ધ ફાટી નં નીકળે તે માટે અમેરિકા અને રશિયાના પ્રમુખો વચ્ચે વાતચીત કરવા 'હોટ-લાઇન' જોડવામાં આવી છે. પરંતુ અણુવિગ્રહ અટકાવવામાં તે મદદરૂપ થશે ખરી? જ્યારે સેકન્ડેસેકન્ડની કિંમત હોય ત્યારે ગેરસમજ દૂર કરવા માટે હોટ લાઇનમાં વાતચીત શરૂ કરવામાં આવે ત્યારે સામો પક્ષ એમ માની લે કે અમને અંધારામાં અને ગાફેલ રાખવા માટે આ બોહું આશ્વાસન આપવામાં આવે છે.

પ્રમુખ રેગનની દલીલ એવી છે કે આ અણુમિસાઇલો કદી વાપરવાનો સમય ન આવે તે માટે અમે પશ્ચિમ યુરોપમાં રશિયા સામે ૫૦૦ જેટલાં નવાં અણુમિસાઇલો ગોઠવીએ છીએ. આવી દલીલ રશિયા પણ કરે છે. વાસ્તવમાં અણુશસ્ત્રોના વિશ્વવિગ્રહની આડે ૫-૭ મિનિટ જ હોય અને અણુશસ્ત્રો ફોડનારના મનમાં શાંત ચિત્તે વિચારવાની તક ન હોય ત્યારે અણુવિગ્રહ ફાટી નીકળવાનો ભય ઘણો વધી જાય છે.

જ્યારે મિસાઇલો, વિમાનો, ભૂમિમથકો, સબમરીનો, ક્રુઝ મિસાઇલો વગેરેમાંથી હજારો અણુબોમ, ન્યુટ્રોન બોમ, હાઇડ્રોજન બોમ વગેરેની ઝડી વરસવા લાગે ત્યારે આ પૃથ્વી પર કોણ જીવતું રહેશે? આપણા સમુદ્રમાં અમેરિકાની સબમરીનો, બીજી મનવારો અને વિમાનવાહક જહાજોમાંથી વિમાનો રશિયા ઉપર આક્રમણ કરવા ચોવીસ કલાક તૈયાર રહે છે. તેમને પહોંચી વળવા રશિયન મનવારો અને સબમરીનો પણ લડાઇ માટે તૈયાર રહે છે. તેનો અર્થ એ કે હિંદી મહાસાગરમાં, બંગાળના ઉપસાગરમાં અને અરબી સમુદ્રમાં ભયાનક યુદ્ધો થાય તેમાંથી વિકિરણોના ધોધ ઉભરાય અને અમેરિકન જહાજોએ તથા સબમરીનોએ છોડેલા અણુમિસાઇલો આપણા આકાશમાંથી પસાર થઇને રશિયાના 'પેટાળ' પર ત્રાટકે, તેથી આપણા દેશનું હવામાન પણ વિકિરણોથી પ્રદૂષિત થાય, કારણ કે પ્રવન પ્રદૂષણને રેલાવે છે. આ અંધાધૂંધીનો લાભ લઇને પાકિસ્તાન પણ આપણી ઉપર અણુબોમ ફેંકવા લલચાય. પાકિસ્તાનના રાજકર્તાઓ એવા વિચાર ધરાવે છે કે સેંકડો વર્ષો સુધી મુસ્લિમ બાદશાહોએ અને સુલતાનોએ હિંદુસ્તાન ઉપર રાજ કર્યું હતું. વચ્ચે અંગ્રેજો આવવાથી મુસ્લિમ રાજાઓએ હિંદુસ્તાન ગુમાવ્યું. પરંતુ હવે અંગ્રેજો જતા રહેવાથી તેઓ (પાકિસ્તાની રાજકર્તાઓ) ફરીથી હિંદુસ્તાન પર રાજ કરી શકશે. ભૂતકાળમાં મધ્ય એશિયામાંથી આવતા સુલતાનો કોઇવાર શાહબુદ્દીનની જેમ હારી જતા હતા. તો પણ છેવટે તેઓ જીતતા હતા. અને કાશ્મીરથી કેરળ સુધી અને સિંધથી આસામ સુધી રાજ કર્યું હતું. આવા વિચારો ધરાવતા પાકિસ્તાની રાજકર્તાઓ તક મળે ત્યારે ભારત ઉપર આક્રમણ કરતાં અચકાતા નહિ. તેમને ભારત તરફથી કશો ભય નથી, કારણ કે તેમને અમેરિકાની અને ચીનની ઓથ છે.

આપણે ફરીથી સર્વાંગી અણુવિગ્રહ વિશે વાત કરીએ. તેની ઘાતક અસરમાંથી પાકિસ્તાન પણ બચી જઈ શકશે નહિ.

પ્રમુખ રેગન એમ માને છે કે અણુવિગ્રહને મર્યાદિત રાખી શકાય અને જીતી પણ શકાય, વળી અણુશસ્ત્રો વાપર્યા વિના પ્રણાલિકાગત શસ્ત્રો વડે પણ ત્રીજો વિશ્વવિગ્રહ લડી શકાય. આ વિચારો બહુ જોખમી છે અને રશિયાએ આ વિચારો વિરુદ્ધ ચેતવણી આપી છે. અત્યારે અમેરિકા પાસે આંતરખંડીય અણુમિસાઇલોમાં ટાઇટન-૨ નામનાં ૪૫ રોકેટો છે. માઇન્યુટમેન-૨ નામનાં ૪૫૦ અને માઇન્યુટમેન-૩ નામનાં ૫૫૦ મિસાઇલો છે. તેમની સામે રશિયા પાસે એસ. એસ. ૧૮ જાતનાં ૩૦૮, ૧૯ જાતના ૩૬૦ અને એસ. એસ. ૧૧, ૧૩ અને ૧૭ જાતનાં ૭૩૦ રોકેટો છે. અમેરિકા પાસે ટ્રાઇડન્ટ અણુસબમરીનોમાં ૨૬૪ અને પોસીડોન અણુસબમરીનોમાં ૩૦૪ અણુમિસાઇલો છે. તેની સામે રશિયન સબમરીનોમાં બધાં મળીને ૯૮૦ અણુમિસાઇલો છે. અણુબોમ ફેંકી શકે એવાં બોમ્બર વિમાનો અમેરિકા પાસે ૬૩૪ છે અને રશિયા પાસે ૩૫૦ છે. પરંતુ અણુમિસાઇલો એકલાંનું મહત્ત્વ નથી. દરેક મિસાઇલમા કેટલા અણુબોમ છે તેનું મહત્ત્વ હોય છે. એકથી વધારે અણુબોમ ધરાવતા ઘણાં મિસાઇલો છે. એકેક મિસાઇલમા ૧૦ સુધીના અણુબોમ પણ છે. યુનોએ કરેલા એક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે દુનિયામાં ૫૦ હજાર અણુશસ્ત્રો છે. અમેરિકા યુદ્ધમાં તોપો વડે ફેંકી શકાય એવા નાનાં ન્યુટ્રોન બોમ પણ ધરાવે છે. નાનાં અણુશસ્ત્રો ૦.૦૪ થી માંડીને મોટા અણુશસ્ત્રો ૨૦ લાખ મેગાટન સુધીના છે. એટલે કે ૨ કરોડ ટન ડાઇનેમાઇટનો ધડાકો થયો હોય એટલી રફેટક શક્તિ ધરાવતા બોમ પણ છે. બધાં અણુશસ્ત્રોના મેગાટનનો સરવાળો કરો તો ૧૩ હજાર મેગાટન એટલે કે ૧૩ અબજ સુધી સરવાળો પહોંચે! આખી દુનિયાની જીવસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિનો નાશ કરવો હોય તો તેમાંથી ૬૦મા ભાગનાં શસ્ત્રો પણ ઘણાં થઇ પડે. આવી રીતે પૃથ્વીનો પ્રલય કરી નાખવો છે કે કેમ એ નક્કી કરવાની જવાબદારી માત્ર બે માણસો (રેગન અને આન્દ્રોપોવ) ઉપર છે, અને તેમાંથી એક પણ નિર્ણય કરવામાં ભૂલ કરે તો આ જગતની જીવસૃષ્ટિનો નાશ થાય.

જગતના કેટલાક આગળ પડતા વિજ્ઞાનીઓએ સાથે મળી અણુવિગ્રહના ભય અને પરિણામ વિશે અભ્યાસ કરીને યુનોના આશ્રયે ચેતવણીરૂપ અહેવાલ આપ્યો છે. રશિયાને અણુબોમ અને હાઇડ્રોજન બોમ બનાવી આપનાર, પણ હવે રશિયાના રાજકર્તાઓ સામે સૈદ્ધાંતિક લડત આપી રહેલા અણુવિજ્ઞાની આન્દ્રેઇ સખારોવ, અમેરિકન વિજ્ઞાની ડો, સિડની ડ્રેલ ઉપર લખેલા પત્રમાં અણુવિગ્રહનાં ભયંકર પરિણામો પ્રત્યે દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. અણુધડાકાઓમાં તત્ક્ષણ ખપી જનારાઓની સંખ્યા કરોડોની હશે; પરંતુ પાછળથી પીડાઇ પીડાઇને કરુણ મોતે મરનારાની સંખ્યા ઘણી વધારે હશે અને મહિનાઓ કે વર્ષો સુધી તેઓ જે યાતના ભોગવશે તે અતિ કરુણ અને અવર્ણનીય હશે.

બીજો વિશ્વવિગ્રહ ૧૯૩૯ થી ૧૯૪૫ સુધી લડાયો હતો અને તેમાં જે રફેટક શસ્ત્રો વપરાયાં હતાં તેમની કુલ રફેટક

(વધુ આવતા અંકે)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪ ફોન : ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ : અંક : ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧-૮૪
વાર્ષિક ફલવાજમ રૂા.૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સેવામૂર્તિ સ્વ. ચંચળબહેન

★ રમણલાલ ચી. શાહ

મહાત્મા ગાંધીજી, પંડિત મદનમોહન માલવિયા, જમનાલાલ બજાજ, સ્વ. વિદ્યાવિજયજી મહારાજ, સંતબાલજી મહારાજ વગેરે દિવંગત મહાપુરુષોએ જેમનાં કઠિન વ્રત, સેવાકાર્યો, ત્યાગ, સંયમ, ધૈર્ય, પરગજુપણું અને નીડરતાની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી એવાં સંનિષ્ઠ કાર્યકર સેવામૂર્તિ શ્રીમતી ચંચળબહેન ટી.જી. શાહનું ૯૨ વર્ષની વયે તા. ૩૦મી ડિસેમ્બરના રોજ મુંબઇમાં અવસાન થયું. એમના અવસાનથી ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સમાજસેવાની તાલીમ પામનાર અને પૂજ્ય સ્વ. સંતબાલજીની પ્રેરણાથી વિવિધ પ્રકારનાં સમાજસેવાનાં કાર્યો હાથ ધરનાર એક સંનિષ્ઠ મહિલા કાર્યકરની આપણને મોટી ખોટ પડી છે. એમણે સ્થાપેલી 'માતૃસમાજ' નામની સંસ્થાની બહેનોને તો જાણે પોતાની સગી માતા ગુમાવ્યાં જેવું દુઃખ થયું છે. અમારા મુંબઈ જૈન યુવક સંઘે એક ભૂતપૂર્વ સમિતિ સભ્ય અને અનુસરણીય કાર્યકર્તા ગુમાવ્યાં છે. સ્વ. ચંચળબહેન અમારા જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિનાં વર્ષો સુધી સક્રિય કાર્યકર રહ્યાં હતાં. એમના પતિ સ્વ. ટી. જી. શાહે પણ જૈન યુવક સંઘને સમિતિના સભ્ય તરીકે ઘણા લાંબા સમય સુધી પોતાની સેવાઓ આપી હતી. ચંચળબહેન પ્રતિ વર્ષ સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે ફંડ માટે ઝોળી લઇ દરવાજે ઊભાં રહેતાં. યુવક સંઘને આર્થિક રીતે સબળ બનાવવામાં ચંચળબહેને વર્ષો સુધી ખૂબ ઉત્સાહ અને તમન્નાથી કાર્ય કર્યું હતું.

સ્વ. ચંચળબહેન અને સ્વ. ટી. જી. શાહનું નામ મુંબઇના જૈન સમાજમાં સવિશેષ જાણીતું છે. પાયધુની વિસ્તારમાં ટી. જી. શાહ બિલ્ડિંગ ખૂબ જાણીતું છે. આ શાહદંપતી વ્યસનમુક્તિ અને સંસ્કારી સંયમના પ્રચાર માટે ખૂબ પ્રશંસા પામેલું પોતાની માલિકીના પાંચ માળના ઊંચા મકાનની એક આખી દીવાલ ઉપર ચા, બીડી, પાન, તમાકુ વગેરે વ્યસનોથી મુક્ત રહેવા માટેની ઉપદેશાત્મક કવિતા મોટા અક્ષરે લખેલી રહેતી, જે જતા-આવતા રાહદારીઓ કે બસ સ્ટોપ પર ઊભેલા માણસો વાંચી શકે. એવા કેટલાયે માણસો આ કવિતા વાંચીને પોતાના જીવનમાં થયેલા પરિવર્તનનો એકરાર સ્વ. ટી. જી. શાહ અને સ્વ. ચંચળબહેન પાસે આવીને કરી ગયા હતા.

સ્વ. ચંચળબહેન અને સ્વ. ટી. જી. શાહના પરિવારમાં હું ૧૯૫૦માં આવ્યો હતો. માતાપિતા તુલ્ય એ વડીલોને હું બા અને બાપુજી કહીને બોલવતો. પહેલવહેલો જ્યારે એમને ઘેર ગયો ત્યારે ઘરમાં પ્રવેશતાં પહેલાં જ બોર્ડ વંચાયું : 'આ ઘરમાં ચા તથા બીડી-સિગારેટ પીવાની મનાઇ છે.' પોતાની આ સૂચનાનું તેઓ કડક પાલન કરતાં. પોતાને ઘરે આવેલા મહેમાનોને તેઓ ચા પીવડાવતાં નહીં, પરંતુ મારા જેવા અનેકના સ્વાનુભવની એ વાત છે કે બા અને બાપુજીનું આતિથ્ય એટલું ઉષ્માસભર રહેતું અને દૂધ-દહીંની અને બીજી એટલી બધી સરસ વિવિધ વાનગીઓ મહેમાનોને ધરવામાં આવતી, કે ચાનું સહજ વિસ્મરણ થઇ જતું.

ટી. જી. શાહ અને ચંચળબહેનનું ઘર એટલે જાણે કાયમનું અતિથિગૃહ. ચાર માળ સુધી ભાડે આપેલા મકાનમાં પોતે પાંચમે માળે રહે. એમનું ઘર બહુ વિશાળ નહિ, પણ હૃદયની વિશાળતા એટલી કે કોઇની રહેવા-ખાવાપીવાની તકલીફની વાત જાણે કે તરત પોતાને ઘરે આગ્રહપૂર્વક રહેવા માટે બોલાવે. બારેમાસ એમને ઘરે મહેમાનો હોય. પૂરા વાત્સલ્યભાવથી સદાય હસતે ચહેરે તેઓ મહેમાનોની સરભરા કરતાં હોય.

પૂ. બા અને બાપુજીનો અમારા ઉપર અનહદ ઉપકાર હતો. ઈ. સ. ૧૯૫૩માં અમારાં લગ્ન થયાં પછી અમને જ્યારે રહેવા માટે ઘરની તકલીફ હતી ત્યારે એ અરસામાં ચંચળબહેન અને ટી. જી. શાહ પોતાનાં દીકરી-જમાઇ કંચનબહેન તથા ઓલિવરભાઇને મળવા આફ્રિકા જવાના હતાં. અમારી તકલીફની વાત જાણી એમણે પોતાનું ઘર છ મહિના માટે અમને રહેવા આપ્યું હતું. રહેવા ઘર તો આપ્યું, પણ વિશેષતા તો એ હતી કે ઘરના બધા જ કબાટોની ચાવીઓ અમને સોંપી હતી. અને એમાંથી જે કોઈ વસ્તુ વાપરવી હોય તે માટે બધી જ છૂટ આપી હતી. સામેથી પોતાના ઘરે રહેવા બોલાવીને એમણે અમારામાં જે વિશ્વાસ મૂક્યો તેથી અમે આનંદાશ્ચર્ય અનુભવ્યું. પરંતુ વાત એટલેથી ન અટકી. સ્વ. ટી. જી. શાહ મને પોતાની બેન્કમાં લઈ ગયા અને પોતાના ખાતામાં મારી સહી દાખલ કરાવી અને કહ્યું કે પૈસાની જ્યારે પણ જરૂર પડે ત્યારે પોતાના ખાતામાંથી વાપરવાની અમને છૂટ છે. સ્વ. ચંચળબા અને સ્વ. ટી. જી. શાહના ઘરમાં અમને એમનાં સંતાનોની જેમ રહેવા મળ્યું એ અમારા જીવનનો એક મહત્ત્વનો યાદગાર પ્રસંગ છે.

ઇ. સ. ૧૯૫૮માં સ્વ. ટી. જી. શાહનું અવસાન થયું ત્યારે ચંચળબાએ જે ધૈર્ય અને સમતા બતાવ્યાં છે તેનું દૃશ્ય નજર સામેથી કયારેય નહિ ખસે. સ્વ. ટી. જી. શાહની સૂચનાનુસાર શોકમય પ્રસંગે કોઈ રોકકળ કરવાની નહોતી. સાદડીમાં બેસવા આવનાર દરેકને તરત માળા આપવામાં આવતી. એ ગણીને જેને જ્યારે જવું હોય ત્યારે જાય. કોઈ વાતચીત નહિ કે દુઃખ કે શોકના કોઇ ઉદ્‌ગારો નહિ. શાંત, સહજ, નિર્મળ વાતાવરણનો સૌને અનુભવ થતો.

એ દિવસોમાં પૂ. ચંચળબા, ક્રંચનબહેન તથા ઓલિવરભાઇની સાથે અમારે એમને ઘેર ફરી કેટલાક દિવસ રહેવાનું થયું. શતાવધાની સ્વ. ટી. જી. શાહનાં કેટલાંક લખાણો ગ્રંથરૂપે પ્રગટ કરવાની યોજના થઈ અને એનું કામ મને સોંપાયું. 'જીવનદર્પણ' નામનું એ પુસ્તક પ્રગટ થયું. એમાં સ્વ. ટી. જી. શાહ અને સ્વ. ચંચળબાના જીવનની ઘણી વિગતો આપવામાં આવી છે. એ પ્રસંગે સ્વ. ચંચળબાના જીવનની કેટલીક વિરલ ઘટનાઓનું સ્મરણ તાજું થયું હતું. તેમનું જીવન સુખી અને શ્રીમંતાઇથી સભર હતું. પરંતુ ઘણા લાંબા સમય સુધી સંતાનોની બાબતમાં દુઃખ હતું. એક પછી એક સાત બાળકો થયાં, પણ બધાં અલ્પાયુ બની વિદાય થયાં. પછી આઠમું સંતાન તે દીકરો ક્રાન્તિ અને નવમું સંતાન તે ક્રંચનબહેન. પરંતુ તેમાં પણ દીકરો ક્રાન્તિ કિશોરાવસ્થામાં મૃત્યુ પામ્યો. જીવનની બધી આશા જાણે કે છીનવાઇ ગઇ. પોતાનાં એક પછી એક એમ આઠ સંતાનોનાં અવસાન નજર સામે જોવાની વેદના તો જેમણે અનુભવી હોય તે જ વધુ સમજી શકે. દીકરાના અવસાન પછી શાહદંપતીનું સાદું અને સંસ્કારી દાંપત્યજીવન વિશેષ સાદાઇ અને સમાજસેવા તરફ વળ્યું. પોતે વર્ષોથી ખાદી પહેરતાં હતાં. સફેદ ખાદીનાં થોડી જોડ કપડાંથી વધારે કપડાં પાસે ન રાખવાનો બંનેએ નિયમ કર્યો. ચંચળબાએ પગમાં ચંપલ ન પહેરવાની પ્રતિજ્ઞા કરી. ચોમાસામાં પણ છત્રી ન વાપરવાનો અને પલળતાં જવા-આવવાનો નિયમ કર્યો. રોજના કેટલાક કલાક ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની સેવા કરવા માટે આપવાનો નિશ્ચય કર્યો.

સ્વ. ચંચળબાના જીવન ઉપર બે મહાન વિભૂતિઓનો પરમ પ્રભાવ પડયો છે: (૧) મહાત્મા ગાંધીજી અને (૨) પૂ. સંતબાલજી. ગાંધીજીએ સ્વાતંત્ર્ય માટે રાષ્ટ્રીય ચળવળ ઉપાડી તેની સાથે સમાજસુધારાની પ્રવૃત્તિઓ પણ ચાલુ કરી. એ દિવસોમાં ખાદીના પ્રચારકાર્યમાં ચંચળબહેને ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું. ૧૯૩૦ના એ દિવસો હતા. ચંચળબહેને ગાંધીજી પાસે વ્રત લીધું કે ઘરેઘરે ફરીને રોજ ખાદીની સોળ સાડી વેચવી. એ માટે તેઓ ઘરેઘરે જતાં અને બહેનોને મિલનું કાપડ છોડી ખાદી પહેરવા સમજાવતાં. આ ઘણું કપરું કામ હતું. પરંતુ તેઓ રોજનું કામ રોજ પૂરું કરતાં જ. કેટલીકવાર સાડીઓ વેચવામાં બહુ જ શ્રમ પડતો. મોડી રાત થઇ જતી. એક દિવસ માલવિયાજીએ જમનાલાલ બજાજને આ વાત કરી અને પછી સૂચના આપી કે 'ચંચળબહેન પાસેથી જે સાડીઓ ન વેચાય તે રોજેરોજ ખરીદી લેવી કે જેથી એમને વ્રત પૂરું કરવામાં બહુ કષ્ટ ન પડે.' ચંચળબહેનને કાને આ વાત આવી. એમણે માલવિયાજી તથા જમનાલાલજીને કહ્યું, 'આ રીતે અમે તમને સાડીઓ વેચાતી આપીશું નહિ. મેં ગાંધીજી પાસે માત્ર સાડીઓ વેચવાનું વ્રત લીધું નથી. પરંતુ સોળ બહેનોના ઘરમાં ખાદીની સાડીઓ પહોંચાડવાનું વ્રત લીધું છે.' આ રીતે ખાદીની ફેરી કરતાં કરતાં ચંચળબહેન અનેક બહેનોના સંપર્કમાં આવ્યાં. તેમનાં સુખ-દુઃખની વાતો જાણી. ખાદીની ફેરીની સાથે સમાજસેવાની ધૂન એમને લાગી. ચંચળબા ઘણીવાર કહેતાં કે 'મહાત્માજીના પ્રતાપે જ મારામાં આટલું બધું કામ કરવાની શક્તિ આવી છે. સ્વ. ટી. જી. શાહ પોતાના વેપાર અર્થે કેટલોક સમય કરાંચીમાં રહ્યા હતા. એ સમયે ત્યાં વિદ્યાવિજયજી મહારાજ પધાર્યા હતા. એમના સદુપદેશથી કરાંચીમાં કેટલાંક સુધારાનાં કાર્યો થયાં હતાં. એ વખતે કેટલાક તાંત્રિકો પોતાની ઉપાસનાને માટે કાળી ચૌદશની મધરાતે સ્મશાન જઇ પશુઓનો બલિ ધરાવતા. આ હિંસા અટકાવવા માટે વિદ્યાવિજયજી મહારાજે ઉપદેશ આપ્યો. પણ મધરાતે સ્મશાનમાં અંધારીઓ વચ્ચે જવાની હિંમત કોણ કરે? પરંતુ ટી. જી. શાહ અને ચંચળબહેને એ બીડું ઝડપ્યું. પિકેટિંગનો એ જમાનો હતો. ચંચળબહેને કેટલીક ચળવળોમાં પિકેટિંગનું કામ કર્યું હતું. તેઓ બીજા કેટલીક બહેનોને લઇ સ્મશાનમાં પહોંચી ગયાં. આખી રાત તેઓએ સ્મશાનમાં પિકેટિંગ કર્યું. એમની આ વાતના સમાચાર પ્રસરી જવાને કારણે કોઈ અંધેરીઓ ત્યાં આવ્યા જ નહીં. કાળી ચૌદશની રાતે ગામની બહાર સ્મશાનમાં રહેવું એ જમાનામાં પુરુષો માટે પણ જે કઠિન હતું અને સ્ત્રીઓ તો સ્મશાનમાં જતી જ નહોતી, તેવે સમયે ચંચળબહેને ઘણી નીડરતા દાખવી હતી.

સ્વ. ટી. જી. શાહનાં અવસાન પછી ચંચળબહેને પોતાનો બધો સમય લોકસેવાનાં કાર્યોમાં આપ્યો. એ માટે તેમણે પૂ. સંતબાલજી મહારાજ પાસેથી પ્રેરણા લીધી હતી. એમના સદુપદેશથી એમણે મુંબઇમાં મધ્યમ વર્ગની બહેનોને રોજી મળી રહે એ આશયથી 'માતૃસમાજ' નામની સંસ્થા સ્થાપી. આરંભમાં ચાર બહેનો સાથે એ કામ શરૂ કર્યું: ઘરે બનાવેલી શુદ્ધ એવી ખાદ્યસામગ્રીઓ-ખાખરા, પાપડ, વડી, મસાલા, અથાણાં ઇત્યાદિ વેચવાનું ચાલુ કર્યું. ચંચળબહેનની પ્રતિષ્ઠા એટલી મોટી હતી અને ખરીદનારને શુદ્ધ અને વાજબી ભાવે મળતી આ ચીજ વસ્તુઓની માંગ એટલી બધી વધતી ગઈ કે દિવસે દિવસે વધુ બહેનો તેમાં જોડાતી ગઇ. ક્રમે ક્રમે છેવટે સોથી વધુ બહેનોને તેમાં રોજી મળવા લાગી. આર. મહિને લગભગ પાંચેક લાખ રૂપિયાથી વધુ રકમ તો આ બહેનોને રોજી પેટે ચૂકવવા લાગી. વળી સંસ્થાએ પોતાની માલિકીનું મકાન પણ બનાવ્યું અને વેચાણકેન્દ્રો પણ વધાર્યાં. 'માતૃસમાજ' એટલે ચંચળબાનું સાકાર બનેલું સ્વપ્ન તેઓ સવારથી તે રાતના નવ-દસ વાગ્યા સુધી આ પ્રવૃત્તિ માટે કામ કરતાં રહ્યાં. એના આનંદ અને ઉત્સાહથી એમની તબિયત પણ સારી રહી. ચંચળબહેન લગભગ નેવું વર્ષની ઉંમરે પણ 'માતૃસમાજ'ની પ્રવૃત્તિ માટે પોતાના મકાનના પાંચ ઊંચા દાદરની રોજ ચઢઊતર કરતાં હતાં. 'માતૃસમાજ'ની પ્રવૃત્તિઓનો વિકાસ જોઇને શરીરબળની સાથે એમનું આત્મબળ પણ ખીલ્યું હતું.

સ્વ. ચંચળબાના જીવનમાં ત્યાગ અને સંયમની અનોખી સુવાસ હતી. યુવાન વયે એમણે શ્વેત ખાદીનાં વસ્ત્રો ધારણ કરવાનું અને ઘરેણાં નહીં પહેરવા વ્રત લીધું હતું. ત્યારબાદ પગમાં ચંપલ ન પહેરવાના વ્રત ઉપરાંત પોતાના ભાઇના અવસાન

(વધુ માટે જુઓ પાનું ૧૮૬)

શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટ આયોજિત તૃતીય જ્ઞાનસત્ર

સાચા અર્થમાં જ્ઞાનસત્ર

✠ કૃષ્ણવીર દીક્ષિત

(ગયા અંકથી પૂરું)

શ્રી શત્રુંજય વિહાર ટ્રસ્ટ આયોજિત તૃતીય જ્ઞાનસત્રના પ્રથમ દિવસે તા. ૧૦-૧૨-૧૯૮૩ના રોજ મળેલી પ્રથમ અને દ્વિતીય બેઠકનો વૃત્તાન્ત 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૧-૧૯૮૪ના અંકમાં પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે. આજે જ્ઞાનસત્રની તા. ૧૧-૧૨-૧૯૮૩ ને રોજ સવારે અને બપોરે મળેલી ત્રીજી અને ચોથી એ બે બેઠકોનો વૃત્તાન્ત અહીં રજૂ કરવામાં આવે છે.

ત્રીજી બેઠક જીવનભારતી (ટિમલિયા વાડ, નાનપુરા-સુરત)ના વિશાળ હોલમા મળી હતી. આ બેઠકના વક્તા હતા સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ફાધર વાલેસ. પ્રમુખપદે હતા ડૉ. કુમારપાળ દેસાઇ. વ્યાખ્યાનનો વિષય હતા 'યુવાનો અને વડીલો.'

ફાધર વાલેસ કેટલા બધા લોકપ્રિય વક્તા છે તેનો આ દાજ હોલમા, હોલનો દ્વારો આગળ તથા હોલની બહાર જમેલા શ્રોતાઓ પરથી મળતા હતા.

સુપ્રસિદ્ધ આયુર્વેદાચાર્ય શ્રી બાપાલાલ ગ. વૈદ્ય, જેમનું આગલા જ દિવસે નિધન થયું હતું તેમના આત્માને સહુએ ઊભા થઈ મૌન સ્મરણાંજલિ આપ્યા પછી ત્રીજી બેઠકના આરંભ થયા હતા. મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તથા મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ શાહે ફાધર વાલેસનો સાવસ્તર, ઘણો સરસ પરિચય આપ્યા. સ્પેનમાં જન્મેલા, સ્પેનિશ ભાષા બોલતા, કિશોર વયમાં રોમન કેથોલિક પાદરી તરીકે દીક્ષા પામેલા, ભારતમાં આવી, ગુજરાતમાં વસી 'સવાઇ ગુજરાતી' થઇને રહેલા, ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિના ઊંડા અભ્યાસ કરી ચૂકેલા ગુજરાતી જન કરતાં પણ વધુ શુદ્ધ ગુજરાતી ભાષા બોલી શકતા અને સરલ શુદ્ધ ગુજરાતી ભાષામાં પોતાના વિચાર વ્યક્ત પણ કરી શકતા ફાધર વાલેસ કેવું ત્યાગમય જીવન જીવી રહ્યા છે તેનું સરસ ચિત્ર ડૉ. રમણલાલ શાહે ઉપસાવ્યું. ડૉ. કુમારપાળ દેસાઇનો પરિચય અપાયા બાદ તથા શ્રી બાબુભાઇ જવેરીવાળાએ ફાધર વાલેસનું પુષ્પહારથી તથા શ્રી રતનચંદ નાણાવટીએ ડૉ. કુમારપાળ દેસાઇનું પુષ્પહારથી સન્માન કર્યા પછી ફાધર વાલેસે પોતાનું વ્યાખ્યાન આપવું શરૂ કર્યું.

ફાધર વાલેસ

તેમણે કહ્યું: 'ગઈ કાલનો અહીં આવ્યો છું. વહેલું આવવું વસુલ થઈ ગયું. કાલે યુવાનો અને વડીલો મને મળવા આવ્યા. મેં એમને પૂછ્યું: "આવતી કાલે મારે પ્રવચનમાં શું કહેવું?" યુવાનોએ કહ્યું: "એમને કહેજો અમારા ઉપર સમ્ય માટે દબાણ ન કરે" હું બધાંને વાત કહું છું. બોલું છું તે અનુભવે બોલું છું.'

ફાધર વાલેસે પોતાના કુટુંબમાં થયેલા સ્વાનુભવો કહ્યા. એમના સંસ્કારોનું ઋણ એમણે સ્વીકાર્યું. પોતે કેવા માતૃભક્ત છે અને માતા કેટલાં બધાં પુત્રવત્સલ છે તે એમના વક્તવ્ય દરમિયાન જાણવા મળ્યું. તેમણે કહ્યું: માતા મને કહે છે: "તું આનંદમાં રહે તે મારો મોટો આનંદ છે. હું તને સુખી જોઉં એથી વિશેષ હું કાંઇ ઇચ્છતી નથી." તમે જ કહો મારા ઉપર માના કહેવાની કેટલી બધી અસર થઇ હશે? આજે બાળકોને, યુવાનોને તેમનાં માતાપિતાનો પ્રેમ તો મળે છે, પણ તે શરતી પ્રેમ મળે છે. સંતાનો ઉપર મા-બાપનો પ્રેમ બિનશરતી જ હોવો જોઇએ. શરતી પ્રેમ બહુ ગરબડ ઊભી કરે છે, વિશ્વાસ સાથે આગળ જવા મને મા તરફથી બિનશરતી પ્રેમ મળ્યો છે તે મારી મોટી મૂડી છે. મારા પિતા હું દસ વર્ષનો હતો ત્યારે ગુજરી ગયેલા. ૮ વર્ષનો હતો ત્યારે મને ન્યુમોનિયા થયો. ત્રણ મહિના પથારીમાં કાઢયા. માને મારા શિક્ષણ બાબત ચિંતા થઇ. પિતાએ તેને ચિંતામુક્ત રહેવા સૂચવ્યું. વીસ દિવસમાં મને અભ્યાસ પૂરો કરાવ્યો. તેમને મારા ઉપર વિશ્વાસ હતો તે મોટી વાત છે. માબાપ દીકરા ઉપર વિશ્વાસ રાખે તો દીકરા ખીલે. આપણા છોકરાઓ કામ તો કરે છે. વર્ગમાં આપેલું લેસન તેઓ પૂરું કરે છે. પણ લેસન પૂરું થયું એટલે કામ પૂરું થયું? નિશાળમાં આટલું ભણ્યા એટલે કામ પૂરું થયું? એન્જિનિયર થવા માટે ગણિત સારું જોઇએ. ગણિત અઘરો વિષય છે. સ્કૂલમાં શિક્ષક એક દાખલો ગણાવે તો ઘરમાં છોકરાએ દસ દાખલા ગણવા જોઇએ. મારા જીવનમાં પ્રામાણિકતાના સંસ્કાર સિંચાયા છે. અમારું કુટુંબ સામાન્ય હતું. ઓફિસના કામ સારુ મોટર મળેલી પણ મને, મારાં બાને કે મારા ભાઇને મારા પિતાએ ઓફિસની મોટરમાં પગ મુકવા દીધો નથી. મારા બાપુની ઓફિસની મોટરમાં હું કદી બેઠો નથી, પ્રેમનો સંસ્કાર ઘણો મોટો છે. ઘણો બળવાન છે. માબાપનો દીકરા ઉપર પ્રેમ તો હોય. સાથે દ્વેષ પણ હોય છે. દીકરાને માબાપ પ્રત્યે પ્રેમ અને આદર હોય સાથે દ્વેષ પણ હોય. આ વાત વિરોધાભાસી લાગશે, પણ સાચી છે. પરંતુ પ્રેમ અને દ્વેષ એકી સાથે હોય ત્યારે બહુ તકલીફ થાય છે.

મા-બાપોને

ફાધર વાલેસે ઘણાં કુટુંબોમાં થોડા, થોડા દિવસો વસી મેળવેલા રસપ્રદ અને ચક્ષુઉઘાડ અનુભવોમાંથી મા-બાપ અને સંતાનો વચ્ચે પ્રેમ અને દ્વેષ ઉભય મિશ્રિત સંબંધોના ઘણા દાખલા આપ્યા. તે સાંભળવા જેવા હતા. તેમણે કહ્યું: 'ઘણીવાર માબાપ દીકરાના હિતમાં અમુક પગલું ભરતાં હોય છે. દીકરો તે સાચી રીતે સમજી શકતો નથી ત્યારે માબાપ પ્રત્યે એના દિલમાં દ્વેષ જાગે છે. માબાપે આ સમજવું જોઇએ. એક નાના છોકરાને દિલમાં એકાએક એમ વસી જાય કે 'મારાં માબાપ મને ઘરમાંથી કાઢી મૂકે છે' તો મોટો થતાં એના દિલમાં માબાપ પ્રત્યે દ્વેષ અને તિરસ્કારની લાગણી ન જાગે તો બીજી કઈ લાગણી જાગે? માબાપે સંતાનોની વાત સાંભળવી જોઇએ અને સમજવી

પણ જોઇએ. દીકરી જેને મનથી વરી ચૂકી હોય તેની સાથે પરણતાં માબાપ તેને અટકાવે તો માબાપની એના મન ઉપર સેન્સરશિપ નથી તો બીજું છે ? માબાપોના દિલમાં પણ સંતાન પ્રત્યે દ્વેષ હોય છે. મા કહે: "અને તો આ છોકરાથી ત્રાસ થઈ જાય છે." એ છોકરો મોટો થયા પછી માબાપથી જુદો રહે, સ્વતંત્ર રહે. તેમાં શું આશ્ચર્ય ? દીકરા-દીકરી ઘણીવાર, પોતાની પસંદગી કરતાં માબાપથી પોતે જુદા વિચારના છે, એમ તેમના મન ઉપર ઠસાવવા ખાતર જ કંઇક જુદું કરતાં હોય છે. માબાપને અણગમતું ડિસ્કો સંગીત છોકરાં જરૂર સાંભળવાનાં જ. માબાપોએ દીકરાના વર્તનમાંના સંકેતો પારખતાં શીખવું જોઇએ. માબાપે છોકરાઓના વિચાર-વલણ-વર્તન પોતાનાથી સાવ જુદાં જ શા માટે છે તે વિચારીને શોધી કાઢવું જોઇએ. માબાપ સંતાનો ઉપર કડક થઇ દાબ બેસાડશે તો પરિણામ, માબાપે ધાર્યું નહિ હોય એવું જુદું જ આવવાનું. દીકરો દારૂની લતે ચડ્યો હોય તેને માબાપ પ્રેમથી, સમજાવટથી દારૂની લત છોડાવી શકે. કહેવા એ માગું છું કે જેમાંથી કોઇ પણ એક અંતિમ પર જઇને બેસવું તે માબાપ કે સંતાન કોઇને માટે સારું નથી. વચલો રસ્તો કાઢવાનો છે. બંને વચ્ચે સમજણનો સેતુ રચાવો જોઇએ. સેતુ રચવા માટે દીકરા-દીકરીઓ ઉપર માબાપે વિશ્વાસ રાખવો જોઇએ.

દિલની વાત

'કાકાસાહેબ કાલેલકરે 'સ્મરણયાત્રા'માં 'હું મોટો કેવી રીતે થયો ?' તે લખ્યું છે, જે માબાપોએ વાંચવું ઘટે. ઘરમાં માબાપ અને સંતાનો વચ્ચે સંપર્કનું વાતાવરણ જોઇએ. વાતચીતનો સેતુ હોય તો એવો કોઇ પ્રશ્ન નથી જેનો ઉકેલ ન આવી શકે.

'યુવાનોને હું પૂછું છું કે તમે જે વાત મને કહો છો તે તમે તમારાં માબાપને ન કહી શકો ? માબાપ અને દીકરાઓ પરસ્પર પોતાની વાત સંકોચ રાખ્યા વગર કરતાં શીખે. તે જ ઇચ્છવા યોગ્ય છે. ઘરની સમસ્યાઓ ઘરમાં જ ઉકલવી જોઇએ. ઘરમાંથી છોકરો ભાગી ગયો ! કેમ ભાગી ગયો ? માબાપને જે વાત એ જીભથી ન કહી શક્યો એ એણે એમને પગથી કહી !

'વાત કરવી એક વાત છે. કોઇની વાત સાંભળવી એ બીજી વાત છે. સાંભળવા ખાતર પણ દીકરા ને દીકરીની વાત માબાપે સાંભળવી જોઇએ. અને તે પણ મનથી, પ્રેમથી, ધીરજથી, રસથી સાંભળવી જોઇએ. વડીલો ઉપર ઘણી મોટી જવાબદારી છે. તેમણે સાંભળવાની કળા કેળવવી જોઇએ. આપણે બહુ ઓછું સાંભળીએ છીએ. બસમાં બેઠેલા મુસાફરને મેં પૂછ્યું : "આ બસ અમદાવાદ જાય છે" પેલાએ કહ્યું : "ના સાહેબ. સીટ ખાલી છે." તમે મારા મતના થાઓ એમ નહિ, મારા મનમાં શું છે તે તમે જાણો—એ વલણ માબાપે કેળવવી જોઇએ. બે પેઢી વચ્ચે આક્રમકવૃત્તિ ઉદ્‌ભવે તે ઇચ્છવા યોગ્ય નથી. હું આશાવાદી માણસ છું. મને વડીલોમાં અને યુવાનોમાં શ્રદ્ધા છે. એટલું સમજજો કે સંપર્ક નથી ત્યાં સેતુ નથી. અને સેતુ નથી ત્યાં સંવાદ નથી, પરસ્પર સાચી સમજ નથી. ઘરની વાતો ઘરમાં જ થવી જોઇએ. માણસના હૃદયમાં ઉત્તમ લાગણી હોય, સાથે ખરાબ લાગણી પણ હોય. શરીરમાં શુધ્ધ લોહી વહે છે, અશુધ્ધ લોહી પણ વહે છે, પણ મારો પ્રાણ ચાલે છે. કુટુંબમાં, સમાજમાં, દેશમાં અને દુનિયામાં જે કંઇ ખરાબ છે તે ઢાંકવાથી લાભ નથી, દબાવી દેવાથી પણ લાભ નથી, એનો નિકાલ થવો જોઇએ. પણ તે દબાણથી થઈ ન શકે. પ્રેમથી અને આદરથી, સમભાવથી અને સમજણથી વિશ્વાસનું વાતાવરણ નિર્માણ કરવું જોઇએ. સાંભળીએ ત્યારે સાચું સાંભળીએ, કહેવું હોય ત્યારે સાચું કહીએ. માબાપોને કહું કે તમે તમારા દીકરાને તમારો મિત્ર બનાવો. મિત્ર સમક્ષ દિલની વાણી જ નીકળવી જોઇએ. મા દીકરીને પોતાની બહેનપણી સમજે. મારાં બા ને મળવા યુરોપ હું જાઉ છું ત્યારે મારી અંગત વાતો. આધ્યાત્મિક અનુભવની વાતો તેમને કહી શકું છું. આથે બેસીએ છીએ. દિલમાં આત્મીયતાને કારણે શક્તિ આવે છે. બિનશરતી પ્રેમ, વિશ્વાસ, મમતા-માબાપ તરફથી નહિ મળે તો કોના તરફથી મળશે ? સંતાનને કહો, "દીકરા. અમારામાં વિશ્વાસ મૂકી ખુલ્લે દિલે તારી વાત કહે. તારી મુશ્કેલી અમને જણાવ" માબાપોને કહું કે તમે સખી થાઓ અને સંતાનને સખી કરો. જીવનના પાયામાં આ વાત છે. મેં તમને આ માગ દિલની વાત કહી છે. મારે માટે આ ધન્ય પ્રસંગ છે.' કાર્ડિનલ વાલેસ્રની વાણી સોનાથી પણ અરકાર મૂલની હતી.

સેતુ-નિર્માણની જરૂર

પ્રમુખપદેથી ડૉ. કુમારપાળ દેસાઇએ કહ્યું : 'આપણા ભાંગતા વિખરા પડતા કુટુંબના રખેવાળ જેવા કાર્ડિનલે આજે ઘણી મોટી વાત કરી. પિતા પુત્ર વચ્ચે, ડૉ. બલવન્તરાય ઢેબરના શબ્દોમાં કહું તો સોદરાભ રૂરનથી ચાલતી હોય છે. યુવાનોમાં અખૂટ શક્તિ છે. અણુશક્તિ કરતાં પણ યુવાશક્તિ મોટી છે. છેલ્લાં વીસ વર્ષોમાં થયેલી ક્રાન્તિ યુવાનોએ કરી છે. પણ ક્રાન્તિ બે પ્રકારની હોય. નિર્માણ અને સર્જન. યુવાનોએ જૂના ભ્રષ્ટાચારને દૂર કરી હડિયાળી ઉખાડ્યાનું જોવા મળતું નથી. તેઓ નવનિર્માણ કરી શક્યા નથી.' કુટુંબજીવનમાં માતા-પિતા અને પુત્ર વચ્ચે ટેન્શન કેટલું બધું પ્રવર્તે છે તેનો ડૉ. કુમારપાળે એક સરસ દાખલો રજૂ કર્યા પછી તેમણે કહ્યું : 'વડીલો પણ પોતાની રીત ભૂલી શકતા નથી. હકીકત એ છે કે આજના યુવાનને આદર્શ મળ્યો નથી. અને એ કારણે યુવાન મૂંઝાય છે. એ જ્યારે જીવનમાં અહાર જુએ છે ત્યારે ખાલીપો જુએ છે. આજના યુવાનની આંખમાં સ્વપ્ન નથી. કોની પાસે જોશ છે પણ હોશ નથી. ગત ડિસેમ્બર કોઇ પછી એક દેશ જીતી રાજ્યમાં વિજયોત્સવ મનાવતા ત્યારે સિકંદર દુઃખી દુઃખી થઈ જતો. દુઃખી થવાનું કારણ પૂછવામાં આવતાં એણે કહ્યું : 'મારા પિતા બધું જીતી લેશે તો હું શું જીતીશ ?" આજે યુવાનો અને વડીલો વચ્ચે ખાઇ છે. આપણે ભૂતકાળને આંખે રાખીને જીવીએ છીએ. ટાગોરે તો કહ્યું જ છે કે ભૂતકાળને પથરો ફેંકી દેવો જોઇએ. ખરું જોતાં ખાઇ પૂરવાની જરૂર નથી, સેતુ-નિર્માણની જરૂર છે.'

શ્રી બિન્દુબહેન કચ્છરાએ આભાર દર્શન કર્યું હતું.

ધર્મની આવશ્યકતા

સાંજે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. ઉપેન્દ્રરાય અક્ષીના પ્રમુખપદે મળેલી ચોથી બેઠકના આરંભે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી અમિતભાઇ સંઘવીએ ડૉ. અક્ષીનું સ્વાગત કરી સભામાં પરિચય આપ્યો હતો.

ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઈ જરીવાલાએ ડૉ. બક્ષીનું પુષ્પહારથી સ્વાગત કર્યા બાદ ડૉ. શેખરચન્દ્ર જૈને 'વર્તમાન યુગમાં ધર્મની આવશ્યકતા' એ વિષે વ્યાખ્યાન આપતાં કહ્યું હતું: 'ધર્મની વાત રૂઢિ કે સંપ્રદાયથી ઘણી ઊંચી છે. ધર્મ એ છે જે મનુષ્યનું ચારિત્ર્યનિર્માણ કરે. ધર્મનિરપેક્ષતાની વાત ગળે ઊતરે એવી નથી. આપણે ધર્મનિરપેક્ષ કરતાં ધર્મસાપેક્ષ ન થઈ શકીએ? ધર્મ કોઇનું પણ ઉત્તમ ગ્રહણ કરવાની મનાઈ નથી ફરમાવતો. ધર્મ એ મૃતઃપ્રાય વસ્તુ નથી, તેમ એ અક્ષીણનો નશો પણ નથી. ઉધાર લીધેલી સંસ્કૃતિના માધ્યમથી આપણી સંસ્કૃતિ ઉપર આઘાત કરવા તે ઉચિત નથી. ધર્મ યુવકો માટે જ નહિ, વડીલો માટે પણ જરૂરી છે. ધર્મ એ સાર્વભૌમિક શાશ્વત સત્યનું પ્રતીક છે. સત્ય, અહિંસા તથા માનવતાના પથ ઉપર થઈને મુક્તિનાં દ્વાર સુધી લઈ જનાર તે ધર્મ છે. યુવાનોને ધાર્મિક શિક્ષણ આપવાની વાત કરીએ છીએ ત્યારે વસ્તુતઃ આપણને શું અભિપ્રેત છે? મારી દૃષ્ટિએ યુવાનોને નૈતિક શિક્ષણ આપવાની જરૂર છે. ધાર્મિક શિક્ષણ એટલે નૈતિક શિક્ષણ, માનવતાનું શિક્ષણ, દેશની સંસ્કૃતિનું શિક્ષણ. ધર્મને ક્રિયાકાંડ સાથે ભેળવવાથી યુવાનોને ધાર્મિક શિક્ષણ પરત્વે રુચિ નથી રહેતી. આપણે પાપપુણ્યને સ્વર્ગનર્કની સાથે જોડ્યાં. આપણે આજના વિદ્યાર્થીને ગળે સ્વર્ગની કે નર્કની વાત શી રીતે ઉતારી શકીશું?

મોટામાં મોટો પડકાર

'ધર્મની સામે મોટામાં મોટો પડકાર વિજ્ઞાનનો છે. વિજ્ઞાન બધું ખરાબ જ કરે છે એવું નથી. તેમ ભૌતિકવાદ ખરાબ જ છે એવું નથી. કેટલાક સંજોગોમાં કેટલીક વસ્તુ જરૂરી હોય છે પણ કયારે કઈ વસ્તુ જરૂરી છે તેનો વિવેક હોવો સહુ પ્રથમ જરૂરી છે. લકઝરી અને નેસેસિટી બે વચ્ચે વિવેકજન્ય ભેદરેખા દોરવી જરૂરી છે. પાસે હોય એ બધી જ સમૃદ્ધિનો ત્યાગ કોઈ બુદ્ધ કે કોઈ મહાવીર જ કરી શકે, બધાં ન કરી શકે; પણ દરેક જણ આસ્થાવાન તો બની શકે. આસ્થાદૃઢ વ્યક્તિને સંસારના ભોગવિલાસ ચ્યૂત કરી શકતા નથી. ભારતમાં ઉત્પન્ન થયેલા ધર્મો ધર્મ કરતાં સંસ્કૃતિનું ભાન વધારે કરાવે છે. સંસ્કૃતિ ધર્મને વાસ્તવિકતાથી જોડે છે. પ્રત્યેક ધર્મના સિદ્ધાન્તો તે તે પ્રજાની પ્રકૃતિને આધીન રહીને ઘડાતા હોય છે. મોટામાં મોટો ધર્મ તે મર્યાદા છે. અને વસ્તુતઃ ધર્મ સત્યને સત્ય તરીકે સમજવાની દૃષ્ટિ આપે છે. ધર્મ મનુષ્યને રાક્ષસ બનવાથી બચાવી લે છે. તે હૃદયને હૃદયથી જોડે છે. વિદ્યાર્થીઓને ધર્મનું શિક્ષણ આપવું એટલે પરસ્પર પ્રેમભાવ વિકસાવવાનું શિક્ષણ આપવું. જે પ્રેમી છે એ સાચો ધાર્મિક છે. આકાશ જેટલી વિશાળતા અને સાગર જેટલી ઊંડાઈ જેનામાં હોય એ જ વ્યક્તિ રામ કે કૃષ્ણ બની શકે. આપણે ભૌતિકતાના પ્રવાહમાં સંસ્કારના દ્વીપ જેવા બનવું પડશે. ભૌતિકતાના પ્રવાહમાં આધ્યાત્મિકતાનો દ્વીપ ખીલવવો પડશે.'

શ્રદ્ધાનું બળ

શ્રી હરીન્દ્ર દવેએ 'શ્રદ્ધાનું બળ' એ વિષય ઉપર અનેક દૃષ્ટાન્તોથી સભર એવું રસાત્મક વ્યાખ્યાન આપ્યું. તેમણે પ્રથમ શ્રદ્ધા શબ્દ તેની વ્યુત્પત્તિ કહીને સમજાવ્યો. સમાજને જે ધારણ કરે છે તે બળમાં માનવું એનું નામ શ્રદ્ધા. શ્રદ્ધા સ્વયં પણ એક બળ છે. શ્રી હરીન્દ્રે મુક્તાનન્દબાબા કથિત અકબર અને મૌલવી વચ્ચે બનેલા પ્રસંગનું દૃષ્ટાન્ત આપી શ્રદ્ધા શી વસ્તુ છે એ સમજાવ્યું. અકબરને કુરાનના એક દૃષ્ટાન્ત વિષે શંકા થઈ. મૌલવીએ સમય આવ્યે એનું નિરાકરણ પોતે કરશે એમ કહ્યું. થોડા દિવસ પછી એણે અકબરને કહ્યું, "યમુના નદી પરનો પૂલ કોઈ ચોરી ગયું છે." અકબરે તે સાચું માની લઈ સૈનિકોને તપાસ કરવા મોકલ્યા. તો પૂલ ત્યાંનો ત્યાં જ હતો. પણ મૌલવીએ કહ્યું એટલે અકબરે માની લીધું. તે પરથી મૌલવીએ અકબરને બોધ આપ્યો કે મારી વાત ઉપર જેમ તમને શંકા ન જાગી તેમ સંતની વાણીમાં પણ તમારે શંકા નહિ લાવવી જોઇએ. તમે મારા વચનમાં મૂકી એવી શ્રદ્ધા ધર્મશાસ્ત્રોમાં મૂકો." આપણે સ્વર્ગનર્કની વાત કરીને બાળકની શ્રદ્ધાને વિખેરી નાખીએ છીએ. શ્રદ્ધા અને શંકા બે જુદા જુદા અંતિમો છે. આપણે ઘણીવાર શ્રદ્ધા નથી રાખી શકતા તેમ શંકા પણ નથી કરી શકતા. શ્રદ્ધાનું પ્રતિપાદન ખોટી રીતે મેળવવા જઇએ છીએ. શ્રદ્ધા નકની ગતિ કઈ રીતે થઈ શકે? શ્રદ્ધા એટલે 'માનવનો પોતાની જાત સાથેનો, પરમાત્મા સાથેનો અને સમાજ સાથેનો સંબંધ. આ દુનિયામાં ભયથી અને અહંકારથી મુક્ત એવો કોઇ માનવી નથી. અહંકાર હોય ત્યાં શ્રદ્ધા ટકતી નથી. શ્રદ્ધાની અંદર પહેલી વાત શરણાગતિની છે. સકલગતિની ગતિએ શરણાગતિ છે અને શરણાગતિ જેટલી વિકટ વાત એક પણ નથી. શરણાગતિ સિદ્ધ કરતાં પહેલાં કેટલા બધા વિકટ તબક્કા ઉપરથી પસાર થવું પડે છે?'

શ્રી હરીન્દ્રે જ્ઞાનેશ્વરની એક વાત કહી. જેસલ – તોરલની વાત કહી. મિલરે ચીંધેલા એક હત્યારાની વાત કહી. એક હત્યારાએ ઘણા માણસોની હત્યા કરી. પરતાવો થતાં એ કોઇ સ્વામી પાસે ગયો. સ્વામીએ એને પોતાના આશ્રમમાં રાખ્યો અને વસ્ત્રનો એક કાળો ટુકડો આપ્યો. કહ્યું: "આ રૂમાલ સફેદ થઇ જશે ત્યારે તું પાપમાંથી મુક્ત જશે." દરમિયાન બન્યું એવું કે એક સ્ત્રીને તેના ઉપર બળાત્કાર કરવા તત્પર થયેલા દુરાચારીના ત્રાસમાંથી ઉગારવા તે દુરાચારીની મિલરે હત્યા કરી. એને થયું 'અરે! મેં આ પરમ ખૂન કર્યું'! ઘણો પશ્ચાતાપ થયો. ગુરુ પાસે જઇને મિલરે બધી વાત કરી. ગુરુએ એને કહ્યું: "તારો પેલો રૂમાલ ક્યાં છે?" મિલરે જોયું તો રૂમાલ શ્વેત થઇ ગયો હતો! કાળો રૂમાલ સફેદ થયો એ મિલરનો આત્મા શુદ્ધ થયો તેનો પ્રતીકાત્મક સંકેત છે. મિલરનું અંદરનું સત્ત્વ પ્રકાશિત થઇ ચૂક્યું હતું.'

આસ્તિક અને નાસ્તિક

શ્રી હરીન્દ્રે ત્રિજે જ્ઞાનેશ્વર જેવા ઘણી નિત્યનિગોની વાત કહી અને કહ્યું: 'મનુષ્યે જ મનુષ્યની ગતિ સુધારવાની છે. નાસ્તિક અને આસ્તિક આ બે અંતિમો છે. મનુષ્ય ક્યાં હોય પૂરો આસ્તિક હોય ક્યાં પૂરો નાસ્તિક. આસ્થાવાન મનુષ્ય ભગવાનનો પૂરી શ્રદ્ધાથી સ્વીકાર કરે છે. નાસ્તિક એટલી જ દૃઢતાથી ઈશ્વરનો તિરસ્કાર કરે છે. આસ્થા કે અનાસ્થા, કોઇ પણ બાબતમાં માણસ પૂરો પ્રામાણિક હોવો જોઇએ. નર્મદ એના જીવનમાં ભગવાનનો સ્વીકાર–અસ્વીકારની બાબતમાં બંને વેળા પૂરો પ્રામાણિક હતો.

શ્રી હરીન્દ્રે ચમત્કાર કરી દેખાડનાર દંભીઓ અને પાખંડીઓથી સાવધ રહેવાનું સૂચવ્યું. તેમણે કહ્યું: 'કસોટીની વેળાએ

પણ જે ટકી રહે એનું નામ શ્રદ્ધા. શ્રધ્ધા પરમ તત્ત્વમાં જાગવી જોઇએ. શ્રદ્ધા આસ્તિકતામાંથી જાગે છે, તેમ નાસ્તિકતામાંથી પણ જાગે છે.' ગુરુ દ્વારા સમુદાયના ભીતરનું સાદ કલાકમાં પરિવર્તન થઇ શકે એ વાતનો શ્રી હરીન્દ્રે અસ્વીકાર કરતાં કહ્યું: 'ગુરુઓ સામુદાયિક મોક્ષ અપાવી શકતા નથી. વ્યક્તિ માત્રે શ્રદ્ધા પોતાની મેળે કેળવવાની છે.

ધર્મ

પ્રમુખપદેથી ડો. ઉપેન્દ્રરાય બક્ષીએ કહ્યું: 'વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ એટલે કે નૈતિક શિક્ષણ આપવું જોઇએ એ હિમાયત ખોટી નથી, પણ નૈતિકતાનું શિક્ષણ આપવું મુશ્કેલ છે. નૈતિકતાનું શિક્ષણ કોણ આપી શકે? આજે વિશ્વવિદ્યાલયો વિશ્વપરીક્ષાલયો બની ગયાં છે. શ્રદ્ધા તે વ્યક્તિમાં નહિ, કિન્તુ તત્ત્વમાં હોવી જોઇએ. યુનિવર્સિટીમાં પરિવર્તન આણવું હોય તો યુનિવર્સિટીના માધ્યમથી આણી શકાય અને ત્યારે નૈતિક શિક્ષણની યોજના કરી શકાય. ધર્મ એટલે અજ્ઞાનનું જ્ઞાન, અજ્ઞાનનું દુઃખ, અને અજ્ઞાનનો પ્રતિકાર. આ ત્રણ વસ્તુ હોય ત્યાં ધર્મ છે એમ હું માનું છું. અન્યાય અને ન્યાય એ માત્ર પરિભાષાના વિષયો કે શબ્દો નથી. શ્રદ્ધા એટલે એક પ્રકારની હિંમત. અન્યાયના પ્રતિકાર માટે આપણામાં નૈતિકતાનું તત્ત્વ વધતુંઓછું હોય એ જરૂરનું છે. બૌદ્ધિક વિચારશીલતા અને વિવેકબુદ્ધિ જાગ્રત હોવી જરૂરી છે. શ્રીમદ્ ભગવદ્ગીતા એ સહુ કોઇનો પૂજ્ય ગ્રન્થ છે. એમા સામૂહિક કતલનો ઉપદેશ છે. અર્જુન માસ સ્કેઇલ ઉપર કત્તલ થાય એને ધર્મ સમજતાં અચકાય છે. ભગવાન પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવે છે, ત્યારે અર્જુન ગભરાઈ જાય છે. હું માનું છું કે આ "આર્ગ્યુમેન્ટ બાય ફિયર" છે. મનુષ્યનો વિનાશ કરો ત્યારે 'હવિલ' અનિષ્ટ-દુરિતનો નાશ થાય છે? પીવાનું પાણી પણ ન મળવાને કારણે માણસ મૃત્યુ પામે ત્યારે આત્મા અમર છે, શરીર નાશવંત છે એમ આશ્વાસન શોધવું તે બરાબર છે?'

ડો. બક્ષીએ વધુમાં કહ્યું: 'અન્યાયનો પ્રતિકાર કરવા માટે ઘણી શક્તિ જોઇએ. તે માટે શ્રદ્ધા જરૂરી છે. અન્યાયનો પ્રતિકાર કરતી વેળા મિત્રો મિત્રો રહેતા નથી. અને દુશ્મનો મિત્રો થતા નથી. શ્રદ્ધાની ખરી જરૂર એ વખતે છે. બીજાનું દુઃખ આપણા સુખનો આધાર બને, બીજાનું દુઃખ આપણને વ્યથિત ન કરે તો તે ધર્મ નથી. ધર્મ અને પતિંગ વચ્ચેનો ફેર આપણે સમજવો જોઇએ. સામાજિક-આર્થિક શોષણના પ્રતિકારની ઝુંબેશમાં જોડાઇએ તો એ ધર્મ છે...લોકોનાં દુઃખનું નિવારણ કરવામાં સાધન બનીએ તો એ ધર્મ છે. આપણે અંતિમ સત્યની શોધ કરતા હોઇએ અને લોકો, આ એક પ્રકારની ઉદાસીનતા છે એમ કહે તો તે આપણું દુઃખ વધારે છે. આપણે ઇન્ટલેક્ચ્યુઅલ સેઇન્ટ બનીએ તે વધુ જરૂરનું છે.'

ડો. બક્ષીનું શ્રોતાઓને 'ઇલેક્ટ્રિફાય' કરે એવું વક્તવ્ય પૂરું થતાં શ્રી અમર જરીવાલાએ તેમનો, વક્તાઓનો અને શ્રોતાઓનો તથા પત્રકારોનો આભાર માન્યો હતો. તૃતીય જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ થઇ. આ જ્ઞાનસત્ર સાચા અર્થમાં જ્ઞાનસત્ર નીવડ્યું.

સંઘ સમાચાર

* પર્યટન *

સંઘના પેટ્રન, આજીવન અને વાર્ષિક સભ્યોનું એક પર્યટન રવિવાર, તા. ૧૯-૨-૮૪ના રોજ એક દિવસ માટે યોજવામાં આવ્યું છે. આ પર્યટન સંઘના સભ્ય પૂરતું મર્યાદિત છે. આ પર્યટનમાં ૧૬૦ વ્યક્તિઓના, વહેલો તે પહેલો ધોરણે, નામો નોંધવાના છે. નિર્ધારિત સંખ્યા પૂરી થતાં વધારે નામો નોંધાવવામાં આવશે નહીં.

સ્થળ : રાનસાન ડેમ (ઉરણ તરફ-વાશી રસ્તે)

ઉપડવાનો સમય તથા સ્થળ : સંઘનું કાર્યાલય, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપરેટીવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ ૪૦૦ ૦૦૪, સવારના ૬-૩૦ કલાકે.

વ્યક્તિદીઠ ચાર્જ : રૂા. ૫૫-૦૦ અને ગેસ્ટ રૂા. ૭૦-૦૦

મોડામાં મોડું તા. ૩૧-૧-૮૪ સુધીમાં સંઘના કાર્યાલયમાં ભરી જવા વિનંતી. તા. ૩૧-૧-૮૪ સુધીમાં ૧૬૦ નામો નોંધાઈ જશે ત્યાર પછી નવા નામો લેવામાં આવશે નહીં.

લિ. ભવદીય,

ગણપતલાલ મ. ઝવેરી — સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ, મંત્રીઓ.

સંઘના સભ્યોનું સ્નેહસંમેલન

★

સંઘના પેટ્રન સભ્યો, આજીવન સભ્યો તેમજ સામાન્ય સભ્યોનું સ્નેહ સંમેલન શનિવાર તા. ૨૧-૧-૮૪ના રોજ યોજવામાં આવ્યું છે. તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે રહેશે.

સાંસ્કૃતિક કાર્યક્રમ : સાંજના ૪-૦૦ વાગે

અલ્પાહાર : સાંજના ૬-૩૦ વાગે

સ્થળ : બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી

સ્નેહ સંમેલન અંગેનું પ્રવેશપત્ર મોડામાં મોડું તા. ૨૦-૧-૮૪ સાંજના પાંચ વાગ્યા સુધીમાં સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવું.

આ માટે સભ્યોને અંગત કાર્ડ મોકલ્યા છે. પ્રવેશપત્ર લેવા આવતી વખતે તે કાર્ડ સાથે લાવવું જરૂરી છે.

તા. ૨૦-૧-૮૪ પછી પ્રવેશપત્ર આપવામાં આવશે નહિ.

લિ.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ મંત્રીઓ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત–

વિદ્યાસત્ર

© ગુલાબ દેઢિયા

'કવિતાનો પોતીકો અંગત આનંદ છે. આજે મારો આનંદ અંગત મટીને સામાજિક બને છે. તમારા સૌનો બને છે. કવિતાનો આનંદ તમારા સુધી પહોંચતાં વેરવિખેર નહિ થઈ જાય પણ તમારા એકાંતમાં રાવટી તાણી બેસશે. આનંદ તો હવા જેવો છે, જે માણી શકાય, કોઇ વસ્તુની જેમ હું તમને આપી ન શકું.

ડો. સુરેશ દલાલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત 'વિદ્યાસત્ર'ના આઠમા વર્ષે તા. ૪, ૫ અને ૬ જાન્યુઆરી ૧૯૮૪ના ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના સભાગૃહમાં 'આસ્વાદ: કેટલાંક કાવ્યો'ના ત્રણ દિવસના પ્રવચનમાં પ્રથમ દિવસે ગુજરાતી કાવ્યો વિશે બોલી રહ્યા હતા.

કવિ વિવેચક સુરેશ દલાલે 'રિધમ હેઝ મિનીંગ' કહી લયનો મહિમા વર્ણવ્યો હતો. ઓડેનને ટાંકતાં તેમણે કહ્યું હતું કે, મારી કવિ પાસે એક અપેક્ષા છે કે, એનો પોતાનો જ અવાજ હોવો જોઇએ. આજે ઘણા કવિઓ પાસે પડઘો જ હોય છે અને તેઓ એને પોતાનો અવાજ સમજી લે છે.

ડો. સુરેશ દલાલે કવિ બાલમુકુન્દ દવેના 'સંગમ' કાવ્યનો આસ્વાદ કરાવતાં કહ્યું કે, આ પ્રસન્ન દામ્પત્યપ્રેમનું કાવ્ય છે એમ માનીયું બાંધી દેવાથી કાવ્યનું કામ પતી જતું નથી. આ દીર્ઘ કાવ્યનો લય ભાવવાહી છે. બાલમુકુન્દનો અવાજ જળમાં જળ ન થઈ જતાં, જળમાં દીવો થઇને તરે છે. એમની કવિતા વિશે કહેવું હોય તો, 'એનો શણગાર એની સાદગી છે.' કવિએ મધરાતને 'બીલડી જુવાનજોધ કાળી'ની ઉપમા આપી મધરાતને કેવી તાદેશ કરી છે!

'ઊડતા ઊડતા વડલા ડાળે આવી મળે જેમ કોઇ વિહંગમ' થી આરંભ થતા 'સંગમ' કાવ્યમાં કવિકર્મનો કેવો વિશેષ છે તે સમજાવ્યું હતું.

'પ્રેમમાં ખરેખર તો ઝીણી કાળજી હોય છે અને તે દેખાય પણ નહિ. રાજેન્દ્ર શાહની કવિતામાં છે.

નજરે નજર મળતી, નહિ ઠેકો નહિ તાલ

બાલમુકુન્દ ઊર્મિની સ્વસ્થતાના કવિ છે. તેથી જ લખી શકે :

સુખને દુઃખને ભોગવે કાયા
જે જે સખી દીનાનાથે દીધું
આપણે તે સંતોષથી પીધું
સંગ માણી ભગવાનની માયા

'આ આખા કાવ્યમાં પુરુષ બોલે છે તે સંભળાય છે, પણ સ્ત્રીનું મૌન પણ સંભળાય છે. ચીલાચાલુ પ્રતીકો લઇને નવું લક્ષ્ય સાધનાર કવિ બાલમુકુન્દ છે.'

ત્યાર બાદ એમણે કવિ રમેશ પારેખની ગઝલ 'કાગડો મરી ગયો'નો આસ્વાદ કરાવ્યો હતો. કોઇ કવિએ લખ્યું છે, કાગડો એ ભગવાનનો કાળો વાવટો છે

રમેશ પારેખની ગઝલની પ્રથમ પંક્તિ છે :

સડકની વચ્ચોવચ્ચ સાવ કાગડો મરી ગયો,
ખુલ્લેખુલ્લો બન્યો બનાવ કે કાગડો મરી ગયો.

પછી નિર્દોષ બાળક જેવો ફિલોસોફિકલ પ્રશ્ન આવે છે :

આ કાગડો મર્યો કે એનું કાગડાપણું મર્યું?
તું એ સિદ્ધ કરી બતાવ કે કાગડો મરી ગયો.

કાવ્યના અંતમાં ખ્યાલ આવે છે કે, કાગડાના રૂપમાં ખરેખર તો માણસની વાત છે.

આ બે કાવ્યોનો આસ્વાદ કરાવતાં એમણે અનેક કવિઓની પંક્તિઓ ટાંકી પોતાના વક્તવ્યને આસ્વાદ્ય બનાવ્યું હતું.

આ કાર્યક્રમના આરંભમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપ્યો હતો.

સંઘના પ્રમુખ અને સભાના અધ્યક્ષ ડો. રમણલાલ ચી. શાહે વ્યાખ્યાતા સુરેશ દલાલનો પરિચય આપતાં કહ્યું હતું કે, તેઓ કવિતાના ચાહક, ભાવક અને વિવેચક છે. કવિતાના પારખુ છે. કવિતા વિરલ સ્વરૂપ છે અને કવિતાનો શબ્દ કવિના ચિત્તના ઊંડાણમાંથી આવતો હોય છે. સુરેશ દલાલ કવિતાના મિશનરી છે.

શ્રીમતી શારદાબહેન દેસાઇએ સુરેશ દલાલના બે ગીતો ગાયાં હતાં.

ડો. સુરેશ દલાલે બીજા દિવસે 'ભારતીય ભાષાઓનાં કાવ્યો' વિષે બોલતાં જણાવ્યું હતું કે 'રવીન્દ્રનાથ ટાગોર તો કવિઓના કવિ છે. શરદબાબુએ યથાર્થ રીતે જ પોતાના વાચકોને કહ્યું હતું કે, હું તમારા માટે લખું છું જ્યારે ટાગોર મારા માટે લખે છે.'

પ્રથમ એમણે ટાગોરના 'મુક્તિ' કાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો 'ડોક્ટરને જે કહેવું હોય તે કહે' થી કાવ્યનો આરંભ થાય છે. માંદગીને બિછાને પડેલી નારી કહે છે, ઓશીકા આગળની બે બારી ખુલ્લી રાખો. દવા ખાવાનું મારું કામ પૂરું થઇ ગયું છે. આ કાવ્યમાં ટાગોરે ભારતીય નારીનો ચહેરો ઉપસાવ્યો છે, જે પતિગૃહે સતત દબાયેલી રહી છે.

'વર્ષો પહેલાં સુરેશ જોશીએ રેડિયો પર વાર્તાલાપ આપ્યો હતો. જેમાં ગોવર્ધનરામની કુમુદ અને ટોલ્સ્ટોયની અન્ના રેલવે પ્લેટફોર્મ પર મળે છે. તેમાં કુમુદ કહે છે: હું સરસ્વતીચન્દ્રની નહિ ગોવર્ધનરામની કુમુદ છું. મારી ઉંમર પ્રેમ પામવાની હતી, માન પામવાની ન હતી.

'આ વાર્તાલાપમાં ભારતીય સજ્જ નારી પાત્રને કઇ રીતે આલેખે છે તેની વાત હતી.

'મુક્તિ' કાવ્યની નારી પોતાના પતિ વિશે માત્ર એટલું જ નોંધે છે, તમે ઓફિસમાંથી આવતા અને સાંજે મહોલ્લામાં કયાંક શતરંજ રમવા જતા. બાવીસ વર્ષ મારાં ધૂળમાં ગયાં. આજે મારા ઓરડામાં વસંત ઋતુ આવી છે. હવે એ સ્ત્રીને પોતાની પ્રતિષ્ઠાનું ભાન થાય છે.

"મારી અંદર ગુપ્ત સુધારસ છે. કશુંક આપવાની કુમારી મારામાં છે. હું નારી મધુર છું."

'આ કાવ્ય સાથે ટાગોરના અન્ય એક કાવ્ય 'વધૂ' ને પણ એમણે સરખાવ્યું હતું.

ત્યાર પછી પંજાબી કવયિત્રી અમૃતા પ્રીતમના કાવ્ય 'સફરનામું'નો આસ્વાદ તેમણે કરાવ્યો હતો.

'ગંગાજળથી વોડકા સુધી એક સફરનામું છે મારી પ્યાસનું'

આ કાવ્યમાં અકારણ ઉદાસીની વાત આવે છે. રાગની છાતીમાં સારંગીનો ગજ ભોંકાય છે. તેમ કોઈ વિચાર ફરી ફરી આવ્યા કરે છે. ચૂપચાપ પિયાનો કાળા અને સફેદ દાંતમાં સંગીત ચાવ્યા કરે છે.

સુરેશ દલાલે વધુમાં કહ્યું હતું કે, માત્ર કાવ્યનો જ નહિ, ગઝલખંડનો પણ આસ્વાદ કરવો-કરાવવો જોઈએ. આ સંદર્ભમાં સુરેશ જોશીના નિબંધ સંગ્રહ 'જનાન્તિકે'ની વાત કરી હતી.

ત્યાર બાદ મરાઠી ભાષાના કવિ મંગેશ પાડગાંવકરના એક કાવ્યનો આસ્વાદ કરાવ્યો હતો. આ કાવ્યમાં કવિએ કટાક્ષ અને કાવ્ય બન્નેને સુંદર રીતે સાચવ્યાં છે. જે બનવું વિરલ છે.

આ કાવ્યમાં કોઈ શ્રીમંતને ત્યાં સંગીતની મહેફિલ ખીચોખીચ જામી છે. બેચેન પલાંઠીઓ, સિગરેટના ધુમાડા અને રંગ જમેલા પાનની મહેફિલ છે. કોઈને સીતારવાદનમાં રસ નથી.

સીતારવાદકની આંગળીઓ વિશે કવિએ કહ્યું છે, ગુલાબની કળીમાંથી પાંદડીઓ જેવી ખીલતી આંગળીઓ, સ્વરનો ડૂમો ભરાયેલી આંગળીઓ.

છેલ્લે કલાકાર પોતે જ પોતાનો ખરો શ્રોતા બને છે. રાતની ચાંદની જેવો એકલો.

* * *

'બહુ ઓછા માણસોને ઇચ્છા-મૃત્યુ મળે છે. કવિ ઓડેને પોતાને કેવું મૃત્યુ ગમે તે વિશે લખ્યું, 'કોઈક સાંજે કવિતા વિશે વાત કરી હોય, શરાબ પીધો હોય, ખંડના બારણાં બંધ કરી દઉં અને ચિર નિદ્રામાં સરી જાઉં. એવું મરણ મને ગમતી ઘટના છે.' સાચે જ વિયેનામાં ઓડેનનું આ રીતે જ મૃત્યુ થાય છે.' ડૉ. સુરેશ દલાલ વિદેશનાં કાવ્યો વિશે બોલી રહ્યા હતા.

કવિ ઓડેનના જીવન વિશે વિસ્તારથી વાત કરતાં તેમણે કહ્યું કે, ઓડેનને શોકસભાઓ અને જીવનકથા પ્રત્યે નફરત હતી. પોતાના પત્રો બાળી નાખવા તેમણે કહ્યું હતું. તેઓ માનતા કે, કવિની જીવનકથા સાચી લખાઈ નથી. જીવનકથામાં આવતી વિગતો બાહ્ય ઘટનાઓ જેવી છે, અને કવિ તો આંતર-ઘટનામાં જીવતો માણસ છે.

ઓડેન ટી. એસ. એલિયેટથી પ્રભાવિત થાય છે પણ પછી એ સંસ્કાર પણ ખંખેરી નાંખે છે. એલિયેટની કવિતાને તમે નમસ્કાર કરી શકો, માન આપો; જ્યારે ઓડેનની કવિતાને શેક હેન્ડ કરી શકો અને મન ભરી ચાહી શકો. ઓડેને મહાકવિ માટે સાતત્ય, વૈપુલ્ય અને વૈવિધ્ય હોવા જોઈએ એમ કહ્યું છે.

ઓડેને લખ્યું :

We must love one another or die. પછી એમાં સુધારો કરી ફરી લખ્યું. :

We must love one another and die.

ગુજરાતી સાહિત્ય રસિકોને પશ્ચિમના સાહિત્ય વાચન તરફ વાળવાનો યશ હરીશચન્દ્ર ભટ્ટ, ઉમાશંકર જોશી, સુરેશ જોશી અને નિરંજન ભગતને આપવો જોઈએ. ગંગોત્રી ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'ઓડેનનાં કાવ્યો'ની પ્રસ્તાવના નિરંજન ભગતે લખી છે જે ખરેખર વાંચવા જેવી છે. (ક્રમશ:)

(પાના નં. ૧૮૦ થી ચાલુ)

પ્રસંગે કાયમને માટે એમણે કેરી છોડી. પોતાના પતિના અવસાન વખતે એમણે હંમેશને માટે દૂધનો ત્યાગ કર્યો. તદુપરાંત વિવધ પ્રસંગોને નિમિત્તે ઉપવાસ, આયંબીલ વગેરે પ્રકારની તપશ્ચર્યાઓ તો એમના જીવનમાં ચાલ્યા જ કરતી હતી. રોજ ચોવિહાર તથા પર્વતિથિના નિયમો તો પહેલેથી જ ચાલુ હતા.

ચંચળબાનાં દીકરી કંચનબહેને શ્રી ઓલિવર દેસાઇ સાથે પ્રેમલગ્ન કર્યાં. કોઇ અન્ય વ્યક્તિ માટે આવી ઘટના બહુ દુ:ખ અને સંતાપની બની રહે. પરંતુ વિશ્વવાત્સલ્યમાં માનતાં ચંચળબા અને ટી. જી. શાહે દીકરી-જમાઇને પોતાના વાત્સલ્યની એટલી જ ટૂંક આપી, તો બીજી બાજુ કંચનબહેન અને ઓલિવરભાઇએ ટી. જી. શાહ અને ચંચળબાની અનન્યભાવે એટલી બધી સેવા કરી છે કે તેઓને કયારેય દીકરાની ખોટ વરતાવા ન દીધી.

સ્વ. ચંચળબહેનનું જીવન એટલે ત્યાગ, સંયમ અને સેવાની સાધનાનું જીવન. એમનું પવિત્ર જીવન અનેકને માટે પ્રેરણારૂપ બની રહો.

(ગતાંકથી ચાલુ)

અણુવિગ્રહમાં આપણે પણ બચી શકીએ નહિ

બીજા વિશ્વવિગ્રહમાં વપરાયેલાં શસ્ત્રોની કુલ સ્ફોટક શકિત ૩ થી ૬ મેગાટન જેટલી હતી. અત્યારે ૫ મહાસત્તાઓ પાસે જે અણુશસ્ત્રો છે તેમની કુલ સ્ફોટક શકિત ૧૩ અબજ મેગાટન જેટલી છે!

અમેરિકાના પ્રોફેસર ડ્રેલના જણાવ્યા પ્રમાણે અમેરિકાએ યુદ્ધ માટે ૯ હજાર અને રશિયાએ ૮ હજાર અણુશસ્ત્રો ગોઠવી રાખ્યાં છે. ઘણાં અણુશસ્ત્રો પૈડાંવાળાં વાહનો ઉપર ગોઠવેલાં છે, તેથી જ્યાં લઇ જવાં હોય ત્યાં લઈ જઇ શકાય. અમેરિકાના ૮૦ ટકા અણુશસ્ત્રો સબમરીનોમાં ગોઠવેલાં છે, કારણ કે તેને ભય છે કે રશિયનો અમેરિકાનાં ભોંયરા (સિલો)માં ગોઠવાએલાં અણુમિસાઇલોનો ભોંયરામાં જ નાશ કરી શકે, પણ ડૂબકી મારી ગએલી અને રશિયાના કાંઠા નજીકના સમુદ્રમાં છુપાએલી અમેરિકન સબમરીનોનો નાશ નહિ કરી શકે. તેથી અમેરિકા ભૂમિગત અણુમિસાઇલો ગુમાવે તો પણ સબમરીનો તથા વિમાનોમાંથી અને પશ્ચિમ યુરોપમાં ગોઠવાતા અણુમિસાઇલો વડે રશિયાનો સર્વનાશ કરી શકે. અમેરિકાના અણુબોમ્બધારી વિમાનો રશિયામાં ઊંડે જઇ ન શકે તો પણ પશ્ચિમ યુરોપમાં ગોઠવાઇ રહેલાં કુઝ મિસાઇલ એટલાં નીચાં ઊડે છે કે દુશ્મનોના રેડારમાં તેઓ દેખાશે નહિ. તેથી તેઓ નિશ્ચિત નિશાન ઉપર અચાનક અણુબોમ્બ ઝીંકી શકશે. રશિયાને તેથી કુઝ મિસાઇલો ચિંતા કરાવે છે.

રશિયા પાસે વધુમાં વધુ સ્ફોટકશકિત ધરાવતાં અણુ મિસાઇલો છે તો અમેરિકા પાસે અકેક મિસાઇલમાં ૧૦ સુધીના અણુબોમ્બ એવી રીતે ગોઠવેલા છે કે તેઓ એક પછી એક નિશાન શોધતાં જાય અને તેમની ઉપર અણુબોમ્બ નાખતા જાય. તેથી મેગાટનના એક રશિયન મિસાઇલ કરતાં ૧૦ અણુબોમ્બ ધરાવતા અમેરિકન મિસાઇલ વધુ વિનાશ કરે. પ્રોફેસર ડ્રેલે લખ્યું છે કે સ્વીડનની રોયલ અકાદમીએ કરેલા અભ્યાસ પ્રમાણે ઉત્તર ગોળાર્ધમાં મહત્ત્વનાં નગરો ઉપર ૫ હજાર અણુબોમ્બ પડે અને તેમની કુલ સ્ફોટક-શકિત ૨ હજાર મેગાટનની હોય

તો તેમના રફેાટથી અને ધડાકાથી ઉત્પન્ન થએલાં મોજાંથી ૭૫ કરોડ માણસો માર્યા જાય ! રશિયાના સખારોવે એની ઉપર ટિપ્પણ કરતાં લખ્યું છે કે ૫ મહાસત્તાઓ પાસેનાં અણુશસ્ત્રો જે વિનાશક શકિત ધરાવે છે તે સ્વીડનની અકાદમીએ આપેલા અંદાજ કરતાં ત્રણથી ચાર ગણી વધારે છે અને તે ૬ થી ૭ ગણો વધુ વિનાશ કરી શકશે. અકેક અણુમિસાઈલ સરેરાશ અઢી લાખ માણસોનો ભોગ લેશે. હિરોશિમા ઉપર અમેરિકાએ ફેંકેલો અણુબોમ્બ ૧૭ કિલોટન જેટલી સ્ફોટક શકિત ધરાવતો હતો. અત્યારે સામાન્ય અણુબોમ્બ ૪૦૦ કિલોટન જેટલી સ્ફોટક-શકિત ધરાવે છે.

હિરોશિમાના અણુબોમ્બે પોતાની ગરમીથી જે આગો લગાડી હતી તેથી ૫૦ ટકા સુધીની ખુવારી આગ વડે થઇ હતી. આજના અણુબોમ્બ ઘણી વધુ આગ લગાડશે, તેથી ખુવારીનો આંકડો અકેક અણુબોમ્બ દીઠ ઘણો વધી જશે.

આજનાં અણુશસ્ત્રોની સ્ફોટક-શકિત અનેકગણી હોવાથી ધડાકા વડે ધરતી ફાટીને જે લાખો ટન ધૂળ હવામાં ઊડશે તેથી વિકિરણો દુનિયાના ઘણા ભાગમાં રજકણો સાથે ફેલાઈ જશે અને સ્ફોટવાળા રથળે તો સૂર્ય પણ ન દેખાય એટલાં રજનાં વાદળ ફરી વળશે અને દિવસે પણ અંધારું થઈ જશે. એક બોમ્બની ઘાતક અસર સેંકડો કિલોમીટરમાં ફેલાઇ જશે, કારણ કે વિકિરણોવાળી રજ એટલા વિસ્તારમાં ફરી વળશે.

સખારોવે ૧૯૫૩ના ઓગસ્ટમાં રશિયાએ કરેલા એક અણુધડાકાનો ઉલ્લેખ કર્યો છે. તેનાં વિકિરણો ફેલાય એટલા વિસ્તારમાંથી લાખો રશિયનોને નિર્ભય સ્થળે ખસેડવાની જરૂર પડી હતી. અહીંના વતનીઓ ૮ મહિના પછી પાછા આવી શકયા, કારણ કે વિકિરણોનું પ્રદૂષણ દૂર થતાં એટલો સમય લાગ્યો હતો. યુદ્ધમાં અણુશસ્ત્રોનાં વિકિરણો ફેલાશે ત્યારે લોકોને વ્યવસ્થિત રીતે નિર્ભય સ્થળે ખસેડી શકાશે નહિ. તેઓ આપમેળે અંધાધૂંધીમાં નાસભાગ કરશે અને વિકિરણો કંઈ જોઇ કે અનુભવી શકતાં નથી. તેથી ભાગી રહેલા નાગરિકો વધુ વિકિરણોવાળા વિસ્તારમાં પણ જતા રહે. કરોડો માણસો નાસભાગ કરતા હશે. તેમની દુર્દશાનું વર્ણન ન થઇ શકે.

નેતૃત્વનો આદર્શ

– પન્નાલાલ ૨. શાહ

આપણા જાહેર જીવનની એક તાસીર છેઃ પ્રજાકીય પ્રશ્નો અને આદર્શની ઓથે, જાહેર હિતના ભોગે પણ અંગત સ્વાર્થ સાધવાનો ઘાટ ઘડાય છે. એટલે અન્યાયની સામે માથું ઊંચકનારના નિષ્ઠાપૂર્વકના પ્રામાણિક પ્રયત્નોને પણ આ તાસીરની દૃષ્ટિએ મૂલવવાનું સામાન્ય પ્રજામાં સહજ બન્યું છે. એની અસર એટલી વ્યાપક છે કે સેવાભાવી સંસ્થાઓમાં, સંસ્થાકીય પ્રશ્નોમાં કે અન્ય ક્ષેત્રે વાજબી પ્રશ્નો ઉઠાવનારના હેતુ વિષે આશંકા સેવાય છે. એને ચૂપ કરવા એવું પૂછવામાં પણ આવે છેઃ 'ભાઇ! તારે આ સંસ્થાના ટ્રસ્ટી કે પદાધિકારી થવું છે?' આપણા જાહેર જીવનની આ એક કરુણતા છે.

આપણે ત્યાં લોકલડતના બે વ્યાપક અનુભવો છેઃ ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદીની લોકલડત અને જયપ્રકાશ નારાયણની આગેવાની હેઠળ ભ્રષ્ટાચાર વિરુદ્ધ, સ્થાપિત સરકાર સામેનું અને લોકશાહીની પુનઃ સ્થાપનાનું આંદોલન. આ બંને સખારોવે લખ્યું છે કે અણુબોમ્બના ધડાકાથી કરોડો માણસો મરી જશે તેના કરતાં વિકિરણોથી જેઓ પીડાઈ પીડાઇને મરશે તેની સંખ્યા અને કરુણતા કયાંય વધુ હશે.

સેંકડો અને હજારો અણુબોમ્બ અને હાઇડ્રોજન બોમ્બના ધડાકાની ગરમી એટલી બધી હશે કે રહ્યાંસહ્યાં લીલાં જંગલો પણ સળગી ઊઠશે. તેમના ધુમાડાથી અને કિરણોત્સર્ગી રજનાં વાદળોથી દિવસ રાતમાં ફેરવાઈ જશે. ઘણાં અઠવાડિયાં સુધી સૂર્યપ્રકાશ ન મળવાથી જીવ અને વનસ્પતિસૃષ્ટિ નાશ પામશે. વાતાવરણમાં પ્રાણવાયુની અછત જણાશે અને જેઓ હજી જીવતા હશે તેઓ ચોખ્ખી હવા વિના ગૂંગળાતા હશે.

સૂર્ય પોતે એક વિરાટ 'હાઇડ્રોજન બોમ્બ' હોવાથી તે હાનિકારક વિકિરણો પણ ફેલાવે છે, જેમાં ક્ષ-કિરણો, નીલાતિત કિરણો વગેરેનો સમાવેશ થાય છે. જો આ કિરણો પૃથ્વીની સપાટી સુધી પહોંચે તો પૃથ્વી પર જીવ કે વનસ્પતિસૃષ્ટિ જીવી શકે નહિ, તેથી કુદરતે પૃથ્વીના વાતાવરણ ઉપર ઓઝોન વાયુનું આવરણ ચડાવેલું છે, જે સૂર્યમાંથી આવતાં હાનિકારક કિરણોને શોષી લે છે. અણુશસ્ત્રોના અસંખ્ય સ્ફોટથી ઓઝોનનું આવરણ અધું થઈ જશે અને સૂર્યનાં હાનિકારક કિરણો સામે રક્ષણ નહિ આપે.

દાઝેલા કરોડો માણસોને તબીબી સેવાની જરૂર પડશે, પરંતુ ડોકટરો, દવાઓ, ખોરાક, પાણી, રહેઠાણ, સંદેશ-વ્યવહાર, વાહનો વગેરે કંઈ મળશે નહિ.

ચેપી અને મારક રોગો ફેલાઇ જશે. વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો, પશુઓ વગેરેની દુર્દશાનું વર્ણન નહીં થઈ શકે. વિકિરણોના કારણે નવા રોગો પણ ફેલાશે. જીવવા-મરવાનો સંગ્રામ ખેલાતો હશે, જેમાં કાયદો અને વ્યવસ્થા તદ્દન ભાંગી જવાથી સૌ કોઇ બીજાના ભોગે જીવતા રહેવા ગુનાહિત કૃત્યો પણ કરતા અચકાશે નહિ. પહેલી જરૂરિયાત ખોરાક અને પાણીની હશે, જે બંને દુર્લભ થઈ ગયાં હશે.

આમ જીવ જગતના સૌથી બુદ્ધિશાળી જીવ માણસના હાથે પૃથ્વીનો પ્રલય થવાનો ભય છે. (સંપૂર્ણ)

લડત નજીકના ઇતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટના છે. એના વ્યાપક સૂચિતાર્થો વખતોવખત આપણા ધ્યાનમાં આવશે. એ માટે એનું વારંવાર મૂલ્યાંકન આપણે કરતા રહેવું પડશે. એ બન્ને લડતની સફળતાના અંતે એ બન્ને મહાપુરુષોએ સત્તાથી અલિપ્ત રહેવાનું પસંદ કર્યું. લોકલડતને ખાતર પોતાનું જીવન હોડમાં મૂકનાર આવા મહાપુરુષો સત્તાથી પર રહે એ મહાન ત્યાગ છે. આવા ત્યાગના નિજી ઉદાહરણ દ્વારા એમણે પ્રજા સમક્ષ નિઃસ્વાર્થ નેતૃત્વનો ઉચ્ચ આદર્શ મૂક્યો છે, લોકમાનસમાં એની ઊંચી મૂલ્ય-પ્રતિષ્ઠા અંકિત થઈ છે, એવું નેતૃત્વ એ લોકમાનસની અપેક્ષા પણ છે.

આઝાદી માટે, ભ્રષ્ટાચાર દૂર કરવા કે અન્ય સમસ્યાઓ અંગે લડત લડવાનું મહત્ત્વ છે. એની સફળતા બાદ સ્વતંત્રતાનો પુરસ્કાર કરતી સરકાર, સ્વચ્છ વહીવટ અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવાનું પણ એટલું જ, બલ્કે એથી વિશેષ મહત્ત્વનું છે. રાષ્ટ્ર કે સમાજના પુનઃનિર્માણનું એ કાર્ય છે. આંદોલન-કાળ કરતાં એ દીર્ઘકાળ સુધી ચાલે એવું કાર્ય છે. એ માટે દૃષ્ટિપૂર્ણ અને કલ્પનાશીલ નેતૃત્વની પણ એટલી જ જરૂર છે. રામરાજ્યની કલ્પનાને સાકાર કરવા કે ક્રાંતિની

વિભાવનાનો અમલ કરવા લોકલડતના અગ્રણીઓએ એ માટે સત્તાનાં સૂત્રો હસ્તગત કરીને પણ નેતૃત્વ કરતા અચકાવું જોઇએ નહીં. આ વિચાર આપણે ત્યાં હજુ સ્વીકૃત થયો નથી. સત્તાથી અલિપ્ત રહેવાનો આદર્શ એની પશ્ચાદ્‌ભૂમાં છે.

આંદોલનની સફળતા બાદ નિસ્પૃહી વ્યક્તિ સત્તાનાં સૂત્રો પોતે સંભાળવાને બદલે વામણા હાથમાં સુકાન સોંપે તો કેવાં પરિણામો આવે એ પણ વિચારવું જોઇએ. અયોગ્ય વ્યક્તિને સુકાન સોંપવા કરતાં સત્તાકાંક્ષાનું દોષારોપણ વહોરીને પણ આવી વ્યક્તિઓએ નેતૃત્વ સંભાળવું એ વધુ બહેતર છે. એક બાજુ સત્તાથી દૂર રહેવાની પ્રબળ ઇચ્છા છતાં એક આપદ્‌ધર્મ તરીકે પદ કે સ્થાનનો સ્વીકાર અને સત્તા પર રહીને પણ સત્તાથી પર રહે એવું નેતૃત્વ અને બીજી બાજુ પોતાની મેલી મુરાદ બર લાવવા, વ્યાપક હિત અને આદર્શના ઓઠાં હેઠળ સત્તા કબજે કરે એવું નેતૃત્વ – એ બે વચ્ચે ભેદરેખા દોરવી કે એવા બન્ને પ્રકારના નેતાઓ વચ્ચે વિવેક જાળવવો એ સામાન્ય પ્રજા માટે, અલબત્ત મુશ્કેલ છે. એમાં ખોટી પસંદગીનું ભયસ્થાન છે.

ખોટી પસંદગીના ભયસ્થાનથી આ પ્રક્રિયા અટકાવવાની નથી. આપણે લોકશાહી શાસનપદ્ધતિ અપનાવી છે. એ પદ્ધતિ પ્રયોગશીલ પદ્ધતિ છે. એમાં ભૂલ, ભૂલસુધાર, અને પુનઃ અવલોકન આદિ બાબત છે. એમાં શ્રદ્ધા રાખીને, ખોટી પસંદગી થઇ હોય તો તે ચૂંટણી દ્વારા સુધારવાની જાગૃતિ દાખવવી એ એનો ઇલાજ છે. પ્રજાકીય સતત જાગૃતિ એ લોકશાહીની સફળતાની પૂર્વશરત છે. સત્તાથી અલિપ્ત રહેવું એ એક આદર્શ છે. એનાથી એક ડગલું આગળ જઇને પ્રજા સમક્ષ એક આદર્શ પણ મૂકવાનો છે: જરૂર પડ્યે સત્તારૂઢ થઇને પણ જળકમળવત્ રહે, સત્તાથી પર રહે અને નિષ્કલંક પુરવાર થાય એવું નેતૃત્વ પણ આવકાર્ય–આદર્શ નેતૃત્વ ગણાય. આપણા સાંસ્કૃતિક ઇતિહાસમાં જનક વિદેહી એવા નેતૃત્વનું ઉદાહરણ છે. ગીતાના અનાસક્તિ યોગના સંસ્કાર એના પાયામાં રહેલા છે.

લોકનિંદાની લેશમાત્ર શકયતા હોય ત્યાં વિવેકી પુરુષો સ્થાન કે પદપ્રાપ્તિથી અળગા રહે છે. પોતાની એ સ્થાન માટે ગમે તેટલી યોગ્યતા હોય તો પણ એ પદ કે સ્થાનપ્રાપ્તિના ધ્યેયનું, એષણાનું એમના પર દોષારોપણ થાય એવી સંભાવના હોય ત્યારે એવા જાગૃત, વિવેકી પુરુષો એવું સ્થાન સ્વીકારતા નથી. પદપ્રાપ્તિની એષણાથી પર રહેવાનું આ એમની ઉચ્ચ ભૂમિકાનું આવકાર્ય પાસું થયું.

ઉપરોકત આવકાર્ય વ્યક્તિગત પાસાને સામાજિક પરિમાણથી જોઇએ તો એવું સ્થાન કે પદ સમાજના વ્યાપક હિતમાં એમણે સ્વીકારવું જોઇએ. એવું ન થાય તો જીવનનાં દરેક ક્ષેત્રમાં પ્રથમ કક્ષાની વ્યક્તિના બદલે યોગ્યતા ઓછી હોય કે ન હોય તો પણ એવી વ્યક્તિઓ એવા સ્થાન પર મુકાઈ જાય એવું ઘણીવાર બને છે. ઓછી લાયકાત ધરાવતી વ્યક્તિ એવા પદ કે સ્થાનમાં રસ ધરાવતી હોય તો વિવેકી વ્યકતિઓ સંભવિત ટીકાના કારણે એવા પદ કે સ્થાનથી અળગી રહે છે એવાં એમના માનસથી પરિચિત હોઇને કયારેક એવી ટીકા થવાનો મોબમ પ્રચાર કરે છે; કયારેક ચારિત્ર્ય–ખંડનની પ્રવૃત્તિ પણ તેઓ કરે છે. વિવેકી કે જાગૃત પુરુષોની આજુબાજુ ઓછી લાયકાત ધરાવનાર કે અયોગ્ય વ્યક્તિઓ, આ જ કારણથી, સિફતપૂર્વક ગોઠવાઇ જાય છે અને પ્રજા પર એમના અગ્રીમ અનુયાયી, વારસદાર કે અંતેવાસી હોવાની છાપ ઊભી કરે છે, અને અંતે વિવેકી વ્યક્તિઓ માટેના સ્થાન પર, મોકા મળતા ગોઠવાઇ જવામ એવી પેરવી કરે છે અને એ પાર પાડે છે. આવા કેટકેટલાય કાવાદાવા એ આપણા જાહેર જીવનની એક મોટી કરુણતા છે. વિવેકી પુરુષો આવા પ્રસંગે જે તે ક્ષેત્રની ધુરા સંભાળે એ આવકાર્ય એટલા માટે છે કે આવી વ્યક્તિ સતત જાગૃત અને એષણા વિનાની હોવાથી અન્યાયી પગલું ભરવાની નથી એવું ગૃહીત છે. અથવા ઓછામાં ઓછું ટીકારૂપ થાય એવું એમનું સતર્ક અને સંતર્પક વલણ હશે. એની સામે અયોગ્ય વ્યક્તિના હાથમાં સુકાન જવાથી જે નુકસાન થાય તે લાંબા ગાળે–કયારેક એકાદ પેઢી પૂરી થાય એટલા લાંબા ગાળે પણ નજરમાં આવે તો આવે એવું હોય. એમાં ટૂંકાગાળાનું, નજરમાં આવે એવું નુકસાન સામાન્ય રીતે નથી થતું. વિવેકી, જાગૃત પુરુષો પર પણ દોષારોપણ તો થાય જ છે, પણ એનું મહત્ત્વ કેટલું? ગાંધીજીના નેતૃત્વમાં, નિર્ણયોમાં કદાચ ભૂલો થઈ હશે પરંતુ એમણે ચીંધેલી દિશા સામે એવી ભૂલોનું મહત્ત્વ કેટલું?

ધોબીની ટીકા માત્રથી રામ રામે સતી સીતાનો ત્યાગ કર્યો. ગાંધીજી જે શાળાના ટ્રસ્ટી હતા એ શાળામાં પોતાના પુત્રની યોગ્યતા હોય તો પણ એને એ સ્થાન ન અપાતું. લાગવગશાહીની લોકનિંદાની શકયતા સામે ગાંધીજીની એ તકેદારી હતી. આ બન્ને ઉદાહરણોમાં નેતૃત્વનો આદર્શ પ્રસ્થાપિત થયો છે: નેતાઓ કે શાસકો શંકાથી પર હોવા જોઇએ અને એ માટે સમાજના વ્યાપક હિતમાં અંગત જીવનનો ગમે તેટલો ભોગ આપીએ તો તે ઓછો છે.

સંસ્થાના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ કે સત્તારૂઢ વ્યક્તિઓના સંબંધીઓને, એમની યોગ્યતા હોય કે ન હોય, જેમ લાભો આપવાનું–મળવાનું ભયસ્થાન છે, તેમ સત્તાસ્થાન પર બેઠેલી વ્યક્તિઓના તેજસ્વી સંબંધીઓને, એમના સત્તાસ્થાન પર હોવાના એક માત્ર કારણથી, એમની યોગ્યતા હોવા છતાં ય એવાં લાભો અને સ્થાનોથી વંચિત રાખવાનું અને એમને અન્યાય કરવાનું ભયસ્થાન પણ એમાં છે. એથી સમાજ અને રાષ્ટ્રને પણ નુકસાન છે. એથી એવી વ્યક્તિગત પ્રતિભા અને શકિતનો લાભ સમાજ કે રાષ્ટ્રને મળતો નથી. અહીં નેતાઓ શંકાથી પર રહેવા જોઇએ એવા સ્વીકૃત અને આવકાર્ય આદર્શથી એક ડગલું આગળ ભરવાનું છે. યોગ્ય પાત્રને યોગ્ય સ્થાન અપાય ત્યારે લાગવગશાહીની ટીકા સામે સચ્ચાઇનો પક્ષ લેવો અને ખોટા આક્ષેપોને કોરાણે ન આપવું એ આપણી પ્રજાકીય ફરજ છે. નેતૃત્વના ઉચ્ચ આદર્શને પામવા, એના ફળ મેળવવા પ્રજાએ પણ એટલું જ જાગૃત રહેવું જરૂરી છે. વિવેકી પુરુષોએ પણ દોષારોપણ થાય તો એને સામી છાતીએ ઝીલવાની નૈતિક હિંમત કેળવવી જોઇશે. આપણા પ્રજાકીય જીવનની એક નબળી કડી છે: યોગ્યતા ધરાવતી વ્યક્તિ સત્તારૂઢ વ્યક્તિ સાથે સંબંધથી કે અન્ય રીતે સંકળાયેલી હોય તો એમને મળતા લાભ કે સ્થાન અંગેની ટીકા સામે ઢાલ બનવાનું આપણા લોહીમાં નથી. અલબત્ત, એવા લાભ કે સ્થાન એમની યોગ્યતાના કારણે અપાયા છે કે લાગવગના જોરે અપાયા છે એ અંગે વિવેકપૂર્વક નિર્ણય બાંધવાનું કે એવી ભેદરેખા દોરવાનું સામાન્ય પ્રજા માટે સહેલું નથી.

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬: મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જસનાથ ભૈરવ રોડ, ઝિરાત, મુંબઇ ૪. ફોન: ૩૫૬૮૩૨

Regd. No. MH. By/South 54
Licence No. 137

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ તા. ૧-૨-૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

અસ્વીકાર શા માટે?

રમણલાલ ચી. શાહ

ગુજરાતી સાહિત્યજગતની બે મહત્ત્વની વર્તમાન ઘટનાઓએ ઘણાનું ધ્યાન ખેંચ્યું છે: (૧) રણજિતરામ સુવર્ણચંદ્રકનો કવિ અને નાટ્યકાર શ્રી લાભશંકર ઠાકરે અસ્વીકાર કર્યો છે. (૨) દિલ્હીની સાહિત્ય અકાદમી તરફથી 'ચિન્તયામી મનસા' નામના પુસ્તક માટે જાહેર થયેલા રૂા. દસ હજારના પુરસ્કારનો સુખ્યાત કવિ, વાર્તાકાર અને વિવેચક ડૉ. સુરેશ જોષીએ અસ્વીકાર કર્યો છે.

સાહિત્યજગતમાં આવી ઘટનાઓ વિરલ હોય છે. તેમાં પણ એક જ સમયે બનતી બે ઘટના સવિશેષ નોંધપાત્ર બને છે. ચંદ્રક કે પારિતોષિકનો અસ્વીકાર કરવામાં લેખકને પક્ષે અનાદર કે તિરસ્કારને બદલે અનાસક્તિ કે ઉદાસીનતાની દૃષ્ટિ હોય તો તે લેખકો ખરેખર અભિનંદનને પાત્ર, બલ્કે વિશેષ આદરને પાત્ર બને છે. અગાઉ સાહિત્ય અકાદમીનાં પારિતોષિકોનો અસ્વીકાર કરતાં સ્વામી આનંદે કહેલું કે 'અમારે સંન્યાસીઓને વળી માન-અકરામ શાં?' રણજિતરામ સુવર્ણચંદ્રકનો આ અગાઉ હજી સુધી કોઇએ અસ્વીકાર કર્યાનું જાણ્યું નથી.

સાહિત્ય માટેના નોબેલ પારિતોષિક જેવા, વિશ્વના સર્વોચ્ચ બહુમાનનો અસ્વીકાર ટૉલ્સ્ટૉય અને સાર્ત્ર જેવા મહાપુરુષોએ કર્યો હતો.

પ્રશંસા એ પણ એક પ્રકારનો ઉપસર્ગ છે ને સાધુ-સંતોએ તેનાથી અવશ્ય બચવું જોઇએ. પ્રશંસા કયારેક અભિમાનને પ્રેરે છે, કયારેક સારા માણસને પણ દંભી બનાવી દે છે. જેઓને આત્મસંપત્તિ લાધી હોય છે તેઓને દુનિયાની કોઇ સંપત્તિ કે કદરદાની આકર્ષી શકતી નથી; ઊલટું તેઓ તો તેનાથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે.

પદવી, પારિતોષિક, ચંદ્રક ઇત્યાદિના અસ્વીકાર પાછળ કયારેક અહંકાર, દ્વેષ, ઈર્ષ્યા, આક્રોશ, તુચ્છકાર, અન્યાયનો પ્રતિકાર, અનાદર, તિરસ્કાર, આપનારને એની અપાત્રતાનું ભાન કરાવવાની વૃત્તિ, વ્યવસ્થાતંત્રનો ઉપહાસ ઇત્યાદિ પરિબળો પણ કામ કરી જતાં હોય છે. કયારેક અનાસક્તિ નહીં પણ નિર્વેદ કે નીરસતા પણ આવા અસ્વીકાર પાછળ રહેલું એક મહત્ત્વનું કારણ હોય છે. યોગ્ય સમયે, પોતાનું યોગ્ય મૂલ્ય ન અંકાય તો કેટલીકવાર સત્ત્વશીલ માણસોને પછી એમાં રસ રહેતો નથી. વખત જતાં તેમનામાં નિર્વેદમાંથી કયારેક નિર્લેપ અનાસક્તિનો ભાવ પણ વ્યાપી રહે છે. વિલંબિત ન્યાય કયારેક અન્યાય જેવો બની રહે છે તેમ વિલંબિત ગુણસ્વીકાર ઉપહાસપાત્ર બને છે.

કવિ લાભશંકર અને ડૉ. સુરેશ જોષી, એમ બે સમર્થ સાહિત્યકારોએ પોતાની થયેલી કદરનો અસ્વીકાર કર્યો છે, એટલે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આ વર્ષ ઐતિહાસિક બની રહેશે. રણજિતરામ સુવર્ણચંદ્રક અને સાહિત્ય અકાદમીનું પારિતોષિક એ બંને ગુજરાતી સાહિત્યમાં ઉચ્ચતમ બહુમાન છે અને લગભગ બધા જ લેખકો પોતાને એ જો પ્રાપ્ત થાય તો રાજી થાય એવું એનું ગૌરવ છે. કેટલાક સારા ગણાતા ઉચ્ચતર લેખકોને પણ એ મેળવવા માટે, સાહિત્યિક સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી, પ્રગટ કે અપ્રગટ વ્યવહારુ પુરુષાર્થ કરવો પડે છે એ જ એની મહત્તા દર્શાવે છે. એકના એક લેખકને એ બે વાર નથી અપાતું માટે તો એ સન્માન ઘણા લેખકો સુધી પહોંચી શકે છે. તો પણ સાહિત્યજગતમાં પ્રથમ પંક્તિના લેખકોની સંખ્યા એટલી મોટી હોય છે કે બધાને તો એ ન જ મળે. કેટલાક લેખકો પાત્રતા હોવા છતાં ન મળ્યાનો વસવસો લઇને જગતમાંથી વિદાય થતા હોય છે. માત્ર ગુજરાતી સાહિત્યમાં જ આમ બને છે એવું નથી, દુનિયાની ઘણી ભાષાઓના સાહિત્યમાં આવી પરિસ્થિતિ પ્રવર્તે છે.

જુદા જુદા લેખકોની સાહિત્યકૃતિઓનું કે તેઓની સમગ્ર સાહિત્યસેવાનું તુલનાત્મક માપ કાઢવું એ સહેલી વાત નથી. એ માટે કોઇ એવો ગાણિતિક માપદંડ નથી કે બધાનો જવાબ એકસરખો આવે. સાહિત્યકૃતિઓનાં ગુણલક્ષણોનું અપાર વૈવિધ્ય હોય છે. વળી નિર્ણાયકોને પક્ષે રુચિભેદ, દૃષ્ટિભેદ, પ્રામાણિક પૂર્વગ્રહો તથા અંગત ગ્રંથિઓ હોઈ શકે છે. એટલે આત્મલક્ષી ધોરણે અપાતો નિર્ણય બધા નિર્ણાયકોનો હંમેશાં એકસરખો ન હોઇ શકે. એથી ચંદ્રક, પારિતોષિક ઇત્યાદિમાં લેખકોની આનુપૂર્વી નક્કી કરવાનું કાર્ય સરળ નથી. પરિણામે આવું બહુમાન કોઇક લેખકો સમયસર પામે છે, કોઇક વહેલા ફાવી જાય છે, કોઇક પાછળ પડી જાય છે, કોઇક કાયમ માટે રહી જાય છે, તો કોઇક ખોટા ઘૂસી જાય છે. લેખકના પોતાના ઉગ્ર રાગદ્વેષ, બીજા લેખકો સાથેના સારામાઠા અંગત સંબંધો, લેખકનો પોતાનો મૃદુ, કઠોર કે ખુશામતખોર સ્વભાવ વગેરે બાબતો પણ કયારેક અતટસ્થ નિર્ણાયકોના નિર્ણયો ઉપર અસર કરી જાય છે. સાહિત્યજગતની વાડાબંધી પણ તેમાં કયારેક ભાગ ભજવે છે. કેટલાક લેખકોને ધરાદાપૂર્વક

દૂર રખાય છે. ઇતર શહેરો કે નાનાં ગામોના લેખકો સુધી ક્યારેક નિર્ણાયકોની દૃષ્ટિ પહોંચતી નથી. સાહિત્યજગતમાં આમ પ્રત્યેક નિર્ણય સર્વથા સાચો સંતોષકારક હોય જ છે એમ નહીં કહી શકાય.

રણજિતરામ સુવર્ણચંદ્રક સાહિત્ય, કલા, ઇતિહાસ, સંશોધન, પત્રકારત્વ, આયુર્વેદ, વિજ્ઞાન ઇત્યાદિ કોઇ ક્ષેત્રમાં લેખકે બજાવેલી સંસ્કારસેવા માટે અપાય છે. એક દરે સાહિત્ય માટે તે વધુ અપાય છે, કારણ કે સાહિત્યનું ક્ષેત્ર ઘણું વિશાળ છે અને સાહિત્યકારો વધુ પ્રસિદ્ધિમાં હોય છે. એક બાજુ સાહિત્ય અને બીજી બાજુ ઇતર તમામ શાખાઓ મૂકીએ તો પણ સાહિત્યના ક્ષેત્રની સમર્થ વ્યક્તિઓ કદાચ વધી જાય. એટલે જેમ સાહિત્યના તેમ ઇતર ક્ષેત્રોના કેટલાક લેખકોને તે મોડો મળે કે કદાચ ન મળે તેવો સંભવ રહેવાનો. એનું સમતુલ વિભાજન કરવામાં આવે અથવા એને દ્વિગુણિત કરવામાં આવે એ ઇતર શાખાઓનો વિકાસ જોતાં ઇષ્ટ ગણાશે.

કવિ લાભશંકર ઠાકરને આ ચંદ્રક મળવો જોઇએ તેના કરતાં સહેજે એક દાયકો મોડો મળ્યો છે, એવો આક્ષેપ થાય છે. લેખકની, જ્યારે એનો મધ્યાહ્ન તપતો હોય ત્યારે જો કદર કરવામાં આવે તો એને વિશેષ ગમે. કોઈ પણ લેખકનો લેખનકાળ આથમવા આવ્યો હોય કે આથમી ગયો હોય ત્યારે જો એને આવી કદર માટે યાદ કરવામાં આવે તો કદાચ તેને ગમે તો પણ મનમાં તો રંજ રહે. રણજિતરામ ચંદ્રક અગાઉ ક્યારેક કેટલાક સમર્થ લેખકો કરતાં ઓછી ગુણવત્તાવાળા લેખકને અપાયો હોય એવું પણ બન્યું છે. 'ઝાંખો પડતો રણજિતરામ સુવર્ણચન્દ્રક' એવી ટકોર ઉમાશંકર જોષીએ ઘણાં વર્ષ પહેલાં 'સંસ્કૃતિ'માં કરી હતી. ચંદ્રકના નિર્ણય માટે ક્યારેક દોરીસંચાર થયાનું પણ સંભળાય છે. કામની વ્યક્તિઓને ક્યારેક વહેલી લક્ષ્યમાં લેવાય છે. ક્યારેક 'આઉટ ઓફ સાઇટ ઇઝ આઉટ ઓફ માઇન્ડ' જેવી સ્થિતિ પણ પ્રવર્તે છે. પરંતુ આ બધું અપવાદરૂપ છે. લાભશંકર ઠાકરના અસ્વીકારે ચંદ્રકના નિર્ણાયકોને માટે આત્મનિરીક્ષણ કરવાની આવશ્યકતા ઊભી કરી છે.

સાહિત્ય અકાદમી તરફથી છેલ્લાં ત્રણેક વર્ષના ગાળામાં પ્રગટ થયેલાં પુસ્તકોમાંથી શ્રેષ્ઠ એવા એક પુસ્તકને પુરસ્કાર અપાય છે. ક્યારેક એવું પણ બને છે કે ત્રણ વર્ષના કોઈ પણ એક ગાળામાં ચાર-પાંચ ઉત્તમ ગ્રંથો એક સાથે પ્રગટ થયા હોય છે, જેમાંથી માત્ર એકને જ પુરસ્કાર મળે છે, અને બીજા ગ્રંથો રહી જાય છે, તો બીજી બાજુ કોઈ એક ગાળામાં પ્રથમ પંક્તિનાં પુસ્તકો પ્રગટ ન થયાં હોવાને કારણે દ્વિતીય કક્ષાનાં પુસ્તકો ફાવી જાય છે.

ડો. સુરેશ જોષીના અગાઉ કેટલાક સમર્થ ગ્રંથો પ્રગટ થયા હતા, પરંતુ પારિતોષિકને પાત્ર તે ન ગણાયા. એ ગાળા દરમિયાન કોઇક વાર તો બીજા કોઈ લેખકના મધ્યમ કક્ષાના ગ્રંથને પણ પારિતોષિક અપાયું છે. સુરેશ જોષીના કોઇ ગ્રંથને અગાઉ પારિતોષિક ન મળ્યું એમાં નિયમોની જડતા તો હશે જ (જો કે કોઇકને માટે નિયમોનો ભંગ પણ કરાયો છે), પરંતુ ઇતર કારણો નહિ હોય એમ કેમ કહી શકાય? સાહિત્ય અકાદમીએ વધુ ઉત્તમ ગ્રંથોને આવરી લેવા માટે ત્રણ વર્ષના ગાળાને પાંચ વર્ષનો કરવો જોઇએ (નર્મદ સુવર્ણચંદ્રક માટે પાંચ વર્ષનો ગાળો રખાયો છે; જો કે એમાં કેટલાક વિષયો કે સાહિત્યપ્રકારોને બાકાત રખાયા છે તે ઇષ્ટ નથી). તદુપરાંત અંતિમ નિર્ણય ક્ષેત્રણ વ્યક્તિઓ ઉપર ન છોડતાં ઓછામાં ઓછા છ-સાત નિર્ણાયકોના ગુપ્ત મતદાનથી લેવાવો જોઇએ. વળી, સમયે સમયે નિર્ણાયકો પણ બદલાવા જોઇએ. ('કુમારચંદ્રક'ની જેમ સાડાત્રણ દાયકા સુધી એના એ જ નિર્ણાયકો રહે તે ઇષ્ટ નથી.)

કવિ લાભશંકર ઠાકરે અગાઉ 'કુમારચંદ્રક' સ્વીકાર્યો છે, તેમ જ ગુજરાત સરકારનાં કેટલાંક પારિતોષિક સ્વીકારેલાં છે, તેવી જ રીતે ડો. સુરેશ જોષીએ પણ અગાઉ રણજિતરામ સુવર્ણચન્દ્રક, 'જનાન્તિકે' માટે નર્મદ સુવર્ણચંદ્રક તેમ જ બીજાં પારિતોષિકો સ્વીકાર્યાં છે. ચંદ્રક, પારિતોષિક ઇત્યાદિનો સ્વીકાર એ સહજ છે. એ બંને લેખકોનો અત્યારનો અસ્વીકાર એ એમના વ્યક્તિત્વનો જેમ વિકાસ સૂચવે છે તેમ સાહિત્યજગતમાં પ્રવર્તતા પક્ષપાતી કે વિસંગત વલણ ઉપરના પ્રહારને પણ સૂચવે છે.

આપણે આશા રાખીએ કે આવી ઘટનાઓનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થવા પામે એવી નિરામય પરિસ્થિતિ ગુજરાતી સાહિત્યમાં પ્રવર્તતી રહે. અલબત્ત, કેવળ ચન્દ્રકલક્ષી સાહિત્ય-સાધના કરનારાં કે કેવળ ચન્દ્રકદ્વારા પોતાનું માપ કઢાવનાર સાહિત્યકારનું ઇતિહાસને ચોપડે બહુ મોટા અક્ષરે નામ લખાતું નથી, ચન્દ્રક-પારિતોષિકોની કુર મજાક કાળ જેટલી કરે છે એટલી બીજું કોણ કરી શકે?

પોતે ચંદ્રક મેળવે એના કરતાં ભવિષ્યની પ્રજાને પોતાના નામથી ચંદ્રક આપવાનું મન થાય એવી કે એથી વધુ સિદ્ધિ મેળવવાનું લક્ષ સાહિત્યકારનું હોવું ઘટે.

સંઘના સભ્યોનું સ્નેહસંમેલન

સંઘના ઉપક્રમે સંઘના આશ્રયદાતાઓ, આજીવન અને વાર્ષિક સભ્યોના મળેલાં સંમેલનમાં (વચ્ચેની તસવીરમાં ડાબી બાજુએથી) શ્રી કે. પી. શાહ, શ્રી ચીમનલાલ જે. શાહ, ડો. રમણલાલ ચી. શાહ, યજમાન અને સંયોજક શ્રી જયંતીલાલ પી. શાહ અને શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ. ડાબી બાજુની તસવીરમાં એસ. કે. ગ્રુપના બાળ કલાકાર શ્રી કેતન લલીતભાઈ શાહ અને જમણી બાજુની તસવીરમાં 'ચતુર નાર અલબેલી' પ્રસ્તુત કરનાર શ્રીમતી પ્રફુલાબેન લલીતભાઇ શાહ. (એસ. કે. ગ્રુપ)અહેવાલ માટે જુઓ પૃષ્ઠ ૧૬૭

'ઘડપણ કેણે મોકલ્યું ?'

ચી. ના. પટેલ

'ઘડપણ કેણે મોકલ્યું ?' નામનું કાવ્ય આપણા આદિ ભક્તકવિ નરસિંહ મહેતાએ લખેલું હોવાનું મનાયું છે. તેમાં તેમણે વૃદ્ધાવસ્થાની લાચાર દશાનું જરા રમૂજી ચિત્ર દોર્યું છે, અને ઉપદેશ આપ્યો છે કે બધાને એવું ઘડપણ આવવાનું છે, માટે અહંકાર ત્યજી ધર્મનો આશ્રય લો અને ભવસાગર તરી જાઓ. શ્રદ્ધાળુને આવો ઉપદેશ ગમી જાય છે, પણ ધર્મશ્રદ્ધાના દૃઢ સંસ્કાર વિનાના મારા મનને તેનો અણગમો છે. શાળામાં સંસ્કૃત ભણતાં શંકરાચાર્યે રચેલા મનાતા મજ ગોવિન્દમ્‌ના શ્લોક પાંચ્યા હતા. તેમાં પણ વૃદ્ધાવસ્થામાં શરીરની વિરૂપતાનું ચિત્ર હતું, અને તે શ્લોક મને બિલકુલ નહોતા ગમ્યા.

મને થાય છે, સામાન્ય લોકોને ઘડપણની બીક લાગે તે સમજી શકાય, પણ નરસિંહ મહેતા જેવા ભક્ત-શિરોમણિને કે શંકરાચાર્ય જેવા અદ્વૈતજ્ઞાનીને પણ એવો ભય થાય? નરસિંહને શ્રીકૃષ્ણનું સાક્ષાત્ દર્શન થયું હોવાનું મનાય છે, અને શંકરાચાર્યને માયાની નાશવંત સૃષ્ટિની પાછળ રહેલા અનાદિ, અનંત, અવિનાશી બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થયું હતું. એવા ભક્ત ને એવા જ્ઞાની યુવાની ને વૃદ્ધાવસ્થા વચ્ચે ભેદ અનુભવે? એમ માનીએ કે એમને પોતાને એવો ભય નહોતો થયો, પણ સંસારીઓને વૈરાગ્યનો ઉપદેશ આપવા એમણે ઘડપણની નિર્બળતા ને વિરૂપતાનું એવું ચિત્ર દોર્યું. તો એવી રીતે ભયથી ફેળવાયેલો વૈરાગ્ય સાચો વૈરાગ્ય ગણાય? એવો વૈરાગ્ય કેટલો ટકે? એમાંથી સાચી ઈશ્વરભક્તિ પ્રગટે?

એ જે હો તે, મને પોતાને ઘડપણ આવ્યું તે પહેલાં તો આવશે એવી બીક કયારેય લાગી નહોતી. અને આજે આવ્યું છે ત્યારે પણ એનો જરાય રંજ નથી. ઉંમર પાંસઠ છે, પણ છેલ્લાં અઢાર વર્ષથી શરીરમાં ઘડપણની નિર્બળતા આવી ગઈ છે. પહેલી વાર જોનારને એ શી ઉપર ઉંમર લાગે. ખાવાપીવાની ખૂબ તકલીફ છે. લાકડી વિના કયાંય ઘર બહાર જઈ શકાતું નથી. ચાલતાં શરીર ડોલે છે. એક દિવસ કોઈ અમેરિકન મિત્રની સાથે રસ્તા ઉપર ચાલતાં મને એમ ડોલતો જોઈને એ અમેરિકનને લાગ્યું હતું કે મને કંઈ થતું હશે. તેણે પૂછ્યું, 'મિ. પટેલ, તમારું શરીર સારું નથી લાગતું, ધેર મૂડી ગઉં?' બસમાં બેસું છું ત્યારે કોઈ કોઈ ભાઈબહેનો મારી સામે જોઈ રહે છે. શું વિચારતાં હશે? પણ શરીરની એવી સ્થિતિ છે તોય હજુ જીવવાનો કંટાળો નથી આવતો. મરણની બીક નથી લાગતી, જ્યારે આવે ત્યારે જવા તૈયાર છું, પણ જવાની ઉતાવળ નથી. હું જ્ઞાની કે ભક્ત કે યોગી નથી, છતાં મન આમ શરીરથી સ્વતંત્ર થઈ ગયું છે. વિચાર આવે છે, આનું શું કારણ હશે?

કોઈ મિત્રો કહે છે કે એ મારા અસાધારણ સંકલ્પબળની સિદ્ધિ છે. પણ તે સત્ય નથી. જિંદગીમાં મેં દૃઢ મનોબળથી કંઈ કર્યું નથી. મેં કયારેય કોઈ વાત કે નિયમ પાળવાનો પ્રયત્ન નથી કર્યો. શરીરને અનુકૂળ ન હોય એવી વસ્તુઓ સામાન્ય રીતે ખાતોપીતો નથી, પરંતુ તે માટે પ્રયત્નપૂર્વક સંયમ રાખવાની જરૂર નથી પડતી; ઊલટું, કોઈ વાર મન થઈ જાય તો એવી ચીજવસ્તુ ખાઈ કે પી લઉં છું, અને પરિણામે તકલીફ પડે તે સહન કરી લઉં છું. દારૂમાંસ વિશે સામાન્ય હિન્દુ સંસ્કારની મર્યાદા પાળી છે, પણ તે સ્વાભાવિક રીતે જ, તેને માટે પ્રયત્ન નથી કરવો પડયો. કોલેજમાં અભ્યાસ કરતો ત્યારે હોસ્ટેલમાં મારો રૂમસાથી એક પારસી વિદ્યાર્થી હતો. બહુ સરળ સ્વભાવનો તે સજ્જન હતો. તેના કુટુંબ-સંસ્કાર પ્રમાણે તે કયારેક રૂમમાં એક મુસલમાન મિત્રની સાથે પી લેતો કે ખાતો. મને તેની ન સૂગ થતી કે ન તેમની સાથે જોડાવાની લાલચ થતી. કોલેજમાં પહેરવેશ એ સમયની રીત પ્રમાણે અબડચરો રાખતો-લેંઘો, ખમીશ ને હાફકોટ. પણ એવા વેશમા રસ્તે દરરોજ એક-બે કલાક ટેનિસ રમતો, ઇચ્છા થાય ત્યારે સિનેમા જોવા જતા, કયારેક દર અઠવાડિયે. અંગ્રેજી ચોપડા પણ જોતો. પત્તાના રમતમાં બ્રેજ શીખવાનો પ્રયત્ન કરેલા પણ પૈસા સાથે રમવાની કયારેય લાલચ નહોતી થઈ. અભ્યાસમા નિયમિત રહેતા, પણ તેનો માથા ઉપર કશો ભાર ન રહેતો. બેત્રણ પ્રસંગોએ વાર્ષિક પરીક્ષાના બે દિવસ અગાઉ જ સિનેમા જોવા ગયેલા. એમ.એ.ની પરીક્ષા આપવા મુંબઈ ગયા હતા ત્યારે આલ્ફ્રેડ્‌ટન કોલેજના હોસ્ટેલમા રહેતા. પરીક્ષાના દિવસો દરમ્યાન સવારસાજ કશું વાચતો નહોતો, એટલે બાજુની રૂમમા કર્ણાટકથી પરીક્ષા આપવા આવેલા બે વિદ્યાર્થીઓ રહેલા તેમને લાગેલું કે મને પરીક્ષામાં પાસ થવાની કંઈ ઉત્સુકતા નહોતી.

એટલે વૃદ્ધાવસ્થાની નિર્બળતામાં હું પ્રમાણમાં માનસિક સ્વસ્થતા ભોગવું છું તેનું કારણ મારામા સંકલ્પબળની વિશેષતા છે એમ નથી. તો શું હશે? વિચાર કરતા મને લાગે છે કે મારામાં બાળક-સ્વભાવનું એક સારું લક્ષણ રહ્યું છે. એટલે કે, સાદી ભાષામા, હું બાળક જેવા છું, અને ઘરડા થયા છું તોય એવા જ રહ્યો. (અંગ્રેજીમાં ઘડપણને બીજું બાળપણ કહે છે, પણ એ અર્થમા નહિ.) બાળક-સ્વભાવનું એ સારું લક્ષણ એ છે કે બાળક પોતાના રસની વસ્તુને આગ્રહપૂર્વક વળગી રહેતું નથી. એ રમકડું ન મળે કે ખોવાઈ જાય કે ભાંગી જાય તો થોડીવાર રડે, પણ પછી બીજું મળે એટલે પહેલું ભૂલી જાય. મારા સ્વભાવમાં પણ એવું કંઈક છે. ગમી ગયેલ કોઈ વસ્તુ જાય, તો તેનું દુઃખ થાય, પણ પછી બીજી વસ્તુના રસમાં હું એ દુઃખ ભૂલી જાઉં છું. પરિણામ એ આવ્યું છે કે સમયના પ્રવાહની સાથે મારામાં નવા રસ જાગ્રત થતા રહ્યા છે, અને આજ સુધી એ ચાલુ રહ્યું છે.

ત્રીસેક વર્ષ ઉપર હું ગુજરાત કોલેજમાં અંગ્રેજીનો અધ્યાપક હતો ત્યારે મનનો સંકલ્પ હતો કે અધ્યાપનક્ષેત્ર નથી છોડવું, ગુજરાત કોલેજ નથી છોડવી, અને અમદાવાદ નથી છોડવું. પણ પ્રસંગ આવ્યે મેં ત્રણે રાજીખુશીથી છોડયાં અને દિલ્હીમાં 'કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી'ની યોજનામાં ગાંધીજીનાં ગુજરાતી લખાણોનો અંગ્રેજીમાં અનુવાદ કરવા જોડાયો. કોઈ પણ અધ્યાપકને દરરોજ માત્ર અનુવાદનું જ કામ કરવાનું નીરસ લાગે. પણ થોડા જ સમયમાં ગાંધીજીમાં મને રસ પડવા માંડયો. શેકસ્પિયર

મેં શૈલીની આસક્તિ છોડી હું ગાંધીજી પ્રત્યે કેવી રીતે આકર્ષાયો એ સાહિત્યનો કોઈ અભ્યાસી સહેલાઈથી નહિ સમજી શકે. પણ તે બન્યું, અને હું ગાંધીરસમાં ડૂબી ગયો. પણ તે એવી રીતે નહિ કે મારા બીજા રસ સુકાઈ જાય. ગાંધીજીનું કામ કરતાંયે મૂળ સંસ્કૃતમાં વાલ્મીકિ રામાયણ વાંચ્યું, અને મારી કલ્પનાસૃષ્ટિમાં એક નવો રસપ્રવાહ વહેતો થયો.

ચારેક વર્ષ દિલ્હીમાં રહ્યા પછી માંદો પડયો એટલે અમારા ચીફ એડિટરે સદ્‌ભાવથી મારી બદલી અમદાવાદ કરાવી આપી. અમદાવાદમાં ત્રણેક વર્ષ પથારીવશ રહ્યો, પણ પથારીમાં પડયા પડયા વિના કષ્ટે અનુવાદનું કામ કરતો રહ્યો અને નોકરી ચાલુ રહી. કયાંય બહાર જવા-આવવાનું ન બનતું તેથી કંટાળો અનુભવવાને બદલે બચતા સમયમાં મેં ગુજરાતી વાંચવાનું શરૂ કર્યું. 'સરસ્વતીચંદ્ર' ના ચારેય ભાગ સળંગ વાંચ્યા. પછી 'દર્શક' ની પ્રસિદ્ધ નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' વાંચી અને તે ઉપર લખવાનું મન થતાં 'સંસ્કૃતિ'માં લેખ લખી મોકલ્યો તે શ્રી ઉમાશંકરે છાપ્યો. એટલે ગુજરાતીમાં વધુ લખવાનું મન થયું અને મારા પ્રવૃત્તિ-રસને એક નવું ક્ષેત્ર મળી ગયું.

બેત્રણ વર્ષ પછી સાહિત્યરસને વધુ તૃપ્ત કરે એવો બીજો, સંગીતરસ, જાગ્રત થયો. એમ તો એ રસ જૂનો હતો. શાળામાં કવિતાપાઠ માટે હંમેશાં માત્ર બે કે ત્રણ જ ગુણ મળતા, પણ કોલેજમાં જઈ સિનેમા જોતો થયો. એટલે કલકત્તાની ન્યુ થિયેટર્સ કંપનીનાં અને પૂનાની પ્રભાત કંપનીનાં ચિત્રોમાં ગીતો આવતાં તેમાં ખૂબ રસ પડવા માંડયો. વર્ષો પછી રેડિયો ખરીદ્યો. તેણે કાનને શાસ્ત્રીય સંગીતનો રસ લગાડયો. દરેક વર્ષ ઉપર એ રસ વધુ તીવ્ર બન્યો. પુત્રી સાથે અમદાવાદનાં જુદાં જુદાં સંગીતમંડળોનો સભ્ય થયો અને રાત્રે ઉજાગરા કરીને એમના કાર્યક્રમોમાં હાજરી આપવા લાગ્યો. છેલ્લાં બે વર્ષથી શરીરની નિર્બળતાને કારણે તે બંધ થયું છે, પણ દરરોજ સવારોશ બે કલાક રેડિયો ઉપર શાસ્ત્રીય સંગીત સાંભળું છું.

સાહિત્ય ને સંગીતના કળારસ વધવાની સાથે માનવ-સંબંધોનો જૂનો રસ એટલા જ પ્રમાણમાં ચાલુ રહ્યો છે. મિત્રોમાં હળવામળવાનું મને એટલું ગમતું કે ગુજરાત કોલેજમાં હતો તે વર્ષો દરમિયાન તેમાંના કોઇના ઘેર પાર્ટી જેવું હોય ત્યારે, હું કંઈ ખાઇ શકતો નહોતો તો પણ, તેઓ આગ્રહ કરીને મને બોલાવતા. હું જઈને તેમની સાથે ટેબલ ઉપર બેસી માત્ર ચા પીતો, પણ તેમની વાતોમાં પૂરા રસથી ભળતો. એમ પણ કહી શકું કે મારી હાજરીના કારણે જ વાતો સારી જામતી. આજે પણ જૂના કે નવા મિત્રોમાંથી કોઈ મળવા આવે છે, કે હું તેમને મળવા જાઉં છું, ત્યારે તેમની સાથે વાતો કરવામાં કેટલો સમય જાય છે તેનું ધ્યાન નથી રહેતું. મિત્રોની જેમ ઘરમાં પૌત્ર-પુત્રી પણ મારા જીવનરસને વહેતો રાખવામાં સારો ફાળો આપી રહ્યાં છે. છેલ્લાં સાત વર્ષથી તેમની સાથે-પહેલાં પૌત્રી ને પછી પૌત્ર સાથે-રમવામાં, વાતો કરવામાં, લડવા-ઝઘડવામાં, તેમને ફરવા લઈ જવામાં, દરરોજના બેત્રણ કલાક ગયા છે. હવે તે મારાથી જરા છૂટાં થયાં છે, પણ હજુ તેમણે દાદાને તેમની માયામાંથી મુકત કર્યા નથી.

આવા સ્વભાવને 'ઘડપણ કેણે મોકલ્યું ?' નો વૈરાગ્ય કેમ ગમે ? ભલે ઘડપણ આવ્યું અને ચાલવાનું હોય ત્યાં સુધી ચાલે. એક પ્રખ્યાત ગ્રીક ઉકિત છે, Call no man happy till he is dead. એટલે કે કોઇ વ્યકિત આજે ગમે તેટલી સુખી હોય, તે જીવતી છે ત્યાં સુધી કયારે તેના ઉપર અણધારી આપત્તિ આવશે તે કહી ન શકાય. એ ન્યાયે કોઇ માણસ જીવનના અંત સુધી પોતે આજે છે તેમ સુખી રહેવાની આશા ન રાખી શકે; પણ ભવિષ્યમાં જે થવાનું હોય તે થાય. આજે તો મારા મનમાં રવીન્દ્રનાથ ઠાકુરની અંગ્રેજી 'ગીતાંજલિ'ના એક કાવ્યની પંકિત રમી રહે: 'When I go from hence let this be my parting word, that what I have seen is unsurpassable.'

કોઇને પ્રશ્ન થશે કે જેને માટે જેવા સ્વભાવની બક્ષિસ ન મળી હોય તે વૃદ્ધાવસ્થામાં કેવી રીતે સુખથી અથવા સંતોષપૂર્વક જીવી શકે? એ પ્રશ્નના ઉત્તરરૂપે ઉપદેશ આપવાનો મારો અધિકાર નથી, પણ મને લાગે છે કે આપણી પ્રાચીન જીવનદૃષ્ટિમાંથી તેનો ઉત્તર મળી રહે તેમ છે. એ દૃષ્ટિએ વાનપ્રસ્થાશ્રમનું મોટું ગૌરવ કર્યું હતું. એ શબ્દનો પછી સંકુચિત અર્થ થઈ ગયો. વાનપ્રસ્થ થવું એટલે ઘરબાર છોડી વનમાં જઈ વસવું અને આત્મજ્ઞાનની સાધનામાં પ્રવૃત્ત થવું, પણ એ હવે શકય નથી રહ્યું. અને શકય હોય તોપણ ઇષ્ટ નથી. આત્મજ્ઞાન માટે વૃદ્ધો સામાન્ય જીવન પ્રત્યે ઉદાસીન થઈ જાય તેથી સમાજને નુકસાન થાય. તેમ કરવાને બદલે તેઓ પોતપોતાના સ્વભાવ ને શકિત અનુસાર સેવાપ્રવૃત્તિઓ ખોળી લે, અને ગાંધીજી કહેતા તેમ, સેવા દ્વારા જ આત્મ-જ્ઞાન શોધે અથવા ઈશ્વરની ભકિત કરે. પોતાના સુખદુઃખનો વિચાર કરવો એ વૃદ્ધાવસ્થામાં સાર્થકતા અનુભવવાનો ઉત્તમ ઉપાય છે. એવી પારમાર્થિક દૃષ્ટિ કેળવવા માટે વૃદ્ધાવસ્થા જીવનનો શ્રેષ્ઠ કાળ છે, અને તેમાં જ એની ધન્યતા રહેલી છે. અંગ્રેજ કવિ ટેનિસન કહે છે તેમ "Old age hath yet his honour and his toil." વૃદ્ધાવસ્થામાં પણ પુરુષાર્થ માટે અને પુરુષાર્થના ગૌરવ માટે અવકાશ છે. મેં પોતે એવો પુરુષાર્થ નથી કર્યો, પણ કોઇને કરતાં જોઉં તો મને એવાં સ્ત્રીપુરુષને આદરથી નમસ્કાર કરવાનું મન થઈ જાય. વલ્લભવિદ્યાનગરના ચારેતર વિદ્યા મંડળમાં મને એવું જીવન જીવતા એક વડીલનો પરિચય થયો હતો. એમનું નામ હીરાલાલ દેસાઈ. એમના વ્યકિતત્વની સુવાસ હજુ મારી સ્મૃતિમાં રહી ગઈ છે.''

અસ્થિ સારવાર કેન્દ્ર

હાડકાના દર્દોના નિષ્ણાત ડૉ. જે. પી. પીઠાવાલા સંઘના કાર્યાલયમાં દર રવિવારે સવારના ૯-૦ થી ૧-૦ સુધી નિયમિત માનદ સેવા આપે છે. હાડકાના દરદીઓને આ કેન્દ્રનો લાભ લેવા વિનંતી.

પ્રવીણભાઇ મ. શાહ
સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

એક પ્રશ્ન :

વિજય કોનો ? યમનો કે સાવિત્રીનો ?

ડૉ. કાન્તિલાલ કામદાર

હાલમાં હું ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ લખેલું 'ધડપણ' નામનું પુસ્તક વાંચી રહ્યો છું. આ પુસ્તકની પ્રસ્તાવના ભાઇ શ્રી ચંદ્રવદન મહેતાએ લખી છે. પ્રસ્તાવના વાંચતાં વાંચતાં મને ઘણા વખતથી મૂંઝવતો પ્રશ્ન મારા મનમાં તાજો થયો. ભાઈ ચંદ્રવદન લખે છે, 'મૃત્યુને જીતનારો તો હતો એક નાનો કિશોર, યમને બારણે જઇ બેઠો. એનાથી પણ વધારે સાહસિક, ઉન્મત્ત, દૃઢ મનોબળવાળા અતિ પવિત્ર સન્નારી તે સાવિત્રી. શ્રી અરવિંદનાં મહાકાવ્યમાં એણે યમને પડકાર્યો છે, ડાર્યો છે, હુંફાવ્યો છે, હરાવ્યો છે... એ સાવિત્રી મૃત્યુની દૃઢ દંતદાઢમાંથી સત્યવાનને ઉગારી લાવી. ધન્ય છે સાવિત્રી ! ધન્ય છે નચિકેતા !' (કાળા અક્ષર મેં કર્યા છે.)

આ નચિકેતાની વાત પણ હું બરોબર સમજ્યો નથી. પણ શરૂઆત સાવિત્રીથી કરું. આ ઉપાખ્યાન મહાભારતમાં આવેલું છે. એ મુજબ યમ સત્યવાનના જીવને લેવા આવે છે. ત્યારે સાવિત્રી લેવા દેતી નથી, પણ યમરાજની પાછળ પાછળ જાય છે. પહેલો પ્રશ્ન તો એ કે સાવિત્રી યમની પાછળ સદેહે ગઇ હશે ? કે પોતાના સૂક્ષ્મ શરીરથી ? સામાન્ય માનવી યમને જોઇ શકતો નથી, તેથી માનવું પડે કે સાવિત્રીની દિવ્ય દૃષ્ટિ ઊઘડી હશે, અને પોતાના શરીરમાંથી નીકળીને યમની પાછળ પાછળ જવાની કળા જાણતી હશે. આ સ્વીકારીએ તો માનવું પડે કે થોડો વખત સત્યવાન અને સાવિત્રી બંનેના દેહ ભૂમિ પર પડ્યા રહે છે, ને થોડા વખત બાદ બંને બેઠાં થાય છે. આવી વિગતમાં ન ઊતરતાં આગળ ચાલીએ તો સાવિત્રી અને સત્યવાન બંને સાથે ઘેર પાછાં આવે છે. વારુ; પણ પછી શું ? એ જ સાવિત્રી અને સત્યવાન આખરે તો યમશરણ થયાં ને ? ખાધું, પીધું, મોજ કરી; સંતાનો પેદાં કર્યાં, રાજ કર્યું—પણ અંતે ? એમાંથી કોઇ અમર ન થયું. શાસ્ત્રોમાં જે સાત ચિરંજીવીઓ ગણાય છે (અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાન, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ) એમાં એમાંથી એકેનું નામ નથી. હકીકત એટલી જ છે કે યમ સત્યવાનનું મૃત્યુ મુલતવી રાખે છે, અને એને ચારસો વર્ષનું આયુષ્ય બક્ષે છે (જુઓ કાકાસાહેબ કાલેલકર કૃત 'જીવતા તહેવારો' પાનું ૧૧૦) ત્યારે આખરી વિજય કોનો થયો ?

હવે શ્રી અરવિંદના મહાકાવ્યની નાયિકાની વાત ભાઇ ચંદ્રવદન લખે છે, 'એણે યમને પડકાર્યો છે, ડાર્યો છે, હુંફાવ્યો છે, હરાવ્યો છે...' હરાવ્યો છે ખરો ? મેં શ્રી અરવિંદનું મહાકાવ્ય વાંચ્યું નથી. એ સમજવાનું મારું ગજું નથી. શ્રી રોહિત મહેતાના અભિપ્રાય પ્રમાણે 'આજના યુગમાં જેણે ઊંચામાં ઊંચું શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય પણ શ્રી અરવિંદના 'સાવિત્રી'થી એ અપરિચિત હોય તો એનું શિક્ષણ અધુરું જ ગણાય' (કાળા અક્ષર મેં કર્યા છે). અર્થાત્ જે અંગ્રેજી ભણ્યો છે, અને વાંચી શકે છે, એને જ ઊંચામાં ઊંચું શિક્ષણ મળ્યું છે એમ કહેવાય. ચીનમાં, રશિયામાં જર્મનીમાં (ને બનારસમાં સંસ્કૃતના) ગમે તેવા મોટા પંડિતો હોય-બધાનું શિક્ષણ અધૂરું ! ખેર; હું ભાઇ ચંદ્રવદનનું 'સાવિત્રી' વાંચી શકું છું ને સમજી શકું છું. આ રૂપકમાં કવિએ સાવિત્રીના મુખમાં શબ્દો મૂક્યા છે.

'થયો મૃત્યુનો પરાજય, હે ભાગ્યવાન !

મારો મૃત્યુ ઉપર વિરલ વિજય.'.....(પાનું ૧૦૭)

આ માત્ર કવિવાણી છે. આગળ જતાં કોઈ દેવ સાવિત્રીને કહે છે, 'પૃથ્વી પરના માનવીઓને જઈ કર અમર'. (પાનું ૧૧૯) અર્થાત્ શરીરને જ અમર કરવાની વાત છે. આત્મા તો મારો, તમારો, સૌનો અમર જ છે. આ મહાકાવ્યની નાયિકા અને નાયક કે મહાકાવ્યના મહાકવિ તથા જેમને અરવિંદ-શિષ્યો સાવિત્રી સમજતા હતા તે માતાજી—કોઇ સદેહે અમર થયું ? મહાકાવ્યના નાયક અને નાયિકાનું છેક છેલ્લું વર્ણન છે:—

'હાથમાં હાથ, સત્યવાન સાવિત્રી, ઉભય સંગાથ

જાણે લગ્નોત્સવનું ચાલે સરખસ...'

ભલે, પણ પછી ? પછી શું ? ખાધું, પીધું રાજ કર્યું, ને અંતે તો મૃત્યુ પામ્યાં. ત્યારે વિજય કોનો થયો ? નચિકેતા વિષે કોઈ બીજી વખત. *

* શ્રી ચંદ્રવદનભાઇનું રૂપક અદ્‌ભુત છે. પોતાની અશક્તિ ઢાંકવા જે જે કહેવાતા પ્રગતિશીલ લેખકો કવિતામાંથી છંદ, ગેયતા, પ્રાસ-અનુપ્રાસ વગેરેનો છેદ ઉડાવવામાં માને છે, તે બધા શ્રી અરવિંદના મહાકાવ્યનું આ સંક્ષિપ્ત રેડિયો-રૂપક જરા વાંચી જાય.

સંઘ સમાચાર

મંદબુદ્ધિના બાળકો માટે

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે ૮ થી ૧૫ વર્ષની ઉંમરના મંદબુદ્ધિનાં બાળકોનું એક મંડળ શરુ કરવાનું વિચાર્યું છે. દર રવિવારે બાળકો માટે રમતગમત અને મનોરંજન આદિ કાર્યક્રમ તેમજ બાળકોને નાસ્તો અને ભેટ આપવામાં આવશે. શારીરિક દૃષ્ટિએ ખોડ-ખાંપણ વિનાનાં, ગુજરાતી ભાષા બોલી શકતાં મંદબુદ્ધિનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. સંઘના સભ્યોના મંદબુદ્ધિના બાળકોને પ્રથમ પસંદગી અપાશે.

રસ ધરાવતા મંદબુદ્ધિનાં બાળકોનાં મા-બાપ-વડીલોએ તા. ૨૦-૨-૮૪ સુધીમાં સવારના ૧૧ ૦૦ થી ૬-૦૦ દરમિયાન સંઘના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

કે. પી. શાહ — ચીમનલાલ જે. શાહ
મધુબેન મેઘાણી — કે. પી. શાહ
સંયોજકો. — મંત્રીઓ.

દૃષ્ટિસંપન્ન ટપાલી

● હરિલાલ ગુલાબચંદ શાહ

[ઘાટકોપરના ટપાલી શ્રી નંદકિશોરસિંહ 'જયરામજી' ની સ્મૃતિ જાળવવા ઘાટકોપરના એક રસ્તાને એમનું નામ આપવામાં આવ્યું. એ માર્ગનો નામકરણ સમારંભ ઘાટકોપરના કોર્પોરેટર શ્રી હરિલાલ ગુલાબચંદ શાહના પ્રમુખસ્થાને યોજાયો હતો. ટપાલી શ્રી નંદકિશોરસિંહ 'જયરામજી'નો પરિચય એમણે 'પ્રબુદ્ધ જીવન' માટે મોકલ્યો છે, જે આપણા સૌને માટે પ્રેરણારૂપ બને એવો છે. તે અહીં પ્રગટ કરતા આનંદ થાય છે. –તંત્રી]

આપણે નાની બાબતને ક્ષુલ્લક ગણી એની ઉપેક્ષા કરીએ છીએ. પરંતુ કયારે એ મહત્ત્વની કામગીરી બની જાય છે, એની ખબર આપણને પડતી નથી. એટલે સક્ષમ પણ નાની જણાતી બાબત પરત્વે સતત જાગૃત રહેવું જ જરૂરી છે. અહીં એવા જાગૃત ટપાલી જયરામજીની મારે વાત કરવી છે.

આપણે ત્યાં એવી માન્યતા છે કે શાળા–કોલેજ આદિ શિક્ષણસંસ્થાઓની સ્થાપના કે સામાજિક કાર્યો લાખોના દાન આપનાર હોય તો જ હાથ ધરી શકાય, સામાન્ય માનવીનું એમાં કામ નહીં, એનું ગજુ નહીં; પરંતુ આ માન્યતા એ એક પાંસુ થયું. ભૂતકાળમાં કેટલીય સંસ્થાઓ અને સામાજિક કાર્યો આર્થિક દૃષ્ટિએ ગજા વગરની પણ, દૂરંદેશીભરી ધગશથી સામાન્ય વ્યક્તિઓના હાથે થયાં છે. એવા વ્યક્તિમાં જયરામજી ટપાલીનો સમાવેશ થાય છે.

ઘાટકોપરના આ ટપાલીનું નામ શ્રી નંદકિશોરસિંહ હતું. તેઓ ટપાલ વહેંચવા જતા ત્યારે બધાંને 'જયરામજી' કહેતા. તેથી તેઓ 'જયરામજી'ના નામથી ઘાટકોપરમાં જાણીતા થયા. તેમનો જન્મ ઇ. સ. ૧૮૮૭માં ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લાના રામપુરમાં થયો. તેમના પિતાશ્રી ખેડૂત હતા. આર્થિક સંજોગોને લીધે બે ધોરણ સુધીનું જ શિક્ષણ તેઓ લઈ શકયા હતા. પહેલા વિશ્વયુદ્ધ વખતે, અઢાર વર્ષની ઉંમરે, તેઓ લશ્કરમાં જોડાયા અને ઇજીપ્ત અને ટર્કી ગયા. તેમના વિભાગના બધા જ સાથીઓ મૃત્યુને ભેટયા. ઈશ્વરકૃપાએ તેઓ બચી ગયા એમાં કાંઇક કુદરતી સંકેત છે એમ સમજીને તેમણે માનવસેવા કરવાનું નકકી કર્યું. વિશ્વયુદ્ધ પૂરું થતાં તેમની પાંચ વર્ષની નોકરીનો અંત આવ્યો.

આજીવિકા માટે તેઓ મુંબઇ આવ્યા અને ટપાલીની નોકરી સ્વીકારી. એક ટપાલી તરીકે ટપાલની વહેંચણી કરતાં કરતાં નાનામોટા સર્વને 'જયરામજી' નું પ્રેમભર્યું સંબોધન કરતા અને સૌના સ્નેહનું ભાજન બન્યા. સામાજિક કામ કરવાની એમણે શરૂઆત કરી.

ઇ. સ. ૧૯૩૮માં બાર વિદ્યાર્થીઓથી એક શાળા શરૂ થઇ. એક જ શિક્ષક હતા. પરંતુ તેમના પગારની કોઇ જોગવાઇ ન હતી. તેથી લોકો પાસેથી એક આનાથી આઠ આના સુધીની રકમ ટપાલની વહેંચણી દરમિયાન આ શાળા માટે એમણે નિયમિત ઉઘરાવવી શરૂ કરી. આ રીતે રકમ ઉઘરાવતાં સારી રકમ એકઠી થતી ગઈ અને ઇ. સ. ૧૯૪૬માં એ વખતની મુંબઇ સરકાર પાસેથી ૨૫૦૦ ચો. વાર જમીન નજીવી કિમતે મેળવી, ભગવાનમાં અપાર શ્રદ્ધા રાખી, હિન્દી હાઇસ્કૂલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ટપાલની વહેંચણી સાથે હાઇસ્કૂલના મકાન માટે એક આનાથી આઠ આના સુધીની માંગણીનું કાર્ય એમણે ચાલુ રાખ્યું અને ઈ. સ. ૧૯૪૯માં મકાન બંધાતાં મુંબઇ રાજ્યના પ્રધાન શ્રી બા. જી. ખેરના વરદહસ્તે તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યાર બાદ ઝુનઝુનવાળા ટ્રસ્ટ તરફથી કોલેજના સ્થાપના માટે દાન મળતાં ઝુનઝુનવાળા કોલેજની સ્થાપના પણ કરવામા આવી. અત્યારે આ શિક્ષણસંસ્થામાં ૮,૦૦૦ વિદ્યાર્થીઓ બાલ મંદિર–કે. જી. થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ લઇ રહ્યા છે.

ઇ. સ. ૧૯૬૪ મા જયરામજી એમના વતનમાં સ્થાયી થયા. ત્યાં શૈક્ષણિક સુવિધા ન હતી. પરંતુ અથી નિરાશ થયા વિના હાઇસ્કૂલના સ્થાપનાની દિશામાં સફળ પ્રયત્ન કર્યો, જેમાં જુનિયર કોલજ, એટલ કે અગિયાર અને બાર ધોરણ, સુધીના અભ્યાસક્રમની સુવિધા છે.

તેઓ માત્ર કેળવણીપ્રેમી હતા એટલું જ નહિ, પરંતુ એમનામાં ધાર્મિક વૃત્ત પણ સતેજ હતા. ઘાટકોપરની કોલેજ સામે રોકડિયા હનુમાન મંદિર બંધાવવામા પણ એમણે સારો રસ લીધો હતો. આ મંદિરની આવકમાંથી કેળવણી, દવાખાના અને હોસ્પિટલ આદિ માનવસેવાનાં કામ કરતી સંસ્થાને પ્રતિવર્ષ સહાયરૂપે અપાય છે.

આવા નિઃસ્વાર્થ, સેવાભાવી જયરામજીએ ઇ. સ. ૧૯૭૭ માં ૯૦ વર્ષની ઉમરે જિંદગીનો છેલ્લા શ્વાસ લીધો.

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાએ આવા સેવાભાવી મહાજનની સ્મૃતિ જાળવવા ઘાટકોપરના એક માર્ગને 'નંદકિશોરસિંહ જયરામજી લેન' એ રીતે નામ આપવાનું ઠરાવ્યું અને આ માર્ગનો નામકરણ સમારંભ તા. ૩૧–૧૨–૮૩ના રોજ યોજવામાં આવ્યો હતો, જેમાં સંસદસભ્ય ડો. સુબ્રમણ્યમ્ સ્વામી, વર્કસ સમિતિ, ઉપનગરના અધ્યક્ષશ્રી બાબુરાવ જાદવ, નાયબ મ્યુનિસિપલ કમિશ્નર શ્રી નેરકર, હિન્દી હાઇસ્કૂલના આચાર્યશ્રી આઈ. ડી. સીંગ આદિ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

વિદ્યાસત્ર

(ગતાંકથી ચાલુ)

ઓડેન ઘરમાં નિયમિત માણસ હતા. બધું કામ ઘડિયાળના ટકોરે કરતા. એમનાં કાવ્યોમાં ઘડિયાળ કાળનું સાકાર પ્રતીક છે.

'ગુજરાતી કવિતામાં છંદ અને લયનું માધુર્ય' અને સફાઇ જોવી હોય તો 'છંદોલય' વાંચવું જોઇએ. અંગ્રેજી ભાષામાં ટેકનિકની પરાકાષ્ઠા ઓડેનનાં કાવ્યોમાં જોવા મળે છે.

'ઓડેન કહેતા, વીસ વર્ષે માણસ મિત્રો શોધે છે પણ સત્તાવન વર્ષે તો ભગવાનની કૃપા હોય તો જ મિત્રો મળે. આનંદ મનુષ્યનો અધિકાર જ નહિ પણ કર્તવ્ય છે. કવિતાની

વાત કરતાં જીવનની બાદબાકી ન જ કરી શકાય.

'ઓડેનના મુખ પર અનેક કરચલીઓ હતી. ઉમાશંકરે એમને વિશેના કાવ્યમાં લખ્યું :

ઊંડા આડા કાપા
જેમ કાળ કુહાડે કર્યા

ઓડેન આગળ અંગ્રેજી ભાષાએ પોતાનું હૃદય ખોલ્યું છે. એમની કવિતા સંગીતસભર છે. સંગીત આશ્રિત નથી. ઓડેન કવિતામાં કંઈ પણ કરી શકે એવા જાદુગર હતા.

"એક સાંજે હું ફરવા ગયો ત્યારે" કાવ્યનો આસ્વાદ કરાવતાં સુરેશ દલાલે કહ્યું કે,

'આ આખી કવિતામાં રોમેન્ટિકની સામે એન્ટી-રોમેન્ટિક વાત આવે છે. આરંભમાં કવિ કહે છે :

"ક્રિસ્ટોલ સ્ટ્રીટ પર પસાર થતાં ફૂટપાથ પરના ટોળાં લણવા યોગ્ય ઘઉંનાં ખેતર હતાં."

'નદીને કાંઠે રેલવે ફ્રમાન નીચે પ્રેમીગીત ગાય છે, પ્રેમ વિશે પણ ત્યાં ઘડિયાળના ટકોરા સંભળાતા રહે છે. કાળ છુપાયેલો છે ટાંપી ઊભો છે ને તમે ચૂંબન કરો ત્યારે એ ખોંખારે છે.

સમય વિશે પ્રિયકાન્ત મણિયારનું કાવ્ય યાદ આવે :

સમયનું સોનું હાથ રહે, ના હેમ,
પહેલાં ખર્ચ્યું ફાવ્યું તેમ,
રતીભર રહ્યું હવે ઘાટ ઘડાશે કેમ ?

'કવિ લીલીછમ ખીણની વાત કરે છે પણ તરત કહે છે, લીલીછમ ખીણમાં બિહામણો બરફ સરકે છે. કાળ તોડી નાખે છે, નૃત્યતંતુને, મરજીવાની તેજરવી ફ્રમાનને.

'ખૂબ મોડી સાંજે પ્રેમીઓ ચાલ્યા, ઘડિયાળોએ ડંકારવ સમાવી દીધો, અને ગહન સરિતા સરતી રહી. આ ગતિશીલ સરિતા એ કાળનું રૂપ જ છે.'

ત્યાર બાદ સુરેશ દલાલે અનુવાદને અનિવાર્ય દુસાહસ ગણાવી અનુવાદની કળા વિશે વાત કરી હતી. ટોલ્સ્ટોયે અનુવાદને ગાલીચાની બીજી બાજુ કહી છે. કાફ્કા કહે છે, અનુવાદક બે સાંકળથી બંધાયેલા માણસ જેવો છે: એક તરફ એને થાય છે મૂળને વફાદાર રહેવું. બીજી તરફ થાય છે કંઈક નવું કરવું.

'કાવ્યમાં જે સંગીતમયતા હોય એનો અનુવાદ કઈ રીતે થઈ શકે? જેમ ફ્રાન્તનું 'સાગર અને શશી' કાવ્ય, અનુવાદક દ્વિભાષી હોય એ પૂરતું નથી, એણે બન્ને સંસ્કાર પચાવ્યા હોવા જોઈએ.

ઈમીનેઝ નામના સ્પેનિશ કવિની વાત કરતાં એમણે કહ્યું કે, અદબ અને પવિત્રતા સાથે એની કવિતા પાસે જવાનું છે.

ના ના, ત્યાં કાંઈ કરતાં કશું હતું નહિ !
પાણી,
ના ના ખાલી પાણી,
પાણી એટલે, શું કશું નહિ ?

'ત્યાર બાદ આ કાવ્યમાં ફૂલ, વાયુ અને ભ્રમણાની વાત આવે છે. શું ફૂલ એટલે કશું નહિ? અમથો વાયુ એટલે કશું નહિ? કેવળ ભ્રમણા એટલે કશું નહિ?'

'આ કાવ્યમાં પ્રકૃતિનાં તત્ત્વોની વાત છે. જે વાસ્તવિક રીતે છે છતાં નથી સંભળાતી. ભગ્નતા છે એ પણ કયાં ઓછું છે! ભગ્નતા જીવન માટે જરૂરી છે. વિરમયનું વૈકુંઠ સાચવવાનું ગમે છે.'

આ ત્રણ દિવસના કાવ્ય આસ્વાદના અવસરને પોતાને માટે પણ ખરેખરા આનંદનો ગણાવી ડૉ. સુરેશ દલાલે પ્રવચન પૂરું કર્યું હતું.

સભાના અધ્યક્ષ ડૉ. રમણલાલ શાહે ઉપસંહાર કરતાં કહ્યું કે, ડૉ. સુરેશ દલાલે આપણને કવિતામાં નિમગ્ન કરી દીધા છે. તેઓ કવિતાનાં મર્મસ્થાનોને પિછાણે છે. એમણે સાત કાવ્યોની વાત કરતાં અનેક કાવ્યો તરફ ગતિ કરાવી. એમણે યોગ્ય જ કહ્યું કે, જેમ શરીરમાં માતા પ્રવેશે અને માણસ ધ્રૂજવા લાગે તેમ કવિતા વાંચતાં માણસ ધ્રૂજવો જોઈએ. કવિતા માણસ માણસ વચ્ચેનાં અંતરને દૂર કરે છે. દેશ દેશ વચ્ચેના વૈમનસ્ય કે યુદ્ધ વખતે પણ કવિતાને સરહદ નથી નડતી.

'કવિતા હું તારી પાસે બધા નિષેધ છોડીને આવું છું', એમ કહેવું જોઈએ.'

કેળવણીનું ધ્યેય

● જયેન્દ્ર ત્રિવેદી

ઘણીવાર આવું બને છે, આપણે ધારીએ કંઈક અને બને કંઈક. થોડા અઠવાડિયાં પહેલાં ડૉ. મધુરીબહેન શાહ એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના પદવીદાન મહોત્સવમાં દીક્ષાન્ત પ્રવચન આપી રહ્યાં હતાં. પોતાનો એક મુદ્દો સ્પષ્ટ કરવા તેમણે પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીનો એક પરિચ્છેદ ટાંકયો. મને જરા પણ ગમ્યું નહીં. શ્રીમતી ગાંધી પોતાના પ્રવચનમાં ડૉ. મધુરીબહેનના વિચારો ટાંકે એ સ્વાભાવિક ગણાય પણ મધુરીબહેનને ઇન્દિરાજીના વિચારો ટાંકવાની શી જરૂર ? મધુરીબહેન પોતે જ જબરજસ્ત વિચાર-સરોવર (THINKER-TANK, THINKING-BANK ?) છે. તેમણે તે બીજા કોઈના વિચાર ટાંકવાનાં હોય ? અંદર આમ ચાલતું હતું પણ સાથે સાથે મધુરીબહેનની વાણીમાં ઇન્દિરાજીના જે વિચારો પ્રગટ થતા હતા તે મને મૂળભૂત સિદ્ધાંતના પ્રદેશમાં લઈ જતા હતા. કેળવણીનું ધ્યેય કેટલી વિશદ રીતે આ વિચારોમાં વ્યક્ત થતું હતું !

મને કયારેક કયારેક ઇન્દિરાજી પર માન થઈ જાય છે. હમણાં જ વિશ્વ હિન્દી પરિષદ વખતે તેમણે પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં વામણા હિન્દી પ્રચારકોની યુનોમાં હિન્દીને સ્થાન અપાવવાની માગણીના સંદર્ભમાં એમ જ્યારે જણાવ્યું કે એ માટે પ્રયત્નો તો ચાલે જ છે, પણ આપણે હિન્દી ભાષામાં સાહિત્ય અને વિચારનું એવું તો કૌવત પેદા કરીએ કે સિત્તેર કરોડની પ્રજાની વાત સાંભળવા અને સમજવા યુનોને એની ગરજે હિન્દી ભાષા અપનાવવી પડે, ત્યારે મને આનંદ આનંદ થઈ ગયો. યોગ્ય પરિપ્રેક્ષ્યમાં વાત મૂકવાની જ ખૂબી હોય છે. અલબત્ત, મને ખબર છે કે નેતાઓનાં ભાષણો બીજા તૈયાર કરે છે, તેઓ તો ફકત વાંચી કે બોલી જ જાય છે; તેમ છતાં થોડું ઘણું કર્તૃત્વ તો એમનું પણ રહેતું હશે ને? ઇન્દિરાજી સામાન્ય રીતે એમના પ્રાતઃસ્મરણીય પિતાના જેવી સંવેદનશીલ, ભાવુક અને સૌને સ્પર્શી જાય એવી વાણી બોલતાં નથી, પણ

ક્યારેક ક્યારેક પિતાનો રણકો, એમના અવાજમાં પણ આવી જાય છે.

મધુરીબહેને ટાંકેલો ફકરો આમ છે:

" Education is not merely an accumulation of knowledge, for knowledge can soon be out of date, but is a means of stimulating the capacity to think, to learn and to innovate and to apply knowledge in the interest of larger canses. When education was limited to a privileged few, people were mere consumers of the thoughts of others. Now when we see widest involvement of the people in shaping their destiny, the young must be encouraged to do their own thinking ".

બાર વરસ પહેલાં યુનેસ્કોએ જગતની ભાવિ કેળવણીના નકશા રૂપે એક અહેવાલ બહાર પાડેલો. મને એ અહેવાલ ગીતા જેવો અર્થઘન લાગે છે. Learning to be નામના એ અહેવાલમાં આ વાત ભારે આગ્રહ અને અભિનિવેશપૂર્વક કહેવાઈ છે કે સંસારની દરેક વ્યકિત આપમેળે ભણતી થાય એવો શિક્ષણનો ઢાંચો ગોઠવો. ભણાવવા પાછળ અબજો રૂપિયા અને સેંકડો વર્ષો ખર્ચવા કરતાં સૌને જાતે જ ભણવામાં મદદરૂપ થાય એવી કેળવણીની સંસ્થાઓ હોવી જોઈએ. જેમ વૃક્ષ એની મેળે ઊગે છે, એમ માણસ પણ પોતાની મેળે ઊગે એવી વ્યવસ્થા કરવી જોઈએ. શિક્ષણ સંસ્થાએ તો ખાતર, પાણી, પ્રકાશનું કામ જ કરવાનું છે. નિંદનીય વૃત્તિ-પ્રવૃત્તિનું નિંદામણ કરવાનું છે, બીજું કશું કરવાનું નથી. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને તો લખ્યું જ છે કે શિક્ષક વિદ્યાર્થીને ભણાવે છે તેમ કહેવું એ ખોટી અભિવ્યક્તિ છે. કોઈ કોઈને શીખવે એ વિચાર જ જંગલી છે. હકીકતે તો જે શીખવા માગે છે તેને શીખવા દેવામાં મદદરૂપ થવું, માર્ગદર્શન આપવું એ જ શિક્ષણનું કામ છે.

મારા એક મિત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણવિભાગના વડા, ડો. હરિભાઇ દેસાઇ પોતાના જીવનનો એક પ્રસંગ વારંવાર કહે છે. તેઓ શિક્ષણની ઉચ્ચ ડિગ્રી લેવા અમેરિકા ગયેલા. પોતાના અભ્યાસક્રમના એક ભાગ રૂપે અમેરિકાની શાળાના સાતમા ધોરણના એક વર્ગને ભણાવવાનું તેમના માથે આવ્યું. હરિભાઇ ઉત્તમ શિક્ષક છે. વાણીનું એમને વરદાન છે. બહુ સરસ તૈયારી કરીને વર્ગમાં જાય, જાતને નિચોવી નાખે. સાંજે લોથપોથ થઇ જાય, પણ મનમાં સંતોષ કે બાળકોને લાગશે કે આ હિન્દુસ્તાની શિક્ષક અમેરિકન શિક્ષકોથી કોઇ પણ રીતે કમ નથી!

થોડા દિવસ પછી, ત્યાંની પ્રથા પ્રમાણે, બાળકોને કહેવામાં આવ્યું કે આ ભારતીય શિક્ષકનું મૂલ્યાંકન કરો. હરિભાઈ પોતે પણ આ મૂલ્યાંકન જાણવા માટે ખૂબ ઉત્સુક હતા. પોતાના વખાણ સાંભળવા મળશે એવી ગળા સુધી ખાતરી હતી. પણ બધાં બાળકોએ કહ્યું કે, 'આ નવા શિક્ષક બહુ સારા છે, મહેનતુ છે, પ્રેમાળ છે, પણ આખો વખત ભણાવ ભણાવ જ કરે છે, અમને જાતે ભણવા દેતા જ નથી.'

આ ટીકા હરિભાઈની નહોતી, ભારત દેશની કેળવણી-પ્રથાની હતી! અને અફસોસ, ઇન્દિરાજી પ્રધાનમંત્રી છે, મધુરીબહેન ઉચ્ચ શિક્ષણના સર્વોચ્ચ પદે છે, હરિભાઇઓ શિક્ષણ વિભાગોના વડાઓ છે પણ...પણ...આપણા દેશની કેળવણીને અચલાયતનનો રોગ લાગુ પડયો છે. એમાં ફેરફાર થતા જ નથી, થાય તોય ગોકળગાયની ગતિએ. વાતાવરણ જ એવું ઝેરી છે કે અમૃતના આ બિંદુઓને પણ ચૂસી જાય છે. ભારત દેશ પર અભિશાપ છે કે વિચારમાં સૌથી આગળ, પણ આચરણમાં સૌથી પાછળ! દુર્યોધનની વાણીની જ બોલબાલા છે

'જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ, જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિ'

પં. રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટનો

હીરક મહોત્સવ

ભારતભરમાં જ્ઞાતિ, ધર્મ કે સંપ્રદાયના ભેદભાવ વિના, અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમમાં, બાલમંદિરથી યુનિવર્સિટી સુધીનું વિના-મૂલ્ય (Free) શિક્ષણ આપતી પં. રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ કદાચ એક માત્ર સંસ્થા હશે. તાજેતરમાં આ સંસ્થાએ ૬૦ વર્ષ પૂરાં કર્યાં. આ પ્રસંગે હીરક મહોત્સવ નિમિત્તે તા. ૭ થી તા. ૧૧મી જાન્યુઆરી સુધી સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઇની નવલકથા 'પહાડનાં પુષ્પો' પર આધારિત એક નૃત્યનાટિકા આ સંસ્થાની વિદ્યાર્થિનીઓએ તૈયાર કરી, રજૂ કરી હતી.

હીરક મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી વિજય મરચન્ટે વ્યવસાયલક્ષી તેમ જ શારીરિક શિક્ષણની હિમાયત કરી હતી. આ સમારંભના પ્રમુખસ્થાનેથી વિશ્વવિદ્યાલય અનુદાન પંચના અધ્યક્ષ શ્રીમતી મધુરીબેન શાહે જણાવ્યું : 'સ્વ માટે વપરાય તે લક્ષ્મી, અન્ય માટે વપરાય તે મહાલક્ષ્મી. એટલે ધનનો હંમેશાં સદુપયોગ કરવો જોઇએ. વધુમાં એમણે જણાવ્યું: આ સંસ્થા સાથે કોઈ દાતાનું નહીં, પણ સંતનું નામ જોડવામાં આવ્યું છે એટલે જ એનો આટલો ઉત્કર્ષ થયો છે.' હીરક મહોત્સવની ઉજવણી દ્વારા રૂ. સાઠ લાખનો નિધિ-સંચય કરવાનું સંસ્થાના સૂત્રધારોએ લક્ષ રાખ્યું હતું. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા અનેક દાતાઓએ પ્રેમાળ સહકાર આપી, સમારંભના પ્રમુખશ્રીના શબ્દોને સાર્થક કર્યા છે. અત્યાર સુધીમાં રૂા. ૪૭ લાખનો નિધિ આ સંસ્થાને પ્રાપ્ત થયો છે. નાના મોટા દાતાઓ અને ભંડોળ માટે અવિરત પ્રયત્ન કરતાં આ સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપભાઇ ગાંધી અને અન્ય સૂત્રધારો અભિનંદનને પાત્ર છે.

પૂજ્યશ્રી અમુલખ ઋષિમહારાજની પ્રેરણા અને આશિર્વાદથી 'શ્રી રત્નચિંતામણિ સ્થાનકવાસી જૈન મિત્રમંડળ'ના આશ્રયે ધાર્મિક શિક્ષણ આપવાના હેતુથી આ સંસ્થાનો ઇ. સ. ૧૯૨૪માં પ્રારંભ થયો. સાથોસાથ કન્યા કેળવણીના વર્ગો શરુ કરવાનો એ વખતના ઘાટકોપરના અગ્રણીઓએ નિર્ણય કરી દીર્ઘદૃષ્ટિ દાખવી. ત્યારથી આજ સુધી આ સંસ્થા ક્રમિક વિકાસ સાધતી રહી છે. કન્યાઓ-ભાવિ માતાઓ આદર્શ ગૃહિણી બને તેમ જ આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બને તે માટે ગૃહ-વિજ્ઞાન (Home Scince), કોમર્શીયલ પ્રેક્ટિસ, વોકેશનલ ટ્રેઈનિંગ જેવી વિભાગીય સંસ્થાઓ સ્થાપીને સર્ટિફિકેટ ડિપ્લોમા અને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ દ્વારા શિક્ષણની ક્ષિતિજોને વિસ્તારી છે. આવી પંદર જેટલી સંસ્થાઓમાં ૫૦૦૦ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. એટલું જ નહિ પરંતુ બાળાઓને પુસ્તકો, શિક્ષણમાં જરૂરી સાધનો, ગણવેશ આદિ પૂરાં પાડવાની યોજનાઓ પણ છે. હીરક મહોત્સવ નિમિત્તે સંચિત થતાં નિધિ દ્વારા નવા પ્રવૃત્તિઓ હાથ ધરવાની કાર્યકર્તાઓની સૂઝ, દૃષ્ટિ અને તમન્ના છે.

બીજમાંથી વટવૃક્ષરૂપ બનેલી આ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ સાધે એવી અભ્યર્થના.

સંઘના સભ્યોનું સ્નેહસંમેલન

શાંતિલાલ ટી. શેઠ

શનિવાર, તા. ૨૧-૧-૮૪ ના રોજ સાંજના ૪-૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી) માં સંઘના આશ્રયદાતાઓ, આજીવન અને વાર્ષિક સભ્યોનું એક સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સ્નેહ સંમેલનના સંયોજક શ્રી જયંતીલાલ પી. શાહ હતા અને યજમાન હતી મે. સેવંતીલાલ કાન્તીલાલની કું. શ્રી જયંતીભાઈ આ યજમાન કંપનીના ભાગીદાર અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય પણ છે. ડૉ. રમણલાલ ચી. શાહ સંઘના પ્રમુખપદે નિયુક્ત થયા બાદ નવી નવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તેમાં સંઘના સભ્યોની પરસ્પર ઓળખ વધે અને સંઘના વધતા જતા વ્યાપથી પ્રવૃત્તિઓમાં તેઓ ઓતપ્રોત થાય એ હેતુથી સ્નેહસંમેલન યોજવાની એમણે દીર્ઘદૃષ્ટિ દાખવી છે.

પ્રવેશદ્વાર પર રંગીન ફુવારો, ચોઘડિયા અને શહનાઈ-વાદન અને તાજાં ગુલાબનાં ફૂલ દ્વારા સભ્યોના સ્વાગતથી જાણે કોઈ ઉત્સવ હોય એવું વાતાવરણ સર્જાયું હતું. બરાબર ૪-૧૫ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનો ગીત-સંગીતથી પ્રારંભ થયો. એસ. કે. ગ્રુપ (એટલે કે યજમાન કંપનીના ભાગીદારોનો પરિવાર) ની બહેનો અને બાળકલાકારોએ સંગીત, રાસ-ગરબા, ભાંગડા નૃત્યની રજુઆત કરી. છેલ્લે શ્રીમતી પ્રફુલાબહેને 'ચતુર નાર અલબેલી' ગીત દ્વારા સૌના મનને ડોલાવ્યાં હતાં. વચ્ચે બાળ જાદુગર કુ. મયુરીએ મધુર રજુઆત અને જાદુના પ્રયોગોથી સભ્યોના મન જીતી લીધા હતા.

સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે સ્નેહસંમેલનની ભૂમિકા સમજાવી હતી. પ્રમુખશ્રી ડૉ. રમણભાઈએ સંઘની સ્થાપનામાં પાયાનું કામ કરનાર તેમ જ વિકાસમાં યોગ્ય દોરવણી આપનાર દિવંગત પ્રમુખશ્રીઓનું સ્મરણ કરી, સંઘની કાર્યપદ્ધતિ અને પ્રવૃત્તિની ઝાંખી કરાવી. સ્નેહસંમેલનના સંયોજક અને યજમાન શ્રી જયંતીભાઈનું ચંદનના હારથી અભિવાદન કરવામાં આવ્યું, જેનો સંકોચસહ સ્વીકાર કરતાં તેમણે નમ્રતાપૂર્વક જણાવ્યું : 'હું તો ઘરની વ્યક્તિ છું, મારું સન્માન ન હોય.'

વિશેષમાં સંઘના કાર્યકરો અને સંઘની પ્રવૃત્તિઓ વિષે પ્રતિભાવ આપતાં એમણે કહ્યું: 'હું ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલો છું. ને કોઈપણ સંસ્થામાં જુઓ તો નાનામોટા મતભેદો, અસંતોષ અને હુંસાતુંસી જોવા મળે. સેવા કરવાના આશયથી જોડાયેલાને એથી સ્વાભાવિક દુઃખ થાય; એની પ્રવૃત્તિમાં રસ અને ઉત્સાહ આવા વાતાવરણમાં ટકી ન રહે. સંઘની કાર્યવાહક સમિતિમાં હું એક વર્ષથી છું અને મેં જોયું છે કે દરેક સભ્યો કાર્યને મહત્ત્વ આપે છે. એમને મન સંસ્થા પ્રથમ છે. દરેક સભ્યોમાં ભ્રાતૃભાવના રહેલી છે અને સોંપેલી કામગીરી નિષ્ઠાપૂર્વક પાર પાડે છે. કોઈપણ કાર્યક્રમનો હિસાબ કાર્યક્રમ બાદ મળતી કારોબારી સમિતિમાં રજૂ કરવામાં આવે છે; આ બધી બાબતોથી હું પ્રભાવિત થયો છું. અહીં બધા નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવે છે. એક પણ સભ્યના મનમાં લેવાતા નિર્ણય વિષે સહેજ પણ પ્રશ્ન હોય તો નિર્ણય મુલતવી રાખવામાં આવે છે. ખુલ્લું મન, નિખાલસ ચર્ચા અને સર્વ સંમતિ, આવી કાર્યપદ્ધતિથી હું પ્રભાવિત થયો છું. મારા મનમાં સેવાની જેવી ભૂમિકા હતી, તેવું કાર્યક્ષેત્ર મળ્યાનો મને સંતોષ છે. સંઘની પ્રવૃત્તિઓ વિસ્તાર પામી છે અને નાની-મોટી નવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું આયોજન થઈ રહ્યું છે. એટલે કારોબારી સમિતિ સિવાયના પણ સનિષ્ઠ સભ્યોને સ્વેચ્છાએ આગળ આવવા વિનંતી છે.' શ્રી જયંતીભાઈની આ વાતને પ્રમુખશ્રીએ દોહરાવી હતી.

રંગબેરંગી રોશની વચ્ચે અલ્પાહારને ન્યાય આપી, પ્રસન્ન ચિત્તે સ્મરણો વાગોળતા સૌ વીખરાયાં હતાં.

ટેલીફોન બૂથની અર્પણ વિધિ

સંકલન : નટુભાઇ પટેલ

પ્રેમળ જ્યોતિની સામાજિક-આર્થિક પુનર્વસવાટ યોજના હેઠળ એક વિકલાંગને ટેલીફોન બૂથ અર્પણ કરવાનો સમારંભ શાન્તાક્રુઝ પશ્ચિમમાં ખીરાનગર પાસે આવેલાં પેટ્રોલ પંપના ચોગાનમાં તા. ૨૨ મી જાન્યુ.'૮૪ ના રોજ સવારે યોજાયો હતો.

સમારંભની શરૂઆત પ્રેમળ જ્યોતિના સંયોજક શ્રી નીરુબેન શાહની સર્વ ધર્મ પ્રાર્થનાથી થઈ હતી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી સુબોધભાઇ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું અને તેમણે સંઘ તરફથી હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. તેમણે સમારંભના મુખ્ય મહેમાન તરીકે પધારેલા નાયબ પોલિસ આયુકત શ્રી વાગળનો પરિચય આપ્યો હતો.

રાષ્ટ્રીય અંધજન સંગઠનના અધિકારી શ્રી મંગસુલીકરે તેમની સંસ્થા તરફથી થતી પુનર્વસવાટ યોજનાની વિગતો અને આંકડા આપ્યા હતા. તેમની સંસ્થા તથા સંઘના સહકારથી કેવું સુંદર કાર્ય થઈ રહ્યું છે તેની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રેમળ જ્યોતિના આર્થિક સહયોગથી તેમની સંસ્થાની પ્રવૃત્તિને ખૂબ જ વેગ મળ્યો છે. આ બૂથ માટે પેટ્રોલ પંપના ખૂણા પર જગા આપવા માટે પંપના માલિક શ્રી પટેલ બંધુઓની ઉદારતાને તેમણે બિરદાવી હતી.

શાન્તાક્રુઝ પોલીસ મથકના મદદનીશ પોલિસ આયુકત શ્રી મીનુ ઈરાનીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે પોલિસ ખાતાની લોકો તરફથી મોટે ભાગે ટીકાઓ જ થાય છે. તેમને આવા સુંદર કાર્યમાં આમંત્રણ આપવા માટે સંયોજકોનો આભાર માન્યો હતો. તેમણે પોલિસ ખાતા તરફથી સહકારની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે શ્રી વાગળે વિકલાંગને કામ આપવાની આવી પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે પોલિસ અધિકારીઓએ અને તેટલા લોકોની નજીક આવવું જોઇએ, અને આવા સમારંભોમાં અપાતાં આમંત્રણ તેમાં મદદરૂપ થાય છે. થોડી હળવાશ સાથે તેમણે ઉમેર્યું કે અમને આવાં આમંત્રણ મળે તેની રાહ જોઇતા હોઇએ છીએ.

સમારંભના અધ્યક્ષ અને સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ શાહે ટેલીફોન બુથના સંચાલક શ્રી ગુલામ કાદર ખાનને તેમની શુભેચ્છા વ્યકત કરતાં જણાવ્યું હતું કે તેઓ આની દ્વારા પણ પણ લોકોની સેવા કરી શકશે. તેમણે કહ્યું કે શ્રી કાદર ખાન વધુ કમાણી કરી નવો ધંધો કરે, અને આ બૂથ તેમના જેવા જ કોઇ અન્યને અર્પણ કરે.

સમારંભના અંતે શ્રી વાગળે ટેલીફોન બૂથ ખુલ્લુ મૂકયું હતું અને આ ટેલીફોન બૂથનાં દાતા-શ્રી વીરજબેન ડી. શાહે શ્રીફળ વધેરી, શ્રી ગુલામ કાદરખાનને અર્પણ કર્યું હતું.

આભાર વિધિ ઘાટકોપરના સુધરાઇ સભ્ય શ્રી હરિભાઇ શાહે કરી હતી.

ઘાતી-અઘાતી કર્મ અને કર્મમુક્તિ સાધના

© પનાલાલ જગજીવનદાસ ગાંધી

સંસારી જીવો કર્મયુક્ત છે. સિદ્ધભગવંતો કર્મમુક્ત છે, કર્મરહિત હોઈ, સિદ્ધપરમાત્માઓ કર્મને વેદતા નથી. એ જ પ્રમાણે જો સાધક એની સાધનાવસ્થામાં એને કર્મ હોવા છતાં ય તે કર્મના ઉદયને વેદશે નહિ તો જ અંતે કર્મમુક્ત થઈ સિદ્ધ થશે. કર્મનો સ્વભાવ ઉદયમાં આવી રસ ચખાડવાનો છે. એ તો સાધકે જ જાગૃત એટલે કે અપ્રમત્ત રહી એના રસાસ્વાદથી અલિપ્ત રહેવું જોઈએ.

તો કર્મ શું છે અને કર્મમુક્ત કેમ થવાય તે જોઈએ.

જીવ અને પુદ્ગલનું મિશ્રણ એ કર્મ છે. આત્મપ્રદેશે આત્માના રાગદ્વેષની ચીકાશે કરીને ચોંટેલી કાર્મણવર્ગણા (પુદ્ગલ કે જેમાં ખેંચાવાનો સ્નિગ્ધતા-રૂક્ષતાનો ગુણ છે.) તે કર્મ જે આત્મપ્રદેશ અને કાર્મણવર્ગણાનું મિશ્રણ છે. આવા આ કર્મો મુખ્ય આઠ પ્રકારના છે જે નીચે મુજબ છે.

(૧) જ્ઞાનાવરણીય કર્મ :- જીવ જાણવાનું કામ કરે છે એટલે જ્ઞાનાવરણીય કર્મ છે. જાણવાના સ્વભાવ અર્થાત્ જ્ઞાન ઉપર આવરણ કરનાર કર્મ તે જ્ઞાનવરણીય કર્મ છે. આ કર્મનો સ્વભાવ જીવને અજ્ઞાની રાખે છે. પરિણામે જીવ મોહ, રાગ, દ્વેષ કરે છે અને બાકીના બધાંય કર્મબંધની પરંપરા સર્જાય છે.

મતિજ્ઞાનાવરણીય કર્મ, શ્રુતજ્ઞાનાવરણીય કર્મ, અવધિ જ્ઞાનાવરણીય કર્મ, મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ અને કેવલજ્ઞાનાવરણીય કર્મ એ પાંચ જ્ઞાનાવરણીય કર્મના પેટાભેદો છે.

દર્શનાવરણીય કર્મ:- જીવ જોવાનું કામ કરે છે. એટલે દર્શનાવરણીય કર્મ છે. આ કર્મનો સ્વભાવ જીવને જોવા જાણવા માટે ઇન્દ્રિયો રુપી સામગ્રી વત્તી ઓછી આપવાનો કે ચક્ષુદર્શનાવરણીય કર્મ, અચક્ષુદર્શનાવરણીય કર્મ, અવધિદર્શનાવરણીય કર્મ, કેવલદર્શનાવરણીય કર્મ, નિદ્રા : નિદ્રા-નિદ્રા : પ્રચલા : પ્રચલા-પ્રચલા : થિણદ્ધિ એવા નવ ભેદ દર્શનાવરણીય કર્મના છે.

(૩) મોહનીય કર્મ :- આ કર્મનો સ્વભાવ જીવને રાજીપો કરાવવાનો અર્થાત્ પાગલ બનાવવાનો છે. આ કર્મના મુખ્ય પેટાભેદ બે છે. દર્શનમોહનીય કર્મ અને ચારિત્રમોહનીય કર્મ, જે બંનેના મળીને કુલ પેટાભેદ અઠ્ઠાવીસ છે.

જડ પ્રતિ સ્વરૂપ બુદ્ધિએ જીવ જે ઇચ્છા, લક્ષ્ય, અને રુચિ કરે છે તે દર્શનમોહનીય કર્મ છે, જે જીવની અવળી દૃષ્ટિ છે અને તે મિથ્યાત્વ છે. તે જ પ્રમાણે પરમાં સ્વરૂપ બુદ્ધિએ અર્થાત્ જીવથી વિરુદ્ધ પ્રકૃતિના પર એવાં પુદ્ગલમાં સ્વરૂપ બુદ્ધિએ એટલે કે આત્મબુદ્ધિએ ઇચ્છા, લક્ષ્ય, રુચિ કરી તેની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત થાય છે એ ચારિત્રમોહનીય કર્મ છે; જે વર્તન છે.

આમ દૃષ્ટિ-ઇચ્છા એ દર્શનમોહનીય કર્મ છે, જ્યારે પ્રવૃત્તિ તે ચારિત્રમોહનીય કર્મ છે.

દર્શન મોહનીય કર્મના ક્ષયથી (નાશથી) આત્મા પરમશુદ્ધ તત્ત્વની પ્રતીતિ (માન્યતા)થી પ્રાપ્તિ કરે છે. અને ચારિત્રમોહનીય કર્મના નાશથી આત્મા એના પરમશુદ્ધ તત્ત્વની અનુભૂતિ વેદનાથી પ્રાપ્તિ કરે છે. એટલે કે વીતરાગતાની પ્રાપ્તિ કરે છે.

(૪) અંતરાય કર્મ :- આ કર્મનો સ્વભાવ જીવને ભોગ સામગ્રીની ઉણપમાં રાખવાનો છે; અપૂર્તિ અને અસંતોષ કરાવવાનો છે. તેમજ આત્મસ્વરૂપ વેદનથી (આત્માનુભૂતિથી) દૂર રાખવાનો છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય એવાં પાંચ ભેદથી અંતરાયકર્મ છે.

ઉપર જોયું કે ઇચ્છા એ દર્શનમોહનીય કર્મ છે, પ્રવૃત્તિ એ ચારિત્રમોહનીય કર્મ છે, તેમ પ્રાપ્તિ એ લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ છે અને પૂર્તિ એટલે કે વેદન ભોગાંતરાય કર્મનો ક્ષયોપશમ છે.

(૫) વેદનીય કર્મ :- આ કર્મનો સ્વભાવ જીવને શાતા-અશાતા વેદાવવાનો છે. આના ભેદ બે, શાતાવેદનીય કર્મ અને અશાતાવેદનીય કર્મ છે.

માનસિક સુખ દુઃખ એ મોહભાવ છે. અને કાયિક સુખ દુઃખ એ શાતાવેદનીય કર્મ અને અશાતાવેદનીય કર્મ છે.

મોહની અસર સર્વથા જાય એટલે કેવલજ્ઞાન પ્રાપ્ત થાય.

જ્યારે શાતા-અશાતા વેદનીયની અસર સર્વથા જાય એટલે અરૂપીપણાની, અશરીરી એવી સિદ્ધાવસ્થા, શૂન્યાવસ્થાની પ્રાપ્તિ થાય છે.

(૬) આયુષ્ય કર્મ :- આ કર્મનો સ્વભાવ જીવને દેહરુપી પિંજરમાં અર્થાત્ જેલમાં કેદ કરી મરણનો ભય બતાડવાનું છે. એ કર્મના કુલ ચાર ભેદ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક છે.

(૭) નામ કર્મ :- આ કર્મનો સ્વભાવ જીવને તેના આયુષ્યકર્માનુસાર દેહાદિ, તથા યશ-અપયશ, સુડોળતા-બેડોળતા, સૌભાગ્ય-દુર્ભાગ્ય, સુસ્વર-દુસ્વર; આદિ આપવાનો છે. આ કર્મનું કામ ચિતારા જેવું છે કે એણે જેવું ચિત્ર આલેખવું હોય એવું આલેખે. આ કર્મના કુલ ૧૦૩ ભેદ છે.

(૮) ગોત્ર કર્મ :- આ કર્મનો સ્વભાવ જીવને ઊંચા-નીચા સ્થાને, મોટા-નાના પદે બેસાડવાનો અને ઊંચા-નીચાનાં મોટા-નાનાનાં સંબંધો જગવવાનો છે. એના ઊંચગોત્ર કર્મ તે નીચગોત્ર કર્મ એમ બે ભેદ છે.

આ આઠ કર્મોમાંના પ્રથમ ચાર કર્મો ઘાતી કર્મ તરીકે ઓળખાય છે. કારણકે એ ચાર કર્મો જીવના સ્વરૂપનાં સ્વરૂપનો ઘાત એટલે કે નાશ કરનારાં છે. ઉદાહરણ તરીકે જીવનું સ્વરૂપ જ્ઞાન અને જ્ઞાનનું સ્વરૂપ કેવલજ્ઞાન. જીવનના આ કેવલજ્ઞાનસ્વરૂપ ઉપર આવરણ કરનાર-એનો ઘાત કરનાર કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ. પછીના ચાર કર્મો વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ અઘાતી કર્મ તરીકે ઓળખાય છે.

(ક્રમશઃ)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

Regd. No. MH. By/South 54
Allowance No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૨-૮૪
વાર્ષિક લવાજમ રૂા.૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સમુદ્‌ઘાત અને શૈલેશીકરણ

© રમણલાલ ચી. શાહ

સમુદ્‌ઘાત અને શૈલેશીકરણ, એ જૈન ધર્મના બે પારિભાષિક શબ્દો છે. એ વિશે જૈન ધર્મમાં જેવી વિચારણા કરવામાં આવી છે તેવી અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.

'સમુદ્‌ઘાત' શબ્દમાં સમ એટલે સરખું અને ઉદ્‌ઘાત એટલે આરંભ, પ્રયત્ન, સંચલન. એટલે કે કર્મોની સ્થિતિને સરખી કરવા માટેનો પ્રયત્ન તે સમુદ્‌ઘાત. શૈલ એટલે પર્વત, આત્મ પ્રદેશોને મેરુ પર્વતની જેમ અચલ કરવાની ક્રિયા તે શૈલેશીકરણ.

જડ અને ચેતન તત્ત્વનો સંયોગ એ એક અદ્‌ભુત ઘટના છે. તેવી જ રીતે જડ અને ચેતન તત્ત્વનો વિયોગ એ પણ એક રહસ્યમય વિસ્મયકારક ઘટના છે. આ સચરાચર વિશ્વમાં જડ અને ચેતન તત્ત્વના સંયોગ અને વિયોગની પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. ચેતન તત્ત્વથી રહિત એવું જડ તત્ત્વ નજરે જોવા મળે છે. પરંતુ જડ તત્ત્વથી રહિત એવું નિર્ભેળ શુદ્ધ ચેતન તત્ત્વ-આત્મ તત્ત્વ-નજરે જોવા મળતું નથી. જડ અને ચેતન તત્ત્વના સંયોગ-વિયોગની ઘટનાઓમાં બે મહત્ત્વની ઘટનાઓ તે જન્મ અને મૃત્યુની છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સુધીમાં આયુષ્ય પ્રમાણે જન્મ-મરણની ઘટના સતત ચાલ્યા કરે છે. જન્મની ઘટનામાં જેટલું વૈવિધ્ય છે તેથી વિશેષ વૈવિધ્ય મૃત્યની ઘટનામાં છે. વળી જન્મ કરતાં મૃત્યુની ઘટના મનુષ્યને વિશેષ સંવેદનશીલ અને ચિંતનશીલ બનાવે છે.

બધાંનું મૃત્યુ એકસરખું હોતું નથી. તેવી જ રીતે બધાનો ચેતનરહિત મૃતદેહ પણ એકસરખો હોતો નથી. કોઇકના શબને ઊંચકવા માટે ચાર ડાઘુઓ પણ મળતા નથી. કોઇકના મૃતદેહને નજરે નિહાળવાનું લોકો ટાળતા હોય છે. બીજી બાજુ કોઇ સંત-મહાત્માના મૃતદેહનાં અંતિમ દર્શન કરવા માટે હજારો માણસોનો ધસારો થાય છે. કેટલાક એ માટે હજારો માઇલનો પ્રવાસ પણ ખેડે છે. કોઇકનો મૃતદેહ તરત કરમાવા લાગે છે; કાળો અને વિરૂપ બનવા લાગે છે; કોઇકના મૃત ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા ઝગારા મારે છે.

મહાન સંતો અને યોગી પુરુષોના મૃતદેહ વિશે અવનવી ચમત્કાર ભરેલી ઘટનાઓ આપણે સાંભળીએ છીએ. સંત ફ્રાન્સિસ ઝેવિયરનો મૃતદેહ ચારસો વર્ષે પણ હજુ અસ્તિત્વમાં છે. (બસો વર્ષ પહેલાં એ કબરમાંથી અખંડ મળી આવ્યો હતો.)

મૃત્યુની આગાહી કેટલાકને અગાઉથી થઈ જાય છે. કેટલાક તો દિવસ અને સમય પણ નિશ્ચિત જણાવે છે. 'કાળજ્ઞાન' નામના પ્રાચીન ગ્રંથમાં અંતિમ ક્ષણની આગાહી-રૂપ વિવિધ લક્ષણો સમયમર્યાદાઓ સાથે દર્શાવવામાં આવ્યાં છે. મૃત્યુની બરાબર ક્ષણે ઘણાખરા માણસો ભાનમાં રહેતા નથી. કોઇકે વિરલ મહાત્માઓ એ ક્ષણે પણ પૂરેપૂરા જાગ્રત હોય છે.

જે કેવળજ્ઞાનીઓ હોય છે, તેઓ દેહની અંતિમ ક્ષણ સુધી, જડ અને ચેતનતત્ત્વના વિયોગની પળ સુધી સંપૂર્ણપણે જાગ્રત હોય છે. તે સમયે તેઓ શૈલેશીકરણ નામની ક્રિયા કરે છે. એની પહેલાં કેટલાક કેવળજ્ઞાનીઓ સમુદ્‌ઘાતની ક્રિયા પણ કરે છે.

જૈન ધર્મ પ્રમાણે કેવળજ્ઞાન પામ્યા પછી જ મોક્ષપ્રાપ્તિ છે. કેવળી ભગવંતો મોક્ષપ્રાપ્તિ પહેલાં સંપૂર્ણ કર્મક્ષય માટે તથા નવા કર્મ ન બંધાય તે માટે દેહ અને આત્માની જે બે મહત્ત્વની ક્રિયાઓ કરે છે તે અનુક્રમે સમુદ્‌ઘાત અને શૈલેશીકરણની છે.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એટલે એ એમનો ચરમ ભવ રહે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછીથી તે નિર્વાણના સમય સુધી ચાર અઘાતી કર્મો-આયુ, નામ, ગોત્ર અને વેદનીય બાકી રહે છે. ચારેય અઘાતીકર્મોનો ક્ષય થતાં જીવ નિર્માણ પામે છે, એટલે કે આત્મા મોક્ષ ગતિ પ્રાપ્ત કરે છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી કેવળી ભગવંતોને જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી આ ચારેય અઘાતીકર્મો ભોગવવાનાં રહે છે. પરંતુ એમાં આયુષ્યનાં સમય કરતાં બાકીનાં ત્રણ કર્મો ભોગવવાનો કાળ જો વધુ હોય તો તે એકસરખો કરવાને માટે એટલે કે એ બાકીનાં ત્રણે કર્મોની સ્થિતિ આયુષ્ય કર્મની સ્થિતિ પ્રમાણે કરવા માટે કેવળી ભગવંતો સમુદ્‌ઘાત નામની ક્રિયા કરે છે કે જેથી નિર્વાણ સમયે ચારેય કર્મોનો એક સાથે ક્ષય થાય. આયુષ્યકાળ છ મહિના કે તેથી ઓછો રહે ત્યારે તેઓ સમુદ્‌ઘાત કરીને વધારાનાં કર્મોને વહેલાં ભોગવી લે છે.

કેવળી સમુદ્‌ઘાત આઠ 'સમય'માં કરવામાં આવે છે. સમય એટલે જૈન પરિભાષા પ્રમાણે કાળનું સૂક્ષ્મતમ એકમ. આંખના પલકારા જેટલા કાળમાં આઠ

કે તેથી વધુ 'સમય' વીતી જાય છે. સમુદ્‌ઘાતમાં દંડ, કપાટ (કબાટ), પ્રતર (મંથાન) અને લોકપૂરણ (અંતરા) એ નામની ચાર ક્રિયા કરવામાં આવે છે. આ ક્રિયા માટે કેવળી ભગવંતો શરીરમાં રહેલા પોતાના આત્માને-આત્માપ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે. પ્રથમ સમયે તેઓ દંડ કરે છે. એટલે કે પોતાના આત્મપ્રદેશોને ચૌદ રાજલોકમાં લોકાન્તપર્યંત ઉપર નીચે એટલે કે ઉર્ધ્વ શ્રેણીએ અને અધો શ્રેણીએ ગોઠવે છે. એથી દંડ કે સ્તંભ જેવી આકૃતિ થાય છે. ત્યાર પછી બીજા સમયે, દંડ રૂપે બનેલા આત્મપ્રદેશોને દંડની બંને બાજુને (પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ દિશામાં) લોકાન્ત સુધી વિસ્તારે છે. એટલે કબાટ જેવી આકૃતિ થાય છે. ત્રીજા સમયે આત્મ-પ્રદેશોને બાકીની બે દિશાઓમાં લોકાન્ત સુધી વિસ્તારે છે. એટલે કબાટ જેવી આકૃતિ હવે પ્રતર અથવા મંથાન એટલે કે રવૈયા જેવી થાય છે. ત્યાર પછી ચોથા સમયે, બાકી રહેલા આંતરાઓમાં પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને લોકપૂરણની ક્રિયા કરે છે. આ રીતે ચાર સમયમાં કેવળી ભગવંતનો આત્મા ચૌદ રાજલોકમાં સમગ્ર વિશ્વમાં વ્યાપી રહે છે. દરેક આકાશપ્રદેશ ઉપર એકેક આત્મપ્રદેશને ગોઠવી તેઓ કાર્મણ વર્ગણાના વધારાના પુદ્‌ગલ પરમાણુઓને ખંખેરી નાખે છે. એમ કરવાથી નામ, ગોત્ર અને વેદનીય, એ ત્રણેય કર્મોની સ્થિતિ આયુષ્ય કર્મની સ્થિતિ જેટલી થઇ જાય છે. ત્યાર પછી કેવળી ભગવંત આત્મપ્રદેશોને સંકોચવાની ક્રિયા કરે છે. હવે એનો ક્રમ ઊલટો છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે અનુક્રમે લોકપૂરણ, મંથાન, કપાટ અને દંડને તેઓ સંકેલી લે છે. એમનો આત્મા હવે ફરીથી શરીરપ્રમાણ થઇ જાય છે. આમ આંખના પલકારા જેટલા કાળમાં કેવળી ભગવંતના શરીરમાં રહેલો આત્મા શરીર ઉપરાંત બહાર પ્રસરી, ચૌદ રાજલોકમાં વ્યાપી, ફરી પાછો પોતાના શરીરમાં આવી જાય છે. જે કેવળજ્ઞાનીઓની અઘાતીકર્મોની સ્થિતિ એકસરખી હોય તેઓને સમુદ્‌ઘાત કરવાની આવશ્યકતા રહેતી નથી.

શૈલેશીકરણની ક્રિયા બધા જ કેવળી ભગવંતો કરે છે. યોગનિરોધ દ્વારા શૈલેશીકરણ થાય છે. યોગ મુખ્યત્વે ત્રણ પ્રકારના છે: મનોયોગ, વચનયોગ અને કાયયોગ. ચિત્ત, વાણી અને શરીરના આ યોગ સૂક્ષ્મ અને સ્થૂલ (અથવા બાદર) એમ બે પ્રકારના હોય છે. જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી સ્થૂલ કે સૂક્ષ્મ પ્રવૃત્તિ છે, એટલે કે સ્થૂલ કે સૂક્ષ્મ યોગ છે. જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી શરીરમાં રહેલા આત્મપ્રદેશો કંપાયમાન રહ્યા કરે છે. જ્યાં સુધી આત્મપ્રદેશો કંપાયમાન રહે છે ત્યાં સુધી કર્મબંધન રહ્યા કરે છે. નવું અઘાતીકર્મ બંધાય નહિ તે માટે આત્મપ્રદેશોને શૈલેશની જેમ, મેરુ પર્વતની જેમ સ્થિર, અચલ કરવા જોઇએ. એ માટે મન, વચન અને કાયાના યોગોનો નિરોધ કરવો જોઇએ. કેવલી ભગવંતો જીવનની અંતિમ ક્ષણે બધા યોગોનો નિરોધ કરી, શૈલેશીકરણની ક્રિયા કરી, લેશ્યારહિત બની દેહ છોડી, જન્મ-મરણના પરિભ્રમણ-માંથી મુક્ત બની, મોક્ષગતિ પામે છે. એમનો દેહરહિત શુદ્ધાત્મા સિદ્ધશિલા ઉપર હંમેશને માટે બિરાજમાન થાય છે.

આમ સમુદ્‌ઘાત અને શૈલેશીકરણ એ બે સૂક્ષ્મ પ્રક્રિયાઓ છે. સામાન્ય માણસને તરત રસ કે સમજ ન પડે એવી એ ગહન વાત છે. આવું બધું ખરેખર હશે કે કેમ એવી શંકા પણ કેટલાકને થાય. તત્ત્વની જેમને રુચિ હોય અને સમ્યક્ શ્રદ્ધા હોય તેમને આવી સૂક્ષ્મ યોગપ્રક્રિયામાં જરૂર રસ પડે. જેને રસ પડે તેને આપણાં તત્ત્વજ્ઞાનમાં આવતી આવી ગહન વાતોનું આકલન કરતાં વિસ્મયનો અનુભવ થાય.

ઉપદેશક શ્રીકૃષ્ણ

તનસુખ ભટ્ટ

ગીતાને લાગેવળગે છે ત્યાં સુધી તેના ઉપદેશક શ્રીકૃષ્ણ કોઈ ઐતિહાસિક વ્યક્તિ છે કે નહિ તે બાબતનું કાંઇ જ મહત્ત્વ નથી. ગીતામાં જે કાંઇ મહત્ત્વનું છે તે દિવ્ય પરમાત્માનું અવતારરૂપે સદા આગમન, સંસારમાં દિવ્ય અને પરિપૂર્ણ જીવનનો નવસંચાર તથા માનવ આત્મા છે.

આમ છતાં શ્રી કૃષ્ણની ઐતિહાસિકતા વિષે પુષ્કળ પુરાવા સાંપડે છે. છાંદોગ્ય ઉપનિષદ દેવકીપુત્ર શ્રીકૃષ્ણનો ઉલ્લેખ કરીને કૌશીતકી બ્રાહ્મણના કથનાનુસાર તેમને સૂર્યના ઉદ્‌ગાતા પુરોહિત ઘોર આંગીરસના શિષ્ય તરીકે વર્ણવે છે.

ગીતામાં શ્રીકૃષ્ણને પરબ્રહ્મ અને તેમાં એકરૂપ, એકરસ એકાત્મ ગણવવામાં આવ્યા છે.

બ્રહ્માંડમાં જે સર્વવ્યાપક છે છતાં જે બ્રહ્માંડથી અતીત છે, સર્વે આભાસાત્મક દૃશ્યોની પાછળ રહેલું જે અવિચળ સત્ય છે, વિવિધતામય વિશ્વની પાછળ રહેલું જે એકતારૂપ સત્ય છે, તે પરબ્રહ્મ તરીકે શ્રીકૃષ્ણને ગીતામાં માનવામાં આવ્યા છે. જેઓ અવિનાશી પરબ્રહ્મને ઝીલે છે તેઓ તેને પામે છે. પરંતુ આ પ્રાપ્તિ ભારે પરિશ્રમને અંતે થઈ હોય છે, આવા મર્યોને માટે પરમાત્માનું દર્શન સરળ બનાવનાર શ્રીકૃષ્ણ પ્રકટ પરબ્રહ્મ છે. તેઓ પરમાત્મા અર્થાત સર્વાતીત ગણાય છે. તેઓ જીવભૂત અર્થાત સર્વેનું પ્રાણમય જીવન છે.

સામાન્ય અર્થમાં તો પ્રભુનો કદીય અવતાર થતો નથી. જન્મ અને અવતારની પ્રક્રિયાનો અર્થ મર્યાદા થાય છે, જે પ્રભુને લાગુ થતો નથી. અમુક સ્થળે અને અમુક પ્રસંગે પરમાત્મા પ્રકટ થયા છે એમ કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ એટલો જ હોય છે કે અમુક મર્યાદામય પુરુષ સંબંધમાં આ વિધાન ઉચ્ચારવામાં આવ્યું છે. પરમાત્મા કરોડો સ્વરૂપો ધારણ કરે છે, તેમાનું એક સ્વરૂપ તે શ્રીકૃષ્ણ છે. અવતાર એટલે માનવની આધ્યાત્મિક સાધનસંપત્તિનું અને અપ્રકટ દિવ્યતાનું પ્રદર્શન. અવતાર માનવ આકૃતિની મર્યાદામાં દિવ્ય વિભૂતિનું ઘનીભવન છે એમ કહેવા કરતાં દિવ્ય પરમાત્માના મિલનરૂપે ઓળખાતી ભૂમિકા સુધીનું માનવ જીવાત્માનું ઉન્નયન એટલે અવતાર એમ કહેવું ઠીક થઇ પડશે.

બ્રહ્મવિદ્યા એમ સિદ્ધ કરે છે કે શ્રીકૃષ્ણ તે પરમાત્માનું માનવ સ્વરૂપે અવતરણ છે, અખિલ બ્રહ્માંડના અધિષ્ઠાતાને જન્મની કે ફેરફારની જરૂર પડતી નથી. આમ છતાં તેણે અનેકાનેક જન્મો લીધા છે. શ્રીકૃષ્ણ વિષ્ણુનું માનવ સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે છતાં જગતને તેઓ જન્મધારી અને દેહધારી ભાસે છે. જેમ પરમાત્મા જગતની

(અનુસંધાન પાનું ૨૦૭ ઉપર)

ઘાતી–અઘાતી કર્મ અને કર્મમુક્તિ સાધના

© પનાલાલ જગજીવનદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ)

આમ સંસારી જીવને બે દશા વર્તે છે. એક તો અઘાતીકર્મના ઉદયવાળી એવી પાપ-પુણ્યના ઉદયરૂપ આહ્વદશા, જે દેહાદિ અર્થાત આયુષ્ય કર્મ, વેદનીય કર્મ, નામ કર્મ અને ગોત્ર કર્મ છે. અને જીવનની બીજી દશા તે ઘાતી કર્મના ઉદયવાળી અઢાર પાપ સ્થાનકોના ભાવયુક્ત કષાય, અજ્ઞાન, મોહભાવ, દેહભાવવાળી અભ્યંતર એવી આંતરદશા.

મોહનીયકર્મ એ મુખ્ય અને સૂક્ષ્મ ઘાતીકર્મ છે. એ મોહને રમવાના રમકડાં સ્થૂલ એવાં અઘાતીકર્મો છે. આમ અઘાતીકર્મનું મૂળ ઘાતીકર્મ છે. અને ઘાતીકર્મનું મૂળ મોહ અને અજ્ઞાન છે.

મોહ અને અજ્ઞાનને ખતમ કરવાથી ઘાતીકર્મોનો સર્વથા નાશ થાય છે. પછી અઘાતીકર્મો કાળક્રમે પૂરાં થતાં અજન્મા બનાય છે.

અઘાતીકર્મોનો પ્રધાન સબંધ શરીર સાથે છે. અને શરીરનો સંબંધ આત્મપ્રદેશની સાથે છે, જ્યારે ઘાતીકર્મોનો પ્રધાન સંબંધ મન સાથે છે, અને મનનો સંબંધ ઉપયોગ સાથે છે, જે ચેતના છે.

આમ અઘાતીકર્મો કાયયોગ પ્રધાન છે, જ્યારે ઘાતીકર્મો મનોયોગ પ્રધાન છે.

ઘાતીકર્મો ઉદ્યમ અર્થાત્ પુરુષાર્થ પ્રમાણે છે; જ્યારે અઘાતીકર્મો ભવિતવ્યતા અર્થાત્ પ્રારબ્ધ કે નિયતિ પ્રમાણે છે.

આત્માના ઉપયોગ ઉપર અશુદ્ધિ ઘાતીકર્મોની છે. જ્યારે આત્માના પ્રદેશ ઉપર અશુદ્ધિ અઘાતીકર્મોની છે. અઘાતીકર્મોની શુભાશુભ અશુદ્ધિ એ ઉપયોગ ઉપરની ઘાતીકર્મની અશુદ્ધિનું જ પરિણામ છે.

આમ એ સ્પષ્ટ થાય છે કે ઘાતીકર્મો આત્માના ઉપયોગ (જ્ઞાન-દર્શન ઉપયોગ)ની નિત્યતાને અર્થાત્ અવિનાશિતાને આવરે છે; જ્યારે અઘાતીકર્મો આત્માના અરૂપીપણા, અશરીરી અદેહીપણાને આવરે છે.

આત્મા તન અને મનનો વળગાડ છે, જે દુઃખરૂપ છે; તન અને મનથી મુક્ત થવું તે મોક્ષ છે. દુઃખને રહેવાનું સ્થાન તન અને મન છે; જેણે તન અને મનને પોતાનાં માન્યા તે દુઃખી થવાનો જ છે. તનનું મૂળ મન છે, અને મનનું કાર્ય તન છે. માટે જ પ્રથમ ઘાતીકર્મનો એટલે મનનો નાશ થાય છે, અને પછી પ્રારબ્ધાનુસાર આયુષ્યકર્મ પૂરું થયે તનનો એટલે કે અઘાતીકર્મોનો અંત આવે છે કે કહો નાશ થાય છે. કષાય તથા નોકષાયના ભાવો અર્થાત્ મોહલાવો મનમાં હોય છે. એથી કષાય તથા નોકષાયના ભાવોનો નાશ થતાં મનનો અને તેની સાથે ઘાતિકર્મોનો નાશ થાય છે.

અઘાતીકર્મમાં જીવને પરાધીનતા છે. તેનું નામ જ ભવિતવ્યતા છે. અઘાતીકર્મ ઉપર તો સાચું દૃષ્ટિ-ઉન્મિલન થતાં જ વિજય પ્રાપ્ત થાય છે. અઘાતીકર્મ વિષે ભેદજ્ઞાન થતાં અઘાતિકર્મનું મહત્ત્વ જ નથી રહેતું. જ્યારે ઘાતીકર્મ વિષે પુરુષાર્થ વિના વિજય નથી.

ચાર પ્રકારનાં ઘાતિકર્મમાં મોહનીયકર્મ એ મળ છે. અંતરાયકર્મ એ વિક્ષેપ છે. અને જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીયકર્મ એ આવરણ છે.

મોહનીયકર્મના મળ કર્મયોગ એટલે કે જગત પ્રતિના પ્રેમ, મૈત્રી, કરુણા, પ્રમોદ, વાત્સલ્ય, ક્ષમા, દયા, દાન, સેવા, અહિંસા આદિના ભાવોથી દૂર થાય.

અંતરાયકર્મના વિક્ષેપને ઉપાસ્ય તત્ત્વ એવાં દેવ-ગુરુની ઉપાસનાથી અર્થાત્ ભક્તિયોગ જે સંયમ અને તપપૂર્વકનો હોય એનાથી દૂર થાય.

જ્યારે દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીયકર્મના આવરણને જ્ઞાનયોગ તથા ધ્યાનયોગ અર્થાત્ જ્ઞાન-ધ્યાનથી દૂર કરી શકાય.

ઘાતીકર્મની બધી પ્રકૃતિ પાપપ્રકૃતિઓ છે. જ્યારે અઘાતીકર્મની પ્રકૃતિઓ પાપ-પુણ્ય ઉભય પ્રકૃતિઓ છે.

અઘાતીકર્મની પુણ્યપ્રકૃતિ જેટલી જીવને રુચે છે તેટલી ઘાતીકર્મનો ક્ષય કરવાની ઇચ્છા થતી નથી. અને અઘાતીકર્મની પાપપ્રકૃતિ જેટલી જીવને કઠે છે તેટલાં ઘાતીકર્મ કઠતાં નથી. બાકી તો અઘાતીકર્મની પુણ્યપ્રકૃતિઓનો બંધ કરવો હશે તો તે પણ ઘાતીકર્મોમાં વિવેક કરવાથી જ થશે. જીવ જે ચારે અઘાતીકર્મનાં વિપાકોદયમાં પ્રતિક્ષણે પોતાના જ્ઞાન ઉપયોગમાં પુણ્યપ્રકૃતિઓનાં ઉદયને ઇચ્છે છે તે જ જીવના મોહભાવો છે.

આવાં આ ઘાતી અને અઘાતીકર્મજનિત અવસ્થાવાળા આપણે વર્તમાનમાં હોવા છતાં એ સઘળાંય કર્મને બાંધ્યાં છે આપણા પોતાના આત્માએ જ! એ કર્મને બળ કહો કે સત્તા, કોઇએ આપ્યાં હોય તો તે આપણા આત્માએ જ આપ્યા છે. કર્મને બાંધનારો ય આત્મા છે, કર્મને ભોગવનારો આત્મા છે, અને કર્મને તોડનારો ય આત્મા જ છે! બંધાનારાં કર્મ કરતાં બાંધનારો અને તોડનારો આત્મા ચઢિયાતો છે. આત્મા કર્માધીન નથી પરંતુ કર્મ આત્માધીન છે. કર્મનું સ્વતંત્ર વિશેષ બળ છે જ નહિ. જેનું વિશેષ બળ છે એવા આત્માનો વિશેષ વિચાર કરવાનો છે. આ તો રાજા અને એના હજૂરિયા જેવી વાત છે. જેમ રાજાના નામે જ રાજાનો હજૂરિયો રાજ ઉપર પોતાની સત્તા ચલાવે છે તેમ વિકૃત એટલે કે કર્મ, પ્રકૃતિનો અર્થાત આત્માનો જ આધાર લઇને પ્રકૃતિને જ દબાવીને પોતાનું જ રાજ–પોતાની જ સત્તા ચલાવે છે. માટે હવે આ કર્મજનિત અવસ્થામાંથી મુક્ત થવું હોય તો ઘાતીકર્મનો નાશ કરવાનો પુરુષાર્થ કરવો રહ્યો.

કર્માધીન અવસ્થા એ પરાધીન અવસ્થા છે. આત્માધીન અવસ્થા એ સ્વાધીન અવસ્થા છે. ભાવથી કર્મબંધ થાય છે. કર્મમાં બંધ છે. ભાવમાં બંધ નથી. ભાવ કરવામાં જીવ સ્વાધીન છે. કર્મનો ગમે એવો ઉદય હોય, આપણે આપણો ભાવ સુધારીને એટલે કે સમ્યગ્ બનાવીને સુધારો કરી શકીએ છીએ. એને જ તો ધર્મપુરુષાર્થ, મોક્ષપુરુષાર્થ કહેવાય છે. 'કર્મ સુધરે એટલે ભાવ સુધરે' એવું નથી. સાચું વિધાન તો એ છે કે ભાવ સુધરશે તેમ તેમ કર્મનો નાશ થતો જશે. બાકી બહારનાં સત્તા, સંપત્તિ, સામર્થ્ય આદિ કર્મના ઉદયે મળવા એ પ્રારબ્ધ છે. અને આત્માને મળ, વિક્ષેપ, આવરણથી મુક્ત કરી આત્માને નિરાવરણ શુદ્ધાત્મા,

પૂર્ણાત્મા, પરમાત્મા બનાવવો તે પુરુષાર્થ છે. પરિણામ જે આવે એ પ્રારબ્ધાનુસાર છે. પ્રારબ્ધ પર વસ્તુ સંબંધે છે. અને તે પરાધીનતા છે. વસ્તુ મળે પણ ખરી અને ન પણ મળે.

ભાવ પ્રમાણે કર્મબંધ થાય છે એ યાદ રાખી આપણે સારા ભાવ કરતાં શીખવું જોઇએ અને ભાવ પ્રમાણે કર્મ પ્રતમ થાય છે તેથી સારા ભાવ રાખવા જોઇએ. ભાવ આત્માનો કર્મના ઉદયને જાળવવાના નથી. ભાવ આત્માનો છે. કર્મના ઉદયને જાળવવાના નથી. જાળવવાનો તો આત્માના ભાવને છે. ધર્મકથાનુયોગમાં કથાપાત્રના કર્મોદયને એટલે કે પુણ્ય-પાપના ઉદયને ન જોતાં તે તે વ્યકિતમાં-પાત્રમાં રહેલ આત્મભાવને જોતાં શીખીશું તો આત્માભાવને પામીશું. આત્મા ભાવ કદી પુદ્‌ગલદ્રવ્યથી ખરીદી શકાતો નથી. આત્મભાવ – બ્રહ્મભાવ– દિવ્યસંપત્તિ જે આપણા આત્મામાં છે તે આપણે કેળવવાની છે, વિકસાવવાની છે.

અઘાતીકર્મનો ઉદય જેમ ચાલે છે એમ ચાલવા દેવો, થાય છે તેમ થવા દેવું અને વચ્ચે દખલ કરવી નહિ. તેના કર્તા યા ભોકતા બનવું નહિ. અઘાતીકર્મના ઉદયના અકર્તા, અભોકતા બનીએ તે સમભાવ છે. એમાં કર્મના ઉદયની અસર ન લેતાં અસંગ, નિર્લેપ, સ્થિતપ્રજ્ઞ બની રહેવાનું છે.

જાગૃતાવસ્થામાં ગુણપ્રાપ્તિ વખતે દ્વેષરહિતતા આવે તો તેના ફળરૂપે ધ્યાન અને સમાધિ મળે છે, જે ધર્મનું ફળ છે. એ ફળ તત્સમય-તત્કાળ છે. એ જ સમયે તૃપ્તિની, શાંતિની, સમતાની, આનંદની અનુભૂતિ થાય છે. જ્યારે કર્મનું ફળ રોકડું–તે જ સમયે પ્રાપ્ત નથી થતું પરંતુ કાળાંતરે, બંધાયેલ કર્મ, સત્તામાં ગયેલ હોય તે ઉદયમાં આવે ત્યારે પ્રાપ્ત થાય છે. જઘન્યથી અંતર્મુહૂર્ત બાદ અને ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમની પૂર્વે કર્મફળની પ્રાપ્તિ હોય છે. ધર્મતત્ત્વ, ભાવતત્ત્વ, એકાંતે આત્મદ્રવ્ય છે. જ્યારે કર્મતત્ત્વ એકાંતે પુદ્‌ગલતત્ત્વ છે. પુદ્‌ગલદ્રવ્ય છે, કર્મના નાશથી તે જ સમયે કેવલજ્ઞાન નિરાવરણ થાય છે. અને એ જ સમયથી સ્વરૂપાનંદ બ્રહ્માનંદ–આત્માનંદ–પૂર્ણાનંદ વેદાય છે. ધર્મતત્ત્વને નથી તો ભૂત કે નથી તો ભવિષ્ય. ભૂત અને ભવિષ્ય તો કર્મતત્ત્વ છે, કે જ્યાં પુદ્‌ગલના પર્યાયોના પરિવર્તનની આવશ્યકતા છે. ધર્મતત્ત્વમાં તો આત્માના અપ્રગટ અને સુષુપ્ત એવાં પ્રાપ્ત ગુણોનું પ્રાદુર્ભાવન, પ્રગટીકરણ છે. ઉધાર એનું નામ કર્મ! કર્મ ઉધાર છે. આજે રોકડું એનું નામ ધર્મ છે! ધર્મનું ફળ ઉપર જણાવ્યું એમ રોકડું છે. ધર્મનું ફળ એટલે દ્વેષરહિતતા, અને તનમનની દુઃખરહિતતા, કર્મબંધ નવો ન થવો તે ધર્મનું રોકડું ફળ છે. ઉદયમાં આવેલ કર્મવેળાએ જ્ઞાનદશામાં વર્તવાથી જાગૃતતાએ નવો કર્મબંધ નથી થતો અને સત્તામાં રહેલ કર્મોની સકામ નિર્જરા થાય છે. જ્ઞાનદશામાં વર્તવાથી કર્મના ઉદય માત્ર દૃશ્યરૂપ વર્તે છે. પરંતુ તેની લેશમાત્ર અસર થતી નથી.

દર્શનાવરણીય કર્મના ઉદય ટાણે નિદ્રા સમયે આઠે કર્મના ઉદયની લેશમાત્ર અસર જીવને થતી નથી. રોગ કે શાતા-અશાતા વેદનીયની પણ અસર થતી નથી. એ જ પ્રમાણે જાગૃત અવસ્થામાં જ્ઞાનદશામાં રહીને તન અને મનના દુઃખની લેશમાત્ર અસર ન લેતાં કર્મનો ઉદય નિર્જરી જાય છે, અને નવીન કર્મબંધ થતો નથી. આ જ્ઞાનદશા એ જ ધર્મનું રોકડું ફળ!

તીર્થંકર ભગવંતો પણ દીક્ષા ગ્રહણ કરી જબરજસ્ત આત્મપુરુષાર્થ ફોરવતાં હોય છે. તેઓ ત્યારે ઉપસર્ગો વચ્ચે પણ સ્વરૂપભાવમાં રમણ કરતા હોય છે. અને ત્યારે જ તેઓ સર્વ ઘાતીકર્મ રહિત થઇને કેવલજ્ઞાન પામે છે. તે જ પ્રમાણે આપણે પણ ભૂતકાળમાં ધર્મજનિત શુભભાવ-સમ્યગભાવ કરેલ હોવાથી વર્તમાનમાં અઘાતીકર્મની પુણ્ય-પ્રકૃતિ ઉદયમાં આવીને પુણ્યના સુખનાં સાધનો વચ્ચે બેસાડે છે. છતાં તેમાં મૂર્છિત નહિ થઈ જતાં જાગૃત રહી સ્વયં સ્વરૂપભાવમાં રમણતા કરવાની છે. તેમ કરીશું તો જ સ્વરૂપની, પૂર્ણતાની, કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી શકીશું. એ ન ભૂલવું કે સમ્યગભાવના પ્રતાપે પુણ્યબંધ થાય છે. પરંતુ પુણ્યબંધના ઉદયને આધીન સમ્યગભાવ રહે જ એવું ન સમજવું.

કર્મનો ઉદય હોવા છતાં, તેમ જ કર્મો સત્તામાં બેઠાં હોવા છતાં આપણે શુદ્ધ આત્મપર્યાયની ચિંતવના વડે તત્ત્વજ્ઞ થયેલ હોવાથી કર્મના ઉદય ટાણે પણ તે કર્મની પ્રકૃતિ અને રસ નિરર્થક બનાવી શકીએ છીએ, રતિ ને અરતિથી, હર્ષ ને શોકથી પર થઇ શકીએ છીએ તે જ આત્માની મહાનતા છે.

નિદ્રામાં જીવ બાહ્ય સુખને કે દુઃખને વેદતો નથી અને છતાં શાંતિનો અનુભવ હોય છે. તે જ મુજબ જાગૃતાવસ્થામાં, અપ્રમત્તાવસ્થામાં વીતરાગતાના જે ગુણો આપણે કેળવતા હોઇએ, તે ગુણોને જો વેદતા હોઇએ, તો કર્મના ઉદયની વેળાએ કર્મનાં પ્રકૃતિ અને રસને બાળી શકીએ છીએ. અર્થાત્ નિરર્થક બનાવી શકીએ છીએ. ઉઘાડી આંખે જાગૃતાવસ્થામાં નિદ્રા જેવી સ્થિતિમાં રહેતાં શીખવું એ ધર્મસાધના છે. વીતરાગતાના બળે એવી ધર્મસાધના થાય છે. સંસારભાવયુકત જાગૃતાવસ્થામાં રાગ-દ્વેષ, કષાય, મોહાદિ ભાવો કરીએ છીએ. તો પછી પ્રશ્ન એ રહે છે કે જાગૃતાવસ્થામાં નિદ્રાવસ્થા એટલે શું? જાગૃતાવસ્થામાં સાક્ષીભાવમાં, નિર્લેપભાવમાં રહીએ અને મોહાદિભાવો ન કરીએ એ જ સ્થિતપ્રજ્ઞાવસ્થા, અને નિઃસ્પૃહતા. તે જ તો જાગૃતાવસ્થામાં નિદ્રાવસ્થા છે. નિદ્રાવસ્થામાં તો પ્રમાદ છે જ! અને તે દર્શનાવરણીય કર્મનાં ઉદયવાળી એવી કર્મજનિત અવસ્થા હોવા છતાં, ત્યાં ત્યારે મોહાદિ, કષાયાદિ ભાવો તેટલા સમય પૂરતા થતા નથી. અને તો ય આપણે પરમાત્મા બની શકતા નથી એનું કારણ પ્રમાદાવસ્થા છે અને કર્મજનિત અવસ્થા છે. જ્યારે જાગૃતાવસ્થામાં જ્યાં પ્રમાદ નથી ત્યાં પુરુષાર્થથી વીતરાગતા સેવતાં સેવતાં વીતરાગતાના બળે પરમાત્મા બની શકાય છે. પાંચે ઇન્દ્રિયો જાગૃતાવસ્થામાં ભલે જાગૃત રહે, પરંતુ તેને મોહાદિભાવ સાથે ન રાખતાં મોહાદિ ભાવોને નિદ્રાવત્ બનાવી દઇને અને સ્વભાવમાં તન્મય થઇ જઇને, ક્રોધ લોભાદિ સર્વ કષાય ભાવો ઇન્દ્રિયજનિત ભાવો છે, અને તે ઇન્દ્રિયો માટે છે, તેથી તેવા કષાયાદિ ભાવોને નિદ્રાવત્ બનાવી, અર્થાત્ સુષુપ્ત કરી દઇને નિરર્થક બનાવવાના છે. આંતરક્રિયા છે, જે સાચી ધર્મસાધના છે અને તે આપણે કરવી જોઇએ. દર્શનાવરણીયકર્મ (નિદ્રા) ની તાકાત છે કે એમાં દેહભાન રહેતું નથી. તો જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની એવી તાકાત આપણે કેળવવી જોઇએ કે ઉત્થાન દશામાં જાગૃતાવસ્થામાં સ્વરૂપસ્થિત થઇને દેહભાન કેમ ન ભૂલી શકાય?

ગમે તે ધર્માનુષ્ઠાનમાં પ્રવૃત્ત હોઇએ એ ધર્માનુષ્ઠાનમાં ઉપયુંકત આંતરક્રિયા કરવા વડે કરીને જ કર્મના ઉપશમ (શમન) ક્ષાયોપશમિક (ભગવાને કર્યા એવા ભાવ) યાવદ્ ક્ષાયિક ભાવો (ભગવાને કર્યો એ જ ભાવ) ની-દોષયુકત ગુણ-દોષ રહિત ગુણ પ્રાપ્તિ થશે. મોહાદિભાવોને નિદ્રાવત્ કરીશું તો જ મરશે જાગૃત મોહાદિ ભાવ મરતા નથી પણ જીવને મારે છે.

સંસારીજીવોને કર્મ સત્તામાં પણ પડેલાં છે. તે નવાં કર્મનો બંધ પણ કરે છે અને ઉદયમાં આવેલ કર્મને પણ વેદે છે. આ સઘળીય કર્મજનિત અવસ્થામાં પ્રતિપળે આત્મા હાજર હોવા છતાં આત્મા, આત્માને એટલે કે પોતાને નથી વેદતો. પરંતુ કર્મજનિત અવસ્થાને, અર્થાત્ કર્મના ઉદયને વેદે છે. જ્યાં સુધી જીવ આત્માને નહિ વેદે ત્યાં સુધી જીવનો ઉદ્ધાર અર્થાત્ જીવનો નિસ્તાર નહિ થાય.

ગુરુ અને ગ્રંથ દ્વારા આત્માને જેમ જાણ્યો તેમ પોતાના જ આત્માને આત્મા વડે અનુભવવાનો છે એ મહત્ત્વનું છે. મોક્ષમાર્ગે જવા માટે જે કરવાનું છે, જે થવું જોઇએ તે આત્મા દ્વારા આત્મામાં થવું જોઇએ.

અઘાતીકર્મના ઉદયને ન વેદતાં કેવળ આત્માને વેદવો તે ધ્યાન છે. નાશ કરવાનો છે ચાર ઘાતીકર્મોનો અને વિજય મેળવવાનો છે ચાર અઘાતીકર્મો ઉપર. ઘાતીકર્મના સર્વથા નાશથી આત્માના જ્ઞાનાદિ ગુણો અવિનાશી અને અરૂપી બને છે.

તો હવે કર્મયુકત એવાં આપણે કર્મમુકત બનવા વિચારવાનું છે કે...હું એટલે કોણ? 'હું એટલે સિદ્ધાત્મા!' 'अहं ब्रह्माडस्मि।'

હું એટલે શરીર કે ચાર અઘાતીકર્મો અર્થાત્ નામ, ગોત્ર વેદનીય અને આયુષ્યકર્મની પ્રકૃતિઓ નહિ.

હું રૂપી નહિ પણ અરૂપી!

હું ઊંચ-નીચ, મોટો-નાનો નહિ પણ હું અગુરુલઘુ!
હું વિનાશી નહિ પણ હું અવિનાશી-અક્ષય-નિત્ય-સત્!
હું સુખી-દુઃખી નહિ; હું બાધ્ય-બાધક નહિ પણ
હું અવ્યાબાધ સુખી!

ખૂબી તો એ છે કે ચારે અઘાતીકર્મના ક્ષયે (નાશથી) કરીને આત્મામાં પ્રગટ થતા સિદ્ધત્વના ગુણો જીવને ચોંટેલા પુદ્ગલદ્રવ્યના ગુણધર્મના નિષેધરૂપ છે જેમ કે.....

આત્માના સિદ્ધત્વ (પરમાત્મત્વ)ના ગુણો	પુદ્ગલના ગુણધર્મો.
અરૂપીપણું	રૂપીપણું
અવ્યાબાધપણું	બાધ્ય-બાધકતા
અક્ષય-અવિનાશી સ્થિતિ	ક્ષયસ્થિતિ-વિનાશી સ્થિતિ
અગુરુલઘુ સ્થિતિ	ગુરુલઘુ સ્થિતિ

એ જ સૂચવે છે કે પુદ્ગલના બનેલાં કર્મને છોડીએ તો તેના એટલે કે પુદ્ગલના ગુણથી છૂટીએ. અને આત્માના પોતાના જે વિધેયાત્મક સ્વગુણો પોતામાં રહેલા છે એવા કેવલજ્ઞાન, કેવલદર્શન, ચારિત્ર્ય, તપ અને અનંતવીર્યશકિતને પામીએ.

તાત્પર્ય એ કે કર્મયુકત આત્માએ આત્મશકિત ફોરવી કર્મમુકત થવાનું છે અને તે માટે પ્રથમ એણે મોહનો નાશ કરી વીતરાગ બનવાનું છે, જે મોક્ષ પ્રતિના ત્રણ ચરણમાંનું પ્રથમ ચરણ છે. એ બારમું ગુણસ્થાનક છે. એ માટે સુખનો અર્થાત્ સુખની મળેલી સાધનસામગ્રીનો અને સુખની ઇચ્છાનો ત્યાગ કરી દેવાનો છે. છતાંય જો સુખ ભોગવવા વારો આવે ત્યારે વૈરાગ્યભાવ રાખી અનાસકત, નિર્મોહી, નિઃસ્પૃહી, નિર્લેપ, સ્થિતપ્રજ્ઞ બનવાનું છે, જ્યારે દુઃખ આવે ત્યારે જ્ઞાન-ધ્યાનથી દુઃખનો સામનો કરી, દુઃખને નહિ ભોગવતાં, અર્થાત્ દુઃખને નહિ ગાંઠતા, દુઃખની અસર ન લેતાં, દુઃખમાં દુઃખી ન થતાં સુખી રહીને દુઃખને ખતમ કરવાનું છે

કર્મનાં ઉદયને આધીન થનારો બહિરાત્મા છે કર્મના ઉદયનો આત્મબળથી ક્ષયોપશમ કરી કર્મને જે આધીન કરે છે તે અંતરાત્મા છે અને ઘાતીકર્મના ઉદયને જે સર્વથા ખતમ કરે છે એટલે કે ક્ષય કરે છે તે પરમાત્મા છે. આવી પ્રક્રિયાથી વીતરાગ બનેલ અંતરાત્મા વીતરાગતાની તાકાતથી અજ્ઞાનના પડળને હઠાવી સ્વ-આત્મક્ષેત્રે વિદ્યમાન કેવલજ્ઞાનને નિરાવરણ કરી સાકાર પરમાત્મા બને છે. આ મોક્ષ પ્રતિનું દ્વિતીય ચરણ છે, જે તેરમું ગુણસ્થાનક છે. અને અંતે આયુષ્યકાળ પૂરો થયે સર્વ અઘાતીકર્મની સ્થિતિ પૂરી થયે સાકાર પરમાત્મા નિરંજન, નિરાકાર, પરમાત્મા બની આત્મ પ્રદેશોને દેહપિંજરમાંથી મુકત કરી અનામી, અરૂપી, અવિનાશી, અશરીરી, અજન્મા, અક્ષય, અખંડ, અગુરુલઘુ, અવ્યાબાધ સ્થિતિને પ્રાપ્ત કરે છે, જે આત્માનું મોક્ષ પ્રતિનું તૃતીય અને ચરમ ચરણ છે. એ ચૌદમું ગુણસ્થાનક છે.

આ શકય ત્યારે જ બને જ્યારે આત્મા, આત્માને વેદે, આત્મા એના ઉપયોગને વેદે.

કર્મને વેદનારો કદી પરમાત્મા બની શકતો નથી. આત્માને સર્વથા વેદે એ જ પરમાત્મા બની શકે છે.

સંઘ સમાચાર

મંદબુદ્ધિનાં બાળકો માટે

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે ૮ થી ૧૫ વર્ષની ઉંમરનાં મંદબુદ્ધિનાં બાળકોનું એક મંડળ શરૂ કરવાનું વિચાર્યું છે. દર રવિવારે બાળકો માટે રમતગમત અને મનોરંજન આદિ કાર્યક્રમ તેમ જ બાળકોને નાસ્તો અને ભેટ આપવામાં આવશે. શારીરિક દૃષ્ટિએ ખોડખાંપણ વિનાનાં, ગુજરાતી ભાષા બોલી શકતાં મંદબુદ્ધિનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. સંઘના સભ્યોના મંદબુદ્ધિના બાળકોને પ્રથમ પસંદગી અપાશે.

રસ ધરાવતા મંદબુદ્ધિનાં બાળકોનાં મા-બાપ-વડીલોએ તા. ૨૦-૨-૮૪ સુધીમાં સવારના ૧૧-૦૦ થી ૬-૦૦ દરમિયાન સંઘના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

કે. પી. શાહ — ચીમનલાલ જે. શાહ
મધુબેન મેઘાણી — કે. પી. શાહ
સંયોજકો — મંત્રીઓ

હત્યા અને યુદ્ધની હિંસાના પ્રતિકારનું નવું દર્શન

© ડા. યશવંત ત્રિવેદી

પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાં, ખાસ કરીને ફિનોમિનોલોજિકલ મુવમેન્ટમાં, જેનું તેજસ્વી નામ હમણાં ઉમેરાયું છે તે છે ઇમેન્યુઅલ લેવિનાસ. જાક દરિદા જેવા સમર્થ ફ્રેંચ ચિંતકે લેવિનાસના વિચાર પર 'હિંસા અને અધ્યાત્મવિદ્યા' નામક બત્રોતેર પાનાંનો સુદીર્ઘ ચિંતનપૂર્ણ લેખ લખ્યો છે.

ઇમેન્યુઅલ લેવિનાસના 'વિચાર'માં મૂળ મુદ્દો છે: યુદ્ધની વિભીષિકા શા માટે છે? એનો કોઈ ઉપાય છે? હા.

લેવિનાસનો જન્મ રૂઢિચુસ્ત યહૂદી કુટુંબમાં ૧૯૦૬માં થયો છે. એમણે રશિયાના નિવાસ દરમિયાન સોવિયેત ક્રાન્તિ જોઇ છે; હિટલરના જર્મનીમાં યહૂદીઓ પર થયેલા અમાનુષી અત્યાચારોની તેને જાણ છે. પાછળથી એમણે ફ્રેંચ નાગરિકત્વ લીધું છે. લેવિનાસને પ્રતીતિ થઈ છે કે પશ્ચિમનું તત્ત્વજ્ઞાન હિંસા તથા શાંતિના પ્રશ્નો સંદર્ભ પૂરો પાડવામાં નિષ્ફળ નીવડ્યું છે. એટલે એમણે તત્ત્વજ્ઞાનના આ પ્રશ્નોની ઊંડી અને સંપૂર્ણ તપાસ કરી છે. હિંસા અને એકહથ્થુ સત્તાનાં ગેરમાર્ગે લઇ જતાં પરિણામો વિષે એમણે ચિંતાપૂર્વક વિચાર્યું છે. આધુનિક સંસ્કૃતિમાં ઊભી થયેલી કટોકટીએ તેમને ઊંડાણથી વિચાર કરતા કર્યા: અબ્રામ, ઇસાક અને જેકબના પ્રભુનું મૃત્યુ થયું છે? આઉશવિત્સની જર્મન હત્યાછાવણીમાં ચાલીસ લાખ યહૂદીઓની ઘોર કતલ પછી હવે ધર્મનો શો અર્થ કરવો? લેવિનાસના મનમાં નીતિમૂલ્યો માટે પ્રશ્ન જાગે તે સ્વાભાવિક હતું. ખૂબ ઊંડાણથી વિચાર કરતાં તેઓ 'હ્યુમેનિઝમ ઓફ ધ અધર મેન' ની ('ઇતર મનુષ્યના માનવતાવાદ'ની) નીતિ-પુરસ્કૃત ધર્મભાવના તરફ વળ્યા. એમણે યુલીસીસ અને અબ્રામનાં બે દૃષ્ટાન્તો યોજીને વાત સમજાવી છે. યુલીસીસને તેમણે પશ્ચિમના વસ્તુતત્ત્વ મીમાંસાના પ્રતીક રૂપે જોયો છે. હોમરના મહાકાવ્યનો નાયક યુલીસીસ અનેક સાહસો અને ભ્રમણો કરે છે. ગમે તેવાં ભયાનક સાહસો કરીને, એ હંમેશાં સાજોનરવો અને વિજેતા રહેવા સરજ્યો હોય તેમ, તેના વતન ઇથાકામાં પાછો ફરે છે. જ્યારે વીસમી સદીનો માણસ તો અનાત્મીકરણ પામેલો છે; એ 'એલીઅનેટેડ' અને 'ડીહ્યુમેનાઇઝ્ડ' માણસ છે. એ પોતાના મૂળ વતનથી છૂટો પડી ગયેલો છે. એટલે લેવિનાસે આધુનિક માણસ માટે બાઇબલના પાત્ર અબ્રામનું દૃષ્ટાન્ત યોજ્યું છે. દૈવી આદેશથી અબ્રામે પોતાનું ઘર છોડી દીધું અને એક અજ્ઞાત દેશની ખોજમાં નીકળી પડ્યો. જ્યારે એ ઘર છોડીને ચાલી નીકળે છે ત્યારે તેને ખબર છે કે તે હવે કયારે ય અહીં ફરી પાછો આવવાનો નથી. અબ્રામ હારાનથી કનાન દેશ જાય છે-હેબ્રોનમાં વસવાટ કરે છે. અબ્રામ 'દૈવી અન્ય'ની-'ડિવાઇન અધર'ની-ખોજમાં એક નવો દેશ ખોળવા નીકળી પડ્યો છે. માણસ અને ઇશ્વરનો સંબંધ બે સ્વાતંત્ર્યોનો સંબંધ છે.

માણસની રચવાથી સત્તા ખુલ્લી પડતાંની સાથે પ્રશ્નો ઊભા થવા માંડે છે. શરીર, મકાન, માલિકી-આ બધું તેના 'હું' બંધારણના અંશરૂપે હોય છે. આત્મા, ચેતના કે જાગરણના અર્થમાં નહિ, પણ આ હું જ્યારે માલિકી ભોગવનાર તરીકે પ્રકટ થવા માંડે છે ત્યારે માણસ કટોકટી તરફ ધકેલાય છે. અહમને લીધે 'હું' પેલી અનંતતાથી છૂટો પડી જાય છે અને તેને લીધે બધા પ્રશ્નો ઊભા થાય છે. 'એની'-પરમાત્માની-સાથેનો મારો સંબંધ કઈ રીતે ફરી બાંધી શકાય એ વિચારવાનું છે. ભાષા અને વાતચીત દ્વારા આ સંબંધ ફરી બાંધી શકાય એમ છે. હું તે 'અન્ય' સાથે વાત કરવાનું શરૂ કરું છું કે તરત મારા અહંને ત્યાગું છું. અહીં ત્યાગ અને ક્ષમાભાવ અગત્યની ઘટના છે. જ્યારે હું તેની સાથે વાત કરું છું ત્યારે 'તે' સંરક્ષણ વગરનો છે. આ સંરક્ષણ નૈતિક પ્રતિકારના સ્વરૂપનું હોય છે.

કોઇની હત્યા વખતે અનંતતા સાથેનો મારો સંબંધ પ્રતિકારને ઉશ્કેરે છે. આ વેળાએ 'એ અસીમ' સંરક્ષણ રહિત અને કારુણ્યમાં પ્રકટ થાય છે. આ પ્રસંગે મારો તેની સાથે સાવ નજીકનો સંબંધ બંધાય છે. તેને થતી વેદનાની તીવ્ર માત્રા મને સ્પર્શે છે. તેને થતા માનભંગ અને તેમાં જ થતી તેની માનવૃદ્ધિ, મારી તેની નજીક જવાની પ્રવૃત્તિ બની રહે છે. લેવિનાસે 'નજીક' માટે Proximity શબ્દ વાપર્યો છે.

લેવિનાસનો મત એવો છે કે માણસ અને ઇશ્વરનો સંબંધ સામાજિક કક્ષાનો છે. વળી એ એમ પણ માને છે કે ઇતિહાસનો ચુકાદો કંઇ શાશ્વત નથી. 'અદૃષ્ટે'-પરમાત્માએ-પોતાનું પ્રકટીકરણ કરવું જોઇએ, જેથી ઇતિહાસ આખરનો શબ્દ ન બની રહે. 'આ અદૃષ્ટ' ઘટના બને છે અને નકકર સ્વરૂપે તે આત્મલક્ષી રીતે ખોલે છે 'આ અદૃષ્ટ'ની ઉપર ઇતિહાસના ચુકાદાએ અપમાન અને માનભંગ ફેંકેલાં છે. તુલના ન કરી શકાય તેવી અવસ્થામાં દરેક વ્યકિતને પરમાત્મા ઓળખે છે. એટલે વ્યકિતની આત્મસંવેદનપરકતા ઇતિહાસના ચુકાદા કરતાં વધુ પ્રાચીન અને મૂળની છે. હત્યા વખતે પરમાત્મા મારા તરફ આરોપ મૂકીને જુએ છે. જ્યારે અજાણ્યાઓ, વિધવાઓ અને અનાથ બાળકોનો હક છીનવી લેવાય છે ત્યારે પ્રભુના દર્શનની પ્રક્રિયા ચાલે છે. જો હું મારી જાતને દર્શનની આ ચર્યા સન્મુખ ખુલ્લી રાખી શકું તો બીજાને થતા અન્યાયને સમજી શકું. બધું મારી પોતાની સંવેદના પર આધાર રાખે છે; મારી નૈતિક-ધાર્મિક આંતરદૃષ્ટિ પર આધાર રાખે છે. અનંતીકરણ (infiniti zation)ની પ્રક્રિયા નિરંતર અને જાતને ખુલ્લી મૂકીને જ કરી શકાય. (યુંગ જેને creating new level of Cons scious કહેતા હતા તેની નજીકની આ વાત છે.) એટલે જ ઇશુ વારંવાર પુનર્જાગરણની વાત કરતા હતા. મર્ત્યતાની વચ્ચે આ જાગરણ પ્રાપ્ત કરવાથી માણસ વયની અને મૃત્યુની મર્યાદાને ઓળંગી જાય છે; નવા સમયનું પરોઢ ઊગે છે. પૂર્ણ કાયાકલ્પ કરવાથી નવયૌવન મેળવીને માણસ આ કરી શકે શકે છે અલબત્ત ક્ષણિકતાને-ઐહિકતાને આત્મરક્ષિતાથી છૂટી પાડી નાખવાની નથી. આ આત્મલક્ષિતા એ સમાંતરે આંતર-આત્મલક્ષિતા (ઇન્ટર સબ્જેક્ટિવિટી) પણ છે, અને તે ફરી ફરીને નવો પ્રાણ પણ પૂરી લે છે. સંપૂર્ણ-શુદ્ધ ભવિષ્ય માનવજાતની

નૈતિક અને સામાજિક અવસ્થા પર આધારિત છે. જો આ શુદ્ધ પરિપૂર્ણ ભવિષ્ય પ્રાપ્ત કરી શકીએ તો હિંસા અને યુદ્ધ ટળે.

પરમાત્માનો સમય એ અનુભવાતીત સમય (transcendent time) સમય છે, એટલે એને પરિપૂર્ણતાની રૂપરેખામાં સમજીએ છીએ. એટલે એ સમય આપણી ઐહિક સભાનતાની ક્ષિતિજોમાં પ્રવેશતો નથી, પણ એ ધ્રુવીકૃત ધરાદાઓનો પદાર્થ બની શકે છે. ખ્રિસ્તી સંપ્રદાયમાં આ સમય એ અધ્યાત્મવિદ્યાનું ભવિષ્ય છે, કારણ કે તેને આપણા સમયથી અનંત મધ્યાંતરો દ્વારા જુદો પાડવામાં આવ્યો છે. આ મૃત્યુ-ન્યાય-સ્વર્ગ અને નરકના સંપ્રદાયના ભવિષ્યમાં (એસ્કેટોલોજિકલ ફ્યુચરમાં) નૈતિકતા અને યથાર્થનો કેન્દ્રાભિસરણ નક્કર ઘાટ ધારણ કરશે: (૧) મારા પરમાત્માની નજીકપણાનો ઘાટ; અને (૨) મારા અહં વગર મારા હોવાની શક્યતાનો ઘાટ.

જર્મન તત્ત્વચિંતક હાઇડેગર 'સત્ત્વ'માં પ્રકાશ આપતા અને ઊંચે ઊઠતા અનાવરણને (ડી-કન્સીલમેન્ટને) જુએ છે. ગ્રીક વિભાવના 'અલેથીઆ', એટલે કે અનાવૃત્ત-સત્ય પરથી એમને એ સૂઝે છે. લેવિનાસના મતે પરમાત્મા અપૌરુષેય અને નામરહિત છે જે વર્ષા કે ઉષ્ણતા જેવી અભિવ્યક્તિમાં પ્રકટ થાય છે. અનિદ્રાની અવસ્થામાં, રાત્રિમાં કે ભેદી ન શકાય એવા અંધકારમાં, જીવાત્માઓ વગર પણ, પરમાત્માનો અનુભવ થાય છે.

શરીર પીડા સહન કરે છે, ખોજ સહે છે. શરીર જીવનની ધીરજ છે. પીડા સહન ન કરવા જે માણસ આત્મહત્યા કરીને છૂટવા કરે છે તે પોતાના પ્રાણીધર્મથી નાસી છૂટવા કરે છે. માણસ પરમાત્મા સાથે ઉગમ પૂર્વેથી (Pre-origin સમયથી), તેના હોવાના જ્ઞાનની પણ પહેલાંથી, જોડાયેલો છે. એટલે માણસે તેના પડોશી સાથે પણ જવાબદારીપૂર્વક વર્તવાનું છે. માણસે ધીરજપૂર્વક સમર્પણ કરવાનું છે. આ સમર્પણને લીધે અહં અને યુદ્ધો અટકશે.

ઊભરાતા સદ્‌ભાવથી માણસ પડોશીને પ્રેમ કરતો થઈ જાય છે. ત્યારે તેનામાં દેવદૂતનો અંશ પ્રકટ થાય છે. પરમાત્માનો અલપઝલપ (in a trace) સાક્ષાત્કાર આવાં સત્કર્મોની ક્ષણોમાં માણસને થયા કરે છે. જીવનની અર્થપૂર્ણતા ફરી ફરીને સત્કર્મની ક્ષણોને શોધ્યા કરવામાં છે, જેથી એ ઉત્કટ ઝંખનાથી પ્રભુને પુનઃ પુનઃ પ્રાપ્ત કર્યા કરે.

લેવિનાસના વિચારમાં નવીનતા અને તાજગી છે; ઊંડાણના પરિમાણનું તેમાં ઉદ્‌ઘાટન છે. લેવિનાસે પશ્ચિમની સંસ્કૃતિમાં ઊભી થયેલી કટોકટી અને પશ્ચિમના વિચારની ઉગાર-શક્તિની નિષ્ફળતા સમજી લીધાં એટલે એક નવા વિચાર દ્વારા માનવજાતિને શાંતિ ભણી વાળવા તેણે પ્રયત્ન કર્યો છે. એટલે જ તેણે સામાજિક અને નૈતિક મૂલ્ય ધારણ કરતા નવા દર્શનની ખોજ કરી છે ભારતીય વિચારમાં જે જ્ઞાન, ભક્તિ, ધ્યાન, યોગ, પ્રેમ, પાંચ મહાવ્રતો, કરુણા, મૈત્રી, સમભાવ, મુદિતા જેવાં તત્ત્વો છે તેની નજીક લેવિનાસ આવી જાય છે. આપણે જીવનને ફરી અર્થ આપી માનવજાગરણના કામમાં લાગી જવા જેવું છે. આપણા દર્શનોમાંથી આપણે પશ્ચિમને જીવનનો અર્થ આપી શકીએ તેમ છીએ; આપણે પોતે પણ નવો અર્થ પામી પુનર્જીવન મેળવી શકીએ તેમ છીએ.

નેત્રયજ્ઞની મર્યાદાઓ અને વિશેષતાઓ

☼ સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

અભ્યાસ વર્તુળના ઉપક્રમે, તા. ૩૦-૧-૮૪ના રોજ, પરમાનંદ કાપડિયા સભાગૃહમાં નેત્રયજ્ઞના નિષ્ણાત શ્રી લીલાધરભાઇ ગડાનું ઉપરોકત વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

પ્રથમ શ્રી સુબોધભાઇ શાહે સૌને આવકાર આપ્યો હતો અને શ્રી પન્નાલાલભાઇ છેડાએ શ્રી ગડાનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકભાઇ ઝવેરીએ ચંદનહાર દ્વારા તેમનું અભિવાદન કર્યું હતું.

વ્યાખ્યાન શરૂ કરતાં શ્રી લીલાધરભાઇએ નેત્રયજ્ઞો વિષેની ખામીઓ અને ખૂબીઓ સમજાવતાં જણાવ્યું કે ઘણા નેત્રયજ્ઞો શ્રેષ્ઠીઓ અને રાજકારણીઓ દ્વારા પોતાના નામ માટે, પોતાના અહંને પોષવા માટે થતા હોય છે, ત્યાં ડોકટરો ન હોય એવા માણસો પણ ઓપરેશન કરતા હોય છે. કયારેક નાસુર હોય અને મોતિયાનું ઓપરેશન કરવામાં આવે છે– આવા કિસ્સાઓમાં વિના કારણ દદીને આંખ ગુમાવવી પડે છે. આવું જોઇએ છીએ ત્યારે ધ્રુજી જવાય છે.

આમ તો કદિ ન પહોંચી શકાય એવું વિશાળ આ કામ છે. ભારતમાં એંસી લાખ અંધો છે, તેમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર ન મળવાને કારણે થયેલા અંધોની સંખ્યા સાઠ લાખની છે.

કચ્છની દસ લાખની વસ્તીમાં એક લાખ આંખના રોગીઓ છે. તેમણે કહ્યું કે જ્યાં હોસ્પિટલની સગવડ નથી એવા વિસ્તારોને આવી શિબિરો દ્વારા આવરી લેવાની ખાસ જરૂર છે. આવું સ્થળ એવા કેન્દ્રસ્થાને હોવું જોઇએ કે જ્યાં બસની સુવિધા હોય, પાકું મકાન હોય, પાણીની સગવડ હોય અને સમથળ જમીન હોય.

આવી શિબિરોમાં મોટા ભાગના દદીઓ ખીલ, પરવાળા, વેલ, નાસુર જેવા માઇનર ઓપરેશન કે તાત્કાલિક સારવાર માગતા દદીઓ હોય છે. મોતીઆના ઓપરેશનવાળા દશ થી પંદર ટકા જ દદીઓ હોય છે. પરંતુ મોતિયા સિવાયના દદીઓને પણ તાત્કાલિક સારવાર ન મળે તેને કારણે લાખે ગાળે આંખ ગુમાવવી પડે છે. એ કારણે પણ આવા નેત્રયજ્ઞો ખૂબ જરૂરી છે. ખાસ કરીને વિટામિન એ અને ડી ની ખામીવાળાનું લીવર અને આંખ બગડતાં હોય છે. રતાંધળાપણાની તાત્કાલિક સારવાર નહિ મળવાના કારણે હજારો બાળકોએ આંખો ગુમાવી છે.

તેમણે કહ્યું કે તપાસ-કેન્દ્રો માટે પ્રચાર અને વ્યવસ્થાની તેમ જ નિષ્ણાત ડોકટરોની ખાસ આવશ્યકતા ગણાય.

આવા યજ્ઞોમાં સ્થાનિક દવાઓનું વિતરણ ખૂબ જ જરૂરી છે.

ઓપરેશન બાદ, જેમણે ઓપરેશન કર્યું હોય એ જ ડોકટર મારફત ડ્રેસિંગ થવું જોઇએ. આ ઉપરાંત ઓપરેશન વખતે શું શું સગવડો રાખવી, કઇ કઇ બાબતમાં જાગૃત રહેવું એના વિષે ખૂબ જ વિસ્તારથી વિગતો સમજાવી.

શ્રી લીલાધરભાઈ ભિંડા સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી છે અને બીજી અનેક સંસ્થાઓ સાથે સેવાવૃત્તિથી સંકળાયેલા છે. નેત્રયજ્ઞો માટે તો તેમણે જીવન સમર્પણ કર્યું હોય એટલું કામ કરે છે. પૂજ્ય રવિશંકરદાદાને મનોમન નમન કરી તેમણે કહ્યું નેત્રયજ્ઞનો દીવો પૂજ્ય રવિશંકરદાદાએ પેટાવ્યો. આને શિબિર નહિ પણ નેત્રયજ્ઞ જ કહેવાય.

આપણા દેશ માટે આ બહુ મોટો પ્રશ્ન છે. નેત્ર-શિબિરોનો અને તેટલો વ્યાપ વધવો જોઇએ. પરંતુ જેટલું કામ થાય તે ખૂબ જ ચીવટ તેમ જ જાગૃતિપૂર્વક થાય તે અગત્યની વાત છે.

વાર્તાલાપ ખૂબ જ રસપ્રદ અને માહિતીપૂર્ણ હતો.

રામનાં ત્રણ સ્વરૂપ

❖ અનવર આગેવાન

'રામ' શબ્દ કેટલો આહ્લાદક છે! કેટલો બધો ભાવથી ભરેલો છે! 'રામ' શબ્દના ઉચ્ચારથી જ માનવીને એક અદૃશ્ય બળ અને આશ્વાસન મળી જાય છે.

'રામ' શબ્દમાં અક્ષરો તો કેવળ બે જ છે, પણ એમાં અખૂટ-અનંત શક્તિ છે. રામનામના જપ દ્વારા આપણા અનેક સંતપુરુષોએ એ મહત્તમ શક્તિનો સાક્ષાત્કાર કર્યો છે, પરમની પ્રાપ્તિ કરી છે.

'રામ' શબ્દ ભારતીય સંસ્કૃતિ, ધર્મ અને આધ્યાત્મ સાધનાની ધ્રુવકડી છે. ગમે તે સંપ્રદાય, પંથ કે ધર્મનો સાધક હોય પણ 'રામ' શબ્દ કોઇને કોઈ રૂપે જપાતો જોવા મળશે. એટલું જ નહીં નિર્ગુણ પંથના ભક્ત-કવિઓ વચ્ચે તો એ સેતુબંધ બની ગયો છે.

નિર્ગુણમાર્ગી 'રામ' શબ્દનો જે અર્થ કરે છે, તેનાથી સાવ વિપરીત અર્થ સગુણોપાસક ભક્ત કરે છે. તો પણ બંને સંપ્રદાય રામને પરમ-શક્તિ સ્વરૂપે જ સ્વીકારે છે. આ રીતે ભક્તિમાર્ગમાં રામનાં બે સ્વરૂપ-સગુણ અને નિર્ગુણ પ્રચલિત છે. આ ઉપરાંત એમનું એક ત્રીજું સ્વરૂપ પણ છે, જેની સૌથી વધુ સરળ વ્યાખ્યા શ્રી તુલસીદાસજીએ કરી છે, જે ભક્તિમાર્ગને સ્પષ્ટ રીતે સમજાવે છે. એમનું પ્રથમ સ્વરૂપ 'गिरा ज्ञान गोतीत' છે એટલે કે મન, વાણી અને ઇન્દ્રીયોથી એ અગોચર છે, પર છે. બ્રહ્મ 'પરમ નિર્ગુણ' છે એ મત પ્રમાણે તો સગુણ-નિર્ગુણ બંને સંપ્રદાય એક જ છે. પરંતુ જે મન, વાણી અને ઇન્દ્રિય આદિથી અગમ્ય છે, ગુણાતીત છે એ જ્ઞાનનો પણ વિષય ભલે હોય પણ એ પ્રેમભક્તિનો આધાર બની શકતો નથી. બીજી રીતે એ જ્ઞાનનો પણ વિષય નથી. તુલસીદાસજી તો કહે છે, એ સ્વયં જ્ઞાનસ્વરૂપ છે. એને જાણવો, એમાં તદાકાર થવું જોઇએ. 'जानत तुमहिं तुमहिं होई जाई!'

રામના આ સ્વરૂપને જ્ઞાન દ્વારા પણ સમજી શકાતું નથી. આપણા જ્ઞાનની પણ મર્યાદા છે. આપણે માત્ર દૃશ્ય, ઇન્દ્રિયગમ્ય વસ્તુનો જ અનુભવ કરી શકીએ છીએ. એનાથી પર, નિરપેક્ષ, અદૃષ્ટ તત્ત્વ કેવું છે એ આપણે કયારેય જાણી શકતા નથી. પ્રિય સખા અર્જુનને પણ પોતાના વિરાટ સ્વરૂપના દર્શન આપવા માટે ભગવાને અર્જુનને દિવ્યદૃષ્ટિ આપી હતી, તો પણ એ મર્યાદિત બુધ્ધિ-શક્તિ બોલી ઊઠે છે કે, 'ના, પ્રભુ' આપના વિરાટ સ્વરૂપના દર્શન માટે મારી પાસે શક્તિ નથી, મને તો આપના નિત્ય પરિચિત રૂપના દર્શન કરાવો.' એથી જ ભગવાનનું આ સ્વરૂપ પામવું માનવી માટે અશક્ય છે.

વ્યક્તિગત રામ એ રામનું બીજું સ્વરૂપ છે. ભક્ત ભગવાનને પરિચિત સ્વરૂપે જ જોવા માગે છે. તેથી જ ભગવાન ભક્તના ભાવ અનુસાર એને દર્શન આપે છે. સ્વભાવ અનુસાર ભક્ત ભગવાનને સ્વામી, પ્રિય, મિત્ર, માતા-પિતા આદિ સ્વરૂપે જુએ છે. આ રામનું વ્યક્તિગત સ્વરૂપ જે ભક્તના સ્વભાવને અનુરૂપ બની જાય છે, એ ભક્ત ઉપર દયા કરે છે, ભક્તની રક્ષા કરે છે, એને મુક્તિ આપે છે, એ સગુણ છે, અને ભગવાનની આ સગુણતાને નિર્ગુણ ભક્ત પણ સ્વીકારે છે. આ વ્યક્તિગત પરમાત્મા ભક્તોના રામ છે. આ વિષે પણ બંને સંપ્રદાય એકસરખો જ મત ધરાવે છે. મતભેદ તો ત્રીજા અર્થમાં છે.

દશરથ સુત રામ :

ત્રીજા અર્થ પ્રમાણે રામ દશરથના પુત્ર અને અયોધ્યાના નરેશ છે. કબીર કહે છે તેમ :

दशरथसुत तिहुं लोक बखाना,
राम-नामका मरम है जना.

પાર્વતીજી પણ 'રામચરિતમાનસ'ના પ્રારંભમાં મહાદેવજીને પ્રશ્ન કરે છે કે રામ—દશરથપુત્ર છે કે કોઇ બીજી વ્યક્તિ? ભગવાન શંકર તુલસીદાસજીને આનો જે પ્રત્યુત્તર આપે છે તે એક રીતે નિર્ગુણવાદીઓનો જ ઉત્તર છે.

તુલસીદાસજી કહે છે:

तुम जो कहा राम कोउ आना,
जेहिं श्रुति गाव करहिं मुनि ध्याना,
जेहिं दमि गावहिं बेदबुध,
जहि धरहिं मुनि ध्याना,
सोइ दसरथ सुत भगत-हितं,
कोसल नाम सुजान.

આમ દશરથપુત્ર રામની વ્યાખ્યા 'રામચરિતમાનસ'માં અત્યંત વિવેકપુરઃસરની અને સ્પષ્ટરૂપે જોવા મળે છે. કાળ-ક્રમે આપણી એક શ્રદ્ધા દૃઢ થઇ ગઇ છે કે, પરબ્રહ્મ પરમાત્માએ જ સ્વયં ભક્તહિત કાજે દશરથપુત્ર રામ સ્વરૂપે અવતાર ધારણ કર્યો હતો.

ટૂંકમાં રામનું સાચું સ્વરૂપ સમજવા માટે ત્રણ પ્રકારની શ્રદ્ધાની કલ્પના કરવામાં આવી છે. વ્યક્તિગત વિભાવનાના ભાવાનુરૂપ રામ, સમષ્ટિગત શ્રદ્ધાનુસાર પરંપરાગત માન્યતા પ્રમાણેના રામ અને મન, વાણી અને ભૌતિક ઇન્દ્રિયોથી અગમ્ય એવા રામ. આ ત્રણેય સ્વરૂપોમાં રામનું બીજું સ્વરૂપ જ સગુણમાર્ગી ભક્તોનું ઉપાસ્ય છે. નિર્ગુણમાર્ગી ભક્તો સમષ્ટિગત શ્રદ્ધાનુસારના રામના સ્વરૂપનો સ્વીકાર કરતા નથી. તેઓ માત્ર પ્રથમ અને તૃતીય રૂપની વ્યક્તિગત વિભાવના પ્રમાણેના ભાવાનુરૂપ રામ અને નિર્ગુણ સ્વરૂપની જ ઉપાસના કરે છે.

આ રીતે રામનાં આ ત્રણેય સ્વરૂપો દ્વારા પરબ્રહ્મના પૂર્ણ અને બુધ્ધિગમ્ય સ્વરૂપને સમજી શકાય છે.

(૨૦૦ પાનાથી ચાલુ)

ઉત્પત્તિ કરે છે તેમ તે સ્વયં માનવદેહ ગ્રહણ કરે તો તેથી તેમની પૂર્ણતામાં કોઈ વધારો કે ઘટાડો થતો નથી.

ગીતા દર્શાવે છે કે અતળ ગહન અવકાશમાં પોતાની આકૃતિઓને તરતી મૂકનારો કોઈ એક દિવ્ય સરજનહાર છે. પ્રકૃતિ તેની કાચી સાધનસામગ્રી છે. તેમાંથી વ્યવસ્થા ઉપજાવવાની છે. કોઇ એક ઘનાંધકારમય રાત્રિને ઝળહળતી કરવાની છે. આ બંને વચ્ચેના સંઘર્ષમાં જ્યારે મડાગાંઠ પડી જાય છે ત્યારે તે અશક્ય ગ્રંથિભેદનને શક્ય કરવા કાજે દૈવી દખલ આરંભાય છે.

અવતારનો સિદ્ધાંત આધ્યાત્મિક જગતનો મુખરિત અવિર્ભાવ છે. જો ઇશ્વરને માનવીનો તારણહાર ગણવામાં આવે તો પછી જ્યારે પાપનાં પરિબળો માનવી આદર્શો (મૂલ્યો) ને તોડવાફોડવાની કે તેનું અવમૂલ્યન કરવાની ધમકી આપે ત્યારે ત્યારે તેણે પ્રકટ થવું જ રહ્યું. અવતાર એટલે ઇશ્વરનું માનવમાં અવતરણ અને નહિ કે માનવનું ઇશ્વરમાં આરોહણ. આવું આરોહણ તો મુકત બનેલા આત્માઓ માટે હોય છે.

કોઇક હેતુની સિદ્ધિ માટે દિવ્ય શકિત પોતાને અમુક મર્યાદામાં બદ્ધ કરી પછી પોતાને અવની ઉપર ઉતારે છે. તેવી મર્યાદાકાળે પણ તેની જ્ઞાનશકિત પરિપૂર્ણ હોય છે.

આ બે દૃષ્ટિઓ છે. માનવમાં રહેલા ઇશ્વર ઉપર તથા માનવમાં સદૈવ વિદ્યમાન દિવ્ય ચૈતન્ય ઉપર પણ ગીતા ભાર મૂકે છે. અવતરણની અને ઉન્નયનની બે દૃષ્ટિઓ દિવ્ય ચૈતન્યની સર્વાતીત અને સર્વવ્યાપક એવી બે બાજુઓ પ્રતિબિંબિત કરે છે. આ કારણે તેમને પરસ્પર અસંગત ગણાય નહિ.

જગતનું સ્થાન અને માયાની કલ્પના

જો પરબ્રહ્મનું મૂળભૂત સ્વરૂપ નિર્ગુણ અને અચિંત્ય હોય તો પછી જગત આભાસમાત્ર બની રહે છે તથા તેને બ્રહ્મની સાથે તાર્કિક દૃષ્ટિએ કોઇ સંબંધ રહેતો નથી જો કે પરબ્રહ્મ કંઈ સરજવતું નથી, કાર્યાન્વિત કરતું નથી કે સંકલ્પ સુધ્ધાં કરતું નથી તેમ છતાં શાશ્વતતામાં જે કંઈ પણ ગતિમય કે વિકાસમય પ્રતીત થતું લાગે છે તે સર્વે તેમાં જ સ્થિત છે, તેમાં જ આધારિત છે. તે સર્વેની સત્તા બ્રહ્મ વડે છે અને બ્રહ્મ વિના તેમનું અસ્તિત્વ અશક્ય છે. જગત બ્રહ્મને આધીન છે, બ્રહ્મ જગતને આધીન નથી. આ એકપક્ષી આધીનતા તેમ જ પરમ સત્યની અને જગતની વચ્ચેના સંબંધની અચિંત્યતા માયા નામની સંજ્ઞા વડે દર્શાવાય છે. જગત બ્રહ્મના જેવી મૂળભૂત સત્તા નથી તે જ રીતે તે માત્ર આભાસમય માયા પણ નથી. ધાર્મિક અનુભૂતિ દ્વારા પરમ તત્ત્વની એકાએક મળેલી ભાળ આપણને કેટલીકવાર જગતને અનર્થકારક અવળચંડાઈ કે ખોટી ગણતરી ગણવાને બદલે તેને માયારૂપ ગણતાં શિખવે છે. માયાનો એવો અર્થ નથી કે જગત સંપૂર્ણતયા અસ્તિત્વરહિત વસ્તુશૂન્યતા છે. આ જગત અપરિમિત અને અપરિમેયનું, બેહદ અને અનહદનું, મર્યાદાબદ્ધ પ્રાકટય છે. પરંતુ તો પછી આ મર્યાદાબદ્ધ આવિર્ભાવ જ શા માટે? જ્યાં સુધી આપણે પ્રયોગાત્મક ભૂમિકામાં ઊભા છીએ ત્યાં સુધી આ પ્રશ્નનો ઉત્તર આપવો શક્ય નથી.

દરેક ધર્મમાં પરમાત્મ તત્ત્વને આપણી સાદ્યંત, ગતિમય અને ગતિભંગમય કાળગણનાથી અનંતગણું પર લેખવામાં આવ્યું છે. શાશ્વતતાનો અર્થ કાળનો કે ઇતિહાસનો અસ્વીકાર કરવો એવો થતો નથી. શાશ્વતતા એટલે કાળનું ઊર્ધ્વીકરણ, કાળનું ઉદાત્તીકરણ, કાળ શાશ્વતતામાંથી કાચો માલ મેળવે છે અને તેમાં જ છેવટે પોતાની કૃતકૃત્યતા સમજે છે. ભગવદ્‌ગીતામાં શાશ્વતતા અને કાળની વચ્ચે વાદ-પ્રતિવાદ નથી. શ્રીકૃષ્ણના સ્વરૂપ દ્વારા શાશ્વતતા તથા ઐતિહાસિકતા વચ્ચે એકરૂપતા દર્શાવવામાં આવી છે. શ્રીકૃષ્ણ દ્વારા સાંસારિક સંચલનોને, દુન્યવી દેમારને, શાશ્વતતાના અતલ ઊંડાણમાં સમાવવામાં આવ્યાં છે.

ગીતા તત્ત્વજ્ઞાન વિષયક દ્વૈતવાદને માન્યતા આપતી નથી, કારણ કે માયાનો સિદ્ધાંત સત્યના સિદ્ધાંતને આધીન છે. પરબ્રહ્મના પ્રાકટય માટે માયા અતિ આવશ્યક એવી એક પળ છે. જગત આજે જેવું દેખાય છે. તેવું જો તે છે તો તે સંઘર્ષમય પરિબળોના પરિણામને કારણે છે, માનસિક તાણની અતિશયતાના કારણે છે. કાળપ્રધાન અને પરિવર્તનશીલ એવું આ જગત પરિપૂર્ણ થવા કાજે સતત મથે છે. અપૂર્ણતાને માટે પૂરેપૂરી જવાબદાર એવી માયા આ જગતનું એક આવશ્યક તત્ત્વ છે; કારણ કે જેમાં ઇશ્વરના સંકલ્પો સાકાર થતા હોય એવું એક માત્ર તે જ મૂળભૂત દ્રવ્ય છે. પુરુષ અને પ્રકૃતિ બંને એક આધ્યાત્મિક પૂર્ણતાને આધીન છે આ સમગ્ર જગત બંધનમાંથી મુકિત પામતાં, સંપૂર્ણપણે જ્યોતિર્મય સરજાતાં, પરબ્રહ્મનો સંકલ્પ સિદ્ધ થાય છે. અને પછી જગત સર્વે ભેદોથી પર એવા તેના આદ્ય, શુદ્ધ, સત્સ્વરૂપ કારણમાં લય પામે છે.

પરમાત્માને જેઓ નિરંજન નિરાકાર માને છે તેઓ સ્વપ્રાકટય માટે સામર્થ્યવાન ઇશ્વરને અવિદ્યાનું પરિણામ માને છે. પરમાત્મા સાથે તુલના કરતાં જે સંકલ્પશકિત ક્ષણભંગુર ભાસે છે તે સંકલ્પશકિત અવિદ્યા કહેવાય છે. પરંતુ અવિદ્યા આ કે તે જીવાત્માને વળગેલું હોય તેવું વિશેષ પ્રકારનું કોઇ વળગણ કે વળગાડ નથી. પરમાત્માનું સ્વપ્રાકટયનું સામર્થ્ય તે જ અવિદ્યા છે.

કેટલીક વાર મોહનું મૂળ માયા ગણાય છે. માયાના પ્રભાવને કારણે જ આપણે ભુલભુલામણીમાં અટવાતી, સત્યના દર્શનથી વંચિત રહેતી અને દૃશ્ય પ્રપંચમાં જ સદાય વસતી એવી અલ્પ, આંશિક બુદ્ધિ ધરાવીએ છીએ. પ્રકૃતિ તથા તેની વિવિધ ચેષ્ટાઓ વડે પરમાત્મારૂપી સત્ય ઢંકાયેલું છે. સંસાર છેતરામણો કહેવાયો છે; કારણ કે ઇશ્વર પોતાના સૃજન પાછળ સંતાયો છે. સંસાર પોતે છેતરામણો નથી પણ છેતરાવાના પ્રસંગો પૂરા પાડનારો છે. સત્યની શોધ માટે આપણે સર્વે નામરૂપોનું વિસર્જન કરી નાખી પડદાની પાછળ પહોંચવું જોઇએ.

સુધારો

તા. ૧ ફેબ્રુઆરીના અંકમાં 'વિજય કોનો : યમનો કે સાવિત્રીનો ?' નામના લેખના લેખક તરીકે ડો. કાન્તિલાલ કામદાર એમ છપાયું છે તે ભૂલ છે. તેને બદલે ડો. કાન્તિલાલ શાહ એમ હોવું જોઇએ. ભૂલ માટે ક્ષમાયાચના.

- તંત્રી

પ્રગતિ, પ્રામાણિકતા, પુરુષાર્થ

● મુનિ શ્રી વાત્સલ્યદીપ

પ્રગતિ સૌને પ્રિય હોય છે.
પ્રગતિને પણ સૌ પ્રિય હોય છે.

કિંતુ પ્રગતિ દરેકને પ્રાપ્ત થઈ જતી નથી. પ્રગતિ અને માનવની વચ્ચમાં પુરુષાર્થની મજબૂત સાંકળ રચાવી જોઇએ. પુરુષાર્થથી જે મળે છે તેમાં મેળવ્યાનો આનંદ હોય છે. કદાચ નિષ્ઠાપૂર્ણ પુરુષાર્થ પછી પણ સિદ્ધિની પ્રાપ્તિ ન થાય તો શોક નહિ જાગે. કેમ કે જે મહેનત કરી હતી એની નિષ્ઠામાં પોતાને સાંત્વના મળે છે. સફળતા પુરુષાર્થીના કદમ ચૂમે છે.

પુરુષાર્થ અને તે પણ પ્રામાણિક પુરુષાર્થ. આઝાદી મેળવ્યા પછી લોકો વધુમાં વધુ સ્વતંત્ર થતા જતા હોય તો એ પ્રામાણિકતાથી છે. નીતિનો સૂર્યાસ્ત થાય ત્યારે ભાગ્યનો મેરુ ઢળી પડે. દેશ અને દુનિયા પ્રામાણિકતાના માર્ગને આંતરીને ચાલવા ઇચ્છતા હોય ત્યારે એ મૂળ સંસ્કારધનને લોકોની સમક્ષ વ્યાપક સ્વરૂપે ધરવું રહ્યું.

પ્રગતિ, પુરુષાર્થ, પ્રામાણિકતા–આ ત્રણેય એક સાંકળના અંકોડા છે.

જાપાનની એક ઘટના સાંભરે છે. એક કૂલ જેવો નાનકડો બાળક રોજ શાળાએ જાય. સાંજના વખતે ઘર તરફ પાછો આવી રહ્યો હતો, ત્યારે એણે રસ્તામાં રૂપિયાનો સિક્કો પડેલો જોયો. બાળકસહજ કુતૂહલતાથી એ સિક્કો ઉઠાવી હાથમાં મસળ્યો, ત્યાં માતાએ શિખામણના કહેલા બે શબ્દો યાદ આવ્યા,

'બેટા, કોઈ દિવસ મહેનત વગરનું મેળવવાની વૃત્તિ રાખવી નહિ. રસ્તામાં પડેલી કોઇ વસ્તુ લેવી નહિ અને જો કોઇ કિંમતી વસ્તુ મળે તો તે પોલીસને સોંપી દેવી.'

આ શબ્દોની સ્મૃતિએ બાળકને સચેત બનાવી દીધો. પોલીસ થાણા પર પહોંચીને ફરજ પર હાજર રહેલા ફોજદારને કહ્યું:

'સાહેબ, મને આ રૂપિયાનો સિક્કો રસ્તામાંથી મળ્યો છે. મહેરબાની કરીને તે આપ લઇ લો.'

ફોજદાર નાનકડા બાળકની પ્રામાણિકતાને જોઇને રાજી થઈ ગયો. કિંતુ એક રૂપિયા જેવી નાની રકમને સરકારી તિજોરીમાં જમા કરવા માટે તેને આળસ થઇ. "આ બધી ઝંઝટમાં કોણ પડે" તેણે વિચાર્યું. પેલા બાળકને રૂપિયો પાછો આપતાં એણે કહ્યું:

'બેટા, આ રૂપિયો તને ભેટ આપું છું. તારી પ્રામાણિકતાથી હું ખુશ થયો છું. આ રૂપિયો લઈ જા અને તેની મિઠાઈ લઇને ખાજે.

બાળક તો રૂપિયો લઇને ઘરે આવ્યો. માતાને તે આપ્યો. બાળક પાસે રૂપિયો જોઇને આશ્ચર્યમાં પડી ગયેલી માતાએ પૂછ્યું:

'આ ક્યાંથી લાવ્યો?

બાળકે સઘળી વાત કહી એ સાંભળીને બાળકની માતા ફોજદારના વર્તન માટે ખિન્ન થઈ ગઈ. ઝડપથી ફોજદાર પાસે પહોંચીને ફરિયાદ કરી:

'તમે મારા બાળકને અનીતિના રસ્તે શા માટે દોરો છો? આજે તેને તમે મિઠાઇ ખાવા માટે રૂપિયો આપ્યો. કાલે તેની પાસે પૈસા નહિ હોય ત્યારે ક્યાંકથી અણહકકનું મેળવી લેવા ઇચ્છશે. આમ તમે આડકતરી રીતે પ્રગતિને બદલે અધોગતિ તરફ નથી દોરતા?'

એટલેથી ન અટકતાં તેણે પોલીસ ખાતાના વડાને પણ આ બાબતમાં ફરિયાદ કરી વડાએ ફોજદારને પૂછ્યું, ત્યારે ફોજદારે બચાવમાં કહ્યું:

'એ બાળકની પ્રામાણિકતા પર પ્રસન્ન થઇને મેં તેને એ રૂપિયો ભેટ આપ્યો હતો.'

પોલીસ ખાતાના વડાએ એને બરતરફ કરતાં કહ્યું:

'જો તમે તેની પ્રામાણિકતા પર ખુશ થઇને સાચા અર્થમાં નવાજવા ઇચ્છતા હતા, તો તમારે પોતાના ખિસ્સામાંથી તેને રૂપિયો ભેટ આપવો જોઇતો હતો, સરકારી નાણાં કોઇને ભેટ કરી દેવાનો કોઇને હક્ક નથી!'

આમ તો આ વાત બહુ નાની છે, પરંતુ એના વિચાર-બીજની ક્ષમતા મોટી છે, વિરાટ યાત્રાનો પ્રારંભ એક નાનકડા પગલાથી શરૂ નથી થતો?

પ્રામાણિક પુરુષાર્થની બીજી બાજુ અંતરમાંથી ઊગતી નિષ્ઠા છે. નિષ્ઠાને વફાદારીના સંકુચિત અર્થમાં મૂલવી ન શકાય. પ્રગતિના માર્ગે સિદ્ધિ સુધી પહોંચવાના આ તો શાનદાર પગથિયાં છે. નિષ્ઠાના શહૂર વિના સાચી પ્રગતિ શક્ય જ ક્યાં છે?

અમેરિકાના પ્રમુખ હુબર્ટ હૂવર યુનિવર્સિટીમાંથી ઇજનેર થઇને નીકળ્યા અને છાપામાં વાચ્યું કે અમુક કંપનીમાં ઇજનેરની જગ્યા ખાલી છે. તે તરત ત્યાં પહોંચ્યા, મેનેજરને નમન કરીને તેણે કહ્યું:

'મને નોકરી આપશો?'

મેનેજરે કહ્યું કે જગ્યા તો છે, પણ ઇજનેરની નહિ, ટાઇપિસ્ટની છે.'

હુબર્ટે વિચાર્યું કે જો જગ્યા છે તો તેનો ઉપયોગ કેમ ન કરવો? નિરર્થક બેસી રહેવું તેના કરતાં કાંઇક કામ કરવું સારું નહિ? એણે મેનેજરને અરજી કરી. મેનેજરે કહ્યું ત્રણ દિવસ પછી આવજો. ત્રીજે દિવસે ઓફિસમાં ગયો અને કામે ચઢી ગયો.

એક વખત મેનેજર ફરતો ફરતો ત્યાં આવ્યો એણે જોયું, હુબર્ટની આંગળીઓ કોઇ સિતારવાદકની અદાથી ટાઇપ-રાઇટર પર ફરી રહી હતી. મેનેજરે કહ્યું:

'મિત્ર, તમે તો ઇજનેર છો કે ટાઇપિસ્ટ?'

હુબર્ટે કહ્યું:

'સર, જે દિવસે હું આપને મળ્યો, તે દિવસે ગુરુવાર હતો, ટાઈપરાઇટર મને ચલાવતો આવડતું નહોતું. બજાર નીકળીને તે ભાડે લીધું. એના પર સખત મહેનત કરતો રહ્યો. મારી પ્રાર્થના અને મારો પુરુષાર્થ બન્ને ફળ્યાં.'

પ્રગતિઇચ્છુકના જીવનમાં સતત પુરુષાર્થ હોવો જોઇએ. પ્રમાદ ટાળવો જોઇએ, પ્રામાણિકતા શ્વાસના તાલની સાથે વહેવી જોઇએ.

એવા લોકો પ્રગતિને પ્રિય હોય છે.

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By/South 54
Absence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૩-૮૪ મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા.૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

હાઈ-વે પર અકસ્માતો

રમણલાલ ચી. શાહ

ભારતની વસતિ ઘણી વધી છે, પરંતુ જે રીતે હાઇ-વે પરના અકસ્માતોમાં ભારતમાં માણસો માર્યા જાય છે તે જોતાં માનવીના જીવનનું જાણે ખાસ કંઇ મૂલ્ય ન હોય એવું વલણ આપણાં સરકારી તંત્રોનું જણાય છે.

થોડા દિવસ પહેલાં મુંબઇથી નાસિકના રસ્તે કસારા પાસે એક જ દિવસમાં બે બસ ગબડી પડી, અને ઘણા માણસો તત્ક્ષણ મૃત્યુ પામ્યા. લગભગ દોઢેક મહિના પહેલાં એ જ ઘાટના વિસ્તારમાં એક બસ ઊથલી પડી હતી અને કેટલાક માણસો માર્યા ગયા હતા. થોડા સમય પહેલાં ઉત્તર ભારતમાં એક બસ-અકસ્માતમાં ઘણી મોટી ખુવારી થઇ હતી. જુદાં જુદાં સ્થળોમાં પ્રતિ વર્ષ પુષ્કળ અકસ્માતો થાય છે અને સેંકડો નિર્દોષ માણસોના પ્રાણ ચાલ્યા જાય છે. કોઇ દિવસ એવો પસાર નહિ થતો હોય કે જ્યારે છાપામાં કોઇક ને કોઇક અકસ્માતના સમાચાર નહિ આવતા હોય. એકાદ બે માણસોના મૃત્યુની ઘટના એટલી સામાન્ય થઈ ગઈ છે કે હવે એના સમાચારો પણ બહુ છપાતા નથી.

ભારતમાં જેટલી ઝડપથી વાહનવ્યવહાર વધ્યો છે એના પ્રમાણમાં સલામતીની વ્યવસ્થા વધી નથી. રેલવે તંત્રની મર્યાદિત શક્તિને કારણે તથા જ્યાં રેલવે પહોંચતી નથી એવા વિસ્તારમાં માણસો તથા માલસામાનને પહોંચાડવાની વધતી જતી જરૂરિયાતને કારણે આપણા દેશમાં વાહનવ્યવહાર ઘણો બધો વધી ગયો છે. એમાં પણ ટ્રાન્સપોર્ટ કંપનીઓની, ઉદ્યોગોની, વેપારી પેઢીઓની બસ તથા ટ્રકોના વ્યવહારનું પ્રમાણ ઘણું વધારે છે. વાહનવ્યવહારના પ્રમાણમાં વિશાળ રસ્તાઓની સુવિધા વધી નથી. આપણા હાઇ-વેને જર્મની કે અમેરિકાના હાઈ-વે જોયા પછી 'હાઇ-વે' કહેતાં સંકોચ થાય એવી દશા છે. આપણો દેશ વિકાસશીલ છે અને સર્વાંગીણ વિકાસ માટે ઘણાં જુદાં જુદાં ક્ષેત્રોમાં સરકારી આવક વપરાય છે. પરિણામે ધોરી રસ્તાઓ માટે ઓછાં નાણાં ફાળવવામાં આવે એ દેખીતું છે. તેમ છતાં એ નાણાંનો જો સરખી રીતે દૃષ્ટિપૂર્વક ઉપયોગ થાય તો માર્ગસલામતી ઘણી વધી શકે. રસ્તાઓ બાંધવાનું અને તેની વખતોવખત મરામત કરવાનું કામ સરકારીતંત્રનું છે. કોઈ ખાનગી પેઢી પોતાની માલિકીના રસ્તાની જેટલી માવજત કરે તેટલી માવજત સરકાર પોતાની માલિકીના રસ્તાની કરતી નથી.

આપણા રસ્તાઓ ઓછા પહોળા હોય છે અને વળાંકો ઘણા આવે છે. વળાંક ઉપર ગાડીને વળાંક આપવા વધારે જગ્યા જોઇએ એટલે કે સીધા રસ્તા કરતાં વળાંક ઉપર રસ્તાનું કદ મોટું હોવું જોઇએ એ સામાન્ય સિદ્ધાંત પણ આપણા રસ્તાઓ પર ઘણું ખરું નિહાળવા મળતો નથી. જાપાનમાં તો વળાંકો પહોળા હોય છે એટલું જ નહિ, ત્યાં મોટા અરીસા મૂકવામાં આવે છે જેથી સામેથી આવતું વાહન અરીસામાં દેખાય. આપણે ત્યાં તો એક જ માપે રસ્તો ચાલ્યો જાય છે. એટલે વળાંક ઉપર સામસામે બે ગાડીઓ આવી જાય ત્યારે ચલાવનારને સાવચેતી રાખતાં ઘણું કષ્ટ પડે છે. કેટલેક ઠેકાણે રસ્તા કરતાં પૂલ સાંકડા હોય છે ત્યારે પણ આની સ્થિતિ થાય છે.

આપણે ત્યાં હાઈ-વે ઉપર વિશ્રામસ્થાનો, પાર્કિંગ વિસ્તારો હોતા નથી. ટ્રક કે ગાડી બાજુ પર પાર્ક કરવા જેટલી જગ્યા પણ પાકી સડક પર હોતી નથી. કુદરતી હાજત માટે, ચાપાણી માટે કે કંઇ હેરફેર માટે રસ્તામાં જ એ ઊભી રાખવી પડે છે. એને લીધે સામસામી દિશામાંથી આવતી ટ્રક કે ગાડીઓને ઓવરટેઇક કરવામાં ઘણી મુશ્કેલી નડે છે અને અકસ્માતો સર્જાય છે દર પાંચ-દસ કિલોમીટરે બે-ત્રણ ટ્રક એક બાજુ ઊભી રહી શકે અને દર પચાસ કે સો કિલોમીટરે પંદર પચીસ ટ્રક ઊભી રહી શકે એટલી વધારાની પાકી સડક જો બાંધવામાં આવે તો પણ કેટલાય અકસ્માતો સહેજે નિવારી શકાય, પરંતુ આપણે ત્યાં રસ્તાઓના આયોજનમાં અનુભવ કે દૃષ્ટિનો અભાવ ઘણો જોવા મળે છે. આપણા અકસ્માતોમાં ટ્રકના અકસ્માતો વિશેષ હોય છે. પુષ્કળ વજન ભરેલી ટ્રકને પાકી સડક પરથી કાચી માટીના રસ્તામાં એક સાઇડ ઉપર ઉતારવાનું ટ્રક ચલાવનારાઓ પસંદ કરતા નથી, કારણ કે તેમ કરવા જતાં જો ટ્રકનું સમતોલપણું ચાલ્યું જાય તો કદાચ ટ્રક ઊથલી પડે. એટલે એક જ વાહન પસાર થઇ શકે એવા સાંકડા રસ્તાઓમાં સામેથી આવતી ગાડીને જગ્યા આપવાનું કેટલાક ટ્રકવાળાઓ છેલ્લી ઘડી સુધી વિચારતા નથી. એથી બંને ડ્રાઇવરોનાં પરસ્પરનાં અનુમાનમાં ફરક પડે છે અને અકસ્માત સર્જાય છે.

કેટલીય ટ્રક રસ્તામાં અધવચ્ચ બગડેલી પડી હોય છે.એના ડ્રાઇવર-ક્લીનર તેનું સમારકામ ત્યાં જ બેસીને કરે છે.એટલે જતી આવતી ગાડીઓને ત્યાં અગવડ પડે. રાતને વખતે ઉતાવળા ડ્રાઇવરોની ત્યાં સરતચૂક થતાં અકસ્માત થાય છે. આપણી ટ્રાન્સપોર્ટ કંપનીઓ એમના ડ્રાઇવરો પાસેથી ક્યારેક વધુ

પડતું કામ લે છે, ડ્રાઇવરોને રાતના ઉજાગરા હોય છે. એકાદ ઝોકું આવતાં અકસ્માત સરજાય છે. કયારેક ડ્રાઇવરો નશામાં ચકચૂર હોય છે. કયારેક પોતે ઊંઘી જઇને શીખાઉ કલીનરને ટ્રક ચલાવવા સોંપી દે છે. કયારેક તેમાં મર્યાદા કરતાં પણ વધું વજનવાળો માલ ભરવામાં આવ્યો હોય છે. કયારેક બે ડ્રાઇવરો વચ્ચે રકઝક થાય છે, કયારેક ઘરે પહોંચવાનો રઘવાટ હોય છે; કયારેક ટ્રક બહુ જૂની ને ખખડી ગયેલી હોય છે. આવા ઘણાં બધાં કારણોને લીધે ટ્રક-અકસ્માતો વારંવાર સરજાય છે. ઘણાખરા અકસ્માતો વળાંકો ઉપર થાય છે, અથવા માર્ગમાં અટકી પડેલા કોઇ વાહનની બાજુમાંથી સામસામે પસાર થવામાં થાય છે. રાતને વખતે આંખોને આંજી નાખતી સામી ટ્રકની લાઇટોને કારણે પણ અકસ્માતો થાય છે.

આપણા વિકાસશીલ દેશમાં મિશ્ર વાહનવ્યહાર હોય એ દેખીતું છે. રસ્તામાં પગે ચાલનારા માણસો. સાયકલચાલકો, બળદગાડીઓ, ઘોડાગાડીઓ, હાથલારીઓ, રેંકડીઓ, ગાય-બળદ કે ઘેટાં જેવાં પ્રાણીઓ, ખાનગી ગાડીઓ, બસો, ટ્રકો, રિક્ષા કે સ્કૂટરચાલકો વગેરે વિવિધ પ્રકારનો મિશ્ર વાહનવ્યવહાર હોય છે. દરેકની ગતિ અને પ્રકૃતિ એકસરખી નથી હોતી. પરિણામે વિષમતા સર્જાય છે; ઉશ્કેરાટ વધે છે અને સલામતી જોખમાય છે.

આપણે ત્યાં અકસ્માતો સર્જાય છે તેમાં વાહનચાલકો જેટલા જવાબદાર હોય છે તેટલા જ જવાબદાર આપણા રસ્તાઓ પણ છે. ચલાવનારની બેદરકારીનું પ્રમાણ ઘણું મોટું છે. બીજી બાજુ સલામતી કેમ વધારી શકાય તેના ઉપાયો ઓછા વિચારાય છે. અકસ્માતોનો અને તેનાં કારણોનો અભ્યાસ થતો નથી. રુશ્વતખોરી ઘણી બધી છે અને જેમને સલામતીની જવાબદારી સોંપવામાં આવી હોય છે એવા સરકારી માણસો પણ નિયમનો ભંગ કરનાર પાસેથી પોતાની કમાણી કરવામાં એટલા બધા રોકાયેલા હોય છે કે સલામતીનું હિત એમને હૈયે ઝાઝું રહેતું નથી.

દુનિયાના બીજા દેશોમાં અકસ્માતો નથી બનતા એમ નહિ, પરંતુ તેનાં કારણો અને તેનું પ્રમાણ એકંદરે જુદાં હોય છે. સલામતીની ઉપેક્ષા, બેદરકારી, ખોટી કરકસર, રસ્તા બાંધનારાઓની બેદરકારી અને એન્જિનિયરોની ભ્રષ્ટ અને બિનઆવડતભરી દૃષ્ટિ, અકસ્માતો અને એનાં કારણોના સર્વેક્ષણનો અભાવ, ઉપાયોનું વિલંબિત અમલીકરણ વગેરેને લીધે ભારતમાં અસંખ્ય નિર્દોષ માણસોનો ભોગ રસ્તાઓમાં લેવાય છે.

માર્ગમાં અકસ્માતો નિવારવા માટે જ્યાં વાહનવ્યવહાર પુષ્કળ છે ત્યાં રસ્તાઓ પહોળા કરવાની જરૂર છે, નાના-મોટા પાર્કિંગ વિસ્તારો કરવા જોઇએ. રસ્તાઓનાં નિરીક્ષણ માટે, બેફામ હાંકનારાઓને અટકાવવા માટે તથા ખાડાઓની દુરસ્તી માટે સરકારી વાહનોએ રાઉન્ડ મારવાં જોઇએ, અકસ્માતમાં ઇજા પામેલાઓને તરત તબીબી સહાય મળે એવી સગવડો થવી જોઇએ, રસ્તાઓનાં સાઇનબોર્ડ દૂરથી વંચાય એવા મોટા અક્ષરે હોવાં જોઇએ, અકસ્માતના સંભવવાળાં સ્થળોએ અગાઉથી ચેતવણી આપતાં સૂચક બોર્ડ હોવાં જોઇએ.

માર્ગસલામતી માટેની આ બધી બાબતોમાં અનુભવીઓ બીજી ઘણી બાબતો ઉમેરી શકે. પરંતુ એ બધું છતાં તંત્રમાં માણસો પ્રામાણિક હોય એની આવશ્યકતા સૌથી વધુ છે. વધુ નિયમો અને વધુ કાયદા એટલે પૈસા ખાવા માટેનાં વધુ નિમિત્તો એવી વર્તમાન સ્થિતિમાં આશાસ્પદ ચિત્ર પણ ઝાંખું બની જાય છે.

જૈન ધર્મનો પ્રાણ

❖ શેખરચન્દ્ર જૈન

'જૈન ધર્મનો પ્રાણ'-આ શબ્દો દ્વારા મને એ મૂળભૂત સિદ્ધાન્તો અભિપ્રેત છે જેને એનો મેરુદંડ યા સ્તંભ કહી શકાય અન્ય દર્શનોના સિદ્ધાન્તોથી પૃથક એ પોતાની સ્વતન્ત્ર સત્તાના પરિચાયક છે. મારી દૃષ્ટિએ આ ચાર સ્તંભ છે-૧. અહિંસા ૨. કર્મવાદ ૩. સ્યાદ્વાદ અને ૪. સમતાવાદ આ ચારેય સ્તંભો પર આખી ઇમારતની સુદૃઢતા યા મજબૂતી આધારિત છે. પાયાના પથ્થર પર નિર્મિત આ સ્તંભ જેટલા મજબૂત હશે, એટલી જ ઇમારત સ્થાયી અને સુન્દર હશે. સુન્દરતાની પ્રથમ પૃષ્ઠભૂમિ જ સ્થાયીપણું છે. કાળના અનેક પ્રહાર ઝીલીને ધ્વંસ અને નિર્માણની ચડ-ઊતર પછી પણ જૈનદર્શન અટલ રહી શકયું છે એના મૂળમાં આ પ્રાણતત્ત્વ જ છે. હીરા પર ધૂળ ચડી, પણ એની ચમક કોઈ હરી શકયું નહીં. વિશ્વને આજથી સેંકડો વર્ષ પહેલાં આ તત્ત્વોની જેટલી આવશ્યકતા નહોતી એટલી આજે છે. તો જોઇએ, કે આ તત્ત્વોની વિશિષ્ટતા શું છે, શા માટે છે.

સર્વ પ્રથમ 'અહિંસા'ને લઇએ.' આમ તો અહિંસા યા Non-Violence શબ્દની રટ પહેલાં કરતાં કેટલા ય ગણી વધારે વધી ગઇ છે, પણ એના હાર્દને બહુ ઓછા લોકો સમજ્યા છે. જો કે વિશ્વના લગભગ બધાં દર્શનોએ, ધર્મ-પ્રવર્તકોએ અહિંસાનો સ્વીકાર કર્યો, પણ પોતાની સગવડ મુજબ એમાં ફેરફાર પણ કરતા રહ્યા. પરિણામે અહિંસાની આડમાં વધુ આગળ વધીને ધર્મને નામે 'બલિ' થતા રહ્યા. ધર્મને નામે અનેક નિર્મમ હત્યાઓ થતી રહી. આવરણની ઓથે શિકાર થતા રહ્યા. જીભલોલુપ લોકો 'જીવ જીવનું ભોજન છે' કહીને પશુઓની હિંસા કરતા રહ્યા. પરંતુ, જૈનદર્શનમાં અહિંસાનું જે અર્થમાં પ્રતિપાદન હજારો વર્ષ પૂર્વે થયું હતું એમાં આજ લગી કર્યાય પણ, કોઇ પણ પ્રકારના સ્વાર્થ માટે પરિવર્તન કરવામાં આવ્યું નથી. અનેક સંઘર્ષો, આપત્તિઓમાં પણ હિંસાનો આશરો લેવામાં આવ્યો નથી. પરિણામ બહુ જ સુન્દર આવ્યું-હિંસકો હાર્યા, અહિંસાનો વિજય થયો. જૈનદર્શને પોતાના મૂળ સિદ્ધાન્તના આધાર તરીકે જ અહિંસાને પસન્દ કરી. 'એક હી સાધે સબ સધે' ઉક્તિ મુજબ એક અહિંસાની સાધના થવાથી જ લગભગ બધા દુર્ગુણો અને દુષ્પ્રવૃત્તિઓનો અન્ત આવે છે. બધાં અન્તરંગ અને બહિરંગ કાર્ય સધાઇ જાય છે.

અહિંસાનું જેટલું સૂક્ષ્માતિસૂક્ષ્મ વર્ણન અને જીવનમાં એનો ઉપયોગ કરવાની વાત જૈનદર્શનમાં છે એટલી વિશ્વના

(વધુ માટે જુઓ પાનું ૨૧૭ જું)

: પૂ. રવિશંકર દાદા સાથે થોડી ક્ષણો :

● જયાબેન શાહ

પૂ. રવિશંકર દાદા વધુ બીમાર છે એવો સંદેશો મળ્યો. ખોચાસણ છે એટલે ૨૨ મી સપ્ટેમ્બરે ત્યાં પહોંચી ત્યારે દાદા તો હંમેશની માફક શ્વાસન સ્થિત હતા. એમની પ્રજ્ઞાશક્તિ, શ્રવણશક્તિ, સ્મૃતિ, વાચાશક્તિ એટલી સતેજ છે કે એમને બીમાર કેમ કહેવાય ? શરીર ક્ષીણ થઇ ગયું છે એ વાત સાચી.

ખોચાસણ આશ્રમમાં શ્રી વિઠ્ઠલભાઈ અને દાદાના જ્યેષ્ઠ પુત્ર મેઘાવ્રત પંડિતજી સાથે વાતો થઇ ત્યાં ડોક્ટર આવી પહોંચ્યા. બી. પી. ૧૨૦, ૧૮૦, નાડી નોર્મલ છે. ગજબ છે ! આવી સ્થિતિમાં બધું નોર્મલ છે. છતાં સ્વજનોમાં ઉદાસી હતી. સૌ ગંભીર હતાં, મને કહેવામાં આવ્યું કે દાદાને ખાવાનું મન થતું નથી. બોલવાનું, કાંઇ સાંભળવાનું ગમતું નથી. આમ એકાએક ફેરફાર કેમ થઇ ગયો તેની વિમાસણમાં સૌ હતાં. દાદાના મનમાં કાંઇ ખટકો હશે ? વિઠ્ઠલભાઇએ કહ્યું, 'દાદા, જયાબેન આવ્યાં છે; દાદાએ 'એમ ? ઠીક.' એમ શબ્દોથી ને કાંઇક હાવભાવથી મારા આગમનની નોંધ લીધી. સાવ અનાસકત-નેલેપ લાગ્યા.

પહેલાં તો મેં દાદા પર રીસ ઉતારી, 'દાદા, એકાએક બોચાસણ આવવાનું કેમ નક્કી કર્યું ?' તો કહે, 'પંડિતજીએ કીધું કે દાદા હવે બોચાસણ ઘેર ચાલો. તો મેં કીધું કે ચાલો ત્યારે.'

દાદાને બોલવાનું બહુ રુચતું નહોતું. મેં કહ્યું, 'દાદા, તમે બોચાસણ આવ્યા તે મને તો ગમ્યું જ.' ત્યારે એમણે 'એમ!' કહીને વિસ્મય સાથે આનંદ પ્રગટ કર્યો. દાદા પરાણે બોલતા હોય તેવું લાગતું હતું. એટલે મે કહ્યું 'દાદા, સૂઈ જાઓ. વાતો કરતાં થાક લાગતો હોય એમ જણાય છે.' તો બોલ્યા, 'ના, થાક નથી લાગતો.' તેથી મેં પુછ્યું ' તો બોલવાનું ગમતું નથી ?' ત્યારે તેમણે ડોકું હલાવીને સંમતિ દર્શાવી.

બે દિવસ પહેલાં સુરેન્દ્રજી આવેલા ત્યારે દાદાનું આવું વલણ જોઇને એમણે કહેલું, 'દાદામાં બોલવાની શાંકત નથી એવું નહીં, પણ હવે બોલવાની વૃત્તિ નથી એવું જણાય છે.' એટલે મેં કહ્યું, 'દાદા, તમે તો કેટલી વાતો કરતા હતા ! હમણાં કેમ બોલતા નથી ? તમારું મન ના કહે છે ?' ત્યારે ભારપૂર્વક દર્શાવ્યું, 'હા.'

'દાદા, આમ તો તમારા અંતરનો તાર ઉપરવાળા સાથે કાયમ જોડાયેલો જ હોય છે પણ હમણાં કાંઇક વિશેષ તલ્લીન જણાઓ છો. બ્રહ્મલીન તો નથી થઇ ગયા ને?' ત્યારે દાદાએ 'હ' કહીને 'હા' ભણી.

'દાદા, તમે તો છેલ્લાં ૬૦ વર્ષથી ભગવાનનું જ કામ કરતા રહ્યા છો. તો પહેલાંની અને આજની મનઃસ્થિતિમાં તમને કાંઇ ફરક લાગે છે? તો ડોક હલાવીને જણાવ્યું કે 'હા'.

'દાદા, "બ્રહ્મલીન" એટલે શું તે સમજાતું નથી. તો જરા સમજાવશો ?' 'જા, નથી કાંઇ સમજાવવું તને.' ત્યાર બાદ થોડીવાર મૌન પ્રવર્તી રહ્યું.

ત્યાં તો જાણે સમાધિ તૂટી હોય ને બોલી ઊઠે તેમ દાદા બોલ્યા, 'તને બળબળતી રેતીમાં કેવી દોડાવી હતી તે યાદ છે?'

યાદ કેમ ન હોય ? વિરમગામ તાલુકાની એ પદયાત્રા તો મારા જીવનનો મહામૂલ્યવાન પ્રસંગ છે. મેં દાદાને જણાવ્યું, 'પણ દાદા, તમે રહ્યા ઊંચા તાડ જેવા. એક ડગલું ભરો ત્યાં વાંસ જેટલું અંતર કાપી નાખતા ને અમે સૌ તમારી પાછળ ઢસડાતા આવતા હતા. તેનો તમને ખ્યાલ હતો ?' ને દાદા હસી પડયા. મેં વાત આગળ ચલાવી, 'તમે તો ખુલ્લે પગે ચાલતા. તમારા પગ એવા મજબૂત કે કાંટાની શૂળો પણ તમારા પગ નીચે ભાંગી જાય, ઉનાળાની બળબળતી રેતીમાં પણ જાણે ટાઢક વળતી હોય તેમ તમે તો હેડયે જતા હતા. પણ અમારા પગે તો ફરફોલ્લા ઊઠેલા. હેં દાદા, ત્યારે તમને અમારી જરાય દયા નહોતી આવતી ?' દાદા ખૂબ હસ્યા. મેં કીધું, 'વજુભાઇએ મન ખાસ કહેલું કે એકવાર દાદા સાથે પદયાત્રા કરી આવો. તમને ઘણું ઘણું આપોઆપ સમજાઈ જશે.' વળી દાદા હસ્યા ને બોલ્યા 'એમ ?'

મેં કહ્યું, 'દાદા હવે તમે આરામ કરો ત્યાં કહે, 'તારાં દીકરો-દિકરી કયાં છે ? કેમ છે ? શું નામ એમનાં ?'

'બધાં મઝામાં છ,' એમ કહીને મેં વાત ટૂંકાવી.

વચ્ચે એક સ્વજને મમરો મૂકયો, 'દાદા, તમારે કાંઇ કહેવું છે ?' તો કહે, 'ના'.

મેં પૂછયું 'દાદા અમે ચીલાચાલુ કામ કર્યે જઇએ છીએ. રાહતનાં કામોનું પણ એમ જ. તમે કાંઇક માર્ગદર્શન આપો'. 'બધું બરાબર છે. ચલાવે રાખો.' દાદાએ નિસ્પૃહતાથી નિરસતાથી પતાવ્યું.

વળી પાછું મૌન. ત્યાં દાદા એકદમ બોલી ઊઠયા, 'તું "બ્રહ્મલીન" વાળી વાત કરતી હતી ને ? એવી જ વાત કર. "બ્રહ્મલીન" જેવાં, એવા ભાવર્થવાળા થોડાંક વાકયો બોલ તો મને એ ગમે છે; હું હસી પડી.

વળી કોઇએ કહ્યું કે દાદાએ હમણાં ખાવાપીવાનું તદ્દન ઓછું કરી નાંખ્યું છે. તમે કાંઇક ખવડાવો. મેં કહ્યું 'દાદાની ઇચ્છા ન હોય તો પરાણે શું કામ ખવડાવવું જોઇએ ?' પણ સ્વજનો હમેશા લાગણીવશ હોય છે ને પ્રિયજનનો જીવનતંતુ વધુ લંબાય તેવા તેમની સ્વાભાવિક ઇચ્છા હોય છે. પુંજાભાઈ દાદાને કહે કે જયાબેનના હાથે રસ પીશો ? મને થયું દાદા નારાજ થઇ જશે. પણ સહજભાવે દાદાએ મોઢું બોલ્યું ને થોડા ઘૂંટડા રસ લીધા. સૌને અને મને આશ્ચર્ય થયું.

'મંત્રી' નો છેલ્લો અંક ત્યાં પડેલો હતો. પંડિતજી મને કહે કે, 'તમે દાદા પાસે બેસીને કાંઇક વાંચી સંભળાવો.' મેં પુછ્યું, દાદા, વાંચું ?' તેમણે ઉદાસીનતાથી કહ્યું, 'હા વાંચો' થોડીવાર થઇ એટલે કહે કે 'તારી ઇચ્છા હોય તો તું ભલે વાંચ.' મેં કહ્યું, 'એમ શા માટે ? તમારી ઇચ્છા ન હોય તો શા માટે સંભળાવું ? તમને કોઇ વાંચી સભળાવે તેય હવે ગમતું નથી ને ?' તો કહે, 'હા.'

'દાદા, તમારામાં કાંઇક પરિવર્તન જણાય છે. તમને ખાવાનું ગમતું નથી, બોલવું ગમતું નથી, સાંભળવું ગમતું નથી. તમને કશી જ પ્રવૃત્તિ ગમતી નથી એમ જ સમજવું ને ?' તો કહે, 'એમ જ.'

મને થયું કે જીવનમાં એક એવી ભૂમિકા, એવો તબક્કો આવતો હશે જ્યારે પંચેન્દ્રિયો બહારની તમામ લીલા સંકેલીને અંતર્મુખ થઈને અંતરમાં સમાઈ જતી હશે. એને અંતરમાં કહો, બ્રહ્મમાં કહો કે, ઈશ્વરમાં જે કહો તે?'

મેં વાતનો દોર લંબાવ્યો, 'દાદા તમે સાઠ સાઠ વર્ષ વર્ષ સુધી ચાલ્યા, દોડ્યા, ખૂબ કામ કર્યું, બોલ્યા, ખૂબ શ્રવણભક્તિ કરી, નામ-જપ કર્યો. હવે આ બધું શું તમને ભારરૂપ લાગવા માંડ્યું છે?' તો કહે, 'હવે કોઈ વાંચે તે સાંભળવાની કે કાંઈ બોલવાની મને ઇચ્છા રહી નથી.' જ્યારે 'માંહલો' બીજે જ કયાંક સંગતિમાં ગુંથાઈ ગયો હોય ત્યારે શબ્દ-શક્તિ તેને ભેદીને અંદર પહોંચવા અસમર્થ પાંગળી બની જતી હોય છે એમ જ્ઞાની લોકો કહેતા આવ્યા છે.

દાદાના મનમાં ભૌતિક વ્યાવહારિક બાબતોની કોઈ ચિંતા હશે કે નહિ તે તો રામ જાણે. કદાચ હોય પણ ખરી. હમણાં સુધી તો દાદા ગુજરાત રાહત સમિતિના કામમાં રસ લેતા હતા. શ્રી વિઠ્ઠલભાઈ દિવસના ચારપાંચ કલાક વાંચે ને દાદા ધ્યાનપૂર્વક સાંભળે. વળી શબ્દમાં કયાંય ફેરફાર જણાય તો શબ્દકોષ મંગાવે અને ખરાઈ કરાવે ને પછી જ આગળ વાંચવાનું કહે. ચોકસાઈની ટેવ પહેલેથી જ. પણ હવે તો આ બધી જ બાબતો પોતાના માર્ગમાં અંતરાયરૂપ ભાસતી હોય તેવું જણાયું. મેં પૂછ્યું, 'દાદા, તમે તો એકદમ નિરકાર જેવા બની ગયા.' ત્યારે તેઓ મલકાયા, સ્મિત કર્યું. હવે દાદા માટે ગાંધી, વિનોબા, વેદ પુરાણ ગીતા, તમામ શાસ્ત્ર, ગ્રંથો, નામજપ-માળા, બધું જ જાણે અનંતના મહાસાગરમાં ઓગળીને એકરૂપ થઈ જતું હોય તેવો કાંઈક અનુભવ થતો જણાય છે. આખરે તો આ બધાં સાધનો પરમ વસ્તુને પામવા માટેનાં ઉપકરણો છેને! જ્યારે આ બધાં જ ઉપકરણો સાંસારિક ભાવો, નિર્જીવિષા બધું જ ખરી પડતું હોય પછી શેષરૂપે પરમ શાંતિ, પરમ માંગલ્ય, પરમાનંદની એક માત્ર અનુભૂતિ જ બાકી રહે છે. એમ અનુભવીઓનું માનવું છે. દાદાના કિસ્સામાં આ કેટલું લાગુ પડે છે તે તો ભગવાન જાણે. એમ છતાં દાદાના પરમ પંથ ભણીના મહાપ્રયાણની આ એંધાણી તો નહિ હોય ને એવો આછોપાતળો ભાવ જાણેઅજાણે મારા મનમાં જાગ્યો.

બોચાસણ છોડતાં પહેલાં દાદાની વિદાય લેવા ગયો. પ્રણામ કરીને મેં રજા માગી, 'દાદા, હું જાઉં ને? તદ્દન વિરકત ભાવે મને કહ્યું, 'જાઓ,' આટલું કહ્યું ન કહ્યું ત્યાં વળી શબ્દો સરી પડ્યા ' વજુભાઈ બહુ સુંદર માણસ હતા!' મને થયું: છેલ્લે છેલ્લે મને કેમ આમ કહ્યું હશે? પ્રેમસભર નિસ્પૃહતા, વિરકિત શી ચીજ છે તેનાં મને અહીં દર્શન થયાં. તેમની આ વિરક્તિએ મને બધુ ભીંજવી નાખ્યો. બીજી બાજુ જાણે કાંઈ જ ખાસ નાતો નથી તેમ અનાસક્તિભાવે નિસ્પૃહતાથી વિદાય આપી દીધી. આસક્તિ-અનાસક્તિનાં ઝરણાં જ્યારે એકત્ર થઈને સમરસ થઈ જાય છે ત્યારે કેવી નિર્વિકાર મનોભૂમિકા સર્જાતી હશે તેની મને આ ક્ષણે ઝાંખી થઈ અને આ બધું મનમાં ને મનમાં વાગોળતી હું અમદાવાદને રસ્તે પડી.

આકૃતિપરસ્ત રચનાઓ—એક ચર્ચા

ડૉ. હસમુખ દોશી

ગુજરાતના એક અગ્રણી કવિ-વિવેચક શ્રી નિરંજન ભગતે થોડા દિવસો પહેલાં અમદાવાદમાં શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના ઉપક્રમે ધર્મ, વિજ્ઞાન અને કવિતા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. અખબારી અહેવાલો પ્રમાણે અને ઉકત વ્યાખ્યાનના તદ્વિદો દ્વારા લેવાયેલાં તારણો દ્વારા તેમાંથી કેટલીક વિગતો જાણવા મળી. વકતાએ આધુનિક કાવ્યવિવેચનની પદ્ધતિઓ ઉપર પ્રહારો કર્યા. છેલ્લાં પચીસથી ત્રીસ વર્ષો દરમિયાન ગુજરાતી કવિતા ક્ષેત્રે આકૃતિ પરત્વે શ્રી સુરેશ જોષીએ જે અસર કરી છે, તેની કડક આલોચના કરવામાં આવી. ગુજરાતી સાહિત્યના એક અન્ય મુત્સદ્દી વિવેચક પ્રસિદ્ધ દૈનિકમાં તેની નોંધ લેતાં 'વકતાનું દૃષ્ટિબિન્દુ સમજવા જેવું છે' એમ પણ કહ્યું.

શ્રી નિરંજન ભગતના વિધાન પ્રમાણે: 'કવિતામાં લય, કલ્પન, સંરચના આદિ વિચારો તો માત્ર જેનાં સાધનો છે એ દ્વારા અને એ સાધનોની સંવાદિતા, સમતુલા અને સપ્રમાણતા દ્વારા કવિતાનું જે સાધ્ય છે, એટલે કે ક્ષણ માટે, ક્ષણાર્ધ માટે પણ જે રસસમાધિ છે, જે સંપૂર્ણ, સ્વાયત્ત, સંવાદી અને સમૃધ્ધ જીવનનું દર્શન છે એનું વિવેચન થયું નથી. મનુષ્ય, મનુષ્યજીવન અને વિશ્વના સંદર્ભમાં એક જીવનમૂલ્ય તરીકે કવિતાનું વિવેચન થયું નથી. કવિતાના વસ્તુવિષય અને અર્થનું વિવેચન થયું નથી. ટૂંકમાં એક કલાકૃતિ તરીકે કવિતાનું વિવેચન થયું નથી.' (1)

શ્રી નિરંજન ભગતનાં આ શબ્દો કેટલે અંશે સાચા છે? વર્ષો પહેલાં આ લખનારે આકૃતિવાદની એકાંગી ઉપાસના સામે કોઈને ન ગમે એવા શબ્દો લખ્યા હતા. કેવળ કવિતા-ક્ષેત્રે શા માટે? સાહિત્યના પ્રત્યેક ક્ષેત્રે શ્રી સુરેશ જોષી પ્રબોધિત વિવેચનધોરણો એક યા બીજી રીતિએ આપણા વિદ્વાનોએ કામે લગાડ્યાં છે એટલું જ નહિ, હજી પણ તો પ્રવાહ ચાલુ જ છે. પરન્તુ જ્યારે એ પ્રવાહ ઘણો ધટ્ટ હતો અને તેના વહેણમાં ખુદ શ્રી નિરંજન ભગત અને તેની અખબારી નોંધો લેનારા વિવેચકો પણ ધસડાયા હતા અને મોજથી કે ક્ષોભથી તેમાં તરતા હતા ત્યારે તે ધસમસતા વહેણની સામે તરવાની આ લખનારે હિંમત કરી હતી. મારો વિવેચનસંગ્રહ 'પરિપ્રેક્ષા' મહદ્ અંશે શ્રી સુરેશ જોષીની વિભાવનાઓના પ્રતિકાર રૂપે પ્રસિદ્ધ થયો હતો અને તેનું સમર્થન શ્રી રામ-પ્રસાદ બક્ષી જેવા, સામાન્ય રીતે શુદ્ધ કવિતાની અને નિર્ભેળ કલાઓના સર્જનની જિકર કરનાર વિદ્વાને ઘણી પ્રસન્નતાથી કર્યું હતું. શ્રી સુરેશ જોષીએ સ્વયં ખાનગીમાં આ સંબંધે મારી પીઠ થાબડી હતી અને એ રીતે પોતાની અપ્રતિમ વિભૂતા પ્રગટ કરી હતી. ભલે પછી જાહેરમાં મારા પ્રત્યે તેમનું વલણ અન્યથા હોય.

મારા બીજા વિવેચનસંગ્રહ 'અભિમત'નો પહેલો જ લેખ પણ આ વિશે લખાયો હતો. તેમાં મેં લખ્યું હતું: 'સાહિત્ય જીવન સાથે સંલગ્ન છે. સાહિત્યકાર જીવનમાંથી કાંઈ પણ લીધા વિના, થોડું અવલમ્બન મેળવ્યા વિના, કેવળ આકારના જોર ઉપર જીવી શકે નહિ; કેમ કે સાહિત્યનો વિષય અથવા તો તેની કાચી સામગ્રી મનુષ્યજીવન છે. અને જ્યારે સાહિત્યકાર જીવનરસપંથી સર્જન કરે છે ત્યારે વિવેચકનો અભિગમ જીવનથી અસ્પૃશ્ય રહે એ અસંભવિત છે...સાહિત્યનું સર્જન જીવનના ગુણધર્મોની ઉપેક્ષા કરી શકે નહિ. કેમ કે જીવન

ઉપર તે અવલમ્બિત છે. જીવનથી એ જેટલું દૂર છે તેટલું તેને ખમવું પડે છે...'

આ શબ્દોના અનુસંધાનમાં મારા વક્તવ્યને પુષ્ટ કરવા માટે અને તેને વધારે પ્રમાણ સમર્થિત કરવા માટે મેં પશ્ચિમી વિદ્વાન ફ્રેડરિક કાર્લના શબ્દો નોંધ્યા છે:

Experimentation is always to be encouraged but it can easily lead to disastrous results; as many of the less successful attempts at modernity have demonstrated. The drawbacks to this failure to experiment, however, are as obvious as the virtues.

'સાહિત્ય સર્જનમાં ટેકનિકને ફક્ત સાધન ગણીને તેનું મૂલ્ય ઓછું ન આંકીએ તો પણ તેને જ સર્જનમાં સર્વસ્વ ગણવી તે યોગ્ય નથી, ઉચિત પણ નથી. ટેકનિકથી સર્જનનું સૌન્દર્ય અનવદ્ય અને પ્રફુલ્લ બને છે, પણ તે સાથે ટેકનિક કેવળ સૌન્દર્યનો આત્મા બની શકે નહિ. સાહિત્યસર્જનમાં ટેકનિકને અને પ્રયોગશીલતાને સાધન તેમ જ સાધ્ય માનવા જતાં આપણી ઘણી બધી આધુનિક નવલ-કથાઓને, ટૂંકી વાર્તાઓને, કાવ્યોને અને નાટકોને કેટલું બધું સહન કરવું પડ્યું છે તેનો ઇતિહાસ આપવાનું પ્રસ્તુત નથી. એકવિધતા, નીરસતા, દુર્બોધિતા વગેરેનો કેટલો ભંગાર પ્રવર્તમાન ગુજરાતી સાહિત્યમાં એકઠો થયો છે તે અહીં દર્શાવવાનો કોઇ અર્થ નથી. સાહિત્યસર્જનમાં જ્યારે એકાંગી તત્ત્વોની આરાધના થવા માંડે છે, ત્યારે જમાને જમાને તેનાં માઠાં પરિણામો આવ્યાં છે. અને આધુનિક યુગ તેની ગણનાપાત્ર સિદ્ધિઓની સાથે એ રોગથી મુક્ત નથી.' ('અભિમત', પૃ. ૩-૪).

બાર વર્ષો પહેલાં શ્રી રસિકલાલ પરીખના વિલક્ષણ નાટક 'શવિંલક' નું વિવેચન કરતાં પણ મેં સ્પષ્ટ લખ્યું છે: 'અંત-સ્તત્ત્વનું આયોજન આ નાટ્યરચનાને એટલી બળવાન બનાવે છે કે તેના વિના 'શવિંલક'નું સર્જન બની શકયું હોત કે કેમ તેની શંકા રહે છે. કેવળ આકૃતિ-સૌન્દર્ય કે સંવિધાન-કલા સુંદર ન હોઇ શકે. અને ભવ્ય તો ભાગ્યે જ બની શકે. તેની પ્રતીતિ વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓની માફક આ સાહિત્યકૃતિ પણ કરાવે છે.' ('પરિપ્રેક્ષા' પૃ. ૬૬)

પરન્તુ આવા શબ્દો વાંચવાની તેમને જરૂરત નહિ લાગી હોય; વાંચ્યા હશે તો તેને ગણનામાં લેવાની કદાચ બહુ ઇચ્છા નહિ હોય! કેવળ 'શવિંલક' વિશે નહિ, પણ પણ મેં જે જે આધુનિક કવિતાઓની સમીક્ષા કરી છે તેમાં પણ શ્રી નિરંજન ભગતને અભિમત અભિગમ જ કદાચ અપનાવ્યો છે. 'રાનેરી', 'અંગત' કે 'ધ્વનિ' જેવા સહેજે આધુનિક ગણાતા કાવ્યગ્રંથોની મારી વિસ્તૃત સમીક્ષાઓ આજે પણ હયાત છે! જૂના અને નવા વિદ્વાનો ઇચ્છે તો પણ તેનું ધોવાણ જલદીથી થઇ શકે એમ નથી.

એટલે ગુજરાતી વિવેચકોમાંથી મારા જેવા કોઇ ને કોઇ તો 'છેલ્લી પચીસી'ના આકૃતિ-પરસ્ત એકાંગી અભિગમોથી જરૂર અલિપ્ત રહી શકયા છે, જેમણે પ્રચલિત પ્રવાહોની સામે તરવાની પૂરી નૈતિક તાકાત દર્શાવી છે. આપણા પીઢ અને યુવાન વિદ્વાનોએ તેવી ઘટનાઓને આકસ્મિક કે આકસ્મક ગણીને તેનો લોપ કરવા ઘણા પ્રયાસો કર્યા છે એ જુદી વાત છે. એ વિવેચનો જ ન ગણાય એમ તેઓ માનતા હોય તો પણ મને તેનો બહુ રંજ નથી.

આ સમગ્ર આંદોલનની ટ્રેજેડી તો એ છે કે ગાંધીયુગના અને સ્વાતંત્રોત્તર યુગના (એટલે કે ઇ. સ. ૧૯૪૭ થી ૧૯૫૭ સુધીના) જે વિદ્વાનો નમ્રતાથી, વિવેકથી કે પૂરી સભ્યતાથી શ્રી સુરેશ જોષીના અભિગમનો એક વાર વિરોધ કરતા હતા તે લોકો પણ 'પૂર્વગ્રહ દુષ્ટ' કે 'પરંપરા પ્રાપ્ત, જેવા શ્રી સુરેશ જોષી આરોપિત ઉપાલંભોથી ભયભીત બની જઇને પોતાના આત્માના અવાજરૂપી 'સુવર્ણશકટિકા' છોડી દઇ અન્યની 'મૃચ્છકટિકા' ઉપર આજે જઇ બેઠા છે! એ સિવાય આવા વિદ્વાનોના તાજેતરમાં જ પ્રગટ થયેલા વિવેચનસંગ્રહોમાં શ્રી સુરેશ જોષી અને તેમના સંખ્યાબંધ અનુયાયી વિદ્વાનોનું અભિવાદન કરવાની વૃત્તિ કેમ પ્રગટ થઇ હોત?

—આમ શ્રી નિરંજન ભગતનો આક્રોશ કવેળાનો છે. પણ એ કવેળાનો હોવા છતાં ઘણો સ્તુત્ય છે અને તેમાં ઘણું તથ્ય રહેલું છે. વિશ્વસાહિત્યમાં અને આપણી નજીકના ભારતીય સાહિત્યમાં પણ કયાંય નહિ અને કેવળ ગુજરાતી સાહિત્યમાં જ આકૃતિવાદની આટલી હદે ઉપાસના ને જીવન-મૂલ્યોની અવગણના? રૂપની આરાધના અને ગુણની ઉપેક્ષા? શબ્દોની પૂજા અને અર્થની વિડંબના?

વિચિત્ર અસંગતિ તો એ લાગે છે કે શ્રી સુરેશ જોષી કવિવર રવીન્દ્રનાથ ટાગોરના મોટા પ્રશંસક છે; તેમ જ રવીન્દ્રનાથને પોતાનું એક મહત્ત્વનું પ્રેરક બળ માને છે. એ રવીન્દ્રનાથ ટાગોરે જ 'સાહિત્ય' શબ્દનો ઘણો વિશાળ અર્થ કર્યો છે. સહિત ધાતુ ઉપરથી આવેલો આ શબ્દ પોતાનામાં ઘણું ઘણું સમાવે છે. સહિતમાં જીવન અને જીવનનાં ઉચ્ચ મૂલ્યો નિહિત છે અને ટાગોરની પોતાની કૃતિઓમાં ય જીવનમૂલ્યોનો કલાત્મક આવિર્ભાવ થયેલો છે. એટલું જ માત્ર શ્રી સુરેશ જોષીને આજને તબક્કે પણ કહેવાની જરૂર છે.

બે ઈસુકથાઓ

● જયેન્દ્ર ત્રિવેદી

દરેક મહાન ઉપદેશકની જેમ ઇસુ ખ્રિસ્ત પણ પોતાની વાત સ્પષ્ટ કરવા દૃષ્ટાંતકથાઓનો ઉપયોગ કરતા. શિષ્યોના આગ્રહથી ઘણીવાર તેઓ એ દૃષ્ટાંતકથાઓનું રહસ્ય પણ ખોલી આપતા. શિષ્યોએ એક વાર તેમને પૂછેલું, 'લોકો આગળ આપ દૃષ્ટાંતમાં વાતો કેમ કરો છો?' ભગવાન ઇસુએ જવાબ આપેલો, 'તમને ઈશ્વરના રાજ્યનાં રહસ્ય જાણવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે પણ આ સામાન્ય લોકોને એ પ્રાપ્ત નથી થયું. હું એ લોકો આગળ દૃષ્ટાંતમાં વાત કરું છું, કારણ તેઓ જુએ છે પણ દેખતા નથી સાંભળે છે પણ સમજતા નથી. એમના માટે હું દૃષ્ટાંતકથાઓનો ઉપયોગ કરું છું.' ઇસુની આ દૃષ્ટાંતકથાઓ આસપાસના જીવનમાંથી જ લેવામાં આવી છે. એમાં દ્રાક્ષની વાડી, અંજીરનાં વૃક્ષ, ખેતી અને જમીનદાર, સરોવર-જાળ-માછલીની વાત વારંવાર આવ્યા કરે છે, જે સ્વભાવિક છે. અહીં આપણે બે ઇસુકથાઓ માણીએ.

એક માણસ બિયારણ લઇ વાવવા નીકળ્યો. ખેતીની શરૂઆતના દિવસો હતા. જમીન પહેલા ખેડવી જોઇએ,

ખૂબ તડકો ખવરાવવો જોઇએ, વગેરે. વાતો હજુ વિકસી નહોતી. તે તો આડેધડ બી વાવવા માંડ્યો. થોડાંક બી પગથી પર પડ્યાં તે પગ નીચે કાં તો કચરાઈ ગયાં અથવા આકાશનાં પક્ષી આવીને વીણીને ખાઇ ગયાં. કેટલાંક બી ખડકાળ જમીન પર પડ્યા. ત્યાં બહુ ઓછી માટી ટકી હતી એટલે એ બી ઊગી તો નીકળ્યાં પણ તડકો નીકળ્યો એટલે કરમાઇ ગયાં અને મૂળ બાઝેલાં નહીં એટલે સુકાઇ ગયા. કેટલાંક બી કાંટા-ઝાંખરામાં પડ્યાં અને ઝાખરાં ફાલ્યા એટલે આ બી ઢંકાઇ ગયાં અને અને રૂંધાઇ ગયાં. પરિણામે પાક બેઠો નહીં પણ કેટલાંક બી સારી જમીનમાં પડ્યાં, ઊગી નીકળ્યાં, ફાલ્યાં, અને તેને પાક આવ્યો, ત્રીસગણો, સાઠગણો અને સોગણો.

કેટલાક શિષ્યોએ આ રૂપકનો અર્થ ખોલી આપવા વિનંતી કરી. ઇસુએ કહ્યું:

'વાવનાર ઇશ્વરની વાણી વાવે છે. પગથી એટલે એવા માણસો જેમના મનમાં શ્રદ્ધા જરા પણ જામી નથી. પગથી પર પડેલાં બી જેમ પંખીઓ ચણી ગયા તેમ આ માણસોના મનમાં વાવેલા શુભ વિચારો તુરંત સેતાન આવીને ઉપાડી ગયો. ખડક પર પડેલાં બી, એટલે એવા માણસો જે શુભ વાણી સાંભળતાં જ તેને આનંદથી વધાવી લે. છે. તેઓ થોડો સમય આ શુભ વાણી જાળવી રાખે છે પણ કસોટીનો કાળ આવતાં પાછા પડે છે. કાંટા-ઝાંખરામાં પડેલાં બી એટલે એવા માણસો જેમણે એ વાણી સાંભળી તો છે પણ આગળ જતાં જેમનો વિકાસ ચિંતાઓ, ધન અને સંસારના ભોગવિલાસને કારણે રૂંધાઈ જાય છે અને પાક ઊગી શકતો નથી. પણ સારી જમીનમાં પડેલાં બી એટલે એવા માણસો જેઓ સાચા અને ચોખા દિલથી એ વાણીને સાંભળે છે, આવકારે છે, દૃઢતાથી એને વળગી રહે છે અને શુભ કાર્યો દ્વારા જીવનને શોભાવે છે.'

રૂપકકથાઓ અને દૃષ્ટાંતકથાઓની એક મજા એ છે કે સાંભળનાર કે વાંચનાર એનો પોતપોતાની સમજણ કે કક્ષા કે તાત્કાલિક મનઃસ્થિતિ પ્રમાણે અર્થ લઈ શકે છે. દા. ત. ઉપરની આ દૃષ્ટાંતકથાનો અર્થ મારા જેવો વ્યાખ્યાતા આવો પણ કરે. અમુક વિષયને લગતું ઉત્તમ જ્ઞાન કે વિચારધન કે સંવેદનાની સમૃદ્ધિ વિદ્યાર્થીઓ કે શ્રોતાવર્ગ સામે રજૂ કરે. અમુકના ચિત્ત પર એ વાણી અથડાય ત્યાં જ એ પોતાનો અર્થ ગુમાવી બેસશે. કારણ સાંભળનારનું ચિત્ત વક્તાની વાણી તરફ છે જ નહીં. એ તો આદતને કારણે આવીને બેઠા છે. બીજો વર્ગ એવો છે કે એમનાં દુનિયાદાર અને કઠોર હૃદય પર આ વિચારો કે સંવેદનાઓ ઊંડે સુધી જઈ શકે એમ જ નથી. એ તો સાંભળતા જાય અને વિચાર કરતા જાય કે આ બધું ઠીક છે, દુનિયામાં આવું બધું ન ચાલે. ત્રીજો વર્ગ એવો છે જે એમ સંકલ્પ કરે કે આ વાત આજે બરાબર સમજાણી છે તો હવે એનો અમલ કરીશું પણ તેમનાથી અનેક જાતની લાલચો અને વિઘ્નોની વચ્ચે આચરણ થઈ શકતું જ નથી. સંકલ્પો કર્યા જ કરે અને તોડ્યા કરે. ચોથો વર્ગ એવો છે જેમનું ચિત્ત સંપૂર્ણ એકાગ્રતાથી વાત ગ્રહણ કરવા પહેલેથી તૈયાર છે. ગ્રહણ પણ સારી રીતે કરે છે. મનન-ચિંતન પણ કરે છે અને પછી જીવનમાં આચરણ પણ કરે છે. તેઓ સાચું સુખ પ્રાપ્ત કરે છે. અને મોટે ભાગે વક્તાથી પણ વધુ સમજણ અને આચરણ ધરાવતા થઈ જાય છે.

વેપારી પોતાના ઘરાકોના આવા ભેદ વિચારી શકે, નેતા પોતાના અનુયાયીઓ વિષે આમ વિચારી શકે, ધર્મગુરુ પોતાના શિષ્યોના પણ આ રીતે ભાગ પાડી શકે, દૂકમાં જોને જે જાતનું અર્થઘટન કરવું હોય તે આવી દૃષ્ટાંતકથાઓને પોતપોતાની રીતે આનંદ લઈ શકે.

એક બીજા પ્રકારની દૃષ્ટાંતકથા લઇએ અર્થઘટનમાં નહીં પડીએ. આ કથાના કેન્દ્રમાં રહેલું ડહાપણ આજે આપણને કામનું છે કે નહીં તેનો નિર્ણય સૌ જાતે જ કરી લે.

ઇસુએ કહ્યું, 'ઇશ્વરનું રાજ્ય કેવું હોય તે પૂછો છો? એ તો પેલા જમીનદારની વાત જેવું છે. જોને કાન હોય તે સાંભળે. એક જમીનદારને પોતાની દ્રાક્ષની વાડીમાં મજૂરોની જરૂર હતી. સવારમાં બજારમાં જઇને એણે એક દીનારનું રોજ આપવાનું નક્કી કરી કેટલાક મજૂરોને વાડીમાં મોકલી આપ્યા. હજુ મજૂરોની ખેંચ પડશે એમ માની તે બે કલાક પછી ફરી બજારમાં ગયો અને બેકાર ઊભેલા કેટલાક મજૂરોને, કામ પ્રમાણે રોજી આપીશ એમ કહીને વાડીએ મોકલી આપ્યા. બપોરે તેણે આમ ફરી કર્યું. મોડી બપોરે પણ તેણે નવા મજૂરોને કામે રાખ્યા અને છેક સાંજ પડવા આવી ત્યારે પણ તેણે અમુક મજૂરોને વાડીમાં કામે વળગાડ્યા. સૂરજ આથમ્યો અને મજૂરી ચૂકવવાનો વખત આવ્યો ત્યારે સૌથી પહેલાં છેલ્લે રાખેલા મજૂરોને બોલાવીને એક એક દીનાર ચૂકવ્યો. પછી મોડી બપોરે આવેલાઓને પણ તેણે એક એક દીનાર ચૂકવ્યો. આમ જ તેણે બપોરે આવેલા અને મોડી સવારે આવેલા મજૂરોને એક એક દીનાર ચૂકવ્યો. વહેલી સવારે આવેલા મજૂરોને પણ તેણે જ્યારે એક એક દીનાર જ ચૂકવ્યો ત્યારે તેમણે બડબડાટ શરૂ કર્યો. 'દસ-બાર કલાક કામ કરનારને પણ એક દીનાર અને એક કલાક કામ કરનારને પણ એક દીનાર, આ તે કયાંનો ન્યાય?' પેલા જમીનદારે કહ્યું, 'ભાઇઓ, તમારી સાથે નક્કી થયેલા ધોરણે જ મેં તમને રાજી ચૂકવી છે. પાછળથી આવનારને મેં તમારી જેટલી જ રોજ ચૂકવી તેની તમને શાને અદેખાઇ થાય છે? તમારી રોજીમાંથી કાપીને તો મેં મેં આમ કર્યું નથી. હું ઉદાર થાઉં એમાં તમે શાને ઇર્ષ્યા કરો છો?' વાર્તા પૂરી કરતાં ઇસુએ કહ્યું, 'ઇશ્વરનું રાજ્ય આવું હોય છે. ત્યાં છેલ્લા તે પહેલા અને પહેલા તે છેલ્લા પણ હોઇ શકે.'

સાભાર સ્વીકાર

* **માતૃવંદના**- સંપા. દીપક મહેતા. વિક્રેતા નવભારત સાહિત્ય મંદિર, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ-૨, કિ. રૂા. ૨૬

* **કથા વિમર્શ**- લે. નરેશ વેદ, વિક્રેતા: ગૂર્જર-ઓજન્સી, રતનપોળના નાકે, ગાંધી રોડ, અમદાવાદ-૧ કિ. રૂા. ૩૦

* **સૂર્ય સુરઘેનુનો સહકાર**-લે. ભાનુશંકર ઓધવજી વ્યાસ, વિક્રેતા: આદર્શ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૧, કિ. રૂા. ૨૨.

* **પૂર્ણતાનું આચ્છાદન**-લે. યશવંત ત્રિવેદી, વિક્રેતા આર. આર. શેઠની કું: મુંબઇ-૨. કિ. રૂા. ૧૮.

* **ગર્ભદીપ**:- લે. મકરન્દ દવે, વિક્રેતા: નવભારત સાહિત્ય મંદિર, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ-૨, કિ. રૂા. ૩૦.

જ્ઞાન અને દર્શનમાં ભેદ

❖ કીર્તિભાઈ માણેકલાલ શાહ

જીવના બોધસ્વરૂપ વ્યાપાર ઉપયોગના જ્ઞાન અને દર્શન પર્યાયો છે. વસ્તુની સામાન્ય સત્તાના બોધને દર્શન અને સ્વરૂપસત્તાના બોધને જ્ઞાન કહેવાય છે. વસ્તુમાત્રની સત્તાના બે ભેદ છે. તેમાં જે સામાન્ય સત્તા છે તે વસ્તુ સામાન્યને સિદ્ધ કરે છે, અને જે સ્વરૂપસત્તા (જેને વિશેષસત્તા પણ કહેવાય છે) વસ્તુવિશેષને સિદ્ધ કરે છે. 'વસ્તુ છે.' એટલું કહેવા માત્રથી વસ્તુનો સંપૂર્ણ બોધ થતો નથી. 'વસ્તુ છે' એટલું જ નહિ, પરંતુ 'વસ્તુ કંઈક છે.' તે જીવ છે યા અજીવ છે. અત્રે 'વસ્તુ છે' તે વસ્તુ-સામાન્યને સૂચવે છે અને કંઈક છે તેમાં કંઈક વસ્તુવિશેષને દર્શાવે છે. માત્ર સામાન્ય સત્તાને માનીએ અને વિશેષ સત્તાને ન માનીએ તો સર્વ વસ્તુ એકરૂપ બની જાય. સર્વ વસ્તુમાં માત્ર 'છે, છે અને છે' તેવો માત્ર અસ્તિપ્રત્યય જ થાય. 'આ વસ્તુ તે નથી' એવો નાસ્તિપ્રત્યય તો થાય જ નહિ, કારણ કે કોઇ પણ વસ્તુમાં નાસ્તિત્વ તે વસ્તુથી ભિન્ન અન્ય વસ્તુની અપેક્ષાએ જ થઇ શકે, પરંતુ વિશ્વમાં જો એક જ વસ્તુ હોય તો નાસ્તિત્વ ભાવ ઘટે નહિ અને નાસ્તિપ્રત્યય થાય નહિ. પરંતુ 'આ જીવ છે, અજીવ નથી', 'તે છગન છે, મગન નથી' એવો અસ્તિ (affirmative) સાથે નાસ્તિ (negative) પ્રત્યય પણ થાય છે તે જ વસ્તુની સ્વરૂપ સત્તા અને વિશેષ સત્તાને સિદ્ધ કરે છે. ટૂંકમાં વસ્તુ વસ્તુમાં અનુવૃત્તિ (સદૃશતા-similarity) પ્રત્યયમાં હેતુ વસ્તુની સામાન્ય સત્તા છે. અને વસ્તુ વસ્તુમાં વ્યાવૃત્તિ (વિસદૃશતા-dissimilarity) પ્રત્યયમાં હેતુ વસ્તુની સ્વરૂપ સત્તા છે. અત્રે એ ખ્યાલ રહે કે સામાન્ય અને વિશેષ સત્તાના ભિન્ન ભિન્ન પ્રદેશો નથી અર્થાત્ સામાન્ય અને વિશેષ એ પૃથક પૃથક બે વસ્તુ નથી. જે સામાન્યથી વૃક્ષ છે, તે જ વિશેષથી પીપળો છે. જે સામાન્યથી જીવ છે તે જ વિશેષથી મનુષ્ય છે. જે સામાન્યથી મનુષ્ય છે તે જ વિશેષથી ગગનલાલ છે. આ રીતે વિચારતાં સ્પષ્ટ જણાય છે કે સામાન્યમાં જ વિશેષનો વાસ છે અને આ જ કારણથી સામાન્ય-વિશેષાત્મક પદાર્થને વસ્તુ કહી છે. આ રીતે સત્તા માત્રના બે ભેદ હોવાથી ક્રમ-સમુચ્ચયસ્વરૂપ પરિણમનશીલતાને પામેલા છદ્મસ્થ (ઘાતી કર્મોના બંધનમાં બંધાયેલો સંસારી આત્મા) જીવના ઉપયોગના પણ જ્ઞાન અને દર્શન એવા બે ભેદ પડે છે. તેમાં સામાન્ય સત્તાના બોધને દર્શન અને વિશેષ સત્તાના બોધને જ્ઞાન કહેવાય છે.

આત્માની બોધલબ્ધિના આ બે ભેદ માત્ર છદ્મસ્થ આત્માઓની અપેક્ષાએ જ ઘટે છે કારણ કે છદ્મસ્થ આત્માનો ઉપયોગ ક્રમસમુચ્ચય પરિણામી છે. આથી છદ્મસ્થ જીવને પ્રથમ અર્થનું દર્શન અને પછી જ્ઞાન થાય છે. આપણી બોધલબ્ધિના વ્યાપારની ક્રમિકતા સમજવા એક સ્થૂલ દાખલો લઇએ.

દૂર સામાન્ય અંધકારમાં એક આકૃતિ દેખાય છે. 'આ શું હશે' તેવી જિજ્ઞાસાપૂર્વક તમે તેને નિહાળો છો. પ્રથમ તો 'આ કંઈક છે' તેટલો માત્ર વસ્તુની સત્તાનો બોધ થાય છે. આ બોધદર્શન છે, કારણ કે તે આકૃતિની કોઇ પણ વિશેષતા જણાતી નથી. તે આકૃતિ ધીમે ધીમે તમારા તરફ આવતી જણાય છે. આકૃતિની સક્રિયતા સ્વરૂપ વિશેષતાનો બોધ થયો તેથી તમે નિર્ણય કરો છો કે 'આ અજીવ નથી, જીવ છે.' પ્રથમ દર્શનમાં તમારા સામાન્ય બોધનું ક્ષેત્ર 'જીવ અને અજીવ' જેટલું વિશાળ હતું. તે આકૃતિની સક્રિયતાનો બોધ થયે આ આ ક્ષેત્રમાંથી અજીવની બાદબાકી થઇ ગઇ અને હવે તે ક્ષેત્ર સંકોચાઇને 'જીવ' જેટલું જ રહ્યું. વધુ બારીકાઇથી નિહાળતાં તે આકૃતિ મનુષ્યની જણાઇ તેથી તમારા બોધનું ક્ષેત્ર 'જીવ' પ્રમાણ હતું તેમાંથી તિર્યંચાદિની બાદબાકી થતાં વધુ સંકોચાઇને 'મનુષ્ય' પ્રમાણ થઇ ગયું. મનુષ્ય વધુ નજદીક આવે છે. તેની ચાલ, પહેરવેશાદિ નિહાળી નક્કી કરો છો કે 'આ મનુષ્ય પુરુષ છે, સ્ત્રી નથી.' આમ બોધક્ષેત્ર વધુ સંકોચાઇને સ્ત્રીવર્જિત પુરુષ પ્રમાણ રહ્યું. છેલ્લે તે પુરુષ વધુ નજદીક આવતાં તમો તેને ઓળખી નિર્ણય કરો છો કે 'આ તો મગનલાલ છે' અને પુરુષ સામાન્યમાંથી તમોએ મગનલાલનો વ્યવચ્છેદ કર્યો અને તે એક વ્યક્તિવિશેષતાનું સ્વરૂપ તમારા માનસપટ પર સ્પષ્ટ ઊપસી આવ્યું. આ 'જ્ઞાન' થયું. આ પૂર્વે જે બોધ થાય છે તે પૂર્વબોધની અપેક્ષાએ જ્ઞાન છે અને પશ્ચાત્-બોધની અપેક્ષાએ દર્શન છે, કારણ કે પૂર્વબોધની અપેક્ષાએ પછીના બોધમાં વિશેષતા છે.

જેમ જેમ કોઈ એક મોટા વર્તુળ (circle) ની ત્રિજ્યા નાની નાની થતી જાય છે તેમ તેમ તેમના બહુપ્રદેશી અંતરાલક્ષેત્રનો સંકોચ થતો જાય છે અને અંતે આખુ વર્તુલ જેના કોઇ અવાન્તર ભેદો નથી તેવા એકપ્રદેશી મધ્યબિંદુમાં સમાઇ જાય છે.

આવી જ રીતે આપણી બોધલબ્ધિનો વ્યાપાર જેમ સૂક્ષ્મ થતો જાય છે તેમ તેમ અનેક સજાતીય વસ્તુના સંગ્રહ સ્વરૂપ આપણા ઉપયોગનું યાને આપણી બોધલબ્ધિનું વિશાળ સામાન્ય ક્ષેત્ર સંકોચ પામતું જાય છે. અને અંતે તે એક અભેદ વસ્તુવિશેષની ઉપલબ્ધિમાં વિરામ પામે છે. દર્શનોપયોગ જે નિરાકાર (અવિશેષિત) હતો તે સાકાર (વિશેષિત) જ્ઞાનોપયોગમાં પરિણત થાય છે. આપણો ઉપયોગ પણ આવા જ ક્રમે બોધ પ્રાપ્ત કરે છે. સામે પડેલી વસ્તુનું આપણને ઉપયોગ મૂકતાંની સાથે જ જ્ઞાન થતું જણાય છે, પરંતુ તેનું કારણ આપણા ઉપયોગની સ્થૂલતા છે જેથી આપણને પ્રથમ દર્શન થાય છે અને પછી ક્રમપૂર્વક જ્ઞાન થાય છે, તેનો ખ્યાલ આવતો નથી. નિશ્ચયથી દર્શન થયા બાદ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત વીતે જ જ્ઞાન થાય છે. ક્રમસમુચ્ચય સ્વરૂપ પરિણમન કરવાનો જેનો સ્વભાવ છે તેવા પૌદ્ગલિક કર્મોના બધ્ય સંબંધ થકી જ છદ્મસ્થ ઉપયોગ પણ ક્રમસમુચ્ચય સ્વરૂપ પરિણમનશીલતાને પામ્યો છે. જેનાં ઘાતી કર્મો નાશ પામ્યાં છે તે કેવળજ્ઞાની ભગવંતોનો ઉપયોગ સમસમુચ્ચય સ્વરૂપ હોવાથી તેના જ્ઞાન અને દર્શન એવા બે ભેદ પડતા જ નથી. તેમની સર્વ લબ્ધિઓ એકીભૂત થઈ તેના ઉત્કૃષ્ટ ભાવસ્થાનમાં રહી યુગપત્ વર્તે છે યાને તે સર્વ સંપૂર્ણ પ્રગટ થાય છે. આથી શ્રી કેવળી ભગવંતોને સર્વદેશ-કાળવર્તી જ્ઞેયમાત્રનું જ્ઞાન અને દર્શન નિરંતર હોય છે.

ભાવોલ્લાસની ભરતી

પન્નાલાલ ૨. શાહ

દીઠી હો પ્રભુ! દીઠી જગગુરુ તુજ,
મૂરતિ હો પ્રભુ! મૂરતિ મોહન વેલડીજી;
મીઠી હો પ્રભુ! મીઠી તાહરી વાણ,
લાગે હો પ્રભુ! લાગે જેસી સેલડીજી.....દીઠી હો...૧

જાણું હો પ્રભુ! જાણું જન્મ કૃતત્ય,
જો હું હો પ્રભુ! જો હું તુમ સાથે મિલ્યોજી;
સુરમણિ હો પ્રભુ! સુરમણિ પાત્યો હત્થ,
આંગણે હો પ્રભુ! આંગણે મુજ સુરતરુ ફળ્યોજી...
દીઠી હો...૨

જાગ્યા હો પ્રભુ! જાગ્યા પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ! મુહ માગ્યા પાસા ઢળ્યાજી;
વૂઠ્યા હો પ્રભુ! વૂઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ! નાઠા અશુભ, શુભ દિન વળ્યાજી...
દીઠી હો...૩

ભૂખ્યા હો પ્રભુ! ભૂખ્યા મળ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ! તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાંજી;
થાકયા હો પ્રભુ! થાકયા મળ્યા સુખપાલ
ચાહતાં હો પ્રભુ! ચાહતાં સજ્જન હે જે હળ્યાજી
દીઠી હો...૪

દીવો હો પ્રભુ! દીવો નિશા વન ગેહ,
સાખી હો પ્રભુ! સાખી થળે જળ નૌ મણીજી;
કલિયુગે હો પ્રભુ! કલિયુગે દુલ્લહો તુજ,
દરિશન હો પ્રભુ! દરિશને લહ્યું આશા ફળીજી
...દીઠી હો....૫

વાચક હો પ્રભુ! વાચક યશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ! વિનવે અભિનંદન સુણોજી;
કદીયે હો પ્રભુ! કદીયે મ દેશો છેહ,
દેજો હો પ્રભુ! દેજો સુખ દરિશન તણોજી
...દીઠી હો....૬

—યશોવિજયજી

* * *

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે એક જગ્યાએ યોગ્ય જ કહ્યું છે: 'ભાષા બેધારી તલવાર છે. સંપૂર્ણ સત્ય ભાષામાં આવતું નથી' * આપણો એ અનુભવ છે કે અંતરમાં ઊછળતી ઊર્મિને આપણે શબ્દબદ્ધ કર્યા વિના રહી શકતા નથી અને અહીં ખૂબીની વાત એ છે કે એને શબ્દદેહ આપ્યા પછી એ અભિવ્યક્તિમાં ઘણું ઘણું અવ્યક્ત રહી જતું હોય છે. ભાષાની-માધ્યમની આ મર્યાદા છતાં આવી અભિવ્યક્તિનો આનંદ કંઈ ઓર જ હોય છે. બાળકની કાલી-ઘેલી વાણીમાં ભલે કશો અર્થ ન હોય તો પણ એનો મહિમા છે. માનવીના અંતરતલમાં ઊર્મિની હેલી ચડે ત્યારે સામાન્ય માનવીની અભિવ્યક્તિ કાવ્યરૂપ બની જાય છે એવી અનુભૂતિને સમર્થ કવિની કલમનો સંસ્પર્શ થાય તો? સચ્ચિદાનંદ સ્વરૂપના સાક્ષાત્કારની અહીં કોઈ વાત નથી; એની ઝાંખીની વાત પણ અહીં બાજુએ રહી છે. માત્ર વીતરાગ-સ્વરૂપ પ્રતિમાના દર્શન કરતાં જે આનંદ અને અનુભૂતિ થાય છે એને યશોવિજયજીએ અહીં અક્ષર-સ્વરૂપ બક્ષ્યું છે.

ભગવાનની મૂર્તિ જોતાં જ ઉલ્લાસના ધોડાપૂર ઊમટે છે. એ મૂર્તિ મોહનવેલ સમાન અને વાંછિત ફળ આપનારી લાગે છે. ભગવાનની વાણી, શેરડીની જેમ મીઠી લાગે છે. શેરડીની મીઠાશની ઉપમા આપીને એ ઇન્દ્રિયગોચર અનુભવ અહીં તાદૃશ્ય કર્યો છે, જિનેશ્વરની વાણીની વાત આવી એટલે શ્રીમદ્ રાજચંદ્રનું એ વિષેનું કાવ્ય સ્વાભાવિક યાદ આવે જ:

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે,
સકલ જગત હિતકારીણી, હારિણી માહે
તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે,
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ
આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે,
અહો રાજચંદ્ર બાલ, ખ્યાલ નથી પામતા એ
જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે.

એ આનંદ વ્યક્ત કરે છે, જુદાં જુદાં પ્રતીકો, ઉપમા અને રૂપકથી. સુરમણિ હાથ લાગ્યો અને પોતાના આંગણે સુરતરુ ફળ્યો. પુણ્ય અંકુર જાગ્યા; અંકુર ફૂટયા એમ કથન કરવાનું કારણ છે. ઉષરભૂમિમાં વૃષ્ટિની અને ભીની ભીની ધરતીની સોડમ અને મહેંકની પણ શક્યતા ન હતી, ત્યાં અંકુર ફૂટયા-કૂંપળ ફૂટી, એનો આનંદ વ્યક્ત કર્યો છે. મોં માગ્યા પાસાં ઢળ્યા-પડયા અને અમીરસ મેહ વૂઠયા. અશુભદિન નાઠયા અને શુભદિન-ચડતા દિવસોની શરૂઆત થઈ.

વનવગડામાં ભટકીને, સૂર્યના પ્રખર તાપથી શેકાયેલા ભૂખ્યા-તરસ્યા વટેમાર્ગુને લુખ્ખો સૂકો રોટલો અને તૃષા છીપાવવા સાદું પાણી મળે તો એના મોં પર ચમક આવે. એને બદલે અહીં તો એવા ભૂખ્યા-તરસ્યા વટેમાર્ગુને ઘૃતપૂર એટલે કે ઘેવર જેવું મિષ્ટાન્ન, સાદા પાણીની જગ્યાએ દિવ્યોદક અને શીળી છાંય ધરાવતો વાટનો વિસામો મળ્યો છે. ગાઢ જંગલમાં અડાબીડ કેડી પણ સૂઝે નહીં એવી ઘનઘોર રાત્રિમાં દીવો અને સમંદરના ઘૂઘવતાં-ઉછળતાં મોજાંની વચ્ચે તરવાની આવડત વિનાના ડૂબતા જણને નૌકા મળી અને સફરમાં સાથી મળ્યો. પરમાત્માના દર્શનમાં-દર્શન માત્રથી આવી અનુભૂતિ થઇ એનો આનંદ અહીં વ્યક્ત કર્યો છે, જ્ઞાની કવિ અખો પણ કહે છે:

મારે વાંછ્યું બોલ્યે આવ્યું આજ
બેઠાં બેસાર્યાં સીધ્યું કાજ.

એક તો વાંછેલું-ઇચ્છિત વસ્તુ મળવી મુશ્કેલ અને એ પણ અનાયાસ મળી જાય, એનો રોમહર્ષણ અનુભવ અહીં આલેખ્યો છે. એમાં પ્રાપ્તિની વિસ્મયતા છે અને એમાં રહેલાં નાટયતત્ત્વની અહીં ધારી અસર થાય છે. એ જ તો કવિકર્મની સાર્થકતા છે.

યશોવિજયજીની કવિતા ભક્તિસભર, હૃદયના ઋજુલલિત અને મૃદુમધુર ભાવસ્પંદનોથી મહોરી ઊઠે છે. એમાં વિનય-અનુનય, રીસ-રોષ, લાડ, હર્ષ, ઉલ્લાસ અને પ્રસન્નતા આદિ વિભિન્ન ભાવોનું મનોહર નિરૂપણ છે. સરળ અભિવ્યક્તિ એ એમની વિશિષ્ટતા છે. આમ છતાં રોમહર્ષણ અનુભવકથા વ્યક્ત કરતાં વિશેષ અવ્યક્ત જ રહેવાની. ભાષાની મર્યાદાની પેલે પાર રહેલાં મૌનથી જ એ માણી શકાય. એટલે વિટ્ગેન્સ્ટિન કહે છે:

'Language can only deal meaningfully with a special, restricted segment of reality. The rest and it is presumably the much larger part is silence.'

શબ્દો તો વાસ્તવિકતાના, ભાવના મર્યાદિત અંશને જ અર્થપૂર્ણતાથી માંડ માંડ પ્રગટ કરી શકે. શેષ રહેલ વિપુલ વાસ્તવિકતા અને સઘન ભાવનો પ્રદેશ તો છે નિબિડ મૌનનો.

* જુઓ : સમયચિંતન, પૃષ્ઠ ૧૬૯

(પાના ૨૧૦ થી ચાલુ)

અન્ય કોઇ દર્શનમાં નથી. શ્રમણ સંસ્કૃતિ જ વિશ્વની એવી સંસ્કૃતિ છે જેમાં પ્રાણીઓમાં જ નહીં, પ્રત્યેક પદાર્થમાં પણ જીવની સંકલ્પના કરવામાં આવી છે. સ્વયંને કેન્દ્રમાં રાખીને અનુભવ કરવામાં આવ્યો કે અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં જે સ્થિતિ આપણી થાય છે, એવી જ સમસ્ત પ્રાણીઓની થાય છે. એને આધારે જ તેઓ કહી શક્યા કે કોઇ પણ પ્રતિકૂળ વ્યવહારથી તમને જે કષ્ટ થાય છે એવું જ કષ્ટ તમારા પ્રતિકૂળ વ્યવહારથી અન્યને પણ થશે. આ ભાવ જો બધા સમજે, જીવનમાં ઉતારે તો શું હિંસાનું અસ્તિત્વ રહેશે?

જૈનદર્શનના મનીષીઓએ પહેલી વાર પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશકાયી જીવોના અસ્તિત્વનો સ્વીકાર કર્યો. અને સન્દર્ભે એમણે આ પંચાસ્તિકાયના જીવોની વિદારણામાં, દુરુપયોગમાં યા અતિઉપયોગમાં હિંસાના દોષનું નિરૂપણ કર્યું. આ મનોવૈજ્ઞાનિક તથ્ય પ્રસ્તુત કર્યું કે પ્રત્યેક દુર્ગુણ યા દુર્વ્યવસ્થાનું મૂળ કારણ હિંસાત્મક ક્રિયા કે ભાવ જ હોય છે. મનુષ્યનું મન સમસ્ત સદ્ અને અસદ્ વૃત્તિઓનું ઉદ્ગમસ્થાન હોય છે. મૂળભૂત રીતે ક્રોધ-માન-માયા-લોભ જે ચાર કષાય છે એ વ્યક્તિને નિરન્તર દુવૃત્તિઓ તરફ પ્રેરે છે. યોગશાસ્ત્ર દ્વારા પણ સિદ્ધ થયું છે કે આવી દુર્ભાવનાઓને કારણે અમુક ગ્રન્થિ યા ચક્ર કાર્યરત બને છે. એક ખાસ પ્રકારનો સ્રાવ થાય છે અને વ્યક્તિ એવાં જ ક્રૂરતાભર્યા, જુઠ્ઠાં, દંભી, પરનિંદા, પરદુઃખ દેવાનાં કાર્ય કરવા માંડે છે. એનું સંતુલન ખોરવાઈ જાય છે. ગ્રન્થિઓમાં એક તાણ વધતું અનુભવાય છે. હિંસાનું મૂળ પ્રેરક તત્ત્વ ક્રોધ છે. ક્રોધી વ્યક્તિ નજીવા પ્રતિકૂળ વ્યવહારથી જ સંતુલન ગુમાવી બેસે છે. એની મુખાકૃતિ વિકૃત થઇ જાય છે, બોલવાનાં પણ સાનભાન રહેતાં નથી. બસ, આ જ આવેગમાં એ અનેક હિંસાત્મક કાર્ય કરી બેસે છે. બીજાઓની કતલ યા આત્મહત્યા પણ કરી નાખે છે. હિંસક પહેલાં તો પોતાને જ મારે છે, પછી બીજાને મારવા ઉદ્યત થાય છે. ક્રોધની જેમ અન્ય કષાય પણ એને હિંસાને માર્ગે જ વાળે છે. માન અને માયાવીથી વધુ હિંસક લોભી છે. એ લોભને વશીભૂત થઇને ચોરી, ધાડ, હત્યા, દાણચોરી-શું શું નથી કરતો! સાચું તો એ છે કે અહિંસાનો સ્વીકાર એટલે માનવ બનવાની કળાનો વિકાસ કરવો.

ભગવાન મહાવીરના યુગને જોઇએ. સર્વત્ર ધર્મને નામે હિંસાનો નગ્ન નાચ થઈ રહ્યો હતો. અંધશ્રદ્ધા, જાદૂ-મંતર, છળપ્રપંચમાં ફસાયેલો સમાજ પશુબલિ અને નરબલિમાં ધર્મને શોધી રહ્યો હતો. એવે વખતે પોતાનો જીવ હિંસકોની વચ્ચે જોખમમાં નાખીને પણ, મહાવીરે નિર્ભય થઇને કહ્યું, હિંસા કોઈ પણ સમયે ધર્મ નથી, પાપ છે. લોકોના ભ્રમ, અંધવિશ્વાસને પડકાર્યા. માણસ-માણસ વચ્ચે ધર્મ, જાતિ, ઊંચ-નીચને કારણે જે હિંસા ફેલાઈ રહી હતી. એને અહિંસાનાં જળથી શાન્ત કરી, આ એમનું ક્રાન્તિકારી પગલું હતું. પણ આ અહિંસાની રક્ષા અને પુનઃસ્થાપના માટે એમણે અનન્યતમ ક્ષમા ધારણ કરવી પડી. હિંસાને હસીને સહન કરી. 'જીવો અને જીવવા દો'ની સાથે જાણે બધાં ગાઇ ઊઠ્યાં-

'તમે સ્વયં જીવો, જીવવા દો જમાનામાં બધાંને,
પોતાનાથી ક્રમ ન માનો સુખ-દુઃખમાં કોઇને.'

આ અહિંસાના મન્ત્રને વર્તમાન યુગમાં ગાંધીજીએ ઉતાર્યો અને એનો સફળ પ્રયોગ કરીને આ વિશાળ દેશને સ્વતન્ત્રતાની પ્રાપ્તિ કરાવી. આજે વિશ્વમાં અહિંસાની વાતો કરનારા રાજકારણીઓ બોમ્બમારો પણ કરાવે છે. એમની કથની અને કરણીનો ફરક જ હિંસાને રોકી શકતો નથી. જો આપણે ખરેખર શાન્તિ, પ્રેમ જોઇએ તો આપણે મન, વચન અને કર્મથી અહિંસા અપનાવવી પડશે. કૃષ્ણ લેશ્યા શુક્લ લેશ્યામાં પરિવર્તિત કરવી જોઇશે. જૈન ધર્મના સિદ્ધાન્ત મુજબ બાહ્ય દ્રવ્ય હિંસાનો જ નહીં, અન્તરંગને દુઃખ પહોંચાડનારી ભાવહિંસાનો પણ ત્યાગ કરવો પડશે.

જૈન ધર્મનો બીજો સ્તંભ છે કર્મવાદ. કર્મવાદનો અર્થ અહીં 'રામભરોસે' કે ભાગ્યવાદ નથી, પરન્તુ કાર્યો અને ક્રિયાઓની વાતે છે. આ સિદ્ધાન્ત પણ વૈજ્ઞાનિક તેમ જ મન અને ક્રિયાઓ સાથે જોડાયેલો છે. માણસ પોતાનાં કરેલાં કાર્યોનું પરિણામ ભોગવે છે. આ તથ્ય બધાંએ સ્વીકાર્યું છે. આપણી સમસ્ત પ્રવૃત્તિઓનાં મૂળમાં પ્રેરણાસ્વરૂપ યા નિમિત્ત સ્વરૂપ રાગદ્વેષ રહે છે. જૈનદર્શન અને હિન્દુદર્શનમાં આ કર્મ બાબતે મતભેદ છે. પ્રત્યેક કર્મનો કર્તા માણસ છે એનો સ્વીકાર બન્નેએ કર્યો છે, પણ ફળમાં જુદાપણું છે. હિન્દુધર્મમાં ફળના દાતા ઇશ્વર છે, જ્યારે જૈનદર્શનમાં કર્તા સ્વયં પોતાનાં કર્મોનું ફળ પ્રાપ્ત કરે છે. એ પોતે જ કર્તા અને ભોક્તા છે.

સૈદ્ધાન્તિક ભાષામાં અત્યન્ત સંક્ષેપમાં કહું તો જેવાં જેવાં કર્મ જીવ કરે છે, એવા જ સ્વભાવને લઇને સૂક્ષ્મ સ્કંધ અજીવ કર્મ યા દ્રવ્ય કર્મ એની સાથે બંધાય છે અને કેટલાક સમય પછી પરિપક્વ દશાને પ્રાપ્ત થઇને ઉદયમાં આવે છે. એ વખતે આજના પ્રભાવથી જીવના જ્ઞાનાદિ ગુણ તિરોભૂત થઇ જાય છે. એક વાર જો આપણે આ સત્યનો સમજી લઇએ કે આપણે જે સુખ યા દુઃખને પામી રહ્યા છીએ એ આપણાં જ કરેલાં કાર્યોનો પરિપાક છે, તો પછી આપણે સુખદુઃખમાં સમભાવ ધારણ કરી શકીએ છીએ. આ જ્ઞાન થતાં જ આપણે નવાં કર્મોને રોકી શકીએ છીએ અને અન્ય કુકર્મોને ભોગવીને યા સત્કર્મોથી એની અસરને ઓછી કરી શકીએ છીએ. સાથીઓ! જૈનદર્શન જ કહે છે કે કર્મ ભલે શુભ હોય કે અશુભ, બન્ને આ જીવને બાંધે છે, ગતિઓમાં ભ્રમણ કરાવે છે-એટલે એ ભોગો પ્રત્યે પણ ઉદાસ થવાનો મંત્ર આપે છે. પરિગ્રહ પર અંકુશ લગાવે છે. માણસના કર્મોનો ભાર એના અસંયમને લીધે છે. એટલે સંયમ બાબતે ભાર મૂકીને મનુષ્યને ચારિત્રિક પતનથી બચાવવાનો ઉપાય બતાવે છે.

દુર્ભાગ્ય આ વાતનું છે કે લોકોએ 'કર્મ'ને ભાગ્યનું પ્રતીક યા પર્યાયવાચી માની લીધું. ત્યારથી નિષ્ક્રિયતા અને આળસુપણું વધ્યાં. રૂઢિગ્રસ્ત, કુરીતિઓમાં ફસાયેલા લોકો

પોતાનો દોષ ન જોતાં ભાગ્યને ગાળો ભાંડવા માંડયાં. 'ભાગ્યમાં હતું' કહીને પોતાના દોષોને છાવરવા માંડયા. આ 'ભાગ્ય'ને નામે જ ઊંચ-નીચ, અમીર-ગરીબ, શોષણ-શોષિતનાં કુંડાળાં વધ્યાં. ભૂખે મરનારો અને ઝાઝું ખાઈને અપચાથી મરનારો બધું ભાગ્યને ભરોસે છોડીને આળસુ અને અસંયમી બનવા માંડયો. આવો ભાગ્યવાદ 'પાપનું આવરણ જ' છે, કર્મનો પ્રતીક નથી. વ્યવહારમાં પણ આપણાં કાર્યો એવાં હોવાં જોઈએ કે જે આપણી જેમ બીજાને પણ પ્રસન્નતા પ્રદાન કરે. એટલે કે આપણે મુશ્કેલીઓથી બચીએ એ બહુ મોટું માનવતાનું સૂત્ર છે. જીવન જીવવાને જરૂરી કર્મો કરતાં આપણે કોઇ એવું કાર્ય ન કરીએ કે જેથી આપણાં કૃત-કારિત અને અનુમોદનથી કોઇને વિદારણા થાય.

જૈનદર્શનની દૃષ્ટિએ જીવની ક્રિયા-પ્રવૃત્તિ દ્વારા કર્મ વર્ગણાના જે પુદ્ગળ જીવ તરફ ખેંચાઇને એની સાથે ચોંટી જાય છે, એ પુદ્ગળોને કર્મ કહ્યાં છે. કર્મ વર્ગણાના પુદ્ગળ લોકાકાશમાં સર્વત્ર વ્યાપેલા છે. એ જીવની ક્રિયા-પ્રવૃત્તિ દ્વારા આકર્ષાઇને જીવ સાથે ચોંટે છે ત્યારે જ કર્મ સંજ્ઞા પામે છે. આ રીતે જીવબધ્ધ કાર્મિક પુદ્ગળોને દ્રવ્ય કર્મ કહેવામાં આવ્યાં છે. જીવના રાગદ્વેષાત્મક પરિણામોને ભાવકર્મ કહેવામાં આવ્યાં છે. કર્મોના નિરન્તર આવવાને આસ્રવ કહ્યો છે. જ્ઞાનથી એને રોકવાને સંવર કહેવામાં આવ્યો છે. આ સંચિત કર્મોને તપસ્યાથી બાળવા અને સમ્પૂર્ણ કર્મોથી મુકત થવું એ જ મોક્ષ છે.

વિચારો, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓના સન્દર્ભમાં આને આઠ પ્રકારનાં માનવામાં આવ્યા છે. (૧) જ્ઞાનાવરણ (૨) દર્શનાવરણ (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુ (૬) નામ (૭) ગોત્ર (૮) અન્તરાય. આમાંનાં પહેલા ચાર ઘાતિયાં એટલે કે જીવના સ્વાભાવિક ગુણોનો ઘાત કરે છે. શેષ ચાર અઘાતિયાં કે જે કર્મગુણોનો ઘાત નથી કરતાં,

જ્ઞાનાવરણ કર્મ જ્ઞાનના ગુણનો ઘાત કરે છે. આથી જ્ઞાનનો નાશ થતાં વ્યકિત જ્ઞાન અને જ્ઞાનીનો અનાદર કરે છે. પવિત્ર ગ્રન્થો, ઉપદેશોની ઠેકડી ઉડાડે છે. દ્વેષબુદ્ધિવશ નાસ્તિક બને છે. આ જ રીતે દર્શનાવરણને કારણે એને પવિત્ર દર્શનો પ્રત્યે અરુચિ કે અનાસ્થા રહે છે. વૈરાગ્ય પ્રત્યે અનાદર યા ઉપેક્ષાનો ભાવ રહે છે. વેદનીય કર્મ સુખદુઃખ યા શાતા અશાતા રૂપે વેદના કરે છે. મોહનીય કર્મ જીવને મોહમાયામાં લપેટાયેલો રાખીને કયારેય મોહજાળમાંથી છૂટવા નથી દેતું. એ દર્શન અને ચારિત્રમાં સન્દેહ પેદા કરાવે છે, જાણવા છતાં ય કલ્યાણ-સાધના અને સાચા માર્ગ પર આરૂઢ નથી થવા દેતું. આયુકર્મ વિવિધ શરીરમાં રોકી રાખે છે. તદનુસાર શરીર નિર્માણ થાય છે. નામ કર્મ સુન્દર-અસુન્દર અંગ-ઉપાંગનું કારણ છે તો ગોત્ર કર્મ ઊંચ યા નીચ ગોત્રનું કારણ બને છે. અન્તરાય કર્મને કારણે ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિમાં બાધા ઉત્પન્ન થાય છે. આ વિવેચનને આ રીતે મૂકી શકાય કે, માણસની સમસ્ત ઉપલબ્ધિઓ કે બાધાઓ કે દુઃખોનું કારણ એનાં કર્મ જ છે. એમ તો આના અનેક ભેદ-ઉપભેદ છે. એમની અવસ્થાઓ છે કે જે પૃથક વિવેચનનો વિષય બની શકે છે. એમને રૂપકમાં આ રીતે મૂકી શકાય : જ્ઞાનાવરણ=પરદો. દર્શનાવરણ=પ્રતિહારી. વેદનીય=મધથી લપેટાયેલી તલવાર, મોહનીય=મદ્ય (શરાબ) આયુ=લોખંડની બેડીઓ. નામ-ચિત્રકાર. ગોત્ર=કુંભાર, અન્તરાય=ખજાનચી.

સ્યાદ્વાદ જૈન ધર્મનો ત્રીજો સ્તંભ છે. સ્યાદ્વાદ વિશ્વને અપાયેલો સહુથી મહત્ત્વપૂર્ણ વૈચારિક સિદ્ધાન્ત છે. અનેકાન્તને પ્રસ્તુત કરવાની શૈલીનું નામ જ સ્યાદ્વાદ છે. લોકોએ આને 'સ્યાત્' એટલે કે 'કદાચ' ના અર્થમાં ગ્રહણ કરીને આને અનિશ્ચયનો પ્રતિબોધક માની લીધો. આ પણ-એ પણની અનિશ્ચિત દશાનો બોધક માનીને પોતાના વિતર્ક કે કુતર્ક આપ્યા. પરન્તુ સાચું એ છે કે તેઓ આનાં હાર્દને જ નથી પામી શકયા. યુગપુરુષ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજીએ આનો સ્પષ્ટ અર્થ 'અમુક અપેક્ષાએ' કે 'અમુક દૃષ્ટિકોણે' આપ્યો છે. 'સ્યાત્' અવ્યય છે, જે અનેકાન્તનું સૂચક છે. અનેકાન્તનો અર્થ છે વસ્તુના એક જ સ્વભાવને સર્વસ્વ ન માની લેતાં એના અન્ય પક્ષો પર પણ વિચાર કરવો. પ્રત્યેક વસ્તુ વિવિધ ગુણવાળી હોય છે. એટલે એક અંશમાં બધા ધર્મ કે સ્વભાવ પૂર્ણ છે, આ કથન અસંભવ છે. એકાન્તવાદી કે એકે જ પક્ષને અન્તિમ સત્ય માનનારા અન્ય સત્ય યા પક્ષને નકારે છે. પરિણામે વસ્તુનું અરેખરું રૂપ તો દબાઇ જ જાય છે, સંઘર્ષો પણ જન્મે છે. પ્રત્યેક વસ્તુ અલગ અલગ સમય કે પરિસ્થિતિઓમાં અલગ-અલગ ગુણધર્મ પ્રગટ કરે છે. આથી માત્ર એક વેળાએ કરવામાં આવેલી ધારણા સર્વકાલીન સત્ય કઈ રીતે હોઇ શકે ? મહાવીરના સમયમાં 'હું જ સાચો છું' 'મારો મત જ આખરી છે'-'જ'ના અહમથી સંઘર્ષો જન્મી રહ્યા હતા. એ સમયે આ સંઘર્ષોથી મુકિત અપાવવાને માટે, પરસ્પરના દ્વેષથી મુકિતને માટે તેમ જ સત્યને પૂર્ણ રૂપે જાણવાને માટે એમણે આ અનેકાન્ત દૃષ્ટિ લોકોને આપી. દરેક વ્યકિતનું સત્ય એની દૃષ્ટિ અને વસ્તુની અપેક્ષાએ સત્ય છે, આ સમજવાનું જ્ઞાન આપ્યું. 'જ' થી 'પણ'ની દૃષ્ટિ આપી, જેનાથી પરસ્પર પ્રેમ વધી શકયો.

(વધુ આવતા અંકે)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત
શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક
વસંત વ્યાખ્યાનમાળા

આગામી વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન તા. ૯-૧૦-૧૧-૧૨ એપ્રિલના દિવસોમાં કરવામાં આવ્યું છે. હોલ ચારમાંથી નીચેના ત્રણ વકતાઓ નકકી થયા છે.

(૧) શ્રી ચન્દ્રશેખર (જનતા પાર્ટીના પ્રમુખ)
(૨) શ્રી નાનુભાઇ દેસાઇ (મહામંત્રી સી. પી. એમ.)
(૩) શ્રી એલ. કે. અડવાણી
(મહામંત્રી, ભારતીય જનતા પાર્ટી)

સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર-ચર્ચગેટ

રીતસરનો કાર્યક્રમ હવે પછી પ્રગટ કરવામાં આવશે.

અમર જરીવાળા
સંયોજક

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

પ્રકાશક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૩-૮૪ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

વિદ્યોપાસના અને વિદ્યાપોષણ

● રમણલાલ ચી. શાહ

[શનિવાર તા. ત્રીજી માર્ચે સાંજે અમદાવાદમાં શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા (ભાવનગર) નામની સંસ્થાના ઉપક્રમે શ્રી રતિલાલ દીપચંદ દેસાઇને તથા મને જૈન સાહિત્ય માટે સુવર્ણચંદ્રક આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. એ પ્રસંગે મેં મારા જે વિચારો વ્યક્ત કર્યા હતા તે અહીં કંઇક સવિસ્તર સ્વરૂપે રજૂ કર્યા છે.]

જૈન સાહિત્ય મહાસાગર જેટલું વિશાળ છે. એક માણસ પોતાની જિંદગીમાં એ તમામ સાહિત્યનું વાંચન પૂરું ન કરી શકે. જૈન ગ્રંથ-ભંડારોમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતોમાં અનેક કૃતિઓ સચવાયેલી પડી છે. એમાંથી આશરે માત્ર દસ ટકા જેટલી કૃતિઓ ગ્રંથરૂપે પ્રકાશિત થયેલી છે. હજુ અનેક કૃતિઓ અપ્રકાશિત છે, પરંતુ તેને લગતું કામ કરનારા અધિકારી વિદ્વાનો આપણે ત્યાં કેટલા ઓછા છે! વળી એ પ્રકાશિત કરવા માટે પુષ્કળ નાણાં જોઇએ. જૈન સમાજ વિવિધ ક્ષેત્રોમાં નાણાં તો પુષ્કળ ખર્ચે છે, પરંતુ પ્રાચીન ગ્રંથોના પ્રકાશન માટે જે નાણાં ખર્ચવા જોઇએ તેનું પ્રમાણ ઘણું ઓછું છે. વળી, પ્રકાશિત થયેલા ગ્રંથો વાંચનારાઓની સંખ્યા કેટલી? એટલી ઓછી સંખ્યા માટે શું ગ્રંથો પ્રકાશિત કરવા જોઇએ છે? એવો પ્રશ્ન પણ કેટલાકને થશે. એકંદરે જૈન ગૃહસ્થ સમાજમાં વિદ્યારુચિનું પ્રમાણ ઘણું ઓછું છે. મહદ્ અંશે જૈનો જુદા જુદા વ્યવસાયોમાં પડયા છે; ઘણું સારું કમાય છે; પરંતુ વિદ્યા કે તત્ત્વ પ્રત્યે અભિરુચિ બહુ ઓછાને છે.

પ્રશ્ન થશે કે એવી અભિરુચિની જરૂર શી? એ વિના ન ચાલે? ના, ન જ ચાલે, જો સમાજને વધુ તેજસ્વી બનાવવો હોય તો. ખાવાપીવાનું તો પશુપક્ષીઓ પણ મેળવી લે છે. માત્ર મનુષ્ય પાસે જ ગહન તત્ત્વોને સમજવા કે પામવાની શક્તિ છે. જે માણસો વિદ્યા પ્રત્યે અભિરુચિ ધરાવે છે, ગહન તત્ત્વ-વિચારણામાં રસ લે છે તેઓ તેનું મૂલ્ય સમજે છે. ઘણાને ન સમજતા એકાદ શબ્દનો અર્થ પોતાને સમજાયાનો આનંદ પણ ઘણો મોટો હોય છે. તો પછી જેમાં તત્ત્વની મીમાંસા થઇ હોય એવી તત્ત્વજ્ઞાનીઓની વાણી સમજાયાનો આનંદ કેટલો બધો હોઈ શકે! આનો તો જેને અનુભવ થયો હોય તે જ તેની અતીતિપૂર્વક વાત કહી શકે. ભોજનના આનંદ કે યશના આનંદ કરતાં પણ જ્ઞાનનો આનંદ ઘણો ચઢિયાતો છે.

સાહિત્યનાં વિભિન્ન સ્વરૂપોમાં કેટલાંક એવાં છે કે જેમાં સર્જકતાના આનંદ ઉપરાંત શક્તિ અનુસાર યશ પણ પ્રાપ્ત થાય છે. સરળ અને મનોરંજનાત્મક સાહિત્ય ઘણો પ્રચાર પામે છે અને લેખકને અસાધારણ કીર્તિ સાંપડે છે. એવા પ્રકારના સરળ સાહિત્યનું સર્જન કરનાર લેખકોની સંખ્યા પણ વધુ હોય છે, અને સમય જતાં નવા લેખકો ઉદયમાં આવતાં જૂના લેખકો ઝાંખા બનતા જઈ ભૂતકાળમાં વિલીન થઇ જાય છે. બીજી બાજુ સાહિત્યનાં કેટલાંક એવાં ક્ષેત્રો છે જેમાં લખાયેલા ગ્રંથોનો વાચકવર્ગ ઘણો મર્યાદિત હોય છે. એવા લેખકને સમાજમાં ઝાઝી કીર્તિ સાંપડતી નથી. પરંતુ લેખકને પોતાને તો પોતાના લેખનકાર્યથી ઘણો આનંદ અને સંતોષ મળે છે. જે લેખકો પાસે સર્જનશક્તિ અને વિદ્વત્તા-ઉભય હોય છે, તેઓ પોતાની બંને પ્રકારની શક્તિનો સુભગ સમન્વય કરી એવી રચના કરે છે જે ચિરકાળ સુધી જીવંત રહે છે

માનસન્માન મળે, યશ સાંપડે એ એકંદરે દરેક લેખકને ગમતી વાત છે. પરંતુ એ આનંદ કરતાં પણ પોતે કશુંક તાત્ત્વિક પામ્યાનો જે આનંદ છે, તે ઘણો ચઢિયાતો છે. એનો સ્વાદ જેમણે ચાખ્યો છે તેમને લોક-પ્રસિદ્ધિની બહુ તમન્ના હોતી નથી. તે મળો યા ન મળો, લેખક તો પોતે નિજાનંદમાં મસ્ત હોય છે.

આપણા આલંકારિકોએ સર્જક માટે પ્રતિભા અને અભ્યાસ ઉપર ઘણો ભાર મૂક્યો છે. પ્રતિભા પણ પૂર્વના સંસ્કાર કે કર્મને અનુસરીને સાંપડે છે. જૈન માન્યતા અનુસાર જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ જેટલો મોટો, તેટલી વધુ જ્ઞાનસિદ્ધિ. બીજી બાજુ યશનામકર્મનો ઉદય જેટલો મોટો તેટલી વધુ પ્રસિદ્ધિ અનાયાસ સાંપડે. કેટલાક વિદ્વાનોનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ મોટો હોય છે, પરંતુ તેમનું યશનામકર્મ એટલું ઉદયમાં હોતું નથી. એથી તેમની ખ્યાતિ જેટલી થવી જોઇએ તેટલી થતી નથી. બીજી બાજુ કેટલાક લેખકોને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઓછો હોય છે પરંતુ તેમનું યશનામકર્મ એટલું મોટું ઉદયમાં હોય છે કે ઓછી સિદ્ધિ છતાં તેમને ઘણી બધી પ્રસિદ્ધિ સાંપડે છે. કોઇક સદ્ભાગી લેખકોના જીવનમાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ અને યશનામકર્મનો ઉદય એ બંને એટલા પ્રબળ હોય છે કે તેમની સાચી વિદ્વત્તાની કીર્તિ ચોમેર દૂર દૂર

સુધી દીર્ઘકાળને માટે પ્રસરી રહે છે. સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી ઇત્યાદિ એ કોટિના મહાપુરુષો છે. પરંતુ એવું સદ્‌ભાગ્ય દરેકને ન સાંપડે, એટલે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને યશનામકર્મનો ઉદય એ બેમાંથી એક જ પસંદ કરવાનું હોય તો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ પસંદ કરવા યોગ્ય ગણાય. એ વિનાનો યશનામકર્મનો ઉદય તો કયારેક સાથે મોહનીય કર્મને પણ ધસડી લાવે. લેખક મિથ્યાભિમાનમાં રાચે.

સાહિત્યમાં અધ્યયન અને લેખન બંને જેને વરેલાં છે તેવા લેખકોને માટે પણ કયારેક દ્વિધાભરેલી પરિસ્થિતિ ઊભી થાય છે. કેટલાક લેખકોને અધ્યયનના ભોગે લેખનનું કાર્ય કરવું પડે છે, તો કેટલાકને અધ્યયન કરવા જતાં લેખનનો ભોગ આપવો પડે છે. લેખન ને અધ્યયન બંને સમાંતર ચાલ્યા જતાં હોય અને એ બંનેને પરસ્પર લાભ થતો હોય એવું બહુ ઓછા લેખકોમાં જોવા મળે છે. કેટલાક લેખકો લેખનને નિમિત્તે જ અધ્યયન કરી શકે છે. લેખનની જવાબદારી ન હોય તો અધ્યયન કરી શકતા નથી. કેમ કે સંકીર્ણ પ્રવૃત્તિઓમાંથી સમય કાઢી અધ્યયન કરવા ખાતર કરવું એ સરળ વાત નથી. લેખનનું નિમિત્ત હોય તો અધ્યયન સંગીન ને ચીવટવાળું બને છે. કેટલાક લેખકોને અધ્યયન કરતાં કરતાં સ્વતંત્ર મૌલિક વિચારો, પૃથક્કરણ કે તારતમ્યરૂપે એટલા બધા સ્ફુરે છે કે તેઓ તે વિશે કશુંક લખ્યા વગર રહી શકતા નથી, અધ્યયનના પરિપાકરૂપે તેમની કલમપ્રસાદી આપણને સાંપડે છે.

વિદ્યોપાસના ઘણો સમય માગી લે છે, જીવનવ્યવહારમાં ઇતર પ્રલોભનો એટલાં બધાં હોય છે કે એક જ વિષયમાં સ્થિર થવાનું કયારેક કઠિન બને છે. કોઇ એક દિશામાં પ્રગતિ કરવી હોય તો માણસને બીજી કેટલીક બાબતોનો ભોગ આપ્યા વગર છૂટકો નથી. આસનબદ્ધ થયા વગર જ્ઞાનસંપાદનનું કાર્ય જલદી થતું નથી. પરંતુ સમયે સમયે નવી જાણકારી, નવી સમજ, નવી સૂઝ, નવી સંપદાની પ્રાપ્તિનો આનંદ એટલો બધો હોય છે કે એની આગળ ઇતર પ્રવૃત્તિઓનો આનંદ તુચ્છ લાગવાનો સંભવ છે.

વર્તમાન સમય એ આપણે માટે તીર્થંકરોના વિરહનો સમય છે. તીર્થંકરોના વિરહમાં મોક્ષમાર્ગ ઉપર સ્થિર રહેવાને માટે મુખ્ય આલંબન બે છે: જિનબિંબ અને જિનાગમ. જિનપ્રતિમા અને જિનમંદિરની પ્રવૃત્તિ કુદરતી રીતે જ વધુ હોય છે. પરંતુ તેના પ્રમાણમાં શ્રુતભક્તિની પ્રવૃત્તિઓ જેટલી વધવી જોઇએ તેટલી વધી નથી. શ્રુતભક્તિ વધે, જ્ઞાનનું તેજ વધે તો જ સમાજ વધુ તેજસ્વી બને, પરંતુ વર્તમાન સમયમાં વિદ્યોપાસનાને પોષક એવાં પરિબળો ઓછાં છે. ગૃહસ્થ વિદ્વાનો જો આર્થિક દૃષ્ટિએ નિશ્ચિંત હોય તો પોતાની વિદ્યા-પ્રવૃત્તિને વધુ સધન બનાવી શકે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ અને ઇતર સંસ્થાઓએ વિદ્વાનોને પોષવાની જવાબદારી ઉપાડી લેવી જોઇએ. ગુજરાત સરકારે જેમ સાહિત્યકારોને નિશ્ચિત લેખનકાર્ય માટે ફેલોશિપ આપવાની યોજના કરી છે તેવી ફેલોશિપની સ્થાપના નિશ્ચિત પ્રોજેક્ટને માટે જૈન સમાજે પણ કરવી જોઇએ. માસિક બે-પાંચ હજાર રૂપિયાના વેતનવાળી આવી ફેલોશિપ ઉપરાંત એવી 'વિદ્વદ્-વૃત્તિ'ની સ્થાપના પણ કરવી જોઇએ, જેમાં લેખનકાર્યના કશા જ બંધન વિના, યથેચ્છ જ્ઞાનસંપાદનની પ્રવૃત્તિ માટે કેટલાક તેજસ્વી વિદ્વાનોની ગૌરવભરી આજીવિકાની જવાબદારી સમાજ પોતાના કર્તવ્ય તરીકે ઉપાડી લે. સમાજ દ્વારા વિવિધ રીતે શ્રુતમહિમા જો વધે અને વિદ્યાવ્યાસંગની અનેકવિધ પ્રવૃત્તિઓ જો પોષાય તો જ્ઞાનદરિદ્રતા ઘટે અને સમાજ વધુ ઓજસ્વી બને.

આશા રાખીએ કે આ વિચારોનો કયાંક પડઘો પડે!

સંઘ સમાચાર

કેસેટ લાઇબ્રેરી

સંઘ તરફથી કેસેટ લાઇબ્રેરી શરૂ કરવામાં આવી છે. જુદી જુદી વૈવિધ્યપૂર્ણ કેસેટસ વસાવવામાં આવી છે, જેમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાની કેસેટસ ઉપરાંત પ્રાચીન ભજનો, સુગમ સંગીત અને સંઘ તરફથી ગત વર્ષમાં યોજાએલ પત્રકારત્વ વિષે પરિસંવાદમાં જુદા જુદા વ્યાખ્યાતાઓએ કરેલ વકતવ્યની કેસેટસનો સમાવેશ થાય છે.

આ કેસેટ લાઇબ્રેરીનો સૌને લાભ લેવા વિનંતી. રોજનું ભાડું એક રૂપિયો રાખવામાં આવ્યું છે અને કેસેટ દીઠ રૂા. ૫૦/- ડિપોઝીટ લેવામાં આવે છે.

* * *

સંઘ તરફથી નેત્રયજ્ઞનું આયોજન કરવા માટે ચંદરિયા ફાઉન્ડેશન, હ. શ્રી કપુરભાઈ ચંદરિયા તરફથી સંઘને રૂા. ૨૦,૦૦૦/-નું દાન મળેલ છે, જેનો સંઘે સાભાર સ્વીકાર કર્યો છે.

* * *

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક
* વસંત વ્યાખ્યાનમાળા *

સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૯-૪-૧૯૮૪ થી ગુરુવાર, તા. ૧૨-૪-૧૯૮૪ સુધી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

વિષય : Coalition-a Democratic Alternative

તારીખ	વ્યાખ્યાતાઓ
સોમવાર	જનતા પક્ષના પ્રમુખ
૯-૪-૮૪	શ્રી ચંદ્રશેખર
મંગળવાર	માર્કસીસ્ટ સામ્યવાદી
૧૦-૪-૮૪	પક્ષના જનરલ સેક્રેટરી શ્રી ઇ. એમ. એસ. નામ્બુદ્રીપાદ
બુધવાર	ગુજરાત રાજ્યના નાણામંત્રી
૧૧-૪-૮૪	શ્રી સનત મહેતા
ગુરુવાર	ભારતીય જનતા પક્ષના જનરલ
૧૨-૪-૮૪	સેક્રેટરી શ્રી એલ. કે. અડવાણી

સમય : દરરોજ સાંજના ૬-૧૫ કલાકે

સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરનો વાલચંદ હિરાચંદ સભાગૃહ, ચર્ચગેટ.

આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલા લેશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

જૈન ધર્મનો પ્રાણ

(ગતાંકથી સંપૂર્ણ)

સ્યાદ્વાદે તિરસ્કારને સ્વીકૃતિમાં બદલ્યો. આથી સ્પષ્ટ થયું કે 'સ્યાદ્વાદ' વિચારવાની, ચિન્તનની વિશાળ ભૂમિ પ્રદાન કરે છે. આપણે જે સમયે જે વિચારીએ છીએ એટલામાં એ પૂર્ણ છે, નિશ્ચય છે, સંશય નથી. જૈન ધર્મ કે દર્શનની આથી મોટી વિશાળતા બીજી શી હોઈ શકે કે એણે પરસ્પર વિરોધી ધર્મોને પણ સામંજસ્યથી જોયા-પારખ્યા. આથી આને વાસ્તવબહુત્વવાદી ધર્મ કહેવામાં આવ્યો છે.

ડૉ. મહેન્દ્ર કુમારના શબ્દોમાં કહીએ તો— અનેકાન્તદર્શન ચિત્તમાં માધ્યસ્થ ભાવ, વીતરાગતા અને નિષ્પક્ષતાનો ઉદય કરે છે, સાથોસાથ સ્યાદ્વાદ વાણીમાં નિર્દોષતા આણવાનો પૂરેપૂરો અવસર આપે છે. ભગવાન બુદ્ધ શંકાનિવારણમાં મૌન રહે છે, જ્યારે મહાવીરે દૃષ્ટિ વૈવિધ્યથી એનું સમાધાન કર્યું. એમ તો સૂક્ષ્મ રીતે વસ્તુને ન પારખી શકનારાઓએ ઊંધાં-ચત્તાં ઉદાહરણ દઈને આનો વિરોધ કર્યો કેમ કે 'જ' નો અહમ્ 'પણ' થી દૂર રહ્યા હતા.

આજના વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ શું સ્યાદ્વાદનું વૈજ્ઞાનિક રૂપ નથી? વિચાર વૈવિધ્ય, અહમ્, યુદ્ધમાં ડૂબેલું વિશ્વ જો પોતાના દૃષ્ટિકોણની જડતા ત્યાગીને બીજાઓના દૃષ્ટિકોણને સમજે તો વિશ્વ ભયાનક યુદ્ધો-સંહારોના જોખમથી બચી શકે છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું વૈમનસ્ય નાશ પામીને પ્રેમમાં પરિવર્તિત થઈ શકે છે. આજે આ સ્યાદ્વાદની ખૂબ જ જરૂર છે.

ચોથો સ્તંભ સમતાવાદ કે પૂર્ણસમર્પણભાવ છે. ભગવાન મહાવીરે એક તરફ અહિંસાને પુનઃ દૃઢતાથી પ્રતિષ્ઠિત કરી, સ્યાદ્વાદનું સર્વથા નવીન તેમજ સમન્વયનું સૂત્ર આપ્યું, એની સાથે જ યુગદ્રષ્ટાએ વિશ્વમાં પરસ્પર પ્રેમ વધે, માણસ માણસ વચ્ચે અર્થ કે જાતિ કયાંય ભેદનું, વૈમનસ્યનું કારણ ન બને એ માટે અપરિગ્રહ તેમ જ સમતાનો જીવનમન્ત્ર પણ આપ્યો. એમણે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં અનુભવ્યું હતું કે માણસો વચ્ચેના સંઘર્ષનું મૂળ કારણ આર્થિક અસમાનતા છે. આનાથી શોષણની પ્રવૃત્તિને વેગ મળે છે. ભૂખે પિડાતો માણસ ભીખ માગવાને પ્રેરાય છે.— ચોરી કરે છે અને પછી હત્યાઓ પણ કરી શકે છે. આ જ દૂષણને દૂર કરવાને માટે પરિગ્રહને પંચ પાપોમાં મુખ્ય સ્થાન આપ્યું. લોભ અને સંગ્રહ બધાં દૂષણો, કપટ આદિનું મૂળ છે. જીવનમાં જરૂરી ઉપયોગી દ્રવ્ય ઉપરાન્તના દ્રવ્યને હેય માન્યું. કબીરની ભાષામાં-'પાણી વધતાં નાવમાં, ઘરમા વધતાં દામ, બન્ને હાથ ઉલેચવાં, એ સજ્જનનું કામ.' આ જ રીતે બ્રાહ્મણ અને અબ્રાહ્મણના સંઘર્ષે આ દેશનું ઓછું નુકસાન કર્યું. જાતિને કારણે, ઊંચ-નીચને કારણે આપસનું આધાપણું વધતું ગયું. માણસ માણસને માટે અછૂત કે તિરસ્કારની વસ્તુ બની ગયો. અરે! એને વેદ ભણવાનો પણ અધિકાર નહોતો. આ અસમાનતાના વિરોધમાં પણ એક ચૂંજ ઊઠી. માણસમાત્ર સમાન છે એવો ભાવ જાગ્રત કર્યો. જન-જનને જનની જ ભાષામાં સંબોધીને નવા સમ્પર્કનો પ્રારમ્ભ કર્યો, દીર્ઘદ્રષ્ટા મહાવીરની આ સમતા-દૃષ્ટિ કેટલી મહાન હતી કે આપણે સંગ્રહથી મુક્ત થવાને માટે અપરિગ્રહનું વ્રત લઈએ. આપણી બાકીની સમ્પત્તિ જરૂરિયાતવાળાઓને પ્રેમથી આપીએ. કોઈને ભૂખ્યો સૂવા ન દઈએ. જો આનો પ્રયોગ અમેરિકાએ કર્યો હોત તો શું રશિયા અને ચીનની કત્લેઆમ થાત? શું લોહીની નદીઓ વહેત? તો તો ગોળીથી નહીં, પ્રેમથી બધાંનાં હૃદય જીતવામાં આવત. આજે ય આ સિદ્ધાન્ત સમજવાને લોકો તૈયાર નથી. પરિણામે નિરન્તર યુદ્ધ, ચોરી-લૂંટફાટ, ખૂનના બનાવો વધતા જ જઈ રહ્યા છે.

સમતાના સિદ્ધાન્તને ગાંધીજીએ આઝાદીની ચળવળ સાથે જોડ્યો હતો. સંભવી શકે એ કર્યું. શ્રી વિનોબાજીનો સર્વોદયવાદ આ જ સમતાવાદની એક કડી છે. આજે પણ જો આપણે લોહિયાળ ક્રાન્તિથી બચી શકયાં હોઈએ તો એનું મૂળ કારણ છે આપણા સંસ્કારોની સમતા-ભાવના-અહિંસા-ભાવના. અને જો બીક છે તો એ આ વાતની જ કે જો આપણે હળી-મળીને વહેંચીને ખાતાં શીખશું નહીં તો આપણી ગરદન પણ કપાઈ શકે છે. એમ તો જૈન ધર્મ અને દર્શનનાં મૂળ તત્ત્વોમાં અનેક તથ્યોનું વિવેચન કરી શકાય એમ છે. પણ આ ચાર તત્ત્વ સમસ્ત માનવજાતિ અને વિશ્વકલ્યાણને માટે સહુથી વધુ ઉપયોગી હોઈને એમની ચર્ચા કરી છે. અસ્તુ.

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ રૂલ્સ અન્વયે ૧૯૫૬ ના)

(ફૉર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ	: રસધારા કો. ઓ. હા. સોસાયટી
	: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪
૨. પ્રસિદ્ધિનો ક્રમ	: દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ	: ચીમનલાલ જે. શાહ
કયા દેશના	: ભારતીય
૪ ઠેકાણું	: રસધારા કો. ઓ હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪
૪. પ્રકાશકનું નામ	: ચીમનલાલ જે. શાહ
કયા દેશના	: ભારતીય
ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી,
	: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪
૫. તંત્રીનું નામ	: ડૉ. રમણલાલ ચી. શાહ
કયા દેશના	: ભારતીય
ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪
૬. માલિકનું નામ અને	: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
સરનામું	: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-'૮૪ રમણલાલ ચી. શાહ

શાહ–યુગલ સાથે એક સાંજ

સોમવાર, તા. ૫–૩–૧૯૮૪ની સાંજે ચોપાટી પરની મરચન્ટ ક્લબની અગાસીમાં સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે દાયકા દરમિયાન અર્પેલ સેવા માટે એમનું અભિવાદન કરવાનો એક સમારંભ એમના મિત્રો અને શુભેચ્છકો તરફથી મર્યાદિત ધોરણે યોજવામાં આવ્યો હતો.

૪. સ. ૧૯૭૪માં શ્રી કે. પી. શાહ સંઘના મંત્રી તરીકે નિયુક્ત થયા. ત્યારથી સંઘને આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી બનાવવા વિવિધ યોજનાઓ કરી અને તે પાર પાડી આજીવન સભ્યો, પેટ્રનો, સુવર્ણ–મહોત્સવ નિધિ અને છેલ્લે પ્રજ્ઞાચક્ષુઓને પગભર કરવાની યોજના એમણે સફળતાપૂર્વક પાર પાડી. અત્યાર સુધીમાં સંઘના ૧૪૮૦ આજીવન સભ્યો અને ૧૩૦ આશ્રયદાતાઓ થયા છે. સંઘના સુવર્ણ–મહોત્સવ પ્રસંગે માતબર નિધિ અને રૂ. ૩,૫૦૦/ લેખે અંધ, અપંગ અને અનાથને પગભર કરવા ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ૧૫૩ દાતાઓ પાસેથી મળેલાં દાન : આ બધી યોજનાઓ પાર પાડવામાં શ્રી કે. પી. શાહની દૃષ્ટિ અને નિધિ–સંચય કરવાની એમની ક્ષમતા મહત્ત્વની અને મુખ્ય બની રહી. આજીવન સભ્યનું લવાજમ શરૂઆતમાં રૂા. ૨૫૧ હતું; હાલ રૂા. ૩૫૧ છે અને પેટ્રનનું લવાજમ રૂા. ૨૫૦૦ છે.

'અમે ગીત ગગનના ગાશું' કવિશ્રી ઉમાશંકર જોશીના એ ગીતથી શ્રી ભરત પાઠક અને શ્રીમતી શારદાબેનના કંઠે સમારંભનો પ્રારંભ થયો. શ્રીમતી કોકીલાબેન વકાણીએ પણ ગીતની રજૂઆત કરી વાતાવરણને આહલાદક બનાવ્યું હતું.

જુદા જુદા વકતાઓએ શ્રી કે. પી. શાહની વિશિષ્ઠ શક્તિ અને લાક્ષણિકતાને બિરદાવી હતી. પ્રારંભમાં શ્રી ચીમનલાલ જે. શાહે સાથી મંત્રી તરીકે તેઓ બન્ને કેવા એકબીજાના પૂરક રહ્યા છે એ સમુચિત રીતે યાદ કર્યું હતું. શ્રી ગીજુભાઈ મહેતાએ એમને versatile orator તરીકે ઓળખાવ્યા હતા. 'જન્મભૂમિ' અને 'પ્રવાસી'ના તંત્રીશ્રી હરીન્દ્રભાઇએ શ્રી કે. પી. શાહની સફળતાનું રહસ્ય સમજાવતાં દાનો માટે એકાદ નનૈયો જીરવવાની એમની તાકાતમાં રહ્યું હોવાનું જણાવ્યું હતું. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે એમની એકેક લાક્ષણિકતાને વિનોદપૂર્ણ શૈલીથી પ્રકૃતિના એકેક તત્ત્વોને શ્રી કે. પી. શાહ કેવા મૂંઝવે છે એમ સમજાવ્યું હતું! કે. પી. શાહનો શાયરી પ્રેમ અને એમની જબાનની એકેક વિશિષ્ઠતા પકડીને એમના Meritorious Performanceને 'દાયકાના દેકારા' તરીકે ઓળખાવી એમને બિરદાવ્યા હતા. પ્રેક્ષકગણે વ્યંગ–વિનોદપૂર્ણ આ પ્રવચન પેટભરીને માણ્યું હતું.

પ્રત્યુત્તરમાં શ્રી કે. પી શાહે આભાર માનતાં જણાવ્યું કે 'બાગમાં આરોપણ કરવામાં આવેલ સદ્‌ગુણોથી હું વિભૂષિત નથી એ બાબત હું ગંભીરપણે સજાગ છું અને એ તરફ પોતે ડગલાં માંડી શકે એવી ભાવના વ્યક્ત કરી હતી. ક્રિકેટની રમતને યાદ કરીને એ રમતમાં દરેક ખેલાડીનું વત્તું ઓછું પ્રદાન હોય છે એમ જણાવી એમની સફળતામાં સંઘની કારોબારી સમિતિના સભ્યોમાં રહેલી સંઘભાવના કારણભૂત હોવાનું એમણે જણાવ્યું હતું. વહાલસોયા મિત્રો મળ્યાનો આનંદ વ્યક્ત કરતાં સૌએ એમની પીઠ થાબડી છે એ માટે એમણે સૌનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

સૌ વકતાઓએ શ્રી કે. પી. શાહની સફળતામાં શ્રીમતી સવિતાબેનની મૂક પ્રેરણાને બિરદાવી હતી. અન્ય વકતાઓમાં શ્રી સી. એન. સંઘવી, શ્રી સુબોધભાઇ એમ. શાહ અને શ્રી એચ. પી. શાહ મુખ્ય હતા. શ્રી શ્રીદેવીબેન ઝવેરીએ શ્રી ગણપતભાઈ ઝવેરીએ મોકલાવેલ સંદેશાનું વાચન કર્યું હતું.

આ સમારંભના સમગ્ર આયોજનમાં શ્રી ચીમનલાલ જે. શાહની દૃષ્ટિ હતી અને શ્રી અમર જરીવાલાને શ્રી કે. પી. શાહનું અભિવાદન કરવાનો વિચાર સ્ફૂર્યો અને એમનાં સૂચનથી આ સમારંભનું નિમિત્ત બન્યો એનો સૌને આનંદ છે.

એક અવધૂતનું પરિભ્રમણ

● નેમચંદ એમ. ગાલા

મહાશિવરાત્રિએ બોચાસણની પૂણ્યભૂમિમાં પૂ. રવિશંકર દાદાએ પોતાના યજ્ઞમય આયુષ્યની શતાબ્દી પુરી કરી ૧૦૧માં વર્ષમાં પ્રવેશ કર્યો. શતાબ્દી મહોત્સવના પ્રારંભ અગાઉ અમે પૂ. દાદાના દર્શન કરવા એમનાં ઓરડામાં ગયાં.

કવિ ઉશનસે એમની આંખોને કાવ્યપંક્તિમાં વર્ણવતાં કહ્યું છે:

'કોણ કહે આને વળી આંખ્યું?

આ તો પાકી ગલ્લ દરાખ્યું...! (દ્રાક્ષ)

પૂ. દાદાની પારદર્શક આંખોની જ્યોતિ બુઝાઈ ગઇ છે. પણ આંતરપ્રજ્ઞા અપરૂપ સતેજ છે. સંભળાય છે ઓછું. શરીર અત્યંત ક્ષીણ થઇ ગયું છે. બોલવામાં પણ ખૂબ શ્રમ પડે છે, પરંતુ સ્મૃતિ સજાગ છે. ગીતાપાઠ તો શ્વાસોચ્છ્વાસની જેમ અવિરત ચાલ્યા જ કરે છે. શરીરને અતિક્રમી જનાર આવા ભડવીર કર્મયોગી તપસ્વીના ચરણને સ્પર્શી વંદન કર્યાં ત્યારે હૈયું ભરાઈ આવ્યું.

સમારોહ વખતે એમને પલંગ સમેત મંચ પર લઇ આવ્યા. થોડો સમય બેઠેલી સ્થિતિમાં રાખ્યા એક કલાકના કાંતણ કાર્યક્રમ સાથે મંગળ પ્રાર્થનાઓ થઇ. સૂતરની અને પુષ્પોની અંજલિઓ વરસતી ગઇ.

વકતાઓમાં સર્વશ્રી નારાયણ દેસાઈ, અચ્યુત પટવર્ધન, ગંગાબા, રતુભાઇ અદાણી, બાબુભાઇ જ. પટેલ, શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા, ગુ. સા. પ. ના પ્રમુખ શ્રી યશવંત શુક્લ વગેરેએ દાદાના કાવ્યમય જીવનની ભૂરી ભૂરી પ્રશંસા કરી હતી.

આ ભવ્ય પ્રસંગને અનુરૂપ 'ભૂમિપુત્ર'નો વિશેષાંક, 'સુવિચાર'નો વાત્સલ્યમૂર્તિ' દાદા વિશેષાંક, ભૂદાન કાર્યકર

સાથી મગનભાઇ પટેલની પાંચ પુસ્તિકાઓ, તેમ જ પૂ. દાદાના દસ ફોટાઓનો સંપુટ પ્રગટ કરવામાં આવ્યાં હતાં.

ખૂબ પવિત્રતાથી અભિભૂત વાતાવરણમાં શતાબ્દી સમારોહ ઉજવાયો.

* * *

શ્રી દર્શકે કહ્યું તેમ 'પૂ. દાદા તો કોઇ પ્રાચીન ભૂત-કાળમાંથી આ કળિયુગમાં આવી ચડેલા ઋષિ છે.' શ્રી નારાયણ દેસાઇએ કહ્યું છે. એમનામાં ઋષિ અને સંત બેઉનો અદ્‌ભુત સમન્વય જોવામાં મળે છે.' સ્વામી આનંદ પૂ. દાદાને પુણ્યનો પહાડ કહેતા અને બાઇબિલનાં The tallest among them. મુઠ્ઠી ઉંચેરા માનવી તરીકે વર્ણવતા.

ગાંધીજીએ એક પત્રમાં લખ્યું: 'તમે નસીબદાર છો. જે ખાવાનું મળ્યું તેથી સંતુષ્ટ. ટાઢતડકો સરખાં ચીંથરા મળે તો ઢંકાઓ. ને હવે જેલમાં જવાનું સદ્‌ભાગ્ય તમને પહેલું.

'જો ઇશ્વર અદલાબદલી કરવા દે, ને તમે ઉદાર થઇ જાઓ, તો તમારી સાથે જરૂર અદલાબદલી કરું.'

વિનોબા કહેતા, 'જે કોટિના તુકારામ, તે જ કોટિના આપણા રવિશંકર મહારાજ છે. કરુણામૂર્તિ છે.'

વિમલાતાઇ કહે, 'હું જ્યારે એમને મળું છું, ગંગા-રનાનની સુચિતા લઇને પાછી ફરું છું'! પંડિત સુખલાલજી એમને 'લોકહૃદયના અને લોકમતના દેવતા કહેતા. દર્શક કહે છે. 'એમની વાણીમાં સરળતા, લાઘવ અને કવિને જ સુલભ એવી ચિત્રાત્મકતા છે.'

સેવાનો ભેખ લઇ ૧૯૧૯ની છઠ્ઠી એપ્રિલના રોજ રાતી પાઇ પણ લીધા વિના એમણે ઘર છોડ્યું. પોતાની જમીન દાનમાં આપી દીધી. એક તસુ પણ પોતાને માટે રાખી નહિં. વસ્ત્રો, રેંટિયો અને પુસ્તકો. એક થેલીમાં સમાઇ-જાય એટલો જ પરિગ્રહ. નિયમિત કાંતે ખાદી ઘણી બને. પણ પોતા માટે બે ધોતિયાં, બે અંગરખા, બે ટોપી અને એક ટુવાલ રાખતા અને તે દોઢ વર્ષ ચલાવે. બીજાં મારીને પણ... બાકીની ખાદી સંસ્થા કે સ્નેહીઓને આપી દે. પચીસ વર્ષ સુધી તો એમણે એકટાણું જ કર્યું. પછી બે ટાઇમ ખાતા પણ વચ્ચે કંઇ જ નહિં. ભૂલેચૂકે મોઢામાં જાય, તો ૨૪ કલાકના ઉપવાસ-સાકર અને મધની બાધા. એમાં ચૂક થાય તો ૩૬ કલાકના ઉપવાસ. કોઇને પણ કહ્યા વગર...! અગિયારસનો જૈન ઉપવાસ નિયમિત કરે. ૧૯૧૦ થી ૧૯૬૦ સુધી તો પગરખાં પણ ન પહેર્યાં. ઉઘાડે પગે રાતદહાડે ત્રીસ-ચાળીસ માઇલની મજલ કાપી નાખે. એક વખત ભૂદાન યાત્રામાં પગ મોચવાયો, સૂઝી ગયો, ત્યારે વિનોબાજીની સમજાવટથી પગરખાં પહેરવાં શરૂ કર્યાં.

રોજનાં વીસ-ત્રીસ માઇલ ચાલનાર દાદા જેલમાં શું કરે? બેરેકમાં ગણીને આંટા મારે. ત્યારે એમની નજરમાં આવ્યું કે તેમનાં પગલાં જરા ત્રાંસા પડે છે. એટલે સીધાં પગલાંએ ચાલવાનો પ્રયોગ કર્યો. તો જે અંતર ૬૬ પગલામાં કપાતું, તે ૬૦ પગલામાં પૂરું થયું. એમણે ગણિત માંડ્યું, કે રોજના કપાતા અંતરનું દશ ટકા ઓછું અંતર તેઓ ખોટી રીતે ચાલતાં કાપે છે. તરત ટેવ સુધારી દીધી.

આ એમની કરકસરયુકત ચોકસાઇ! જીવનની પળેપળનો અને રાહતકાર્યના કરોડો રૂપિયાનો એમણે પાઇ-પાઇનો હિસાબ રાખ્યો,—આપ્યો. એક પળ કે પાઇ વેડફવા ન દીધી...!

ધારાળા, પઢિયાર, બારૈયા કે પાટણવાડિયા કોમો અન્યાય સામે બહારવટે ચડે. મહારાજે એમને સમજાવવાનું અને ગાંધીજી સાથે મેળવી આપવાનું કામ માથે લીધું. ૧૯૨૨માં ગાંધીજીને ૬ વર્ષની કેદની સજા થઇ. દાદા કોર્ટમાં જ રડી પડ્યા. ગાંધીજીએ કામ આગળ વધારવાનું પ્રોત્સાહન આપ્યું. ઘણા બહારવટીયાઓએ પોતાનો રાહ બદલાવ્યો અને મહારાજે માણસાઇના દીવા પ્રગટાવ્યા...

૧૯૩૦ની દાંડીકૂચમાં મહારાજ અરુણ ટુકડી સાથે અગાઉથી પહોંચી જતા અને યાત્રાની વ્યવસ્થા કરતા એમનાં પત્ની સૂરજબાએ અને દીકરી લલિતાએ સત્યાગ્રહમાં ભાગ લીધો. સૂરજબાને દોઢ વર્ષની જેલ થઇ. દાદાએ ૧૯૩૦, ૧૯૩૨ અને ૧૯૪૨માં પણ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૨ માં દિકરી લલિતા મરણપથારીએ હતી, મહારાજ જેલમાં હતા. પેરોલ પર છૂટવાની શરતો જાણી જીવનનાં છેલ્લા શ્વાસ લેતી લલિતાએ કહ્યું, 'ના, મારા બાપુને તેવી શરતોએ છોડાવવા નહિં, મને એ રીતે તેમને મળવાનો ઉમળકો નથી.' અને બાપ-દિકરીનો છેલ્લો મેળાપ પણ ન થઇ શકયો.

૧૯૩૮માં હરિપુરા કોંગ્રેસ તથા ૧૯૪૧માં કલોલમાં અને ૧૯૪૫માં વિરમગામમાં કોલેરા વખતે રાત-દિવસ જોયા વગર તનતોડ મહેનત કરી.

૧૯૪૬માં ગુજરાતમાં ઠેર ઠેર નેત્રયજ્ઞો કર્યા. પાળજીથી દંતયજ્ઞો પણ શરૂ કર્યા.

મહારાજ કહેતા, 'બાપૂ પછી મારા આત્માને કોઇએ સંતોષ આપ્યો હોય, તો તે વિનોબાએ.'

૧૯૫૫માં મહારાજ જગન્નાથપુરીમાં સર્વોદય સંમેલનના પ્રમુખ તરીકે વરણી થતાં ત્યાં ગયા.

૧૩-૪-૫૫ ના અમદાવાદથી મહારાજની અખંડ ભૂદાન-યાત્રા શરૂ થઇ, ૧૬-૩-૫૮ના રોજ પૂરી થઇ. વિનોબા સાથેની પદયાત્રા ૨૨-૯-૫૮ ના સુરતથી શરૂ થઇ, કસાણા (સાબર-કાંઠા) માં ૧૪-૧-૫૯ ના રોજ પૂરી થઇ.

૧૯૪૮ નો ગુજરાતનો દુકાળ, ૧૯૬૭ નો બિહારનો દુકાળ, જેમાં ૮૦૦ કૂવાઓ બંધાવ્યા, ૧૯૬૮ નું રેલસંકટ, ૧૯૬૯ નો બનાસકાંઠાનો દુકાળ, ૧૯૭૦માં ભાલ નળકાંઠાની અતિવૃષ્ટિ, ૧૯૭૧ માં બંગલાદેશના નિરાશ્રિતો માટેનું રાહતકાર્ય. ઓરિસ્સામાં વાવાઝોડાથી જલપ્રલયનું સંકટ, જ્યારે લગભગ ત્રણ હજાર પરિવારો માટે નવાં ઝુંપડા બંધાવ્યા. સાધનો વસાવી આપ્યાં, ગુજરાતભરમાં કૂવાઓ અને પાણી માટે બોરિંગોનું અભૂતપૂર્વ કામ કર્યું. કોમી હુલ્લડો, ધરતીકંપો, કુદરતસર્જિત કે માનવસર્જિત આપત્તિઓમાં ક્ષણમાત્ર ગુમાવ્યા વિના મહારાજે અથાગ પરિશ્રમ વેઠી ભગીરથ પુરુષાર્થ કર્યો. બિહારનાં કામમાં શરીર નીચોવી દીધું. ગરમીમાં સનસ્ટ્રોક લાગ્યો. આંખે ઝાંખપ આવી ગઇ. મહારાજે શરીર પાસેથી ગજા ઉપરવટ કામ લીધું.

ચીનની શાંતિ પરિષદમાં પ્રતિનિધિ તરીકે ગયા. શાંઘાઇ, સિંગાપુર વગેરેનો પ્રવાસ પણ કર્યો.

ગુજરાતે એમને ચરણે કરોડો ધર્યા અને મહારાજે તે વિવેકપૂર્વક માનવરાહત માટે વાપર્યા. અનેકના શ્રદ્ધેય બન્યા.

મેધાણી કહેતા, 'મહારાજ તો જંગમ વિદ્યાપીઠ છે'

આયુષ્યનાં ૯૦ વર્ષના દીર્ઘપટને એમણે નિર્લેપ, નિષ્કામ અને કરુણાસભર સેવાથી અજવાળ્યો. અપરિગ્રહી, વિનમ્ર અને નિરાડંબરી એવા દાદા જેવા અવધૂતે ગુજરાતની ધરતી પર જન્મ ધારણ કર્યો અને અવતાર-કાર્ય કર્યું તે માટે ગુજરાત તેમ જ ભારત એમનું સદા ઋણી રહેશે. ભારતભૂમિ આવા સંતોથી ઊજળી છે. આપણે ઊજળા છીએ. પૂ. દાદાને કોટિ કોટિ વંદન હો.

મારું જ કમનસીબ

ડા. કાન્તિલાલ શાહ

હાલ હું સ્વ. વજુભાઇ શાહનો સ્મૃતિ ગ્રંથ વાંચી રહ્યો છું. વાંચતાં સાનંદાશ્ચર્યમાં ડૂબી જવાય છે. જેમ જેમ પાનાં ફરે છે તેમ તેમ વજુભાઇ માટેના આદર અને અહોભાવ વધતા જાય છે. કેવા કેવા લોકોએ એમને અંજલિ આપી છે! દાદા ધર્માધિકારી એમને 'મૂલગ્રાહી ચિંતક' કહે છે, મોરારજી 'નિકટના સાથી' કહે છે. દિનેશ શાહ 'વિરલ વિભૂતિ' કહે છે. વિમળાબહેન ઠકારે 'વડીલ મોટાભાઇ' અને 'સૌરાષ્ટ્રની સત્ત્વમૂર્તિ' કહ્યા છે. રામનારાયણ ના. પાઠકે 'શુભોપમાલાયક' કહ્યા છે, ત્યારે અરવિંદ બુચે 'સર્વ શ્રેષ્ઠ 'લોકસેવક' ગણ્યા છે.

લગભગ બધા જ લેખકોએ-દા. ત. નવલભાઇ શાહ, ડાહ્યાભાઇ નાયક, રતિલાલ ગોધિયા, બિહારીલાલ શાહ, મનુભાઇ પંચોળી વગેરેએ-એમને 'અજાતશત્રુ' કહી બિરદાવ્યા છે. આ વિશેષણ એમને આપતાં મનુભાઈ પંચોળીએ બહુ અર્થગર્ભિત વિધાન કર્યું છે, 'તેઓ ગુજરાતની અમારી પેઢીમાં એક માત્ર અજાતશત્રુ હતા.' (કાળા અક્ષર મેં કર્યા છે.)

આ જ રીતે વજુભાઇની વકતૃત્વકળાની પણ અનેક લોકોએ મુકતકંઠે પ્રશંસા કરી છે, કેશુભાઇ વળિયા લખે છે, 'તેમની વકતૃત્વશકિત! ગુજરાતમાં સરદાર પછી જનસમાજને હૃદય સોંસરવા પહોંચી શકે તેવા એક વજુભાઇ જ હતા. ૧૯૪૨થી ૧૯૬૨ના બે દાયકા સુધી તો એમની તોલે આવે એવો કોઇ યાદ આવતો નથી.' કરસનદાસ વાછાણી લખે છે, 'વકતા તો વજુભાઇ! તેઓ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતા.' રમણિકલાલ ગાંધી કહે છે, 'તેમની જોશીલી જબાનનો જબ્બર પ્રભાવ હતો, જેનાથી અમે અને અમારા જેવા બીજા ચળવળમાં કૂદી પડયા.' શાન્તાબહેન મકવાણા લખે છે, 'તેમની વકતૃત્વશકિત અદ્‌ભુત હતી,' આટલું કહી, બહુ જ મહત્ત્વની હકીકત ઉમેરે છે, 'પાંચ વર્ષમાં મેં તેમને કદી ક્રોધિત થયેલા જોયા નથી.' ઠાકુરદાસ બંગ પોતે દસ બાર વર્ષ પર બનાસકાંઠામાં વજુભાઇને સાંભળેલા તે યાદ કરી નોંધે છે, 'એમનું મંત્રમુગ્ધ કરનારું પ્રવચન મેં સાંભળ્યું હતું...એ અદ્‌ભુત વકતા હતા.'

આ લખી રહ્યો છું ત્યારે મને મોટામાં મોટો અફસોસ તો એ વાતનો થાય છે કે હું વજુભાઇના સંપર્કમાં બહુ જ મોડો-છેક એમની માંદગીમાં આવ્યો. ૧૯૭૨ માં મારા ભત્રીજાના દીકરા સાથે એમની એક ભાણીનાં લગ્ન થયાં ત્યારે અમારો પરિચય થયો હતો, પણ ત્યારે વજુભાઇ વિષે મને ખાસ માહિતી ન હોવાથી તે વધારે ગાઢ ન બન્યો. અમારી નૈત્રી તો પ્રબુદ્ધ જીવન ને લીધે થઈ. જેમ સ્વ. ચીમનલાલ ચકુભાઇ સાથેનો મારો સંબંધ પણ પ્ર. જી. ને જ આભારી હતો. પ્ર. જી. માં મારો એક લેખ વાંચી વજુભાઇએ * મને મળવા બોલાવ્યો, ત્યારે એ સિવિલ હોસ્પિટલમાં હતા. ત્યાર પછી અમે ઘણી વખત મળ્યા. અમારા બંનેમાં ગાંધીલક્ષિત, ખાદીપ્રેમ, સાદાઇનો આગ્રહ વગેરે સમાન હોવાથી અમારું પરસ્પર આકર્ષણ વધતું ગયું; પણ મારા દુર્ભાગ્યે એમની બીમારી પણ વધતી ગઇ, ને મને ન વકતૃત્વકળાનો પ્રત્યક્ષ અનુભવ થયો, ન એમનું કોઇ ગીત સાંભળવા મળ્યું. એમનું મૃત્યુ પણ કેવું મંગલમય બની ગયું! વિમળાબહેન ઠકારના મતે, તે મહાપ્રસ્થાન હતું. તેને 'મૃત્યુ કેમ' કહેવાય? મૃત્યુલોકથી અમૃત ભણીનું અભિયાન હતું. તેને મૃત્યુ કેમ કહેવાય? તમથી આલોક ભણીનું આરોહણ હતું. તેને મૃત્યુ કેમ કહેવાય? રવિશંકર મહારાજના શબ્દોમાં 'એમની વિદાય વખતની મંગલ ભાવની સ્થિતિ એ એમનું આધ્યાત્મિક સ્વરૂપ હતું.'

આ સ્વરૂપ આપણને એમની પ્રાર્થના (एक सत्याग्रहीनी संज्ञनाः प्रार्थना) માં જોવા મળે છે:

'હે પ્રભુ! અહંકાર, ઇચ્છા, મમતા, રાગ એ બધાં
તારી મારી વચ્ચેના અંતરાયો છે.
જરૂરિયાત ઓછામાં ઓછી રહો
.....
અને એ ઓછામાં ઓછી જરૂરિયાતથી
જીવનપ્રવાહ ચાલતો રહો.
સામાન્ય માણસના (સામાન્ય માણસ જેવો)
રોટલો ખાઇને કામ કરતો રહું.
સ્થૂળ વહેવારમાં એક પણ ક્ષતિ ન આવવા દઉં.
સૂક્ષ્મ વહેવારમાં એક પછી એક સોપાન ચઢતો રહું.

અને હૃદયમાં મંત્ર રાખું મા गृधः कस्य स्विद धनम्। જોઇએ કંઈ જે બીજાને તેવી વસ્તુની મને ઇચ્છા ન રહે
એવી મારા મનની ભૂમિકા સદાય રહ્યા કરજો.
.....
ઇશ્વરની ઇચ્છામાં મારી સર્વ ઇચ્છા સમાઇ જાઓ
ઇશ્વરની ઇચ્છાથી સ્વતંત્ર એવી કોઈ ઇચ્છા ન રહો.'

[આ લીટીઓ ટાંકવામાં મૂળના ક્રમમાં થોડો ફેર કર્યો છે.]

વિજ્યાબેન પંચોળી નોંધે છે, 'ઇશારાથી મને બોલાવીને કહે, 'કાલે તમે શું કહેતાં હતાં? મને ભગવાને બહુ દુઃખ આપ્યું? તમે વિચાર તો કરો. હું કેટલો ભાગ્યશાળી! ગાંધીના જમાનામાં મને અવતાર મળ્યો, પૂજ્ય વિનોબાજી સાથે રહેવાનું મળ્યું. મુ. કિશોરલાલભાઈ, સ્વામીદાદા, નાનાભાઇ, નરહરિભાઈ, રવિશંકરદાદા, બબલભાઈ, વ. ના સહવાસમાં આવવાનું થયું. મને મિત્રો, બહેનો, પત્ની, દીકરો, દીકરી, કેટલાં સારાં મળ્યાં છે! હું તો મને ધનભાગી માનું છું. એમાં આટલું જરીક દુઃખ તમને બહુ લાગ્યું?' આ એમના જીવનની દૃષ્ટિ.

એમની જીવનદૃષ્ટિ અને મૂલ્યનિષ્ઠા દર્શાવતા બે-ત્રણ ઉતારા આપું:-

(૧) 'ઇશ્વર પરની શ્રદ્ધા, નિરહંકારિતા, નિત્ય જાગૃતિ, નિયમપાલન અને સમયનો ક્ષણેક્ષણનો હિસાબ-સત્યાગ્રહી કાર્યકર્તાના જીવનમાં આટલું જો સિદ્ધ થાય તો કેવડી મોટી શકિત પેદા થાય!'

(૨) 'અહિંસાની ખૂબી જ એવી છે કે મોટામાં મોટા વ્યાપક કાર્યક્રમની શરૂઆત પણ પોતાની જાતથી કરી શકાય છે. આમાં સૌથી પહેલાં સાદાઈ અને શરીરશ્રમનું રહસ્ય સમજીને તેનો ગૌરવપૂર્વક સ્વીકાર કરવાનો છે; કેમ કે, અન્યના પરસેવાનું કંઈ ન ખપે, એટલી જ અહિંસાનો નિશ્ચય કરે એટલે સાદાઈ અને જાતમહેનત ઉપર આવી જવાય છે. એટલે જ રેંટિયાને અહિંસક સમાજરચનાનો પ્રતીક ગણ્યો છે ને રચનાત્મક કાર્યક્રમને એનો વિસ્તાર કહ્યો છે. પ્રેમ અને અહિંસા એનો આત્મા છે.'

(૩) 'એકલાથી ભોગવાય તેનાથી બને તેટલા દૂર રહેજો. વધુ ને વધુ સમૂહથી ભોગવી શકાય એવું છે કે નહીં તે તરફ જોતા રહેજો. ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિ કેળવે તે વધુમાં વધુ સ્વતંત્રતા અને ખુમારી જાળવી શકે. જેમ વધુ જરૂરિયાત તેમ પરાક્રમ કરવાની શક્તિ કુંઠિત થતી જાય, હણાતી જાય.'

મારા દુર્ભાગ્યે વજુભાઈનું કોઈ જ લખાણ વાંચવાની તક મને મળી નથી. માત્ર 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' જેણે લખી છે એ સોપાનની દીકરી પર વજુભાઈએ લખેલો પત્ર મજકૂર પુસ્તકને છેડે આપેલો છે તે વાંચીને હું તો વજુભાઈની વિનોદવૃત્તિ નિહાળી મુગ્ધ થઈ ગયો; અને તેથી મને વિસ્મય થાય છે કે આ સ્મૃતિગ્રંથમાં વજુભાઈની હાસ્ય-રસિકતાનો કોઈએ પણ ઉલ્લેખ કેમ નહિ કર્યો હોય! ખેર.

મારી પાસે પૈસા હોય, તો ૧૬૫૦ બાદ જન્મેલાં બધાં ગુજરાતી યુવક-યુવતીઓને આ સ્મૃતિગ્રંથ હું ભેટ આપું ને કહું 'આ જરા વાંચો. વાંચશો તો સમજશે કે અમારી પેઢી ગાંધીજી પાછળ કેમ પાગલ હતી. **ગાંધીજીએ એક વજુભાઈ નહિ પણ અનેક વજુભાઈઓ આ દેશમાં પેદા કર્યા હતા.**'

સાંભળ્યું છે કે વજુભાઈનું જીવનચરિત્ર પણ લખાશે. જો લખાતું હોય, કે લખાવાનું હોય તો પ્રકાશકોને નમ્રતા-પૂર્વક પ્રાર્થના કરું છું કે બને તેટલું સસ્તું કરજો, ને અંદર છબીઓ મૂકવાના મોહમાં પડશો નહિ. વજુભાઈ જેવી વ્યક્તિને કોઈના પણ ટેકાની જરૂર નથી-પછી એ જવાહર હોય, કે લાલબહાદુર શાસ્ત્રી હોય, કે બાદશાહખાન હોય-ને તેથી આવી બધી છબીઓ આપવાનું ટાળજો. વજુભાઈએ તો જૂનું-વસ્ત્ર ત્યાગી દીધું છે હવે એ વસ્ત્રની આપણે છબીઓ છાપીએ તો એક પ્રકારની મૂર્તિપૂજા થશે અને પુસ્તક નાહકનું મોંઘું થશે. ગુજરાતના ગરીબ નાગરિકને પાંચ રૂપીઆથી વધારે કિંમત ભારે જ પડે. અસ્તુ.

વજુભાઈ તો વજુભાઈ જ હતા.

વંદે મહાપુરુષ તે ચરણારવિંદમ્ ।

---

* છેક અંતિમ દિવસોમાં દિનેશ શાહને વજુભાઈ કહે, 'હું આજે જે કાંઈ છું તેમાં જેમ ગાંધીજીનો તેમ મોરારજીભાઈનો ફાળો મોટો છે. મોરારજીભાઈ આ ક્ષણે આજે પણ અહીં મારી પાસે જ છે તેવું મને સતત લાગ્યા કરે છે.' (સ્મૃતિગ્રંથનું પાનું ૭૩). આ વાંચીને મારા જેવા અનેકને આશ્ચર્યનો આંચકો લાગવા સંભવ છે. કદાચ અમારે અમારા પૂર્વગ્રહ છોડી દેવા પડે.

પ્રજ્ઞાચક્ષુઓના સ્વાવલંબનની દિશામાં

શાંતિલાલ ટી. શેઠ

સંઘના 'પ્રેમળ જ્યોતિ' અને નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઇન્ડના સંયુક્ત ઉપક્રમે ૨૩ પ્રજ્ઞાચક્ષુઓને પગભર કરવાના હેતુથી જુદાં જુદાં યંત્રો અર્પણ કરવાનો એક સમારંભ, બુધવાર, તા. ૨૯-૧-૧૯૮૪ના રોજ 'નેબ'ના વરલી સ્થિત કવીની કેપ્ટન સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો.

'પ્રેમળ જ્યોતિ' ના સંયોજક શ્રીમતી નિરુબહેન શાહની પ્રાર્થના બાદ નેબના ઓફિસર-ઇન-ચાર્જ શ્રી મંગળુલીકરે સૌને આવકાર આપ્યો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણભાઈએ કહ્યું : 'ગત પર્યુષણ પર્વ દરમિયાન રૂા. ૩,૫૦૦/- લેખે ૧૫૩ દાતાઓ તરફથી મળેલ રકમમાંથી ૨૩ અંધજનો-અપંગોને પગભર કરવા મશીન્સ આપવાનો આજનો શુભ પ્રસંગ છે. અમારું કર્તવ્ય બજાવવાની એથી અમને તક મળી છે' એમ એમણે વધુમાં ઉમેર્યું હતું. સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે કહ્યું : 'લોકોના જીવનમાં ચેતના આવે અને આનંદથી જીવી શકે એવી યોજના મહત્ત્વની છે. નેબના ચેરમેન શ્રી વિજય મરચન્ટે અમને આ પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો, દાતાઓએ સાથ આપ્યો અને અમે નિમિત્ત બન્યા. શ્રી મંગળુલીકરની કાર્યપદ્ધતિની એમણે ભારોભાર પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે દૂરદર્શન કેન્દ્રના સમાચારતંત્રી શ્રી ગોવિંદ ગુંથે, મહારાષ્ટ્ર રાજ્યના ટ્રાન્સપોર્ટ કમીશ્નર શ્રી વી પી. રાજા, મુંબઇના વિભાગીય પાસપોર્ટ ઓફિસર શ્રી એચ. એમ. સહગલ, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઇના આસી. જનરલ મેનેજર શ્રી એમ. એલ. મહેરા, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, ઓપેરા હાઉસ શાખાના એજન્ટ શ્રી એલ. આર. સુબ્રહ્મણ્યમ, યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા, પ્રભાદેવી શાખાના એજન્ટ શ્રી વાય. એસ. ઝાલીવાલા અને વર્કશોપના ડિરેક્ટર શ્રી એસ. જી. પૈ ખાસ હાજર રહ્યા હતા. આ સર્વ અતિથિઓએ સંઘની આ પ્રવૃત્તિને બિરદાવી હતી. અને પોતાના ક્ષેત્રમાંથી જે પ્રકારે સહાય કરી શકાય એ રીતે સહાય કરવાની તત્પરતા દર્શાવી હતી.

સમર્પણ થયેલ ૨૩ મશીનોના દાતાઓ હતા (૧) ડૉ. એન. એસ. એલીસ (૨) શ્રી નવીનચંદ્ર કેશવલાલ કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ (૩) શ્રી મંગળદાસ નાગરદાસ તલસાણિયા (૪) શ્રી નંદલાલ તારાચંદ વોરા (૫) શ્રી છોટુભાઇ દોશી (૬) શ્રીમતી કાન્તાબેન તારાચંદ દોશી (૭) શ્રીમતી નિર્મળાબેન નાનજી ભેદા (૮) શ્રીમતી શાંતાબેન મનુભાઇ શેઠ અને (૯) શ્રી નારણદાસ મૂળચંદ ટ્રસ્ટ (ઠક્કર કેટરર્સવાળા).

અંતમાં શ્રી સુબોધભાઇ એમ. શાહે આભારવિધિ કરી હતી.

મહાશિવરાત્રિના શુભ દિવસે યોજાયેલા આ પ્રસંગ નિમિત્તે નેબના ૧૧૦ અંધ વિદ્યાર્થી-તાલીમાર્થીઓને 'પ્રેમળ જ્યોતિ' તરફથી ફળાહાર કરાવવામા આવ્યો હતો.

શ્રી રતિલાલ દી. દેસાઈ અને રમણલાલ ચી. શાહને
વિજયધર્મસૂરિ જૈન સાહિત્ય સુવર્ણચંદ્રક સમર્પણ સમારોહ

✍ પ્રીતિ શાહ

ત્રીજી માર્ચ અને શનિવારે ગુજરાતી સાહિત્ય પરિષદના સુશોભિત રા. વિ. પાઠક સભાગૃહમાં એક ઔચિત્ય સભર સ્મરણીય સમારંભ યોજાયો. આમ તો આ સમારંભ સારસ્વતોના સન્માનનો હતો, પરંતુ બીજા ચીલાચાલુ સન્માન સમારંભો કરતાં સાવ જુદો તરી આવે એવો હતો. એના આયોજનમાં યોજકોની ઔચિત્યદૃષ્ટિ પ્રગટ થતી હતી, તો વક્તાઓના પ્રવચનમાં પ્રશંસાને બદલે મૂલ્યાંકન તરફ વિશેષ ઝોક રહ્યો. પ્રવચનો પણ સંક્ષિપ્ત છતાં સન્માનીય વ્યક્તિઓનાં જીવનનાં જુદાં જુદાં પાસાંઓને આવરી લે તેવા હતા.

સમારંભના પ્રારંભમાં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાની પ્રવૃત્તિઓની વિગતો આપતા ડો. કુમારપાળ દેસાઈએ કહ્યું : 'નવયુગપ્રવર્તક આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની જ્ઞાન અને કેળણીના સર્વાંગી વિકાસ માટે વિદ્યાગ્રંથો, વિદ્યાલયો અને વિદ્યાર્થીઓને તૈયાર કરી સમાજ અને દેશને ચરણે મુકવાની એમને તમન્ના હતી. આ. શ્રી વિજયધર્મ-સૂરિશ્વરજીને મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ તરફ અનન્ય ભક્તિ હોવાથી પોતે સ્થાપેલી દરેક સંસ્થામાં પોતાનું નામ મૂકવાને બદલે યશોવિજયજીનું નામ મૂકતા. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાએ જ્ઞાનજ્યોતને પ્રકાશમાં રાખવા બસ્સો જેટલાં પુસ્તકો આજ સુધીમાં પ્રગટ કર્યા છે. વળી સંસ્થાએ એના સ્થાપકના નામથી શ્રી વિજયધર્મસૂરિ જૈનસાહિત્ય સુવર્ણ-ચંદ્રકની યોજના કરી છે. તે અન્વયે પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, સ્વ. મોતીચંદભાઈ કાપડિયા, પંડિતવર્ય મેચરદાસ દોશી, મુનિશ્રી જિનવિજયજી, આગમ પ્રભાકર મુનિ શ્રી પુણ્ય-વિજયજી, પં. દલસુખભાઈ માલવણિયા, શ્રી ભોગીલાલ સાંડેસરાનું બહુમાન કરીને પોતાનું ગૌરવ વધાર્યું છે. જૈન સાહિત્ય, સંશોધન અને પત્રકારત્વના ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારા પં. રતિલાલ દી. દેસાઈ અને ડો. રમણલાલ ચી. શાહનું આજે સન્માન કરતાં સંસ્થા આનંદની લાગણી અનુભવે છે.'

વક્તવ્યનો પ્રારંભ થયો પં. દલસુખભાઈ માલવણિયાથી. તેઓએ કહ્યું કે રતિભાઈ કામના આગ્રહી છે. એમણે આણંદજી કલ્યાણજીની પેઢીનો ઇતિહાસ લખવા માટે ૨૫૦-૩૦૦ વર્ષ જૂના પોટલાઓ ફેંદીને કોઈપણ ઇતિહાસકારને યશ અપાવે તેવી કામગીરી બજાવી છે. શ્રી રમણલાલ ચી. શાહ તો આજે ચીમનલાલ ચકુભાઈને સ્થાને બિરાજે છે અને એમણે એમની શક્તિ અને પ્રવૃત્તિથી આ માટેની યોગ્યતા સિદ્ધ કરી છે. તાજેતરમાં એમનું અત્યંત રસપ્રદ પુસ્તક 'પાસપોર્ટની પાંખે' વાંચી ગયો. એમાં લેખનની કુશળતા તો છે જ, પરંતુ જ્યાં જ્યાં માનવતાનાં બીજ પડ્યાં છે તેને પ્રગટ કરવા પ્રયાસ કર્યો છે.

આ પછી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી યશવંત શુક્લએ એમની આગવી ગદ્યછટા સાથે કહ્યું કે રતિભાઈ અને રમણભાઈ બંનેમાં એક ધર્મભાવ જોવા મળે છે. શ્રી રતિભાઈએ વાર્તાઓ, ચરિત્રો અને સંક્ષિપ્ત પરિચયો પણ લખ્યાં છે. સ્વ. 'સુશીલ'નો વારસો મેળવીને 'જૈન' પત્રનું નિર્ભયપણે સંપાદન કર્યું છે. તેઓ તીખું બોલી શકે છે, તથા સ્પષ્ટકથન કરી શકે છે. સાચકલા જીવ અને અપરિગ્રહી મનોદશાને કારણે કંઈક મળવાનું હોય તેમાંથી પણ ઓછું લે છે. સીડસ મરચન્ટ એસોસીએશનમાં રહ્યા છતાં કદી સટ્ટો કર્યો નહિ. કાજળની કોટડીમાં રહેવું અને જરા પણ ડાઘ પડવા દેવો નહિ એ સાવધાની એમની અધ્યાત્મરતિ સૂચવે છે.

ડો. રમણલાલ ચી. શાહ વિશે યશવંતભાઈએ એક નવું જ નિરીક્ષણ આપ્યું. એમણે કહ્યું કે રમણભાઈમાં જીવનની મસ્તીવાળું અને ધર્માનુરક્ત એમ બે પ્રકારનું વ્યક્તિત્વ સમાયેલું છે. એમણે સમગ્ર વિશ્વનો પ્રવાસ ખેડ્યો છે.

એકેય ખંડ એમણે બાકી રાખ્યો નથી. 'પાસપોર્ટની પાંખે' કેટલું બધું રોચક બન્યું છે! જૈન અને અહિંસક હોવા છતાં એમણે લશ્કરી તાલીમ લીધી છે. નાનપણમાં ચિત્રકાર થવાની એમની ઇચ્છા હતી, પણ રંગરેખાના ચિત્રો આલેખવાને બદલે શબ્દચિત્રો આલેખવાનો વ્યવસાય એમણે સ્વીકાર્યો અને ખંતથી નભાવ્યો એમણે જૈન સાહિત્યમાં ઊંડું અવગાહન કર્યું છે. ચીમનભાઈના અનુગામી તરીકે આવ્યા અને સરસ કામ કરે છે. એમણે નાટકો અને ચરિત્રો પણ લખ્યાં છે. રમણભાઈના જીવનનો વ્યાપ પ્રશંસવા જેવો છે.

ડો. ધીરુભાઈ ઠાકરે આ બંને વ્યક્તિઓના જીવનના સમાન તત્ત્વો તારવીને આકર્ષક રીતે રજૂ કર્યા. એમણે કહ્યું કે ખંત, નિષ્ઠા, વિદ્યાપ્રીતિ અને સ્વ. પુરુષાર્થથી આગળ આવવાની ધગશ બંને મહાનુભાવોમાં જોવા મળે છે. રતિભાઈને છેલ્લા ચાર દાયકાથી ઓળખું છું અને એમના સૌજન્ય, નમ્રતા, સાદાઈ, સત્યનિષ્ઠા અને નિખાલસતા જેવા ગુણો મને સતત આકર્ષતા રહ્યા છે. જે કામ ઉપાડે તેમાં ખૂબ ઊંડા ઊતરે. એમની ચીવટ, ઝીણવટ અને બહુશ્રુતતા એ બધાંનો પરિચય સતત થતો રહ્યો છે. શ્રી રમણલાલ ચી. શાહે નાટકોથી શરૂઆત કરી પ્રવાસ અને ચરિત્રો લખ્યા. પણ વિવેચન એમનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. એમની વિશાળ દૃષ્ટિ જુદા જુદા ક્ષેત્રોમાં ફરી વળનારી છે. એમણે એમના વિવેચનસંગ્રહોના નામ પણ બૌદ્ધ પ્રાકૃત અને રશિયન ભાષામાંથી લઈને આપ્યા છે. રમણભાઈનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભાવાળા અધ્યાપકનું કહી શકાય.

આ પ્રસંગે કવિ શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું કે આજનો પ્રસંગ એક મધુર પ્રસંગ છે. આ સંસ્કાર સેવકો પોતાની જાત ઘસીને પ્રજાની સંસ્કારસમૃદ્ધિમાં ઉમેરો કરતાં હોય છે. ધૂપસળીની પેઠે બળીને ચોમેર સુગંધ ફેલાવતાં હોય છે. એમનું વળતર તો કોઈ સમાજ આપી જ ન શકે. જેમ માતા સવારથી રાત સુધી કામ કરે અને તેનું જો બીલ કરવામાં આવે તો ભગવાનને પણ દેવાળું કાઢવું પડે. એ જ પ્રમાણે જો સંસ્કારસેવકોની રૂપિયામાં મોજણી કરવામાં આવે તો કોઈપણ સમાજ એ વળતર ન આપી શકે. પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી અને પં. મેચરદાસજીની ત્રિપુટીને દલસુખભાઈ અને રતિભાઈની મૂંગી હાજરીને

પણ પોરસ ચડે. સગા દીકરા પણ ન કરે તેવી કૂંક આપતા મેં આ બંનેને જોયા છે.

શ્રી રમણલાલ ચી. શાહ વિશે ઉમાશંકરભાઇએ કહ્યું કે તેઓ અધ્યાપક, લેખક અને વિવેચક છે, પરંતુ મને સૌથી વધુ સ્પર્શી ગયેલી બાબત તો એમની પારદર્શક સરળતા છે. ભૃગુરાય અંજારિયા વિશે ગુજરાતીમાં કોઇએ સારામાં સારો લેખ લખ્યો હોય તો તે રમણલાલભાઇએ લખ્યો છે. ચીમનભાઇએ 'પ્રબુદ્ધ જીવન'ને ધન્ય કર્યું. આજે રમણભાઈ એ કામ સરસ રીતે ચલાવે છે. આ બંનેને હું હૃદયથી પ્રણિપાત કરું છું, સાથોસાથ એક વિનંતી કરું છું કે ગુજરાતી ભાષા એ જૈનસમાજની દેણ છે. ગ્રીયર્સને કહ્યું. છે કે હિંદુસ્તાનની કોઇ પણ ભાષામાં દસકે દસકે થતાં પરિવર્તનો કેવળ ગુજરાતી ભાષામાં જ અંકાયેલા મળે છે. જૈનસમાજના રૂડા પ્રતાપ કે એમણે આ બધા ગ્રંથો સાચવ્યા છે. આ સદી પૂરી થાય તે પહેલાં રમણભાઈ–રતિભાઇ જેવાઓએ તથા કુમારપાળ જેવા નવા સાથીઓએ આ બધા ભંડારોમાં પડેલા ગુજરાતી સાહિત્યના ગ્રંથોને વૈજ્ઞાનિક રીતે સંશોધિત–સંપાદિત કરીને તૈયાર કરવા જોઇએ અને શ્રી શ્રેણિકભાઇ જેવાઓએ પ્રકાશન કાર્યમાં મદદ કરવી જોઇએ. આ સદીમાં જૈનસમાજનું આ એક મોટું કામ છે તે આપણે નહિ કરીએ તો આપણે માથે આળ આવશે.

સમારંભના પ્રમુખ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇએ બંને વિદ્વાનોને સુવર્ણચંદ્રક એનાયત કર્યા, અને કહ્યું કે આ સંસ્થાની આવા વિદ્વાનોના સન્માનની પ્રણાલિકાને હું અભિનંદન આપું છું. શ્રી રતિભાઇએ લખેલ આણંદજી કલ્યાણજીની પેઢીના ઇતિહાસનો પ્રગટ થયેલો પહેલો ભાગ જ એમની સંશોધક, સાધક અને કર્મનિષ્ઠ પ્રતિભાનો પરિચય આપવા માટે પૂરતો છે. એમની સૂક્ષ્મ સંશોધનવૃત્તિ અને વિગતોની પૂરી ચોકસાઇ આમાં દેખાય છે. આજના સમયમાં વિરલ એવી સાદાઇ, નિષ્ઠા અને સચ્ચાઇ એમના જીવનમાં છે. જ્યારે રમણલાલ ચી. શાહના જૈન ધર્મ, સમાજ અને સેવાનાં કાર્યોની વાત કરીને શ્રી શ્રેણિકભાઇએ કહ્યું કે એમણે વિવેચન, ચરિત્ર, સંશોધન અને પ્રવાસકથા લખ્યાં છે, પણ સૌથી વધુ તો મધ્યકાલીન ગુજરાતી જૈન કવિઓની નવ જેટલી કૃતિઓનું એમણે કરેલું સંપાદન મુખ્ય ગણાય. આજે જ્યારે મધ્યકાલીન સાહિત્યના સંશોધનનું વહેણ સૂકાતું જાય છે ત્યારે રમણભાઇનું કાર્ય પ્રેરક બનશે. તેઓની લંડન અને લેસ્ટરના જૈન સેન્ટરના ઓનરરી ડીરેક્ટર તરીકે નિમણૂક થઈ છે. આ રીતે વિદેશમાં જૈનદર્શનનો પ્રસાર કરવાની મહત્ત્વની કામગીરી તેઓ બજાવશે. આ બંને વિદ્વાનો દ્વારા જૈનશાસનની વધુ ને વધુ સેવા થતી રહે તેવી અભ્યર્થના.

સન્માનનો પ્રત્યુત્તર આપતાં શ્રી રતિભાઈ દેસાઇએ જણાવ્યું કે આપ સહુએ મારા વિશે ઘણું કહ્યું, પરંતુ હું પોતે જાણું છું કે મારામાં શું ગુણ છે અને શું અવગુણ છે? મારા માટે તો એમ જ છે કે મારે આપ સહુએ કહ્યું તેવો પ્રયત્ન કરવો જોઇએ. આજે જૈન સંસ્કૃતિમાં બહારથી ભલે મોટી ધામધૂમ દેખાતી હોય પણ તે બધું દૂધના ઊભરા જેવું છે. જૈન સંસ્કૃતિનો પાયો ગણાતી પ્રાકૃત ભાષાનો અભ્યાસ ઓછો થવા લાગ્યો છે. ઘણું જ અપ્રકાશિત સાહિત્ય આપણી પાસે પડ્યું છે. શ્રી શ્રેણિકભાઇ ઘણાં કામ કરે છે, પણ તેમાં એક કામનો ઉમેરો થાય તેમ હું ઇચ્છું છું. જે જે જૈન સંસ્થાઓ આર્થિક સંકટમાં હોય તેને મદદ કરે અને જૈન વિદ્યા અને સાહિત્યના કામમાં ખોબે ખોબે સહાય કરે.

શ્રી રમણલાલ ચી. શાહે સન્માનનો પ્રતિભાવ આપતાં કહ્યું કે પં. સુખલાલજી અને મુનિ પુણ્યવિજયજી જેવા આગળ મારું કાર્ય સાગરની આગળ બિંદુ સમાન છે. આથી આ ચંદ્રક સ્વીકારતાં આનંદ અને લઘુતા થાય છે. આ માટે શ્રી રમણલાલ ચી. શાહે સંસ્થા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી અને જિનભક્તિના મધુર ગીતો સાથે કાર્યક્રમનું સમાપન થયું. (ડો. રમણભાઇનું વક્તવ્ય આ અંકમાં અન્યત્ર આપેલ છે.)

(પાના ૨૨૮ થી ચાલુ)

આ આદિવાસી વિસ્તારની મુલાકાતનું સંપૂર્ણ આયોજન Anarde Foundation તરફથી શ્રી કપુરભાઇ ચંદ્રિયા, શ્રી ભુપતભાઈ ત્રિવેદી અને શ્રી બિપિનભાઈ સંઘાણીએ કર્યું હતું. ભોજન વ્યવસ્થા ધરમપુર ખાતે અને મોહનાકાંવચાખી ગામમાં સભા, આદિવાસી લોકનૃત્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ સાંજના ભોજનની વ્યવસ્થા આદિમાં શ્રી રાયજીભાઇ, શ્રી નાનુભાઈ અને શ્રી જયરામભાઇ પટેલે કરેલી વ્યવસ્થાથી આ મુલાકાત આનંદદાયી અને યાદગાર રહી.

સંઘ ઉપર સંઘના શુભેચ્છકો, પેટ્રનો, આજીવન સભ્યો આદિએ આજ સુધી ખૂબ પ્રેમ વરસાવ્યો છે અને ગ્રામ–વિકાસની જરૂરિયાત માટે આ રકમથી ય વિશેષ રકમ સંઘને મળવાની છે એવી શ્રદ્ધા છે. એ દાનનું પૂરું મહત્ત્વ છે. પરંતુ સાથોસાથ નિષ્ઠાવાન કાર્યકરો પણ આ પ્રવૃત્તિ હાથ ધરવા સ્વેચ્છાએ આગળ આવે એ પણ એટલું જ જરૂરી છે અને એ મહત્ત્વનું પાસું છે. વ્યક્તિગત રસથી એક કડીના કાર્યકરો એમાં જોડાય તો આવી વધુ ને વધુ પ્રવૃત્તિ હાથ ધરી શકાય. સંઘના ઇતિહાસમાં જૈન ધર્મની કરુણાની ભાવનાને ચરિતાર્થ કરવાનું આ પગલું સંમાર્ચિહ્નરૂપ બની રહેશે.

સાભાર સ્વીકાર

* **વા. મો. શાહ જન્મ શતાબ્દી ગ્રંથ :–** સંપા ત્રિભુવન વીરજીભાઇ હેમાણી પ્રકાશક: વલ્લભ ડી. ગાલા મરજીદબંદર રટેશન સામે, મુંબઇ ૯.

* **નમ્રતા–** પ્રકા. અરિહંત આરાધક મંડળ, મુંબઇ 'નવ રત્ન' ૪થે માળે, પી. ડી' મેલો રોડ, મુંબઈ-૯

* **ભાઇકાકાનો અક્ષરદેહ–** વક્તા : ડો. ભોગીલાલ સાંડેસરા પ્ર. ચારુતર વિદ્યા મંડળ, વલ્લભ વિદ્યાનગર–૩૮૮ ૧૨૦ કિ. રૂા. ૧

* **પ્રમુખ લોકશાહી: યોગ્ય વિકલ્પ**

લેખક: જશવંત બી. મહેતા પ્રકાશક: ચેતન પ્રકાશન, ૧૪૫, બી, મિતલ ટાવર, નરીમાન પોઇન્ટ, મુંબઇ-૪૦૦ ૦૨૦. વિક્રેતા: આર આર. શેઠની કું. કિ. રૂા. ૪ ૦૦

આદિવાસી વિસ્તારની મુલાકાત

કરુણાની ભાવનાને જીવનમાં ઉતારવાનું સોપાન

✠ પન્નાલાલ ૨. શાહ

લંગોટીભર રહેવું. બીજું વસ્ત્ર મળે ત્યારે એ બદલવી. ન મળે તો મહિનાઓ સુધી એનાથી ચલાવવું. આમ છતાં બુમારીથી રહેવું. રગેરગમાં પૂરી પ્રામાણિકતા. મહુડાનો દારૂ એ એમનું પીણું. આવનારની આગતા-સ્વાગતા એનાથી થાય. એના નશામાં કદાચ કોઇનું કાસળ કાઢવામાં આવે તો એ લાશને ખભે નાખી, પોલીસ ચોકીમાં હાજર થવું અને માણસને ઢાળી દીધાનો નિખાલસ એકરાર કરવો. માલિકીની ભાવનાનો સદંતર અભાવ. પશુધનને ચારા માટે કુદરતના ખોળે છૂટું મૂકવું. આપમેળે એ પશુઓ માછાં ફરે, પણ એને ખીલે બાંધવાના મનોવૃત્તિ નહીં. એ પશુઓને દોવા નહીં. દૂધના ઘરગથ્થુ કે વ્યાપારી ઉપયોગની બિલકુલ વૃત્તિ નહીં. દૂધ વેચવાની વાત કરીએ તો આપણું મર્મસ્થાન વાંધો નાખે એવો સણસણતો જડબાતોડ જવાબ મળે : 'અલ્યા, આપણી માનું દૂધ વેચીએ ખરા? ઘરને વાસવાની કડાકૂટ નહીં. ચોરીનું નામનિશાન નહીં. અપરિગ્રહનું નામ પાડયા વિના એનું પૂરેપૂરું આચરણ. પોતે ગરીબ છે એવું પણ આ ગામડાની પ્રજાને લાગે નહીં : આવું આ શબ્દચિત્ર કાલ્પનિક નથી. માનવામાં ન આવે એવી એક હકીકત છે. આવાં ગામડાંઓમાં જ ભારતનો આત્મા વસે છે.

આવાં ભલાભોળાં આદિવાસીઓની વચ્ચે એકાદ દિવસ ગાળવાનો સંઘની કારોબારી સમિતિના સભ્યોને (પત્ની સહિત) ઉમંગ થયો. એની પ્રેરણા આપનાર હતા સંઘની કારોબારી સમિતિના નિમંત્રિત સભ્ય અને ચંદેરિયા ઉદ્યોગગૃહના શ્રી કપુરભાઇ ચંદેરિયા. એમના Anarde Foundation દ્વારા ચાલતી ગ્રામ્ય વિકાસની પ્રવૃત્તિઓ નજરોનજર નિહાળવાનો અને ભરપેટ માણવાનો અમે સૌ સભ્યોએ લ્હાવો લીધો, રવિવાર, તા. ૨૬-૨-૧૯૮૪ ના રોજ.

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના એકદમ અંદરના ગામડામાં જવાનું અમે પસંદ કર્યું. ભારે વરસાદના કારણે વર્ષમાં ૪ થી ૬ માસ તાલુકાના મુખ્ય મથક સુધ્ધાંના સંપર્કથી વંચિત રહે, એવા સાત સાત ગિરિશિખરોની પેલે પારના ગામડામાં-મોહના કાંચગોળી ગામમાં અમે પહોંચ્યાં. પાકી સડક તો ઠીક, કાચી સડક પણ નામની. બસ તો ત્યાં જઇ જ ન શકે. ખટારામાં ગાદલાં પાથરી એમાં બેસી ત્યાં પહોંચ્યાં. ઊડતી ધૂળથી અમારું સ્વાગત થયું. કદાચ મુંબઇવાસી હોવાના અમારા ગૌરવનું વિસ્મરણ કરાવવાનું કુદરતનું કાવતરું હોય! નામ જૈન યુવક સંઘ, પણ ઉંમરની દૃષ્ટિએ ૭૯ વર્ષના શ્રી એ. જે. શાહ જેવા વયોવૃદ્ધ અને આ લખનાર જેવા એકાદ બે સભ્યો સિવાય બાકીના સઘળાં સભ્યો ૫૦ વર્ષની ઉપરના. નામ અને ઉંમર જોતાં Anarde Foundationના શ્રી જયરામભાઇ પટેલને થોડું વિસ્મય થયું અને ચિંતા પણ થઈ. પરંતુ વૈચારિક દૃષ્ટિએ અને મનથી યુવાન એવા આ વડીલોનો સંગાથ માણતા એમને પણ સાનંદાશ્ચર્ય થયું!

શ્રી કપુરભાઇ ચંદેરિયા એક દૃષ્ટિવંત ઉદ્યોગપતિ છે સામાજિક કાર્ય માત્ર દાનથી જ અને એ પણ જરૂરિયાતની પૂરેપૂરી રકમનું દાન મેળવીએ તો જ થઇ શકે એ દૃષ્ટિબિંદુ એમને સ્વીકાર્ય નથી. કુલ જરૂરિયાતની ૩૦ ટકા જેટલી રકમ દાનથી અને બાકીની રકમ રાજ્ય કે કેન્દ્ર સરકાર, બેન્ક, અન્ય એજન્સીઝ અને સ્થાનિક ફાળારૂપે એકઠી કરવામાં આ બધાંનું સંકલન કરવાની એમની સૂઝ આગવી છે. આપણે ત્યાં ફાજલ સમયનો ઉપયોગ કરવાની પણ દૃષ્ટિ નથી. એક યોજના બાલવાડીની. એ બાલવાડીના સંચાલકે એ બાલવાડીના સમય બાદ બીજી પ્રવૃત્તિ કરે જ નહીં. આ પરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન લાવી, બાકીના સમયમાં બીજી બાલવાડીની કે અન્ય પ્રવૃત્તિ હાથ ધરવાની હૈયાઉકલત એમણે દાખવી, વેતન કે વધારાના વળતર વિના કે પૂરક વધારાથી એક માનવશક્તિના હાલના ઉપયોગમાં દસગણો વધારો કરી શકાય એ બાબતનું ઉદાહરણ એમણે પુરું પાડયું છે. ગ્રામવિકાસની એમણે હાથ ધરેલી પ્રવૃત્તિમાં એમણે આ પદ્ધતિ અપનાવી છે. એમની સાથે પ્રવાસ કરવો કે બેસવું એ પણ લ્હાવો છે. અવારનવાર નવા નવા વિચારો આપ્યા જ કરે. જીવંત વ્યક્તિત્વ કોને કહેવાય એનું તેઓ ઉદાહરણ છે. આમ કહેવામાં અતિશયોક્તિ નહીં, પરંતુ અલ્પોક્તિ છે.

આ રીતે આદિવાસી વિસ્તારની મુલાકાત અને પ્રવૃત્તિની જાત-માહિતી મેળવીને સંઘે આ દિશામાં કામ કરવાનો નિર્ણય કર્યો છે. આ વિસ્તારના ગ્રામવિકાસ માટે **સંઘે રૂ. ૧,૦૦,૦૦૦/- હાલ તુરત આપવાનું ઠરાવ્યું છે અને ઓછામાં ઓછા રૂ. ૨,૦૦,૦૦૦/- પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આપવાની ભાવના છે.**

આ પ્રમાણે સંઘ તરફથી રૂ. ૧,૦૦,૦૦૦/- અપાય તેમાંથી વૈદકીય સારવાર અને આરોગ્યની જાળવણી માટે રૂ. ૫૬,૫૦૦/-, શૈક્ષણિક પ્રવૃત્તિ અને તાલીમ માટે રૂ. ૮૫,૫૦૦/-, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે રૂ. ૨૦,૦૦૦ અને ટેકનીકલ તાલીમ માટે શેડ, કૂવા અને પાતાળ કૂવા તેમ જ ડેમોન્સ્ટ્રેશન માટે શેડ આદિના બાંધકામ માટે રૂ. ૧,૩૦,૦૦૦/-ની જરૂરિયાત રહે. સંઘના પ્રદાન ઉપરાંતની ઉપરોક્ત જરૂરિયાત સરકારી ખાતાઓ કે બેન્ક તરફથી રૂ. ૯૫,૦૦૦/-, સ્થાનિક જંગલ સહકારી મંડળી તરફથી રૂ. ૫૫,૦૦૦/-, સ્થાનિક અન્ય સંસ્થાઓ તરફથી રૂ. ૧૭,૦૦૦/- અને Anarde Foundation કે અન્ય તરફથી રૂ. ૩૧,૦૦૦/-ની રકમ મળતાં આશરે રૂ. ૩,૦૦,૦૦૦/-ની ગ્રામવિકાસની પ્રવૃત્તિ હાથ ધરી શકાય. સંઘના એક લાખના પ્રદાન સામે ૧ : ૨ ના પ્રમાણના ધોરણે આ કામ હાથ ધરાશે. પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વ્યક્ત કરેલ ભાવનાનુસાર બીજા ઓછામાં ઓછા રૂ. ૨,૦૦,૦૦૦/-નાં દાન મળે તો આગામી વર્ષ દરમિયાન રૂ. દસ લાખનું ગ્રામવિકાસનું કામ થાય.

(વધુ માટે જુઓ પાનું ૨૨૭)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨૩

મુંબઇ તા. ૧-૪-૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

ગુપ્ત અને મુકત પ્રજાજીવન

રમણલાલ ચી. શાહ

રશિયાના પ્રમુખ યુરી આન્દ્રોપોવનું અવસાન થયું તે પછી તેની જગ્યાએ કોણ આવશે તેની સૌથી વધુ ફિકર અમેરિકાને હોય એ સ્વાભાવિક છે. પોતાની પ્રતિસ્પર્ધી મહાસત્તાના સૂત્રધાર કોણ થાય છે, એ માટેની ઉત્સુકતા તો સહજ હોય, પરંતુ પોતાના બધાં જ સાધનો દ્વારા તાબડતોબ વધુમાં વધુ માહિતી એકઠી કરવાની તાલાવેલી પણ તેમાં દેખાઈ આવે તેવી હતી. દુનિયાના કેટલાક નાનામોટા દેશોમાં સત્તાસ્થાને કોણ આવે એનો નિર્ણય કેટલીક વખત અમેરિકા પોતે ફરીને તે દેશમાં સામ, દામ, દંડ અને ભેદથી દખલગીરી કરીને રાજરમત રમે છે. કેટલીક વાર પોતાના ધાર્યા પ્રમાણે તે સફળ થાય છે. મુકત લોકશાહીવાળા દેશો વિશેની બધી માહિતી તેને સુલભ હોય છે. લશ્કરી સરમુખત્યારીવાળા દેશોમાંથી પણ તે જુદા જુદા એજન્ટો દ્વારા ઘણી બાબતોમાં સતત માહેતગાર રહે છે. કેટલાક સામ્યવાદી દેશોમાંથી માહિતી મેળવાનું તેના માટે મુશ્કેલ નથી. પરંતુ એક રશિયાની બાબતમાં અમેરિકા બહુ માહિતી મેળવી શકતું નથી, અને પોતાની ઇચ્છાનુસાર સર્વોચ્ચ સ્થાને કોઇને બેસાડી શકતું નથી. સામ, દામ, દંડ, ભેદ દ્વારા રશિયામાં દખલગીરી કરવાનું કાર્ય ઘણું કપરું છે. સત્તાસ્થાને આવેલી વ્યકિતઓ વિશે પણ અમેરિકા પાસે ઝાઝી માહિતી હોતી નથી. આમ છતાં લશ્કરી અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ પોતાની સરસાઇ કરી શકે એવી એ એક માત્ર મહાસત્તા છે એટલે એના વિશે પોતાને સતત જાગ્રત ને માહિતગાર રહેવું પડે છે.

સોવિયેટ યુનિયન પોતાની કેટકેટલી બાબતોમાં પૂરેપૂરી ગુપ્તતા એવી સરસ રીતે જાળવે છે કે કયારેક દુનિયાને તે આશ્ચર્યમાં મૂકી દે છે. યુરી આન્દ્રોપોવનું અવસાન થયું ત્યારે જ બહારની દુનિયાના દેશોને, ખુદ અમેરિકાને પણ પહેલીવાર જાણવા મળ્યું કે આન્દ્રોપોવનાં પત્ની હયાત છે! ખુદ સોવિયેટ યુનિયનમાં પણ કરોડો લોકોને આન્દ્રોપોવનાં પત્ની વિશે ખાસ કશી જ ખબર નહિ હોય. આન્દ્રોપોવની જગ્યાએ કોન્સ્ટાન્ટિન ચેરનેન્કો સત્તાસ્થાને આવ્યા. પરંતુ એમના અંગત જીવન વિશે અમેરિકાને કે બીજા કોઇ દેશને ખાસ કશી ખબર નથી.

અમેરિકામાં પ્રમુખસ્થાન માટેનો નિર્ણય એની સમગ્ર પ્રજા મત આપીને કરે છે. સોવિયેટ યુનિયનમાં પ્રમુખપદનો નિર્ણય પોલિટબ્યુરોના બાર-તેર સભ્યો જ લે છે. અમેરિકન પ્રમુખપદની ચૂંટણી એ જગજાહેર વાત છે. સોવિયેટ યુનિયનના પ્રમુખપદની ચૂંટણી અત્યંત ગુપ્ત હોય છે. બંને દેશો વચ્ચે આ રીતે બે છેડાનું અંતર છે.

અમેરિકામાં વિદેશીઓ વિઝા મેળવ્યા પછી ગમે ત્યાં ઘૂમી શકે છે; ગમે તેની સાથે હળીભળી શકે છે. ત્યાં મુકત અને સ્વતંત્ર પ્રજાજીવન છે. સોવિયેટ યુનિયનમાં દાખલ થયા પછી વિદેશીઓને પ્રત્યેક નગરનો જુદો વિઝા મેળવવો પડે છે, જે બધાંને બધાં જ શહેર માટે સહેલાઇથી મળતો નથી. સોવિયેટ યુનિયનના પ્રજાજનો ફાયદેસર કદાચ બધે હરીફરી શકવાને સ્વતંત્ર હશે, પરંતુ એક પ્રાંતમાંથી બીજા દૂરના પ્રાંતમાં જવા જેટલી બચત બહુ ઓછા લોકો પાસે થાય છે. સોવિયેટ યુનિયનમાં પોતાના પ્રજાજનો ઉપર પણ સરકારી જાસૂસી ઘણી છે. લોકો સતત ડરમાં રહે છે. ૧૯૧૭ની ક્રાંતિ પછી તમામ ગરીબી દૂર થઈ છે. આર્થિક દૃષ્ટિએ સમગ્ર પ્રજા પગભર બની છે; મહેનતુ અને ખડતલ છે. રહેઠાણ, કેળવણી, આરોગ્ય વગેરેની તમામ સગવડ રાજ્ય તરફથી મળે છે. પ્રજામાં શિક્ષણનું પ્રમાણ સો ટકા જેટલું પૂણ છે; આમ છતાં સરેરાશ પ્રજાજીવન મુકત, સ્વતંત્ર કે ખુશામિજાજ નથી. અન્ય પક્ષે અમેરિકામાં આર્થિક સમૃધ્ધિ છે, વાણી સ્વાતંત્ર્ય છે, શિક્ષણ છે, આરોગ્ય છે, પ્રજા ખુશમિજાજ છે. પરંતુ જેટલા સૈનિકો, કેળવણીકારો, ઇજનેરો, વૈજ્ઞાનિકો મોટી સંખ્યામાં સોવિયેટ યુનિયનમાં છે તેટલી સંખ્યામાં અમેરિકામાં નથી. અમેરિકાને જેટલો ડર રશિયાનો છે તેટલો રશિયાને અમેરિકાનો નથી.

૭૨ વર્ષના ચેરનેન્કોનો જન્મ સાઇબિરિયાના એક ખેડૂત કુટુંબમાં થયો હતો. નિર્ધનતાને કારણે ઘણાં કષ્ટો વેઠેલાં. કિશોરાવસ્થામાં જ ગુજરાન માટે નોકરી શરૂ કરેલી. પછી નોકરી અને અભ્યાસ સાથે સાથે ચલાવેલાં. ખાવા પૂરતું મળતું નહિ. પહેરવાને સારાં વસ્ત્રો પણ નોહ. ૧૯૧૭ની ક્રાંતિમાં ભાગ લીધો. ક્રમે ક્રમે એક પછી એક સત્તાસ્થાને આવતા ગયા. અને છેલ્લાં કેટલાંક વર્ષોથી પોલિટબ્યુરોના સભ્ય તરીકે પણ ચૂંટાતા રહ્યા. ભૂતપૂર્વ પ્રમુખ બ્રેઝનેવને એમનામાં પૂરો વિશ્વાસ હતો, કારણ કે ચેરનેન્કોની સ્મૃતિ બહુ સતેજ છે. ઘણાં વર્ષોની ઘણી વિગતો તે ચોકસાઇપૂર્વક સ્મૃતિને આધારે તરત કહી શકે છે. બ્રેઝનેવ પછી ચેરનેન્કો પ્રમુખ તરીકે ચૂંટાવા જોઇતા

હતા, પરંતુ આન્દ્રોપોવ ચૂંટાતાં તેમણે અણગમો વ્યક્ત કરવાને બદલે કે આડા ચાલવાને બદલે પૂરી વફાદારીથી આન્દ્રોપોવની સાથે કામ કર્યું. કદાચ ચેરનેન્કો આન્દ્રોપોવ જેટલા હોશિયાર નહિ હોય તો પણ રાષ્ટ્રને સંભાળી શકે તેટલા શક્તિમાન જરૂર છે, એવી અમેરિકાને ખાતરી થઈ છે. બેડૂત-પુત્ર હોવાને કારણે સરળ અને ઓછા હોશિયાર છે એમ માની અમેરિકા કદાચ રાજી પણ થયું હશે. ચેરનેન્કોની મુખાકૃતિનો અભ્યાસ મનોવૈજ્ઞાનિકો પાસે કરાવીને પણ અમેરિકાએ કેટલાંક અનુમાનો તારવ્યાં છે. આન્દ્રોપોવની દફનવિધિ વખતે કોઇક ગુપ્તચર દ્વારા અમેરિકાએ એ પણ જાણી લીધું કે ચેરનેન્કો એક મિનિટમાં કેટલીવાર શ્વાસ લે છે! આ લોખંડી પડદાવાળા દેશમાંથી આવી નાની નાની માહિતી મેળવવા માટે પણ અમેરિકાને કેટલો બધો પુરુષાર્થ કરવો પડે છે. બીજી બાજુ પ્રમુખ રેગનના જીવનની તમામ વિગતો ખુલ્લી કિતાબની જેમ સમગ્ર દુનિયાને સાંપડી શકે છે.

શું સોવિયેટ યુનિયને આટલી બધી ગુપ્તતા જાળવી રાખવાની જરૂર છે ખરી? શું પ્રજાના વિકાસ માટે ગુપ્તતા અનિવાર્ય છે? કહેવાય છે કે આ ગુપ્તતાને કારણે જ સોવિયેટ યુનિયન કે ચીન જેવા દેશો ઘણી બધી પ્રગતિ થોડા સમયમાં કરી શક્યા છે. રાષ્ટ્રના તમામ લોકોની રોટી, કપડાં ને મકાનની જરૂરિયાત સારી રીતે સંતોષાય એ રાષ્ટ્રની પહેલી ફરજ છે. સોવિયેટ યુનિયને એ ઘણાં ઓછાં વર્ષોમાં સિદ્ધ કરી બતાવ્યું. સમગ્ર પ્રજાને સુશિક્ષિત કરી. બેકારીનું નામનિશાન ન રહ્યું. ગુપ્તતા ન જાળવી હોત તો કદાચ આટલી સિદ્ધિ પ્રાપ્ત થઈ હોત? નજીકનાં અને દૂરનાં રાષ્ટ્રોની દ્વેષભરી સીધી કે આડકતરી દખલગીરીથી પ્રજાજીવન સંક્ષુબ્ધ બને છે, અનર્થો ઊભા થાય છે, મોટી ચળવળો ચાલે છે, વિગ્રહ થાય છે, પ્રગતિ રૂંધાય છે. ભૂખને કારણે મરવા પડેલા માણસને વાણીસ્વાતંત્ર્યની બહુ પડી નથી હોતી. પરંતુ બાંધેપીધે તંદુરસ્ત થયેલો માણસ વાણીસ્વાતંત્ર્ય વગર પશુ જેવો થઈ જાય છે. સોવિયેટ યુનિયનમાં સામાન્ય લોકોનું જીવન બહુ તેજસ્વી અને પ્રસન્ન ન કહી શકાય. અમેરિકામાં પ્રજાજીવન સમૃદ્ધ અને વાણીસ્વાતંત્ર્યવાળું છે. પરંતુ એટલું સિદ્ધ કરતાં એને કેટલો બધો સમય લાગ્યો! કાળા ગુલામો ઉપર કેટલા ક્રૂર વર્તાવ કર્યા હતા! અને અત્યારે પોતાની સમૃદ્ધિ ટકાવી રાખવા માટે દુનિયાના બીજા દેશોનું કેટલું બધું શોષણ સીધી કે આડકતરી રીતે કરાઈ રહ્યું છે! ક્યારેક માનવતાવિહોણું વલણ પણ દેખાઈ આવે છે.

બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના કેટલા બધા દેશોમાં સરમુખત્યારશાહી આવી ગઈ છે. કેટલા બધા દેશોની પ્રજા આર્થિક ભીંસમાં જીવન વિતાવે છે. વળી કેટલા બધા લોકોએ વાણીસ્વાતંત્ર્યવાળું જીવન ગુમાવ્યું છે. રશિયા અને અમેરિકા એ બંને રાષ્ટ્રો લશ્કરી વ્યૂહાત્મક દૃષ્ટિએ અગત્યની અને અત્યંત વિશાળ ધરતી ધરાવતા દેશો છે. એકનું પ્રજાજીવન ગુપ્ત છે, બીજાનું મુક્ત છે. બંને લશ્કરી અને આર્થિક દૃષ્ટિએ સમર્થ છે. એ બંનેને જે પોષાય તે પદ્ધતિ બીજા નાના દેશોને ન પણ પરવડે. એ બંને મહાસત્તાઓ દ્વારા દુનિયાના ઘણા દેશોમાં ગુપ્ત રીતે દખલગીરી થયા કરે છે કે જેથી અવિકસિત કે વિકાસશીલ રાષ્ટ્રો ગુપ્ત કે મુક્ત પ્રજાજીવનનો સર્વથા સંપૂર્ણ લાભ ન ઉઠાવી શકે, ન ઉઠાવવા દેવામાં આવે. દુનિયાના ઘણાં રાષ્ટ્રો અવિકસિત રહે એ આ મહાસત્તાઓનાં પરમ સ્વાર્થની વાત છે.

વર્તમાન સમયમાં લશ્કરી અને વૈજ્ઞાનિક પરિબળોને કારણે કોઇ પણ રાષ્ટ્ર બીજા રાષ્ટ્રોથી તદ્દન અલિપ્ત રહી શકે એમ નથી. પોતાના જ રાષ્ટ્રના અસંતુષ્ટ વિરોધીઓની વિઘાતક પ્રવૃત્તિઓ અને પાડોશી રાષ્ટ્રોની ઉશ્કેરણી અને દખલગીરીને કારણે સત્તાની સમતુલા ખોરવાય છે અને વધુ અને વધુ રાષ્ટ્રો લશ્કરી સરમુખત્યારશાહી તરફ ધસડાય છે. અને એક વખત લશ્કરે સત્તાનો સ્વાદ ચાખ્યા પછી પ્રજાના હાથમાં સત્તાનાં સૂત્રો જલદી આવતાં નથી. એથી પ્રજાજીવન કેટલું બધું કચડાય છે. સમગ્ર પ્રજાજીવન મુક્ત હોય, સ્વતંત્ર હોય, પ્રસન્ન હોય, સુશિક્ષિત હોય, સારું આરોગ્ય ધરાવતું હોય, આર્થિક રીતે સમૃદ્ધ હોય એવું દુનિયાનાં બધાં રાષ્ટ્રોને માટે શક્ય બનશે ખરું? એવું શક્ય બનવા દેવાશે ખરું?

અર્વાચીન ગુજરાતમાં નર્મદાશંકરથી ઉમાશંકર સુધીની નૈતિક અને સામાજિક વિચારધારા

મુંબઇ યુનિવર્સિટી આયોજિત વ્યાખ્યાન શ્રેણીમાં પ્રો. ચી. ના. પટેલે આપેલાં વ્યાખ્યાનો

સંકલન અને સંક્ષેપમાં અનુવાદ:

* કૃષ્ણવીર દીક્ષિત

પશ્ચિમના સાહિત્યના પ્રખર વિદ્વાન અને પ્રતિભાશાળી, વિવેચક પ્રો. ચી. ના. પટેલે તા. ૨૨, ૨૩, ૨૭ અને ૨૮મી ફેબ્રુઆરી ૧૯૮૪–આ ચાર દિવસ, યુનિવર્સિટી કલબ હાઉસ (ચર્ચગેટ) ના સભાગૃહમાં, 'ભોરલ એન્ડ સોશ્યલ થિંકિંગ ઇન મોડર્ન ગુજરાત ફ્રોમ નર્મદાશંકર ટુ ઉમાશંકર' 'અર્વાચીન ગુજરાતમાં નર્મદાશંકરથી ઉમાશંકર સુધીની નૈતિક અને સામાજિક વિચારધારા' એ વિષય ઉપર મુંબઇ યુનિવર્સિટી આયોજિત 'ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન શ્રેણીમાં પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. તેમાંનાં પહેલા, બીજા અને ત્રીજા વ્યાખ્યાનનો સંક્ષિપ્ત અનુવાદ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

પ્રથમ દિવસે પ્રમુખપદેથી મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. રમણલાલ ચી. શાહે અને પ્રા. ચીમનલાલ ત્રિવેદીએ પ્રો. ચી. ના. પટેલની પ્રતિભાનો તથા તેમની વિદ્વત્તાનો પરિચય આપ્યો હતો.

પ્રો. ચી. ના. પટેલે પ્રથમ પોતે મુંબઇ યુનિવર્સિટીના સન ૧૯૩૬ થી ૧૯૪૦ સુધી એક વિદ્યાર્થી હતા તે કહી, યુનિવર્સિટીનું ઋણ કિંચિત્ અંશે પણ અદા કરવાની તક

(વધુ માટે જુઓ પાનું ૨૩૯)

પ્રવર્તમાન માનવસંદર્ભ અને નવલકથા

● ડા. સુમન શાહ

આજે આપણે અવકાશયુગમાં જીવીએ છીએ. વિશ્વ લઘુ અને સંકુલ બનતું આવે છે. પૃથ્વીનું એક 'ગ્લોબલ વિલેજ'માં અદ્ધ ઝડપથી રૂપાન્તર થઇ રહ્યું છે. મૂવી, ટી. વી. અને સેટેલાઇટજનિત વ્યાપક સમૂહ-માધ્યમો વડે કોઇ પણ સ્પન્દનને ધ્વનિ-પ્રકાશમય કે ભાષામય કરી થોડીક જ વારમાં વિશ્વ સમગ્રમાં પ્રસરાવી શકાય છે. કોઇ પણ કૃતિની હજારોની સંખ્યામાં નકલ આબેહૂબ કરી શકાય છે. કલાને સહૃદયી ભોક્તા જ ભોગવશે એવું નથી રહ્યું. સંખ્યાબંધ અનધિકારીઓ પણ આ ટેકનોક્રેટ સભ્યતામાં વિજ્ઞાનના 'માવેંલ' તરીકે એને પોતાને ત્યાં એક 'ક્રોમોડિટી' રૂપે વસાવી લે છે. કલાભોગની શરતો ઘટતી આવે છે. બીજી તરફથી માણસ વિશ્વયુધ્ધની કાયમી પરિસ્થિતિ પણ સરસ રીતે વિકસાવી રહ્યો છે. ગમે તે ક્ષણે આપણે આપણો અનેકગણો સંહાર કરવાનું સામર્થ્ય ધરાવીએ છીએ. મહાસત્તાઓ કે ત્રીજું વિશ્વ પ્રવર્તમાન માનવસંદર્ભને ભયમુક્ત કરી શકે તેવાં કોઇ ચિહ્નો ગોચર થતાં નથી. યંત્રવૈજ્ઞાનિક પ્રગતિની ઝપટમાં હજી પુરું જગત નથી આવ્યું પણ એવી પૂર્ણતાને ઝાઝી વાર નથી સામ્રાજ્યવાદી શૃંખલાથી સ્વતંત્ર થઇને લોકશાસનરૂપી મૂલ્યને વળગેલાં આપણા જેવાં રાષ્ટ્રો પોતાની આત્મછબિ માટે ઠીક ઠીક ઝઝૂમી રહ્યાં છે. ત્યાં ઊપસતો માનવસંદર્ભ સાહિત્યની એક પડકાર-સ્વરૂપ સામગ્રી છે. વિકસિત સમાજમાં સમૃદ્ધ રાષ્ટ્રની રીતેભાતે ચીજ-વસ્તુઓની જેમ જ કલાઓ કે નવલકથાનું સાહિત્ય પણ વિસ્તરી શકે છે. પરન્તુ ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં કલાનો વાંકો વિસ્તાર શકય નથી. અહીં કશુંક મૂળ નાખીને વિકસે તો વિકસે. કલાકારોએ તેમ જ પ્રવર્તમાન ભારતીય લેખકે એવી મૂળગામી શકયતાઓનું શોધન કરવું ઘટે. એક વસાહતી સભ્યતા તરીકેની આપણી છાપ નષ્ટ થાય તેવો તળનો કશોક સેતુ શોધી લેવો એ આપણા બૌદ્ધિકનું તાકીદનું કર્તવ્ય છે. પ્રદેશ, ભાષા કે નાયકમાં સ્થિર થનારી નવલકથાની વૈયકિતક ધરી તો બરાબર છે. નવલકથાકાર કથા નામે એ ધરીની કરતે ઘણું કરી શકે છે. પરન્તુ બીજી વૈશ્વિક ધરી કરતે પણ ઘણું કરવાનું હોય છે.

વીસમી સદીની નવલકથાઓ 'રોમાન્સ' મટી ગઇ તે એમાં પ્રગટતા યુગસ્પન્દને પ્રતાપે. પ્રવર્તમાન માનવસંદર્ભની, કલાભૂમિકાએ આકર્ષક સમીક્ષા પ્રગટાવી આપી કેટલાક સમર્થ નવલકથાકારોએ. માનવ સ્થિતિનું એક આધ્યાત્મિક કોટિનું દર્શન પ્રગટાવવામાં પણ નવલકથાની કલાનો પૂરો હાથ છે એમ સ્પષ્ટ જોઇ શકાયું. આ બધા વારાફેરાને કારણે નવલકથાનો એક શકિતશાળી કલા-પ્રકાર તરીકેનો અપૂર્વ મહિમા સ્થપાયો. એ મહિમાની ઉપેક્ષા કરીને નવલકથાઓ લખી તો શકાય. આપણે ત્યાં તેમ બધે લખાય છે પણ ખરી. વાર્તાનું હાડકું વાચકને ગમે ત્યારે ચૂસવા આપી શકાય એવું અખૂટ છે. ભાષાજ્ઞાન ધરાવતા મધ્યમ વર્ગનું આવી સામાન્ય રચનાઓ સામે જ 'ભાથું' બની શકે છે. પણ તેમાં કયારેય હંમેશનું પરિવર્તન પ્રેરે તેવી ઊંચી ગંભીર કલા પ્રગટતી નથી. નવલકથા બજારમાંનું ચવાણું બની બેસે તો એને પણ મૂલ્ય આપનારા બધે જડી આવતા હોય છે.

નવલકથાના આધુનિક વિકાસ દરમ્યાન તેમાં મહાકાવ્યનો પ્રતાપ પણ જોવા મળ્યો છે. કાવ્યની અમૂર્તાતરફી દિશા પ્રજાસમૂહોને માફક ન આવે, પણ કથાની મૂર્ત સૃષ્ટિ હંમેશાં આકર્ષક નીવડે. નવલકથા આપણા જમાનાનું સફળ માધ્યમ છે તેથી જ એને ઉચ્ચગ્રાહો સાથે સાંકળવી ઘટે છે. એના દુરુપયોગનો ભય છે. તેથી જ એને વિશે વારંવાર નુકતેચીની કરવી જોઇએ. 'કરણઘેલો' કે મુનશીની ઐતિહાસિક નવલ-સૃષ્ટિની તુલનાએ 'સરસ્વતીચંદ્ર'કારનો ઉચ્ચગ્રાહ સ્પષ્ટ હતો, અને તેમાં નવલકથાના સફળ માધ્યમની સૂઝબૂઝ પણ ભળી હતી. નવલકથા શું કરી શકે તે વિશેનું ગોવર્ધનરામનું જ્ઞાન શંકાતીત હતું, બલકે એ વિશે પોતે ભારે આસ્થાળુ હતા. નાયક સરસ્વતીચંદ્રમાં સ્થિર થયેલી વૈયકિતક ધરી એક ક્ષણ માટે પણ એના લેખકના ધ્યાન બહાર રહી નથી. બીજી ધરી પરનું કામ કલા-લેખે સિધ્ધ ભલે નથી થયું, પણ રચનાનું ગોવર્ધનરામે કરેલું વિભાવન નવલકથાના પ્રકાર સાથે બરાબરનું સામંજસ્ય ધરાવે છે. ગાંધીજીને કારણે કદાચ, મુનશીના ઇતિહાસ-વિશ્વમાંથી નીકળીને આપણે પ્રવર્તમાન સંદર્ભ સાથે નવલકથાને તેમ જ સમગ્ર સાહિત્યને જોડી શકેલા. ગ્રામજીવનમાં પ્રવેશેલી ગુજરાતી નવલકથા કોઇ અકરમાત નહોતો. પછી એ નગરજીવનમાં ગઇ. ગામડાં ભાંગીને શહેરો થવાની વ્યાપક પ્રક્રિયા જોડે એનો વસ્તુતન્તુ હંમેશાં જોડાઇ રહ્યો. ૨. વ. દેસાઇમાં આખો વર્તમાન કાઢા પર ઝિલાયો હતો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીની ગતિવાંધે જુદી જ રહી. આધુનિક સંવેદન અર્થે તેમ જ યુગ-ચેતનાના આવશ્યક સ્પન્દન સંદર્ભે આપણી નવલકથા પહેલીવાર અંતર્મુખી બની. એમાં નિરૂપિત વ્યકિતના પ્રશ્નો અને સમષ્ટિગત મનુષ્યજીવનના પ્રશ્નો વચ્ચે કશું અન્તર રહ્યું નહિ. બીજી ધરીના ક્રિયાકલાપનો આખો પ્રશ્ન જ અનાવશ્યક બની રહ્યો. પ્રવર્તમાન માનવસંદર્ભ નાયકની વ્યકિતવિશિષ્ટ વાસ્તવિકતા રૂપે પ્રગટી રહ્યો. આ સર્જકોએ એક અર્થમાં વાસ્તવનું ઊર્ધ્વીકરણ સિદ્ધ કરેલું. કાવ્યસદશ સાહિત્યલોકનું સૌન્દર્ય આ નવલલેખનનું મુખ્ય લક્ષ્ય હતું. કેટલાક દાખલામાં સાહિત્યની સાહિત્યિકતાએ પ્રશ્નાર્થ ઊભો કર્યો. માધ્યમસભાનતાના ગેરલાભો રૂપે કેટલીક કીડાઓમાં પણ આખો ઉન્મેષ ક્ષુલ્લક બની રહ્યો. નવલકથા પરોક્ષ રૂપે પણ પ્રજાસમૂહોને આકર્ષે તેવું અહીં બની શકયું નહિ.

આપણે ત્યાંની આધુનિક સર્ગશકિતનું કશું સમ્પૂર્તિરૂપ પરિણામ આવ્યું નથી. આ નવલકથાકારનો શબ્દ શબ્દેતર વાસ્તવ સંવિભાગોને સ્પર્શે, તેની જોડે સંધાય રચી રહે અને તેને પરાવર્ત કરી એક સક્ષમ પરિવર્તન પ્રક્રિયાનો પ્રારમ્ભ કરે એવું બન્યું નથી. આધુનિક કથાસાહિત્ય વડે નવી સભ્યતાનું કે આધુનિક સંસ્કૃતિનું સર્જન થયું નથી. સ્વાતન્ત્ર્યપ્રાપ્તિ પછીનાં ૩૬ વર્ષમાં ભારતમાં જે રાજકારણી સભ્યતાનો વિકાસ થયો છે તે નવલલેખનની પકડ બહારની વસ્તુ રહી છે. આપણો સાહિત્યકાર એ પ્રવર્તમાન સંદર્ભ જોડે પાનું પાડતાં ડરે છે

અથવા કશું સ્પષ્ટ જોખમ જુએ છે. નવલકથાના આલેખન માટે પ્રવર્તમાન ભારતીય જીવનતરાહો ભારે મોટી સામગ્રી પૂરી પાડી શકે એમ છે. પણ એ પડકાર જવલ્લે જ ઝિલાયો છે, એ કુંવારી ભૂમિ છે.

ગુજરાતી નવલકથાકાર પાછો ગતાનુગતિક બની રહ્યો છે. ચન્દ્રકાન્ત બક્ષી જેવા આધુનિક વ્યક્તિત્વ ધરાવતા લેખકો હીન-સ્વાનુકરણના પન્થે છે. અન્ય આધુનિકો એક-બે નવલના નવલકાર બનીને વિરમી ગયા છે. ગ્રામજીવનનાં દસ્તાવેજી ચિત્રણો અને સ્થૂળકાય શબ્દપથારાભરી શિથિલ વાર્તાસૃષ્ટિઓ પાછી લખાવા લાગી છે. પણ આપણી પાસે ઉકત બે ધરીઓ પર કલાત્મક કામ થયું હોય તેવો પ્રગલ્ભ સર્જક-પુરુષાર્થ દાખવતી એક પણ નવી નવલકથા નથી. આજે આપણી વચ્ચે કેટલીક ગેરસમજો જરૂર ઊપસી આવી છે: ઘણા પરમ્પરાને આધુનિકતાએ ઊભા કરેલા પ્રશ્નોનો જવાબ માને છે. જૂની રીતે વાર્તા કહો; કલ્પન-પ્રતીકાદિ શણગારો છોડો. ઘટનાતત્ત્વથી જ કથા તો સિદ્ધ થાય, અનુભવોનું બળ જોઇએ-એ બીજી ગેરસમજ છે. આ અનુભવ ગામડાગામનો હોય તેને કેટલાક વધુ અધિકૃત પણ લેખે છે! નવલકથાનો વાચકવર્ગ વિશાળ જ હોય, અને તેથી મનોવિશ્વનાં નિરૂપણ વિઘ્નરૂપ છે, લોકોને સમજાતાં નથી-માટે છોડો, એ ત્રીજી ગેરસમજ છે. એ ઉપરાન્ત કહેવાતી પરમ્પરાગત વાસ્તવવાદી સમજે પ્રવર્તમાન માનવસંદર્ભથી કેટલી વેગળી પડી ગઇ છે તેનો કશો વાસ્તવિક વિચાર આપણા નવલકથાકારને આવતો નથી. એની વાતમાંથી સ્ફુર્યા કરતો વિચાર મુખ્યત્વે નવલકથાના ધીકતા બજારને સમાન્તર રહ્યો છે. છાપામાં છપાતી નવલકથાના કુલ હપતા છાપાનો શેઠીઓ નક્કી કરે છે, કશી કલાપરક જરૂરિયાતનું એ પરિણામ હોય એવું તો વચ્ચેના ઘણા હપતાઓમાં પણ ક્યાં લાગે છે વારુ?

પ્રવર્તમાન માનવસંદર્ભ પૂર્ણરૂપે પ્રગટતો હોય એવી આધુનિક કે પરંપરાવાદી, લોકપ્રિય કે અલોકપ્રિય પણ સર્વથા સમૃદ્ધ કૃતિની આપણે લાંબે સુધી રાહ જોવી પડશે-કેમ કે આપણા સરેરાશ નવલકથાકારને સંદર્ભ બહાર રહીને લખવાની જૂની કુટેવ છે. એ પોતાની હથોટી પર, પોતાના આછોતરા કસબ પર ખાસ્સો મુસ્તાક રહી શકે છે, સફળતાની ભ્રાન્તિના અનુકૂળ વાતાવરણમાં આજે એ ખરે જ સુખી છે. ગુજરાતી સાહિત્યકારોમાં સૌથી વધુ સુખી નવલકથાકાર છે. સુખી પાસે આશા શેની?

★

સંઘ સમાચાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. રોડ, વનિતા વિશ્રામ સામે,
મુંબઇ ૪૦૦ ૦૦૪.

વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા, ગુરુવાર તા. ૫-૪-૧૯૮૪ ના રોજ સાંજના ૬-૧૫ કલાકે શ્રી પ્રભાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબોને મંજૂર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) સંઘના અધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચુંટણી.

(૪) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટરોની નિમણુંક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે, સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૯-૩-૮૪ થી ૪-૪-૮૪ ગુરુવારથી બુધવાર સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ વાગ્યા સુધીમાં કોઇ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે ઉપસ્થિત થવા વિનંતિ.

ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ-મંત્રીઓ.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક
* વસંત વ્યાખ્યાનમાળા *

સંઘના ઉપક્રમે સોમવાર તા. ૯-૪-૧૯૮૪ થી ગુરૂવાર, તા. ૧૨-૪-૧૯૮૪ સુધી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:

વિષય : Coalition-a Democratic Alternative

તારીખ	વ્યાખ્યાતાઓ
સોમવાર	જનતા પક્ષના પ્રમુખ
૯-૪-૮૪	શ્રી ચંદ્રશેખર
મંગળવાર	માર્કસીસ્ટ સામ્યવાદી
૧૦-૪-૮૪	પક્ષના જનરલ સેક્રેટરી શ્રી ઇ. એમ. એસ. નામ્બુદ્રીપાદ
બુધવાર	ગુજરાત રાજ્યના નાણાંમંત્રી
૧૧-૪-૮૪	શ્રી સનત મહેતા
ગુરૂવાર	શ્રી સતીશચંદ્ર અગરવાલ
૧૨-૪-૮૪	સંસદસભ્ય (ભા. જ. પ.)

સમય : દરરોજ સાંજના ૬-૧૫ કલાકે

સ્થળ : ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરનો વાલચંદ હિરાચંદ સભાગૃહ, ચર્ચગેટ.

આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલા લેશે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

તા. ૩૧-૧૨-૮૩ ના રોજ પૂરા થયેલા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

૧૯૮૨	આવક	૧૯૮૩	૧૯૮૩	૧૯૮૨	ખર્ચ	૧૯૮૩	૧૯૮૩
રૂા. પૈ.	ભેટના	રૂા. પૈ.	રૂા. પૈ.	રૂા. પૈ.	વહીવટી અને વ્યવસ્થા ખર્ચ	રૂા. પૈ.	રૂા. પૈ.
૬,૪૨૬-૦૦	ચાલુ ભેટ	૧૧૬૫૫-૦૦		૧૧,૦૭૫-૦૦	પગાર અને બોનસ	૧૫૬૩૦-૫૦	
	પર્યુષણ વ્યાખ્યાનમાળાને (નેટ)	૨૨૫૨-૦૦		૧,૦૩૨-૪૬	બ્લોક મેન્ટેનન્સ અને વીજળી ખર્ચ	૫૧૯૬-૦૦	
૮૬૮૦-૫૦	પરિસંવાદ	૫૦૦૦-૦૦	૨૨,૬૦૭ ૦૦	——	રંગરોગાન અને રીપેરીંગ ખર્ચ	૩૮૦૧-૦૦	
૨,૨૫૪-૫૦	લવાજમના			૬૮૨-૬૪	પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	૨૦૬૫-૬૫	
૧૨૦-૦૦	૧૯૮૧ ના			૧,૮૭૪-૩૩	ટેલીફોન ખર્ચ	૩૨૦૭-૬૦	
૪,૪૬૦-૦૦	૧૯૮૨ ના			૪૬૬-૬૦	ટપાલ ખર્ચ	૧૪૪૧-૬૦	
૪૬૧૦-૦૦	૧૯૮૩ ના	૪૬૪૫-૦૦		૧,૦૦૦-૦૦	ઓડિટરોને ઓનરેરિયમ	૧૫૦૦-૦૦	
	બાદ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્રબુદ્ધ જીવનની પ્રત મોકલવાના			૧,૬૫૧-૦૦	સ્ટાફ પ્રોવીડન્ટ ફંડ ફાળો ને વ્યાજ	૧૬૮૮-૫૦	
				૧૩,૭૩૩-૬૦	પરચુરણ ખર્ચ	૧૩,૫૩૮-૫૦	
				૬૮-૬૬	બેન્ક કમિશન	૫૬-૬૫	
૨,૫૦૦-૦૦		૧૭૧૦-૦૦	૨,૬૩૫ ૦૦	૪૫૦-૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ ખર્ચ	૩૬૦-૦૦	
૨૧૧૦-૦૦				૨,૩૪૬-૫૦	કેસેટ ખરીદી ખર્ચ	૧૪૨૨-૦૦	૫૦,૨૭૧-૩૦
	વ્યાજ			૫૬૬-૦૦	ફર્નીચર પર ઘસારાના		૫૦૬-૦૦
૫,૬૫૦-૦૦	ડિબેન્ચરો પર	૬૩૨૧-૭૫		૩૫,૨૭૭-૦૬			
૬૩૪-૫૦	બોન્ડના				અન્ય ખર્ચ:		
	બેન્કની ફીક્સડ ડિપોઝીટ	૬૮૬૧૨-૬૨		૨,૬૧૮-૧૫	ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારકનિધિ અંગે	—	—
૧,૦૦,૧૬૫-૨૦	અને ખાતાંઓ પર			—	પુસ્તક પ્રકાશન	૬,૧૫૮-૦૦	
	સરકારી કંપનીઓમાં			—	પરિસંવાદ અંગે	૧૮,૫૭૬-૪૦	
	ડિપોઝીટ પર અને યુનિટ			—	અભ્યાસ વર્તુળ ખર્ચ	૫૧૮-૨૦	
૪૧,૫૧૬-૫૪	ટ્રસ્ટના યુનિટોનું ડિવિડન્ડ	૧૦૩૬૦૭ ૭૩			હેતુ અંગે :		
૧,૪૮,૨૬૬-૨૪		૧૭૮૮૪૨-૪૦		૨૦,૦૦૦-૦૦	શૈક્ષણિક		
	બાદ : આજીવન સભ્ય ફંડના વ્યાજના પ્રબુદ્ધ જીવનના લવાજમ			૭,૨૨૬-૧૫	વસંત વ્યાખ્યાનમાળા અંગે (નેટ)	૧૨,૨૬૬-૭૫	
૧૫,૦૦૦-૦૦	ખાતે... ૧૬૦૦૦-૦૦			૨૭૨૨૬-૧૫	પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે	૩૮,૩૮૩-૮૦	૭૫૬૦૬-૧૫
૫,૪૬૬-૦૦	અન્ય અંકિત ફંડોને ૮૫૬૩-૦૦	૨૪૫૬૩-૦૦	૧૫૪,૨૪૬-૪૦	૬-૭૦	સરવૈયાના ફરકના		
૨૦,૪૬૬-૦૦				૭૫૬૩૭-૧૫	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		૫૬૭૭૮-૬૬
૧૨૭૮૦૩-૨૪				૧૪૧૩૬૮-૭૪		કુલ રૂા.	૧૮૩૪૬૮-૧૧
	પરમાનંદ કાપડિયા						
૨૭૭૫-૦૦	સભાગૃહનું ભાડું		૩૩૭૨-૦૦	મુંબઈ તા. ૧૮-૩-૧૯૮૪		ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે	
	સરવૈયા ફેરના		૪-૧૭			શાહ મહેતા એન્ડ કું.	
૧૪૧૩૬૮-૭૪	કુલ રૂા.		૧૮૩,૪૬૮-૧૧			ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડિટર્સ	

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

તા. ૩૧-૧૨-૮૩ ના રોજ પૂરા થયેલાં વર્ષનો 'પ્રબુદ્ધ જીવન' નો આવક ખર્ચનો હિસાબ

૧૯૮૨	આવક	૧૯૮૩	૧૯૮૩	૧૯૮૨	ખર્ચ	૧૯૮૩	૧૯૮૩
રૂા. પૈ.	લવાજમ અને ભેટ	રૂા. પૈ	રૂા. પૈ.	રૂા. પૈ.	વહીવટી અને વ્યવસ્થાખર્ચ	રૂા. પૈ.	રૂા. પૈ.
૧૮,૬૯૦-૦૦	લવાજમ વસૂલ આવેલ — —	૧૬,૧૪૩-૬૦		૧૨,૭૮૫-૦૦	પગાર તથા બોનસ	૧૨,૮૮૭-૫૦	
	શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ચાલુ અને			૫૧,૩૮૨-૨૨	પ્રીન્ટીંગ ખર્ચ	૩૧,૫૧૪-૪૯	
	આજીવન સભ્યોને પ્રબુદ્ધ જીવનની પ્રત			૨૮,૧૧૯-૦૦	કાગળ	૧૮,૮૬૯-૦૦	
	મફત મોકલવાના વ્યાજ ખાતેથી :			૬,૨૦૭-૮૧	ટપાલ ખર્ચ	૭,૮૯૪-૬૦	
૨,૫૦૦-૦૦	ચાલુ સભ્યોના — —	૧,૭૧૦-૦૦		૨,૬૪૦-૦૦	પુરસ્કાર	૩,૩૧૦-૦૦	
૧૫,૦૦૦-૦૦	આજીવન સભ્યોના તથા પેટ્રનના	૧૬,૦૦૦-૦૦	૩૩,૮૫૩-૬૦	૧,૬૫૧-૦૦	પ્રોવીડન્ટ ફંડમાં ફાળો અને વ્યાજ	૧,૬૮૮-૫૦	
૫,૩૫૪-૦૦	ભેટ — —		૧૫૨-૦૦	૧,૨૬૦-૩૨	પરચુરણ ખર્ચ	૭૩૦-૦૦	
૪૧,૫૪૪-૦૦				—	અન્ય પ્રીન્ટીંગ	૬,૫૦૪-૭૬	૮૬,૬૧૮-૧૮
	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો						
૬૨,૨૦૬-૩૫	વધારો — — —		૫૨,૬૧૨-૫૮				
૧,૦૩,૭૪૫-૩૫			૮૬,૬૧૮-૧૮	૧,૦૩,૭૪૫-૩૫	કુલ રૂા.		૮૬,૬૧૮-૧૮

મુંબઇ, તા. ૧૮-૩-૧૯૮૪

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

ઓડિટર્સ

પ્રબુદ્ધ જીવન તા. ૧૬-૪-૮૪

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : તા. ૩૧-૧૨-૧૯૮૩ના હિસાબનું સરવૈયું.

૧૯૮૨			૧૯૮૩			૧૯૮૨			૧૯૮૩		
રૂ.			રૂ.			રૂ.			રૂ.		
	ફંડો અને દેવું						મિલકત અને લહેણું				
	ગીલ્ટ્સ ફંડ (ટ્રસ્ટ ફંડ)										
૭,૬૩,૫૪૬-૧૬	ગયા સરવૈયા મુજબ					૫૧,૨૩૦-૪૦	બેલોક (કરાર મુજબ)				
	ઉમેરો : વર્ષ દરમિયાન		૬,૦૮,૭૮૦-૧૮				રસધારા કો. ઓ. બા. સો. લિ.માં				
							ગયા સરવૈયા મુજબ			૫૧,૨૩૦-૪૦	
૧૫૨૪૪-૦૦	આજીવન સભ્યોના લવાજમનો.	૧૮,૯૨૪-૦૦					ઇન્વેસ્ટમેન્ટસ (રોપપા મુજબ)				
						૧૨,૧૬,૯૩૦-૦૦	પરિશિષ્ટ ક મુજબ				
૪,૦૮,૭૮૦-૨૬	પેરેન્ સેલ્સરના લવાજમનો.	૧૬,૦૦૧-૦૦	૨૮,૯૫૫-૬૦				ફરનીચર અને ફીક્સ્ચર્સ			૧૪,૬૪,૪૫૦-૬૬	
						૯,૩૭,૭૩૫-૧૮	ગયા સરવૈયા મુજબ				
૩,૯૧,૪૪૪-૫૦	વ્યાજ અને ડિવિડન્ડ ઉપરનો						વધારો				
	પરિશિષ્ટ ક મુજબ		૧૧,૪૬,૯૦૩-૭૬			૧૦,૧૬૦-૨૪	(રોપપા મુજબ) ગયા સરવૈયા પ્રમાણે			૧૦,૧૬૦-૨૪	
	દેવું						ઘટાડ : કુલ ઘસારાના				
૨૪,૯૧૬-૧૩	સેવાની કેપિટલ ફંડમાં	૧૫,૩૮૨-૧૩				૪૪૬૮-૨૪	ગયા સરવૈયા મુજબ		૫૦૬૪-૨૪		
૧૭૭૦	અણઉઘરી આવેલ લવાજમોનું	૧,૩૧૫-૦૦									
૨૮૭૬૨	ફેરપ્રાપ્તિ દેવું પરિશિષ્ટ ક મુજબ		૧૩,૪૨૪-૬૭			૫૬૬-૦૦	ચાલુ વર્ષનો		૫૦૮-૦૦	૫૫૭૩ ૨૪	૪,૫૬૭-૦૦
૧,૦૮,૬૬૬-૧૬											
							ડિપોઝીટ				
	શ્રી જનરલ ફંડ (વ્યાવક અયર્ં બાદ)					૧૨૫-૦૦	પોસ્ટ ઓફિસમાં (પ્રમુખ જીવન બાંગે)		૧૨૫-૦૦		
						૬૩૦-૦૦	બી. ધ. એસ. ટી.		૬૩૦-૦૦		
૨,૪૮૮-૧૬	ગયા સરવૈયા મુજબ		૧૫,૨૩૩-૬૧			૩૬૦-૦૦	ટેલીફોન બાંગે		૩૬૦-૦૦		
							લેણું (સકરે)				
૭૫,૬૩૭-૧૫	ઉમેરો : વર્ષ દરમિયાન બચાં કરતાં		૫૬,૭૭૮-૬૬			૭૪૬૪૪-૫૬	શ્રી મ. મો. શાહ સાર્વજનિક				
	આવતો વધારો						વાચનાલય અને પુસ્તકાલય		૮૦,૪૪૬-૦૬		
૭૩,૦૧૨-૫૭						૫૬૩૮-૧૬	ધર્મ-મરોક્ષ રિફંડ				
	ઓછા : પ્રમુખ જીવનનો બાંધક બચ્યું					૧૫૭૭૬-૧૧	લહેણું થયેલું વ્યાજ		૧૩,૬૩૧-૧૬		
						૧૪૭૭૪-૦૦	સ્ટાફ પાસે		૪૬,૨૧૮-૧૮		
૫૨,૬૧૨-૫૮			૨૦,૩૬૬-૬૬			૧૨૭૫-૨૫	બાંગે આગાઉથી બાંધેલ બરચુરચું		૧૧,૦૧૬-૧૫		
							પરિશિષ્ટ ક મુજબ				
							રોકડ તથા બેન્ક બાકી		૪,૫૬૭-૦૦	૧,૫૮,૬૦૧-૫૮	
						૨૨૨૦-૬૭	બેન્ક ઓફ ઇન્ડિયા બચત ખાતે				
						૧૨૨૬-૦૦	બેન્ક ઓફ બરિદા બચત ખાતે		૬,૬૬૪-૬૬		
						૪૪-૫૨	રોકડ પુરાંત				
									૪,૪૭૫૫૮-૬૬	૧૮૦-૬૬	૪,૫૬૭૦૨-૦૮
૧૪,૧૫૦૭૭-૭૦			૨૧,૩૭,૨૮૭-૦૬			૧૪,૧૫૦૭૭-૭૦			૨૧,૩૭,૨૮૭-૦૬		

શ્રીયુત ચંદુભાઈ :—આપણી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ ઉપરનું સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ગુલાબચંદ ઢેલાભાઈ દોશી : ભાઈશ્રી ચંદુભાઈ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ચંદુભાઈ :—ભાઈશ્રી ગુલાબચંદ ઢેલાભાઈ દોશી, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ગુલાબચંદ ઢેલાભાઈ દોશી : ભાઈશ્રી ચંદુભાઈ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ચંદુભાઈ :—ભાઈશ્રી ગુલાબચંદ ઢેલાભાઈ દોશી, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ગુલાબચંદ ઢેલાભાઈ દોશી : ભાઈશ્રી ચંદુભાઈ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ચંદુભાઈ :—ભાઈશ્રી ગુલાબચંદ ઢેલાભાઈ દોશી, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ગુલાબચંદ ઢેલાભાઈ દોશી : ભાઈશ્રી ચંદુભાઈ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ચંદુભાઈ :—ભાઈશ્રી ગુલાબચંદ ઢેલાભાઈ દોશી, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ગુલાબચંદ ઢેલાભાઈ દોશી : ભાઈશ્રી ચંદુભાઈ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ચંદુભાઈ :—ભાઈશ્રી ગુલાબચંદ ઢેલાભાઈ દોશી, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રીયુત ગુલાબચંદ ઢેલાભાઈ દોશી : ભાઈશ્રી ચંદુભાઈ, મુંબઈનું તા. ૩૧-૧૨-૮૩નું વિવરણ અને સરવૈયું આજરોજ સંધના આપણે વાંચ્યાં અને વાંચીને સાંભળ્યાં છે. મારું માનવું છે કે આપણે સરવૈયું મંજૂર કરવું જોઈએ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : પરિશિષ્ટ અ

ક્રમાંક	વિગત	તા. ૧-૧-૮૩ના રોજ	વર્ષ દરમિયાન દાન-ભેટ વ્યાજ	વર્ષ દરમિયાન ખર્ચ	તા. ૩૧-૧૨-૮૩ના રોજ બાકી
૧	શ્રી મકાન ફંડ	૨૪૦૧૯-૧૯			૨૪૦૧૯-૧૯
૨	શ્રી પુસ્તક પ્રકાશન ખાતું	૭૪૦૧-૧૪	૩૯૩૧-૦૦	૩૩૧૩-૪૦	૧૩૦૦૩-૭૪
૩	શ્રી માવજત ખાતું	૧૨૧-૪૮			૧૨૧-૪૮
૪	શ્રી પ્રેમળ જ્યોતિ રીઝર્વ ફંડ	૧૨૭૦૦૦-૦૦		૭૫૮૮૫-૯૫	૫૧૧૧૪-૦૫
૫	શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ગ્રાહક ફંડ	૧૨૦૦-૦૦	૪૦૦-૦૦		૧૬૦૦-૦૦
૬	શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતું	૩૫૬૧-૨૧	૨૪૪૬૪-૦૦	૨૮૦૮૫-૨૧	કાંઈ નહિ
૭	શ્રી દીપચંદ ત્રિભોવનદાસ પ્ર. ફંડ	૪૭૭૬૫-૨૮	૬૨૨૩-૦૦		૫૪૦૧૮-૨૮
૮	શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું (ઉધાર)	૧૬૭૫૬-૬૦	૨૦૮૦-૦૦	૫૧૧૪-૨૦	ઉ. ૧૬૭૬૦-૬૦
૯	શ્રી જીવન ઘડતર લક્ષ્ય પ્રવૃત્તિ ફંડ	૪૮૦-૮૦	૩૦૫-૦૦		૪૧૧૫-૮૦
૧૦	શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું	૨૬૦૦૫-૦૦	૧૬૦૦૦-૦૦		૪૫૦૦૫-૦૦
૧૧	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ	૨૭૫૧-૦૦	૩૬૯૩૪-૦૦	૧૧૪૧૮૦-૬૫	૨૫૭૬૧૮-૦૫
૧૨	શ્રી સ્ટોલ રીઝર્વ ફંડ	૬૬૦૦-૦૦	૫૨૮૨૦૦-૦૦	૩૪૧૦૦-૦૦	૫૦૦૭૦૦-૦૦
૧૩	શ્રી દત્તક બાળક પ્રવૃત્તિ ફંડ	૩૩૦૦૧-૦૦	૧૪૦૦૦-૦૦		૪૭૦૦૧-૦૦
૧૪	શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી	૧૧૫૦૦૦-૦૦	૩૫૦૦૦-૦૦		૧૫૦૦૦૦-૦૦
૧૫	પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ		૨૦૨૦૦-૦૦		૨૦૨૦૦-૦૦
૧૬	નેત્રયજ્ઞ ખાતું	૩૮૧૪૪૪-૫૦	૧૦૮૫૬૪૬-૦૦	૨૯૦૬૭૯-૭૧	૧૧૪૬૦૩૦-૭૯

મુંબઇ, શાહ મહેતા એન્ડ કું.
તા. ૨૬-૫-૮૪ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

તા. ૩૧-૧૨-૮૩ના દિવસના સરવૈયામાં બતાવ્યા મુજબ પરચુરણ દેવાની વિગત દર્શાવતું પરિશિષ્ટ બ

	રૂ.	પૈ.	રૂ.	પૈ
લવાજમના (અગાઉથી મળેલ)				
૧૯૮૪ના	૧૨૨૦	૦૦		
૧૯૮૫ના	૯૫	૦૦	૧૩૧૫	૦૦
પરચુરણ દેવું				
અલ્પાહારના	૨૦૩૭	૬૭		
પર્યુષણ વ્યાખ્યાનમાળાના				
પુરસ્કાર અંગે	૨૭૦૦	૦૦		
શાહ મહેતા એન્ડ કું.	૧૦૦૦	૦૦		
સૌરાષ્ટ્ર રેલ રાહત ફંડ	૭૬૮૭	૦૦		
			૧૩૪૨૪	૬૭
			૧૪૭૩૯	૬૭

લેણું

ખર્ચ અંગે અગાઉથી આપેલ રકમોની વિગત	
લીલાવતી લાલજી દયાળ હાઇસ્કૂલ	૫૦૦-૦૦
ખીરલા ક્રીડા કેન્દ્ર	૩૦૦-૦૦
સુમન પ્રકાશન	૨૬૫-૦૦
ચંદારામજી ગર્લ્સ સ્કૂલ	૨૫૦-૦૦
આયન એજ્યુકેશન સો. સ્કૂલ	૫૦૦-૦૦
જ્ઞાન શિબિર	૨૭૮૨-૦૦
સ્ટાફ પાસે	૧૧૦૧૯-૧૫
	૧૫૧૧૬-૧૫

તા. ૩૧-૧૨-૮૩ના દિવસના સરવૈયામાં બતાવ્યા મુજબ ઇન્વેસ્ટમેન્ટસની વિગત દર્શાવતું પરિશિષ્ટ ક

	રૂ.	પૈ.	રૂ.	પૈ.
રસધારા કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિ. ના શેર ૧૦ દરેક રૂ. ૫૦/- ના	૫૦૦	૦૦		
ડિબેન્ચરો				
તાતા ઓઇલ કું. લિ ૧૦૦ દરેકના રૂ. ૧૦૦/- લેખે	૨૦૦૦૦	૦૦		
બોમ્બે ડાઇંગ મેન્યુ. લિ. ૧૫૦ દરેકના રૂ. ૧૦૦/- લેખે	૧૫૦૦૦	૦૦		
વોલ્ટાસ લિ. ૧૫૦ દરેકના રૂ. ૧૦૦/- લેખે	૧૫૦૦૦	૦૦		
તાતા હોકોમોટીવ એન્ડ એન્જિનિયરિંગ કું. લિ. બોન્ડ	૫૮૫૦	૦૦	૫૬૩૫૦	૦૦
યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના યુનીટ			૧૦૨૦૦૦	૦૦
ગવર્મેન્ટ કંપનીમાં ડિપોઝીટ				
ઇન્ડિયન ટેલીફોન ઇન્ડસ્ટ્રીઝ	૫૦૦૦૦	૦૦		
હિન્દુસ્તાન ઝીંક લિ	૩૫૦૦૦	૦૦		
ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન	૨૪૦૦૦૦	૦૦		
ભારત હેવી ઇલેકટ્રીકલ્સ લિ.	૧૦૦૦૦૦	૦૦		
ભારત પેટ્રોલિયમ કોર્પો.	૧૪૦૦૦	૦૦		
રા. કેમી. એન્ડ ફરટીલાઇઝર	૪૦,૦૦૦	૦૦		
રટીલ ઓથોરીટી ઓફ ઇન્ડીયા	૮૦૦૦૦	૦૦	૬૪૫૦૦૦	૦૦
બેન્કોમાં ફીકસ્ડ ડિપોઝીટસ				
બેંક ઓફ ઇન્ડિયા,	૩૫૬૦૦૦	૦૦		
બેન્ક ઓફ બરોડા	૧૪૦૦૦૦	૦૦		
યુનિયન બેન્ક ઓફ ઇન્ડીયા	૧૨૫૦૦૦	૦૦	૬૨૧૦૦૦	૦૦
			૧૪૬૪૩૫૦	૦૦

શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

૩૧-૧૨ ૧૯૮૩ના રોજ પૂરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

૧૯૮૨	આવક	૧૯૮૩	૧૯૮૩	૧૯૮૨	ખર્ચ	૧૯૮૩	૧૯૮૩
રૂા.	પૈ. વ્યાજના	રૂા. પૈ.	રૂા. પૈ.	રૂા.	પૈ. વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ	રૂા. પૈ.	રૂા. પૈ.
૬૧૫૨-૬૦	રીકરીંગ ડિપોઝીટના			૫,૦૫૧-૬૫	પેપર લવાજમ	૩૮૩૩-૮૨	
૬૦૫-૭૦	બેન્કના વ્યાજના	૬૧-૫૦		૩૭,૦૫૯-૩૦	પગાર તથા બોનસ	૪૧૫૬૪-૦૦	
૪૧૬૬-૬૬	હિન્દુ. ઓગે. કેમી. લિ. માં ડિપોઝીટ	૪૪૨૫-૨૦	૪૪૮૬-૭૦	૧,૧૫૨-૫૦	બુક બાઈન્ડીંગ	૨૧૮૪-૦૦	
	ભેટ તથા લવાજમ			૨,૪૩૪-૪૦	પ્રોવીડન્ટ ફંડ ફાળાના તથા પ્રોવીડન્ટ ફંડને વ્યાજના	૩૨૮૮-૭૦	
૧૦૧-૦૦	ભેટના	૬૫૩-૦૦		૬૧૫-૦૦	વીમાના પ્રીમીયમના	૬૧૫-૦૦	
૨૫૦૦૦-૦૦	પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે જોણીમાં	૧૮,૦૪૫-૦૦			**વ્યવસ્થા ખર્ચ**		
૮૬૭૦-૦૦	પુસ્તક લવાજમના	૮,૫૬૦-૦૦	૨૭,૫૮૮-૦૦	૩,૦૬૬-૦૦	મકાન મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ	—	
	પરચુરણ આવક			૧,૦૦૦-૦૦	ઓડિટર્સને ઓનેરેરિયમના ૧૯૮૧, ૧૯૮૩ના	૧૫૦૦-૦૦	
૫૦૬-૪૦	પસ્તી વેચાણના	૫૭૦-૫૦		૬,૮૭૪-૩૨	ટેલીફોન ખર્ચ		
૧૮૦-૮૦	પાસબુક વેચાણના	૧૩૮-૪૦			ગાડીભાડું, યુનિફોર્મ, છત્રી તથા સ્ટાફને		
૭૬-૦૦	દંડના	૧૩૧-૫૦	૮૪૦-૪૦	૬,૬૩૫-૫૫	ચા-પાણી, રેલવે પાસ વગેરે પરચુરણ ખર્ચ	૬૧૫૫-૨૦	
૨૩૪૦૫-૧૬	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૩૧,૫૧૬-૨૭	૧૫૫-૬૧	પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી	૧૭૪-૩૦	
				૫૦-૦૦	પ્રોફેશનલ ટેક્સ	૫૦-૦૦	૧૨૮૬૫-૦૨
					ઘસારાનાં		
				૪૭૮-૦૦	ફર્નીચર પર ૧૦% લેખે	૪૩૧-૦૦	
				૧૨,૫૬૮-૦૦	પુસ્તક પર ૧૫% લેખે	૧૧૦૮-૩૫	
				૭૧,૨૦૧-૧૮			૧૫૩૬-૩૫
૭૨,૨૦૧-૧૮			૬૪,૪૩૪-૩૭				૬૪૪૩૪-૩૭

અમોએ ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઇ, તા. ૧૮-૩-૮૪

શાહ બહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ-ઓડિટર્સ

તા. ૨૭-૨-૨૪
મણીલાલ મોકમચંદ શાહ
૬૭

શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

તા. ૩૧-૧૨-૧૯૮૩ના દિવસનું સરવૈયું

૧૯૮૨	ફંડો અને દેવું		૧૯૮૩	૧૯૮૩	૧૯૮૨	મિલકત અને લેણું	૧૯૮૩	૧૯૮૩
રૂ. પૈ.		રૂ. પૈ.		રૂ. પૈ.				
						ફિક્સ્ડ ડિપોઝીટસ		
					૩૦,૦૦૦-૦૦	હિન્દુસ્તાન ઓર્ગેનીક કેમી. લિ.	૩૦,૦૦૦-૦૦	
					૩૦,૦૦૦-૦૦	એચ. એમ. ટી. લિ.	૩૦,૦૦૦ ૦૦	૧૦,૦૦૦-૦૦
	કાયમી ફંડ					ફર્નીચર (ખરીદ કીમતે)		
૧,૦૭,૮૯૪-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૧,૦૭૮૯૪-૦૦			૧૦,૬૯૫-૯૩	ગયા સરવૈયા મુજબ બાકી	૧૦,૬૯૫-૯૩	
	શ્રી પુસ્તક ફંડ				૫૯૦૮-૦૩	બાદ: કુલ ઘસારાના	૬,૩૮૬-૯૩	
૫,૫૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૫૫,૦૦-૦૦			૪૭૮-૦૦	વર્ષ દરમિયાન ઘસારાના		
	શ્રી ફર્નીચર ફંડ				૪૩૯૬-૯૦		૪૩૫-૦૦	૬૮૧૭-૯૩	૩,૮૭૮-૦૦
૨,૪૦૦-૦૦	ગયા સરવૈયા મુજબ બાકી	૨,૪૦૦-૦૦						
	શ્રી રીઝર્વ ફંડ					પુસ્તકો (ખરીદ કીમતે)		
૩૧,૬૭૩-૪૨	ગયા સરવૈયા મુજબ બાકી	૩૧,૬૭૩-૪૨		૧૪૭૪૬૭-૪૨	૧,૧૩૮૫-૨૫	ગયા સરવૈયા મુજબ બાકી	૧,૨૮,૮૨૧-૧૦	
					૧૭૪૩૫-૮૫	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી	૧૫,૭૯૦-૩૫	
	દેવું				૧૨૮,૮૨૧-૧૦		૧,૪૪,૬૧૧-૪૫	
૨૦૩૪૧-૦૦	પુસ્તકો આગે ડિપોઝીટ	૨૧,૫૬૧-૦૦			૪૪,૮૨૬-૨૫	બાદ: કુલ ઘસારાના તથા જુના		
૧૫૩૫૪-૫૨	સ્ટાફ પ્રોવીડન્ટ ફંડના	૨૦,૩૯૭-૬૨			૧૨,૫,૬૮-૮૫	પુસ્તકોના લખી વાળ્યા	૫૮,૫૩૬-૪૫	
૭૪૯૩૪-૫૯	શ્રી મુંબઇ જૈન યુવક સંઘના	૮૦,૪૩૬-૦૬			૭૧,૩૬૩-૦૦			૮૬,૦૭૫-૦૦
૬૯૨૨-૩૦	પુસ્તક ખરીદ આગે					લેણું		
૧૦૦૦-૦૦	ખર્ચ આગે	૧,૦૦૦-૦૦		૧૨૩૬૯૫-૦૧	૧૦૪-૦૦	ઇન્કમટેક્સ રિફંડના	૧૦૪-૦૦	
					૧૦૫૨-૦૦	સ્ટાફ પાસે	૩૮૭-૭૪	૪૬૧-૭૪
૨૬૬૧૬-૮૩				૨૭૦૮૬૨-૪૩	૨૦૦૦૦-૦૦	ગ્રાન્ટ આગે		
					૫૦૦૦-૦૦	ભેટના		
					૧૦૨૬-૩૨	બેન્ક ઓફ ઇન્ડિયા બચત ખાતે	૭૧૦-૨૭	
					૩-૬૪	રોકડ પુરાંત	૫૬-૨૮	૭૬૬-૫૫
						શ્રી આવક ખર્ચ ખાતું :		
					૯૯૭૨૬-૧૮	ગયા સરવૈયા મુજબ બાકી	૧,૦૩,૧૩૧-૮૭	
						બાદ : મુંબઇ મ્યુનિસિપલ		
					૨૦,૦૦૦-૦૦	કોર્પોરેશનની ગ્રાન્ટના	૧૫,૦૦૦-૦૦	
					૭૯૭૨૬-૧૮		૮૮,૧૩૧-૮૭	
					૨૩,૪૦૫-૫૯	ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો	૩૧,૫૧૯-૨૭	૧,૧૯૬૫૧-૧૪
					૧૦૩૧૩૧-૮૭		કુલ રૂ.	૨,૭૦,૮૬૨-૪૩
					૨૬૬૧૬-૮૩			

ઓડિટરોનો રિપોર્ટ

અમોએ શ્રી મણીલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય મુંબઇનું તા. ૩૧-૧૨ ૧૯૮૩ ના રોજનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસારના જુદા રિપોર્ટને આધીન બરાબર છે.

મુંબઇ : તા. ૧૮-૩-૧૯૮૪ સહી : શાહ મહેતા એન્ડ કું., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ,

(પાના ૨૩૦ થી ચાલુ)

આ વ્યાખ્યાનો અર્થે પોતાને નિમંત્રીને પૂરી પાડવા બદલ યુનિવર્સિટી પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરી હતી.

તેમણે કહ્યું : 'આપણા તાજેતરના ભૂતકાળના ઇતિહાસ પ્રત્યે તટસ્થ અભિગમ સેવીએ તો ઇ. સ. ૧૮૨૮ માં બ્રાહ્મોસમાજની સ્થાપના થઈ ત્યારથી તે સન ૧૯૩૦ માં મહાત્મા ગાંધીજીની જગવિખ્યાત દાંડીકૂચ સુધીનો એકસો વર્ષનો સમયખંડ, ભારતના ઇતિહાસમાં સમ્રાટ અશોક પછીથી સહુથી વધુમાં વધુ સર્જનાત્મક સમયખંડ છે. એ દીપ્તિમય સમયખંડ પાસેથી જે અણઊકલી રહેલી બૌદ્ધિક સમસ્યાઓનો વારસો આપણને મળ્યો છે તે સમસ્યાઓમાં વિબુધોનો રસ જાગ્રત થાય તે જરૂરનું છે. છેલ્લાં ત્રીસેક વર્ષથી મોટા ભાગની ભારતીય ભાષાઓના સાહિત્યની જેમ ગુજરાતી સાહિત્યે પણ એવી દિશા પકડી છે, જે સાહિત્યના અનુબંધમાં જીવનના મહાપ્રશ્નોની ચર્ચા કરવા આપણને પ્રોત્સાહિત કરતી નથી. સાહિત્યનો અભ્યાસ આપણે કેવળ સાહિત્યિક દૃષ્ટિથી જ કરીએ છીએ. સામાજિક, નૈતિક તેમ જ આધ્યાત્મિક મૂલ્યો જે આપણાં સૌન્દર્યકીય મૂલ્યોનું પ્રભવ-સ્થાન છે, તેની વિચારણાનો આપણે જાણે કાંકરો જ કાઢી નાખ્યો છે. આ કમનસીબ વસ્તુ છે. સત્ય અને સૌંદર્યલક્ષી મૂલ્યો એ માણસ હોવાપણા માટેની જરૂરિયાત છે. વધારે સ્પષ્ટતાથી કહેવું હોય તો એમ કહું કે સત્ય, સારૂપ અને સૌંદર્યલક્ષી મૂલ્યોનો અભાવ હોય તો મનુષ્યના નિરામય વિકાસ માટે ગંભીર સમસ્યાઓ સરજાય.

આધ્યાત્મિક મનસ્તાપ

માનવ અસ્તિત્વ શા માટે ? કયાંથી એ ઉદ્‌ભવ્યું ? આ જીવનનો અર્થ શો ? શી રીતે જીવન જીવવું ? આ બધા પ્રશ્નો પ્રત્યેની ઉદાસીનતા ચિત્તમાં જે વ્યાપક વિક્ષેપો સરજે છે તેને એક લેખકે આધ્યાત્મિક મનસ્તાપ તરીકે વર્ણવ્યા છે. આ આધ્યાત્મિક મનસ્તાપ રૂઢિજડ માન્યતાઓની બુદ્ધિશૂન્યતા કરતાં યે વધારે તો બુદ્ધિહીન વર્તનરૂપે પ્રગટ થાય છે. સાહિત્યનું પ્રજ્ઞાપૂર્વકનું પરિશીલન જીવન વિશેની આપણી સમજને યોગ્ય સમતુલા બક્ષવામાં તથા તેનાં આહવાનોને સવિશેષ સર્જનાત્મક રીતે પહોંચી વળવામાં સહાયક નીવડે છે. વળી આપણી સૌન્દર્યભાવનાને સંતર્પવા ઉપરાંત આપણાં નૈતિક મૂલ્યોને સંશુદ્ધ કરે છે. તે સાથે જીવન અને તેને વિશેના મૂળભૂત પ્રશ્નો ઉઠાવવાની આપણી બૌદ્ધિક ચેતનાને પણ ઉત્તેજે છે. ૧૮૫૦ થી ૧૯૫૦ સુધીના શતકનું ગુજરાતી સાહિત્ય આ દૃષ્ટિએ સમૃદ્ધ છે.

નવા યુગના આહવાનનો મુકાબલો

સન ૧૮૫૧ના જાન્યુઆરીમાં કવિશ્રી દલપતરામે પશ્ચિમથી આ દેશ ઉપર થયેલા યંત્રોદ્યોગના આક્રમણનું વર્ણન કરતી પોતાની પ્રથમ કવિતા 'હુન્નરખાનની ચડાઈ'નું સૂરતમાં જાહેરમાં પઠન કર્યું. એ જ વર્ષમાં કવિ નર્મદાશંકર મુંબઈમાં કેટલાક ઉત્સાહી બુદ્ધિશાળી યુવાનોના જૂથ સમક્ષ 'મંડળી મળવાથી થતા લાભ' એ વિશે પોતાનો નિબંધ વાંચે છે. અર્વાચીન મિજાજના આ પ્રથમ ઉદાહરણમાં નૂતન યુગની વ્યાવહારિક અસરનો અનુબંધ વરતાતો લાગે તો એ સમજ ગેરરસ્તે દોરવનારી છે. ગુજરાતના સાહિત્યિક માનસને નવા યુગના આહવાનનો જે મુકાબલો કરવો પડયો તેને તેનાં રાજકીય કે આર્થિક કરતાં સામાજિક અને નૈતિક પાસાં સાથે કદાચ વિશેષ સંબંધ છે, બ્રિટિશ શાસનની રાજકીય અને આર્થિક અસરોનું સંપૂર્ણ ભાન કરાવી ગુજરાતને સર્વ પ્રથમ કોણે જાગ્રત કર્યું હોય તો તે મહાત્મા ગાંધીજીએ કર્યું હતું. અને એ હાકલ ગુજરાતી માનસે ઝીલી લીધી હતી. સામાજિક નૈતિક દૃષ્ટિએ તેમાં રહી ગયેલી ઊણપ ગુજરાતના સાક્ષરોએ, ભારતમાં પશ્ચિમની સંસ્કૃતિના આગમનથી જન્મેલા નૈતિક અને બૌદ્ધિક સંઘર્ષમાં રસ લઈને પૂરી દીધી હતી.

પ્રતિબિમ્બો

નવા યુગના નૈતિક અને સામાજિક પ્રશ્નો પરત્વે ગુજરાતનો રસ બુદ્ધિનિષ્ઠ કે સિદ્ધાન્તનિષ્ઠ નહોતો. આહવાન પરત્વેના જીવન્ત પ્રતિસાદરૂપે હતો. એનો ખ્યાલ 'સરસ્વતી-ચન્દ્ર'ના ત્રીજા ભાગની પ્રસ્તાવનામાં ગોવર્ધનરામે નવા યુગે જન્માવેલા વિક્ષોભનું જે વર્ણન કર્યું છે તેમાં તાદૃશ પ્રગટ થાય છે. દલપતરામથી તે ઉમાશંકર સુધીના અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં, ગોવર્ધનરામ જેને તે સમયની નવીનતા પ્રત્યેના કવિ દલપતરામના બાળસહજ વિસ્મય તરીકે વર્ણવે છે, તેનું પ્રતિબિંબ ઝિલાયું છે. સ્વતંત્રતા અને સાહસભર્યા નવજીવન માટેની કવિ નર્મદાશંકરની તરણોચિત તાલાવેલી તેની જે મનઃસ્થિતિમાં અનેક પરિવર્તનો દાખવીને પુરી થાય છે તેનું પ્રતિબંધ છે. અને સો વર્ષ પછી કવિ ઉમાશંકર ૧૯૫૬માં 'છિન્ન ભિન્ન છું' એવા જે વેદનારસિત ઉદ્‌ગાર કાઢે છે તે પરિસ્થિતિનું પ્રતિબિમ્બ ઝિલાયું છે. ૧૯૫૬ પછીના ગુજરાતી સાહિત્યમાં ભ્રાંતીની આખરી ઓટ અનુભવીએ છીએ. 'ડોવર બીચ'માં મેથ્યુ આરનોલ્ડે "શ્રદ્ધાના સાગરનો ઘુઘવાટ શમતો જાય છે એવા જે ઉદ્‌ગાર કાઢયા છે તે ૧૯૫૬ પછીના આપણા સાહિત્યમાં સંભળાય છે.

દલપતરામ અને નર્મદાશંકર

બીજે દિવસે વ્યાખ્યાનનો આરંભ કરતાં પ્રો. ચી ના. પટેલે કહ્યું હતું : 'ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગની નેકી પોકારનાર બે મુખ્ય કવિઓ છે : દલપતરામ અને નર્મદાશંકર. ગુજરાતી સાહિત્યિક વિચારધારા ઉપર વિશેષ પ્રબલ સંસ્કાર અંકિત કરે છે નર્મદાશંકર. કિન્તુ નવી પરિસ્થિતિ અને નવી અસર સંદર્ભે વિશેષ સર્જનાત્મક પ્રતિયોગ દલપતરામનો જણાય છે. જૂનાનો નૂતનરૂપે સ્વાભાવિક અને જીવન્ત વિકાસ સધાતાં છતાં, દલપતરામની વિચારધારાની સમગ્રતા અને અખંડિતતાને કશી આંચ નથી આવી દલપત-રામના ભીતરની આ સંવાદિતા અને સમગ્રતા તેમની કાવ્યશૈલી અને સમાજસુધારણાની રીતિ બંનેમાં વ્યકત થાય છે. નર્મદાશંકરે લોકોને સુધારાની દિશામા વાળવા વાચકને આંચકો આપતી ભાષાની નવીનતા અને સાહસ પ્રેરતી વિચારધારાનો આશ્રય લીધો એ જ ઉદ્દેશ પાર પાડવા દલપતરામ કવિતામાં તેમ ગદ્યમાં લોકોની ભાષા અને લોક-વપરાશમાં રૂઢ થયેલા રૂઢિપ્રયોગોનો વિનિયોગ કરે છે.

તે જમાનાનાં અનિષ્ટો

સમાજમાં સ્ત્રીનું સ્થાન અને વિધવાઓની દુર્દશા, તથા સ્ત્રી–શિક્ષણ અને વિધવા–પુનર્લગ્ન આ દલપતરામના સમયના પ્રશ્નોનો નિર્દેશ કરીને વ્યાખ્યાતાએ કહ્યું હતું કે દલપતરામ પૂરેપૂરા સુધારાવાદી નહિ પરંતુ ઉદારમતિ પરંપરાવાદી હતા. સુધારાની ભાવના તેમનામાં હતી. સ્ત્રી શિક્ષણના તથા

વિધવા પુત્રવધૂના હિમાયતી દલપતરામ વરતી પસંદગીની બાબતમાં કન્યાને સ્વતંત્રતા આપવાના મતના નહોતા. બાળલગ્ન સામે તેમનો વિરોધ ખરો પરંતુ સંમતિ વયના પ્રશ્ન પરત્વે તેમણે મૌન સેવ્યું હતું. વિધવાઓની યાતનાથી હમદર્દી જાગતાં દલપતરામ 'વેનચરિત્ર' લખવા પ્રેરાય છે. પોતાની એક કવિતામાં દલપતરામ આર્થિક વ્યવસ્થાના આદર્શ લેખે ગાંધીજીના ટ્રસ્ટીપણાની ભાવનાની નજીક જતા લાગે છે.

નર્મદાશંકર

ભારતભરમાં એક સમાન અનુભવ જૂના અને નવા વચ્ચેના સંઘર્ષ અને તજ્જન્ય તનાવનો હતો. ગુજરાતમાં આ પરિસ્થિતિનું પ્રતિનિધિત્વ નર્મદાશંકર કરે છે. પોતાના નાટ્યાત્મક જીવન અને પોતાને 'એક કેરેક્ટર' તરીકે ઓળખાવતા નર્મદાશંકર, દલપતરામ કરતાં વધુ પ્રખ્યાત છે. નર્મદાશંકરે જે કંઈ કહ્યું તેમ જ લખ્યું છે તેમાં 'હું'નો, અહમ્‌નો અવાજ બુલંદ છે. તે અવાજ નીતિનિરપેક્ષ છતાં હિંમત દાખવતો અને એકંદરે સાચો છે. જાતને નિઃશેષ કરવાનો, કર્તવ્ય બજાવતાં જાતને ભૂલી જવાનો, ધાર્મિક આકાંક્ષા કે આધ્યાત્મિક ખોજ વગેરેને આવરી લેતો પ્રાચીન આદર્શ નર્મદાશંકરમાંથી છેક લુપ્ત થયો ન હતો. વર્ષો વીતતાં ગયાં તેમ તેમ તે પ્રાચીન આદર્શ તેમનામાં દૃઢમૂલ થતો ગયો અને 'સુધારાના કડખેદ' તરીકેની આરંભાયેલી પોતાની જાહેરજીવનની કારકિર્દી ધર્મ-સંરક્ષક અને પ્રાચીન વ્યવસ્થાના સમર્થક એવા નર્મદાશંકરમાં વિરમી. કારકિર્દીનો આ વ્યતિક્રમ નર્મદાશંકરના જીવનની કેન્દ્રવર્તી ઘટના છે.

બે અનિષ્ટો

સમાજસુધારક નર્મદને પોતાના સમયનાં બે અનિષ્ટો દેખાયાં. એક વિધવાઓની દુર્દશા અને બીજું વૈષ્ણવ ધર્માચાર્યોનો યુવાન સ્ત્રીઓ સાથેનો સ્વેચ્છાચાર અથવા દુરાચાર. નર્મદાશંકરે આ બંને અનિષ્ટો વિશે નિબંધો લખીને તથા કવિતા રચીને આક્રમણો કરવા શરૂ કર્યાં. એમની આ પ્રવૃત્તિએ સમાજમાં ભારે પ્રક્ષોભ જન્માવ્યો :

સમાજમાં વહેમ, અજ્ઞાન, રૂઢિનું દાસત્વ, સ્ત્રીઓ અને શૂદ્રો પ્રત્યે પોતાને ઊંચા માનતા વર્ગનો દુર્વ્યવહાર વગેરે આ સર્વ પર આકરા પ્રહારો કરતું જે તહેમતનામું નર્મદાશંકરે ઘડ્યું તે ગુજરાતમાં પછીની બે પેઢી સુધી ચાલનાર વિવાદની આગાહીરૂપ હતું.

નૈતિક અને ધાર્મિક જીવનમાં નર્મદાશંકર બૌદ્ધિક અભિગમ દાખવે છે. સર્વોપરી બ્રહ્મ એ જ એક માત્ર સત્ય અને આ જગત તે બ્રહ્મનો વિવર્ત છે એ સિદ્ધાન્તનો નર્મદાશંકરને મન મોટો મહિમા હતો. પ્રકૃતિસૌન્દર્ય પ્રત્યે અત્યંત સંવેદનશીલ નર્મદાશંકરને સૌન્દર્યનો આનન્દ બ્રહ્માનંદસમો લાગતો એવો જ આનન્દ એમને સ્ત્રી સાથેના જાતીય વ્યવહારથી થતો. ઉત્તર વયના નર્મદાશંકર પૂર્વવયના નર્મદાશંકરથી નિરાળા છે. તેમના ધર્મવિચારમાં પરિવર્તન આવે છે. પોતાના સમયની સમસ્યાઓના ઉકેલ અર્થે એ જે કાર્યક્રમ આપે છે તેમાં ધાર્મિક આદર્શોને વળગી રહેવાનો લોકોને અનુરોધ છે. પરન્તુ એના એ કાર્યક્રમનો બદલાયેલી ને નવી વિચારધારા સાથે કોઈ મેળ નથી મળતો.

મણિલાલ, રમણભાઈ અને કાન્ત

તા. ૨૬મીએ સાંજે પોતાના ત્રીજા વ્યાખ્યાનમાં પ્રો. ચી. ના. પટેલે પ્રથમ પંડિત યુગના અત્યંત પ્રતિભાશાળી સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીની, તે પછી શ્રી રમણભાઈ નીલકંઠની અને ત્યારબાદ કવિ કાન્તની નૈતિક અને સામાજિક વિચારણા તપાસી હતી.

તેમણે કહ્યું; 'મણિલાલે ૧૮૮૬ થી તે ૧૮૯૮માં તેમનું અકાળ મૃત્યુ નીપજ્યું ત્યાં સુધીના સમયગાળામાં પોતાનાં માસિકો 'પ્રિયંવદા' અને 'સુદર્શન'માં પોતાના અગાધ બૌદ્ધિક ઐશ્વર્યવાળી વિચારધારા દ્વારા નર્મદાશંકરના ધર્મ-વિચારને સ્ફુટ કરી સર્વગમ્ય કર્યો.

મણિલાલની વિચારધારા

સંસ્કૃત ગ્રંથોના ઉત્કટ પરિશીલનને અંતે મણિલાલ એ મંતવ્ય ઉપર ઠર્યા કે ધર્મ જીવનમાં આચારસ્થ થવો જોઈએ. ધર્મ અને તત્ત્વજ્ઞાન બેમાં મણિલાલ ભેદ કરતા નથી. તેઓ ધર્મના એટલે કે શુદ્ધ તત્ત્વજ્ઞાનના મિશનરી બન્યા. મણિલાલની દૃષ્ટિએ વેદાન્તની માન્યતા પ્રમાણે તત્ત્વજ્ઞાનનો પાયો અભેદ-ભાવની અનુભૂતિમાં એટલે કે વિશ્વના તમામ જડચેતન પદાર્થોની બ્રહ્મ સાથે એકતા છે, કોઈ પણ પદાર્થ બ્રહ્મથી જુદો નથી એ અનુભૂતિમાં છે. આથી માનવજીવનનું એકમાત્ર ધ્યેય જગતના સકલ પદાર્થોની બ્રહ્મ સાથેની એકતા યાને અદ્વૈતભાવનો સાક્ષાત્કાર કરવાનું છે. મણિલાલે જ્ઞાનયોગનું અનુશાસન સ્વીકાર્યું હતું. મણિલાલનું અંગત જીવન બહુ ઉપાધિયુક્ત હતું. મા, બાપ તેમ જ પત્ની-બાળકોમાંથી કોઈના પણ તરફથી મણિ-લાલને પ્રેમ મળ્યો ન હતો. મણિલાલ 'બ્રહ્મનિષ્ઠ' ખરા પરંતુ તેમણે પરિણીત સ્ત્રીઓ સાથે ઘણી સાહસોમાં ઝુકાવ્યું હતું એટલું જ નહિ પોતાનાં જાતીય સ્ખલનોને તેમણે આધ્યાત્મિક આદર્શવાદના ઓઠા હેઠળ વાજબી ઠેરવ્યાં હતા. વેદાન્તપ્રણીત અદ્વૈતનો અર્થ મણિલાલે પ્રેમની બાબતમાં બધાંની જ સાથે અભિન્નતા એવો ઘટાવ્યો. તેઓ બે શરીરનાં મિલન દ્વારા પાર્થિવ સપાટીએ અદ્વૈત સાધવાની કોશિશ કરતા હતા.

મણિલાલ એમ માનતા કે પોતાને મતે જે આધ્યાત્મિક એકતા છે તે પ્રાચીન ભારતની વર્ણાશ્રમ આશ્રિત સમાજ-વ્યવસ્થાનો પ્રેરક સિદ્ધાન્ત છે. દેશના ઇતિહાસના પારેવર્તન દ્વારા એ આદર્શ નબળો પડયો હોવા છતાં પોતાના સમયમાં હિન્દુ જીવનવ્યવસ્થામાં હજી પણ સાંકેય છે અને એને પુનઃ પ્રાણવન્તો કરી શકાશે. ભગવદ્‌ગીતાનો કર્મફળ ત્યાગનો બોધ અર્થાત્ કર્મના ફળની અપેક્ષા નહિ રાખવાનો બોધ તેમને સ્વીકાર્ય હતો.

ભૂતકાળની વર્ણાશ્રમવ્યવસ્થાનો આધ્યાત્મિકસિદ્ધાન્ત એ જ જીવનની વાસ્તવિકતા છે, એમ માનતા મણિલાલ, અંગ્રેજી શિક્ષણથી ચારિત્ર્ય તથા કૌટુંબિક તેમ જ સામાજિક અનુશાસન નબળાં પડતાં જાય છે એમ માની તેનો ખેદ અનુભવતા હતા;

(વધુ આવતા અંકે)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૪-૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

ત્રિવિજય

રમણલાલ ચી. શાહ

જીવ માત્રના દેહની કેટલીક ખાસિયતો છે. જીવન ટકાવી રાખવા માટે દરેક જીવને પોતાની કક્ષાનુસાર સ્થૂળ કે સૂક્ષ્મ આહારની જરૂર પડે છે. જીવસૃષ્ટિમાં ઉચ્ચતમ કક્ષામાં મનુષ્ય છે. મનુષ્યને પોતાનું શરીર ટકાવી રાખવા માટે આહાર લેવો પડે છે. આહાર ઉપરાંત નિદ્રાની પણ જરૂર રહે છે. નિદ્રાવસ્થામાં શરીર ઘણું ખરું મર્યાદિત હલનચલનવાળું બને છે. પરંતુ જાગ્રત અવસ્થા પ્રાપ્ત થતાં શરીરને સારું રાખવા માટે હલનચલન, વ્યાયામ, હરવું ફરવું ઇત્યાદિની અપેક્ષા રહે છે.

દેહમાં આત્મા વસેલો છે. આત્મા અને દેહનાં લક્ષણો વિભિન્ન છે. આહાર ન લેવો એટલે કે અણાહારીપણું એ આત્માનો સ્વભાવ છે. પરંતુ અનાદિથી આત્માને આહારના સંસ્કાર પડેલા છે. આહાર એ આત્માની વિભાવ દશા છે. તેવી જ રીતે સતત જાગ્રત અવસ્થા એ આત્માનો સ્વભાવ છે. પરંતુ અનાદિથી નિદ્રાના સંસ્કાર પડેલા છે. નિદ્રા એ આત્માની વિભાવ દશા છે. સંપૂર્ણ સ્થિરતા-અચલત્વ એ આત્માનો સ્વભાવ છે. પરંતુ ચંચલતા એ આત્માની વિભાવ દશા છે.

જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી આહાર, નિદ્રા અને ચંચલત્વનાં લક્ષણો સામાન્ય રીતે રહ્યાં કરે છે. એ ત્રણેય ઉપર જેટલે અંશે વિજય મેળવી શકાય તેટલે અંશે આત્માના સ્વભાવ તરફ ગતિ કરી શકાય. માણસ આહાર ઓછો લે અથવા ન લે અને છતાં પ્રસન્ન રહે એ સરળ વાત નથી. માણસ અલ્પ નિદ્રા લઇને અથવા નિદ્રા ન લઇને સ્ફુર્તિમય રહે એ કઠિન વાત છે. માણસ એક જ આસને લાંબો સમય બેસી શકતો નથી. અંગાગો જકડાઇ જાય છે, શરીર થાકી જાય છે

સારું ખાવું-પીવું, હરવું-ફરવું, આરામ કરવો, આનંદ પ્રમોદમાં સમય પસાર કરવો એ તન અને મનનું ભૌતિક સુખ છે, આત્મિક સુખ નથી. માણસ ભૂખ્યા રહેવાનો, ઓછી નેદ્રા લેવાનો અને કોઇ એક આસને લાંબો સમય સ્થિર રહેવાનો મહાવરો જો કરવા માંડે તો ક્રમે ક્રમે તેમાં આગળ વધી શકે. પરંતુ એવું કરવાની જરૂર શી ? એવો પ્રશ્ન ઊઠશે. આત્માના મૂળ સ્વભાવ પ્રતિ ગતિ કરવા માટે જ એની જરૂર. એ માટે આનંદ, ઉલ્લાસ, ધગશ, પુરુષાર્થ ઇત્યાદિના ઉત્કટ ભાવ હોય તો ચૈતન્યનો સવિશેષ આવિષ્કાર થાય; અન્યથા આ બધું માત્ર દેહકષ્ટ કે વેઠ બરાબર લાગે.

જે મનુષ્ય આહાર, નિદ્રા અને આસન ઉપર થોડો પણ કાબૂ મેળવે છે તે પોતાની સ્થૂળ તથા સૂક્ષ્મ ઇન્દ્રિયો ઉપર સંયમ મેળવવા લાગે છે. થોડો પણ યોગાભ્યાસ થતાં એનો અનુભવ કરી શકાય છે. ચિત્ત સ્વેચ્છાએ સંયમમાં હોય તો દેહની કેટલીક ક્રિયાઓ કેટલોક વખત અટકાવી શકાય છે. કોઇ જાહેર સભામાં બેઠેલો માણસ ભૂખ, શૌચાદિ હાજતનો કુદરતી નિરોધ કરી શકે છે. પંડિત યુગના એક ગુજરાતી લેખક માટે કહેવાય છે કે તેમને દર પંદર-વીસ મિનિટે લઘુશંકા માટે ઊઠવું પડે એવો વ્યાધિ થયો હતો; પરંતુ તેઓ પદ્માસન કે અર્ધપદ્માસન લગાવી ધ્યાન કે સ્વાધ્યાયમાં બેસી જતા તો ત્રણ-ચાર કલાક સુધી પણ ઊઠવાની જરૂર પડતી નહિ ! યમ, નિયમ, આસન-પ્રાણાયમ, ઇત્યાદિ યોગના આરંભનાં પગથિયાં સિદ્ધ કર્યાં પછી જેઓને ધ્યાન અને સમાધિમાં જવાનો મહાવરો ઠીક ઠીક હોય છે તેઓને ચિત્ત દ્વારા ઇન્દ્રિય-સંયમ સહજ બને છે અને દેહની કુદરતી જરૂરિયાતો તેટલો સમય સમય ખાસ જણાતી નથી. મહાન યોગીઓ જ્ઞાની ખેચરી મુદ્રા વડે તેમાંથી અમૃતબિંદુ પ્રાપ્ત કરીને આઠ-દસ દિવસ સુધી આહાર વગર રહી શકે છે. કેટલાય મહાત્માઓ દિવસોના દિવસો સુધી નિદ્રારહિત સતત જાગ્રત અવસ્થામાં પ્રસન્નતાપૂર્વક રહી શકે છે. ધ્યાન અને સમાધિમાં એવી તાકાત છે કે ચિત્ત અથવા તો આત્મા સમગ્ર દેહ ઉપર પૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરી લે છે.

દેહ ઉપર વિજય મેળવવાનું કામ બધા માટે એક સરખું ન હોઇ શકે. દરેકના દેહ એકસરખા નથી હોતા, તેમ દરેકની ચિત્તશકિત પણ એકસરખી ન હોઇ શકે. જૈન ધર્મની માન્યતા અનુસાર વર્તમાન સમયમાં મનુષ્યને જે દેહ મળ્યો છે તેની મર્યાદામાં રહીને તે કેટલું કે સિદ્ધ કરી શકે છે. જૈન ધર્મે દેહના સંઘયણ અને સંસ્થાનના પ્રકારો બતાવ્યા છે. શરીરનાં હાડકાંઓનો જે બંધ હોય છે તેને સંઘયણ કહેવામાં આવે છે અને શરીરના આકારવિશેષને સંસ્થાન કહેવામાં આવે છે. સંઘયણના ઊતરતા ક્રમમાં આ પ્રમાણે ૬ પ્રકાર છે: (૧) વજ્ર ઋષભનારાચ સંઘયણ, (૨) ઋષભનારાચ સંઘયણ, (૩) નારાચ સંઘયણ, (૪) અર્ધનારાચ સંઘયણ (૫) કીલિકા સંઘયણ, (૬) સેવાર્ત સંઘયણ. એ જ રીતે સંસ્થાનના ઊતરતા ક્રમમાં આ પ્રમાણે ૬ પ્રકાર છે: (૧) સમચતુરસ્ર સંસ્થાન, (૨) ન્યગ્રોધ, (૩) સાદિ, (૪) વામન, (૫) કુબ્જ, (૬) હુંડક. વળી આહારના ત્રણ પ્રકાર બતાવ્યા છે: (૧) ઓજાહાર, (૨) લોમા-

હાર અને (૩) કેવળાહાર. આ પારિભાષિક પ્રકારોની સમજણ જૈન શાસ્ત્રગ્રંથોમાં સાંપડે છે. જે પ્રમાણે દેહ અને સંસ્થાન, તે પ્રમાણે તે જીવ પોતાની આત્મશક્તિને વધુ સ્ફૂરાવી શકે છે. તીર્થંકરો અને કેવળજ્ઞાનીઓના દેહના સંઘયણ અને સંસ્થાન ઉત્તમ પ્રકારનાં હોય છે.

ચરમ તીર્થંકર દેવાધિદેવ ભગવાન મહાવીરે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે લગભગ સાડા બાર વર્ષ જે તપશ્ચર્યા કરી તે અજોડ છે. वीरस्य घोरम् तपो। એમ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે યથાર્થ જ કહ્યું છે. ભગવાન મહાવીર ક્ષત્રિય રાજકુમાર હતા. ખાનપાન આદિ ભોગવિલાસની કોઈ કમી નહોતી. છતાં એનો ત્યાગ કરીને તેઓ તપશ્ચર્યા કરવા નીકળી પડયા. સાડા બાર વર્ષના સાધનાકાળમાં એમણે કેટલા બધા ઓછા દિવસ આહાર લીધો છે! એક વખત ચાળીસ છ મહિના સુધી ઉપવાસ કર્યા, બીજી વખત છ મહિનામાં થોડા દિવસ ઓછા એવા સળંગ ઉપવાસ કર્યા. આઠ પંદર દિવસ કે મહિનાના ઉપવાસ તો કેટલીયે વાર કર્યા. શાસ્ત્રકારોએ નોંધ્યું છે કે ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ દરમિયાન જેટલા ટંક આહાર લીધો તેનો સરવાળો કરવામાં આવે તો લગભગ એક વર્ષ જેટલો થાય. સાડા બાર વર્ષ દરમિયાન લગભગ ૧૧ વર્ષથી અધિક સમય તેમણે આહાર વગર ચલાવ્યું. એવી જ રીતે એ સાધનાકાળ દરમિયાન એમણે નિદ્રારહિત એવાં કેટલાંય દિવસરાત સતત જાગ્રત અવસ્થામાં પસાર કર્યા. શરીર ઉપર એમણે એટલો બધો સંયમ મેળવી લીધો કે કોઇ પણ એક આસનમાં ઘણા લાંબા સમય સુધી તેઓ સ્થિર રહી શકતા. એમણે છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે પણ, ગોવાળ પગમાં તાંબડી ભરાવી ગાય દોહવા બેસે એવા કઠિન ગોદોહિકા નામના આસનમાં આધાર વગર લાંબો સમય રહીને પ્રાપ્ત કર્યું હતું. ભગવાન મહાવીરે આહાર, નિદ્રા અને આસન એ ત્રણ ઉપર અપૂર્વ વિજય મેળવ્યો હતો. અને એમાંથી જ બીજી અનેક શક્તિ પ્રગટી હતી આ ત્રિવિજયની શક્તિ તેમણે ધ્યાનની પ્રક્રિયામાંથી મેળવી હતી એમ કહેવાય છે. ત્રિવિજય દ્વારા તેમણે ભયંકર ઘાતીકર્મોનો ક્ષય કર્યો. ધ્યાન દ્વારા જ તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ત્રિવિજયયુક્ત આવી ઘોર તપશ્ચર્યાને કારણે વર્ધમાન-કુમાર તે ભગવાન મહાવીર બન્યા. એમની સાધનાનો ઇતિહાસ સાધકોને માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે.

એવા ભગવાન મહાવીરને એમની જન્મજયંતી (ચૈત્ર સુદ તેરસ) પ્રસંગે કોટિ કોટિ વંદન!

સાભાર સ્વીકાર

સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બો. નં. ૩૪, ભાવનગર ૩૬૪૦૦૧નાં પ્રકાશનો (૧) પ્રાસંગિક મનન (૨) શાંત પળોમાં. બન્નેના લેખક સ્વ. ગિજુભાઈ કિંમત અનુક્રમે રૂા. ૭-૦૦ અને ૮-૦૦

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ગાંધી ચોક, ભાવનગરના પ્રકાશનો (૧) અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ (૨) ગત સૈકાની જૈન ધર્મની પ્રવૃત્તિઓ. બન્નેના લેખક ડો. કુમારપાળ દેસાઇ. કિંમત અનુક્રમે રૂા. ૧૦-૦૦ અને છાપેલ નથી.

ધર્મ અને સમાજસેવા

શાન્તિલાલ ટી. શેઠ

ચંદરિયા ઉદ્યોગગૃહ-ચેમ્બુર કેમિકલ્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સ્થાપિત Anarde Foundation ના Chief Executive શ્રી ભૂપતરાય જયન્તિલાલ ત્રિવેદીનું વ્યાખ્યાન 'ધર્મ અને સમાજ સેવા' એ વિષય ઉપર તા. ૪-૪-૮૪ ના રોજ સાંજના પરમાનંદ કાપડીઆ સભાગૃહમાં સંઘના આશ્રયે યોજવામાં આવ્યું હતું.

પ્રથમ શ્રીમતી કમલાબેન પીસપાટીએ પ્રાર્થના સંભળાવી હતી.

ત્યાર બાદ શ્રી ભૂપતભાઇનો વિસ્તૃત પરિચય શ્રી સુબોધભાઇ એમ. શાહે આપ્યો હતો. સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે ચંદનહાર દ્વારા તેમનું અભિનંદન કર્યું હતું.

ત્યાર બાદ શ્રી ભૂપતભાઇએ કહ્યું કે ૧૯૪૪-૪૫ માં સંતો સાથે સંપર્ક થયો. પ્રથમ સંપર્ક મુનિશ્રી સંતબાલજી સાથે થયો; તેમણે લોકોને સમજણ આપી કે સમાજસેવા દ્વારા આત્મકલ્યાણ થઇ શકે. આ રીતે તેમણે ધર્મને વળાંક આપ્યો.

શ્રી ભૂપતભાઇએ ધર્મને સૂર્ય સાથે સરખાવ્યો. જેમ સૂર્ય તેજ-ઐનજી આપે છે તે જ રીતે સૂક્ષ્મ રીતે ધર્મ પણ માણસને ઐનજી આપે છે.

ભારતમાં કેટલાયે અવતારો થયા અને ધર્મને પ્રસ્થાપિત કર્યો.

જ્યારે સાધુને તકલીફ પડે, મોટા સમાજને તકલીફ પડે, પાપ વધે ત્યારે ભગવાન અવતાર લે છે. તેણે મનુષ્યરૂપે અવતાર લેવો પડે છે. એટલે મનુષ્યની શક્તિની કોઇ સીમા નથી. તે પોતાનાં કર્મોથી-શક્તિથી વીર તેમ જ મહાવીર બની શકે છે. મનુષ્યને જીવન જીવવાની કળા ધર્મ શીખવે છે. ધર્મનું મૂળ તત્ત્વ તપ છે. તપ ન થાય ત્યાં સુધી ધર્મને ઓળખી શકાતો નથી. કષ્ટમાંથી કરુણા ઉત્પન્ન થાય છે અને કરુણા માણસને ધર્મ તરફ વાળે છે. કરુણામાંથી દયા પ્રગટે છે, તેમાંથી ત્યાગની વૃત્તિ પ્રગટ થાય છે. કરુણામાંથી જ્ઞાન પણ પ્રગટે છે અને અનુભવમાં આવેલા જ્ઞાનના કારણે ધર્મને પૂર્ણ રીતે પામી શકાય છે.

મનુષ્યની દૃષ્ટિ જ્યારે વિશાળ બને છે, પોતાની જાતની બહાર તે જોતો થાય છે ત્યારે વસુધૈવ કુટુંબકમ તરફ તેની વૃત્તિ ઊભી થાય છે, હું પણું ભૂલીને સમગ્ર વિશ્વનો વિચાર કરતો થાય છે.

જૈન ધર્મ તેમ જ બૌધ્ધ ધર્મનું મોટામાં મોટું તત્ત્વ હોય તો એ છે કે તેણે સમાજસેવાને મહત્ત્વ આપ્યું છે. સૂક્ષ્મ જીવહિંસાને પણ દોષ રૂપ ગણી છે. આવો સૂક્ષ્મ વિચાર જૈન ધર્મની ફિલસૂફીએ કર્યો છે. આવી જૈન ધર્મની ઉત્તમ ફિલસૂફી જગત માટે આજે અનુકરણીય બની રહે છે.

તેમણે, કૃષ્ણ, અર્જુન, વિવેકાનંદ, ગાંધીજી વગેરેના દાખલાઓ આપી ત્યાગ, સ્વાવલંબન, સ્વારથ્ય, સંસ્કાર તેમ જ સમાજસેવા દ્વારા ધર્મને કેમ આંખી શકાય તેને લગતી વિગતો સમજાવી હતી. અને છેવટે તેમણે કહ્યું કે શાશ્વત શાંતિ, મુક્તિ, મોક્ષ, મહામાનવ થયા પછી જ પ્રાપ્ત થાય છે.

સભાને અંતે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભારવિધિ કરી હતી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : વાર્ષિક અહેવાલ–૧૯૮૩

છેલ્લા પાંચ દાયકા કરતાં પણ વધુ સમયથી આપણા સમાજમાં સેવાની આતશ પ્રજ્વલિત કરનારી આ સંસ્થાની વિકાસ યાત્રામાં તેના સંનિષ્ઠ કાર્યકરોનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. સ્વનામધન્ય સ્વ. પરમાનંદ કુંવરજી કાપડીઆએ આ સંસ્થામાં નવા પ્રાણ પૂર્યા હતા, તો સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહે આ સંસ્થાને નવી દિશા, નવું પરિમાણ આપ્યું હતું. સંસ્થાના વર્તમાન પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ તથા તેમના સાથી મિત્રો, આ સંસ્થાને વધુ ને વધુ સમાજસેવી તેમ જ કાર્યક્ષમ બનાવવાના કાર્યમાં ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વિવિધ સેવાપ્રવૃત્તિઓની સાથે આ સંસ્થાને વૈચારિક સંસ્થા તરીકેનો વિશેષ ઘાટ આપવાનો પ્રયત્ન ખૂબ જ આવકાર્ય બની રહ્યો છે. સમાજોપયોગી વિવિધ પ્રવૃત્તિઓથી પ્રકાશિત આ સંસ્થા આજની સલૂણી સંધ્યાએ ૫૫મું વર્ષ પૂર્ણ કરે છે. વીતેલા વર્ષની સંઘની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ.

વહીવટી અને આર્થિક દૃષ્ટિએ તા. ૧–૧–૧૯૮૩ થી તા. ૩૧–૧૨–૧૯૮૩ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨–૬–૧૯૮૩ના રોજ મળેલ ત્યારથી આજ સુધીનો, એટલે કે તા. ૫–૪–૧૯૮૪ સુધીનો છે.

સંઘના સભ્યો

સંઘના સભ્યોની સંખ્યા આજે નીચે મુજબ છે. પેટ્રન સભ્યો : ૧૨૮ (૧૨૭); આજીવન સભ્યો: ૧૪૯૦ (૧૪૩૮); સામાન્ય સભ્યો : ૧૬૦ (૨૦૦). 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો : ૧૦૧૦ (૧૦૫૦). કૌંસમાં આપેલા આંકડા આગલા વર્ષના છે.

'પ્રબુદ્ધ જીવન' અને તેની આર્થિક બાજુ

'પ્રબુદ્ધ જીવન' એક વૈચારિક પત્ર છે અને પ્રથમ હરોળનાં સામયિકોમાં એનું વિશિષ્ઠ સ્થાન છે. આ પત્રને ઉચ્ચસ્થાને સ્થાપિત કરવાનો અને વાચકોમાં ઊંચી રુચિ કેળવવાનો યશ આ પત્રના ભૂતપૂર્વ તંત્રી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના ફાળે જાય છે. સંઘના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના વર્તમાન તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહના કુશળ નેતૃત્વ નીચે આ સામયિક નિયમિત અને સરળતાથી ચાલી રહ્યું છે.

વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ને રૂા. ૩૪૦૦૫/૬૦ની આવક થઇ અને રૂા. ૮૬૬૧૮/૧૮ નો ખર્ચ થયો. એ રીતે આવક કરતાં ખર્ચનો વધારો રૂા. ૫૨૬૧૨/૫૮ નો થયો. આટલી મોટી ખોટનું કારણ–વહીવટી ખર્ચ વધ્યો, ભેટની રકમ જૂજ આવી અને ગ્રાહક-સંખ્યા પ્રમાણમાં ઘણી નાની કહેવાય. ગ્રાહકો વધારવાના તેમ જ વધારે ભેટ મેળવવાના પ્રયત્નો આવશ્યક ગણાય. વર્ષ દરમિયાન રૂા. ૧૫૨/૦૦ ભેટ મળ્યા, જે આગલા વર્ષમાં રૂા. ૫૩૫૪/૦૦ની હતી.

શ્રી મા. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૧૫૭૯૦–૩૫ નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ વર્ષ દરમિયાન રૂા. ૬૪૪૩૪–૩૭ નો ખર્ચ થયો અને આવક રૂા. ૪૭૬૧૫–૧૦ ની થઈ, જેમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઝોળીમાં મળેલ રૂા. ૧૮૦૪૫–૦૦ નો સમાવેશ થાય છે. ભેટ રૂા. ૯૫૩–૦૦ મળેલ છે. વર્ષ આખરે આવક કરતાં ખર્ચનો વધારો રૂા. ૩૧૫૧૯–૨૭ થયો. તેમાંથી બૃહદ મુંબઇ મહાનગરપાલિકા તરફથી મળેલ ગ્રાન્ટ રૂા. ૧૫૦૦૦–૦૦ બાદ જતાં એકંદર ખાધ રૂા. ૧૬૫૧૯–૨૭ ની રહી.

પુસ્તકાલયનું ફંડ રૂા. ૫૫૦૦–૦૦ છે. હાલ પુસ્તકાલયમાં આશરે ૧૩૦૦૦ પુસ્તકો છે. પુસ્તકો વાચવા માટે લેનાર પાસેથી ડીપોઝીટના રૂા. ૨૦–૦૦ અને વાર્ષિક લવાજમના રૂા. ૧૦–૦૦ લેવામાં આવે છે.

વાચનાલયમાં ૧૧ દૈનિકો, ૩૦ સાપ્તાહિકો, ૧૪ પાક્ષિક, ૪૧ માસિક અને ૯ વાર્ષિક સહિત ૧૦૫ સામયિકો આવે છે. ભાષાકીય દૃષ્ટિએ ૮૭ ગુજરાતી, ૯ હિન્દી, ૭ અંગ્રેજી અને ૨ મરાઠી દૈનિક-સામયિકો આવે છે.

બૃહદ મુંબઇ મહાનગરપાલિકા તરફથી આપણા વાચનાલયને ગ્રાન્ટ મળે એ માટે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને ઘાટકોપર વિભાગના મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રી હરિભાઇ ગુલાબચંદ શાહ સારી જહેમત ઉઠાવે છે. એ માટે એમનો અને બૃહદ મુંબઇ મહાનગરપાલિકાનો અમે આભાર માનીએ છીએ. લાયબ્રેરી સમિતિના સભ્યો અને મંત્રીશ્રીનો આ તકે અમે આભાર વ્યકત કરીએ છીએ.

શૂન્ય પાલનપુરી સાથે એક સાંજ

સંઘ તરફથી ગઝલપ્રેમીઓને ગમી જાય તેવો એક કાર્યક્રમ ખ્યાતનામ ગઝલકાર શૂન્ય પાલનપુરીનો 'શૂન્ય પાલનપુરી સાથે એક સાંજ' બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭ ખાતે શનિવાર, તા. ૨૦–'૮૩ના રાત્રીના ૮–૩૦ કલાકે રાખવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી શૈલેષ ઠાકારીએ પોતાની આગવી શૈલીથી કર્યું હતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

છેલ્લાં ૪૯ વર્ષથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા, આ વર્ષે તા. ૧૧–૯–'૮૩ થી તા. ૩–૯–'૮૩ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી પરના બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં યોજવામાં આવી હતી. વિશાળ જગ્યા અને પટાંગણ હોતાં શ્રોતાઓની ભીડને લક્ષમાં લેતાં આ જગ્યા પણ ટૂંકી પડે છે.

આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. આ વર્ષની વ્યાખ્યાનમાળાનો ખર્ચ રૂા. ૩૮૩૮૩–૮૦ થયો હતો. આ વખતે સભાગૃહની બહાર કૉલેજ સર્કીટ ટી. વી. નું નવે દિવસ આયોજન કરવામાં આવ્યું હતું. એ કારણે આ વર્ષે ખર્ચ વધારે થયો હતો.

વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને તેમના વ્યાખ્યાનના વિષયોની વિગતો આ પ્રમાણે છે :

વ્યાખ્યાતા	વિષય
શ્રી શશીકાંત મહેતા.....	સિદ્ધચક્રનું માહાત્મ્ય
પૂ. આચાર્યશ્રી સંભવસાગરજી.....	દશ લક્ષણ ધર્મ
પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ.....	આત્માથી આત્મા

શ્રી પુરુષોત્તમ મોવલંકર.....ઉત્તમતા માટેની ખોજ
શ્રી પિનાકીન શાહ તથા
કુ. બી. કમલેશકુમારી.....ભક્તિ સંગીત
ડૉ. શાંતા ભાનાવત.....ચરિત્ર નિર્માણમેં નારીકી ભૂમિકા
ડૉ. કુમારપાળ દેસાઇ.....સ્વયં જાગૃતિ
ડૉ. રઘુવીર ચૌધરી.....સંત-સાહિત્ય
ડૉ. નરેન્દ્ર ભાનાવત.....જિસ મરન સે જગ ડરે
મેરે મન આનન્દ
ડૉ. શેખરચંદ્ર જૈન.....મન બાન્ધો તન સાધો
શ્રીમતી મૃણાલિની દેસાઈ...જ્ઞાનદેવની જ્ઞાનોત્તર ભક્તિ
પૂ. ભટ્ટારક શ્રી ચારુકીર્તિજી.....દક્ષિણ ભારત મેં જૈનધર્મ
શ્રી અનવર આગેવાન.....પ્રેમ-દેહથી દેહાતીત
શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ.....વ્રજ કાવ્યોમાં પ્રેમભક્તિ
શ્રી કિરણભાઈ.....ધ્યાન વિચાર
શ્રી મોરારજી દેસાઇ.....અધ્યાત્મ બળ
ડૉ. રમણલાલ ચી. શાહ.....તાઓ અને જૈન ધર્મ
ડૉ. ગુણવંત શાહ.....શિક્ષણમાં લીલા દુકાળ
પૂ. મોરારીબાપુ.....પ્રેમમૂર્તિ ભરત

અત્રે એ વાતની ખાસ નોંધ લેવાની છે કે આ વ્યાખ્યાનમાળાએ ૪૯ મું વર્ષ પૂર્ણ કર્યું છે. વ્યાખ્યાનમાળાના પ્રારંભથી સતત ૪૮ વર્ષ સુધી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વ્યાખ્યાતા તરીકે પધાર્યા હતા. આ વર્ષે તેઓ સ્થૂળ દેહે વ્યાખ્યાનમાળામાં ન હતા પરંતુ સૂક્ષ્મ દેહે સૌએ તેમની ઉપસ્થિતિની જાણે અનુભૂતિ ન કરી હોય તેમ અનુભવ્યું. આગામી વ્યાખ્યાનમાળાનું વર્ષ પચાસમું છે. એ કારણે આ વ્યાખ્યાનમાળાનું આયોજન વધારે સમૃદ્ધ થાય અને શ્રોતાઓ પણ સંઘની બધી જ પ્રવૃત્તિઓને વધારે પુષ્ટ બનાવવાનો અત્યારથી જ સંકલ્પ કરે એવી પ્રાર્થના.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારકનિધિ

સંઘના એક વખતના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંઘને આપેલ માર્ગદર્શન અને નેતૃત્વ માટે એમની સ્મૃતિ કાયમ જળવાય એવાં કાર્યો હાથ ધરવા સંઘ તરફથી સ્મારકનિધિ સંચય કરવાનો નિર્ણય લેવાયો હતો. આ સ્મારકનિધિમાં અત્યાર સુધીમાં અમને રૂા. ૩,૬૭,૦૬૬-૦૦ મળ્યા છે. વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા હજુ વિશેષ નિધિની આવશ્યકતા રહે છે.

સંઘના ઉપક્રમે યોજાતી વસંત વ્યાખ્યાનમાળા સાથે ગત વર્ષથી સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહનું નામ જોડવામાં આવ્યું છે. સ્વ. ચીમનભાઇના મિત્રો અને પ્રસંશકો, જેમણે હજી સુધી તેમનો ફાળો ન મોકલ્યો હોય તેઓ ઋણ સ્વીકાર રૂપે પોતાનો યોગ્ય ફાળો મોકલીને આ નિધિને વધારે પુષ્ટ કરે એવી અપેક્ષા.

ગુજરાતી સાહિત્ય પરિષદના શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિરમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ માટે સંઘ તરફથી રૂા. ૧,૧૧,૧૧૧/- ગુજરાતી સાહિત્ય પરિષદને આપવાનો સંઘની કારોબારી સમિતિએ નિર્ણય કર્યો છે. શ્રી હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ સાથે સ્વ. ચીમનભાઇનું નામ યોગ્ય રીતે જોડવામાં આવશે. આ સ્વાધ્યાયપીઠમાં પ્રાચીન મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યનું સંશોધન-પરિશીલન, એનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ અને એનું પ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરાશે. ગુજરાતી સાહિત્ય પરિષદે સંઘની આ દરખાસ્તનો સ્વીકાર કર્યો છે. અને સંઘે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂા. ૧,૧૧,૧૧૧- મોકલી આપ્યા છે.

ઋણ-સ્વીકાર : સ્વ. ચીમનભાઇએ સંસ્થાના ઉત્કર્ષમાં જે ફાળો આપ્યો છે તેના ઋણ-સ્વીકારમાં થોડા અંશે પણ સંઘ પ્રવૃત્ત થઇ શક્યો છે તે માટે નીચેની વિગતે સંઘ ગૌરવ લઇ શકે તેમ છે.

(૧) રૂા. ૧,૧૧,૧૧૧-ગુજરાતી સાહિત્ય પરિષદને આપ્યા.

(૨) ૧૫ વર્ષથી ચાલતી વસંત વ્યાખ્યાનમાળા સાથે તેમનું નામ જોડવામાં આવ્યું છે.

(૩) તેમના લેખોનું એક પુસ્તક 'સમય ચિંતન' પ્રગટ કરવામાં આવ્યું છે. આગામી વર્ષોમાં પણ તેમના લેખોનાં અન્ય પુસ્તકો પ્રગટ કરવાની યોજના વિચારવામાં આવી છે.

શ્રી દીપચંદભાઇ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટ

આ ટ્રસ્ટમાં વર્ષની શરૂઆતમાં રૂા. ૪૭૮૧૦-૨૮ ની પૂરાંત હતી. વર્ષ દરમિયાન વ્યાજના રૂા. ૬૨૦૮-૦૦ ઉમેરતાં વર્ષ આખરે રૂા. ૫૪૦૧૮-૨૮ બાકી રહેવા પામે છે.

વિદ્યાસત્ર

સંઘ સંચાલિત અને સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનું તા. ૪, ૫ અને ૬ જાન્યુઆરી ૧૯૮૪ દરમ્યાન ઇન્ડિયન મરચન્ટ્સના સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી. શાહના અધ્યક્ષપદે આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાતા તરીકે ડૉ. સુરેશ દલાલ પધાર્યા હતા. એમનો વિષય હતો: 'આરવાદ, કેટલાંક કાવ્યોનો'. ત્રણ દિવસનાં પ્રવચનોમાં ઉપરોક્ત વિષય પર કવિ અને વિવેચક શ્રી સુરેશ દલાલે કવિ ઓડેન, બાલમુકુન્દ દવે, રમેશ પારેખ, રવીન્દ્રનાથ ટાગોર, અમૃતા પ્રીતમ, મંગેશ પાડગાંવકર વગેરે કવિઓની કૃતિઓનો આસ્વાદ કરાવતાં તે પર મનનીય પ્રવચનો આપ્યાં હતાં. વ્યાખ્યાતા અને અધ્યક્ષશ્રીના અમે આભારી છીએ. દાતા શ્રી જેરામભાઇ મંગળજી મહેતા તરફથી પ્રતિ વર્ષ મળતા સહકાર માટે અમે એમના આભારી છીએ.

અભ્યાસ વર્તુળ

સંઘની આ પ્રવૃત્તિ શ્રી સુબોધભાઇ એમ. શાહની રાહબરી હેઠળ સારી રીતે ચાલી રહી છે. વર્ષ દરમિયાન અભ્યાસ વર્તુળના ઉપક્રમે નીચે પ્રમાણે વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ગણપતભાઇ મ. ઝવેરીનો 'મારી યુરોપયાત્રા' એ વિષય પરનો વાર્તાલાપ તા. ૨૩-૭-૧૯૮૩ ના રોજ યોજવામાં આવેલ હતો.

શ્રીમતી ગીતાબેન શાહનું 'દામ્પત્ય જીવનની ગઇ કાલ, આજ અને આવતી કાલ' એ વિષય પરનું પ્રવચન બુધવાર, તા. ૨૪-૮-૮૩ ના રોજ પરમાનંદ કાપડીઆ સભાગૃહમાં સાંજના ૬-૧૫ કલાકે રાખવામાં આવ્યું હતું.

શ્રી લીલાધરભાઇ ગડાનું 'નેત્રયજ્ઞની મર્યાદાઓ અને વિશેષતાઓ' એ વિષય ઉપર વ્યાખ્યાન સોમવાર તા. ૩૦-૧-૮૪ના સાંજના ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડીઆ સભાગૃહમાં યોજવામાં આવ્યું હતું.

અભ્યાસ વર્તુળના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહ અને વ્યાખ્યાતાઓનો અમે આભાર માનીએ છીએ.

પરમાનંદ કાપડીઆ સભાગૃહ

સંઘના નિયમ પ્રમાણે સભાગૃહ ભાડેથી આપવામાં આવે છે. સભાગૃહનું ભાડું રૂા. ૫૬-૦૦ લેવામાં આવતું હતું. એપ્રિલ-'૮૩ થી સભાગૃહનું ભાડું રૂા. ૧૦૭-૦૦ લેવાનું ઠરાવવામાં આવ્યું છે. સગપણ માટે ભાડે આપવું નહિ એવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ષ દરમિયાન સભાગૃહના ભાડાની આવક રૂા. ૩૪૮૬-૦૦ થઇ, જેમાંથી ખર્ચના રૂા. ૫૦૭-૦૦ બાદ કરતાં રૂા. ૨૯૮૨-૦૦ ચોખ્ખી આવક થઇ છે.

પત્રકારત્વ વિષે પરિસંવાદ

પરમાનંદ કાપડીઆ સ્મારકનિધિના આર્થિક સહયોગથી સંઘના ઉપક્રમે શુક્રવાર, શનિવાર અને રવિવાર- તા. ૩૦ સપ્ટેમ્બર, તા. ૧ અને તા. ૨ ઓકટોબર ૧૯૮૩ના રોજ ભારતીય વિદ્યા ભવનના ગીતા હોલમાં પત્રકારત્વ વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ નીચે મુજબ હતો:

શુક્રવાર, તા. ૩૦-૯-૧૯૮૩; સમય સાંજના ૬-૧૫

ઉદ્‌ઘાટક 'ઇન્ડિયન એક્સપ્રેસ'ના તંત્રીશ્રી હિરણ્ય કાલેંકર

વક્તાઓ: શ્રી એમ. વી. કામઠ, શ્રી ડી. વી. ગોખલે, શ્રી જેહાન દારૂવાલા, શ્રી હરીન્દ્ર દવે, શ્રી જયંતિ શુકલ, શ્રી કિશોર ભટ્ટ.

પ્રથમ બેઠક

શનિવાર, તા. ૧-૧૦-૧૯૮૩, સમય: સવારના ૯-૦૦

પ્રમુખ : શ્રી વાસુદેવ મહેતા; વિષય: પત્રકારત્વ-સામાજિક પ્રતિબદ્ધતા અને મૂલ્યો; વક્તાઓ: શ્રી વાસુદેવ મહેતા, શ્રી જયંત પંડ્યા (તંત્રી: 'નિરીક્ષક')

શ્રી યશવંત દોશી (તંત્રી: 'ગ્રંથ') 'જન્મભૂમિ'ના દિલ્હી ખાતેના સંવાદદાતા શ્રી કુંદન વ્યાસ, મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘના પ્રમુખ શ્રી સુધીર માંકડ અને 'સંદેશ'ના દિલ્હી ખાતેના સંવાદદાતા શ્રી વિજય સંઘવી.

દ્વિતીય બેઠક સમય : બપોરના ૩-૦૦

વિષય : પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ : આઝાદી પહેલાંનું અને પછીનું.

પ્રમુખ : શ્રી ભગવતીકુમાર શર્મા (ઉપતંત્રી : 'ગુજરાતમિત્ર')

વક્તાઓ: શ્રી ભગવતીકુમાર શર્મા, ડૉ. કુમારપાળ દેસાઇ, શ્રી વિષ્ણુ પંડ્યા, શ્રી હરકિસન મહેતા, શ્રી રમેશ બાદવ, શ્રીમતી સોનલ શુકલ.

તૃતીય બેઠક

રવિવાર તા. ૨-૧૦-૧૯૮૩; સમય : સવારના ૯-૦૦

પ્રમુખ : શ્રી હરીન્દ્ર દવે

વક્તાઓ : શ્રી હરીન્દ્ર દવે, શ્રી ક્રિરિટ ભટ્ટ, શ્રી પ્રકાશ શાહ, શ્રી વિજય સંઘવી, શ્રી ભાનુ સંઘવી, શ્રી દિગંત ઓઝા.

ત્રણે દિવસના પરિસંવાદનું પ્રમુખસ્થાન સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે લીધું હતું.

ઉપરોકત આયોજનનો યશ શ્રી અમર જરીવાલા, ડૉ. ધનવંત શાહ તથા શ્રી પન્નાલાલ ૨. શાહના ફાળે જાય છે. આવું સુંદર આયોજન કરવા માટે તેઓ આપણા અભિનંદનના અધિકારી બને છે.

'પ્રેમળ જ્યોતિ'

સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી શ્રી મહાસુખભાઇ પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિના સંયોજકો તરીકે શ્રીમતી નીરુબેન સુબોધભાઇ શાહ અને શ્રીમતી કમલબેન પીસપાટી તેમ જ અન્ય બહેનો ખૂબ જ સારી રીતે કામગીરી બજાવી રહ્યાં છે. આ પ્રવૃત્તિનો વ્યાપ ઉત્તરોતર વધે એ રીતે સૌનો સાથ અને સહકાર મળી રહ્યો છે, એનો અમને આનંદ છે.

'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિ ખાતામાં વર્ષની શરૂઆતમાં એટલે કે તા. ૧-૧-૧૯૮૩ ના રોજ રૂા. ૩૫૬૧-૨૧ જમા હતા. વર્ષ દરમિયાન રૂા. ૨૪૪૬૪-૦૦ આ પ્રવૃત્તિ માટે જુદા જુદા ઉદારચરિત મહાનુભાવો તરફથી ભેટ રૂપે મળ્યા અને વર્ષ દરમિયાન રૂા. ૧,૦૦,૪૭૧-૧૬ ની સહાય કરવામાં આવી. તા. ૩૧-૧૨-૧૯૮૩ ના રોજ આ ખાતામાં રૂા. ૩૫૬૧-૨૧ જમા બાકી રહે છે. આ માનવતાની પ્રવૃત્તિમાં દાતાઓ ઉદાર બનીને પોતાનો ફાળો મોકલતા રહે એવી વિનંતિ છે.

વર્ષ દરમિયાન 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે નીચે મુજબના કાર્યક્રમો યોજાયા હતા:

* તા. ૨૬-૬-૮૩ ના નેબકાકા પાટીલ સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ, અંધેરીને સીવવાનાં બે ઇલેકટ્રીક મશીનો અને લોકસ વાળા બે કપબોર્ડઝ સંઘ તરફથી અર્પણ કરવાનો સમારોહ યોજાયો હતો.

* તા. ૨૧-૮-૮૩ના રોજ કવીની કેપ્ટન ઓડિટોરીયમ, વરલી ખાતે દશ પ્રજ્ઞાચક્ષુ ભાઇ-બહેનોને સીવણ મશીનો અર્પણ કરવાનો એક કાર્યક્રમ યોજાયો હતો.

* તા. ૨૮-૧૦-૮૩ના રોજ ટેલિફોન બૂથ અર્પણ કરવાના એક સમારોહમાં, પાલિતાણાના વતની શ્રી પ્રવીણભાઇ સંઘવીનો પગ ટ્રેન અકસ્માતમાં કપાઇ જતાં તેને જયપુર મોકલી આર્ટિફિશિયલ પગ કરાવી આપી તેના જીવનનિર્વાહ માટે મુંબઇમાં ઓરપ્લેનેડ કોર્ટ (બોરીબંદર)ના પટાંગણમાં એક ટેલિફોન બૂથ કરાવી આપ્યું તેનો સમારોહ યોજાયો હતો.

* તા. ૨૨-૧-૮૪ના રોજ સાંતાકુઝ પશ્ચિમમાં ખીરાનગર પાસે આવેલા પેટ્રોલ પમ્પના પ્રાંગણમાં શ્રી ગુલામ કાદરખાનને ટેલિફોન બુથ અર્પણ કરવાનો એક સમારોહ યોજાયો હતો.

* તા. ૨૬-૧-૮૪ના રોજ ૨૩ પ્રજ્ઞાચક્ષુઓને પગભર કરવાના હેતુથી સીવવાનાં મશીનો અર્પણ કરવાનો એક સમારોહ વરલી સ્થિત કવીની કેપ્ટન સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો.

અસ્થિ સારવાર કેન્દ્ર

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે રલીપ ડીસક, મણકાની તકલીફ, ઘુંટણનો સોજો, પગની એડી અને કોણીનો દુખાવો, ખભાનું જામ થઇ જવું કે વારંવાર ઊતરી જવું, બોન ટી. બી., શરૂઆતનો પોલિયો, સ્પોન્ડીલેસીસ આદિ રોગો માટેનું મફત અસ્થિ સારવાર કેન્દ્ર સંઘના કાર્યાલયમાં રવિવાર તા. ૩૧-૭-૧૯૮૩ થી શરૂ કરવામાં આવ્યું છે. વિખ્યાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાળા દર રવિવારે સવારના ૯ થી બપોરના ૧ સુધી માનાર્હ સેવા આપી રહ્યા છે. તેમનો આભાર માનીએ છીએ. સારી સંખ્યામાં લોકો તેનો લાભ લઇ રહ્યા છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ અને સમિતિના સભ્યોના પણ અમો આભારી છીએ.

એકયુપ્રેસરના વર્ગો :

'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે એકયુપ્રેસરથી શારીરિક રોગોની સારવાર આપવા માટે તાલીમ વર્ગો ગત વર્ષથી શરૂ કરવામાં આવ્યા છે. તેમાં સારી એવી સંખ્યામાં રસ ધરાવતા ભાઈઓ તથા બહેનો જોડાઈ રહ્યાં છે.

આ પ્રવૃત્તિના મુખ્ય સંચાલક શ્રી ચીમનભાઈ દવે સતત દોઢ વર્ષથી માનાર્હ સેવા આપી રહ્યા છે તે બદલ તેમને અભિનંદન આપતાં આનંદ થાય છે. એકયુપ્રેસરના આજે મુંબઈમાં ૧૫, કચ્છમાં ૧૫, સુરતમાં ૧ અને લંડનમાં ૨ કેન્દ્રો ચાલી રહ્યાં છે

'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિનો વ્યાપ વધી રહ્યો છે અને આરોગ્ય, કેળવણી અને માનવસેવાના ક્ષેત્રે ઉત્તરોતર વધુ ને વધુ રકમની આર્થિક સહાય, 'પ્રેમળ જ્યોતિ'ની બહેનોની જાત દેખરેખ અને અંગત મુલાકાતના આધારે આપવામાં આવે છે. આ માટે ઉદારચરિત મહાનુભાવોનું અર્થસિંચન કરવા તરફ અમે ધ્યાન દોરવાની રજા લઈએ છીએ.

તા. ૧-૧-૧૯૮૩ થી આજ સુધીમાં એટલે કે તા. ૩૧-૧૨-૧૯૮૩ સુધીમાં 'પ્રેમળ જ્યોતિ' માટે રૂા. ૨૪૪૬૪/-ની ભેટ મળી છે જ્યારે આ પ્રવૃત્તિ માટે રૂા. ૧,૦૦,૩૭૧/૧૬ની સહાય આપવામાં આવી છે.

વર્ષ દરમિયાન અંકિત હેતુઓ માટે કે 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિ અંગે મળેલા સહકાર માટે અમે દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવૃત્તિનાં સંયોજકો શ્રીમતી નીરુબેન સુબોધભાઈ શાહ અને શ્રીમતી કમલબેન પીસપાટીની જાગૃત કામગીરી માટે અમે એમને ધન્યવાદ આપીએ છીએ.

શ્રી કે. પી. શાહનું અભિવાદન

ચોપાટી પરની મરચન્ટ ક્લબની અગાશીમાં સોમવાર તા. ૫-૩-૮૪ના રોજ સાંજના સંઘના મંત્રી શ્રી કે. પી. શાહનું, તેમણે એક દાયકા દરમિયાન અપેક્ષ સેવા બદલ અભિવાદન કરવાનો એક સમારોહ એમના મિત્રો અને શુભેચ્છકો તરફથી યોજવામાં આવ્યો હતો.

શ્રી કે. પી. શાહે છેલ્લા એક દાયકામાં સંઘની વિવિધ પ્રવૃત્તિઓને વેગ આપવાની સાથે સંઘના વધુને વધુ પેટ્રન અને આજીવન સભ્ય બનાવીને સંઘની આર્થિક બાજુને બળ આપ્યું હતું તેની આ સમારોહમાં ગૌરવભરી નોંધ જુદા જુદા વક્તાઓએ લીધી હતી. વક્તાઓમાં શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી હરીન્દ્રભાઈ દવે, શ્રી સુબોધભાઈ એમ. શાહ, શ્રી સી. એન. સંઘવી, શ્રી ગિજુભાઈ યુ. મહેતા, શ્રી એચ. પી. શાહ મુખ્ય હતા. પ્રારંભમાં શ્રી ભરતભાઈ પાઠક અને શ્રી કોકિલાબેન વકાણીએ મધુર ગીતો રજુ કર્યાં હતાં. શ્રી કે. પી. શાહનું શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું.

'સમય ચિંતન' ગ્રંથનો પ્રકાશન સમારોહ

સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ લેખોનું પુસ્તક 'સમય ચિંતન'નો પ્રકાશન સમારોહ ડો. ઉષાબેન મહેતાના પ્રમુખસ્થાને તથા શ્રી વસનજી લખમશી શાહના અતિથિ વિશેષપદે શુક્રવાર તા. ૯-૧૧-૮૩ના રોજ સાંજના ૬/૧૫ કલાકે યોજાયો હતો. વ્યાખ્યાતાઓ તરીકે શ્રી રામુ પંડિત, શ્રી કેશવલાલ એમ. શાહ, શ્રી વાડીલાલ ડગલી, શ્રી હરીન્દ્ર દવે અને ડો. રમણલાલ ચી. શાહ પધાર્યા હતા. હતા. પ્રારંભમાં શ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપ્યો હતો અને સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભાર-દર્શન કર્યું હતું. આ પુસ્તકનું સંપાદન ડો. રમણલાલ ચી. શાહ, શ્રી ગુલાબ દેઢિયા અને શ્રી પન્નાલાલ ૨. શાહે કર્યું હતું. એમના અમે આભારી છીએ.

નવી પ્રવૃત્તિઓ

● સંઘના સભ્યોનું સ્નેહ-સંમેલન

સંઘના પેટ્રન સભ્યો, આજીવન સભ્યો તેમ જ સામાન્ય સભ્યોનું એક સ્નેહ-સંમેલન શનિવાર તા. ૨૧-૪-'૮૪ના બિરલા ક્રીડા કેન્દ્ર (ચોપાટી)માં યોજવામાં આવ્યું હતું.

આ સ્નેહ-સંમેલનના સંયોજક શ્રી જયંતિલાલ પી. શાહ હતા અને યજમાન હતા મે. સેવતીલાલ કાંતિલાલની કું. શ્રી જયંતિભાઈ આ યજમાન કંપનીના ભાગીદાર અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય પણ છે.

કાર્યક્રમનો પ્રારંભ એસ. કે. ગ્રુપની બહેનો અને બાલ કલાકારોનાં ગીત-સંગીત, રાસ-ગરબા, ભાંગડા નૃત્યથી થયો. શ્રીમતી પ્રફુલ્લાબેને 'ચતુરનાર અલબેલી' ગીત દ્વારા સૌને પ્રભાવિત કર્યાં હતાં. તો બાળ જાદુગર કુ. મયુરીએ જાદુના પ્રયોગોથી સૌનાં મન જીતી લીધાં હતાં.

સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે સ્નેહ-સંમેલનની ભૂમિકા સમજાવી હતી. પ્રમુખશ્રી ડો. રમણભાઈ શાહે સંઘની સ્થાપનામાં પાયાનું કામ કરનાર તેમ જ વિકાસમાં યોગ્ય દોરવણી આપનાર દિવંગત પ્રમુખશ્રીઓનું સ્મરણ કરી સંઘની કાર્યપદ્ધતિ અને પ્રવૃત્તિની ઝાંખી કરાવી હતી.

સ્નેહ-સંમેલનના સંયોજક અને યજમાન શ્રી જયંતિભાઈનું ચંદનના હારથી અભિવાદન કરવામાં આવ્યું, જેનો સંકોચસહ સ્વીકાર કરતા તેમણે નમ્રતાપૂર્વક જણાવ્યું હતું કે હું તો ધરની વ્યકિત છું. મારું સન્માન ન હોય.

રંગબેરંગી રોશની વચ્ચે અલ્પાહારને ન્યાય આપી પ્રસન્નાચિત્તે સ્મરણો વાગોળતાં સૌ વિખરાયા હતા.

આદિવાસી વિસ્તારની મુલાકાત અને ગ્રામવિકાસની પ્રવૃત્તિ

સંઘની કારોબારી સમિતિના નિમંત્રિત સભ્ય અને ચંદેરિયા ઉદ્યોગ ગૃહના સંચાલક શ્રી કપૂરભાઈ ચંદેરિયાના Anarde Foundation દ્વારા ચાલતી ગ્રામ્યવિકાસની પ્રવૃત્તિને નિહાળવા સંઘના સભ્યોને (સપત્ની) નિમંત્રણ આપવામાં આવ્યું હતું. રવિવાર તા. ૨૬-૨-૮૪ના રોજ એક બસ દ્વારા સારી એવી સંખ્યામાં સંઘના સભ્યો વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના મોહના કાવચોળી ગ્રામમાં પહોંચ્યાં હતાં. ધરમપુરથી આ વિસ્તારમાં આવવા માટે પાકી સડક તો ઠીક, કાંચી સડક પણ નામની હોવાથી એક ખટારામાં ગાદલાં પાથરીને સભ્યો આ વિસ્તારમાં પહોંચ્યાં હતાં.

અહીંના આદિવાસી વિસ્તારમાં શ્રી કપૂરભાઈ ચંદેરિયા અને તેમના સાથી મિત્રોની જહેમતથી શૈક્ષણિક પ્રવૃત્તિ તેમ જ ગ્રામવિકાસના કાર્યો સફળતાપૂર્વક ચાલી રહ્યાં છે.
સંઘ કારોબારીનાં સભ્યોને ગ્રામવિકાસની આ પ્રવૃત્તિઓ નિહાળતાં ખૂબ જ આનંદ વ્યકત કર્યો હતો.

શ્રી કપૂરભાઇ ચંદેરિયા જીવંત વ્યક્તિ કોને કહેવાય એનું ઉદાહરણ છે. તેઓએ આદરેલી આ ગ્રામવિકાસની પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થવા સંઘ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/– હાલ તુરત આપવાનું ઠરાવવામાં આવ્યું અને ઓછામાં ઓછા રૂા. ૨,૦૦,૦૦૦/– પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ તરફથી આપવાની ભાવના વ્યકત કરવામાં આવી.

આ આદિવાસી વિસ્તારની મુલાકાતનું સંપૂર્ણ આયોજન Anarde Foundation તરફથી શ્રી કપૂરભાઇ ચંદેરિયા, શ્રી ભૂપતભાઇ ત્રિવેદી અને શ્રી બિપિનભાઈ સંઘાણીએ કર્યું હતું. ભોજન–વ્યવસ્થા ધરમપુર ખાતે અને મોહના કાવચોળી ગામમાં સભા, આદિવાસી લોકનૃત્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમ તેમ જ સાંજના ભોજનની વ્યવસ્થા આદિમાં શ્રી રામજીભાઇ, શ્રી નાનુભાઇ અને શ્રી જયરામભાઇ પટેલે કરેલી વ્યવસ્થાથી આ મુલાકાત આનંદદાયી અને યાદગાર બની રહી હતી.

નેત્રયજ્ઞ

સંસ્થા તરફથી જુદી જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તદનુસાર દેશના આંતરિક ભાગ–ગામડાંઓમાં નેત્રયજ્ઞ યોજવાનું સૂચન થયું. તે અંગે વિચારણા કરતા કારોબારી સમિતિએ આ પ્રવૃત્તિ હાથ ધરવાનું નક્કી કર્યું છે. આ માટે ચંદેરિયા ઉદ્યોગગૃહના અને ચંદેરિયા ચેરિટેબલ ફાઉન્ડેશનના શ્રી કપૂરભાઇ ચંદેરિયાએ હવે પછી યોજનાર નેત્રયજ્ઞોમાં ૫૦૦ ઓપરેશનો માટે રૂા. ૨૦,૦૦૦– આપવાની કારોબારી સમિતિમાં જાહેર કરી હતી. અને એ રકમનો સંઘે સહર્ષ–સાભાર સ્વીકાર કર્યો છે. શ્રી કપૂરભાઇ કારોબારી સમિતિના નિમંત્રિત સભ્ય છે. એમના સહયોગ માટે અમે તેઓના આભારી છીએ.

સભ્યો–ગ્રાહકો વધારવાની ઝુંબેશ

પેટ્રન સભ્યો, આજીવન સભ્યો, સામાન્ય સભ્યો તેમ જ 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો વધારવાની ઝુંબેશ આ વર્ષ–૧૯૮૪માં શરૂ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ વર્ષમાં ૭૨ પેટ્રનો, ૫૧૦ આજીવન સભ્યો, ૮૧૦ સામાન્ય સભ્યો, તેમ જ ૬૦૦ ગ્રાહકો વધારવા એવો સંકલ્પ છે. સંઘના દરેક સભ્યો સક્રિય બનીને આ બાબતમાં સહકાર આપે એવું નમ્ર નિવેદન છે.

સંઘની કાર્યવાહી :

વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની ૧૦ સભાઓ મળી હતી. વર્ષ દરમિયાન રૂા. ૧,૮૩,૪૬૮–૧૧ની આવક થઇ અને રૂા. ૧,૨૬,૬૮૬–૪૫ ખર્ચ થયો. વર્ષ દરમિયાન રૂા. ૨૬૫૦૮/નું નવું રોકાણ ચેરીટી કમીશ્નરની પરવાનગીથી, સરકારી કંપનીઓમાં ડ્રિકરડ ડીપોઝીટમાં ૧૪ ૧/૨%ના દરથી કરવામાં આવ્યું. સંઘના ખર્ચ કરતાં આવક વધારાના રૂા. ૫૬,૭૭૮–૬૬માંથી 'પ્રબુદ્ધ જીવન'ના આવક કરતાં થયેલા વધારે ખર્ચના રૂા. ૫૨૬૧૨–૫૮ બાદ કરતાં રૂા. ૪૧૬૬–૦૮નો વધારો જનરલ ફંડ ખાતે લઇ ગયા.

રિઝર્વ ફંડ ખાતે વર્ષના પ્રારંભમાં રૂા. ૬,૦૮,૭૬૦–૧૮ જમા હતા. તેમાં વર્ષ દરમિયાન આજીવન સભ્યોના લવાજમના રૂા. ૧૮,૬૫૪–૦૦ તથા પેટ્રનના રૂા. ૧૦,૦૦૧ ઉમેરતાં વર્ષ આખર રૂા. ૬,૩૭,૭૩૫–૧૮ જમા રહે છે.

વર્ષ દરમિયાન સંઘને રૂા. ૧૫,૬૫૫–૦૦ અને પર્યુષણ વ્યાખ્યાનમાળાને રૂા. ૨,૨૫૨–૦૦, વ્યાખ્યાનમાળાનો ખર્ચ બાદ જતાં (નેટ), ભેટ મળ્યા. આ રીતે વર્ષ દરમિયાન કુલ ભેટ રૂા. ૧૭,૬૦૭–૦૦ મળ્યા છે.

કાર્યવાહક સમિતિના દરેક સભ્યોનો પ્રેમાળ સહકાર મળતો રહ્યો છે. સભ્યો પણ વિશેષ સક્રિય થયા છે. સંઘના વર્તમાન પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે 'પ્રબુદ્ધ જીવન'નું તંત્રીપદ કુશળતાપૂર્વક સંભાળી આ વિચારપત્રની વિકાસયાત્રા વધુ ગતીશીલ બનાવી છે તે માટે આનંદસહ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. સૌના સહકારથી સંઘની વિવિધ પ્રવૃત્તિઓ વિકસી રહી છે. અને હજુ વધુ વિકાસ થશે તેવાં આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે.

વિચારક તીર્થ–શ્રમણ મહાવીર

❖ મુનિશ્રી વાત્સલ્યદીપ

સજ્જન સજ્જન રહે તેમાં જ તેની શોભા છે. મેઘ વાદળ ભરી લે અને પછી વરસી જાય તેમાં જ તેની કીમત છે.

વિકાસનાં તંતુ મેળવીને યશવંત-જીવનનું વસ્ત્ર વણી લે તેમાં જ મનુષ્યની મહત્તા છે.

અનંત વિકાસના વસ્ત્રને વણી લેવા શ્રમણ ભગવાન મહાવીર મહાભિનિષ્ક્રમણના માર્ગે નીકળ્યા ત્યારે એમની આંખમાં નિશ્ચયની જ્યોતિ ઝળકતી હતી: 'હવે અજન્મા બનીને રહીશ. મૃત્યુ એવું મેળવીશ કે એની ગેબમાંથી પુનઃ જન્મ પ્રકટ ન થાય !'

એ ચાલી નીકળ્યા. હરકદમ વિરાટ સિદ્ધિની દિશામાં મંડાતું રહ્યું. ઉપસર્ગની ભઠ્ઠીમાં કર્મને બાળી નાખ્યું. મનને નિર્દ્વંદ્વ બનાવી દીધું. આંતરિક સ્થૈર્ય વિના કોની સાધના સફળ થાય છે? માર્ગ નિશ્ચિત હતો–મોક્ષનો, લક્ષ્ય સ્થિર હતું–સિદ્ધિનું. આપત્તિ એમને મન આનંદપ્રદ હતી. ગોશાલક નામનો મનુષ્ય કે શૂલપાણી નામનો દેવ, ગમે તે ઉપદ્રવ કરે, પગમાં સગડી જલાવે કે એ સાધકમુનિ સામે અટ્ટહાસ્ય કરે તોય મહાવીર–વર્ધમાન મંદમંદ આનંદહાસ્ય કરતા ઊભા રહે. ન ઉલઝન, ન ઉપહાસ, સર્વ પ્રત્યે સમભાવ, નિતાંત સમતા.

સમતાના આ તત્ત્વે મુમુક્ષુ વર્ધમાનને મુકત અર્થમાં મહાવીર બનાવી દીધા. એ મહાવીરત્વ પછી સતત વિકસતું રહ્યું. સમગ્ર વિશ્વને સમજવાની, નિહાળવાની જ્ઞાનસંપદા–કેવળજ્ઞાન મેળવ્યા પછી એમના ઉપદેશનો ધ્વનિ સમતાના વિશિષ્ટ અર્થને વિસ્તારવાનો અને સમજાવવાનો બની રહ્યો.

માનવચિત્ત અટપટું અને અગાધ છે. સરોવરના જલતરંગની જેમ, ચિત્તના સરોવરમાં પણ અનેક વર્તુળો પેદા થયા કરે છે: ક્રોધનાં, માનનાં, માયાનાં, લોભનાં! ચિત્તને મેઘધનુષની રમણીય ઉપમા આપી શકાય–એ ક્ષણમાં જન્મે, ક્ષણમાં વિલાય !

કોઇ મુસાફર રણમાંથી પસાર થતો હશે અને એણે આકાશમાં સાત રંગોની રંગોળી રચાની જોઇ: એને થયું કે

આ રંગમેળો પોતાની અત્યંત નજીક છે. એ દોડ્યો, ઝડપી લેવાનું મન થયું એને. પરંતુ ખૂબ દોડ્યા પછી પણ, પેલો મેઘધનુષી રંગોનો મેળો એટલો જ દૂર હતો-જેટલો પહેલાં હતો.

સાધક મહાવીર માનવચિત્તને ઊંડાણથી જોતા. માનવ-ચિત્તમાં જે કલ્પનાઓ ઉદ્ભવે છે તે આવી મેઘધનુષી નથી હોતી? પ્રત્યેક મનુષ્યને થાય છે કે સુખ તો આ રહ્યું! એ એ ઝડપવા દોડે છે પણ જ્યારે ઊભો રહીને જુએ છે ત્યારે એ સુખ એટલું જ આઘે હોય છે, જેટલું પહેલાં હતું! એને સતત લાગ્યા કરે છે કે સુખની ચરમસીમા તો પોતા-નાથી એક ડગલું જ દૂર છે! પરંતુ એ અસ્પર્શ રહે છે અને વચ્ચેના થોડાક જ અંતરની અગનઝાળ એને બાળી નાખે છે!

એ ચોટ છે. ક્રૂરમી ચોટ. મનુષ્યચિત્તની એ ક્ષણની પીડા અસહ્ય બની જાય છે.

શ્રમણ મહાવીરે આની સામે એક વિચારનું તીર્થ ખડું આપ્યું છે. એમણે કહ્યું કે આ મૃગજળ છે, માયાનું મૃગ-જળ! ભલા, દુનિયામાં કોઇએ ઝાંઝવાનાં જળ પીધાં જાણ્યાં છે? સુખ મેળવવાનો પ્રયત્ન શરૂ કર્યો અને દુઃખના મારણ માટે મથ્યો ત્યારે એ વિસરી ગયો કે આ બંને તો એની પાસે જ છે, અખૂટ અને અનંત!

માનવી એમાં સુખ માનતો રહ્યો, જેમાં મનની પૂર્તિ થતી હતી, જેમાં મન અપૂર્ણ રહ્યું તેને દુઃખ માન્યું, પરંતુ જ્યાં અપૂર્ણતા હતી ત્યાં જ માનવી પૂર્ણપણું માની લે તો દુઃખ ક્યાં છે?

અને, એ જ સુખ નથી?

આ સિદ્ધાંત છે. માટે મન અપૂર્ણ આપત્તિકારક છે. ભગવાન મહાવીર પૂર્ણ બનવાનું કહે છે. 'જ્ઞાનસાર'માં ઉપા. શ્રી યશોવિજયજી આત્માને પૂર્ણ બનાવવાની વાત કરે છે. હા, તે પહેલાં સાવ ખાલી થવાનું એમણે કહ્યું છે. એ ખાલીપો, લાલસાના અભાવનો જોઇએ.

કેમ કે, આ તમામ દુઃખદ અંજામ, સમતા અને સંતુષ્ટિના અભાવનો છે. મનના આકાશમાં સમતાનું-સંતોષનું સુરેખ અંકન થઈ જાય તો તરંગને સામે કિનારે નિર્ધન અવસ્થાના તીર્થમાં પ્રવેશી જવાય. સંગમદેવે કરેલા ઘોર ઉપદ્રવ પછી થાકીને એ પાછો વળ્યો ત્યારે કરુણાવંત મહાવીરનાં નેત્રોમાં આંસુનું બુંદ ઝબકયું. રે! આ મને સ્પર્શ્યા પછી પણ કલ્યાણ ન પામ્યો! સમતાનો એ કેવો વિશિષ્ટ વિકાસ હશે! સતી ચંદનબાળાના હસ્તે પાટણમાં અડદ મળ્યાં ત્યારે એ નિર્મમપણે સ્વીકાર્યા: સંતોષની તીવ્ર માત્રા હતી એ.

ક્રોધ, માન, માયા અને લોભ એ અસહિષ્ણુતા અને અતૃપ્તિનાં ફરજંદ હોય છે. એનો તીવ્ર આવેશ પાગલ બનાવી મૂકે. માનવી આ ચાર કષાય-દુર્ગુણોનો ભોગ બને તો તેનો અંત શો હાઇ શકે તેની વાત ભગવાન મહાવીર આમ કરે છે:

'ક્રોધ પ્રીતિનો નાશ કરાવે, માન વિનયનો, માયા મિત્ર-વૃંદનો અને લોભથી સર્વનાશ થાય.' (દશવૈકાલિક સૂત્ર)

આ બધામાં ઉત્થાનની ભૂમિકા રચવી હોય તો સમતાને જ સદ્ય ફળદ્રુપ બીજ બનાવવું પડે. ભગવાન મહાવીરે કહ્યું છે: સમત્તદંસી ન કરેઇ પાવં-સમતાશીલ પાપના માર્ગે નથી જતો. એ દુર્ગુણને અધીન નથી બનતો.

પણ, સમતા એટલે શું? સહનશીલતા? માત્ર આટલો અર્થ કરી તો તીર્થંકર મહાવીરને અન્યાય થઈ જાય. સમતા એટલે શાંતિ, સમતા એટલે આનંદ, સમતા એટલે સુખ. જે મળે તેનું સુખ, ન મળે તેનું પણ. જો આમ સમતા સિદ્ધ બને, અધિકારની વૃત્તિ અને આ મારું જ છે તેવી મનોદશાનો અંત આવે તો એ સમતા છે.

અને એ જ છે ધર્મ.

ભારતપ્રવાસી રોનાલ્ડ સેગન કહેતા કે ભારતમાં ધર્મ ભૂલો પડ્યો છે. ભગવાન મહાવીરને મન મનુષ્ય, આ પોતાનાં ઝાળાંઓમાં ભૂલો પડ્યો હતો: અને એમાંથી બહાર નીકળવા એક પગથિયું બાંધી આપ્યું-એ ધર્મનું બળ.

ભગવાન મહાવીરના પ્રત્યેક વર્ષે આવતા જન્મ કલ્યાણકના અવસરે, એનો અનુયાયી કે ચાહક આટલું સિદ્ધ કરે તો એ સાચો ધર્મી.

આધ્યાત્મનો સૂર્યોદય : ભગવાન મહાવીર

—અનવર આગેવાન

મહાત્મા મહાવીરનો યુગ વૈચારિક સંક્રાન્તિનો યુગ હતો. તે કાળે દેશ-વિદેશોમાં મહાન ચિંતકોનો પ્રાદુર્ભાવ થયો હતો. તે યુગમાં ચીનમાં લાઓ ત્સે તથા કન્ફ્યૂસિયસ, યૂનાનમાં પાયથા-ગોરસ, ઇરાનમાં જરથુસ્ત્ર અને ફિલસ્તીનમાં જીરેમિયા અને ઇજકિલ જેવા મહાન ધર્મપ્રચારકોએ જન્મ લઈને માનવ-સમાજને પ્રબુદ્ધ કર્યો હતો.

બિહાર પ્રદેશના વૈશાલી નગરમાં કુણ્ડ ગામમાં ચૈત્ર સુદ તેરસના દિવસે ઇ. પૂ. ૫૯૯ માં મહાવીરનો જન્મ થયો. માતાનું નામ ત્રિશલા અને પિતાનું નામ સિધ્ધાર્થ હતું. સિધ્ધાર્થ વૈશાલી ગણરાજ્યના શાસક હતા. વૈશાલીમાં તે દિવસે લિચ્છવિ ગણરાજ્ય ગણાતું હતું. પરંતુ અનુશાસન-હીનતાને કારણે શાસન-વ્યવસ્થા શિથિલ બની ગઇ હતી. મહાવીર પોતાની બાલ્યાવસ્થાથી જ સમાજની દશાથી પરિચિત થઇ ગયા હતા. એટલા માટે રાજ્ય-વૈભવના અનેક સુખોપ-ભોગોમાં તેનું મન જરા પણ લાગતું ન હતું તે સ્વભાવથી જેટલા મૃદુલ અને શાંત હતા, એટલા જ નિર્ભીક અને ગંભીર. તેનું મન સતત ચિંતનશીલ રહેતું હતું કે સાંસારિક દુઃખોને જીતવાનો શો ઉપાય? શાશ્વત સુખ કેવી રીતે મળી શકે! આ પ્રાણીઓનાં દુઃખને હંમેશા માટે કેવી રીતે દૂર કરી શકાય એ ખોજ માટે, સત્યનું દર્શન કરવા માટે મહાવીરે ઘરબાર છોડીને એકાંત નિર્જન વનમાં લગભગ બાર વર્ષ સુધી એક આસનથી ઉગ્ર તપસ્યા કરી.

અને એક દિવસ અંતર્જ્યોતિનો વિમલ પ્રકાશ પ્રસ્ફુરિત થયો અને વીજળીની જેમ સમાચાર આખા મગધમાં ફેલાઇ ગયા કે રજુકુલા (વર્તમાન કિઉલ) નદીના કિનારે મહાત્મા મહાવીરને 'કૈવલ્ય'ની પ્રાપ્તિ થઇ. અને તેમનો પ્રથમ ઉપદેશ રાજગૃહ તથા પાવાપુરમાં મગધની જનતાને સાંભળવા મળ્યો હતો. બૌદ્ધ આગમ ગ્રંથો પરથી વિદિત થાય છે કે તીર્થંકર

મહાવીર મહાન તપસ્વી હતા. તે નિગ્રંથ-જ્ઞાતૃપુત્ર તથા સર્વદર્શી, સર્વજ્ઞ હતા. ક્લેશની ગ્રંથિથી રહિત હોવાને કારણે તેઓ 'નિગણ્ઠ' (નિગ્રંન્થ) કહેવાયા. એવા સાધુપુરુષ જ્યારે ધર્મ-તીર્થનું પ્રવર્તન કરે છે, ત્યારે તે તીર્થંકર કહેવાય છે. બૌદ્ધ ગ્રંથોમાં ગણાચાર્ય, યશસ્વી, સાધુ સમ્મત ચિર-પ્રવ્રજિત, તીર્થંકર વગેરે ઘણાં નામો તથા, વિશેષણોની સાથે મહાત્મા મહાવીરનો પણ ઉલ્લેખ છે.

ભગવાન મહાવીરે પોતાના જીવનકાળ દરમ્યાન મુખ્યત્વે બે મહાન કાર્યો કર્યાં. પહેલાં સ્વતંત્રતા, સમતા તથા ભ્રાતૃત્વ પર આધારિત આધ્યાત્મિક ગણરાજ્યની પ્રતિષ્ઠા અને બીજું જીવનનો પર પુરુષાર્થ (નિર્વાણ કે મોક્ષ)ની પ્રાપ્તિ. મહાવીર સ્વામીએ માત્ર સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં જ નહીં, આધ્યાત્મિક ક્ષેત્રે પણ આ સફળ પ્રયોગ કર્યો અને પરિણામે શ્રમણ સંઘ (જૈન) તથા અનેકાન્તવાદની સ્થાપના કરી. પરંતુ નિગ્રંથ શ્રમણોની જીવન-સાધના ઘણી કઠોર હતી. સાધુ-સાધ્વીઓ સિવાય ગૃહસ્થ પતિ-પત્ની પણ તેમાં ભાગ લઇ શકતાં હતાં.

તીર્થંકર મહાવીર શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુ, નિગ્રંથ, તાપસ અને મુનિ વગેરેમાં કોઇ ભેદ માનતા નહોતા. તેઓ કહેતા કે જે સાચો ત્યાગી છે તે કામ-ભોગો વચ્ચે હોવા છતાં પણ તેના તરફ આકર્ષીત થતો નથી. એ જ રાગ-દ્વેષ પર વિજય પ્રાપ્ત કરી લે છે, અને મન તથા ઇન્દ્રિયોને પોતાના વશમાં રાખે છે. એ જ ખરા બ્રાહ્મણ તથા શ્રમણ આદિ સાધુ છે. જે રીતે તીર્થંકર મહાવીરે સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્ર્યને 'રત્નત્રય' નામથી અભિહિત કર્યા હતા, તેવી જ રીતે તથાગતે બુદ્ધ, ધર્મ અને સંઘ ત્રણ રત્ન કહ્યા. મહાવીર સ્વામીનું સ્વતંત્ર ચિંતન તે યુગ તથા પરિસ્થિતિઓને અનુરૂપ હોવાથી એક નવીન દિશા અને દૃષ્ટિકોણનું તેણે પ્રવર્તન કર્યું.

મહાત્મા મહાવીરે આધ્યાત્મિક ઉપલબ્ધિમાં વૈચારિક ક્ષેત્રે અનેકાંતવાદ અને આચારમાં પાંચ વ્રતોનો ઉપદેશ આપ્યો. પાંચ વ્રતોમાં એમણે અહિંસા વ્રતને પ્રધાનતા આપી. એમણે કહ્યું કે જેને તમે મારવા ઇચ્છો છો તે તમારી જેવો જ સુખ દુઃખનો અનુભવ કરનાર પ્રાણી છે. જેના પર શાસન કરવા ઇચ્છો છો, જેને પોતાનો દાસ બનાવવા ઇચ્છો છો, તે પણ તમારી જેવો જ છે. જેને પોતાના વશમાં કરવાની ઇચ્છા કરો છો, તે પણ તમારી જેવા પ્રાણવાળો છે. જેની આજ્ઞા સેવાની ઇચ્છા કરો છો તે પણ તમારી જેમ પ્રાણધારી જીવ છે. સત્પુરુષો આ રીતના વિવેકથી જીવન જીવે છે તે કોઇનો મારવા, પકડી અને કોઇની પાસે પ્રહાર કરવિતા મથી જે હિંસા કરે છે, તેનું ફળ પાછળથી તેને ભોગવવું પડે છે, એટલા માટે મનુષ્ય કોઇ પણ પ્રાણીની હિંસા કરવાની ઇચ્છા ન રાખે.

ભૌતિક શક્તિઓને લક્ષ્યમાં રાખીને તેમણે કહ્યું હતું સંસારમાં શસ્ત્ર અનેક પ્રકારનાં છે પરંતુ અશસ્ત્ર (અહિંસા) થી ચડું તેવું કોઇ શસ્ત્ર નથી. તેઓ અહિંસા અને સત્યને અનિવાર્ય માનતા હતા. તેમનું કહેવું છે કે જે રીતે જીવનું વિનાશક ઝેર અને યૌવનનું વિનાશક વૃદ્ધત્વ હોય છે. તે રીતે અહિંસા વગેરે ગુણોનું વિનાશક અસત્ય હોય છે. તેઓ સંસારના દુઃખનું મૂળ કારણ હિંસા જ માનતા હતા એમણે હિંસાના સૂક્ષ્મ તથા સ્થૂળ બે ભેદોનું નિરાકરણ કર્યું, રાગ-દ્વેષ, કામ, ક્રોધ વગેરેને તે સૂક્ષ્મ કે ભીતરી હિંસા માનતા હતા. અને કોઇ પણ પ્રાણીને મારવા, મારનારની સહાયતા કરવા કે તેને કોઇ રીતે પ્રેરિત કરવી તે બાહ્યહિંસા છે. બાહ્ય હિંસાનો સંબંધ કોઇને કોઇ રૂપે આંતરિક હિંસા સાથે રહ્યો છે એટલું જ નહિં, આચરણ કરતાં વૈચારિક કે માનસિક હિંસા વધું ભયજનક છે. હિંસાનું મૂળ સ્થાન મન છે. પહેલાં હિંસા મનમાં જન્મ લે છે. પછી વ્યવહારમાં ઊતરે છે તેને જૈન આગમોમાં ભાવહિંસા અને દ્રવ્ય-હિંસા રૂપે વિસ્તારથી વર્ણવી છે.

આ રીતે મહાવીરે સંસારનું મોટામાં મોટા દુઃખ જન્મ અને મૃત્યુ ગણ્યા છે અને તેને જીવી લેવા જીવનનું અંતિમ લક્ષ્ય કહ્યું છે. જન્મ અને મૃત્યુનું કારણ કર્મ છે. દરેક પ્રાણી જેવું કર્મ કરે છે તેવું જ તેને ફળ મળે છે. કર્મની ક્રિયા કરનાર મન છે. મન સતત ક્રિયારત રહે છે. રાગ દ્વેષ તથા હિંસામૂલક ભાવ-વિભાવ જળતરંગોની જેમ પ્રત્યેક પ્રાણીના મનમાં નિરંતર કાર્યશીલ રહે છે. તેથી સતત સુખ-દુઃખનો અનુભવ થતો રહે છે. એ જ જીવનનું રહસ્ય છે.

મનુષ્ય કેવું જીવન જીવે, કેવા ધર્મ-કર્મ કરે અને કેવા સમાજ તથા રાષ્ટ્રના જીવનને નિયંત્રિત કરે તે દરેક માટે એમણે સંયમ ને આવશ્યક ગણ્યો છે. સંયમ એક પ્રકારની નૈતિક મર્યાદા છે. ગૃહસ્થ પોતાની મર્યાદામાં રહીને સારી પેઠે અહિંસાનું પાલન કરી શકે છે. મર્યાદાહીન અહિંસાને પણ અતિવાદ કહી છે. એમણે જે રીતે જ્ઞાનરહિત તપને વ્યર્થ કહ્યું, તેવી જ રીતે સંયમરહિત જીવનને પણ નિરર્થક ગણ્યું છે. અહિંસાની સાચી સાધના માટે સંયમનું પાલન અનિવાર્ય છે.

મહાવીર સ્વામીએ સત્યને સમજવા માટે જ્ઞાનની જે કુંચી આપણા હાથમાં આપી છે, તેને એમણે 'અનેકાન્ત' નામ આપ્યું છે. 'અનેકાન્ત'નો અર્થ છે એક જ વસ્તુને જોવા-સમજવા માટે ઘણા દૃષ્ટિ જ્ઞાન કોણ કથનની ભાષામાં તેને જ સ્યાદ્વાદ કહે છે. બીજા શબ્દોમાં આપણે સાપેક્ષવાદ પણ કહી શકીએ. દાખલા તરીકે મનુષ્યસમાજમાં પરસ્પર પ્રેમ અને ત્યાગની જરૂર છે, સ્ત્રીમાં કોમળતા અને કઠોરતા બંનેની જરૂરી છે.

જીવન જીવવા માટે ઉષ્ણતા અને શીતલતા જરૂરી છે. મનુષ્યનું જીવન નિત્ય છે અને અનિત્ય પણ છે. પોતપોતાના સંસારમાં કોઇ પણ વસ્તુ સારી કે ખરાબ નથી. સમયાનુસાર તેનો ઉપયોગ અને પોતપોતાની રુચિ તથા સમજણ અનુસાર મનુષ્ય દરેક વસ્તુનું મૂલ્યાંકન આંકે છે. જેટલું તેનું સામર્થ્ય છે, તેટલા અંશોમાં તે પોતાના જ્ઞાનમાં તેને ઉતારવાની કોશિશ કરી છે આ જ અનેકાંતવાદનો સિદ્ધાંત છે. વૈજ્ઞાનિકો અનુસાર સાપેક્ષવાદના સિદ્ધાંતમાં પ્રકૃતિ (મેટર) અને ઊર્જા (એનર્જી) માંથી એક જ વસ્તુનું રૂપાંતર છે. લગભગ દરેક વૈજ્ઞાનિક પ્રકૃતિને કાં તો વિદ્યુતાણ્વ અને ઊર્જાણુથી ઉદ્ભવેલ છે, એવો સ્વીકાર કરે છે. આ અણુઓના વિશિષ્ટ સંબંધના કારણે જ પુદ્ગલ અને આત્મા આ શરીરરૂપે રહેલા છે. આત્મા જેમ પુદ્ગલમાં પણ અનંત શક્તિ છે, એનો સુયોગને જ સંસાર કહ્યો છે. અનેકાંતવાદથી પ્રત્યેક વસ્તુ જે તે યુક્તિ છે.

તીર્થંકર મહાવીરનું જીવન સ્વાવલંબન અને સ્વાતંત્ર્યનું જીવન હતું. જગત માટે એમનો મુખ્ય સંદેશ હતો કે આ આત્મશક્તિનો વિકાસ કરી સાચા સુખની પ્રાપ્તિ કરો. જીવન ઘણું મહાન છે. તેની એક-એક ક્ષણ અમૂલ્ય છે. એટલે પ્રમાદમાં ગુમાવો નહીં. દરેક કાર્ય નિયત સમયે કરો. આળસુ ના બનો. સન્માન ન મળે તો ક્રોધ ન કરો અને મળે તો ગર્વ ન કરો. કોઇ વસ્તુ ન મળે તો ચિંતા ન કરો. તેને સહજ તપ માનો. પોતાના દોષને છૂપાવો નહિ. સંસારના પ્રત્યેક પ્રાણીઓ માટે એમનું કથન હતું કે, એવું કોઈ પણ કાર્ય ન કરો, જેથી પાપ-કર્મનું બંધન થાય. જે મનુષ્ય પ્રાણીમાત્રને પોતાના જેવો માને છે જે દરેકને સમ્યક્ દૃષ્ટિથી જુએ છે, જે મન તથા આત્માને દૂષિત કરનારી ક્રિયાઓનો નિરોધ કરી ચૂક્યો છે કે, અને જે ઇન્દ્રિયજયી છે તેને પાપ-કર્મનું બંધન નથી. આ સુખ અને શાંતિનો ખરો માર્ગ છે.

અર્વાચીન ગુજરાતમાં નર્મદાશંકરથી ઉમાશંકર સુધીની નૈતિક અને સામાજિક વિચારધારા

મુંબઇ યુનિવર્સિટી આયોજિત વ્યાખ્યાન-શ્રેણીમાં પ્રો. ચી. ના. પટેલે આપેલાં વ્યાખ્યાનો

સંકલન અને સંક્ષેપમાં અનુવાદ :
* કૃષ્ણવીર દીક્ષિત

(ગતાંકથી સંપૂર્ણ)

પરંતુ પ્રજાની નૈતિક શક્તિને વહેમજનિત નિષેધોથી ઘસારો પહોંચતો હતો તે બિંદુ મણિલાલ મૌન સેવે છે. સ્ત્રીઓ પ્રત્યેનું મણિલાલનું વલણ અબૌદ્ધિક હતું. તમામ સામાજિક સંબંધોમાં સ્ત્રી પવિત્રતા અને પ્રેમની મૂર્તિ હોવી જોઇએ એમ તેઓ માનતા હતા.

મણિલાલ બાળલગ્નના વિરોધી હતા તે સાથે સ્મૃતિઓના આદેશ ઉપર નિર્ભર એવી રૂઢિચુસ્તોની માન્યતાના પુરસ્કર્તા પણ હતા. સ્ત્રી પહેલવહેલાં માસિક ધર્મમાં આવે કે પછી તરત જ નૈતિક અને માનસિક દૃષ્ટિએ તેને શરીરસંબંધ થવો જોઇએ એમ તેઓ માનતા. અપવાદરૂપ કોઈ કન્યા દશ વર્ષની વયે માસિક ધર્મ પ્રાપ્ત કરે તો સમાજને તેને પરણાવવાની તેની ફરજ બજાવતાં અટકાવી શકાય નહિ એમ તેઓ માનતા.

રમણભાઈ નીલકંઠ

મણિલાલની ધાર્મિક અને સામાજિક બંને ફિલસૂફીને, વયમાં તેમનાથી નાના શ્રી રમણભાઈ નીલકંઠે પડકારી હતી. રમણભાઇ અમદાવાદમાં ચાલતા પ્રાર્થનાસમાજની પેદાશ હતા. મણિલાલના અદ્વૈત સિદ્ધાન્તનો વિરોધ રમણભાઇ દાર્શનિક ભૂમિકા ઉપર કરે છે. વ્યાવહારિક જીવનમાં રમણભાઇ બુદ્ધિવાદી હતા છતાં પ્રાર્થનાનું તેમને મન ભીતરની અંગત જરૂરિયાત જેવું મહત્ત્વ હતું. તેઓ માનતા કે પ્રાર્થના મનુષ્યના વિવેકદીપને પ્રજ્વલિત રાખવાનું, ઇચ્છાને કેળવવાનું અને તેને કાર્યાન્વિત કરવાનું બળ અર્પે છે. તેઓ માનતા કે ઇશ્વરની અનંત ઉપસ્થિતિમાં જીવવાનો આનંદ મનુષ્યને નિ:સ્વાર્થ પ્રવૃત્તિમાં કર્તવ્ય ભાવનાની રાહે પ્રેરે છે.

રમણભાઇ માનતા કે સાચા વૈષ્ણવને મન પ્રકૃતિનું સૌન્દર્ય જ નહિ, સમસ્ત બ્રહ્માંડનું સર્જન એક કાવ્ય છે, જેનો સર્જક ઇશ્વર એક કવિ છે. કવિતા લેખે સર્જનનો આ વૈષ્ણવોચિત વિસ્મય ભાવ તેમને પૂરેપૂરો સ્વીકાર્ય છે.

તેમની સામાજિક ફિલસૂફીના કેન્દ્રમાં તેમની સ્ત્રી-સ્વાતંત્ર્ય, સ્ત્રી-સમાનતા અને સ્ત્રી-સન્માન આ ભાવનાત્રયી છે. રમણભાઇને જ્ઞાતિના ઊંચનીચના ભેદો પણ સ્પષ્ટપણે અસ્વીકાર્ય હતા. અસ્પૃશ્યતાની ઉઘાડે ચોક ટીકા કરનારા આરંભકાળના જાહેર જીવનના અગ્રણીઓમાંના એક રમણભાઇ હતા. સ્ત્રી-સ્વાતંત્ર્ય, સ્ત્રી-સમાનતા અને સ્ત્રી સન્માનની ભાવના તેમના દાંપત્યજીવનમાં મૂર્ત સ્વરૂપ પામી હતી

મણિશંકર ભટ્ટ-'કાન્ત'

રમણભાઇના સમકાલીન અને મિત્ર મણિશંકર ભટ્ટ -કવિ કાન્ત-નું જીવન રમણભાઇના જીવનથી વિરુદ્ધ દિશામાં વહ્યું હતું. તેમને પશ્ચિમનું ઘેલું લાગ્યું હતું પણ તેનું પરિણામ આત્મસિદ્ધિમાં આવવાને બદલે જીવનની કરુણ યાતનામાં આવ્યું હતું. કાન્તની ખોજ એવા સત્યને સારુ હતી, જે એમની પોતાની અંદરની જરૂરિયાત પરિતોષે. તેમની ખરી જરૂરિયાત પ્રેમની હતી. પત્ની, બાળકો, કુટુંબ તથા મિત્રોના પ્રેમની હતી. આ જરૂરિયાત તેમની અસલામતી વૃત્તિમાંથી જન્મી હતી. પોતાની આખી જિંદગી સુધી 'કાન્ત' ભાવાત્મક અસ્થિરતાથી પીડાતા રહ્યા. તેમનું ચિત્ત એક તરફથી ઉશ્કેરાટ તો બીજી તરફ ગમગીની અનુભવતું. તેમનો નિરાશાવાદ તેમની પ્રકૃતિના બંધારણની નીપજરૂપ હતો. તેમના સમયમાં પરંપરાવાદી બ્રાહ્મણ-જીવનની અતિ સંયમયુકત જે તરાહ હતી તે કારણે તેમનો ઉશ્કેરાટ ઉગ્ર બન્યો હતો. ચિત્તની ગમગીનીને કારણે 'કાન્ત' ધર્મ અને ઇશ્વરાભિમુખ થયા પરન્તુ એથી ગમગીની ઘટી નહિ. તેઓ ખ્રિસ્તી ધર્મને વર્યા, પણ એને પરિણામે ઉપાધિમાં આવી પડ્યા. જ્ઞાતિએ એમનો બહિષ્કાર કર્યો એટલું જ નહિ, કાન્તનાં પત્ની અને કુટુંબને પણ 'કાન્ત'થી અળગા રહેવાનું ફરમાવ્યું. કાન્તે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો તો ખરો પરન્તુ એ ધર્મ તેના પાળનાર પાસે ખ્રિસ્ત પ્રત્યે જે અસાધારણ વફાદારી અને સમર્પણભાવની અપેક્ષા રાખે છે તે સંતોષવાની શક્તિ 'કાન્ત'ના ભારતીય બંધારણ ધરાવતા માનસમાં નહોતો. નિરપેક્ષ પ્રેમની ખ્રિસ્તી વિભાવનાની સમજને અભાવે કરીને પણ 'કાન્ત' ભીતરથી અશાન્ત રહેતા. પ્રેમની બાબતમાં તેઓ આત્મકેન્દ્રી હતા. તેમાંથી તેઓ ગાંધીજીના જીવતા જાગતા ઉદાહરણની અસરને પરિણામે બહાર આવી શક્યા. ગાંધીજીનો બોધ તેમણે સ્વીકાર્યો હતો. ગાંધીજી એ દૃષ્ટિ જોન રસ્કિન પાસેથી પામ્યા હતા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિ–૧૯૮૪–૮૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૫–૪–૧૯૮૪ ના સાંજના ૬–૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષના અંદાજપત્રો રજૂ થયાં હતો. તે મંજુર રહ્યા બાદ પદાધિકારીઓ અને કારોબારીના ૧૫ સભ્યોની ચૂંટણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

પદાધિકારીઓ :

નીચે જણાવેલ સભ્યોને નવા વર્ષ માટે પદાધિકારીઓ તરીકે બિનહરીફ ચૂંટી કાઢવામાં આવ્યા.

૧ ડો. રમણલાલ ચી. શાહ–પ્રમુખ
૨ શ્રી રસિકલાલ મો. ઝવેરી–ઉપપ્રમુખ
૩ શ્રી ચીમનલાલ જે. શાહ–મંત્રી
૪ શ્રી કે. પી. શાહ –મંત્રી
૫ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ–કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિ :

કારોબારી સમિતિના નીચે પ્રમાણે પંદર સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

૧ શ્રી પન્નાલાલ ૨. શાહ
૨ ,, અમર જરીવાલા
૩ પ્રા. તારાબેન ૨. શાહ
૪ શ્રીમતી નીરુબેન એસ. શાહ
૫ શ્રી સુબોધભાઈ એમ. શાહ
૬ ,, શ્રીમતી કમલબેન પીસપાટી
૭ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૮ ,, ગણપતભાઇ મ. ઝવેરી
૯ ,, એ. જે. શાહ
૧૦ ,, શાંતિલાલ દેવજી નંદુ
૧૧ ,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૧૨ ,, રસિકલાલ લહેરચંદ શાહ
૧૩ ,, જયંતિલાલ પી. શાહ
૧૪ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૧૫ ડો. ધનવંત ટી. શાહ

તા. ૯–૪–'૮૪ ના રોજ મળેલ કારોબારી સમિતિની સભામાં નીચેની વિગતે કો. ઓપ્ટ સભ્યો, ઉપસમિતિઓ અને તેના સંયોજકો અને સહાયક મંત્રીઓની નિમણુંક કરવામાં આવી હતી.

કાર્યવાહક સમિતિમાં કો–ઓપ્ટેડ સભ્યો :

૧ શ્રી પન્નાલાલ કે. છેડા
૨ ,, શૈલેશભાઇ હિંમતલાલ કોઠારી
૩ ,, અરવિંદભાઇ મોહનલાલ ચોકસી
૪ ,, જયાબેન ટોકરશી વીરા
૫ ,, અરુણભાઇ પારેખ

સહયોગ સમિતિ: (કારોબારી સમિતિના ભુતપૂર્વ સભ્યો)

૧ શ્રી જયંતિલાલ કસ્તુરચંદ શાહ
૨ ,, રમણલાલ લાલભાઇ લાકડાવાળા
૩ ,, ધીરજલાલ કુલચંદ શાહ
૪ ,, માણેકલાલ વી. સવાણી
૫ ,, વસનજી લખમશી શાહ
૬ ,, ચંપકલાલ એમ. અજમેરા
૭ ,, જેરમલ મંગળજી મહેતા
૮ ,, દામિનીબેન જરીવાળા
૯ ,, ચંદ્રકાંતભાઇ ગાંધી
૧૦ ,, હુંગરશી રામજી ગાલા
૧૧ ,, વસંતલાલ નરસિંહપુરા
૧૨ ,, બાબુભાઇ જી. શાહ
૧૩ ,, સી. એન. સંઘવી
૧૪ ,, દામજીભાઇ વેલજી શાહ

નિમંત્રિત સભ્યો :

૧ શ્રી કપૂરચંદભાઇ ચંદેરિયા
૨ ,, બિપિનભાઇ જૈન
૩ શ્રીમતી શમિબેન
૪ શ્રી ઉષાબેન મહેતા
૫ શ્રીમતી મધુબેન નાનુભાઇ મેઘાણી
૬ શ્રીમતી મીરાબેન રમેશભાઇ મહેતા

સહાયક મંત્રીઓ :

૧ શ્રી પન્નાલાલ ૨. શાહ
૨ ડો. ધનવંત ટી. શાહ

શ્રી માણેકલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય :

વાચનાલય અને પુસ્તકાલય માટે નીચે મુજબ સમિતિની નિમણુંક કરવામાં આવી.

૧ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ–મંત્રી
૨ ,, ગણપતલાલ મ. ઝવેરી
૩ ,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૪ ,, શાંતિલાલ દેવજી નંદુ
૫ ,, પન્નાલાલ ૨. શાહ

વસંત વ્યાખ્યાનમાળા :

શ્રી અમર જરીવાળા, સંયોજક

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર :

૧ પ્રો. તારાબેન શાહ, સંયોજક
૨ ડો. ધનવંત ટી. શાહ
૩ શ્રી સુબોધભાઇ એમ. શાહ

પ્રેમળ જ્યોતિ

૧ શ્રીમતી નીરુબેન એસ. શાહ –સંયોજક
૨ ,, કમલબેન પીસપાટી ,,
૩ ,, ઉષાબેન મહેતા ,,
૪ પુષ્પાબેન પરીખ
૫ શ્રી નટુભાઇ પટેલ

અભ્યાસ વર્તુળ

શ્રી સુબોધભાઇ એમ. શાહ-સંયોજક

અસ્થિ સારવાર કેન્દ્ર :

૧ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ-સંયોજક
૨ ,, મફતલાલ ભીખાચંદ શાહ
૩ ,, ગણપતલાલ મ. ઝવેરી
૪ શ્રીમતી નીરૂબેન એસ. શાહ
૫ ,, કમલબેન પીસપાટી
૬ ,, જયાબેન ટી. શાહ (વીરા)
૭ ,, ભાનુબેન પી. શાહ
૮ ,, અરવિંદભાઈ મોહનલાલ ચોકસી

ધરમપુર-આદિવાસી વિસ્તાર કેન્દ્ર સમિતિ :

૧ શ્રી સુબોધભાઇ એમ. શાહ કન્વીનર
૨ ,, ઉષાબેન મહેતા કન્વીનર
૩ ,, મફતલાલ ભીખાચંદ શાહ સભ્ય
૪ ,, હરિલાલ ગુલાબચંદ શાહ ,,
૫ શ્રી અરવિંદભાઇ મોહનલાલ ચોકસી ,,
૬ ,, જયંતિલાલ પી. શાહ ,,
૭ ,, અમર જરીવાલા ,,
૮ ,, જયંતિલાલ ફત્તેહચંદ શાહ ,,
૯ ,, પ્રવીણભાઇ મંગળદાસ શાહ ,,
૧૦ ,, જયાબેન ટોકરશી વીરા ,,

પરિસંવાદ અંગે સમિતિ :

૧ ડૉ. ધનવંત ટી. શાહ
૨ શ્રી અમર જરીવાલા
૩ ,, પન્નાલાલ ૨. શાહ

શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત સ્વ. આચાર્યશ્રી વિજય-વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન-શ્રેણી

સમિતિ :

૧ શ્રી શૈલેશ ફોઠારી, સંયોજક
૨ ,, પન્નાલાલ કે. છેડા, સંયોજક
૩ પ્રા. તારાબેન ૨. શાહ
૪ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ

પર્યટન સમિતિ :

૧ શ્રી ગણપતલાલ મ. ઝવેરી, સંયોજક
૨ ,, સુબોધભાઇ એમ. શાહ
૩ ,, રસીકલાલ લહેરચંદ શાહ

નેત્રયજ્ઞ સમિતિ :

૧ શ્રી પન્નાલાલ કે. છેડા, સંયોજક
૨ ,, લીલાધરભાઇ ગડા
૩ શ્રીમતી નીરૂબેન એમ. શાહ
૪ ,, ઉષાબેન મહેતા
૫ ,, જયાબેન ટી. વીરા

સંઘના પદાધિકારીઓ

ધરમપુર વિસ્તારના આદિવાસી કેન્દ્ર માટે મળેલ આર્થિક સહયોગ અને તે અંગે અપીલ

સંઘની કાર્યવાહક સમિતિના સભ્યોની ધરમપુર વિસ્તારની મુલાકાત બાદ દરેક મુલાકાતીઓના મનમાં એવું સંવેદન થયું કે વનવાસીઓના અંસખ્ય અને આપણા શહેરીઓના સુંવાળા જીવન વચ્ચે કેટલી મોટી ખાઇ છે. આપણે આપણી ફરજ ચૂક્યા છીએ એવો ભાવ સૌમાં જાગ્યો. ચર્ચાવિચારણા બાદ બસમાં જ આ અંગે નિધિ કરવાની શરૂઆત કરી અને અઠ્ઠાવીશ હજાર રૂપિયા જેવી રકમ ત્યાં જ એકઠી થઇ ગઇ. મુંબઇ આવ્યા બાદ થોડાક મિત્રોના સંપર્ક સાધ્યો અને તેમણે સારી કહી શકાય એવી રકમો લખાવી.

પાંચેક લાખ રૂપિયાનો આપણો લક્ષ્યાંક છે. તેને જલદી પહોંચી વળવા માટે આપના પ્રેમળ સહકારની જરૂર છે. આપની યોગ્ય રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.

નોંધાયેલી રકમોની યાદી નીચે પ્રગટ કરવામાં આવી છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

૧,૦૦,૦૦૦ એક શુભેચ્છક
૫,૦૦૦ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૫,૦૦૦ મે. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫,૦૦૦ શ્રી જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૧,૦૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ
૧,૦૦૦ શ્રી કે. પી. શાહ
૧,૦૦૦ શ્રી ગણપતભાઇ મ. ઝવેરી
૧,૦૦૦ શ્રી એ. જે. શાહ
૧,૦૦૦ શ્રી પન્નાલાલભાઇ છેડા
૫,૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫,૦૦૦ શ્રી બીપીનભાઇ જૈન
૫,૦૦૦ શ્રી શૈલેશભાઇ ફોઠારી
૫,૦૦૦ મે. લખમશી ઘેલાભાઇની કું.
૨,૫૦૦ મે. રામજી તેજશી ગાલા એન્ડ લક્ષ્મીબાઇ ચેરીટી ટ્રસ્ટ (નવનીત પ્રકાશન)
૨,૫૦૦ શ્રી સી. એન. સંઘવી
૧,૫૦૧ શ્રીમતી વિદ્યાબેન મહાસુખલાલ શાહ
૧,૦૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૧,૦૦૦ શ્રીમતી જયાબેન વીરા
૧,૦૦૦ શ્રી પ્રવીણચન્દ્ર કે. શાહ
૧,૦૦૦ શ્રી સી એન. વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૦૦૦ શ્રી કાન્તિભાઇ મોદી-પ્રભાબેન મોદીના સ્મરણ
૧,૦૦૦ મે. સવાણી ટ્રાન્સપોર્ટ
૧,૦૦૦ ડૉ. ધનવંત ટી. શાહ
૫૦૦ શ્રી ઉષાબેન મહેતા

૧,૫૪,૦૦૦

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૫ અંક : ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૫-૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલિંગ ૬૦

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

બલવાન ઇન્દ્રિયગ્રામ

✠ રમણલાલ ચી. શાહ

તાજેતરમાં ઇંગ્લેંડમાં એક પ્રધાનને પોતાની સેક્રેટરી સાથેના પ્રણયસંબંધને કારણે રાજીનામું આપવું પડ્યું હતું. એવી જ રીતે આપણા ભારતમાં પણ એક રાજ્યના ઉચ્ચ કક્ષાના પ્રધાને વિદેશમાં અઘટિત વર્તન કરવા માટે રાજીનામું આપવાની ફરજ પડી હતી. આવી ઘટનાઓ વિશે જ્યારે સાંભળીએ છીએ ત્યારે એક સંસ્કૃત શ્લોકની પંક્તિ યાદ આવી જાય છે :

बलवान् इन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ।

ગ્રામ શબ્દનો એક અર્થ થાય છે 'સમૂહ' અથવા 'સમુદાય'. બધી ઇન્દ્રિયોનો સમૂહ કયારેક એટલો બધો બળવાન બની જાય છે કે મનુષ્ય તેના ઉપરનો સંયમ ગુમાવી બેસે છે. સુભાષિતકાર કહે છે કે એવે વખતે ડાહ્યા કે વિદ્વાન ગણાતા માણસોને પણ તે પછાડે છે. એટલા માટે સમજુ પુરુષે પોતાની માતા, બહેન કે પુત્રી સાથે પણ એક આસન કે શય્યામાં બેસવું નહિ, એવી ભલામણ કરી છે.

આંખ, નાક, જીભ વગેરે એકેક ઇન્દ્રિયમાં અતિશય લુબ્ધ બનેલ મનુષ્ય કે પશુની કેવી અવનતિ થાય છે તેનાં દૃષ્ટાંતો શાસ્ત્રગ્રંથોમાં મળે છે. જો એક ઇન્દ્રિયને વશ થતાં ભયંકર પરિણામ આવે, તો બધી જ ઇન્દ્રિયોને વશ થનારની દુર્ગતિ કેટલી ભયંકર હોઇ શકે! સ્થૂળ ઇન્દ્રિયને પરાધીન બનેલો મનુષ્ય પોતાના જાતીય જીવનમાં પણ કયારેક પતિત બને છે. કામવાસનાનો આવેગ દુષ્કર હોય છે, અને કામાતુર લોકો લજ્જા અને ભયની વ્યવહારરેખા ઘડીકમાં ઓળંગે છે. જાહેર જીવનમાં પડેલા પ્રતિષ્ઠિત માણસો એવા પ્રસંગે અપમાનિત થાય છે કે અપકીર્તિ પામે છે. કયારેક એથી પોતાના કુટુંબમાં જ, પત્ની, સંતાનો અને માતા-પિતા વચ્ચે તેઓ અળખામણા થઇ જાય છે. સમાજ તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. કેટલીક વખત એક નાની ભૂલનું પરિણામ આખી જિંદગી માણસને ભોગવવું પડે છે. વર્ષો સુધી લોકો આંગળી ચીંધે છે અને બધી જ બાબતમાં એવી વ્યક્તિ અવિશ્વસનીય બની જાય છે.

સ્ત્રી પ્રકૃતિએ ચંચલ કહેવાય છે, તેમ પુરુષ પણ એક કરતાં વધુ સ્ત્રીઓ તરફ આકર્ષાવાને પાત્ર હોય છે એમ મનાય છે. A man by nature is polygamist—એવી ઉક્તિ પાશ્ચાત્ય જગતમાં જાણીતી છે. પાંત્રીસની ઉંમર પછી જાતજાતના સંબંધો કે પરાકર્ષણની વૃત્તિ વધુ સતેજ થાય છે.

સંપત્તિ, સત્તા કીર્તિ વગેરે એવી વસ્તુઓ છે કે જેની પાસે એ પુષ્કળ હોય તેના તરફ ઘણી વ્યક્તિઓ આકર્ષાય. એમાં સ્ત્રીઓ પણ હોય છે. કયારેક કશુંક મેળવવાની લાલચથી, તો કયારેક એવી વ્યક્તિ પણ પોતાને વશ છે એવી વૃત્તિથી ચંચળ સ્ત્રી એવા પુરુષને આકર્ષવાનો પ્રયત્ન કરે છે અને અસાવધ પુરુષ ઘડીકમાં પતિત થઈ જાય છે. વારંવાર એકાંતમાં મળવું, મનની મસ્કરી, નર્મ વચનો, અડપલાંમાંથી આગળ વધતાં વધતાં જાતીય જીવન સુધી તેઓ ઘસડાય છે. મોહદશા એવી ઘેરી બની જાય છે કે માણસને એ સિવાય બીજું કશું સૂઝતું નથી. કૌટુંબિક સ્થિરતા, સંતાનોનું ભાવિ, પ્રતિષ્ઠા, સામાજિક ભય, કાયદાની બીક વગેરેનો વિચાર પણ તેને અટકાવી શકતો નથી. ઘણો બધો દૃઢ આવેગ તેના શરીર અને મનમાં તે વખતે પેદા થાય છે. પુરુષે એક વખત ચટકો ચાખ્યો એટલે પછી એની લત લાગે છે અને બહાવરો બનીને, વિવેક મર્યાદા ચૂકીને ફાંફાં મારે છે. સત્તાના કે ધનના ઉચ્ચ સ્થાને બેઠેલાઓને પછી તો એવા મળતિયા મળી જાય છે કે જે તેમને પંપાળે છે અને તેમની નબળાઇઓ જાણી લઇને તેમને બધી સગવડ પૂરી પાડે છે. પરંતુ વાત જેમ વધતી જાય છે તેમ એક દિવસ એવો આવે છે કે જ્યારે તેનું પરિણામ ભયંકર હોય છે. એનું ભયંકર અધઃપતન થાય છે; શતમુખ વિનિપાત થાય છે. રાજકારણ, શિક્ષણ, સમાજસેવા કે ક્ષુદ્ર ધર્મના ક્ષેત્રમાં પણ આવી ઘટનાઓ બને છે. રશિયાનો રાસ્પુટીન તેની આવી નબળાઇ માટે જાણીતો હતો. નજીકના ભૂતકાળમાં ઇંગ્લેંડના પ્રોફ્યુમો, ઇન્દોનેશિયાના સુકર્ણ, પાકિસ્તાનના અયુબખાન અને યાહ્યાખાન વગેરેનાં પતન આવી નબળાઇના કારણે જ થયાં હોવાનું મનાય છે. સાહિત્યના ક્ષેત્રે પ્રખર પંડિત લેખક મણિલાલ દ્વિવેદી, ફ્રેંચ કવિ બોદલેર, અંગ્રેજ નાટકકાર ઓસ્કર વાઇલ્ડ (સજાતીય સંબંધો પણ ખરા), કવિ બાયરન વગેરેના એવા ઘણા દાખલાઓ જાણવા મળે છે. મેનકાને વશ થનાર વિશ્વામિત્રના અનુગામી એવા કેટલાક સાધુસંન્યાસીઓ ધર્મના ક્ષેત્રે પણ વારંવાર જોવા-સાંભળવા મળશે.

પ્રકૃતિની દૃષ્ટિએ સ્ત્રી-પુરુષ દુનિયામાં બધે સમાન છે, પરંતુ સામાજિક રીતરિવાજો, નીતિ વિષયક ખ્યાલો, લોકાચાર વગેરે જુદા જુદા દેશમાં જુદાં જુદાં હોઇ શકે છે. ઠંડા અને ગરમ પ્રદેશમાં રહેનારા લોકોમાં ત્યાંનું

વાતાવરણ પણ ભાગ ભજવે છે. એક પ્રજામાં જે સામાન્ય ઘટના દેખાતી હોય તે અન્ય પ્રજામાં અનીતિમય મનાતી હોય. જાતીય જીવનની શિથિલતા પ્રાચીન આર્ય પ્રજા અને તેના વારસદારોમાં જેટલી છે તેથી ઘણી વધુ મોંગોલ પ્રજા અને એના એશિયાઇ વારસદારોમાં છે. એટલે જે કેટલીક ઘટનાઓ ભારતમાં ટીકાપાત્ર ગણાય છે તે ચીન, જાપાન, કોરિયા કે થાઇલેન્ડમાં ન પણ ગણાય. ભારતમાં જે નિષિદ્ધ હોય તે અન્યત્ર રિવાજરૂપ હોય.

કેટલાક પાશ્ચાત્ય દેશોમાં યુવક-યુવતીઓ વચ્ચે સ્વચ્છંદાચાર ઘણો વધ્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછી પુરુષ કરતાં સ્ત્રીઓનાં વધી ગયેલા અસાધારણ પ્રમાણને કારણે ત્યાં શિથિલ જાતીય જીવન ઘણું વ્યાપક બનવાને કારણે ગુપ્ત રોગોનું પ્રમાણ પણ ઘણું વધી ગયું હતું. છેલ્લા બે-ત્રણ દાયકામાં વિમાનોની ઝડપી અવરજવર અને દુનિયાભરમાં વધતી જતી મોજશોખની સગવડોને કારણે પ્રવાસીઓના મનોરંજનના નામે હીન કોટીનું દુનિયાભરમાં વધવા લાગ્યાં છે. મોટી પંચતારક હોટેલોનો પણ એમાં ઓછો ફાળો નથી. વિદેશ જવું એટલે નીતિમય જીવનમાંથી રજા પર ઊતરવું (to be on a moral holiday) એવી માન્યતા ઘણા દેશોમાં વ્યાપક બનતી જાય છે.

મનુષ્યના જાતીય જીવનને શિથિલ બનાવનારા કેફી પદાર્થોમાં દારૂ મુખ્ય છે. ઠંડી આબોહવાના કારણે દુનિયાના ઘણા દેશોની પ્રજામાં એ સામાન્ય છે. સૂતાં પહેલાં ઘરે મર્યાદિત પ્રમાણમાં, નિયમિત દારૂ લેતા કેટલાય માણસો પોતાના કુટુંબજીવન કે સમાજજીવનને ઉપદ્રવરહિત રાખે છે. પરંતુ નશો એ અંતે નશો છે. માણસ કયારે ભાન ભૂલશે અને મર્યાદા ઓળંગી જશે એ કહી શકાય નહિ. ઘણા દેશોમાં ઘણા વ્યસની લોકોનું જીવન પાયમાલ થયા કરે છે. ભારત જેવા આર્થિક દૃષ્ટિએ પછાત દેશ માટે ગાંધીજીએ દીર્ઘદૃષ્ટિપૂર્વક દારૂબંધીની ભલામણ કરી હતી. મદ્યપાન ન કરવા વિષે તો આપણા શાસ્ત્રકારોએ અનુભવોને આધારે જોરશોરથી કહેલું જ છે. સાત વ્યસનોમાંના આ એક વ્યસનને પણ સર્વથા તિલાંજલિ આપવા અનુરોધ થયેલો છે. પરંતુ હવે તો જ્યાં ખાદીધારી મુખ્ય પ્રધાનો કે વડા પ્રધાન શરાબ પીએ ત્યાં ધારાસભ્યો દારૂના નશામાં ધાંધલ કરતાં પોલિસને હાથે પકડાય તેની નવાઇ શી!

જીવનને જો સંસ્કારમય, સંવાદી અને ઉલ્લાસમય બનાવવું હોય તો સ્વેચ્છાએ સ્વીકારેલા સંયમની મોટી આવશ્યકતા રહે છે. એક પ્રજા ઘણા લાંબા સમય સુધી કોઇ એક બાબતમાં સંયમની આરાધના કરે છે તો તેના સંસ્કાર પેઢીઓ સુધી ચાલ્યા કરે છે. આવા કેટલાય સંસ્કારો ભારતીય પ્રજામાં જોવા મળે છે જે અન્યત્ર ઓછા જોવા મળે છે. ભારતીય પ્રજામાં પણ હિન્દુ કે જૈન લોકોમાં કેટલાક સંસ્કારનાં મૂળ ઘણાં ઊંડાં રહેલાં છે. પોતાના કાકાની, ફોઇની કે મામાની કે માસીની દીકરી તે પોતાની બહેન છે અને તેની સાથે લગ્ન ન થઈ શકે એવા સંસ્કાર હિન્દુઓ અને જૈનોમાં જેટલા વ્યાપક અને ઊંડા છે તેટલા દુનિયાની બીજી પ્રજાઓમાં નથી. એક હિન્દુ કે જૈન યુવાનને પોતાની કાકાની દીકરી પ્રત્યે જાતીય આકર્ષણ કુદરતી રીતે નથી થતું તે માત્ર તેની પોતાની સિદ્ધિ નથી પરંતુ હજારો વર્ષથી પ્રજાએ સ્વેચ્છાએ સાચવેલા સંયમની સિદ્ધિ છે.

ભોગવિલાસ કરતાં ત્યાગ અને સંયમ ઉપર ભારતીય પરંપરામાં વધુ જોર અપાયું છે. જીવનનો પાયો આધ્યાત્મિક હોવાના કારણે ત્યાગ અને સંયમનું મૂલ્ય વધારે અંકાયું છે. જીવનને સ્વેચ્છાએ સંયમિત બનાવવાનું કાર્ય સરળ નથી. આપણા શાસ્ત્રકારોએ અનેક લોકોના અનેકવિધ અનુભવોના આધારે અને સ્થૂળ જીવનવ્યવહારના નિયમો દર્શાવ્યા છે. એક બાજુ મદ્યપાનનું સેવન કરવું અને બીજી બાજુ જાતીય જીવનને સંયમમાં રાખવું એ સરળ વાત નથી. બ્રહ્મચર્યનું પાલન કરનારાઓ માટે અતિરસ પૌષ્ટિક આહાર પણ વર્જ્ય મનાયો છે. બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારા સાધુ-મહાત્માઓ માટે શીલની નવ વાડ દર્શાવવામાં આવી છે. વિકાર એ સૂક્ષ્મ શત્રુ છે. કયારે ચિત્ત ઉપર અચાનક આક્રમણ કરશે અને તેનો કબજો લઇ લેશે તે કહેવાય નહિ. એ શત્રુને કેટલો દૂર રાખવો? શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે શીલની નવ વાડ દ્વારા એને એટલો દૂર રાખવો જોઇએ કે તે સ્વપ્નને પણ આક્રમણ ન કરી શકે. ભગવાન મહાવીરે કહ્યું છે કે જેનું નાક સાવ છેદાઇ ગયું છે એવી સો વર્ષની ડોશી સાથે પણ સાધુઓએ એકાંતમાં રહેવું નહિ. સ્વામિનારાયણ સાધુઓ સ્ત્રીનું મુખ જોતા નથી એટલું જ નહિ, સ્ત્રીના હાથનો લખેલો કાગળ પણ વાંચતા નથી કેટલાકને આવા નિયમો વધુ પડતા જણે અને કૃત્રિમ લાગશે, પરંતુ એ ક્ષેત્રમાં રહેલી અનુભવી વ્યક્તિઓને એની આવશ્યકતા પૂરેપૂરી સમજાઇ છે.

જેમ માણસ સામાજિક પ્રતિષ્ઠાની દૃષ્ટિએ ઉચ્ચોત્તર સ્થાન પામતો જાય છે તેમ સદ્‌વર્તન માટેની તેની જવાબદારી વધતી જાય છે. કારણ કે એના અસદ્‌ વર્તનની વાતો અનેક લોકો સુધી પહોંચે છે. સમાજમાં ખોટો દાખલો બેસે છે. ઉચ્ચ સ્થાન માટે એ અનધિકારી ઠરે છે. જાગૃત સમાજ એને સ્થાનભ્રષ્ટ કર્યા વિના જંપતો નથી.

લોકચાહનાના ઉચ્ચતર સ્થાને પહોંચેલી વ્યકિત જ્યારે પતિત અને અપકીર્તિત થાય છે ત્યારે તેનું પશ્ચાત જીવન વસમું બની જાય છે. ચોરી કે દારૂ જેવી બાબતો કરતાં પણ જાતીય જીવનની ભ્રષ્ટતાથી જે અપકીર્તિત થાય છે તેનાથી તો સમાજ હંમેશા વિમુખ રહે છે. એમ કરવામાં જ સમાજનું શ્રેય છે.

મહારાષ્ટ્રના સાંપ્રત રાજકીય પ્રવાહો

સંઘના આશ્રયે ઉપરોકત વિષય ઉપર એક જાહેર વાર્તાલાપ રાખવામાં આવ્યો છે.

વકતા : શ્રી માધવ ગડકરી
તંત્રી, 'લોકસત્તા'

વિષય : મહારાષ્ટ્રના સાંપ્રત રાજકીય પ્રવાહો

સમય : શુક્રવાર તા. ૧૧-૫-૮૪ : સાંજના ૬-૧૫

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ,
૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ
વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦૦૦૪.

સૌને સમયસર પધારવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

દરબારી મોભાને તિલાંજલિ

● પ્રભુદાસ ગાંધી

પૂરાં છાંસઠ વર્ષ પહેલાંનો એ પ્રસંગ છે. ત્યારે અમારો સત્યાગ્રહ આશ્રમ સાબરમતી કાંઠાની જમીન ઉપર લઇ જવાયો નહોતો. સાબરમતી પરના એલિસપુલથી સરખેજ જતી સડકની અડોઅડ કોચરબ ગામનાં ખેતરો વચ્ચે શ્રી જીવણલાલ બૅરિસ્ટરના બગલામાં સત્યાગ્રહ આશ્રમનું કસોટીભર્યું જીવન વિકસી રહ્યું હતું.

'દેહ તારી નથી, જો તું જુગતે કરી' વાળા ઉપદેશને અપનાવવાનો તથા પોતપોતાના સ્વભાવને તેમ જ પોતાની નાની-મોટી ખંખેરી નાખવા જેવી ટેવોને છોડી દઇ યોગ્ય ટેવો શીખવા મઠારવાનો સામૂહિક પ્રયત્ન ચાલી રહ્યો હતો. હિશોર-કિશોરી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, જોમ ભરેલા જુવાન સાથીઓ, બાપુજીનો સત્સંગ મેળવવા આતુરતા અતિથિઓ તથા સત્ય-અહિંસાનો મર્મ ઝીલવા મથનારા જિજ્ઞાસુઓ મળી આઠેક જણ આશ્રમમાં હતાં, તે દરેકનો બાપુજી જોડે તાર સંધાયો હતો. કોણે, કયારે, કઇ રીતે શું કામ કરવું અને નાનાં વ્રતોને આધારે કેમ આરોહણ કરવું તે અંગેની અંગત દોરવણી દરેકને બાપુજી પાસેથી મળી રહેતી. હજી આશ્રમમાં ખાદીકામનું, કાંતવા-પીંજવાનું મંગળાચરણ થયું ન હતું. પણ શરીરશ્રમ સવારથી સાંજ સુધી ગોઠવાયેલો રહેતો. સાથે સાથે વાંચવા-ભણવાની ઉપર પણ ધ્યાન દેવાતું. સાદાઈ, અપરિગ્રહ વધે, કરકસર વધે પણ સ્વચ્છતા અને સુઘડપણામાં ઊણપ ન રહે તે અંગે પૂરો આગ્રહ સેવાતો હતો.

મારી અંગત વાત કરું તો કહેવું પડે કે પરોઢિયે ચારનો ઘંટ વગાડવા સાથે મને બાપુજી જગાડે અને પથારીમાંથી ઊભો કરે. પોતે રસોડાનું કામ કરવાનું શરૂ કરે ત્યારે મને રસોડા અહારનું-સફાઇનું, શૌચાલયમાં વાપરવાની ધૂળ ચાળવાનું કામ સોંપે. ગુજરાતી ગણિત અને સંસ્કૃત વ્યાકરણ ભણાવે અને રાત્રે સૂતાં સુધીમાં બાપુજી પાસેથી કંઇક નવું શીખવાનું મળે.

એક દિવસ નમતે પહોરે બાપુજીએ મને એક સાંધ્યુ જાડું કપડું સંકેલવાનું કામ ચીંધ્યું. અમે રહેતા એ જીવણલાલભાઇના બંગલાની ઓસરી નીચે નાનું સાંકડું આંગણું હતું અને સડકની અડોઅડ થોરની વાડ હતી. સાંજને વખતે એ નાના આંગણામાં તડકો હોવાથી બાપુજીની પાઘડીનું એ કપડું ત્યાં સૂકવ્યું હતું. ધોતિયું વગેરે એમનાં બીજાં કપડાં સુકાઈ ગયેલાં હોઇ સમેટી લેવાયાં હતાં. પાઘડીમાં ભીનાશ હતી તે પણ હવે સુકાઇ જવાથી એ સંકેલવાનું બાપુજીએ મને સોંપ્યું.

હાથકુંતામણ અને હાથવણાટવાળી ખાદી તો અમે સાબરમતી તટે રહેવા ગયાં ત્યાર પછી શરૂ થયેલી. પણ કોચરબના સત્યાગ્રહ આશ્રમમાંયે કપડાં જાડાં હાથવણાટનાં વપરાતાં. મીલના સૂતરનાં છ થી દસ અંકનાં સૂતરનાં હાથ-વણાટવાળાં કપડાં અમે પહેરતાં. ઘટ વણાટનું એ કાપડ પાણ-કોરું કહેવાતું. અમારે જોઇતું બધું કાપડ અમે વણીને તૈયાર ન કરી શકતાં એટલે બગસરા, લાઠી વગેરે સ્થળે વણાતાં પાણ-કોરામાંથી અમારાં કપડાં બનતાં.

કોચરબથી મારા પિતાશ્રીને બાપુજીએ બગસરા જઇ આવવાનું સૂચવ્યું હતું. ત્યાંના જેવા મજબૂત પોતવાળું કાપડ વણવાની કળા કોચરબમાં અપનાવાય એ હેતુથી મારા પિતાશ્રીએ બગસરાના કામનું નિરીક્ષણ કર્યું અને ત્યાંથી પોતાને માટે તથા મગનકાકા માટે બે પાઘડી ખરીદી લાવ્યા. કાઠિયાવાડના રિવાજ પ્રમાણે પુખ્ત વયના પુરુષો ત્યારે કોઇકને કોઇક રંગવાળી પાઘડી પહેરતા. સફેદ રંગની પાઘડી જેને માથે સફેદ વાળ આવ્યા હોય તે પહેરતા. એવા કોઇ રંગ વિનાની ધોળી પાઘડી મારા પિતાશ્રી લઈ આવેલા. તેમાં કેવળ જાંબુડા રંગની ઝીણી ચોકડીઓ હતી. કાકાને અને પિતાશ્રીને માથે એ પાઘડીઓ બહુ શોભતી-સાદી છતાં ભાતીગળ-દેખાતી હતી. મારી ઉંમર પ્રમાણે હજુ વરસ પછી પાઘડી પહેરવાનો મારો વારો આવવાનો હતો, છતાં મે ઠરાવી રાખેલું કે હું પોપટિયા રંગની પાઘડી પહેરીશ. એ દિવસ કયારે આવે તેની હું રાહ જોતો હતો ત્યાં બાપુજીએ મારા એ તરંગના મૂળમાં જ કાપ મૂકી દીધો.

બાપુજીએ ચીંધ્યા પ્રમાણે એમની પાઘડી સંકેલવા હાથમાં લઇ વિચારવા લાગ્યો કે 'સામસામા બે છેડા ભેગા કરીને સંકેલું કે પનો ખેવડો વાળીને સંકેલું? કરચલી રહી જાયએ બાપુજીને નહીં ગમે.' બાપુજી ઓસરીમાંથી મારું કામ નિહાળી રહ્યા હતા. એમણે કહ્યું, 'ધોતિયું સંકેલાય એમ આ પાઘડી પૂરેપૂરી સંકેલી લે. હવે એ પહેરવાની નથી, મૂકી દેવાની છે.'

મેં પૂછ્યું, 'આવતી કાલે સવારની ટ્રેઇનમાં તમારે દિલ્હી જવાનું છે ને? ત્યાં જોઇશે ને?'

'ના, હવે દિલ્હીમાં પણ હું અંગરખું પાઘડી પહેરવાનો નથી. તમે છોકરાઓ પહેરણ-ટોપી પહેરો છો તેમ હુંયે ટોપી-પહેરણ પહેરીને વાઇસરોય પાસે જઇશ.'

'તો હવે પાઘડી-અંગરખું કયારે પહેરશો?'

'હવે તો આપણું સ્વરાજ આવે અને આપણા પ્રતિનિધિઓની પાર્લમેન્ટ બેસે તેમાં મારે જવાનું થાય ત્યારે હું અંગરખું અને પાઘડીવાળા પોશાકમાં ત્યાં બેસીશ.'

મને સુંદર શોભીતી મહારાષ્ટ્રી પાઘડીવાળા તિલક મહારાજ અને રેશમી રંગની પાઘડીવાળા મદનમોહન માલવિયાજી યાદ આવ્યા. એ દિવસોમાં ઘરેઘરમાં તિલક મહારાજનો ફોટો જોવા મળતો. બાપુજીની કાઠિયાવાડી પાઘડી, તિલક મહારાજની દક્ષિણી પાઘડી, માલવિયાની રેશમી રંગવાળી ઊંચી ગોળ પાઘડી એ બધાની ભારે છાપ મારા ઉપર પડતી. બાપુજીની જેમ દિલ્હીમાં તિલક મહારાજ પણ ત્યાં વાઇસરોય લોર્ડ ચેમ્સ્ફર્ડ પાસે જવાના છે અને ત્યાં લંડનથી આવેલા હિંદી વજીર મોન્ટેગ્યુ જોડે હિંદના નેતાઓ વાટાઘાટ કરવાના છે એ જાણ અમને કોચરબ આશ્રમમાં થયેલી. આવે મહત્ત્વને પ્રસંગે બાપુજીએ ત્યાં અંગરખા અને પાઘડી વિના જવાનું ઠરાવ્યું તેની મને નવાઇ લાગી. પણ બાપુજી જોડે વધુ ચર્ચા કરવાનું મારું ગજું નહોતું. એમની પાઘડી સંકેલીને હું ઘરમાં પૂજ્ય કસ્તુરબાને આપી આવ્યો.

પાઘડી સંકેલવાના કામનું એ સંસ્મરણ તાજું થયું, પણ તે જોડેની ઘણી વિગતો તદ્દન વીસરાઇ ગઇ છે. બીજે

દિવસે બાપુજી શું પહેરીને, કેવી ટોપી પહેરીને દિલ્હી જવા નીકળ્યા એ કંઈ સાંભરતું નથી.

સાંભરે છે વઢવાણવાળા શ્રી મોતીલાલ દરજીનું કોચરબમાં આવવું અને વ્યવસ્થિત રીતે તેઓ સિલાઈકામનો વર્ગ ચલાવતા તે. રોજ બપોરે બે વાગ્યાને શુમારે બે-અઢી કલાક એ વર્ગ ચાલતો. બાપુજી પોતે એ વર્ગમાં બેસી મોતીલાલભાઈ પાસે સીવવાનું તથા કપડાં વેતરવાનું શીખતા. સીવણકામના એ વર્ગમાં દેવદાસ ગાંધી પણ જોડાયા હતા અને તેમણે સીવવા, વેતરવા તથા સિલાઈ મશીન બેઠી સરખું કરવાનું યે શીખી લીધું હતું.

આ સીવણવર્ગમાં પહેરણના ઘાટ અંગે નવા પ્રયોગો કરવામાં આવ્યા અને વિશેષ તો ટોપીના પ્રયોગો અજમાવાયા.

દક્ષિણ આફ્રિકાથી અમારી ફ્રિનિક્સ મંડળી ભારત આવવા નીકળી એ પહેલાં બાપુજી કસ્તુરબા અને મિ. કેલનબેક સાથે ઇંગ્લંડમાં માનવંતા ગોખલે મહારાજને મળવા સારુ કેપટાઉન જઈ વિલાયત જતી સ્ટીમરમાં રવાના થયા હતા. બાપુજીનાં સૂચનો પ્રમાણે મગનલાલકાકાએ અમારી હિંદ આવવાની તૈયારી કરાવી. મુંબઈ બંદરે પહોંચીએ ત્યારે અમે યુરોપિયન વેશમાં ન હોઈએ એની કાળજી રખાઈ.

મગનકાકા, મગનભાઈ પટેલ, જમનાદાસકાકા વગેરે મોટેરાઓએ તો ધોતિયું, પહેરણ, અંગરખું અને પાઘડીનો પોશાક સ્ટીમરમાં જ ધારણ કરવાનું ઠરાવ્યું. કોટ, પાટલૂન, નેકટાઈ છૂટ્યાં. અમારે છોકરાઓએ નિકર, ખમીસ, મોજાં વગેરેને બદલે નાડીવાળા સાદી ચોરણી, પહેરણ અને માથે ટોપી પહેરવી એમ નક્કી થયું. પણ કઈ, કેવી જાતની ટોપી પહેરવી એ પ્રશ્ન ઉકેલવામાં મુશ્કેલી આવી.

મુંબઈના મધ્યમ વર્ગવાળા એ કાળે ગોળ બનાવટની ઊંચી તપખીરિયા કે કાળાશ પડતા રંગની કડક જાડી ટોપી પહેરતા એ મોંઘી આવતી અને વેપારી વર્ગના હોવાની છાપ ઊભી થતી. જ્યારે અમારે તો ગરીબની જોડે અનુસંધાન સેવવાનું હતું એટલે એ મોંઘી ટોપી સ્વીકારાઈ નહીં. છેવટે શેઠ પારસી રૂસ્તમજીની સલાહ સ્વીકારાઈ. મુંબઈગરા અને સુરતી પારસીઓ પહેરે એવી ઘેરા આસમાની રંગની મખમલની ગોળ આકારવાળી ટોપી ફ્રિનિક્સ મંડળીના છોકરાઓએ મુંબઈ બંદરે ઊતરતી વખતે પહેરવી એવું નક્કી થયું. ડરબનથી અમે સ્ટીમરમાં નીકળ્યા તે પહેલાં અમને છોકરાઓને અમારા બાપની પારસી ટોપીઓ અપાવી દીધી. એ ટોપીની ઊંચાઈ વધારે ન હોવાથી અમને ગમી ગઈ.

અમદાવાદ શહેરના ઓછાયા તળે જ્યારે સત્યાગ્રહ આશ્રમનો કોચરબ ગામની સીમમાં આરંભ થયો ત્યારે ગ્રામવાસીઓ તથા સાધારણ સ્તરના નગરવાસીઓ વચ્ચે અમારી મખમલની ચમકાટવાળી ટોપીને બદલે વધારે સાદાઈવાળી ટોપીનું વિચારાયું. એટલે અમદાવાદી સાધારણ લોકોને માથે જોવામાં આવતી હોડી ઘાટની, કાશ્મીરી ટોપીને નામે ઓળખાતી ટોપીઓ અમારે સારુ ખરીદાઈ. એ રાખોડી રંગના કપડાની બનતી. એની ચાર આંગળ પહોળી પટ્ટી વચ્ચે એક આંગળ પહોળાઈમાં તપખીરિયા દોરાનું ભરતકામ હોવાથી એ શોભતી હતી અને તેને જ્યારે બગલ થેલીમાં મૂકી દેવી હોય ત્યારે એ બેવડ વાળીને મૂકી દેવાની સગવડ પણ કાશ્મીરી ટોપીમાં હતી.

આશ્રમના વિદ્યાર્થીઓ જ નહીં વડીલો પણ એમના પાઘડી અંગરખાવાળા પોશાકને બદલે પહેરણ અને કાશ્મીરી ટોપી પહેરીને શહેરમાં આવજા કરતા થયા. કોઈ કોઈ ટૂંકા પ્રવાસમાં બાપુજીએ પણ કાશ્મીરી ટોપી વાપરવા માંડી.

વઢવાણના મોતીભાઈ દરજીએ કોચરબ આવી રીતસર સીવણકામ શીખવવા માંડ્યું ત્યારે કાશ્મીરી ટોપીમાં સાદાઈ વધારવાનો પ્રયત્ન શરૂ થયો. હિંદના અનેક પ્રાંતોમાં પ્રચલિત વિવિધ પ્રકારની ટોપીઓમાં વારાણસી અને લખનઉ બાજુએ વપરાતી ઘોળી અને માથે ઘનપાકારવાળી ટોપી સાદાઈમાં ખપે એમ વિચારાયું, પણ તેમાં નીચેની ઝીણી પટ્ટી ઉપર ઘણું ઝીણું મલમલનું કપડું હોવાથી તે ઝટઝટ ચોળાઈ જાય અને વારંવાર ધોતરી કરવી પડે એ મુશ્કેલીને કારણે એ મલમલીઆ ટોપીનો વિચાર માંડી વાળવામાં આવ્યો.

સીવણવર્ગમાં સિંગર મશીન પર સીવવાને બદલે બાપુજીએ સોય વડે હાથે સીવવાનો અભ્યાસ વધાર્યો. જાતે જ પહેરણ માટે કપડું વેતરી એને ખમીસને બદલે કફનીનો ઘાટ આપ્યો. અને બજારમાંથી ખરીદીને લાવવી પડતી કાશ્મીરી ટોપીને બદલે હાથે સીવેલી પાણકોરાની ટોપી બનાવી. કાશ્મીરી ટોપીનાં બેય પાસાંમાં હળવું પાતળું પૂઠું આવતું તેમ આ પાણકોરાની ટોપીમાં પણ બંને બાજુએ પૂઠાનો એક એક કટકો નાખવાનું યે એવી રીતે ગોઠવ્યું કે ટોપી ધોવા ટાણે પૂઠું કાઢીને ધોઈ શકાય.

આ રીતની ધોળી પાણકોરાની ટોપીનો વપરાશ લાંબા વખત સુધી ચાલ્યો એવું મને યાદ છે, પણ એ યાદ નથી આવતું કે બાપુજીએ પાઘડી-અંગરખું અને દુપટ્ટાનો ત્યાગ કર્યા પછી બીજે દિવસે તેમણે પાણકોરાની પૂઠાવાળી ટોપી પહેરી હતી કે નહિ.

(૨)

હવે રહી 'ગાંધીટોપી'ના મંગળાચરણની વાત. એ અંગે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. અમુક ચોઘડીએ એનો જન્મ થયો એવું કંઈ મારી સ્મૃતિમાં નથી છતાં એટલું નિશ્ચિત કહી શકાય કે સને ૧૯૨૧માં ગાંધીટોપીનો ઉદય થયો. કોચરબના બંગલામાંથી સાબરમતી કાંઠે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના બાદ પછી પણ અમારું ધ્યાન મીલના સૂતર વડે હાથવણાટ કરવામાં હતું. આશ્રમ પૂરતું કાપડ તૈયાર કરવા જેટલી સાળો સાબરમતી કાંઠે નવા મકાનમાં શરૂ કરી શકાઈ અને દુકાળનું સંકટ આવતાં હાથવણાટનું કાપડ કામ રાહતની દૃષ્ટિએ પણ આસપાસના વણકરોને અપાયું તેથી તેના વેચાણની પ્રવૃત્તિ આશ્રમ દ્વારા થવા લાગી. તે વખતે રેંટિયા વડે જાતે કાંતી લઈ સૂતર તૈયાર કરવાની સૂઝ આશ્રમની ક્ષિતિજમાં પ્રગટી નહોતી.

જલિયાંવાળા બાગના જુલમભર્યા હત્યાકાંડે સને ૧૯૧૯માં આખા દેશને જગાડ્યો. બાપુજી પંજાબ જઈ બે મહિના ત્યાં રોકાયા અને બીજા દેશનેતાઓ સાથે અંગ્રેજોના જુલમની તેમણે તપાસ કરી. એ વખતે પંજાબમાં ગામડી રેંટિયા પર પુષ્કળ સૂતર અનેક કુટુંબોમાં કંતાતું હતું. અને તેની સરસ જાડી ખાદી બનતી હતી આ બધું જોઈ બાપુજી પાછા સાબરમતી આવ્યા ત્યાર બાદ આશ્રમમાં પણ હાથે કાંતવાનો પુરુષાર્થ આરંભાયો. બાપુજીએ પોતાની આત્મકથામાં જણાવ્યું છે તેમ ઉત્તર ગુજરાતમાં હાથકંતામણનો ઉદ્યોગ અનેક

પરિવારમાં ચાલતો હતો તે જાણ થઇ અને હાથ કંતામણ તથા હાથવણાટની ખાદીનું ધોતિયું, પહેરણ બાપુજીએ ધારણ કર્યું, આ સાથે ટોપી પણ ખાદીની બનેલી જ બાપુજીએ શરૂ કરી.

ખાદીની આ ટોપીનો ઘાટ હોડી આકારનો જ રહ્યો, અને પાણકોરાની ટોપીની જેમ એ ધોળી જ રાખવામાં આવી. જાડું કપડું અને ઓછી ઊંચાઇ હોવાથી આ ટોપી ઝટપટ ચોળાઇ જાય એવી નહોતી. મને એવું સાંભરે છે કે બાપુજી, મગનકાકા, વિનોબા, આપાસાહેબ પટવર્ધન વગેરે ચાર પાંચ વ્યક્તિઓએ ૧૯૨૦માં ખાદી જ પહેરવાનું વ્રત લીધું. બીજા આશ્રમવાસી ભાઇ-બહેનો મોટે ભાગે મીલ-સૂતરનું હાથ-વણાટનું કપડું વાપરી સ્વદેશીવ્રતનું પાલન કરતાં. ખાદી મોંઘી હોઇ પરવડે નહિ, જાડી હોઇ ધોવી-સૂકવવી ફાવે નહીં એવી દહેશત અનેક આશ્રમવાસીઓની હતી. પણ ખાદીની ટોપી આશ્રમવાસીઓએ તરત જ અપનાવી લીધી. સૌને માથે એકસરખી ટોપીની સાદી છાપ પણ ઊભી થઇ.

જ્યારે ૧૯૨૧માં બાપુજીએ અંગ્રેજ સરકાર સામે જાહેર કરેલી અસહકારની હિલચાલનું જોર વધ્યું તે અરસામાં મુંબઇમાં બાપુજી હસ્તક શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીભાઇએ હાથકંતામણના સૂતરની હાથવણાટની ખાદી વેચવા માટે વેચાણ ભંડાર શરૂ કર્યો. અને તેમણે પોતાની વેચાણકળાનો લાભ લઇ ખાદીનાં સીવેલાં તૈયાર કપડાનું વેચાણ આરંભ્યું. આ તૈયાર કપડાનાં જુદાંજુદાં નામોની જેરાજાણીભાઇએ જાહેરાત કરી. તેમાં ખાદીની ટોપીને 'ગાંધી-ટોપી' તથા ખાદીની બંડીને 'જવાહર-બંડી' વગેરે નામોથી જાણીતાં કર્યાં.

આ પછી વિલાયતી વસ્ત્રોની હોળી કરવાની પ્રેરણા બાપુજીએ લોકોમાં જગાડી. એને સારુ બાપુજીએ આખા દેશમાં, પ્રતિ પ્રતિ જાતે જઈ ઠેર ઠેર સભાઓમાં ખાદી પહેરવાનો અને વિલાયતી વસ્ત્રોને અગ્નિમાં પધરાવવાનો સંદેશ આપ્યો. આ સભાઓને અંતે વિલાયતી વસ્ત્રોની પ્રગટાવવાની હોળીની જ્વાળામાં લોકોની ભીડમાંના ઘણા બધા ભાઇઓ પોતપોતાની વિદેશી વસ્ત્રની બનેલી ટોપીઓ પોતાને માથેથી ઉતારીને અગ્નિ ભેગા કરતા હતા. બીજી બાજુ આખા યે દેશમાં ચુનંદા ખાદીપ્રેમી ભાઇઓએ ટુકડેટુકડાંણે ખાદીની ટોપીઓ બનાવી તેનં મહોલ્લે મહોલ્લે ફેરીઓ કરીને પડતર ભાવે વેચાણ કર્યું. આ રીતે 'ગાંધી-ટોપી' દેશભરમાં વ્યાપક બનતી ગઇ.

અંગ્રેજ સરકારના અમલદારોએ 'ગાંધી-ટોપી' ની લોક-પ્રિયતાને રાજકીય ચળવળનું અનિષ્ટ લક્ષણ લેખ્યું અને સરકારી નોકરિયાતો તેમજ સામાન્ય નાગરિકોએ પહેરેલી 'ગાંધી-ટોપી' પ્રત્યે સખત અણગમો દર્શાવ્યો. આને પરિણામે લોકહૃદયે 'ગાંધી-ટોપી' નું સન્માન અને તેની પ્રતિષ્ઠા ખૂબ જ વધ્યાં. રાષ્ટ્રીય પોશાકમાં 'ગાંધી-ટોપી' અનિવાર્ય લેખાઇ. આમ સને ૧૯૧૫માં કોચરબ આશ્રમમાં આવીને મોતીલાલ દરજીએ સીવણવર્ગ શરૂ કર્યો ત્યારે સ્વદેશી વસ્ત્રની લોકોમાં પ્રચલિત પ્રકારની ટોપી બનાવવાનો આરંભ થયો. તેનો વિકાસ થતાં થતાં સ્વદેશીના અને વિલાયતી વસ્ત્રના બહિષ્કારના જવલંત પ્રતીક જેવી 'ગાંધી-ટોપી'નો જન્મ થયો.

કોચરબથી દિલ્હી વાઇસરોય અને હિંદી મંત્રીની પાસે જવા વખતે બાપુજીએ પાઘડી, અંગરખું અને દુપટ્ટો પહેરવાનો પરિત્યાગ કર્યો એ સંકલ્પનું મૂળ કારણ શું હતું? બાપુજી જેમને પોતાના મોટાભાઇ ગણતા તે વારાણસીના પંડિત મદનમોહન માલવિયાએ પોતાને આંગણે હિન્દુ યુનિવર્સિટી ચાલુ કરવા દેશભરમાં પરિભ્રમણ કરી શ્રીમંતો અને રાજામહા-રાજાઓ સમક્ષ ટહેલો નાંખી મોટું ભંડોળ ભેગું કર્યું હતું. સને ૧૯૧૬ ના ફેબ્રુઆરીની પાંચમી અને છઠ્ઠીએ તે શિક્ષણ-સંસ્થાની સ્થાપના નિમિત્તે વિશેષ સમારંભ ગોઠવ્યો હતો. તેમાં ઘણા બધા રાજામહારાજાઓને નિમંત્રણ આપી ભેગા કરવામાં આવેલા અને તે વખતના વાઇસરોય લોર્ડ હાર્ડિંજ હસ્તક સ્થાપનાવિધિ કરવામાં આવ્યો હતો. એ પ્રસંગે બાપુ-જીને પણ આમંત્રણ હતું. બે દિવસ લગી ચાલેલાં અનેક વ્યાખ્યાનો થયાં પછી માલવિયાજીએ બાપુજીને પણ આગ્રહ કરી એ સભામાં બોલવાને ઊભા કર્યા. બાપુજીએ એ તકનો લાભ લઇ કશા સંકોચ વિના નિર્ભયતાથી પોતાના અંતરની વાત શ્રોતાઓને સંભળાવી. તેમાં તેમણે કહ્યું તેનો થોડો અંશ નીચે પ્રમાણે છે:

'હવે હું તમારી પાસે એક બીજો વિચાર રજૂ કરું છું.

'ગઇ કાલની સભાના પ્રમુખશ્રી હિંદની ગરીબાઇ વિશે બોલ્યા હતા. બીજા વક્તાઓએ પણ એ વિષય ઉપર ભાર મૂકયો હતો. પણ મંડપમાં આપણે શું જોયું? કોઇ પેન્સિનાં ઝવેરીની આંખોને પણ ચકિત કરી દે એવું ઝવેરાતનું પ્રદર્શન. હું એ રાજામહારાજાઓને આપણા કરોડો ગરીબો સાથે સરખાવું છું. હું મનમાં એમને કહું છું કે 'જ્યાં સુધી તમે તમારાં ઝવેરાત નહીં ઉતારો અને ગરીબોના હિત માટે તેનો ઉપયોગ નહીં કરો ત્યાં સુધી હિંદનો ઉદ્ધાર થવાનો નથી... હિંદના કોઇ પણ શહેરમાં કોઇ મોટો મહેલ ચણાતો હું સાંભળું છું ત્યારે મને બહુ દુઃખ થાય છે, કારણ તે માટે પૈસા તો ખેડુતો પાસેથી લેવાય છે. ખેડુતોની મહેનતનું લગભગ આખું ફળ આપણે લઈ લઇએ તો આપણામાં સ્વરાજની ભાવના બહુ હોઈ શકે નહીં.'

બાપુજીના આ ભાષણનો ઊંડો પ્રભાવ પડયો. તે સાંભળી અનેક યુવકોને દેશસેવાની ખરી સૂઝ મળી. વારાણસીના આ પ્રસંગ પછી સને ૧૯૧૭ ના ઓકટોબરની ૨૬ મીએ વાઇસરોય લોર્ડ ચેમ્સફર્ડ તથા ઇંગ્લેંડથી આવેલા હિંદી વજીર મોન્ટેગ્યુ સાહેબે હિંદના પ્રતિનિધિઓને મળવા સારુ દિલ્હી બોલાવ્યા હતા. એ પ્રતિનિધિઓમાં ગાંધીજી, મોતીલાલ નહેરુ, બાળગંગાધર તિલક અને મહંમદઅલી ઝીણા હતા. એ સમયે યુરોપમાં પ્રથમ વિશ્વયુદ્ધ બહુ વરસનું બન્યું હતું. જર્મન કૈસર સામે રણભૂમિ પર અંગ્રેજોને ભારતના સૈનિકોની જરૂર હતી. એટલે હિંદીઓને સ્વરાજની આંશિક કિરત આપવાનો પ્રસ્તાવ મોન્ટેગ્યુ લાવેલા.

બાપુજીએ દિલ્હીનું તેડું સ્વીકારી ત્યાં જવાનું નક્કી કર્યું એટલે એમણે પોતાના મનમાં ઠરાવ્યું કે કાશીમાં વાઇસ-રોય સમક્ષ ભભકદાર દેખાવ ન કરવા રાજામહારાજાઓને પોતે સૂચન કર્યું હતું તેના અનુસંધાનમાં તેમણે પણ દિલ્હીના રાજદરબારમાં જવા ટાણે પોતાના વેશમાં સાદાઇ વધારવી જોઇએ. આથી પોરબંદર અને રાજકોટમાં બાપદાદાના વખતથી રાજદરબારમાં જરૂરી ગણાતાં વસ્ત્રો -અંગરખું, પાઘડી અને દુપટ્ટાને તેમણે તિલાંજલિ આપી. એમ કરીને એમણે રાષ્ટ્રની સ્વમાન ભાવનાને દેશની ગરીબ જનતા પ્રત્યે હમદર્દીનું રચનાત્મક રૂપ આપ્યું.

જૈન દર્શન અને સંત તિરુવલ્લુવર

નેમચંદ એમ. ગાલા

ઈસની સન પૂર્વે ૮૦૦ થી ૨૦૦ વર્ષના સમયગાળા દરમિયાન વિશ્વ વિચારધારાએ અભિનવ વળાંક લીધો અને માનવીનું ચિંતન સૃષ્ટિના અભ્યાસ અને બોજથી ફંટાઈ જગત, જીવ અને આત્માના અન્વેષણ પ્રત્યે કેન્દ્રિત થયું. વિશ્વચિંતને ધરી બદલી.

આ સમયગાળામાં સમસ્ત માનવજાતે પોતાનાં ઉત્તમ લક્ષણો સર્વોચ્ચ કોટિએ પ્રગટ કર્યાં. તત્ત્વજ્ઞાન, કલા, સંગીત, શિલ્પ, ચિત્રકળા, વગેરેના વિકાસ માટે આ સુવર્ણકાળ હતો.

આ સમય તત્ત્વચિંતન, સામાજિક પુનરુત્થાન તથા બૌદ્ધિક સંક્રમણકાળ જેવો હતો. ભારતમાં મહાવીર તથા બુદ્ધ, ઈરાનમાં જરથોસ્ત્ર, ગ્રીસમાં પાયથાગોરસ, સોક્રેટીસ અને પ્લેટો, ચીનમાં લાઓત્સે અને કન્ફ્યુશિયસ વગેરે ચિંતકોએ માનવીના આધ્યાત્મિક વિકાસને કેન્દ્રમાં રાખી પોતપોતાની આગવી વિચારધારાઓ પ્રસ્થાપિત કરી.

દરેક ચિંતનધારાઓના પ્રવાહ એકમેક પર તેમ જ સંસ્કૃતિ પર આગવી અસર પાડે છે. ક્યારેક સમરસ થઈ જાય છે. ક્યારેક સ્થાયી છાપ મૂકી જાય છે.

ઈસવી સન પૂર્વે જનસમુદાય વેપાર અર્થે ગંગાની મધ્ય ખીણના પ્રદેશમાંથી મથુરા અને ઉજ્જૈન થઈ સ્થળાંતર કરતાં કરતાં પૂર્વમાં અને કાળક્રમે દક્ષિણમાં અયહોલા, ત્યાંથી કર્ણાટક (શ્રવણ બેલગોડા) અને તમિળ પ્રદેશમાં વસ્યો અને એ રીતે વૈદિક તથા જૈન ધર્મનો ફેલાવો થયો.

શ્રુતકેવળી ભદ્રબાહુની સાથે જૈનોનો સમૂહ શ્રવણ બેલગોડા આવીને વસ્યો–સ્થિર થયો. જૈનોના કેટલાક સમૂહે કર્ણાટકમાંથી કોંગુ પ્રદેશ (સાલેમ, ઈરોડ અને કોઇમ્બતુરનો વિસ્તાર), પશ્ચિમમાં કાવેરીપટ્ટમ તિરુચિરપલ્લી અને દક્ષિણમાં પુદુકોટાઈ વિસ્તાર (સીત્તાનાવસલ) અને પાંડ્ય રાજ્યના મદુરાઇ, રામચંદ્રપુર અને તિરુનેલવેલી જિલ્લાઓમાં વસવાટ કર્યો. આ વિસ્તારોમાં પહાડો અને ડુંગરાળ પ્રદેશોમાં ગુફાઓ અને કોતરોમાં જૈન સાધુ–સાધ્વીઓએ વિહાર–નિવાસ કર્યો જેને સમર્થન આપતાં આલેખાયેલા ઇ. સ. પૂર્વ ત્રીજીથી બીજી સદીના બ્રાહ્મીલિપિમાંનાં શિલાલેખો અને લખાણો આ પહાડો અને ગુફાઓમાં જોવા મળે છે.

આવાં સ્થળોની નજીક જૈન મંદિરોનાં ખંડિયેરો તથા અવશેષો પણ જોવા મળે છે. સંલેખણા–અનશન કરી કાળધર્મ પામનાર મુનિઓનાં નામની યાદી પણ કોતરાયેલી જોવા મળે છે.

ઇ. સ. પૂર્વની છઠ્ઠીથી બીજી સદી દરમિયાનનાં શિલાલેખો, તામ્રપત્રો, અચ્ચાયલુર, અલગારમલાઇ, અનાઇમલાઇ, કોંગાર પુલીઅમયુલમ, સીત્તાનાવાસલ, તિરુનાથકુનરુ, તિરુપુરનકુનરમ્, પુગલુર, મંગુલમ્, અરીઆરમલાઇ, તિરુચિરપલ્લી, કુરંગલકુટ્ટી, અરિતપટ્ટી વગેરે સ્થળોએ જોવા મળે છે.

જૈન મંદિરોનાં અવશેષો તથા શિલ્પસ્થાપત્ય દક્ષિણ તથા ઉત્તર આરકોટ જિલ્લો, તિરુચિરપલ્લી, પુદુકોટાઇ, મદુરાઇ અને તિરુનેલવેલી જિલ્લામાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે.

જૈન પરંપરા અને જૈન સાહિત્યની સાથોસાથ તમિળ સાહિત્યનો વિકાસ થયો છે. જૈન કવિઓ અને વિદ્વાનોએ પોતાનાં આગવાં પ્રદાનથી તમિળ સાહિત્યને સમૃદ્ધ અને વિસ્તૃત કર્યું છે અને ગૌરવવંતુ સ્થાન ભોગવ્યું છે. તમિળ સાહિત્યનો વિકાસ જૈનોના આભારી છે. જૈન કવિઓ અને વિદ્વાનોએ સાહિત્યના ઉત્કર્ષ અને ઉત્થાનમાં નોંધાવેલો ફાળો અનન્ય અને અમૂલ્ય છે.

કહેવાય છે કે આઠ હજાર જૈનોએ દરેકે એક એક ઋચા રચી. અને આઠ હજાર ઋચાઓની વિખ્યાત કૃતિ 'નલદીયાર' રચાઇ, જેની આજે માત્ર ચારસો ઋચાઓ ઉપલબ્ધ છે.

તમિળ વ્યાકરણ અને શબ્દકોશની રચના જૈનોએ કરી. અવ્વૈયાર નામની કવયિત્રી ખૂબ લોકપ્રિય હતાં. અને તેઓ જૈન સાધ્વી હતાં, જેમણે જૈનદર્શન વિષે પદ્યમાં ગ્રંથ રચ્યો અને વૈરાગ્ય, કર્મવાદ, વીતરાગતા, નિર્લેપતા વગેરે વિષયોની ઊંડી છણાવટ કરી છે.

પાંચ મહાકાવ્યો :– આદ્યમપેરુમ કપ્પીઅન્ગલ–'મણિમેખલાઇ', 'શિલપ્પાધિકારમ્', 'વલ્લપથી', 'ચિંતામણિ', અને 'કુંડલકેશન' એ પાંચ મહાકાવ્યોમાંથી ત્રણના રચયિતા જૈન હતા.

સૌથી પ્રાચીન નીઘટુ દિવાકરમ્ (શબ્દકોશ) જૈન કૃતિ છે.

સંસ્કૃત અને તમિળના વિદ્વાન અમીતસાગર જૈન હતા. એમણે તમિળ શબ્દોના વ્યાકરણ કરીકકાઇની રચના કરી.

પ્રખર અને પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કુંદકુંદ આચાર્ય કર્ણાટકમાં જન્મેલા. એમણે પ્રાકૃત ભાષામાં પ્રસિદ્ધ ગ્રંથ 'સમયસાર'ની રચના કરી હતી. 'સમયસાર' ગ્રંથની કન્નડ આવૃત્તિ તાજેતરમાં જ કર્ણાટકના દિગંબર જૈન ટ્રસ્ટે પ્રકાશિત કરી છે. આ ટ્રસ્ટ આચાર્યશ્રીની આત્મકથાના પ્રકાશન માટે પણ પ્રવૃત્ત છે.

પ્રભાવક જૈન સાધ્વીઓ

પ્રભાવક જૈન સાધ્વીઓએ પોતાનાં તપ અને વિદ્વત્તાથી અને બોધ–ઉપદેશ દ્વારા સમાજ પર પ્રચંડ પ્રભાવ પાડ્યો. એમને ગૃહસ્થધર્મનો બોધ આપ્યો અને સાદા સંયમી જીવન તેમ જ સદાચાર તરફ વાળ્યા.

ઉપરાંત શૈવ અને વૈષ્ણવ ભજન–પ્રાર્થનાઓમાંથી પણ તમીળમાં જૈનોના જીવન અને કવન વિષે નિર્દેશો મળી રહે છે.

સંતકવિઓની પરંપરા એ ભારતની સર્વોચ્ચ અને આગવી પરંપરા છે. સંતોની વાણીની અસર ભારત પર ઘેરી, સ્થાયી અને ચિરંજીવ રહી છે. ભારત બહાર આવી પરંપરાની નજીક આવી શકે એવી માત્ર સૂફી સંતોની પરંપરા છે.

સૂફી સંતો ઉપદેશકો અથવા શિક્ષકો હતા. જિજ્ઞાસુન તથા શિષ્યોને કેવી રીતે વિદ્યાદાન આપવું તે એમનો રહસ્યમંત્ર હતો. Talk to every man according to his level of understanding.

શિષ્યો સાથે એમનાં સ્તર પર ઊભા રહી એમની ભાષામાં એમની સમજ પ્રમાણે વાત કરો.

સંત અને ભકત કવિ કબીર પણ સંત તિરુવલ્લુવરની જેમ વ્યવસાયે વણકર હતા. સંત તિરુવલ્લુવર બાર સદીઓ

પછી કબીરે પણ સર્વધર્મસમભાવની વાત કરી. બેઉ સંત કવિઓ સાંપ્રદાયિકતાથી પર હતા. એમણે કોઈ પંથ ન સ્થાપ્યો કે ન અનુસર્યો, પણ બેઉએ માનવીના ઉત્કર્ષ માટેનો પંથ ચીંધ્યો.

જૈનદર્શનનાં સિદ્ધાંતો અને પરંપરાનો ઉદય થઈ જ્યારે શતદલે પાંખડીઓ ફેલાવી પૂરા પ્રફુલ્લન સાથે વિસ્તરી રહ્યાં હતાં ત્યારે એ પાર્શ્વભૂમિનાં વાતાવરણમાં સંભવતઃ ઇસુ પહેલાંની પ્રથમ સદીમાં સંતકવિ તિરુવલ્લુવરે જન્મ ધારણ કર્યો. ઇસુ પહેલાંની પ્રથમ સદી અને ઇસુ પછીની પ્રથમ સદીની વચ્ચે એમનો જીવનકાળ પથરાયેલો છે.

સંત તિરુવલ્લુવરે 'કુરળ' નામનો અદ્‌ભુત ગ્રંથ રચ્યો. પ્રથમ કે બીજી સદીમાં રચાયેલાં તમિળનાં બે મહાકાવ્યો શિલપ્પાધિકારમ્ અને મણિમેળલાઇમા 'કુરળ'ની પંચાવનમી ઋચાના અવતરણ તરીકે લેવામાં આવી છે.

તિરુવલ્લુવર વિષે આધારભૂત માહિતી ખૂબ પાંખી છે.

એમનો જન્મ હાલના મદ્રાસના પરામેલાપૂરમાં થયો હતો. એક માન્યતા એવી પણ છે કે તેમનો જન્મ મદુરામાં થયેલો. મદુરા તે સમયે પાંડ્યોની રાજધાની હતી.

તિરુવલ્લુવર નામ ઇતિહાસથી તદ્દન અજાણ્યું છે. એ શબ્દનો અર્થ 'વલ્લુવા જ્ઞાતિનો ભક્ત' એવો થાય છે.

તિરુવલ્લુવર ગૃહસ્થાશ્રમી હતા, સંત કબીર અને સંત તિરુવલ્લુવર બેઉનાં ગૃહસ્થજીવન આદર્શ કોટિનાં હતાં. પરસ્પર પતિ-પત્ની વચ્ચે અદ્‌ભુત સાયુજ્ય અને અખંડ વિશ્વાસ હતાં. કબીરની જેમ તિરુવલ્લુવરનાં જીવનની દાંપત્યની અદ્‌ભુત ઘટનાઓ દંતકથા સમી લોકપ્રિય અને લોકજીભે વસેલી છે. અને લોકો હોંશે હોંશે એની વાત કરતાં થાકતાં નથી.

સંતકવિએ દાંપત્યજીવનમાં ગૃહસ્થી અને કુટુંબજીવનમાં પ્રેમ અને શ્રદ્ધાને સવિશેષ મહત્વ આપ્યું છે. કેન્દ્રમાં રહેલી પ્રેમની વિભાવનાને વિસ્તારી કવિ ક્ષિતિજના પરિધ સુધી લઇ ગયા. લૌકિક ને અલૌકિક સ્તર પર મૂકી દીધું. કુરળની ઋચાઓ તમિળમાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંની જેમ ગવાય છે.

તિરુવલ્લુવર જૈન હતા અને અરિહંતના ઉપાસક હતા એવી દૃઢ માન્યતા અમુક વર્ગમાં પ્રવર્તે છે. આજ દિવસ સુધી તિરુવલ્લુવર એટલા લોકપ્રિય છે કે દરેક પંથવાળા દાવો કરે છે કે તિરુવલ્લુવર પોતાના પંથના હતા...!

'કુરળ'માં જૈન સિદ્ધાંતોનું સૂક્ષ્મ અને વ્યાપક પ્રતિપાદન સંતકવિએ આલેખ્યું છે જેથી પણ તેઓ જૈન હોવાની માન્યતાને પુષ્ટિ મળે છે.

કુરળ

કુરળ શબ્દનો અર્થ થાય છેઃ 'જે નાનું હોય તે.' તમિળ પિંગળમાં એનો અર્થ થાય છે 'છંદ' અથવા 'નાનું સ્વરૂપ'. કુરળ એ છંદનું નામ છે એમ કહી શકાય. એમાં બે પંક્તિઓની એક ઋચા હોય છે. એક ઋચામાં એક ભાવના કે વિચાર પર્યાપ્ત હોય છે. બહુધા માર્મિક કથન રૂપે-ખૂબ સંક્ષેપમાં તત્ત્વ કે પ્રજ્ઞાની વાત માર્મિક રીતે કહેવા માટે આ માધ્યમ ખૂબ અનુકૂળ છે. સંતકવિએ પોતાની આગવી પ્રતિભાથી, ભાષાના અનુપમ લાલિત્યથી અને પ્રાણવાન શૈલીથી 'કુરળ'ને તમિળ સાહિત્ય જ નહીં પણ અન્ય પ્રાચીન સાહિત્યમાં પણ ટોચને સ્થાને મૂકી દીધું છે. એક શબ્દમાં કહીએ તો આ ઋચાઓ 'ઋજુગરવી' છે.

તમિળ પ્રજાએ 'વલ્લુવર'ની આગળ તિરુ લગાડી પોતાનો આદર વ્યક્ત કર્યો છે. અને કુરળ 'તિરુકુરળ' તરીકે ઓળખાય છે. 'તમિળ વેદ' તરીકે તે આવકાર અને આદર પામ્યું છે.

તિરુકુરળમાં કુલ ૧૩૩૦ ઋચાઓ છે. ૧૦ ઋચાઓનાં સમૂહનું એક પ્રકરણ, એવાં ૧૩૦ પ્રકરણો છે, જેના ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે. પ્રથમ : સદાચાર-ગુણધર્મ કે ધર્મ, બીજે : સંપતિ અથવા અર્થ, ત્રીજે : પ્રેમ અથવા કામ.

જૈનદર્શનમાંની મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાઓને ખૂબ જ સુંદર રીતે એમણે વણી લીધી છે.

એમણે આવી ભવ્ય કૃતિને પણ કોઇ શીર્ષક નથી આપ્યું. શીર્ષક આપવાથી વિષય નિશ્ચિત અને સીમાબદ્ધ થઈ જાય છે. કોઇ કવિતાને માત્ર 'કાવ્ય' એટલું જ શીર્ષક આપીએ તો બધા સીમાડા ભૂંસાઇ, સીમાહીન-અનંત તત્ત્વ આવી જાય છે. અરે તો તો એમાં આખું બ્રહ્માંડ સમાઇ જાય...! અને સંતકવિએ પણ આ જ પુરુષાર્થ કર્યો છે.

સંતકવિ માત્ર જૈનદર્શનથી પરિચિત અને પ્રભાવિત હતાં એટલું જ નહિ પણ, એમણે વેદ અને બૌદ્ધદર્શનનો પણ અભ્યાસ કર્યો હતો. ગ્રીસના દાર્શનિકોની વિચારધારાઓ તથા પ્રાચીન રોમની ફિલસૂફીઓના કવિને સારો પરિચય અને અભ્યાસ હતો.

(વધુ આવતા અંકે)

સાભાર – સ્વીકાર

દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ, ૨૦-૧૦ એન્જલ લેન્ડ, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઇ ૪૦૦૦૩૧નાં પ્રકાશનો.

(૧) **શીલ દશક** (પૂર્વાર્ધ) (૨) **શીલ દશક** (ઉત્તરાર્ધ) (૩) **શીલ દશક** (સંક્ષિપ્ત) ત્રણેયના લે. શ્રી દાદા ભગવાન. કીમત છાપેલ નથી.

અન્ય પ્રકાશનો

સિધ્ધાચલની યાત્રા કરવા ચાલો જઇએઃ લે. મુનિરાજશ્રી પૂર્ણચંદ્રવિજયજી

પ્રકા. શ્રી અલોક એસ. શાહ, ૫૩૮ સેન્ટર સ્ટ્રીટ, પૂના કેમ્પ ૪૧૧૦૦૧.

સાધના પથ લે. આચાર્ય રજનીશ; પ્રકા. જીવન જાગૃતિ સંઘ, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઇ ૪૦૦૦૦૨. કીમત છાપેલ નથી.

યોગ સાધનાના પાયા: લે. શ્રી અરવિંદ; પ્રકા. શ્રી અરવિંદ પ્રકા શ્રી અરવિંદ મંડળ, પ્રીતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ ૩૮૦૦૦૬ કીમત રૂ. ૩-૦૦.

અદ્વિતીય ચક્ષુ : લે. કાનજી સ્વામી; પ્રકા. શાંતિલાલ ચીમનલાલ ઝવેરી. કીમત છાપેલ નથી.

હિંસા, યાંત્રીકરણ અને પરદેશીકરણની ચુંગાલમાં ફસાયેલું ભારત : લે. અને પ્રકા. મોહનલાલ બી. મહેતા, સાત ગલી, ઘોળીયા કૂવા, જેતપુર (સૌરાષ્ટ્ર) કીમત છાપેલ નથી.

મિશ્ર સરકાર : લોકશાહીમાં એક વિકલ્પ

સંકલન : જયેન્દ્ર શાહ

[રાષ્ટ્રવ્યાપી આગામી સામાન્ય ચૂંટણીમાં કોઇ એક પક્ષને કદાચ બહુમતી મળશે કે કેમ એવી આશંકા સેવાઇ રહી છે, એવા સંજોગો ઊભા થાય તો મિશ્ર સરકાર રચવાની શક્યતા, કેટલી અને એ વિકલ્પ અંગે રાષ્ટ્રીય પક્ષો શું વિચારે છે એ ભૂમિકાને લક્ષમાં રાખી આ વર્ષની શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળામાં 'મિશ્ર સરકાર : લોકશાહીમાં એક વિકલ્પ' એ વિષય રાખવામાં આવ્યો હતો. પ્રથમ બે વ્યાખ્યાનોનો સાર અત્રે આપવામાં આવ્યો છે. બાકીનાં બે વ્યાખ્યાનોનો સાર હવે પછીના અંકમાં આપવામાં આવશે.-તંત્રી)

સોમવાર, તા. ૯-૪-૧૯૮૪ થી ગુરુવાર, તા. ૧૨-૪-૮૪ સુધી દરરોજ સાંજના ૬-૧૫ કલાકે ચર્ચગેટ પર આવેલા ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને શ્રી અમર જરીવાલા બિરાજ્યા હતા.

શ્રીમતી ભલ્લાના મધુર કંઠે પ્રાર્થના થયા બાદ સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે 'આ વ્યાખ્યાનમાળાનો હેતુ લોકોને વર્તમાન રાજકીય તથા આર્થિક સમસ્યા અંગે જાગૃત કરવાનો છે.' તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે અમારી સંસ્થા કોઇ રાજકીય પક્ષ કે વિચારસરણીને વરેલી નથી.'

વ્યાખ્યાનમાળાના પ્રમુખ શ્રી અમર જરીવાલાએ જનતા પક્ષના પ્રમુખશ્રી ચંદ્રશેખરને આવકારતા કહ્યું : 'શ્રી ચંદ્રશેખરે કરેલાં દેશાટનથી લોકોએ તેમના ભણી મીટ માંડી છે. લોકનાયક જયપ્રકાશ નારાયણ પછી તેઓ દેશને યોગ્ય દોરવણી આપશે એવી શ્રદ્ધા વ્યક્ત કરીને આ વર્ષની વ્યાખ્યાનમાળાનું પ્રથમ ઉદ્ઘાટન કરવા અને ત્યાર બાદ એમનું વક્તવ્ય રજુ કરવા વિનંતી કરી હતી. દરમિયાનમાં જનતા પક્ષના મુંબઇ એકમના પ્રમુખ ડૉ. જી. જી. પરીખે શ્રી ચંદ્રશેખરનો પરિચય કરાવ્યો હતો.

શ્રી ચંદ્રશેખર

શ્રી ચંદ્રશેખરે વિશાળ શ્રોતા સમુહની હાજરીમાં રાષ્ટ્રભાષામાં પ્રવચન કરતાં કહ્યું હતું કે, રાષ્ટ્ર બંદૂકથી બનતું નથી. લોકોની ઇચ્છાશક્તિથી બને છે. રાષ્ટ્રીય વિકલ્પ દેશની જનતાએ યોગ્ય સમયે પૂરો પાડયો છે. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન થયું. બિહારમાં લોક-આંદોલન થયું. આ આંદોલનો રાજકીય પક્ષોથી મુક્ત હતાં. તેમની પાછળ લોકશક્તિ હતી. લોકોની ઇચ્છાશક્તિએ ઇતિહાસ રચ્યો હતો. રાષ્ટ્રીય વિકલ્પ આપણે ન ધાર્યું હોય એ રીતે ઊભો થશે.

આપ સૌ દેશની સમસ્યાઓથી પરિચિત છો. વિરોધ પક્ષે આ સંજોગોમાં કઇ ભૂમિકા ભજવવાની છે? આ પ્રશ્ને વિરોધપક્ષો દ્વિધા અનુભવી રહ્યા છે. આપણા દેશમાં ભાષાઓ, સંપ્રદાયો અને પ્રાંતોની વિવિધતાને કારણે પણ સમસ્યાઓ છે. આપણું ધ્યેય લોકશાહીનાં મૂલ્યોના આધારે સમાજની રચના કરવાનું છે. તે માટે લોકશાહીની મર્યાદાઓનું પાલન કરવાનું છે.

આપણી પાસે સનાતન સમૃદ્ધ વારસો છે. હજારો વર્ષોનો ભૂતકાળ છે, નવા વિચારોની ધૂનમાં આપણે ભૂતકાળને ન ભૂલવો જોઇએ. ભૂતકાળની વાત એક બાજુએ રાખીએ. રાષ્ટ્રીય આંદોલનમાં જે મૂલ્યો આપણે શીખ્યાં હતાં તે આજે જોવા મળતાં નથી. હું પ્રથમવાર સને ૧૯૬૨ માં સંસદ-સભ્ય બન્યો ત્યારની સંસદ અને આજની સંસદ વચ્ચે બહુ મોટો ફરક છે.

હું છેલ્લા ૫-૬ મહિનામાં ભારતનાં ગામડે ગામડે ફર્યો છું. ત્યારે મેં અભણ લોકોને જોયા. મને લાગ્યું કે આ લોકોમાં જબરદસ્ત વિશ્વાસ છે. તેઓ વિશ્વાસના આધારે જીવી રહ્યા છે અને દુઃખદર્દ સહન કરી રહ્યા છે. સહન કરવું એ કમજોરી નથી. પરંતુ હવે લોકોની સહનશક્તિની હદ આવી રહી હોય એમ લાગે છે. સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોના અગ્રણીઓએ આ વિષે ચિંતા સેવવી જોઇએ.

આજે ભારતની શી હાલત છે? અંતરીક્ષમાં ઊડનાર નવજવાનો જ માત્ર નહિ પરંતુ હજારો વર્ષોથી આપણે કહ્યું છે, 'સારે જહાંસે અચ્છા હિંદોસ્તાં હમારા'. અખંડ વહેતી નદીઓ, ૭૦ કરોડ લોકોની તાકાત, પુરાણો ગૌરવભર્યો ઇતિહાસ અને અખૂટ શક્તિ આપણી પાસે છે. આપણે કલ્પતાના ઉડ્ડયનો છોડીને વાસ્તવિકતા તરફ દૃષ્ટિ કરવા જોઇએ. દેશમાં સોએ પાંચ માણસો અભણ છે. આપણે ખૂબ આગળ છીએ એવો પ્રચાર દિલ્હી અને મુંબઇ જેવાં શહેરોમાં થઇ રહ્યો છે. પરંતુ દેશનું સાચું ચિત્ર જૂદું જ છે. આ દેશમાં બાળકો યોગ્ય આહાર વિના આંધળાં બને છે. લગભગ પચાસ લાખ બાળકો ભૂખ, બિમારી તથા ગંદા પાણીની અસરથી અપંગ બને છે. આપણી સંસ્કૃતિ તો શીખવે છે કે, પશુપંખીઓનાં બચ્ચાં પ્રત્યે પણ નિર્દયતા ન રાખવી જોઇએ. આપણા લોકોનાં વાણી અને વર્તનમાં બહુ મોટા ભેદ જોવા મળે છે. રામાયણની કથા કરતા કથાકાર શબરીની વાત કરતાં આંખમાં આંસુ લાવશે પરંતુ એ જ કથાકાર પોતાના ગામમાં હરિજન પ્રત્યે કઠોર વર્તાવ કરશે.

મને પદયાત્રા દરમિયાન ઘણા લોકોએ ફરિયાદ કરી હતી કે એક દ્રૌપદીની લાજ લુંટાતાં મહાભારતનું યુદ્ધ થયું; પરંતુ હજારો દ્રૌપદીઓ જંગલોમાં વિલખી રહી છે. બહેનોને રાત્રિના સમયે ઘરની બહાર નીકળતાં ડરવું પડે છે. આ પરિસ્થિતિ કોણે સર્જી છે? આપણે જ સર્જી છે.

રાષ્ટ્રીય વિકલ્પ અને વૈકલ્પિક સરકાર એ બંને બાબતો મારી મતે જુદી છે. વડાપ્રધાન કહે છે, વિરોધપક્ષો પાસે અમને હરાવવા સિવાય બીજું કંઇ કામ નથી. જે સરકાર મૂલ્યોનું ખંડન કરતી હોય તેને હરાવવી એ વિરોધ પક્ષોનું રાષ્ટ્રીય કર્તવ્ય છે. મતો વહેંચાઇ ન જાય તે જોવાનું વિરોધ પક્ષોનું કર્તવ્ય છે. પરંતુ પાયાના સવાલોનો આ જવાબ નથી. સરકાર બદલવાથી કંઇ સમાજ નહિ બદલાય.



ડાબી બાજુથી-સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણચન્દ્ર કે. શાહ, સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકલાલ મો. ઝવેરી, પ્રવચન આપે છે ડૉ. ચન્દ્રશેખર, વસંત વ્યાખ્યાનમાળાના સંયોજક શ્રી અમર જરીવાળા, સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, ડૉ. ચન્દ્રશેખરના સાથી શ્રી જી. જી. પરીખ, સંઘના મંત્રી શ્રી કે. પી. શાહ

આપણે પાયાના પ્રશ્નો વિચારવા જોઇએ. શું આપણે એટલા બધા ગરીબ છીએ કે, દેશના લોકોને પીવાનું પાણી ન આપી શકીએ? બાળકોને અંધાપો આવતો ન અટકાવી શકીએ? મહિલાઓ, હરિજનો નથી પછાત કોમના લોકોને પોષણ ન આપી શકીએ? લઘુમતી કોમોને વિશ્વાસ ન આપી શકીએ?

આપણા દેશમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી છે? લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા વગેરે દેવીઓને આપણે પૂજીએ છીએ પરંતુ ઘરમાં સ્ત્રીઓ પ્રત્યે આપણે આદર નથી રાખતા. નારીવર્ગ વિકાસના માર્ગથી દૂર રહેશે તો સમાજની પ્રગતિ થઇ નહિ શકે. સાચી વાત એ છે કે લોકશક્તિ જ વિકલ્પ પૂરો પાડશે. એ વિકલ્પ આપણે ધાર્યો ન હોય એ રીતે પૂરો પડશે.

બીજા દિવસે વ્યાખ્યાન શ્રેણીનાં માર્કસવાદી સામ્યવાદી પક્ષના મહામંત્રી શ્રી ઇ. એમ. એસ. નાંબુદ્રીપાદે જણાવ્યું હતું કે સમાનનીતિ અને કાર્યક્રમના ધોરણે વિરોધપક્ષો એકત્રિત નહિ થાય ત્યાં સુધી દેશમાં મિશ્ર સરકાર સંભવિત નથી. વિવિધ ધર્મો, વિવિધ સંસ્કૃતિ અને વિવિધ જૂથોવાળા આ દેશમાં એક આશાવાદ બાદ કરતાં એક જ પક્ષની સરકાર શક્ય નથી. મિશ્ર સરકાર એ પણ વિકલ્પ નથી. વિકલ્પ માટે લોકમાનસ જરૂરી છે. પરંતુ લોકમાનસ ઘડવા માટે લોકોને જાગૃત કરવાની જરૂર છે.

૧૯૮૦ની ચુંટણી દરમ્યાન શ્રીમતી ગાંધીએ કામ કરતી સરકાર આપવાના વચન સાથે ચૂંટણીમાં વિજય મેળવ્યો પરંતુ સરકાર શું કામ કરે છે? પંજાબ સળગે છે. આસામની સમસ્યા ઉકેલાઈ નથી. તો આ સરકાર કામ કરતી કઇ રીતે કહી શકાય? એમ પ્રશ્ન કરીને શ્રી નાંબુદ્રીપાદે સમાજવાદના નામે આજે બધા પક્ષો લોકો સાથે છેતરપીંડી કરી રહ્યા છે. સત્તા પર આવ્યા બાદ વડા પ્રધાન કોણ બનશે તે અગત્યનું નથી પરંતુ લાંબા ગાળાની નીતિ અને કાર્યક્રમો શું હશે તેના પર સરકાર ટકી શકશે કે નહિ તે અવલંબિત છે.

વધુમાં તેમણે કહ્યું કે દેશની રાજકીય વ્યવસ્થામાં મિશ્ર સરકાર અનિવાર્ય છે અને કોઇ પણ એક પક્ષ દેશ પર શાસન ન કરી શકે.

કોંગ્રીની રાજકીય પરંપરા વિષે ભાર મૂકતા મદ્રાસ રાજ્યમાં ૧૯૫૨માં શ્રી રાજાજીની લઘુમતી સરકારનો દાખલો તેમણે આપ્યો હતો. ત્યારે કોંગ્રેસે મુસ્લિમ લીગનો સહકાર લીધો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે પણ કોંગ્રેસ સત્તા પર આવવા ઇચ્છે છે ત્યારે જ્યાંથી પણ સહકાર મળતો હોય તેની સાથે સિદ્ધાંતવિહોણાં જોડાણ કરે છે આ પરંપરા આજે પણ કેરાળમાં કોંગ્રીની મિશ્ર સરકારમાં જોઇ શકાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય વિકલ્પ માટે લોકો પર વિશ્વાસ રાખવો જોઇએ તે સાચું છે. પરંતુ લોકો ક્યારે આ કરી શકે? તેમની દૃષ્ટિ કેળવાઇ હોય તો આવો વિકલ્પ શોધવો જ જોઇએ. મહાત્મા ગાંધીએ તેમના જીવનની અંતિમ ક્ષણોમાં 'લોક સેવક સંઘ'ની યોજના તૈયાર કરી હતી. તેઓ આગમનાં એંધાણ જોઇ શક્યા હતા. આજે ૩૭ વર્ષ પછી પણ અનિશ્ચિત ભાવિ તરફ આપણે ધકેલાઇ રહ્યા છીએ. સૌએ સાથે મળીને ઉકેલ શોધવાનો છે.

તેમણે કહ્યું કે મિશ્ર સરકાર એ વિકલ્પ નથી એવા શ્રી ચંદ્રશેખરના જ વિધાન સાથે હું સહમત થાઉં છું સંયુક્ત સરકાર એ નવી વાત નથી, ૧૯૫૨ જેટલી જૂની છે. કોંગ્રેસ પક્ષ ૧૯૫૨ માં લઘુમતીમાં આવી ગયો હતો છતાં ત્રાવણકોર, કોચીન, મદ્રાસ અને મૈસુરમાં તે સરકાર રચવા પેરવી કરતો હતો. મિશ્ર સરકારની ગમત કોંગ્રેસે જ શરૂ કરી છે. તે દારૂ છતાં રાજ કરવા માંગતો હતો.

શ્રી ચંદ્રશેખર પર લોકો વિશ્વાસ રાખે છે પરંતુ ભારતને ક્યાં લઈ જવું છે! એ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી શ્રી ચંદ્રશેખરની આશા સફળ થઇ શકે તેમ નથી. અમારો પક્ષ સમાજવાદની વાત કરતો નથી. અમે માનીએ છીએ કે આ દેશમાં સમાજવાદ દાખલ કરવાનું શક્ય નથી.

ગુજરાતના સાંપ્રત રાજકીય પ્રવાહો

સંકલન : શ્રી સુબોધભાઇ એમ. શાહ

'આજે ગુજરાતમાં જે કાંઇ ચાલી રહ્યું છે તેને લોકો મૂંગા મોંઢે જોઇ રહ્યા નથી. બિનકાર્યક્ષમ વહીવટ અને સરકારની નિષ્ક્રિયતા સામે ગુજરાતની જનતા જાગ્રત છે અને વિરોધ કરી રહી છે. ગાંધીજી અને સરદારની આ ભૂમિ અનેક રીતે વિશિષ્ટ છે. ગુજરાતે જ નવનિર્માણનું આંદોલન આપ્યું હતું અને જોતજોતામાં સારા ય રાજ્યમાં અને પછી રાષ્ટ્રનાં અન્ય રાજ્યોમાં ભ્રષ્ટાચાર-વિરોધી સ્વયંભૂ લડત ચાલુ થઇ હતી,' એમ ગુજરાત રાજ્યના એક વખતના મુખ્ય મંત્રી શ્રી બાબુભાઇ જશભાઈ પટેલે સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૨૦-૪-૧૯૮૪ના રોજ 'ગુજરાતના સાંપ્રત રાજકીય પ્રવાહો' એ વિષેના વાર્તાલાપમાં જણાવ્યું હતું.

ગુજરાતમાં અત્યારે પરિસ્થિતે જરાયે સારી નથી. સરકારી વહીવટમાં ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતા ખૂબ છે. શાસનકર્તા પક્ષની અંદર ખેંચાતાણી છે તે તો જગજાહેર છે જ; જ્યારે વિરોધ પક્ષો પણ હજી સંપૂર્ણપણે એકરાગથી વર્તતા નથી. જો કે અત્યારે પ્રાણપ્રશ્ન તો વિધાનસભ્યોનાં પેન્શન અંગેનો છે. કોઇ પણ વ્યકિત એકવાર પણ જો ધારાસભ્ય બને તો એને જીવનભરનું પેન્શન મળે એવો કાયદો ગુજરાત સરકારે પાસ કરેલો છે અને ગવર્નરની સહી મળે એની જ રાહ જોવાય છે. અમે ગવર્નરશ્રીને મળેલાં ત્યારે તેમણે કહ્યું કે હું તો હવે ગુજરાત રાજ્ય છોડીને જઇ રહ્યો છું ત્યારે અમે તેમને ભારપૂર્વક કહ્યું કે હજી સરકારે તમારી સહી માટે બીલ મોકલવાની હિંમત કરી નથી. કારણ કે પ્રજામત વિરુદ્ધ છે તેની તેમને જાણ છે. તેમ છતાં પણ જો તમારી સહી માટે સદરહુ બીલ આવે તો તમે એનાં પર કોઇ પણ સંજોગોમાં સહી કરશો નહીં. આપશ્રી બીલ પુનઃ વિચારણા માટે સરકારને પાછું મોકલશો. ગુજરાતની પ્રજાને આપની એ પાર્ટીંગ ગીફ્ટ છે એમ અમે સમજાવ્યું. આ અગાઉ મુખ્ય પ્રધાનશ્રીને પણ હું મળ્યો હતો તથા તેમને પ્રજામતની જાણ કરી હતી. તેઓની દલીલ એવી છે કે ભારતનાં દરેક રાજ્યોમાં આવો કાયદો થયેલો છે તો ગુજરાતમાં શા માટે નહીં ? અમે તેમને કહ્યું કે ગુજરાતની માટી જુદા પ્રકારની છે. આ ગાંધી અને સરદારનું ગુજરાત છે. અત પ્રજાને જે ચીજ નથી ખપતી તેનો કોઇ કાળે પ્રજા સ્વીકાર નહીં કરે. ૭૦ વર્ષની ઉંમરે શ્રી મહેન્દ્ર દેસાઈ આ જ પ્રશ્ન પર અનશન પર ઉતર્યા છે, દરબાર ગોપાળદાસ દેસાઇનાં આ સુપુત્ર છે. દરબારસાહેબે પોતાનું રાજ્ય સરદારને ચરણે ધર્યું બદલામાં કશું લીધા વિના. નથી એમણે સાલિયાણું મંગ્યું કે નથી પેન્શન-તેમનાં સુપુત્ર શ્રી મહેન્દ્રભાઇ કહે છે કે આ ઉંમરે હવે મારો દેહ પણ જો સારાં કાર્યમાં પડે તો તેથી વધુ રૂડું શું ? આ પ્રશ્ન ઉપર પ્રજામત બહુ વધુ બનેલો છે. એવું જ દારૂબંધીનું છે. અત્યારે ૮૦૦૦ થી ઉપર પરમીટો અપાઇ ગઇ છે. હું જ્યારે મુખ્યપ્રધાન હતો ત્યારે પરમીટો માત્ર ૮૦ અપાઇ હતી.

નર્મદાના પ્રશ્નનો કોઇ ઉકેલ સરકાર લાવી શકતી નથી, વિશ્વબેંક પોતાની શરતોથી મદદ કરવા માંગે છે. લોકસભામાં વિરોધપક્ષનો એક માત્ર ગુજરાતી પ્રતિનિધિ શ્રી મોતીભાઇ ચોધરી છે. કુંડ ઓઇલની રોયલ્ટી કેન્દ્ર સરકાર આપણને ટને રૂ. ૩૦૫,ના ૨૦ ટકા પ્રમાણે માત્ર રૂ. ૬૧ આપે છે. જ્યારે આપણી માંગણી પ્રમાણે જો રોયલ્ટી મળે તો દર વરસે ૨૧૦ કરોડ રૂપિયાની રોયલ્ટી આપણને મળે અને માત્ર રોયલ્ટીમાંથી જ નર્મદાનો આખો પ્રશ્ન કોઇની પણ સહાય વિના ઉકેલી શકે તેમ છે. કેન્દ્રની કે વિશ્વબેંકની કોઇની સહાયની આપણને જરૂર નથી-પણ ત્યાં આપણો અવાજ રજૂ કરનાર કોઇ નથી.

ઉપરની વિગતો આંકડા તથા હકીકતો સાથે રજૂ કર્યા પછી શ્રોતાઓ તરફથી ખૂબ રસપ્રદ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેનાં ખૂબ સંતોષકારક જવાબ શ્રી બાબુભાઇએ આપ્યા હતા. તેઓશ્રીએ કહ્યું હતું કે હવે હું કોઇ પક્ષ સાથે જોડાયેલો નથી-જનતા પક્ષ સાથે પણ નહીં. પરિણામે કોઇપણ પ્રશ્ન અંગે મને જે ઠીક લાગે તે હું નિર્ભયપણે વ્યકત કરી શકું છું.

શરૂઆતમાં શ્રી અમર જરીવાળાએ મહેમાન વકતાને આવકાર આપ્યો હતો તથા છેલ્લે પ્રમુખસ્થાનેથી ડો. રમણલાલ શાહે આભાર માન્યો હતો.

ટેલીફોન બૂથ પ્રદાન સમારંભ

શાન્તિલાલ ટી. શેઠ

સંઘ સંચાલિત 'પ્રેમળ જ્યોતિ' તથા સોસીઓ ધ્રુકોનોમિક રીહેબલિટેશન'ના ઉપક્રમે, લાખંડવાળા કોમ્પલેક્સ, જે. પી. રોડ, ચાર બંગલા, અંધેરી-પશ્ચિમમાં તા. ૧૪-૪-૮૪ના રોજ, સાંજના ચાર વાગે, ટેલીફોન બૂથનાં ઉદ્‌ઘાટનને લગતો સીમિત આકારનો સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમારંભના અધ્યક્ષ હતા ડો. રમણલાલ ચી. શાહ. ચીફ ગેસ્ટ હતા, મુંબઈ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લી. ના ચેરમેન શ્રી રઘુવીર સામંત. ઉપરાન્ત શ્રી લોખંડવાળા, અંધેરી ટેલીફોન એક્સ્ચેંજના ડિવિઝનલ મેનેજર શ્રી કે. સી. સાલુઝા, વરસોવા એકસ-મ્યુનિસિપલ કાઉન્સીલર શ્રી મોતીરામ ગોવંદભાવે તથા ઘાટકોપર એકસ-મ્યુ. કાઉન્સીલર શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ, એન. એ. બી. ના મંત્રી શ્રી એસ. વી. દિવાન, મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, 'પ્રેમળ જ્યોત'ના બહેના શ્રીમતી કમલબેન પીસપાટી, શ્રીમતી જયાબેન શાહ, બૂથના દાતા 'સ કેત ગ્રુપ' વતી શ્રી કલ્પનાબેન કોઠારી વિગેરે હાજર હતાં.

ત્યાર બાદ હાજર મહમાનોએ વકતવ્યો કર્યા હતાં. તે બધાં જ વકતવ્યોના ભાવ એવા હતો કે આ પ્રવૃત્તિનો વિસ્તાર વધારવો અને સૌએ પોતાથી શકય તેટલું પ્રદાન કરવું.

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહ અને મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે નેજા મંત્રી શ્રી મગસુલીકરને કહ્યું કે આ વર્ષમાં બને તેટલાં વધારે ટેલીફોન બૂથો માટે ઝડપથી વ્યવસ્થા કરવી અને મશીનો ચલાવવા માટે પ્રજ્ઞાચક્ષુઓને તૈયાર કરવા.

શ્રી મગસુલીકરે એ વાત સ્વીકારીને વચન આપ્યું કે એના માટે હું મારા શકય પ્રયત્નો કરીને લક્ષ્યાંકને પહોંચવાનો પ્રયત્ન કરીશ.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૮૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જમનાદાસ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રણુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૫-૮૪ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦ પરદેશ માટે શિલીંગ ૬૦ છૂટક નકલ રૂા. ૧-૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

તીર્થયાત્રા

❀ રમણલાલ ચી. શાહ

અખાત્રીજના દિવસે જાપાનના કોબે શહેરમાં દેરાસરમાં ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજીનો પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવાયો. થોડા સમય પહેલાં નાઇરોબીમાં પણ નવા જિન-મંદિરનો પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવાયો હતો. ઇંગ્લેંડમાં લેસ્ટરમાં દેરાસરનું કામ આગળ ચાલી રહ્યું છે. અમેરિકામાં ન્યૂ જર્સી, શિકાગો વગેરે કેટલાંક સ્થળોએ દેરાસર માટેની પ્રવૃત્તિઓ ચાલુ રહી છે. પૂર્વ આફ્રિકામાં મોમ્બાસામાં ઘણાં વર્ષોથી દેરાસર છે, અને રોજ અનેક લોકોને ત્યાં દર્શન-પૂજનો લાભ મળે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનાં કેટલાંક મંદિરોની સ્થાપના ભારત બહાર આફ્રિકા, યુરોપ, અમેરિકા વગેરેમાં થયેલી છે અને નવાં મંદિર થઇ રહ્યાં છે.

ઝાંઝીબારમાં રાજકીય પરિસ્થિતિને કારણે જૈનોની વસતિ ન રહેતાં દેરાસરમાંથી પ્રતિમાઓનું ઉત્થાપન કરીને નાઇરોબી લાવવામાં આવી હતી. એડનમાં પારસીઓની વસ્તી ન રહેતાં આતશ-બહેરામને ભારતમાં લઇ આવીને લોનાવાલામાં સ્થાપવામાં આવ્યા. તથા ઇંગ્લેંડ તથા અમેરિકામાં ખાલી પડેલાં કેટલાંય ચર્ચ વેચવા માટેની હિલચાલ ચાલે છે.

વિદેશોમાં પોતાના ધર્મ અને સંસ્કાર ટકાવી રાખવા માટે મંદિર જેવા સ્થળ અવલંબનની જરૂર રહે છે. કેટલાક સમય પહેલાં સ્વ. ચીમનલાલ ચકુભાઇએ લંડનના પોતાના પ્રવચનમાં ત્યાંના જૈનોને ધર્મ અને સંસાર ટકાવી રાખવા માટે વહેલી તકે એક દેરાસર બાંધવાની ભલામણ કરી હતી. (જેનો અહેવાલ 'પ્રણુદ્ધ જીવન'માં તે સમયે આવી ગયો છે.)

કોઇ પણ ધાર્મિક સ્થળનું માહાત્મ્ય વધતાં સ્થાનિક લોકો ઉપરાંત બહારથી પણ લોકો દર્શનાર્થે આવવા લાગે છે. મહિમા વધવા સાથે તે સ્થળ માત્ર મંદિર ન રહેતાં તીર્થ બની જાય છે. કોઇ પણ ધર્મ-સ્થાનક જ્યારે સો-દોઢસો થી વધુ વર્ષ સુધી અનેક લોકોના સતત આકર્ષણનું કેન્દ્ર બની જાય છે ત્યારે તે અવશ્ય તીર્થયાત્રાનું સ્થળ બની જાય છે.

પોતાના દેશની બહાર ધર્મ પ્રસારાર્થે જવાનું પ્રાચીન સમયમાં બહુ સહેલું નહોતું. એવે સમયે પણ બૌદ્ધ ધર્મનો પ્રચાર અને પ્રસાર અફઘાનિસ્તાન અને તૂર્કસ્તાનથી માંડીને ચીન, જાપાન અને કોરિયા સુધીના પ્રદેશોમાં થયો. અનેક બૌદ્ધ મંદિરોની સ્થાપના ત્યાં થઈ. ઇ. સ.ની છઠ્ઠી શતાબ્દી પછી ઇસ્લામ ધર્મનો આફ્રિકા, પૂર્વ યુરોપ અને એશિયાના ઘણા દેશોમાં પ્રસાર થયો. ઇ. સ.ની ૧૫ મી થી ૨૦ મી સદી સુધીમાં યુરોપીય પ્રજાઓએ એશિયા અને આફ્રિકાનાં પોતાનાં સંસ્થાનોમાં ખ્રિસ્તી ધર્મનો ઘણો પ્રચાર કર્યો. અનેક સ્થળે મોટાં મોટાં ચર્ચો બંધાયાં. વીસમી સદીમાં હિંદુ અને જૈન મંદિરો આફ્રિકા, યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન વગેરે દેશોમાં વધવા લાગ્યાં છે. હરે કૃષ્ણ સોસાયટીએ દુનિયાના ઘણાં મોટાં મોટાં શહેરોમાં પોતાનાં મંદિરો બાંધ્યાં છે.

જૈન મંદિરોમાં મુખ્યસ્થાને તીર્થંકરની પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે. 'જે તારે તે તીર્થ', અને 'જે તીર્થ પ્રવર્તાવે તે તીર્થંકર' એવી વ્યાખ્યા આપવામાં આવે છે. જ્યાં જવાથી મનુષ્યનું મન વિશુદ્ધ થાય, ભાવની ભરતી ઊભરાય તે તીર્થ. એના દર્શનના માટે માણસને વારંવાર ઝંખના થયા કરે. સંત-મહાત્માઓ તે જંગમ તીર્થ અને મંદિરો તે સ્થાવર તીર્થ કહેવાય છે. જેમ સંત-મહાત્માઓ અનેક સદ્‌ગુણોથી મંડિત હોય છે તેમ મંદિરો સુંદર ભવ્ય પ્રતિમા-ઓથી વિભૂષિત તથા શિલ્પાદિ બાહ્ય કલાકારીગરીથી મંડિત હોય છે. નાસ્તિક માણસને પણ જવાનું મન થાય એવી ભવ્યતા અને રમ્યતા કેટલાંક મંદિરોની હોય છે.

સમગ્ર વિશ્વમાં અપાર સૌન્દર્ય વેરાયેલું પડ્યું છે. નદી હોય કે સાગર, પર્વત હોય કે ખીણ, સૂર્યોદય હોય કે સૂર્યાસ્ત, અમાસની રાત્રિ હોય કે પૂર્ણિમાની, વસંત હોય કે પાનખર-એ પ્રત્યેકનું કંઇક અનોખું સૌન્દર્ય છે. કેટલાંક સ્થળ એવાં છે કે જે આબાલવૃધ્ધ સૌને જોતાંવેંત જ ગમી જાય છે. કેટલાંક સ્થળ એવાં છે કે જેનું સૌન્દર્ય માણવાને માટે અનોખા દૃષ્ટિકોણની અપેક્ષા રહે છે.

કેટલાંક સ્થળ બહુ સુન્દર નથી હોતાં, પરંતુ તેની સાથે સંકળાયેલી એકાદ મહત્ત્વની ઘટનાને કારણે લોકજીવનમાં તે મહત્ત્વનું સ્થાન પામે છે. સ્થળ સામાન્ય હોય, પરંતુ કોઇ મહાત્માની સમાધિને કારણે તે અનેક લોકોના આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. કોઇક ઐતિહાસિક ઘટના કે કોઇક પવિત્ર ધાર્મિક ક્રિયાને કારણે કેટલાંક સ્થળો યાત્રાધામ જેવાં બની જાય છે. રાજઘાટ ઉપર ગાંધીજીની સમાધી, રવીન્દ્રનાથનું શાન્તિનિકેતન, શ્રી અરવિન્દનો કે શ્રી રમણ મહર્ષિનો આશ્રમ, રામકૃષ્ણ પરમહંસનો મઠ, ટોલ્સ્ટોયની જન્મભૂમિ વગેરે સ્થળો તે તે મહાન વિભૂતિઓના મહત્ત્વના કાર્યની સ્મૃતિરૂપે સુપ્રસિદ્ધ બની ગયાં છે. દરેક સ્થળના માહાત્મ્યની આયુષ્ય મર્યાદા જુદી જુદી હોય છે. ભૂતકાળની કેટલીય એવી મહાન

વિભૂતિઓ માટે નિર્માણ થયેલાં સ્થળો એક યા બીજા કારણે વિલીન પણ થઇ ગયાં છે.

કોઈ વ્યક્તિના મહત્ત્વના કારણે નહિ, પરંતુ પ્રકૃતિના રમ્ય વાતાવરણને કારણે અથવા ત્યાં બાંધવામાં આવેલા મંદિર, મસ્જિદ, ગુરુદ્વાર, ચર્ચ, કિલ્લો કે આધુનિક હોટેલને કારણે કેટલાંક સ્થળો સુપ્રસિદ્ધ બને છે. એવાં સ્થળોએ જવાનું પણ માણસને વારંવાર ગમે છે.

કેટલાંક પ્રસિદ્ધ સ્થળો ત્યાં વધુ પડતા માણસો જવાને કારણે, સ્વચ્છતા વગેરે ન જળવવાને કારણે, ખોટા આશયવાળા માણસોના આંટાફેરાને કારણે, બદમાશોની પ્રવૃત્તિઓને કારણે અવનતિ પામે છે. સમય જતાં તેમનું મહત્ત્વ ઓછું ને ઓછું થતું જાય છે. ભૌગોલિક કે રાજકીય દુર્ઘટનાઓને કારણે કેટલાંક સ્થળો નષ્ટ થાય છે. આમ, ચડતીપડતીનો ક્રમ ચાલ્યા કરે છે.

આવાં વિભિન્ન સ્થળો પ્રતિ માણસને જવાનું કેમ ગમે છે ? કુદરતનું સૌન્દર્ય તો ખરું જ; કયારેક નવીનતા પણ તેમાં ઉમેરાય છે. કયારેક માત્ર સ્થળ નિમિત્ત બને છે. ઉપલક દૃષ્ટિએ કદાચ કોઇને બધાં જ સ્થળ સરખાં જ લાગે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ જોઇએ તો દરેક સ્થળની પોતાની વિશિષ્ટતા હોય છે. મુક્ત મનથી વિચરનાર માણસને કોઇક સ્થળે સવિશેષ આનંદ અનુભવવા મળે છે. કયારેક કોઇ વિશિષ્ટ ભ્રાસ કે સ્વપ્નનો અનુભવ થાય છે, તો કયારેક કોઈ ચમત્કારિક અનુભવ પણ થાય છે. એવા અનુભવો એક કરતાં વધુ વાર જ્યારે થાય છે ત્યારે ત્યાં જવા માટે મનુષ્યનું મન વધારે ખેંચાય છે. એમાંથી જ્યારે એક પ્રકારની શ્રદ્ધા પ્રગટે છે ત્યારે પોતાની આસપાસના માણસોને પણ એ સ્થળે જવા માટે તેઓ ભલામણ કરે છે.

કેટલાંક સ્થળો હજાર–બે હજાર કે પાંચ–દસ હજાર વર્ષથી લોકોનાં એકસરખા આકર્ષણને પાત્ર રહ્યાં છે. ગંગોત્રી જમનોત્રી, બદરી–કેદાર, કૈલાસ–માનસરોવર, શત્રુંજય અને સમેતશિખર, જગન્નાથપુરી અને રામેશ્વરમ્, ગિરનાર, શ્રવણ બેલગોડા, જેરુસલેમ, મક્કા–મદિના, સારનાથ, રાજગૃહી, પશુપતિનાથ, કયોટો–નારા, વગેરે સ્થળો અનેક શૈલીથી વિવિધ ધર્મની પ્રજાઓનું સતત આકર્ષણ કરતાં રહ્યાં છે. એ ભૂમિનો એવો તે શો પ્રતાપ છે કે સમયે સમયે નવી નવી પ્રજા દૃઢ શ્રદ્ધાપૂર્વક એના તરફ આકર્ષાતી રહે છે અને ત્યાં જઇ આવીને પરમ કૃતાર્થતા અનુભવે છે ?

પ્રભુ તો આપણા પોતાના હૃદયમાં વસે છે; એને પામવાનો પ્રયત્ન કરીએ, તો પછી કોઇ તીર્થસ્થળે જવાની જરૂર નથી, એવી દલીલ કેટલાક કરે છે. એમાં ઘણું તથ્ય છે; પરંતુ એ કોટિ સુધી પહોંચવાનું, સગુણ ભક્તિમાંથી નિર્ગુણ ભક્તિ સુધી પહોંચવાનું ગજું બધા લોકોનું નથી.

સૂક્ષ્મ દૃષ્ટિએ જોઇએ તો કેટલાંક સ્થળો એવાં હોય છે કે જ્યાં અનેક મહાત્માઓની કલ્યાણકારી ભાવનાઓનાં શુભ સ્પંદનો થયાં હોય છે. કેટલીક ભૂમિ એવી હોય છે કે જ્યાં વખતોવખત મહાન તપસ્વીઓએ અનેરી તપશ્ચર્યા કરી હોય છે. કેટલીક ભૂમિ એવી હોય છે કે જ્યાં મહાન વિભૂતિઓએ પોતાનો પાર્થિવ દેહ છોડયો હોય છે, જેને કારણે એમના સૂક્ષ્મ પરમાણુઓ ત્યાંના વાયુમંડળમાં ભળી જઇ ઘૂમ્યા કરે છે. આવા સૂક્ષ્મ પરમાણુઓવાળા વાતાવરણને કારણે તેમાં પ્રવેશતાં જ શ્રદ્ધાવાન માણસની અશુભ વિચારધારા પણ શુભમાં ફેરવાઇ જાય છે. એક વખત થયેલા અનેરા અનુભવ પછી માણસને વારંવાર ત્યાં જવું ગમે છે. જેમ કોઇ જીવંત મહાત્મા પાસે જતાંની સાથે આપણે કોઇક અવનવી પ્રેરણા અનુભવીએ છીએ, તેમ આવા કોઇ પવિત્ર સ્થળમાં જતાં જ આપણે કોઇ વિશિષ્ટ અનુભવ પામીએ છીએ. સંત મહાત્માઓ કે તીર્થંકરોની જન્મભૂમિ, કર્મભૂમિ, કે નિર્વાણભૂમિ પણ સ્થાવર તીર્થરૂપ બની જાય છે. અન્તરાત્મામાં જ ભગવાનનાં દર્શન કરવાની ધગશ સેવનાર મનુષ્ય પણ આવા કોઈ શાંત, રમ્ય, પવિત્ર સ્થળે જાય તો તે પોતાની આત્માનુભૂતિને વિશેષ દૃઢ બનાવી શકે છે. અલબત્ત, કેટલાક ધંધાદારી, ભાડૂતી માણસોને કારણે કેટલાંક તીર્થોનું વાતાવરણ બગડે છે જરૂર, પરંતુ તે કલુષિત થવાનો દોષ તીર્થનો નહિ, પણ વ્યક્તિનો છે. બૌદ્ધિકો તીર્થયાત્રાનો ગમે તેટલો નિષેધ કરે તો પણ તીર્થયાત્રાનું સ્વરૂપ જગતમાંથી કયારેય નષ્ટ થવાનું નથી. તીર્થનું સ્વરૂપ કદાચ બદલાય, સ્થળ બદલાય, પ્રકાર બદલાય, તો પણ ઘર છોડીને બહાર જવાની વૃત્તિ જ્યાં સુધી મનુષ્યમાં છે ત્યાં સુધી તીર્થયાત્રા અવશ્ય રહેશે.

આવતી કાલનાં કેટલાંક તીર્થોનું નિર્માણ અવકાશમાં થાય, તો મનુષ્ય ત્યાં પણ તીર્થયાત્રા કરવા જવા લાગશે.

સંઘ સમાચાર

સ્વ. પરમાનંદભાઇ કાપડિયાનાં સુપુત્રી મધુરીબેન અમે સંઘની કારોબારી સમિતિના પીઢ સભ્ય શ્રી એ. જે. શાહની પૌત્રી કુ. નંદિતા નવેમ્બર, ૧૯૮૩ માં ઇન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તરફથી લેવાયેલી ફાઇનલ સી. એ.ની પરીક્ષામાં દરેક વિષયમાં ૭૦ ટકા ઉપરાંત માર્કસ મેળવીને ભારતભરમાં પ્રથમ આવેલ છે. સાથોસાથ એકાઉન્ટન્સી, ઓડીટીંગ અને ટેકસેશનના મહત્ત્વના વિષય સહિત ૧૬ પારિતોષિકોમાંથી ૮ પારિતોષિકો પણ મેળવ્યાં છે. ઇન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયાના ઇતિહાસમાં પહેલી જ વાર આ રીતે એક વિદ્યાર્થિની બહેન પ્રથમ આવ્યાં છે. એમને અમારાં હાર્દિક અભિનંદન, કુ. નંદિતાની આ સિદ્ધિની ખુશાલીમાં શ્રીમતી મધુરીબેન અને એ. જે. શાહ તરફથી સંઘને રૂ ૧૧,૦૦૦ અનામત રાખી, તે રકમનું વ્યાજ 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિમાં વાપરવા માટે ભેટ આપેલ છે, જેનો સંઘે સાભાર સ્વીકાર કર્યો છે.

ભુલ-સુધાર

તા. ૧–૪–૮૪ના અંકમાં સંઘના તથા વાચનાલયના હિસાબો પ્રગટ થયા છે તેમાં કેટલીક છાપભૂલો રહેવા પામી છે. તે નીચે પ્રમાણે સુધારીને વાંચવું.

પાનું નંબર	વિગત	છપાએલી રકમ	સાચી રકમ
૨૩૬	ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન	૧૪,૦૦૦	૧,૪૦,૦૦૦
૨૩૬	ગવર્નમેન્ટ કુ. ડીપોઝીટનો સરવાળો	૬,૪૫,૦૦૦	૬,૮૫,૦૦૦

મિશ્ર સરકાર : લોકશાહીમાં એક વિકલ્પ

✠ સંકલન : જયેન્દ્ર શાહ

(ગતાંકથી પૂર્ણ)

શ્રી એમ. વી. કામથ

વ્યાખ્યાન-શ્રેણીના ત્રીજા દિવસે જાણીતા પત્રકાર શ્રી એમ. વી. કામથે જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં કોઇ એક પક્ષને બહુમતી મળશે નહિ. મિશ્ર સરકાર અનિવાર્ય બની રહેશે. આવી મિશ્ર સરકાર રચવા માટે આપણે સૌ એકત્ર થઇએ અને લોકો માટે આપણી વિશ્વસનીયતા પુરવાર કરીએ તે આજના સંજોગોમાં જરૂરી છે.

આપણી સમક્ષ શી વાસ્તવિકતાઓ છે તે આપણે પ્રથમ સમજવું જોઇએ. આગામી ચૂંટણી એક વર્ષની અંદર થવાની છે, શ્રીમતી ગાંધીએ જવું જ રહ્યું. આપણામાં તેમને હરાવવાની ક્ષમતા છે. આ ત્રણ વાસ્તવિકતાઓ આપણે સમજી લેવી જોઇએ. તેમણે વધુમાં કહ્યું હતું કે લોકો નેતાની વિશ્વસનીયતાથી આકર્ષાય છે, કાર્યક્રમ ગમે તે હોય, કામગીરી ગમે તેટલી સારી હોય પણ જે વિશ્વસનીયતા ગુમાવે તેને લોકો પસંદ કરતા નથી. કટોકટીના વર્ષમાં શ્રીમતી ગાંધીએ અર્થતંત્રમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી હતી છતાં તેમનો પરાજય થયો હતો, કારણ કે તેમણે વિશ્વસનીયતા ગુમાવી હતી. પંજાબની સમસ્યા તેમનાથી હલ થઇ શકતી નથી. ભ્રષ્ટાચાર અંગેના કાયદામાં સુધારો કરવા તેમણે સંમતિ આપી. પછી શ્રી રાજીવ ગાંધીએ નિર્ણય બદલ્યો. એમાં વિશ્વસનીયતા ક્યાં રહી ?

તેમણે વધુમાં કહ્યું હતું કે ભાવિ વડા પ્રધાન તરીકે હું રામકૃષ્ણ હેગડેને પસંદ કરું છું. તેઓ આધુનિક દૃષ્ટિકોણ ધરાવે છે. કુશળ વહીવટકર્તા છે. હિન્દી સારું બોલી જાણે છે અને રાજકારણના વર્ષોના અનુભવી છે. વિરોધ પક્ષોએ સામૂહિક કર્તાની ભૂમિકા નિભાવવા પડશે. આજે વિરોધ પક્ષોમાં સિદ્ધાંતોની દૃષ્ટિએ કોઇ મતભેદ નથી. મતભેદ વ્યક્તિત્વ અંગે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચૂંટણી પછી દરેક રાજ્યમાં ઇન્દિરા કોંગ્રેસની હાર થવાની પૂરી શક્યતા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, પ. બંગાળ જેવાં રાજ્યોમાં પ્રાદેશિક પક્ષો જોર બતાવશે. જ્યારે પ્રાદેશિક પક્ષોની પ્રાદેશિક પક્ષ તરીકે ટીકા કરીએ છીએ ત્યારે એક વાત ખાસ નોંધવા જેવી છે કે આ દેશમાં એક પણ રાષ્ટ્રીય પક્ષ નથી, કોંગ્રેસ (આઇ) જુદાં નહીં. ચૂંટણીમાં કોંગી હારશે તો પણ વિરોધ પક્ષો એક થઈ શકશે નહીં. આ એક મોટું ભયસ્થાન છે એમ એમણે ઉમેર્યું હતું.

ભારતની ન નિવારી શકાય તેવી બે વાસ્તવિકતા ગરીબી અને જ્ઞાતિવાદ-કદી દૂર થઇ શકે તેમ નથી. દેશની પર ટકા વસ્તિ ગરીબીની રેખાથી નીચે જીવી રહી છે ત્યારે દરેક પક્ષનો એક મુદ્દાનો કાર્યક્રમ હોવો જોઇએ કે આ લોકોને કઇ રીતે ઊંચે લાવી શકાય.

શ્રીમતી ગાંધીએ દેશના અને દેશવાસીઓના આત્મ ગૌરવને ભયંકર હાનિ પહોંચાડી છે. આ આત્મ ગૌરવને ઉપર લાવવા વિરોધ પક્ષોએ સંગઠિત પ્રયાસો કરવા પડશે. આજે વિરોધ પક્ષોને માર્ગદર્શન આપવા માટે કોઈ હર્તા નથી. શ્રી જયપ્રકાશ નારાયણ અને આચાર્ય કૃપલાની સાચા અર્થમાં કર્તા હતા આજે તેમની ખોટ આપણને સાલે છે.

શ્રી સતીશચંદ્ર અગ્રવાલ

વ્યાખ્યાન-શ્રેણીના ચોથા દિવસે ભારતીય જનતા પક્ષના સંસદસભ્ય શ્રી સતિશચંદ્ર અગરવાલે જણાવ્યું હતું કે મિશ્ર સરકાર એ નબળી સરકાર છે એ માન્યતા ભૂલભરેલી છે. આજે કેન્દ્રમાં ઇન્દિરા સર્વોપરી નેતા છે. સંસદમાં બે તૃતિયાંશ બહુમતી ધરાવે છે, કોઇ તેને પડકારી શકે તેમ નથી, અને વર્તમાન સરકાર એક જ પક્ષની હોવા છતાં તે સાવ નબળી પુરવાર થઇ છે. આસામ, પંજાબ અને બીજી અનેક સમસ્યાઓ અંગે હાલની સરકાર કોઇ પણ પગલાં લઈ શકતી નથી. તો શું હાલની સરકાર નબળી નથી ?

૧૯૭૭ની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે જનતા સરકાર નિષ્ફળ નથી ગઇ. તે પક્ષનાં ઘટકો વચ્ચેના મતભેદોના કારણે સરકાર તૂટી હતી. દુનિયાના ઇતિહાસમાં ક્યારે પણ એવું બન્યું નથી કે પ્રથમ સરકાર રચાયા બાદ પક્ષની રચના થઇ હોય. ૧૯૭૭માં પ્રથમ સરકારની રચના થઇ ત્યાર બાદ વિધિસર રીતે જનતા પક્ષની રચના કરવામાં આવી.

આજ સામ્યવાદી પક્ષો સિવાયના બાકીના પક્ષોમાં સિદ્ધાંત કે નીતિઓ અંગે કોઇ જાતના મતભેદો નથી. ફક્ત વ્યક્તિઓ વચ્ચે ઘર્ષણ છે.

આગામી વર્ષોમાં મિશ્ર સરકારનો યુગ આવી રહ્યો છે.

ભા. જ. પ. અને લોકદળે એક વર્ષથી નેશનલ ડેમોક્રેટીક એલાયન્સ નામથી એકીકરણનો પ્રયોગ કર્યો છે તેમાં રાષ્ટ્રીય વિકલ્પની ખોજ કરવાનો ઇરાદો છે. અમે ઇચ્છીએ કે પ્રામાણિક ઇરાદાઓ અને નિષ્ઠાથી બીજા પક્ષો પણ ભેગા મળે અને સામ્યવાદી પક્ષો તથા મુસ્લીમ લીગને બાદ કરતાં મોટા પાયે જોડાણ સાધવામાં આવે.

ચૂંટણી પછી એન. ડી. એ., યુનાઇટેડ ફ્રન્ટ, પ્રાદેશિક પક્ષો તથા સામ્યવાદી પક્ષોનું જૂથ એમ ચાર જાતનાં જૂથો ચૂંટાશે. આ જૂથોમાંથી મિશ્ર સરકાર રચવાની શક્યતા ઊભી થશે. તેમાંથી રાષ્ટ્રીય વિકલ્પ ઉભો થશે. પરંતુ માત્ર એકતાથી આ કામ નહિ થાય. અન્ય પક્ષોના સહયોગમાં નિષ્ઠાથી પ્રામાણિક ઇરાદાઓથી કામ લેવું પડશે.

ચારે દિવસની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાળાએ લીધું હતું. પ્રથમ દિવસના વ્યાખ્યાતા શ્રી ચંદ્રશેખરનો પરિચય મુંબઇ જનતા પક્ષના પ્રમુખ શ્રી જી. જી. પરીખે, બીજા દિવસના વ્યાખ્યાતા શ્રી ઇ. એમ. એસ. નામ્બુદ્રીપાદનો પરિચય માર્કસવાદી પક્ષના પોલીટબ્યુરોના સભ્ય શ્રી એસ. વાય. કોલ્હાટકરે, ત્રીજા દિવસના વ્યાખ્યાતા શ્રી એમ. વી. કામથનો પરિચય 'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ-પ્રવાસી'ના તંત્રી શ્રી હરીન્દ્ર દવેએ અને ચોથા દિવસના વ્યાખ્યાતા શ્રી સતીશચંદ્ર અગરવાલનો પરિચય શ્રી વિરેન શાહે આપ્યો હતો.

આજીવન શિક્ષિકા મીઠાંબહેન

ગુલાબ દેઢિયા

કચ્છ-માંડવીમાં ઇ. સ. ૧૯૮૬માં પંચમો જૈન સાહિત્ય સમારોહ યોજાયો હતો. રવિવારની સવારે બીજી બેઠકમાં વિવિધ વક્તાઓ પોતાના નિબંધો રજૂ કરી રહ્યા હતા. વક્તાઓના અભ્યાસપૂર્ણ લેખિત નિબંધો આયોજકોને અગાઉથી મળી ગયા હતા. ઘણાખરા વક્તા પ્રાધ્યાપકો હતા.

આ બેઠકમાં શ્રોતા તરીકે આવેલા એક અપરિચિત વક્તાએ સૌનું ધ્યાન ખેંચ્યું. એ પ્રાધ્યાપક પણ ન હતા, ખાસ આમંત્રિત પણ ન હતા. વક્તા તરીકે નિબંધ પણ લખી ન લાવ્યા હતા. મોટા મોટા વિદ્વાનો વચ્ચે રઘુવંશમમાંથી થોડા સંસ્કૃત શ્લોકો ટાંકી પોતાનું અનૌપચારિક વક્તવ્ય રજૂ કરનાર મીઠાંબહેન જુદાં તરી આવ્યાં. માંડવી પાસેના કોડાય ગામમાંથી આવેલાં સીતેર વર્ષ વટાવી ચૂકેલાં વયોવૃદ્ધ મીઠાંબહેને કચ્છના જ્ઞાનવારસાને ગૌરવ અપાવ્યું.

મીઠાંબહેનનો જન્મ આજથી ૭૩ વર્ષ પહેલાં કચ્છના ગોધરા ગામમાં. ત્યારે તેઓ સદ્‌ભાગી કે થોડું ઘણું શાળાનું શિક્ષણ મેળવી શક્યાં; નહિ તો તે સમયમાં છોકરીઓને તે વળી શું ભણવાનું હોય. એવો જ સૌનો મત હતો. ગોધરા ગામની શાળામાં કન્યા કેળવણીની નાનકડી શરૂઆત થઈ ગઈ છે. ૧૮૨૫ માં ગાંધીજી કચ્છ આવે છે. તેર-ચૌદની બાલિકા શાળાની દીવાલો પર દેશનેતાઓની છબિઓ જુએ છે. મહાત્માજીને નજરોનજર જોયાં અને કિશોરીના મનમાં ઝબકારો થઈ ગયો. પણ એ બહુ ન ચાલ્યું. તે જમાનાના રિવાજ પ્રમાણે એ ચૌદ વર્ષની બાલિકાના લગ્ન થઈ ગયાં. લગ્નજીવનની કંઈ ખબર પડે તે પહેલાં તો પતિનું અવસાન થયું. માત્ર બે વર્ષમાં જ સોળ વર્ષની ઉંમરે વિધવા બની પાછાં પિયર આવ્યાં. એક જિંદગી પૂરી થઈ ગઈ, જીવ્યા વગર જ.

હવે કરવાપણું તો કંઈ હતું જ નહિ. ધાર્મિક અભ્યાસમાં મન પરોવ્યું, તપશ્ચર્યા કરી, આઠ ઉપવાસ કર્યા, સોળ ઉપવાસ કર્યા, વરસીતપ કર્યું. સંસારત્યાગને ઊંબરે આવી ઊભા પણ સંસારત્યાગ ન કર્યો, સંસારમાં જ રહી ત્યાગી જીવનની શરૂઆત કરી.

ઘરનું ધાર્મિક વાતાવરણ, શાળામાં જોયેલી દેશનેતાઓની છબિઓની સ્મૃતિ, દેશભરમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની તૈયારીઓ, ગામડાંઓ સુધી પહોંચેલી ગાંધીજીનાં રચનાત્મક કાર્યોની સરવાણી. મીઠાંબહેનનું મન કન્યા કેળવણી તરફ વળ્યું. વીસ વર્ષની ઉંમર પહેલાં તો કન્યાશાળામાં ભણાવવાની શરૂઆત કરી દીધી.

ગોધરા ગામમાં બે-ત્રણ વર્ષ તો એ બધું ઘરઆંગણે ઠીક ચાલ્યું, પણ મીઠાંબહેનનું મન તો સંસ્કૃતનો અભ્યાસ કરવા કોડાય જવાનું હતું. કોડાય તે વખતે કચ્છનું કાશી કહેવાતું. હેમરાજ ભીમશી નામના સજ્જને અવઠંભ પાઠશાળાની શરૂઆત કરી હતી. 'સદાગમ પ્રવૃત્તિ સંસ્થા'ની સ્થાપના કરી કચ્છમાં સો વર્ષ પહેલાં સંસ્કૃત અને પ્રાકૃતના અભ્યાસ માટે સગવડ ઊભી કરી, જ્યાં અનેક શ્રાવક વિદ્વાનો તૈયાર થયા. આ સંસ્થામાં ભણી ઘણી બહેનો વિદુષી બની હતી.

યુવાન વિધવા દીકરીને પરગામ જવા મા કંઈ રજા આપે? સમાજમાં ટીકા થાય. લોકો મશ્કરી કરે. છતાં ગમે તેમ કરી મીઠાંબહેન ત્રેવીસ વર્ષની ઉંમરે કોડાય આવ્યાં. અહીં ભણવું-ભણાવવું બન્ને સાથે ચાલ્યું. એક રચળ મળી ગયું, ધ્યેય નક્કી થઈ ગયું. જ્ઞાનનાં બંધ દ્વાર ઊઘડી ગયાં.

સદાગમ પ્રવૃત્તિની કન્યાશાળામાં જ રહેવાનું અને ભણાવવાનું. મીઠાંબહેને ભણાવવાનું શરૂ કર્યું, પછી ભણાવતા જ રહ્યાં, ભણાવતા જ રહ્યાં. કન્યાશાળા 'આપની નિશાળ' બની ગઈ. મીઠાંબહેન એમાં ઓતપ્રોત થઈ ગયાં.

થોડો સમય પગાર લીધો, પછી તો પગાર પણ ન લીધો. કન્યાશાળામાં જ રહેવાનું. પોતાના જમવાના ખર્ચના પૈસા પણ ચૂકવી દે.

નાની બાળાઓ તો શાળામાં ભણવા જાય પણ મોટી ઉંમરની સ્ત્રીઓનું શું? પ્રૌઢ બહેનો કન્યાશાળામાં રાતે ભણવા આવે. વર્ધાની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા લેવાતી રાષ્ટ્રભાષાની પરીક્ષાઓ માટે બહેનોને તૈયાર કરી. પરીક્ષા આપવા માંડવી કે ભુજ જવું પડે. એક તો ખર્ચનો પ્રશ્ન, બીજું બહેનો ત્યાં આવવા તૈયાર ન થાય. મીઠાંબહેનનો એનો ય રસ્તો કાઢ્યો. કોડાય ગામમાં જ રાષ્ટ્રભાષાની પરીક્ષા માટે કેન્દ્ર મળે એવી માગણી કરી. આયોજકોએ જણાવ્યું કે અમે ગામડામાં ઓછાં વિદ્યાર્થીઓ હોય ત્યાં કેન્દ્ર નથી આપતા. મીઠાંબહેને કોવિદ માટે સત્તરથી અઢાર બહેનોને તૈયાર કરી. મૌખિક પરીક્ષા લેનારા કોડાય આવ્યા ત્યારે મીઠાંબહેનનો ઉત્સાહ અને શ્રમ જોઈ આશ્ચર્યમાં પડી ગયા. રાજી થયા.

એ જ પ્રમાણે સંસ્કૃત ભાષાની પરીક્ષાઓ માટે બહેનોને તૈયાર કરી. શિક્ષણનું કામ ધમધોકાર ચાલવા લાગ્યું. સાથોસાથ અડચણો પણ આવવા લાગી પણ એ અડચણો મીઠાંબહેનના કાર્યવેગના માર્ગમાં ટકી શકે એમ નહોતી.

બહેનો માત્ર ભણવા ખાતર ભણે એ મીઠાંબહેનને મંજૂર નહોતું. એમને તો હતું કે, બહેનો રળવા લાયક બને, પગભર થાય. તે વખતે સાતમા ધોરણ પછી શાળાંત (ફાઇનલ) પરીક્ષાઓ લેવાતી. એ પરીક્ષા પાસ કરનારને પ્રાથમિક શાળામાં નોકરી મળી જાય. આ પરીક્ષાઓ માટે પ્રૌઢ, વિધવા, ત્યકતા અને જે બહેનોને પગભર થવું હોય તે સૌને તૈયાર કરી. બહેન તો તેમની પરીક્ષાઓ માટે માંડવી કે ભુજ સાથે જાય. પાસ થનાર બહેનોને અનુકૂળતાએ કચ્છના કોઈ ગામમાં નોકરીએ જોડે ત્યારે જ અંચે.

દિવસે કન્યાશાળામાં ભણાવવાનું, રાતે પ્રૌઢ સ્ત્રીઓને ભણાવવાનું, એવામાં એક સાધ્વીજીને કંઈક શીખવું હતું. નોકરી કરનાર બાંધ્યા સમયે કામ કરે, જેણે જ્ઞાન વહેંચવું જ છે તે કંઈ સમય જુએ. પરબ ખોલનાર પાણીની થોડી ના પાડે. સાધ્વીજીને કહ્યું, હું તમને વહેલી સવારે ભડભાંખડામાં શીખવીશ.

બે ત્રણ પેઢીની બહેનોને ભણાવ્યું. પોતાની જરૂરિયાતો તો કંઈ ખાસ હતી જ નહિ કે જે સમય માગે કે ધન માગે. કન્યાશાળામાં જ રસોડું. એક જ વાસણમાં રાંધી લે, એમાં જ ખાઈ લે, સાફ કરી મૂકી દે. જીવ તો રોકાયેલ હતો જ્ઞાનરસમાં, એને ભોજનરસનો સમય જ ક્યાં હતો!

ઇ. સ. ૧૯૩૭ માં હરિપુરા કોંગ્રેસમાં કચ્છની છ-સાત બહેનો સાથે મીઠાંબહેન પણ સ્વયંસેવિકા તરીકે ગયાં. ખાદી

તો બહુ નાની ઉંમરથી જ પહેરતાં, જે આજે પણ ચાલુ છે. તે વખતે કચ્છમાં પદ્મવિજયજી જેવા જૈન સાધુઓ પણ ખાદી જ પહેરતા. હજી આજે પણ માણેકવિજયજી મહારાજ ખાદી પહેરે છે. હરિપુરા કૉંગ્રેસમાં ૧૬૦૦ સ્વયંસેવિકાઓનાં કૅપ્ટન હતાં મૃદુલાબહેન સારાભાઈ અને પુષ્પાબહેન મહેતા.

બચપણમાં થોડો સમય ધાર્મિક ક્રિયાકાંડ તરફનું વલણ હતું જે અભ્યાસ અને જાહેર પ્રવૃત્તિઓને કારણે છૂટી ગયું. પૉંડિચેરીમાં મહર્ષિ અરવિંદ અને માતાજી તથા રમણ મહર્ષિના દર્શન કરી આવ્યાં. રજનીશજીની શિબિરોમાં પણ જોડાયાં.

હજી આજે ૭૩ વર્ષની વયે, બધા વાળ સફેદ થઈ ગયા છે, આંખો થોડી થાકી છે, છતાં મીઠાંબહેન પાસે જ્યારે આ બધી વાતો સાંભળી ત્યારે ૬૦ વર્ષ પહેલાં શીખેલા ચરખાનું ગીત ગાઈ સંભળાવ્યું. ગાંધીજી અને નહેરુની વાત કરતાં ચહેરા પર આનંદની લહેર પ્રસરી ગઈ. જાણે છ દાયકા પહેલાં શાળાની દીવાલો પર લટકતી છબિઓને કોઈ બાલિકા વિસ્મયથી જોઈ રહી હોય.

જીવાત્મા

* તનસુખ ભટ્ટ

સત્ય પોતાના સ્વરૂપે કરીને અનંત, અખંડ, નિરપેક્ષ, આનંદમય અને સર્વત્ર સ્વતંત્ર છે. આ સંસારમાં અનંત, અવિભાજ્ય સત્યને ઢાંકી દેનારાં દ્વંદ્વો અને વિરોધો ઉત્પન્ન થયાં કરે છે. તૈત્તિરીય ઉપનિષદના શબ્દોમાં સંસારની પાંચ ભૂમિકાઓ છે: અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન (બુદ્ધિ) તથા આનંદ. જીવનના સર્જનશીલ, ધસમસતા પ્રવાહમાં પોતા વડે ભજવાતા ભાગને કારણે પદાર્થોને એક જાતની આંતરિક દિશાસૂઝ મળે છે. માનવ જીવાત્મા આ પાંચમાંની ચોથી ભૂમિકામાં, અર્થાત્ત વિજ્ઞાન (બુદ્ધિ)ની ભૂમિકામાં છે. તે પોતાનાં કર્મોનો સ્વામી નથી. સમગ્ર વિશ્વતંત્રમાં કર્તાહર્તાનું સ્થાન ધરાવતા પરમાત્મા વિષે તે સભાન છે. અન્ન, પ્રાણ અને મનનું તેને જ્ઞાન હોય એમ જણાય છે. તેણે અન્નમય, પ્રાણમય અને મનોમય જગત પર સૂક્ષ્મ મહદ્-અંશે અંકુશ જમાવ્યો છે છતાં હજી સુધી તે સંપૂર્ણતયા જ્યોતિર્મય જ્ઞાનસ્વરૂપ થયો નથી. જેમ અન્નની પાછળ પ્રાણ, પ્રાણની પાછળ મન અને મનની પાછળ બુદ્ધિ આવે છે તે જ રીતે બુદ્ધિમાન માનવમાં આથી વધુ સમૃદ્ધ અને દિવ્ય જીવનનો ઉન્મેષ થશે. ક્રમે ક્રમે પોતાનો વિસ્તાર કરતાં જવું એવો પ્રકૃતિનો ધર્મ છે, તેની પ્રેરણા છે. આ મર્ત્ય દેહ દ્વારા અમરતાની અભીપ્સાનો, પંચમહાભૂતના ભૌતિક પૂતળા દ્વારા દિવ્ય જીવનની સંસિદ્ધિનો, બૌદ્ધિક જ્ઞાનનો, માનવે સાક્ષાત્કાર કરવો તેવો આ જગત કાજે ઈશ્વરનો હેતુ છે.

માનવના અંતરતમ હૃદયાવકાશમાં દિવ્ય આત્મા વસે છે અને તે દિવ્ય જ્યોત ક્યારે ય ઠરી ઠરતી નથી. જન્મજન્માંતરમાં યે અવિનાશી રહેનાર, મૃત્યુ, ક્ષય કે અશુદ્ધિથી અસ્પૃષ્ટ રહેનાર, એવી તે અંતર્જ્યોતિ છે, સુગુપ્ત સાક્ષી છે, સદાય શાશ્વત છે. એક જન્મથી અન્ય જન્મમાં સદૈવ પરિવર્તન પામતું, વિકાસશીલ બનતું જતું એવું જીવાત્માનું તે જીવાતુભૂત તત્ત્વ છે. જ્યારે માનવીય અહંભાવ દિવ્યાત્માની સાથે સુસંવાદી બને છે. (જીવના જીવ તરીકેના અહંભાવનો વિલય થાય છે) ત્યારે તે પોતાના લક્ષ્ય આત્મ-સ્વરૂપની કક્ષાએ સમુન્નત બને છે. જીવાત્માના અહંભાવની પરમાત્માની સાથે સુસંવાદિતા સધાય ત્યાં સુધી તે જીવાત્મા લખચોરાશીમાં ફરે છે.

જીવાત્મા જગન્નાથનો અંશ છે. પરમાત્માનું કાલ્પનિક નહિ પણ સત્યસ્વરૂપ છે, ઈશ્વરનું અમુક મર્યાદામાં બદ્ધ એવું પ્રાકટ્ય છે. સર્વશક્તિમાન ઈશ્વર પાસેથી પોતાનો અંશ પામનાર જીવાત્મા ઈશ્વરનો વિસર્ગ (બહાર ફેંકી દીધેલો પદાર્થ) નથી પણ તેનો ભાગીદાર છે. પુત્રના અસ્તિત્વ માટે પિતાની જેવી જવાબદારી છે તેવી જ જીવાત્માના અસ્તિત્વ માટે પરમાત્માની જવાબદારી છે. તે સમુન્નત તત્ત્વ પાસેથી જીવને બધું સાંપડે છે. જીવનું સારભૂત અસ્તિત્વ દિવ્ય પ્રજ્ઞાનમાંથી ઉદય પામે છે અને તે દિવ્ય તત્ત્વના દર્શન વડે જીવાત્મામાં તે આવિષ્કાર પામે છે. આ દિવ્ય તત્ત્વ જીવના પિતારૂપે પણ છે અને સદાના સાથીરૂપે પણ છે. પ્રકૃતિમાંથી ઇન્દ્રિયોનું અને મનનું આકર્ષણ કરીને તેમના સંભારમાં દિવ્યતાનો જેવો શિષ્ટ નમૂનો તે ઘડે છે તે નમૂના વડે જીવની વિશેષતા નક્કી થાય છે. મનોમય - પ્રાણમય - ભૌતિક પ્રદેશોના મર્યાદિત સંભારમાં પરમાત્મા દેહધારી બને છે. કોઈ માનવી પૂરેપૂરો પોતાના સાથી જેવો નથી. એક જીવનનું પુનરાવર્તન અન્ય જીવનરૂપે થતું નથી. અને આમ હોવા છતાં બધાં જીવનોમાં એક જ નમૂનો કે વિશિષ્ટ જાતિનું સ્વરૂપ આકાર જોઈ શકાય છે.

સ્વતંત્રેચ્છા વિરુદ્ધ નિયતિવાદની સમસ્યાનો જો કંઈ અર્થ હોય તો તે માનવજાતિ પૂરતો જ છે પરબ્રહ્મ વિષે આ સમસ્યાનો કોઈ વિનિયોગ નથી. કારણ કે તે સર્વે દ્વંદ્વોથી પર છે. તે જ પ્રમાણે વનસ્પતિ તથા પશુપંખીઓ જેવા માનવેતર નિકૃષ્ટ જીવન વિષે પણ આ સમસ્યાનો વિનિયોગ થતો નથી. માનવે શ્રેયની વરણી કરીને પોતાના સભાન પ્રયત્નો વડે તેની સિદ્ધિ સાધવામાં ગીતાનો સમગ્ર ઉપદેશ આવી જાય છે. આમ છતાં પસંદગી માટેની પૂર્ણ સ્વતંત્રેચ્છા આડાં ઘણાં વિઘ્નો આવે છે.

કર્મનો નિયમ આનુવંશિક, જીવશાસ્ત્રીય અને સામાજિક ક્ષેત્રમાં, અર્થાત માયાના ક્ષેત્રમાં પ્રવર્તમાન હોય છે પરંતુ સ્વતંત્ર કર્તાના વિષયમાં સ્વતંત્રતાની (સ્વતંત્રેચ્છાની) શક્યતા છે. પ્રકૃતિના નિયતિવાદ ઉપર વિજયની શક્યતા છે, સંસારની ભીંસ ઉપર વિજયની શક્યતા છે. કર્તારૂપ માનવે કર્મરૂપ માનવ ઉપર સ્વામિત્વ મેળવવું ઘટે છે. કર્મરૂપ (માનવ) પદાર્થો બહારનાં ક્ષેત્રોમાંથી આવી પડતો નિયતિવાદ દર્શાવે છે, કર્તારૂપ માનવનો અર્થ સ્વાતંત્ર્ય, સ્વતંત્રેચ્છા, અનિયતિવાદ શૃંખલા-મુક્તિ એવો થાય છે. આત્માના સ્વાતંત્ર્યની સ્થાપના વડે કર્મના નિયમના પ્રભાવમાંથી છૂટી શકાય છે. ગીતા અનેક શ્લોકોમાં સ્થાપિત કરે છે કે પરમાત્માની અને પ્રકૃતિની વચ્ચે હાડોહાડ વિરોધ ધરાવતું દ્વૈત નથી. જીવાત્માની સ્વતંત્રેચ્છા ઉપર અને તે સ્વતંત્રેચ્છાને જીવાત્મા જે રીતે અમલમાં મૂકે છે તેની ઉપર ગીતા ભાર મૂકે છે.

★

જૈનદર્શન અને સંત તિરુવલ્લુવર

નેમચંદ એમ. ગાલા

(ગતાંકથી પૂર્ણ)

'કુરળ' એ નીતિશાસ્ત્રનો વ્યવહારુ ગ્રંથ માત્ર નથી. સંતકવિ વણુકર હના અને વણુટનો કસબ અપનાવી શાશ્વત સિદ્ધાંતો તથા વ્યવહારુ સદાચારનાં તાણાવાણાને અદ્‌ભુત રીતે વણી એક કુમાશમયું નયનરમ્ય તથા ઉપયોગી તત્ત્વ, કાપડ તૈયાર કર્યું છે, જે આજે પણ એટલું જ યર્થાથ (Relevant), ઉપયોગી, સક્ષમ અને ઉપકારક નીવડે એમ છે. અને સમયની આકરી કસોટીમાંથી પાર ઊતર્યું છે.

'કુરળ' ના પ્રથમ પ્રકરણમાં ઈશ્વરનો મહિમા છે પણ જૈનદર્શનની જેમ જ સંત ઈશ્વરને વ્યક્તિવિશેષ કે Personalized God તરીકે નથી વર્ણવતા...એમણે પ્રાજ્ઞ પુરુષ, અદ્વિતીય ગુણોના સાગરના મહર્ષિ, જિતેન્દ્રીય, પરમતત્ત્વ વગેરે સંબોધનથી ઉલ્લેખ કર્યો છે. કુરળનો ઉઘાડ કેવો અદ્‌ભૂત છે. પ્રથમ ઋચા છે:

'અ' નાદસૃષ્ટિનું પ્રસ્થાનબિન્દુ છે: એ પ્રમાણે પુરાણ પુરુષ ચરાચરનું આરંભબિન્દુ છે.

તમામ પ્રસ્થાન 'અ' થી થાય છે. એક ખૂબીની વાત એ છે કે જગતની તમામ ભાષાઓના મૂળાક્ષરોમાં પ્રથમ અક્ષર 'અ' છે. પછી અંગ્રેજીનો 'એ' હોય કે ઉર્દૂનો 'અલીફ' હોય!

આ પ્રકરણમાં જન્મમરણનાં ફેરાના અંત માટે ભક્તિભાવે પરમાત્માનું શરણ લેવાનું પણ કવિ નિર્દેશે છે.

પ્રકરણ ત્રણમાં ત્યાગીનો મહિમા ગાયો છે. ઇન્દ્રિય નિગ્રહ અને સંયમી જીવન પર ભાર મૂક્યો છે.

નિયમ અને નિયમનનું અચૂક પાલન જ મુનિયાદી તાલીમ છે. સંયમ સહજ બની સ્વભાવ બની જવો જોઇએ, એ જીવનની રીતિ થઈ જવી જોઇએ, એ જ વાત એમણે જુદા સ્વરૂપે એમાં સમજાવી છે.

પ્રકરણ ચારમાં મહાવીરનાં વચનો પ્રસ્થાપિત છે. મહાવીરે કહ્યું કે 'સમય બહુ અલ્પ છે. હે ગૌતમ, ક્ષણમાત્રનો પ્રમાદ ન કર.'

સંતકવિએ લખ્યું છે, 'એક ક્ષણ પણ નકામી ન જવા દેતાં તમે જીવનભર સત્કૃત્યો કરતાં રહો તો જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થવાના માર્ગ પર તમારી ગતિ થાય છે.

પાંચમા પ્રકરણમાં ગૃહસ્થ જીવનનો મહિમા ગાયો છે. ચતુર્વિધ જૈન સંઘમાં શ્રાવક અને શ્રાવિકાની સંસ્થાને જૈન-દર્શન અને પરંપરાએ સ્વીકારી છે. મહાવીરે એની રચના કરી સંઘને સુઘટિત સ્વરૂપ આપ્યું. કવિએ ધર્મમય ગૃહસ્થજીવનની કલ્પના ઉપસાવી છે. તેમણે અત્યંત સાહજિકતાથી લખ્યું છે:

'બીજાં પોતાનાં વ્રતોનું પાલન કરી શકે તે માટે જે મદદરૂપ થાય છે અને ધર્માનુસાર જીવન જીવે છે એવા ગૃહસ્થનો મહિમા કરો. અનશન અને પ્રાર્થનામાં જીવન વ્યતીત કરનાર કરતાંયે તે મહાન સંત છે.'

કવિ લખે છે: 'જેમને બાળકો નથી અને જેમણે બાળકોની નવનીત વાણીના ધ્વનિ સાંભળ્યા નથી તેઓ જ વાંસળી અને વીણાના મધુર સંગીતની વાતો કરે છે.'

સંતકવિએ ગૃહસ્થજીવનને સાધના અને તપની કોટિમાં મૂકી દીધું છે. અતિથિધર્મ સ્વભાવિક રીતે જ ગૃહસ્થાશ્રમની સૌથી પવિત્ર ફરજ બની રહે છે.

જૈનોના જિનોપદેશમાં અતિથિ સંવિભાગવ્રત પ્રબોધવામાં આવ્યું છે. સંવિભાગ એટલે સરખી રીતે વિભાગપૂર્વક અતિથિને આપવું અને પછી પોતાના માટે રાખવું.

નવમા પ્રકરણમાં અતિથિધર્મ વિષે સંતકવિ કહે છે:

'અતિથિને પ્રથમ જમાડી શેષ રહેલાંનો આહાર કરે એવા મનુષ્યનો મહિમા છે. આખર માણસ શા માટે પરિશ્રમ કરે છે? અને ગૃહસ્થાશ્રમી બને છે? અતિથિઓને જમાડવા અને યાત્રાળુઓને આશ્રય આપવા! વૈભવની છોળો વચ્ચે યાત્રાળુનો આદર-સત્કાર ન કરવો એ જ ખરી નિર્ધનતા અને મૂર્ખાઈ છે.

સત્ય Ultimate કે Absolute Truth પરમતત્ત્વને તમામ તત્ત્વચિંતકોએ સ્વીકાર્યું છે. અને એની સાધના, ખોજ અને સાક્ષાત્કાર માટેની પ્રક્રિયાઓ પોતપોતાની રીતે નિર્દેશી છે. તમામ ધર્મધારાઓએ પણ પરમ ચેતનાનો આવિષ્કાર કે આત્મજ્ઞાન અંતિમ લક્ષ્ય અને મુક્તિની અવસ્થા તરીકે વર્ણવી છે. સત્યને ઘણા દરવાજા છે. જે સાધક જે દરવાજે ખખડાવે તેને ત્યાંથી જવાબ મળી રહે છે.

સત્યની ઇમારતને માત્ર દરવાજાઓ જ છે. દીવાલ નથી.

સંતકવિએ કહ્યું છે: 'વિશ્વમાં સત્યથી ચડિયાતું બીજું કશું જ નથી અને માનવદેહ પ્રાપ્ત થયા પછી જો સત્યનો સાક્ષાત્કાર ન થાય તો આ રત્નચિંતામણિ જન્મનો શો અર્થ?'

જૈનશાસ્ત્રના ચાતુરંગીય સૂત્રમાં આ જ વાત જોવા મળે છે. 'સંસારમાં પ્રાણીમાત્રને ચાર ઉત્તમ અંગો મળવા ઘણાં દુર્લભ છે. એક મનુષ્યપણું-મનુષ્યનો અવતાર; બીજું શ્રુતિ-સારાં વચનોનું શ્રવણ, ત્રીજું તે સારાં વચનોમાં શ્રદ્ધા થવી અને ચોથું થયેલી શ્રદ્ધા અનુસાર સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ કરવો. શક્તિનો ઉપયોગ કરવો.'

વ્યાવહારિક અને લૌકિક સ્તરે સત્ય વિષે સંતકવિ કહે છે કે:

'તપસ્વી અને દાતા કરતાં પણ જેના હૃદયમાં સત્યની નિષ્ઠા છે તે મહાન છે. હૃદયશુદ્ધિ સત્યનિષ્ઠાથી સિદ્ધ થાય છે.

'અને જો મનુષ્ય ક્યારેય અસત્ય ન બોલે તો અન્ય સદ્‌ગુણો એના માટે નિષ્પ્રયોજન છે!' ખૂબ માર્મિક રીતે સંતે બેઉ છેડાની વાત કહી છે...વિરોધાભાસી છતાં કેટલી સંવાદી!

અહિંસા:-સંતકવિએ 'કુરળ' માં જૈનદર્શનની સૂક્ષ્મ અને વ્યાપક અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા કરી છે, એમ કહી શકાય.

હિંસક માનવી ભયભીત હોય છે. પરિગ્રહવૃત્તિ અને લાલસા બિનસલામતીની ભાવનામાંથી જન્મે છે અને પરિગ્રહ-માંથી ભય ઉત્પન્ન થાય છે. અહિંસક માનવી જ નિર્ભિક હોઇ શકે...જૈન ધર્મની આધારશિલા અહિંસા છે. જૈનોની અહિંસાની ભાવનાને-મહાવ્રતને સંતકવિએ યર્થાથ રૂપે વાચા આપી છે.

સત્ય સૌથી ચડિયાતું છે. એમ કવિએ કહ્યા બાદ ફરી કવિ કહે છે કે:

'અજોડ સદ્‌ગુણ અહિંસા છે. સત્યનું સ્થાન પણ અહિંસા પછી જ આવે છે. અહિંસા સર્વોત્તમ ગુણ છે. તમામ પાપોની વણજાર હિંસાની સાથે આરંભાય છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવને પણ ઉગારવાનો વિચાર પ્રેરે તેને સન્માર્ગ કહેવો. અહિંસાવ્રતની પ્રતિજ્ઞા કરનારનો મહિમા કરો.'

જૈન શાસ્ત્રના અહિંસા સૂત્રમાં લખ્યું છે: 'મતિમાન મનુષ્યે તમામ પ્રકારની યુક્તિઓથી વિચારીને અને તમામ પ્રાણીઓને દુઃખ ગમતું નથી, એ હકીકતને પોતાના જાત અનુભવથી સમજીને કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી.'

સંતકવિએ આ જ વાત કહી છે:

'પ્રાણ સર્વને પ્રિય છે. એટલે પોતાના પ્રાણને બચાવવા માટે અન્ય જીવોનો પ્રાણ હરી ન લેતાં.'

શ્રીમદ્ રાજચંદ્રે ગાંધીજીના એક પ્રશ્નના જવાબમાં પણ આ જ વાત કહી છે.

તપસ્વી મહાવીરે સાડાબાર વર્ષ દીર્ઘતપ કર્યું. અનેક પરીષહો સહ્યાં. પણ કોઇ જીવમાત્રની પણ હિંસા કરી નહિ અને સમતાભાવે વેદના વેઠી. મહાવીરના જીવનની આ અપૂર્વ ઘટનાને સંતકવિએ સીધી 'કુરળ'માં ઉતારી છે. સંતકવિ કહે છે:

'યાતનાઓને ધીરજપૂર્વક સહન કરવી અને જીવહિંસા ન કરવી એમાં સમગ્ર તપનો સમાવેશ થઇ જાય છે.'

યજ્ઞો માટે હિંસા કરી આશીર્વાદ પ્રાપ્ત કરનારનો સંતે સખત વિરોધ કર્યો છે. આવા આશીર્વાદ ધૃણાસ્પદ લેખાવ્યા છે. ડો. આલ્બર્ટ સ્વાઇટ્‌ઝરે જે જીવન પ્રત્યેનો આદર–Reverence to Life કહ્યો છે. એનું જ પ્રતિપાદન કરતાં કવિ કહે છે કે:

'જે હિંસાથી ડરીને ચાલે છે અને જીવનનો આદર કરે છે તે શ્રેષ્ઠ છે.

નિરામિષ આહાર:– હિંસક અને દયાહીન વૃત્તિ વગર માંસાહાર સંભવી શકતો નથી. કવિએ કહ્યું છે કે 'હિંસા કરી જીવનાર લોકો શબનું માંસ ખાનાર જેવો છે. પોતે તગડો થવા જે અન્યનું માંસ ખાતો હોય, તે દયાની લાગણી કેવી રીતે અનુભવે? માંસાહારીના હૃદયમાં દયા જોવા મળતી નથી. માંસાહાર માટે પશુઓની હત્યા કરવી નિષ્ઠુરતા જ છે.'

તપ:–જેમણે પોતાની વૃત્તિઓ અને કષાયો પર વિજય મેળવ્યો તે જિન કહેવાયા. પોતામાં રહેલા શત્રુ પર વિજય પ્રાપ્ત કર્યો તે અરિહંત કહેવાયા. સંતકવિએ એ જ સંજ્ઞામાં કહ્યું છે કે 'પોતાના પર પ્રભુત્વ મેળવનારને સૌ પૂજે છે.'

'તપ દ્વારા શકિત હાંસલ કરનાર મૃત્યુ પર પણ વિજયી થાય છે. તમામ શત્રુઓને હણવાની શકિત તપમાં જ રહેલી છે. તપશ્ચર્યા કરનાર જ આત્મહિત સાધે છે.'

સંયમ :– પંડિત સૂત્રમાં લખ્યું છે: 'જે માણસ ભલેને મહિને લાખો ગાયોનું દાન કરે તેના કરતાંય જે માણસ કશું ય દાન નથી કરતો પણ પોતાની જાતને સંયમમાં રાખે છે તે જ શ્રેષ્ઠ છે.'

સંતકવિએ લખ્યું છે: 'આત્મસંયમ સ્વર્ગનું દ્વાર છે. પણ અનિયંત્રિત વાસના અનંત અંધકાર માટેનો રાજમાર્ગ છે. આત્મસંયમની ખજાનાની જેમ જ રક્ષા કરો: આ જીવનમાં એથી ચડિયાતી સંપત્તિ બીજી એકેય નથી. વાસના પર વિજય મેળવનારની પ્રતિભા પહાડ કરતાં પણ મહાન છે.'

ઇન્દ્રિયનિગ્રહ, વૃત્તિનિક્ષેપ કામ, ક્રોધ, લોભ વગેરે કષાયોનું ઉપશમન અને ક્ષય વગેરે તથ્યો પણ સંતકવિએ આલેખ્યાં છે.

ત્યાગ, સંસારની અસારતા, કર્મબંધન, પરિગ્રહ, વિષે કવિ કહે છે. 'અપરિગ્રહ વ્રત જ ખરું વ્રત છે. એક પણ વસ્તુનો પરિગ્રહ ફરીથી તેને જાળમાં ફસાવી દે છે. નિઃસંગ બની જાઓ, સર્વ સંગપરિત્યાગથી જ અપાર આનંદ મળે છે. જન્મ-મરણનાં ફેરાનો અંત લાવવાનું નકકી કર્યું હોય તેઓ માટે દેહ પણ ભારરૂપ બની જાય છે. તો પછી બીજાં તો કેટલાં બંધનો છે? જે ક્ષણે આસકિતનો લોપ થાય છે. તે જ ક્ષણે જન્મ-મરણનું ચક્ર થંભી જાય છે.'

'આ ક્ષુદ્ર શરીરમાં આશ્રય લેવાની આત્મા શા માટે ઇચ્છા કરતો હશે? શું એને પોતાનો શાશ્વત નિવાસ નહિ હોય?' છેલ્લું કથન ખૂબ અર્થગંભીર અને માર્મિક છે.

માનવીય પુરુષાર્થ:–જૈનદર્શન પુરુષાર્થવાદી છે. સંતકવિએ લખ્યું છે 'આ અશકય છે' એમ કહી કોઇ કામથી પાછા હઠતાં નહીં. દૈવ વિરુદ્ધ હોય તો પણ તેને શરણે ગયા વિના ઉદ્યમી મનુષ્ય નિરંતર પુરુષાર્થ કરે છે (પ્રારબ્ધનો પુરુષાર્થ દ્વારા પ્રતિકારની ભાવના છે.)

દાન, પરકાર્ય–તત્પરતા ઉદારતા, પરોપકાર કૃતજ્ઞતા ઋણ–સ્વીકાર વગેરેનો મહિમા સંતકવિએ ખૂબ ગાયો છે. કવિ કહે છે: **'સજ્જન પુરુષોએ સ્વ-પરિશ્રમથી એકત્ર કરેલી સંપત્તિ પરજનહિતાય જ હોય છે.'** અને છેલ્લે એમણે, સંકટમાં પણ ખૂબ હસો એવી અમૂલ્ય સલાહ ઉચ્ચારી છે.

અંતમાં સંતકવિએ નિર્વિકલ્પ અવસ્થાની છેવટની વાત પણ કહી છે.

* * *

કુરળનો બીજો ખંડ – વિભાગ 'સંપત્તિ' અર્થાત અર્થને લગતો છે. જેમાં મુખ્યત્વે રાજ્ય કારભારને પ્રાધાન્ય આપ્યું છે. ઉપરાંત વિદ્યા, શિક્ષણ પ્રત્યે અનુગ્રહ, જ્ઞાની માણસોનો સંગ, સમજણ, સજ્જનની મૈત્રી, સમય પારખીને આચરણ, સંકટ સમયે હિંમત, આચારશુદ્ધિ, દૃઢ સંકલ્પશકિત વકતૃત્વ–શકિત, મૈત્રીયોગ્ય મિત્રો, જુગાર, મદિરાપાન, વૈશ્યાગમન, દુરાચાર, કુલીનતા, યોગ્યતા, મહત્તા સન્માર્ગે વપરાતું ધન, કુટુંબની ઉન્નતિ, વગેરે વિષયો અને નીતિનિયમોના અનુશીલનની વિશદ સમજણ આપી છે.

ખેતી વિષે કવિ કહે છે કે 'ખેતી એ જ મુખ્ય ઉદ્યોગ છે. ખેડૂતો સમાજની ધરીરૂપ છે અને ધરતીને ખેડનાર જ સાચું જીવન જીવે છે. બીજા તો એને અનુસરે છે. અને ઓશિયાળો રોટલો ખાય છે. કૃષિકાર હાથ જોડી બેસી રહેશે તો અનાસકતોએ પણ સહન કરવું પડશે.'

રાજ્ય કારભાર અને રાજકારણમાં રાજવીઓના ગુણ, યુદ્ધ માટે સ્થાન – પરીક્ષા, વ્યૂહરચના, વિશ્વાસ અને કાળની કસોટી, ન્યાયી સરકાર, પ્રજાનું હિત, ગુપ્તચર સેવા, સચીવો, કાર્યપદ્ધતિ, રાજદૂત, રાજવી, સાથેનું વર્તન

સૈન્ય, કિલ્લાઓ, દ્રવ્યપ્રાપ્તિ, યોદ્ધાનું ગૌરવ, શત્રુનાં લક્ષણો, એનું માપ કાઢવું, ઘરભેદુ, વગેરે વિષયોની છણાવટ કરી ન્યાયપૂર્ણ અને નીતિપૂર્ણ બોધ આપ્યો છે. આ બોધ વ્યાવહારિક છતાં નીતિના ભોગે કે સગવડિયો નથી પણ કવિએ વિચક્ષણ અને કુશાગ્ર બુદ્ધિથી શાણપણયુક્ત માર્ગદર્શન આપ્યું છે.

કુરળનો ત્રીજો અને છેલ્લો ખંડ છે : પ્રેમ અર્થાત કામ.

પ્રેમીઓનું પ્રથમ મિલન, પછી વિખૂટા પડવું, વિરહ-વેદના, મિલનની ઝંખના, ઉત્કંઠા, અભિસાર, સ્વપ્નાવસ્થા, ફરી મિલન, પ્રેમનું પ્રફુલ્લન, પ્રેમકલહ, રીસામણાં-મનામણાં, પ્રેમનું ગૌરવ, સાન્નિધ્યનો આનંદ-ઉલ્લાસ, પ્રેમિકાનું સૌન્દર્ય, ગુફ્તેગુ, સંયોગ-વિયોગની ઘટનાઓનું રમણીય નજાકતસભર, રંજક અને આસમાની (Romantic) વર્ણન કર્યું છે. ક્યાંય ઔચિત્યભંગ કે મર્યાદાનું ઉલ્લંઘન નથી, તેમ જ અશિષ્ટ શબ્દપ્રયોગ નથી. માત્ર સાત્ત્વિક પ્રેમનું અભિનવ ચિત્રણ છે.

સમગ્ર વિચાર-મણકાઓમાં રેશમની દોર સમ પરોવાયેલી બધાને એકસૂત્રે બાંધતી અર્થસભર ઉક્તિ કવિએ એક ઋચામાં આલેખી છે.

કવિ કહે છે : 'ક્ષણિક પદાર્થોને શાશ્વત માની લેવા જેવી મૂર્ખાઈ બીજી કોઈ નથી.'

૦ ૦ ૦

સંતકવિ તિરુવલ્લુવરે 'કુરળ' ના ત્રણે ખંડોમાં માનવજીવનને સ્પર્શતા અને માનવજીવનને ઉત્કૃષ્ટ કેમ બનાવી શકાય, એને સ્પર્શતાં તમામ પાસાંઓને કુશળતાથી આવરી લીધાં છે. જીવન જીવવાની કલાનો અનોખો અણમોલ ગ્રંથ છે.

કવિએ વ્યક્તિમાંથી વિભૂતિ થવાનો, પામરમાંથી પરમ થવાનો, તમામ બંધનોમાંથી મુક્ત થવાનો રાજમાર્ગ નિર્દેશ્યો છે. તમિળવાસીઓને સંતકવિ પ્રત્યે જે આદર છે તેની આપણને કલ્પના પણ આવી શકે એમ નથી.

૦ ૦ ૦

૧૯૭૫ની આસપાસ મદ્રાસમાં સંતકવિનું ભવ્ય સ્મારક રચાયું જે 'વેલ્લુરકુટ્ટી'ના નામે ઓળખાય છે. આ સ્મારક કલ્પનાતીત, અત્યંત ગૌરવપૂર્ણ અને ભવ્યાતીભવ્ય છે.

ભોંયતળિયે ચાર હજાર પ્રેક્ષકો બેસી શકે એવું એશિયાનું સૌથી મોટું ઓડિટોરિયમ છે. એ જ પ્રમારતને અડોઅડ એક પથ્થરનો રથ બનાવ્યો છે. કલાકારીગરીવાળો. એનાં પૈડાં બે માળ જેટલાં ઊંચાં છે. મુખ્ય પ્રમારતની અગાશીમાંથી આ રથની દહેરીમાં પ્રવેશી શકાય છે. જ્યાં સંતકવિની કાળા પથ્થરની અદ્‌ભુત પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. સભાગારની ઉપર ચોતરફ મોકળાશવાળી ગેલેરી છે, જેમાં ગ્રેનાઇટ પથ્થરોમાં દસ દસ ઋચાઓનું એક પ્રકરણ એમ ૧૩૦ પ્રકરણો અક્ષરશઃ કોતરવામાં આવ્યાં છે. દરેક વિભાગને જુદા જુદા રંગના ગ્રેનાઇટમાં કોતરવામાં આવ્યાં છે. સફેદ, આછો લીલો અને ગુલાબી રંગોમાં આવું ભવ્ય સ્મારક ભારતમાં કોઈ સંત કે કવિનું રચાયું નથી.

સંત તિરુવલ્લુવરે લખેલો એક એક અક્ષર પથ્થરમાં બદ્ધ અને સ્થાયી થઈ ગયો છે.

* * *

આરસની એક નાનકડી તકતીમાં પોતાનું નામ કોતરવા માટે દાનવીર સજ્જનો લાખોનું દાન આપે છે જ્યારે સંતકવિનાં એક એક શબ્દ પથ્થરસ્થ છે...આ એક અભૂતપૂર્વ ઘટના છે.

સંતકવિની પ્રતિભાને-પ્રજ્ઞાને અને તપશ્ચર્યાને ઉદાત્ત સલામી છે. માનવીમાં જે સદ્-ઈશ્વરનો અંશ છે, તેનું ગૌરવ છે.

'કુરળ' ગ્રંથ લગભગ અઢારસો વર્ષ સુધી તો તમિળમાં જ વંચાતો રહ્યો. બરસો વર્ષ અગાઉ મિશનરી કોન્સ્ટેનશીઅસ બેસ્ચીએ પ્રથમ બે ખંડોનો લેટિનમાં અનુવાદ કર્યો. રેવ. જી. યુ. પોપે તેમ જ ડો. ગ્રેબુલે જર્મન અને લેટિનમાં અનુવાદ કર્યો. ઇ.સ. ૧૮૨૦ થી ૧૮૮૬ની વચ્ચે એફ. ડબ્લ્યુ. એલીસ, ડબ્લ્યુ. એચ. ડ્રયુ. ઇ. જે. રોબિન્સન, જે. લેઝારસ વગેરેએ સમગ્ર 'કુરળ'નો અથવા અમુક ઋચાઓનો અનુવાદ કર્યો. એમ. એરિયલ અને એમ. ડી દુમરતે કેટલાક ભાગનો ફ્રેન્ચમાં અનુવાદ કર્યો હતો.

ઉપરાંત શ્રી વી. વી. એસ. અય્યર, યોગી સુધાનંદ ભારતી, એ. રંગનાથ મુદલિયાર, સી. રાજગોપાલાચારી, જી. વન્કમીનાથન અને એચ. એ. પોપ્લેએ અંગ્રેજીમાં અને સાને ગુરુજીએ મરાઠીમાં અનુવાદ કર્યો છે.

૧૯૩૦માં 'કુરળ'ની ૧૦૭ પ્રકરણની ૧૦૩૬ ઋચાઓનો ગુજરાતી અનુવાદ શ્રી નાજુકલાલ નંદલાલ ચોકસીએ કર્યો, જે ભિક્ષુ અખંડાનંદે સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયના ઉપક્રમે 'ઉપદેશ સારસંગ્રહ' નામે પ્રગટ કર્યો. આ ગ્રંથનો પ્રથમ ભાગ 'તમિળ વેદ' અર્થાત ઋષિ તિરુવલ્લુવરનાં બોધવચનો રૂપે છે.

૧૯૭૩માં શ્રી ક્રાન્તિલાલ કાલાણીએ 'કુરળ'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો જે યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્યે પ્રગટ કર્યો.

હમણાં 'કુરળ'નો અનુવાદ ચેકોસ્લોવેકિયાની 'ચેક' ભાષામાં થઇ રહ્યો છે, અને નજીકનાં ભવિષ્યમાં પ્રગટ થશે.

સંત તિરુવલ્લુવરનાં જીવનની એક માર્મિક અને અદ્‌ભુત ઘટના છે !

સંત તિરુવલ્લુવરે લગ્ન બાદ પહેલી જ વાર ભોજન પીરસતી પત્ની વાસુકિને થાળી પાસે એક પ્યાલામાં પાણી અને એક સોય મૂકવાની આજ્ઞા કરી. પતિવ્રતા પત્નીએ એ આજ્ઞા અંત સુધી પાળી.

મૃત્યુશય્યા પર પડેલી પત્નીએ અંતિમ ઇચ્છા તરીકે ઉપર્યુક્ત આજ્ઞાનું રહસ્ય જાણવા માંગતા કવિએ કહ્યું :

'પીરસતી વખતે ભાતનો એકાદ દાણો પડી જાય, તો સોયથી ઉપાડી, પાણીથી ધોઈ, ઉપયોગમાં લઇ શકાય, એ આશયથી પાણી અને સોય મૂકવાની આજ્ઞા આપેલી પણ તારી દક્ષતાથી મારે એનો કદી ઉપયોગ કરવો ન પડ્યો.'

પરમશાંતિ સાથે વાસુકિએ દેહ છોડ્યો.

આ ઘટના સંતના દાંપત્યજીવન વિષે ઘણું ઘણું કહી જાય છે. અરસપરસ અટલ વિશ્વાસના દૃષ્ટાંતરૂપ છે.

કવિની ભાતનો એક દાણો પણ ન વેડફાય તેની તકેદારી, જીવહિંસા ન થાય તે માટે ઘોઇને ઉપયોગમાં લેવાની સજાગતા બતાવે છે કે કવિએ પોતાના જીવનની એક પળ-વિપળ પણ નિરર્થક ખર્ચી નહિ હોય અને અવિરત ચિંતન અને મનનના પરિપાકરૂપ 'કુરળ' ગ્રંથ માનવજાતને પ્રાપ્ત થયો એ માટે આપણે સદા ઋણી અને અનુગ્રહીત રહીશું.

વિદ્વત્તાની સાથે નમ્રતાનો સમન્વય સારસ્વતોને ઉજાળે છે

'નમ્રતા એ જીવનનું અમૃત છે. જીવન સાફલ્યતાની પગદંડી છે. વિદ્વતાની સાથે નમ્રતાનો સમન્વય સારસ્વતોને ઉજાળે છે.' સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ અને તેમનાં ધર્મપત્ની પ્રો. તારાબેન વિદેશયાત્રાએ જતાં હોઇ તેમને શુભેચ્છા અર્પવા ગુરુવાર તા. ૩-૫-'૮૪ના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજાયેલ શુભેચ્છા સમારોહમાં જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઇંગ્લેન્ડમાં આ દંપતિ જૈન ધર્મ અને સંસ્કૃતિ અને સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાંથી ત્યાંના સમાજને પરિચિત પણ કરશે જ. વિદેશયાત્રાની તેમની આ સફર માટે હું શુભેચ્છા વ્યકત કરું છું.

શ્રી ગુણવતભાઇ ઝવેરીએ આ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે ડૉ. રમણભાઇની આ સંસ્કારયાત્રા છે. તેમની આ વિદેશયાત્રાથી દરિયાપારના આપણા સમાજના લોકોને તેમની વિદ્વત્તા માણવાનો સોનેરી અવસર મળશે.

શ્રી સુબોધભાઇ એમ. શાહે જણાવ્યું હતું કે ડૉ. રમણભાઇ પહેલી જ વાર વિદેશ જાય છે તેવું નથી. તેમની આ સફર પરદેશની ધરા પર જૈન ધર્મની જયપતાકા વધુ ઉન્નત રીતે લહેરાવનારી નીવડે એવી શુભેચ્છા.

શ્રી સી. એન. સંઘવીએ જણાવ્યું હતું કે ડૉ. રમણભાઇ વિદેશમાં જેટલાં જેટલાં પણ સંઘની પ્રવૃત્તિ પર ધ્યાન આપશે જ. ઇંગ્લેન્ડમાં સંઘની પ્રવૃત્તિના પ્રચારની સાથે જૈન ધર્મ અંગેનો પ્રચાર પણ કરશે તેવી મને ખાતરી છે.

'પ્રેમળજ્યોતિ'નાં સંયોજક શ્રી કમલબેન પીસપાટીએ શુભેચ્છા વ્યકત કરીને સુંદર ભાવવાહી સ્વરોમાં એક મરાઠી ગીત ગાયું હતું.

સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે ડૉ. રમણભાઇ સરળ હૃદયી છે. તેમના નેતૃત્વ નીચે સંઘની એકતામાં વધારો થયો છે. સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં તેઓશ્રીએ પ્રાણ પૂર્યા છે. ડૉ. રમણભાઇ પાસે વિદ્વત્તાની સાથે જે સરળતા છે તે અદ્‌ભુત છે.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટિના શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ. ગુણવંત શાહ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા. તેમણે શુભેચ્છા વ્યકત કરતાં જણાવ્યું હતું કે કેટલાંક યુગલોને જોઇને આંખો ઠરે છે. શાહ-દંપતી આવાં યુગલો માંહેનું છે. તેમની વિદ્વત્તા અને જૈન ધર્મ અંગેનો તેમનો ઊંડો અભ્યાસ પ્રશંસનીય છે.

સંઘના સહમંત્રી ડૉ. ધનવંત ટી. શાહે જણાવ્યું હતું કે ડૉ. રમણભાઇ પાસે દૃષ્ટિ છે, વ્યવસ્થાશકિત છે તેનો લાભ સંઘને મળ્યો છે. જૈન પત્રકારો-લેખકોનો સેમિનાર ઇંગ્લેન્ડમાં યોજવાની તેમની ભાવના પ્રશંસાપાત્ર છે.

સંઘના ઉપપ્રમુખ શ્રી રસિકભાઇ ઝવેરીએ ડૉ. રમણભાઇને તથા પ્રો. તારાબેનને ચંદનહાર અર્પણ કરી શુભેચ્છા દર્શાવ્યા બાદ ડૉ. રમણભાઇએ જણાવ્યું હતું કે જૈન સેન્ટર, લેસ્ટરના નિમંત્રણથી અમે બે મહિનાની આ વિદેશની સફરે જઇ રહ્યાં છીએ. તમારા બધાંનાં પ્રેમ લાગણી અને શુભેચ્છા જોઇને આનંદ થાય છે. મારી ભાવના સંઘને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવવાની છે. આ માટે હું વિદેશમાં જ્યાં જ્યાં જઇશ ત્યાં યુવક સંઘની પ્રત્યેક પ્રવૃત્તિનો ચિતાર આપીશ. આપ સૌના સહકારથી સંઘને મારે એવી મહત્તા અપાવવી છે કે કોઇ ધાર્મિક કે સાંસ્કૃતિક પ્રશ્ને રાજ્ય કે કેન્દ્ર સરકાર યુવક સંઘના સૂત્રધારોના મતને-માન્યતાને વજુદવાળી ગણી એની એવા પ્રશ્ન પર પૃચ્છા કરે.

આભારદર્શન બાદ અલ્પાહાર લઇ પ્રસંગના મધુર સ્મરણોને વાગોળતાં સૌ છૂટાં પડ્યાં હતાં.

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે 'પ્રેમળ જ્યોતિ' દ્વારા કરુણા અને માનવતાનાં કાર્યો છેલ્લાં કેટલાંક વર્ષોથી હાથ ધરાય છે. આ પ્રવૃત્તિમાં 'અસ્થિ સારવાર કેન્દ્ર'ની રવિવાર, તા. ૩૧-૭-'૮૩ના રોજ શરૂઆત કરવામાં આવી. તા. ૨૭-૬-૮૪ના રોજ મળેલ કારોબારી સમિતિએ આ પ્રવૃત્તિ હાથ ધરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો અને સાત સભ્યોની એક ઉપસમિતિ નીમવામાં આવી હતી, જેના સંયોજક તરીકે શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહની વરણી કરવામાં આવી હતી.

ડૉ. જે. પી. પીઠાવાલા હાડકાનાં દર્દો, જેવાં કે ખભાનું જામ થવું કે ઉતરી જવું, ઘૂંટણનો દુઃખાવો, મણકાની તકલીફ, શરૂઆતનો પક્ષઘાત, પોલીયો આદિ દરદોની સારવાર કરે છે તેઓ આ રોગોના નિષ્ણાત છે અને વિખ્યાત ડૉ. મઢીવાલાના શિષ્ય છે. તેઓ દર રવિવારે તેમના વતન ધકાન જિ. નવસારીથી મુંબઇ આવે છે અને માનાર્હ સેવા આપે છે. સેવાભાવે આ કાર્ય કરે છે એટલું જ નહિ પરંતુ રેલવે પ્રવાસના ખર્ચની રકમ પણ લેતા નથી. સ્વેચ્છાએ સેવાભાવથી નિયમિત કામ કેમ થાય એનું તેઓ સરસ ઉદાહરણ છે.

આ કેન્દ્રને તા. ૨૯-૧-૮૪ના રોજ છ માસ પૂરા થયા. આ સમય દરમિયાન ૨૭ રવિવારમાંથી વિજયાદશમીનો દિવસ બાદ કરતાં ૨૬ રવિવારે કેન્દ્ર પ્રવૃત્તિમય રહ્યું હતું. આ સમય-ગાળામાં ઓછામાં ઓછા દરદીઓની સંખ્યા ૬૧ અને વધુમાં વધુ સંખ્યા ૭૫ની હતી. ૨૬ રવિવારમાં કુલ દરદીઓ ૧૨૦૭ હતા. એટલે સરેરાશ સંખ્યા ૪૬ની થઇ

હાડકાના અનેક પ્રકારના દરદીઓએ આ કેન્દ્રનો લાભ લીધો છે. તે પૈકી મોટા ભાગના દરદીઓને સારું થયું છે, ૬ વર્ષના બાળકથી માંડીને ૭૦-૭૫ વર્ષની વયોવૃદ્ધ વ્યકિતઓએ જુદાં જુદાં દરદોની સારવાર લીધી છે. કેટલાક દરદીઓ પૂના, કોલ્હાપુર, અકોલા, કલકત્તા આદિ દૂરનાં સ્થળેથી પણ અત્રે સારવાર લેવા ખાસ આવ્યા હતા.

હાડકાનાં દરદોમાં ધીરજ અને ખંતપૂર્વક માલીશ અને કસરત ખાસ જરૂરી છે ડૉ. પીઠાવાલા અને તેમના મદદનીશો આ અંગે જરૂરી સૂચના અને સમજણ ધીરજથી અને નજરોનજર દેખાડીને ખ્યાલ આપે છે ઘણાં દરદીઓને માલીશની મુશ્કેલી રહે છે. યોગ્ય અને તાલીમ પામેલી વ્યકિતની આ કામ માટે જરૂર છે.

સાધકની સત્યોપાસના

પન્નાલાલ ૨. શાહ

જે વિચારો બૌદ્ધિક કસોટીમાં પાર ઊતરે, અને એવી કસોટીમાં જે વિચારો યોગ્ય, આચરણીય અને શુદ્ધ લાગે એને અપનાવવા હંમેશાં તત્પર રહેવું. જે વિચારો સાથે સહમત થવામાં અંતરાત્મા રજમાત્ર-લેશમાત્ર આનાકાની કરે, એ વિચારોને બાજુ પર રાખવામાં કદી પણ પાછીપાની ન કરવી, પછી ભલેને એની રજૂઆત કોઇ સમર્થ મહાત્માએ કરી હોય.

સત્યની સહજ અનુભૂતિ થાય અને જે સત્ય સમજાય એ યોગ્ય સમયે પ્રગટ કરવામાં લેશમાત્ર ભય સેવવો નહીં. એવા લાધેલાં સત્યની વિરુદ્ધમાં હજારો ભલેને લાખો લોકો ભલેને હોય. જે સત્ય પામ્યા હોઇએ-નિશ્ચલપણે પામ્યા હોઇએ, એમાંથી કદી પાછીપાની કરવી નહિ. નીડરપણે, ક્રોધની પણ શેહમાં આવ્યા વિના, સત્યાચરણ કરવું એમાં જીવનની સાર્થકતા છે.

વિચારોમાં મક્કમતા દાખવવાથી સહિષ્ણુતા નહીં રહે એવો ભય રાખવાની જરૂર નથી. એથી સંઘર્ષ થશે એવું પણ સ્વપ્ને ચિંતવવાની જરૂર નથી. કારણ, સત્ય કદી પણ પરસ્પર વિરુદ્ધ હોતું નથી. રજુ થતો ભિન્ન વિચાર સત્યની બીજી બાજુ પ્રગટ કરે છે એટલું જ. આમ છતાં વિરોધાભાસ જણાય તો સમજવું કે આપણા મનમાં રમી રહેલી વાતનું આપણે એકાંગી દર્શન કર્યું છે. આવું થાય ત્યારે આપણી મર્યાદા સમજી, સત્યોપાસકની વિશાળ દૃષ્ટિ કેળવવા મથવું એ પહેલી ફરજ છે. એકેક પાસાંઓનો બધી બાજુથી અભ્યાસ કરવાની વિશાળ દૃષ્ટિથી જ સત્યને પામી શકાય છે એ પાયાની વાત ભૂલી શકાય નહીં.

જે સત્ય લાધે એનું સ્વયં આચરણ ન થાય ત્યાં સુધી એની પ્રતીતિ અન્યને થઇ શકતી નથી, એ સતત લક્ષમાં રહેવું જોઇએ. માત્ર વાંચન પરથી મનુષ્ય કેટલો છે એ કહી શકવાના સામર્થ્ય પર ભલે આપણે મુસ્તાક હોઇએ. પરંતુ એ પણ ન ભૂલવું જોઇએ કે આપણે જેટલું વાંચીએ છીએ એટલું વિચારી શકતા નથી અને જેટલું વિચારીએ છીએ, ચિંતન-મનન, અભ્યાસ-અધ્યયન અને સ્વાધ્યાય થાય છે તેની અભિવ્યક્તિ પૂર્ણપણે થઈ શકતી નથી. એટલે સદ્વાચન, મનન અને ચિંતનનું મહત્ત્વ સમજી એને આચરણમાં ઉતારવા સદા તત્પર રહેવું. કારણ, આચાર વિનાનો વિચાર તદ્દન પાંગળો છે.

આચરણમાં મૂકેલો વિચાર અન્યને સમજવા કોશિશ કરીએ તો આપણી દશા 'પરોપકારે પાંડિત્યમ્' જેવી નહિ થાય. આપણા આચાર અને વિચારમાં સંવાદિતા હોવા છતાં ક્યારેક એવું પણ બને કે આપણા સંસર્ગમાં આવતી વ્યક્તિ આપણને સમજી ન શકે, આપણા વિચારો ગળે ન ઊતરે, ગ્રહણ ન કરી શકે. આવું બને ત્યારે અધીરા થયા વિના માત્ર સત્યશોધકની અખૂટ ધીરજ દાખવવી જોઇએ. સાધક ખરેખર સાધક છે કે નહિ તેની અહીં જ કસોટી છે. સત્યશોધકની સહિષ્ણુતા અને સાધકની વિશાળતા-વિશાળ દૃષ્ટિ કોને કહેવાય એનો અનુભવ અહીં થાય છે.

આપણા વિચારો ગમે તેટલાં દૃઢ હોય, એમાં ગમે તેટલી પ્રતીતિ હોય, વિચાર, મનન અને મનોમંથન બાદ એનું આચરણ કરવા યોગ્ય ભલે હોય, તો પણ આપણી આસપાસનાં સ્નેહીઓ, મિત્રો કે અંતે જગત એને અપનાવી ન શકે તો નિરાશ કે હતાશ થવાનું કોઇ કારણ નથી. અહીં આત્મનિરીક્ષણ દ્વારા એ શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જરૂરી છે કે આપણને જે સત્ય લાધ્યું, સત્યની જે ઉપાસના આપણે કરી છે એ અન્યને સમજાવવામાં આપણી ખુદની શી મર્યાદા છે. જગતના જીવો સમજી ન શકે, સમજવા છતાંય સત્યાચરણ ન કરે, ન કરી શકે તો એમના પરત્વે અણગમો કે તિરસ્કાર દાખવવાની જરૂર નથી. કારણ, સાધકે તો સૌ જીવોની સાથે મૈત્રીભાવ કેળવવાનો છે અને સૌનો સ્નેહ સંપાદન કરવાનો છે. આવા જીવોની પામરતા પ્રત્યે કરુણાભાવ દાખવી, સ્નેહનું સિંચન કરવાનું છે.

આવા આત્મનિમજ્જન અને મનોમંથનકાળમાં આપણે આપણી જાતને કદાચ ધગધગતી ભઠ્ઠીમાં શેકાતી અનુભવીશું. એનું કારણ સત્યમાં રહેલી આપણી અટલ શ્રદ્ધા છે. પ્રાણાંતે પણ આપણી શ્રદ્ધા અવિચળ રહે-રહેવી જોઇએ. સત્યની ઉપાસના અને શોધમાં સફળ ન થવાય તો એથી લેશમાત્ર ડગ્યા વિના, પૂર્ણ અને અટલ શ્રદ્ધાથી આંતર નિરીક્ષણ કરવું, પોતાના પ્રયત્નોમાં રહેલી ક્ષતિ શોધવી, જિજ્ઞાસાથી ફરી ફરી અંતરને ઢંઢોળવું એ સાધકનો ધર્મ છે. એમ કરતાં કરતાં જ્યારે સફળ થવાય ત્યારે થતો સાત્ત્વિક આનંદ અવર્ણનીય, અકલ્પ્ય હશે. એ તો અનુભવી જ શકાય. સાધકની અનુભૂતિનો એ વિષય છે. એને માણી શકાય. એ પરમાનંદમાં મહાલી શકાય.

ધ્યેયનિષ્ઠા, દૃઢતા, અખૂટ ધીરજ અને અટલ શ્રદ્ધા છતાંય જ્યારે પોતાના વિચારોમાં અપૂર્ણતા લાગે, પોતાના વિચારો અયોગ્ય જણાય, પોતાનું દર્શન એકાંગી જણાય, ત્યારે એ વિચારોનો ત્યાગ કરવામાં જરા પણ-ક્ષણ-માત્રનોય વિલંબ ન કરવો. એમાં પ્રતિષ્ઠાનો ડર ન રાખવો, પોતાના વિચારો હતા એનો મોહ ન રાખવો. સાપ કાંચળી ઉતારે એમ સહજભાવે એવા વિચારોનો ત્યાગ કરવો. કારણ, સાધનાની પૂર્વ શરત મમત્વભાવ છોડવાની છે. મમત્વભાવ એ પરિગ્રહનું કારણ છે અને 'વિચારોનો પરિગ્રહ' એ સાધના માર્ગેથી વિચલિત થવાનું એક અને મુખ્ય પરિબળ છે. ગમે તેવા સાધકે પોતાના વિચારો છે એટલે સાચાં જ હોય એવું સ્વપ્ને પણ ચિંતવવું નહિ. એવું થાય તો એ નરી આત્મવંચના હશે.

★

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ભિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૬-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક

તંત્રી : રમણલાલ ચી. શાહ

ન્યાય અને દયા

❖ રમણલાલ ચી. શાહ

ન્યાયના ક્ષેત્રમાં દયાને કેટલું સ્થાન હોવું જોઇએ તેની ક્યારેક ચર્ચા થાય છે.

આ સંસારમાં કાયદાની દૃષ્ટિએ સર્વત્ર અને સર્વથા ન્યાય પ્રવર્તે છે એમ નહીં કહી શકાય. પોતાને અન્યાય થયો છે એવી સાચી ફરિયાદ ઘણાને મોઢે સાંભળવા મળશે. દયા બતાવવાની વાત તો બાજુ પર રહી, પણ માણસ બીજાને ન્યાય આપે તો પણ ઘણું એવું પણ કહેનારા મળશે. વ્યવહાર-વર્તનની એવી કેટલીય નાની નાની ઘટનાઓ બને છે. જે અદાલત સુધી લઇ જઇ શકાતી નથી અથવા લઇ જવી એ સલાહભર્યું નથી. કેટલાયે ઝઘડાઓનો વ્યક્તિ, કુટુંબ, જ્ઞાતિ કે સમાજની કક્ષાએ ચુકાદો આવે છે. એમાં ન્યાય કરતાં પૈસો, સત્તા, લાગવગ, શારીરિક બળ ઇત્યાદિ વિશેષ ભાગ ભજવે છે. એવા ચુકાદાથી ઉભય પક્ષને હંમેશાં સંતોષ થાય એવું હોતું નથી. પ્રેમભરી સમજૂતીની ઘટનાઓ બને છે જરૂર, પણ તે તો એકંદરે ઓછી.

જ્યાં કાયદો પ્રવર્તે છે અને અદાલતમાં ન્યાયાધીશ ન્યાય આપે છે તેવી ઘટનાઓમાં પણ હમેશાં દરેક વખતે પૂરેપૂરો ન્યાય પ્રવર્તે છે એમ નહિ કહી શકાય. પુરાવાઓનો કે સાક્ષીઓનો અભાવ અથવા ખોટા પુરાવાઓ અને ખોટા સાક્ષીઓ ન્યાયમૂર્તિને ગેરમાર્ગે દોરી જઇ શકે છે. ખૂન, ચોરી, બળાત્કાર વગેરે પ્રકારની ગંભીર ઘટનાઓમાં પણ કયારેક અદાલતી ન્યાય પ્રવર્તતો નથી, કારણ કે ગુનેગાર પકડાતો નથી. આમ જગતમાં કાનૂની ન્યાય સંપૂર્ણપણે પ્રવર્તે છે એમ ન કહી શકાય.

કાનૂન પણ જુદા જુદા દેશમાં જુદા જુદા હોઇ શકે છે. બળાત્કાર માટે કોઇક દેશમાં બે-પાંચ વર્ષની સખત કેદની સજા હોય છે, તો અન્ય કોઇ દેશમાં દેહાંતદંડની સજા હોય. સજાતીય સંબંધ માટે કોઇ દેશમાં કશી જ સજા હોતી નથી, તો કોઇક દેશમાં જનમટીપ કે દેહાંતદંડ સુધીની સજા હોય છે. નાની સરખી ચોરી માટે કોઇક દેશમાં થોડા રૂપિયા જેટલો દંડ હોય છે, તો કોઇક દેશમાં જાહેરમાં ચાબખા મારવાની સજા હોય છે. દેશદ્રોહ માટે કોઇક દેશમાં સખત કેદ, કોઇકમાં જનમટીપ, તો કોઇકમાં દેહાંતદંડની સજા હોય છે. લાંચરુશ્વત માટે પણ જુદા જુદા દેશોની સજા વચ્ચે અંતર હોય છે. એટલે બધે સરખો ન્યાય પ્રવર્તે છે એમ કહી શકાય ? વળી પ્રત્યેક ગુનાની તીવ્રતા કે તરતમતા કેટલી છે, ગુનેગારનો ઇરાદો કેવો છે, સાંયોગિક પુરાવા કેવા છે ઇત્યાદિ અનુસાર એક જ દેશમાં એક જ કાયદા હેઠળ જુદી જુદી સજા ફરમાવવામાં આવે છે. તેમાં બે ન્યાયમૂર્તિનો જુદો જુદો ચુકાદો હોઇ શકે છે. વળી દરેક દેશમાં કાયદાઓ પણ સામાજિક, રાજકીય, આર્થિક ઇત્યાદિ પરિસ્થિતિના સંદર્ભમાં વખતોવખત બદલાતા રહે છે. જેમાં ન્યાયતંત્ર પરવડે એવું ન હોય એવા કિસ્સાઓ છોડી દેવામાં આવે છે. દુનિયામાં પ્રતિ સમયે બદલાતી પરિસ્થિતિ અનુસાર કાયદાઓ પણ બદલાયા કરે છે. જ્યાં કાયદાઓની જ સ્થિરતા ઓછી હોય ત્યાં ન્યાયની સ્થિરતાની અપેક્ષા કેટલે અંશે રાખી શકાય ?

કેટલાક માણસો ઇરાદાપૂર્વક, પરિણામની પરવા કર્યા વગર ગુનો કરે છે, તો કેટલાક માણસો લાચારીથી સંજોગવશાત્ ગુનો કરવા તરફ ધસડાય છે. સંજોગો અનુસાર ન્યાયમૂર્તિ ગુનેગાર પ્રત્યે સહાનુભૂતિ રાખી હળવી સજા કરી શકે છે. તેમાં દયાયુક્ત ન્યાય હોય છે. અમુક શુભ કે પવિત્ર દિવસે કેદીઓને છોડી દેવામાં આવે છે. એમાં પણ દયાનું તત્ત્વ રહેલું છે.

દુનિયામાં બધા જ ગુનેગારો પ્રત્યે જો માત્ર દયા બતાવવામાં આવે તો વ્યવહાર ટકી ન શકે. ગુનેગાર પ્રત્યે દયા બતાવવા જતાં ફરીયાદીને અન્યાય થાય તેનું શું ? ગુનેગાર અને ફરિયાદી બંને પ્રત્યે એક સાથે દયા બતાવવી હમેશાં શક્ય કે સરળ નથી. દયાની લાગણી એટલી હદ સુધી તો ન પ્રવર્તવી જોઇએ કે જેથી અન્યાયનું સામાજિક પ્રમાણ વધે, જે પાછું અનાચારમાં પરિણમે. સામાજિક દૃષ્ટિએ આ એક મોટો પ્રશ્ન છે. એટલે કે અદાલતી ન્યાયમાં તો તટસ્થ ન્યાયાધીશને યોગ્ય લાગે એટલી જ દયાને અવકાશ છે. એમાં દયાના તત્ત્વનો વધુ પુરસ્કાર કરવા જતાં ન્યાયની સમતુલા જળવાય નહિ. એથી સરવાળે સમાજને પોતાને જ નુકસાન થાય.

ન્યાય અને દયાનો પ્રશ્ન કાનૂની દૃષ્ટિએ કે વ્યવહારની ભૂમિકાએ જે રીતે વિચારાય તેથી અધિક સૂક્ષ્મ રીતે ધર્મની ભૂમિકાએ વિચારી શકાય. સમર્થ પ્રત્યે ન્યાય અને અસમર્થ પ્રત્યે દયા એવો પણ એક મત પ્રવર્તે છે. પરંતુ આમાં સમર્થ તે કોણ અને અસમર્થ તે કોણ એવો પ્રશ્ન ઊભો થશે. વળી સામર્થ્ય કઇ બાબતનું ? શિક્ષા સહન કરવા માટે સમર્થ તે સમર્થ ? શિક્ષા સહન કરવા માટે અસમર્થ તે અસમર્થ ? ગુનો કરતી વખતે તેણે પોતાની સમર્થતાનો

કે અસમર્થતાનો વિચાર કર્યો હતો ખરો? દયાને પાત્ર બન્યા પછી તે ફરી વાર ગુનો કરશે ખરો? કોઇક પૈસાથી સમર્થ, કોઈ સત્તાથી સમર્થ, તો કોઇક શરીરબળથી સમર્થ હોય છે. કોઇક સત્તાથી સમર્થ હોય પણ શિક્ષા સહન કરવા માટે શરીરથી સમર્થ ન હોય; કોઇક શરીરથી સમર્થ હોય પણ પૈસાથી એટલો સમર્થ ન હોય,-આવાં વિવિધ વર્ગીકરણ કરવાં પડશે. સમર્થ હોય અને ઇરાદાપૂર્વક ગુનો ન કર્યો હોય, અસમર્થ હોય અને ઇરાદાપૂર્વક ગુનો કર્યો હોય તો પણ ન્યાય અને દયાની માત્રામાં ફરક કરવો પડશે. આવા અનેક કિસ્સાઓમાં પણ વ્યક્તિગત ધોરણે ન્યાય અને દયા તથા સામાજિક ધોરણે ન્યાય અને દયાનાં પાસાં જુદી જુદી રીતે વિચારવાં પડશે. સમર્થ-અસમર્થનો પ્રશ્ન ધારીએ છીએ તે કરતાં ઘણો સંકુલ છે. ન્યાય આપનાર એ માટે સમર્થ છે કે અસમર્થ એવો પ્રશ્ન પણ ઊભો થશે. કોઇક વાર તો ખુદ ન્યાયમૂર્તિ દયાને પાત્ર જણાય છે.

સમર્થ પ્રત્યે ન્યાય અને અસમર્થ પ્રત્યે દયાનો સિદ્ધાંત પણ પરમ આદર્શ ન ગણાય. એવી ઊંચી કોટીના મહાત્માઓ હોય છે, જે પોતાના પ્રત્યે અપરાધ કરનાર ગુનેગાર, સમર્થ હો વા અસમર્થ એના તરફ એક માત્ર દયા, કરુણા અને ક્ષમાનો ભાવ જ રાખે છે. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં મીર કાસીમ પ્રત્યે દયાનો ભાવ દર્શાવ્યો હતો. ગોડસેની ગોળી છૂટ્યા પછી ગાંધીજી જો બચી ગયા હોત તો શું એમણે ગોડસે ઉપર અદાલતી કામ ચલાવવા દીધું હોત? ગોડસેને સમર્થ કહીશું કે અસમર્થ? ગાંધીજી જેવી મહાન વિભૂતિ તો સર્વ પ્રત્યે કરુણાની દૃષ્ટિએ જ જુએ ને! વધસ્થંભ પર ચડેલા ઇસુ ખ્રિસ્તે અંતિમ વચન તો એ જ કહ્યું હતું ને કે 'ફાધર, ફરગીવ ધેમ, ફોર ધે હુ નોટ નો વોટ ધે હુ'! ભગવાન મહાવીરે પોતાની તપશ્ચર્યાના કાળ દરમિયાન એમના તરફ ઉપસર્ગો કરનારાઓ પ્રત્યે વાત્સલ્યભાવયુક્ત કરુણા બતાવી હતી. પોતાના ઉપર તેજોલેશ્યા ફેંકનાર સમર્થ ગોશાલક પ્રત્યે પણ એમણે કરુણા ને ક્ષમાનો ભાવ જ ધારણ કર્યો હતો. એટલે જ હેમચંદ્રાચાર્યે ભગવાન મહાવીર વિશે લખતાં કહ્યું છે કે:

कृतापराधेऽपि जने कृपामंथरतारयोः ।

આમ, અપરાધના ક્ષેત્રે સર્વોચ્ચ દૃષ્ટિ તો આવા મહાત્માઓની હોય છે, જે સમર્થ કે અસમર્થ અપરાધીને દયાર્દ્ર નયને નિહાળે છે. અપરાધીની દશા જોઇ એમને કરુણા ઉપજે છે. અપરાધીનું હિત જ માત્ર એમના હૈયામાં વસેલું હોય છે.

અપરાધી પ્રત્યે સાચા દિલથી બતાવેલી દયા કેટલીય વાર ઘણું મોટું કાર્ય કરી જાય છે. સજ્જનમાંથી એક વાર દયાભાવથી બચી જતા માણસનું ઘણી વાર હૃદય-પરિવર્તન થાય છે. ત્યાર પછી તે ફરી એવો ગુનો કરતો નથી. પોતાના પ્રત્યે થયેલા કોઇક ગુના વખતે તે પણ, અપરાધી પ્રત્યે, હવે પ્રાપ્ત થયેલ નવા કર્તવ્ય તરીકે દયા બતાવવા લાગે છે.

સંસારના ગુનાઓ ઓછા કરવાનું કાર્ય કોણ વધુ કરી શકે? ન્યાય કે દયા? સ્થૂળ ભૂમિકાએ તો ન્યાયની જ જરૂર પડે. દયાનું ક્ષેત્ર સીમિત રહેવાનું, કારણ કે મનુષ્યની પ્રકૃતિ એવી છે. વળી સમાજનું હિત જોખમાય એ ઇષ્ટ નથી. ન્યાયથી એકંદરે ગુનાઓ ઘટે છે. દયાથી ગુનાઓ ઘટે પણ ખરા, અને વધે પણ ખરા.

જે આદર્શ મહાત્માઓનો છે તે વ્યવહારની ભૂમિકાએ સર્વને માટે કેટલે અંશે ચાલી શકે? સમાજનાં પોતાનાં નૈતિક, ધાર્મિક અને આધ્યાત્મિક સ્તર ઉપર એનો ઘણોખરો આધાર રહે છે. જે સમાજનું એ પ્રકારનું સ્તર જેટલું ઊંચું તેટલે અંશે તેમાં દયાના પ્રવર્તન માટે વધુ અવકાશ રહે.

દુન્યવી દૃષ્ટિએ પણ વ્યવહારની ભૂમિકાએ વિચાર કરીએ તો આ જગતમાં સંપૂર્ણ કાનૂની ન્યાય ક્યારેય શક્ય નથી. ધર્મ અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જોઇએ તો આ સંસારમાં બધે જ ન્યાય પ્રવર્તે છે.

કેટલાક નાસ્તિક લોકો કહેશે કે આ દુનિયામાં ન્યાય જેવું કશું નથી. ધર્મ-શ્રદ્ધાળુ લોકો કહે છે કે ભગવાનના દરબારમાં દેર છે પણ અંધેર નથી. તત્ત્વવેત્તાઓ કહે છે કે જન્મજન્માંતરની પારમાર્થિક દૃષ્ટિએ જોઇએ તો ભગવાનના દરબારમાં દેર પણ નથી અને અંધેર પણ નથી. બધું જ વ્યવસ્થિત છે. પરમ નિયમને અધીન બધું જ ક્રમાનુસાર છે.

લેસ્ટરમાં જૈન સેમિનાર

લેસ્ટરના જૈન સેન્ટરના નિમંત્રણથી ૧૯૮૪ના ઓકટોબરમાં કે ૧૯૮૫માં જૈન ધર્મ, સાહિત્ય, પત્રકારત્વ અને સમાજસેવા વિશે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે નાનકડા પાયા ઉપર એક સેમિનાર યોજવાનું વિચારાયું છે. લેસ્ટરમાં જૈન સેન્ટરના પ્રમુખ ડો. નટુભાઇ શાહ અને સમિતિના સભ્યોના સહકારથી વિવિધ પ્રકારની ધાર્મિક તેમ જ સામાજિક પ્રવૃત્તિઓ સરસ આકાર લઇ રહી છે. એ પ્રવૃત્તિઓમાં એક વધુ પ્રવૃત્તિ તે આગામી વર્ષમાં સેમિનાર યોજવા અંગેની છે. મર્યાદિત સંખ્યામાં પ્રતિનિધિઓ વિવિધ જૈન વિષયોની છણાવટ કરે એવા આશયથી આ સેમિનાર યોજાશે. આશરે ૨૦ થી ૨૫ પ્રતિનિધિઓ મુંબઇથી પહોંચશે અને લેસ્ટર, લંડન તથા બીજાં શહેરોના સ્થાનિક પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ તેમ જ બીજા નિમંત્રિતો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પ્રતિનિધિઓ માટે લેસ્ટરમાં ભોજન અને ઉતારાની વ્યવસ્થાની જવાબદારી જૈન સેન્ટર સંભાળશે. મુંબઇથી પ્રતિનિધિઓને મોકલવાની જવાબદારી જૈન યુવક સંઘની રહેશે. જૈન યુવક સંઘ પણ પ્રતિનિધિઓ મોકલવાની આ જવાબદારી નીચે પ્રમાણે લેશે:

(૧) જે પ્રતિનિધિઓ પોતાને ખર્ચે જઇ શકે તેમ હોય તેઓની પસંદગી કરશે. તેમની સંખ્યા લગભગ દસની રહેશે.

(૨) જે પ્રતિનિધિઓ મધ્યમ કે સાધારણ સારી સ્થિતિના હોય અને પોતાને ખર્ચે જઈ શકે તેમ ન હોય તેવા પંદર-વીસ પ્રતિનિધિઓ માટે વ્યક્તિગત સ્પોન્સરશિપ મેળવશે. એક વ્યક્તિનો લેસ્ટર જવા-આવવાનો ખર્ચ (યુરોપનાં કેટલાંક શહેરોની સાંસ્કૃતિક મુલાકાત સહિત) રૂા. ૧૫ હજાર આસપાસ રહેશે. જે દાતાઓ અથવા ટ્રસ્ટો યુવક સંઘને રૂા. પંદર હજાર આપશે તેમના તરફથી એક પ્રતિનિધિને સ્પોન્સર કરવામાં આવશે અને તેમનું નામ 'પ્રબુદ્ધ જીવન'માં જાહેર કરવામાં આવશે. પ્રતિનિધિની પસંદગી દાતા પોતે કરશે, પરંતુ તેને છેવટની મંજૂરી યુવક સંઘની સમિતિ આપશે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ પર)

સ્વરાજ્ય સંગમ : નવી રાજનીતિની દિશામાં પ્રયાણ

★ મનુભાઈ પંચોળી 'દર્શક'

ગીતાંજલિમાં કવિવર રવીન્દ્રનાથ ટાકુરની કવિતા છે. 'અલ્યા ભગત, આંખો બંધ કરીને બંધ ઓરડામાં અંધારામાં તું કોની પૂજા-પ્રાર્થના કરે છે? આંખો ઉઘાડ-તને ખબર પડશે કે તારો ભગવાન તો કયાંક ચાલ્યો ગયો છે.' આપણું પણ તે ભગત જેવું જ થયું છે. ૩૫-૩૫ વર્ષ સુધી આંખો બંધ કરીને સ્વરાજ-સ્વરાજ કર્યા કર્યું. આંખો ખોલી ત્યારે જ ખબર પડી કે સ્વરાજનો દેવતા તો કયાંક ચાલ્યો ગયો છે અહીંયાં તો બેહાલ છે: મોંઘવારી, કોમવાદ, ભ્રષ્ટાચાર, બેકારી, નૈતિક અધઃપતન. સ્વરાજ નથી.

આપણે કોઇ વ્યક્તિના, પક્ષના કે કોઈનાય હેતુ વિષે શંકા કરવી નથી. બધાનો હેતુ સારો હશે જ, પણ છેલ્લા માણસનું કામ કરીશું, દુનિયા આખીમાં હિંદુસ્તાન કાંઇક જુદું બતાવશે, તેવી સ્થિતિ નથી. આજે શું દેખાય છે? આ બધામાં આંખો ખૂલવાનો પ્રયાસ એટલે સ્વરાજ સંગમ. આમાં તત્કાળ કાંઇક થશે જ તેમ માનવાનું કોઇ કારણ નથી, પણ આ બધું સાવ ઊંધું શાને કારણે થયું છે? આ આત્મ-ખોજનો વિષય છે. આ બધાની ટીકા કરવાનો કે ફરિયાદ કરવાનો કોઇ અર્થ નથી. 'જેવું દૂધ તેવું માખણ'. આપણને જો આ દૂધ અને માખણવાળી વાત સમજાશે તો જ આજની પરિસ્થિતિની સાચી ખબર પડશે. આપણે જ આત્મખોજ કરી, કરેલી ભૂલ સુધારવાની છે. બે વાત ઉઘાડી છે:

(૧) મૂલ્યો તરફની આસ્થા ઘટતી જાય છે. આપણો લાંબો હતો હિંદુસ્તાનના રાજકારણમાં મૂલ્ય આધારિત રાજનીતિનો. પરંતુ આપણે મૂલ્યો જાળવી શકયા નથી. પક્ષપલટો નહીં થવો જોઇએ તેમ બધાં માને છે, પરંતુ આ દૂષણમાંથી કોઇ પક્ષ બાકાત રહ્યો હોય તેમ હું માનતો નથી. છેલ્લે થયેલી રાજ્યસભાની ચૂંટણીમાં વિરોધ પક્ષના ઉમેદવાર જીત્યા. તેમને મળવાપાત્ર મતો કરતાં ૯ મત વધારે મળ્યા. સામા પક્ષના આ મત મળ્યા કેવી રીતે? કોણે આપ્યા? કેવી રીતે આપ્યા? કોઇ સમાચારપત્રમાં પણ આ બનાવની, પક્ષપલટાના દૂષણ તરીકે નોંધ લેવાઈ હોય તેવું મેં વાંચ્યું નથી.

મૂલ્ય પાયામાં છે. સફળતા ગૌણ છે. જે રીતે ચાલે છે તે રીતે જ ચાલશે તો કોઇ પણ પાર્ટીનો ગમે તેવો કાર્યકર્તા આખરે આ રૂપ લેશે જ, અને એટલા માટે જ ગાંધીજી બોલવામાં પણ તોલી તોલીને બોલતા હતા. છતાં કહેતા કે હિંસાથી સ્વરાજ આવે તો મને ન ખપે. શા માટે? હિંસાથી આવેલ સ્વરાજમાં હિંસાવાળાનું ચાલે. લાંચથી રચાયેલ ધારાસભામાં લાંચવાળાનું ચાલે. આજે તેવું જ છે.

આ દેશમાં મૂલ્યનું કેટલું ધોવાણ થયું છે? સંજીવ રેડ્ડીને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવવામાં આવે, તેમને ટેકા આપવામાં આવે અને પછી ખસી જવાનું. અને આ પાપ પણ કોણે કર્યું? કહેવાતા મોટા માણસે. મોટો માણસ પાપ કરે તો તે પાપની પ્રક્રિયા નીચે ઊતરવાની જ. ગંગોત્રીમાંથી શરૂ થયેલા મેલનો પ્રવાહ નીચે ઊતરવાથી ગંગા-સાગરમાં તો કેટલોય વધી જવાનો. અંતુલે પ્રકરણ આનું સાક્ષી છે. સ્વરાજ્ય સંગમ આ ધોવાયેલી મૂલ્યનિષ્ઠાને ફરી સ્થાપિત કરવાનું વિચારે.

(૨) બીજી બાબત એ છે કે આ સ્વરાજ કોનું? થોડા લોકોનું? ઝાઝા લોકોનું? કે બધા લોકોનું? આપણે શું એવું ઇચ્છતા હતા કે સ્વરાજમાં ગામડાં પરાધીન હોય? મારા ગામનો જ એક દાખલો આપું. એક ખેડૂત એક દિવસ મારી પાસે આવ્યો, કહે, 'આ તલાટી મારી પાસે એન્ટ્રી પડાવવાના રૂ. ૧૫૦ માગે છે. તમે કાંઇક કહેને. હું રૂ. ૫૦ સુધી આપવા તો તૈયાર છું. તમે રૂ. ૭૦ સુધીમાં પતાવી આપોને.' મેં કહ્યું, 'ભાઇ, તો તો તું બીજી કોઇકને પકડ. હું તલાટીને બોલાવીને સમજાવું છું.' મેં તલાટીને સંસ્થાની ઓફિસમાં મળવા માટે બોલાવ્યો. તેણે મને કહેવડાવ્યું કે 'મારે કામ હશે ત્યારે હું સંસ્થાની ઓફિસમાં આવીશ.' મેં ઉપરના માણસની બદલી કરવા આગ્રહ કર્યો. તેની બદલી થઇ ગયા પછી તે મારી પાસે આવ્યો. તેણે કહ્યું, 'મનુભાઇ, હું તો બીજે જઇશ તો ત્યાં પણ ખાઇશ.' મેં કહ્યું, 'ભાઇ, મારે તો મારા ગામમાં આ બધું ના જોઇએ. મારે તો મારા પગમાં જોડા પહેરવાં હતાં. દુનિયાને કયાં ચામડે મઢવાની હતી?' તલાટીએ મને કહ્યું કે 'મનુભાઇ, મારા ભાગમાં તો આમાંથી રૂ. ૨૫ જ આવે છે. બાકી તો મારે ઉપર સુધી પહોંચાડવાના હોય છે.' મારા ગામમાં મારા દેખતાં જ આટલાં વર્ષો પછી, છેલ્લાં દસ વર્ષમાં આ સ્થિતિ ઊભી થઇ છે. આથી ઘણો વધુ ભયંકર ભ્રષ્ટાચાર ચાલે છે તે આપણે જાણીએ છીએ.

આ બધાનું મૂળ કયાં? આપણે શોધવું પડશે. આ બધાનું મૂળ છે આજના આયોજનમાં. જ્યાં સુધી આજનું આયોજન રહ્યું ત્યાં સુધી આમાં કોઇ ફેર નહીં પડે. હિંદુસ્તાનના આયોજન માટે ગાંધીજીએ આપણને ઘણા વહેલા ચેતવ્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે 'સ્વાધીન દેશમાં પરાધીન જનતા' જેવી યોજના ન કરશો. પરંતુ મહાકાય યંત્રોની પાછળ આપણે ગાંડા બન્યા. દુનિયામાં આગળ આવી વટ બેસાડવામાં આપણે મહાકાય યંત્રોદ્યોગો પાછળ પડયા. દુનિયાના વિકસિત દેશોની હારમાં આવવા આ આયોજન આપણે કર્યું. કોને ભોગે? તેનો વિચાર જ કદી ન કર્યો. છતાં વિકસિત દેશોની હારમાં આવ્યા. અને ગરીબ લોકોને વધારે ગરીબ બનાવ્યા. ગાંધીએ તો કહ્યું હતું કે આ રસ્તો લેવા જેવો નથી.

આ પ્રકારના આયોજનમાં ભ્રષ્ટાચાર, મરીબી, મોંઘવારીનાં દૂષણો દાખલ થયાં. શ્રીમંતો વધુ ને વધુ શ્રીમંત બન્યા, અને ગરીબો વધુ ને વધુ ગરીબ બન્યા. છતાં વિકાસ તો આમ જ થાય તેવી વાતો થતી રહી. મહાકાય ઉદ્યોગો લોકોને કામ નથી આપતા. આ અતિ વસતિવાળા મુલકમાં લોકોનું કામ ઝુંટવી લે છે. વધતી બેકારી આ આયોજનની પેદાશ છે.

હવે પછી આ દેશમાં જે આયોજન થવું જોઇએ તે આયોજન એવું થવું જોઇએ કે જેના કેન્દ્રમાં માણસ હોય. જે જાતે કામ મેળવી શકે.

મોટા ઉદ્યોગોમાં બે-કોડીએ ૧૯૭૨ માં ૪૫૦ કરોડ રૂપિયાનું ધીરાણ કર્યું, જે ઉદ્યોગોમાં ૫૦ હજાર લોકો

રોકાયેલા હતા. પરંતુ જેમાં લાખો લોકો રોકાયેલા છે, લાખો લોકોને રોજી-રોટી મળે છે, તેવા ગ્રામ ઉદ્યોગોમાં, તેવા ધંધાઓમાં માત્ર ૧૦ કરોડ આપ્યા ! આ આખો પ્રશ્ન ખોટી દિશાના આયોજનનો છે.

સ્વરાજમાં બધા લોકોને ખરીદશક્તિ આપવાની છે, જેથી તે સ્વાધીન રહી શકે. ૭૦% લોકો ગામડાંમાં વસે છે. ૪-૪॥ કરોડ માણસો ગ્રામોદ્યોગમાં રોકાયેલા છે. તેમને ફક્ત ૧૦ કરોડ અને પેલાઓને ૪૫૦ કરોડ રૂપિયા ! આમાં વિકાસ કોનો થાય ? આપણે કયા પ્રકારનો વિકાસ કરવાનો છે ?

આપણી છઠ્ઠી યોજના રૂા. ૭૧૦૦૦ કરોડની હતી. તેમાં ગામડાંના નાના-મોટા ઉદ્યોગમાં ૧૪૦૦ કરોડ રૂપિયા આપ્યા. આમાં આપણે ગામડામાં ખાદીનું કામ કરો...ખાદીનું કામ કરો... પણ મોટા પૂરમાં એ નાનકડી હોડી તણાઇ જ જાય. તેનુ ઉપજે નહીં. ખેતીમાં ઉન્નતિ થઇ છે તેવી વાતો થાય છે. ૫% ઍડૂતોની ઉન્નતિ જરૂર થઇ હશે. પરંતુ ૯૫% લોકોની સ્થિતિ ફાટેલા કપડાં પહેરવાની થઇ છે. જો આવા પ્રકારના આયોજનથી જ વહેંચણી થાય તો વધુમાં વધુ લોકો ગરીબીની રેખા નીચે જાય એવી વાત છે. દેશનો વિકાસ થયો છે પણ ગરીબો વધતા જાય છે. આ આયોજન બદલવું પડશે.

સવાલ એ છે કે કશું વિચારવું છે કે આ રૂમે જ આગળ વધવું છે ? ખેતીની આવક બમણી થાય છે પણ ઍડૂતની આવક બમણી થાય છે ખરી ? વધારે ઉત્પાદનનો લાભ ઉત્પાદકને મળે છે ખરો ? કે તાજા જ વધારે તાજા થાય છે. ફરીવાર આપણે ગાંધીજીએ કહ્યું તે પ્રમાણે દેશના ગામડાંને આયોજનનું પ્રાથમિક ઘટક બનાવવું જોઇએ. આ અશક્ય નથી.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનો એક નાનો કાર્યકર કાનજી-ભાઇ સુરેન્દ્રનગરમાં દોઢ કરોડ રૂપિયાનો સાબુ બનાવી બજારમાં મૂકી શકે છે. આપણે તેલીબિયાં પેદા કર્યાં પણ ઉત્પાદકોને નફો મળતો નથી. તેલ ઘાણાવાળા માતબર થાય છે. આ બધી અસંગતિ છે. આ બધું સુધારવા માટે આયોજન બદલવું જરૂરી છે, જેથી ગ્રેઇટેસ્ટ ગુડ ઓફ ધી ગ્રેઇટેસ્ટ નંબર થાય. આજે તો સ્મોલેસ્ટ ગુડ ઓફ ગ્રેઇટેસ્ટ નંબર થાય છે.

આજ 'વધુ ઉત્પાદન સસ્તું ઉત્પાદન'ની ધૂમ પણ ચાલે છે. કોઇની હવેલી બળી જાય પછી કોલસા સસ્તા થાય એટલો કોલસો સસ્તો કરવા કોઇની હવેલી સળગાવાય ખરી ? સાચું આયોજન એટલે 'માલ સસ્તો અને મનુષ્ય મોંઘો.' આટલી બધી સરકારો આવી તે પછી પણ 'મનુષ્ય સસ્તો અને માલ મોંઘો' તેવી વાત છે. મૂળભૂત ફેરફારોની વાત થતી જ નથી. પણ આ ફેરફારો પોલિટિકલ ઓથોરિટી જ કરી શકે.

મિત્રો કહે છે, 'તમે વળી આ નવી પાટીની વાતમાં ક્યાં પડ્યા ? આટલી બધી પાર્ટી છે તેમાં એક પાર્ટીનો વધારો શા માટે ?' પરંતુ આજની કોઈ પણ પાર્ટી આ બધું કરવાનું માથે લેતી નથી. તો આ બધું કોણ કરે ? પહેલાં તો જેને ચૂંટણીમાં હારવાની તૈયારી હોય તે. મૂલ્ય બચાવવા જે લડે તેની તૈયારી રણમાં ખપી જવાની હોવી જોઇએ-હારવાં હારીને લોકરાજ્ય બદલવા તૈયાર કોઇ પક્ષ જોઇએ.

બીજો સવાલ છે મતો વહેંચાય છે તેથી જ સત્તાધારી પક્ષ ફાવી જાય છે. પરંતુ આપણે મતો તોડવાનો પ્રશ્ન જ નથી. જેટલું સમજણથી થશે તે પ્રમાણે ધીમે ધીમે આગળ વધાશે. પરંતુ અત્યાર સુધી કરવાનું હતું તે થયું નથી. તે તો કોઇનાય હેતુ ઉપર શંકા કર્યા સિવાય કહેવું પડશે.

નવી પાર્ટી ઊભી કર્યા સિવાય ચાલે તેમ નથી જો ફેરફાર કરવો હોય તો રાજકીય સત્તા જ કરી શકે. બે વર્ષની વિચારણાના અંતે જ આપણે આગળ વધ્યા છીએ. હા, સ્વરાજ્ય સંગમના સભ્યો ચૂંટણી નહીં લડે, સહયોગી સભ્યો ચૂંટણી લડશે. પણ તે પણ મતદારો કે મતદાતા સંઘને સંમત થશે તો.

સામાન્ય રીતે રાજકીય પક્ષો મતદારોની ઇચ્છાને લક્ષમાં લેતા નથી. તેમને કેળવતા નથી. આથી વહેલે મોડે તે તૂટી પડે છે.

સ્વરાજ્ય સંગમના પોતાના કાર્યક્રમમાં માનનારા મતદારોની પરિષદ રચશે. આ પરિષદ ચૂંટણી લડશે, આ પરિષદ આ નવા ફેરફારોનું વાહન થશે, પણ સ્વરાજ્ય સંગમના મનમાં એ સાફ છે કે કોઇ પણ આર્થિક ફેરફારો અને રાજકીય ફેરફારો સાથે જ રહેશે. તે જોડિયા બાળકો જેવાં છે.

રાજકીય સત્તા આવા ફેરફારોમાં ન માનનારાં બળોના હાથમાં હોય તો આર્થિક ફેરફારો થઈ શકતા નથી.

સ્વરાજ્ય સંગમ આવા આર્થિક ફેરફારોમાં માનનારા લોકેચ્છા કેળવી રાજકીય ફેરફારો કરવાનું અનિવાર્ય બને છે. એટલે નવો રાજકીય પક્ષ, વિરોધ પક્ષોના મતો નિરર્થક ન જાય તે વ્યૂહને લક્ષમાં રાખીને રચવો, તે ગરીબોનું વિસ્તૃતીકરણ કરતા આયોજનને પદભ્રષ્ટ કરવા માટે અનિવાર્ય છે.

સ્વરાજ્ય સંગમ પોતે જ પક્ષ બની શકે. પણ લોકોને સાથે રાખ્યા વિના આવડું ભગીરથ કામ પાર ન પડે. એટલે મતદાર પરિષદ પ્રજા અને સ્વરાજ્ય સંગમ સંયુક્ત સંગમ કરવાનું હાલ ઉચિત માન્યું છે. આવું બીજે નથી તેવું ન કહેશો. ઇંગ્લેન્ડનો મજૂર ત્યાંનાં મજૂરમંડળોના જોડાણથી સંપૂર્ણ અને કાર્યશીલ થયો છે. અહીં મતદાર પરિષદ સ્વરાજ્ય સંગમથી કાર્યશીલ થશે.

એકયુપ્રેસરના વર્ગો

વેકેશન બાદ એકયુપ્રેસરના વર્ગો સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સોમવાર તા. ૧૧-૬-૮૪ થી શરૂ કરવામાં આવશે. ફોર્મ પણ ભરીને ત્યારે જ સ્વીકારવામાં આવશે. અંગ્રેજી પ્રાથમિક જ્ઞાન જરૂરી.

સમય : બપોરના બે વાગે

સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ,

પ્રાર્થના સમાજ, મુંબઇ-૪

ફોન : ૩૫૦૨૯૬

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

ભારતમાં અંધત્વ : એક પડકાર

સંકલન : ચીમનલાલ એમ. શાહ 'કલાધર'

વિકસતા વિશ્વમાં ભારત જેમ વિકાસશીલ બનતું જાય છે તેમ અહીંની પ્રજાની આંખોની કાળજી પર પણ પૂરતું ધ્યાન આપવાની જરૂર છે. એક સર્વેક્ષણ મુજબ ભારતમાં કુલ ૪૯ લાખ લોકો અંધ છે અને પ્રતિ વર્ષ ૧૫ લાખ લોકો અંધ બને છે. આટલા બધા લોકો દૃષ્ટિ ગુમાવતા હોય ત્યારે ભારત જેવા રાષ્ટ્રમાં યુદ્ધના ધોરણે લોકોની આંખો બચાવવા માટે કાર્ય હાથ ધરવાની જરૂર છે.

આંખ એ મનુષ્યનું સર્વસ્વ છે. આંખ ગઈ તો જીવન અંધકારમય છે. આંખ પ્રત્યેની કેટલીક નાની બેદરકારીથી પણ આંખને નુકસાન થાય છે. આંખોની જાળવણી કઈ રીતે કરવી તેની સમજ આજે દરેકને આપવાની જરૂર છે એમ સંધના ઉપક્રમે શનિવાર, તા. ૨૮-૪-'૮૪ના રોજ યોજાયેલ પ્રવચનમાં રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધ બ્લાઇન્ડ (યુ. કે.)ના ડાયરેક્ટર શ્રી એલન ડબ્લ્યુ. જોન્સે જણાવ્યું હતું.

વધુમાં તેમણે કહ્યું હતું કે સારાએ વિશ્વના લોકોનો અંધાપો દૂર કરવા રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધ બ્લાઇન્ડ કાર્ય કરી રહી છે. તેને વિશ્વની સમગ્ર જનતા સહયોગ આપી રહી છે. આપ પણ આ પુણ્ય કાર્યમાં સહયોગી બનશો તેવી અપેક્ષા છે.

રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધી બ્લાઇન્ડના એશિયાના ડાયરેક્ટર ડો. રાજેન્દ્ર ટી. વ્યાસે બોલતાં જણાવ્યું હતું કે આજે ગામડે ગામડે વધુ નહિ તો દસ-વીસ પથારીની આંખની હોસ્પિટલ અને આંખોના રક્ષણ માટે શક્ય તમામ સુવિધાઓ ઊભી કરવાની જરૂર છે. ભારત જેવા દેશમાં અંધાપાનું પ્રમાણ ઘણું મોટું છે. તેનો વિચાર કરતાં કંપી જવાય છે. રોયલ કોમનવેલ્થ સોસાયટી ફોર ધી બ્લાઇન્ડ આ કાર્ય માટે સતત કાર્યરત છે. પરંતુ આ કાર્ય વિરાટ છે. એક હાથે તાળી પડવી જેમ શક્ય નથી તેમ આપ સૌના સહયોગ વિના આ કાર્યને વેગ મળવો મુશ્કેલ છે. ચંદેરિયા ફાઉન્ડેશનના શ્રી કપૂરભાઇ ચંદેરિયાએ તેમ જ મુરબ્બી મફતકાકાએ આ પુણ્યકાર્યમાં સારો એવો આર્થિક સહયોગ આપ્યો છે. એ પ્રમાણે ભારતમાંથી દરેક માનવતા-પ્રેમી યથાશક્ય સહયોગ આપે તો આ કાર્યને વિશેષ વેગ મળશે.

ડો. અવિનાશ કપુરે ભારતમાં આંખોની લેવાતી નિષ્કાળજી પ્રત્યે ધ્યાન દોરતાં ચેતવણી આપી હતી કે આંખો અંગે વધુ બેદરકાર રહેનારને જીવનમાં અંધકાર સિવાય બીજું કશું મળવાનું નથી.

ચંદેરિયા ફાઉન્ડેશન ટ્રસ્ટના શ્રી કપુરભાઇ ચંદેરિયાએ વધુને વધુ નેત્રયજ્ઞો યોજવા અને આંખો માટે લોકો સવિશેષ સજ્ઞાન બને તે માટે પ્રચાર-પ્રસાર કરવા પોતાના તરફથી શક્ય સહયોગ આપશે તેમ જણાવ્યું હતું.

શ્રી દીપચંદભાઇ એસ. ગાડીએ માનવતાની આ પુણ્ય પ્રવૃત્તિ કરતી સંસ્થાની પ્રશંસા કરતાં સૌને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

સંધના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે ડો. એલન જોન્સ અને ડો. રાજેન્દ્ર વ્યાસનું સ્વાગત કરતાં આનંદ વ્યક્ત કર્યો હતો. સંધના મંત્રી શ્રી કે. પી. શાહે સંધના ઉપક્રમે થતી વિવિધ પ્રવૃત્તિનો ખ્યાલ આપી, આંખોની કાળજી માટે સુંદર માર્ગદર્શન આપવા બદલ વિદ્વાન આખ્યાતાઓનો આભાર માન્યો હતો.

વિશ્વવંદ્ય વિભૂતિ—તથાગત

❖ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

લગભગ અઢી હજાર વર્ષ પહેલાં, આ ધરતી પર એક વિશ્વવંદ્ય વિભૂતિનો પ્રાદુર્ભાવ થયો. પરાક્રમી ચક્રવર્તી સમ્રાટ યા મહાન સંન્યાસી થવા નિર્માયેલા કપિલવસ્તુના આ રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમનો ઉછેર, સમૃદ્ધિ અને વિલાસ વૈભવની છોળો વચ્ચે થયો હોવા છતાં, અનુપમ લાવણ્યમયી પત્ની અને નવજાત પુત્ર તથા એ રાજવૈભવ ત્યાગી એણે આદર્યું મહાભિનિષ્ક્રમણ—એની બેવના ને બોજ હતી, પ્રાણી-માત્રના કલ્યાણના રાજમાર્ગ માટેની, શાશ્વત સત્ય માટેની!

જ્ઞાન, સત્ય ને મોક્ષપ્રાપ્તિ માટે ત્યારે ઉગ્ર ને કઠોર તપશ્ચર્યા અનિવાર્ય મનાતી. આ માટેનાં તત્કાલીન તમામ માર્ગોની કસોટી કરી લઈ વિશ્વભરના ધર્મક્ષેત્રે અપૂર્વ એવો અભિગમ એમણે અપનાવ્યો, જે 'મધ્યમ પ્રતિપદા' નામે ઓળખાય છે. એમણે કહ્યું : 'વીણાના તાર અતિ બેંચવાથી તૂટી જાય છે ને સંગીત મરી જાય છે; એને અતિ શિથિલ રાખવાથી સંગીત મૂક થઈ જાય છે. આ બંને આત્યંતિકતાઓ (એક્સ્ટ્રિમિટીઝ) આપણને સંગીતથી વંચિત રાખે છે. તાર આવશ્યક પ્રમાણમાં બેંચાયલા રહે ત્યારે જ એનો મધુર ઝંકાર પ્રસરે છે. આવું જ તપશ્ચર્યા વિશે પણ છે. આવશ્યક પ્રમાણમાં જ દેહદમન કરવું જોઇએ. આ છે એમનો 'મધ્યમ પ્રતિપદા' માર્ગ.

આ માર્ગ અપનાવી એમણે આવશ્યકતા પૂરતું અન્ન-ગ્રહણ કરવા માંડયું. આથી એમને તપોભ્રષ્ટ માની એમના પાંચ સાથીઓ એમને છોડી ગયા!

વર્ષોનાં ધ્યાન ચિંતન-મનનને અંતે, ગયા પાસે, નિરંજરા નદીને કિનારે, એક પીપળાના વૃક્ષ હેઠળ એમના હૃદયમાં જ્ઞાનનો-સત્યનો પ્રકાશ થયો. બોધ થયો ને એ 'બુદ્ધ' નામે ઓળખાયા; એ વૃક્ષ 'બોધિવૃક્ષ' નામે ઓળખાયું!

ને નવાઇની વાત તો જુઓ! આ તત્ત્વબોધનો સર્વપ્રથમ લાભ, એમણે જાતે વારાણસી પાસે સારનાથ જઈને, એમને ત્યાગી ગયેલા પેલા પાંચ સાથીઓને આપ્યો! બૌદ્ધ ધર્મના પ્રચારનો આ પ્રારંભ, 'ધર્મચક્રપ્રવર્તન' નામે ઓળખાયો.

આ પાંચ શિષ્યોથી એમના ભિક્ષુ-સંઘની સ્થાપના થઈ ને તેમાં લોકો જોડાતાં, એનો એટલી ઝડપથી વિસ્તાર થતો ગયો કે થોડા જ વખતમાં ભારત એમની કરુણાસભર વાણીથી પરિપ્લાવિત થઈ ગયું.

ત્યારે વાહન-વ્યવહાર ને લોકસંપર્કનાં સાધનો અત્યંત ટાંચાં હતાં, છતાં અફઘાનિસ્તાન, નેપાળ, તિબેટ અને બ્રહ્મદેશ વગેરે જેવા આસપાસના પ્રદેશો પાર કરીને સિયામ, વિયેટનામ, કંબોડિયા, કોરિયા, ચીન, જાપાન ઉપરાંત જાવા, સુમાત્રા, બાલી વગેરે જેવા દૂર દૂરના દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર ને પ્રસાર થયો હતો. એ હકીકત આજે તો ચમત્કાર જેવી જ લાગે ને!

તે વખતે પ્રચલિત ધર્મોમાં વિશ્વભરમાં કોઇ એક જ ધર્મના અનુયાયીઓની સૌથી વધુ સંખ્યા કદાચ, બૌદ્ધ ધર્મના લોકોની જ હશે.

બૌદ્ધ ધર્મના આવા અદ્‌ભુત પ્રચાર ને પ્રસારના પાયામાં

બે મુખ્ય બાબતો હતી : એક તો ભગવાન બુદ્ધનાં સત્ત્વશીલ વાણી ને ઉપદેશો ને બીજી, બૌદ્ધ ધર્મનું સંઘબળ; સંઘની સાર્વત્રિક શક્તિ ને આયોજનતંત્ર એટલાં પ્રબળ હતાં કે સંઘનું સ્થાન ધર્મ જેટલું જ મહત્ત્વનું ગણાતું.

બુદ્ધં સરણું ગચ્છામિ,
ધમ્મં સરણું ગચ્છામિ,
સંઘં સરણું ગચ્છામિ.

આ ત્રિશરણ મંત્રમાં એ સુપેરે સ્પષ્ટ થયું છે.

આ સંઘનાં ઘટક તત્ત્વો હતાં ભગવાન બુદ્ધના સંનિષ્ઠ, સત્ત્વશીલ, કસાયેલા શિષ્યો. સર્વસ્વનો ત્યાગ કરી, ધર્મપ્રચાર અને લોક-શ્રેયના આદર્શોથી પ્રેરાઈ નીકળી પડતા આ શિષ્યો-ધર્મપ્રવર્તકો-દૂર દૂરના દેશોમાં પહોંચી જતા, ત્યાં જ સ્થિર થઈ ત્યાંની પ્રજામાં ભળી જતા તથા ખંત અને ધીરજપૂર્વક ધર્મપ્રચાર કરી ત્યાં જ વિલીન થઈ જતા. આમ છતાં, આ સનિષ્ઠ શિષ્યોનું ભાથું તો ભગવાન બુદ્ધનાં દર્શન, વાણી ને ઉપદેશો જ હતું.

એમના ઉપદેશોની એક વિશિષ્ટતા એ હતી કે તે પોતે જે કહેતા તે માની જ લેવું, એવો આગ્રહ એ કદીયે ન રાખતા. એ કહેતા 'હું જે કહું છું તે પહેલાંના જ્ઞાન-ગ્રંથોને આધારે છે માટે, કે એ ભૂતકાળના આદર્શોનાં પ્રમાણ પર રચાયેલું છે માટે, કે એ ન્યાય અને તર્કસંગત છે માટે, કે એ તમારા વિચારોને અનુરૂપ છે માટે, કે લોકો મને માનનીય ને પૂજનીય ગણે છે માટે, માની લેશો નહીં; પણ તમારી વિવેકબુદ્ધિ તમને ખાતરી આપે કે એ સત્ય છે, તો જ એનો સ્વીકાર કરજો.'

કોઈ કોઈનો ઉદ્ધાર કરે, એ વાતમાં એ માનતા જ નહીં. દરેકે જાતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો રહે છે. પ્રત્યેકમાં પોતાનો ઉદ્ધાર કરવાની શક્તિ રહેલી હોય છે જ! એ કહેતા 'એ શક્તિની' એ દીપની વાટ સંકોરો, એને સતેજ કરો. બધે જ પ્રકાશ પથરાઈ જશે!' આધ્યાત્મિક ક્ષેત્રે આવા સ્વાવલંબનની વાત, ત્યારે જ નહીં, આજે પણ અવનવી ને અસાધારણ લાગે એવી છે.

આમ તો એ બાહ્ય કર્મકાંડની વિરુદ્ધ હતા, પણ કર્મને એ ખૂબ જ મહત્ત્વ આપતા; પુનર્જન્મમાં એ માનતા ને પૂર્વજન્મનાં કર્મનાં ફળ પછીના જન્મમાં પણ ભોગવવાં પડે છે, એવી એમની દૃઢ માન્યતા એમની જાતકકથાઓમાં પ્રતિપાદિત થાય છે.

હિંસાના એ પ્રખર વિરોધી હતા. વેદવિહિત હિંસા પણ એમને મન નિષિદ્ધ જ હતી. ઉદ્દેશ ભલે ઉદાત્ત હોય, પુણ્યનો હોય, પણ હિંસા એ હિંસા જ છે!-એમાં તે વળી અપવાદ કેવા? પ્રાણીમાત્ર પ્રત્યેની મૈત્રી, કરુણા ને મુદિતા, એમના તત્ત્વજ્ઞાનનો પાયો છે.

વિશ્વભરના ઇતિહાસમાં અનન્ય એવું એમનું દર્શન છે- 'વેરથી વેર શમતું નથી; વેરથી તો વેર જ વધે છે. વેર, માત્ર પ્રેમથી જ શમી શકે છે.' રાષ્ટ્ર, પ્રજા, સમાજ ને વૈયક્તિક જીવનમાં યે સતત લાલબત્તી ધરી, માર્ગદર્શન કરાવતું આ શાશ્વત સત્ય છે.

આધુનિક પ્રગતિવાદીઓને ય ગમી જાય એવો એમનો એક અભિગમ એ જમાનામાં અનોખો હતો: રાય કે રંક, સ્ત્રી કે પુરુષ, બ્રાહ્મણ કે ચાંડાળ, એમાં એમને મન ભેદ જ ભેદ ન હતો, શ્રાવસ્તીના કોટ્યાધિપતિ અનાથપિંડક ને વૈશાલીની નગરવધૂ આમ્રપાલીનાં ભોજન-નિમંત્રણ એ સમાન ભાવે સ્વીકારતા. આ વિરલ દૃષ્ટિ, તત્કાલીન ગણતંત્રીય લોકશાહીમાં શ્રદ્ધા રાખનાર આજના લોકોમાં પણ એમને સર્વોચ્ચ આદર્શ માનવને સ્થાને પ્રસ્થાપે છે.

સ્વતંત્ર ચિંતન અને પ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપાથી ઊભરાતા હૃદયવાળી આ વિભૂતિના તત્ત્વજ્ઞાનનું ઊંડાણ, સરળતાથી રજૂ કરવાની શૈલી એવી લક્ષ્યવેધી હતી કે સત્વર એ શ્રોતાઓના મન ને બુદ્ધિમાં ઊતરી જતું. એમના ઉપદેશોના શ્રવણથી ચોર, લૂંટારા ને હત્યારા સુધરી જતા ને રાજકુળના સભ્યો તથા સંપન્ન નાગરિકો સર્વસ્વ ત્યાગી, એમના ભિક્ષુસંઘમાં જોડાઈ જતા.

-ને આ બધું, એ જનતાની વાણીમાં કહેતા. તે વખતે ધાર્મિક ને આધ્યાત્મિક ક્ષેત્રની પ્રવૃત્તિઓ સંસ્કૃતમાં થતી, જે ભાષા લોકોની પહોંચ બહારની હતી. જનતાની વાણીમાં રજૂ થતું ભગવાન બુદ્ધનું તત્ત્વજ્ઞાન સર્વજન માટે સુલભ થઈ ગયું હતું.

એમની સત્ત્વશીલ વાણીમાં રહેલા ઊંડા રણકાના મૂળમાં હતી એમણે સાધેલી ઉચ્ચાર ને આચારની એકવાક્યતા. એમના 'તથાગત' નામમાં આ જ રહસ્ય સમાયેલું છે. બૌદ્ધ ધર્મગ્રંથ દીઘનિકાયમાં નોંધાયું છે- 'તે જે પ્રમાણે આચરણ કરતા, તેવું જ ઉચ્ચારતા ને જે ઉચ્ચારતા તે જ પ્રમાણે આચરણ કરતા; તેથી જ તો એમને 'તથાગત' કહેવામાં આવે છે.

'કામયે દુઃખ તપ્તાનામ્ પ્રાણીનામ્ આર્તિનાશનમ્' ની ભાવના જીવનમાં શબ્દશઃ સાકાર કરનાર આ વિશ્વબંધુના દર્શને પૃથ્વી પરના અનેક દેશો પર, પ્રજાઓ પર ને સંસ્કૃતિઓ પર જે ઊંડી, પ્રેરક ને દૂરગામી અસર કરી છે એ જગતના ઇતિહાસમાં અજોડ અને અપૂર્વ ઘટના છે. વિશ્વના મંચ પર આવું મહાન પાત્ર કદાચ, કોઈ જ નહીં ભજવે!

સાભાર – સ્વીકાર

ઈશ્વરસ્મૃતિ લે. ગોવિન્દભાઈ, પ્રકા. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૪૦૦૦૦૨. કીમત રૂ. ૫-૦૦.

ભારતીય કથા-સાહિત્ય લે. ડૉ. હરિવલ્લભ ભાયાણી, પ્રકા. ભોગીલાલ લહેરચંદ ભારતીય સંસ્કૃતિ સંસ્થાન, પાટણ (ઉ. ગુજરાત) કીંમત રૂ. ૨-૦૦.

બા વાટુ લે. ઓસમાન સાટી. પ્રકા. કુંવર પબ્લીકેશન, ૫૦/૪ રામ સદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ-૪૦૦૦૧૯ કીમત રૂ. ૫-૦૦.

ટ્રસ્ટીશિપ: વિચાર અને વ્યવહાર સંપા. હિંમત ઝવેરી અને ઇન્દિરા ડોકટર, પ્રકા. ટ્રસ્ટીશિપ ફાઉન્ડેશન, ૨૦ યુથિકા, ૨૨ નૌ. ભરુચા માર્ગ, મુંબઈ ૪૦૦૦૦૭ કીમત રૂ. ૫-૦૦.

ઘડતર અને ચણતર લે. નાનાભાઈ ભટ્ટ પ્રકા. શ્રવણ ટ્રસ્ટ, C/o. કુમાર કાર્યાલય, લિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦૦૦૧ કીમત રૂ. ૩૮-૦૦.

રાજકીય દબાણોના સંદર્ભમાં પત્રકાર મુક્ત છે ખરો ?

-કિરીટ ભટ્ટ

(સંઘ યોજિત પત્રકારત્વ વિષેના પરિસંવાદમાં આપેલું વક્તવ્ય)

રાજકીય દબાણોની બાબતમાં પત્રકાર કેટલો સ્વતંત્ર છે એનો વિચાર કરતો હતો એવામાં વડોદરાના મારા સાથી પત્રકાર અને કેમ્પસ વિસ્તારનું વૃત્ત-નિવેદન કરતા શ્રી અજય રુકરિયા આવી ચડ્યા.

મેં વિષય ઉખેળ્યો ને અમારી લાંબી ચર્ચાના પ્રારંભે જ એ તો ખડખડાટ હસીને મને કહે, 'તમને નથી લાગતું કે આપણે બીજાં બધાં દબાણોને બાજુમાં રાખીને આપણા વાચક વર્ગનાં દબાણોની કેદમાંથી છૂટવાનું છે ?' હસવા જેવી આ નાની એવી મજાકની પછવાડેય ઊંડું ને ગંભીર નિરીક્ષણ હતું. પણ હાલ એટલું જ કહેવાનું રાખીશ કે બહુ લોકો આપણા પત્રનો સ્વીકાર કરે તો જ લોકપ્રિય-વધુ ફેલાવો ધરાવતું-પત્ર થાય અને તે પ્રમાણભૂત પત્ર, એવી માન્યતાના લોભમાં આપણામાંના મોટા ભાગના રાચે છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી લાગતી. આને લીધે લોકોને ગમે એવું લખવાના પાંજરામાં આપણે ફસાઇએ છીએ.

આજના વિષયમાં મારે જે 'રાજકીય દબાણો' વિષે કહેવાનું છે એ કઇ બાબત છે એની વાત કરીશ.

'પત્રકારોની સ્વતંત્રતા' અને 'અખબારોની સ્વાધીનતા' -આ શબ્દો એટલા બધા પ્રચલિત થઇ ગયા છે કે એ ઘણીવાર ચવાઇ ચવાઇને એમાંથી અર્થનો અર્ક નિચોવાઇ ગયો છે એવું લાગે છે. પણ એવું યે ઘણીવાર લાગ્યા કરે છે કે પત્રકાર હોવાના નાતે સ્વતંત્રતાના પર્યાયમાં સગવડો કે અધિકારના લેબાસમાં પ્રલોભનો ભોગવવા તરફ આવી સમજ દોડતી રહે છે. અને એટલે જ હવે 'દબાણો' કરવાની રાજકારણીઓ અને બીજા બધાં હિતોની ચિંતા ઘણી ઘટી ગઈ છે.

ખાસ કરીને રાજકીય દબાણોની વાત કરીએ તો એવો વિચાર આવે છે કે તમે એક પત્રકારની હેસિયતથી કે એક પત્રની રૂએ એવું ચીર બતાવો કે સ્થાપિત અને અડીખમ ઊભેલી રાજકીય સત્તા કે રાજકીય વ્યવસ્થાને પાયામાંથી હલબલાવી મૂકો તો જ રાજકીય દબાણનો સામનો કરવાનો રહે. બાકી કોઇ આજે ચાલતી ગાડીને રોકવાનું નથી. લોકશાહીનું ઉજળું મહોરું પહેરી ઉપરછલ્લી ડાહી ડાહી વાત કરવાથી કોઇ પરિવર્તન આવતું નથી એવું સ્થાપિત સત્તાધીશો બરાબર જાણે છે, અને એટલે જ નાહકનાં દબાણો લાદીને કોઇ આજે આપણી વિશ્વસનીયતા વધારી મૂકવાની ઉતાવળમાં નથી.

૧૯૭૭ના દાયકાની મધ્યમાં આવો એક ટૂંકા ગાળાનો તબક્કો આવી ગયો. જ્યારે ખરેખર એક સત્તાધીશની અદાથી શ્રીમતી ગાંધીની સરકારે સરમુખત્યાર થઇ જવાની હોંશમાં બેશરમ થઇને કેવળ સત્તાના સ્વાર્થ માટે જેવાં છે તેવાં મુક્ત અખબારોની અભિવ્યક્તિનું ગળું ઘોંટવાની દેખીતી ચેષ્ટા કરી-સેન્સરશીપ નાંખી. પણ ગણતરીમાં ક્યાંક ગફલત થઇ ને પછી જે થયું તેનું પુનરાવર્તન નિરર્થક છે.

લોકતંત્ર અને મુક્ત અભિવ્યક્તિ પરનો ખતરો વ્યવહારમાં તો ગયો જ છે. પણ આજે-અને એ જ સ્થિતિ કટોકટી પૂર્વે પણ હતી જ-જે સ્થિતિ છે, એ સંદર્ભ ને એને સામટા પરિપ્રેક્ષ્યમાં જોઇએ તો રાજકીય દબાણો કે બીજાં કોઇ પણ દબાણોની બાબતમાં સ્વતંત્ર પત્રકારની ચર્ચાની પ્રસ્તુતતા વજન વગરની લાગે છે.

આજનો પત્રકાર ટેકનિકલી મુક્ત છે પણ સ્વાધીનતાનો એ ઉપયોગ કરતો નથી. કાં તો હિંમત નથી, કાં તો એનો ઉપયોગ કરવા માટેનો પડકાર દેખાતો નથી, કાં તો એને મન, આગળ કહ્યું તેમ અર્થ-સંદર્ભ બદલાઇ ગયો છે. તો પછી દબાણનો ખતરો ક્યાં રહ્યો ?

કલમની સ્વતંત્રતાનો કયારે, ક્યાં, કેવી રીતે અને શેને ખાતર ઉપયોગ કરવાનો છે, એ બાબતમાં સ્પષ્ટતા પ્રવર્તતી નથી. એટલે જ અખબારી સ્વાતંત્ર્યની રક્ષા કરવા શું કરવું એ સમજ્યા જ નથી રહી. પણ એનો ઉપયોગ કયા હેતુસર ને કેમ કરવો એ જ પ્રશ્ન છે.

સ્વાતંત્ર્ય પૂર્વેના પત્રકારત્વના યુગમાં દેશને રાજકીય ગુલામીની ધૂંસરીમાંથી છોડાવવાની વળગણે પત્રકારને એક મૂલ્યની દેણગી કરી અને ત્યારે પણ દેશનાં કેટલાક અંગ્રેજી અખબારોએ તો સત્તાની જ સાથે રહેવાનું પસંદ કરેલું. એમાંના કેટલાક તો આજે ય એ જ કરી રહ્યા છે.

લોકશાહી એક પરમ લક્ષ્ય છે. અને એના રતંભોને નક્કર કરવાનું કામ કરીએ તો ય અખબારોને પૂરતું ધ્યેયલક્ષી વાહન કે મંઝિલ મળી રહે છે. પણ દેશ આજે સ્થાપિત હિતોના અને સત્તાકાંક્ષાઓના એટલા બધા વાડાઓથી ઘેરાઇ ગયો છે કે લોકતંત્રનો ઝંડો બધાંયે ઝાલી રાખ્યો છે. પણ અંદરખાને બધાયને અવસરવાર સ્થાપિત હિતો અને મુઠ્ઠીવા-કેપિટાલિઝમનો રોગ પીડે છે.

દેશની પાયાની સમસ્યાના કોઇ નક્કર ઉકેલની કલ્પના કે દાનત વગરના મોટા ભાગનાં રાજકીય બળો કી એન્ટરપ્રાઇસ એટલે જ લોકતંત્ર એવી ઉછીની લીધેલી વાતની જડ લઇને બેઠાં છે.

દેશના દુઃખી લોકોની ભાગ્યે જ ચિંતા કરનારા સુખી લોકોને આવા લોકતંત્રની વાત ફાવી ગઇ છે. જે અખબારી સ્વતંત્રતાની લડત લડતા હતા એના સંચાલકો સ્વરાજ પછી ધનશાવાદીઓના સંઘમાં જોડાઇ ગયા.

બે બળો આજે દેશમાં તગડાં થઇને ઊભાં છે: એક બાજુ માલમિલકતો – વૈભવ દિવસ રાત વધાર્યે જતા કી એન્ટર પ્રાઇસના ભેખધારીઓ ને બીજી બાજુ એ બધાની સાથે ખભા મિલાવીને સત્તા વધાર્યે જતા રાજમાનણીઓ.

'સત્તા માટે ધનવૈભવ અને ધનવૈભવ માટે સત્તા' એ સૂત્રો ધારણ કરનારાને પરસ્પર ફાવી ગયું છે. મોટા ભાગનાં રાષ્ટ્રીય પત્રોના અધિપતિઓ આ જ વ્યવસ્થાના પ્રતિનિધિઓ છે.

રાજકીય સત્તા અને આર્થિક સત્તાએ એક નવી જ આંધાધૂંધી – અરાજકતા ઊભી કરી દીધી છે. આ સૂત્રધારો એટલા બધા તાકાતવાન છે કે પત્રો-પત્રકાર કે કલમની સ્વતંત્રતા બધુંય-ઘણીવાર ફીકાં ખાંડવાં જેવું લાગે છે. આ નિરાશાવાદ છે કે વાસ્તવદર્શન એ શ્રોતા પર છોડવાનું પસંદ કરીશ પણ હકીકતો પ્રત્યે આંખમીંચામણાં કરવાનું નહીં ફાવે.

સૌરાષ્ટ્ર પત્રકારની આણ કેટલી ? એના પગારને બાજુએ જ અતિક્રમી શકે તેવી શ્રી અરુણ શૌરી કે શ્રી એમ. જે. અકબર જેવા ધારદાર પત્રકારોને પ્રસ્થાપિત હિતોના ધર્મકાંટાનો સ્વાદ ચાખી લેવો પડયો ને એમને પત્રકારત્વનું કુંડાળું સાંકડું પડયું.

અખબાર માલિકોનાં હિતો સત્તાધીશો કે સ્થાપિત હિતો સાથે ટકરાતાં નથી. એમની નોકરીમાં રહેલો પત્રકારને સ્વતંત્રતાનો પડકાર કરવો પડે એવી હદે જવું પડતું નથી. એટલા અર્થમાં દબાણ એ સમસ્યારૂપે હસ્તિમાં નથી.

આ વ્યવસ્થા ફાવી ન ગઇ હોય તો ય એનો વિકલ્પ પત્રકાર પાસે નથી. સંતોષ જન્મ્યા પછી નિરાંતે મૂલ્યોની ચર્ચા કરવામાં જ લેવાનો રહે છે, બાકી લોકતંત્રના લોકોને માટે તો અંધારું જ છે. ચાલતી લોકતંત્રની વ્યવસ્થા તો જેમની તેમ ચાલ્યા કરવાની છે. એટલે જ, દાણચોરી, બે નંબરનું અર્થતંત્ર, રૂશ્વતખોરી, ભ્રષ્ટાચાર અને ગુંડાગીરીનું વર્ચસ્વ આવા લોકતંત્રમાં ફૂલતું ફાલતું રહેશે. પત્રકારોને એની ટીકા કરવાની પૂરતી સ્વતંત્રતા છે. જેમાં કોઇ દબાણો નથી એની અસર પણ નથી અને નથી વિશ્વસનીયતા. ખતરાની તો વાત બાજુએ.

આજની વ્યવસ્થામાં અખબારનો ફાળો 'ગણ્ય' છે એવી ભ્રાંતિમાં ન રહેવું જોઇએ. અખબારનો વાચકવર્ગ સરવાળે લઘુમતિમાં છે અને અંગ્રેજીનો તો નહિવત્ છે. એમાંનો મોટો ભાગ આ વ્યવસ્થાને ચલાવનારો હોઇ શકે. આ વર્ગ કદી કોઇ ક્રાંતિ જન્માવી નહીં શકે એની આ વ્યવસ્થાના આગેવાનોને ખબર છે એટલે અખબારને બંધનમાં મૂકવાનો કોઇ ફાયદો નથી એ સહુ જાણી ગયા છે.

સમાજનું ઘડતર પત્રો કરી શકે એ પશ્ચિમની આયાત કરેલી માન્યતામાં આપણે વાસ્તવિકતા જોયા પછી સુધારો કરવો જોઇએ–એમ લાગે છે.

સત્તા અને ધનનાં બળોએ એવાં 'તાલસે કદમ' મિલાવ્યાં છે, કે રાષ્ટ્રવાદ કે રાષ્ટ્રહિતની વાતો તો બહુ થોડાક લોકોને કામની રહી છે.

પત્રકારોને જરૂર પડે સુખસગવડો પૂરી પાડીને આ બળો કો–ઓપ્ટ કરી લે છે, અને એ વધારેજનક છે, એવું સમજનાર સાથીઓની સંખ્યા બહુ પાંખી થઇ ગઇ છે. એથી ઊલટું 'પત્રકાર' હોવા છતાં મુફલીસીમાં જીવવું હવે તો શરમજનક મનાય છે. એથી મોટી કરુણતા કઇ ? અને તો હવે કઇ સ્વતંત્રતાની વાત કરવાની છે ?

વાત પૂરી કરતાં પહેલાં એટલી જ લાગણી વ્યકત કરવી છે કે આપણે પત્રકારોએ પોતાનું કલ્ચર ઊભું કરવું રહ્યું.

આપણાં લક્ષ્યાંકો નક્કી કરીને એ માટે સંગઠિત થવું રહ્યું.

આચારસંહિતા ઘડવાની રહી, વૈચારિક ભૂમિકાએ એક સાવંત્રિક ફ્રેમ્યુલા–એક કન્સેપ્ટ ઘડવાની રહી. લોકતંત્ર અને લોકહિતની સાથે છળ કરનારાં તમામ બળો સામે સંગઠિત પડકાર કરવો જોઇએ.

સ્થાપિત હિતો, રાજકીય બળોને માલિકોની ચુંગાલમાંથી નીકળવા સહકારી ધોરણે પત્રકારોના કમસે કમ એક અખબારની શરૂઆત કરી જોવી જોઇએ. ગરીબ લોકોના દેશમાં સુખી લોકોના આધિપત્યને તો જ પડકારી શકાય. નહોતો દબાણ કયું ને સ્વતંત્રતા કયાંની વાતાં ઇંડુ પહેલું કે મરઘી જેવી ભ્રામિક બની રહેશે.

શ્રી જૈન યુવક સંઘે આવા મોટા પ્લેટફોર્મ પર બોલવા તક આપી એટલે એમનો આભાર માનું છું.

મહારાષ્ટ્રના વર્તમાન રાજકીય પ્રવાહો

સંકલન : **ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'**

સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૧૧–૫–'૮૪ ના સાંજના ૬/૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં જાણીતા પત્રકાર અને 'લોકસત્તા' ના તંત્રીશ્રી માધવ ગડકરીનું ઉપરોકત વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રના રાજકીય સામ્પ્રત પ્રવાહો પર આલોચના કરતા શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે વર્તમાન રાજકારણમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર મનાવા લાગ્યો છે ! ત્યારે સેવા, આદર્શ અને મૂલ્યોની અસર કેટલી રહેશે ? ભ્રષ્ટાચારની ગંગોત્રીનું ઉગમસ્થાન દિલ્હી છે. કેન્દ્ર સરકાર જ ભ્રષ્ટાચારને લીલી ઝંડી આપે છે અને પરિણામે દરેક રાજ્યમાં ભ્રષ્ટાચારને છાવરવા વરવા પ્રયત્નો થઇ રહ્યા છે.

તેમણે કહ્યું કે બધાં રાજ્યોમાં ભ્રષ્ટાચારમાં જો કોઇ આગળ હોય તો તે મહારાષ્ટ્ર છે. અહીં અંતુલે–ભોંસલે અને આદિક જેવા નેતાઓએ રાજકારણને વધુ ગંદુ અને ભ્રષ્ટ બનાવ્યું છે. કેન્દ્ર સરકાર આ ભ્રષ્ટાચારી નેતાઓ સામે કડક હાથે પગલા લેવાને બદલે ઉલટું તેને પ્રોત્સાહન આપે છે. પરિણામે આ ભ્રષ્ટ નેતાઓને ખુલ્લું મેદાન મળી ગયું છે. રાજકારણની પણ આ બલિહારી ગણી શકાય.

મહારાષ્ટ્રના રાજકીય પ્રવાહો કઇ દિશાએ છે તે અંગે બોલતાં તેમણે કહ્યું કે આ રાજ્યમાં ત્રણ વર્ષમાં ત્રણ મુખ્ય મંત્રીઓ બદલાયા તો ય આ રાજ્યમાં શાંતિ આવી નહિ. આંતરિક મતભેદો અને એકબીજાને પાછા પાડવાની પડદા પાછળની ગંદી રમતો જોરશોરથી ચાલુ જ રહી છે. રાજકીય કાવાદાવાની આ રમત પાછળ એટલો બધો સમય વેડફાઇ રહ્યો છે કે જનતાના કાર્યો અને જનતાનાં પ્રશ્નો સમજવાની કોઇને પડી નથી. પ્રજાએ જ ચૂંટેલા તેમના પ્રતિનિધિઓ હવે એ જ પ્રજાની ઘોર ઉપેક્ષા કરી રહ્યા છે. ત્યારે જનતા જનાર્દનને જાગૃત બની અવાજ ઉઠાવવો જરૂરી છે.

હમણા શ્રી વસંતદાદા પાટીલ બોલ્યા કે મારી સરકાર હાલ ઠપ થઇ ગઇ છે ! જો સરકાર જ પાંગળી બની ગઇ હોય અને મુખ્ય મંત્રી જ તેનો એકરાર કરતા હોય તો પછી તેમણે મુખ્ય મંત્રી તરીકે સત્તા પર ચીટકી રહેવું બરાબર નથી. નિર્ભયતાથી ગાદી છોડો. જો જનતાની સેવા જ કરવી હશે તો સેવા કરવાના ઘણા માર્ગો છે.

મહારાષ્ટ્રનો ખાંડઉદ્યોગ મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્વનો ભાગ ભજવી રહ્યો છે. કારણ કે મોટા ભાગના કોંગ્રેસી નેતાઓ રાજ્યની સુગર મીલો સાથે સંકળાયેલા છે.

હાલ તો રામરાવ આદિકની મુખ્યમંત્રી થવાની મહેચ્છા પર પાણી ફરી વળ્યું છે. અને હવે કોઇ હાથણી મુખ્યમંત્રી પદનો એ કળશ તેમની ઉપર ઢોળે તેવી શકયતા નથી. હેનોવર પ્રકરણથી ખરડાયેલા આ નેતા હજુ પોતાની ગુલબાંગોમાંથી બહાર આવ્યા નથી.

મહારાષ્ટ્ર સરકારનું તંત્ર કેટલું ખાડે ગયું છે તેનો એક દાખલો આપું છું. જુહૂમાં જનતાનો પ્રચંડ વિરોધ હોવા છતાં એસ. એન. ડી. ટી. ગર્લ્સ હોસ્ટેલની સામે એક પંચ તારક હોટેલ બાંધવાની તે વખતના નાયબ મુખ્ય મંત્રી શ્રી રામરાવ આદિકે ધરાર પરવાનગી આપી છે. જે સ્થળે આપણી બહેન–દીકરીઓ સ્થિર રહી શૈક્ષણિક કારકિર્દી ઘડતી હોય ત્યાં વિલાસને પોષતી આ પ્રકારની હોટેલો થાય તેની સામે જનતાનો વિરોધ સાચો છે. પરંતુ જનતાનું સાંભળે છે કોણ ? જ્યાં ભ્રષ્ટ અને સડી ગયેલું તંત્ર જ કામ કરતું હોય ત્યાં સત્ય અને ન્યાયની અપેક્ષા કોણ રાખી શકે ?

(પૃષ્ઠ ૨૨ થી ચાલુ)

એક દાતાને બદલે બે અથવા ત્રણ કે ચાર દાતાઓ સાથે મળીને પણ રૂા. પંદર હજાર આપીને એક પ્રતિનિધિને સ્પોન્સર કરી શકશે.

આ યોજનાનો એક મુખ્ય આશય એ છે કે ધાર્મિક, સામાજિક, સાહિત્યિક વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે ભાગ લેનારા મધ્યમ સ્થિતિના કાર્યકરોને આવા સેમિનારમાં ભાગ લેવા માટે બહુમાનપૂર્વક એક અપૂર્વ સુંદર તક પૂરી પાડવી. એ પ્રમાણે પંદરથી વીસ આવા પ્રતિનિધિઓને લેરટર મોકલવાની ભાવના છે.

પ્રથમ તબક્કે ફક્ત મુંબઇના જ પ્રતિનિધિઓને મોકલવાની વિચારણા છે. બીજા તબક્કે મુંબઇ ઉપરાંત બહારગામના પ્રતિનિધિઓને પણ મોકલવાની યોજના વિચારાધ છે.

આ યોજના માટે અત્યાર સુધીમાં સાતેક દાતાઓ કે ટ્રસ્ટો તરફથી સ્પોન્સરશિપ માટે ઓફર મળી ગઇ છે. પર્યુષણ સુધીમાં જેટલી ઓફર આવી ગઇ હશે તે બધા દાતાઓ અને પ્રતિનિધિઓનાં નામ 'પ્રબુદ્ધ જીવન'માં જાહેર કરવામાં આવશે. આશા છે કે મધ્યમ કે સાધારણ સારી સ્થિતિના આપણા વિદ્વાનો, અધ્યાપકો, પાઠશાળાના શિક્ષકો, પત્રકારો, લેખકો અને સામાજિક કાર્યકર્તાઓ વગેરેની સામાજિક કર્તવ્યરૂપે કદર કરવાની જૈન યુવક સંઘની અમારી આ ભાવનાભરી યોજનાને આપણા સમાજનો ઘણો સારો સહકાર સાંપડશે.!

ચેક મોકલો તો 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ'ના નામનો મોકલવા વિનંતી. સંઘને અપાતું દાન આવકવેરા ધારાની કલમ ૮૦ (જી) હેઠળ કરમુકત છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ

(પૃષ્ઠ ૩૦ પરથી ચાલુ)

અને અભ્યાસ થતો. કોડાયમાં પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ભંડાર રચ્યો. રૂઢિવાદીઓએ મુશ્કેલીઓ પણ ઉભી કરી છતાં હેમરાજભાઇ આ બધું તે વખતે કરી શકયા. અને કોડાય 'કચ્છનું કાશી' કહેવાયું. આ સંસ્થાના વિદુષી, હાલારપુરના સેવામૂર્તિ પાનબાઇ ઠાકરશીએ તો આઝાદીની લડતમાં પણ ભાગ લીધો હતો.

કચ્છના જૈન પંડિત રત્નોમાં પ્રો. રવજી દેવરાજ વિશેષ ઉલ્લેખનીય છે. પ્રથમ આગમ 'આચારાંગ સૂત્ર'નો ગુજરાતી અનુવાદ તેમની વિદ્વતાનો પરિચય આપે છે. સિદ્ધાંત કૌમુદીના આધારે સંસ્કૃત શિક્ષણ માટે પાંચ પુસ્તિકાઓ એમણે તૈયાર કરી હતી. 'શતપદી ભાષાંતર,' 'સદ્‌ગુણ પ્રશંસા' વગેરે પુસ્તકો એમણે લખ્યાં છે.

બિદડાના વેલજીભાઇ સાધનાશ્રમવાળા જૈન ધર્મ અને મહર્ષિ અરવિંદના ઊંડા અભ્યાસી હતા. બિદડાનાં આશ્રમમાં એમણે સેંકડો સંસ્કૃત, અંગ્રેજી, પ્રાકૃત અને ગુજરાતીના અલભ્ય પુસ્તકોનો સંગ્રહ કર્યો છે, જે આજે પણ સારી રીતે જળવાયો છે.

હેમરાજભાઇના મિત્ર દોશીભાઇ જે મુનિ કુશલચન્દ્રજી અન્યા. એમણે સમાજમાં પ્રવર્તી રહેલ કુરિવાજો અને ધર્મની શિથિલતા સામે સુધારક વૃત્તિ અપનાવી. કચ્છ ગેલડાના કલ્યાણચન્દ્રજી મહારાજે સોનગઢની સંસ્થા શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રતાશ્રમની સ્થાપના અને વિકાસમાં ખૂબ જ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

ઉપાધ્યાય લબ્ધિમુનિએ બાર જેટલા સંસ્કૃત ગ્રંથોની રચના કરી છે, આચાર્ય દેવચન્દ્રસૂરિ તો શાસ્ત્રનાં અવતરણો પૃષ્ઠ સંખ્યા અને શ્લોક સંખ્યા સહિત કહી શકતા. જિતેન્દ્ર સાગરસૂરિ, સાગરચન્દ્રસૂરિ, મુનિ દેવચન્દ્રજી અને મુનિ રત્નચન્દ્રજી વિદ્વાન સાધુઓ હતા.

૧૧મા સૈકામાં અચલગચ્છની સ્થાપના કરનાર શ્રી આર્ય-રક્ષિતસૂરિ, શ્રી કલ્યાણસાગરસૂરિ, ગૌતમસાગરસૂરિ વગેરે મહાન જૈનાચાર્યો થઈ ગયા. આચાર્ય ગુણસાગરસૂરિજી અને એમના શિષ્ય મુનિ કલાપ્રભસાગરજી વિદ્વાન સાધુ ભગવંતો છે. આ ગુણસાગરસૂરિજીએ ૧૧૯ જેટલા ગ્રંથોની રચના કરી છે.

મુનિ અમરેન્દ્રવિજયજી કચ્છ ભુજપુરના છે. તેઓ વિદ્વાન લેખક અને અધ્યાત્મ માર્ગમાં આગળ વધેલા અને જૈન ધર્મને આજના સંદર્ભમાં તપાસનાર નિર્ગ્રંથ સાધક છે.

કચ્છના અન્ય વિદ્વાનોમાં ભુજપુરના પ્રજ્ઞાચક્ષુ આણંદજીભાઇ. કોડાયના પં. ફતેહચંદ લાલન અને શિવજી દેવશી મઢડાવાલા.

આજથી પચ્ચીસેક વર્ષ પહેલાં કચ્છના ઘણા ગામોમાં જૈનોની વસતિ ખૂબજ સારા પ્રમાણમાં હતી. જૈનોએ કચ્છ પ્રદેશની ઘણી સેવા કરી છે. જૈન વસતિવાળાં ગામોમાં, શાળા, લાયબ્રેરી, સાર્વજનિક દવાખાનું, પાંજરાપોળ જેવી સુવિધાઓ એમણે જ ઉભી કરી હતી. હજી પણ દુષ્કાળ જેવી કુદરતી આપત્તિમાં જૈનો કોઈ પણ જાતના ભાભાવ વગર કચ્છને પડખે ઊભા રહે છે.

કચ્છમાં કદાચ વિદ્વાનો ઓછા પાકયા હશે પણ આચાર ધર્મ સારી રીતે પળાતો. અહિંસા અને જીવરક્ષા માટે પર્યુષણ દરમ્યાન અમારિનું પાલન થતું. જેમાં ભઠ્ઠીઓના ચૂલા બંધ રહે, લુહાર કોઢની ભઠ્ઠી બંધ રાખે, ધોબી કપડાં માટે ભઠ્ઠી ચાલુ ન કરે, કંદોઇ મિઠાઇ માટે પણ ચૂલો ન સળગાવે, કસાઈ અને માછીમારો પણ પોતાનું કામ બંધ રાખે. માછીમારોને તો જૈનો તરફથી અનાજ આપવામાં આવતું. નવીનાળ ગામમાં એ હજી ચાલુ છે. હજી પણ પૂનમ અને અમાસની પાંખી પાળવામાં (પખવાડિયે બંધ) આવે છે અને ગામના ખેડૂત, મજૂર, બળદ બધાને રજા હોય છે.

ઘણા વર્ષો જે શેઠને ત્યાં કામ કર્યું હતું એ શેઠ આજે પોતાની વાડીએ આવ્યા હતા. તેથી ચારણ દંપતીને મનમાં આનંદ હતો.

નેમજી નાનજી લધાભાઇએ પૂછયું, શું એ સાચી વાત છે કે, તું મોમાયાને મારે છે?' મોમાયાની પત્ની માંગલે કહ્યું, એવો તો માર ખાય!' શેઠ આ મોટી ઉંમરના મોમાયા અને માંગલને જોતા રહી ગયા. હવે એ મરદ ચારણને પૂછયું, 'કેમ મોમાયા તું પુરુષ થઇને બાયડીનો માર સહન કરી લે છે?'

'શેઠ, વાત એમ નથી. આ માંગલ મને શું મારવાની, મેં કોઇક ભવમાં એને માર માર્યો હશે તે વસૂલ કરે છે, ને હું ચૂકવું છું. નહિ તો એની શું હિમ્મત કે મને મારી શકે.' ચારણના ચહેરા પણ પૂર્ણ શાંતિનો ભાવ હતો.

કચ્છના એક ગામડાનો ખેડૂત કોઇ શાસ્ત્રો વાંચ્યા વગર કર્મ સિદ્ધાંતને આ રીતે સમજી શકયો અને જીવનમાં ઉતારી શકયો છે.

પ્રબુદ્ધ જીવનનું વાર્ષિક લવાજમ

ભારતમાં ... રૂપિયા ૨૦-૦૦

પરદેશમાં

બાય એર મેઇલ-ડોલર ... ૩૦-૦૦

બાય સી મેઇલ-ડોલર ... ૧૫-૦૦

બાય એર મેઇલ-પાઉન્ડ ... ૧૨-૦૦

બાય સી મેઇલ-પાઉન્ડ ... ૯-૦૦

કચ્છમાં જૈનો

✡ ગુલાબ દેઢિયા

પંખીઓ માળા તરફ પાછાં ફરી રહ્યાં છે, સીમમાંથી ખેડૂતો-સાથીદારો ગામ ભણી આવી રહ્યા છે. ખેતરે કામ કરવા આવેલ બે-ત્રણ વૃદ્ધાઓ ઝડપથી પગ ઉપાડે છે,ઉતાવળે ઘેર પહોંચે છે. હવે દિવસ ઝળાંવળાં રહ્યો છે, સૂર્યાસ્તની તૈયારી થઇ ગઈ છે, આકાશમાં લાલાશ પથરાઇ ગઇ છે. હવે ખીચડી-કે બાજરાના રોટલા કયારે બની રહે? એકલી વૃદ્ધા સ્ત્રી બાજરાના લોટમાં છાશ મેળવી પી જાય છે, ઉપરથી પાણી પી લે છે, તૃપ્તીનો ઓડકાર આવી જાય છે. એનો ચૌવિહાર આનાથી સચવાઇ જાય છે. આ છે આજ સુધીના કચ્છના જીવતા જૈન ધર્મનું ચિત્ર. દિવસભર મજૂરી કરવી, સખત કામ કરવું અને ધર્મ સાચવવો.

કચ્છમાં જૈન ધર્મ મહાવીર સ્વામીના સમય કે એ પહેલાંથી પ્રવર્તમાન છે, એના પુરાવા પણ મળે છે. કચ્છના મહાતીર્થ ભદ્રેશ્વ ની સ્થાપના મહાવીરસ્વામીના નિર્વાણ પછી માત્ર ૨૩ મા વર્ષે શ્રેષ્ઠી દેવચન્દ્રે કરી, એવા ઉલ્લેખ મળે છે. તે વખતે ભદ્રાવતી નગરીમાં સિદ્ધસેન રાજા રાજ્ય કરતા હતા. એટલે ૨૫૦૦ વર્ષથી તો કચ્છમાં જૈન ધર્મ છે. (ભદ્રેશ્વર-વસઇ મહાતીર્થ-નામના પુસ્તકમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ ખૂબ ચીવટપૂર્વક એ હકીકતો નોંધી છે.)

ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મચર્યનું પાલન કરનાર વિજય શેઠ અને વિજયા શેઠાણી એ ભદ્રાવતી નગરીનાં હતાં.

સં. ૧૨૮૮માં વસ્તુપાળ અને તેજપાળ ભદ્રેશ્વરની યાત્રાએ આવી ગયેલા. આ તીર્થનો અલગ અલગ સમયે ૧૫ વખત જીર્ણોદ્ધાર થયો.

ભદ્રેશ્વરને યાદ કરતાં દાનેશ્વરી જગડુશાનું નામ યાદ આવે, એ પ્રતાપી પુરુષે જે સત્કાર્યો કર્યાં છે એ વાંચતા ખ્યાલ આવે કે, તે વખતે કચ્છની જાહોજલાલી અને જૈન ધર્મનો પ્રભાવ કેટલાં વ્યાપક હશે. જગડુશાએ વિ. સં. ૧૩૧૩થી ત્રણ વર્ષ લગાતાર પડેલા દુકાળમાં છેક દિલ્હી સુધી અનાજ પૂરું પાડ્યું હતું. કચ્છમાં જગડુશા જેવા દાનવીર ભાગ્યે જ કોઇ મળે. ભદ્રેશ્વરનો ફરી જીર્ણોધ્ધાર કરનાર વર્ધમાન અને પદ્મસિંહ ઉદાર શ્રાવક હતા. ચીન દેશ સુધી વેપાર કરતા હતાં. નજીકના સમયના નરશી નાથા અને કેશવજી નાયકની સેવાઓ અને ધર્મ કાર્યો કચ્છ બહાર પણ પ્રસિધ્ધ છે.

આજથી પાંચસો વર્ષ પહેલાં સં. ૧૫૫૦ ની આસપાસ ઓસવાલ જૈનો કચ્છ આવ્યા. ગુજરાતમાંથી આવેલા જૈનો પૂર્વે વેપારમાં હતા. અને કચ્છમાં તેમનું આગમન વેપાર અર્થે થયું હતું. કચ્છમાં તેઓ ગુર્જર ઓસવાલના નામે ઓળખાવા લાગ્યા. ભુજમાં અનુપચંદ શેઠ નામે ગુર્જર જૈન કચ્છના રાજમાં માનભર્યું સ્થાન ધરાવતા હતા. ગુર્જર ઓસવાલ અંજાર, ભુજ, માંડવી, મુન્દ્રા વગેરે શહેરોમાં વિશેષ પ્રમાણમાં વસ્યા, આજે પણ આ શહેરોમાં જ વિશેષ પ્રમાણમાં રહે છે અને વ્યાપારી છે. ગામડાંઓમાં પણ વ્યાપારી તરીકે જ પથરાયા. ઓસવાલો મૂળ ક્ષત્રિય રાજપુત હતા. એમણે જૈન ધર્મ સ્વીકાર્યો હતો.

હાલ જેઓ કચ્છી ભાષા બોલે છે તે દશા અને વીસા ઓસવાલ જૈનો, મારવાડથી પારકર તથા સિંધમાં થઇને કચ્છ આવ્યા. તેઓ ગામડાંઓમાં વિશેષ પ્રમાણમાં વસ્યા. ખેતીને મુખ્ય વ્યવસાય બનાવ્યો.

ઓસવાલો પૂર્વે ઓસ, પારકર, ગોલવાડ, સાંચોર, જાલોર, જેસલમેર, રાણી, ઇડર વગેરે પ્રદેશોમાં વસતા હતા. રાજકીય અસ્થિરતાને લીધે ઓસવાલો સિંધ પ્રાંત છોડી કચ્છ વાગડમાં આવ્યા. જામ રાવળે જામનગર વસાવતાં કેટલાક ઓસવાલો હાલાર ગયા. જામનગરના ઓસવાલો હજી પણ ઘરમાં કચ્છી ભાષા બોલે છે.

કચ્છના ઓસવાલો મૂળ સીસોદિયા, પરમાર, રાઠોડ, ભટ્ટી, ચૌહાણ અને ચાવડા વંશના હતા. કચ્છના જૈનોના આજે બોલાતા નામના મૂળ પરથી એનો ખ્યાલ આવી શકે છે. ક્ષેત્રસિંહ પરથી ખેતશી, જયવંત જેવત, વિષ્ણુસિંહ વિસનજી કે વસનજી, ટકકરસિંહ ટોકરશી, વ્રજબાઇ વેજબાઇ, લક્ષ્મીબાઈ લાડબાઇ, ચંપા આઇ ચાંપાઇ, રમા આઇ રામઇ વગેરે નામો બન્યાં છે.

ઈ. સ ૧૫૪૮-આજથી સવા ચારસો વર્ષ પહેલાં ભુજની રાજગાદી પર બેંગારજી આવ્યા. તેમને આ પદ સુધી પહોંચાડવામાં જૈન યતિ માણેકમેરજી એ ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. રાજાએ તેમને ઉપાધ્યાયની પદવી આપી હતી. કચ્છમાં જૈન ધર્મના વિકાસમાં યતિઓનો ફાળો પણ નોંધપાત્ર છે.

બેંગારજી પછી કચ્છની ગાદીએ આવનાર ભારમલજીએ ભુજમાં 'રાજ વિહાર' નામે જૈન દેરાસર બંધાવ્યું છે. ભદ્રેશ્વરના જીર્ણોદ્ધારમાં કચ્છના રાજ્યે સારો ફાળો આપ્યો હતો. જૈનો મહાજન કહેવાતા, સારા હોદ્દાઓ પર પણ હતા. અને માન મેળવતા.

આજથી સવાસો વર્ષ પહેલાં ભુજમાં પ્રાચીન વ્રજ પાઠશાળા હતી. જેમાં જૈન યતિ કનકકુશળજી શિક્ષણ આપતા હતા. પિંગળશાસ્ત્રના અભ્યાસ માટે રાજસ્થાન ને ગુજરાતથી વિદ્યાર્થીઓ અહીં આવતા અને કનકકુશળજી પાસે શીખતા આ વિદ્યાર્થીઓમાં કવિ દલપતરામ, દુલા કાગ, ભાવનગરના રાજકવિ પીંગળશી વગેરેનો સમાવેશ થાય છે.

કચ્છ-કોડાયમાં સવાસો વર્ષ પહેલાં શા. હેમરાજ ભીમશી (જન્મ સં. ૧૮૬૨) નામે ગજ્જરના જ્ઞાનપિપાસુ ગૃહસ્થ થઇ ગયા. દીક્ષા લેવા પાલિતાણા હર્ષચન્દ્રસૂરિ પાસે ઘરેથી રજા લીધા વગર મિત્રો સાથે પહોંચ્યા, દીક્ષા ન લઇ શકયા, ગુરુએ બંગાળમાં મુર્શિદાબાદમાં અભ્યાસ માટે મોકલ્યા. ત્યાર બાદ અન્ય સ્થળોએ ફરી ફરી જ્ઞાન મેળવ્યું. સંવત ૧૯૨૮ માં કોડાયમાં અવઢ ભાષાળા સ્થાપી. જે એક પ્રકારની વિદ્યાપીઠ જ હતી. જે તે વખતે ગુજરાતભરમાં એક જ હશે. અનેક શ્રાવક-શ્રાવિકાઓ માટે જ્ઞાનની પરબ માંડી દીધી જ્યારે સ્ત્રી શિક્ષણનો પ્રસાર નહોતો, તે સમયમાં બહેનો પણ સંસ્કૃત, પ્રાકૃતનું શિક્ષણ મેળવી વિદુષી બની. જે તે સમયના વાતાવરણમાં ક્રાંતિકારી પગલું હતું.

સંવત ૧૯૩૦ માં સદાગમ પ્રવૃત્તિની શરૂઆત હેમરાજ-ભાઇએ કોડાયમાં કરી. એમણે સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસ માટે યોગ્ય વ્યક્તિઓને ઠેઠ કાશી સુધી જવા પ્રેર્યા હતા. 'સદાગમ પ્રવૃત્તિ' દ્વારા જૈન આગમો અને શાસ્ત્રોનો સંગ્રહ

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ પર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૨

Regd. No. MH. By/South 54
Licence No. 137

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૬-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

જાહેર સંસ્થાઓમાં કરકસર

રમણલાલ ચી. શાહ

આર્થિક દૃષ્ટિએ પછાત એવી પ્રજામાં લોકોપયોગી કાર્યો માટે વિવિધ ખાનગી ટ્રસ્ટો અને જાહેર સંસ્થાઓ સ્થપાય છે. એ દેશોમાં સરકાર બધી બાબતને પહોંચી શકતી નથી, એટલે આવી સંસ્થાઓની આવશ્યકતા રહે જ છે. સમગ્ર રશિયામાં જેટલી જાહેર સંસ્થાઓ છે તેથી વધુ સંસ્થાઓ ફક્ત મુંબઇ શહેરમાં છે. સરકારી કરવેરા બચાવવા માટે જ કેટલીક સંસ્થાઓ, ટ્રસ્ટો સ્થપાય છે, પણ તેની વાત જુદી છે.

આપણી કેટલીક જાહેર સંસ્થાઓમાં હિસાબનાં ઠેકાણાં હોતાં નથી; ચીજવસ્તુઓના ઓડારોમાં કર્મચારીઓ, હોદ્દેદારો કે સમિતિના સભ્યોનાં કમિશન રખાય છે. અંગત કામ માટે કરેલા ખર્ચનાં વાઉચરો રજૂ કરી સંસ્થામાંથી પૈસા લેવાય છે, વસાવેલી ચીજવસ્તુઓ અદૃશ્ય થઇ જાય છે, સંસ્થાને ખર્ચે અમનચમન થાય છે; કર્મચારીઓ કે ટ્રસ્ટીઓ મોટી રકમ મારી લઇ છૂટા થઇ જાય છે. હિસાબની ગેરરીતિઓ ઓડિટરો પાસે મંજૂર કરાવી દેવાય છે. આવી આવી ઘટનાઓ જ્યારે જાહેરમાં આવે છે ત્યારે સંસ્થાની આબરૂ જોખમાય છે; સંસ્થાની પડતી થાય છે, વખત જતા સંસ્થાઓ બંધ થાય છે.

બીજી બાજુ આપણી કેટલીક સંસ્થાઓમાં આવક કરતાં ખર્ચનું પ્રમાણ ઘણું ઓછું હોય છે, વર્ષને અંતે પુરાંત ઘણી મોટી હોય છે. છેવટે ફરવેરા બચાવવા આડાઅવળા હિસાબો રખાય છે પૈસા ન ખર્ચવા પડે તો સારું એવું વલણ કેટલાક ટ્રસ્ટીઓ કે હોદ્દેદારો ધરાવે છે. જો કામ કરીએ તો ભૂલ થાય ને! માટે કામ ન કરવું એ સારું એવી મનોવૃત્તિ જેમ સરકારી કારકુનો અને અમલદારોની હોય છે, તેમ ખર્ચ કરીએ તો કયારેક ખોટો ખર્ચ થઇ જાય અને પોતાની પ્રતિષ્ઠા બગડે, માટે ખર્ચ કરવો જ નહિ એ સારો રસ્તો છે, એવું વલણ કેટલાક ટ્રસ્ટીઓનું રહે છે, વસ્તુતઃ એક બાજુ જેમ ઉડાઉ ખર્ચ કરવો એ ખોટું છે, તેમ સંસ્થા પાસે પૈસા હોવા છતાં અકારણ કરકસર કરવી તે પણ ખોટું છે.

સમાજની ઉન્નતિ માટેનાં કાર્યક્ષેત્ર અનેક છે. કોઈ પણ સમાજ આદર્શ સ્થિતિએ લાંબો સમય ટકી શકતો નથી. અધોગતિ માટેનાં કારણો ઘણાં હોય છે. કાર્યકર્તાઓમાં અભિમાન, ઉચ્ચ પદ માટેની સ્પર્ધા, દ્વેષ, વિરોધી સમાજ કે રાષ્ટ્રનાં વૈમનસ્યભર્યાં આક્રમણો, સમય સાથેની ગતિનો અભાવ કુદરતી આપત્તિઓ વગેરે ઘણાં કારણો સંસ્થાના અધઃપતન માટે જવાબદાર હોય છે.

સમાજની નબળી સ્થિતિ જોઇને ઉદાત્ત ભાવના અને સમાન વિચારવાળા કેટલાક શકિતશાળી સમાજ-હિતચિંતકો એકઠા થઇને સમાજ માટે એક સંસ્થા ઊભી કરે છે. એ માટે પોતાની શકિતનો ઉપયોગ કરી દાનની ઘણી મોટી રકમો મેળવી લાવે છે. સંસ્થા સારું કામ કરવા લાગે છે અને એથી અનેક લોકોનું ભલું થાય છે...સંસ્થા અને કાર્યકર્તાઓને લોકચાહના મળે છે.

શાળાઓ, કોલેજો, જ્ઞાનભંડારો, દવાખાનાં, હોસ્પિટલો, ધર્મશાળાઓ, સદાવ્રતો, પાઠશાળાઓ, મંદિરો, ઉપાશ્રયો, અનાથાશ્રમો, ઉદ્યોગગૃહો, બાલ-સ્ત્રી-વૃદ્ધો માટેનાં મંડળો વગેરે વિવિધ પ્રકારની સંસ્થાઓ લોકોપયોગી પ્રવૃત્તિઓ માટે સ્થપાય છે. કેટલીક સંસ્થાઓ એના સ્વચ્છ વહીવટ, પ્રામાણિક અને દીર્ઘદૃષ્ટિવાળા કાર્યકર્તાઓને લીધે ઉત્તરોત્તર ઘણી પ્રગતિ કરે છે. કેટલીક વિકાસશીલ સંસ્થાઓનું વ્યકિતત્વ સો-બસો વર્ષે પણ એટલું જ લોકપ્રિય અને આદરણીય રહે છે, તો બીજી બાજુ કેટલીક સંસ્થાઓ ગેરવહીવટ, સનિષ્ઠ કાર્યકરોનો અભાવ, કાર્યકર્તાઓ વચ્ચે પદ માટેની હુંસાતુંસી, નાની વાતના મોટા ઝઘડાઓ વગેરેને કારણે દાનનો પ્રવાહ અટકી જવાને કારણે કે એ પ્રકારની પ્રવૃત્તિઓની ઉપયોગિતા ઘટી જવાને કારણે થોડા વર્ષોમાં બંધ પડી જાય છે; ધર્માદા સંસ્થાઓનો વહીવટ જો સ્વચ્છ અને સારો હોય તો લોકોને એના પ્રત્યે આદર થાય છે. સામ ચાલીને લોકો દાનની મોટી રકમ આપી જાય છે. સંસ્થાનો વિકાસ થાય છે, સંસ્થા અને કાર્યકર્તાઓની ચારે બાજુ સુવાસ પ્રસરે છે.

સંસ્થાના આગેવાન કાર્યકર્તાઓ પોતે સંસ્થાઓ માટે સમયનો અને પૈસાનો જેટલો ભોગ આપે તેટલે અંશે સાથી કાર્યકર્તાઓ ઉપર તેનો પ્રભાવ પડે, અને સંસ્થાના નાણાંનો ગેરલાભ ઉઠાવવાની વૃત્તિ એકંદરે ઓછી રહે એવી સંસ્થાનો વહીવટ યોગ્ય કરકસરપૂર્વક ચાલે છે.

ધર્માદા સંસ્થાની પાઇએ પાઇ પવિત્ર છે અને તે યોગ્ય રીતે વપરાવી જોઇએ એમાં બે મત ન હોઇ શકે. પરંતુ એવી સંસ્થાઓ એક માત્ર કરકસરના સિદ્ધાંત ઉપર ચાલ્યા કરે તો એને અન્ય રીતે શો ગેરલાભ થાય છે એની પોતાને કદાચ ખબર ન પડે. આવી સંસ્થાઓમાં વહીવટી ખર્ચ ઓછામાં ઓછો રાખવા માટે રટાકના પગારનું ધોરણ ઓછું રાખવામાં આવે છે, એથી યોગ્ય લાયકાતવાળા કર્મચારીઓ સંસ્થામાં સાંપડતા નથી. જે આવે છે તે ઝાઝું ટકતા નથી.

સંજોગવશાત્ કોઇને ટકી રહેવું પડે તો તેને પોતાની સંસ્થા પ્રત્યે બહુ આદર હોતો નથી. પોતાના અંગત મિત્રવર્તુળમાં પોતાનો કચવાટ તેઓ વારંવાર વ્યકત કરે છે, સ્ટાફને ઓછો પગાર આપવાનું માનસ હવે જૂનવાણી ગણાવું જોઇએ.

જેમ કર્મચારીઓની બાબતમાં તેમ સમિતિના સભ્યોની બાબતમાં પણ વધુ પડતી કરકસરની સારી છાપ પડતી નથી. સંસ્થાને માટે આર્થિક ભોગ આપવાનું બધા કાર્યકરોને પરવડે નહિ, કેટલાક સમયનો ભોગ આપી શકે પણ પૈસાનો નહિ, સંસ્થાનાં જ કામ માટે ટેલિફોન, ટપાલ, અવરજવર, અહારગામની મુસાફરી વગેરે માટેનો ખર્ચ સંસ્થા માથે ન નાંખવાની પ્રણાલિકાનો આગ્રહ આગેવાન કાર્યકર્તાઓએ બધા સભ્યો પાસે ન રાખવો જોઇએ, એટલું જ નહિ એવી સ્થિતિવાળા કાર્યકર્તાઓને સંસ્થા પાસેથી ખર્ચ લેવા માટે પ્રેમભર્યો આગ્રહ પણ કરવો જોઇએ. કોઇક વખત એટલા માટે જ આગેવાનોએ પોતે પણ સંસ્થામાંથી ખર્ચની રકમ લેવી જોઇએ (જે પછી અન્ય રીતે ઇચ્છા હોય તો સંસ્થાને ભેટ તરીકે આપી શકે છે.) જેથી અન્ય કાર્ય, કર્તાઓને ખર્ચની રકમ લેતાં સંકોચ ન થાય. જો એમ ન થાય તો નબળી આર્થિક સ્થિતિવાળા સારા પ્રામાણિક કાર્યકર્તાઓ સંસ્થા ગુમાવે છે. સંસ્થાઓ માટે જે ખર્ચ કર્યું હોય તે તો આપવું જ જોઇએ, પરંતુ સાધારણ સ્થિતિના જે સેવકો પોતાનો ઘણો બધો સમય સંસ્થાને આપતા હોય એની અંગત જરૂરિયાત માટે ચાપાણી, ટેલિફોન ઇત્યાદિની સગવડ આપવાનો પણ વિવેકપૂર્વક આગ્રહ રખાવો જોઇએ. કેટલાક કાર્યકર્તાઓ એટલા બધા પ્રામાણિક અને ચુસ્ત હોય છે કે સંસ્થાને ખર્ચે ચાપાણી ન પીએ, પોતાના અંગત કામ માટે સંસ્થાની ટાંકણી પણ ન વાપરે કે સહી કરવા માટે બોલપેનને પણ અડે નહિ. પોતે સંસ્થા માટે બધું જ કરી છૂટે, પણ સંસ્થાનું રજ માત્ર ઋણ પોતાને માથે ન ચડે તેની પૂરેપૂરી ચીવટ રાખે. તેવા કાર્યકર્તાઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. પરંતુ એવો જ આગ્રહ તેઓ બીજા કાર્યકર્તાઓ પાસે રખાવે તો કરકસર થાય, નિયમ સચવાય, પણ સંસ્થાની સુવાસ ઘટે. કરકસર માટેનો માણસનો દુરાગ્રહ એટલો બધો ન હોવો જોઇએ કે અન્ય વ્યકિતને એ માટે ચીડ ચડે કે અભાવ થાય. સંસ્થાના વહીવટી ખર્ચમાં કેટલુંક ખર્ચ અનિવાર્ય ગણી લેવું જોઇએ. દસ હજારનું દાન આપનાર કોઇ એક દાતાએ સંસ્થાની ઓફિસમાંથી અચાનક અંગત કામ માટે ટેલીફોન કર્યો હોય તો તેની પાસેથી તેના પૈસા લેવા કે ન લેવા? દાતાને યાદ આવે અને આપે તો સારી વાત છે. આપવાનું તરત સૂઝયું ન હોય અને એમ ને એમ ચાલ્યા જતા હોય ત્યારે પૈસા માંગી લેવા તે સંસ્થાના હિતની વાત નથી. કારણ કે તેમ કરવા જતાં અવળી અસર પડવાનો સંભવ છે. વખત જતાં સંસ્થા માટેના દાનના પ્રવાહ ઉપર પણ અવળી અસર પડવાનો સંભવ છે.

સંસ્થાની મુલાકાતે આવેલા મહેમાનોને ચા-પાણી સંસ્થાના ખર્ચે પાવાં કે નહિ? આવા પ્રશ્નમાં પણ વિવેકદૃષ્ટિ વાપરવી જોઇએ. કરકસરથી ખર્ચ બચે છે પરંતુ વધુ પડતી કરકસરથી ઘણે ગાળે સંસ્થા પોતે જ નિસ્તેજ બની જાય છે.

કેટલાક પ્રામાણિક માણસો સત્તા મળતાં સંસ્થાના કૂંડા ઉપર નાગની જેમ બેસી જાય છે. એમની પ્રામાણિકતા ધણી છે, પરંતુ સંસ્થાના પૈસા સાચી રીતે વપરાતા હોય તો પણ એમને કંઇ છે, દરેક કામમાં ઓછા અને મોડા પૈસા આપવાનું જ એમનું વલણ હોય છે, કેટલીક સંસ્થાના ટ્રસ્ટીઓ પોતાની બધી જ શકિત પાઇપૈસાની ભૂલ પકડવામાં કે ચીજવસ્તુની ગણતરીમાં ખર્ચી નાંખે છે. ભૂલ પકડયાનો એમને આનંદ અને ગર્વ હોય છે. અનેક ઠેકાણે એની વાત કરતા ફરે છે. પરંતુ એ જ કાર્યકર્તાઓ આવા કામ હાથ નીચેના બીજા કાર્યકર્તાઓને સોંપી પોતે પોતાની શકિતનો સંસ્થાના કાર્યક્ષેત્રને વિકસાવવામાં અથવા દાનનો નવો પ્રવાહ મેળવવામાં ઉપયોગ કરે તો એથી સંસ્થાને વિશેષ લાભ થાય. એક તીર્થની ધર્મશાળામાં બાથરૂમમાં નહાવા માટેના લોટા લોઢા શૌચ માટે ન લઇ જવા એટલા માટે ટ્રસ્ટીએ, પંચ દસ વધુ લોટા વસાવવાને બદલે બાથરૂમના બધાં લોટામાં કાણાં પડાવી દીધાં. ટ્રસ્ટીની કરકસર બુદ્ધિ માટે ધન્યવાદ, પરંતુ શૌચ માટે અજાણતાં લોટો લઇ જઇને પરતાયેલા લોઢાની ગાળો ઘણાં વર્ષ સુધી એમણે ખાધી હશે! પાંચ લોટાનો ખર્ચ બચાવતાં હજારો લોટા જેટલી દાનની રકમ એમણે ગુમાવી હશે!

સમગ્ર દૃષ્ટિએ જોઇએ તો આપણી કેટલીયે સંસ્થાઓને આધુનિક રૂપ આપવાની જરૂર છે. હવે વખત એવો આવી રહ્યો છે કે જાહેર સંસ્થાઓ માટે લોઢા સમયનો બહુ ભોગ નહિ આપી શકે. (યુરોપ અમેરિકામાં તો એમ બની જ રહ્યું છે.) નવી પેઢીને આપણી સંસ્થાઓ પ્રત્યે આકર્ષવા માટે આપણી કેટલીક જૂની રીતરસમો, કરકસરની પદ્ધતિઓ બદલવી પડશે. સંસ્થાઓને ઓપ આપવા માટે કેટલાક ખર્ચ હવે અનિવાર્ય ગણવા જોઇએ. કારણ કે ઘણી બધી સંસ્થાઓ હોય તો તેમાં જે સંસ્થા પ્રગતિશીલ હશે તેના તરફ કાર્યકર્તાઓ વધારે આકર્ષાશે.

જાહેર ધર્માદા સંસ્થાઓએ લાંબુ આયુષ્ય ભોગવવું હોય તો કરકસરના સિદ્ધાન્ત કરતાંય સુવાસના સિદ્ધાન્તને ચડિયાતો ગણવો જોઇએ. વિવેકદૃષ્ટિ અને દૂરદર્શિતાવાળા પ્રામાણિક, સંનિષ્ઠ કાર્યકરો દ્વારા સંસ્થાની સુવાસ વધે છે.

ટી. બી. પેશન્ટોની સારવાર

સંઘ દ્વારા ચાલતા 'પ્રેમળ જ્યોતિ' દ્વારા વ્યથિત કે બીમાર વ્યકિતઓને અનેક પ્રકારની મદદ કરવામાં આવે છે. હમણાં હમણાં ટી. બી. પેશન્ટો સારવાર માટે વિનંતિ કરતા હોય છે. તેને માટે મોટી રકમની જરૂર રહે. એક ટી. બી. પેશન્ટને તદ્દન સાજા કરવા માટે રૂા. ૩૫૦૦નો ખર્ચ આવે છે. તો દાતાઓને વિનંતિ છે કે તેઓ રૂા. ૩૫૦૦નું દાન મોકલી એક ટી. બી. પેશન્ટને મદદરૂપ બની પોતાનો પ્રેમાળ સહકાર આપે.

આંતરરાષ્ટ્રીય કેળવણીની હિમાયત

–ડૉ. યશવંત ત્રિવેદી

રોજેરોજ છાપાંઓમાં હત્યાઓ, ચોરી, લૂંટફાટ, ચારિત્ર્ય-ખંડન વગેરેના સમાચારો આપણે કરુણતાથી વાંચ્યા કરીએ છીએ. એનું મૂળ કારણ છે સાચી કેળવણીનો અભાવ. પ્રાણીસૃષ્ટિના સર્જન તબક્કાથી ધીરે ધીરે ઉત્ક્રાંતિ કરતો કરતો માણસ આજ સુધીની યાત્રાએ પહોંચ્યો છે. એક બાજુ રામ-કૃષ્ણ-બુદ્ધ-મહાવીર-ઇશુ વગેરેનાં જીવનનાં શિખર સમા દૃષ્ટાંતો છે તો બીજી બાજુ મનુષ્યજાતિ હજી એટલી ઊંચી કક્ષાએ પહોંચી નથી એટલે તેના અધૂરા વિકાસની કરુણતા છે. માણસની ચામડીને જરીક ખણો તો તેમાંથી હજીય પેલી બર્બરતા, ક્રૂરતા, જાતીય વિકૃતિ, અહંકાર વગેરે ઉપર તરી આવે છે. મનુષ્યજાતિએ પૂર્ણ વિકસિત થવું જ જોઇએ એ આપણો અંતિમ આદર્શ છે. પૂર્ણ સત્ય, પૂર્ણ અહિંસા, પૂર્ણ પ્રેમ, પૂર્ણ ધર્મભાવના એ તો જ પ્રાપ્ત કરી શકે જો એ અંદરથી અને બહારથી પૂર્ણપણે વિકસે. આ પૂર્ણપણે વિકસવું એટલે સાચી કેળવણી પ્રાપ્ત કરવી.

રાષ્ટ્રને અને વિશ્વને હિતકારી કેળવણી દરેક દેશનાં બાળકોને મળે તે આપણા યુગની તાતી જરૂરિયાત છે. મારી હિમાયત એવી છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે સમિતિઓ નીમીને પૂરા જાગરણથી હવે વિશ્વમાં કેળવણીનું કામ ગોઠવાવું જોઇએ. અગાઉ બર્ટ્રાન્ડ રસેલ જેવા મનીષીઓએ 'એક વિશ્વ સરકાર'નું સ્વપ્ન સેવ્યું હતું. રાજા રામમોહનરાય જેવા સ્વપ્નદ્રષ્ટાએ તેનાથી યે પૂર્વે વિશ્વસંઘનું સ્વપ્ન સેવ્યું હતું. વિશ્વના અનેક મનીષીઓએ વિશ્વશાંતિની અને વિશ્વમાનવવાદની દિશામાં કામ કર્યું છે. આવા આદર્શ કાર્યક્રમ માટે નક્કર કેળણી-વિચાર થવો ઘટે છે. દરેક દેશની સ્થાનિક જાતે-ભૌગોલિક પરિસ્થિતિની પીઠિકામાં અલબત્ત, પણ સમાંતરે આંતરરાષ્ટ્રીય કેળવણીની નીતે નક્કી કરવી આવશ્યક છે. જ્યાં સુધી વિશ્વનાં તમામ બાળકોને આ આદર્શ અવસ્થામાં મૂકીએ નહિ ત્યાં સુધી વિશ્વશાંતિનું સ્વપ્ન ફળશે નહિ. મહાસત્તાઓની સાઠમારીઓ, મજહબો પર આધારિત જુદા ઝઘડાઓ, અમુક વતુંળોનાં અહંકારી વલણો વગેરે પર સાચી કેળવણી દ્વારા જ કાબૂ આવી શકશે.

માણસની સંસ્કારની પ્રક્રિયા ખૂબ અઘરી છે. જ્વાલામુખી ઘણીવારે ફાટે છે, અને ફાટયા પછી ઘણા સમયે માંડ શાંત પડે છે. માણસ તેની આદિમ બર્બરતાને જ્વાલામુખીના લાવારસની જેમ વારંવાર સપાટી પર આણ્યા કરે છે. અમૃતના રસાયણવાળી ઉન્નત કેળવણી જ આ લાવારસને શાંત કરી શકશે. એના વગર અન્ય કોઇ ઉપાય નથી.

દરેક શાળા-કોલેજને પોતાનું ધ્યેય નક્કી કરવા સ્વતંત્રતા હોવી જોઇએ; પણ તે સ્વતંત્રતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કેળવણી વિચારના આંતરમાળખામાં જ હોવી જોઇએ. વળી આ વિષય કામનો અને અન્ય નકામો છે એ વિચાર છોડવાની જરૂર છે. કોઇ પણ બાળકને કોઇ પણ વિષય શીખવી શકાય એમ મનોવૈજ્ઞાનિક રીતે સ્વીકારવું જોઇએ. શિક્ષણનો ઉદ્દેશ તમામ લોકોને તક અને સ્વાતંત્ર્ય હાંસલ કરી આપનારો હોવો જોઇએ. માણસ પોતાના વિશ્વસમાજને કેટલો ઉપયોગી થાય છે તેનું વારંવાર માપ કાઢવું જરૂરી છે. શિક્ષણનું બંધુ કામ કેમ જીવવું તે શીખવાડવાનું હોવું જોઇએ. પોતાના પ્રાંત, દેશ કે વિશ્વ સમક્ષ ઊભા થતા પ્રશ્નોનું નિરાકરણ શિક્ષણની મદદથી કરવું જોઇએ. દરેક પ્રશ્નના સ્વરૂપને સમજવું, તેમાં ઊંડા ઊતરવું, તેમાંથી માર્ગ કાઢવો એ જ કેળવણીનો કાર્મિથી હોવો જોઇએ. સર્જનાત્મકતા-રચનાત્મકતા અને કલ્પનાશીલતા કેળવણીનો પાયો હોવો જોઇએ. નકાર અને સંહારક વૃત્તિ વિઘાતક છે. તેનો સર્વથા નિષેધ ઉર્ધ્વીકરણ દ્વારા કરવો જોઇએ. હકારાત્મક અને સર્જનાત્મક શક્તિનો પૂરો વિકાસ થાય તો જ આનંદની અનુભૂતિ થાય. શાળા અને કોલેજો સમાજની જ પ્રતિકૃતિ છે. એટલે કેળવણી જો બાળકને પૂરી ખેવનાથી જીવનમાં રસ લેતો કરી શકે તો જ શાણો સમાજ બંધાઇ શકે. આજના યુગમાં કોઇ એકલું અને અતડું જીવી શકે નહિ, એટલે વિશ્વસમાજના સંદર્ભમાં માણસ કેવા શાણપણથી ગોઠવાય છે તે ઘણું મહત્ત્વનું બની રહે છે.

યુરોપ – અમેરિકાની ત્રાસેક વિદ્યાપીઠોમાં પ્રવચનો આપવાનું થયું ત્યારે મેં જોયું કે ઓક્સફર્ડ હોય કે હાઇડલબર્ગ યુનિવર્સિટી હોય; ચર્ચને કેન્દ્રમાં રાખીને ત્યાં કેળવણીનાં સંકુલો ગોઠવાયેલાં છે. મોટા ભાગનાં કેમ્પસ વૃક્ષોથી આચ્છાદિત, કેટલાંક તો નદી-સરોવરને કિનારે આવેલાં અપ્રતીમ સુંદર છે. લતાઓ અને પુષ્પોથી સજાવેલાં રમણીય હોય છે. દરેક ફેકલ્ટીને પોતાનું જુદું મકાન તેની વિશિષ્ટ લાક્ષણિકતાઓ સાથે હોય છે. યુનિવર્સિટીને મોટે ભાગે તો પોતાનાં આર્ટ ઓપેરા, મ્યુઝિયમ, સ્પોર્ટ્સ પેવેલિયન, બુલેટિન સેક્શન, પ્રેસ, પબ્લિશિંગ સેન્ટર વગેરે હોય છે. ત્યાંની દરેક યુનિવર્સિટીની એક તીવ્ર મહેચ્છા આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠ બનવાની હોય છે. ત્યાં પ્રબળ જિજ્ઞાસાની વૃત્તિ છે. સામ્યવાદી દેશો સિવાયના યુરોપ અને અમેરિકાનાં કેળવણી એકમોમાં કૅથીડ્રલ (દેવળ) કેન્દ્રમાં છે અને ત્યાં કેળવણી આ અર્થમાં ધર્મને કેન્દ્રમાં રાખીને પોતાનું સર્વાંગી આયોજન જાગરણપૂર્વક કરે છે.

દરેક દેશને પોતાની જૂની પરંપરાના સમૃદ્ધ વારસો મોટે ભાગે મળેલો હોય છે. આ અમૂલ્ય વારસાને પણ દેશકાળ પ્રમાણે નવા સંદર્ભમાં સાચવવાનું કામ કેળવણીએ કરવું જોઇએ. આપણે ત્યાં ડૉ. રાધાકૃષ્ણન્ સમિતિએ જે અહેવાલ સુપ્રત કર્યો હતો તેને યોગ્ય રીતે સમજવાનો રહે છે. તમામ પ્રકારના ધર્મોનાં સમાન મૂલ્યોમાં તથા તે સર્વના ગૌરવમાં આપણી નિષ્ઠાભરી માન્યતા રાખવાનું તેમાં સૂચવાયું છે. આપણા ભૂતકાળનો સૂક્ષ્મ અને વિવેકબુદ્ધિપૂર્વક અભ્યાસ કરવાનું પણ તેમાં સૂચન છે. આપણી સંસ્કૃતિના જે પાયાનાં મૂળ તત્ત્વો છે તેને બુદ્ધિપૂર્વકની સમજ દ્વારા પામવા પર તેમાં ભાર આપવામાં આવ્યો છે. અને મોટી વાત તે રીપોર્ટમાં એ કરવામાં આવી છે કે આત્મતત્ત્વ અને ઇશ્વર સાથેના સંબંધ દ્વારા આત્મ સાક્ષાત્કારની ચાવી પ્રાપ્ત કરવી. એટલે આપણે એવી કેળવણીની દિશામાં રહેવું ઘટે છે જેમાં માણસનો બૌદ્ધિક વિકાસ થાય; વ્યક્તિગત સ્વાતંત્ર્ય સાથે વિશ્વનાગરિકત્વની જવાબદારીનું ભાન થાય; તથા રાષ્ટ્ર અને વિશ્વના વારસાનો અને તેની જાગરણપૂર્વકની ધર્મસંવેદનાનો અનુભવ થાય.

ધર્મ-સંવેદના કે સંસ્કાર-સંવેદના એના વિશાળ જાગરણના અર્થમાં જ લેવી. ધાર્મિક વાડાબંધી અને ઝનૂનને તેમાં તસુભાર જગ્યા નથી એ પૂરી સ્પષ્ટતાથી જ આપણે સમજવાનું રહે છે. હજારો વર્ષોની માનવજાતિની યાત્રામાં આત્મતત્ત્વની અમૃતમય જે ઉપલબ્ધિ થઇ છે તેની જ વાત સમજવી; સાંપ્રદાયિક ઝઘડા કે કલહનો આમાં સદંતર ત્યાગ જ સમજવો ઘટે છે. માણસના માનવ્યનો પૂર્ણ ઉત્કર્ષ થવો જોઇએ, તેનો એકાંગી વિકાસ ન જ થવો જોઇએ. આજકાલ ઘડીક વિજ્ઞાન અને ઘડીક વાણિજ્યની શાખાઓ માટે ધસારા થતા જોવા મળે છે તેમાં ભૌતિક લાભનું દૃષ્ટિબિંદુ જોવા મળે છે. યંત્ર-વિજ્ઞાન, વાણિજ્ય કે વિનયન (આર્ટ્સ) શાખામાં વિદ્યાર્થી જાય, સમાજમાં સર્વનું મૂલ્ય સરખું અંકાવું જોઇએ. આપણે સમાજવ્યવહારમાં, ખાસ કરીને આર્થિક બાબતોમાં, સમતુલા રાખી નથી એટલે આવી દોડાદોડી થાય છે. વિદ્યાર્થી ગમે તે શાખામાં વિનિત (ગ્રેજ્યુએટ) થાય એ સમાજને જરૂરી જ છે એવો વ્યવહાર થવો જોઇએ. એ એન્જિનિયર થાય, વકીલ થાય, લેખક થાય, શિક્ષક થાય કે ડોકટર થાય-સરખો ઉપયોગી છે એવો પ્રામાણિક મૂલ્ય-સ્વીકાર કરવો ઘટે છે. એ જે કંઇ કામ કરશે તે પોતાને અને સમાજને ઉપયોગી હશે. ભગવદ્‌ગીતાએ કહ્યું છે તેમ એ યજ્ઞકાર્ય હશે. એમાં વારોતારો કરવાથી જ સમાજમાં વર્ગભેદ ઊપસી આવે છે. સંસ્કૃત, પાલી, અર્ધમાગધી, લેટિન, ગ્રીક, ફ્રેન્ચ જેવી પ્રશિષ્ટ ભાષાઓમાંથી કેટલીકનો પરિચય વિદ્યાર્થીને થવો જોઇએ. સંસ્કાર-વારસાની જાળવણી માટે પ્રાચીન ભાષાઓ શીખવી અનિવાર્ય છે. ધર્મ અને સદાચારના શાશ્વત સિદ્ધાંતો વિદ્યાર્થીને શીખવવા જોઇએ. નીતિમય જીવન અને સદાચાર વિષેના સામાન્ય નિયમો કેળવણીમાં ગૂંથાયેલા જ હોવા જોઇએ. એ સિવાય ચારિત્રનિર્માણ અશકય છે. વિશ્વભરના નવા વિચારોને કેળવણીમાં આવકારવા જોઇએ. વિજ્ઞાન, ધર્મ, કલા, સાહિત્ય, સમાજવિજ્ઞાન વગેરે સર્વ શાખાઓમાં રોજરોજ નવા વિચારો પ્રકટ થતા રહે છે, તેનું વિવેકપૂર્વકનું આકલન શિક્ષણમાં આપણે ઉમેરી લેવું જોઇએ. કેળવણી એકાંગી કદી ન થવી જોઇએ. વિજ્ઞાનના વિદ્યાર્થીને અર્થશાસ્ત્ર અને સાહિત્યમાં શા માટે રસ ન પડે? કલા-સાહિત્યની શાખામાં ભણતો વિદ્યાર્થી શું વિજ્ઞાનના ગતિપૂર્ણ સમયમાં નથી જીવતો? એટલે વિજ્ઞાન, સંસ્કાર, ધર્મ, ઇતિહાસ, ભૂગોળ, ભાષા, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર જેવા વિષયો દરેક વિદ્યાર્થીને શીખવવા જ જોઇએ. પછી વિદ્યાર્થી પોતાની પ્રિય શાખામાં ભલે ઊંડું સંશોધન કરે અને અનુસ્નાતક કે પીએચ. ડી. ની ઉપાધિ મેળવે. જીવન સમગ્ર છે-પૂર્ણ છે તો કેળવણી પણ પૂર્ણની જ હોવી જોઇએ. પૂર્ણ સત્યનો અને અમૃતનો અનુભવ કરાવી શકે એવી આંતરરાષ્ટ્રીય કેળવણીની દિશાઓ માટે આપણે અંતઃકરણપૂર્વક આયોજન કરવાની તાતી જરૂરિયાત છે.

ભાવંડીની વહારે

શ્રી સુંબઇ જૈન યુવક સંઘે ભીવંડીના આફતગ્રસ્તો માટે બેગમ લતીફને રૂા. ૫૦૦૦નો ચેક મોકલ્યો છે.

મંત્રીઓ, સુંબઇ જૈન યુવક સંઘ

વિજય કોનો? નચિકેતાનો કે યમનો?

ડા. કાંતિલાલ શાહ

મારા પહેલા લેખમાં મેં સાવિત્રીનું ઉપાખ્યાન લઇ ચર્ચા કરી હતી, ને બતાવ્યું હતું કે વિજય તો યમનો જ થાય છે. જુઓ (પ્ર. જી તા. ૧-ફેબ્રુ. ૧૯૬૪) હવે નચિકેતાનું આખ્યાન લઇ ચર્ચા આગળ ચલાવીશ. આ ચર્ચાનું નિમિત્ત શ્રી ચંદ્રવદન મહેતાનું એક વિધાન બન્યું છે. તેઓ લખે છે, 'મૃત્યુને જીતનારો તો હતો એક નાનો કિશોરઃ યમને બારણે જઇ બેઠો.'

મારો પ્રશ્ન એ છે કે યમની પાસેથી ત્રણ વરદાન મેળવીને નચિકેતા પાછો આવ્યો, પછી એનું શું થયું? એ અમર બની ગયો? યમે આપેલાં વરદાન ભોગવી આખરે તેણે એ મૃત્યુ જ પામ્યો-અર્થાત્ યમસદન ગયો કે યમશરણ થયો કે નહિ? ત્યારે વિજય કોનો થયો?

નચિકેતાનું આખ્યાન કઠોપનિષદ્‌માં આવે છે. શ્રી નાનાભાઇ ભટ્ટ (૧૯૬૧) લખે છે, 'કઠોપનિષદ્ આપણાં પ્રધાન ગણાતાં ઉપનિષદોમાંનું એક છે. આપણાં ઘણાં અરે ઉપનિષદોમાં પરમાત્માને ઓળખવાની વિદ્યાને (પરાવિદ્યાને) લગતા અનેક વિચારોને કાવ્યમય રીતે રજૂ કરવામાં આવ્યા છે.....પરંતુ આ કઠવલ્લી ઉપનિષદ તો આખું ય કાવ્યમય છે. એટલા માટે જ એને વાંચતાં વાંચતાં આપણે ધરાતા જ નથી.'*

નાનાભાઇ આગળ કહે છે, 'નચિકેતાની કથા તો સાવ સાદી છે. પણ આવી તદ્દન સાદી કથામાં ઉપનિષદના કવિ-ઋષિને જીવનનું એક સત્ય છુપાયેલું દેખાયું... ... નચિકેતાનો અર્થ ન ચિકેતા, ન જાણનાર, સત્યને નહિ જાણનાર, પણ જાણવાની ઉત્કટ ઇચ્છાવાળો, સત્યનો શોધક. આવો સત્યશોધક એક છોકરો યમરાજાનું ઘર શોધતો શોધતો ચાલી નીકળે છે અને પરમ સત્યના દરવાજા ખખડાવે છે. ઉપનિષદના યમરાજા પણ આપણી સામાન્ય કલ્પનાના રુદ્ર-ભીષણ દેવ નથી... શ્રોત્રિય છે, બ્રહ્મનિષ્ઠ છે, ને કૃપાળુ પણ છે...યમરાજા જેમ મૃત્યુના દેવ છે તેમ જ પુનર્જન્મના પણ દેવ, અને જીવન-મૃત્યુના દરવાજા પર ખડા છે.

'નચિકેતાએ પોતાના પિતાનો સર્વમેધયજ્ઞ-પિતા લોભવશ થઇ દક્ષિણામાં ઘરડી નકામી ગાયો બ્રાહ્મણોને દાનમાં આપતા હતા. તે કારણો-વેદવિહિત રીતે યથાર્થ ન ગણાય એ જોઇ લીધું. અને તેવા યજ્ઞની અપૂર્ણતા પૂરવા માટે પોતે યમરાજાને ઘેર જવાનું સ્વીકાર્યું.'

આ જ પુસ્તકમાં પંડિત સુખલાલજી લખે છે, 'જેણે નચિકેતાનું આખ્યાન રચ્યું તે નિષ્ઠાવાન સાધક અને પારદર્શી વિદ્વાન છે એ વિષે તો શંકાને કોઇ સ્થાન જ નથી. મારી દૃષ્ટિએ નચિકેતાનું ઉપાખ્યાન એ કોઇ બનેલી ઘટના નથી, પણ તે કાળ સુધીમાં ધર્મ અને આધ્યાત્મ સાધનાની જે જે ઉત્ક્રાન્તિ થઇ હતી અને થઇ રહી હતી તેનું સુરેખચિત્ર છે...આ ઉપાખ્યાનમાં મુખ્ય બે નામ છે, નચિકેતા

* બે ઉપનિષદો-લેખક નાનાભાઇ ભટ્ટ પ્રકાશક : ગ્રામોદ્યોગ દક્ષિણામૂર્તિ ૧૯૬૧.

અને યમ. નચિકેતા શિષ્ય છે. ભાષ્યમાં અને બીજા વિવેચકોએ તેનો અર્થ 'અગ્ન' એવો કર્યો છે. પરંતુ એનો સીધો અર્થ મારી દૃષ્ટિએ અસંશય યા અસંદિગ્ધ એવો જ કરવો જોઇએ, કેમ કે એ ગુરુ યમ પાસે જાય છે, ત્યારે એક મુખ્ય સંશયને લઇને જ જાય છે... શિષ્ય સંશયાળુ રૂપે ઉપસ્થિત થાય છે, અને ગુરુ યમ દ્વારા સંશય નિવૃત્ત થતાં તે 'નચિકેતા' એટલે અસંદિગ્ધ સ્થિતિમાં આવે છે. તેથી જ એ નચિકેતા નામથી પ્રસિદ્ધ થયો... 'યમ' શબ્દ એવો રૂઢ છે કે એ સાંભળતાં જ ભીષણ આકૃતિનું દર્શન થાય છે, પણ અહીં એ સાંભળતાં જ કોઈ ભીષણ આકૃતિનું દર્શન થાય છે, પણ અહીં એ પદ માત્ર સંયમશીલ, વિવેકી એવા જ્ઞાની ગુરુનું સૂચક છે, (પૃષ્ઠ ૧૦-૧૧) [પંડિતજીની 'નચિકેતા' બાબતની દલીલ પ્રતીતિજનક નથી લાગતી, કારણ આ નામ તો તે પાત્રનું **યમને મળ્યા પહેલાંનું** છે–જન્મથી હશે.]

મારી આ ચર્ચા એક સામાન્ય જિજ્ઞાસુ (ને કંઈક નાસ્તિક પણ ખરો)ની હેસિયતથી હું કરું છું. મને જે કેટલાક મુદ્દા મહત્ત્વના લાગે છે તે ક્રમાનુસાર ચર્ચીશ:

(૧) નચિકેતાને 'કુમાર' કહ્યો છે, એટલે આપણે એટલું માનવું પડે કે એ છોકરો બાળક નથી; સંભવતઃ જનોઇ દેવાઇ ગયું હશે, ને તેથી જ પિતાને પૂછે છે, 'મારું દાન કોને કરશો?'

(૨) એનો બાપ ચિડાઇને જવાબ આપે છે. આ આખ્યાન કલ્પનારના મનમાં ગમે તે હોય, એની કલ્પનાનો યમ ભલે 'શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ' હોય, તથાપિ નચિકેતાનો પિતા તો પુત્રને શાપ જ આપે છે, અથવા 'મરને સાલા' એવા ભાવથી ખોલે છે, એવું મને લાગે છે. યોગી કૃષ્ણપ્રેમ જેવા વિદ્વાન અને બહુશ્રુત લેખકે 'ધ યોગ ઓવ ધ કઠોપનિષદ્' નામનો આખો ગ્રંથ આ ઉપનિષદ પર લખ્યો છે** જેને આ વિષયમાં ઊંડા ઊતરવું હોય તે જરૂર વાંચે. એમને મતે આ ઉપનિષદમાં ઘણાં ગૂઢ રહસ્યો પડેલાં છે. નચિકેતા બાપને ત્રણ વાર પૂછે છે, યમને દરવાજે ત્રણ દિવસ ભૂખ્યો પડી રહે છે, ત્રણ વરદાન મેળવે છે, વગેરે પ્રસંગોમાં આવતી 'ત્રણ'ની સંખ્યામાં આ સિદ્ધ પુરુષ ગૂઢ રહસ્ય જુએ છે. એ નથી માનતા કે વાજશ્રવસ–નચિકેતાનો પિતા–ક્રોધાવેશમાં બોલે છે.

(૩) મારો સાદો પ્રશ્ન તો એ કે નચિકેતા યમને ત્યાં સદેહે ગયો કે મરીને? સદેહે ગયો હશે એમ માનવું પડે, કારણ ભૂખ્યો રહે છે, એવી કથા છે. ભૂખ તો શરીરને જ લાગેને? ઉપરાંત નચિકેતા અતિથિ છે, તેનું સ્વાગત કરો.' એવું કોઇ બોલે છે, તે પણ સાબિત કરે છે કે નચિકેતા સદેહે ગયો હશે આ સ્વાગતની વાત કોણ બોલે છે તે સ્પષ્ટ નથી. સામાન્ય રીતે એવું મનાય છે કે યમના ઘરમાંથી જ કોઇ બોલે છે. એમ માનીએ તો પૂછવું પડે કે આ બોલનારે પોતે કેમ સ્વાગત ન કર્યું? એમણે નચિકેતાને કેમ ઘરમાં ન લીધો? શ્રી કૃષ્ણપ્રેમ એવું માનીને ચાલે છે કે સદ્દહુ ઉક્તિ 'આકાશ વાણી' છે

(૪) નચિકેતા પહેલું જે વરદાન માગે છે તે પરથી સમજાય છે કે એનો પિતા ગુસ્સે થયો હતો. વળી એ વરદાનમાં પૃથ્વી પર પાછા આવવાની વાત પણ છે, તેથી માનવું પડે કે નચિકેતાના પિતા તથા સ્વજનો માટે તો એ મૃત્યુ પામ્યો હતો–અર્થાત્ મરીને યમને ત્યાં ગયો હશે.

(૫) બીજા વરદાનમાં નચિકેતા શું માગે છે? એ જાણે છે કે સ્વર્ગમાં જરા, મરણ, ભૂખ, તરસ, કંઈ નથી હોતું. આવા સ્વર્ગમાં લઇ જનાર અગ્નિ (કે યોગની ક્રિયા) વિષે એ જાણવા માગે છે. યમ તેને આ જ્ઞાન આપે છે. શ્રી કૃષ્ણપ્રેમ આ અગ્નિ એટલે કુંડલિની શક્તિ એવો અર્થ કરે છે. ઉપનિષત્કારે તેનું વર્ણન ટાળ્યું છે, તથાપિ એટલું સ્પષ્ટ છે કે આવી વિદ્યા હોય છે, ને યમ તે શીખવી શકે એટલી ખબર નચિકેતાને હતી. યમ પોતે ખુશીથી આ બતાવે છે;

વધારામાં નચિકેતાની જિજ્ઞાસાથી તથા ગ્રહણશક્તિથી યમ ખુશ થાય છે.

(૬) હવે ત્રીજું અને મુખ્ય વરદાન. આ વરદાન આપવા યમ આનાકાની કરે છે. ઉપનિષદના પહેલા અધ્યાયની પહેલી વલ્લીના છેલ્લા શ્લોક સુધી આ વરદાનની વાત આવતી નથી. શ્રી નાનાભાઇ ભટ્ટ, પંડિત સુખલાલજી, તથા અન્ય ભાષાંતરકારોની માન્યતા પ્રમાણે નચિકેતા આત્મા વિષે જાણવા માગે છે–અર્થાત્ નચિકેતાના પ્રશ્ન દ્વારા ઋષિ યમ મારફત બ્રહ્મવિદ્યા શીખવે છે, આત્માનું અમરત્વ સ્થાપે છે.

(૭) મારા નમ્ર મત પ્રમાણે નચિકેતાનો ખરો પ્રશ્ન આ નથી આ ઉપનિષદમાંના કેટલાક શ્લોકો–કાં તો અક્ષરશ; કાં તો થોડા ફેરફાર સાથે ભગવદ્ગીતામાં પણ છે. કઠોપનિષદ્ પહેલાં લખાયું કે ગીતા પહેલી લખાઇ, એ પ્રશ્ન પંડિતો માટે રહેવા દઇએ. પરંતુ છાંદોગ્ય. બૃહદારણ્યક વગેરે ઉપનિષદો તો કઠોપનિષદ્ પહેલાં લખાયાં હતાં. આ બધામાં આત્માનું અદ્વૈત, એક આત્માનું અનેક રૂપે પ્રકાશવું વગેરે વાતો ચર્ચાયેલી જ છે. નચિકેતા આ સિદ્ધાંતો ન જાણતો હોય એવું બને?

** The yoga of the Kathopnishad — by Shri Krishna Prem. The Anand Publishing House, Allahabad.

સંઘ સમાચાર

એકયુપ્રેસરના વર્ગો

સંઘના આશ્રયે ચાલતો એકયુપ્રેસરનો નવો વર્ગ સોમવાર તા. ૧૧-૬-૮૪થી શરૂ થઇ ગયેલ છે. તેનો સમય બપોરના ૨ થી ૪॥ નો રહેશે. રસ ધરાવતાં ભાઇ-બહેનો તેનો અવશ્ય લાભ લે એવી અપેક્ષા. સ્થળ : સંઘનું પરમાનંદ કાપડિયા સભાગૃહ, પ્રાર્થના સમાજ, મુંબઇ – ૪૦૦૦૦૪ ફોન : ૩૫૦૨૪૬

સહાયભૂત થઇશું?

દાદર સ્કૂલ ફોર ધ બ્લાઇન્ડની પ્રજ્ઞાચક્ષુ કન્યાઓ માટે – એક કન્યાના ખર્ચ પેટે રૂા. ૩૫૦) મોકલવા, સંઘના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ તથા શ્રી કે. પી. શાહે મુંબઇ સમાચારના તા. ૯-૪-૮૪ના અંકમાં અપિલ કરેલી, તેના જવાબરૂપે સાઠેક દાતાઓએ પૈસા મોકલ્યા છે. ચાલીશેક દાતાઓ રૂા. ૩૫૦)ની રકમ મોકલે એવી અપેક્ષા છે. તેના પ્રથમ હપ્તારૂપે રૂા. ૧૫૦૦૦) સંઘના અધિકારીઓ દ્વારા એ સંસ્થાને મોકલી આપવામાં આવેલ છે.

સુવર્ણ મંદિર : પ્રવેશવું કે નહિ ?

● ચેતન આચાર્ય

આ લખાણ પ્રગટ થશે ત્યાં સુધીમાં કદાચ ભારત સરકારે 'સુવર્ણ મંદિરમાં પ્રવેશવું કે નહિ તે અંગેનો મહત્ત્વનો નિર્ણય લઇ લીધો હશે. ૧૯૮૧થી પંજાબમાં અકાલી દળ દ્વારા વિવિધ માગણીઓને અનુલક્ષીને જે આંદોલન ચાલી રહ્યું છે અને તેનાં પરિણામ સ્વરૂપે જે આતંકવાદ અને હિંસાચાર ફેલાયો છે, તેનો દોરીસંચાર આ પવિત્ર મંદિરમાંથી થઇ રહ્યો છે. મંદિરમાંથી સંચાલિત આ આતંકવાદ સામે ભારત સરકારે ઘણા લાંબા સમય સુધી ઢીલ બતાવી છે. આ નિર્બળતા કે અનિર્ણયતાને લઇને હિંસાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. દરરોજ હિંદુ કે નિરંકારી કે નિર્દોષ માણસોની હત્યાના સમાચારો છાપાંઓમાં પ્રગટ થાય છે. અને સરકારની નિષ્ક્રિયતા પરત્વે લોકો ચિંતા સેવી રહ્યા છે. અલબત્ત, છેલ્લે છેલ્લે પણ ભારત સરકારે પંજાબનો હવાલો સેનાને સોંપ્યો છે. હવે એ જોવાનું રહે છે કે સેના આ તોફાનીઓને કઇ રીતે જેર કરે છે, અને શાંતિ આપે છે. રાજકીય કે નાગરિક બાબતમાં સેનાનો સાથ લેવો તે રાજકીય નપુંસકતાની નિશાની છે, પણ પંજાબમાં એ એટલું જ જરૂરી હતું તે પણ સ્પષ્ટ છે.

પંજાબની પરિસ્થિતિમાંથી અનેક વૈચારિક મુદ્દાઓ ઉભા થાય છે. મૂળ મુદ્દો ધાર્મિક સ્થળોનાં રાજકીય કે અસામાજિક ઉપયોગ બાબતનો છે. શીખોની રાજકીય, ઇલાકાકીય કે ધાર્મિક માગણીઓ કે તે બાબત શાંત આંદોલન તો અધિકારણીય બાબત છે. દરેક રાજ્યની પ્રજાને કે દરેક કોમને આ અધિકાર છે. પણ શું ધર્મની અભયતાને ઓઠું રાખીને મંદિરને યુદ્ધભૂમિ કે ગઢ બનાવી શકાય ? ધાર્મિક સ્થળોમાં આશ્રય લઇ હિંસાચારીઓ કાળો કેર વર્તાવે તો તેની સામે કોઇ પગલાં ન લઇ શકાય ? મંદિરમાં જો આ બધું ચાલે તો શું તેની પવિત્રતાને હાનિ નથી પહોંચતી ? જો હિંદુઓ, મુસલમાનો, ખ્રિસ્તીઓ અને પારસીઓ પણ ધર્મસ્થાનોનો આશ્રય લઇ આવી હાનિકારક પ્રવૃત્તિઓ ચલાવે તો તે ચાંખી લેવાય ખરી ? રાજકીય પ્રશ્નો રાજકીય ધોરણે હલ થવા જોઇએ, એને બદલે ધર્મને વચ્ચે લાવવો જોઇએ, અને જો કોઇ કોમ ધર્મને વચ્ચે લાવે તો સરકારનો ધર્મ એ કહેવું છે કે તેવું ન ચાલવા દેવું, અને સત્વરે આ દુરુપયોગ સામે પગલાં લેવાં. પંજાબમાં બાબત તમે રસ્તે ચાલતા સામાન્ય નાગરિકને પૂછશો તો તેનું મંતવ્ય એ હોવાનું કે સરકારે સુવર્ણ મંદિરમાં પ્રવેશ કરી આતંકવર્તાવતા આ ધાર્મિક (કહેવાતા) નેતાઓને પકડી લેવા જોઇએ અને તેમની સામે રાજ્યના કાયદા મુજબ કામ ચલાવવું જોઇએ. સવાલ એ છે કે જો સરકાર મંદિર, મસ્જિદ અને દેવળોમાંથી હત્યારાઓને પકડવાનો પોતાનો હક માનતી હોય, તો ગુરુદ્વારાઓ માટે આ અલગ નીતિ શા માટે ? બિંદરાનવાલે અને તેની તોફાની ટોળીએ મંદિરમાં બેઠાં શીખો માટે કાલ્પનિક ખાલિસ્તાનની રચના કરી આપી હતી.

સરકારે મહિનાઓ સુધી નિષ્ફળ વલણ અપનાવીને જ આ પ્રશ્નને ચટપટો બનાવી નાખ્યો હતો. અલબત્ત સરકારને તેનાં કારણો જરૂર હોઇ શકે એમ પણ હોય કે સમય જતાં આંદોલનની તીવ્રતા ઘટી જશે. સરકાર એમ પણ માનતી હોય કે કોઇ પણ કડક પગલું લેવાશે તો શિખોના હૃદય પર ઘા થશે અને તેમની લાગણી દુભાશે. કદાચ કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન વધુ જટીલ બને તેનો પણ ભય હોય. અથવા તો સરકાર આવતી ચૂંટણીઓમાં હિંદુઓનાં મતની લાલચે પ્રશ્નને વધુ વણસવા દેતી હોય. આમાંથી કે બીજા અન્ય કારણો સરકારની શિથિલતાના પાયામાં હોઇ શકે.

કેટલાક વિદ્વાન ચિંતકો માનતા હતા કે માત્ર સુવર્ણ મંદિરમાં પ્રવેશથી કે આતંકવાદીઓને પકડવાથી હિંસાના આ પ્રશ્નનો અંત આવે તેમ નથી. તેમનું માનવું હતું કે આ તોફાનીઓ પંજાબનાં ખૂણેખૂણામાં ફેલાઈ ચૂક્યા છે. અને તેથી આવા અંતિમ પગલાથી હિંસાચારનું પ્રમાણ વધશે. અને સજ્જન શિખોની લાગણીને પણ ઠેસ પહોંચશે. હિંદુઓ પ્રત્યેના વૈમનસ્યમાં વધારો થવાની અને રાષ્ટ્રીય એકતા જોખમમાં મુકાવાની ભીતિ પણ આ ચિંતકો સેવી રહ્યા હતા.

એ વાત સાચી કે સુવર્ણ મંદિરમાં પ્રવેશ માત્રથી આતંકવાદનો અંત આવી જવાનો નથી પણ તાત્ત્વિક મુદ્દો એ છે કે શું સરકારને પોતાનો અધિકાર પ્રસ્થાપિત કરવાનો કે યોગ્ય પગલાં લઇ સામાન્ય પરિસ્થિતિ સ્થાપવાનો પણ હક નથી ? મંદિર પ્રવેશની બીજી સાથંકતા એ છે કે તેથી તેમના કેટલાક અગત્યના નેતાઓ અને અનધિકૃત હથિયારના ઢગલાઓ હાથ લાગ્યા છે. આતંકવાદની ગંગોત્રી સુવર્ણ મંદિરમાંથી વહે છે અને જો ત્યાં અસરકારકતા સાબિત થાય તો ધીરે ધીરે અન્ય સ્થળોએ પણ હિંસાચારનો દોર હળવો બન્યા વિના નહિ રહે.

સુવર્ણ મંદિર માત્ર શીખોનું પવિત્ર ધર્મસ્થાન નથી. હિંદુઓ પણ સદીઓથી તેને પોતાનું પાવંત્ર યાત્રાધામ માનતા છે. કેટલાકનું માનવું હતું કે જો આ મંદિરમાં પ્રવેશ થશે તો સામસામા ગોળીબાર થશે અને મંદિરની પવિત્રતાનો ભંગ થશે. સુવર્ણ મંદિરની પ્રતિષ્ઠા અને પવિત્રતા તો તોફાનીઓ જે અંદરથી હિંસા આચરે છે તેનાથી જ ભંગ થઇ ચૂકી છે. સેનાએ તો માત્ર મંદિરમાં આશ્રિત આ પ્રકારના તત્ત્વોને સાફ કરી મંદિરની પવિત્રતાની પુનઃ પ્રતિષ્ઠા જ કરી છે. સુવર્ણ મંદિર શીખોની રાજકીય આકાંક્ષાઓનું હૃદયસ્થાન કે પ્રતીક બને તેની સામે કોઇને વાંધો ન હોય પણ જો તે ભારતીય રાષ્ટ્રીયતા વિરુદ્ધ શત્રુના ગઢ સમું બને અને પેટાકનની જેમ સાર્વભૌમ રાજ્યની જેમ વર્તે તો તેની સામે લોકશાહી નિર્ણાયક પગલાં લેવા જ પડે. સરકારનો તે રાજકીય ધર્મ બની રહે છે.

શીખોના રાજકીય, ધાર્મિક, કે ભૂલકીય પ્રશ્ને આંદોલન ચલાવે તેની સામે કોઇનો વિરોધ ન હોઇ શકે. લોકશાહી માળખામાં જો આ આંદોલન ચાલે તો તે વાજબી પણ છે. શીખોની કેટલીક માગણીઓ (ચંદીગઢ, રાવી અને બિયાસના પાણીનો પ્રશ્ન અને કેટલીક ધાર્મિક બાબતો)માં તથ્ય પણ છે, અને સરકારે વિના વિલંબે તેની વાટાઘાટ-

પરિચર્યા દ્વારા તોડ પણ લાવવો જોઇએ. તોફાની તત્ત્વો સામે કડક પગલાં ભરીને અકાલી દળના મવાળ નેતાઓને વાતચીતના મેજ પર પાછા લાવવા જોઇએ અને તેમાં વિશ્વાસ ઊભો કરવો જોઇએ. જો સરકાર લાંબા ગાળા સુધી આ પરત્વે ઢીલ રાખે તો આંતિમવાદીઓ સજ્જ જ અને એકવાર દોર આ તોફાની તત્વોનાં હાથમાં ચાલી જાય ત્યારે મૂળ માગણીઓ એક બાજુ રહી જાય અને હિંસાચાર-દ્વેષ મોખરે તરી આવે નિરાકરણ આને લઇને વિશેષ કપરું બને.

સવાલ એ ન હતો કે કેટલા લોકો આ અથડામણમાં તારાજ જશે. સવાલ એ હતો કે સરકાર યોગ્ય સમયે સાચું પગલું ન ભરે તો તેની ભારે (પ્રતિષ્ઠા તેમજ રાષ્ટ્રીય એકતાની દૃષ્ટિએ) કિંમત ચૂકવવી પડે. શીખ કોમ પણ પંજાબમાં જે ચાલી રહ્યું હતું, તેનાથી નારાજ હતી. પંજાબને પારાવાર આર્થિક નુકસાન થઇ રહ્યું છે બૌદ્ધિકો પણ આ આતંકવાદને પસંદ કરતાં નથી. તેથી જ મંદિરમાં પ્રવેશથી આખી શીખ કોમની લાગણી પ્રજ્વલિત થાય અને રાષ્ટ્રીય એકતા જોખમાય તેવી માન્યતામાં કોઇ તથ્ય ન હતું.

સ્ત્રીઓની વેદનાનાં આંસુઓ કેમ દેખાતાં નથી !

● ભગનભાઈ સંઘવી

પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓ વિષે વારંવાર વિચારણા થતી હોય છે, જુદા જુદા દૃષ્ટિકોણ રજૂ થતા હોય છે. હકીકતમાં સ્ત્રી-પુરુષ વિષે અલગ વાતો ફેગટ છે. સ્ત્રી-પુરુષ મળીને એક અંગ ગણીએ તો એક જ અંગનાં આ બે પાસાં છે. તેના અંગેના મૂલ્યાંકનો જુદી જુદી રીતે થાય છે તે જ વિડમ્બના છે.

કોઇ કાળે સ્ત્રીઓ માટે સતી સીતા અને એવી નારીઓના આદર્શને મુખ્ય મિંડ ગણવામાં આવ્યો. તેની સો ટકા સરખામણીમાં લાખો સામાન્ય સ્ત્રીઓનું મૂલ્યાંકન કરવામાં સમાજ ભૂલ્યો છે. લાખો સ્ત્રીઓ આદર્શના નામે, સમાજે બાંધેલા માળખામાં પિસાઇને કહેવાતાં કેટલાંક સાચાં-ખોટાં મૂલ્યો સાચવતાં તરફડીને જિંદગી પરી કરે છે. આવી સ્ત્રીને આપણે બીજું પાસુ ન ગણીએ તે વધારે ઉચિત ગણાય. જમણી કે ડાબી બાજુને લકવો થયો હોય અને સમાજનું રવાડું ય ન ફરકે તે સમાજની દશા શું થાય ?

એ જ રીતે પુરુષો માટે રાજા હરિશ્ચન્દ્રનો માપદંડ ગણવામાં આવ્યો હોય તો તે પ્રમાણે સામાન્ય જન વર્તી શકે ? ન વર્તી શકે તો દેખીતી રીતે જ સ્ત્રી-પુરુષો વચ્ચેની તિરાડનો નિમિત્ત બને. એ જ વિડમ્બના છે. સતી સીતા અને રાજા હરિશ્ચન્દ્ર એ બન્ને બાજુને આદર્શના શિખર તરીકે ભલે ગણીએ પરંતુ શિખર સર કરવાની સામાન્ય માનવીની ક્ષમતા ન હોય તો શું ? એ વિચારવાનું છે.

સ્ત્રી કે પુરુષ જેમાંથી કોઇનું સામાન્ય સ્ખલન થયું હોય, જે સ્વાભાવિક છે તે ક્ષમ્ય ગણાવું જોઇએ. માણસ માત્રમાં નબળાઇ તો હોય જ છે. આવી નબળાઇ પુરુષો માટે ક્ષમ્ય ગણાય અને સ્ત્રી માટે સમાજ ક્ષમ્ય ગણતો નથી એ જ આ સમાજના પગે વાગેલો કાંટો છે. બેધારા મૂલ્યો હંમેશા હરકોઇને અટકે છે. આ કાંટો કેવી રીતે નીકળે ?

આજે મોટા ભાગે જે વિચારો રજૂ થાય છે તેમાં સુર એવો નીકળે છે કે જાણે સમાજનાં બંને અંગ સામસામાં ન હોય ? આ બાબતમાં વાદી-પ્રતિવાદી પ્રમાણે ન વિચારાય. આવા પ્રકારની વિચારણાથી જવાળા પેદા થાય. જ્યોતિ નહિ. જવાલા ખપ્પું જ સ્વાહા કરે, જ્યોતિ પ્રકાશ આપે.

આપણા સમાજમાં સીતા, દ્રૌપદી જેવી સ્ત્રીઓ હોય જ. પણ કસોટીની એરણ પર ભાગ્યવગાત્ આવી જ હોય તેથી સમાજની નજરે ન ચડે. કસોટીમાંથી પાર ઊતરે અને લોકોની નજરે ચડે તો તેને જ સમાજ માને છે. બાકી સમાજના લક્ષ બહાર અનેક સ્ત્રીઓ પોતાનું નિર્મળ જીવન વિતાવતી હોય છે. તેઓ પર ટોળાશાહીના નિયમો લાદી શકાય નહિ. વિચારકોને આ બાબતનું પારાવાર દુઃખ હોય જ પણ તે દુઃખી હૃદયે પોતાના વિચારો રજૂ કરી તટસ્થ રહે છે, જે નિર્વીર્ય અનુકંપા છે. આ બાબતમાં કલાપીના મહાત્મા મુળદાસની જેમ પ્રતિષ્ઠાનું વિલોપન કરવું પડે. વિલોપન ઉપર થુંકનારાઓ ટોળાશાહીમાંના હોઇ શકે.

સ્ત્રી કોઇ પણ પ્રકારની મુસ્કેલીમાં સપડાયા પછી તેને અપનાવવી જ નહીં ? તિરસ્કાર જ કરવાનો ? નાકનાં ટેરવા જ ચડાવવાનાં ? તેની વિડમ્બના ભૂલી જાય અને સ્વમાનથી જીવી શકે તેવું વર્તન આ સમાજ ન કરી શકે ? એ જ પ્રમાણે પુરુષ મુસ્કેલીમાં મુકાય ત્યારે નાસી છૂટે ? અને સમાજ મૂઢ બનીને જોયા કરે ? મૂલ્યાંકન જરૂર કરીએ પણ તે એકપક્ષીય ન હોવું જોઇએ. બન્ને અંગ માટે અલગ-અલગ મૂલ્યાંકનથી લકવો જ થાય. બંધન જરૂરી છે. બંધન અને એકસરખા મૂલ્યાંકનથી જ ન્યાયનો કાંટો મધ્યબિન્દુ પર રહી શકશે.

માનવસમાજે પોતે સુખી થવા એક માળખું બનાવ્યું. તેમાં કાળક્રમે વિકૃતિ ઘુસી ગઇ. માળખાના આ જડબેસલાક પિંજરામાં માણસ અને મૂલ્યોને વિસરી જવામાં આવ્યાં છે. આ માળખાને છોડીને મૂલ્યોને ઉપસાવવા જરૂરી છે.

આપણી કથા – વાર્તાઓ ઉન્નત જીવન જીવવાની શિખામણ આપે છે, પરંતુ મધ્યભાગી સામાન્ય લોકો કઇ રીતે જીવે તેનો નિર્દેશ ભાગ્યે જ આવા કથાસાહિત્યમાં થાય છે. દાનેલી વ્યક્તિઓને અનુકંપાથી આખો સમાજ સ્વીકારે, તેઓની વેદનાના આપણે સમભાગી બનીએ ત્યારે જ વસુંધરાનાં આ વહાલા અને દવલાઓને સમદૃષ્ટિથી આપણે જોઇ શકીએ. સુજ્ઞ વિચારકો હિંમતથી આગળ આવે તો આ પ્રશ્ન હલ થાય.

વિચારકોએ આટલું જ કરવાનું છે. બળખા પર માખી ચોંટી ગઇ હોય તેને બે સળીથી બળખામાંથી ઉપાડી કોરી માટી પર મૂકવાની જરૂર છે. પાંખો કોરી થશે એટલે માખી આપોઆપ ઊડી જશે અને પોતાનું બાકીનું જીવન શાંતિથી વિતાવી શકશે.

શબ્દના સોદાગર અને વકતૃત્વના જાદુગર

ડૉ. હરીશ વ્યાસ

'ઉત્તર રામચરિતમ્' ગ્રન્થમાં મહાકવિ ભવભૂતિએ આર્ષ-દ્રષ્ટા ઋષિઓની વિશેષતા દાખવતાં કહ્યું છે : 'ઋષિણાં પુનરાદ્યાનાં વાચમ્ અર્થઃ અનુધાવતિ।' અર્થાત્ આદ્ય ઋષિઓની વાણીને અર્થ અનુસરે છે. પરન્તુ શબ્દના સોદાગર, વકતૃત્વના જાદુગર અને જીવનકલાના કલાકાર એવા આચાર્યશ્રી એસ. આર. ભટ્ટના અર્થને-ભાવને વાણી અનુસરતી હતી. તેઓ 'એસ. આર.' ટૂંકાક્ષરીથી વિખ્યાત હતા.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર વિસ્તારમાં યોજાયેલા 'યુવક નેતૃત્વ તાલીમ શિબિર' નિમિત્તે એમની સાથે રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલો. વનરાજિનું સૌન્દર્ય, અરવલ્લીની પર્વત-માળાઓ, આતરસુંબાનો રમણીય આરિતક આશ્રમ-આ બધા વચ્ચે ઘૂમતાં એકવાર વાતવાતમાં કહે, 'આપણે તો હરીશભાઇ, નાના હતા ત્યારથી જ ઘૂમકકડ અને રખડુ, ફરવાનો મને જબરો શોખ. બીજો વાંચવાનો શોખ, ત્રીજો મહાપુરુષોને જોવાનો – સાંભળવાનો શોખ. આમ પરિભ્રમણ, અધ્યયન અને બહુશ્રુતતા એ ત્રણ મારી પ્રિય ચીજો. આમ તો બધા લોકો મને 'Authority on Shakespeare' (મહાકવિ શેકસપિયર વિશે અધિકૃત વ્યકિત) તરીકે ગણાવી મારે છે, પરંતુ તમને આશ્ચર્ય થશે કે મેં તો વાલ્મીકિ, વ્યાસ, કાલિદાસ, ભવભૂતિથી લઇને ભકતકવિ જયદેવ સુધીના પ્રસિદ્ધ મહાકવિઓના ગ્રંથો વાંચ્યા છે. નરસિંહ-મીરાંથી આપણા નિરંજન ભગત સુધીના ગુજરાતી લેખકો-કવિઓના સાહિત્યનું અધ્યયન કર્યું છે. એ જ રીતે મરાઠી, હિન્દી, બંગાળી વગેરે ભારતીય ભાષાઓનું સાહિત્ય પણ બંદાએ વાંચ્યું છે. એ જ રીતે, પશ્ચિમના સાહિત્યનો યે અભ્યાસ કરતો રહ્યો છું.'

એમની non-stop speech-વણથંભી વાણીને રોકવા સિંગ-ચણા આપ્યા. એટલે એમને રોકીને મેં પ્રશ્ન પૂછી લીધો : 'આ બધું વાંચ્યું એમાંથી ખાસ-કોઇ વિશેષ બાબતો આપે તારવી ખરી?' સિંગ-ચણા ખાતાં ખાતાં કહે, 'ભાઇ, આ તો બહુ મોટી વાત છે. તો યે જુઓ આટલું ચોકકસ તારવી શકયો છું. એક તો માનવસ્વભાવનું વૈવિધ્ય, વૈચિત્ર્ય અને વૈષમ્ય ધ્યાનમાં આવ્યું. બીજું, મનુષ્ય શુભ-અશુભનું મિશ્રણ છે, ત્રીજું, વિરાટ માનવોના આગમન પછી યે માનવ-જાત હજી યે વામણી છે. ચોથું, તક્ષકાય સ્વાહા ની સાથે જ ઇન્દ્રાય સ્વાહા કરી દેવા જેવું નથી. બલકે તક્ષક નાગની સાથે ઇન્દ્રને હોમી દેવા જેવો નથી. અશુભના ભેળું શુભને ય ફેંકી દેવા જેવું નથી. ભલે મનુષ્યમાં રહેલા અશુભથી દૂર રહીએ; ઉપેક્ષા કરીએ, પણ એનામાં રહેલા શુભનો તો સ્વીકાર નહિ, બલકે આદર કરવો જોઇએ. પાંચમું, ઇશ્વરે પંચ મહાભૂતો-પૃથ્વી, પાણી, વાયુ, તેજ, આકાશ, ઉપરાંત ખાવાપીવાનું, વસાહતો, કામધંધાનાં સાધનો, વિજ્ઞાનના મબલખ અનેક લાભો-સાધન સગવડો મળેલાં હોવા છતાં યે દુનિયામાં કરોડો લોકો આજેય ગરીબી, બેકારી, નિરક્ષરતા ભોગવે છે. સેવા સારવાર, રહેઠાણો વગેરેના અભાવમાં કરોડો જીવી રહ્યા છે! વિપુલતા અને ઐશ્વર્યની સામેનાં આ અભાવ અને દીનતા ખૂબ જ વિષમતાપૂર્ણ છે, જે વ્યથાથી ભરી દે છે.'

આમળી ઉપરથી આમળાં તોડયાં અને મેં એમને (ચાલતાં ચાલતાં) આપ્યાં. ખાતાં ખાતાં તે કહે, 'જરાક તુરાં લાગે છે હોં કે!' મેં કહ્યું, 'પાણી પીશો ત્યારે મીઠું મીઠું થઇ જશે. ખેર! મહાપુરુષોના દર્શન-શ્રવણનો યે તમે સારો લાભ લીધો છે ને? એમાંથી શો લાભ થયો?' મને ખભો થાબડતાં થાબડતાં, પોતે ડોલતાં ડોલતાં કહે, 'તમે તો ફરતાં ફરતાં યે મારો કસ કાઢી લ્યો એવા છો હોં કે! હા, વાત પર આવું. મહાપુરુષોના દર્શન શ્રવણથી અનેક લાભો થયા છે, એમાં યે કેટલાકનું આકર્ષણ ભારે પ્રભાવકારી રહ્યું છે. કાર્લ માર્કસનું કરુણાપૂર્ણ એવું પીડિતો પ્રત્યેનું દર્શન અને ખાનગી માલિકીને જમીન-ઉદ્યોગોના ક્ષેત્રેથી હટાવવાની ભાવના, ગાંધીજીની દેશભકિત, સત્યનિષ્ઠા અને સ્વાતંત્ર્યપ્રેમ, રવીન્દ્રનાથની સૌન્દર્ય વિભાવના, શેકસપિયરની માનવીય દૃષ્ટિ, વિવેકાનંદની સર્વધર્મ પ્રત્યેની સમભાવના, વિનોબાજીની સામ્યયોગની દૃષ્ટિ, જયપ્રકાશની લોકશાહી સમાજવાદ માટેની મથામણ અને નિર્ભયતા, આલ્ડસ હકસલેની સાધનશુદ્ધિ, બર્ટ્રાન્ડ રસેલનો માનવીય મૂલ્યો માટેનો પ્રેમ...આવું કેટકેટલું છે, જે મને ગમી ગયું છે. અને જીવનમાં ભળી ગયું છે.'

ઇ. સ. ૧૯૩૦-૩૨ અને ૧૯૪૦-૪૨ ની સ્વરાજ્ય લડતોમાં યે તેઓ સપ્રેમ ભાગીદાર હતા. આચાર્ય કૃપાલાણી, જયપ્રકાશ નારાયણ, ડૉ. રામમનોહર લોહિયા વગેરેના સંસર્ગથી તેઓ માર્કસવાદ-સમાજવાદની વિચારધારા પ્રત્યે આકર્ષાયેલા. એ જમાનામાં સર્વશ્રી જયંતી દલાલ, નિરુભાઇ દેસાઇ, દિનકર મહેતા, ભોગીલાલ ગાંધી, ઉમાશંકર જોશી, ઇશ્વરલાલ દેસાઇ, પુરુષોત્તમ માવલંકર વગેરે મહાનુભાવો સાથે શ્રી એસ. આર. ભટ્ટનું નામ નવી પેઢીનાં યુવક-યુવતીઓમાં ખૂબ ગાજતું હતું. અમદાવાદના ટાઉન હોલમાં કે મોક કોર્ટ યા મોક પાર્લામેન્ટોમાં થતાં વ્યાખ્યાનોમાં વિખ્યાત એસ. આર. ની વાણી સાંભળવા માટે જુવાનિયાઓનાં ટોળાનાં ટોળાં ઉભરાતાં. એમની નાટકી, છટાદાર અને અભિનયપૂર્ણ હાવભાવભરી શૈલીથી જુવાન પેઢી તાલીઓના ગડગડાટ સાથે આફરીન પોકારતી. અંગ્રેજી, હિન્દી, બંગાળી યા સંસ્કૃત ઉદ્ધરણોવાળી એમની ઝાકઝમાળ અલંકારપૂર્ણ ભાષા ઉપર તો લોકો ફિદા થઇ જતા. કયારેક આકાશ સામે મીટ માંડીને, તો કયારેક ટંકાર કરતા ધનુર્ધર બાણાવળીની વકતાથી રૂપકો-દૃષ્ટાન્તોનું સંભાર ભરીને કહેવાતી રસભરી એ વાતો નવલોહિયાઓના દિલને ચોટ લગાવી જતી, જેમાંથી ઝરવરતી હતી રાષ્ટ્રિયતા, દેશભકિત અને માનવીય મૂલ્યો માટેની તડપન, જે નવી પેઢીને પ્રેરણાનાં પીયૂષ પાઇને સ્વરાજ્યનાં વિવિધ શિખરો સર કરવા માટે અગ્રેસર કરતી હતી.

વળી યાદ આવે છે મહાગુજરાતના આન્દોલનના દિવસો, જ્યારે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની અહાલેકથી માનવ મહેરામણ હિલ્લોળે ચઢયો હતો અને 'જય જય ગરવી ગુજરાત'ના ગરવા ઘોષથી ગાજી ઊઠયો હતો ત્યારે એ મહાગુજરાત હાંસલ કરવા માટે થતી જાહેર સભાઓ અને ચર્ચાસભાઓમાં એસ. આર.ની વાણી યુવક-યુવતીઓને જાનફેસાની કરવા માટે શૌર્ય, ત્યાગ, ટેક અને વીરતાથી આલોકિત કરી દેતી હતી.

ગુજરાત કૉલેજ, એચ. કે. આર્ટ્સ કૉલેજ કે ટાઉન હૉલમાં શેક્સપિયર ઉપર યા અંગ્રેજી સાહિત્ય વિશે થતાં વ્યાખ્યાનોમાં એસ. આર.ને લોકો બસ કલાકો સુધી મંત્રમુગ્ધ બનીને સાંભળ્યે જતા હતા. વાક્છટા, યાદૃકિતઓ, રૂપકો, દૃષ્ટાન્તો અને ઉદ્ધરણના ભેળસેળથી પ્રગટ થતી એ ખાટી મીઠી બાની લોકહૈયામાં, મહાન સાહિત્યના અધ્યયન માટે, ભારે અભિનિવેશ જગાવતી હતી.

ગુજરાતની સર્વોદય પદયાત્રા કરતા અમે બેત્રણ વાર અમદાવાદમાંથી સારો સમય લીધા બાદ પસાર થયેલા. શ્રી જયંતી દલાલને ઘેર ખાડિયામાં સૌ જમવા ભેટ્ટલા અને એસ. આર. આવ્યા. અને અમારો કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે જ જંપ્યા. એમની કૉલેજમાં ગયા ત્યારે એમણે જે ભાવપૂર્ણ સ્વાગત કર્યું તે આજે ય વિસ્મરી શકાતું નથી. 'અમે તો ભાઇ, ચા-કૉફીવાળા ખરા, પણ તમારા સૌ પદયાત્રીઓ માટે કેસરિયું દૂધ અને ફળાહાર તૈયાર કરાવ્યાં છે. ના પાડશો એ ચાલશે જ નહિ.' એમના આગ્રહને વશ થઇને ભોજન જેટલો નાસ્તો કરવો પડેલો. અલ્પાહાર જ મહાર થઇ ગયેલો!

કૉલેજના વ્યાખ્યાનમાં પરિચય આપતાં પ્રારંભે જ એમણે સન્ત વિનોબાજીની સર્વોદયી ક્રાન્તિની વિશેષતાઓ સરસ રીતે પ્રગટ કરેલી : 'સર્વોદય એટલે સૌનો ઉદય...માણસ, પશુ, પંખી, ગાય, ભેંસ, સૂવર, ઘેટાંબકરાં...વગેરેનો ઉદય. ગરીબની સાથે અમીરનો યે ઉદય, નિરક્ષરની સાથે સાક્ષરનો યે ઉદય...' પોતે ગંભીર રહે અને હાવભાવ સાથે બોલતા જાય અને સૌને હસાવતા, ગમ્મત કરતા, કડવી ગોળીઓ ગળાવતા જાય...એમનું પ્રભાવશાળી વ્યાખ્યાન થઇ ગયા પછી 'માનવીય ક્રાન્તિ' વિશે મારે બોલવાનું આવેલું. એમનું પ્રાસ્તાવિક જ વ્યાખ્યાન સમુ! અને પ્રભાવક પણ એટલું જ. કિસનભાઇ ત્રિવેદી કહે, 'હવે જ તમારી કસોટી થશે. ક્યાં તો આ શ્રોતાઓ ગરબડ મચાવશે, કાં તરબોળ બનીને સાંભળશે!' ખેર! મારા વ્યાખ્યાનમાં ન ગરબડ મચી, ન હુરિયો થયો, બલ્કે સૌએ એટલા જ પ્રેમથી ભાષણ સાંભળ્યું. આભારદર્શન પછી વિદાય લીધી, ત્યારે મને કહે, 'મારા વ્યાખ્યાન પછી બોલવાનું જોખમ ભાગ્યે જ કોઇ લેતું હોય છે. પણ તમે એ જોખમ લીધું અને સકળ સરસ રીતે પાર પાડ્યું છે! એ માટે ખૂબ ખૂબ ધન્યવાદ!'

તે દિવસે રાત્રે એમને ઘેર નિમંત્રીને સૌને ભરપટ જમાડ્યા. વળી વિના માગ્યે જ તેમણે સંપત્તિદાનમાં એક કવર મૌનપૂર્વક મારા હાથમાં મૂક્યું. મુકામ ઉપર જઇને જોયું તો પાંચસો એક રૂપિયા! લખ્યું હતું, 'આ કૂલની પાંખડી દરિદ્રનારાયણની સેવામાં વાપરશો. અને ક્યારે ય જરૂર પડે ત્યારે આ સેવકને જરૂર યાદ કરજો!' એ હસતો માનવતાભર્યો ચહેરો શું ભૂલી શકાશે? ખેર! પ્રભુ એમના આત્માને શાન્તિ અર્પો અને એમની ભાવનાઓને સાર્થક કરવાની આપણને શક્તિ અર્પો! એસ. આર. ને શતશત વન્દન!

(પાના નં. ૪૦ થી ચાલુ)

બિંદુમાં મૂકનાર ગાંધી પ્રથમ મહાપુરુષ છે. ગીતામાં પણ એટલાં અહિંસા નથી. ગાંધીમાં ગીતાના કર્મયોગ અને મહાવીરની અહિંસાનો સમન્વય છે.'

ચીમનભાઇને મહાવીર તો જન્મથી મળેલા હતા. એમાં ગાંધી મળ્યા એટલે તો જાણે રાજમાર્ગ મળી ગયો! આવી સાર્થકતા એમની વાણીમાં ઊભરાય છે તેમ છતાં એ વિવેકયુક્ત વાણી છે. ક્યાંય ભકિતભાવ નથી, નીર-ક્ષીરની ચકાસણી પણ છે. જેમ કે હેનરી મિલરને ન વાંચ્યાથી પોતે કશું ગુમાવ્યું છે એવો ભાવ એમને થતો નથી. એ જ રીતે એડવર્ડ કેનેડી પ્રમુખ ન થાય એમાં અયોગ્ય એમને લાગતું નથી કેમ કે એ 'સ્વસ્થ સમાજ'ના હિમાયતી છે. મહાવીર અને ગાંધીના સમન્વયથી લેખકને જે લાભ થયો છે તે તો ગુણવિકાસ અને સમાજવિકાસ, એમ બન્નેનું મૂલ્ય સમજવાનો. આ ઉભય મૂલ્યનિષ્ઠા એમના લખાણમાં સ્પષ્ટ જોઇ શકાય છે, એટલું જ નહીં પણ વિષયવસ્તુની પસંદગીમાં પણ મોટો ભાગ ભજવે છે. 'અનટુ ધિસ લાસ્ટ', 'શ્રીમદ્ભાગવત', 'પ્રતિયુદ્ધ કાવ્યો', 'પ્રેમ' 'ત્રીજું વિશ્વયુદ્ધ', 'ટેસ્ટટયૂબ બેબી', 'જાહેર જીવન અને અંગત જીવન' ઇત્યાદિ લેખોમાં ગુણાનુરાગી સમાજનિષ્ઠ લેખક જોવા મળે છે.

વ્યક્તિવિશેષ ઉપરનાં લખાણોમાં મુનિ શ્રી સંતબાલ, જયપ્રકાશ, ઢેબરભાઇ, કરતૂભાઇ લાલભાઇ, પંડિત સુખલાલજી, લેડી પ્રેમલીલા ઠાકરશી, શાન્તિપ્રસાદ જૈન વગેરેમાં એમનો અર્ઘ્ય કેવી વ્યક્તિઓ માટે છે એનો ખ્યાલ આવે છે.

ગુણવિકાસ અને સમાજવિકાસમાં માનનાર માણસ ઇશ્વરનિષ્ઠ ન હોય તો જ આશ્ચર્ય ગણાય. ચીમનભાઇનાં લખાણોમાં ઇશ્વર અવ્યકત નથી, વ્યકત છે. 'મારી કસોટી' 'હૉસ્પિટલના બિછાનેથી' અને 'માનવ સંબંધો'માં, દેહ અને જીવનની મર્યાદાની સાથે સાથે ઇશ્વરના વિભૂતિમત્વનો પણ સ્વીકાર છે. પ્રાર્થનાના સેતુથી પરાત્પર પરમાત્મા પાસે પહોંચવાની જીવનકલા ચિંતન-મનનમાંથી એમને પ્રાપ્ત થયેલી છે. વેળા આવી હોય તો બધું સમેટી લેવું છે, કશાનું અરમાન હવે બાકી નથી એવા સમ ઉપર સ્થિર થઇને એ જીવનમુકત થાય છે. એમણે જેને જીવનમંત્ર કહ્યો છે તે :

न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥

એમનો અંતિમ મંત્ર પણ હશે જ.

'સમયચિંતન' એ સમ્યક્ચિંતન તરફ દોરવાની ગુંજન ધરાવતી રચના છે એમાં અફસોસ એક જ વાત . થાય છે કે તેમાંના બધા લેખો 'દેહાધ્યાસમાંથી મુકિત' જેવા વ્યાપક નથી. સમવર્તી જેમ જાણે વસ્તુસ્થિતિ [illegible] સંવાદ થઇને બેઠી છે. તેમ છતાં આ પુસ્તક ભિન્ન વય અને રુચિના બધા વાચકોને ઉપયોગી જીવનપાથેય પૂરી સરળતા, વિશદતા અને લાઘવથી પૂરું પાડી શકશે એમાં કોઇ શંકા નથી. લેખકને પણ એ જ ઇષ્ટ છે.

('ગ્રંથ', માર્ચ, ૧૯૮૪ માંથી સાભાર)

સંઘનું પ્રકાશન : 'સમયચિંતન'નું અવલોકન

('સમયચિંતન' : લે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ, વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, મુંબઇ અને અમદાવાદ પૃષ્ઠ ડિમાઈ ૨૦૮, રૂા. ૩૦/-)

સમયોચિત ચિંતન

જયન્ત પંડ્યા

સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના લેખોનો ગ્રંથસ્થ આવિષ્કાર 'સમયચિંતન' નામે સુલભ કરી આપનાર મુંબઇ જૈન યુવક સંઘ તથા તેના સંપાદકો સર્વશ્રી રમણલાલ શાહ, પન્નાલાલ શાહ અને ગુલાબ દેઢિયાનો આભાર માનવો જોઇએ કે તેમણે 'પ્રબુદ્ધ જીવન' માં શ્રી ચીમનભાઇએ લખેલા લેખોમાંથી વિષયવાર ચૂંટણી કરીને ચીમનભાઇની જીવનદૃષ્ટિનો પરિચય કરાવ્યો. 'એક રીતે વિચારીએ તો બધા માણસની જીવનદૃષ્ટિ, બધા લોકોને માટે હંમેશાં રસપ્રદ નીવડે જ એવો કોઇ નિયમ નથી, પરંતુ ચીમનભાઇ જે વ્યક્તિત્વ લઇને આ સંસારમાં જીવ્યા, જે સામાજિકતાથી એમણે જીવનના પ્રાપ્ત ધર્મોનું વહન કર્યું અને જે વીતરાગભાવે શરીરનું સમાપન કર્યું એ ઘટનાઓ એમની જીવનદૃષ્ટિ સમજવાનું નિમંત્રણ આપે તેવી છે.

'સમયચિંતન'નાં ૨૦૮ પાનાંઓમાં સામગ્રીનું વૈવિધ્ય ઝાઝું નથી. એમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બનાવોનું વિશ્લેષણ નથી, આર્થિક-સામાજિક-રાજકીય સમસ્યાઓનાં દલદલ ઉલાડીને એનાં નિરાકરણો ચીંધતી જડીબુટ્ટીઓ નથી. પરંતુ એ નથી તેનો અફસોસ થતો નથી, કારણ કે અહીં એમણે બધી સમસ્યાઓના કારણભૂત મનની અને એવું મન ધરાવતા માણસની વાત કરી છે. એ વાત કોઇ મનોવૈજ્ઞાનિકે કરેલી નથી પણ ઉઘાડી આંખે ફરનારા જીવનસાધકે કરેલી છે તેથી એ વિશેષ પથ્ય લાગે છે.

આ પુસ્તકમાં લેવામાં આવેલા એકાવન લેખોનાં કેવળ મથાળાં જોઇએ તો પણ લેખકના અંતરગનો અણસાર આવી જાય. લેખકનું નામ દીધા વિના, થોડાંક મથાળાં ચાંચી સંભળાવીને થોડા જાણકાર એવા શ્રોતાને, 'કહો, આ કોનું પુસ્તક હોય એમ લાગે છે?' એવો સવાલ પૂછવામાં આવે તો ચાર-પાંચ નામોમાં કોઇ શ્રોતા કિશોરલાલ મશરૂવાળાનું નામ આપે તો આશ્ચર્ય પામવા જેવું નથી. પરંતુ એવી સરખામણીમાં ખેંચી જવાનું અહીં જરૂરી નથી.

પોતાના પચાસેક વર્ષના સામાજિક અને સાર્વજનિક જીવનની કમાણી એમણે લોકપ્રીત્યર્થે ખુલ્લી મૂકી છે. સામાન્ય જનજીવન શ્રેયાર્થે કેમ બની શકે એ ચીમનભાઇની સતત ખોજનો વિષય દેખાય છે. કોઇ પણ શ્રેયોમાર્ગી જીવન સદાચારના પાયા ઉપર ઊભું ન હોય તો તે ટકાઉ નીવડતું નથી એમ આપણે સહુ જાણીએ છીએ, પરંતુ સદાચાર એટલે શું? એવા પ્રશ્નનો મુકાબલો કરવાનો આવે ત્યારે આપણી મતિ મૂંઝાઇ જાય છે. ચીમનભાઇને આવી મૂંઝવણ સતાવતી દેખાતી નથી. એક નિષ્ઠાવાન શિક્ષકની જેમ એ શીખવે છે. શીખવે છે એમ નહીં, બલકે ઘુંટાવે છે. એમનું આ શિક્ષણ પંડિતોને આંજી નાખવા માટે નથી પણ સરેરાશ મનુષ્યને મૂળી ઊંચો બનાવી શકાતો હોય તો તેવો બનાવવા માટે છે: 'કોઇને દુઃખ આપીને કોઇ કાળે સુખી થવાતું નથી. આ અનુભવનો વિષય છે. બીજાને સુખ આપીને, આપણને સુખ મળે છે. સુખ આપવાથી વધે છે, દુઃખમાં ભાગ પડાવવાથી તે ઓછું થાય છે. આ પ્રમાણે વર્તન થતું નથી, કારણ કે સાચા સુખનું આપણને જ્ઞાન કે અનુભૂતિ નથી. સુખાભાસને સુખ માની લીધું છે. સાચા સુખનાં ત્રણ લક્ષણો છે. એક, તે કોઇ દિવસ દુઃખમાં ન પરિણમે, બીજું આપણા કહેવાતા સુખ માટે બીજાને દુઃખી કરવાં ન પડતાં હોય...અને અંતે, સાચા સુખમાં મનની શાન્તિ અને સ્વસ્થતા હોય.' આ ભાવનાથી જે આચાર ઘડાય તેનું નામ સદાચાર. આ ભાવના મૂર્ત કરવા માટે જે આચાર ઘડતા જઇએ તો ત્યાગ, દાન, કરુણા, પરોપકાર, મૈત્રી જેવા આચારો અનિવાર્ય બનવાના. સદાચારના આ પાયા છે. ચીમનભાઇની શાળા નિરંતર ચાલે છે જેમાં સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યકચારિત્ર્ય એ ઉપાસ્ય ઉદ્દેશો છે.

આ રત્નત્રયી ઉપર જે જીવનની માંડણી ન હોય એવા જીવનનું મૂલ્ય શું?-એ આ પુસ્તકના લેખોનો પ્રધાનસૂર છે. શ્રી ચીમનભાઇને આ આલાપ છેડવાની પ્રેરણા મુખ્યત્વ જૈન ધર્મમાંથી મળી છે તેમ છતાં બૌદ્ધ ધર્મ, વૈદિક ધર્મ એમને સહેજે પરાયા લાગતા નથી. પોતાની વાતના સમર્થનમાં કે કોઇક મુદ્દાને આલોકિત કરવામાં એમણે ગીતાનો છૂટથી ઉપયોગ કર્યો છે. આ બૃહત્તા, આ વિશાળપણું એ બ્રાહ્મણત્વ છે. પેલું સ્થૂળ જનોઇધારી અને કર્મકાંડી બ્રાહ્મણપણું નહીં પણ બ્રહ્મમાં વિહાર કરનારું બ્રાહ્મણત્વ. શ્રમણ અને બ્રાહ્મણ એ બન્નેના સુભગ સંયોગ એમનામાં થયો એ પ્રદાન કદાચ એ જમાનાનું હોય અને ગાંધીજીનું પણ હોઇ શકે 'મહાવીર, માર્ક્સ, મહાત્મા' નામના લેખમાં એ કહે છે કે: 'ગાંધી, મહાવીરના સાચા અનુયાયી હતા. મહાવીરના ધર્મને તેમણે દીપાવ્યો છે અને સાચે જ વિશ્વધર્મ બનાવ્યો છે. મહાવીરનો સંયમધર્મ ગાંધીએ પૂરો સ્વીકાર્યો છે. અહિંસાને પરમ ધર્મ તરીકે સ્વીકારી છે. ગાંધી મોક્ષમાર્ગના પથિક હતા અને અહિંસા, સંયમ અને તપ મોક્ષમાર્ગ છે એમ દૃઢપણે માનતા અને તે પ્રમાણે જીવન જીવ્યા. છતા મહાવીર અને ગાંધીમાં ફેર પણ છે. મહાવીરનો પંથ વ્યક્તિગત મોક્ષનો, સંસાર-ત્યાગનો ધર્મ છે, તેમાં લોકસંગ્રહની પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિ વધારે છે. ગાંધી કર્મયોગી હતા. સંસારમાં રહીને લોકકલ્યાણની પ્રવૃત્તિને તેમણે મોક્ષમાર્ગ માન્યો. ગાંધીએ અહિંસાને ઘણી વ્યાપક બનાવી. અહિંસક સમાજની રચના કરવાની હામ ભીડી, મહાવીરના ધર્મમાં ઉપસર્ગો સહન કરવાનું છે. ગાંધીએ અહિંસક માર્ગે, અસહકાર અને સત્યાગ્રહથી, અન્યાયના પ્રતિકારની નવી રીત દુનિયાને બતાવી. અનાસક્ત કર્મયોગમાં અહિંસાને મધ્ય-

(વધુ માટે જુઓ પાનું ૩૯ મું)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ભિંડીબજાર, મુંબઇ - ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૭-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

ભૌતિક સમૃદ્ધિ

❖ રમણલાલ ચી. શાહ

ઇંગ્લેન્ડમાં લેસ્ટર નામના શહેરમાં કેટલોક સમય રહેવાનું પ્રાપ્ત થયું છે. અગાઉ ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો. આ વખતે અહીંના લોકજીવનને નજીકથી નિહાળવાનો અનુભવ મળ્યો છે. લેસ્ટરમાં જો કે ગુજરાતીઓની વસતી ઘણી છે અને કેટલાક વિસ્તારોમાં તો જાણે ગુજરાતમાં હોઇએ તેવું લાગે. અમે ગોરા બ્રિટિશ પાડોશીઓ વચ્ચે રહીએ છીએ. તેઓનું રોજિંદુ જીવન જોતાં કેટલાક વિચારો સ્ફુરે છે.

અમારા ફ્લેટમાંથી બંને બાજુ રસ્તા પર નજર કરતાં લગભગ એક માઇલના વિસ્તારમાં પાંચેક મોટાં મોટાં ચર્ચ દેખાય છે. ભારતમાં ક્યાંક એક જ વિસ્તારમાં પાસે પાસે મંદિરો જોઇને પ્રશ્ન થાય તેમ અહીં પણ પ્રશ્ન થાય કે આટલાં પાસે પાસે આ બધાં ચર્ચની જરૂર શી? આજે તે બધાં લગભગ સૂનકાર છે. બેત્રણ સૈકા પૂર્વે તે બધાં ધાર્મિક પ્રવૃત્તિઓથી ગાજતાં હશે! જરૂરિયાત હશે ત્યારે તો લોકોએ ખુબ્બળ પૈસા ખર્ચીને આવાં વિશાળ ચર્ચ બાંધ્યાં હશે! આજે તેના નિભાવ માટે પૂરતા પૈસા નથી. એક ચર્ચ તો અહીંના જૈન સમાજે વેચાતું લઇ લીધું છે અને તેમાં ફેરફારો કરીને દેરાસર, ઉપાશ્રય, લાયબ્રેરી, હોલ વગેરે બનાવવાનું કામ ચાલી રહ્યું છે. (ખાલી જગ્યામાં મંદિર બાંધવા માટે અહીં જલદી રજા મળતી નથી, પરંતુ જૂની ધાર્મિક જગ્યામાં-ચર્ચમાં મંદિર બાંધવા માટે રજા મળે છે, આર્થિક સહાય પણ મળે છે.) બીજા એક વિસ્તારમાં એક ચર્ચમાં સનાતન હિંદુ મંદિર થયું છે. લંડનમાં એક ચર્ચ વેચાતું લઇ ભારતીય વિદ્યા ભવને તેમાં પોતાનું કાર્યાલય કર્યું છે. બીજાં કેટલાંક ચર્ચમાં પણ ભારતીય ધાર્મિક પ્રવૃત્તિઓ થઇ રહી છે. ઘણાં ચર્ચ ખાલી પડ્યાં છે અને તે વેચવા-ખરીદવા માટે હિલચાલો ચાલે છે.

આ બધું જોઇને પ્રશ્ન થાય છે કે શું ગોરા લોકોને હવે પોતાના ખ્રિસ્તી ધર્મમાં રસ રહ્યો નથી? શું ધર્મની વ્યાખ્યા બદલાઇ છે? છેલ્લા થોડા સૈકાઓમાં ખ્રિસ્તી ધર્મનો આટલો બધો પ્રચાર દુનિયાભરમાં થયો અને હવે પોતાના જ દેશમાં એનાં ઓસરતાં પાણી કેમ છે? હરે કૃષ્ણનાં મંદિરોમાં અને બીજી હિંદુ ધાર્મિક પ્રવૃત્તિઓમાં, ધ્યાન અને યોગમાં આટલાં બધાં ગોરા લોકો કેમ રસ લેવા લાગ્યાં છે? શું ભૌતિક સમૃદ્ધિનો તેમને થાક લાગ્યો છે? શું જન્મ-જન્માન્તરમાં, પૂર્વજન્મ-પુનર્જન્મમાં તેઓ માનવા લાગ્યાં છે?

આ બધાં પ્રશ્નોનાં વિવિધ દૃષ્ટિકોણથી ઘણા ઉત્તર હોઇ શકે. પરંતુ તેમાં મુખ્યત્વે ભૌતિક સમૃદ્ધિનો પ્રશ્ન વિચારવા જેવો છે.

અહીં લોકો પાસે રહેવાને સારું ઘર છે; ટેલિફોન, ટી. વી., ફ્રીજ, એર-કન્ડિશનર-હિટર વગેરેની સગવડ છે; ખાવાપીવાનું સારું ચોખ્ખું મળે છે. મોટા ભાગના લોકો પાસે અવરજવર માટે મોટરકાર છે. રસ્તાઓ ચોખ્ખા અને પહોળા છે. મોટરો પૂરપાટ દોડે છે; માણસો ખૂબ મહેનતુ છે; ઘણા કલાક કામ કરે છે. લોકોને સમય બગાડવો પોષાય તેમ નથી. કલાકો બહુ મોંઘા છે. સવારે સાતઆઠ વાગતાં માણસો ઘરેથી નીકળી કામ પર ચઢી જાય છે. (નહાવાધોવાનું અહીં સામાન્ય રીતે સાંજે હોય છે.) આખા દિવસનો થાકેલો માણસ ખાઇને, ટી. વી. જોઇને સૂઇ જાય છે. પડોશીઓને મળવાનો ખાસ રિવાજ નથી, સમય પણ નથી. વર્ષોથી રહેતાં હોવા છતાં બાજુના ઘરમાં રહેતા પડોશીનું નામ પણ ખબર ન હોય એવું બને. મિત્રો અને એમને ત્યાં જવા-આવવાનું બંને ઓછાં. ટેલિફોનના દર મોંઘા અને જેટલો સમય વાત ચાલે તેટલા પૈસા લાગે. કામ વગર માત્ર ખુશીખબરના ફોન ઓછા થાય. બિલ વધવાની બીકે ફોન ઉપર પણ ઉતાવળ અનુભવાય. જીવન વ્યક્તિવાદી છે, એથી સામુદાયિક કે સામાજિક પ્રવૃત્તિઓ ઘટતી જાય છે. ટી. વી. ની સગવડને કારણે બીજાઓની કંપનીની બહુ જરૂર રહેતી નથી. લોકોને એકબીજાની બહુ ગરજ પણ રહેતી નથી. ઘણી વાતોનું સરકાર ધ્યાન રાખે છે. કામધંધો ન હોય તો ખાવાપીવાના પૈસા સરકાર આપે છે. એકંદરે, ભૌતિક સુખસગવડોને લીધે જીવન બહુ સુખી અને સમૃદ્ધ જણાય છે.

પરંતુ જેમ જેમ જીવન જીવવા માટેની સગવડો વધતી જાય છે તેમ તેમ જીવનનિર્વાહનો આંક પણ ઊંચો જતો જાય છે. તેના નિભાવ માટે એટલી જ આવક પેદા કરવાની રહે છે. એથી કેટલાકને એક નોકરી ઉપરાંત થોડા કલાકની બીજી નોકરી લેવી પડે છે. એકલા પુરુષની આવકમાંથી જીવનનિર્વાહ નથી થતો, એટલે સ્ત્રીઓએ પણ કમાવા નીકળવું પડે. વખત પસાર કરવા પણ સ્ત્રીઓ નોકરી કરે છે. કોને ત્યાં મળવા-બેસવા જાય? ફુરસદ કોને છે?

ભૌતિક સમૃદ્ધ જીવન જીવવા માટે માણસ જેમ વધુ દોટ મૂકતો જાય છે તેમ તેમ તેને શાંત જીવનની કેટલીક વસ્તુઓ છોડવી પડે છે. પોતે શું શું ગુમાવે છે એનો એને ખ્યાલ

નથી હોતો અને હોય છે તો તે લાચાર છે. આ જીવન-વ્યવસ્થામાં મોટો પ્રહાર પ્રેમભાવના ઉપર થાય છે. સાંજ પડે પડોશી કે મિત્રો સાથે હળીમળીને આનંદમાં સમય પસાર કરવાનું, માનસિક થાક ઉતારવાનું ઓછું થાય છે. એથી અંગત સંબંધો મર્યાદિત બનતા જાય છે. એકબીજાને ઘેર જવાની કે પોતાના ઘરે કોઇને બોલાવવાની વાત શક્ય હોય ત્યાં ટાળવામાં આવે છે. આતિથ્યભાવના ઘટતી જાય છે. મહેમાન તરીકે કોઇને બોલાવવાની ઇચ્છા હોય તો પણ સંજોગોની પ્રતિકૂળતા જ વિશેષ રહે છે. સોમથી શુક્ર સુધી પતિપત્ની નોકરી કરતાં હોય ત્યાં મહેમાનની આગતાસ્વાગતા માટે સમય ક્યાંથી રહે? બે-ત્રણ શનિ-રવિ પોતાના કામ માટે ગોઠવાઇ ગયા હોય તો મહેમાને મહિનાની રાહ જોવી પડે. અહીંની પરિસ્થિતિથી પરિચિત ન હોય અને સગાંસંબંધીઓને આધારે ભારતથી આવી ચડ્યાં હોય તેઓને જુદાં જ અનુભવ થવાના.

જીવનનિર્વાહનું ધોરણ જેમ ઊંચું જતું જાય છે તેમ માણસ સ્વકેન્દ્રી અને ક્યારેક સ્વાર્થી પણ બનતો જાય છે. તે ફક્ત પોતાનો જ કે પોતાના નાના કુટુંબનો જ વિચાર કરતો જાય છે. એથી સ્વાર્થનું ઘર્ષણ સહન કરી શકતો નથી. સંકોચ, લજ્જા, વિવેક, સહિષ્ણુતા ઓછાં થતાં જાય છે. આજુબાજુ વાતચીતનો કે ટી. વી. નો જરાક વધુ અવાજ થાય તો ગોરા પડોશીઓ તરત આવીને ટકોર કરી જાય.

વિદેશોમાં જ્યાં પતિપત્ની બંને કમાતાં હોય છે ત્યાં બાળકોના ઉછેર ઉપર અસર પડે છે. માતા બાળકને પૂરતો સમય આપી શકતી નથી. વાત્સલ્યની ઊણપ અનુભવતા બાળક ઉપર બહારના વાતાવરણની વધુ અસર થાય છે. હવે ટી. વી. પર આવતાં ભયંકર દૃશ્યોની પણ ઘણી અસર થાય છે. પ્રેમ-ભૂખ્યું બાળક સમય જતાં માતાપિતાથી વિમુખ થતું જાય છે. વારંવાર સામા થઇ જતા, મારવા ધસી આવતા બાળક પ્રત્યે પછી માતાપિતાને પણ બહુ પ્રેમ રહેતો નથી. લગ્ન પછી જુદાં રહેવા ગયેલાં સંતાનો સાથે મીઠા આકર્ષક ગ્રીટિંગ કાર્ડ મોકલવા જેટલો સંબંધ રહે છે. જેમ માણસને પડોશીની ગરજ નથી, તેમ માતાપિતાને સંતાનોની કે સંતાનોને માતાપિતાની ગરજ રહેતી નથી. પરંતુ વૃદ્ધાવસ્થામાં જીવન અસહ્ય અને નીરસ બની જાય છે. કોઇ એમને પ્રેમથી બોલાવે અથવા એમની પાસે બેસે તો આનંદ આનંદ અનુભવે છે પ્રેમનું મૂલ્ય ત્યારે એમને વધુ સમજાય છે. અમારી નીચેના ફ્લેટમાં રહેતા વયોવૃદ્ધ દંપતીને વગર પરિચયે સામેથી જઇને અમે ચા-પાણી અને જમવા માટે નિમંત્રણ આપ્યું તો તેમને એકદમ આશ્ચર્ય થયું. આવ્યાં ત્યારે એમના ચહેરા પર અતિશય આનંદ છલકાતો હતો.

જ્યાં પતિ-પત્નીના નોકરીના કલાકો જુદા જુદા હોય છે. ત્યાં પરસ્પર સાથે રહેવા માટેના કલાકો ઘટતા જાય છે. એની અસર દામ્પત્યજીવન ઉપર પડે છે. એક મેનેજરે પોતાની સેક્રેટરીના પતિને સંભળાવ્યું હતું કે, 'જો નિદ્રાના કલાકોનો હિસાબ ન ગણો તો તમારી પત્ની તમારી સાથે ઘરે જેટલા કલાક ગાળે છે તેથી વધુ કલાક તે ઓફિસમાં મારી પાસે પસાર કરે છે.' વ્યવસાયમાં અન્ય પુરુષ કે સ્ત્રીના સતત સહવાસની અસર પણ દામ્પત્યજીવન ઉપર પડે છે. વળી જ્યાં સ્ત્રીઓ પતિ જેટલું કે વધુ કમાય છે, આર્થિક રીતે સ્વતંત્ર થવાને શક્તિમાન થાય છે ત્યાં એના સ્વભાવમાં પરિવર્તન આવે છે, અસહિષ્ણુતા વધે છે. સંઘર્ષ થાય છે અને છૂટાછેડા લેવાય છે. મિજાજી, ખર્ચાળ પત્નીને રાજી રાખવામાં પુરુષ થાકી જાય છે. પશ્ચિમના દેશોમાં છૂટાછેડાનું પ્રમાણ વધુ છે અને છૂટાછેડાનાં કારણોના મૂળમાં આર્થિક કારણ વિશેષ રહેલું હોય છે.

સુખસગવડનાં સાધનોથી માણસ સુખી જ થાય છે એવું નથી. અતિશય સમૃદ્ધિથી પણ માણસને નિર્વેદ થાય છે. માણસને રાજ્યની ફૂંફ હોય છે, પણ પડોશી કે સ્વજનોની ફૂંફ હોતી નથી. બધી જ સગવડો હોવા છતાં જીવન જીવવામાંથી રસ ઊડી જાય છે, કેટલાકને જીવન બોજારૂપ લાગે છે. સ્થૂલ ભૌતિક સુખથી વધુ બીજું કોઇ ધ્યેય હોતું નથી. ધર્મ અને તત્ત્વજ્ઞાનની જરૂરિયાત જણાતી નથી. ઉચ્ચતર જીવન-ભાવના અનુભવવા મળી નથી હોતી. દયા, સહાનુભૂતિ, પરગજુપણું વગેરે સક્રિય રીતે અનુભવવા મળતાં નથી. એકલતામાં માણસ અંદરથી ખવાઇ જાય છે. જીવનનો જ્યારે થાક લાગે છે ત્યારે જીવનનો અંત આણે છે. દુનિયાના સમૃદ્ધ દેશોમાં સ્વીડનની ગણના થાય છે. ત્યાં વ્યક્તિ દીઠ આવક ઊંચામાં ઊંચી કહેવાય છે, છતાં આખી દુનિયામાં આપઘાતના સરેરાશ સૌથી વધુ ક્રિસ્સા સ્વીડનમાં નોંધાયા છે.

ભૌતિક સમૃદ્ધિવાળા દેશોમાં બધું જ ખરાબ છે એમ નહિ કહી શકાય. એમની પાસેથી પણ ઘણું શીખવા જેવું છે. વળી પછાત દેશોમાં ગરીબી, સમયનો દુર્વ્યય, ગામગપાટા, નિંદાકુથલી, ઇર્ષ્યા, વિઘ્નસંતોષ, દખલગીરી, બેશરમત, કામચોરી, લાંચરુશ્વત, ગંદકી ઇત્યાદિ ઘણા બધા દુર્ગુણો હોય છે. તેમ છતાં એટલું કહી શકાય કે મનુષ્ય ભૌતિક સમૃદ્ધિ પાછળ જેમ જેમ વધુ દોટ મૂકતો જશે તેમ તેમ જીવનની હળવાશ તે ગુમાવતો જશે અને આત્માના ઉત્તમ સદ્‌ગુણોને એનો વિકાસ ધીમો પડી જશે.

એક અંગ્રેજ કવિએ કહ્યું છે:

What is this life full of care.
If there is no time to stand and stare!

સંઘ સમાચાર

પંજાબમાં લશ્કરી પગલાં: હવે શું?

સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૧૬-૭-૮૪ના રોજ એક વાર્તાલાપ યોજવામાં આવ્યો છે, જેની વિગત નીચે મુજબ છે:

સમય: સોમવાર, તા. ૧૬-૭-૮૪ના રોજ સાંજના ૬-૧૫ કલાકે

સ્થળ: શ્રી જૈન શ્વેતાંબર મરચન્ટ્સ ચેમ્બર સભાગૃહ, ચર્ચગેટની પાછળ

વ્યાખ્યાતા: શ્રી મધુ દંડવતે

પ્રમુખ: શ્રી અમર જરીવાલા

સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ
મંત્રીઓ

આદિ ગ્રન્થ અને શીખ ધર્મ

● સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન્ ● અનુ. ગુલાબ દેઢિયા

[વર્ષો પહેલાં 'રિલિજિયન એન્ડ કલ્ચર'માં ડૉ. રાધાકૃષ્ણને શીખ ધર્મનો જે મર્મ આલેખ્યો છે, તેમાં પણ એમણે ધર્મથી દૂર જતા લોકોનો નિર્દેશ કર્યો છે, જે વસ્તુ આજે આપણે પ્રત્યક્ષ જોઇ રહ્યા છીએ.]

'આદિ ગ્રન્થ' જેને પંજાબી સાહિત્યમાં મહાન કૃતિ માનવામાં આવે છે, તેનો મોટો ભાગ ગુરુ અર્જુનદેવની રચના છે. અર્જુનદેવ શીખોના દશ ગુરુઓમાંથી પાંચમા ગુરુ હતા. એમણે પહેલા ચાર ગુરુઓની રચનાઓનું સંકલન કર્યું અને તેની સાથેસાથ ભારતના વિવિધ ભાગોના હિન્દુ અને મુસલમાન સંતોની રચનાઓને પણ જોડી દીધી. ગુરુ અર્જુનદેવના ઉત્તરાધિકારીઓએ પણ આ આદિ ગ્રન્થમાં થોડી રચનાઓ ઉમેરી, પરંતુ દસમા ગુરુ ગોવિંદસિંહે કહ્યું કે હવે કોઈ ગુરુ નહિ થાય અને 'ગ્રન્થ'ને જ બધા મહાપુરુષોની વાણી 'ગુરુવાણી' સમજવામાં આવશે. વિલિયમ પેને લખ્યું છે, 'ધર્મશાસ્ત્રોથી પણ કોઇ ચીજ આપણને વધુ નજીક હોય તો તે છે હૃદય સ્થિત શબ્દ, જેમાંથી બધા ધર્મશાસ્ત્રો નીકળ્યા છે.' 'જપજી'માં લખ્યું છે: 'ગુરુમુખી નાદં ગુરુમુખી વેદમ્'. ગુરુવાણી તેવું સંગીત છે, જેને પરમાનંદની ક્ષણોમાં તત્ત્વદર્શી લોકો સાંભળે છે. ગુરુ અર્જુનદેવ કહે છે કે પોથી પરમેશ્વરનું થામ (ધામ) છે. આદિ ગ્રન્થમાં સંકલિત થયેલાં પદ ગેય છે. આદિ ગ્રન્થમાં ફરીદ, ખેની, જયદેવ, સાધના, ત્રિલોચન, નામદેવ, રામાનંદ, સાઈ, પીપા, કબીર, રામદાસ, ધન્ના, ભિખ્ખન, સૂરદાસ અને પરમાનંદનાં ગેય પદો સંકલિત છે. આદિ ગ્રન્થમાં આપણને અનેક પ્રકારની રહસ્યાત્મક ભાવનાઓ, ઈશ્વરાનુભૂતિની સહજ અભિવ્યક્તિઓ અને દિવ્ય પ્રેમના પરમ આનંદથી ભરપૂર ગીતો મળે છે. શીખ સંપ્રદાયમાં દસ ગુરુઓ અને આદિ ગ્રન્થ પર વિશ્વાસ કરવાનું ફરમાન છે.

આદિ ગ્રન્થની એક ખાસ વિશેષતા એ છે કે એમાં હિન્દુ અને ઇસ્લામ ધર્મના સંતોની રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બાબત ભારતની પરંપરાને અનુરૂપ છે જે બધા ધર્મોનો આદર કરે છે અને માનવ આત્માની સ્વતંત્રતામાં વિશ્વાસ કરે છે. જે શીખ ગુરુઓએ આદિ ગ્રન્થનું સંકલન કર્યું, તેમનામાં બીજી ધાર્મિક પરંપરાઓનાં મૂલ્યવાન તત્ત્વોની પ્રશંસા કરવાનો સદ્‌ભાવ જરૂર નજર સામે રહ્યો હશે. સંત કોઈ એક દેશના નથી હોતા, તેઓ તો આખી દુનિયાના હોય છે. સંતો ધર્માન્ધતા, અંધ વિશ્વાસ, રૂઢિઓ અને કર્મકાંડોમાંથી આપણા મનને મુક્ત કરી દે છે અને ધર્મની મૌલિક સરળતા પર ભાર આપે છે. દુનિયાના મોટા મોટા ઋષિ-મુનિઓ આંતરિક મૂલ્યોના રક્ષક હોય છે, તેઓ પોતાના અંધવિશ્વાસી અનુયાયીઓની ધર્માન્ધતા પર અંકુશ રાખે છે અને તેમને ઉદાર બનાવવા પ્રયત્ન કરે છે.

સામાન્ય જનસમાજ અંધવિશ્વાસ અને ભૌતિકતામાં ગળાબૂડ ડૂબેલો હતો. હિન્દુ નેતાઓએ એવા લોકોને આધ્યાત્મિક સત્યોનો ઉપદેશ આપવામાં ઉપેક્ષા સેવી. ખાવાપીવા સંબંધી નિષેધો અને ભેદભાવોને કારણે ધર્મમાં ગાબડું પડ્યું.

મુસલમાનો પણ અંધવિશ્વાસનો શિકાર બન્યા હતા અને તેમના થોડા નેતાઓ અસહિષ્ણુતાના રોગથી પીડાતા હતા. સમાજનાં અન્યાયો અને ક્રૂરતા સામે અવાજ ઉઠાવી સમાજને સાચા માર્ગ ઉપર લાવવા માટે દેશના વિવિધ ભાગોમાંથી ઘણા સંતો બહાર આવ્યા. મહારાષ્ટ્રમાંથી જ્ઞાનેશ્વર, નામદેવ અને એકનાથ, ગુજરાતમાંથી નરસિંહ મહેતા, બંગાળમાંથી ચૈતન્ય મહાપ્રભુ, ઉત્તર પ્રદેશમાંથી કબીર, આન્ધ્ર પ્રદેશમાંથી વલ્લભાચાર્ય વગેરે સંતો અગ્રેસર હતા. એ બધાએ ભક્તિ, પ્રેમ અને માનવતાની ભાવના લોકોમાં ફેલાવી. એમણે ધર્મના આચરણ ઉપર ભાર મૂક્યો. કોઇ પણ હૃદય, જે સત્ય અને પ્રેમ માટે પોતાના દ્વાર બંધ રાખે છે, તે ઈશ્વરનું ધામ બની શકતું નથી.

જ્યારે લોકોમાં ચારે બાજુ અસફળતા અને નિરાશા જ દેખાતી હતી ત્યારે નાનક ધર્મ અને માનવતાની ચેતનાને જાગૃત કરવા આવી પહોંચ્યા હતા. એમણે કોઇ નવા ધર્મની શોધ ન કરી કે કોઇ નવા સમાજ અથવા સંપ્રદાયની શરૂઆત પણ ન કરી. આ કામ એમના ઉત્તરાધિકારીઓએ કર્યું, ખાસ કરીને પાંચમા ગુરુ અર્જુનદેવે. ગુરુ નાનકે સ્વાભિમાની નર-નારીઓ-જેમનામાં ઈશ્વરભક્તિ હોય, જેમને પોતાના નેતાઓ પ્રત્યે શ્રદ્ધા હોય, તથા જેઓ બધાની સાથે સમાનતા અને ભાઇચારાનો વ્યવહાર કરી શકે-નું એવું રાષ્ટ્ર બનાવવાની કોશિશ કરી.

શીખ ગુરુઓ અકાલ પુરુષના સંદેશવાહક છે. તેઓ કોઇ નવો સિદ્ધાંત શીખવવાનો દાવો નથી કરતા. પરંતુ શાશ્વત, જ્ઞાનને જ નવા રૂપે પ્રસ્તુત કરવા ઇચ્છે છે. નાનકે વૈષ્ણવ સંતોના વિચારોને જ વિશદ રૂપ આપ્યું. એમની પ્રસિદ્ધ કૃતિ છે 'જપ સાહિબ' અથવા 'જપજી' એ પ્રાતઃકાળની પ્રાર્થનાઓનું પુસ્તક છે. ગુરુ અર્જુનની લોકપ્રિય રચના છે 'સુખમનિ.'

નાનક ઇસ્લામના એકેશ્વરવાદથી ઘણા પ્રભાવિત થયા હતા, એટલે એમણે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો હતો. એક ઈશ્વર જે ન્યાયી છે, સ્નેહશીલ છે, જે નિરાકાર હોવા છતાં પણ બ્રહ્માંડનો સર્જક છે, જે પ્રેમ અને સચ્ચાઇની સાથે જ પોતાની આરાધના ઇચ્છે છે-આ વિશ્વાસ શીખ મતના મૂળ આધાર રૂપે છે. જ્યારે જગન્નાથના મંદિરમાં નાનકે જોયું કે દીવાઓથી ભરેલા થાળથી જગન્નાથની પ્રતિમાની આરતી ઉતારવામાં આવે છે અને હીરાજડિત સોનાની થાળીમાં પુષ્પ અને સુગંધિત દ્રવ્ય અર્પિત કરવામાં આવી રહ્યા છે, ત્યારે એમના મુખમાંથી આ શબ્દો સરી પડ્યા :

હે પ્રભુ, સૂર્ય અને ચન્દ્ર તારા દીપક છે,
આ અનંત આકાશ
તારો થાળ છે અને ઝગમગતા આ તારા
એમાં જડેલા મોતી છે.
ચંદનની સુગંધ જ તારી આરાધનાનું ધૂપાદિ છે;
પવન તને પંખો નાખે છે, અને આ બધાં વન
તારી પૂજાનાં પુષ્પ છે.
હે જ્યોતિપુરુષ !
ઈશ્વર કોઇ એક જ અવતાર પૂરતા સીમિત નથી, પરંતુ

તે સંઘર્ષરત માનવતાને પોતાની પાસે લાવવા માટે વખતોવખત પોતાના સંદેશવાહકોને આ ધરતી પર મોકલે છે.

શીખોની દૃષ્ટિએ નાનક ઈશ્વરની વાણી છે જે આધ્યાત્મિક ઉન્નતિ માટે આત્માને જગાડે છે. હિન્દુ સંતો અને મુસલમાન સૂફીઓએ ગુરુમાં દૃઢ આસ્થા પ્રગટ કરી છે. સૂફી એક ધર્મશિક્ષક, પીરની આવશ્યકતા પર ભાર મૂકે છે. પીર દીક્ષિત વ્યક્તિને પ્રાર્થના અને ધ્યાનની પ્રક્રિયામાં માર્ગ બતાવે છે ગુરુ મનુષ્ય હોય છે, દિવ્યલોકના પ્રાણી નથી. તેમની પૂજા ન થવી જોઈએ. ગુરુ ગોવિંદસિંહે કહ્યું છે કે 'જે કોઈ મને ભગવાન સમજે છે, તેનું અવશ્ય સત્યાનાશ થશે. હું તો ઈશ્વરનો એક સેવકમાત્ર છું.'

આપણે એ માર્ગ ઉપર ચાલવું જોઈએ જેના પર ચાલીને સંતોએ ઈશ્વર સાથે સીધો સંપર્ક પ્રાપ્ત કર્યો છે. નાનક કહે છેઃ 'યોગ એ કાંઈ શરીર પર ભસ્મ લગાડવી એ નથી, કાનમાં કુંડળ પહેરી લેવા અને દાઢી મુંડાવી દેવી તથા શંખ ફૂંકવો એ પણ યોગ નથી. પરંતુ યોગ તો અપવિત્રતા અને ગંદકીની વચ્ચે પણ નિર્મળ રહેવું એ છે.'

નાનક હિન્દુઓ અને મુસલમાનો બન્નેની ઔપચારિકતાના આલોચક હતા. નાનક કહેતાઃ 'કોઈ મૂર્તિની પૂજા કરો, તીર્થયાત્રા કરો, નિર્જન જગ્યાએ વસવાટ કરો, છતાં પણ તમારું મન અપવિત્ર રહે, તો એ બધી પૂજા અને યાત્રા ફોગટ છે. જો ઇચ્છતા હો કે તમારો ઉદ્ધાર થાય તો કેવળ સત્યની પૂજા કરો. કોઈની સાથે દુર્ભાવના ન કરો. ઈશ્વર બધાનાં હૃદયમાં વિરાજમાન છે. જ્યાં ક્ષમા છે, ત્યાં ખુદ ઈશ્વર છે.'

જ્યારે અજીત રંધાવાએ ગુરુ નાનકને અહિંસા વિશે પૂછ્યું ત્યારે નાનકે જવાબ આપ્યોઃ

(૧) કોઈનું ખરાબ ન વિચારો. આ વિચારની અહિંસા છે.

(૨) કોઈને કડવાં વેણ ન કહો. આ વાણીની અહિંસા છે.

(૩) કોઈના કામમાં અડચણ ઊભી ન કરો. આ કર્મની અહિંસા છે.

(૪) જો કોઈ માણસ તમારી બૂરાઈ કરતો હોય, તો તેને ક્ષમા આપો.

(૫) શારીરિક, માનસિક અને આત્મિક તિતિક્ષા (સહનશીલતા) નો અભ્યાસ કરો.

(૬) પ્રાણ આપીને પણ બીજાઓનાં દુઃખ દૂર કરો.

નાનક અને તેમના અનુયાયીઓ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતમાં માને છે. શીખ પણ પોતાના પૂર્વવર્તી વૈષ્ણવ ભક્તોની જેમ જાતિભેદની નિંદા કરે છે. રામાનંદે કહ્યું હતું :

જાતિ પાંતિ પૂછે નહિ કોઇ
હરિ કો ભજે સો હરિકા હોઇ.

નાનકે હિન્દુઓ અને મુસલમાનોને નજીક લાવવા પ્રયત્ન કર્યો. એમનું જીવન અને એમનો ઉપદેશ બન્ને કોમ વચ્ચેની એકતા અને મૈત્રીના પ્રતીક જેવાં હતાં. એક લોકપ્રચલિત પદ્યમાં કહેવાયું છે :

ગુરુ નાનક શાહ ફકીર,
હિન્દુકા ગુરુ, મુસલમાનકા પીર

નાનકના શાંતિપ્રેમી અનુયાયીઓને લડાયક અને યોદ્ધા સંપ્રદાયમાં પરિવર્તિત કરનાર છઠ્ઠા ગુરુ હરગોવિંદ અને દસમા ગુરુ ગોવિંદસિંહ હતા. દસમા ગુરુએ શિષ્યો (શીખો)ના યુવા સમુદાયને અર્ધ સૈનિક બિરાદરીમાં બદલી દીધા, જે માટે અમુક વિશિષ્ટ પ્રતીક હતાં. સાથોસાથ તેમના રક્ષણ માટે ગુરુએ અમુક પવિત્ર વ્રતોથી દીક્ષિત કર્યા.

૧૬૯૯ વર્ષના પ્રથમ દિવસે ગુરુ ગોવિંદસિંહે પોતાના પાંચ અનુયાયીઓને દીક્ષા આપી, જેઓ 'પંજ પિયારે' નામે પ્રસિદ્ધ થયા. એમને ગુરુએ એક નવી બિરાદરીની દીક્ષા આપી, જેને 'ખાલસા' (ખાલિસ કે શુદ્ધ) કહેવામાં આવ્યું. આ પંજ પિયારેમાં એક શિષ્ય બ્રાહ્મણ, એક ક્ષત્રિય અને બાકીના નીચી જાતિના હતા. આ રીતે એમણે સામાજિક એકતા પર ભાર મૂક્યો. એ બધાએ એક જ પ્યાલામાં મંત્રેલ જળ પીધું, એમને નવાં નામો આપવામાં આવ્યાં. એ નામોની પાછળ 'સિંહ' શબ્દ જોડવામાં આવ્યો. એમણે પાંચ 'ક'કારો'નું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી. કેશ રાખવા, કેશમાં કંઘી (દાંતિયો) રાખવો, કડો પહેરવો, કચ્છ પહેરવું, અને કિરપાણ સાથે રાખવી. એક નવી લિપિ ગુરુમુખી, નવો ધર્મગ્રંથ ગુરુગ્રંથ સાહિબ, આરાધના માટે નવાં કેન્દ્રો (તીર્થ), આ રીતે નવાં ધર્મ પ્રતીકો અને કર્મકાંડોએ શીખ મતને નવો ધર્મ તો નહિ પણ એક નવો સંપ્રદાય તો બનાવી જ દીધો. જે ચીજ હિન્દુ ધર્મમાં મતભેદ રાખનાર સાથે આંદોલનરૂપે શરૂ થઈ હતી, તે હવે નવા ધર્મરૂપે બહાર આવી.

પરંતુ, એ દુર્ભાગ્યની વાત છે કે જે અવરોધોને ઉખેડીને ફેંકવા માટે શીખ ગુરુઓએ આટલી મહેનત કરી, હવે તેને ફરીથી ઊભા કરવામાં આવી રહ્યા છે. જે અનિષ્ટ આચારોની સામે શીખ ગુરુઓએ વિરોધ કર્યો હતો તેમાંથી ઘણા બધા આચાર શીખ સમાજમાં ધીરે ધીરે આવી રહ્યા છે. આદિ ગ્રન્થમાં તો ચિરંતન સત્ય ભાવનાની તાજગી અને ધર્મનિષ્ઠાને ઉત્સાહ સાથે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

કોણ બચાવશે ?—ધર્મ ?

© પરેશ ૨. વૈદ્ય

ગયા મહિનામાં બનાવોની બે સાંકળોએ ભારતના સામ્પ્રત તેમ જ ભાવિ સમાજજીવનના સંદર્ભમાં ધર્મે ભજવવાના ભાગ બાબત આશાભંજક (Hopeless) છાપ મન ઉપર મૂકી. એક તે મહારાષ્ટ્રનાં કોમી રમખાણોની અને બીજી પંજાબના આંદોલનના છેલ્લા તબક્કાના બનાવોની.

સામાન્ય રીતે આવા પ્રસંગોએ લખવા જેવા કોમી એખલાસના કિસ્સાઓ છાપાંઓને મળી આવતા હોય છે. તેવા અપવાદરૂપ 'સજ્જનો' મુંબઈ-ભીવંડીમાં આ તોફાનો દરમિયાન બહુ ન મળ્યા ! ઊલટું, માત્ર નામ પૂછીને મારી નાંખવાની નવી, આગળ પડતી રીત અમલમાં આવી. એક મુસ્લિમ સજ્જન આ સમાચારથી ખૂબ વ્યથિત હતા. આવીને કહે કે 'હું તો સત્યનારાયણની પૂજામાં જઈને બેસનારો માણસ છું--પણ મારા નામથી એ ક્યાં ખબર પડશે ?' જો મારનારાઓ હિન્દુ હોય અને ચિત્રગુપ્તના ચોપડાની વાતમાં માનતા હોય તો મૃત્યુ પછી ઈશ્વરના દરબારમાં શું જવાબ આપશે તેની કલ્પના કરતા જ

હશે. 'તમે આઠ માણસ શા માટે માર્યા?' એમ પુછાતાં શું તેઓ એમ કહેશે કે 'નહીં પ્રભુ, તેમાંથી છ તો મુસ્લિમ હતા!' પ્રજાના સોએ સો ટકા લોકો ધાર્મિક ન હોય તે ખરું, પણ આ લોકો તો 'સ્વધર્મ' ની રક્ષા કાજે જ બહાર પડયા હતા તેથી ધર્મ પ્રત્યેની તેઓની આસ્થા તો ઊંડી જ માનીને ચાલવાનું ને? અનામત માટેનાં હરિજનો-સવર્ણો વચ્ચેનાં રમખાણો કરતાં આ તોફાનો જુદાં ગણાય. ત્યાં ધર્મ નહીં, પરંતુ આર્થિક હકકોના મુદ્દે લડાઇ સળગી હતી. અહીં તો મુખ્ય મુદ્દો જ ધર્મ હતો. ધરલામની ખબર નથી, પણ હિન્દુ ધર્મમાં તો બીજાનું મન દુભાવવું પણ જો હિંસા ગણાતી હોય તો આ બધાને તેના રક્ષક કેમ મનાય? આથી ઊલટું, જેના થકી જે તે સંપ્રદાય બદનામ થાય તેવા આ પ્રતિનિધિઓએ ગીતા કે કુરાનમાંથી બે શ્લોક કે બે આયાતો પણ વાંચી હશે કે કેમ તેવી શંકા ખોટી નથી.

પંજાબના ઉદાહરણમાં, જે હિંસા થઇ તે નહીં, પણ વધુ દુઃખદાયક બાબત હતી સુવર્ણમંદિરના લશ્કર પ્રવેશ પછી પંજાબ બહારના (મુખ્યત્વે દિલ્હી, મુંબઇના) શીખોનું વલણ. આટઆટલી સ્પષ્ટ વિગતો અપાયા પછી પણ તેઓને આ પગલું નિંદ્ય લાગ્યું; તે એટલે સુધી કે તેઓ 'ખાલિસ્તાન ઝિંદાબાદ' કહેવા સુધી ગયા. અંગતપણે હજુ મને એ સ્પષ્ટ નથી સમજાયું કે કોઇ પણ ધર્મસ્થાનમાં લશ્કરના પ્રવેશ સામે તાત્ત્વિક વાંધો શો હોવો જોઇએ? લશ્કરે મહમુદ ગઝની માફક માત્ર દેવસ્થાનનું અપમાન કરવા કે લુંટવાના મુખ્ય હેતુથી પ્રવેશ કર્યો હોય તો વાત જુદી છે. પણ જ્યાં સુધી દેવને ચર્ચામાં જ લાવવાના ન હોય ત્યારે લશ્કરના માણસોને માણસો સિવાય બીજું કશું કેમ ગણાય? પંજાબ પ્રશ્ને તો સરખામણી સાદી છે. બિંડરાંવાલેના માણસો શસ્ત્રો સાથે અંદર ગયા, લશ્કર પણ શસ્ત્ર સાથે અંદર ગયું. માત્ર ફરક એટલો કે લશ્કરના માણસો 'સરકાર' નામની કોઈ સંસ્થાના પગારદાર હતા અને શસ્ત્રો એ સંસ્થાનાં હતાં. આતંકવાદીઓને કદાચ તખ્તના પગારદાર કે સ્વયંસેવક કહી શકાય. હા, જો વાંધો જવાનોના ચામડાના જોડા કે પટ્ટા હોવા વિશે કે તેવો કોઇ હોય તો તે કદાચ ધાર્મિક લાગણીના હિસાબે મંજૂર રહે. (તેવો કોઇ સ્પષ્ટ વાંધો અગાઉનાં અઠવાડિયાં દરમિયાનની ચર્ચામાં કયાંય રજૂ કરાયો નહોતો.) બલકે મંદિરની પવિત્રતાનો ભંગ કરતાં દ્રવ્યો, હેરોઇન, ચરસ, દારૂ વગેરે અંદર લઇ જનાર તત્ત્વોથી મંદિરને છોડાવવા જવાનોએ સામી છાતીએ જીવ આપ્યો તેથી શીખોએ ખુશ થવું જોઇએ પણ મુખ્ય મુદ્દો એ છે કે વિરોધ થયો તેમાં ધર્મનું કોઇ જ પાસું મોજૂદ ન હતું. કોઇ જ એવું કારણ નથી અપાયું કે શા માટે લશ્કરે (કોઇ પણ) ધર્મસ્થાનમાં ન જવું ગર્ભગૃહમાંથી ઘરેણાંઓની ચોરી થાય ત્યારે પોલીસને બોલાવવામાં કદી કોઇએ વાંધો લીધો છે?

આવા પામળા, સંવેદનશીલ વિરોધમાં ખુશવંતસિંઘ જેવા અભ્યાસી શીખે પણ સૂર પુરાવ્યો (પણ મુખ્ય પૂજારી એ ન પુરાવ્યો), એથી સ્પષ્ટ છે કે આપણને ધર્મની આડશે રાજકારણ રમવું છે. મહારાષ્ટ્રનાં રમખાણોવાળું ઉદાહરણ પણ જોડી લઇએ તો સરળ શબ્દોમાં તારણ એવું નીકળે છે કે આપણા અંગત કે જાહેર આચારમાં ધર્મનું આપણે કોઇ તાત્ત્વિક માર્ગદર્શન લેતાં નથી; નથી આપણને અધાર્મિક આચરણનો ય બાધ. ખરો આસ્તિક તો કદાચ ધર્મને કશા વિવાદમાં વચ્ચે લાવવો પડે તેવું કૃત્ય કરવા જ તૈયાર ન થાય. માત્ર આ પ્રસંગોએ નહીં, જીવનનાં પ્રત્યેક ક્ષેત્રે આપણું વર્તન ધર્મના હાર્દની વિરુદ્ધનું થતું જાય છે. આમ છતાં પાછા આપણે ધાર્મિકના ધાર્મિક: શું ધર્મ એ માત્ર પહેરવાનું ઘરેણું છે? ચામડીને અડકે, બીજાને દેખાય પણ તનને તેનો સ્વાદ નહીં, ગંધ નહીં, કોઇ જ પોષણ તેનાથી નહીં! તેમ આપણો ધર્મ પણ જાણે કાંઠે પહેરવાનો છે; આત્માના અંધારણમાં તેનો કોઈ ફાળો જ નહીં? સવારે પૂજા થઈ જાય, ભગવાન જોડેનો 'વ્યવહાર', લેતી-દેતી થઈ જાય પછી નાટકનો બીજો અંક શરૂ થાય. માણસનો માણસ જોડેના વ્યવહારનો. પહેલા અંકનો બીજા અંક પર જરાય પ્રભાવ નહીં!

એવો પ્રશ્ન થાય કે ધર્મશિક્ષકો આવી સ્થિતિને આવતી રોકી કેમ ન શકે? આમ તો જમાનાની વધતી જતી આધુનિકતાના પ્રમાણમાં આજે ધાર્મિક નેતાઓને અનુસરનારાઓની સંખ્યા વધતી જાય છે. દિલ્હીના ધમામ કહે કે ફલાણાને મત ન આપો તો તે પક્ષ હારી જાય. ગુજરાત-મુંબઇમાં જ ધાર્મિક પ્રવચનોમાં તાજેતરમાં જે ભીડ દેખાય છે તે માનવી મુશ્કેલ થાય તેટલી હોય છે. બેએક વર્ષ પૂર્વે શ્રી પાંડુરંગ શાસ્ત્રી યોજિત વયસ્ક સંમેલન નિમિત્તોની રેલી જોઇ સમાજના બધા વર્ગના લોકો તેમાં હાજર હતા; શિસ્તથી ચાલતા હતા. ઉંમરમાં પણ નાનેથી મોટા, ખૂબ મોટી સંખ્યામાં. આવું જ અનુસરણ બધા ધાર્મિક નેતાઓને હમણાંથી મળતું હોય તેવું જણાય છે. જો વિવિધ નેતાઓના આ અનુયાયીઓ બીજું કશું નહીં ને માત્ર એક સાદો નિયમ પાળે કે 'હું જે ખાતામાં કામ કરું છું ત્યાં લાંચ નહીં લઉં અને કયાંય લાંચ દઇશ નહીં' તો કેટલા બધા લોકોનું જીવન કેટલું સરળ બને? પણ એવું બનતું જણાતું નથી. લાગે છે કે બધા વ્યવહારદક્ષ અનુયાયીઓ છે. 'ભાણાની નોકરી માટે આપણે ફલાણાભાઇને કહ્યું છે; બુધવારે સ્વાધ્યાયમાં આવે છે!' આવું ય સાંભળ્યું છે.

એકેક પંથના અનુયાયીઓમાં બેન્ક, જીવન વીમા વગેરે જેવી સંસ્થાઓના કર્મચારીઓની સંખ્યા ઘણી છે. તેમાંના એક અંગત મિત્રને પૂછયું કે તમને વ્યવસાય અંગે લાંચ કે દબાણ લાવનારાઓથી કંટાળો થતો હશે. તેઓએ તેમના માર્ગદર્શક, ધર્મશિક્ષકે આ બાબત શીખ વલણ શીખવી છે તેની વાત કરી. શબ્દશ: યાદ નથી પણ અર્થ એવો હતો કે તમે તો સાક્ષી બની પ્રભુ કરાવે તે કરશો; માત્ર જાતને તેમાં ઊંડી ન લઇ જવી. પરંતુ આમાં એ વાત સ્પષ્ટ નથી કે કોઇ જ્યારે લાંચનો પ્રસ્તાવ મૂકે ત્યારે તેના અનુમોદન માટે આ સાધક ભાઇ કયા શબ્દો વાપરશે? કે માત્ર પરમાત્મા તેમના થકી અનુમોદનના શબ્દો બોલશે? અને એ નાણાંથી આવેલ પચાસ રૂપિયે ડઝનની કેરી છોકરાંઓ ખુશ થઇને ખાશે ત્યારે તેઓ માત્ર સાક્ષીભાવે તે નીરખશે! શું અનુયાયીઓ ગુમાવવાની બીકમાં આપણા સંતો મોળી સલાહ આપે છે? રાજકીય ક્ષેત્રે તો એક સંત પાકયો હતો જેમણે શિષ્ય થવા આવનારાઓને સ્પષ્ટ કહ્યું કે 'હરિજન સાથે ભોજન લો નહીંતર ઘરે જાઓ. મને તમારી મદદની જરૂર નથી!' આધ્યાત્મિક ક્ષેત્રે આ કાં નહીં? શિષ્યની શરતે શિક્ષા આપે

એ ગુરુ કહેવાય? સમાજની સ્વીકારણા ઘણા વખતથી અટકી પડી છે, તે કદાચ સર્વ ક્ષેત્રે આવા નેતાઓને જ કારણે. પંજાબના સંતો પણ આવા શિષ્ય-અનુરાગી જ નીકળ્યા.

પણ માત્ર આજના ગુરુઓ પર જ આળ ચડાવવું ન્યાયી નહીં ગણાય. કદાચ ધર્મે હંમેશાં આવું જ વલણ રાખ્યું હશે, માણસ જાતના ઇતિહાસ ઉપર નજર નાંખતાં જણાય છે કે ઝઘડાનાં મૂળ તરીકે નામચીન તેવાં જર, જમીન અને જોરુ, એ ત્રણેયના સરવાળા કરતાં એકલા ધર્મે વધુ યુદ્ધો કરાવ્યાં છે, વધુ જનોનો ભોગ્યા છે. માણસ સુસંસ્કૃત થયા પછી આંધળાં હોય તેવી આશા રહે; પરંતુ હીટલરના ગેસ-ચેમ્બરો કે આરબ-ઇઝરાયેલનો સતત ઝઘડો આવી સાબેતી આપતાં નથી. ભારત પાકિસ્તાનનો ઝઘડો તેનું જ પરોક્ષરૂપ છે, તો વળી લબનાનમાં એ પ્રત્યક્ષપણે જ દેખાય છે.

ધર્મની શોધ જ ખરું જોતાં માણસને કોઇક તત્ત્વથી ડરીને સીધી રેખા પર ચલાવવા માટે થઇ હશે. પરંતુ માણસ જાણે એ જાણી ગયો હોય તેમ હૃદય ઉપરથી બુદ્ધિનો કબજો હઠાવવા નથી માગતો. કોઇક નબળી ક્ષણે હૃદય સ્વતંત્ર થઇ જાય તેટલું જ, બાકી લાંબા ગાળાની યોજનાઓ તો બુદ્ધિ જ ઘડે છે. સામાન્ય માણસ માટે ધર્મ એ ક્રિયાકાંડ જ છે અને તેથી એ પૂરાં થાય ત્યારે પાછો એના પર બુદ્ધિ જ કબજો જમાવે છે આથી જ માણસોને જોડવા માટ બનાવેલી યોજના જ કયારેક સંબંધો તોડવામાં તીવ્રતાથી લાગી જાય છે. કોઇ આશા છે આવા પ્રસંગોનાં પુનરાવર્તનોથી બચવાની? મૈત્રીભાવનું પવિત્ર ઝરણું બધાનાં હૈયામાં વહે અને સકળ વિશ્વનું શુભ થાય તેની ભાવના કેમ ફેલાવશું? કોણ ફેલાવશે?

-અસ્તુ

વિચારોની ખાણ સમો ગ્રંથ

● યશવંત દોશી

સ્વ ચીમનલાલ ચકુભાઇ શાહ એક સ્વતંત્ર ચિંતક હતા. સ્વતંત્ર એ અર્થમાં કે ગાંધીજી, શ્રીમદ્ રાજચન્દ્ર વગેરેના વિચારોથી પ્રભાવિત હોવા છતાં એમની ચિંતનની પદ્ધતિ એમની પોતાની જ હતી. જન્મથી સ્થાનકવાસી જૈન સંપ્રદાયના હોવા છતાં એમનું ધર્મચિંતન વિશ્વના સર્વ ધર્મોના સારને આત્મસાત્ કરી શકે એવું ઉદાર અને વ્યાપક હતું. અને ચિંતક તરીકેનું એમનું સૌથી વધુ દેખાઇ આવે તેવું અને વાચકને તરત ખેંચે તેવું લક્ષણ એમની વિશ્લેષણાત્મક કે ચિંતનાત્મક-પદ્ધતિમાં રહેલું હતું. આ પદ્ધતિએ તેમણે રાજકારણ, ધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજવિચાર, સાહિત્ય અને વ્યકિતઓ એવાં અનેક વિષયવસ્તુ ઉપર લેખન કર્યું હતું. 'સમયચિંતન'માં એમના રાજકારણ-અને બંધારણ વિષેના લેખોને બાકાત રાખીને તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, સામાજિક પ્રશ્નો, પુસ્તકો અને વ્યકિતઓ વિષેના લેખો લેવામાં આવ્યા છે. ચાર લેખો છેવટની માંદગીને બિછાનેથી એમણે પોતાના શારીરિક, માનસિક, આત્મિક અનુભવો વિષે લખાવ્યા, જે આ પુસ્તકમાં છેલ્લે આપવામાં આવ્યા છે.

પુસ્તકનો પહેલો જ લેખ 'મારી જીવનદૃષ્ટિ' એંશી વર્ષની વયે આપેલો, જેમાં પોતાના જીવનદર્શનનો અત્યંત નિખાલસ ચિતાર છે. એમાં ખોટો દાવો નથી તેમ ખોટી નમ્રતા પણ નથી. જેટલી સરળતાથી તેઓ 'મારી ચિત્તવૃત્તાઓ ઉપર સારી પેઠે મારો કાબૂ છે. જીવનમાં સંયમ મને સ્વાભાવિક છે.'- એમ કહે છે એટલી જ નિખાલસતાથી 'શરીર હવે થાકયું છે. નિર્બળતા વધતી જાય છે. દેહ હવે સાધન રહેવાને બદલે બંધન હોય એમ લાગે છે.' એમ પણ લખે છે. સમગ્ર લેખ જાણે કોઇ બીજા માણસે ચીમનભાઇના મનનું તટસ્થ વિશ્લેષણ કરી આપ્યું હોય એવી વસ્તુલક્ષી (ઓબ્જેકિટવ) પદ્ધતિએ લખાયો છે.

એવા જ અંગત પૃથક્કરણના છેલ્લા ચાર લેખો છે. મૃત્યુને બિછાને પડેલા માણસને શા શા વિચારો આવે, રોગની વેદનાના કેવા અનુભવો થાય, જીવન-મૃત્યુ-ધર્મ વિષેની શ્રદ્ધા પર શી અસર થાય એનું પણ એવું જ વસ્તુલક્ષી પૃથક્કરણ આ લેખોમાં આપણને મળે છે. માણસ જાગ્રતાવસ્થામાં મૃત્યુની નજીકમાં નજીક કયાં સુધી જઇ શકે તે આપણે જાણતા નથી. પણ ચીમનભાઇએ મૃત્યુની ઠીક ઠીક નિકટ પહોંચીને જાગ્રતાવસ્થા જાળવી રાખી અને એ જાગૃતિનો ઉપયોગ એ અનુભવો આપણને સમજાવવામાં કર્યો એ એમની ઉત્કૃષ્ટ રુચિનું પરિણામ છે. આ પાંચ લેખો ચીમનભાઇનો આધ્યાત્મિક વારસો છે.

પુસ્તકના પર લેખોમાંથી આઠ લેખ કેટલીક મહાન વ્યકિતઓ વિષેના છે. શ્રીમદ્ રાજચંદ્ર, મુનિશ્રી સંતબાલ, જયપ્રકાશજી, ઢેબરભાઇ, કસ્તુરભાઇ લાલભાઇ, પં. સુખલાલજી, લેડી પ્રેમલીલા ઠાકરશી અને શાન્તિપ્રસાદ જૈન ઉપરની એમની નોંધો એ વ્યકિતઓનાં વ્યકિતત્વનું હાર્દ પકડે છે. એ વ્યકિતઓ અંગેની પ્રચલિત ઉકિતઓના પુનરાવર્તનમાં એમને રસ નથી.

સાહિત્યમાં પણ ચીમનભાઇ બિનલોકપ્રિય થવાના ભોગે કે સમય સાથે નહિ ચાલનારા ગણાવાને ભોગે પણ પોતાનો પ્રામાણિક મત વ્યકત કરતાં અચકાયા નથી. મણિલાલ નભુભાઇનું આત્મવૃત્તાંત અને મૈત્રેયીદેવીનું 'ન હન્યતે' વાંચીને એમણે જે પ્રતિસાદ આપ્યો છે તે આનું પ્રમાણ છે. હેનરી મિલર વિષેની એમની નોંધ (સાહિત્યનું વાંચન) પણ એમની નિખાલસતાનો નમૂનો છે. 'હરિલાલ ગાંધી' પુસ્તક વિષે એમણે પ્રગટ કરેલા વિચારો (એક મનોવૈજ્ઞાનિક સમસ્યા) આપણને પણ વિચારગ્રસ્ત કરી દે છે.

અંગત આચાર કે વ્યવહાર વિષે પણ પોતાના મનની વાત ચીમનભાઇ સ્પષ્ટતાથી કરે છે. 'તપશ્ચર્યા અને ઉત્સવ' લેખમાં પોતે જૈન મુનિ રામચંદ્રજીના ૭૯ ઉપવાસના પારણાને પ્રસંગે સુરેન્દ્રનગર કેમ ગયા અને જેને કેટલાક લોકો ખોટો ખર્ચ કહે છે, તેવા પ્રસંગમાં શા માટે ભાગ લીધો તે પ્રશ્નનો 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાહેર ઉત્તર આપ્યો છે. એમના વલણ સાથે વાચક સંમત થાય કે ન થાય, પણ એમણે તો જરાયે દિલચોરી સિવાય પોતાનું વલણ રજૂ કર્યું છે.

અંગત પ્રસંગો કે અનુભવો ઉપરાંત પણ અનેક સામાજિક તાત્ત્વિક પ્રશ્નો વિષે તેમણે ઊંડું, સ્વતંત્ર, આપણને વિચારવા પ્રેરે તેવું ચિંતન પ્રગટ કર્યું છે. કોઇ પણ વિચાર-પ્રેમી માણસને આ પુસ્તક વિચારોની ખાણ જેવું લાગશે.

(ગરવી ગુજરાત', લંડનમાંથી સાભાર)

'મિશ્ર સરકાર : એક વિકલ્પ'

❖ સંકલન : ચીમનલાલ એમ. શાહ–'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૧૫–૬–'૮૪ ના સાંજના ૬–૧૫ કલાકે 'ગ્રંથ' ના તંત્રી શ્રી યશવંત દોશીનો 'મિશ્ર સરકાર : એક વિકલ્પ' એ વિષય પર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

એમણે કહ્યું કે 'આજે ભારતનું રાજકારણ એવા નાજુક તબક્કામાં છે કે વર્તમાન સમયમાં જો ચૂંટણીઓ થાય, તો કોંગ્રેસ (આઇ) બહુમતી નહિ મેળવી શકે. સાથે વિરોધ પક્ષો સારી એવી બેઠકો મેળવી જશે, અને આ બધા વિરોધ પક્ષો એકત્ર થઇ મિશ્ર સરકારની રચના કરી શકશે.

'સને ૧૯૬૭માં ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં જેમકે કેરલ, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં મિશ્ર સરકાર અસ્તિત્વમાં આવી અને તેમણે સારું શાસન કર્યું. ગુજરાતમાં જનતા મોરચાની શ્રી બાબુભાઇની સરકારે નોંધપાત્ર કામગીરી બજાવી હતી. ૧૯૭૭માં કેન્દ્રમાં આવેલ જનતા પક્ષની સરકાર આમ જુઓ તો જુદા જુદા પક્ષોની મિશ્ર સરકાર જ હતી. ભિન્ન ભિન્ન વિચારશ્રેણી ધરાવતા આ પક્ષો એક ન રહી શકયા અને તેમની આંતરિક કૂટકાટથી આ સરકાર તૂટી તે દેશની કમનસીબી ગણાય.

'વિશ્વમાં ફ્રાંસ, પ. જર્મની, ઇટાલી, જાપાન વગેરે દેશોમાં મિશ્ર સરકારનો પ્રયોગ થયો અને તે લોકપ્રિય બન્યો.

'કોઇ પણ રાજકીય પક્ષના કાર્યકરોમાં નિરાશા–હતાશા ઉત્પન્ન થાય તો પક્ષનું અસ્તિત્વ ભયમાં આવી પડે છે. ૧૯૫૨માં એક સમય એવો હતો કે ગુજરાતમાં પ્રજા સમાજવાદી પક્ષ કોંગ્રેસનો વિકલ્પ બની શકે તેટલી શકિત ધરાવતો હતો. ઇ. સ. ૧૯૬૪ના અરસામાં શ્રી અશોક મહેતા, ઇશ્વરભાઇ દેસાઇ, જશવંત મહેતા, સનત મહેતા જેવા આ પક્ષના કાર્યકરો નિરાશ બની કોંગ્રેસમાં પ્રવેશ્યા. પરિણામે આ શકિતશાળી પક્ષનું ગુજરાતમાંથી અસ્તિત્વ જ ભૂંસાઇ ગયું. સત્તા માટે પક્ષ તોડનારાઓનો એક રીતે જોઇએ તો આ દેશમાં તોટો નથી. રાજકારણની સ્વચ્છતાને આવા લોકો જ વધુ કલુષિત અને ગંદી બનાવતા હોય છે.

'વર્તમાન સમયમાં દેશના નાગરિકોએ હવે વધુ જાગૃત રહેવું ઘટે. જાગૃત નાગરિક જ આ દેશની લોકશાહી ટકાવી શકશે. દેશમાં મિશ્ર સરકારનું શાસન આવે તો કોઇ પણ ખેંચકાટ વિના તેને વધાવી લેવું જોઇએ.'

આ વિષય પર બોલનારા અન્ય શ્રોતાઓ પૈકી માજી મ્યુ. કોર્પોરેટર અને 'સંઘ'ના પુસ્તકાલય-વાચનાલયના ઉત્સાહી મંત્રી શ્રી હરીલાલ ગુલાબચંદ શાહે કહ્યું હતું કે મિશ્ર સરકાર સારું શાસન કરી શકે તેનો જીવતો જાગતો દાખલો મુંબઇ મ્યુ. કોરપોરેશન છે. કોરપોરેશનનો વહીવટ જનતા પક્ષ, બીજેપી, કોંગ્રેસ (એસ.) અને શિવસેનાએ સંયુકત રીતે કર્યો હતો, અને તે ખૂબ જ પ્રશંસાપાત્ર બન્યો હતો.

'સંઘ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું હતું કે મિશ્ર સરકારમાં મને શ્રદ્ધા નથી. કોઇ એક જ પક્ષની સરકાર સારું શાસન ચલાવી શકે.

'અભ્યાસ વર્તુળ'ના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહે કહ્યું કે દેશમાં મિશ્ર સરકાર આવે અને જનતા પક્ષની જેવું ફરી ભંગાણ થાય તો શું ? સારી-નિષ્ઠાવાન વ્યકિતઓને આપણે ચૂંટી કાઢવી જોઇએ. મિશ્ર સરકારનો પ્રયોગ સફળ થાય તો જ લોકશાહી ટકી શકશે.

'સંઘ'ના મંત્રી શ્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે દિલમાં રહેલા ભયને ખંખેરી નાખો અને ખુમારીથી આગળ આવો. દંભી અને સ્વાર્થી લોકોની ટોળીએ આ દેશનો કબજો લીધો છે તેનાથી દેશને બચાવવા સારા પ્રામાણિક કાર્યકરોને આગળ લાવો.

પ્રમુખસ્થાનેથી શ્રી અમર જરીવાલાએ બોલતાં જણાવ્યું હતું કે ચૂંટણી આવે તો દેશમાં મિશ્ર સરકાર સિવાય કોઇ વિકલ્પ હાલ જણાતો નથી. મિશ્ર સરકાર સારી રીતે શાસન કરી શકશે. દેશના વિરોધ પક્ષો એકબીજાની હજુ વધારે નજીક આવે તેવાં ચક્રો ગતિમાન થઇ રહ્યાં છે. શ્રી જયંતિભાઇ જગાભાઇ અને શ્રી અરવિંદ દોશીએ પણ આ વિષય પર મંતવ્યો વ્યકત કર્યાં હતાં.

પ્રમુખ શ્રી અમર જરીવાલાએ શ્રી યશવંત દોશીને સુખડનો હાર પહેરાવી સ્વાગત કરેલ. પ્રારંભમાં શ્રી સુબોધભાઇ એમ. શાહે યશવંતભાઇનો પરિચય આપ્યો હતો અને શ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો.

સંઘ સમાચાર

* દાદર સ્કૂલ ફોર ધ બ્લાઇન્ડની મુલાકાત :

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, 'પ્રેમળ જ્યોતિ'નાં સંયોજકો શ્રીમતી નિરુબેન શાહ અને શ્રીમતી કમલબેન પીસપાટીએ આ સંસ્થાની મંગળવાર, તા. ૧૯–૬–'૮૪ના રોજ મુલાકાત લીધી હતી અને ૫૦ પ્રજ્ઞાચક્ષુ બહેનોને એક વર્ષ માટે દત્તક લીધી હતી. આ બહેનોના શિક્ષણ આદિ ખર્ચ માટે રૂા. ૧૫૦૦૦/ નો ચેક 'સંઘ' વતી શ્રીમતી મંજુલાબેન શાહે અર્પણ કર્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે પ્રાસંગિક વકતવ્ય રજૂ કર્યું હતું અને શાળાનાં આચાર્યા શ્રીમતી સ્મિતાબેનને આભાર માન્યો હતો. આ પ્રસંગે એસ. એસ. સી.માં ઉત્તીર્ણ થયેલ ૬ પ્રજ્ઞાચક્ષુ બહેનોને પારિતોષિક આપવામાં આવ્યાં હતાં.

* ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત :

શનિવાર, તા. ૧૬–૬–૮૪ના રોજ સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહ, 'પ્રેમળ જ્યોતિ'નાં સંયોજકો શ્રીમતી નિરુબેન અને શ્રીમતી કમલબેન પીસપાટી, સંઘની કારોબારી સમિતિના સભ્ય અને એક વખતના ઘાટકોપર વિભાગના કોર્પોરેટર, શ્રી હરિભાઇ શાહ અને સામાજિક કાર્યકર શ્રી નટુભાઇ શાહે ચિલ્ડ્રન્સ હોમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ હોમના વિદ્યાર્થીઓને કેરી આપવામાં આવી હતી. આ કેરીની પ્રભાવનામાં શ્રી નાનજીભાઇ (બચુભાઇ) નો મહદ્ ફાળો હતો. ચિલ્ડ્રન્સ હોમના ગૃહપતિ શ્રી કુલકર્ણીએ સૌનું સ્વાગત કર્યું હતું.

ઉપકારી અને ઉપકૃત

● પન્નાલાલ ર. શાહ

આપણું કયું વર્તન કયારે કોને ગમશે અથવા નહીં ગમે તે કળવું મુશ્કેલ છે. માનવીનું મન એવું વિચિત્ર અને અવળચંડું છે કે એના વર્તન વિષે અનુમાન કરવામાં જોખમ છે: જ્યોતિષીની આગાહી કે હવામાનના વર્તારાની માફક કયારે એ ખોટું ઠરે તે કહી શકાય નહીં! અપકાર કરીને માણસ અણગમો વહોરી લે એ સમજી શકાય એવી બાબત છે. પરંતુ અણગમો વહોરી લેવા માટે એ એકમાત્ર કારણ તો નથી જ. માનહાનિ, સ્વાર્થમાં આડે આવવું, તેજોદ્વેષ, અતિ નિકટતા આદિ ઘણાં સ્પષ્ટ અને સમજી શકાય તેવાં કારણો છે. આ બધાં ઉપરાંત થોડી નવાઇ લાગે એવી એક વાત છે: કયારેક ઉપકાર કરવા જતાં પણ આવો અનર્થ થઇ જાય છે. કોઇ વ્યકિત પર આપણે ઉપકાર કરીએ છતાં ય આપણે એનો રોષ વહોરી લઇએ એ ઝટ ગળે ઊતરે એવી વાત નથી. પરંતુ ઇર્ષ્યા, દ્વેષ, મહત્ત્વાકાંક્ષા, તેજોવધ આદિ બાબતો જેમ અન્યની નિંદા કરવાનું કારણ છે તેમ કોઇના પર ઉપકાર કરવાથી એમની થતી સ્વમાનહાનિ, કે ઘવાતો અહમ્ પણ એ માટેનું એક કારણ છે. અહીં મને સ્વ. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની એક વાત યાદ આવે છે, જેમાં આ બાબત એમણે સૂચક રીતે કહી છે. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરને કોઇએ પૂછયું: 'એક સદ્‌ગૃહસ્થ કેમ આપની બહુ નિંદા કરે છે?' પ્રત્યુત્તરમાં એમણે કહ્યું: 'મેં એમના પર એવો કોઇ ઉપકાર કર્યો હોય એવું મને યાદ નથી.' ઇર્ષ્યા, દ્વેષ, મહત્ત્વાકાંક્ષા, તેજોવધ, સ્વમાનહાનિ આદિના કળણમાંથી મનને બહાર કાઢવું એ ખૂબ જ કપરું કાર્ય છે.

આપણે ત્યાં આત્મકથા લખવાનો રિવાજ નથી. એની પાછળ એક સંસ્કાર છે. કોઇ એક કામમાં એક વ્યકિતમાં દોષ જણાય તો ઢાંકવા, એની એબ ખુલ્લી ન પાડવી; તેનામાં ગોપિત રહેલાં સદ્‌ગુણો કેમ વિકસે એવા પ્રયત્નો કરવા; એ પ્રકારે કામ થતું હોય ત્યારે કે ત્યાર બાદ આ કામગીરી તેના ખરા સ્વરૂપમાં જો કોઇ જાણે અને એ વાત ફેલાય તો મૂળ પ્રયત્નનો હેતુ માર્યો જાય. એટલે સામી વ્યકિત ગમે તેટલી અસામાજિક પ્રવૃત્તિ કરતી હોય તો પણ તેનું સ્વમાન જળવાય, તેના અહંભાવને આંચ ન આવે એ રીતે તે આપમેળે સદ્‌-માર્ગે વળવા પ્રેરાય એવું આપણું વર્તન હોવું જોઇએ, એવું સામાજિક વાતાવરણ, એવી સામાજિક આબોહવા હોવી જોઇએ. એવા સંસ્કાર આપણને ગળથૂથીમાં મળ્યા છે. માનવી પોતે માનવી પેઠે જીવે અને બીજાને તે રીતે જીવવા પ્રેરે અને એ વાત છાની રહે એની ઓર મજા છે. વર્તમાન સમયમાં કે ભૂતકાળમાં પૂરતા પ્રયત્નો છતાં માનવીના હૃદયનું પરિવર્તન થયું નથી કે થતું નથી તેનું કારણ અહીં પડેલું છે. જાહેરમાં કે સમાજમાં 'ઊતરી પડયા'નો ભાવ આપણા પ્રગટ-અપ્રગટ વર્તનથી સામી વ્યકિતમાં સંક્રાન્ત થાય તો લાખ ઉપાય છતાં બધું ઠપ થઈ જાય છે. આપણે એનો રોષ તો વહોરી લઇએ છીએ એટલું જ નહિ, પરંતુ ધ્યેયસિદ્ધિ પણ થતી નથી. માનવીને સુધારવાની, એને સાચી દિશામાં વાળવાની અને વિકાસના પથે મૂકવાની વાત એના લાભમાં હોવા છતાં ય એ વાત બહાર પડવાથી કે પાડવાથી થતી સ્વમાનહાનિના કારણે આમ બને છે. કૃતજ્ઞતાની ભાવના બીલી ન હોય તેવી અગર એવી ભાવના બીલી હોય છતાં અહમ્-ભાવના કારણે નિખાલસપણે એવી કૃતજ્ઞતા સ્વીકારવાની માનસિક તૈયારી ન હોવાના કારણે તેવી વ્યકિત આવું વર્તન કરે તે સહેજે સમજી શકાય તેવી બાબત છે. જેની આત્મકથા કે જીવનચરિત્ર લખાય તેવી વ્યકિત તો આવા કેટલાય સંઘર્ષમાંથી પસાર થઇ હોય. એનું યથાતથ આલેખન થાય અને એવા સંઘર્ષની સામી વ્યકિત જીવંત હોય તો એના પ્રત્યે વ્યાપક અભાવ થાય અને જીવંત ન હોય તો એમના વંશ-વારસદારોમાં પરસ્પર વેરભાવ પ્રગટ થાય એવી સંભાવના લેખાય. સત્પ્રવૃત્તિ કરનાર તો પોતાના નિજાનંદ ખાતર એ કરતો હોય છે. એટલે આવાં બધાં કારણોસર ચરિત્રાલેખન નહીં થતું હોય એમ માની શકાય. અલબત્ત, એવા યથાતથ આલેખનથી કોઇને સત્કર્મની પ્રેરણા મળતી રહે એવા હેતુથી જીવનચરિત્રો અને આત્મકથા લખાય એ જરૂરી ગણાય. પરંતુ એથી થતા લાભ કરતાં સૂક્ષ્મ રીતે ગેરલાભ થવાની સંભાવના વિશેષ મનાય છે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહને એમના પચાસ વર્ષ જેટલા જાહેર જીવનના દીર્ઘકાળનાં સંસ્મરણો લખવાની, આ લેખકની જેમ ઘણી વ્યકિતએ વિનંતી કરી હતી. જાહેર સંસ્થાઓમાં કટોકટી સર્જાય એ વેળાએ કયાંક હિંમતથી, કયારેક કળથી, કયાંક મુત્સદ્દીગીરીથી, કોઇ વખત સમજાવટથી કામ લીધું હોય એવા પ્રસંગો અને અનુભવો ભવિષ્યની પેઢીને ઉપયોગી થાય એ હેતુથી આવી વિનંતી કરી હતી. પરંતુ સ્વ. ચીમનભાઇએ એવું આલેખન કરવાની સ્પષ્ટ અનિચ્છા દર્શાવી હતી. એની પાછળ, ઉપર મેં આલેખી છે તેવી ભૂમિકા હશે એવું આ લેખકનું અંગત મંતવ્ય છે.

ઉપકૃત વ્યકિત પોતાની કૃતજ્ઞતા જાહેર કરે એવી ભાવનાથી ઉપકાર કરવા કોઇ નીકળે તો તેના કોઇ કામમાં ભાલીવાર હોતો નથી. ઉપકાર કરનાર પોતે કરેલાં સત્કૃત્યોની સમાજમાં જાહેરાત કરતો ફરે તો ઉપકૃત વ્યકિત સ્વમાનહાનિથી એનું વાંકું બોલતો ફરે. માનવીય ગૌરવ જળવવાને બદલે આપણા વ્યવહારમાં, રોજીંદા જીવનમાં, કુટુંબમાં કે સમાજમાં ઉપકાર કરનાર વ્યકિત 'મને જરાયે રખા નથી' એવી ફરિયાદ કરે તો સમજવું કે તે પોતે કરેલાં સત્કાર્યોનો અહર્નિશ ઘંટારવ કરતો ફરે છે. માનવીની આવી વૃત્તિ-પ્રવૃત્તિથી જ આપણાં કૌટુંબિક, વ્યાવહારિક અને સામાજિક સંબંધો તંગ થયા છે, થાય છે. સંજોગવશાત્, વખાના માર્યા મુશ્કેલીમાં આવી પડેલી વ્યકિતને અન્યની સહાય લેવી પડે એ એની લાચારી છે. એટલે એમને કરેલ સહાયનાં કાર્યો ગોપિત રહે એ ઇચ્છનીય છે. આપણાં શાસ્ત્રોમાં જમણા હાથે કરેલું દાન ડાબો હાથ પણ ન જાણે એ રીતે કરવાનું કહ્યું છે તે સૂચક છે. ઉપકૃત વ્યકિત પોતાની કૃતજ્ઞતા જાહેર કરે તો ઠીક, ન કરે તો એવી અપેક્ષા અનર્થ કરનારી છે એમ સમજવું ઘટે. ઉપકૃત વ્યકિત સંજોગો અને મુશ્કેલીથી ઘેરાયેલી હોય છે. એ કૃતજ્ઞતા વ્યકત ન કરે તો એ ક્ષમ્ય છે, જયારે ઉપકાર કરનાર વ્યકિત પોતે કરેલા ઉપકારનો ઢંઢેરો પિટાવે તો તે સમાજના વાતાવરણને પ્રદૂષિત કરે છે અને એ ક્ષમ્ય નથી. કારણ, એ સમજુ અને જવાબદાર માનવી છે. સંયમપૂર્વક, વિવેકપૂર્વક વર્તવું એ એની ફરજ છે.

(પૃષ્ઠ ૫૦ થી ચાલુ)

માંગ ગાંધીયુગ આવ્યા પછી વધુ સ્પષ્ટ થાય છે. ગાંધીજીના પત્રકારત્વમાં નથી આંગ્રેજોની બીક કે નથી સમાજના રૂઢિચુસ્ત તત્ત્વોનો ડર. સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે ગાંધીજી પોતાનાં અખબારોમાં અવારનવાર લખતા એ જાણીતી વાત છે.

સ્ત્રી-સામયિકો :

પરંપરાગત સ્ત્રી-સામયિકો આપણે ત્યાં ગઇ સદીથી ચાલતાં આવ્યાં છે. આ સદીની શરૂઆતમાં 'સુંદરી સુબોધ' બહાર પડતું હતું, ત્રીસીના દાયકામાં સુરતથી 'સ્ત્રી શક્તિ' થોડો વખત બહાર પડ્યું. સ્વાતંત્ર્યોત્તરકાળમાં 'ગૃહમાધુરી' નીકળ્યું અને 'સ્ત્રી', વગેરે ચાલે છે, 'સુધા' બંધ થઇ ગયું, આ અને આવાં સામયિકોમાં પ્રારંભથી કેટલીક પ્રથાઓ ચાલતી આવી છે, જેમાં બે મુખ્ય છે. એક એ કે સ્ત્રી એટલે પત્ની કે માતા અથવા તો કૌટુંબિક વ્યક્તિ એવી વ્યાખ્યા અને તેથી ઉત્પન્ન થતો સ્ત્રી પ્રત્યેનો અભિગમ અને બીજી પ્રથા તે આ અભિગમથી ઉત્પન્ન થતી વિષય પસંદગી જેમાં વાનગી, શણગાર, ઘરસજાવટ, કૌટુંબિક પ્રશ્નો વગેરે મુખ્ય રહે છે. જ્યારે સ્ત્રીઓ નવી નવી વાંચતાં શીખી હતી એ જમાનામાં કદાચ આ બધું યોગ્ય હશે. કારણ કે વાંચનાર બધી જ સ્ત્રીઓ ઉપલા વર્ગની ગૃહિણીઓ હતી. અને એમની શિક્ષણ અને સામાન્ય જ્ઞાનની કક્ષા ઓછી હતી. આપણે પુરુષને માત્ર પિતા કે પતિ કે કુટુંબીજન તરીકે નથી લેખતા પણ નાગરિક કે વ્યાવસાયિક કે એવાં અન્ય તત્ત્વોથી ઓળખીએ છીએ ત્યારે સ્ત્રી માત્ર પુત્રી, પત્ની, બહેન, મા વગેરે તરીકે નહીં પરંતુ એક વ્યક્તિ તરીકે લેખાવી જોઇએ. કોઇ પણ વિષય એના રસનો વિષય છે-જો એને રસ પડે એ રીતે મુકાય તો.

કેટલાંક સ્ત્રી-સામયિકો હવે સમયનો રંગ ઓળખી દુનિયામાં બનતી ઘટનાઓ અને તેમની સ્ત્રીજીવન પર પડતી અસર વિશે કાળજીથી લખવા માંડ્યાં છે અને એમણે પોતાની સંપાદકીય નીતિ પણ બદલી છે. મરાઠીમાં 'સ્ત્રી' અને અંગ્રેજીમાં 'મન્જ વીકલી' એમાં મોખરે છે.

જનસામાન્ય પત્રકારત્વ અને સ્ત્રીઓના પ્રશ્નો :

અહીં એક ખાસ વાતની નોંધ લેવી જોઇએ કે પુરુષ માલિકોનાં અને પુરુષ સંપાદકો દ્વારા ચલાવાતાં અખબારો સ્ત્રીઓના પ્રશ્નની અવગણના કરે છે એમ હવે કહી શકાય નહીં. છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્ત્રીઓ પર થતા અત્યાચારોની નોંધ લેવી અને એ સામે કડક સંપાદકીય નોંધ લેવી, તંત્રીલેખો લખવા એ કામ આપણાં અખબારો અને એમાંય ખાસ કરીને પ્રાદેશિક ભાષાનાં અખબારો કરી રહ્યાં છે એ આનંદની વાત છે, શું સ્ત્રી-સામયિકો સ્ત્રીઓની બાબતમાં આટલું ય નહીં કરે? સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ લઇ સહભાગી પત્રકારત્વની પરંપરા બંધાઇ છે તે છોડી સ્ત્રી-મુક્તિ સંગ્રામની અવગણના કરનારા સ્ત્રી-સામયિકો કેટલીક વાર 'તટસ્થતા'ને બદલે 'તીરે ઊભા જુઓ તમાશા' જેવી ભૂમિકા ભજવે છે.

ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર

ધરમપુરના આદિવાસી વિસ્તારમાં સર્વાંગી વિકાસ માટે 'સંઘે' નાખેલી ટહેલના પ્રત્યુત્તરમાં ઉદારદિલ દાતાઓ તરફથી અત્યાર સુધીમાં રૂા. ૧,૫૪,૦૦૦/- નાં વચનો મળ્યાં છે. એ પૈકી 'સંઘે' તા. ૨-૫-'૮૪ના રોજ એનાડે' ફાઉન્ડેશનને દ્વારા મોકલી આપ્યા છે.

આ વિસ્તારમાં હાથ ધરાયેલી કાર્યવાહીનો અહેવાલ એનાડે' ફાઉન્ડેશનના શ્રી બિપિનભાઇ સંઘાણીએ બુધવાર તા. ૨૦-૬-૮૪ના રોજ 'સંઘ'ના કાર્યાલયમાં મળેલ ઉપસમિતિની બેઠકમાં રજૂ કર્યો હતો. એમણે વિગતે આપેલ અહેવાલથી ઉપસમિતિના સભ્યોને સંતોષ થયો હતો.

વરસાદની મોસમમાં અન્ય કામ થઇ શકે તેમ ન હોવાથી વૈદ્યકીય સારવારની કાર્યવાહી હાથ ધરવાનું આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે. અને હાલ તુરત રૂ. ૧૦,૦૦૦/- આ પ્રવૃત્તિમાં ખર્ચવાની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રવૃત્તિના અનુસંધાનમાં 'સંઘ'ના ચારેક પ્રતિનિધિઓ તા. ૬ અને ૭ જૂલાઇના રોજ આ વિસ્તારની મુલાકાત લેશે.

આ પ્રવૃત્તિને વધુ ને વધુ આર્થિક સહાય દ્વારા પ્રોત્સાહન આપવા સૌને પ્રેમાળ વિનંતિ છે.

મંત્રીઓ

ચીમનલાલ જે. શાહ

કે. પી. શાહ

સાભાર સ્વીકાર

શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ : ડૉ. સરયુબહેન આર. મહેતા, પ્રકા. શ્રેયસ પ્રચારક, શરાફ મેન્સન, બ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨, કિંમત જણાવેલ નથી.

એક : સંપા. ત્રિભુવન વીરજી હેમાણી, કિં. રૂા. ૨-૨૫, વલ્લભ કી. ગાલા, ગુપ્તા નિવાસ, ભાઉ દાજી રોડ, મુંબઇ-૧૪.

સર્વધર્મભાવના : સંતબાલજી, કિ. ૫૦ પૈસા, પ્રકા. મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઇની વાડી, અમદાવાદ.

અભિનવ મહાભારત : (ભાગ : ૧) શાંતિલાલ શાહ, કિં. રૂા. ૧૨, પ્રકા. નવજીવન મુદ્રણાલય, અમદાવાદ * **અભિનવ મહાભારત (ભાગ-૨) :** જિતેન્દ્ર ઠાકોરભાઇ દેસાઇ, કિં. રૂા. ૨૦ પ્રકાશક ઉપર મુજબ * **સંતબાલ પત્રસુધા-કાશીબેનને :** સં. અંબુભાઇ શાહ, કિ. રૂા. ૭, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ * **સંતબાલ મારી મા :** મીરાંબહેન, કિં. રૂા. પાંચ, પ્રકા. નવજીવન મુદ્રણાલય, અમદાવાદ. *

સંતબાલની જીવનસાધના (ખંડ ૨): દુલેરાય માટલિયા, કિં. રૂા. ૨૦, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઇની વાડી, અમદાવાદ-૪.

પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વ : સ્ત્રી–સમાનતાની દૃષ્ટિએ

© સોનલ શુકલ

(સંઘ યોજિત પત્રકારત્વ અંગેના પરિસંવાદમાં રજૂ થયેલું વક્તવ્ય)

સ્ત્રી–સમાનતા એ સમાનતાના સર્વસામાન્ય સિદ્ધાંતથી પર નથી. સમાનતાવાદી પત્રકારત્વમાં સ્ત્રી–સમાનતા પત્રકારત્વનો પ્રકાર સમાવિષ્ટ છે. જ્યાં સુધી સમાચાર એટલે રાજકીય ઘટનાનાં અહેવાલ અને ટીકાટિપ્પણ માત્ર મુખ્યત્વે રહે છે ત્યાં સુધી જનસામાન્યને લગતા સમાચારની અવહેલના થાય છે. સમાજને લગતી બાબત ગૌણ ગણાય છે ત્યારે અડધોઅડધ સમાજ એટલે કે સ્ત્રીઓને લગતી બાબતો પણ પત્રકારત્વમાં અગ્રક્રમ પામતી નથી. વધારાનું દુઃખ એ છે કે જ્યારે બીજા પ્રકારની સમાનતા–વર્ગભેદ, જ્ઞાતિભેદ, રંગભેદ, ઇત્યાદિને દૂર કરનાર સમાનતા–કેન્દ્રમાં રખાય છે ત્યારે પણ સ્ત્રી–સમાનતાની વાત માન્ય રખાતી નથી.

સ્ત્રી મુક્તિવાદી પત્રકારત્વ ભારતમાં ૧૯૭૭ પછી અસ્તિત્વમાં આવ્યું છે એ સૂચક છે. સ્ત્રી–મુક્તિ આંદોલન અને બીજાં મુક્તિ આંદોલનોને સંબંધ છે. સ્વતંત્રતાનો પવન વાય છે અને મુક્તિનાં ગાણાં ગવાતાં હોય, સત્તાખોરીના સામના થતા હોય અને સમાનતાનો પુરસ્કાર થતો હોય ત્યારે સ્ત્રી મુક્તિ-આંદોલનકારો અને સ્ત્રી–સમાનતાવાદી પત્રકારોનો સૂર સંભળાય છે કે આપણને મુક્તિ અને સમાનતા ઉપલબ્ધ છે કે નહીં ? ઘણું ખરું એ ઉપલબ્ધ નથી જ હોતાં. એવાં ઉદાહરણોથી ઇતિહાસ ભરપૂર છે. અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીપુરુષો બન્ને લડ્યાં અને આઝાદી પછી મતાધિકાર મળ્યો પુરુષોને–કેવળ ગોરા પુરુષોને. અમેરિકામાં આંતરયુદ્ધ વખતે અને એની અગાઉના દાયકાઓમાં અનેક સ્ત્રીઓએ ગુલામી નાબૂદીના સંગ્રામમાં ભાગ લીધો હતો અને જોખમો ઓડી દક્ષિણનાં ગુલામોને છૂપી રીતે કેનેડા ભાગી જવામાં મદદ કરી હતી. આંતરયુદ્ધ પછી દસ વર્ષે કાળા પુરુષોને મતાધિકાર મળ્યો પરંતુ ગોરી કે કાળી એકે સ્ત્રીને નહીં ! સુઝાન બી. એન્થની અને બીજી સ્ત્રી–સમાનતાવાદીઓએ પત્રકારત્વમાં આ સમયે ઝંપલાવ્યું. પુરુષકેન્દ્રી પિતૃસત્તાક મૂલ્યોથી પિડાતાં અખબારો એમને પોતાની સમાનતા કે બીજી એકે વાત લખવા દેતા નહોતાં.

છેલ્લાં પાંચ છ વર્ષમાં આ પ્રકારનું નારીવાદી પત્રકારત્વ અસ્તિત્વમાં આવ્યું છે, જેમાં વિષયવૈવિધ્ય સાથે સ્ત્રી સમાનતાની દૃષ્ટિએ લખવાની પ્રથા છે. આ પત્રકાર સ્ત્રીઓ રોજિંદા છાપાં–સામયિકોમાં લખે છે, ચીલાચાલુ સ્ત્રી સામયિકોમાં નવા પ્રકારના લેખો લખે છે, અને સમંગસૂત્ર નારીવાદી પ્રકાશનો પણ બહાર પાડે છે. પ્રથમ સ્ત્રી મુક્તિવાદી સામયિક મરાઠીમાં 'આયઝા' બહાર પડ્યું, ત્યાર પછી થોડા જ સમયમાં અંગ્રેજી અને હિન્દીમાં 'ફેમિનિસ્ટ નેટવર્ક" આવ્યું, જે છએક અંક પછી બંધ પડ્યું. તે પહેલાં આ બન્ને ભાષામાં 'માનુષી' શરૂ થઇ ગયેલું. અત્યારે કલકત્તાથી 'સબળા' બંગાળીમાં અને પટણાથી 'અપની આઝાદી કે લિયે' હિન્દીમાં બહાર પડે છે. ગુજરાતીમાં એકે આવું સામયિક નથી પરંતુ 'સેવા'નું મુખપત્ર 'અનસૂયા' સ્ત્રી–સમાનતાના પ્રશ્નો ઉઠાવે છે અને લવાજમ ભરવાથી એ સૌ કોઇ મેળવી શકે છે.

આ પ્રકાશનોમાં કે 'પ્રવાસી', 'જન્મભૂમિ' અથવા 'ગુજરાતમિત્ર'માં ચાલુ થયેલી સ્ત્રી–સમાનતાની કટારોમાં સ્ત્રીઓની ઘટતી જતી વસ્તી (ભારતમાં દર હજાર પુરુષે માત્ર ૯૩૫ છે, જે દુનિયાના ક્રમથી ઊંધું છે, માત્ર ચાર જ દેશોમાં આવું બને છે.), સ્ત્રી અને કાનૂન, બેકારીની સમસ્યામાં સ્ત્રીઓની વધુ વિષમ સ્થિતિ, બળાત્કાર, દહેજ વગેરે વિષે માહિતી આપે છે અને સ્ત્રીવિરોધી અન્યાય અને અત્યાચારોનાં મૂળ કયાં છે તે દર્શાવતું વિશ્લેષણ કરે છે.

વાસ્તવમાં સ્ત્રી–સમાનતાની દૃષ્ટિએ પરિવર્તનની પ્રક્રિયામાં પત્રકારત્વને જોવું હોય તો ૧૯૪૭ પહેલાં અને પછી નહીં પરંતુ ૧૯૭૭ પહેલાં અને પછી એ રીતે મૂલવવું પડે.

સ્ત્રીવિષયક પત્રકારત્વનો ઇતિહાસ :

ગુજરાતનું પ્રારંભિક પત્રકારત્વ પ્રતિબદ્ધ પત્રકારત્વ છે અને એમાં પ્રતિબદ્ધતા સુધારાવાદીઓની છે. નર્મદ, કરસનદાસ મૂળજી, કાબરાજી વગેરે સુધારકોએ 'દાંડિયો', 'સત્યપ્રકાશ', 'રાસ્ત ગોફ્તાર' વગેરે પ્રકાશનોમાં સંસારસુધારાના એક ભાગ તરીકે સ્ત્રીઓનો પ્રશ્ન સહાનુભૂતિ અને સમજથી ઉઠાવ્યો છે. સ્ત્રીઓ માટેનું પહેલું પ્રકાશન 'સ્ત્રી બોધ' એકસો ત્રીસ વર્ષ પહેલાં શરૂ થઈ ગયેલું.

આ ઉપરાંત સ્ત્રી તેમ જ સમગ્ર સમાજ માટે મહત્ત્વની ઘટના બની હોય તો તે એ કે ૧૮૯૧માં બહેરામજી મલબારી અને કેશવચંદ્ર સેને અખબારના માધ્યમનો પ્રચંડ ઉપયોગ કરી તથા બીજી ઘણી રીતે લડત આપી કન્યાની લગ્નવય દસને બદલે બાર વર્ષની કાનૂની ઠેરવાવી. કન્યાને આટલી મોડી પરણાવવી એ શાસ્ત્રની દૃષ્ટિએ ખોટું છે એવા મતના સનાતનવાદીઓનો ઓછો વિરોધ નહોતો. સ્ત્રીવિરોધી 'ધર્મ-ભાવના' તો સતી અને દૂધપીતીના રિવાજો ગેરકાનૂની ગણાયા ત્યારે પણ દુર્ભાગ્ય હતી એની કરસનદાસ મૂળજીએ 'સત્ય પ્રકાશ'માં નોંધ લીધેલી છે.

ત્યારબાદનો ઇતિહાસ કાંઇક વિચિત્ર છે. રાષ્ટ્રપ્રેમ અને સમાજ પ્રેમમાંથી અગ્રક્રમ કોને આપવો એની કોઇક કારણ વગરની વિમાસણ છે. જેને પરિણામે રાષ્ટ્રીયસ્વાતંત્ર્ય માટે જેઓ ઉદ્યમવાદી છે તે સ્ત્રી–સ્વાતંત્ર્ય સહિત સામાજિક સુધારા માટે રૂઢિચુસ્ત છે અને રાષ્ટ્રીય લડતમાં જે મધ્યમમાર્ગી કે ઓછા ગતિશીલ અને જૂનવાણી છે તે સામાજિક સુધારા માટે ઉગ્ર લડત આપે છે. દેશ અને સમાજ એ બે પરસ્પરવિરોધી નથી અને એ બન્નેમાં સ્વાતંત્ર્ય અને સમાનતા હોવાં જોઇએ એ

(અનુસંધાન પૃષ્ઠ ૪૯)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૭-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

મૂઠી ઊંચેરા માનવી

© નિરુભાઈ દેસાઇ

મૂઠી ઊંચેરા માનવી વહેંત વહેંત ઊંચો થતો ગયો અને મૂઠી નીચેરા માનવીઓ ઊંડી ખીણમાં ઊતરતા ગયા.

દાદા–પૂ. રવિશંકર મહારાજ અષાઢી બીજના બીજા જ દિવસે, પવિત્ર રમઝાનના ઉપવાસના અંતે બીજના દિવસે ચિરંતરમાં ભળી ગયા. તેમની અસ્વસ્થ તબિયતના અને ખાટાસણુથી બોરસદ હોસ્પિટલમાં ખસેડવાના સમાચારે મનને ખળભળાવી મૂકયું હતું. તેમને જોવા જવાનો વિચાર તો છેલ્લા અઠવાડિયાથી થતો હતો.



'આપણે દાદાની ખબર કાઢવા જવું જોઇએ' તેવો નિર્મળાનો સતત આગ્રહ હતો. બે મહિના પહેલાં તો દૂરદર્શન માટે દાંડીકૂચનું રૂપક કર્યું ત્યારે બોચાસણમાં તેમની મુલાકાત લીધી હતી. તેમને ત્યાંથી જ સાથીઓ લઇને અમે કનકાપુર ગયા હતા. તે જ દિવસે બે વાર જ્યારે મળવાનું થયું ત્યારે તેમણે અમારા બધાના ખબરઅંતર પૂછ્યા હતા. અવાજ મંદ હતો પણ સ્મરણશકિત સતેજ. વાત-વાતમાં મેં મુવાળા શબ્દનો ઉપયોગ કર્યો. એટલે તરત જ તેમણે તેનો અર્થ પૂછયો હતો. મુવાળા એ મુચ્છનો પર્યાય છે એમ મેં જણાવ્યું ત્યારે તેમણે જૂની યાદના આધારે તેના બીજા અર્થ પણ બતાવ્યા હતા.

તે પછી બોચાસણુથી મિત્રો આવે અને દાદાની તબિયતના ખબરઅંતર પણ આવે. અમે પ્રણામ કહેવડાવીએ તો પાછા બધાના ખબર પણ પૂછે. તેમની તબિયત હમણાં કંઇક સારી છે. અને તેમના અવાજમાં પણ થોડી સ્પષ્ટતા આવી છે તેવું તો અઠવાડિયા પહેલાં જ ત્યાંથી આવેલા મિત્રોએ જણાવ્યું હતું.

ત્યાં દાદાને હોસ્પિટલમાં ખસેડવાના સમાચાર આવ્યા એટલે મન વ્યાકુળ થયું.

દાદાને હોસ્પિટલ જવાનો આ પહેલો પ્રસંગ હતો. બિહારથી માંદા પડીને આવ્યા અને અહીં હોસ્પિટલમાં દાખલ કર્યા, આંખના અને પગના ઓપરેશનો કરાવ્યાં. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ડાકતરી સારવાર લેવા, અમદાવાદની ઇરપી-તાલમાં દાખલ થયા. તેમના ભકત ડાકતર મિત્રો તેમની તપાસ કરી જતા અને દવાઓ સૂચવતા. પગે એકવાર એકના બદલે બે વાર ઓપરેશન કરવું પડયું. તે પછી થોડી ચાલવાની સલાહ મળી ત્યારે દાદા અમારા માલેશ્વધરમાં–માલિશ્વ ધર એમનું પ્રિય સ્થાન–પગની કસરત માટે લગભગ રોજ આવે. માલેશ્વધરના આખા પારવારને તે પોતાના કુટુંબીજન જ ગણતા. મહાશિવરાત્રીની તેમની વરસગાંઠના દિવસે દાદાની સેવા કરવા માટે શ્રી બુધાભાઇ તેલી માણસોને નિયમિત રીતે મોકલે. આ મહાશિવરાત્રીએ દાદાના જન્મદિને બુધાભાઇએ આવી ભેટ પાઠવી હતી. કોઇ કોઇવાર દાદા માલિશ્વધરની–જેમને એમણે કુંટુંબીઓ માન્યા છે તેમની – મુલાકાતે પણ આવતાં. અમો તો ના જ શકીએ પણ દાદા અચૂક આવતા, એ એટલું બધું વાત્સલ્ય અમારા બધા માટે હતું.

અમદાવાદમાં બીમાર પડયા અને બહાર નીકળવાનું લગભગ અશકય થઇ ગયું. તેના થોડા દિવસ પહેલાં જ દાદા ઘેર આવ્યા હતા અને હંમેશ મુજબ તેમને જમવાનો મેં આગ્રહ પણ કર્યો. તે જ દિવસે તેમને તાવ ચઢયો અને જમ્યા વગર થોડો પ્રસાદ લઇ ચાલ્યા ગયા. દાદાની અમારા ઘરની આ છેલ્લી મુલાકાત હતી. પાછળથી જ્યારે જ્યારે

મળવાનું થયું ત્યારે તે પણ તેમને યાદ.

એટલે બોચાસણની ૪૨પીતાલમાં દાદાને સારવાર માટે, વધી ગયેલા શ્વાસ માટે, બસેડવામાં આવ્યા ત્યારે એમ પણ થયું કે દાદા આપત્તિ વટાવી જશે. પહેલાં પણ આવો જ હુમલો થયો હતો અને ગુજરાત સરકારે ડાક્તરોની ખાસ ટીમ તેમની સારવાર માટે મોકલી હતી. ત્યારે તેમણે કહ્યું હતું કે મને કાંઇ થવાનું નથી. બોરસદથી સારા થઇને તે બોચાસણ આવ્યા અને એકસો એકમી વર્ષ ગાંઠ અમો બધાએ ધામધૂમથી ઊજવી અને તેમાં પૂરો સમય હાજર પણ રહ્યા. ડાક્તરોની સલાહ ન હતી તો પણ તે પોતાને મળવા આવેલા વિશાળ જનવૃંદથી દૂર રહેવા ઇચ્છતા ન હતા. મંચ ઉપર ખાટલા પર બે કલાક સુધી ચર્ચા સૂઇ રહ્યા. ગુજરાતનો સમગ્ર ગાંધીસેવકગણ આ મહાન ગાંધીવાદી વિભૂતિને અંજલિ આપવા નીકળતો થયો. બહારગામથી પણ કાર્યકરો આવ્યા હતા. દાદાએ તે દિવસે ફળના રસને બદલે આગ્રહપૂર્વક બાજરીનો રોટલો દૂધ સાથે લીધો હતો. ગેરહાજર રહીને દાદા તેમની અમાનતા કરવા ઇચ્છતા ન હતા.

પૂરાં સો વરસ અને વત્તા એકસો દિવસ દાદાએ કર્યા હતા. છેલ્લી આપત્તિમાંથી તેઓ ઉગરી શકયા નહિ. જિજીવિષા તો પહેલાં ય ન હતી. જીવનભર સદાય જીવવાની ઇચ્છા તેમણે સેવી ન હતી. મૃત્યુની ઇચ્છા પણ સેવી ન હતી.

ગઈ બીમારી વખતે તે કહેતા હતા કે હું સામે ચાલીને મૃત્યુ માગવાનો નથી. ઇશ્વરની ઇચ્છા હશે તેમ જ થશે. જ્યાં સુધી આ દેહ પાસે ઇશ્વરને કામ લેવાનું છે ત્યાં સુધી તેનો ત્યાગ ઉચિત નહિ ગણાય.

બધી આશા, શ્રદ્ધા, પ્રાર્થનાનો આકાર ધારણ કરી, લોહીના પ્રત્યેક ટીપે મનની ઇચ્છાની આંગળી પકડીને લોભના સહારે દોડવા લાગ્યા. તારીખ પહેલીએ સવારે આકાશવાણીના પ્રથમ સમાચારપત્રમાં જ કિર્તનની ધૂનમાં આ આકાર વિલીન થઇ ગયો, સવારે સાડા છ વાગે જ દાદાનું સ્વાસ્થ થંભી ગયું અને રેડિયોએ તરત જ તે સમાચાર વહેતા કરી દીધા.

મનની સૂની નગરીની, ભાંગેલી ભીંત પરના છેલ્લાં બાંસઠ વરસના ભીનાં સ્મરણોના અક્ષરો મન સમક્ષ વહેવા લાગ્યા. એક સ્વપ્ન ઊંઘમાં જ તૂટી પડે તેવી હાલત હતી. તેના રજકણો જીવનમાં એટલા બધા વ્યાપ્ત હતા કે તેને પરોવતા સૂત્રની સાંકળ સાંધવાનું પણ ઘડીભર કઠણ થઇ ગયું.

ચોસઠ વર્ષ પહેલાં આઠ વરસની કુમળી વયે તેમના ખોળામાં બેસવાનું સદ્‌ભાગ્ય મને થયું. બારડોલીથી ગાંધીજીએ સ્વરાજના આંદોલનનું એલાન કર્યું હતું અને ત્યાં ગુજરાતના તમામ ચુનંદા સેવકો લડતની તૈયારી માટે એકત્ર થયા હતા. મારા પિતાજી ત્યાં સરકારી મામલતદાર હતા અને મને રોજ આંગળી ઝાલી બારડોલી આશ્રમમાં લઇ જતા હતા. અને તેના કારણે મહારાજને જોવાનો પણ મને લ્હાવો મળ્યો. તેમના ખળખળ વહેતા સ્મિતથી નાનું બાળક તો ખુશખુશાલ થાય અને એ રીતે એકવાર એમના ખોળામાં પણ બેસી ગયો. માથે હાથ ફેરવીને એમણે કહ્યું કે મોટો થાય ત્યારે લડતમાં જરૂર આવજે.

થોડે દૂર જ બારડોલીના આજના વયોવૃદ્ધ આગેવાન ખુશાલભાઇ પટેલ ઊભા હતા. તેમણે કહ્યું કે આને તો હું સરધસમાં પણ લઇ જવાનો છું. મેં તો એમના પિતાને કહ્યું છે આ છોકરો અમને સુપરત કરી દે. દાદા ત્યારે ખડખડાટ હસ્યા હતા. તેવું જ હાસ્ય તેમણે પીરસ્યું છે. દાદા, મુરબ્બી જુગતરામભાઇ, સ્વાજલાના સ્વ. મોરારજીભાઇની પથારીની લગોલગ જ મારું બિછાનું આવ્યું. રોજ સવારે આંટી બનાવવાની આવે કે પાટી વણવાની આવે ત્યારે, દાદા તેની સમજ આપે અને જ્યારે કેમ કામ ઉકેલવું તે બતાવે. ૧૯૨૯માં દાદા નાગપુર સત્યાગ્રહ વખતે પહેલીવાર જેલમાં ગયા ત્યારે આદર્શ કેદીનું બિરુદ પામ્યા હતા. ધાણી ચલાવવાની હોય કે સાફસૂફી કરવાની હોય, બોદવાનું હોય કે રસોઇ કરવાની હોય તો દાદા સમય પહેલાં કામ પતાવી દે. તે વખતે જેલરે કહ્યું હતું કે આવો આદર્શ કેદી મેં કદી જોયો નથી. ૧૯૩૨ના જેલવાસ વેળાએ મને જેલના એક નિયમભંગ માટે શણનાં કપડાં પહેરવાની સજા થઇ. પૂરા બે મહિના માટે મારે શણનાં કપડાં જ પહેરવાના રહ્યાં હતાં. દાદાએ મારું નામ પાડયું સૂબેદાર. 'તને હવે જેલમાં કોઇ નહિ સતાવે, બધા તારાથી ડરશે' રોજ આવા જ પ્રેમપૂર્વક તે મારી અને મારા જેવા યુવાનોની સંભાળ લે અને જાત જાતની વાતો કરે. કોઇવાર રાતના બહાર સૂવાનું થાય તો આકાશમાં તારાઓનું દર્શન કરાવે. અમારી સાથે ત્યારે મનમોહન બોમ્બ કેસના આરોપી શ્રી મદનમોહન ગુપ્તા હતા. શ્રી ગુપ્તાજી આજે 'સરસ્વતી'ના સંપાદક છે. દાદા સાથે તેમને ઘણો અહોભાવ. દાદા સાથે તે હિંસા–અહિંસાની ચર્ચા કરતા હતા. દાદા તેમને ગાંધીજીની અહિંસાનો મર્મ સમજાવતા. શ્રી ગુપ્તાએ પોતાના પુસ્તકમાં નોંધ્યું છે કે બોમ્બ અને હિંસાનો માર્ગ મેં છોડયો હોય તો પૂ. રવિશંકર મહારાજના પ્રતાપે. એ જ વખતે જેલમાં બીજા બે વિપ્લવવાદીઓ હતા. હમણાં જ દિવંગત થયેલા ઝાંસીના પંડિત પરમાણુંદ અને બીજા યુવાન, શીખ વિપ્લવવાદી સચ્ચાસિંધ પરમાણુંદજી ત્યારે બધા ચક્કરના સેપરેટ સેલમાં બંધ હતા. દાદાને એકવાર તેમણે સંદેશો મોકલેલો કે મારે આપનાં દર્શન કરવા છે. દાદા ત્યાં પણ અવારનવાર જતા. સચ્ચાસિંધ અઠવાડિયામાં એકથી બે વાર દાદાની આજ્ઞા મુલાકાતે આવતા અને પ્રણામ કરી જાય. માત્ર વિપ્લવવાદીઓ જ નહિ પણ જેલમાં ગુનાઓ માટે પકડાયેલા ધરારાઓ, બારૈયાઓ, પોતાના મહારાજને પગે લાગવા આવતા. અગારે, વોર્ડન ધરારા કોમનો હતો. અને એ તો દાદા તમારે કંઇ જોઇએ છે એવું હંમેશ પૂછી જતો. આ બધા વોર્ડનોને અને કેદીઓને દાદા માટે ત્યારે આદર. તેમના ઘણાખરાના કુટુંબીઓ તો દાદાના પરિચયમાં પણ આવ્યા અને તેમને એ બધા માટે દાદાએ કેવું કામ કર્યું છે તેની પણ વાત કરતા. બહારવટિયાઓના વિસ્તારમાં તેમના સેવાકાર્યનો થોડો ખ્યાલ પણ મને હતો. તે પ્રસંગો અમે તેમને પૂછતાં પણ ખરા. નમ્રતાપૂર્વક એ કહેતાં કે તેમાં કાંઇ ખાસ આવી નથી. તેમના ખમીરને થોડો વળાંક આપી શકે તેનો અને આનંદ છે. ત્યાર પછી તો દાદાને ઘણીવાર મળવાનું થયું. ૧૯૩૩થી માંડીને ૧૯૪૦–૪૧ સુધી અમે ગરમ સમાજવાદી દળ સભ્યને, ગુજરાત પ્રાંતીય સમિતિને, સ્થાપિત આગેવાની સામે ઘર્ષણમાં પણ આવવાનું થતું. દાદા અમારી લાગણીની કદર જરૂર કરતા. એ કહેતા કે સામાજિક અને આર્થિક અન્યાય સામેની લડત તદ્દન વાજબી છે. પરંતુ તમારી કાર્યનિષ્ઠિ

(અનુસંધાન પૃ. ૫૯)

વિજય કોનો?
નચિકેતાનો કે યમનો?

ડૉ. કાન્તિલાલ શાહ

મારું દૃઢ માનવું છે કે નચિકેતાનો પ્રશ્ન આ પૃથ્વી પર જ આ સ્થૂળ શરીરથી જ મૃત્યુને જીતીને અમર થવા અંગત હતો. યમને આ વિષે કંઈ ગતાગમ નહોતી, તેથી આનાકાની કરે છે. ઉપનિષદ્‌ના ઋષિ પણ એ જાણતા નથી તેથી બતાવી શકયા નથી, ને ઉપનિષદ્ પૂરું થયા પછી, બિન-જરૂરી જ્ઞાનની વાતો કરી છે. શ્રી કૃષ્ણપ્રેમ એટલું તો સ્વીકારે છે કે નચિકેતાનો પ્રશ્ન પ્રેતે (અહીંથી ગયા પછીની સ્થિતિ) અંગત તો નથી. એ મધ્વાચાર્યનો હવાલો આપી પ્રેતેનો અર્થ 'મુક્ત થયા બાદ' (અથવા જીવતાં જીવતાં મરી ગયા બાદ) જીવન્મુક્તની સ્થિતિ વિષે નચિકેતા પૂછે છે એવું અર્થઘટન કરે છે. આવું માનીએ તો જિજ્ઞાસુ નચિકેતા એકદમ જ્ઞાની બની ગયો છે એમ માનવું પડે, ઉપરાંત યમને જેની ખબર નથી એવું જ્ઞાન એ આપી શકે એમ સ્વીકારવું પડે. આ સ્થૂળ શરીરથી અમર થવાની વાતને કૃષ્ણપ્રેમ હસી કાઢે છે (પાનું ૬૪), છતાં શાસ્ત્રમાં જેમને ચિરજીવી કહ્યા છે, તેમનો ઉલ્લેખ કરી લખે છે, 'જગતની બધી પ્રજાઓમાં ચિરંજીવી વ્યક્તિઓ વિષે પરંપરાગત માન્યતા જોવામાં આવે છે. આ વ્યક્તિઓએ પોતાના પરમપિતા સાથે અભેદ સાધી લીધો હોય છે, અને અહીં જ, આ પૃથ્વી પર જ, વિચરતા હોય છે. એવાનાં જીવન આપણી કલ્પનામાં પણ આવી શકે નહિ." (પાનું ૩૩, અહીં ભાવાર્થ આપ્યો છે.)

"ઉપનિષદોનો અભ્યાસ"માં વિનોબાજી લખે છે "મુક્તિ એટલે મૃત્યોઃ મૃત્યુઃ મરણનું મરણ એવો અર્થ છે, જીવનનું મરણ, એમ નહીં" (પાનું ૪૦) * વળી લખે છે, "શાંતિ એ જ ૐકારોપાસનાનું સાધન, સ્વરૂપ અને સાધ્ય હોઈ ઋષિઓના સર્વ તત્ત્વજ્ઞાનનું એ કેન્દ્ર છે." (પાનું ૭૮) વિનોબાજી વધુમાં લખે છે, "જનકે ભરેલી બ્રહ્મ પરિષદમાં આર્તભાગ ઋષિએ મરણોત્તર જીવન વિષે એવો પ્રશ્ન પૂછ્યો હતો કે 'મરણ પછી પિંડનાં સર્વ તત્ત્વો બ્રહ્માંડમાંનાં તત્ત્વો સાથે મળી જાય પછી આત્મા ક્યાં હોય છે?' તે અંગે આવા ગૂઢ વિષયની ચર્ચા સમુદાયમાં ન થાય' એમ કહી યાજ્ઞવલ્કય આર્તભાગને લઈને પરિષદની બહાર ગયા, અને ત્યાં આત્માની આગલી ગતિ અંગે તેમણે ગુપ્તપણે ચર્ચા કરી એવું ઉપનિષદમાં વર્ણન છે." (પાનું ૮૮) આપણે તો આ ચર્ચા વિષે કલ્પના જ કરવાની રહી. પરંતુ આપણે યાદ રાખીએ કે ગાર્ગી યાજ્ઞવલ્કય ને કહે છે, 'જેનાથી હું અમર ન થાઉં તે લઈને હું શું કરું?' આ ઉપરાંત કઠોપનિષદ્‌માં અને બીજા ઉપનિષદોમાં વારંવાર મૃત્યુને તરી જવાની, યમના પાશમાંથી છૂટવાની અને અમૃત ભોગવવાની વાતો આવે છે. એક હકીકત તો સ્પષ્ટ છે કે યમના પાશથી આ દેહ જ બંધાયેલો છે, મૃત્યુ પણ દેહનું જ થાય છે, તેથી અમરતા દેહની જ હોઈ શકે. શ્રી અરવિંદ આવી જ વાત કરતા લાગે છે. તે લખે છે, 'It is here. Here, in this mortal life and body that immortality must be won' (પાનું ૨૦૭) × ભાવાર્થ કે આ પૃથ્વી પર જ અને આ મરણશીલ શરીરથી જ અમરતા મેળવવાની છે. પરંતુ આગળ જતાં શ્રી અરવિંદ પોતે જ આવી શકયતા નકારી કાઢે છે. તેઓ લખે છે, 'પ્રાણશક્તિ જ્યારે સ્થુળ દેહમાં પ્રવેશે છે – કબજો લે છે – ત્યારે આ શક્તિને અંશતઃ જડતત્ત્વના નિયમો લાગુ પડે છે. આમ હોવાથી પોતાના એ સ્થૂળ સ્વરૂપને પોતાની સમગ્ર અને અબાધિત શક્તિ પ્રાણ આપી શકતા નથી. પરિણામે શારીરિક અમરતા (physical immortality) આવી શકતી નથી." (પાનું ૫૧૯)× આથી ઊલટ પક્ષે જોએલ ગોલ્ડસ્મિથ (૧૮૯૨થી ૧૯૬૪) નામના એક આધુનિક સાક્ષાત્કારી પુરુષ–જેઓ વેદાન્તની માફક એક જ સત્તા સ્વીકારી, તે એક જ અનેક થયો છે એવું પણ માનતા હતા–તેઓ લખે છે, આપણે જાણીએ છીએ કે જીસસ આત્માની અમરતા સાથે સાથે જ દેહની અમરતા પણ સ્વીકારતા હતા; કારણ તેઓ એનું એ જ શરીર લઈ સદેહે કબરમાંથી ઊઠી પોતાના શિષ્યોને પ્રત્યક્ષ થયા હતા. વેદાન્તે આવી અમરતા સ્વીકારી નથી. જીસસે પોતાના શિષ્યોને કહ્યું હતું, જેમ તમે મને જુઓ છો કે મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતાં નથી' (લુકની સુવાર્તા: ૨૪–૩૯) ××

મારી મુખ્ય દલીલ એ છે કે જો સર્વમ્ ખલુ ઇદમ્ બ્રહ્મ । એ હકીકત હોય જે કંઈ છે ને દેખાય છે તે બધું જ બ્રહ્મ હોય, તો આ દેહ પણ બ્રહ્મ હોઈ મરણશીલ કેવી રીતે હોઈ શકે? અને અવિનાશી, અવિકારી અને અમર હોવો જ જોઈએ. આપણો ખૂબ જાણીતો શ્લોક છે કે

પૂર્ણમદ પૂર્ણમિદં પૂર્ણાત પૂર્ણં મુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણં માદાય પૂર્ણ મેવાવશિષ્ય તે ।।

આ મુજબ પ્રત્યેક જીવ, પ્રદાર્થ, જડ, ચેતન–બધું જ પૂર્ણ છે. ત્યારે આ શરીર પણ પૂર્ણ જ હોવું જોઈએ, અને તેથી અમૃતત્વનું અધિકારી છે–હોવું જોઈએ. આ પ્રશ્ન જ નચિકેતાના મનમાં હતો એવું મને લાગે છે. યમ તેનો ઉત્તર આપી શકતો નથી, આપી શકે પણ નહિ, કારણ એનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે. આવી વસ્તુસ્થિતિ હોવાથી યમને ત્યાંથી પાછા આવ્યા બાદ નચિકેતા પોતાનું શેષ આયુષ્ય પુરું કરી મૃત્યુ પામે જ છે. એ યમને ત્યાંથી યમની મહેરબાનીને કારણે પાછો આવે છે. પણ અંતતોગત્વા વિજય યમનો જ થાય છે.

અમારા પ્રાર્થનાસમાજમાં અમે ગાઈએ છીએ, 'આંધી છે અવધિ ત્યહાં લગી મતિ જીવો તણી ચાલશે; એથી પાર ગયે બહુ ભ્રમ થશે...' એટલે આ વિષય આપણી બુદ્ધિની મર્યાદાની પારનો સમજવો. મારું એટલું જ કહેવું છે કે આપણાં ઉપનિષદો ભલે કહે બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ કે મર્ત્યોઽમૃતો ભવતિ । કે તત્ર બ્રહ્મસમશ્નુ તે...
વગેરે વગેરે પણ આપણો પ્રત્યક્ષ અનુભવ તો જાતસ્યહિ ધ્રુવોમૃત્યુઃ એ જ છે; અને વ્યાસ હોય કે વાલ્મીકિ, શ્રી

* 'ઉપનિષદોનો અભ્યાસ' વિનોબા (૧૯૬૧), યજ્ઞ પ્રકાશન, વડોદરા.

અરવિંદ હોય કે રમણ મહર્ષિ કે રામકૃષ્ણ હોય બધા જ જન્મ, મૃત્યુ, જરા વ્યાધિથી બંધાયેલા કે સપડાયેલા હતા; અને બધા ઉપર યમ નો જ વિજય થયો છે.

નોંધ :-(૧) કઠોપનિષદ્‌ના ઘણા શ્લોકો મને અસ્પષ્ટ લાગે છે. કેટલાક શ્લોકો કોણ બોલે છે તે પણ બરોબર સમજાતું નથી. શ્રી નાનાભાઈ ભટ્ટે તો માત્ર ત્રીજા ભાગના મૂળ શ્લોકો જ આપ્યા છે, તેથી એ પ્રસ્તક બહુ મદદગાર નથી.

(૨) નચિકેતાનું આખ્યાન ઋગ્વેદના દસમા મંડળમાં પણ છે: 'પિતૃલોકમાં નિવાસ કરતા યમરાજનાં દર્શન કરવા, કુમાર નામનો એક ઋષિ જઈ પહોંચે છે. તે યમરાજને ગુરુપદે સ્થાપે છે; માટે તે કુમાર યામાયન ગણાય છે. નચિકેતા તેનું પ્રસિદ્ધ નામ છે' (વેદ પરિચય પુસ્તિકા પાંચમી, પાનું ૨૬, લેખક વિષ્ણુદેવ પંડિત). આ જોતાં પંડિત સુખલાલજીની વાતનું સમર્થન થઈ શકે.

(૩) નચિકેતા બીજું વરદાન માગે છે ત્યારે કહે છે, 'સ્વર્ગમાં ભય નથી, શોક નથી, ભૂખ-તરસ નથી, ઘડપણ નથી, યમની સત્તા નથી.' ને તેથી યમ પાસે સ્વર્ગે જવાની વિદ્યા માગે છે. યમ તે શીખવે છે; નચિકેતા બહુ ઝડપથી શીખી લે છે, જે જોઈ યમ પ્રસન્ન થાય છે.

(૪) આ વિદ્યા શીખી લીધા પછી નચિકેતાને કંઈ જાણવાનું બાકી રહે ખરું? બાકી રહેતું હોય તો એટલું જ રહે, કે ઉપર ગણાવી તે બધી સિદ્ધિ મૂઆ પહેલાં જ સદેહે કેવી રીતે મળે? નચિકેતાની ત્રીજી માગણી આ લોકમાં જ અમૃતત્વ ભોગવવાની હોઈ શકે.

(૫) કઠોપનિષદ્‌માં બે અધ્યાય છે, દરેકમાં ત્રણ ત્રણ વલ્લી છે. જ્યાં પહેલો અધ્યાય પૂરો થાય છે ત્યાં જ આ ઉપનિષદ્‌ અને નચિકેતાનું આખ્યાન સમાપ્ત થાય છે. (શ્લોક ૧૬, ૧૭) આ પછી એક આખો બીજો અધ્યાય (ત્રણ વલ્લી અને ૪૮ શ્લોકવાળો) કાં તો એના એ જ ઋષિએ અગર બીજા વેદાંતીએ ઠઠાડી દીધો લાગે છે.

(૬) એક હકીકત નોંધપાત્ર છે. અધ્યાય પહેલાની પહેલી વલ્લીના વીસમા શ્લોકમાં નચિકેતા પોતાની ત્રીજી માગણી રજૂ કરે છે. ત્યાર પછી આઠેક શ્લોકમાં આડીઅવળી વાતો થાય છે. ૨૯માં શ્લોકમાં નચિકેતા એક શબ્દથી પોતાની માગણી વણવે છે. સામ્પરાય : આ સામ્પરાય એટલે શું? ૨૯મા શ્લોકથી પહેલી વલ્લી પૂરી થાય છે. બીજી વલ્લીની શરૂઆત શ્રેય અને પ્રેય ની ચર્ચાથી થાય છે. ને સામ્પરાય ની વાત અદ્ધર લટકતી રહી જાય છે. બીજી વલ્લીના છઠ્ઠા શ્લોકમાં આ સામ્પરાયનો ઉલ્લેખ આવે છે. न सामपरायः प्रतिभाति बालम् અને જે આ સામ્પરાય ને સમજતા કે જાણતા નથી તે ફરી ફરીને યમના પાશમાં સપડાય છે એમ કહ્યું છે, ત્યાર પછીના જ એટલે સાતમા શ્લોકમાં જે વણવે આવે છે श्रवणायापि बहूभिर्यो न लभ्यः વગેરે વગેરે તે આત્માનું છે એમ આપણે બધા-ભાષ્યકારો, ભાષાંતરકારો, વ્યાખ્યાતાઓ-માનીએ છીએ તથાપિ અહીં આત્માની વાત છે એવો કોઈ પૂર્વ નિર્દેશ નથી. વળી ઉપર જ સામ્પરાયની વાત આવી છે; સામ્પરાય એ પુંલિંગી શબ્દ છે; તો શ્લોક ૭ અને ૮ સામ્પરાય વિષે જ છે એમ કેમ ન કહેવાય? અને સામ્પરાય એટલે 'સદેહે અમર થવાની વિદ્યા' એવો અર્થ લઈ શકાય કે પંડિતો વિચારે.

આ વિષયમાં જૈન તત્ત્વજ્ઞાન શું કહે છે તે જાણવાનું બધા વાચકોને ગમશે.

× Upanishads-Birth Centenary Library Vol. 12.

×× Joel Goldsmith-Consciousness Unfolding, (1962), Citadel Press, N. J. pg. 175.

ઉકરડે ઊગ્યું ગુલાબનું ફૂલ!

● ડા. હરીશ વ્યાસ

કહેવામાં આવ્યું હતું કે ઓરિસ્સાના મુખ્ય મંત્રી શ્રી નવકૃષ્ણ ચૌધરી કાલે સવારે બરાબર આઠ વાગ્યે પત્રકારોને હરિજન આશ્રમના 'હૃદયકુંજ' માં મળશે. પ્રથમવાર એ મુખ્ય મંત્રીશ્રીની હેસિયતથી આવી રહ્યા હતા. એટલે મિલન માટે આવેલા પત્રકારોના મનમાં તો રાજકીય ભભકો અને ડોળ દમામ તથા કારોની વણઝાર જ હોય ને? સમય વિતાવવા માટે પત્રકારો આપસ આપસમાં ગપસપ કરી રહ્યા હતા. સમય થઈ ગયો હોવા છતાં યે મુખ્ય મંત્રીશ્રી તો પધાર્યા જ નહોતા!

હા, બરાબર આઠને ટકોરે એક ગામડિયા જેવો માણસ, 'હૃદયકુંજ'ના ઓટલા ઉપર, કોથળો ઊંચકીને આવ્યો. ખાદીનો ઝભ્ભો, ધોતી અને દુપટ્ટો તથા સાદા ચંપલ, એ એના પહેરવેશની ખાસિયત. લથરવથર ચાલતો એ ચશ્માં ઉતારીને, રેંટિયો કાઢીને, કાંતવા લાગ્યો. અને ગાંધીભૂમિમાં રહેલી વિરાટ વિભૂતિને માણતો ચૂપચાપ એ કાંતતો જ રહ્યો અને રસના ઘૂંટડા પીતો જ રહ્યો!

આશ્રમના સંચાલકોને પત્રકારોએ બીજે દિવસે ફરિયાદ કરી કે ઓરિસ્સાના મુખ્યમંત્રીશ્રી તો પધાર્યા જ નહોતા એટલે મુલાકાત થઈ શકી નહિ! ખૂબ ખૂબ રાહ જોઈને છેલ્લે પાછા જવા માટે નારાજી યે વ્યકત કરવામાં આવી! આશ્રમના સંચાલક શ્રી પરીક્ષિતલાલ કહે, 'એ ન હાજર રહ્યા હોય એવું બને જ નહિ! એ ચોક્કસ આવ્યા હશે, પરંતુ તમારો ભેટો જ નહિ થઈ શક્યો હોય! સમયપાલનના તો તેઓ ભારે હિમાયતી છે જ.' સામેથી કહેવામાં આવ્યું કે, 'અમે ય સમયસર હાજર રહેલા અને ખૂબ ખૂબ રાહ જોયેલી! પણ તેઓ મળ્યા જ નહિ. પરીક્ષિતભાઈ કહે, 'જુઓ, 'હૃદયકુંજ'ના ઓટલા ઉપર કોઈ લથરવથર કપડાંમાં માથે કોથળો ઊંચકીને આવેલું ખરું? અને ઓટલા ઉપર બેસીને, રેંટિયો કાઢીને કોઈ કાંતતું હતું ખરું?' પેલાઓએ કહ્યું, 'હા, એક ગામડિયા જેવો માણસ અમે જોયો હતો ખરો! અને બેઠા બેઠા ઓટલા ઉપર રેંટિયો કાંતતો હતો! એ ય અમે જોયેલું!' પરીક્ષિતભાઈ કહે, 'એ જ હતા ઓરિસ્સાના મુખ્ય મંત્રીશ્રી નવકૃષ્ણ ચૌધરી!' સામેથી પેલાઓ કહે, 'તદ્દન ગામડિયા જેવા મુખ્યમંત્રી! અને તે ય જાતે જ સામાનનો કોથળો માથે ઊંચકીને આવેલા તે જ? નર્યા રેંટિયો કાંતવામાં અને ચિન્તનમાં જ વ્યસ્ત! જાણે કોઈ શરમાળ વધૂ હોય એવા જ લાગતા હતા! આ તો આખું કોકડું શાકમાં ગયું, ભલા!' અને પરદે

ક્ષિતભાઇ ખડખડાટ હસતાં હસતાં કહેવા લાગ્યા, 'ગાંધીવાદી મુખ્ય મંત્રી તો સાદાસીધા અને શ્રમનિષ્ઠ જ હોય ને? તમે આવી ઓળખવામાં જ ભૂલ કરી પાડશો એવો મને ખ્યાલ હોત તો હું સાથે જ આવતને!'

ભારતનું પરમ ભાગ્ય છે કે મહાત્મા ગાંધીએ રાષ્ટ્રને આઝાદી અપાવી અને એમની વિચાર પરંપરાને ઉજાગર કરે તેવા બેએક મુખ્ય મંત્રીઓ ગુજરાત અને ઓરિસ્સામાં જોવા મળ્યા. ગુજરાતમાં–સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી હતા શ્રી ઉછરંગરાય ઢેબર, જે સર્વત્ર 'ઢેબરભાઇ'ને નામે પ્રસિદ્ધ હતા. અને બીજા તે ઓરિસ્સાના મુખ્યમંત્રી શ્રી નવકૃષ્ણ ચૌધરી. બન્નેનાં દિલમાં દરિદ્રનારાયણ, જનસેવા, સ્વૈચ્છિક ગરીબી અને ગ્રામોદ્ધાર તથા ગ્રામસ્વરાજ્યની ગાંધીભાવનાઓ રૂંવે રૂંવે રમતી હતી. બન્ને જ દર્શનીય વિભૂતિઓ હતી!

અમે ગુજરાતના પ્રસિદ્ધ કેળવણીકાર, સાહિત્યકાર અને કવિ–વિવેચક શ્રી કોલમભાઇ માંકડની ગરબરીમાં અલિયાબાડા (જિ. જામનગર)માં 'ગંગાજળા વિદ્યાપીઠ' ઊભી કરી હતી. સંસ્થાઓના ગ્રાન્ટ વગેરેના કાગળો સાથે ચિઠ્ઠી આપીને મને શ્રી કોલમભાઇએ રાજકોટ, મુખ્ય મંત્રી શ્રી ઢેબરભાઇને 'સેનેટોરિયમ'માં મળવા મોકલ્યો. વહેલી સવારે મળવાના સમય પહેલાં ત્યાં પહોંચી ગયો. મારા માટે એમને મળવાનો એ પ્રથમ જ પ્રસંગ હતો. એક કાર્યકર્તાએ ચીંધ્યા પ્રમાણે, બંડમાં જઇને બેઠો. કોઇ નહોતું એટલે બહાર આંટાફેરા કરવા લાગ્યો. થોડીવારે એક સીધોસાદો ખાદીની બંડી અને ધોતી પહેરેલો માણસ, સાંધવાનો સોયો અને સૂતળી લઇને આવ્યો. સરખટના મૂડાઓના રબ્બરના પટ્ટા તૂટી ગયેલા હતા. જે એ સાંધવા લાગ્યો! એક પછી એક મૂડો લે અને સાંધીને બરાબર ગોઠવી દે. ઠીક ઠીક સમય જવાથી હું થોડો કંટાળ્યો હતો, એટલે ખંડમાં ગયો. એ પટાવાળો હશે એમ ધારીને મેં પૂછયું, 'એ ય ભાઇ! રાહ જોઇ જોઇને હું તો થાકી ગયો છું. આ મુખ્ય પ્રધાન ઢેબરભાઇ ક્યારે આવશે? મરકતાં મરકતાં એ કહે, 'ઢેબરભાઇને મળવું છે ને? એ ઢેબરભાઇ હું પોતે જ છું! બેસો આ મૂડા ઉપર! મૂડાને સાંધતા આ મુખ્ય મંત્રીશ્રીને જોઇને હું ત્યાં આરણા પાસે જ સડક થઇ ગયો! 'કેમ બેસોને? આશ્ચર્યમાં કેમ પડી ગયા છો?' કોણ જાણે બોખડી જ બંધ થઇ ગઇ હતી! આ માણસે મુખ્યમંત્રી વિશેની મારી હાડમાઢવાળી 'ઇમેજ' (પ્રતિમા)ને જાણે ભાંગીને ભૂકકો કરી દીધી હતી! ધીમે ધીમે બોલવાની મેં હિંમત કરી, 'મુખ્યમંત્રી થઇને તમે આવું સાદું જીવન જીવો છો અને સીવણકામ કરો છો?' એમણે કહ્યું, 'આ તો બધી બાપુ (ગાંધીજી)ની દેન છે. મુખ્ય પ્રધાન થયા એટલે શું મોટા માણસ મટી ગયા? બધા બેસો તો કામ કરીને જીવે છે, તો હું યે થોડુંક કામ કરું છું, એમાં મેં ભારે શું કરી નાખ્યું? સામાન્ય માણસના જીવન સાથે તાલ મેળવીશું. તો જ 'બાપુ' કહેતા હતા તેવું સ્વરાજ્ય થશે! હા, વહીવટી કામ અને મૂડાને સાંધવાનું કામ-બેઉની મારે મન સમાન કિંમત છે.' આમ કહીને તેઓ પોતાનો રેંટિયો લઇને, એક ચટાઇ ઉપર બેસીને, કાંતવા લાગી ગયા. અલિયાબાડા અને વિદ્યાપીઠનાં કામોની વાતચીત કરી કે તરત જ નોંધ લીધી અને ટેલિફોન કરીને મને સચિવ પાસે મોકલીને, સપાટાબેર કામ પતાવી આપ્યું. આજેય આ ગાંધીવાદી મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઇને ભૂલી શકાતા નથી. મનમાં થાય છે કે સ્વરાજ્યમાં તો આવા જ મુખ્યમંત્રીઓ હોવા જોઇએને?

શ્રી નવકૃષ્ણનો જન્મ ઇ. સ. ૧૯૦૧ માં, અગિયારમી નવેમ્બરે ઓરિસ્સાના કટક જિલ્લામાં, જગતસિંગપુર પાસે, બેરાસો નામે ગામમાં, ગોકુલનાથ ચૌધરીને ત્યાં થયો હતો. પિતા વકીલ હતા. કટકની રેવેન્શો કોલેજમાંથી તેઓ બી. એ. થયેલા. પાછળથી ઇ. સ. ૧૯૨૩ માં વધુ અભ્યાસ માટે બંગાળમાં કલકત્તા પાસે આવેલા બોલપુર, 'શાન્તિનિકેતન'માં ગયેલા, જ્યાં ગુરુદેવ ટાગોરની વિશ્વભારતી અને સાંસ્કૃતિક સમન્વયની ભાવનાઓ ઝીલતાં, શ્રી માલતીદેવીનો પરિચય લગ્નમાં પરિણમ્યો. એમના વડીલબન્ધુ ગોપબન્ધુ ચૌધરી અને રમાદેવી ચૌધરી સાથે આઝાદીની લડતોમાં યે તે સક્રિય ભાગીદાર બનેલા. ગોપબન્ધુ તો 'ઓરિસ્સાના ગાંધી'ને નામે વિખ્યાત હતા કટક જિલ્લાના તાટિકુંડામાં તેમણે જમીનદારો વિરુદ્ધ બેઠૂતોને સંગઠિત કરીને અહિંસક લડત આપી હતી. ઇ. સ. ૧૯૩૦ માં મીઠા સત્યાગ્રહ નિમિત્તે ત્રણસો સ્વાતંત્ર્ય–સૈનિકો સાથે તેમણે અંગ્રેજ સરકાર સામે લડત ચલાવી હતી. અને કારાવાસો વહોર્યા હતા. ઇ. સ. ૧૯૩૪ માં આચાર્ય નરેન્દ્ર દેવ અને શ્રી જયપ્રકાશ નારાયણે સ્થાપેલા 'કોંગ્રેસ સમાજવાદી ફોરમ'માં ભળીને શ્રી ભાગવત પાણિગ્રહી સાથે ઓરિસ્સામાં એનો પાયો નાંખ્યો હતો. ૧૯૩૬માં ઓરિસ્સાની રચના થયા બાદ નવકૃષ્ણ, ધારાસભ્ય તરીકે, વિધાનસભામાં ભારે બહુમતીથી ચૂંટાયા હતા. ઇ. સ. ૧૯૩૮માં રાજાઓ સામે 'ગદાજાત ચળવળ' ચલાવી હતી. અને દેશી રાજ્યો સામે પ્રજા વતી દાદ માગી હતી. નેવું હજાર લોકો સાથે થલ્યર અને ઢેંકાનાલમાંથી રાજાઓના ત્રાસ સામે હિજરત કરી હતી અને અંગુલમાં આશ્રય લીધો હતો. દેશી રાજાઓના રક્ષણની સામે એમણે પ્રજા વતી ભારે ઊહાપોહ મચાવ્યો હતો. વળી ૧૯૪૦–'૪૨ ની 'હિન્દ છોડો' લડતમાં, બ્રિટિશ સરકાર સામે અવાજ ઉઠાવતાં એમને જેલમાં પૂરવામાં આવેલા. પરંતુ આ બાર માસ બાદ છૂટયા હતા. અને ફરીથી ૧૯૪૨માં તેમને ચાર વર્ષ માટે કારાવાસ આવ્યો હતો. ઇ. સ. ૧૯૪૭માં ફરીથી એ વિધાનસભામાં ચૂંટાઇ આવ્યા હતા. અને શ્રી હરિકૃષ્ણ મહેતાબની સરકારમાં મહેસૂલી પ્રધાન બન્યા હતા. પરંતુ ૧૯૪૮માં તેમના પુત્રનું મૃત્યુ થતાં તેમણે આ સ્થાનેથી રાજીનામું આપેલું. પરંતુ ડો. મહેતાબની વિનંતીથી તેમણે 'નઇ તાલીમ સમિતિ'ના મંત્રી તરીકે કેટલોક સમય સેવાઓ આપેલી. ઇ. સ. ૧૯૫૦માં ડો. મહેતાબ કેન્દ્ર સરકારમાં ઉદ્યોગ પ્રધાન બનતાં, શ્રી નવકૃષ્ણ ઓરિસ્સાના મુખ્ય મંત્રી બન્યા હતા. ઇ. સ. ૧૯૫૦ થી ૧૯૫૬ સુધી તેઓ ઓરિસ્સાના મુખ્ય મંત્રી તરીકે રહ્યા અને લોકસેવાનાં અનેક કામો કરેલાં.

પરંતુ એમને આ રાજકીય સેવાઓથી સન્તોષ નહોતો. એટલે રાજીનામું આપ્યું. અને સર્વોદયથી પ્રવૃત્તિઓમાં પૂ. વિનોબાજી સાથે જોડાયા. વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ ત્રણેક અંગત પત્રો લખીને તેમને કોંગ્રેસ પક્ષમાં પાછા ફરવા માટે વિનંતી કરી હતી, જેનો તેમણે સાદર અસ્વીકાર કર્યો હતો. અને ઇ. સ. ૧૯૫૬ થી માંડીને મૃત્યુ પર્યન્ત વિનોબાજી અને જયપ્રકાશજીનાં ભૂમિદાન–ગ્રામદાન અને ગ્રામસ્વરાજ્યનાં કામો દ્વારા સર્વોદય સમાજ રચવા માટે લોકશક્તિ જગાડવા

માટે મથતા રહ્યા હતા. ઇ. સ. ૧૯૫૯ થી ૧૯૬૩ સુધી તેઓ સર્વ સેવા સંઘના પ્રમુખ તરીકે કાર્ય કરતા રહેલા. ઇ. સ. ૧૯૭૫ માં કેન્દ્ર સરકારે કટોકટી જાહેર કરતાં, ત્યાંના મુખ્ય-પ્રધાન શ્રી નન્દિની સત્પથીની સરકારે તેમને જેલમાં પૂર્યા હતા. બારિપાડા જેલમાં લોહીનું દબાણ અને લકવાના હુમલાને કારણે એક પગ અને જીભ ઉપર તેની અસરો આવી ગઇ હતી. બરાબર ત્યાંસી વર્ષ સુધી તેમણે સખત પરિશ્રમ કરીને, ગાંધી-વિનોબા-જયપ્રકાશને માર્ગે અહિંસક ક્રાન્તિ પ્રગટાવવા માટે ભારે પુરુષાર્થ કર્યો છે. એમના સારા યે પરિવારના પ્રચંડ પુરુષાર્થે લોકશક્તિને ઓરિસ્સામાં સારા પ્રમાણમાં જાગૃત કરી છે, જેને લીધે તેઓ પ્રજામાં અત્યન્ત પ્રિય બન્યા હતા.

મુખ્યમંત્રીપદે હતા ત્યારેય સરકાર તરફથી મળતા વૈભવવિલાસને છોડીને તેઓ સામાન્ય મજદૂરોના વાસમાં જ રહેલા. સાદું જીવન, પ્રામાણિકતા અને જનસેવાને વરેલા તેઓ પ્રજાનાં સુખદુઃખ સાથે સમસંવેદનશીલ હતા. વિધાનસભા કે પ્રધાનમંડળની બેઠકોમાં તેઓ સાયકલ સવાર થઇને ભાગ લેવા જતા. જે નળ ઉપરથી લોકો પાણી ભરતા ત્યાંથી જ માલતીદેવી પાણી ભરી લાવતાં. પ્રધાનોને મળતી તમામ ખાસ સુખ – સુવિધાઓનો સામેથી ત્યાગ કરીને તેમણે સ્વૈચ્છિક ગરીબી સ્વીકારેલી. 'ભૂમિપુત્ર'ના ભૂતપૂર્વ તંત્રી શ્રી પ્રબોધ ચોકસીને ઘેર એક કાર્યક્રમ નિમિત્તે બારડોદરા આવેલા ત્યારે, ભોજનમાં સામેથી 'બાજરીનો રોટલો અને કઢી' જેવું સામાન્યજનનું ભોજન બનાવવા માટે ફરમાઇશ કરેલી. ભોજન વખતે તેમની ખુશી અને મસ્તી આજે ય ભૂલી શકાતી નથી!

સેવાગ્રામના સર્વોદય સંમેલનમાં ભાગ લેવા આવેલા હજારો લોકો માટે તેમણે 'સમૂહશ્રમ'નો કાર્યક્રમ નિર્દેશેલો. જેને વિનોબાજી, જે. પી., શંકરરાવદેવ, અણ્ણા સહસ્રબુદ્ધે, આશાદેવી કે. આર્યનાયકમ વગેરેએ બિરદાવેલો. વહેલી સવારે વિનોબાજી માટી ખોદે, જે. પી. પાવડા વડે માટી ભરે અને નવભાણુ તગારું ઉઠાવીને પાળા બનાવે :–આ મનોહર દૃશ્ય આજે ય વિસ્મરી શકાતું નથી! શ્રી નારાયણ દેસાઇ સાથે હું એમને મળવા ગયેલો ત્યારે સહજભાવે અભિવાદન થઈ ગયું. મને કહે, 'Dictatorship of the Prolitariet–સર્વહારાઓનું રાજ્ય કરવાની વાત માર્કસે કરેલી છે. એ ત્યારે જ થશે જ્યારે રાષ્ટ્રપ્રમુખ અને વડા પ્રધાનથી માંડીને એક ચપરાશી સુધી સૌ પ્રેમપૂર્વક યથાશક્તિ શ્રમનો સ્વીકાર કરશે. સર્વોદય સમાજના અધિવેશનમાં સામૂહિક પ્રાર્થના, સામૂહિક સફાઇ, સામૂહિક કતાઇ, સામૂહિક ધ્યાન વગેરેને સ્થાન હોવું જ જોઇએ...વ્યક્તિગત સાધના ઘણી ચાલી...હવે તો સામૂહિક સાધના ચાલવી જોઇએ. અણુવિજ્ઞાનયુગની આ માંગને આપણે જેટલા જલદીથી સમજીશું તેટલો સર્વોદય સમાજ જલદી થશે.'

સર્વોદય સંમેલન નિમિતે, એકવાર જયપ્રકાશજીની ઝુંપડીમાં ચર્ચા કરતા અમે બધા બેઠા હતા, ત્યાં માલતીદેવી નાસ્તા માટે બોલાવવા આવ્યાં. નવભાણુ કહે, 'અહીં લઇ આવો!' માલતીદેવી લઇ આવ્યાં. એટલે છાપુ પાથરીને કહે, 'તમારી પૂરીઓનો ઢગલો કરો અને કરો બિસ્મિલ્લાહ!' માલતી-દેવીએ હસતાં હસતાં નાસ્તાનો મીઠાઇ સાથે ઢગલો કર્યો. નવભાણુ કહે, 'બધા ભેદો છોડીને સાથે ખાઇશું-પીશું અને કામ કરીશું ત્યારે જ વિનોબાજીનું પેલું સૂત્ર સહનાવવતુ...સહનૌભુનક્તુ...સહવીર્યંકરવાવહૈ । સાર્થક થશે ને? એવું નહિ કરીએ ત્યાં સુધી ક્રાન્તિ કલ્પનામાં, હવામાં જ રહશે.'

આવા નિર્મળ સેવક, અનેક વિષયોના વિદ્વાન, રૂંવેરૂંવેથી ક્રાન્તિકારી અને વિચાર સાથે આચારનો સમન્વય સાધનાર શ્રી નવભાણુનુ જીવન સૌને માટે પ્રેરણારૂપ નીવડો! સદ્‌ગતના પવિત્ર અને તેજસ્વી આત્માને શત શત વન્દન! રાજકારણના ઉકરડામાં ઊગેલું એ ગુલાબનું ફૂલ સૌને સુવાસિત કરો! અસ્તુ!

સર્વ સામાન્ય નાગરિક ધારો: ખોટું શું?

ચેતન આચાર્ય

ધર્મ કે જ્ઞાતિનાં ભેદભાવ વિના ભારતના તમામ નાગરિકોને લાગુ પાડી શકાય તેવા સર્વસામાન્ય નાગરિક ધારાની આવશ્યકતા વિષે હમણાં સારી એવી ચર્ચા-વિચારણા ચાલી રહી છે સમગ્ર સમાજના સુધારા માટે અને સામાન્ય પ્રજાના લાભ માટે આ બાબતમાં ખુલ્લાપણાથી વાતો થાય તેમાં કંઇજ ખોટું નથી. બલ્કે આ ખૂબ જરૂરનું છે. સામાજિક વિકાસના સંદર્ભમાં આ એક આવશ્યક અને સાચું પગલું છે. આ કોઈ ધર્મ કે કોમને હલકી પાડવાની પ્રક્રિયા નથી. પણ સમગ્ર પ્રજાનાં ઉત્થાન અને સમાનતા માટેનો ઉદ્યમ છે.

માર્કસવાદી પક્ષના શ્રી નાંબુદ્રિપાદ અને ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી પેટીએ કેરળમાં એક પરિષા દરમિયાન આ સંદર્ભમાં કેટલાંક વિધાનો કર્યા છે. તેની સારી અને અરાબ ગરમ પ્રતિક્રિયાઓ થઇ છે. કોમવાદનો પોતાના અંગત રાજકીય લાભ માટે ઉપયોગ કરનારા રાજકારણીઓએ આ વિધાનોની આકરી ટીકા કરી છે, જ્યારે સ્વસ્થ રીતે વિચાર-નારા અને પ્રગતિવાદી વિચારકોએ આ વિધાનોને આવકાર્યા છે.

શ્રી પેટીએ સૈદ્ધાન્તિક રીતે પોતાનો અંગત અભિપ્રાય આપતાં માત્ર એટલું જ કહ્યું હતું કે લગ્ન, વિચ્છેદ અને વારસાના પ્રશ્નો દુન્યેથી બાબતો છે અને તેને ધર્મ સાથે જોડી શકાય નહિ. તેથી આ પ્રશ્નોને સર્વસામાન્ય ધારા હેઠળ તપાસવા જોઇએ, અને આ બાબત કોમ કોમ વચ્ચે અલગ અંગત ધારાઓ હોય તે સમાજના સ્વાસ્થ્યના હિતમાં નથી. તેમનું કહેવાનું માત્ર એટલું જ હતું કે સમાજ-શાસ્ત્રના સિદ્ધાંતની દૃષ્ટિએ પણ એક જ સમાજમાં રહેતી કોમોને જો અલગ અલગ અંગત ધારાઓ હોય અને તેને આધારે ન્યાય તોળવાનો હોય તો સમાનતાના સિદ્ધાંતનો છેદ ઊડી જાય છે. આ નથું સાંપ્રદાયિક અને અતાર્કિક વલણ છે.

સર્વસામાન્ય નાગરિક ધારાનો મુસ્લિમ લીગી તત્ત્વો વિરોધ કરે, કારણ તેમને કદાચ આ પોતાના ધર્મ પર આક્રમણ લાગે પણ જે રીતે ઇંદિરા કોંગ્રેસના નેતાઓ સર્વસામાન્ય નાગરિક ધારાનો વિરોધ કરી રહ્યા છે. તેમાં વોટની ગંધ આવે છે. સર્વ સામાન્ય નાગરિક ધારો કેવો હોવો જોઇએ તે વિષે મતભેદ હોઇ શકે,

પણ સર્વસામાન્ય નાગરિક ધારા વિષે ચર્ચા પણ ન થઈ શકે તે પ્રકારનું કૉંગ્રેસનું વલણ અંધારણની અવહેલના છે. આપણા અંધારણની 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો. મથાળા હેઠળની કલમ ૪૪માં સ્પષ્ટ રીતે સમગ્ર ભારત વર્ષના નાગરિકો માટે સર્વસામાન્ય નાગરિક ધારાની હિમાયત થઈ છે. કલમ ૫૧ (અ)માં નાગરિકની ફરજ સંબંધિત લખાણ છે, અને તેમાં સ્પષ્ટ રીતે જણાવાયું છે કે દરેક નાગરિકની ફરજ છે કે તે વૈજ્ઞાનિક મિજાજ, માનવતાવાદ અને સુધારાની ચેતનાનો વિકાસ કરે. કૉંગ્રેસ દ્વારા સર્વસામાન્ય નાગરિક ધારાના વિરોધમાં વૈજ્ઞાનિક મિજાજ, માનવતાવાદ કે સુધારાની ભાવના સદંતર દૃષ્ટિગોચર થતી નથી.

જે કોમો પોતાની કોમ માટે અંગત નાગરિક ધારાનો આગ્રહ રાખે છે અને તેમાં ધાર્મિકતા જુએ છે, તે લાંબા ગાળાની દૃષ્ટિએ પોતાની કોમનું અહિત કરે છે. જેમ મનુસ્મૃતિની જડતા આજના આધુનિક સમાજના સંદર્ભમાં ન ચાલી શકે. તેવી જ રીતે અન્ય કોમોનાં ધાર્મિક ગ્રંથોમાં જે વ્યવસ્થા કલ્પવામાં આવી છે તે આજના સંદર્ભમાં ઊણી જ ઊતરે. આમાં કોઈ ધર્મને કે તેના ધાર્મિક ગ્રંથને ઉતારી પાડવાની વાત નથી. એક વાત સ્પષ્ટ રીતે સમજવી જોઈએ કે સમયની સાથે સંદર્ભો પણ બદલાતા હોય છે અને સમયના તકાદા પ્રમાણે સમાજવ્યવસ્થા કે તેને લગતા કાયદા બદલવામાં કોઈ અધાર્મિકતા નથી, બલ્કે સામાજિક જરૂરિયાત છે. જે કોમ જડ રીતે પોતાનાં ભૂતકાળનાં તાણાવાણાને વળગી રહે છે અને વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની શક્યતાઓ સામે આંખ આડા કાન કરે છે તે કોમનો વિકાસ રૂંધાઈ જાય છે.

હિંદુ સમાજમાં જડતાનો પૂર્ણપણે હ્રાસ થયો છે તેમ તો ન કહી શકાય, પણ તે સમાજને રાજા રામમોહન રોયથી માંડી ગાંધીજી જેવા સમાજચિંતકો મળ્યા છે, જેમણે જડવાદને ઢંઢોળ્યો છે અને સમગ્ર સમાજના ઉત્થાન માટે આધુનિક દૃષ્ટિથી કામ કર્યું છે પણ મુસ્લિમ સમાજમાં હમીદ દલવાઈઓ ખૂબ ઓછા પાક્યા છે, જે આજના સંદર્ભમાં વિચારતા હોય. ખરેખર અત્યારે ભારતમાં જો કંઈ જરૂર હોય તો સામાજિક સુધારા માટેના આંદોલનની જરૂર છે. એક સમય એવો હતો કે અનેક હિંદુ સમાજસુધારકો પોતાના જનના ભોગે મુસલમાન સમાજમાં સુધારા માટે કામ કરતા, અને મુસલમાનોને પણ તેમની નિષ્ઠા અને નેકી પર શ્રદ્ધા હતી. આજે ભણેલા મુસલમાનોમાં પણ સમાજ સુધારકોની અછત વરતાય છે. જે કોઈ આંદોલનો થાય છે તે નાના સ્વરૂપનાં હોય છે. આખા સમાજને હચમચાવી બેઠો કરે તેવું હકારાત્મક આંદોલન થાય તો જ પ્રશ્ન હલ થાય.

રાજકીય પક્ષોની મૂળ ગણતરી મત મેળવવાની હોય છે, અને તેથી કોમ પ્રમાણે સમાજના વિભાજનને ટકાવવામાં તેમને રસ હોય છે. એકતા અને સામાજિક વિકાસ તેમને માટે અવરોધક પરિબળો સમાં છે. તેથી સમાજ સુધારાના કામમાં રાજકીય પક્ષો લક્ષ્ય આપે તેવું શક્ય હમણાં તો લાગતું નથી. કારણ એ તો સામે પ્રવાહે તરવાની વાત થઈ! અને તે જાતનું નેતૃત્વ બીજે જ મિજાજ માગે છે. દેશની હાલની નેતાગીરી રાજકારણીઓના હાથમાં છે, રાજપુરુષ દેખ્યો જડતો નથી. બિનસાંપ્રદાયિકતાની વાતો કરનારા, પોતાનાં કાર્યોમાં સંપૂર્ણ સાંપ્રદાયિક પ્રકારનું વલણ દાખવે છે, અને આવા સંજોગોમાં સર્વસામાન્ય નાગરિક ધારાની અપેક્ષા રાખવી તે સ્વપ્ન સમાન છે. તેમ છતાંય એક વાત સ્પષ્ટ છે કે આ આધુનિક યુગમાં તમામ કાયદાઓને આધુનિક સંદર્ભમાં તર્કબદ્ધ રીતે તાવવા જોઈએ. બધાં જ ધર્મોની દખલગીરી કાયદાના ઘડતરમાંથી દૂર કરવી જોઈએ. માત્ર વૈજ્ઞાનિક મિજાજ, માનવતા અને સમાજસુધારાને લક્ષ્યમાં લઈને જ, જ્યારે પણ થાય ત્યારે, સર્વસામાન્ય નાગરિક ધારો ઘડવો જોઈએ. આ દિશામાં વિચાર થાય તેમાં કંઈ ખોટું નથી.

સ્વ. રવિશંકર મહારાજને શ્રદ્ધાંજલિ અર્પવાની સભા

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

શ્રી મુંબઈ સર્વોદય મંડળ અને ગાંધી સ્મારકનિધિના સંયુક્ત ઉપક્રમે સ્વ. રવિશંકર મહારાજને શ્રદ્ધાંજલિ આપવા એક સભા સોમવાર, તા. ૯-૭-૮૪ના રોજ સાંજના ૬-૦૦ કલાકે શ્રી મોરારજીભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને નાના ચોક પર આવેલા શાંતાશ્રમમાં યોજવામાં આવી હતી. સર્વોદય તેમ જ ગાંધી વિચારસરણીમાં શ્રદ્ધા ધરાવનાર ભાઈ-બહેનો સારી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

જસ્ટીસ ધર્માધિકારીએ જણાવ્યું કે રવિશંકર મહારાજ જેવી સેવાભાવી અને કર્મયોગી વિભૂતિના અવસાનથી નિઃસ્વાર્થ સેવાના ક્ષેત્રે એક શૂન્યાવકાશ સર્જાયો છે. મહારાજે નિર્ભયપણે સેવા કેવી રીતે થઈ શકે એ આપણને શીખવ્યું.'

શોકસભાના પ્રમુખસ્થાનેથી ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજીભાઈએ બોલતાં જણાવ્યું કે 'મહારાજનું નિરામય જીવન ગીતામય બન્યું હતું. ગીતાના કર્મયોગને તેમણે જીવી બતાવ્યો. તેઓ ગીતાની પ્રતિકૃતિ સમા હતા. 'મહારાજનું સમગ્ર જીવન આપણા માટે દીવાદાંડીસમું છે. એમાંથી આપણે માર્ગદર્શન અને સેવાનો પ્રકાશ મેળવવાનો છે.' પ્રારંભમાં સર્વોદય કાર્યકર ઉષાબેન મહેતાએ મહારાજના નિધન અંગે, મુંબઈના રચનાત્મક કાર્યકરો વતી શોક દર્શાવતો, નીચે પ્રમાણેનો ઠરાવ રજૂ કર્યો હતો. ત્યાર બાદ સાક્ષર ચુનીભાઈ વૈદ્યે મહારાજને અંજલિ આપતાં કહ્યું કે 'મહારાજ જેવી વિભૂતિઓ સમાજજીવનને થોડુંક ઊંચું લાવી ચાલી જાય છે' તદુપરાંત શ્રી જહાંગીર પટેલે પણ શ્રદ્ધાંજલિ અર્પી હતી.

શોક પ્રસ્તાવ

'મુંબઈના રચનાત્મક કાર્યકરોની આજની આ સભા કરુણામૂર્તિ રવિશંકર મહારાજના અવસાન અંગે ઘેરો શોક વ્યક્ત કરે છે. પૂજ્ય મહારાજ પ્રખર ગાંધીવાદી, સાચા લોકસેવક તેમ જ જનજાગૃતિઓના ઉદ્ગાતા હતા.

એમણે ફક્ત ગુજરાતની જ નહિ પરંતુ સમગ્ર દેશની સામે નિષ્કામ કર્મનું સુંદર ઉદાહરણ રજૂ કર્યું છે અને અનેક ગાંધીવાદી અને સર્વોદયના કાર્યકર્તાઓને સેવા-વ્રત લેવાની પ્રેરણા આપી છે. અમો પૂજ્ય મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ અને પરમેશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તેમણે ચીંધેલા માર્ગ પર અમોને ચાલવાની શક્તિ આપે.'

શોકસભાને અંતે સૌએ ઊભા રહીને બે મિનિટ મૌન પાળ્યું હતું.

પ્રજ્ઞાચક્ષુઓને મશીન–ટેલિફોન બૂથનો અર્પણ સમારોહ

સંકલન : **ચીમનલાલ એમ. શાહ 'કલાધર'**

'અંધજનોને સહાય કરવી એ પરમેશ્વરની ભક્તિ કરવા બરાબર છે. જેમણે દૃષ્ટિ ગુમાવી છે તેનું જીવન કેટલું અસહાય અને પરાવલંબી બને છે તે નજરે જોઈ શકાય છે. પરંતુ એ અનુભવીએ ત્યારે એનો વિશેષ ખ્યાલ આવે છે. આવા ચીમળાયેલા પુષ્પ જેવા જીવનને ફરીથી કિલ્લોલતું કરવા તેમને સ્વાવલંબી બનાવવા જરૂરી છે. 'નેબ'નો સ્વરોજગારી વિભાગ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરસ્પર સહયોગથી આ કાર્ય કરે છે તેથી હું ખરેખર ખૂબ જ આનંદિત થયો છું. આ સેવાકાર્ય આજના યુગમાં ખૂબ જ અગત્યનું અને આશીર્વાદરૂપ છે. આ કાર્યને મારો પૂર્ણ સહયોગ રહેશે.' એમ મહારાષ્ટ્ર રાજ્યના ગૃહખાતાના રાજ્યમંત્રી શ્રી શિવાજીરાવ દેશમુખે જણાવ્યું હતું. તેઓ 'સંઘ અને નેબના સ્વરોજગારી વિભાગના સંયુક્ત ઉપક્રમે ૧૬ પ્રજ્ઞાચક્ષુઓને મશીન-ટેલીફોન બુથ અર્પણ કરવા માટે રવિવાર તા. ૮–૭–૮૪ના રોજ સવારના ૧૦ કલાકે બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી પર યોજાયેલ સમારોહમાં બોલી રહ્યા હતા.

પ્રારંભમાં પ્રજ્ઞાચક્ષુબહેને સ્વાગતગીત રજૂ કર્યું, 'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રીમતી નિરૂબેન શાહની પ્રાર્થના બાદ સમારોહના પ્રમુખસ્થાનેથી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપતાં જણાવ્યું હતું કે 'સંઘ' દ્વારા પ્રેમળ જ્યોતિના ઉપક્રમે માનવસેવાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે તે ઉપરાંત પ્રજ્ઞાચક્ષુઓને પગભર કરવાની યોજના 'નેબ'ના સહકારથી હાથ ધરવામાં આવી છે. કોઈ દયાભાવથી નહિ પરંતુ સાથીબંધુ પ્રત્યેની ફરજ તરીકે અમે આ કામ કરીએ છીએ અને તે માટે અમે સૌના ઋણી છીએ.

'નેબ'ના સ્વરોજગારી વિભાગના મંત્રી શ્રી શિરાલી એ તેમની પ્રવૃત્તિઓનો વિગતે ખ્યાલ આપ્યો હતો અને ભવિષ્યની યોજના સમજાવી હતી. 'સંઘ'ના મંત્રી શ્રી કે. પી. શાહે આ પ્રવૃત્તિ માટે જોઇએ તેટલી રકમ દાતાઓના સહકારથી મેળવી આપવાની ભાવના વ્યકત કરી હતી. આ બાબતમાં નેબ અને તેના કાર્યકરોને નિશ્ચિંત રહેવા ખાતરી આપી હતી. તદુપરાંત શ્રી શૈલેશભાઇ કોઠારી, શ્રી સીરબેન નાણાવટી, શ્રી એલ. આર. સુબ્રહ્મણ્યમ્ આદિએ પ્રાસંગિક વકતવ્યો કર્યાં હતાં.

ગૃહખાતાના રાજ્યમંત્રી શ્રી શિવાજીરાવ દેશમુખના વરદ હસ્તે ૧૪ પ્રજ્ઞાચક્ષુઓને સિલાઇ મશીન, ૧ પ્રજ્ઞાચક્ષુને નિટીંગ મશીન અને ચાર અંધજનોને પબ્લિક ટેલિફોન બુથ અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે માનનીય મંત્રીશ્રી દેશમુખે પોતાના તરફથી રૂા. ૨૦૦૦/- નું દાન આપવાની જાહેરાત કરી હતી અને રાજ્યકક્ષાએ જે કંઇ સહાય પોતાનાથી થઇ શકે તે કરવા માટે તત્પરતા દાખવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી મંગસુલીકરે કરી હતી.

દીપક આ મશીનો અને બુથના દાતાઓ શ્રીમતી કાનન નાણાવટી, શ્રીમતી સરબીબેન પ્રવીણભાઇ ભણસાલી, શ્રીમતી દીવાળીબેન ચીમનલાલ મહેતા, શ્રીમતી લીલાવતી નગીનદાસ દફ્તરી, શ્રી એન. ડી. ગાંધી, શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ, સ્વ. શ્રી યશવંતભાઈ દાદભાવાળા, શ્રી દીપચંદ કેસરીમલ શાહ હતા.

વિદેશમાં ભારતીય તંત્ર

(પૃષ્ઠ ૫૯ થી ચાલુ)

વેપારના કામકાજ માટે વારંવાર બેંકમાં જવું પડતું. ભાષાને કારણે બહુ માથાકૂટ થતી. કંટાળી જતા કર્મચારીઓ ઉપેક્ષા કરતા. પરંતુ એમણે પોતાનું ખાતું બંધ કરી બીજી એક બ્રિટિશ બેંકમાં ખોલાવ્યું અને પોતાની ભાષાની મુશ્કેલી સમજાવી એટલે તે બેંકના ઓફિસરે બેન્કના ખર્ચે તેમને માટે એક દુભાષિયાની સગવડ કરી આપી.

જેમ બેંકો, વીમા કંપનીઓ તેમ બીજી કેટલીક સરકારી કે અર્ધસરકારી આપણી વિદેશોની કચેરીઓના કર્મચારીઓના જાતજાતના અનુભવો ઘણા લોકોને થયા હશે. બધાને ખરાબ જ અનુભવ થાય એવું નથી. કેટલાકને સારા અનુભવો પણ થયા હશે, તેમ અન્ય દેશના કડવા અનુભવો પણ થયા હશે. કર્મચારીઓની પોતાની કેટલીક મુશ્કેલીઓ હશે, તેમને પક્ષે પણ કંઈક કહેવાનું હશે! ભારતીય લોકોની આદત મુજબ વધુ પડતી ચીકાશ કે ખોટી માથાકૂટના પ્રશ્નો પણ તેમને નડતા હશે! તો પણ એકંદરે તો વિદેશોમાં આવેલા આપણા ભારતીય તંત્રોમાં વહીવટી કાર્યદક્ષતાની ઊણપ ઘણાંને સાલતી હશે! અધિકારીઓ અને કર્મચારીઓની કડક પસંદગી અને વિશિષ્ટ તાલીમ વગેરે દ્વારા આ ઘેરાશ્ય જરૂર સુધારી શકાય.

જેમ વિદેશોમાં આવેલી ભારતીય કચેરી વિશે નબળો અભિપ્રાય છે, તેમ ભારતીય પ્રવાસીઓ અને વેપારી પેઢીઓ પણ ટીકા સાંભળવા મળે છે. લુચ્ચાઇ, અપ્રમાણિકતા, બોલેલું ફરી જવું વગેરે લક્ષણોને કારણે ભારતીય લોકોની છાપ સારી પડતી નથી. નમૂના કરતાં હલકો માલ આપવાની આદતને કારણે કેટલાય ભારતીય વેપારીઓને બીજીવાર ઓર્ડર મળતો નથી, એટલું જ નહિ ભારતની આબરૂ બગડે છે.

ભારત પાસે પોતાના દેશને સુધારવા માટે એટલા બધા પ્રશ્નો પડયા છે કે વિદેશોમાં પોતાની આબરૂ વધારવાના પ્રશ્ન પ્રત્યે તે કેટલું લક્ષ આપી શકે? તો પણ સંબંધિત સર્વ વર્ગ પોતે વ્યક્તિગત અને તંત્રગત કક્ષાએ આ પ્રશ્ન ઉપાડી લે તો તે એવો અઘરો પ્રશ્ન નથી કે ભારતની વિદેશોમાં શાન ન વધે! એથી તાત્કાલિક લાભ તો થાય, પણ લાંબે ગાળે ઘણો મોટો ફાયદો થાય. ભારત પાસે ઘણી મોટી માનવશક્તિ છે. ગરીબી અને બેકારીને કારણે એ શક્તિ કેટલી બધી વેડફાઇ જાય છે. ભારતની પ્રતિષ્ઠા જો સારી હોય તો માનવશક્તિની જરૂરવાળા એવા અન્ય દેશો દ્વારા ભારતની વેડફાઇ જતી માનવશક્તિનો કેટલો સરસ ઉપયોગ થઇ શકે!

સંઘ સમાચાર

અગ્રણી પત્રકારોની તસવીરોનો અર્પણ સમારોહ

સંઘના ઉપક્રમે ભારતના અગ્રીમ પત્રકારોની તસવીરો મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘને અર્પણ કરવામાં આવશે. **શ્રી મોહનલાલ મહેતા, 'સોપાન' શ્રી જેહાન દારૂવાલા શ્રી માધવ ગડકરી અને શ્રી પી. આર. કે. મેનન** આ અગ્રીમ પત્રકારોના જીવનની ઝાંખી કરાવશે.

સમય : શનિવાર, તા. ૨૮–૭–૮૪ બપોરના ૪-૦૦ કલાકે.

સ્થળ: વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ ૪૦૦ ૦૨૦.

પ્રમુખ સ્થાને **ડૉ. રમણલાલ ચી. શાહ** બિરાજશે.

સૌને સમયસર પધારવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ મંત્રીઓ.

મૂઠી ઊંચેરો માનવી

(પૃષ્ઠ ૫૨ થી ચાલુ)

તદ્દન શુદ્ધ અને અહિંસાત્મક હોવી જોઇએ. ગાંધીજી જેવો બીજો સમાજવાદી મેં જોયો નથી. માત્ર વિચારે જ નહિ, આચારે ગણુ ગરીબો અને દલિતો સાથે જે તદ્દરૂપ બને તેને જ સમાજવાદી ગણવો જોઇએ. તમે બધા આ માર્ગ સ્વીકારો તે ગમશે. અમે સમાજવાદી અને એ પાકા ગાંધીવાદી કૉંગ્રેસી, તે છતાંય તેમના વાત્સલ્યમાં કોઇ ફેર પડયો નહિ.

દાદા અમારા જીવનમાં વણાઇ ગયા હતા. ૧૯૪૫માં અમે લગ્નનું નક્કી કર્યું ત્યારે દાદા તબિયતને કારણે સેવાગ્રામમાં ગાંધીજી પાસે હતા. અમારી લાગણીથી દોરાઇને તે ખાસ આવ્યા હતા, અમારા માટે ગાંધીજીના આશીર્વાદ લઇ આવ્યા. તેમની આગવી લગ્ન પદ્ધતિએ તેમણે અમારો જીવનતંતુ બાંધ્યો. ૧૯૪૫થી તે આજ સુધી તે અમારા પરિવારમાં મોવડી બની રહ્યા હતા.

ઘોરંભાયેલા આકાશમાં મેઘ સ્તબ્ધ અને નિશ્ચેષ્ટ છે. આકાશને ઘેરી વળેલો વાદળાંઓનો કુંજ અવાચક બનીને સ્થિર થઇ ગયો છે. તેને નીકળવાનું પણ આ દિવસે સૂઝયું. અમે ખોચાસણ પહોંચ્યા છીએ, દાદાના બહાર પથારીમાં સુવડાવ્યા છે. માનવીના ટોળાં ઉભરાવા લાગ્યાં છે. જેમણે જેમણે રેડિયો સાંભળ્યો ને સમાચાર જાણ્યા, તે બધા ધીરે ધીરે આવવા લાગ્યા છે. દાદાનો જર્જરિત ધસાઇને સંતાઇ ગયેલો દેહ નીરખતા જ પાંપણોની ભીનાશ ઉત્કટ બને છે.

મૂઠી ઉંચેરા માનવીના શરીરમાં મૂઠી હાડકાં જ હવે રહ્યાં છે. પગની પેશીઓ વચ્ચે માંસલ ટુકડાઓના અભાવે એક કેડી અંકાઇ ગઇ છે. એ કેડી પરથી દાદાના કૌવતભર્યા પગલાંનો રણકાર કાનમાં આવ્યા કરે છે. ખોરસદની કંદનાઓ ઊડતાં, બારડોલીના ગામેગામ ઘૂમતાં, ગુજરાતમાં જ્યાં જ્યાં અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ હોય ત્યારે, એક છેડેથી બીજે છેડો ખૂંદી વળતાં, કોમી અને સામાજિક રમખાણોમાં શાંતિ અર્થે દોડતાં રહેતા, સિત્તેર વરસની ઉંમરે પણ ઉત્તર પ્રદેશ, ગુજરાત અને બિહારનાં ગામડાંઓમાં ભૂદાનયજ્ઞ નિમિત્તે અવારનવાર દાદાના પગલાંનો સૂર પેલી કેડીની પાતળી ભૂમિમાં સંતાઇ ગયો છે.

તેમની ઊણી ઊતરી ગયેલી આંખ અને મોંની બખોલો, મહીસાગરના જે કોતરો દાદાએ ખૂંદયા હતા તેની માફક જ વધારે ને વધારે ઊંડી થઇ હતી. માત્ર દેખાતી હતી તેમની પેલી પરાક્રમ અને ખરબચડી છાતી.

દાદાએ જીવનભર બધું જ ખંખેરી ખંખેરીને આપી દીધું હતું. તેમણે પોતાનું કશું માન્યું ન હતું કોમ કામના કે વાસનાનો કોઇ દુશ્મન ન હતો. ભય, ક્રોધ, લોભને તે પરિક્રમી ગયા હતા. માત્ર હતો નિર્વ્યાજ અને મધુર આનંદ અને ભાલપ્રદેશ પરની ચંદનલીપી ચામડી પર તે જ પરમ આનંદના અક્ષરો તે દિવસે ઘૂંટતા રહ્યાં.

હમણાં જ જાણે પૂછશે, નિમુ-ભાનુ બધા આવ્યાં છે. પેલી પહાડી કન્યા, મારી મોટી બેબી સ્વાતિ અને તેના બાળકના ખબરઅંતર પણ પૂછશે. મોની ઊંડી બખોલમાંથી આવનારા અવાજને પકડવા આંસુ સાથે પ્રયત્ન કરીએ. દાદા બોલવા ના નથી પણ તેમના અતાગ પ્રેમમાંથી પરમ આનંદમાંથી એકાદ ફૂલ-પાંદડી પણ અમારા પર પડશે અને કૃતાર્થ કરશે તે જ જાણું છું.

મૂઠી ઊંચેરા માનવી, અને મૂઠી નીચેરા આપણે માનવીઓ. દાદા પળે પળે, વહેંતને વહેંત ઊંચા જવા લાગ્યા અને આપણે વહેંત નીચા ઉતરતા ગયા. આપણા વિચાર ને આચાર વચ્ચે કેવડું મોટું અંતર ઊભું થયું હતું. તે સાધી શકે તેવી એક જ વ્યક્તિ રવિશંકર મહારાજ-દાદા આજની યુવાન પેઢીને કોઇપણ કશો પાઠ, આપી શકે તેવી એક વ્યક્તિ. ગાંધીજીથી ગરવા કહી શકાય એવાં ગાંધીજી.

પ્યાસી ધરતીને સંતોષવા અસમર્થ એવા પેલાં વાદળો મનને કોરી ખાય છે. એક યુગ આથમી ગયો, જીવનના મનઅંતરનો પ્રકાશ રોળાઇ ગયો. છતાંય એમ થાય છે કે આજે પણ તે અહીંયા જ છે. જ્યારે જરૂર પડશે ત્યારે આનંદ પાથરતા પાછા આવશે.

('ગુજરાત સમાચાર'માંથી સાભાર.)

વિદેશોમાં ભારતીયતંત્ર

(પૃષ્ઠ ૬૦ થી ચાલુ)

જેવું સરકારી તંત્ર વિશે છે તેવું અર્ધસરકારી કે સ્વાયત્ત ભારતીય તંત્રો વિશે પણ છે. એર ઇન્ડિયાની ઓફિસ દુનિયાનાં ઘણાં શહેરોમાં છે. એર ઇન્ડિયાની વિમાનીસેવા દુનિયાભરમાં વિખ્યાત છે, પરંતુ ઘણા દેશોમાં તેની ઓફિસોમાં કામ કરતા ભારતીય કર્મચારીઓ વિશે ફરિયાદ સાંભળવા મળે છે. એમાં પણ એ કર્મચારીઓ ગોરા પ્રવાસીઓ અને ધઉંવર્ણો કે કાળા પ્રદેશીઓ પ્રત્યે જે ભેદભાવભરી વર્તણૂક-ગોરાઓ પ્રત્યે સારી અને બીજાઓ પ્રત્યે ઉપેક્ષાભરી વર્તણૂક-દાખવે છે તે વિશે ફરિયાદો સાંભળવા મળે છે. મને પોતાને પણ ન્યૂયોર્ક'ની એર ઇન્ડિયાની ઓફિસમાં એવો અનુભવ થયો હતો. ફીજી અને ન્યૂઝીલેન્ડમાં વસતા કેટલાક ગુજરાતીઓ પાસે એર ઇન્ડિયાના કર્મચારીઓ વિશે ફરિયાદ સાંભળી હતી કે તેમને ઓસ્ટ્રેલિયાની (કોન્ટાસ) કે ન્યૂઝીલેન્ડની વિમાન કંપની તરફથી જેવો સારો આવકાર મળે છે તે એરઇન્ડિયા પાસેથી મળતો નથી.

આફ્રિકાથી સ્થળાન્તર કરી ઇંગ્લેન્ડ કે અમેરિકામાં જઇ વસેલા કેટલાક ભારતીય લોકો બહુ ભણેલા નથી. એટલે આપણા સરકારી ખાતાઓ સાથેના વ્યવહારમાં તેમને કેટલીક મુશ્કેલીઓ નડે છે. બ્રિટનમાં રહેતા એક ગુજરાતી ભાઇએ ભારતની એક બેંકની બ્રિટનની શાખાનો અનુભવ વર્ણવતાં કહ્યું કે એમને પંદર હજાર પાઉન્ડનો ડ્રાફ્ટ ભારત મોકલવો હતો. પોતે અંગ્રેજી કામચલાઉ બોલે, પણ લખતાં વાંચતાં આવડે નહિ, એટલે બેંકના કર્મચારીને ડ્રાફ્ટ માટે ફોર્મ ભરી આપવા કહ્યું. પરંતુ કર્મચારીએ જવાબ આપ્યો કે 'ફોર્મ ભરવાનું કામ અમારું નથી, તમારું છે. કોઇની પાસે ભરાવીને લાવો.' આથી એ ભાઇ નારાજ થયા અને એક બ્રિટિશ બેંકમાં ગયા. ત્યાંના કર્મચારીએ હસતે મુખે ફોર્મ ભરી આપ્યું, ડ્રાફ્ટ કાઢી આપ્યો અને આભાર માન્યો. ભારતીય બેંકના કર્મચારીનો જવાબ કદાચ સાચો હશે, પણ સારો નહોતો. બ્રિટનમાં વસતા બીજા એક અભણ શ્રીમંત ગુજરાતીએ કહ્યું કે પોતાનું ખાતું એક ભારતીય બેંકમાં હતું. પોતાના

(અનુસંધાન પૃષ્ઠ ૫૮)

વિદેશોમાં ભારતીય તંત્ર

રમણલાલ ચી. શાહ

અમૃતસરના સુવર્ણમંદિરની ઘટના પછી બ્રિટનમાં વસતા ખાલિસ્તાનતરફી શીખોને ભારતમાં છૂટથી આવતા અટકાવવાના આશયથી ભારત સરકારે બ્રિટિશ નાગરિકો માટે વીસા પદ્ધતિ દાખલ કરવાનું જાહેર કર્યું છે. એથી બ્રિટનમાં વસતા મૂળ ભારતીય એવા બ્રિટિશ નાગરિકોમાં થોડો ખળભળાટ મચ્યો છે.

ભારતની આઝાદી પછી જ્યારે બ્રિટિશ સામ્રાજ્યમાંથી કોમનવેલ્થ (રાષ્ટ્રસમૂહ)ની રચના થઈ ત્યારે કોમનવેલ્થના દેશોના નાગરિકો એકબીજાના દેશમાં વગર વીસાએ જઈ શકે એવી પરસ્પર મૈત્રીભરી વ્યવસ્થા વિચારાઈ હતી. પરંતુ સમય જતાં કેટલાક દેશો વચ્ચે સંબંધો બગડતાં, નવી સમસ્યાઓ ઊભી થતાં વીસા કે એન્ટ્રી પરમિટની પદ્ધતિ દાખલ કરાતી ગઈ. કેટલાક નાગરિકોની ગેરરીતિભરેલી પ્રવૃત્તિઓ કે ગેરકાયદે ઘૂસણખોરી અટકાવવા માટે આવાં પગલાં અનિવાર્ય બને છે. બ્રિટન અને ભારતના નાગરિકો એકબીજાના દેશમાં વીસા કે એન્ટ્રી પરમિટ વગર છૂટથી જઈ આવી શકતા હતા. હવે તે વ્યવસ્થા બંધ થાય છે. દુનિયાના ઘણા દેશો વચ્ચે પ્રવાસીઓ માટે વીસા-પદ્ધતિ હોય છે, એટલે ભારત અને બ્રિટન વચ્ચે દાખલ કરાયેલી આ નવી પદ્ધતિથી આશ્ચર્ય ન થવું જોઈએ. પરંતુ બ્રિટનમાં વસતા ભારતીય લોકોમાં જે અસંતોષ છે તે ઇન્ડિયન હાઇકમિશનની ઓફિસના રેઢિયાળ તંત્ર વિશે છે. એમાં આ નવી પદ્ધતિથી સાચા લોકોની તકલીફ પણ ઘણી વધી જશે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં જ્યારે જ્યારે મારે લંડન જવાનું થયેલું ત્યારે ત્યારે ત્યાંના આપણા ઇન્ડિયન હાઇકમિશનની ઓફિસના તંત્ર અંગે નબળો અભિપ્રાય સામાન્ય તેમ જ પ્રતિષ્ઠિત ભારતીય સજ્જનો પાસેથી સાંભળ્યો હતો. દરેક કામમાં ઢીલ, એક સાથે બધી સૂચનાઓ કે માર્ગદર્શન ન મળતાં નાની નાની બાબતો માટે ધક્કા, તોછડી વર્તણૂક, કામ ટાળવાની વૃત્તિ વગેરેને કારણે ઇન્ડિયન હાઇકમિશન પ્રત્યે લોકોને આદર ન થાય. ભારતીય પ્રવાસીઓ કંઈ માર્ગદર્શન માટે જાય તો પરતાય કે પોતે ક્યાં એમાં ફસાયા. કયારેક માર્ગદર્શનને બદલે મુશ્કેલીઓ ઊભી કરવામાં આવે. સમયનો તો અતિશય દુર્વ્યય થાય. મુલાકાતીઓને કેટલી અગવડ પડે છે, તેનો જરા પણ વિચાર ન થાય. બીજા દેશોની એલચીકચેરીઓ સાથે પણ વ્યવહારને લીધે તેઓ પણ સહકાર ઓછો આપે. એટલે એકંદરે ભારતીય લોકોને દુનિયામાં ઘણા દેશોમાં મુશ્કેલી પડે. દુનિયાના દરેક દેશના બીજા દેશોમાંથી આવતા વેપારીઓ, વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ વગેરેના પ્રવેશ માટે જુદા જુદા નિયમો ઘડયા હોય છે. આવા બધા દેશોના વીસાનિયમોનું પુસ્તક પ્રગટ થતું હોય છે. તેના ઉપર નજર કરવાથી ખાતરી થાય છે કે કેટલાયે દેશોના નાગરિકોને વીસા માટે કેટકેટલા દેશોમાં સરળ સગવડ હોય છે, કયારેક જરૂર પણ નથી હોતી. ત્યારે ભારતના લોકો માટે પ્રમાણમાં ઘણા કડક નિયમો હોય છે. વિદેશમાં પ્રવાસ કરતા ભારતના પ્રવાસીઓને અચાનક કોઈ દેશમાં જવું હોય ત્યારે કેટલી અગવડ પડે છે તે ત્યારે સમજાય છે. ભારત સરકારે પારસ્પરિક ધોરણે આવા સંબંધો સુધારવા જોઈએ, તેને બદલે ઉત્તરોત્તર આવા સંબંધો વધુ કડક થતા જાય છે.

આપણે ભારતમાં રેઢિયાળ સરકારી તંત્રથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે એવા તંત્રથી આપણને બહુ ન લાગે. રેલવે સ્ટેશન હોય કે પોસ્ટ ઓફિસ, ઇન્કમટેક્ષના ઓફિસ હોય કે કસ્ટમની, પોલિસ કચેરી હોય કે કોઈ સરકારી પ્રધાનના ખાતાની કચેરી હોય, બધે જ ધીમું અને ઢીલું કામકાજ ચાલે; લાંચની અપેક્ષા રહે. હસીને કામ કરવાની જાણે મનાઈ જ હોય. આવકારની તો કયાંય વાત જ ન મળે. આપણે ફાંફા મારતા હોઈએ તો સામેથી તો કોઈ પૂછે નહિ. આવા રોજના અનુભવોને કારણે બધે આવું જ હોય એમ સ્વાભાવિક રીતે આપણે માની લઈએ છીએ. દરેક કચેરીમાં ફાઈલોના ઢગલા, જૂનાં ફર્નિચર, મેલી દીવાલો, બારીઓના કાચ ઉપર પુષ્કળ ધૂળ, ઓછું અજવાળું, ગંદાં શૌચાલય, જ્યાં ત્યાં પાનની પિચકારી અને કાગળના કચરા, ખોટી ભીડ, લાંબી કતારો, બેસવાની સગવડનો અભાવ, કર્મચારીઓ અને મુલાકાતીઓના થાકેલા ચહેરા અને સમગ્રપણે અપ્રસન્ન વાતાવરણ આવા અનુભવોની સરખામણીમાં વિદેશોમાં-ખાસ કરીને યુરોપ, અમેરિકાની કોઈ સરકારી ઓફિસોમાં જઈએ તો જુદો જ અનુભવ થાય. સમૃદ્ધ દેશો, એટલે એમની ઓફિસો આધુનિક ફર્નિચર અને સાધનોથી સુસજ્જ હોય, પરંતુ એમાં કામ કરનાર કર્મચારીઓની કાર્યદક્ષતા, સસ્મિત આવકાર, સહકાર, આપણી મૂંઝવણમાંથી રસ્તો કાઢી આપવાની તત્પરતા એ બધું જોઈએ, ત્યારે ચિત્ત ઉપર જુદી જ છાપ પડે. અલબત્ત, એવી ઓફિસોમાં પણ કોઈકને વિપરીત અનુભવ થયા પણ હોય, પણ એકંદરે તો અનુભવ સુખદ હોય છે. એમના જેટલું ખર્ચ કરવાનું આપણને કદાચ ન પરવડે એ પણ સાચું, પરંતુ મહત્ત્વનો પ્રશ્ન તો કામ કરનારા કર્મચારીઓ-અધિકારીઓની મનોવૃત્તિનો છે.

વિદેશોમાં આપણી સરકારી ઓફિસોમાં જે સ્ટાફ મોકલવામાં આવે છે, એમણે ભારતમાં આપણા રેઢિયાળ તંત્રમાં કેટલાંક વર્ષ કામ કર્યું હોય છે. એટલે એવી પદ્ધતિ અને એવી મનોવૃત્તિથી તેઓ ટેવાઈ ગયા હોય છે કે તેઓ જ્યારે વિદેશોમાં કામ કરવા જાય છે ત્યારે ત્યાં પણ તેમનું ઘણુંખરું વર્તન તે પ્રકારનું જ રહે છે. આસપાસના વાતાવરણમાંથી પણ તેઓ ઓછું શીખે છે. સારી સેવા આપવા કરતાં પોતાની નોકરી ટકાવી રાખવા પૂરતી જ તેમની પદ્ધતિ મર્યાદિત રહે છે. આ પરિસ્થિતિની માઠી અસર ભારતની પ્રતિષ્ઠા ઉપર ઘણી મોટી થાય છે.

(વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૯ મું)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૮-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

મોટાં પ્રલોભનો

રમણલાલ ચી. શાહ

અખબારોમાં એવા સમાચાર આવ્યા છે કે સ્વ. વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના અંગત મંત્રી શ્રી મથાઇ અમેરિકાની ગુપ્તચર સંસ્થા સી. આઇ. એ. ના એજન્ટ તરીકે કામ કરતા હતા અને નહેરુના બધા પત્રવ્યવહારની નકલ અમેરિકાની એ ગુપ્તચર સંસ્થાને પહોંચાડતા હતા. આ સમાચાર કેટલે અંશે સાચા છે તેની ખબર નથી, પણ દુનિયાના મોટા માણસોને અતિશય નાણાં આપીને ફોડવામાં સી. આઇ. એ. કાબેલ છે, એમાં કોઇને શંકા નથી. અમેરિકન પત્રકાર સિમૂર હર્શ પોતાના પુસ્તક 'પ્રાઇસ ઓફ પાવર'માં માનનીય શ્રી મોરારજી દેસાઇ સી. આઇ. એ.ના એજન્ટ હતા એવો આક્ષેપ કર્યો છે અને તેની સામે શ્રી મોરારજી દેસાઇએ અદાલતમાં દાવો માંડયો છે. મોરારજીભાઇ તો આવા કૃત્યથી પર હોય એ નિઃસંશય છે; પરંતુ સી. આઇ. એ. ના દસ્તાવેજોમાંથી દેસાઇ નામના બીજા કોઇ રાજદ્વારી નેતાનું નામ નીકળી આવે તો નવાઇ નહિ. જ્યારેક ગુપ્તચર સંસ્થાઓ નેતાગીરીમાં ફાટફુટ પડાવવા માટે કે મોટી વ્યકિતના ચારિત્ર્યખંડન માટે પણ ખોટા આક્ષેપો ઉરવામાં નિપુણ હોય છે.

જ્યાં રાજ્ય છે અને સત્તા છે ત્યાં ગુપ્તચરની સંસ્થા રાખ્યા વગર ચાલી શકે નહિ. દુશ્મનોની ગુપ્ત હિલચાલ જો ગુપ્ત રીતે જાણી લેવામાં ન આવે તો તેનો પ્રતિકાર સમર્થ રીતે કરી શકાય નહિ. પ્રત્યેક દેશને પોતાના લશ્કરમાં ગુપ્તચરનો એક વિભાગ અવશ્ય રાખવો પડે છે અને એમાં બહુ જ કાબેલ માણસોને રાખવામાં આવે છે. પકડાયા વગર બીજાની ગુપ્ત માહિતી ગુપ્ત રીતે મેળવી લાવવાનું કામ તેઓને સોંપવામાં આવે છે. આ પ્રથા ઠેઠ પ્રાચીન સમયથી ચાલી આવે છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં દુશ્મનને પરાજિત કરવા માટે સામ, દામ, ભેદ અને દંડની નીતિની ઝલામણ કરવામાં આવી છે; વળી એમાં આવાં કાર્યો માટે ગુપ્તચર કેવા હોવા જોઇએ તે બતાવ્યું છે. આ પ્રાચીન નીતિ આજ દિવસ સુધી ચાલી આવી છે, અને જ્યાં સુધી રાજ્ય, સત્તા અને સરહદો છે ત્યાં સુધી એ નીતિ ચાલુ રહેશે.

બીજા વિશ્વયુદ્ધ પછી રશિયાએ અને અમેરિકાએ એકબીજાની માહિતી મેળવવા માટે મોટા પાયા ઉપર ગુપ્તચર સંસ્થાઓ વિકસાવી. આપણી કલ્પનામાં ન આવે એટલાં નાણાં એ સંસ્થાને માટે ફાળવવામાં આવે છે. આ બંને સંસ્થાઓના ગુપ્ત દસ્તાવેજો જો જાહેરમાં મૂકવામાં આવે તો દુનિયાના કેવા કેવા પ્રતિષ્ઠિત માણસો આવાં કાર્યોમાં સંડોવાયા છે એ જાણીને આપણને અતિશય આશ્ચર્ય થાય.

આપણને પ્રશ્ન થાય કે આવા મોટા મોટા માણસો પણ લાલચને વશ કેવી રીતે થતા હશે?

સામાન્ય રીતે પ્રલોભનોથી આકર્ષાય નહિ તે માણસ પ્રતિષ્ઠાના ઊંચા સ્થાને પહોંચે છે. પરંતુ માણસ આખરે માણસ છે. નાનાં નાનાં પ્રલોભનોનો સામનો કરવો એ બહુ અઘરી વાત નથી. પરંતુ જબરદસ્ત મોટાં પ્રલોભનો સામેથી આવીને જ્યારે પડે છે ત્યારે માણસ ઘડીભર દિગ્મૂઢ થઇ જાય છે. પોતાના શેષ સમગ્ર ભાવિનો વિચાર કરતાં તેને એમ લાગે છે કે પોતાની પ્રામાણિક કમાણીનો એકંદરે જેટલો ભોગ આપવો પડશે તેના કરતાં આ રકમ ઘણી મોટી છે. એક વખત તે લઇ લીધી તો કોઇને ખબર પડવાની નથી અને પોતાની જિંદગીનો ઉદ્ધાર થઇ જશે. કદાચ ખબર પડશે તો નોકરી ધંધો જશે, પણ તેથી આજીવિકામાં જરાય વાંધો નહિ આવે. પાંચ-પચીસ રૂપિયાની બાબતમાં કયારેય ચોરી ન કરી હોય એવા ચુસ્ત પ્રામાણિક માણસો પાંચ-દસ લાખ રૂપિયાની અચાનક પ્રાપ્તિ થવાની સંભાવના ઊભી થાય તો બ્હાવરા બની જઇ તેવી ચોરી કે લાંચ સ્વીકારી લેવા લલચાય છે. જિંદગીનો સરવાળો તેઓ મૂકી જુએ છે, અને અપ્રમાણિકતાનું પલ્લું નીચે નમતાં તેઓ તેનાથી દોરવાઇ જાય છે. નાનાં નાનાં પ્રલોભનો સામે ઘણા પ્રામાણિક માણસો ઝઝૂમી શકે છે, પરંતુ મોટાં પ્રલોભનો સામે ઘણા સમર્થ માણસો પણ ઝુકી જાય છે; અમેરિકાની એક વિમાન કંપનીએ પોતાની કંપનીનાં વિમાનો ખરીદવા માટે જાપાનના વડા પ્રધાન, નોર્વેના રાજવી અને એવા કેટલાક મોટા માણસોને પણ લાંચ આપીને પતિત કર્યા હતા.

ભગવાન બુદ્ધના એક શિષ્યનું નામ અંકમાલ હતું. ભગવાન બુદ્ધ પાસે તેણે ધર્મમય જીવનની સારી તાલીમ લીધી હતી; લોકોને ધર્મોપદેશ આપવાની તેણે જ્યારે રજા માગી ત્યારે તે આપતાં પહેલાં ભગવાન બુદ્ધે તેની ગુપ્ત કસોટી કરવાનું વિચાર્યું. તેમની સૂચનાનુસાર બે બૌદ્ધ ભિક્ષુઓ રાજ્યના માણસોનો સ્વાંગ સજીને અંકમાલ પાસે ગુપ્ત રીતે પહોંચ્યા અને કહ્યું સમ્રાટ હર્ષે તેઓને મોકલ્યા છે. અંકમાલની ખ્યાતિ અને કાબેલિયતથી સમ્રાટ ખૂબ પ્રભાવિત થયા છે, અને રાજ્યનું મંત્રીપદ સ્વીકારવા માટે વિનંતી કરી છે. આવી મોટી દરખાસ્ત આવતાં અંકમાલ લલચાઇ ગયો અને ભિક્ષુનો વેષ છોડી મંત્રીપદ સ્વીકારવાની તેણે હા પાડી દીધી, એવી રીતે ભગવાન બુદ્ધ સુપ્રસિદ્ધ વાર્તાનો આત્ર વાંચીને પોતાની સાથે જાણીજોઇને લઇ જઇને અંકમાલને મળવા ગયા. આખા રાજ્યની સર્વશ્રેષ્ઠ રૂપવંતી નારીએ સહેતુક કરેલા મોહનીય હાવભાવો જોઇને અંકમાલની નજર ભગવાન બુદ્ધ સાથે વાતો

કરતાં કરતાં વારંવાર આમ્રપાલી તરફ ખેંચાવા લાગી. સામાન્ય સ્ત્રીઓના આકર્ષણને વશ ન થનાર અંકમાલનું ચિત્ત આમ્રપાલીનું રૂપસૌન્દર્ય નિહાળી ચલિત થઇ ગયું. ભગવાન બુદ્ધ તે પામી ગયા આમ અંકમાલ ભગવાન બુદ્ધની કસોટીમાંથી પાર ન ઊતર્યો. તેને ધર્મોપદેશ આપવાની આજ્ઞા ન મળી. સદાચારી અને ધર્મમય જીવન જીવવાવાળા માણસો પણ કયારેક ભિક્ષુ અંકમાલની જેમ મોટાં પ્રલોભનો આગળ વિવશ બની જાય છે. કેટલાક માણસો આવાં પ્રલોભનો નથી પ્રાપ્ત થતાં ત્યાં સુધી જ પ્રામાણિક અને શુદ્ધ રહી શકે છે.

કેટલાક માણસો ધનથી ચલિત થાય છે. કેટલાક પદ કે સત્તાથી ચલિત થાય છે. કેટલાક સ્ત્રીથી ચલિત થાય છે. કેટલાક ભયથી ચલિત થાય છે. કેટલાક પ્રતિષ્ઠિત માણસો કોઇ એક અથવા બધાં પ્રલોભનોથી ચલિત થાય છે. મહાન તપસ્વીઓના તપનું ખંડન કરવા માટે ઇન્દ્ર મહારાજ અપ્સરા મોકલે છે, અને કોઇક વિશ્વામિત્ર જેવા મેનકાથી ચલિત થઇ જાય છે.

આપણી કેન્દ્ર સરકારના એક ખાદીધારી ભૂતપૂર્વ પ્રધાન માટે કહેવાતું હતું કે પૈસાથી તેઓને ખરીદી શકાતા નહિ, પરંતુ તેમને અપ્સરા જેવી યુવતીઓ પૂરી પાડીને કેટલાક ઉદ્યોગપતિઓ પોતાના ઉદ્યોગો માટે લાયસન્સ મેળવી લેતા. દુનિયાની મોટી મોટી ગુપ્તચર સંસ્થાઓ પ્રતિષ્ઠિત માણસની નબળાઇઓ જાણીને કયારેક તેને ધનને બદલે રૂપસુંદરીઓ દ્વારા જીતી લે છે. એવી રૂપસુંદરી ગુપ્તચર છે એની એ પ્રતિષ્ઠિત માણસોને કયારેક છેવટ સુધી ખબર પડતી નથી. બીજા વિશ્વયુદ્ધ વખતે મોટા લશ્કરી ઓફિસરો પાસેથી આવી યુવતીઓ શરીર સોંપીને ગુપ્ત માહિતી મેળવી લેતી. વિષકન્યાના પ્રયોગ પ્રાચીન ભારતમાં થતા હતા.

માણસ કયારેક લોભ અને લાલચને વશ થતો જાય છે, એની એને પોતાને કયારેક ખબર પડતી નથી. કયારેક એવી પરિસ્થિતિમાં તે મુકાય છે કે જ્યાંથી પાછા ફરવું મુશ્કેલ બને છે. ચાણકયનીતિમાં કહ્યું છે કે જીભ ઉપર મધનું ટીપું મૂકયા પછી એનો સ્વાદ ન લેવાનું કાર્ય અશકય છે કેટલાક માણસો એવી સિફતથી લાંચ લે છે કે તેને પકડવાનું કામ ઘણું અઘરું હોય છે. કૌટિલ્યે કહ્યું છે કે પાણીમાં તરતાં તરતાં માછલી પાણી પી લે તો તેની કોને ખબર પડે? આપણી લોકકહેવત પ્રમાણે 'નહાતાં નહાતાં જે માણસ લઘુશંકા કરી લે તેને કોણ પકડી શકે?' કુટિલતામાં નિપુણ એવા કેટલાક રાજદ્વારી કે સામાજિક નેતાઓ પૂરી સાવચેતીપૂર્વક લાંચ લીધા પછી નિર્દોષ હોવાનો દેખાવ કરી શકે છે. આપણા કેટલાય રાજદ્વારી નેતાઓ વિદેશી સત્તાઓ કે મોટી કંપનીઓ દ્વારા પરભારી લાંચ લઇ લે છે. કે જેની કોઇને ખબર પડતી નથી. સ્વિટ્ઝરલેન્ડની બેન્કમાં જે ગુપ્ત ખાતાંઓ છે એમાં દુનિયાભરના કેટલાય મોટા મોટા આગેવાનોને મળતી લાંચની રકમ સીધી તેઓના ખાતામાં જમા થાય છે.

લોભ અને લાલચને વશ થઇ જવું એ સાધારણ, સામાન્ય માણસનું લક્ષણ છે. કેટલાય માણસો નાનાં પ્રલોભનોને વશ થતા નથી, પરંતુ મોટાં પ્રલોભનો વખતે જ તેમની કસોટી થાય છે. મોટાં પ્રલોભનો બતાવનાર વ્યકિત કયારેક એમ બોલે છે કે 'મારા જેટલી રકમ આપનાર જિંદગીમાં તમને બીજો કોઇ મળશે નહિ.' પરંતુ તેના જવાબરૂપે કોઇક વિરલ માણસ એમ પણ કહે છે કે 'મોટી રકમ આપનાર તો ઘણા માણસો મળશે, પરંતુ મારી જેમ "ના" પાડનાર તમને કોઇ મળશે નહિ.'

આવા વિરલ મનુષ્યો જ સમાજ માટે દૃષ્ટાંતરૂપ બને છે.

(પૃષ્ઠ ૭૦ પરથી ચાલુ)

એમણે પાલિતાણા તીર્થયાત્રાનો મોટો સંઘ કાઢયો. શત્રુંજય પર્વત પર આવેલાં જૈન દેરાસરોમાં એક દેરાસર એમણે બંધાવ્યું છે. તેથી પાલિતાણા તીર્થની નવ ટૂકમાં એક ટૂક ચન્દ્રપ્રભુ જિનાલયવાળી 'નરશી નાથાની ટૂક' નામે પ્રસિદ્ધ છે. પાલિતાણામાં એમના નામે એક ધર્મશાળા પણ છે. કચ્છમાં ઠેકઠેકાણે પાણીની પરબો બંધાવી. ધર્મશાળાઓ, ભોજનશાળાઓ અને નિશાળો શરૂ કરાવી ઘણાં જિનાલયોનાં જીર્ણોદ્ધાર કરાવ્યાં.

નરશી નાથા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના અગ્રેસર પાયોનિયર અને 'જ્ઞાતિ શિરોમણિ' કહેવાયા.

જ્ઞાતિ શિરોમણિ નરશી નાથાને યાદ કરીએ ત્યારે એમને પગલે ચાલનાર, એવીજ સિદ્ધિનાં શિખરો સર કરનાર એ જ જ્ઞાતિના મહારથી કેશવજી નાયકનું નામ તરત યાદ આવી જાય.

શરૂઆતમાં, કેશવજી નાયક પણ ગરીબીમાંથી આગળ આવ્યા. પછી તો એવો વૈભવ પ્રાપ્ત કર્યો કે તે વખતે મુંબઇ શહેરમાં ગવર્નર સિવાય ચાર ઘોડાની ગાડી બે જ હતી: એક કાવસજી જહાંગીરને ઘરે અને બીજી કેશવજી નાયકને ઘરે. 'કેશવજી નાયકની ટૂક' પણ શેત્રુંજય પર છે.

મરજીદ બંદર, ભાતબજાર અને ચીચબંદર જેવા વેપારી વિસ્તારમાં આ મહાજનો એક સમયે સદ્દેહે ફર્યા હશે. આજે એમની સ્મૃતિરૂપે એ વિસ્તારના રસ્તાઓનાં નામ છે: નરશી નાથા સ્ટ્રીટ, કેશવજી નાયક રોડ, ડો. મૈશેરી રોડ-બધા જ કચ્છી દશા ઓશવાળ જૈન.

પુરુષાર્થી નરશી નાથા ૫૯ વર્ષની ઉંમરે ૧૮૪૨ માં સ્વર્ગવાસી થયા.

ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં મુંબઇમાં કચ્છી દશા ઓશવાળ જૈનો જ્ઞાતિ મહાજનના ઉપક્રમે, જ્ઞાતિ શિરોમણિ નરશી નાથાની દ્વિશતાબ્દી, અને અનંતનાથજી જૈન દેરાસર સાથે શતાબ્દી (૧૫૦ વર્ષ) ઉજવાઇ રહેલ છે, અને તે નિમિત્તે તા. ૫-૮-૮૪ના રોજ ભારતીય તાર ટપાલ ખાતા તરફથી કવર પર ખાસ રદીકરણની છાપ (કેન્સલેશન) કરવામાં આવશે.

'પ્રબુદ્ધ જીવન' અંગે સૂચનાઓ

* 'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીતે કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રનાં ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફૂલસ્કેપ કાગળ પર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી. તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠ સંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ કયારે પ્રગટ થશે તે ચોકકસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોમાં રજૂ થતા વિચારો તે તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમત હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

- તંત્રી

પંજાબના બનાવો : હવે શું ?

● પ્રા. મધુ દંડવતે

'સંધ'ના ઉપક્રમે સોમવાર, તા. ૧૬-૭-'૮૪ના રોજ સાંજના ૬-૧૫ કલાકે વાલચંદ હીરાચંદ સભાગૃહ (ચર્ચગેટ)માં સંસદમાં જનતા પક્ષના નેતા પ્રા. મધુ દંડવતેનું ઉપરોકત વિષય પર એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાને શ્રી અમર જરીવાલા બિરાજયા હતા. પ્રારંભમાં શ્રી અમર જરીવાલાએ સૌનું અભિવાદન કરતાં આવકાર આપ્યો હતો. અને વ્યાખ્યાતા પ્રા. મધુ દંડવતેનો પરિચય કરાવ્યો હતો. તેમ જ પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કર્યું હતું.

* * *

પ્રા. મધુ દંડવતેએ સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહને યાદ કર્યા હતા. ઉપરોકત વિષય પર બોલતાં એમણે કહ્યું હતું :

પક્ષોએ અકાલીઓની માગણીઓ પરના મતભેદો ઘટાડવામાં સંગીન ફાળો આપ્યો હતો તે ત્રિપક્ષી વાટાઘાટો દ્વારા સર્જાયેલી સંમતિના પાયા ઉપર પંજાબની સમસ્યાનો ઉકેલ લાવવાની નિષ્ફળતા, અને બીજી બાજુ અંતિમવાદી હિંસા અટકાવવા માટે, ભિંડરાવાલેને અંકુશમાં રાખવા માટે, અમૃતસરના સુવર્ણમંદિરમાં મોટા પાયા ઉપર ઉચ્ચ પ્રકારનાં શસ્ત્રો જમા થતાં અટકાવવા માટે અને એ પવિત્ર મંદિરની પવિત્રતા જાળવવા માટે મળી શકે તે બધી જ પોલીસનો તથા બી. એસ. એફ. અને સી. આર. પી. એફ. દળોનો ઉપયોગ કરવાની સરિયામ નિષ્ફળતા.

ધરાદાપૂર્વક વકરાવેલી પરિસ્થિતિ

'દેખીતું જ છે કે જાસૂસી સેવાઓ તરફથી ચેતવણીઓ



'સંધ'ના ઉપક્રમે 'પંજાબના બનાવો : હવે શું !' એ વિષય પર પ્રવચન આપતા સંસદમાંના જનતા પક્ષના નેતા પ્રા. મધુ દંડવતે. વ્યાખ્યાતાની જમણી બાજુએ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ અને ડાબી બાજુએ ઉપરોકત વ્યાખ્યાન-સભાના પ્રમુખ શ્રી અમર જરીવાલા બેઠા છે.

'એવી અપેક્ષા રખાતી હતી કે સરકારે તાજેતરમાં પંજાબ વિષે પ્રગટ કરેલો શ્વેતપત્ર એક તટસ્થ દસ્તાવેજ હશે અને તેમાં અંતે લશ્કરી પગલાંની પરાકાષ્ઠાએ પહોંચેલા પંજાબના બનાવોનું અને તેનાં પરિણામોનું પૂર્વગ્રહ વિનાનું નિષ્પક્ષ ચિત્ર આપવામાં આવશે. પણ આ આશાઓ ખોટી ઠરી છે.

શ્વેત પત્ર : સરકારની નિષ્ફળતા ઉપર શ્વેત આચ્છાદન

'પંજાબ વિશેનો શ્વેતપત્ર સરકારની નિષ્ફળતા ઢાંકવા માટેનું સફેદ આચ્છાદન છે. એક બાજુ ગૃહમંત્રીએ પોતે સંસદમાં કબૂલ કર્યું છે તે પ્રમાણે જે ત્રિપક્ષી વાટાઘાટોમાં વિરોધ

મળ્યા છતાં કેન્દ્ર સરકારે પંજાબમાં અંતિમવાદીઓ દ્વારા થયેલી હિંસાની અને સુવર્ણમંદિરમાં આવી રહેલાં શસ્ત્રોના પ્રવાહની ઉપેક્ષા કરી હતી. સરકારે જાણી જોઇને પરિસ્થિતિને એટલી હદ સુધી વકરવા દીધી હતી કે લશ્કરી પગલું લીધા વિના છૂટકો નથી એવું દેખાય અને સરકાર છાતી કાઢીને વિજેતાનો પાઠ ભજવી શકે.

શીખોની અલગતાની લાગણી

'શીખોમાં પ્રસરેલી અલગતાની વ્યાપક લાગણીનો અને તે દૂર કરવા માટે સરકારનાં કોઇ નકકર પગલાંનો શ્વેતપત્રમાં

કશો ઉલ્લેખ નથી, કદાચ નજીક આવી રહેલી સંસદની ચૂંટણીની દૃષ્ટિએ સરકાર આ બાબતને એવી ક્ષુલ્લક ગણતી હશે કે તેની ઉપર ધ્યાન આપવાની જરૂર ન લાગે.

ભિંડરાંવાલે : કોંગ્રેસ-આઈનું સર્જન

'ભીંડરાંવાલે-પ્રેરિત અંતિમવાદી હિંસા અંગે શ્વેતપત્ર તાર રવરે વાત કરે છે, પણ ૧૯૭૯-૮૦માં અને ફરી ૧૯૮૦ની સંસદની ચૂંટણીમાં કોંગ્રેસ-આઈએ અકાલી દળ સહિતના વિરોધ પક્ષો સામે લડવા માટે ભિંડરાંવાલેને ઊભા કર્યા હતા એ હકીકત વિશે શ્વેતપત્રમાં ભેદી મૌન છે. પરાજય અને નાકોશી પામેલા ભિંડરાંવાલેએ પછી તો એક વેરયાત્રા જ શરૂ કરી. આમ છતાં કેન્દ્ર સરકારે કોંગ્રેસ-આઈના આ જૂના સાથી અને અંતિમવાદી નેતાને વારવાનો કે તેમની ધરપકડ કરવાનો ઇન્કાર કર્યો. દલ ખાલસાને પણ શાસક પક્ષના આશીર્વાદ મળ્યા. પણ આ હકીકત સરકારને પક્ષે એક મોટો દોષ બની રહે છે.

૨૨૦ ખૂન થયાં છતાં કોઇ સામે ખટલો નહિ !

'લોકસભામાં પંજાબની પરિસ્થિતિ વિશે મેં શરૂ કરેલી ચર્ચા દરમ્યાન કેન્દ્રના ગૃહ મંત્રીને મેં જ્યારે પ્રશ્ન પૂછ્યો કે પંજાબમાં ૧૯૮૪ના ફેબ્રુઆરીના અંત સુધીમાં અંતિમવાદીઓને હાથે ૨૨૦ વ્યક્તિઓનાં ખૂન થયાં પછી પણ એ ખૂન માટે એક પણ વ્યક્તિ સામે કામ કામ ચલાવવામાં આવ્યું નથી, એ વાત સાચી છે કે કેમ, અને વધારામાં આ નિષ્ફળતા માટેનાં કારણો માગ્યાં, ત્યારે ગૃહમંત્રીએ ડહાપણથી મૌન જાળવ્યું.

લશ્કરની રાજકીય મહત્ત્વાકાંક્ષા જાગૃત ન કરો

'જો એક પછી એક આસામ, પંજાબ અને હવે કાશ્મીર જેવાં રાજ્યોમાં નાગરિક અશાંતિની સમસ્યા હાથ ધરવા માટે તે રાજ્યોને લશ્કરી કામગીરીને આધીન બનાવવામાં આવે, અથવા એવી લાગણી ઉત્પન્ન કરવામાં આવે કે લશ્કરની સહાય વિના પોલીસ ભીવંડી અને મુંબઈની જેમ કોમી હુલ્લડોની પરિસ્થિતિનું પણ નિયંત્રણ કરી શકતી નથી, તો લશ્કરની રાજકીય મહત્ત્વાકાંક્ષા કદાચ જાગી ઊઠે. લોકશાહી માટે આ જોખમભર્યું ચિહ્ન છે. આપણે એટલી જ આશા રાખીએ કે શાસક ટોળકીના સહકારથી લશ્કરી શાસન આવવાના આ ભય-સંકેત નહિ હોય. જે લોકોએ કટોકટી દરમિયાન લોકશાહીને ખતમ કરી હતી તેઓ આવો સરસુખ્યતારી વિકલ્પ શોધવા શક્તિમાન છે. ફક્ત સાવધ પ્રજામત અને લોકોનો શાંત પણ દૃઢનિર્ધારિત પ્રતિકાર જ આવી આફતને ટાળી શકશે.

બંધારણની રૂપમી કલમ વિષે સંદેહ

'ત્રિપક્ષી વાટાઘાટોની નિષ્ફળતાથી હતાશ થયેલા અકાલી દળે દુર્ભાગ્યે બંધારણની પચીસમી કલમ બાળવાનો માર્ગ અખત્યાર કર્યો. તેનું તેમણે એવું કારણ આપ્યું કે એ કલમ શીખોની અલગ હસ્તીને મિટાવી દે છે. બંધારણસભામાં થયેલી ચર્ચાએ સ્પષ્ટ દર્શાવી આપ્યું હતું કે આ કલમ કોઇ પણ રીતે શીખોની અલગ હસ્તીની વિરુદ્ધ જતી નથી. આમ છતાં સરકારે એક આવકારદાયક પગલું લઇ એવી જાહેરાત કરી કે તે કાયદાના નિષ્ણાતો અને શીખ સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા પચીસમી કલમની તપાસ કરાવશે. આનાથી બંધારણ બાળવાના આંદોલનનો અંત આવ્યો. અકાલીઓનું આ આંદોલન શરૂ થયું તે પહેલાં લાંબા વખત ઉપર સરકાર આ જાહેરાત કરી શકી હોત. પણ સરકારમાં સાચી વસ્તુ ખોટે વખતે કરવાની ખાસ આવડત છે.

પરિસ્થિતિ સામાન્ય બનાવવા શીતલ સ્પર્શ

'અંતિમવાદી હિંસા સામે દૃઢ પગલાં લેવાઇ ગયાં છે. પણ હવે જરૂર શીખ-હિન્દુ એકતા જાળવવા માટે થા રૂઝવનારા સ્પર્શની છે. સામાન્ય પરિસ્થિતિ માટેના પ્રયત્નના એક ચિહ્ન તરીકે સુવર્ણમંદિરમાંથી લશ્કર તત્કાળ બોલાવી લેવું જોઇએ.

'અંતિમવાદી હિંસામાં માર્યા ગયેલાઓનાં કુટુંબીઓને અને સુવર્ણમંદિરમાં લશ્કર અને અંતિમવાદીઓ વચ્ચેની અથડામણમાં માર્યા ગયેલા નિર્દોષ ભક્તજનોનાં કુટુંબીઓને સરકારે પુનઃ સંસ્થાપન માટે પૂરતી નાણાકીય સહાય આપવી જોઇએ. નુકસાન પામેલા સુવર્ણમંદિરની મરામત માટે કરસેવાને તમામ સગવડ આપવી જોઇએ. અખબારી સેન્સરશિપ બોલું કર્યા વિના ઉઠાવી લેવી જોઇએ. ઘા રૂઝવવાનાં આ પગલાં પંજાબમાં અમુક અંશે સામાન્ય પરિસ્થિતિ સર્જવામાં અને પંજાબનો પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ શરૂ કરવા માટે સહાયભૂત થાય.

'જ્યારે નોઆખલીમાં કોમી આગ સળગતી હતી ત્યારે એ બુઝાવનાર એક ગાંધી હતો, જ્યારે બિહાર કોમી ગાંડપણમાં સપડાયું હતું ત્યારે જયપ્રકાશ અને અબ્દુલ ગફારખાન એને બચાવવા દોડી આવ્યા હતા, અને જ્યારે રાષ્ટ્રનું પાટનગર દિલ્હી ભડકે બળતું હતું ત્યારે શાસન ચલાવતા નહેરુ લોકોને શાંત પાડવા ઘૂમતા હતા. આજના ભારતની કરુણ કથની એ છે કે આપણી પાસે મોટું લશ્કર છે પણ દેશમાં કોઇ ગાંધી નથી, શાસનમાં કોઇ નહેરુ નથી, વિરોધ પક્ષે કોઇ જયપ્રકાશ નથી; પણ આ મહામાનવોની ગેરહાજરીમાં આપણે રાષ્ટ્રની અખંડિતતાનું રક્ષણ કરવા, કોમી ઐક્ય જાળવવા અને આપણા આઝાદી-જંગના મહાન વારસાને સાચવવા સામૂહિક પુરુષાર્થ કરીએ.'

અંતમાં સંઘના પ્રમુખ ડૉ. રમણભાઇએ આભારવિધિ કરી હતી.

સંઘ સમાચાર

પર્યુષણ વ્યાખ્યાનમાળા

'સંઘ'ના ઉપક્રમે પ્રતિ વર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે તા. ૨૩-૮-૮૪ થી તા. ૩૦-૮-૮૪ એમ આઠ દિવસ માટે રહેશે. આ દિવસો દરમિયાન સવારના ૯-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૩૦ સુધી એમ દરરોજ બે વ્યાખ્યાનો બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭. ખાતે યોજવામાં આવ્યાં છે. વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાને સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ બિરાજશે.

વ્યાખ્યાતા તરીકે શશિકાન્ત મહેતા, પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી, ડૉ. રમણલાલ ચી. શાહ, પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ, પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી, ડૉ. સુરેશ દલાલ, ડૉ. ગુણવંત શાહ, શ્રી પુરુષોત્તમ માવળંકર, શ્રી આર્ચન કાપડિયા, ડૉ. હુમારપાળ દેસાઇ, શ્રી હરીન્દ્ર દવે, પૂ. મોરારી બાપુ, ડૉ. નરેન્દ્ર ભાણાવત, શ્રી મૃણાલિની દેસાઇ, પ્રા. તારાબેન ર. શાહ પધારશે.

વ્યાખ્યાતાના વિષયો સહિત વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

વ્યાખ્યાનમાળાનો સૌને લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ : ચીમનલાલ જે. શાહ * કે. પી. શાહ

સર્વસામાન્ય નાગરિક ધારા—ઢાલની બીજી બાજુ

© નગીનદાસ સંઘવી

ભારતના તમામ નાગરિકો માટે સર્વસામાન્ય ફોજદારી ધારો છે. પણ આપણે ત્યાં દરેક કોમ અને જાત માટેના કુળ કાયદા એકસરખા નથી. લગ્ન, વિચ્છેદ અને વારસો દુન્યવી બાબતો હોવા જોઇએ, પણ દુનિયામાં કોઇ દેશ એવો નથી કે જ્યાં ધર્મરૂઢીઓ અને પ્રણાલીઓ દુન્યવી બાબતોમાં માથું મારતી ન હોય. કેથોલિકો હજુ આજે પણ લગ્નવિચ્છેદ કે ગર્ભસ્રાવને પાપ ગણે છે. અને કોઇ સગાંવહાલાંએ પણ છૂટાછેડા લીધા હોય તેવા કુટુંબમાં મધર ટેરેસા જેવાં વિશ્વખ્યાત સેવામૂર્તિ બાળકોને દત્તક લેવા દેતાં નથી. અમેરિકામાં હજુ આજે પણ સંખ્યાબંધ શાળાઓ એવી છે કે જ્યાં ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ શીખવી શકાતો નથી, કારણ કે તે બાઇબલથી વિરુદ્ધ જાય છે. ગુજરાતના વરિષ્ઠ ન્યાયમૂર્તિ શ્રી પેટ્રીએ કહ્યું તે આદર્શ છે, વાસ્તવિકતા નથી અને આપણે આ આદર્શ પરિસ્થિતિથી હજુ ઘણાં ઘણાં દૂર છીએ તે આપણા સૌની મોટી કમનસીબી છે.

લગ્ન, છૂટાછેડા અને વારસાની બાબતમાં હિંદુ સ્ત્રીઓને તાજેતરમાં કેટલાક હકકો આપવાના કાયદા ઘડાયા છે. તેનો અમલ ભાગ્યેજ થાય છે. વારસાહકક કેટલાં માબાપોએ પોતાની દીકરીઓને આપ્યો છે તેના આંકડા કોઇ અન્વેષક ઠરાવી આપે ત્યારે ખરો. મેં છેલ્લાં દસ વરસમાં આ સવાલ સંખ્યાબંધ સ્ત્રીઓને પૂછયો છે. જવાબ હમેશાં નકારમાં મળ્યો છે. બીજી પત્ની અંગેના પ્રતિબંધનો ઉપાય લોકોએ અંગત સંબંધો અથવા મૈત્રી કરારો દ્વારા શોધ્યો છે. અને આટલા માર—ત્રાસ—હત્યાઓ થાય છે તેથી છૂટાછેડાની સવલતનો પૂરો લાભ લેવાતો નથી તેવું લાગે છે. આ આપણી પ્રગતિની ટીકા નથી, પણ અમલ અધૂરો છે, તેનો અફસોસ છે. કાયદાથી જે કંઇ કરી શકાય તે આપણે કરી છૂટયા છીએ. પણ કાયદાઓ રૂઢી—રિવાજની સામે ગરીબ બકરી જેવા લાચાર છે.

છતાં જેટલું હિંદુ સ્ત્રીઓ માટે થયું તેટલું પણ મુસલમાન બહેનો માટે કરી શકાયું નથી તે અતિશય ત્રાસ અને વેદનાની વાત છે. સમાજના મોટા ભાગના લોકોની મનોભાવના તૈયાર કર્યા વગર કાયદાઓ ઘડવાથી કંઇ વળતું નથી, કદાચ થોડો વાંઝિયો સંતોષ મળતો હશે. કમનસીબે આજે ચારે તરફ ધર્મભાવના નહીં પણ ધર્મ—ઘેલછાની ભરતી ચડી રહી છે અને આ ઝનૂન જેટલું વધે તેટલા પ્રમાણમાં કોમવાદની ભૂતાવળ વધારે જોરદાર થયા સિવાય રહે નહીં.

આ વાતાવરણ સમાન કુળ—કાયદાના ઘડતરમાં વિઘ્ન રૂપ છે. છતાં સમાજના સ્વાર્થમાં રસ ધરાવનાર સહુ કોઇએ આ સવાલ ઉપાડી લેવો જોઇએ. મુસલમાની સમાજની સુધારણા મુસલમાનોએ જ કરવી જોઇએ, તેવું વલણ વાજબી નથી, હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતા અને બાળલગ્નોના રિવાજ નાબૂદ કરવા માટે અસંખ્ય ખ્રિસ્તી—પારસી સુધારકોએ ઝંપલાવ્યું હતું તેમ બિન—મુસલમાનોએ આ જેહાદ ઉપાડી લેવી જોઇએ. મુસલમાનો આજે આ સુધારણાનો વિરોધ કરે છે, કારણ કે મુસલમાનો વધારે પડતી ધર્મઝનૂની કોમ છે અને તેમનામાં બુદ્ધિનિષ્ઠા ઓછી હોય છે તેવી દલીલો વારંવાર કરવામાં આવે છે તે બંને તદ્દન, પાયાથી ખોટી છે. હિંદુ સુધારણાનો જે પ્રચંડ અને ઝનૂની વિરોધ થતો હતો તેની સરખામણીએ તો મુસલમાન કોમ કશો વિરોધ દાખવતી નથી તેમ કહેવું પડશે. બાળલગ્નો અને સ્ત્રીશિક્ષણ સામે ઉગ્ર ઝુંબેશ ચલાવનાર લોકોમાં લોકમાન્ય ટિળકનું નામ પણ છે, અને બંગાળમાં તો એટલો પ્રખર વિરોધ હતો કે સરકારે કરવા ધારેલો કાયદો પડતો મૂકવામાં આવ્યો. બાળલગ્ન વિરોધી આંદોલનના અગ્રિમ સૂત્રધાર બહેરામજી મલબારીએ ઇંગ્લેંડ જઇને લોકમત જાગ્રત કરીને ત્યાંથી હુકમ લાવવો પડયો. અને છતાં પણ બાળલગ્ન પર પ્રતિબંધ તો ન જ મુકાયો, પણ બાર વરસથી નાની છોકરી જોડે સંમતિથી શરીરસંબંધ બાંધે તે પણ બળાત્કાર ગણાય તેવો વિચિત્ર અને વ્યર્થ કાયદો ઘડવામાં આવ્યો. આવો સંબંધ બંધાયો છે તેની ફરિયાદ કોણ કરે અને તેની સાક્ષી પણ કોણ આપે? એટલે આ કાયદો પણ પોથીનાં રીંગણાં જેવો ઘણાં વરસ પડી રહ્યો. આપણે ત્યાં તમામ કોમો ધર્મઝનૂની અને રૂઢિચુસ્ત છે. મુસલમાનોમાં ધર્મઝનૂનનું પ્રમાણ અન્ય કોમો કરતાં વધારે છે તેવું કહેવા માટેની કોઇ સાબિતી આપણી પાસે નથી. તેથી આવાં વિધાનો પૂર્વગ્રહદૂષિત છે તેવું સમજવું જોઇએ.

નવાઇની વાત તો એ છે કે મુસલમાનો પોતાના ધર્મ કે પોતાના પયગંબરને ઓળખતા નથી. કુરાન વાંચતા હશે પણ સમજતા નથી જે જમાનામાં સ્ત્રીઓ દુનિયાના તમામ ધર્મોમાં માત્ર ઉપભોગનું સાધન ગણાતી અને તેમને એક પણ હકક ન હતો તે જમાનામાં પયગંબરસાહેબે સ્ત્રીઓને સૌથી વધારે હકકો અને સહુથી વધારે સવલતો આપી. હિંદુ ધર્મમાં તો ગમે તેટલી સ્ત્રીઓ પરણવાની છૂટ હતી. તેની સરખામણીએ મહમ્મદસાહેબે ચાર સ્ત્રીઓની મર્યાદા બાંધી અને તેની સાથે એવી શરત મૂકી કે આ છૂટ ભોગવવી ભારે પડી જાય. જે સ્ત્રીઓને પરણો તે બધીને શરીરસુખ, પ્રતિષ્ઠા અને સુખ—સગવડ બરાબર સરખાં જ મળવાં જોઇએ. તેમણે પુરુષોને છૂટાછેડા લેવાની છૂટ આપી. પણ છૂટાછેડા આપનારને ધર્મદ્રોહીથી બીજા નંબરનો પાતકી ગણવામાં આવ્યો છે. યુરોપમાં સ્ત્રીઓને મિલકત/વારસાનો અધિકાર ઓગણીસમી સદીમાં મળ્યો તે પહેલાં તેરસો વરસે મુસલમાન સ્ત્રીઓને ચોથા ભાગનો વારસા હકક મળ્યો. ઇસ્લામી કુળ—કાયદો જ્યારે ઘડાયો ત્યારે આખી દુનિયામાં સૌથી આગળ હતો. આજે સૌથી પાછળ પડી ગયો છે, કારણ કે દુનિયા આગળ વધી ગઇ છે. ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે સંખ્યાબંધ મુસલમાન દેશોએ જમાના પ્રમાણેના ફેરફારો ઓછા વધતે અંશે કર્યા છે, તેથી ભારતનો મુસલમાની કુળ—કાયદો અન્ય મુસલમાન સમાજો કરતા પણ વધારે પછાત પડી ગયો છે. પાકિસ્તાનમાં અયુબખાને સામાજિક સુધારણા અંગે બહાર પાડેલા વટહુકમનો અમલ થતો નથી પણ કાયદો તો ઊભો જ છે.

આખી દુનિયાના મુસલમાનો જમાના અનુસાર ફેરવાતા હોય ત્યારે આપણા મુસલમાનો પણ ફેરવાશે તેવી શ્રદ્ધા રાખીને તેમની સમાજજાગૃતિનું કામ ઉપાડી લેવું જોઇએ. ધીરજભરી સમજાવટથી સમાજ—સુધારણા થાય છે તેટલી કેવળ ગાળો દેવાથી થતી નથી.

ઇંગ્લૅંડનો યાત્રા પ્રવાસ :

'સંઘ'ના પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી રમણલાલ ચી. શાહ અને તેમનાં ધર્મપત્ની અ. સૌ. તારાબેન શાહ જૈન સમાજ, યુરોપ (લેસ્ટર)ના નિમંત્રણથી આઠ અઠવાડીયાંના લંડન-લેસ્ટરના પ્રવાસે ગયાં હતાં. તેઓ આ સપ્તાહમાં સુખરૂપ મુંબઇ આવી પહોંચતાં તેમની વિદેશયાત્રા અંગેનો વાર્તાલાપ સાંજના ૬/૧૫ કલાકે રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બોલતાં ડો. રમણભાઇએ કહ્યું હતું, કે આ વખતની અમારી વિદેશ યાત્રા વધુ સાહિત્યિક હતી કેમ કે ઘણાં સ્થળે મારે પ્રવચનો આપવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. વળી જૈન સમાજ, યુરોપના જૈન સેન્ટરના ડીરેક્ટર તરીકે આ સંસ્થાને વધુ ગતિશીલ બનાવવાના આયોજનમાં પણ સમય આપવાનો હતો. તેથી આ પ્રવાસ અમુક સ્થળો પૂરતો મર્યાદિત રહ્યો હતો.

અહીં કોઇ પણ ધાર્મિક સ્થળ ઊભું કરવું હોય તો સરકાર જલદી પરવાનગી આપતી નથી તેથી અહીંના જૂનાં ચર્ચો ઉપર આપણા લોકોની નજર પડી છે. આવાં ઘણાં ચર્ચો વેચાયાં છે. લેસ્ટરમાં આપણી ધાર્મિક પ્રવૃત્તિઓ માટે જૈન સમાજ, યુરોપના નામથી એક ચર્ચ વેચાતું લઇ તેમાં દેરાસર, ઉપાશ્રય, લાયબ્રેરી, સ્ટડી સેન્ટર, રિસર્ચ સેન્ટર વગેરે વિવિધ કાર્યોનો પ્રારંભ કર્યો છે. શેઠશ્રી ગ્રેણિકભાઇની રાહબરી નીચે ૧૭ લાખના ખર્ચે ભારતમાં લેસ્ટર માટેનું દેરાસર તૈયાર થઇ રહ્યું છે. અહીં હિન્દુઓએ પણ ઘણાં ચર્ચ વેચાતાં લઇ મંદિરો બનાવ્યાં છે.

અહીં જૈન સમાજ ઉપરાંત તાજેતરમાં સ્થપાયેલા જૈન સોશ્યલ ગ્રુપ અને મહાત્મા ગાંધી ફાઉન્ડેશન વગેરે ઉમદા કાર્ય કરે છે.

અમે લ્યુટન શહેરમાં આવ્યાં. આ શહેરમાં પણ ઓસવાલ જૈનો મોટી સંખ્યામાં વસ્યા છે. અહીં એક અદ્યતન હોલમાં જૈનોએ પૂજાનો કાર્યક્રમ રાખેલ હતો. લગભગ ત્રણ હજાર માણસો આ કાર્યક્રમમાં એકત્ર થયા હતા. અને જે આનંદોલ્લાસથી પૂજા ભણાવતા હતા તે જોઇને અમે આશ્ચર્યચકિત થઇ ગયાં. વિદેશમાં પણ આવી ધર્મશ્રદ્ધા અને સંસ્કૃતિનો પ્રભાવ જોઇ આનંદ થયો.

લેસ્ટરમાં અમે અહેનોના ભક્તિમંડળ સાથે બ્રિસ્ટોલ પાસેની કેવ્ઝ (ગુફાઓ) જોવા ગયાં. નૈસર્ગિક સૌંદર્યને વરેલા ઇંગ્લેંડમાં આ ગુફાઓ અદ્‌ભુત છે. અહીં ગુફાઓમાં જે પથ્થરો પર પાણી ટપકે છે, તે પથ્થરો ચમકતા રત્નો જેવા લાગે છે. કુદરતની આ રચનાનું સુભગ દર્શન કરવાનો લ્હાવો અનાયાસે અમને મળ્યો.

એ પછી સ્ટોન હેન્જ નામની જગ્યાએ અમે ગયાં હતા. અહીંના પથ્થરો ૪ થી ૫ હજાર વર્ષ પુરાણા છે. ઇંગ્લેંડની પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસીઓએ આ જગ્યાની મુલાકાત લેવા જેવી ખરી.

એકંદરે આ યાત્રાપ્રવાસ આનંદપૂર્ણ અને યાદગાર રહ્યો. સમૃદ્ધિમાં ઘડાયેલા આ દેશમાં પણ આપણા કુટુંબોએ જે ધર્મ અને આતિથ્ય ભાવના ટકાવી રાખ્યાં છે તે આપણી ગૌરવવંતી સંસ્કૃતિની દ્યોતક ગણી શકાય.

'સંઘ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે ડો. રમણભાઇના સુખદ યાત્રા પ્રવાસ માટે આનંદ વ્યક્ત કર્યો હતો શ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો.

રક્તપિત્ત કોને થયો છે ?

'સંઘ'ના ઉપક્રમે વડોદરા પાસેના સિંધરોટ ગામે રક્તપિત્તથી પીડાતા લોકોની સારવાર માટેની સેવા સંસ્થા શ્રમ મંદિર ટ્રસ્ટના યુવાન સંચાલક શ્રી સુરેશ સોનીનું ઉપરોક્ત વિષય પર એક પ્રવચન શનિવાર, તા. ૩૦-૬-'૮૪ ના રોજ સાંજના ૪-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં રાખવામાં આવ્યું હતું.

શ્રી સુરેશ સોનીએ કહ્યું કે રક્તપિત્ત જેને થાય છે તેનું જીવન નર્કાગાર બની જાય છે. સ્વજનો, સ્નેહીઓ અને મિત્રો તેમનાથી દૂર ભાગે છે એટલું જ નહિ પરંતુ, કોઇ તેમને રાખવા કે તેમની સેવા-શુશ્રૂષા કરવા પણ તૈયાર નથી. આજે ભારતમાં ૪૦ લાખ લોકો રક્તપિત્તથી પીડાય છે. ગુજરાતમાં ૪૦૦૦ થી વધુ લોકો આ રોગનો ભોગ થઇ પડયા છે. સમાજ અને જાહેર જીવનથી તદ્દન બહિષ્કૃત થયેલા આવા અભાગી રક્તપિત્તથી પીડાતા લોકોની યાતના અને દુઃખોનો અંત નથી. સતત મૃત્યુને માંગતા આવા દુઃખી લોકો તરફ સતત ઉપેક્ષા બતાવતા આ સમાજને જોઇને થાય છે કે ખરેખર રક્તપિત્ત આ ભિક્ષુકોને થયો છે કે આપણા સમાજને ?

લોહીની સગાઇ ધરાવનારાઓએ જેમને વગર વાંકે તરછોડી દીધા છે; સમાજે જેમને ધુતકાર્યા છે, એવા રક્તપિત્તના ભિક્ષુકોને ગંદા-ગોબારા ઝુંપડાંમાં મરવાને વાંકે જીવતા જોયા છે ? હાથે-પગે મોટા ઝખમ, આખા શરીરે રસી ઝરતી ગાંઠો, સાંધાનો પારાવાર દુખાવો, અસંખ્ય મચ્છર, નર્કથી પણ બદતર આ દુનિયા ! શરીર પરના જખમ કરતાં અનેકગણા ઊંડા ઝખમ એમના દિલ પર છે.

આવા દુઃખી અને અસહાય રક્તપિત્તના રોગી લોકો સ્વમાનપૂર્વક આનંદથી જીવી શકે તે માટે વડોદરાથી ૧૫ કિ. મી.ના અંતરે આવેલ સિંધરોટ ગામે સરકારશ્રીની અને અન્ય સજ્જનોની સહાયથી શ્રમ મંદિર ટ્રસ્ટના નામથી રક્તપિત્તિયાઓની એક વસાહત આજથી ચારે વર્ષ પહેલાં ઊભી કરવામાં આવી છે. આ વસાહતમાં હાલ ૪૫૦ જેટલા રક્તપિત્તિયા લોકોને વસાવવામાં આવ્યા છે. તેમના રોગોની નાબૂદી માટે શક્ય સારવાર કરવાની સાથે તેઓ વધુ સ્વમાનપૂર્વક જીવી શકે તે માટે વિવિધ ગૃહઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા છે. રક્તપિત્તિયાની સારવાર માટે આ સંસ્થાને પ્રતિમાસ એક લાખ રૂપિયા જેટલો ખર્ચ આવે છે. સમાજની ઉદારદિલ વ્યક્તિઓને માનવતાના આ કાર્યમાં સારી એવી રકમ આપવાની એમણે અરજ કરી હતી. એ અપીલના પ્રત્યુત્તરમાં સભામાં ઉપસ્થિત સજ્જનોમાંથી નીચે મુજબની રકમનાં વચનો મળ્યાં છે :

૨૫૦૫-૦૦ શ્રી જયંતિલાલ પી. શાહ
૧૦૦૦-૦૦ એક સજ્જન તરફથી
૧૦૦૦ ૦૦ શ્રી રજનીભાઇ વોરા
૫૦૦-૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૦-૦૦ શ્રી કે. પી. શાહ
૫૦૦-૦૦ શ્રી પન્નાલાલ છેડા
૨૫૧-૦૦ ડો. મધુરીબેન શાંતિલાલ નંદુ. સોનગઢ
૧૫૧-૦૦ શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ
૫૧-૦૦ શ્રી હરીલાલ ગુલાબચંદ શાહ
૨૫ ૦૦ શ્રી નટુભાઇ પટેલ

શ્રમમંદિર ટ્રસ્ટને સહાય કરવા જેમને રકમ આપવાની ભાવના હોય તેઓ 'સંઘ' ના કાર્યાલયમાં રકમ મોકલી આપે તેવી વિનંતિ.

સંકલન : ચીમનલાલ એમ. શાહ-'કલાધર'

મિશ્ર સરકાર : એક વિકલ્પ

● યશવંત દોશી

[તા. ૧૫-૬-૧૯૮૪, શુક્રવારે 'સંધ'ના 'અભ્યાસ વર્તુળ'ના ઉપક્રમે આપેલો વાર્તાલાપ]

મિશ્ર સરકાર વિશે વિચાર શાથી કરવો પડે છે? આ વિચાર એટલા માટે કરવો પડે છે કે એક બાજુ શાસક પક્ષ જે જાતનું શાસન કરે છે તેનાથી ભ્રષ્ટાચાર વધ્યો છે અને લોકશાહીનું તત્ત્વ ઘટયું છે. શાસક પક્ષની અંદર પણ લોકશાહી વ્યવસ્થાનો લોપ થયો છે. તો બીજી બાજુ વિરોધ પક્ષોમાંથી કોઇ એક પક્ષ એટલું જંજું બતાવી શકયો નથી કે તે એકલે હાથે કેન્દ્રમાં સરકાર રચી શકશે એવી લોકોને પતીજ પડે. આથી જ શાસક પક્ષના વિકલ્પ તરીકે મિશ્ર સરકારની સંભાવનાનો વિચાર દેશમાં પ્રસર્યો છે.

લોકશાહીમાં અંતર્ગત રહેલું એક તત્ત્વ એ પણ છે કે તેમાં ઘણા બધા માણસોને શાસનની તક મળવી જોઇએ. ચૂંટણી લડતો પ્રત્યેક માણસ વાજબી રીતે એવી આશા રાખી શકે કે અત્યારે નહિ તો ભવિષ્યમાં કયારેક પણ એ નાનો-મોટો પ્રધાન કે વડો પ્રધાન બની શકશે. એવું નથી કે દરેક વ્યકિતની આ મહેચ્છા પૂરી થાય છે, પણ એ માટેની તક તો ખુલ્લી હોવી જોઇએ. વડા પ્રધાનના પદને બાજુએ રાખીએ, કારણ કે એ પદ તો એક જ છે, પણ નાનું સરખું એ પ્રધાનપદ કયારેય મળવાનો સંભવ ન હોય તો ચૂંટણી લડયાનું ફળ શું?

માણસ સત્તા ઉપર આવવા ઇચ્છે ત્યારે કેવળ હુકમ ચલાવવા જ આવવા માગે છે એવું નથી હોતું; દેશને પોતે કલ્પેલી રીતે આગળ લઇ જવા માટે પણ સત્તા જોઇએ. એટલે ચૂંટણી લડીને સંસદમાં આવનારા સારા અને પ્રમાણિક માણસો પણ સત્તાની અપેક્ષાએ આવે તેમાં કશું ગેરવાજબી નથી.

જો ઘણા રાજકારણીઓને સત્તા ઉપર આવવાની તક મળે એમ કરવું હોય તો વિભિન્ન પક્ષો અવારનવાર સત્તા ઉપર આવે એવી પરિસ્થિતિ સરજાવી જોઇએ. તેને બદલે જો એવું બને કે શાસક પક્ષ ગમે તેવી યુકિત-પ્રયુકિતઓ કરીને આપણને સત્તાથી દૂર જ રાખશે એવી લાગણી અન્ય પક્ષોમાં ઊભી થાય તો એ બધામાં એક જાતની હતાશા (ફ્રસ્ટ્રેશન) પ્રસરે. આપણી લોકશાહી સારી રીતે ચાલે એમાં એમને પોતાનું હિત ન દેખાય.

આવી હતાશાનાં માઠાં પરિણામ અનેક રીતે આવી શકે. વાજબી રીતોને શાસક પક્ષ નાકામિયાબ બનાવે છે એમ માનીને કેટલાક લોકો ગેરવાજબી રીતો અપનાવવા પ્રેરાય. લાંચરુશ્વત, પક્ષપલટો વગેરે પરિણામો નીપજે. કેટલાક લોકો હતાશાને કારણે શાસક પક્ષમાં ચાલ્યા જાય. આને તેને પરિણામે દેશમાં વિરોધપક્ષોનું જોર ઘટે અને લોકશાહીનું તત્ત્વ ઓછું થાય.

રાજકીય હતાશાનાં બે દૃષ્ટાંતો તરત યાદ આવી જાય છે. આઝાદી પછી તરતના સમયમાં અને ૧૯૫૨ની ચૂંટણી સમયે દેશના યુવાનોમાં એવી આશા હતી કે ભારતનો સમાજવાદી પક્ષ કયારેક સત્તા ઉપર આવશે અને તેના તેજસ્વી નેતાઓ દેશમાં ઘણાં બધાં આવશ્યક પરિવર્તનો કરશે. કંઈ નહિ તો વિરોધ પક્ષ બનીને એ પક્ષ શાસક પક્ષને સાચે માર્ગે જવાની ફરજ પાડશે. પણ બન્યું એવું કે વર્ષોનાં વર્ષો સુધી સમાજવાદીઓ સત્તાના કેન્દ્રથી દૂરના દૂર જ રહ્યા. અને અંતે એમાંના કેટલાક સારા સારા કાર્યકરો ફકત સત્તાને ખાતર કોંગ્રેસમાં જોડાઇ ગયા. ગુજરાત-મહારાષ્ટ્રના જ અશોક મહેતા, જસુ મહેતા અને સનત મહેતાના દાખલા આપણી સમક્ષ મોજૂદ છે. એ સમયે સમાજવાદી પક્ષ છોડીને કોંગ્રેસમાં ગયેલા અનેક કાર્યકરોએ વિરોધ પક્ષના અસ્તિત્વ ઉપર એક મોટો ફટકો માર્યો હતો.

રાજકીય હતાશાનો બીજો દાખલો પંજાબનો છે. શીખોમાં ખરી-ખોટી પણ એવી લાગણી ઉત્પન્ન થઈ હતી કે શાસક પક્ષ પંજાબમાં આપણને કદી સત્તા ઉપર આવવા નહિ દે. આમાં હકીકત શી હતી એ જુદી વાત છે, પણ મુદ્દો શીખોના મન ઉપર પડેલી છાપનો છે. એમને એમ લાગે કે આપણે માટે સત્તા ઉપર આવવાની તક જ નથી તો પછી લોકશાહીની પ્રકિયામાંથી એમનો રસ ઊડી જાય એ દેખીતું છે.

આવી બધી હતાશાઓ અને તેનાં દુષ્પરિણામોથી દેશને બચાવવા માટે પણ વિરોધપક્ષો કયારેક કયારેક સત્તા પર આવે એ જરૂરી છે. અને આજે જયારે કોઇ એક જ વિરોધ-પક્ષ માટે સત્તા પર આવવાનું સંભવિત નથી જણાતું ત્યારે મિશ્ર સરકાર માટેનો પ્રયત્ન એ એક યોગ્ય દિશાનો પ્રયત્ન ગણાશે.

મિશ્ર સરકારની વાત કરીએ છીએ ત્યારે આપણે આજ સુધીનો અનુભવ પણ તપાસી લઇએ. ગયા સાડાત્રણ દાયકામાં ભારતનાં અનેક રાજ્યોમાં મિશ્ર સરકારો રચાઇ છે. મિશ્ર સરકારોને આપણે ઠીક ઠીક વગોવી છે. એને ખીચડા સરકારો, શંભુ મેળા એવાં એવાં વિશેષણોથી નવાજી છે.

પણ હકીકતમાં મિશ્ર સરકારોના સારા અને માઠા એમ બન્ને જાતના અનુભવ આપણને થયા છે. ૧૯૬૭ની ચૂંટણી પછી અનેક રાજ્યોમાં મિશ્ર સરકારો રચાઇ હતી. આ મિશ્ર સરકારોમાં બધી જાતના રાજકીય પક્ષો ભાગ લેતા હતા. રંગપટ્ટના એક છેડાથી બીજા છેડા સુધીના-ધુર્જા-રેડથી અલ્ટ્રા-વાયોલેટ સુધીના-પક્ષો એમાં જોડાયા હતા. આ સરકારો લાંબો સમય ટકી નહિ અને તૂટી પડી. બીજી બાજુ કેરળ, પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાં ડાબેરી પક્ષોની મિશ્ર સરકારો અને ઓરિસ્સામાં સ્વતંત્ર પક્ષ અને ગણતંત્ર પરિષદની મિશ્ર સરકાર સફળતાથી કામ કરી શકી છે. આમ મિશ્ર સરકારો આપણા દેશમાં સફળ ન જ થઇ શકે એવું કોઇથી કહેવાય તેમ નથી.

યુરોપના સંખ્યાબંધ દેશોમાં મિશ્ર સરકારો દ્વારા લોક-શાહી સફળતાથી ચાલી રહી છે. ફ્રાંસ, પશ્ચિમ જર્મની, ઇટલી, સ્વિટ્ઝરલેન્ડ વગેરે દેશોમાં, મિશ્ર સરકારો દ્વારા શાસન એ જ લોકશાહીનો પ્રચલિત વ્યવહાર થઇ ગયો છે. એક વળા ફ્રાંસમાં છાશવારે સરકારો બદલાય એવી સ્થિતિ ગણાતી હતી. અને જગતના દેશોમાં તેની ઠેકડી થતી હતી. પણ આજે

તેના પ્રમુખે જગતના રાજકારણમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. અને અમેરિકાના પ્રમુખ, બ્રિટનના વડા પ્રધાન અને એ કક્ષાના અન્ય નેતાઓની હરોળમાં તે ઊભા રહી શકે છે. અને તેમને બે વાત કહી શકે છે. એટલે યુરોપના લોકશાહી દેશોમાં મિશ્ર સરકારો સફળ થઇ છે. અને એમણે પ્રતિષ્ઠા પણ મેળવી છે.

આપણા દેશમાં આઝાદી પછી તરતના સમયમાં કેન્દ્રમાં ક્યારે મિશ્ર સરકાર નહોતી, તેમ છતાં નહેરુની સરકારમાં કોંગ્રેસ પક્ષની બહારના ઘણા પ્રધાનો જુદે જુદે સમયે લેવામાં આવ્યા હતા. આંબેડકર, શ્યામ પ્રસાદ મુખર્જી, બલદેવ સિંહ, પ્રભુમુખમ્ ચેટ્ટી, જોન મથાઇ, સી. ડી. દેશમુખ, સી. એચ. ભાભા વગેરે અનેક પ્રધાનો બિનકોંગ્રેસી હતા અને છતાં આ સરકાર કુશળતાથી કામ કરતી હતી.

સવાલ એ છે કે મિશ્ર સરકારો સફળ કે નિષ્ફળ શાથી થઇ? ભારતમાં મિશ્ર સરકારો ઊથલી પડવાનું સૌથી મોટું કારણ પક્ષપલટો છે. પક્ષપલટો કોઇ પણ રીતે અટકાવી શકાય તો મિશ્ર સરકારોને નિષ્ફળ બનાવતું એક મોટું કારણ દૂર થાય. જનતા પક્ષ સત્તા ઉપર હતો ત્યારે પક્ષપલટો અટકાવવાનો કાયદો કરવાનો પ્રયત્ન થયો હતો. એ માટેનો ખરડો પણ તૈયાર થયેલો. પણ જનતા પક્ષમાંના સમાજવાદીઓએ તેનો વિરોધ કરી કાયદો થતો અટકાવ્યો.

પક્ષપલટો કરનારાઓને બદલો આપવાની વિવિધ રીતોએ પણ પક્ષપલટાને વેગ આપ્યો છે. પ્રધાનોની અમર્યાદિત સંખ્યાની છૂટ હોવાને લીધે પક્ષપલટુઓને પ્રધાનપદનું પ્રલોભન આપી શકાય છે. સરકાર બીજી પણ અનેક જગ્યાઓ પર આવા લોકોની નિમણૂંક કરી તેમને મોટી આવકનું સાધન અને થોડીક સત્તા આપી શકે છે. ગવર્નરની સત્તાઓનો દુરુપયોગ અને રાષ્ટ્રપતિનું શાસન લાદવાની સગવડનો દુરુપયોગ એ પણ મિશ્ર સરકારોને નિષ્ફળ બનાવનારાં કારણો છે.

મિશ્ર સરકારોના આજ સુધીના આપણા અનુભવ પરથી એકંદરે એમ કહી શકાય કે વિચારસરણી અને કાર્યક્રમમાં પક્ષો વચ્ચે ઠીકઠીક સમાનતા હોય તો મિશ્ર સરકાર સફળ થવાનો સંભવ વધુ રહે છે. ડાબેરી જૂથોની મિશ્ર સરકારો વધુ ટકી રહી છે તેની પાછળ આ મહત્ત્વનું કારણ જણાય છે. ઓરિસ્સામાં જે મિશ્ર સરકાર સફળ થઇ તેમાં બન્ને પક્ષો જમણેરી વિચારસરણીવાળા હતા. જનતા પક્ષની કેન્દ્રીય સરકાર તૂટી પડી તેમાં અંગત રાગ-દ્વેષો ઉપરાંત વિચારસરણીના મોટા તફાવતે પણ અમુક અંશે કામ કર્યું જ હશે.

ભારતમાં બે સમોવડિયા પક્ષોનું અસ્તિત્વ નથી ત્યારે મિશ્ર સરકારો સ્વાભાવિક બની રહે તેમ કરવું જોઇએ. અને તે માટે પ્રમાણસરના પ્રતિનિધિત્વની જોગવાઇ કરવી જોઇએ. આપણે આઝાદી પછી બંધારણ ઘડ્યું તેમાં લોકશાહીના તત્ત્વ કરતાં સ્થિરતાના તત્ત્વને વધુ મહત્ત્વ આપ્યું. વિવિધ પક્ષોનાં સભ્યોની નાની નાની સંખ્યા સંસદમાં કે વિધાનસભામાં આવે તે કરતાં એક પક્ષ મોટી બહુમતીથી આવે એવી પદ્ધતિ આપણે વધુ પસંદ કરી. પણ તેના પરિણામે રાજ્યોમાં તો સ્થિરતા રહી નથી. એક વેળા જે રાજ્યો સ્થિર સરકારોવાળાં ગણાતાં તે પણ આજે ડગુમગુ થઇ રહ્યાં છે. એટલે એક પક્ષ બહુમતીમાં આવે તેવી પદ્ધતિ આપણને ખાસ ફળી નથી. આ સંજોગોમાં પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અપનાવવી ખોટી નથી. એનો એક લાભ એ છે કે આ પદ્ધતિ સફળ થાય તેમાં તમામ પક્ષોનું હિત પેદા થાય છે. એટલે એ અખતરો નિષ્ફળ જ જાય એમ માનવાનું કારણ નથી.

ઇંગ્લેન્ડમાં સેમિનાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને ઇંગ્લેન્ડની એક સ્થાનિક સંસ્થાના સયુકત ઉપક્રમે જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, સ્થાપત્ય-શિલ્પકલા, ચિત્રકારત્વ, સમાજસેવા ઇત્યાદિ વિષયો પર સેમિનાર યોજવાનું વિચારાયું છે.

આ સેમિનાર સંભવતઃ ઓકટોબર ૧૯૮૪ના દ્વિતીય સપ્તાહમાં યોજાશે.

આ સેમિનાર પાછળ મુખ્ય આશય તો મુંબઇના, આર્થિક દૃષ્ટિએ મધ્યમ વર્ગનાં એવા આપણા કેટલાક વિદ્વાન ભાઇઓ-બહેનો કે સંગીતકારને પ્રથમવાર ભારત બહાર જવાની તક સાંપડે અથવા લંડન સહિત યુરોપનો તેઓ પ્રવાસ કરે એવા આશયથી આ સેમિનાર યોજાઈ રહ્યો છે.

અગાઉ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૬-'૮૪ના અંકમાં જાહેરાત કર્યા મુજબ એક વ્યકિતને સ્પોન્સર કરવા રૂા. ૧૫૦૦૦/ ની આવશ્યકતા રહે છે. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે અમને નીચે પ્રમાણે વચનો મળી ચૂકયા છે અને હજુ બીજા વધુ વચનો મળવાની અપેક્ષા છે.

(૧) શ્રી દીપચંદભાઇ એસ. ગાડી	રૂા. ૧૫૦૦૦/-
(૨) એક સુપ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થ	રૂા. ૧૫૦૦૦/-
(૩) શ્રી વસનજી લખમશી શાહ	રૂા. ૧૫૦૦૦/-
(૪) શ્રી કપૂરભાઈ ચંદારિયા	રૂા. ૧૫૦૦૦/-
(૫) શ્રી શૈલેશભાઇ હસમતલાલ કોઠારી	રૂા. ૧૫૦૦૦/-
(૬) શ્રી રજનીકાંતભાઈ વોરા	રૂા. ૧૫૦૦૦/-
(૭) શ્રી રસિકલાલ મો. ઝવેરી અને મિત્રો	રૂા. ૧૫૦૦૦/-
(૮) શ્રી સી. એન. સંઘવી, શ્રી રસિકલાલ લહેરચંદ શાહ અને મિત્રો	રૂા. ૧૫૦૦૦/-
(૯) ડો. ધનવંત ટી. શાહ અને મિત્રો	રૂા. ૧૫૦૦૦/-

આ રીતે કુલ રૂા. ૧,૩૫૦૦૦/- નાં વચનો મળ્યાં છે.

-મંત્રીઓ

ચીમનલાલ જે. શાહ

કે. પી. શાહ

સાભાર સ્વીકાર

પંચામૃત : (ભાગ-૨) વિનોબા, કિં રૂા. ૧૧-૫૦, યજ્ઞ પ્રકાશન, હુજરાતપાગા, વડોદરા-૧ * **સરળ બ્રહ્મસૂત્ર આત્માની ગતિ :** રતીલાલ અંબ્યર્યું, દત્ત સોસાયટી, અમદાવાદ, કિં. રૂા. ૭-૫૦.

નમર્દ : આજના સંદર્ભમાં : સં. કુમારપાળ દેસાઇ, કિં. રૂા. ૨૫, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગો. મા. ત્રિપાઠી ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ.

શબ્દવેધ : જયંત પંડ્યા, કિં. રૂા. ૨૮, પ્રકાશક ઉપર મુજબ.

વિરાટનો વિનાશ : ગિરીશ ગણાત્રા, કિં. રૂા. ૧૬, પ્રકા. ઉપર મુજબ.

અગ્રીમ પત્રકારોની તસવીરો : અર્પણ સમારોહ અને ચીમનલાલ ચકુભાઇ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર

સંકલન : પન્નાલાલ ૨. શાહ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૨૮-૭-૮૪ના રોજ ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના કમિટી રૂમમાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખપદે, ભારતના ચાર અગ્રીમ પત્રકારોની તસવીરો સ્વાતંત્ર્ય સેનાની શ્રી મીનુ મસાણીના વરદ હસ્તે શ્રી મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘને અર્પણ કરવામાં આવી. ગત વર્ષે 'સંઘે' પત્રકારત્વ વિષે પરિસંવાદ યોજ્યો ત્યારે 'સંઘે' આ તસવીરો તૈયાર કરાવી હતી.

સમારંભના પ્રારંભમાં શ્રી અમર જરીવાલાએ, આ અગ્રીમ પત્રકારોએ જીવનના કોઇપણ ક્ષેત્રે થતા અન્યાય સામે નિર્ભયતાથી લડવાની પ્રેરણા આપી અને કટોકટી વેળાએ પણ આવા મિજાજના પત્રકારોએ ખુમારી અને ખમીર દાખવ્યાં હતાં, તેમ જણાવી આવા મરજીવા-પત્રકારોની તસવીરો અર્પણ કરવાના આ સમારોહમાં 'સંઘ' વતી સૌને આવકાર્યા હતા.

'મુંબઇ સમાચાર'ના તંત્રીશ્રી જેહાન દારૂવાલાએ કહ્યું કે આયરીશ-અંગ્રેજ હોર્નિમન ભારત આવ્યા ત્યારથી આપણી આઝાદીની લડતના પ્રખર પુરસ્કર્તા અને પત્રકાર તરીકેની નિષ્ઠામાં અડગ રહ્યા. તેમને દેશપાર કરવાના હુકમથી તેમના ચાહકો મહાત્મા ગાંધી, સરોજિની નાયડુ, દાદાભાઇ નવરોજી, સર ફિરોજશા મહેતા વગેરેને આઘાત થયો અને તેવા હુકમના વિરોધમાં મુંબઇમાં હડતાળ પડી. 'બોમ્બે ક્રોનિકલ'ના તંત્રી સૈયદ અબ્દુલ્લાની આગઝરતી વાણીએ બ્રિટિશરોને હચમચાવ્યા. કોઇ કલ્પના ન કરી શકે તેવું કામ આવા અગ્રસર પત્રકારોએ તે જમાનામાં કર્યું એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી મોહનલાલ મહેતા 'સોપાને' કહ્યું કે સ્વતંત્રતા પહેલાંનું લડાયક મિજાજનું પત્રકારત્વ આજે ઉદ્યોગની કક્ષાએ પહોંચ્યું છે ત્યારે હોર્નિમન જેવા લડાયક મિજાજના પત્રકારો આજે ક્યાં છે? વધુમાં એમણે કહ્યું કે સદાનંદ અને અમૃતલાલ શેઠ પણ નીડર અને પ્રકૃતિથી પત્રકાર હતા અમૃતલાલ શેઠ જાતના જોખમે પણ સમાચાર મેળવી પ્રગટ કરતા. તેઓ કહેતા કે હું જે કાંઇ લખું છું તે શાહીથી નહિ પરંતુ લોહીથી લખું છું. ગુજરાતી પત્રકારત્વને મળેલા આવા વારસાનો અભ્યાસ અને સંશોધન કરવું જરૂરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

'પ્રી પ્રેસ જર્નલ'ના સમાચારતંત્રી શ્રી પી. આર. કે. મેનને કહ્યું કે બ્રેલવી સ્વતંત્રતાના આંદોલનના પુરસ્કર્તા હતા. તેથી અલગ મુસ્લિમ રાષ્ટ્રના પુરસ્કર્તા મહમદઅલી ઝીણા અને મુસ્લિમ સમાજનો તેમણે રોષ વહોર્યો. પણ ડગ્યા નહીં. 'ઇન્ડિપેન્ડન્ટ'ના તંત્રી સ્વામીનાથ સદાનંદે આઝાદીની લડત અને ઉચ્ચ આદર્શ માટે પત્રકારત્વના-પ્રજા ઘડતરના ક્ષેત્રે ઝંપલાવી તે વખતે રાષ્ટ્રીય સમાચાર સંસ્થાની ખોટ હતી તે નિવારવા પ્રી પ્રેસ ઓફ ઇન્ડિયા ન્યુઝ એજન્સીની સ્થાપના કરી. આર્થિક અને રાજકીય ભીંસ વચ્ચે તેમણે પ્રી પ્રેસ જથને વિકસાવ્યું. અંતમાં તેમણે 'જન્મભૂમિ', 'ક્રોનિકલ' અને 'પ્રી પ્રેસ જર્નલ'-આ ત્રણ પત્રોએ સ્વતંત્રતા પહેલાં મહત્ત્વનું પ્રદાન કર્યું તેમ જણાવ્યું હતું.

'લોકસત્તા'(જનસત્તા)ના તંત્રી શ્રી માધવ ગઢકરીએ માલિક અને તંત્રીના વિચારભેદનું દૃષ્ટાંત ટાંકતાં સદાનંદની પ્રતીતિ-જન્ય ન્યાયયુક્ત રજૂઆતથી માલિકોએ તેમનું દૃષ્ટિબિંદુ સ્વીકાર્યું તે જણાવી કહ્યું કે આવું ખમીર અને ખુમારી ધરાવતા પત્રકારો આ દેશની શાન છે. તેમણે મર્મભર્યો કટાક્ષ કરતાં ઉમેર્યું કે વૃત્તપત્રોએ શહીદો અને નેતાઓ આપ્યા, પરંતુ એ જ નેતાઓ આજે સમાચારપત્રોને ડૂબાડે છે! સદાનંદે બાબુ ગેનુ વિષે લખ્યું ના હોત તો તેમના બલિદાનની કથાથી આપણે માહિતગાર ન હોત. ઓન્લ્યમિન હોર્નિમનને તેમણે સ્વતંત્રતાના સંદેશવાહક તરીકે ઓળખાવ્યા હતા.

મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘને આવા ચાર અગ્રણી પત્રકારોની તસવીરો અર્પણ કરતાં શ્રી મીનુ મસાણીએ આ પત્રકારોને યુવાનવયે મળવાનું પોતાને સદ્‌ભાગ્ય સાંપડ્યાની વાત કરતા કહ્યું કે સદાનંદ નીડર અને નમ્ર. તેમનું લખાણ માહિતીપ્રચૂર. હોર્નિમન મક્કમ અને આક્રમક મિજાજના. વર્ગવિગ્રહ અંગે પિતા સાથેના વિચારભેદથી પગભર થવા પોતે સ્વેચ્છાએ 'જન્મભૂમિ' માં જોડાયા તેનું સ્મરણ કરી તેમણે અમૃતલાલ શેઠને બિરદાવ્યા. અલબત્ત તેમના પિતાના વિચારો સાચા હતા તે તેમને થોડું મોડું પણ સમજાયાનું એમણે જણાવ્યું હતું. પોતાના વિચારો પ્રમાણે સ્વતંત્ર મિજાજ ધરાવવો અને સાથોસાથ ભૂલ સમજાય ત્યારે તે સ્વીકારવાની ખેલદિલી દાખવવી તે આ પ્રસંગનો બોધપાઠ છે, એમ શ્રોતાઓને લાગ્યું હતું.

'સંઘ'ના અને તસવીરો અર્પણ કરવાના આ સમારોહના પ્રમુખ ડૉ. રમણભાઇએ કહ્યું કે અમે જ્યારે કૉલેજમાં ભણતા ત્યારે સૌ પ્રથમ અમે હોર્નિમન અને બ્રેલવીના અગ્રલેખો વાંચતા દેશ માટે એમને શું કહેવાનું છે તે જાણવા એ વખતે સૌ આતુર રહેતા. સદાનંદના હાથ નીચે તેમણે એક વર્ષ કામ કર્યું તે જણાવી તેમણે સદાનંદને મિજાજના ધૂની માણસ તરીકે ઓળખાવ્યા હતા. સ્વ. અમૃતલાલ શેઠ અને આવા નિષ્ઠાવંત પત્રકારોના પ્રદાનનું સંશોધન અને મૂલ્યાંકન કરવાનું કામ મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘે હાથ ધરવું જોઇએ એવો તેમણે અનુરોધ કર્યો હતો.

આમારા 'સંઘ'ના મુખપત્રો-પ્રારંભમાં 'મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા' અને 'તરુણ જૈન,' ત્યાર બાદ 'પ્રબુદ્ધ જૈન' અને હવે 'પ્રબુદ્ધ જીવન'ના આઝાદીની લડત અને પત્રકારત્વના ક્ષેત્રે એનાં પ્રદાનની વિગતો આપી એમણે કહ્યું કે કટોકટી દરમિયાન સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ નિર્ભયતાથી 'પ્રબુદ્ધ જીવન'માં લખતા. તેથી એમની ધરપકડ થયાની અફવા વારંવાર ફેલાતી. 'સંઘ'ના વિકાસમાં અને રાષ્ટ્ર અને જાહેર જીવનમાં એમના પ્રદાનનું પુણ્ય સ્મરણ કરી મુંબઇના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને રૂ. ૫૦૦૦ નો પુરસ્કાર 'ચીમનલાલ ચકુભાઇ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર' એ નામથી દર વર્ષે અમારો 'સંઘ' આપશે એવી એમણે સહર્ષ જાહેરાત કરી હતી. સન ૧૯૮૪ નો પુરસ્કાર સન ૧૯૮૫ માં અને ત્યારબાદ પ્રતિવર્ષ નિયમિતપણે આ પુરસ્કાર મુંબઇના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને અમારા સંઘ તરફથી અપાશે એમ તેમણે ઉમેર્યું હતું

મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘના પ્રમુખ શ્રી સુધીર માંકરે તસવીરોનો સ્વીકાર કરતાં કહ્યું કે અમારો પત્રકાર સંઘ આજે અહીંથી તસવીરોની સાથે પત્રકારત્વનો ઇતિહાસ લખને જાય છે અમારા મોટા ભાગના સભ્યો ત્રીસથી નીચેની વયના યુવાનો છે પત્રકારત્વના વિકાસ અને સંશોધન માટે અમારો પત્રકાર સંઘ યોગ્ય પ્રયત્નો કરશે એમ જણાવી તેમણે સૌના સહકાર માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

'સંઘ'ના મંત્રી શ્રી કે. પી. શાહે આત્મીયભાવે સૌનો આભાર માન્યો હતો.

ન ર શી ના થા

✠ ગુલાબ દેઢિયા

આજથી સવા બસો અઢીસો-વર્ષ પહેલાં કચ્છના ભાટિયા, ખોજા, લોહાણા અને જૈનોએ રોજીરોટીની શોધમાં મુંબઇ આવવાનું શરૂ કર્યું હતું. કચ્છની સૂકી ધરતી હમેશાં વિષમતાઓથી ભરેલી રહી છે, જેથી કચ્છી પ્રજાને ખડતલ બન્યે જ છૂટકો. બીજી તરફ કચ્છનો સાગરકાંઠો પ્રજાને સાહસિક બનાવે એવો રહ્યો છે.

કચ્છના માંડવી, મુન્દ્રા કે જખૌ બંદરેથી વહાણો લઇ કાં, જાવા, સુમાત્રા, જાંજીબાર અને ચીન સુધી સફરો ખેડી આવતાં. કચ્છની જાકારો દેતી પરિસ્થિતિથી કંટાળીને, મુંબઇના આકર્ષણથી અંજાઇને કંઈ કેટલા માથાફરેલા, સાહસિક, ખિસ્સામાં કૂટી કોડીય ન હોય એવા જુવાનો મુંબઇ આવતા કોઇ વહાણમાં ચડી બેસતા. પંદર કે એથી ય વધુ દિવસે વહાણ મુંબઇ પહોંચે. દરિયાઈ જોખમો અનેક, ચાંચિયાઓનો ભય પણ ખરો જ. ખાવા માટે ધરતું ભાતું અને ગાજરનું અથાણું હોય, પણ આંખમાં સ્વપ્નો હોય.

આમ મુંબઇ આવી, મજૂરી કરી, આપમેળે આગળ આવેલા પુરુષાર્થી કચ્છી માનવીઓએ ૧૯મી સદીની આસપાસ મુંબઇના અનાજ, કરિયાણું, તેલીબીયાં, રૂ અને કાપડનો વેપાર સર કર્યો. મુંબઇની તે સમયની જાહોજલાલી અને દેશ-વિદેશના વેપારવણજમાં બેતાજ બાદશાહ બનીને જીવ્યા. વિકસતા મુંબઇના વિકાસમાં ફાળો આપ્યો.

આવા મુંબઇ આવનાર કચ્છી અગ્રેસર પાયોનિયરોમાં એક તે શેઠ શ્રી નરશી નાથા. આજથી બસો વર્ષ પહેલાં સને ૧૭૮૪માં કચ્છના અબડાસા પ્રદેશના નળિયા ગામે નરશી નાથાનો જન્મ થયો હતો. તદ્દન ગરીબ ઘર. ઘરની ખેતીવાડી પણ નહિ. પિતા ખેતમજૂર તરીકે કામ કરે. જેમ તેમ દિવસો કાઢે. નરશી નાનો હતો ત્યારે જ એક તો ગરીબી; તેમાં બીજું દુઃખ આવ્યું માતા માંકબાઇનું મૃત્યુ. પિતા-પુત્ર એકલા પડી ગયા. જીવતર વધુ કઠણ થઇ ગયું. ઘરને સૂનકારે ઘેરી લીધું.

નરશી સોળ વર્ષનો થયો ત્યાં સુધી બાપ-દીકરો નળિયા ગામમાં જ જેમ તેમ દિવસો પસાર કરતા હતા. જીવનની હાલાકીઓથી કંટાળી એક દિવસ બાપ-દીકરો જખૌ બંદરેથી ઉપડતા વહાણમાં ચડી બેઠા. સાથે લેવા જેવું તો કંઇ હતું નહિ અને ગામમાં મૂકવા જેવું પણ ક્યાં કંઇ હતું ?

સને ૧૮૦૦ની આસપાસ મુંબઇમાં પીવાના પાણીની ભારે તંગી. કોટમાં થોડા કૂવા હતા. મુંબઇ આવી પહેલાં તો બાપ-દીકરો ગોદી અને બજારોમાં હમાલીનું કામ કરતા મજૂરોને પાણી પાવાનું કામ કરવા લાગ્યા. સચ્ચાઇ અને સાદાઇને લીધે એ લોકોમાં જાણીતા થયા. અને કરકસરને લીધે બે પૈસા બચાવ્યા પણ ખરા. એ નાનકડી મૂડીમાંથી યુવાન નરશીએ પોતાનો મુકાદમીનો ધંધો શરૂ કર્યો. 'નરશી જેને ત્યાં જાય-એસે, તેને લાભ થાય'-એવી માન્યતાથી બધાં તેને બોલાવતાં. એનાં પગલાં શુકનવંતાં ગણાવા લાગ્યાં નાનકડી મુકાદમીમાંથી તેઓ બારભાયા કંપનીના મુકાદમ નિમાયા. ધીરે ધીરે મુંબઇના વેપારી વર્ગમાં જાણીતા થયા અને દેરી-લોટો પણ લાવ્યા વગર વતનથી મુંબઇ આવેલા નરશી હવે 'નરશી શેઠ' ના નામે ઓળખાવા લાગ્યા.

દિવસ-રાત જોયા વિના મહેનત કરી. એ પુરુષાર્થ અને પ્રામાણિકતા કામ લાગી. સાથોસાથ નસીબે યારી આપી. જોતજોતામાં નરશી શેઠની ગણના મુંબઇના શ્રીમંતોમાં થવા લાગી.

આજે પણ કચ્છી દશા ઓશવાળ જૈન કોમનો પોતાનો બાપીકો ધંધો કહેવો હોય તો રૂ અને કપાસનો વેપાર. આજથી દોઢસો વર્ષ પહેલાં કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના અગ્રેસર નરશી નાથાએ એ ધંધો વિકસાવ્યો અને પોતાનાં સગાંવહાલાં, ગામાઇનાતીલાં, ઓળખીતા-પાળખીતાને એ ધંધામાં પલોટ્યા.

નરશી શેઠે જોતજોતામાં પોતાની વેપારી શાખાઓ ભારતભરમાં ખોલી. ચીન સાથે વ્યાપારી સંબંધો વિકસાવ્યા. હવે તો કપાસ ઉપરાંત મરીમસાલા અને અનાજ-કરિયાણાના ધંધામાં પણ દાખલ થયા અને એ ધંધા સર કર્યા. દેશ-પરદેશના વેપારને પહોંચી વળવા પોતાનાં વહાણો પણ વસાવ્યાં. શેઠ મોતીશા, શેઠ જમશેદજી જીજીભાઇ, જીવરાજ બાલુ, ગોકુળદાસ તેજપાલ, મૂળજી જેઠા જેવા ધુરંધરો નરશી નાથાના સમકાલીનો હતા.

તેમનું લગ્ન નાની વયે કુંવરબાઇ સાથે થયેલું. પ્રથમ પુત્ર મુરબ્બાદેવીના તળાવમાં ડૂબીને નાની વયે મરણ પામ્યો. સંવત ૧૮૯૫માં મુંબઇમાં ફેલાયેલા મરકીના રોગમાં બીજા પુત્ર હીરજીનું અવસાન થયું. પારણીત જુવાનજોધ પુત્રના અકાળ અવસાનથી માતા કુંવરબાઇને કારમો આઘાત લાગ્યો, જેની કદી કળ ન વળી: થોડા સમયમાં માતાએ પણ એ જ રાહ લીધો. ત્યાર બાદ થોડા સમયમાં, આ દુઃખ આછું હોય તેમ નરશી શેઠના પિતાજીનું અવસાન થયું. શેઠ હચમચ્યા ગયા. જ્યારે સુખનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો, સમૃદ્ધિ-વૈભવ અગાધ હતાં, લોકમાં નામના હતી, ત્યારે જ કૌટુંબિક જીવન આકરું થઇ પડ્યું.

નરશી નાથા માત્ર એક શ્રીમંત વેપારી ન રહેતાં, દાનવીર પણ બન્યા. કચ્છમાં એમણે અબડાસાનાં બધાં ગામોના દશા ઓશવાળોને માનભેર નાતરી, ત્રણ દિવસ ભાવપૂર્વક જમાડ્યા, અને ચાંદીની મોટી થાળીઓની લહાણી કરી. પોતે ગરીબાઇમાં જીવેલા તેથી ગુપ્તદાન પણ ઘણું કર્યું.

ધર્મપ્રેમી નરશી નાથાએ સંવત ૧૮૮૯માં મુંબઇમાં મસ્જીદ બંદર પાસે શ્રી અનંતનાથજી જિનાલય બંધાવ્યું. સાથોસાથ પોતાના વતન નળિયામાં સંવત ૧૮૯૭માં શિખરબંધ જિનાલય બંધાવી પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવ્યો. નળિયાના એ ભવ્ય દેરાસરની ગણના કચ્છની મોટી પંચતીર્થીનાં પાંચ દેરાસરોમાં થાય છે. થોડા સમય પછી

(અનુસંધાન પૃષ્ઠ ૬૨)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૮

મુંબઇ તા. ૧૬-૮-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

કલ્પસૂત્ર

❖ રમણલાલ ચી. શાહ

જૈનોની શ્વેતાંબર પરંપરામાં પર્યુષણના દિવસો દરમ્યાન 'કલ્પસૂત્ર' વાંચવાની પ્રથા સૈકાઓથી ચાલી આવી છે. કલ્પસૂત્રનું મૂળ નામ 'પર્યુષણાકલ્પ' છે. એ ઉપરથી પણ પ્રતીત થાય છે કે આ ગ્રંથની રચના પર્યુષણાપર્વ માટે થયેલી છે. આ ગ્રંથના રચનાર છેલ્લા શ્રુતકેવલી પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામી છે. વસ્તુતઃ કલ્પસૂત્ર અથવા પર્યુષણાકલ્પ એ સ્વતંત્ર ગ્રંથ નથી, પરંતુ ભદ્રબાહુસ્વામીએ રચેલા 'દશાશ્રુત-સ્કંધ' નામના એક વિસ્તૃત ગ્રંથનો તે એક ભાગ છે. દશાશ્રુતસ્કંધમાં દશ અધ્યયન આપવામાં આવ્યાં છે. એમાંનું આઠમું અધ્યયન તે 'પર્યુષણાકલ્પ' છે. આ 'અધ્યયન'નું પઠન-વાંચન પર્યુષણના દિવસોમાં કરવાનો મહિમા હોવાથી એનું મહત્ત્વ એક સ્વતંત્ર ગ્રંથ જેટલું બની ગયું છે.

કલ્પ એટલે આચાર. કલ્પ એટલે નીતિ, વિધિ અથવા મર્યાદા. વાચક ઉમાસ્વાતિએ કહ્યું છે તે પ્રમાણે જ્ઞાન, શીલ અને તપની જે વૃદ્ધિ કરે અને દોષોનો નિગ્રહ કરે તે કલ્પ. જૈન શાસ્ત્રોમાં એવા દશ પ્રકારના કલ્પ દર્શાવવામાં આવ્યા છે, જેમ કે આચેલક્યકલ્પ, વ્રતકલ્પ, પ્રતિક્રમણકલ્પ, માસકલ્પ વગેરે. એમાં પર્યુષણાકલ્પ ઘણો મહત્ત્વનો છે, કારણ કે પર્યુષણ એ આરાધનાનું મોટામાં મોટું વાર્ષિક પર્વ છે.

પર્યુષણ એ લોકોત્તર પર્વ મનાય છે. એ પર્વના દિવસો દરમિયાન કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ અત્યંત પવિત્ર મનાયું છે. કલ્પસૂત્રનો મહિમા દર્શાવનારાં અનેક વિધાનો પૂર્વાચાર્યોનાં મળે છે. કલ્પસૂત્ર કલ્પવૃક્ષની જેમ મનોવાંછિત ઋદ્ધિ, સમૃદ્ધિ અને આત્મિક સુખ આપે છે. પૂર્વાચાર્યોએ કહ્યું છે કે જે માણસ જિનશાસનની પ્રભાવના કરવાપૂર્વક એકાગ્ર ચિત્તે એકવીસ વાર શ્રદ્ધાસહિત કલ્પસૂત્રનું શ્રવણ કરે છે તે ભવસાગરને જલદી તરી જાય છે.

एगग्गचित्ता जिणसासणम्मि
पभावणा पूअपरायणा जे ।
तिसत्तवारं निसुणंति कप्पं
भवन्नवं ते लहुसा तरंति ॥

દુનિયામાં ધર્મો ઘણા છે. દરેક ધર્મ વિશે ઠીક ઠીક સાહિત્ય મળે છે. જેમ ધર્મ વધુ ગહન અને પ્રાચીન તેમ તે ધર્મ વિશે લખાયેલું સાહિત્ય સહજ રીતે વિપુલ હોય. હિન્દુ ધર્મ દુનિયાના પ્રાચીન ધર્મોમાંનો એક ધર્મ છે. જૈનધર્મની પણ જગતના પ્રાચીનતમ ધર્મોમાં ગણના થાય છે. કેટલાક ધર્મોના સાહિત્યમાં કોઇ એક મુખ્ય ગ્રંથ પવિત્ર, પ્રમાણભૂત અને પ્રતિનિધિરૂપ મનાય છે. એમાં તે ધર્મનો બધો નિચોડ આવી જાય છે. હિન્દુ ધર્મમાં શ્રીમદ્ ભગવદ્ગીતા, ખ્રિસ્તી ધર્મમાં બાઇબલ અને ઇસ્લામ ધર્મમાં કુરાન પ્રતિનિધિરૂપ ગ્રંથ મનાય છે. કોઇને પ્રશ્ન થાય કે જૈન ધર્મનો એવો પ્રતિનિધિરૂપ ગ્રંથ કયો? જૈન ધર્મના પ્રાચીન ગ્રંથો તે પિસ્તાલીસ આગમો છે. એમાંનાં કેટલાકમાં ભગવાન મહાવીરની વાણી સચવાયેલી છે. અને કેટલાક ગ્રંથો ટીકા કે વિવરણરૂપે લખાયા છે. દિગંબર સંપ્રદાયના પણ કેટલાક પ્રાચીન ગ્રંથો મળે છે. આ બધા ગ્રંથોમાંથી કોઇ એક જ ગ્રંથને પ્રતિનિધિ ગ્રંથ ગણવો હોય તો કોને ગણવું? જૈનોના બધા જ ફિરકાને માન્ય અને જેમાં જૈન તત્ત્વજ્ઞાનનો નિષ્કર્ષ આપવામાં આવ્યો છે તેવો ગ્રંથ વાચક ઉમાસ્વાતિકૃત 'તત્ત્વાર્થસૂત્ર' છે. પરંતુ તે ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખાયેલો છે; વળી તે ઉત્તરકાલીન છે. એનાથી પ્રાચીન અને અર્ધમાગધીમાં લખાયેલા ગ્રંથોમાંથી કેટલાક એક દૃષ્ટિએ મહત્ત્વના છે, તો કેટલાક બીજી દૃષ્ટિએ. આવી જ સ્થિતિ બૌદ્ધ ધર્મગ્રંથોની પણ છે. એના ત્રિપિટક ગ્રંથોના ઘણા વિભાગો છે. અંગ્રેજોએ ભારતમાં અદાલતોની સ્થાપના કરી ત્યારે ધર્મના સોગંદ ખાવા માટે માણસને એના હાથમાં એના ધર્મનો પવિત્ર ગ્રંથ આપવાની પ્રથા ચાલુ થઇ. હિન્દુ, મુસલમાન અને ખ્રિસ્તી માટે તેમનો ધર્મગ્રંથ નિશ્ચિત હતો. તે સમયે જૈનોએ પોતાના એક પવિત્ર ગ્રંથ તરીકે કલ્પસૂત્રને માન્ય કરાવ્યું હતું. બૌદ્ધોના પ્રતિનિધિરૂપ ધર્મગ્રંથ તરીકે 'ધમ્મપદ'નું નામ નિશ્ચિત થયું હતું. જો કે ત્યારે ભારતમાં બૌદ્ધોની ખાસ કશી વસતિ ન હતી.

કલ્પસૂત્ર પ્રતિનિધિરૂપ ગ્રંથ છે એટલે એમાં ૪૫ આગમનો સાર આવી જાય છે એવું નથી (એવો ગ્રંથ હવે તૈયાર કરાવવામાં આવ્યો છે અને એનું નામ સમણસુત્તમ્ રાખવામાં આવ્યું છે અલબત્ત, એ સંકલનના પ્રકારનો ગ્રંથ છે.) જૈનોના પ્રાચીન ગ્રંથો તો ઘણા છે, પરંતુ પવિત્ર ગ્રંથ તરીકે કલ્પસૂત્ર સર્વાધિક લોકપ્રિય છે, કારણ કે એની રચના ચરમ શ્રુતકેવલી પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ કરેલી છે અને આ ગ્રંથનું વાંચન હજાર કરતાં વધુ વર્ષથી જૈન સંઘોમાં પર્યુષણના દિવસો દરમિયાન સાધુ-ભગવંતો દ્વારા થાય છે. કલ્પસૂત્રની ભાષા અર્ધમાગધી છે, અને ભગવાનની વાણીની યાદ અપાવે એવી લલિત-કોમલ એની પદાવલિ છે. મધુર અને હૃદયસ્પર્શી ભાષામાં લખાયેલા આ ગ્રંથનો પ્રત્યેક શબ્દ જાણે ઘૂંટીઘૂંટીને

લખ્યો હોય એક પણ શબ્દ નિરર્થક લખાયો ન હોય એવી સઘન સમાસયુક્ત એની શૈલી છે. ગ્રંથકાર આખા ગ્રંથમાં પ્રમાણ ભગવાન મહાવીરને વારંવાર યાદ કરે છે. તેણં કાલેણં તેણં સમએણં સમણે ભગવં મહાવીરે.....જેવાં વાક્યખંડ ઘણી બધી કંડિકાઓમાં વાંચવા મળે છે. છતાં તે પુનરુચ્ચારણના દોષ તરીકે કહેતો નથી. બલ્કે તે તાદૃશતા અને ભાવની દૃઢતાને માટે સુમધુર રીતે પોષક બને છે.

કલ્પસૂત્રમાં મુખ્ય ત્રણ વિભાગ છે:

(૧) તીર્થંકરોનાં ચરિત્ર (૨) સ્થવિરાવલિ અને (૩) સાધુઓની સામાચારી.

તીર્થંકરોનાં ચરિત્રનો આરંભ ભગવાન મહાવીર સ્વામીના ચરિત્રથી થયો છે. ત્યાર પછી ભૂતકાળમાં ક્રમાનુસાર ગતિ કરતા હોઇએ તેમ ત્રેવીસમા પાર્શ્વનાથ ભગવાન, પછી બાવીસમા નેમિનાથ ભગવાન અને એમ કરતાં છેવટે પ્રથમ ઋષભદેવ ભગવાનનું ચરિત્ર વર્ણવાયું છે. આ ચરિત્રોમાં સૌથી સવિસ્તર ચરિત્ર તે ભગવાન મહાવીર સ્વામીના ચરિત્ર માટે જાણે લખાયું હોય એવી છાપ પડે છે, કેમ કે આ ગ્રંથમાં સવિસ્તૃત મહત્ત્વ તેને જ અપાયું છે. મહાવીર સ્વામી પછી સાધારણ વિસ્તારથી ચરિત્ર અપાયાં હોય તો તે પાર્શ્વનાથ, નેમિનાથ અને ઋષભદેવ ભગવાનનાં છે. બાકીના તીર્થંકરો વિશે તો એકેક કંડિકામાં નામોલ્લેખ સહિત સમયનો કેટલો આંતરો પસાર થયો તે દર્શાવાયું છે.

સ્થવિરાવલિમાં ભગવાન મહાવીર સ્વામીના મુખ્ય ગણધર ગૌતમ સ્વામીથી શરૂ કરીને સુધર્મા, જંબૂ, પ્રભવ, શય્યંભવ, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર, સુહસ્તી, વજ્રસ્વામી, કાલક, રક્ષિત વગેરે સ્થવિરોની પરંપરા અને તેની શાખાઓ દેવર્દ્ધિગણિ સુધી વર્ણવાઇ છે. ભદ્રબાહુસ્વામીએ આ ગ્રંથની રચના કરી હોવાથી એમના પછી થયેલા દેવર્દ્ધિગણિ સુધીની પાટપરંપરા કેવી રીતે વર્ણવાય એવો પ્રશ્ન સહજ થાય. એટલા માટે જ, સ્થવિરાવલિમાં કેટલોક ભાગ પાછળથી ઉમેરાયેલો છે એવો વિદ્વાનોમાં મત પ્રવર્તે છે. જો કે ઉમેરણની ભાષા અને શૈલી મૂળ ગ્રંથને અનુરૂપ છે.

સામાચારીના વિભાગમાં સાધુઓના ચાતુર્માસ-વર્ષાવાસ (વાસાવાસ) અને તેમના આચારોની વિચારણા કરવામાં આવી છે. એટલે ઘણી કંડિકાઓનો આરંભ વાસાવાસ પજ્જોસવિયાણ શબ્દોથી થાય છે.

સામાચારી એટલે આચાર-પાલન માટેના નિયમો. જૈન સાધુ-સાધ્વીઓ પંચ મહાવ્રતધારી છે. એમના વ્રતના પાલન માટે વિચારપૂર્વક ઘણા નિયમો બનાવવામાં આવ્યા છે, જેથી આચારપાલનમાં શિથિલતા ન આવી જાય. રહેઠાણ, ગોચરી, વિહાર, સ્વાધ્યાય, તપ, ગુરુઆજ્ઞા, પ્રાયશ્ચિત વગેરેને લગતા જે નિયમો આપવામાં આવ્યા છે, તે પરથી શ્રમચ્યુ સમુદ્ધયતું જીવન કેટલું કડક, ઊંચું અને આદરણીય છે તે સમજાય છે. પોતાના દોષો માટે ક્ષમા માગવી અને બીજાના અપરાધો કે દોષો માટે ક્ષમા આપવી એ બંને ઉપર ઘણો ભાર તેમાં મૂકવામાં આવ્યો છે. જૈન સાધુ-સાધ્વીઓ ક્ષમાના સાક્ષાત્ અવતાર જેવાં હોવા જોઇએ. એટલે જ ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે કે જે ક્ષમા માગીને તથા આપીને શાંત થતો નથી તે સાચો આરાધક થઇ શકતો નથી.

...जो उवसमइ तस्स अत्थि आराहणा जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं ।

પર્યુષણના દિવસોમાં સાધુ-સાધ્વીઓએ કલ્પસૂત્રનું વાચન કે શ્રવણ અવશ્ય કરવું જોઇએ એવી પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. એટલા માટે પર્યુષણના દિવસોમાં વ્યાખ્યાનમાં કલ્પસૂત્ર વંચાય છે અને તેના ઉપર (ઘણું ખરું ખીમચાંદી પોથી અનુસાર) વિવરણ થાય છે. કલ્પસૂત્રનું લખાણ ૨૯૧ કંડિકા જેટલું છે. એનું માપ ૧૨૦૦ થી વધુ ગાથા કે શ્લોક પ્રમાણ જેટલું ગણી શકાય. એટલા માટે કલ્પસૂત્ર 'બારસાસૂત્ર' તરીકે પણ ઓળખાય છે. પર્યુષણના છેલ્લા સંવત્સરીના દિવસે વ્યાખ્યાન દરમિયાન સાધુ-ભગવંતો આખું 'બારસાસૂત્ર' સળંગ વાંચી જાય છે, જે આ પવિત્ર સૂત્રની મહત્તા કેટલી બધી છે તે દર્શાવે છે.

પર્યુષણના દિવસોમાં વ્યાખ્યાનમાં કલ્પસૂત્રના વાચનમાં ત્રિશલા માતાનાં ચૌદ મહાસ્વપ્ન અને ભગવાન મહાવીર સ્વામીના જન્મ વિશેનું લખાણ જે દિવસે વંચાય છે તે દિવસ મહાવીર જયંતી (મહાવીર જન્મવાંચન દિન) તરીકે ઊજવાય છે. તે દિવસે સુપન (સ્વપ્ન) ઉતારવાની અને જન્મવધામણાં ઉત્સવ ઊજવવાની પ્રથા પ્રાચીન સમયથી ચાલી આવી છે.

કલ્પસૂત્ર એક એવો અપૂર્વ ગ્રંથ છે કે જેના ઉપર સમયે સમયે પૂર્વાચાર્યોને સવિસ્તર ટીકા કે વિવરણ લખવાનું મન થયું છે. હજારો શ્લોક વિવરણરૂપે લખાયા છે જે એ કલ્પસૂત્રની મૂલ્યવત્તા દર્શાવે છે. એના ઉપર લખાયેલા સંખ્યાબંધ મહત્ત્વના ગ્રંથોમાંના કેટલાક નીચે મુજબ છે.

(૧) કલ્પપંજીકા (જિનપ્રભસૂરિકૃત-વિ. સં. ૧૩૬૪ શ્લોક સંખ્યા ૨૫૦૦)

(૨) કલ્પકિરણાવલિ (ઉપાધ્યાય ધર્મસાગરકૃત વિ. સં. ૧૬૨૮ શ્લોક સંખ્યા ૪૮૧૪)

(૩) કલ્પદીપિકા (પંન્યાસ જયવિજયકૃત વિ. સં. ૧૬૭૭ શ્લોક સંખ્યા ૬૪૨૨

(૪) કલ્પપ્રદીપિકા (પન્યાસ સંઘવિજયકૃત, વિ. સં. ૧૬૮૧, શ્લોક સંખ્યા ૩૨૫૦)

(૫) કલ્પસુબોધિકા (ઉપાધ્યાય વિનયવિજયજીકૃત વિ. સં. ૧૬૯૬)

(૬) કલ્પકૌમુદી (ઉપાધ્યાય શાંતિસાગરકૃત વિ. સં. ૧૭૦૭, શ્લોક સંખ્યા ૩૭૦૭)

(૭) કલ્પલતા (ઉપાધ્યાય સમયસુંદરકૃત વિ. સં. ૧૬૮૬ શ્લોક સંખ્યા ૭૭૦૦)

કલ્પસૂત્ર ઉપર આ ઉપરાંત પણ બીજી સંખ્યાબંધ ટીકાઓ મળે છે. વર્તમાન સમયમાં દુનિયાની ઘણી ભાષાઓમાં કલ્પસૂત્રનાં ભાષાંતરો થયાં છે. જર્મનીના ડો. હર્મન જેકોબીએ કલ્પસૂત્રનો અંગ્રેજી અનુવાદ અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાથે પ્રગટ કર્યો ત્યારથી પાશ્ચાત્ય વિદ્વાનોમાં કલ્પસૂત્રનું નામ વિશેષ જાણીતું થયેલું છે.

કલ્પસૂત્રની હસ્તપ્રત તૈયાર કરાવીને જ્ઞાનભંડારમાં પધરાવવાનું કાર્ય અત્યંત પવિત્ર મનાતું આવ્યું છે. એથી કલ્પસૂત્રની ઘણી હસ્તપ્રતો મળે છે. કેટલીક સચિત્ર હસ્તપ્રતો તો સુવર્ણાક્ષરે લખાયેલી છે. કેટલાક શ્રીમંત માણસો કલ્પસૂત્રની સુવર્ણાક્ષરવાળી પ્રત પોતાના ઘરે વસાવે છે. દુનિયાની મોંઘામાં મોંઘી હસ્તપ્રતોમાં કલ્પસૂત્રની હસ્તપ્રતોની ગણના થાય છે. કલ્પસૂત્રની અત્યાર સુધીમાં મળતી જૂનામાં જૂની હસ્તપ્રત વિ. સં. ૧૨૪૭ માં તાડપત્ર ઉપર લખાયેલી મળે છે.

'કલ્પસૂત્ર' એ આપણો અમૂલ્ય વારસો છે. શ્રુતકેવલી પૂ. ભદ્રબાહુસ્વામીની વાણીનો આપણા જીવન ઉપર કેટલો મોટો પ્રભાવ પડ્યો છે!

મૃત્યુસભાનતાનો મર્મ

જયંત કોઠારી

ગુજરાતી સાહિત્યની શાકવતી નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામે દૈનિક મનનનોંધ લખી છે. એમાં એક સંસ્કૃત સુભાષિત વાંચવા મળ્યું : અજરામરવત્ પ્રાજ્ઞો વિદ્યામર્થં ચ ચિન્તયેત્ । મહાભારતમાં દુર્યોધન પાસે વિષ્ટિ માટે જતા વિદુરને શ્રીકૃષ્ણે કહેલું આ વાક્ય છે : ડાહ્યા માણસે વિદ્યા અને અર્થની ઉપાસના જાણે પોતે અજર અને અમર હોય એમ માનીને કરવી.

ગોવર્ધનરામની મનનનોંધમાં આ વાક્ય બેએક વાર વાંચવા મળ્યું અને મનમાં વસી ગયું. વિદ્યા અને અર્થના ચિંતનની વાત કંઈ નવી નહોતી. અર્થ, એટલે કે ધન કે દુન્યવી હિતની સાધના તો લોકો વગર કહ્યે કરતા હોય છે અને થાકયા વગર કરતા હોય છે. વિદ્યાની ઉપાસના જાગ્રતપણે કરવાનાં બોધવચનો પણ જાણીતાં છે. એક સુભાષિત તો તરત યાદ આવ્યું :

ક્ષણશઃ કણશઃ ચૈવ
વિદ્યામર્થં ચ સાધયેત્ ।
ક્ષણે નષ્ટે કુતો વિદ્યા
કણે નષ્ટે કુતો ધનમ્ ॥

ક્ષણેક્ષણનો ઉપયોગ કરીને વિદ્યા સિદ્ધ કરવી અને કણ કણ જોગા કરીને ધનોપાર્જન કરવું. ક્ષણ ગુમાવો તો વિદ્યા કેવી ને કણ ગુમાવો તો ધન કેવું ?

ગોવર્ધનરામે ઉધ્ધૃત કરેલા સુભાષિતમાં નવી અને ચમત્કારનારી વાત હતી તે જાતને અજર અને અમર માનવાની. જરા અને મૃત્યુ તો માણસને લલાટે લખાયેલાં જ છે. એમાંથી એ છૂટી શકે તેમ નથી. એટલા માટે તો ક્ષણેક્ષણનો ઉપયોગ કરી લેવાનું માણસને સમજાવવું પડે છે. એને કહેવું પડે છે કે ભાઈ, આ માનવજિંદગી તો ચાર દિવસની ચાંદની છે. ઘડપણ તને ક્યારે વિવશ કરી દેશે, મોત ક્યારે ઝડપી લેશે તે કહેવાય નહીં. માટે જે કંઈ કાર્યસિદ્ધિ કરવી હોય તે તરત કરી લે. ચૂકયો તો ગયો. જરા અને મૃત્યુનો ભય બતાવીને માણસને ધર્મ માર્ગે વાળવાનું કામ પણ સંતો આપણે ત્યાં હંમેશાં કરતા આવ્યા છે. એ સ્થિતિમાં જાતને અજર અને અમર માનીને વર્તવા કહેતું આ બોધવચન આપણને વિલક્ષણ લાગ્યા વિના ન રહે.

આ બોધવચન કહેનારે અજરામરવત્ જાણે અજર અને અમર હોય એમ–એવો પ્રયોગ કર્યો છે એ લક્ષ બહાર ન જવો જોઈએ. એટલે કે માણસ અજર અને અમર નથી એ વાત તો સાચી છે. અજર અને અમર ન હોવા છતાં જાણે હોય એમ માનીને એણે વર્તવાનું છે, જરા-મૃત્યુ પરત્વે એક જાતની અજ્ઞાનતા કેળવવાની છે.

જે વાસ્તવમાં છે એની અજ્ઞાનતા શા માટે ? આ તો એક જાતની આત્મવંચના નહીં ? ના, એ આત્મવંચના નથી, કેમ કે એ અજ્ઞાનજન્ય અજ્ઞાનતા નથી, જ્ઞાનજન્ય અજ્ઞાનતા છે, હેતુપૂર્વકની અજ્ઞાનતા છે. જરા અને મૃત્યુની સભાનતા નિષ્ક્રિયતાને પ્રેરનારી બનતી હોય છે. જો અંતે જરાગ્રસ્ત બની મૃત્યુને વશ થવાનું હોય જ, તો પછી ઉધમાતા કરીને મેળવવાનું શું છે ? જેને કર્મોનો સરવાળો શૂન્ય જ થવાનો હોય તો કર્મો શા માટે ? મર્યત્વને કારણે આદર્યાં અધૂરાં રહેવાનાં હોય તો કશુંયે આદરવાનો શ્રમ શા માટે ? પણ આ જાતની નિષ્ક્રિયતા–બુદ્ધિ અને માણસના સર્વ પ્રકારના વિકાસને સ્થગિત કરી દે એવો સંભવ છે. આજે માનવસભ્યતાનો જે વિકાસ થયો છે કે માણસે જે આત્મિક વિકાસ સાધ્યો છે તે પણ આવી નિષ્ક્રિયતા–બુદ્ધિથી થયો હોત ખરો ? માણસને જીવન મળ્યું છે તો એનો ઉપયોગ થવો ઘટે અને જીવન છે એની ક્રિયાશીલતામાં. જીવનવિકાસનું મહાન સ્વપ્ન લઈને બેઠેલા માણસને જરા અને મૃત્યુની અપરિહાર્યતાના ખ્યાલથી અટકી જવું નહીં પાલવે, એણે તો જરા અને મૃત્યુની અજ્ઞાનતા કેળવી સ્વપ્નસિદ્ધિ માટે મચ્યા રહેવાનું થશે.

વિદ્યાની ઉપાસના પરત્વે આ બોધવચન વધારે અર્થપૂર્ણ લાગે છે. વિદ્યાનું જગત તો કેટલું વિશાળ છે ! એમાં જેટલા તમે અંદર પ્રવેશતા જાઓ તેટલી એની ક્ષિતિજો દૂર ને દૂર સરતી જાય. ઘણીવાર વિચાર આવે કે આ નાનકડી જિંદગીમાં આપણે આ જગતને ક્યાં પહોંચી વળવાનાં ? હિંમત હારી જવાય ને નિષ્ક્રિયતાની લાગણી ઘેરી વળે, પણ બધા માણસોએ આમ વિચાર્યું હોત તો જ્ઞાનની અનેક ક્ષિતિજો આજે ઊઘડી છે તે ઊઘડી હોત ખરી ?

ખરી વાત છે કે જરા અને મૃત્યુ તો આવવાનાં છે પણ એ આવવાનાં છે માટે જ એની પ્રતીક્ષા કરીને વહેલાં જરાગ્રસ્ત ને મૃત્યુગ્રસ્ત બની જવાની જરૂર નથી. શરીર ચાલે છે, પ્રાણ રમે છે ત્યાં સુધી વિદ્યાની ઉપાસનામાં અને હિતની સાધનામાં મંડયા રહેવું, જાણે જરા અને મૃત્યુ આવવાનાં છે જ નહીં એમ માનીને મંડયા રહેવું એ જ ડાહ્યા માણસનું લક્ષણ. જરા–મૃત્યુની અજ્ઞાનતાનો આ મર્મ છે.

પછીથી એક મિત્રે આ ઉકિતનો ઉત્તરાર્ધ કહ્યો : ગૃહીત ઇવ કેશેષુ મૃત્યુના ધર્મમાચરેત્ । માથાના વાળ જાણે મૃત્યુએ પકડયા હોય એમ સમજીને ધર્મનું આચરણ કરવું. ઉકિતના પૂર્વાર્ધમાં મૃત્યુની અજ્ઞાનતાનો બોધ હતો. અહીં મૃત્યુની સજ્ઞાનતાનો બોધ છે અને એ સજ્ઞાનતા વળી કેવી ? 'મૃત્યુએ જાણે વાળ પકડયા હોય એમ'–મૃત્યુની પ્રત્યક્ષતાની, તત્ક્ષણતાની સજ્ઞાનતા. અજરત્વ–અમરત્વને પામી જનાર માણસ અહંભાવી ને તેથી દુરાચારી બની જવાનો સંભવ હોય છે. એને થતું હોય છે કે મને હવે કોનો ભય છે ? હું ધાર્યું તે કરી શકું. આપણે ત્યાં અમરત્વનું વરદાન મેળવનાર દાનવોની વાત જાણીતી છે. મૃત્યુની સજ્ઞાનતા જ માણસને પોતાની અલ્પતાનું ભાન કરાવે, એને નમ્ર બનાવે અને એને ધર્મભાવમાં પ્રેરે. માણસની કાર્યપરાયણતા માટે જો મૃત્યુની અજ્ઞાનતા આવશ્યક છે, તો એની ધર્મપરાયણતા માટે મૃત્યુની સજ્ઞાનતા આવશ્યક છે. મર્યતા અને અમર્યતાની વાતને એક સાથે ગૂંથી લેતી, મૃત્યુસજ્ઞાનતાનો વિવેક પ્રગટ કરતી આ આખી ઉકિત મનુષ્યજીવનનો કેવો ઊંડો મર્મ પ્રગટ કરે છે ! અંતે મૃત્યુસજ્ઞાન છતાં અજર–અમરભાવે ક્રિયા કરતો પુરુષ તે જ પ્રાજ્ઞ પુરુષ.

તા. ૧૭–૧૦–૮૦
તા. ૧૬–૭–૮૪

નાનાં રાજ્યો : વિકાસની દૃષ્ટિએ આવકાર્ય

● ચેતન આચાર્ય

તાજેતરમાં જ કેન્દ્રીય પ્રધાન શ્રી વસંત સાઠેએ તેમના સંભાષણમાં વિદર્ભ પ્રદેશના અલગ રાજ્યની માગણીનું પુનઃ ઉચ્ચારણ કર્યું છે. આથી કેટલાયનાં ભવાં ખડાં થઈ ગયાં છે. નાનાં રાજ્યોની માગણી કરવી તે કોઈ રાજકીય ગુનો હોય તેવી અત્યારે પરિસ્થિતિ છે. ૧૯૫૬માં જે ભાષાકીય પ્રાંતરચના થઈ તેને એટલી બધી પવિત્રતા બક્ષવામાં આવી રહી છે કે તેમાં જરા પણ ફેરફારનો વિચાર સુધ્ધાં કરવાની કોઈની તૈયારી નથી. ૧૯૫૬નું પુનર્ગઠન કાયમી સ્વરૂપનું હતું તેવી માન્યતા અનેક વર્તુળોમાં અત્યારે પ્રવર્તે છે. વિદર્ભ, ઝારખંડ, છત્તીસગઢ, તેલંગણ, સૌરાષ્ટ્ર કે તેવાં અનેક એકમો દ્વારા અવારનવાર થતી અલગ રાજ્યની માગણીને કોઈ ગંભીરતાથી લેતું નથી. તેમાં અનેકને દેશના વિભાજનની ચિનગારી દેખાય છે, અલબત્ત વિકેન્દ્રીત રાજ્યવ્યવસ્થા દ્વારા વિકાસમાં માનનારાઓને આમાં કોઈ દેશદ્રોહ કે વિકૃતિનું તત્ત્વ જણાતું નથી. શ્રી સાઠેની માગણી આ વર્ગની લાગણી અને માન્યતાનો પડઘો પાડે છે.

અલગ રાજ્યની માગણી માત્ર રાજકીય હેતુસર થાય છે તેવું માનવું બરાબર નથી. તેની પાછળ અનેક આર્થિક, સામાજિક અને ઐતિહાસિક પરિબળો કામ કરી રહ્યાં હોય છે. અલગ સંદર્ભ અને પ્રતિભા ધરાવનાર મોટાં રાજ્યોના નાના પ્રદેશોને જ્યારે એમ લાગે કે તેમની અવગણના થઈ રહી છે, ત્યારે આ પ્રકારની લાગણી જન્મવી તે તદ્દન સ્વાભાવિક પ્રક્રિયા છે. અલગ રાજ્ય માટેની જે માગણીઓ અવારનવાર થાય છે તેથી એક બાબત સ્પષ્ટ સાબિત થાય છે, અને તે એ કે મોટાં રાજ્યો તેના સમગ્ર પ્રદેશોનો સર્વાંગી વિકાસ સાધવા માટે અપૂરતાં છે. વિકાસની ગતિમાં ઝડપી વધારો કરવા માટે નાનાં રાજ્યો માત્ર યોગ્ય જ નહીં બલ્કે જરૂરિયાત સમા છે. સિદ્ધાંતની દૃષ્ટિએ જોઈએ તો પણ વિકેન્દ્રીત લોકશાહીનો સાચો અર્થ પણ આ જ છે.

ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશ વિસ્તારની દૃષ્ટિએ ઓક્ટોપસ જેવાં રાજ્યો છે અને તેમનાં નાનાં એકમોમાં વિભાજનની પૂરી શક્યતાઓ છે. જો આર્થિક, સામાજિક, રાજકીય અને ઐતિહાસિક સંદર્ભમાં તેમનું પુનર્ગઠન થાય તો તેમાં બિલકુલ કંઈ ખોટું નથી. તે સિવાય પણ અનેક પ્રદેશો અલગ એકમ તરીકે રહી ચૂક્યાં છે તેમનું પણ અલગ અસ્તિત્વ ઊભું થાય તો વાજબી બાબત છે. રાજ્યોની સંખ્યા વધવાથી દેશ પડી ભાંગશે, અને તેની એકતા જોખમમાં મુકાશે તે માન્યતા જ ભ્રામક અને ભૂલ-ભરેલી છે. હકીકતમાં તો જેમ રાજ્યો નાનાં તેમ કેન્દ્ર વધુ મજબૂત બનશે. મોટાં રાજ્યોની ધનરાશાહીનો પણ અંત આવશે અને સમગ્ર રાષ્ટ્રનો ઝડપી વિકાસ સાધી શકાશે.

નાનાં રાજ્યોનો વિરોધ કરનારાઓની દલીલો પણ જોવા જેવી છે. તેમની પહેલી દલીલ એવી છે કે એક જ ભાષી અનેક રાજ્યો અસ્તિત્વમાં આવે તો ૧૯૫૬માં જે ભાષાકીય પ્રાંતરચના થઈ છે તેનો સૈદ્ધાંતિક આધાર જ તૂટી જાય છે. આ દલીલમાં વજૂદ એટલા માટે નથી કે જો એક ભાષા બોલતું એક જ રાજ્ય હોત તો ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર અને રાજસ્થાનનું એક જ રાજ્ય રચવું પડત. આ તમામ હિંદીભાષી રાજ્યો છે. જો દેશમાં હિંદીભાષી છ રાજ્યો હોય તો મરાઠીભાષી, તેલુગુભાષી કે ગુજરાતીભાષી બે કે વધુ રાજ્યો હોય તો તેમાં ખોટું શું છે? ૧૯૪૮માં રચાયેલી ધાર સમિતિ કે પછીથી જે. વી. પી. સમિતિને પણ ભાષાકીય રાજ્યોમાં બહુ રસ નહોતો. વહીવટી અનુકૂળતા અને આર્થિક સક્ષમતાને આધારે રાજ્યો રચાય તેવી તેમની ઇચ્છા હતી.

બીજી દલીલ એવી થઈ રહી છે કે નાનાં રાજ્યો રચવાથી અનેક વહીવટી મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતા છે. નવી વિધાનસભાઓ તો અસ્તિત્વમાં લાવવી જ પડે, પણ નવા રાજ્યનું આર્થિક માળખું પણ ઊભું કરવું પડે. આંતરરાજ્ય સંબંધ, નદીના પાણીની વહેંચણી, વીજળીનું વિતરણ અને માર્ગ અને પરિવહનને લગતા પ્રશ્નો નાનાં રાજ્યો રચવાથી ઊભા થયા વિના ન રહે. પણ આ તમામ સવાલો વહીવટી સ્વરૂપના છે અને તેનો યોગ્ય નિકાલ વહીવટી પગલાંથી જરૂર લાવી શકાય. અનેક આંતરરાજ્ય મંડળો ઊભાં કરી આ ગૂંચોને ઉકેલી શકાય. ઝોન પ્રથાને પણ વધુ સક્રિય બનાવી શકાય. જે તેને લગતા ચોક્કસ નિયમો ઘડી શકાય.

મોટાં રાજ્યો ટકાવવામાં જેમનાં સ્થાપિત હિતો સમાયેલાં છે તે તત્ત્વો અનેક દલીલબાજીથી રાજ્યોના પુનર્ગઠનના પ્રશ્નનો વિરોધ કરે તે સ્વાભાવિક બાબત છે. જેમના હાથમાં વ્યાપક સત્તાનો દોર છે તેમને તો આ વાત કડવી જ. પણ જે તત્ત્વોની સત્તાના હિસ્સામાં અવગણના થઈ રહી છે તેમને નાનાં રાજ્યોમાં જરૂરથી પોતાનું સ્થાપિત હિત જણાય. નાનાં રાજ્યો માત્ર અવગણના પામેલા પ્રદેશોની આકાંક્ષા સાધવાનું સાધન જ નથી, પણ વિકેન્દ્રીત લોકશાહીની દિશામાં પણ પ્રયાણ છે. રાજકીય અને વહીવટી દૃષ્ટિએ પણ નાનાં રાજ્યોના વિચારનો પાયો મજબૂત છે. પંજાબ, હરિયાણા, દિલ્હી, ગોવા અને ગુજરાત એકમોનો જ જો દાખલો લઈએ તો આ બાબત સ્પષ્ટપણે આગળ તરી આવે છે. મારી દૃષ્ટિએ નાનાં રાજ્યોના ત્રણ ચોક્કસ લાભ છેઃ વિકેન્દ્રીત લોકશાહી, ઉત્તમ આયોજિત વિકાસ અને ઝડપી પ્રગતિ.

અત્યારના રાજકારણનો ઓક જોઈએ તો ગતિ વધુ ને વધુ કેન્દ્રીકરણ તરફ થઈ રહી છે સત્તામાં હિસ્સાની વાત તો દૂર રહી, લગભગ એકહથ્થુ સત્તા આ દેશમાં પ્રવર્તે છે, ત્યારે લોકશાહી અને તેમાં પણ વિકેન્દ્રીકરણની વાત કરવી એ બહેરા કાનમાં બૂમ મારવા જેવું છે. પણ જ્યારે પણ આપણી રાજકીય પ્રથા તવાઈ-તવાઈને પરિપક્વ થશે ત્યારે આ બાબત પર લક્ષ્ય જરૂરથી આપવું પડશે. ચોક્કસ પ્રતિભા ધરાવનાર એકમોની અવગણના કે તેના વિકાસની સંભાવનાને યોગ્ય પ્રતિસાદ આપવો જ પડશે, અને ત્યારે દેશ લોકશાહીની ડગર પર એક ડગલું આગળ વધશે.

જાહેર ટ્રસ્ટો અને પ્રજામત

★ સૂર્યકાન્ત પરીખ

પબ્લિક ટ્રસ્ટ એક્ટ નીચે કેટલાયે ચેરિટેબલ ટ્રસ્ટો અસ્તિત્વમાં આવે છે, અને દરેકના હેતુઓ જુદા જુદા હોય છે. એક યા બીજી રીતે જેઓને સમાજ માટે કાંઇક કરી છૂટવાનો ભાવ છે, તેવા લોકો આવાં ટ્રસ્ટોને યથાશક્તિ દાનો આપતા હોય છે, અને તે મારફતે અનેકવિધ સામાજિક સેવાઓ આગળ ચાલતી હોય છે.

આપણા સહુનો એ અનુભવ છે કે આવા ચેરીટેબલ ટ્રસ્ટો મહદંશે કાં તો કોઇ વિચાર અથવા તો વ્યક્તિ વિશેષની આસપાસ રચાયેલાં હોય છે, અને જે તે મહાનુભાવોની ઇચ્છા અનુસાર કામ કરતાં હોય છે. આવાં ટ્રસ્ટોમાં દાન આપનારને પણ એ વાતનો સંતોષ હોય છે કે તેમણે આપેલ દાનની રકમ યોગ્ય ઠેકાણે વપરાશે, અને તેથી સમાજને ફાયદો થશે. પરંતુ, તાજેતરમાં જેમ જેમ સમાજમાં દાન આપનાર વધતા ગયા તેમ તેમ દાન લેનારાઓનો પણ જાણે કે રાફડો ફાટયો અને પોતાના સાંકડા અને વ્યક્તિગત હેતુઓ પાર પાડવાને માટે પણ કેટલાય લોકોએ ચેરિટેબલ ટ્રસ્ટો બનાવ્યાં. ૧૯૭૦ પછી આવાં ચેરિટેબલ ટ્રસ્ટો સેંકડોની સંખ્યામાં જોવા મળે છે.

આ પરિસ્થિતિમાં મહત્ત્વના બે–ત્રણ પ્રશ્નો ઊભા થાય છે કે આવાં ચેરિટેબલ ટ્રસ્ટો અસ્તિત્વમાં આવે છે ત્યારે લોકોને તેના હેતુઓની તથા થનાર કાર્યોની જાણ હોય છે, તે જાણ તે ટ્રસ્ટો અમલમાં આવે અને તેની કામગીરી શરૂ થાય પછીથી નથી રહેતી અને આજે તો સંખ્યાબંધ ટ્રસ્ટો પોતાના અહેવાલ અને હિસાબો જાહેરમાં પ્રગટ જ નથી કરતાં. જે હેતુઓ માટે તે ટ્રસ્ટો ઊભા થતાં હોય છે, તેમાંથી કેટલા હેતુઓ માટેનું કામ ચાલે છે, તેની જાણ પણ સમાજને મહદંશે થતી નથી.

આપણા દેશની દૃષ્ટિએ જોઇએ તો, દેશવ્યાપી જે ટ્રસ્ટો છે તેમાં તિલક સ્વરાજ્ય ફંડ, ગાંધી સ્મારકનિધિ કે કસ્તુરબા ગાંધી ટ્રસ્ટ વગેરેનાં નામો આવે, કારણ કે તેના હેતુઓ દેશવ્યાપી છે. તેમ ગુજરાતવ્યાપી ટ્રસ્ટોમાં પૂજ્ય રવિશંકર મહારાજ જેના અધ્યક્ષ હતા તેવાં ટ્રસ્ટોનાં નામો ગણાવી શકાય. એ ઉપરાંત સ્વ. શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ જેવા મહાજનો જેમાં આગેવાન હતા તેવા સંકટ નિવારણ ટ્રસ્ટોનાં નામો ગણાવી શકાય. એ ઉપરાંત વિવિધ ધાર્મિક ટ્રસ્ટો પણ ધર્મનાં કામોને કારણે ચાલે છે. અને તેની સંખ્યા પણ અસંખ્ય છે.

આ બધાં ચેરિટેબલ ટ્રસ્ટોમાં શું કામ ચાલે છે ? કેટલી રકમ દાનમાં આવી ? અને કેટલી રકમ તેમાંથી ખર્ચાઇ તેની જાણકારી ક્યારેક જાહેરમાં આવતી હોય છે અને ક્યારેક નથી આવતી. કારણ કે એવાં ટ્રસ્ટો પોતાના હેવાલ–હિસાબો પસંદગી કરેલા લોકોને જ મોકલતા હોય છે.

જાહેર હિતની દૃષ્ટિએ મારો સવાલ અહીં જ ઉદ્ભવે છે કે, જે આવાં જાહેર સેવાનાં ટ્રસ્ટો છે અને જેના અસ્તિત્વ સાથે આમપ્રજાને સંબંધ છે, તેવાં ટ્રસ્ટોના કામકાજનો અહેવાલ અને હિસાબ જ્યાં તેનું કાર્યક્ષેત્ર હોય ત્યાં તો પ્રગટ થવા જ જોઇએ. હવે તો સ્થાનિક અખબારોથી માંડીને રાષ્ટ્રવ્યાપી અખબારો પ્રગટ થાય છે, તેથી આવા અહેવાલ–હિસાબો પ્રગટ કરવા અઘરા નથી; પરંતુ આવાં ટ્રસ્ટોના સંચાલકોને, એકવાર ટ્રસ્ટનું કામકાજ શરૂ થઇ જાય પછી તેના અહેવાલ અને હિસાબ સામાન્ય જનતા પાસે રજૂ કરવાની તેમની ફરજ છે, તેમ લાગતું જ નથી.

આપણા દેશમાં આ એક અનૈતિક રોગ શરૂ થયો છે, તેમ મને નમ્રપણે લાગે છે. ખાસ કરીને તેના સંચાલકોમાં અગ્રણી કાર્યકરો હોય છે ત્યારે મને વિશેષ કરીને લાગે છે કે જાહેર ફરજ ભુલાય છે.

આ પ્રશ્નને બીજી રીતે જોઇએ તો જણાશે કે જાહેર કાર્યોને આગળ વધારવા માટે સરકારે કાયદા મારફતે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ઘડયો અને પ્રજાને સગવડ કરી આપી કે તે મારફતે જાહેર જીવનનાં ધાર્મિક–સામાજિક કામો આગળ વધે. સરકારી કાયદા અનુસાર થનાર પ્રવૃત્તિના અહેવાલનું પ્રસારણ જેટલું વધુ થાય તેટલો એ પ્રવૃત્તિને ફાયદો થાય. તે છતાં તેમ નથી થતું તેનું કારણ શું ? મને લાગે છે કે, એકઠા કરાયેલ ફંડને અમુક સમયમર્યાદામાં વાપરી નાંખવાની ફરજ ન પડે અને તે ફંડ તેના વ્યાજ સાથે વધતું જાય તો એક પ્રકારની 'સત્તા'નો જન્મ થાય છે, તેવી માન્યતા જ આ બધામાં કામ કરી રહી છે.

મને બરોબર યાદ છે કે ગાંધી સ્મારકનિધિ જેવું મોટું રાષ્ટ્રીય ફંડ શરૂ થયું, ત્યારબાદ પૂજ્ય વિનોબાજીએ જાહેર કરેલું કે એ ફંડ જેટલું વાપરી શકાય તેટલું સારું. તે છતાં તેમ ન થયું અને તેના ટ્રસ્ટીઓએ તેના વ્યાજમાંથી પ્રવૃત્તિઓ ચલાવાય તેમ વિચાર્યું. આજે ૩૪ વર્ષ પછી પણ તે ફંડ કાયમ રહ્યું છે. કદાચ પૂજ્ય વિનોબાજીના વિચારો બધાને માન્ય ન હોય, પરંતુ મહત્ત્વની વ્યક્તિઓનાં નામે જે જાહેર ટ્રસ્ટો આપણા દેશમાં ઊભાં થયાં હોય તેનાં ફંડ તે પ્રવૃત્તિને પોષવા માટે અમુક સમયમર્યાદામાં વપરાઇ જાય એ ખાસ જરૂરી છે. આવું જ્યાં જ્યાં નથી થતું, ત્યાં ત્યાં એ ફંડો વધતાં જવાનાં અને તેમાંથી સત્તા ઉત્પન્ન થાય તેને કારણે બીજાં અનિષ્ટો ઊભાં થવાનાં એ નિર્વિવાદ વાત છે. આપણે સહુ જાણીએ છીએ કે આર્થિક સત્તા એ રાજકીય સત્તા જેટલી જ સારી અને નરસી બાબતો ઉત્પન્ન કરી શકે છે.

આપણા સૌને માટે જાહેર હિતમાં વિચારવાની વાત એ છે કે આપણાં સામાજિક અને ધાર્મિક પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટોના કામકાજ અંગે પ્રજામત સતત જાગૃત રહેવો જરૂરી છે. કોઇપણ મહાનભાવના નામ સાથે જે જાહેર ફંડ શરૂ થયેલ હોય તે અંગે તો તેના ઉદ્દેશો પ્રમાણે કામ ચાલે છે કે નહીં અને તેના ફંડનો પૂરેપૂરો હિસાબ જાહેર રીતે મુકાય છે કે નહીં તે જોવાવું જોઇએ. અને તેવા હિસાબો જાહેર રીતે મુકાવવા માટે તેના ટ્રસ્ટીમંડળને ફરજ પાડવી જોઇએ.

સૌને સ્પર્શતી વાત

• મનોજ્ઞા દેસાઈ

હમણાં 'સ્પર્શ' નામે સદ્ય પરાંજપે દિગ્દર્શિત એક ચિત્ર આવેલું. એમાં એક–બે વાતો ખરેખર સ્પર્શી જાય એવી કરી છે. આપણા હૃદયને સ્પર્શી જાય એવી પણ ખરી અને આપણને સ્પર્શે (apply થાય) એવી પણ ખરી.

એ સિનેમાનો નાયક અંધ છે. એ ધારે છે કે દરેક અપંગ સ્વતંત્ર રીતે દુનિયાની દયા વગર જીવી શકે. દયા કે સહાનુભૂતિ એ સહી શકતો નથી કોઈ એને સાહજિકતાથી પણ મદદ કરવા જાય તો ખૂબ તીવ્રતાથી એ મદદ નકારે છે. એ ફિલ્મની નાયિકા અંધ નથી. એક દૃશ્યમાં રેસ્ટોરાંમાં વેઇટર નાયિકાને 'બિલ' આપે છે એનો પણ એ ઉગ્ર વિરોધ કરે છે. એની વિરોધ કરવાની રીત એટલી લાગણી-પ્રધાન અને તીવ્ર છે કે મદદ કરનાર બિચારું બે ઘડી સ્તબ્ધ જ થઈ જાય. પોતાની મદદનો આવો પ્રતિસાદ આવશે એવું કોઈ કલ્પી જ ન શકે.

આપણે આમાંથી ઘણું શીખી શકીએ. આપણે કોઈ પણ આંધળાને કે બહેરાને કે લૂલા–લંગડાને જોઈએ તો એક જ ભાવ જાગે–'બિચારો!' ત્યાં જ આપણું પૂર્ણવિરામ. આપણે ગૃહીત જ ગણી લઈએ કે અપંગ હોય એટલે એ દુઃખી હોય જ. મારે ઘણીવાર બહેરા–મૂંગા કહેવાતાં બાળકોને શીખવવાનું આવે છે. કોઈને એ લોકો માટે 'બિચારો' બોલતાં સાંભળું તો કહું છું કે 'તમે લોકો ધારો છો એવા એ દુઃખી નથી.' જન્મત: ગાલ પરનો કાળો મસો કે છ આંગળીઓ હોય એટલી જ સરળતાથી પોતાની ખોડ આ લોકો સ્વીકારતાં હોય છે.

જો ખરેખર અપંગો પ્રત્યે સહાનુભૂતિ હોય તો એ લોકોને 'બિચ્ચા...રા' કહેવાનું છોડીને એ લોકોને વ્યક્તિ તરીકે, સમાજના એક અંગ તરીકે સ્વીકારવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ લોકોની સમસ્યા સમજીને એનો ઉકેલ લાવવામાં આપણે શી રીતે મદદરૂપ થઈ શકીએ એ વિચારવું જોઈએ. એવી મદદ ન કરવી જોઈએ જેનાથી એની પ્રગતિ કે આત્મ-સન્માનને હાનિ પહોંચે.

દર વર્ષે 'વેલ્થ ઑફ ટેલન્ટ' નામનો અપંગોનો એક ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવાય છે. એમાં અંધ, બહેરા, શારીરિક ખોડવાળા અનેક બાળકો, એ લોકોની ખોડની જાણ પણ ન થાય અને જાણ હોય તો આશ્ચર્ય થાય એવી સુંદર રીતે પોતાની કળા, આવડત પ્રદર્શિત કરે છે. આવા જ એક કાર્યક્રમમાં મરાઠી રંગભૂમિના દિગ્દર્શક શ્રી જયદેવ હટંગડી નિર્ણાયક તરીકે ગયા હતા. બે 'આઇટમ' ની વચ્ચેનો સમયગાળો હતો. સ્વયંસેવક બનીને આવેલી કેટલીક કિશોર વયની બાળાઓ આમતેમ ફરતી'તી. એટલામાં એક અપંગ જુવાન શ્રી હટંગડીથી થોડે દૂર પડી ગયો. એની ઘોડી પણ નીચે પડી ગઈ. સ્વયંસેવિકાઓ દોડીને એને મદદ કરવા આવી. જુવાનને ખાસ વાગ્યું નહોતું. છોકરીઓ એને ઊભો કરવા નીચી વળી ત્યાં જુવાને કહ્યું: 'તમે ચિંતા ન કરો. હું મારી મેળે જ ઊભો થઈશ.' શું કરવું એની દ્વિધામાં છોકરીઓએ શ્રી હટંગડીની સામું જોયું. એમણે છોકરીઓને મદદ ન કરવા માટે ઇશારો કર્યો. જુવાન પોતાની મેળે જ ઊભો થયો.

દેખીતી રીતે વદતોવ્યાઘાત (વિરોધી) લાગે, પણ એમ જરૂર કહી શકાય કે કોઈ પણ પ્રકારના અપંગને ખરેખર મદદ કરવી હોય તો એને વધારે પડતી મદદ ન કરવી જોઈએ.

ભૂતપૂર્વ ક્રિકેટર અને જાણીતા સમાજસેવક શ્રી વિજય મર્ચન્ટ કહે છે કે ક્રિકેટમાં એક અનુભવી બેટધર જેમ નવા આવેલા બેટધરને મદદ કરે એ રીતે સમાજમાં પણ આપણે અપંગોને મદદ કરવાની છે. એ સાથે સાથે એને જીવનમાં સ્વમાન સાથ પગભર શી રીતે થવાય એ પણ શીખવવાનું છે.

'સ્પર્શ'માં બીજી એક વાત પણ સુંદર રીતે કહી છે. અંધ બાળકોની શાળામાં કામ કરતા એક ભાઈનો આઠ–દસ વર્ષનો છોકરો ત્યાં જ રહેતો હોય છે. એ છોકરો પોતે અંધ નથી પણ એને ઘણા અંધ મિત્રો છે જે એની જ ઉંમરના છે. એ આ મિત્રોને વાર્તાઓ વાંચી સંભળાવવાનું, આવેલા કાગળો આપવાનું અને વાંચવાનું વગેરે કામો પણ મિત્રભાવે કરે છે. એને અને એના એક ખાસ દોસ્ત (જે અંધ છે) વચ્ચે મારામારી થાય છે, ન્યાયની ભાષામાં એનામાં એટલી તીવ્ર છે કે એ પોતે પણ આંખો બંધ કરીને મારામારી કરે છે. છતાં નાયિકા આવીને એને જ ઠપકો આપે છે અને અંધ બાળકને પ્રેમથી ઉઠાડીને લઈ જાય છે. તે વખતે ઘડીક પેલાને થઈ જાય છે કે 'હું પણ આંધળો હોત તો કેવું સારું થાત!'

આપણે હંમેશાં ખોડને અને ખોડવાળા લોકોને, ખાસ કરીને બાળકોને વધારે પડતું મહત્ત્વ આપીએ છીએ. એક જ કુટુંબમાં જો એક બાળક સારું અને બીજું ખોડવાળું હોય તો ઘણીવાર એવા પ્રસંગો આવે છે કે જ્યારે સાજા બાળકને મનમાં થઈ જાય કે 'મને કંઈ ખોડ નથી એ શું મારો ગુનો છે?'

કોઈને પગે પોલિયોને કારણે ખોડ હોય અને સુંદર ચિત્ર પાડે તો લોકો કહેશે, 'પગે ખોડ છે પણ ચિત્રો તો એવાં સુંદર પાડે છે!' કોઈ મૂંગો છોકરો દોડવામાં પહેલો આવશે તો ય એનાં માનપાન વધી જશે.

પગની ખોડને અને ચિત્ર પાડવાને શું સંબંધ? કોઈ પણ કલા આત્મસાત્ કરવી એ અઘરું છે અને એટલા પૂરતી એની સિદ્ધિ જરૂર છે પણ એ સિદ્ધિ કોઈ પણ સામાન્ય માણસ પ્રાપ્ત કરે તો એને માટે આપણને એટલો જ અહોભાવ થતો નથી. હા, બહેરા બાળકો નૃત્યમાં સિદ્ધિ મેળવે કે પોલિયોવાળું બાળક રમતગમતમાં, દોડવામાં સિદ્ધિ મેળવે તો એ ખરેખર મહાન કહેવાય, જેની કદર બધાંએ, ધરનાએ અને સમાજે કરવી જ જોઈએ.

પ્રશંસા, કદર, મદદ બધું જ જરૂરનું છે. સામાન્ય માનવ માટે પણ અને અપંગ માટે વિશેષ કુદરતે અથવા અકસ્માતે એને એક જરૂરના અંગથી વંચિત રાખ્યો છે એટલે એને માટે આપણને નિઃશંક સહાનુભૂતિ થાય, જે સ્વાભાવિક જ છે. પણ આપણી મદદ અને પ્રશંસા એને કેટલે અંશે અને કઈ રીતે ખરેખર મદદ કરશે એ વિચારવાનું અગત્યનું છે. એ તત્કાળ પૂરતી જ મદદ કરશે કે લાંબે ગાળે પણ મદદરૂપ બની રહેશે એ પણ મહત્ત્વનું છે.

છેલ્લે એક ધ્યાન જાય એવી સુંદર દસ્તાવેજી ફિલ્મ છએક મહિના પહેલાં આવેલી એ વિશે વાત કરું. એક લંગડો ઘેર ઘેર આગ્રહ કરીને ભીખ માંગે છે. એક બારણું ઉઘડે છે. એક શાલ ઓઢેલો સુધડ માણસ એને જરા ઊભા રહેવાનું કહીને પૈસા લેવા અંદર જાય છે. એ પૈસા લઈને શાલ મૂકીને પાછો આવે છે અને પોતાના બે ઠૂંઠા હાથની મદદથી ભિખારીને પૈસા આપે છે. ત્યાર પછી ઠૂંઠા માણસની પ્રતિચર્યા, એનું ચિત્રકામ એ શી રીતે કરે છે, એનાં દૃશ્યો આવે છે. પોતાના ઠૂંઠા હાથે બટન ટાંકે છે, સોય પરોવે છે. બધું જ કરે છે. અંતમાં પેલો લંગડો ભિખારી પોતાના બે હાથ સામે જોતો વિચારમાં ગરકાવ થઈ જાય છે.

પરદેશમાં, ખાસ કરીને અમેરિકા ઇંગ્લંડ જેવા દેશોમાં અપંગોમાં પોતાના હકો વિશે જાગૃતિ આવી છે. અપંગોની નાટ્યશાળાઓ અને નાટ્યમંડળો શરૂ થયાં છે. પોતે અપંગ હોવા છતાં જીવનના કોઈ ક્ષેત્રમાં સાધનરહ્યા માણસ કરતાં કોઈ રીતે ઓછા ઊતરે એવા નથી એ સાબિત કરવાનું જાણે એ લોકોમાં નવું જોમ આવ્યું છે.

મુંબઈમાં પણ 'ફેડરેશન ઑફ ધી ફિઝિકલી હેન્ડિકેપ્ડ' તરફથી હમણાં જ અપંગો માટેની નાટ્યશાળા શરૂ થઈ છે.

આધુનિક વિજ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજો, માનવ હૃદયોમાં મ્હોરતી માનવતા અને સાચી સહાનુભૂતિની સમજણ આ ત્રણેથી પ્રેરિત અભિગમ હશે તો એ સમાજ અપંગોને સાચે સાચી મદદ કરી શકશે.

તપશ્ચર્યાનું હાર્દ

● પન્નાલાલ ૨. શાહ

વર્તમાનકાળમાં–ખાસ કરીને ચાતુર્માસ અને પર્યુષણ પર્વ દરમિયાન ઉગ્ર તપશ્ચર્યા થાય છે. એમાંય છેલ્લાં કેટલાંક વર્ષોથી ૬૧, ૭૧, ૧૦૮ કે એથી વધુ દિવસના ઉપવાસની તપશ્ચર્યા થતી હોવાથી આવી ઉગ્ર તપશ્ચર્યા તરફ લોકોનું વધુ ધ્યાન ખેંચાયું છે. આ અંગે પ્રતિભાવ આપતાં એક મિત્રે સહૃદયતાથી કહ્યું : 'દેહ એ આત્માનું આ ભવમાં નિવાસસ્થાન છે. દેહ છે તો આત્મા જીવન જીવે છે અને કર્તવ્ય કરી શકે છે, તો આ દેહનું દમન શા માટે?' તપશ્ચર્યા અંગેનો પોતાનો વિરોધ એકાંગી નથી એવી સ્પષ્ટતા કરતાં એમણે કહ્યું : 'દેહને લાડ લડાવવાનું હું કહેતો નથી પણ જીવન છે ત્યાં સુધી દેહને સ્વસ્થ અને કાર્યક્ષમ રાખવો જરૂરી છે. જીવ સૌને વહાલો છે અને ઉપવાસ કરનારા પણ મૃત્યુ ઇચ્છતા નથી અને લાંબા સમયના ઉપવાસમાંથી પાર ઊતરી જવાની શ્રદ્ધા રાખે છે.' આરોગ્ય ખાતર કરાતા ઉપવાસનો ઉલ્લેખ કરી એમણે ઉમેર્યું : 'એવા હેતુસર થતા ઉપવાસની વાત જુદી છે અને એ માટે કુદરતી ઉપચારની પદ્ધતિનો માર્ગ સ્વીકારવો જોઈએ. આ ધાર્મિક ઉપવાસની અતિશયતાનાં ગુણગાન કરવા કે ધર્મને નામે એની વાહવાહ કરવી એ યોગ્ય નથી.'

ઉગ્ર તપશ્ચર્યા અંગે આવો પ્રતિભાવ દાખવતાં ભગવાન બુદ્ધનું દૃષ્ટાંત આપવામાં આવે છે. પ્રારંભમાં ભગવાન બુદ્ધે પણ ઉગ્ર તપશ્ચર્યાનો માર્ગ ગ્રહણ કર્યો હતો. બૌદ્ધ ગ્રંથોમાં આવતા વર્ણન પ્રમાણે ઉગ્ર તપશ્ચર્યાના પરિણામે ભગવાન બુદ્ધ ચાલતા ત્યારે હાડકાંનો ખડખડ અવાજ થતો; હાથ-પગ દોરડી જેવા થઈ ગયા હતા. અને આંખો ઊંડી ઊતરી જવાથી ઝાકોરા જેવી લાગતી હતી. ઉગ્ર તપશ્ચર્યાના કારણે તેઓ વારંવાર બેભાન થઈ જતા હતા. એવી રીતે એક વખત તેઓ એક વૃક્ષની નીચે બેભાન પડ્યા હતા. ત્યારે એ રસ્તેથી પસાર થતા સાધકદંદે આરામ માટે ત્યાં નજીકમાં મુકામ કર્યો. પોતાની વીણાને સજ્જ કરતા મુખ્ય ગાયિકાએ બીજી ગાયિકાને સૂચના આપી: 'એના તાર વધારે પડતા ખેંચતી નહિ. કારણ કે એથી તાર તૂટી જશે. એ જ રીતે તારને ઢીલા પણ ન રાખતી, કારણ, એમ થવાથી સંગીતની મધુરતા જન્મશે નહિ.' આમ તારની મધ્યમસર રાખવાનું તેણે જણાવ્યું. ભગવાન બુદ્ધ જાગૃત થતાં આ શબ્દો એમણે સાંભળ્યા. એમને થયું : 'તપશ્ચર્યાની બાબતમાં પણ મધ્યમ માર્ગ અપનાવવો જોઈએ.' ત્યાર બાદ એમણે સાધનાની દરેક બાબતમાં મધ્યમ માર્ગ અપનાવ્યો.

આ વાતચીત થઈ અને ભગવાન બુદ્ધના જીવનનો આ પ્રસંગ સાંભળ્યો ત્યારે મને મારો અભ્યાસકાળ યાદ આવ્યો. અમારા અભ્યાસક્રમમાં સમાજશાસ્ત્ર એ એક વિષય હતો. તેમાં જૈન ધર્મ વિષે ટૂંકી નોંધ આવતી. એ નોંધમાં આ ધર્મને 'દેહદમનના ધર્મ' તરીકે ઓળખાવ્યો હોવાનું મને સ્મરણ છે.

આ બધું વાંચતાં, સાંભળતાં અને સ્મરણ કરતાં મને લાગ્યું કે જૈન ધર્મની તપશ્ચર્યાનું હાર્દ આવો પ્રતિભાવ આપનારાઓ તેમ જ જૈન ધર્મના અનુયાયીઓ પણ કદાચ સમજ્યા નથી.

જૈન દૃષ્ટિએ ઉપવાસની વાત કરીએ તો ઉગ્ર તપશ્ચર્યાનો એકાંગી ઉપદેશ આપવામાં આવ્યો નથી અને માત્ર એમાં જ ધર્મ પર્યાપ્ત થતો નથી. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે પોતાની શક્તિ, શારીરિક ક્ષમતા, દૃઢતા, શ્રદ્ધા, આરોગ્ય તથા ક્ષેત્ર અને કાળ સમજી-વિચારીને પોતાના આત્માને તેમાં જોડવો જોઈએ. ગર્ભવતી સ્ત્રી, બાળકને સ્તનપાન કરાવતી માતા અને રોગિષ્ઠ સ્ત્રી-પુરુષને તપશ્ચર્યા કરવાની મનાઈ છે. જ્યાં સુધી ઇન્દ્રિયો જાગૃત હોય, ચિત્ત સ્વસ્થ અને નિર્મળ હોય, ચિત્તમાં દુર્ધ્યાન ન આવી જાય અને ઇન્દ્રિયો ક્ષીણ ન થઈ જાય, ત્યાં સુધી જ તપ કરવાનું શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે તપના અષ્ટકમાં કહ્યું છે. આ બધી બાબતો ડૉ. રમણલાલ ચી. શાહે 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૬-૧૦-૧૯૮૦ના અંકમાં 'જૈન દૃષ્ટિએ તપશ્ચર્યા' એ શીર્ષક હેઠળના લેખમાં સવિગત સ-રસ રીતે સમજાવી છે.

જૈન ધર્મે તપના બે પ્રકાર કહ્યા છે : (૧) બાહ્ય તપ અને (૨) અભ્યંતર તપ. એમાં બાહ્ય તપ એટલે કે રસ-ત્યાગ, વૃત્તિસંક્ષેપ, ઉણોદરી વ્રતથી માંડીને ઉપવાસ સુધીની તપશ્ચર્યા એ સાધન છે અને એ બાહ્ય તપની સાથે અંતરતપ હોવું આવશ્યક મનાયું છે. સ્વાધ્યાય, ધર્મ અને શુક્લધ્યાન, વિનય વૈયાવચ્ચ આદિનો અભ્યંતર તપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એવા અભ્યંતર તપ વિના માત્ર બાહ્યતપ નિરર્થક મનાયું છે.

ભગવાન બુદ્ધ આકરી તપશ્ચર્યા બાદ તપોમાર્ગથી ફંટાયા અને ધ્યાન માર્ગ તરફ વળ્યા એનું વિશ્લેષણ કરતાં પં. સુખલાલજીએ નોંધ્યું છે કે, 'બુદ્ધે ઘર છોડયું ત્યારથી જ તપશ્ચર્યા કરવા માંડેલી. એમણે પોતાને મુખે પોતાની તપશ્ચર્યાનું જે વર્ણન કર્યું છે-અને જે ઐતિહાસિક દૃષ્ટિએ બહુ મહત્ત્વનું છે-તેમાં, તેમણે આચરેલા, નાના પ્રકારના તપનો નિર્દેશ છે. એ નિર્દેશ જોતાં એમ કહી શકાય કે અવધૂતમાર્ગમાં જે પ્રકારના તપ આચરવામાં આવતા, બુદ્ધે એવાં જ તપ કરેલાં. અવધૂતમાર્ગમાં પશુ અને પક્ષીના જીવનનું અનુકરણ કરતાં તપો વિહિત છે. બુદ્ધે એવાં ઉગ્ર તપો સેવેલાં. ગોશાલક અને મહાવીર બન્ને ય તપસ્વી તો હતા જ, પણ એમની તપશ્ચર્યામાં ન હતો અવધૂતની આગવી તપશ્ચર્યાનો અંશ કે ન હતો તાપસોની વિશિષ્ઠ તપસ્યાનો અંશ બન્ને તીર્થંકરો દેહદમન પર ભાર મૂકતા, નગ્ન વિચરતા, સ્મશાન અને શૂન્ય ગૃહમાં એકાકી રહેતા, શુષ્ક અને નિરસ આહાર લેતા અને લાંબા લાંબા ઉપવાસ પણ કરતા, છતાં તેઓએ કદી બુદ્ધે આચર્યાં છે તેવાં તપોવ્રત નહીં જ આચરેલાં. બુદ્ધ અંતે એ તપોમાર્ગ છોડી ફંટાય છે ત્યારે ગોશાલક અને મહાવીર બન્ને તપશ્ચર્યાને ઠેઠ સુધી વળગી રહે છે. આ મુદ્દાનું વિશ્લેષણ કરતાં એમ લાગે છે કે બુદ્ધ તપની ઉત્કટ કોટિ સુધી પહોંચ્યા અને જ્યારે એનું પરિણામ એમને સંતોષ ઉપજાવે એવું ન આવ્યું ત્યારે તેઓ મુખ્યપણે ધ્યાનમાર્ગ તરફ વળ્યા અને તપને નિરર્થક માનવા-મનાવવા લાગ્યા. કદાચ આ એમના ઉત્કટ દેહની પ્રતિક્રિયા હોય. પણ ગોશાલક અને મહાવીરની બાબતમાં એમ નથી. એમણે ઉગ્ર તપ સાથે પહેલેથી જ ધ્યાન જેવાં આંતરતપ તરફ પૂરું લક્ષ્ય આપેલું અને તેમણે એમ પણ કહ્યું કે બાહ્યતપ ગમે તેટલું કઠોર હોય, છતાં એની સાર્થકતા આંતરતપ ઉપર અવલંબિત છે. તેથી તેમણે બાહ્યતપને આંતરતપના એક સાધન તરીકે જ સ્થાન આપ્યું. આને લીધે કદાચ તેમનામાં (ભગવાન બુદ્ધ જેવી પ્રતિક્રિયા ન થઈ.' (જુઓ : સમદર્શી આચાર્ય હરિભદ્ર)

એક દૃષ્ટિએ જોઈએ તો બાહ્યતપ એ આંતરતપનું કયારેક પરિણામ પણ હોય છે. ભગવાન મહાવીર સાધક હતા અને દીક્ષા લીધા બાદ જંગલમાં વિચરતા અને આત્મધ્યાનમાં લીન થતા. એમાં દેહનું પણ ભાન ન રહે એટલી હદે તેઓ ધ્યાનમાં, સાધનામાં નિમગ્ન બનતા. ત્યારે દિવસોના દિવસો સુધી આવી પરિસ્થિતિમાં રહેતા. પરિણામે સ્વાભાવિક રીતે દીર્ઘકાલીન ઉપવાસની તપશ્ચર્યા થતી. એમાં દેહનું દમન કરવાની, સુધા અને ભૂખને નાથવાની, રસવૃત્તિને કાબૂમાં લેવાની દૃષ્ટિએ બાહ્યતપ કરવાની વિભાવના મુખ્ય ન હતી. એ એક આનુષંગિક પરિણામ હતું. આ બાબતમાં નજીકના ભૂતકાળમાં આનંદઘનજી અને શ્રીમદ્ રાજચંદ્રના ઉદાહરણ આપી શકાય. એક ચિત્રકાર, એક સંગીતકાર કે એક શિલ્પી જેમ કલાકૃતિની રચનામાં ખોવાઈ જાય અને દેહભાન ભૂલી જવા છતાં દેહદમન કરતો નથી, પરંતુ એ સાધનામાંથી એને જેમ આનંદ નીપજે છે તેવી આ સાહજિક, પારિણામિક ઘટના છે.

એવી ઉત્કટ સાધના આજે નથી એટલે એવો મહાવરો થાય એ માટે સાંસારિક, દૈનિક ક્રિયામાંથી તપશ્ચર્યા દ્વારા મુક્ત થઈને અંતરતપ તરફ વળવાનું છે. એટલે બાહ્યતપ એ અંતરતપનું સાધન માત્ર છે એ લક્ષમાં રાખીને ટૂંકી કે દીર્ઘ તપશ્ચર્યા યથાશક્તિ કરવાની છે. બાહ્યતપનું આ હાર્દ છે. એ માત્ર દેહદમનનો માર્ગ નથી. એ જેમ જૈનેતરોએ સમજવાનું છે તેમ જૈનોએ પણ સમજવાનું છે.

'કાલિદાસ, શેકસપીયર અને ટાગોરની નારી સૃષ્ટિ' વિષે પરિસંવાદ

'સંધ'ના ઉપક્રમે શુક્રવાર, શનિવાર અને રવિવાર, તા. ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર, ૧૯૮૪ના રોજ ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં (ચર્ચગેટ) ઉપરોકત વિષય પર એક પરિસંવાદ યોજવામાં આવશે. શુક્રવાર, તા. ૨૮-૯-૧૯૮૪ના રોજ ઉદ્ઘાટન બેઠકમાં કાલિદાસ, શેકસપીયર અને ટાગોર વિષે વકતવ્યો અને એકાંકિત પઠન કરવામાં આવશે, બાકીની ત્રણ બેઠકો ચૌદા પ્રથમ બેઠકમાં કાલિદાસ, શેકસપીયર અને ટાગોરની નારી સૃષ્ટિમાં પ્રગટ થતો પ્રણય, વિરહ અને શૃંગાર એ વિષય પર, દ્વિતીય બેઠકમાં કાલિદાસ, શેકસપીયર અને ટાગોરની નારી સૃષ્ટિ દ્વારા પ્રતિબિંબિત થતું તત્કાલીન સમાજ જીવન અને રાજય વ્યવસ્થા એ વિષય પર અને તૃતીય બેઠકમાં કાલિદાસ, શેકસપીયર અને ટાગોરના નારી પાત્રોના મનોવ્યાપાર અને સંવેદના દ્વારા પ્રગટ થતી સનાતન ખોજ, પ્રશ્નો અને સત્યો એ વિષય પર વિવિધ વ્યાખ્યાતાઓ પ્રવચન કરશે.

આ પરિસંવાદમાં શ્રી ચંદ્રવદન ચી. મહેતા, પ્રા. ચી. ના. પટેલ, ડો. મધુસૂદન પારેખ પ્રા. દિગીશ મહેતા, પ્રા. ભોળાભાઈ પટેલ, પ્રા. ઈલાબેન પાઠક, ડો. ધીરુ પરીખ, શ્રી મીનળ પટેલ, પ્રા. જયાનંદ દવે, આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી, ડો. રાજેન્દ્ર નાણાવટી, ડો. સુરેશ ઉપાધ્યાય, ડો. સુમન શાહ, આદિ વિદ્વાનોની સંમતિ મળી છે.

પરિસંવાદનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

ધનવંત ટી. શાહ, ચીમનલાલ જે. શાહ,
પન્નાલાલ ર. શાહ, કે. પી. શાહ
અમર જરીવાલા, મંત્રીઓ.
સંયોજકો; પરિસંવાદ સમિતિ.

સાભાર સ્વીકાર

શ્રેયસ પ્રચારક સભાનાં પ્રકાશનો

સરનામું : મે. એ. એમ. મહેતા એન્ડ કું. શરાફ મેન્સન, બીજે માળે, ૩૧, ગામળદાસ ગાંધી માર્ગ, (પ્રિન્સેસ સ્ટ્રીટ) મુંબઈ-૪૦૦૦૦૨.

* **સમાધિ મરણ** : કિ. રૂ. ૭-૫૦, લેખક-ભોગીલાલ ગિરધરલાલ શેઠ.

* **ભકિતમાર્ગનું રહસ્ય** : કિ. રૂા. ૫-૦૦, લેખક ઉપર મુજબ.

* **આત્મસિદ્ધિશાસ્ત્ર** : (વિશેષાર્થ સહિત) કિ. રૂ. ૧૦-૦૦ પ્રકાશક : એશિયાટીક ચેરિટેબલ ટ્રસ્ટ, લેખક અને પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ.

રાહતના દરે આ પુસ્તકોની કિંમત દર્શાવી છે.

(અનુસંધાન પૃ. ૮૦ થી ચાલુ)

કે પોતાની સગવડ ખાતર અન્ય જીવોનો કઇ રીતે ભોગ લે છે. સમગ્ર પ્રકૃતિ પર ગમે ત્યારે હુમલો કરવા માનવી તૈયાર હોય છે. હવા, જમીન, પાણી, વનસ્પતિ, જીવજંતુઓ, પશુઓ, કંઇ કહેતાં કંઇ જ એના રાક્ષસી અવિચારીપણા પાસે સલામત નથી. એનો જ માનવબંધુ પણ ક્યાં સલામત છે? પર્યાવરણની સમતુલા જોખમમાં મુકાયાના આટલી હદે કપરા સંજોગો અગાઉ કદી નહિ જ આવ્યા હોય!

આ દસ લાખ ગાયોની જેમ જ્યાં જ્યાં વિના કારણ સંહાર થાય છે ત્યારે આપણે અહીં બેઠાં બેઠાં શું કરી શકીએ? માત્ર મનમાં જ મૂંઝાઇને બેસી રહેવું પડે. શાંતિ, સંવાદિતા અને જીવદયાના ચાહક લોકો અને સંસ્થાઓએ યુરોપના આ દેશોને આવું અધમ કૃત્ય ન કરવા વિનંતી કરવી જોઇએ. જાહેર લોકમત કેળવવો જોઇએ. એ દેશોના રાજદૂતાવાસોને પત્રો લખી વિરોધ કરવો જોઇએ.

આ વાતનો વિચાર કરતાં વિશ્વભરમાં જીવરક્ષાનો પ્રચાર કરનાર એક માતબર સંસ્થાની યાદ આવી ગઇ, એ સંસ્થા તે 'બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી' (ક્રૂરતા રહિત સૌન્દર્ય'). એ એક મહત્ત્વની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જેનો ઉદ્દેશ 'સૌન્દર્ય' પ્રસાધનોના ઉત્પાદન માટે થતી પ્રાણીઓની નિરર્થક હત્યા અટકાવવાનો છે આ સંસ્થાની સ્થાપના ૧૯૫૬માં ઇંગ્લેન્ડમાં લેડી ડાઉંડીંગે કરી. આજે વિશ્વમાં એની ૪૭ શાખાઓ છે. ભારતની શાખા ૧૯૭૪માં પૂના ખાતે શ્રીમતી ડાયના રત્નાગરે શરૂ કરી.

આમ સીધી રીતે તો એ ક્રમનસીબ ગાયોની હત્યા અટકાવવાનું સૂચન કરવાનું 'બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી' ની કામગીરીમાં નથી આવતું, પણ આવી પ્રખ્યાત સંસ્થા ઝુંબેશ ઉપાડે અને અન્ય સંસ્થાઓ, જીવદયા મંડળી જેવી એને ટેકો આપે તો કદાચ થોડી અસર પડે એવો સંભવ ખરો.

આ સંસ્થા તો કોસ્મેટિક્સને નામે થતી ક્રુર હિંસાને અટકાવવા કાર્યરત છે. આજના સમયમાં આડંબરના મોહમાં કે ધંધાદારી લાભ મેળવવા નિર્દોષ પ્રાણીઓની બેફામ કતલ થઇ રહી છે અને કેટલાંય પ્રાણીઓની જાતિઓ નામશેષ થવા આવી છે. વિશ્વમાં દર વર્ષે ૫ કરોડથી વધુ પ્રાણીઓનો શિકાર તેમનાં રૂંવાટીવાળાં ચામડાં મેળવવા માટે થાય છે. રૂંવાટીવાળી ચામડીવાળાં પ્રાણીઓ ફાસલામાં ફસાઇને દિવસો સુધી ભૂખ્યાં તરસ્યાં, સુઝેલા અને લોહી નીંગળતા પગે પડી રહ્યા પછી મોત જ તેમને એ દુઃખમાંથી છોડાવી શકે છે.

વ્હેલનાં તેલ, ચરબી, અંબર વગેરે મેળવવા માટે વ્હેલને મારવા તેને દારૂગોળા સહિત ભાલાઓ મારવામાં આવે છે, જે તેના શરીરમાં પેસીને ફૂટે છે. જેને પરિણામે કલાકો સુધી અસહ્ય વેદના સહન કરીને વ્હેલ મરે છે.

કયારેક નવ-નવ ભાલા વાગ્યા બાદ વ્હેલ કલાકો સુધી તરફડીને મોતને ભેટે છે.

ભારત સરકારે કસ્તુરી મૃગને કાયદેસર રક્ષણ આપ્યું હોવા છતાં, કસ્તુરીના ઊંચા ભાવોને લીધે મૃગને ચોરીછૂપીથી મારવામાં આવે છે. પરદેશી પરફ્યુમને વધુ ઉત્તેજક બનાવવા માટે વપરાતું 'સિવેટ', બિલાડી જેવા જંગલી જાનવરની નાભિમાંથી મળે છે, જે મેળવવા નર સિવેટને પાંજરામાં કેદ રાખી દર દસ દિવસે ખીજવવા પડે છે, અને તે માટે સોટીઓનો માર મારવામાં આવે છે.

સાપ, ગરોળી, મગર જેવાંની ચામડીનાં મોંમાગ્યા દામ મળે છે. તેથી મગરનાં તો ઉછેર-કેન્દ્રો ચાલુ થયા છે. મગરને પાણી બહાર લાવી તેની ગરદનમાં ધારદાર છૂરી હુલાવી તેની કરોડરજ્જુ કાપી નાખવામાં આવે છે. તેના પેટ નીચેની ચામડી જ ઉપયોગમાં લેવાય છે. સાપ અને ગરોળીની ચામડી તો જીવતાં જ ઉતારી લેવામાં આવે છે. ચામડી ઉતરી ગયા પછી ઘણા સાપ ત્રણ દિવસ સુધી તરફડ્યા કરે છે!

હાથીદાંતમાંથી સુંદર પ્રતિમાઓ અને ઘરેણાં બને છે. એ વસ્તુઓ ખરીદતી વખતે કોઇને ખ્યાલ પણ નથી હોતો કે એ હાથીદાંત મેળવવા ઝેરી તીર મારી કે હાથીને પ્રિય એવા ફણસના ફળ ઉપર ઝેરી દવા છાંટી તેમને રીબાવી રીબાવીને મારવામાં આવે છે. હાથીદાંતના ચોગ્ગા તો આકાશમાંથી ઊતરતાં ગીધડાં હાથીના મડદા તરફ જવા માટે દિશા સૂચવે તેની જ રાહ જોતા હોય છે.

મોતી! પછી તે સાચું હોય કે કલ્ચર્ડ, તેમાંયે હિંસા તો છે જ. હજારો વર્ષથી વપરાતું અને પવિત્ર ગણાતું રેશમી કાપડ, તેની સુંદરતાને લીધે આકર્ષક લાગે છે. જે પહેરી આપણે મંદિરમાં પણ જઇએ છીએ. તે મેળવવા માટે અસંખ્ય કોશેટાને ગરમ પાણીમાં જીવતા ઉકાળવામાં આવે છે. એક ગ્રામ રેશમી વસ્ત્ર મેળવવા ૧૫ કોશેટાની જરૂર પડે છે. રેશમી વસ્ત્રો ધારણ કરતાં પહેલાં એ કોશેટાઓની વેદનાનો વિચાર કરી જોજો...

અફઘાનિસ્તાનમાં કારાકુલ, એટલે 'કાળું ગુલાબ' જન્મ્યા પછી થોડા સમયમાં જેનું વાંકડીયાપણું જતું રહે એવાં ઘેટાંના બચ્ચાંને ખૂબ ક્રુરતાથી મારવામાં આવે છે. એ બચ્ચાની માને કસમયની પ્રસૂતિ કરાવવા માટે તેના પેટ પર લાકડીથી ફટકારવામાં આવે છે. તરફડતા બચ્ચાંને ચીરીને તેનાં જીવતાં જ તેની વાંકડીયા ઝુલ્ફાંવાળી મુલાયમ ચામડી ઉતરડી લેવામાં આવે છે.

આવી અનેક હિંસક વસ્તુઓ આપણે જાણતાંઅજાણતાં આપણાં રોજિંદા જીવનમાં વાપરીએ છીએ. કેટલાક શેમ્પૂની ચકાસણી કરવા માટે સસલાની આંખમાં આંજવામાં આવે છે. જેનાથી સસલાને અસહ્ય બળતરા થાય છે. કેટલીય જાતના લોશન, ક્રીમ, પાવડર, સાબુ વગેરેનું પરીક્ષણ સસલા, સફેદ ઉંદર વગેરેની ચામડી ઉતરડી લીધા પછી બાકી રહેલી નાજુક ચામડી પર કરવામાં આવે છે. જેથી મનુષ્યો એ વસ્તુઓ વાપરે તો એમની ચામડી પર કોઇ આડઅસર ન થાય.

સૌન્દર્ય પ્રસાધનો બનાવવા માટે 'હરટ્રોજન' નામનો એક પદાર્થ વપરાય છે, જે ગર્ભવતી ઘોડીના પેશાબમાંથી બને છે. એ પદાર્થ મેળવવા માટે જ ઘોડીને વધુમાં વધુ વખત ગર્ભવતી બનાવવાના પ્રયત્ન કરવામાં આવે છે. જ્યારે ગર્ભ ધારણ કરવાની શક્તિ ઘોડીમાં નથી રહેતી ત્યારે તેને મારી નાખવામાં આવે છે.

સુપ્રસિદ્ધ અને અનુકંપાશીલ મનુષ્યોએ આ ક્રુરતાને યાદ કરી, જેનાં બનાવટમાં ક્રુરતા રહેલાં હોય એવી વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ. રેશમ, હાથીદાંત, સાચાં મોતી, સુગંધી તેલ, સાબુ, લોશન, શેમ્પૂ, રૂંવાટીવાળાં ચામડાં, કસ્તુરી વગેરે વસ્તુઓના ત્યાગ કરવો જોઇએ. એને બદલે નિર્દોષ અહિંસક વસ્તુઓ પણ વાપરી શકાય છે.

બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી તરફથી અંગ્રેજીમાં 'કુંપેશનેટ ફેશન્ડ' અને ગુજરાતીમાં 'અસ્વાનકંપા' નામે ત્રૈમાસિક પ્રસિદ્ધ થાય છે. ઉપરાંત આ સંસ્થા પાસે પ્રાણી ઉપર થતી હિંસાને તાદૃશ બતાવતી ફિલ્મો અને પીકચર્સ કેસેટ્સ પણ છે, જે આ સંસ્થાના સેવાભાવી કાર્યકરો શાળા, કોલેજો, સંસ્થાઓ વગેરેમાં જઇને બતાવે છે.

પચાસમી

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગુરુવાર, તા. ૨૩-૮-૮૪ થી ગુરુવાર, તા. ૩૦-૮-૮૪ એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ ચોપાટી પર આવેલા 'બિરલા ક્રીડા કેન્દ્ર'ના સભાગૃહમાં યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાન-સભાઓનું પ્રમુખ સ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. રવિવાર, તા. ૨૬-૮-૮૪ ને દિવસે સવારના ૭-૪૫ થી ૮-૩૦ સુધી ભક્તિસંગીતનો કાર્યક્રમ રહેશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

દિવસ			વ્યાખ્યાતા	વિષય
૨૩-૮-૮૪	ગુરુવાર	૧	શ્રી શશીકાંત મહેતા	આપણી આવશ્યક ક્રિયાઓ : શ્રેષ્ઠ અધ્યાત્મક યોગ
		૨	પૂ. મુનિશ્રી ધુરંધરવિજયજી	જ્ઞાનકા સાર ભક્તિ
૨૪-૮-૮૪	શુક્રવાર	૧	ડૉ. રમણલાલ ચી. શાહ	કાઉસગ્ગ
		૨	પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપ	ભવનો ભય
૨૫-૮-૮૪	શનિવાર	૧	પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી	ક્ષમા-ધર્મ કા સાર
		૨	ડૉ. સુરેશ દલાલ	વેલ્ટ વ્હીટમન
૨૬-૮-૮૪	રવિવાર	૧	શ્રી રાજેન્દ્ર ઝવેરી અને દિપ્તિ છાયા	ભક્તિ-સંગીત
		૨	ડૉ. ગુણવંત શાહ	સબસે ઊંચી પ્રેમ સગાઇ
		૩	શ્રી પુરુષોત્તમ માવળંકર	લોકમાન્ય ટિળક : રાજદ્વારી ક્ષેત્રે તેમજ ધર્મ ક્ષેત્રે
૨૭-૮-૮૪	સોમવાર	૧	શ્રી અશ્વિન કાપડિયા	અતિમનસ-દિવ્યતાનું પરિણામ
		૨	શ્રી કુમારપાળ દેસાઇ	સત્ય શોધક ભગવાન મહાવીર
૨૮-૮-૮૪	મંગળવાર	૧	શ્રી હરીન્દ્ર દવે	યોગ : કર્મસુ કૌશલમ્
		૨	પૂ. મોરારીબાપુ	વિદેશમાં ધર્મકથાનો અનુભવ
૨૯-૮-૮૪	બુધવાર	૧	ડૉ. નરેન્દ્ર ભાણાવત	તપ રે મધુર મધુર મન
		૨	શ્રી મૃણાલિની દેસાઇ	આર્યા વેદવતી
૩૦-૮-૮૪	ગુરુવાર	૧	પ્રો. તારાબેન ર. શાહ	શકસ્તવ (નમુત્થુણં)
		૨	શ્રી મોરારજી દેસાઇ	શ્રીમદ્ ભગવદ્ગીતા

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ પ્રાર્થના અને ભજનો શ્રીમતી કોકીલાબેન વકાણી, શ્રીમતી શારદાબેન ઠક્કર, શ્રી અમલાબેન વોરા, શ્રીમતી અરુણિકાબેન શાહ, શ્રીમતી ચન્દ્રાબેન કોઠારી, શ્રીમતી શોભાબેન સંઘવી રજૂ કરશે.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ. મંત્રીઓ

ન્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી

✠ ગુલાબ દેઢિયા ✠

૧૨ મી જુલાઇ ૧૯૮૪ના 'પ્રવાસી'માં એક સમાચાર છે : 'યુરોપમાં ૧૯૮૪-૮૫ના વર્ષ દરમ્યાન દૂધનું વિક્રમ ઉત્પાદન ઓછું કરવા તેમ જ માખણના જથ્થાને ઘટાડવા ૧૦ લાખ ગાયોની કતલ કરવી પડશે. તેમાંકે આશરે ૩ લાખ ટન દૂધના ઉત્પાદન પર કાપ મૂકવો પડશે, જે ૬૦ થી ૭૦ હજાર ગાયોની કતલ બરાબર થવા જાય છે.

એક લાખ ગાયોની કતલ કરવામાં આવશે તો જ લાખ ટન ગાયના માંસના જથ્થામાં વધારો થશે. અને આ કતલની બીજી આડઅસર એ થશે કે ચામડાનો મોટો જથ્થો એકઠો થશે જે ભારતની ચામડાની નિકાસને અસર કરશે.'

આ સમાચાર વાંચી કોઇ પણ અનુકંપાશીલ માનવીને કેવી લાગણી થાય? માનવજાત માત્ર પોતાના સુખ ખાતર

(અનુસંધાન પૃષ્ઠ ૭૬)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૯-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ £ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £

તંત્રી : રમણલાલ ચી. શાહ

કાઉસગ્ગ

★ રમણલાલ ચી. શાહ

[પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૪-૮-૮૪ના રોજ આપેલું વ્યાખ્યાન]

'કાઉસગ્ગ' શબ્દ સંસ્કૃત કાયોત્સર્ગ શબ્દ ઉપરથી આવેલો છે. કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ. ઉત્સર્ગ એટલે છોડી દેવું, ત્યજી દેવું. કાયોત્સર્ગ એટલે કાયાના હલચલનાદિ વ્યાપારોને છોડી દેવા અથવા કાયાને છોડી દેવી-ત્યજી દેવી, અર્થાત્ શરીર પરની મમતા છોડી દેવી. જૈન શાસ્ત્રગ્રંથોમાં કાયોત્સર્ગ ઉપરાંત વ્યુત્સર્ગ શબ્દ પણ વપરાયો છે. વ્યુત્સર્ગ એટલે વિશેષપણે છોડી દેવું. વ્યુત્સર્ગ ઉપરથી અર્ધમાગધી 'ઉસગ્ગ' શબ્દ આવેલો છે.

કાઉસગ્ગની વ્યાખ્યા શાસ્ત્રકારો નીચે પ્રમાણે આપે છે :

(૧) દેહે મમત્વનિરાસઃ કાયોત્સર્ગઃ ।

અથવા

(૨) પરિમિતકાલવિષયા શરીરે મમત્વનિવૃત્તિઃ કાયોત્સર્ગઃ ।

કાઉસગ્ગમાં નિયત અથવા અનિયત સમયને માટે શરીરને સ્થિર કરી, શરીર પરના મમત્વને દૂર કરી સાધક જિનેશ્વર ભગવાનના ક્ષમા આદિ ઉત્તમ ગુણોનું ચિંતન કરતાં કરતાં આત્મસ્વરૂપમાં લીન થાય છે.

ભગવાન મહાવીરે તપના જુદા જુદા પ્રકાર બતાવ્યા છે. એમાં છ પ્રકાર બાહ્ય તપના છે અને છ પ્રકાર અભ્યંતર તપના છે. બાહ્ય તપના પ્રકાર નીચે પ્રમાણે છે : અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા.

આભ્યંતર તપના પ્રકાર નીચે પ્રમાણે છે : (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) કાઉસગ્ગ.

બાહ્ય તપ કરતાં આભ્યંતર તપ ચડિયાતું છે, અને અભ્યંતર તપમાં કાઉસગ્ગને ઊંચામાં ઊંચું, છેલ્લું સ્થાન આપવામાં આવ્યું છે. તપથી કર્મની નિર્જરા થાય છે. એટલે કે કર્મની નિર્જરાને માટે કાયોત્સર્ગ અથવા કાઉસગ્ગ મોટામાં મોટા પ્રકારનું તપ છે.

અભ્યંતર તપમાં ધ્યાન કરતાં પણ કાઉસગ્ગને ચડિયાતું સ્થાન આપવામાં આવ્યું છે, એ પરથી પણ એનું મહત્ત્વ સમજી શકાશે. એનું કારણ એ છે કે ધ્યાનમાં મન અને વાણી ઉપર સંયમ કે નિયંત્રણ હોય છે. શરીર ઉપરનું નિયંત્રણ હોય તો તે ઇષ્ટ છે, પરંતુ એની અનિવાર્યતા હોતી નથી. કાઉસગ્ગમાં તો મન અને વાણીના સંયમ અથવા નિયંત્રણ ઉપરાંત શરીર ઉપરના સંપૂર્ણ નિયંત્રણની પૂરેપૂરી અપેક્ષા રહે છે. નિયંત્રણથી ઇન્દ્રિયો તથા ચિત્ત સંયમમાં આવી જાય છે. માત્ર વાણીના સંયમને મૌન કહેવામાં આવે છે. વાણી અને મન બંને ઉપરના સંયમને ધ્યાન કહેવામાં આવે છે અને વાણી, મન તથા કાયા-એ ત્રણેની સ્થિરતાને કાઉસગ્ગ કહેવામાં આવે છે. એટલે કે સામાન્ય રીતે કાઉસગ્ગમાં ધ્યાન અપેક્ષિત છે. એકલા ધ્યાન કરતાં કાઉસગ્ગ-ધ્યાનને વધારે ચડિયાતું ગણવામાં આવ્યું છે, કારણ કે કાઉસગ્ગ-ધ્યાન વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તીર્થંકર પરમાત્માઓ કાઉસગ્ગ મુદ્રામાં જ કેવળજ્ઞાન પામે છે અને નિર્વાણ પણ કાઉસગ્ગ મુદ્રામાં જ પર્યંકાસન કે પદ્માસનમાં જ પામે છે. એટલે જ કાઉસગ્ગની એ મુદ્રાઓને જિનમુદ્રા પણ કહેવામાં આવે છે.

ઉપદેશપ્રાસાદમાં પૂ. લક્ષ્મીસૂરિએ કહ્યું છે :

प्रायो वाङमनसोरेव, स्याद ध्याने हि नियंत्रणा ।
कायोत्सर्गं तु कायस्याप्यतो ध्यानात् फलं महत् ॥

(ધ્યાનમાં પ્રાય : વાણી અને મનની જ નિયંત્રણા હોય છે; પરંતુ કાયોત્સર્ગમાં તો કાયાની પણ નિયંત્રણા થાય છે. એટલા માટે ધ્યાન કરતાં કાયોત્સર્ગનું ફળ મોટું છે.)

અલબત્ત ધ્યાન અને કાઉસગ્ગ ઘણે અંશે પરસ્પરાવલંબી તપ છે તે ભૂલવું ન જોઇએ. જ્યાં ધ્યાન છે ત્યાં અનુક્રમે કાયાની સ્થિરતા આવવાનો સંભવ છે અને જ્યાં કાઉસગ્ગ છે ત્યાં ધ્યાન પ્રવર્ત્યા વગર રહેતું નથી.

મનુષ્યના જીવનમાં કાયા, શ્વાસોચ્છ્વાસ, વાણી અને મન એ ચારે ચંચલતાથી, પ્રકંપનથી ભરેલાં છે. એને સ્થિર કરવાની ક્રિયાને જો ધ્યાન કહેવામાં આવે તો ફક્ત કાયાની સ્થિરતાને કાયિક ધ્યાન, શ્વાસોચ્છ્વાસની મંદતા અથવા સ્થિરતાને અનાપાન ધ્યાન, વાણીના સ્થિરતાને વાચિક ધ્યાન અને મનની સ્થિરતાને માનસિક ધ્યાન કહી શકાય. આ ચારેનો સમન્વય થાય તો ઉત્તમ કાઉસગ્ગ-ધ્યાન બને.

કાઉસગ્ગ આપણી આવશ્યક ક્રિયાઓમાંની એક ક્રિયા છે. સામાયિક, ચઉવિસત્થો (ચોવીસ તીર્થંકરોની સ્તુતિ) ગુરુવંદના, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્ચક્ખાણ, એમ છ પ્રકારની ક્રિયાઓને આવશ્યક તરીકે ગણાવી છે. આવશ્યક એટલે અવશ્ય-અચૂક કરવા જેવી આ ક્રિયાઓ દરેક રોજેરોજ ઓછામાં ઓછી બે વાર કરવી જોઇએ. આ ક્રિયાઓમાં પાંચમી ક્રિયા તે કાઉસગ્ગ છે, અને તે પંચમ ગતિને, એટલે કે મોક્ષને અપાવનારી છે, એમ કહેવાય છે.

કાઉસ્સગ્ગમાં ઘણું ખરું નવકારમંત્રનું અથવા લોગસ્સનું ધ્યાન ધરવામાં આવે છે. ક્યારેક અતિચારોનું, જિનેશ્વર ભગવંતના ઉત્તમ ગુણોનું, આત્મસ્વરૂપનું ધ્યાન પણ ધરાય છે. નવકારમંત્ર દ્વારા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ–એ પંચ પરમેષ્ઠિનું ધ્યાન ધરાય છે. લોગસ્સમાં ભગવાન ઋષભદેવથી તે મહાવીર સ્વામી સુધીના ૨૪ તીર્થંકરોનું ધ્યાન ધરતાં ધરતાં પોતાને એવી સિદ્ધ દશા પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના સહિતનું ધ્યાન ધરાય છે. નવકારમંત્રનો કાઉસ્સગ્ગ આઠ શ્વાસોચ્છ્વાસના પ્રમાણનો ગણાય છે. લોગસ્સનો કાઉસ્સગ્ગ પચીસ શ્વાસોચ્છ્વાસ – પ્રમાણ કરવાનો હોય છે.

એટલા માટે શ્વાસોચ્છ્વાસ પ્રમાણ લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' એ પદ સુધીનો કરવાનો હોય છે. લોગસ્સ સૂત્ર ગણધર રચિત મનાય છે. એ સૂત્ર મંત્રગર્ભિત છે અને એની સાથે યોગપ્રક્રિયા જોડાયેલી છે. લોગસ્સમાં દર સાતમા તીર્થંકર પછી, એટલે કે સાત, ચૌદ અને એકવીસમા તીર્થંકરનાં નામ પછી 'જિણં' શબ્દ વપરાયો છે. સાત તીર્થંકરોના નામોચ્ચાર સાથે એક વર્તુળ પૂરું થાય છે. ચોવીસ તીર્થંકરોના નામોચ્ચાર સાથે એ રીતે સાડા ત્રણ વર્તુળ થાય છે. આપણા શરીરમાં મૂલાધાર ચક્ર પાસે આવેલી કુંડલિની શક્તિ, સાડા ત્રણ વર્તુલની છે. લોગસ્સમાં કાઉસ્સગ્ગ દ્વારા આ કુંડલિની શક્તિને જાગ્રત કરવાની હોય છે. એટલા માટે લોગસ્સના કાઉસ્સગ્ગમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા પ્રત્યેક પદ સાથે (पायसमा उसासा) જોડવાની હોય છે. પ્રતિક્રમણમાં લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે. જેમ પ્રતિક્રમણ મોટું તેમ કાઉસ્સગ્ગ પણ મોટો. દૈનિક પ્રતિક્રમણમાં ચાર લોગસ્સનો, પાક્ષિકમાં બારનો, ચાતુર્માસિકમાં વીસનો અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ચાલીસ લોગસ્સ ઉપરાંત એક નવકારનો એટલે કુલ ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરાય છે, કારણ કે ૧૦૦૮ની સંખ્યા મહિમાવંતી છે. જે વ્યક્તિ લોગસ્સનો કાઉસ્સગ્ગ શ્વાસોચ્છ્વાસનું બરાબર ધ્યાન રાખીને કરે છે, તે કાઉસ્સગ્ગ દ્વારા વિશિષ્ટ શક્તિ અનુભવે છે.

જેઓ પ્રાણાયામ સાથે નવકારમંત્ર કે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાને અસમર્થ હોય છે, તેઓ મંત્ર કે સૂત્રના વાચિક કે માનસિક જાપ કરવા સાથે કાઉસ્સગ્ગ કરી શકે છે. અલબત્ત પ્રાણાયામ સાથેના કાઉસ્સગ્ગ કરતાં આવા કાઉસ્સગ્ગનું ફળ ઓછું છે, એવું શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે.

કાયોત્સર્ગ વિવિધ હેતુઓથી કરાય છે. કોઈ શુભ કાર્યમાં બાધા, વિઘ્ન કે અંતરાય ન આવે તે માટે પ્રારંભમાં કાઉસ્સગ્ગ થાય છે. તેવા કાર્યની પૂર્ણાહુતિ પછી પણ કાઉસ્સગ્ગ કરાય છે, ક્રોધ, માન, માયા અને લોભના ઉપશમ માટે, દુઃખક્ષય માટે કે કર્મક્ષય માટે, દોષોની આલોચના માટે, શ્રુતદેવતા, ક્ષેત્રદેવતા, ભુવનદેવતા, શાસનદેવતા વગેરેની આરાધના માટે, પ્રાયશ્ચિત માટે, છીંક, અપશુકન વગેરેના નિવારણ માટે, જિનેશ્વર દેવોના વંદન–પૂજન માટે. તપ-ચિંતન માટે, નવપદ, વીસ સ્થાનક, સૂરિમંત્ર વગેરેની આરાધના માટે, તીર્થયાત્રા માટે, કુસ્વપ્ન – દુઃસ્વપ્ન નિષ્ફળ બનાવવા માટે, પ્રતિષ્ઠા, અંજનશલાકા ઇ. મહોત્સવ પ્રસંગે, દીક્ષા, પદવી, યોગોદ્વહન, ઉપધાન ઇ. ક્રિયાઓ પ્રસંગે, સાધુ–સાધ્વીઓના કાળધર્મ પ્રસંગે, ઉત્તરીકરણ માટે, પ્રાયશ્ચિત માટે, વિશુદ્ધિકરણ માટે, નિઃશલ્ય થવા માટે, પાપનો ક્ષય કરવા માટે, મોક્ષપ્રાપ્તિ માટે એમ વિવિધ પ્રસંગે વિવિધ હેતુઓ માટે જૈન શાસ્ત્રોમાં કાઉસ્સગ્ગ કરવાનું વિધાન જોવા મળે છે. ટૂંકમાં કહેવું હોય તો કાઉસ્સગ્ગ વગરની કોઈ ક્રિયા નથી. જૈન ધર્મમાં આ રીતે કાઉસ્સગ્ગ ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ ઇ. રોજની ક્રિયાઓમાં પણ કાઉસ્સગ્ગ અનિવાર્ય મનાયો છે. 'ઇર્યાવહી', 'તસ્સુત્તરી,' 'કરેમિ ભંતે,' 'અન્નત્થ', 'અરિહંત ચેઇયાણં', ઇત્યાદિ સૂત્રોમાં કાઉસ્સગ્ગના હેતુ, આગાર, મહિમા, ક્રિયા ઇત્યાદિ માર્મિક શબ્દોમાં દર્શાવવામાં આવ્યાં છે.

કાયોત્સર્ગમાં દેહની મમતાના ત્યાગ ઉપર ભાર મુકાયો છે. દેહને સ્થિર કરી દેવામાં આવ્યો હોય, પરંતુ સ્થૂલ દેહ પ્રત્યેની પ્રબળ આસક્તિ રહ્યા કરતી હોય તો તે કાયોત્સર્ગ માત્ર સ્થૂલ બની રહે છે. જ્યાં સુધી શરીર પ્રત્યેની આસક્તિ છે ત્યાં સુધી આધ્યાત્મિક સાધના અધૂરી રહે છે સાધનામાં શરીરની મમતા બાધારૂપ બને છે. સાધક પોતાના દેહને સ્નાન–વિલેપન ઇત્યાદિ દ્વારા સુશોભિત, વસ્ત્ર–અલંકાર ઇત્યાદિ દ્વારા સુસજ્જ અને મંડિત કરવામાં રચ્યોપચ્યો રહે છે ત્યાં સુધી એણે કરેલો કાઉસ્સગ્ગ સારો કાઉસ્સગ્ગ બનતો નથી, કારણ કે દેહરાગનો ત્યાગ તે સાચા કાઉસ્સગ્ગનું પ્રથમ લક્ષણ છે. શરીરની મમતા ઓછી થવા લાગે અથવા છૂટે તો માણસ બહિર્મુખ મટી અંતર્મુખ બની શકે છે. દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ કરવા માટે, દેહાધ્યાસ છોડવા માટે, આત્મામાં લીન બનવા માટે કાયોત્સર્ગ મોટામાં મોટું સાધન છે.

કાયોત્સર્ગમાં શરીરની નિશ્ચલતા પર્વત જેવી અચલ હોવી જોઇએ. દેહાધ્યાસ ઓછો થાય ત્યારે કાઉસ્સગ્ગમાં સ્થિર થયેલા માણસને ડાંસ–મચ્છર ઇ. કરડે તો પણ માણસ નિશ્ચલ રહી શકે છે. ઊંચી કોટિએ પહોંચેલા મહાત્માઓ ઘોર ઉપસર્ગો થાય તો પણ કાઉસ્સગ્ગ–ધ્યાનમાંથી ચલિત થતા નથી. કાઉસ્સગ્ગ–ધ્યાનમાં રહેલા સાધકને કોઇ ચંદનનું વિલેપન કરે તો પણ તે પ્રસન્નતા ન અનુભવે અને કોઇ તાડન–છેદન કરે તો પણ તે આર્ત–રૌદ્ર ધ્યાન ન ધરે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે મનુષ્ય, તિર્યંચ કે દેવ દ્વારા ઉપસર્ગ થાય તો પણ જે સમતાપૂર્વક સહન કરે છે તેનો કાઉસ્સગ્ગ વિશુદ્ધ હોય છે.

तिविहाणुवसग्गाणं दिव्वाणं माणुसाण तिरियाणं ॥
सम्ममाहयासणाए काउसग्गो काउसग्गो हवइ सुद्धो
आवश्यक निर्युक्ति–१५४९

જિનદાસગણિએ કાઉસ્સગ્ગના બે મુખ્ય પ્રકાર બતાવ્યા છે : દ્રવ્ય કાઉસ્સગ્ગ અને ભાવ કાઉસ્સગ્ગ. દ્રવ્ય કાઉસ્સગ્ગમાં શરીરની ચંચળતા અને મમતા દૂર કરીને જિનમુદ્રામાં સ્થિર થવાનું હોય છે. સાધક જ્યારે એવી રીતે દ્રવ્ય કાઉસ્સગ્ગમાં સ્થિર થઇને ધર્મધ્યાન અને શુકલ ધ્યાનમાં મગ્ન બને છે ત્યારે એનો કાઉસ્સગ્ગ ભાવ કાઉસ્સગ્ગ બને છે. ભાવ કાઉસ્સગ્ગમાં સાંસારિક વાસનાઓના ત્યાગ ઉપર, આર્ત્ત અને રૌદ્ર ધ્યાનના ત્યાગ ઉપર, કષાયોના ત્યાગ ઉપર તથા અશુભ કર્મબંધનના ત્યાગ ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઉત્થિત, આસિત અને શાયિત એમ મુખ્ય ત્રણ પ્રકારના કાઉસ્સગ્ગમાં ઉત્થિત કાઉસ્સગ્ગ સર્વશ્રેષ્ઠ મનાયો છે. આ પ્રકારનો કાઉસ્સગ્ગ કરનારે સીધા ટટ્ટાર ઊભા રહેવું જોઇએ. બે પગ સરખા અને બંને પગ ઉપર સરખો ભાર રહેવો જોઇએ. બંને એડી પરસ્પર જોડાયેલી અને બંને પંજા વચ્ચે ચાર આંગળનું

અંતર હોવું જોઇએ. બંને હાથ બંને બાજુ સીધા લટકતા હોવા જોઇએ. દૃષ્ટિ સીધી સામે અથવા નાસાગ્ર ઉપર સ્થિર હોવી જોઇએ. લશ્કરી તાલીમમાં Attention Position (સાવધાન) કરાવાય છે. તેવો કાઉસગ્ગ હોવો જોઇએ. આવા પ્રકારના કાઉસગ્ગને કાયાની દૃષ્ટિએ વિશુદ્ધ કહ્યો છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

वोसिरियबाहुजुगले, चउरंगुले अंतरेण समपादो ।
सव्वंगचलणरहिओ, काउसग्गो विसुद्धो दु ॥१५१॥

ભાવાર્થ: તે કાયોત્સર્ગ વિશુદ્ધ છે કે જેમાં પુરુષ બંને હાથ લાંબા કરીને, સમપાદ ઊભો રહે છે અને બે પગ વચ્ચે ચાર અંગળનું અંતર રાખે છે. તથા શરીરનો કોઇ પણ ભાગ હલાવતો નથી.

આસિત કાઉસગ્ગમાં સાધકે પદ્માસન કે સુખાસનમાં બેસી, કરોડરજ્જુ સીધી ટટ્ટાર રાખી, બંને હાથ બંને ઢીંચણ ઉપર ખુલ્લી હથેળી સાથે ગોઠવી (અથવા બંને હથેળી ચરણ ઉપર નાભિ પાસે એકની ઉપર એક એમ ગોઠવી), દૃષ્ટિ સામેની દિશામાં સીધી અથવા નાસાગ્ર ઉપર સ્થિર કરવી જોઇએ. શાયિત કાઉસગ્ગમાં શવાસનમાં હોઇએ તેવી રીતે સૂતાં સૂતાં, હાથ-પગ ફેલાવ્યા કે હલાવ્યા વગર શરીરને ઢીલું રાખી દૃષ્ટિને સ્થિર કરવાની હોય છે.

શરીર અને ચિત્તની જુદી જુદી અવસ્થાને લક્ષ્યમાં રાખી નીચે પ્રમાણે ચાર પ્રકારના કાઉસગ્ગ બતાવવામાં આવ્યા છે.

(૧) ઉત્થિત-ઉત્થિત
(૨) ઉત્થિત-નિવિષ્ટ
(૩) ઉપવિષ્ટ-ઉત્થિત
(૪) ઉપવિષ્ટ-નિવિષ્ટ

કાયોત્સર્ગ મુદ્રામાં સાધક જ્યારે ઊભો હોય છે અને એનું ચિત્ત પણ જાગ્રત હોય છે તથા અશુભ ધ્યાનનો ત્યાગ કરીને શુભ ધ્યાનમાં તે લીન હોય છે ત્યારે ઉત્થિત-ઉત્થિત પ્રકારનો કાઉસગ્ગ થાય છે.

સાધક જ્યારે કાઉસગ્ગ ધ્યાનમાં ઊભો હોય છે, પરંતુ એનું મન સાંસારિક વિષયોમાં રોકાયેલું હોય છે અર્થાત્ આર્ત કે રૌદ્રના પ્રકારનું અશુભ ધ્યાન એના ચિત્તમાં ચાલતું હોય છે ત્યારે ઉત્થિત-નિવિષ્ટ પ્રકારનો કાઉસગ્ગ બને છે.

કેટલીકવાર સાધક વૃદ્ધાવસ્થાને કારણે કે શારીરિક અશક્તિને કારણે ઊભો રહી શકતો નથી. ત્યારે પદ્માસન કે સુખાસનમાં બેસી કાઉસગ્ગ કરે, પરંતુ એનું જાગૃત અપ્રમત્ત ચિત્ત જો ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં લીન બન્યું હોય તો ઉપવિષ્ટ-ઉત્થિત પ્રકારનો કાઉસગ્ગ થાય છે.

સાધક તંદુરસ્ત અને સશક્ત હોય છતાં પ્રમાદ અને આળસને કારણે બેઠાં બેઠાં કાઉસગ્ગ કરે. વળી કાઉસગ્ગમાં તે અશુભ વિષયોનું ચિંતન કરે અર્થાત્ એની ચિત્તશક્તિ પણ ઉર્ધ્વ બનવાને બદલે બેઠુલી રહે ત્યારે ઉપવિષ્ટ-નિવિષ્ટ પ્રકારનો કાઉસગ્ગ થાય છે.

ભદ્રબાહુસ્વામીએ શરીરની સ્થિતિ તથા મનના ભાવ એ બંને અનુસાર વધુ પ્રકાર પાડી કાઉસગ્ગના નવ પ્રકાર બતાવ્યા છે. કાઉસગ્ગ ઊભા ઊભા, બેઠાં બેઠાં ને સૂતાં સૂતાં કરી શકાય છે. એ ત્રણેય સ્થિતિના ત્રણ ત્રણ એમ નવ પ્રકાર નીચે પ્રમાણે દર્શાવ્યા છે :

(૧) ઉત્સૃત-ઉત્સૃત (૨) ઉત્સૃત (૩) ઉત્સૃત-નિષણ્ણ
(૪) નિષણ્ણ-ઉત્સૃત (૫) નિષણ્ણ (૬) નિષણ્ણ-નિષણ્ણ
(૭) નિષણ્ણ-ઉત્સૃત (૮) નિષણ્ણ (૯) નિષન્ન-નિષન્ન.

ધ્યાનના ચાર પ્રકાર છે: આર્ત ધ્યાન, રૌદ્ર ધ્યાન, ધર્મ ધ્યાન ને શુક્લ ધ્યાન. આર્ત ને રૌદ્ર ધ્યાન અશુભ છે. ધર્મ ધ્યાન ને શુક્લ ધ્યાન શુભ ધ્યાન છે. કયારેક શુભ કે અશુભ એવું કોઇ ધ્યાન ચિત્તમાં ન ચાલતું હોય અને કેવળ શૂન્ય દશા પ્રવર્તતી હોય એવું પણ બને છે. શરીરની સ્થિતિ ઉપરાંત ચિંતનની શુભાશુભ ધારાને લક્ષમાં રાખી ઉપર્યુક્ત નવ પ્રકારો ભદ્રબાહુસ્વામીએ દર્શાવ્યા છે.

ભદ્રબાહુસ્વામીએ પ્રયોજનની દૃષ્ટિએ કાયોત્સર્ગના બે પ્રકાર દર્શાવ્યા છે : (૧) ચેષ્ટા કાયોત્સર્ગ અને (૨) અભિભવ કાયોત્સર્ગ.

ચેષ્ટા કાયોત્સર્ગ સામાન્ય રીતે દોષની વિશુદ્ધિ માટે કરવામાં આવે છે. અવરજવર કરવામાં, આહાર, શૌચ, નિદ્રા વગેરેને લગતી ક્રિયાઓ કરવામાં જે કંઈ દોષ લાગે છે તેની વિશુદ્ધિને અર્થે દિવસ કે રાત્રિને અંતે અથવા પક્ષ, ચાતુર્માસ કે સંવત્સરને અંતે ચેષ્ટા કાઉસગ્ગ કરવામાં આવે છે. તે નિયત શ્વાસોચ્છ્વાસ-પ્રમાણ હોય છે.

અભિભવ કાયોત્સર્ગ આત્મચિંતન માટે, આત્મિક શક્તિ ખીલવવા માટે, ઉપસર્ગો કે પરિષહોને જીતવા માટે કરવામાં આવે છે. સાધક જંગલ, ગુફા, સ્મશાનભૂમિ, ખડિયેર વગેરે એકાંત સ્થળમાં જઇને અભિભવ કાઉસગ્ગ કરે છે

અભિભવ કાયોત્સર્ગ અચાનક કોઇ સંકટ આવી પડે ત્યારે પણ કરવામાં આવે છે. આગ લાગવી, ધરતીકંપ થવો, હોનારત થવી, દુકાળ પડવો, યુદ્ધ થવું, રાજ્ય તરફથી દમન-પીડન થવું વગેરે પરિસ્થિતિમાં સાધક અભિભવ કાઉસગ્ગ-ધ્યાનમાં સ્થિર થઇ જાય છે. અથવા એવા કાઉસગ્ગમાં રહેલા મહાત્માઓ ગજસુકુમાલ, દમદંત રાજર્ષિ વગેરેની જેમ, ઉપસર્ગો થવા છતાં જરા પણ ચલિત થતા નથી, જરૂર પડે પ્રાણત્યાગ થવા દે છે.

અભિભવ કાયોત્સર્ગ ઓછામાં ઓછો અંતરમુહૂર્તનો અને વધુમાં વધુ એક વર્ષનો હોય છે. શક્તિ અનુસાર તે અલ્પ સમય, દિવસ, રાત, પક્ષ, ચાતુર્માસ કે એક વર્ષ સુધી કરાય છે. ભગવાન ઋષભદેવના વખતમાં સળંગ એક વર્ષ સુધીના ઉપવાસ કરી શકાતા હતા. ત્યારે તેવું શરીરબળ હતું. બાહુબલિએ પોતાના ભાઇ ભરત મહારાજા સાથે યુદ્ધ છોડી દઇને યુદ્ધભૂમિમાં જ એક વર્ષ સુધીનો કાયોત્સર્ગ કર્યો હતો. ધ્યાનમાં તેઓ એવા લીન હતા અને શરીરથી એવા અચલ હતા કે પક્ષીઓએ એમની દાઢીના વાળમાં માળા બાંધ્યા હતા.

ઉત્તરાધ્યયનના ૨૯મા અધ્યયનમાં કાયોત્સર્ગના માહત્મ સમજાવવામાં આવ્યો છે. પ્રભુ મહાવીર સ્વામીને પ્રશ્ન પૂછવામાં આવે છે: 'હે ભગવાન કાયોત્સર્ગથી જીવને શો લાભ થાય છે?'

ભગવાને કહ્યું : 'હે આયુષ્યમાન, કાયોત્સર્ગથી ભૂત અને વર્તમાન કાળના અતિચારોની શુદ્ધિ થાય છે. જેમ મજૂર પોતાના માથેથી બોજો ઉતારી નાખ્યા પછી હળવો થાય છે, તેમ

જીવ કાયોત્સર્ગથી કર્મના ભારને ઉતારીને હળવો બને છે. કાયોત્સર્ગથી પ્રશસ્ત અધ્યવસાયોમાં વર્તતો જીવ સુખપૂર્વક વિચરે છે.'

જૈન માન્યતા અનુસાર કાયોત્સર્ગના શ્વાસોચ્છ્વાસથી દેવતાનું આયુષ્ય બંધાય છે. અલબત્ત જીવની પોતાની કક્ષા અને કાયોત્સર્ગના પ્રકાર ઉપર પણ એનો ઘણો આધાર રહે છે. ભવ્ય જીવો કાયોત્સર્ગના એક શ્વાસોચ્છ્વાસથી ૨,૪૫,૪૦૮ પલ્યોપમ જેટલું દેવગતિનું આયુષ્ય બાંધે છે. એક લોગસ્સના પચીસ શ્વાસોચ્છ્વાસમાં ૬૧,૩૫,૨૧૦ પલ્યોપમનું આયુષ્ય બંધાય છે. આમ, શ્રદ્ધા, મેધા, ધી, ધારણા, અનુપ્રેક્ષા ઇત્યાદિ વડે કરાયેલા ઉત્તમ કાયોત્સર્ગનું ઘણું મોટું ફળ શાસ્ત્રકારોએ બતાવ્યું છે.

કાયોત્સર્ગમાં કાયાને એક જ સ્થળે સ્થિર કરી દેવાની પ્રતિજ્ઞા લેવાય છે. એની સાથે વાણીની સ્થિરતાની – મૌનની પ્રતિજ્ઞા પણ લેવાય છે અને નિશ્ચિત પ્રમાણમાં નિશ્ચિત વિષયનું ધ્યાન કે ચિંતન કરાય છે. (ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ) છે. કાયોત્સર્ગમાં જે ધ્યાન ધરાય છે એ જો શુભ પ્રકારનું રહે તો તે ઉત્તમ કોટિની સાધના બને છે. કાઉસગ્ગ દ્વારા જન્મજન્માંતરનાં મોટાં અશુભ કર્મોનો ઝડપથી ક્ષય કરી શકાય છે. કાઉસગ્ગ આત્મામાં રહેલા દોષોને, દુર્ગુણોને દૂર કરે છે અને ગુણોની વૃદ્ધિ કરે છે. કાઉસગ્ગથી આત્માની શુદ્ધિ થાય છે, અને શુદ્ધિમાં ક્રમે ક્રમે વૃદ્ધિ થતાં, અર્થાત્ સંપૂર્ણ શુદ્ધિ પામતાં મુક્તિ પ્રાપ્ત થાય છે. જે દોષો કે અતિચારોની શુદ્ધિ એકલા પ્રતિક્રમણથી પણ થતી નથી તે શુદ્ધિ કાયોત્સર્ગથી થાય છે એમ કહેવાય છે. ચઉસરણ પયન્નામાં કાઉસગ્ગને માટે વ્રણ ચિકિત્સાની ઉપમા આપવામાં આવી છે. જેવી રીતે ગૂમડાને મલમપટ્ટા લગાડી રોગ નિર્મૂળ કરવામાં આવે છે, તેવી રીતે જીવનમાં રહેલી અશુભ વૃત્તિઓ કે અશુદ્ધિઓને નિર્મૂળ કરીને આત્માના શુદ્ધિકરણનું કાર્ય કાયોત્સર્ગથી થાય છે.

કાઉસગ્ગમાં શરીરની સ્થિરતાની સાથે ચિત્તની એકાગ્રતાનું અનુસંધાન થતાં ચિંતનધારા વધુ ઉત્કટ ને વિશેષ ફલવતી બને છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ કાયોત્સર્ગ ધ્યાનમાં ઉગ્ર તપશ્ચર્યા કરે છે. એ જોઇ શ્રેણિક રાજાએ ભગવાન મહાવીરને કરેલા પ્રશ્નનો જવાબ ભગવાન બે વખત જુદો જુદો આપે છે. શુભ વિચારધારામાંથી અશુભ વિચારધારામાં રાજર્ષિ એટલા નીચે ઊતરી જાય છે કે જો તે વખતે દેહ છોડે તો સાતમી નરકે જાય. પરંતુ તત્ક્ષણ પોતાની અવસ્થા તથા પોતાનું મૂળ આત્મ સ્વરૂપ વિચારી, શુભ ધ્યાનની પરંપરાએ તેઓ ચડવા લાગે છે. જો તેઓ તે વખતે દેહ છોડે તો સર્વાર્થસિદ્ધની દેવગતિ પામે. પરંતુ રાજર્ષિ તો શુભ ચિંતનધારામાં એથી પણ ઊંચે ચડયા અને શુકલ ધ્યાન વડે કેવળજ્ઞાન પામ્યા. વારો કે આ પ્રકારનું શુભાશુભ ધ્યાન રાજર્ષિએ કાઉસગ્ગ વિના એમ ને એમ કર્યું હોત તો? તો કદાચ આટલા તીવ્ર શુભાશુભ પરિણામની શકયતા અને અશુભમાંથી શુભમાં જવાના પરિવર્તનની આટલી ત્વરિત શકયતા ન હોત. કાઉસગ્ગ ધ્યાનની આ વિશિષ્ટતા છે.

સંયમની આરાધના માટે ત્રણ પ્રકારની ગુપ્તિ બતાવવામાં આવી છે: મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. કાયગુપ્તિ બે પ્રકારની છે: એક પ્રકારની કાયગુપ્તિમાં શરીરની કોઇ પણ પ્રકારની ચેષ્ટાનો સર્વથા અભાવ હોય છે. અને બીજા પ્રકારની કાયગુપ્તિમાં શરીરની ચેષ્ટાઓ નિયંત્રિત હોય છે. ઉપદેશપ્રાસાદમાં લક્ષ્મીસૂરિએ કહ્યું છે :

કાયગુપ્તિર્દ્વિધા પ્રોક્તા, ચેષ્ટાનિવૃત્તિલક્ષણા ।
યથાગમં દ્વિતીયા ચ, ચેષ્ટાનિયમલક્ષણા ।।૧।।

પ્રથમ પ્રકારની કાયગુપ્તિમાં જો ધ્યાન ઉમેરાય તો તે કાઉસગ્ગ બને છે. દેવ, મનુષ્ય કે તિર્યંચ દ્વારા ઉપસર્ગનો ભય હોય અથવા ભૂખ, તરસ વગેરે પરિષહોનો સંભવ હોય તો પણ કાયાને અડોલ રાખવામાં આવે તો તેવી કાયગુપ્તિ કાયોત્સર્ગ બની રહે છે.

આમ કાયગુપ્તિ અને કાઉસગ્ગ વચ્ચે ભેદ બતાવવો હોય તો એમ કહી શકાય કે જ્યાં જ્યાં કાઉસગ્ગ છે ત્યાં ત્યાં કાય ગુપ્તિ અવશ્ય રહેલી છે, પરંતુ જ્યાં જ્યાં કાયગુપ્તિ છે ત્યાં ત્યાં કાઉસગ્ગ હોય કે ન પણ હોય.

બાહ્ય તપનો એક પ્રકાર તે 'કાયકલેશ' નામનો છે. એમાં સાધક દેહને સહેતુક કષ્ટ આપે છે. દેહની આસકિત છોડવા તથા પ્રવચનની પ્રભાવના કરવા માટે અયન, શયન, આસન, સ્થાન, અવગ્રહ અને યોગ એ ૭ પ્રકારે કાયાને કષ્ટ આપે છે. સમ્યગ્ દર્શન સહિત કરેલી આવી વિવિધ કાય-કલેશની ક્રિયાઓ દ્વારા આત્મબળની વૃદ્ધિ થાય છે અને કર્મોની નિર્જરા થાય છે, એક પગે ઊભા રહેવું, એક પડખે સદા રહેવું, સૂર્યની સામે ખુલ્લી નજરે જોયા કરવું, કાંટા, ખંજવાળ સ્વેચ્છાએ સહન કરવાં ઇત્યાદિ પ્રકારનું આ તપ સામાન્ય રીતે ગૃહસ્થો માટે નહિ, પણ સાધુઓ માટે છે. કાયોત્સર્ગમાં કોઇ એક મુદ્રામાં શરીરને સ્થિર કરવાનું છે, એટલે દ્રવ્ય કાયોત્સર્ગનો સમાવેશ કાયાકલેશમાં થાય છે, પરંતુ પ્રત્યેક કાયાકલેશનો પ્રકાર એ કાઉસગ્ગ નથી.

કાઉસગ્ગથી કર્મની નિર્જરા થતાં આત્મિક શકિત ખીલે છે. વળી કાઉસગ્ગ દ્વારા ચેતનાશકિતનો વિસ્તાર પણ સાધી શકાય છે. કાઉસગ્ગ દ્વારા અન્યને પણ સહાય કરી શકાય છે. જૈન કથાનુસાર મનોરમાએ શૂળીની સજા પામેલા પોતાના પતિ સુદર્શન શેઠ માટે કાઉસગ્ગ કર્યો હતો. યક્ષા સાધ્વીજીને સીમંધર સ્વામી પાસે મોકલવા માટે સમગ્ર સંઘે કાઉસગ્ગ કર્યો હતો. આવાં દષ્ટાંતો દર્શાવે છે કે કાઉસગ્ગ દ્વારા અન્યને પણ કર્મસિદ્ધાન્તની મર્યાદામાં રહીને સહાય કરી શકાય છે.

સાધકે કાઉસગ્ગ પોતાની શકિત અનુસાર કરવો જોઇએ. ક્ષેત્ર અને કાળને અનુલક્ષીને સાધકે કાઉસગ્ગ દ્વારા દોષોને નિર્મૂળ કરતા જઇ આત્મિક શકિત વિકસાવવી જોઇએ. શકિત કરતાં ઇરાદાપૂર્વક બીજાને બતાવવા માટે જે સાધક વધુ કે ઓછા સમય માટે કાઉસગ્ગ કરે છે તે સાધક દંભી કે માયાચારી બને છે.

સાધકે સારી રીતે કાઉસગ્ગ કરવાને માટે જીવજંતુ રહિત શુદ્ધ સ્થળ અને વાતાવરણની એવી પસંદગી કરવી જોઇએ કે જેથી વિક્ષેપ ન પડે. પૂર્વ કે ઉત્તર દિશામાં મુખ રાખીને એકાંત સ્થળમાં કાઉસગ્ગ થાય તો તે ઉત્તમ છે. જિનપ્રતિમાની સન્મુખ જેવી પ્રતિમાનું દર્શન કરતાં કરતાં પણ કાઉસગ્ગ કરી શકાય છે.

(વધુ માટે જુઓ પાનું ૯૦ મું)

ધર્મગ્રંથો માત્ર મનથી નહિ, શરીરથી વાંચવા જોઇએ

※ ડૉ. યશવંત ત્રિવેદી

શરીર સમગ્ર વિશ્વની સંવેદના ઝીલે એવું કંપના લેખસમું (સીસ્મોગ્રાફિક) સાધન છે એ વસ્તુ આપણા ધ્યાન બહાર કેમ રહી ગઇ? વિશ્વ જે સામગ્રીનું બન્યું છે એ જ સામગ્રીથી શરીર બન્યું છે. શરીરને આપણે પરબ્રહ્મ સમો મહિમા શા માટે ન આપ્યો? શરીર અને વિશ્વ એક જ તત્ત્વનું, એક જ ધાતુનું બનેલું છે તો પછી એનો મહિમા આપણે કેમ ન સમજ્યા? 'શરીરં ખલુ ધર્મ સાધનં' એમ કવિએ કહ્યું હતું. ઓછામાં ઓછું શરીર ધર્મ વહન કરવાનું સાધન છે એ વસ્તુ પણ સમજવા જેવા હતી. શરીર વગર આપણે કઇ રીતે કાર્ય કરી શકીએ? કઇ રીતે ભાષા બોલી શકીએ? કઇ રીતે અભિવ્યક્તિ સાધી શકીએ?

ઉપનિષદે પરમાત્માના સ્વરૂપનું મનોહારી વર્ણન કર્યું છે. આપણે દેવળો ને દેવમંદિરોમાં પરમાત્માનું અને તીર્થંકરોનું અભિગમ રૂપ અવતાર્યું છે. માણસ આવો દેદીપ્યમાન અને કાવ્યમય થાય એવી આપણી અભીપ્સા છે. એટલે તો દેવ-દેવીઓનાં કાવ્યમય રૂપો આપણે કલ્પ્યાં છે, ચીતર્યાં છે. આંકાર્યાં છે.

આપણે સમતુલા નથી જાળવી. ક્યાં તો આપણે વધુ પડતા વૈરાગ્યના ખ્યાલમાં શરીરને અવગણ્યું છે અથવા વધુ પડતા ભૌતિકવાદી થઇને કાયાના ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહ્યા છીએ. ક્યાં તો સાવ ભોગવિલાસ અથવા સાવ દમન. આપણે ખરા અર્થમાં શરીરની સંવેદનાનો, એના સૂક્ષ્મ જાગણીતંત્રનો સ્વીકાર કરવો જોઇતો હતો. એની વૈશ્વિક સંવેદનાની શક્તિ જાણીને તેનો પૂરો લાભ લેવો જોઇતો હતો. શરીર અને મન બન્નેનો એકી સાથે વધુમા વધુ લાભ લેવો જોઇતો હતો.

આપણું શરીર પરબ્રહ્મનું જ પ્રતિબિંબ છે એ વાત અમેરિકાના સંત-તત્ત્વજ્ઞ મહાત્મા થોરોએ સમજાવી છે. વૉલ્ડન સરોવરને કિનારે રહીને એ મનીષીએ જીવન, પરબ્રહ્મ અને ભાષા વિષે રસપ્રદ સંશોધન કર્યાં એમણે મહત્ત્વનું એ પ્રતિપાદન કર્યું છે કે વર્તુળના બે વ્યાસનો નિયમ ગ્રહ-મંડળમાં રહેલા સૂર્ય જાણી અને મનુષ્યમાં રહેલા હૃદય જાણી આપણને દોરી જાય છે. એટલું જ નહિ, પણ કોઇ માણસની અમુક દિનચર્યાના સમુચ્ચયની લંબાઇ-પહોળાઇ સોંસરી જતી અને તેના જીવનતરંગો સોંસરી જતી રેખાઓ અને પરસ્પરને છેદતી એ રેખાઓને તપાસીશું તો તે માણસના ચારિત્ર્યની ઊન્નતતા કે ઊંડાણ જોતા મળશે. જો માણસ પર્વતોની પરિસ્થિતિથી વીંટળાયેલો હશે, ઊંચા શિખરો તેના અંતરમાં પ્રતિબિંબિત થતા હશે તો તેમાંથી તેના ઊંડાણનો અણસારો આવશે. આપણી શરીર રચનામાં આગળ પડી આવતી ભમર વિચારનું ઊંડાણ દર્શાવે છે. વળી જેમ સરોવરને તેમ માણસને પણ નીચો લીસો કિનારો છે એટલે કે તેની છીછરી બાજુઓ પણ છે. વળી તેમાં ખાંચો અને વિકૃતિઓ પણ છે. આ અસમ દિશાઓ જેમ ભૌગોલિક પૃષ્ઠની હોય છે એમ શરીરની પણ હોય છે. માણસનો પંજો પણની જેમ વિકસેલો છે. ટૂંકમાં, જેમ સૂર્યમુખી પુષ્પ સૂર્યની દિશામાં ઢળે છે એમ આખું શરીર પરબ્રહ્મ ભણી ઢળેલું રહે છે એ આપણે સમજવા જેવું છે.

સાહિત્ય અને અન્ય કલાઓમાં શરીરની સંવેદના વિષે ઘણું અભિવ્યક્ત થયેલું છે. ધર્મગ્રંથોમાં શરીરની સંવેદના વિષે વિચારાયેલું છે; હજી વધારે વિચારવું ઘટે છે. હમણાં હમણાં શરીર, સૂક્ષ્મ શરીર, અધ્યવસાય, ભાવતંત્ર, લેશ્યાતંત્ર, ચિત્ત અને આત્મા વિષે ધાર્મિક અને મનોવૈજ્ઞાનિક અભિગમોથી ઘણું બધું વિચારાય છે. શુદ્ધ અને અશુદ્ધ લેશ્યાઓ વિષે, રંગો અને ભાવો વિષે ઘણું વિચારાય છે. રંગ, ભાવ, વાણી, ધ્વનિ આદિ ઘટકાંશો તથા શરીરની સંરચના વિષે વિજ્ઞાનીઓ અને દાર્શનિકો ઘણો વિચાર કરી રહ્યા છે. કાયોત્સર્ગ વિષે વિજ્ઞાન અને ધર્મને સંદર્ભે હમણાં હમણાં ઘણું વિચારાય છે.

જૈનદર્શને 'વત્થુ સહાવો ધમ્મો'–વસ્તુમાત્રના સ્વભાવમાં ધર્મ રહેલો છે તે વાત કરી છે. એટલે કે વસ્તુ-માત્રમાં રહેલી ધર્મસંવેદનાની વાત કહી છે. શરીર ખૂબ સૂક્ષ્મ પ્રતિભાવ પાડે તેવી સંવેદનમય સંરચના છે; સૂક્ષ્મ કંપન-આલેખ (સીસ્મોગ્રાફ) છે. દરેક ઘટતી ઘટનાના સૂક્ષ્મ પ્રતિ-ભાવો કાયામાં ઝિલાય છે, પ્રતિ સંવેદિત થાય છે. આજે આપણે એ વિચારવું છે કે જે શરીર આટલી સૂક્ષ્મતાથી વિશ્વ-સંવેદના ઝીલી શકે છે તેને શું આપણે ધર્મસંવેદ્ય બનાવી લઇએ છીએ ખરા? શું આપણે શરીરનો પૂરો લાભ લઇએ છીએ? શું આપણે આપણા આ શરીરમાં જ રામ, ઇશુ કે પરબ્રહ્મને સંવેદીએ છીએ? પૂર્ણ પ્રેમનો, પરબ્રહ્મનો આ શરીરમાં જ અનુભવ કરી શકાય છે. બૌદ્ધ ધર્મના ઝેન સંપ્રદાયે 'શરીર-ચિત્ત-અનુભવ' વિષે ઊંડાણથી વિચાર કર્યો છે: 'Reflecting the mind in an ancient mirror–a body–mind experience.' પ્રકાશથી ઝળહળતી બારીની નીચે પ્રાચીન અરીસામાં તમારા ચિત્તને પરાવર્તિત થવા દો એમ જૈનદર્શને કહ્યું એનો અર્થ એ છે કે આપણે ધર્મ-સૂત્રોનો કે ધર્મલિપિનો એવો ઉપયોગ કરવાનો છે કે જાણે દર્પણમાં જોઇને આપણે આપણા ચિત્તને પ્રકાશથી ભરી દેવા માગતા હોઇએ. આમ આત્મ-સાક્ષાત્કારનો કીમિયો એમણે 'શરીર-મન-અનુભવ' દ્વારા કહ્યો છે. શરીર-મન અને દર્પણ બધું શુદ્ધ હોવું જોઇએ આ શરીર-મનની ઘટના બહુ મહત્ત્વની છે. આપણા દર્પણમાં મનને પરાવર્તિત કરવું એટલે સમગ્ર શરીરને વિષય બનાવવું એમ છે–'body as subject' શુદ્ધતું શરીર સાધકના શરીર સાથે અકરૂપ થઇ જાય, અને ધર્મ ધાતુમા ગ્રહણ લે, એને સાક્ષાત્કારમાં પૂર્ણ સહાયરૂપ થઇ જાય એવી ધર્મસંવેદ્યની કલ્પના અહીં રહેલી છે. આ ઘટના ઘટે છે ત્યારે ખરા અર્થમાં ધર્મસૂત્રની પંક્તિએ પંક્તિ શરીર મનની એકેએક રેખાઓમાં અનુવાદ પામે છે. એટલે માણસે ભગવદ્ગીતા કે બાઇબલને શરીરથી વાંચતા શીખવું જોઇએ. બાઇબલમાં ઇશુ વિશેનો એક ઉલ્લેખ છે: ઇશુએ રોટી ઉપાડી, તેને આશીર્વાદ આપ્યા અને તેને તોડી પછી અનુયાયીઓને તે આપી અને કહ્યું: 'આ લો; આ મારું શરીર છે.' આનો અર્થ આપણે એ કરવાનો છે કે પ્રભુનું શરીર આપણામાં એકરૂપ થાય છે. ટૂંકમાં, દરેક ધર્મગ્રંથને મર્મપૂર્ણ રીતે શરીર મનથી એકરૂપ થઇને વાંચવા જોઇએ.

ધર્મગ્રંથોને-ધર્મસૂત્રોને શરીરથી કઈ રીતે વાંચવા જોઇએ તે વિષે દરેક સાધુસંતોએ આપણને નિરપવાદ શીખવ્યું છે. બૌદ્ધસાધુ નિકિરેનનું ઉત્તમ દૃષ્ટાંત જોવા જેવું છે. સાડો નામના ટાપુ પર તેમને દેશનિકાલ કરાય અને તેમના અનુયાયીઓને કારાગારમાં ધકેલાય ત્યારે તે વેળાએ તેમણે એક 'કારાગાર-પત્ર' લખેલો. આ પત્ર એમણે પોતાના શિષ્ય નિકિરોને લખ્યો છે

'આવતી કાલે હું સાડો ચાલી નીકળીશ. આવી ઠંડી રાત્રિએ તમારા કારાગાર-નિવાસ વિષે હું દયાપૂર્ણ રીતે વિચારું છું. નિકિરો, જો તમે કમળ-સૂત્રનો શરીર અને મન સાથે થોડોકય સાક્ષાત્કાર કરી શકશો, તો તમારા સંબંધીઓ અને સર્વ માનવ જીવોને ઉગારી શકશો. કેટલાક લોકો કમળ-સૂત્ર માસ મોઢેથી ગોખેલું બોલી જાય છે, પણ મનથી વાંચતા નથી. અને જો મનથી વાંચે છે. તો શરીરથી વાંચતાં નથી. મન અને શરીર-બન્નેથી વાંચવું એ અદ્‌ભુત વસ્તુ છે. એમ કહેવાય છે કે કમળ-સૂત્રમાં જે માને છે, એની સેવા કરવા તો દેવદૂતો આવે છે. આપણા જેવા પર કોઇ આપત્તિ આવવાની નથી, તેવી ધર્મશ્રદ્ધા રાખજો.' આમ આ બૌદ્ધસંતે ઠંડીમાં ધ્રુજતા પોતાના શિષ્યની સંવેદનાનો આત્મસાક્ષાત્કાર કર્યો છે. શરીર-વાચના દ્વારા એ પોતાના શિષ્યને ઊંડી ધર્મસંવેદના અનુભવવા પ્રેરે છે. કમળ-સૂત્ર હોય કે અન્ય ધર્મગ્રંથ, મહત્ત્વ છે શરીરથી વાંચવાનું. ઉપર ઉપરથી શુકપાઠ કરવાનો નથી; ધર્મધાતુને શરીરથી અનુભવવાની છે.

રામકૃષ્ણ પરમહંસ પરમ અપરિગ્રહી હતા એટલે ગાદલાની નીચે સંતાડેલા તાંબાના પૈસાનો તેલને ધ્રુજેલેક્ટ્રિક જેવો લાગે છે. એવું જ બીજું દૃષ્ટાન્ત છે. ખ્રિસ્તી સંત ફ્રાંધર પીરનોનું. ધ્રુશુ ખ્રિસ્તને શુક્રવારે ખીલા જડ્યા હતા એટલે દર શુક્રવારે એમની હથેળીમાંથી લોહી દદડતું. કેવડી મોટી ધર્મસંવેદનાની આ દૃષ્ટાંતો છે! ધ્રુશુ ખ્રિસ્તને વાંચવા એટલે ધ્રુશુની જેમ ક્રોસ ખભે નાખીને પીડા વહોરતા ચાલતા હોઇએ તેવી સંવેદનાથી વાંચવા. સંત પોલ ધ્રુશુ સાથેના તાદાત્મ્યથી અને બલિદાનના સામર્થ્યથી બોલે છે: 'ખ્રિસ્તની સાથે હું પણ ક્રૂસે જડાયેલો છું. હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે. મારે મન તો જીવવું એટલે ખ્રિસ્ત.' પાઉલના આ શ્રદ્ધાવચનમાં ધર્મસંવેદનાનો કેટલો બળવાન અનુભવ છે! શરીરની લિપિમાં ધર્મ સંવેદનાનો કેટલો સમૃદ્ધ અનુવાદ છે!

પુનર્જન્મની બૌદ્ધ સંકલ્પના

રમણલાલ પટેલ

બુદ્ધની એ ખૂબી છે કે નિત્ય આત્માનો નિષેધ કરવા છતાં તેમણે પુનર્જન્મની વ્યાખ્યા કરી છે. બુદ્ધના મતાનુસાર પુનર્જન્મનો અર્થ ગીતા કહે છે તેવો નથી. ગીતા કહે છે:

'ત્યજી દઈ જીર્ણ થયેલ વસ્ત્રો,
લે છે નવાં જેમ અનુષ્ય બીજાં;
ત્યજી દઇ જીર્ણ શરીર તેમ,
પામે નવાં અન્ય શરીર દેહી.'

વૈદિક પરંપરા પ્રમાણે, આત્મા નિત્ય છે, અમર છે, અને તે જૂના શરીરને છોડી નવા શરીરને ધારણ કરે છે.

હવે આપણે ભગવાન બુદ્ધ આત્મા સંબંધી શું કહે છે તે જોઇએ. રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન એ પાંચ સ્કંધોની સમષ્ટિના નામને 'આત્મા' કહે છે. પંચસ્કંધોના સંઘાત (સમૂહ)થી અતિરિક્ત કોઇ આત્મા નથી. પાંચ સ્કંધોની ગતિ 'હું' નું અહમ્‌નું એક કલ્પિત કેન્દ્ર રચે છે. જેને માટે આપણે રાતદહાડો ગહાવૈતરું કરીએ છીએ તે વસ્તુતઃ છે જ નહીં. રૂપ-સ્કંધ ચાર મહાભૂતો (પૃથ્વી, જળ, તેજ, વાયુ)નો બનેલો છે. વેદના એટલે લાગણી સંજ્ઞા એટલે ઇન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન અર્થાત્ પદાર્થની કલ્પના સ્ત્રી, ગાય, વૃક્ષ ઇત્યાદિમાં ફરક જણાય છે તે સંજ્ઞાના કારણે હોય છે. સંસ્કાર એટલે અનુભવાવશો. વિજ્ઞાન એટલે વિચાર.

આપણામાં ઉત્કર્ષ, તીવ્ર સંવેદન શીલતા હશે તો આપણને અનુભૂતિ થશે કે રૂપ અનિત્ય છે, વેદના અનિત્ય છે, સંજ્ઞા અનિત્ય છે. સંસ્કાર અનિત્ય છે, વિજ્ઞાન અનિત્ય છે, જે અનિત્ય છે, તે દુઃખકર છે; જે દુઃખકર છે તે અનાત્મ છે, જે અનાત્મ છે, તે મારું નથી, તે હું નથી, તે મારો આત્મા નથી.

રૂપસ્કંધમાં શારીરિક તત્ત્વો અને બાકીના ચાર સ્કંધોમાં માનસિક તત્ત્વોનો સમાવેશ થાય છે. આત્મા કે 'હું' એ પાંચ સ્કંધોનો સમુદાયમાત્ર છે. આત્મા જેવું કોઇ સ્વતંત્ર અને સ્વાયત્ત તત્ત્વ નથી; તે તો એક ઔપચારિક કેવળ નામ છે. ઊધ, ચૈડાં, ધરુને ભેગાં કરીને અમુક ઢબે ગોઠવ્યા હોય તો એ સંઘાતને ઓળખવા માટે 'રથ' શબ્દ પ્રયોજાય છે. પણ 'રથ' જેવો કોઇ સ્વતંત્ર પદાર્થ નથી કે જેને તમે સ્પર્શી શકો.

બૌદ્ધ દર્શન કહે છે કે, આ સંઘાત બે ક્ષણ સુધી પણ એકરૂપ રહેતો નથી, પણ નિરંતર બદલાયા કરે છે. હિરેક્લિટસ અને બર્ગસાં બુદ્ધ જેવી જ વાત કરે છે અને તે વાત છે: અવિરત ઉત્પાદન અને વ્યય! જગતની દરેક વસ્તુ આ નિયમને આધીન છે. નદીમાં જલનાં બિંદુ અનવરત પરિવર્તન થયા કરે છે છતાં એમાં એકમયતા રહે છે, એ જ રીતે સ્કંધ-પ્રવાહમાં બને છે. આપણે તે જ નદીમાં બે વાર સ્નાન કરી શકતા નથી.

આપણને થતી ઉપલબ્ધિ કે પ્રતીતિની બે ક્ષણોમાં જે વસ્તુઓનું જ્ઞાન થાય તે વસ્તુઓ સમાન હોય છે, પણ આપણે ભૂલભ્રમથી તેને એક માની લઇએ છીએ. પ્રત્યેક ક્ષણે થતો અનુભવ દેખા દઇને તરત અલોપ થાય છે અને તે જ વખતે તે પછીની ક્ષણના અનુભવમાં ભળીને તદ્રૂપ બની જાય છે. તેથી માણસ કોઇ પણ બે ક્ષણે એનો એ જ હોતો નથી એ વાત સાચી છે, છતાં તે અગાઉના કરતાં સાવ જુદો પણ નથી હોતો. એટલે જે માણસ કંઇક કર્મ કરે છે તેનો તે જ માણસ એનું ફળ ભોગવતો નથી એ સાચું; પણ જે માણસ ફળ ભોગવે છે તે કર્મ કરનારથી સાવ જુદો પણ નથી હોતો.

આ ઘટનાને બીજી રીતે પણ મૂકી શકાય. જાતે પેદા થનારું ને જાતે જ બળીને હોલવાઇ જનારી દીપક-જ્યોતની ઉપમાથી આ ઘટના સમજાવી શકાય જ્યોતની જ્વાળાની ઊષ્ણતાને લીધે દુઃખ નીપજવાનો ભાવ પણ તેમાં રહેલો છે. દિવેલ

તેલ ઇત્યાદિ ન હોય તો દીપક-જ્યોતની પરંપરા યા ધારા શરૂ થતી નથી; પરંતુ તે એકવાર શરૂ થાય કે પછી તે સહકારી કારણોમાંથી એક યા અનેક પાછાં ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી તે ધારા અખંડપણે વહ્યા કરે છે. આ નિયમ સાર્વભૌમ છે, સાર્વત્રિક છે.

દીપકની બે જ્યોતો જૂદી જૂદી ક્ષણોએ બળે છે, અને બન્ને જૂદી જુદી પરિસ્થિતિઓ પર આધાર રાખે છે, છતાં ભિન્ન ભિન્ન જ્યોતો એક પછી એક ક્રમશ: આવે છે અને તેની પરંપરા અખંડ રહે છે.

ફ્રેન્ચ ફિલસૂફ બર્ગસાં બતાવે છે કે જીવનનો બાહ્ય આવિષ્કાર એ આકસ્મિક નથી, પણ તેની પાછળ (Elan-vital) જીવન-ઊર્જાનું ચાલાક બળ રહેલું છે. મનુષ્યનો જન્મ થાય છે, તે ગર્ભ ધારણ કરે છે. તેની પાછળ આંતરિક પૂર્વ-પ્રેરિત કારણો અને વલણો હોય છે એમ બૌદ્ધો માને છે. દરેક વસ્તુને ઉત્પન્ન કરનારી કોઇ પરિસ્થિતિ કે કારણ હોય છે. જ્યારે એ પરિસ્થિતિ કે કારણનો અંત આવે છે ત્યારે એનાથી સર્જાયેલી વસ્તુ પણ નામશેષ થાય છે.

માનવ-દેહ ભિન્ન ભિન્ન અવસ્થાઓથી પસાર થાય છે, પણ એ અવસ્થાઓ અનિત્ય છે, ક્ષણભંગુર છે, અને તેની પાછળ સતત હાજર રહેતું કોઇ કાયમી, ચિરંતન તત્વ હોતું નથી. પરિવર્તન જ છે, અને બીજું કશું નથી. અવસ્થાઓની ધારાનું સાતત્ય હોય છે.

જીવન સતત વહેતી ભિન્ન ભિન્ન અવસ્થાઓની પરંપરા છે-પ્રવાહ છે. દરેક અવસ્થા તેની પૂર્વની અવસ્થા પર આધાર રાખે છે, અને તેની પછીની અવસ્થાને સર્જે છે. કાર્ય-કારણનો સિદ્ધાંત અહીં કાર્યાન્વિત થયો છે. કર્મના નિયમના આધારે શિશુ કિશોર બને છે, કિશોર યુવાન બને છે, યુવાન પ્રૌઢ બને છે અને પ્રૌઢ વૃદ્ધ થાય છે આંતર પ્રેરણાઓ, તૃષ્ણાઓ સંકલ્પો જિજીવિષા જેવાં ભવ-પ્રેરક પરિબળો ચાલુ જીવનમાં જે રીતે કામ કરે છે તે જ રીતે મૃત્યુ-ટાણે અને મૃત્યુ પછી પણ કામ કરે છે. વિલિયમ જેમ્સ વિજ્ઞાનના અતૂટ પ્રવાહ (an unbroken stream of consciousners) ની જે વાત કરે છે તે લગભગ ઉપરોકત પ્રક્રિયાને મળતી છે.

'જો કર્તા વિના કર્મ થઇ શકે, તો પુનર્જન્મ પામનાર વ્યકિત વિના પુનર્જન્મ પણ સારી રીતે થઇ શકે. બૌદ્ધ દર્શનમાં આવો પુનર્જન્મ તો સ્વીકાર્યો જ છે, પણ તે ઉપરાંત પ્રત્યેક પંથે પુનર્જન્મ થતો માન્યો છે. કોઇ વ્યકિતના કર્મનું સંક્રમણ કે સંચરણ જેમ તેના જીવન દરમ્યાન થાય છે, તે રીતે તેના મરણ વખતે પણ થાય એ સંભવિત છે.' જીવન વહેલું નથી; જીવન સ્વયં ગતી છે. તેને આદિ નથી, અંત નથી. સારાં-માઠા સકામ કર્મોની અસરો મૃત્યુ પછીના જીવનમાં પણ પડે છે

શુભ, વિચાર કે કાર્યનો દરેક તરંગ દુનિયાભરમાં તેનો પ્રભાવ, તેનો આઘાત પહોંચાડે છે. પણ એ ન ભૂલવું કે, એ તરંગ આખી સૃષ્ટિ ફરીને તે જ્યાંથી ઉદ્ભવ્યો હતો ત્યાં પાછો આવી પર્યવસાન પામે છે બધાં કર્મો ખપી જાય છે ત્યારે જન્મ મરણનો અંત આવે છે. કૃત્યો અને વિચારો શકિતને ઊર્જાને ઉત્પન્ન કરે છે અને સમસ્ત ઊર્જા એક છે. આપણાં વિચારો અને કાર્યો મરણ પછી પણ ટકે છે. પછી સમાનધર્મી તત્વો સંયોગના પ્રયોજન માટે એકમેકને ખેંચે છે, અને એમાંથી નવું રૂપ ઉદ્ભૂત થાય છે.

એક મીણબત્તીથી બીજી મીણબત્તી જ્યોત મેળવાય છે. જ્યોત જાય છે, પણ મીણબત્તીઓ જુદી જુદી છે. એ પ્રકારે જન્માંતર થાય છે.

શરીર કામ કરતું અટકી જાય, તો પણ માનસિક અને અપાર્થિવ શકિતઓ અને પરિબળો તો એમનું કામ કર્યા જ કરે છે. બૌદ્ધ મીમાંસા કહે છે કે, ઇચ્છા શકિત, તૃષ્ણા, જિજીવિષા, ભવત્ (becoming) ની પ્રક્રિયા એ પ્રબળ શકિત છે, જે અખિલ અસ્તિત્વને ગતિ આપે છે. એ પ્રચંડ શકિત મૃત્યુ પછી જુદા સ્વરૂપે જારી રહે છે, જે પુનર્જન્મને કાર્યગભૂત થાય છે. જે નિયમથી ચાલુ જીવન ચાલે છે તેજ નિયમથી મૃત્યુ પછીનું જીવન પણ ચાલે છે. બન્નેમાં પ્રક્રિયા એક જ પ્રકારની છે. દરેક પળે આપણે જન્મીએ છીએ અને મરીએ છીએ, છતાં આપણે ચાલુ રહીએ છીએ. વિજ્ઞાન (Consciousness)ની ધારા તૂટતી નથી. જીવન દરમ્યાન આ આખી પ્રક્રિયાનું આ કેલન થાય તો આત્મા વિના જીવન કેમ ચાલે છે તે સમજી શકાશે કાયાનું વિસર્જન થાય છે, એનો અર્થ એવો નહીં કે એની સાથે ઊર્જાનું-શકિતનું પણ વિસર્જન થાય છે. શકિત તો ટકી રહે છે. તે શકિતને લીધે જ પુનર્જન્મ શકય બને છે. સાઠ વર્ષનો વૃદ્ધ પચાસ વર્ષ, પહેલાંના બાળક જેવો નથી, અને છતાં તે તેનાથી જુદી વ્યકિત પણ નથી એ રીતે, જે માણસ અહીં મરે છે અને બીજી જગ્યાએ ફરીથી જન્મે છે, તે તે જ માણસ નથી, અને બીજો માણસ પણ નથી. એક જ પ્રક્રિયાના ક્રમનું એ સાતત્ય છે. જ્યાં સુધી આ સાતત્યની, સંસારની-ક્રિયાને ટકાવનાર તૃષ્ણા, જિજીવિષા, અને પૂર્વ-પ્રેરણાઓ (pre-dispositions) છે ત્યાં સુધી સંસાર ચાલુ રહેશે; જ્ઞાનથી એ બધાનું ઉન્મૂલન થાય તો માનવી ભવોણિને પ્રાપ્ત કરી શકે છે. પુનર્જન્મને ઉત્પન્ન કરનારાં બીજ જ ભસ્મિભૂત થઇ ગયાં, પછી શેષ શું રહે?

મૃત્યુ પછીની અહંતની સ્થિતિ ધખેલા-લાકડાના પુરવઠાના અભાવે હોલવાઇ ગયેલા અગ્નિ જેવી છે.

સાભાર સ્વીકાર

* **ઋણાનુબંધ :** કિ. રૂ. ૧-૫૦, લેખક ભોગીલાલ ગીરધરલાલ શેઠ પ્રકા. શ્રેયસ પ્રચારક સભા. પ્રાપ્તિસ્થાન મે. એ. એમ. મહેતા એન્ડ કું., શરાફ મેન્શન, બીજે માળે, ૩૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ ૪૦૦૦૦૨

* **આધ્યાત્મિક નિબંધો :** કિ. રૂ. ૯-૦૦, લે. ઉપર મુજબ.

* **શ્રીમદની સિદ્ધપદ ભાવના :** લે. સરયુબેન આર. મહેતા, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ.

* **શ્રીમદ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ :** કિ. રૂ. ૩-૦૦ પ્રકા. શ્રી કે. કે. સંઘવી લેખક અને પ્રાપ્તિસ્થાન ઉપર મુજબ

ઉપરનાં દરેક પુસ્તકોની જે કિંમત જણાવી છે તે મૂળ કિંમત કરતાં ઓછી, એટલે કે કન્સેશનલ રેટ દર્શાવેલ છે.

ગત પર્યુષણથી આજ સુધીમાં સંઘના થયેલા આજીવન સભ્યો

શ્રી દિનેશ નરસી શાહ
,, રસિકલાલ ન્યાલચંદ શેઠ
,, દેવચંદ હીરજી
,, ઈશ્વર શાહ
,, હરખચંદ પ્રેમજી વોરા
,, કીર્તિલાલ માણેકલાલ શાહ
,, હિંમત પંડ્યા
,, કસ્તુર ભાણજી શાહ
,, રાજીવ જી. વારૈયા
,, એન. બી. શાહ
,, મનસુખલાલ અમૃતલાલ સંઘવી
,, રમેશચંદ્ર હીરાલાલ ઝવેરી
,, અનોપચંદ કે. શાહ
,, ચીનુભાઈ સુખલાલ શાહ
,, ગુલાબચંદ કરમચંદ શાહ
,, હિંમતલાલ તારાચંદ વોરા
,, ભવાનજી રતનસી શાહ
,, રસિકલાલ શા. શાહ
,, રસિકલાલ સુખલાલ તુરખીઆ
,, ચંદ્રાબેન બી. શાહ
,, જયંતિલાલ માયાભાઈ શાહ
,, ઉમેદલાલ હજારીમલ જૈન
,, દામજીભાઈ કે. છેડા
,, પ્રતાપભાઈ કેશવલાલ શાહ
,, મધુબેન મેઘાણી
,, સુરેન્દ્ર નાથાલાલ ઠક્કર
,, મહેન્દ્ર પુરુષોત્તમદાસ દોશી
,, મધુવન ટી. શાહ
,, દામજી ઘેલાભાઈ શાહ
,, મહેન્દ્રકુમાર બાબુભાઈ ઝવેરી
,, હિંમતલાલ બોટાદકર
,, પૃથ્વીરાજ સી. શાહ
,, વલ્લભજી હંસરાજ
,, લક્ષ્મીચંદ લીલાધર દેઢીઆ
,, શરદ લીલાધર દેઢીઆ
,, નરેન્દ્ર મૂલજી શાહ
,, શાંતિલાલ એલ. કુરિયા
,, ભંવરલાલ દુર્ગાજી જોગાણી
,, હરેશ મૂળજી ગાલા
,, રતનસી નપુભાઈ શાહ
,, કિરીટ તેજસી ગાલા
,, રતિલાલ કેશવજી શાહ
શ્રીમતી પ્રેમાબેન કાંતિલાલ શાહ
શ્રી ભવાનજી કુંવરજી હરીઆ
,, જ્યોતીન્દ્ર છબીલદાસ સંઘવી
,, જયંત કુંવરજી છેડા
શ્રીમતી સરસ્વતી કા. મહેતા
શ્રી કુમારપાળ દેસાઈ
,, ઠાકરસી તેજસી વોરા
,, કાંતિલાલ મણિલાલ શાહ
,, અમૃતલાલ એમ. શાહ
,, જવાહર ભાણચંદ મહેતા
,, દેવચંદ શામજી ગાલા
,, કિશન સી. મહેતા
,, મહેન્દ્રકુમાર અ. દોશી
,, નટવરલાલ એસ. શાહ
ડૉ. પરેશ કાંતિલાલ દલાલ
શ્રી મનહર સી. દોમડીઆ
,, શાંતિભાઈ ગડા
,, બળવંતરાય ખુશાલદાસ દુલા
,, અરુણ કાંતિલાલ પરીખ
,, શ્રીકાંત વાડીલાલ શાહ
,, રસિકલાલ ચંદુલાલ અજમેરા
,, મહેન્દ્ર શાંતિલાલ શાહ
,, હિમાંશુ પન્નાલાલ કોઠારી
,, મંજુબેન આર. પરીખ
,, રમણીકલાલ છગનલાલ દેસાઈ
,, રતનચંદ ભોગીલાલ પરીખ
,, આનંદીલાલ શિવલાલ મોમાયા
શ્રી લીલાધર માણેક ગડા
,, શેખર મહેતા
,, મહેન્દ્ર રમણલાલ શાહ
,, સુખલાલ કે. મહેતા
,, દેવેન્દ્ર એમ. ટોલીયા
,, વેલજી વી. શાહ
,, ભરત કે. શાહ
,, મધુરીબેન વિક્રમશી
,, અશોક વી. પારેખ
,, લીલાવતીબેન વિનોદ મોમાયા
,, વસંતલાલ એન. સંઘવી
,, બી. સી. તોલાટ
,, રિમતાબેન એસ. કામદાર
,, અરવિંદભાઈ લીલાચંદ શાહ
,, ચીનુભાઈ લક્ષ્મીચંદ શેઠ
,, કમલેશ અમુલખ શેઠ
,, કિશોર ખીમજી છેડા
,, વિનયચંદ્ર ચીમનલાલ
,, કિશોર મહેન્દ્રકુમાર શાહ
,, ચંદન ડી. શાહ
,, એલ. ડી. શાહ
,, ચંદ્રકાન્ત લીલાધર શાહ
,, રોહિણી એમ. દોશી
,, નેહલ એન. ગાંધી
,, એન. આર. ઢીંચા
,, ઉર્વીજા રાજસંઘવી
,, નૌત્તમલાલ ધરમશી શેઠ
,, જયાબેન કે દેઢિયા
,, રાજીવ નગીનદાસ શેઠ
,, ડી. એમ. સાવલા

ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર

પર્યુષણ પર્વ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ આર્થિક સહયોગ

૧,૫૬,૭૦૪ અગાઉ પ્રગટ થયેલી રકમો
૨૫૦૦૦ સૌ. નિર્મળાબેન શાન્તિલાલ ઝાટકિયા
૨૫૦૦૦ મે. ચંદેરીયા ચેરીટેબલ ફાઉન્ડેશન હા. શ્રી કપુરભાઈ ચંદેરિયા
૧૧૦૦૦ મે. અમરસન્સ
૧૧૦૦૦ મે. એન્કર ઇન્ડસ્ટ્રીઝ હા. શ્રી લાલજીભાઈ
૫૦૦૦ શ્રીવિનુભાઈ ઉમેદચંદ શાહ
૩૦૦૦ સ્વ. માતુશ્રીના સ્મરણાર્થે
૨૫૦૮ શ્રી ધીરજલાલ જ. હેમાણી
૨૫૦૦ મે. ટેકસો એકસુપ કું.
૧૧૦૦ શ્રી રમાબેન કાન્તિલાલ દેસાઈ
૧૦૦૦ શ્રી ધનજીભાઈ મૂળજી સાવલા
૧૦૦૦ એક સદ્‌ગૃહસ્થ
૧૦૦૦ શ્રીમતી માધુરીબેન જે. મહેતા
૧૦૦૦ શ્રીમતી જયાબેન જગજીવન દોશી
૫૦૧ શ્રી એ. પી. દલાલ
૫૦૦ શ્રી એચ. એ. શાહ
૫૦૧ શ્રીમતી મીનાક્ષીબેન મહેતા
૫૦૧ એક શુભેચ્છક
૫૦૦ શ્રી બાબુભાઈ જયંતિલાલ શાહ
૫૦૦ શ્રી બાબુભાઈ પુ. ધાટલિયા
૫૦૧ શ્રીમતી હીરાબેન જયન્તિલાલ
૫૦૧ શ્રીમતી સુશીલાબેન રતિલાલ શેઠ
૫૦૧ ,, યશોમતિબેન હીરાલાલ શાહ
૫૦૦ શ્રી અમૃતલાલ સાયાની
૫૦૦ એક શુભેચ્છક
૫૦૧ શ્રીમતી વિમળાબેન હરકિશનદાસ
૫૦૧ શ્રી ચંદુલાલ પી. સંઘવી
૫૦૦ ,, જયંતીલાલ જેસીંગભાઈ એન્ડ કું.,

૫૦૧ શ્રી હીરાલાલ મહેતા
૩૦૧ શ્રીમતિ કુસુમબેન શાહ
૩૦૧ શ્રીમતી સુપોષભાઇ સી શાહ
૩૦૧ શ્રી પૂરણચન્દ્ર શ્રીનાથ ચીમનલાલ
૨૫૧ શ્રી રમેશભાઇ કીર્તિલાલ
૨૫૧ સ્વ. ધુડાલાલ વીરચંદ મહેતા
૨૫૧ શ્રીમતી કુન્દનબેન આર. ગાંધી
૨૫૧ શ્રી આણંદજી ગોવિંદજી
૨૫૧ શ્રી પ્રભુદાસ લીલાધર
૨૫૧ શ્રી અનુપબેન ગુણપચંદ શાહ
૨૫૦ શ્રી શીરિક મફતલાલ શાહ
૨૫૧ શ્રી નેમિચંદ સી. સુવાડીયા
૨૦૧ શ્રી અનુપમાબેન ગુણુપચંદ શાહ
૧૫૧ શ્રી હરસુખ કૃતેહચંદ
૧૫૧ ડૉ. જયંતિભાઇ ગડા
૧૫૧ શ્રીમતી સુવર્ણાબેન દલાલ
૧૫૧ શ્રીમતી પ્રભાવતીબેન મનસુખલાલ શાહ
૧૨૫ શ્રીમતી ધન્દુબેન કે. ચોકસી
૧૦૫ એક બહેન
૧૦૨ શ્રીમતી નીલમ એન. કામદાર
૧૦૧ શ્રીમતી જ્યાબેન કેશવલાલ શાહ
૧૦૧ શ્રીમતી સૂર્યકાન્તબેન ઝવેરી
૧૦૧ શ્રીમતી અંસરી એમ. પારેખ
૧૦૦ શ્રીમતી આશા મૂળરાજ
૫૧ શ્રી લીલાધર દ્વારકાદાસ
૫૧ શ્રીમતી નલિનીબેન કામદાર
૫૦ એક શુભેચ્છક
૨૫ શ્રીમતી રસિયાબેન દીલીપ-ભાઇ કામાળળીયા
૨૧ શ્રી રસિક વનેચંદ મહેતા
૧૧ શ્રી દીનેશ કોઠારી

૨,૫૭,૬૪૬

પ્રેમળ જ્યોતિ

૨૫૦૦૧ શ્રીમતી નિર્મળાબેન શાન્તિલાલ ઝાટકિયા
૫૦૦૧ શ્રી હિંમતભાઇ તથા રસિકભાઇ દોશી
૫૦૦૦ શ્રી મહેન્દ્રભાઇ વોરા
૫૦૦૦ શ્રી શાંતિલાલ નાનચંદ કોઠારી ટ્રસ્ટ હ. શ્રી પિયૂષભાઇ કોઠારી
૫૦૦૦ ચેમકો–આયેા.
૨૦૦૦ શ્રી માતુશ્રીના સ્મરણાર્થે
૧૫૦૧ શ્રી ચન્દ્રકાન્તભાઇ દોશી
૧૫૦૦ શ્રી વિસનજી વેરસી
૧૦૦૦ શ્રી હેમચંદ અમરચંદ હ. શ્રી પ્રવિણભાઇ
૧૦૦૦ શ્રી ડી. એમ. સાવલા
૧૦૦૧ શ્રી પ્રવીણચન્દ્ર રમણલાલ શાહ
૧૦૦૧ મે. જે. કે. ફાઉન્ડેશન
૧૦૦૧ શ્રી મનુભાઇ શાહ
૧૦૦૧ એક શુભેચ્છક
૧૦૦૧ એક સદ્‌ગૃહસ્થ
૧૦૦૧ શ્રી કાન્તિલાલ એન. સંઘવી
૧૦૦૦ શ્રી નંદલાલ તારાચંદ વોરા
૧૦૦૦ એક શુભેચ્છક
૧૦૦૧ શ્રી સુનીલ વી. દોશી
૧૦૦૧ શ્રી કલ્યાણજી એન્ડ કું.
૧૦૦૦ શ્રી રમાબેન કાંતિલાલ દેસાઇ
૬૦૦ શ્રીમતી મધુરીબેન જી. મહેતા
૫૦૧ મે. ત્રીશલા ઇલેકટ્રોનીકસ.
૫૦૦ શ્રી સંઘવી પરિવાર
૫૦૧ શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા
૫૦૦ શ્રી મહિપતરાય જાદવજી શાહ
૫૦૧ મે. જે. કે. ફાઉન્ડેશન
૫૦૦ મે. પી. ટી. ફાઉન્ડેશન
૫૦૧ ડૉ. એન. એ. શાહ
૫૦૧ શ્રીમતી યશોમતિબેન હીરાલાલ શાહ
૫૦૦ શ્રી બાબુલાલ જે. શાહ
૫૦૦ શ્રીમતી મણિબેન શાન્તિલાલ પટેલ
૫૦૧ શ્રી બાબુભાઇ પી ધાટલિયા
૫૦૦ શ્રીમતી હર્ષાબેન ગાલા
૫૦૧ શ્રીમતી દેવકુંવરબેન જેસીંગભાઇ
૫૦૦ શ્રીમતી કમલાલક્ષ્મીબેન પોપટલાલ નગરી
૫૦૧ એક શુભેચ્છક બહેન
૫૦૧ 'સહયોગ'
૫૦૦ શ્રી મુકુન્દભાઇ સચદે
૨૫૧ શ્રી પ્રતાપભાઇ ભગવાનદાસ શાહ
૨૫૧ મે. લાઇટ હાઉસ
૨૫૧ શ્રી આણંદજી ગોવિંદજી
૨૫૧ શ્રીમતી અનસુયાબેન કેશવલાલ શાહ
૨૫૧ શ્રી ધુડાલાલ વીરચંદ મહેતા
૨૫૧ શ્રી રમેશભાઇ કીર્તિભાઇ ઝવેરી
૨૫૧ શ્રીમતી ચંપાબેન સવાઇ શેઠ
૨૫૧ શ્રી શીરીષ મફતલાલ શાહ
૨૫૧ શ્રી દીનેશ જે. ખીમસીમા
૨૦૧ શ્રીમતી નંદાબેન રવીન્દ્ર મહેતા
૨૦૧ એક સદ્‌ગૃહસ્થ
૧૫૧ શ્રી મૃદુલાબેન કે. શાહ
૧૫૧ શ્રી હરસુખ કૃતેચંદ શાહ
૧૨૫ શ્રી પ્રભુદાસ લીલાધર
૧૨૫ શ્રીમતી પ્રભાવતી મનસુખલાલ શાહ
૧૧૧ જી. જે. માલદે
૧૦૧ શ્રી બી. એસ. એ. નાડકરણી
૧૦૧ શ્રી રતનચંદ ભોગીલાલ
૧૦૧ હીરાબેન જયંતિલાલ મહેતા
૧૦૧ શ્રીમતી જયમતીબેન રતનચંદ પારેખ
૧૦૦ શ્રીમતી ઉર્મિલાબેન શાંતિલાલ
૧૦૧ શ્રીમતી સુશીલા એમ. શાહ
૧૦૧ શ્રીમતી નલિનીબેન સી. શાહ
૧૦૧ શ્રી સુબોધભાઇ હીરાલાલ શાહ
૧૦૧ શ્રી મનીષ એચ. મહેતા
૧૦૧ શ્રીમતી જયનીતાબેન રતનચંદ પારેખ
૧૦૦ શ્રી જીતુભાઇ જી. દલાલ
૧૦૧ શ્રી વિનય કુંવરજી શાહ
૧૦૦ શ્રીમતી આશા મૂળરાજ
૧૦૦ શ્રી મંજુલાબેન મહેતા
૧૦૦ શ્રી મહેન્દ્ર સી. શેઠ
૭૫ શ્રી અનુભાઇ ઝવેરી
૫૧ શ્રીમતી રેખાબેન હર્ષદરાય શાહ
૫૧ શ્રી નેમીચંદ સી કુહાડીયા
૫૧ શ્રી લીલાધર દ્વારકાદાસ
૫૧ શ્રીમતી નીલમબેન કામદાર
૫૧ શ્રીમતી નલીનીબેન કામદાર
૫૦ એક શુભેચ્છક
૫૧ શ્રીમતી હીરાબેન દીપચંદ સંઘવી
૫૧ શ્રીમતી નિર્મળાબેન ગૌતમ-ભાઇ શાહ
૫૦ શ્રી નવીન પી. શાહ
૫૧ શ્રીમતી ઉષાબેન બીપીનભાઇ શાહ
૫૧ શ્રી છોટુભાઇ નાનચંદ શાહ
૫૧ શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ
૫૧ શ્રી અરવિંદભાઇ ચંદુલાલ શાહ
૩૧ શ્રીમતી સુધાબેન તોલાટ
૨૫ શ્રી ખેતસી માલસી સાવલા
૨૫ શ્રી હરેન્દ્રભાઇ
૨૫ શ્રીમતી રસિલાબેન દીલીપભાઇ કામાળળીયા
૨૨ શ્રી કિશોર જોષી
૨૧ શ્રીમતી પુષ્પાબેન જાની
૨૧ શ્રી રસિક વનેચંદ મહેતા
૧૧ શ્રી દિનેશ કોઠારી
૧૧ શ્રીમતી હંસાબેન શાહ

૭૮૦,૩૩૭

(બાકીની યાદી આવતા અંકમાં પ્રગટ થશે–મંત્રીઓ)

સંઘને ભેટ :

૧૫૦૧ મે. હિંમતલાલ ડાહ્યાભાઇ કોઠારી
હા. શ્રી શૈલેશભાઇ કોઠારી
૧૫૦૦ મે. લખમસી ઘેલાભાઇની કું.
હ. શ્રી વસનજીભાઇ
૧૫૦૧ મે. નવનીત પ્રકાશન
હ. શ્રી કુંગરશીભાઇ ગાલા
૧૫૦૦ ખાંડ કાશીભાઇ હરજીવનદાસ
સંઘરાજકા
૧૦૦૦ શ્રી અમૃતલાલ દેવરાજ
૧૦૦૧ શ્રી ચીમનલાલ જગાભાઇ શેઠ
૧૦૦૧ શ્રી રમણીકલાલ મોતીલાલ
ઝવેરી
૧,૦૦૧ શ્રીમતી કાનનબેન શાહ
૧,૦૦૦ શ્રીમતી શીલાબેન એસ. મહેતા
૧,૦૦૦ મે. ચંદેરિયા ચેરીટેબલ ટ્રસ્ટ
૧,૦૦૧ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૧,૦૦૧ શ્રી માણેકલાલ વી. સવાણી
૧,૦૦૧ શ્રી જેરમલ મંગળજી મહેતા
૧,૦૦૧ શ્રી સી. એન. સંઘવી
૧,૦૦૧ શ્રીમતી ચંપાબેન એલ. વોરા
હ. શ્રી રજનીભાઈ વોરા
૭૫૧ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૭૫૧ શ્રી જયંતિલાલ પી. શાહ
૭૫૧ શ્રી એ. જે. શાહ
૭૫૧ શ્રી જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૫૦૧ ડૉ. રમણલાલ ચી. શાહ તથા
શ્રી તારાબેન શાહ
૫૦૧ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૫૦૧ શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૧ શ્રી કે. પી. શાહ
૫૦૧ ડૉ. ધનવંત ટી. શાહ
૫૦૧ શ્રી દામજીભાઇ વેલજી શાહ
૫૦૧ શ્રી સુબોધભાઇ તથા શ્રીમતી
નીરૂબેન શાહ
૫૦૧ શ્રી ગણપતભાઇ એમ. ઝવેરી
૫૦૧ શ્રી ચન્દ્રકુમાર જયંતિલાલ શાહ
૫૦૦ શ્રીમતી વીરાબેન ઝવેરી
૫૦૧ શ્રીમતી રસિલાબેન જયસુખ-
ભાઇ પારીખ
૫૦૧ શ્રી નૌતમલાલ ધરમસી શેઠ
૩૫૧ શ્રી પન્નાલાલ કે. છેડા
૩૫૧ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૩૫૧ શ્રીમતી સરમીબેન પી. ભણશાલી
૩૫૧ ,, મીરાબેન રમેશભાઇ મહેતા
૩૫૧ ,, અરવિંદભાઇ એમ. ચોકસી
૩૫૧ ,, હિંમતલાલ રતનસી ગડા
૨૫૧ ,, અમર જરીવાળા
૨૫૧ શ્રીમતી કમલબેન પીસપાટી
૨૫૧ શ્રીમતી મધુબેન નાનુભાઇ મેઘાણી
૨૫૧ શ્રીમતી ઉષાબેન મહેતા
૨૫૧ શ્રીમતી સ્મિતાબેન શિરીષભાઇ
કામદાર
૨૫૧ શ્રી શાન્તિલાલ દેવજી નન્દુ
૨૫૧ શ્રીમતી જયાબેન વીરા
૨૫૧ શ્રીમતી ચંપાબેન સવાઇલાલ શેઠ
૨૫૧ શ્રી રમેશ પી. મહેતા
૨૫૧ શ્રી હર્ષદ કકલભાઇ વકીલ
૨૫૧ શ્રીમતી ભુરીબેન લક્ષ્મીચંદ
ગોસલીયા
૨૫૧ શ્રીમતી લક્ષ્મીબેન લવણપ્રસાદ
શાહ
૨૫૧ શ્રી રજનીકાન્ત દીનેશ મહેતા
૨૫૦ એક બહેન તરફથી
૧૫૧ શ્રી પ્રવીણચંદ્ર મંગલદાસ શાહ
૧૫૧ શ્રી પન્નાલાલ આર. શાહ
૧૫૧ શ્રી ધીરજલાલ કુલચંદ શાહ
૧૫૧ શ્રી વસંતલાલ નરસીંહપુરા
૨૦૧ શ્રી મગનભાઇ રવજી
૨૦૦ શ્રી પ્રવીણભાઇ કે. મહેતા
૧૨૫ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
૧૦૧ શ્રી ચંપકલાલ એમ. અજમેરા
૧૦૧ શ્રી રસિકભાઇ એસ. શાહ
૧૦૧ એક બહેન
૧૦૧ શ્રીમતી જ્યોતિબેન સી. શાહ
૧૦૧ શ્રી પોપટલાલ લખમસી શાહ
૧૦૧ શ્રીમતી કેસરબેન
૧૦૧ શ્રીમતી મધુરીબેન હંસરાજ શાહ
૧૦૧ શ્રી રમેશચંદ્ર પ્રફુલ્લભાઇ ઝવેરી
૧૦૧ સ્વ. દુલભજી ઉમેદચંદ પરીખ
૧૦૧ સ્વ. વિજયાબેન દુલભજી પરીખ
૧૦૧ એક સદ્‌ગૃહસ્થ
૧૦૦ એક શુભેચ્છક
૧૦૧ શ્રીમતી સ્મિતાબેન ગાંધી
૧૦૦ શ્રી જગદીશભાઇ પી. પટેલ
૧૦૦ શ્રી મહેન્દ્ર સી. શેઠ
૫૧ શ્રીમતી નલિનીબેન કામદાર
૫૦ શ્રી નવનીતભાઈ રણછોડભાઇ
પટેલ
૫૦ એક શુભેચ્છક
૫૦ સ્વ. અંબાલાલ ચતુરભાઇના
સ્મરણાર્થે
૫૦ સ્વ. પાર્વતીબેન અંબાલાલ
શાહના સ્મરણાર્થે
૫૧ શ્રીમતી મીનાબેન એમ. ઝવેરી
૫૧ શ્રી અમૃતલાલ શાહ
૫૧ શ્રીમતી હીરાબેન દીપચંદ
સંઘવી
૫૧ શ્રી ભાઇલાલ સંઘવી
૫૦ એક બહેન તરફથી
૫૧ શ્રી નંદલાલ મોતીચંદ મહેતા
૨૫ શ્રીમતી આશાબેન દેઢિયા
૨૫ શ્રીમતી રસિલાબેન દીલીપભાઇ
કાકાબળીઆ
૨૫ શ્રી હરસુખભાઇ ફત્તેહચંદ શાહ
૨૫ શ્રી રજનીકાંત પી. શાહ
૨૧ શ્રી રસિકભાઇ વનેચંદ મહેતા
૧૧ શ્રી દીનેશ કોઠારી

રૂ. ૩૪,૯૭૪

(પાના નં. ૮૪ થી ચાલુ)

કાયોત્સર્ગ કરવામાં, અર્થાત્ શરીરને સ્થિર કરવામાં સાધકે કેટલાક દોષોનું નિવારણ કરવું જોઇએ. શાસ્ત્રોમાં એવા ૧૬ પ્રકારના અતિચાર દર્શાવ્યા છે. ઉદાહરણ તરીકે 'ઘોટકપાદ' અતિચાર, એટલે કે ઘોડો જેમ થાક ખાવા એકાદ પગ ઊંચો રાખીને ઊભો રહે છે, તેવી રીતે ઊભા રહેવું; કુડ્યાશ્રિત–એટલે કે ભીંતને અઢેલીને ઊભા રહેવું; કાકાવલોકન એટલે કે કાગડાની જેમ આમતેમ નજર કરતાં કરતાં કાઉસગ્ગ કરવો; લતાવક્ર, એટલે કે લતા અથવા વેલ પવનમાં જેમ આમતેમ વાંકી ઝુલે છે તેવી રીતે શરીરને હલાવતાં કાઉસગ્ગ કરવો. આવા અતિચારો ન લાગે તેવો કાઉસગ્ગ કરવો જોઇએ.

કાઉસગ્ગ એક પ્રકારની આધ્યાત્મિક યોગપ્રક્રિયા છે. પરંતુ તેથી શારીરિક લાભ પણ અવશ્ય થાય છે. કાઉસગ્ગ દ્વારા શરીર અને ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થતાં રુધિરાભિસરણમાં ફરક પડે છે અને શરીર તથા મન તનાવમુકત બને છે. આમ કેટલીક શારીરિક કે માનસિક બીમારી માટે દ્રવ્યકાઉસગ્ગ કે ભાવ કાઉસગ્ગ અસરકારક ઇલાજ બની રહે છે.

આમ, કાઉસગ્ગ વિશે ઘણી વિગતે છણાવટ આપણા શાસ્ત્રગ્રંથોમાં થઇ છે. કાઉસગ્ગ અને કાઉસગ્ગ-ધ્યાન વિશે જેટલી છણાવટ જૈન પરંપરામાં થઇ છે એટલી અન્યત્ર થઇ નથી.

સામાન્ય રીતે લોકોનો વિશાળ સમુદાય બાહ્ય તપ કરનારો હોય છે. એમ થવું સ્વાભાવિક પણ છે. પરંતુ ધ્યાન અને ક.ઉસગ્ગ ઉપર એટલો જ, બલકે એથી પણ વધુ ભાર મૂકવામાં આવ્યો છે એ આપણે ભૂલવું ન જોઇએ. અલબત્ત, એ કક્ષાએ સાચા અધિકારપૂર્વક પહોંચનારી વ્યકિતઓ ઓછી રહેવાની એ તો દેખીતું છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૮-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

નિર્દોષ, અજ્ઞાન અને દિવ્ય

રમણલાલ ચી. શાહ

થોડા સમય પહેલાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની મુલાકાતે અમે ગયાં હતાં ત્યારે ત્યાં પાસે આવેલા બજારમાં એક સુંદર દૃશ્ય જોયું. એક હસમુખા, શાંત, હૃષ્ટપુષ્ટ માણસની આસપાસ ટોળું જામ્યું હતું. સૌ કોઇ કુતૂહલપૂર્વક એ માણસને નિહાળી રહ્યાં હતાં. એ માણસ અંધજનો માટે ફંડ ઉઘરાવી રહ્યો હતો. પરંતુ એ માટે તે કોઇને કશું કહેતો નહોતો. એની પાસેના એક બોર્ડ ઉપર વંચાતું હતું કે તે અંધજનો માટે ફંડ ઉઘરાવી રહ્યો છે. એના હાથમાં રમકડાના આકારનો એક ડબ્બો હતો અને લોકો એ ડબ્બામાં સિક્કા નાખતા હતા. ફંડ ઉઘરાવનાર પાસે ટોળું જામવાનું કારણ એ હતું કે એણે પોતાના માથે જે હેટ પહેરી હતી તેના ઉપર એક મોટી ઘોળી બિલાડી બેઠી હતી. હેટની નીચેની પટ્ટી (ધારી) ઉપર પાંચ-છ સફેદ ઉંદરો હેટની આસપાસ આંટા મારી રહ્યા હતા. બિલાડી ધારે તો ક્ષણ માત્રમાં એકાદ ઉંદરને ખાઇ જઈ શકે એટલા નજીક ઉંદરો હતા, છતાં બિલાડી શાંત પ્રસન્ન ચહેરે લોકોની સામે નજર કરતી હતી. ઉંદરો પણ બિલાડીની પાસે હોવા છતાં નિર્ભય થઇને ચકકર લગાવતા હતા. કોઇ ઉંદર ખસી પડતો જણાય તો તે માણસ તેને હાથમાં લઇને ફરી પાછો હેટની ધારી ઉપર સાચવીને ગોઠવી દેતો.

અમે ઊભા હતાં એટલી વારમાં તે માણસે એક મોટું પક્ષી પાંજરામાંથી કાઢીને પોતાના ખભા ઉપર મૂક્યું. આમ પક્ષી, બિલાડી અને ઉંદર ત્રણેય પાસે પાસે હોવા છતાં તેમનામાં પ્રકૃતિગત કોઇ વેરભાવ કે ભય જણાતાં નહોતાં. અંધસેવા માટે દાન ઉઘરાવનાર એ માણસની પ્રેમ અને કરુણાભરી આંખોમાંથી, એના ચહેરામાંથી, અલબત્ત એના સમગ્ર વ્યક્તિત્વમાંથી પ્રસન્નતા ઝર્યા કરતું હતું. થોડી થોડી વારે એનો વાત્સલ્યભર્યો હાથ પંપાળીને, ઉંદરોને અને બિલાડીને પંપાળ્યા કરતો હતો. આ દૃશ્ય જોઇને મને પાતંજલ યોગસૂત્રનું વાકય યાદ આવ્યું કે જેમના જીવનમાં અહિંસાની ઉચ્ચતમ ભાવનાની સાચી પ્રતિષ્ઠા થઇ હોય છે તેમની હાજરીમાં કુદરતી વેરભાવ દૂર થઇ જાય છે.

अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

હૃષિકેશમાં ગંગા નદીના પવિત્ર કિનારે આવેલા સ્વામી શિવાનંદ સરસ્વતીના આશ્રમમાં સ્વામીજી જ્યારે પ્રાર્થના કરાવતાં હતા ત્યારે કૂતરાં, વાંદરા, બિલાડી વગેરે કેટલાંક પશુઓ પરસ્પર-પ્રકૃતિગત વૈરવિરોધ ભૂલીને શાંત ચિત્તે પ્રાર્થના સાંભળતાં હોય એવું દૃશ્ય નજરે નિહાળ્યું હતું. આશ્રમાં મહાન જૈનાચાર્ય સ્વ. શ્રી શાંતિસૂરિ પાસે એક વાઘ કાયમ રહેતો હતો. યોગી-મહાત્માઓ પાસે વાઘ-સિંહ જેવાં હિંસક પ્રાણીઓ શાંતિથી રહેતાં હોય એવી કેટલીય ઘટનાઓ અનેક લોકોએ નિહાળી હશે ! કેટલાક પ્રાણીબાગમાં એના રખેવાળ પાસે હિંસક પ્રાણીઓ પ્રેમથી પોતાનો ખોરાક ખાતાં હોય છે. આવા અનેક પ્રસંગો દર્શાવે છે કે હિંસક પ્રાણીઓની પ્રકૃતિમાં પણ પરિવર્તન થાય છે. સંકલ્પપૂર્વક પરિવર્તન આણી પણ શકાય છે. ભગવાન મહાવીર અથવા કોઈ પણ તીર્થંકરના સમવસરણમાં અનેક પશુપંખીઓ પ્રકૃતિગત વૈરભાવને ભૂલીને, સાથે બેસીને ભગવાનની દેશના પોતપોતાની વાણીમાં સાંભળતાં હોય છે.

આ સંદર્ભમાં થોડા સમય પહેલાં વાંચેલું નીચેનું એક સુવાકય વિચારવા જેવું છે :

Because the tiger acts according to his nature and knows not anything else, therefore he is divine and there is no evil in him. If he questioned himself, then he would be a criminal.

(વાઘ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે અને બીજું કશું જાણતો ન હોય તો તે દિવ્ય છે. જો તે પોતાની જાતને પોતાના વર્તન માટે પ્રશ્ન કરે [એટલે કે એટલી તેનામાં બુદ્ધિ કે સમજણ હોય] તો તે ગુનેગાર ઠરે છે.)

આ વિધાનમાં કેટલું કે સત્ય હશે, પરંતુ તે સર્વાંશે સાચું છે. એમ નહિ કહી શકાય.

પ્રત્યેક પ્રાણીને પોતાનો ખોરાક હોય છે. તે માટે તેને સ્થૂલ કે સૂક્ષ્મ હિંસા કરવી પડે છે. જીવો જીવસ્ય જીવનમ્ એટલા માટે જ કહેવાય છે.

વાઘ કે સિંહ પોતાના ખોરાકને માટે ઘેટાં-બકરા, ગાય, ભેંસ, હરણ વગેરે પ્રાણીઓનો શિકાર કરે છે. કૂતરો બિલાડીનો અને બિલાડી ઉંદરનો શિકાર કરે છે. કાગડા પણ ઉંદર વગેરેનો, સમડી, ગીધ કે મોર સાપનો, ચકલી વાંદાનો શિકાર કરે છે. પકડેલા શિકારને ઝટ મારી નાખવા કયારેક ઝનૂની પ્રયાસ કરે છે. એ એનો જાતિગત જન્મજાત સ્વભાવ છે. એ કુદરતી છે. એમાં એ

પોતે કોઇ પાપ કરે છે એવી બુદ્ધિ કે સમજણ એમનામાં હોતી નથી. આવી સમજણ ન હોવી એને કેટલાક નિર્દોષતા કે અજ્ઞાન કહે છે. એને અજ્ઞાનયુકત નિર્દોષતા પણ કહેવામાં આવે છે. જે આચરણ નિર્દોષ હોય એને દોષિત કે પાપયુકત કેમ કહેવાય? એટલે કે વાઘ-સિંહ કે બિલાડી પોતાના ખોરાક માટે બીજા જીવોને મારે છે એ ક્રિયા પાપમય નથી એમ કેટલાક માને છે. પરંતુ જે દલીલ વાઘસિંહ માટે કરાય તે જ દલીલ ઉત્તર ધ્રુવમાં વસતા એસ્કિમો માટે પણ કરી શકાય, કારણ કે ઉત્તર ધ્રુવમાં કોઇ વનસ્પતિ ઊગતી નથી, અને સીલ વગેરે પ્રાણીઓનો આવા માટે શિકાર કરવો એ એમના જન્મજાત સંસ્કાર હોય છે. એટલે જો વાઘસિંહને પાપ ન લાગે તો એસ્કિમોને પણ પાપ ન લાગે એમ માનવું પડશે.

જો એસ્કિમોની વાત સ્વીકારીએ તો જે પ્રજા જન્મથી, જન્મજાત સંસ્કારથી માંસાહારી છે, અને માંસાહાર કરવો એમાં કશું પાપ છે એવો વિચાર સુધ્ધાં જેમને આવતો નથી એ પ્રજાને માંસાહાર કરવામાં પાપ લાગે છે એમ કેમ કહી શકાશે? અને તો પછી જે લોકો જન્મજાત સંસ્કાર વગેરેને કારણે તથા અજ્ઞાનને કારણે શિકાર, ચોરી, વ્યભિચાર વગેરે ગુનાઓ કરે છે, તેઓને તે માટે કશું પાપ ન લાગે એવું માનવું પડશે.

દુનિયામાં પ્રાચીન સમયમાં કેટલીક આદિવાસી ટોળીઓ કુદરતી રીતે જ માનવભક્ષી હતી હજુ પણ માનવભક્ષણના બનાવો કયાંક કયાંક બનતા રહે છે એવા માણસોએ અજ્ઞાનથી કે પોતાની જાતને પ્રશ્ન કર્યા વિના કરેલા માનવ-ભક્ષણના કાર્યને પ્રકૃતિગત ગણીશું કે વિકૃતિગત? મનુષ્યની કે વાઘસિંહાદિ પશુઓની પ્રકૃતિ પણ શું હંમેશને માટે એકસરખી રહે છે? કે સમયે સમયે બદલાય છે? બદલાતી પ્રકૃતિ અનુસાર કરેલાં કાર્યોને તો પછી એકસરખાં ગણીશું કે કેવાં ગણીશું?

પશુપક્ષીઓમાં મનુષ્ય જેવી બુદ્ધિ નથી હોતી, માટે તેમને પાપ લાગે નહિ એવી દલીલ જો સ્વીકારીએ તો પછી કેટલાક એવા મનુષ્યો હોય છે જેમનામાં પશુ જેટલી બુદ્ધિ પણ નથી હોતી, તો તેઓએ બુદ્ધિહીનતાને કારણે કરેલાં અશુભ કે અનિષ્ટ કાર્યોને પાપકર્મ કહી શકાય? તો પછી ગાંડા, ચક્રમ કે મંદબુદ્ધિવાળા માણસોએ કરેલાં ગુનાહિત કાર્યોને કેવાં ગણીશું? આવા ઘણા બધા પ્રશ્નો ઉદ્ભવશે.

શું મનુષ્ય કે પશુપક્ષી એ દરેકનાં કાર્યોનું જુદી જુદી દૃષ્ટિથી વર્ગીકરણ કરી શકાય? પ્રકૃતિગત કરેલાં કાર્યો, અજ્ઞાનને લીધે કરેલાં કાર્યો, જ્ઞાન હોવા છતાં ક્રોધાદિ કષાયોના આવેગથી જાણીજોઇને કરેલાં કાર્યો ઇત્યાદિ વિવિધ કોટિનાં કાર્યો ગણાવી શકાય. એ બધાને એકસરખાં ન ગણી શકાય. તેમાં તરતમતાનો ભેદ જરૂર કરવો પડશે. પશુસૃષ્ટિમાં પણ એક જ જાતિનાં પ્રાણીઓએ કરેલાં એક-સરખાં દેખાતાં કાર્યોમાં પણ તરતમતાનો ભેદ જોઇ શકાશે. પશુઓમાં પણ જ્ઞાન હોય છે, અને તે જેટલા પ્રમાણમાં હોય તે અનુસાર તે કાર્ય કરે છે. જન્મજાત પ્રકૃતિ ત્યજી દઇને, ઉચ્ચતર ભૂમિકાએ જીવન જીવતાં પશુઓના દાખલા પણ અનેકવાર સાંભળવા મળે છે, એટલે તમામ પશુઓનાં પ્રકૃતિગત કાર્યોને એક જ કોટિમાં મૂકી તે માટે એક જ અભિપ્રાય બાંધવો તે યોગ્ય નથી.

વાઘ પોતે પોતાના ખોરાક માટે કોઇને મારી નાખે તો તે પ્રકૃતિગત છે એમ હજુ પણ સ્વીકારાય, પરંતુ તેથી તે દિવ્ય છે એમ કેમ કહી શકાય? જ્યાં જ્યાં નિર્દોષતા છે ત્યાં ત્યાં દિવ્યતા છે એવું વિધાન કરવામાં અતિવ્યાપ્તિનો દોષ આવશે, કારણ કે બધી જ નિર્દોષતા એકસરખી નથી હોતી. અજ્ઞાનયુકત નિર્દોષતા એ એક વસ્તુ છે અને જ્ઞાન સહિતની દોષરહિતતા એ બીજી વસ્તુ છે. સામસામા છેડાની એ બંને વસ્તુઓને તુલ્ય કેમ ગણી શકાય? વાઘની અજ્ઞાનયુકત, પ્રકૃતિગત નિર્દોષતાને જો દિવ્ય ગણીશું તો અદાલતોમાં સજા પામેલા ગુનેગારોની અજ્ઞાનયુકત નિર્દોષતાને પણ દિવ્ય ગણવી પડશે. પછીથી તો દિવ્યતાનો દાવો એટલો બધો વધતો જશે કે જ્ઞાન હોવું એ વ્યવહારમાં શાપરૂપ ગણવા જેવું થઇ જશે. તાત્પર્ય એ કે શિકાર માટેની વાઘની નિર્દોષતાને દિવ્ય કહી ન શકાય.

નિર્દોષ બાળકોને વ્યવહારમાં દિવ્ય અને પ્રભુના પયગંબર તરીકે ઓળખાવવામાં આવે છે. વ્યવહાર દૃષ્ટિએ ભલે એમાં તથ્ય હોય, તો પણ તાત્ત્વિક દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારણીય છે. નાનામાં નાના બાળકમાં પણ સ્વાર્થ રહિત કોઇ ક્રિયા નથી, એવું કેટલાક માનસશાસ્ત્રીઓ માને છે. સ્વાર્થ ને સંતોષાતાં નાનામાં નાનું બાળક પણ રડવા કે કજિયા કરવા લાગે છે. વળી, બાળકમાં પણ સૂક્ષ્મ અહમ્ રહેલો હોય છે એમ કેટલાક મનોવૈજ્ઞાનિકો માને છે. એટલે બાળકની તમામ અવસ્થાને દિવ્ય કે પયગંબરી કહેવા જતાં ઘણા પ્રશ્નો ઉદ્ભવશે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણે પ્રત્યેક જીવને જન્મજન્માંતરનાં કેટલાંય કર્મ ભોગવવાનાં હોય છે. તે અનુસાર તેની ગતિ નિર્માય છે. વળી પ્રત્યેક ક્ષણે જીવ નવાં કર્મ બાંધે છે. એ કર્મ કેવું, કેટલું અને કેવા પ્રકારનું બંધાય છે તેનો આધાર ઘણી બાબતો ઉપર રહે છે. જૈન માન્યતા અનુસાર વાઘ-સિંહ કે બિલાડી ગરોળી વગેરે પોતાના ખોરાક માટે બીજા જીવોને મારે તો તેમાં પણ હિંસા રહેલી છે અને તેથી પાપ કર્મ અચૂક બંધાય છે. અલબત્ત, હિંસાના પ્રકાર અનુસાર તથા પોતપોતાની જાતિ, ગતિ, વૃત્તિ, આશય, આવેગ, કષ્યાદિ અનુસાર તે કર્મ હળવું કે ભારે હોઇ શકે છે. તે તે કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તે તે જીવને તે ભોગવ્યા વગર છૂટકો નથી. વાઘ, સિંહ કે બિલાડીએ પોતાના ખોરાક માટે નિર્દોષતાથી કરેલી હિંસામાં દિવ્યતા રહેલી છે અથવા તેને કશું જ પાપ લાગતું નથી એવું જૈન ધર્મ માનતો નથી.

ધરમપુર આદિવાસી વિસ્તારની મુલાકાત અંગે

સંઘ તરફથી ધરમપુરના આદિવાસી વિસ્તારમાં માનવસેવાનાં કાર્યો હાથ ધરવામાં આવશે. આ વિસ્તારની સંઘ તરફથી અવારનવાર મુલાકાત યોજવામાં આવશે. જેમને આ વિસ્તાર જોઇને દાન કે સેવા આપવાની ઇચ્છા હોય તેમણે પોતાનું નામ સરનામું અને ફોન નંબર સંઘના કાર્યાલયમાં નોંધાવી દેવું અથવા મોકલી આપવું, જેથી ધરમપુર વિસ્તારની મુલાકાત ગોઠવાય ત્યારે યથાસમય એની જાણ કરી શકાય.

ચીમનલાલ જે. શાહ
કે. પી. શાહ, મંત્રીઓ

સહુ સે ઊંચી પ્રેમસગાઈ

ડૉ. ગુણવંત શાહ

[પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૬-૮-૮૪ના રોજ અપાયેલું વ્યાખ્યાન]

કોઇ કંપની પચાસ વર્ષ પૂરાં કરે એ બહુ મોટું આશ્ચર્ય ન ગણાય. કોઇ સામાજિક કે શૈક્ષણિક સંસ્થા માટે પણ એ બહુ મોટું પરાક્રમ ન ગણાય. માણસ પચાસ વર્ષનો થાય ત્યારે એવુંય બને કે જીવવાની આદત સિવાય એણે બીજું કશું પ્રાપ્ત કર્યું ન હોય. પરંતુ એક વ્યાખ્યાનમાળા પચાસ વર્ષથી એકધારી ચાલતી રહે અને પ્રતિષ્ઠા જાળવીને નવાં કલેવર ધારણ કરતી રહે એ એક એવી ઘટના છે જેને માટે એના યોજકો જરૂર ગૌરવ લઇ શકે. ગુજરાતની સંસ્કાર પરંપરાને ટકાવી રાખવાની અને વળી સંવર્ધિત કરવાની આ પ્રવૃત્તિમાં તમારા સૌની સાથે હું પણ જોડાતો રહ્યો છું તેનો હરખ વહેંચવાના આશયથી આજે થોડીક વાતો કરવાનો છું.

આ દુનિયામાં સૌ કોઇ પ્રેમ ઝંખે છે અને છતાં બહુ ઓછા માણસો એ પામે છે. લગભગ બધા માણસો પ્રેમ કરે છે, પરંતુ ઘણા ઓછા માણસોને પ્રેમ કરતાં આવડે છે. પ્રેમની અભિવ્યક્તિ તો થતી જ રહે છે પણ અનુભૂતિ ભાગ્યે જ થતી હોય છે. અભિવ્યક્તિ શબ્દોની ઓશિયાળી હોઇ શકે; અનુભૂતિમાં શબ્દો ખરી પડે એમ બને.

અત્યારે વાત કરતી વખતે પણ શબ્દની આ મર્યાદા સ્વીકારીને જ આગળ ચાલવાનું છે. જે મૂળભૂત રીતે અમર્યાદ છે, વ્યાપક છે, સૂક્ષ્મ છે તેને શબ્દો દ્વારા પામવાનું અશક્ય હોય તો ય એક ઊર્ધ્વગામી ટેકડા તરીકે એનું મૂલ્ય ઓછું નથી. મને જે થોડીક મિનિટો આપવામાં આવી છે તે દરમ્યાન હું આવો એક ટેકડો મારવા ધારું છું. આમ કરવા જતાં હું ગબડી પડું, છોલાઇ જાઉં કે પછી તમે મારી સાથે કર્યાંક અથડાઇ પડો તો મને નાનો ગણીને જાળવી લેજો.

આપણી લાગણીઓને હું પ્રેમની કાચી સામગ્રી (raw material) ગણું છું. લાગણી કયા દ્રવ્યની બનેલી છે એની પૂરી ખબર મને નથી. ખરેખર તો લાગણીનો સંબંધ દ્રવ્ય (મેટર) સાથે નહીં, પણ અદ્રવ્ય (નોનમેટર) સાથે હોવો જોઇએ. આમ છતાં લાગણી શેની બનેલી છે, એવા પ્રશ્નનો જવાબ આપવાની મને ફરજ પાડવામાં આવે તો નાછૂટકે હું એટલું જ કહું કે ઝાકળની ભીનાશ, પુષ્પની કુમાશ, નવા ફૂટેલા પાનની લીલી નજાકત અને ઘુમ્મસની શ્લેષ્મલતાને ખરલમાં મૌન સાથે ઘૂંટવામાં આવે પછી જે પ્રાપ્ત થાય તેને લાગણી કહેવાય. 'ધ ટમ્પેસ્ટ'ની પેલી પ્રખ્યાત પંક્તિઓનો અનુવાદ મેં આ પ્રમાણે કર્યો છે:

શમણાંના દ્રવ્યમાંથી
આપણ સૌ સર્જાયાં જી
આપણી જિંદગાની તે તો
ઊંઘનો આકાર જી

સૂરદાસે જેને સૌથી ઊંચી સગાઇનો દરજ્જો આપેલો એવા પરિશુદ્ધ પ્રેમતત્ત્વને સમજવા માટે હું માનવીય સંબંધોના ચાર ગીઅર આ પ્રમાણે ગણાવું છું:

પહેલો ગીઅર તે આકર્ષણ,
બીજો ગીઅર તે લાગણી,
ત્રીજો ગીઅર તે સમર્પણ,
ચોથો ગીઅર તે પ્રેમ.

માનવીય સંબંધોમાં બહુ ઓછા સંબંધો ચોથા, એટલે કે ટોપ ગીઅર સુધી પહોંચતા હોય છે. વળી સોદાબાજી, કડદાબાજી, ગણતરી, લેવડદેવડ, ખુશામત અને લાગણીના વરખ ચોંટાડવામાં આવેલા હોય ત્યારે સંબંધ રીવર્સ ગીઅરમાં હોય છે.

– આકર્ષણ સુખ (pleasure) આપે છે.
– લાગણી મજા (joy) આપે છે.
– સમર્પણ એટલે બત્રીસે કોઠે દીવા (ecstasy).
– પ્રેમ એટલે આનંદ જ આનંદ (bliss).

માણસની સઘળી સમસ્યાઓનું મૂળ પ્રેમના અભાવમાં રહેલું છે. મારી દૃષ્ટિએ આજના માણસને ચાર મહાન સમસ્યાઓ સતાવી રહી છે:

(૧) વિશ્વયુદ્ધની શક્યતા (જીવન પ્રત્યેના પ્રેમનો અભાવ)

(૨) વિપુલ સમૃદ્ધિ વચ્ચે દારુણ ગરીબી (બીજા માનવ પ્રત્યેના પ્રેમનો અભાવ)

(૩) હવા, પાણી, જમીનનું પ્રદૂષણ (પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યેના પ્રેમનો અભાવ)

(૪) સંબંધવિચ્છેદ-એલિયનેશન (પોતાના અસલ 'સ્વ' પ્રત્યેના પ્રમનો અભાવ)

આ ચારે પ્રકારના અભાવને કારણે જે અભાવસંસ્કૃતિ (ડીપ્રાઇવેશન કલ્ચર) જન્મે તેની પીડા આપણે સતત ભોગવતા હોઇએ છીએ. આ ચારે બાબતો થોડીક વિગતે સમજી લઇએ.

જીવન (Life as such) પ્રત્યેનો પ્રેમ એ આસ્તિક અને નાસ્તિકને જોડનારી સૌથી મહાન કડી છે. આસ્તિક ઇશ્વરને જે ટપાલ પોતાની પ્રાર્થના દ્વારા મોકલવા ધારે છે એ ટપાલ 'ડેર ઓફ' જીવન દ્વારા જ પહોંચી શકે. ઇશ્વરના અસ્તિત્વની સૌથી સહેલાઇથી ગળે ઊતરી શકે એવી સાબિતી જીવન છે. કોર્ટ-કચેરીની ભાષામાં કહીએ તો ઇશ્વરનો કોઇ દાર્શનિક પુરાવો હોઇ શકે તો તે જીવન છે. નાસ્તિક ઇશ્વરને નહીં, સાક્ષાત જીવનને મહત્ત્વનું ગણે છે. આસ્તિકને માટે જે સાધન છે, તે નાસ્તિકને માટે સાધ્ય છે. આ સૃષ્ટિના કણુકણુમાં પ્રતિક્ષણ ધબકતું જીવન બહારથી દેખાય તેવું પૃથક્ નથી પણ કોઇ અકળ એકતા દ્વારા એકબીજા સાથે સંકળાયેલું છે. રૂપર્ટ શેલ્ડ્રેકે પોતાના પુસ્તક 'એ ન્યુ સાયન્સ ઓફ લાઇફ' માં આવી અકળ એકતાની વિજ્ઞાનપૂત ઝલક આપી છે. મહાવીરે બધા જીવો વચ્ચે રહેલી આવી અકળ એકતાનું અભિવાદન કરીને અહિંસાનો મર્મ સમજાવ્યો.

વિપુલ સમૃદ્ધિ વચ્ચે દારુણ ગરીબી ટકી રહે એ બીજા માનવ પ્રત્યેના પ્રેમનો અભાવ સૂચવે છે. આપણી ક્રૂરતાને જાળવી રાખ્યા વગર બીજો માણસ તરસ્યો હોય ત્યારે પાણી પીતાં રહેવાનું, ફ્રીજમાં ભરી રાખવાનું અને વેડફતાં રહેવાનું શક્ય નથી. ઘરાયેલો માણસ એમ માની બેસે છે કે પડોશમાં

કોઈ ભૂખ્યું હોય તો ય ધરાઈને ખાવાથી પોતાની ક્ષુધા શાંત થાય છે અને બધું બરાબર ચાલ્યા કરે છે. ભૂખ્યા આદમીની હાજરીમાં ધરાઈને ખાવાનું આપણે માનીએ તેટલું સહેલું નથી. આપણા માંહ્યલાને માર્યા વગર એમ ન થઈ શકે અને માંહ્યલાને રોજ રોજ મારવાની પીડા કોઢે પડી-જાય તોય આપણે કેડો છોડતી નથી. ટૂંકમાં આજની દુનિયા એક સાથે ભૂખ્યા હોવાની અને ધરાયેલા હોવાની બેવડી પીડા ભોગવે છે. અછતની પીડા સૌ કોઈને સમજાય છે પરંતુ અછતની વચ્ચે છતના અનુભવની પીડા ઝટ સમજાતી નથી.

આપણી આસપાસની પ્રકૃતિથી આપણે વેગળાં થતાં જઈએ છીએ. હમણાં હું મેઘાલય જઈ આવ્યો. ઘંડાનું સેવન કરવા બેઠેલી મરઘીની માફક ત્યાંની ટેકરી પર વાદળ બેઠું હોય છે. શું એ ટેકરી સાથે કે એ વાદળ સાથે આપણને કોઈ મહોબ્બત ખરી? મારી સાથે મારા મિત્ર ડો. ગોકુલનાથન બેઠા હતા. વાદળના ફળિયામાંથી પસાર થતી વખતે એમણે મને કહ્યું કે: 'તમે કાન રૂમાલ વડે ઢાંકી દો નહીં તો કાનમાં વાદળ પેસી જશે.' મેં એમને કહ્યું: 'કાનની વાત છોડો, વાદળ મારા દિલમાં પેસી ગયું છે.' મુંબઈના પ્રદૂષણની ચિંતા શું એકલા રશ્મિ મયૂરે જ કરવાની છે? શું વૃક્ષોને પ્રેમ કરવાનો ઇજારો કેવળ કુન્દનિકા કાપડિયાનો જ છે? આપણે જેમાં જીવીએ છીએ, હરીએ-ફરીએ છીએ, શ્વસીએ છીએ અને મરીએ છીએ એ પર્યાવરણ ઝેરી અને એ અંગે આપણને કશી જ લેવાદેવા નથી? શું પ્રકૃતિનું ઝેરીકરણ (પોલ્યુશનાઇઝેશન) એ એના પ્રત્યેના પ્રેમની ગેરહાજરી છે?

છેલ્લે પોતાના અસલ 'સ્વ' પ્રત્યેના પ્રેમના અભાવની વાત થોડાક વિસ્તારથી કરવા ઇચ્છું છું. પદનાં, પ્રતિષ્ઠાનાં, પૈસાનાં, દુનિયાદારીના અને સંબંધોનાં તમામ લટકણિયાં ખરી પડે પછી આપણી જે કંઈ હસ્તિ બચી તે જ આપણી ખરી સંપત્તિ. આપણા 'સ્વ' પર ડામરનો કૂચો ફેરવ્યા પછી ખરાબ ન દેખાય તે માટે એના પર ચૂનો લગાડવામાં વ્યસ્ત રહીએ છીએ. આપણા દુર્ગુણોને છાવરવાના પ્રયત્નમાંથી દંભ જન્મે છે. સદ્‌ગુણ અને દુર્ગુણને જોડતો કોઈ સેતુ હોય તો તે છે દંભ. પણ આ સેતુ એકમાર્ગી છે. એના પરનો ટ્રાફિક સદ્‌ગુણ તરફથી દુર્ગુણ તરફનો જ હોઈ શકે. સદ્‌ગુણ અને દુર્ગુણને જોડનારો બીજો સેતુ તે નિખાલસતા. આ સેતુ પણ એકમાર્ગી છે અને એના પરનો ટ્રાફિક દુર્ગુણ તરફથી સદ્‌ગુણ તરફનો હોય છે. પોતાના 'સ્વ'થી વેગળો થતો માણસ પ્રેમ કરી શકતો નથી અને પામી શકતો નથી. જે પોતાનો એટલે કે પોતાના 'સ્વ'નો પ્રેમપૂર્ણ સ્વીકાર ન કરી શકે તે બીજાના અસ્તિત્વ સાથે એકરૂપ થઈ ન શકે. પોતાના 'સ્વ'ની ધરાર ઉપેક્ષા કર્યા સિવાય જૂઠું બોલવાનું, અપ્રમાણિક બનવાનું, ક્રૂર બનવાનું અને એકલપેટા બનવાનું શક્ય નથી. માર્ક ટ્વેઇન કહે છે તેમ માણસ પોતાની સંમતિ વગર સુખી થઈ ન શકે.

'પ્રેમ' શબ્દ ચલચિત્રોમાં, પુસ્તકોમાં અને વાતચીતમાં વધારે પડતો વપરાઈને સાવ લીસ્સો બની ગયો છે. માર્ટિન બુબર જેને સંગતિ (meeting) કહે છે તેમાં પ્રેમનું રહસ્ય પડેલું છે. ગણતરી કે સ્વાર્થથી અછડાયેલા સંબંધોમાં માણસનું વસ્તુકરણ (objectification) થતું રહે છે. બુબર આવા સંબંધને 'It' પ્રકારના સંબંધો કહે છે. જેમાં મારું સકલ અસ્તિત્વ (being) બીજા અસ્તિત્વને સ્વીકાર, મૂલ્યો, પૂર્વધારણા, પૂર્વગ્રહો કે ગણતરી વગર પામે ત્યારે સંગતિ (meeting) શક્ય બને છે. આવા સંબંધને બુબર 'Thou' કક્ષાનો સંબંધ કહે છે. આ જ છે, ખરી પ્રેમસગાઈ.

પ્રેમ જીવન-રસાયણ છે. પૃથ્વી પર પ્રેમતત્ત્વનો જથ્થો ખૂટી પડે ત્યારે સમજવાનો વધી પડે. પૃથ્વી પરના પરિશુદ્ધ પ્રેમતત્ત્વનું સંવર્ધન કરવું એ જ ખરો ધર્મ છે. સેક્સ અને પ્રેમ એકબીજાનાં પર્યાય નથી. ટેબ્લેટ ઓફ પછી વિજ્ઞાનનાં પૈડાં અંદર લઈ લેવાતાં હોય છે. સેક્સ પ્રત્યે સુગાળવા થયા સિવાય આકર્ષણ અને લાગણીને તબક્કે અટક્યા ન જતાં સમર્પણ તથા પ્રેમના ગીઅરમાં આપણા જીવન રથને દોડાવવાનો રહે છે. ઘાણીએ જોડાયેલા બળદની માફક ઓફિસ અને ઘર વચ્ચે અવરજવર કરતો પતિ અને ગમાણ સાથે બંધાયેલી ગાય જેવી રસોડામાંથી પત્ની રોજની ઘટમાળમાંથી ઊંચે આવે ત્યારે ઘરડાં થઈ ચૂક્યાં હોય છે. ચાવીના ઝુંડામાં પરોવાયેલાં એ બે જણ સહઅસ્તિત્વ ભોગવે છે. બે ચાવીઓનો ખણખણાટ ક્યારેક મંજુલ ધ્વનિ પેદા કરે છે. આ ખણખણાટનો ધ્વનિ મીઠો હોય તો ય એમાં છંદોલય નથી હોતો. વીણાના બે તાર સાચે, ખરા અને તોય બંને એકલા પણ સૂર છેડી શકે. પ્રેમ બાંધતો નથી. એનો સીધો સંબંધ મુક્તિ સાથે જ હોઈ શકે. પ્રેમની સગાઈ એવી એક માત્ર સગાઈ છે જે નિર્બંધ છે. બાકીની બધી સગાઈ બંધનમુક્ત છે. સૂરદાસે આવી બંધન-રહિત અને મુક્તિ તરફ લઈ જનારી પ્રેમસગાઈનો મહિમા કરીને એને સૌથી ઊંચી ગણાવી. પ્રેમ એટલે માણસ અને ઈશ્વર વચ્ચેની હોટ લાઇન!

સામ્પરાય

❖ ડો. શેખરચંદ્ર જૈન

તા. ૧૬-૭-૮૪ના 'પ્રબુદ્ધજીવન'ના અંકમાં ડો. કાંતિલાલ શાહનો લેખ 'વિજય કોનો? નચિકેતાનો કે યમનો?' નો છેલ્લા ફકરામાં 'સામ્પરાય' શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને છેલ્લી લીટીમાં જૈન તત્ત્વજ્ઞાન શું કહે છે તે જાણવાનું લખ્યું છે. આ જ પ્રેરણાથી હું જૈન તત્ત્વજ્ઞાનના આધારે (જે શાસ્ત્રોક્ત વ્યાખ્યા પ્રાપ્ત થઈ છે) તે અહીં પ્રસ્તુત કરું છું.

જૈનાચાર્યોએ 'સામ્પરાય'ને આસ્રવના એક ઉપભેદ તરીકે પ્રયોગ કરેલ છે. આસ્રવ એટલે કર્મોનું સતત આગમન, જે આત્માને બંધ કે બંધનમાં બાંધે કે નાંખે. રાજવાર્તિકમાં કહ્યું છે કે-'પુણ્ય-પાપ રૂપ કર્મોના આગમનનાં દ્વારને આસ્રવ કહે છે. જેવી રીતે નદીઓનાં જળથી સમુદ્ર પ્રતિદિન ભરાય છે તેવી જ રીતે મિથ્યાદર્શનાદિસ્રોતોથી (પ્રવાહોથી) આત્મામાં કર્મ આવે છે.' થોડીક વધુ સ્પષ્ટતા કરું તો જૈનાગમમાં પાપ અને પુણ્ય બન્નેને બંધ કે આત્માને બાંધનાર કહ્યા છે. અને તેનાથી જ આ જીવ ચાર ગતિઓમાં ભ્રમણ કરે છે. જ્યાં સુધી બન્નેનો ક્ષય કે નિર્જરા ન થાય ત્યાં સુધી અંતિમ લક્ષ્ય-મોક્ષની પ્રાપ્તિ સંભવિત નથી. આ કર્મો સતત આવ્યા કરે છે, તેને રોકવાં, અર્થાત્ જાણીને રોકવાં તે સંવર છે.

આસ્રવનાં મૂળ બે ભેદ કહ્યા છે: દ્રવ્ય આસ્રવ અને ભાવ આસ્રવ. આ ભાવ બે ભેદ છે એક ઈર્યાપથ ભાવ આસ્રવ અને બીજું સાંપરાયિક ભાવ આસ્રવ તેના પણ અનેક ભેદ ઉપભેદ છે.

આ સાંપરાયિક ભાવ આસ્રવની વ્યાખ્યા તત્ત્વાર્થસૂત્રમાં આ રીતે કરવામાં આવી છે-'કષાય સહિત આત્માકાયોગ સાંપરાયિક આસ્રવરૂપ છે.' એવી જ રીતે સર્વાર્થસિદ્ધિમાં- 'સંપરાય સંસારનું પર્યાયવાચી છે. જે કર્મો સંસારનાં પ્રયોજક છે તે સાંપરાયિક કર્મો છે. 'રાજવાર્તિકમાં વધુ છણાવટ કરતાં કહ્યું છે-'કર્મો દ્વારા ચારે બાજુથી રવરૂપનો અભિભવ થવો તે સાંપરાય છે. આ સાંપરાય માટે જે આસ્રવ થાય છે તે સાંપરાયિક આસ્રવ છે.....મિથ્યા દૃષ્ટિથી લઈ સૂક્ષ્મ સાંપરાય દસમા ગુણસ્થાન સુધી કષાયનો લેપ રહેવાથી યોગ દ્વારા આવેલાં કાર્યો ભીના ચામડા પર ધૂળની જેમ ચોંટી જાય છે. એટલે કે તેમાં સ્થિતિબંધ થઈ જાય છે. આ જ સાંપરાયિક આસ્રવ છે.' આમ સરળ ભાષામાં કહી શકાય કે જે બાહ્ય જીવના કષાયભાવોથી આત્માની સાથે જોડાય તે કર્મબદ્ધતા જ સાંપરાયિક આસ્રવ છે. આમાં કષાયભાવની સહિતતાનું વિશેષ મહત્ત્વ છે.

તત્ત્વાર્થસૂત્રનાં ૬ઠ્ઠા અધ્યાયનાં ૪-૫ સૂત્રમાં આની છણાવટ કરવામાં આવી છે. અને તેના સારરૂપ અહીં આટલું જ કહેવાનું કે ક્રોધ-માન-માયા અને લોભ આ ચાર કષાયો કે જે સંસારની વૃદ્ધિ કરનાર છે, એમાંનાં કોઈ પણ કષાયનો ભાવ હોય તો તે સાંપરાયિક કષાય ભાવ આત્મા ગણાય. અને આ કષાય ભાવ દસમા ગુણસ્થાન સુધી હોય છે.

આ સાંપરાયિક કર્મમાં પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગ બંધ અને પ્રદેશબંધ-આ ચારે ભેદ હોય છે. જ્યારે આ બીજા પ્રકાર ઈર્યાપથ આસ્રવમાં સ્થિતિબંધ અને અનુભાગ બંધ નથી હોતા.

કષાયોની સાથે વિશેષ જ્ઞાનપ્રાપ્તિ અર્થે ઇન્દ્રિય, અવ્રત અને ક્રિયાઓને પણ સાંપરાયિક આસ્રવનાં કારણ માની ઉપભેદમાં ગણવામાં આવ્યાં છે આ કષાયોને લીધે જ ઇન્દ્રિયો અસદ્ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત બને છે અને તેની પચીસ ક્રિયાઓ પણ નિમિત્ત બને છે.

સરળ ભાષામાં કહીએ તો પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો, પાંચ પાપો આ કર્મ બાંધવામાં કે તેનાં આસ્રવમાં કારણભૂત બને છે. અને આ મનુષ્યની તીવ્ર કે મંદ કષાયિક ભાવના અને તેને અનુરૂપ કરેલી ક્રિયાઓથી વધુ દૃઢ કે ઓછી દૃઢ બને છે.

આ સ્પષ્ટતાને સંક્ષેપમાં કહીએ તો જૈનાગમની દૃષ્ટિએ સાંપરાયિક આસ્રવ ભાવ છે જેનાથી કષાય વગેરે ભાવો અને તેનાથી ચાલિત ક્રિયાઓ દ્વારા મનુષ્યકર્મ તો આત્માની સાથે યોગ થવા દે છે અને પરિણામે આત્મામાં કર્મબંધ થાય છે. આત્મા મુક્ત કે પ્રફુલ્લિત બનતો નથી. તે નિર્ભાર બનવાને બદલે ભારયુક્ત બને છે. પરિણામે તે કર્મનાં બંધનોને લીધે અધોગતિ પ્રાપ્ત કરે છે. આ કર્મો આત્માને સતત ભવભ્રમણ કરાવનાર બને છે.

હા-આ લેખમાં એક લીટી જરૂર આ જૈનાગમના ભાવની નિકટ છે- 'न साम्परायः प्रतिभाति बालम् અને જે આ સાંપરાયને સમજતા કે જાણતા નથી તે ફરી-ફરીને યમના પાશમાં સપડાય છે,

આ લીટીઓ જ્યારે એમ કહે છે કે જે સાંપરાયને સમજતા નથી તે ફરી-ફરીને યમના પાશમાં સપડાય છે, આ વાત જૈનાગમની સાથે સરખાવતાં કહી શકાય કે જે અજ્ઞાનને લીધે કર્મોના આગમનને જાણતા નથી, આત્મા સાથે બંધાતાં કર્મોને સમજી શકતા નથી અને તેમને દૂર કરી શકતા નથી તેઓના આત્મા કદી પણ કર્મ રહિત નહીં બની શકવાને લીધે મુક્તિ પ્રાપ્ત કરી શકે નહીં અને આ આત્મમુક્તિની અપ્રાપ્તિ જ ભવબંધનમાં ફેરામાં ભટકાવે છે. અને 'યમના પાશમાં' અર્થાત્ સંસારનાં દુઃખોમાં ફેરવે છે. અર્થાત્ કર્મો, તેમનું કારણ, તેમના પ્રભાવ વગેરેને જાણો અને તપસ્યા દ્વારા નિર્જરા કે ક્ષય કરો, જેથી યમના પાશમાં એટલે મૃત્યુમાં પુનઃ પુનઃ સપડાવાનું ન બને. આ જન્મના ફેરા ટાળવા તે જ મુક્તિ છે.

છેલ્લે 'સાંપરાય એટલે સદેહે અમર થવાની વિદ્યા' આ ભાવ જૈનાગમમાં નથી, કારણ કે સદેહે અમર થવાય જ નહિ. કર્મોનો ક્ષય એટલે અમરત્વ કે મરણની ક્રિયાથી મુક્તિ હા, જો દેહને આત્માનો પર્યાયવાચક માનો તો જુદી વાત છે. પણ તે પરાણે મનાવવાની વાત થશે. સદેહે અમર થવાની વિદ્યાનાં સ્થાને 'કર્મક્ષય કરી આત્માને જન્મ-મરણનાં દુઃખોથી મુક્ત કરવાની વિદ્યા' એવો અર્થ કરી શકાય.'

જ્ઞાનગંગારૂપ પચાસમી પર્યુષણ વ્યાખ્યાનમાળા

ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

[સંઘના ઉપક્રમે તા. ૨૩-૮-'૮૪ થી તા. ૩૦-૮-'૮૪ સુધી યોજાયેલ પચાસમી પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનોનો ક્રમ પ્રમાણે ટૂંકસાર.]

આપણી આવશ્યક ક્રિયાઓ: શ્રેષ્ઠ અધ્યાત્મ યોગ

શ્રી શશીકાન્ત મહેતાએ જણાવ્યું હતું કે જ્ઞાનોપાસના માટે આચાર વૈભવનો વિનિયોગ આવશ્યક છે. કારણ કે જે જ્ઞાન આચારમાં ન પરિણમે તે જ્ઞાન નિરર્થક અને બોજારૂપ છે. આચરણ એ જ માનવીનો પ્રથમ ધર્મ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના એ જૈન ધર્મનું હાર્દ છે. શ્રદ્ધાપૂર્વક તેની આરાધના એટલે જીવનની સાર્થકતા.

તેમણે સામયિક, ભગવદ્ભક્તિ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ-એમ છ આવશ્યક ક્રિયાઓની પૃષ્ઠભૂમાં મૈત્રાદિ ભાવ રહ્યાંનું સમજાવ્યું હતું. જૈન ધર્મે વિશ્વહિતનું વ્યાપકપણે સૌથી વધુ ચિંતા અને ચિંતન કર્યું છે. એટલે વિશ્વ નાગરિક તરીકે આપણા કર્તવ્ય વિષે વિચારણા કરવા અને પોતાની જાતનું 'ઓડિટ' અને ચકાસણી કરવાનું કેટલું જરૂરી અને મહત્ત્વનું છે તે તેમણે સમજાવ્યું હતું.

જ્ઞાનનો સાર ભક્તિ:

પૂ. મહાસતી મુક્તિપ્રભાશ્રીજી એ કહ્યું કે જ્ઞાન એ આત્માનું પરિમાણ છે. વ્યક્તિ એ આત્માનો ગુણ નથી. મોહવશ વસ્તુને છોડી ન શકીએ તો જીવન મોક્ષલક્ષી બની

શકે નહિ. જ્ઞાનના ત્રણ પ્રકાર છે. (૧) વસ્તુને વસ્તુ સ્વરૂપે ઓળખવી (૨) આત્મ પરિણતિ (૩) તત્ત્વ સંવેદન આત્માની ઉદ્ભવેલી પ્રક્રિયાઓથી એક શક્તિ અને દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. માનવીમાં જો સામ્યગ્ દૃષ્ટિ ન હોય તો જીવન ચક્ર વિનાના રથ જેવું બની રહે છે.

જ્ઞાનનો સાર ભક્તિ. એ જ મોક્ષલક્ષી રાજમાર્ગ છે. જૈનધર્મમાં જ્ઞાન ગર્ભિત ભક્તિનો ખૂબ જ મહિમા છે. જ્ઞાન-યોગ-ભક્તિયોગની પ્રાપ્તિ એટલે જીવનમાં પ્રકાશનો ફેલાવો. ભગવદ્ ભક્તિ-રૂપ જ્ઞાન માનવીના જીવનને ઉજાળે છે. ડગલે ને પગલે ક્ષતિઓ કરતો જીવ આત્મજ્ઞાન સ્વરૂપ ભક્તિને પામે તો તે તરી જાય અને બીજાને પણ તરવા માટે પ્રેરણા આપે છે.

કાઉસગ્ગ

પ્રથમ વ્યાખ્યાતા ડૉ. રમણલાલ ચી. શાહે ઉપરોક્ત વિષય પર આપેલું વ્યાખ્યાન ગતાંકમાં અક્ષરશઃ પ્રગટ કરવામાં આવ્યું છે, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી.

જીવનો ભય

પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપે કહ્યું કે આખી દુનિયામાં બધું જ ભરી શકાય પણ માણસની ખોપરી ભરી શકાતી નથી. માણસના મનની તમામ વાસના જ ભવાંતરના બીજનું સર્જન કે. માનવી જો પોતાનું મન સ્વચ્છ રાખી શકે તો તે ભવાંતરને અટકાવી શકે.

કર્મવાદની વાત કરતાં તેમણે સમજાવ્યું કે જગતના જીવો જે પ્રમાણે કર્મ બાંધે છે તે જ પ્રમાણે તેને ભોગવવાનો વારો આવે છે. કર્મબંધ ન થાય તે માટે આપણા શત્રુરૂપ ચાર કષાયો ક્રોધ, માન, માયા અને લોભથી સર્વથા દૂર રહેવા તેમણે જણાવ્યું હતું.

ક્ષમા-ધર્મનો સાર

પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી મહારાજે જણાવ્યું હતું કે ક્ષમા એ ધર્મનું ભૂષણ છે, વીરનું આભૂષણ છે. મનુષ્ય જીવનમાં બીજી વસ્તુની કમી ચાલશે પણ જીવનમાં ક્ષમા અલ્પ હશે તો તે હરગીજ નહિ ચાલે. ક્રોધી ન તો પોતાનું ભલું કરી શકે છે ન બીજાનું. સત્ પુરુષ વેરભાવને બદલે નિત્ય ક્ષમાભાવ ધારણ કરી પોતાના આત્મિક વિકાસને ઉચ્ચ કોટિએ લઇ જશે. ક્ષમાશીલ વ્યક્તિત્વ માટે (૧) પોતાની ભૂલનો સ્વીકાર (૨) સહનશીલતાની કેળવણી (૩) ગુણાનુવાદને પ્રાધાન્ય (૪) મૈત્રી ભાવનાની કેળવણી અને (૫) અન્યની નિંદા કરવાનું છોડી દેવાનું આવશ્યક છે. આ રીતે ક્ષમાશીલ મનુષ્ય પોતાના આચરણ અને આત્મિક ગુણો વડે સ્વ-પર કલ્યાણ સાધી શકે છે.

વોલ્ટ વ્હિટમન

ડૉ. સુરેશ દલાલે જણાવ્યું હતું કે વોલ્ટ વ્હિટમનને અમેરિકન ભાષાનો રવીન્દ્રનાથ ટાગોર ગણી શકાય. ૩૧ મી મે ૧૮૧૯ ના રોજ જન્મેલા આ માનવતાવાદી કવિએ કોઇની શેહશરમમાં આવ્યા સિવાય નિર્ભિકતાથી કાવ્યોનું સર્જન કરી વિશ્વના મહાન કવિઓમાં સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

વ્હિટમન નાયગરાના ધોધ જેવો હતો. આખાબોલો ને સાહસિક હતો. દુનિયાની તેને પરવા ન હતી. તેણે પોતાની કવિતામાં કહેલું કે તમને શક્તિ આપવા હું અધીર નથી, પણ તમને જણાવવા હું એટલો અધીર જરૂર છું, કે તમે પોતે જ સત્ય છો. તમે જાતને જાણો. જાતને જે માન ન આપી શકે તો બીજાને માન શું આપી શકવાના હતા.

સૌથી ઊંચી પ્રેમસગાઈ

ડૉ. ગુણવંત શાહે ઉપરોક્ત વિષય પર આપેલું વ્યાખ્યાન આ અંકમાં અક્ષરશઃ પ્રગટ કર્યું છે, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી.

લોકમાન્ય ટિળક : રાજદ્વારી ક્ષેત્રે તેમ જ ધર્મ ક્ષેત્રે

પ્રા. પુરુષોત્તમ માવળંકરે જણાવ્યું હતું કે નૈતિક જીવનના પુરસ્કર્તા અને સાચા લોકશિક્ષક લોકમાન્ય ટિળક વિલક્ષણ રાજપુરુષ હતા. સ્વરાજ્યનો મંત્ર આમ તો દાદાભાઇ નવરોજીએ આપ્યો, પરંતુ લોકઉચ્ચારણ કરાવ્યું ટિળકે. નૈતિકતા તેમને મન ધર્મ હતો. સંપ્રદાયના વાડામાં પુરાઇ ન રહેવાનું અને ધર્મ અને રાજકારણ એકબીજાના વિરોધી નથી એવું પ્રતિપાદન તેમણે કર્યું હતું.

કર્મો ઉપર ભાર મૂકતાં ટિળકે કહેલું કે વાવતા જાઓ. સારુ બીજ ચોકકસ ઊગી નીકળશે. સ્વાતંત્ર્ય સંગ્રામના અદમ્ય અને અડગ સૈનિક ટિળકે લોકસમુદાયની પ્રતિષ્ઠા સંપાદન કરી તેથી તેઓ લોકમાન્ય કહેવાયા. લોકમાન્યના અવસાન પછી ગાંધીજીએ નવજીવનમાં ટિળકને શ્રદ્ધાંજલિ આપતાં લખ્યું હતું કે ટિળક મર્યા નથી, આપણી વચ્ચે હજુ જીવે છે.

અતિમનસ-દિવ્યતાનું પરિમાણ

પ્રા. અશ્વિન કાપડિયાએ જણાવ્યું હતું કે મર્યાદિતતાથી પર એવા પ્રદેશમાં જવા આપણી પાસે રહેલું કરણ (સાધન) મન એ મર્યાદિત છે. છતાં શ્રદ્ધા વડે, પૂર્ણ સમર્પણ વડે પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ કરી શકાય છે.

સાહિત્ય, વિજ્ઞાન, ઇતિહાસ દરેકે સત્યની ખોજ કરી છે અને જે રજૂ કર્યું છે તે પૂર્ણ સત્ય નથી પણ અર્ધ સત્ય છે. સત્યની ખોજ ચૈતસિક સાધના છે. શ્રદ્ધા, સંકલ્પ અને સમર્પણનો ભાવ રાખવાથી પરમાત્મા તત્ત્વની પ્રાપ્તિ થાય છે. પરમાત્માની અનુભૂતિ એ તો આત્માનો સાહજિક સ્વભાવ છે.

સત્યશોધક ભગવાન મહાવીર

ડૉ. કુમારપાળ દેસાઇએ જણાવ્યું હતું કે સત્ય નવીન નથી, પુરાતન નથી, એનો જન્મ નથી, ઉનાળામાં નિરભ્ર આકાશ જોયું હશે. વાદળા પાણી વિનાનાં અને પાણીવાળાં પણ હોય છે. સત્ય એ વ્યાપક, ચિરંજીવી અને આકાશ જેવું છે. સત્યને પામવા ભગીરથ પુરુષાર્થ કરવો પડે. સત્ય એ જ પરમેશ્વર સત્યની ઉપાસનામાં જ મનુષ્ય જીવનનું સાફલ્ય છે.

જીવન જીવવાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત ભગવાન મહાવીરનું છે. ભગવાન મહાવીર સત્યશોધક હતા. તેમણે બતાવ્યું કે સત્યનો પંથ એ આત્મખોજનો પથ છે. આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે સત્યની આણાને માનતો જીવ સંસાર તરી જાય છે

યોગ : કર્મસુ કૌશલમ્

શ્રી હરીન્દ્ર દવેએ જણાવ્યું હતું કે ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના ૫૦ મા શ્લોકનું ચરણ છે: 'યોગઃ કર્મસુ કૌશલમ્ ।'– કાર્યમાં કુશળતા એ જ યોગ. ગીતા એ એક ધર્મનો ગ્રંથ નથી. બિનસાંપ્રદાયિક ગ્રંથ છે. નમસ્કાર મહામંત્ર એ બિનસાંપ્રદાયિક મંત્ર છે. સુકૃત અને દુષ્કૃત્યને છોડી દેવા એ કર્મની કુશળતા છે. દુષ્કૃત્યને છોડવું સહેલું છે, પરંતુ સુકૃત્યને છોડવું સહેલું નથી. સુકૃત્યથી યશ અને કારકિર્દી છોડી શકાતી નથી.

ભગવાનમાં મન પરોવવું, ભગવદ્‌સ્મરણ પણ અપેક્ષા વિના કરવું અને ગમે તેવાં કષ્ટોમાં–પ્રાણ જાય એવા સંજોગમાં પણ ભગવાન સાથે મનને જોડી રાખવું એ એવી અજ્ઞાન અવસ્થામાં લઇ જાય છે કે જગતનું, શરીરનું, ઇન્દ્રિયોના કર્તવ્યનું ભાન ન રહે. એવી અજ્ઞાન અવસ્થા આપણને સાક્ષાત્કારની સ્થિતિમાં લઈ જાય છે.

વિદેશમાં ધર્મકથાનો અનુભવ

પૂ. મોરારીબાપુએ જણાવ્યુ. હતું કે દેશ–વિદેશમાં ધર્મકથા સંશય ઉડાડવાનું કામ કરે છે. પંખાને ઉડાડવા બંદૂક કે તલવારનો ઉપયોગ ન થાય. પરંતુ બાળક તાળી પાડીને પંખાને ઉડાડે છે, એવી સહજ રીતે ધર્મકથા સંશયને ઉડાડી શકે છે. એવો અનુભવ છે પૂર્વગ્રહના પિંજરામાં પૂરાયેલા હોય એમનો સંશય નાશ પામતો નથી.

આફ્રિકા, અમેરિકા, લંડન આદિ જુદા જુદા દેશોમાં ધર્મ યાત્રાના અનુભવ વર્ણવતાં એમણે યુવાનોને શાસ્ત્રો સંતો, માળા અને તિલક તરફ અનેક સંશયો હતા તે ધર્મ કથાથી ઓગળી જતા હોવાનું કહ્યું હતું. અમેરિકામાં મોટા ભાગનો યુવાન વર્ગ અભક્ષ્ય ભક્ષી હતો. તે યુવકોએ એમાંથી છૂટવાની લેખિત પ્રતિજ્ઞા કરી એ ધર્મકથાની મહત્ત્વની ગુરુદક્ષિણા હતી, એમ તેમણે ભારપૂર્વક હર્ષોલ્લાસપૂર્વક જણાવ્યું હતું.

તપ રે મધુર મધુર મન

ડૉ. નરેન્દ્ર ભાણાવતે જણાવ્યું હતું કે તપ એ કર્મની નિર્જરા કરનાર અને આત્માને અજવાળનાર ક્રિયા છે. તપથી આત્માનુ તેજ વધે છે. તપ એટલે માત્ર ઉપવાસ જ નહિ. વાણીનું, મૌનનું અને સુકરણીનું તપ એ પણ તપ છે. જૈન ધર્મમાં તપના બાહ્ય અને આભ્યંતર એમ બે પ્રકાર બતાવ્યા છે. તપથી મન એકાગ્ર થાય છે અને મન ઇશ્વર સ્મરણમાં લીન બને છે. ભગવાન મહાવીરની ઉગ્ર તપશ્ચર્યા એ તપનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. તપ મધુર અને ઉત્કૃષ્ટ છે. એટલા માટે કે તપ નિકાચિત કર્મનો. ક્ષય કરવાની ક્ષમતા ધરાવે છે.

આર્યા વેદવતી

શ્રીમતી મૃણાલિની દેસાઇએ કહ્યું કે સ્ત્રી કન્યા તરીકે પત્ની, બહેન કે માતા તરીકે બીબાંઢાળ થઈ છે. વર્તમાન સમાજવ્યવસ્થામાં સ્ત્રીનું સ્ત્રી તરીકેનું ગૌરવ જળવાતું નથી તેમ રોજબરોજ જીવનમાં નિજી વિકાસ માટે પૂરતો અવકાશ પણ રહેતો નથી. પરિણામે સ્ત્રીની આંતરિક શક્તિઓ ખીલી શકતી નથી. ઋગ્વેદકાળમાં આવાં કોઇ બીબાં ન હતાં. પુરુષ કે સ્ત્રી માનવ જ હતાં.

આર્યા એટલે ગતિશીલ–પ્રગતિશીલ અને વેદવતી એટલે જાગૃત અને જાણકાર. એ કાળમાં પ્રજ્વલિત રાખવામાં આવતો અગ્નિ જેટલો વાસ્તવિક હતો તેટલો જ પ્રતીકાત્મક હતો. દૃષ્ટાંતરૂપે તેમણે ઋગ્વેદમાંથી આર્યા સુલક્ષણા અને તેના પતિ મધુછંદા ઋષિની પ્રેરક વાત કરી હતી.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા

શ્રી મોરારજી દેસાઇએ કહ્યું હતું કે યુદ્ધના મેદાનમાં અર્જુનને પોતાના ધર્મ અંગે સંશય પેદા થયો. જુદા જુદા બે ધર્મ વચ્ચે કયો ધર્મ આચરવો એ અંગે દ્વિધા થઇ ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ધર્મ શું છે તે સમજાવ્યું હતું. ધર્મ અને અધર્મમાંથી શું અપનાવવું અને બે ધર્મ વચ્ચે કયો ધર્મ અપનાવવો અગર એ બે વચ્ચે દ્વિધા અગર સંશય થાય તો તેનું સમાધાન ગીતામાં મળે છે.

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર સંજ્ઞાઓ માનવી અને પશુઓમાં સમાન છે. પરંતુ ધર્મ, વિચાર અને સદ્‌બુદ્ધિના કારણે માનવી શ્રેષ્ઠ છે. કોઇને નુકશાન ન થાય, ન કરાય, કોઇનું સ્વમાન ન હણાય, એ ધર્મ છે. અન્યનું માન જાળવીને જ આપણે આપણું માન જાળવી શકીએ. ગીતાને સમજવા માટે ઇશ્વર પર શ્રદ્ધા હોવી જરૂરી છે. માનવી ધર્મ પ્રમાણે ચાલે તો સુખી થાય. માનવી પોતાની પ્રકૃતિ પ્રમાણે ચાલે તો એનો નિગ્રહ કેમ થાય?

શકસ્તવ (નમુત્થુણં)

પ્રા. તારાબેન ૨ શાહે જણાવ્યું કે 'શકસ્તવ' એ જૈન ધર્મનું પ્રભુસ્તુતિનું સ્તોત્ર છે. તેનું બીજુ નામ નમુત્થુણં છે. તીર્થંકર જ્યારે માતાના ગર્ભમાં હોય છે ત્યારે ઇન્દ્ર તે માતાની દિશા સન્મુખ તીર્થંકરની સ્તુતિ કરે છે. તે સ્તુતિ એટલે આ સ્તોત્ર.

નમુત્થુણંમાં 'નમુ' એટલે પૂજા, અહમ્‌નું વિસર્જન 'ત્થુ' એટલે થવું. પ્રભુને આજીવભાવે વિનવવાના છે કે પ્રભુ આપને નમસ્કાર કરી શકવાની પાત્રતા હું મેળવું. આ સ્તોત્ર એ ઇન્દ્ર મહારાજાએ તીર્થંકર પરમાત્મા પ્રત્યે બતાવેલ ભાવપૂર્વકનું સ્તોત્ર છે. ચૈત્યવંદનાદિ આવશ્યક ક્રિયાઓમાં આ સ્તોત્ર બોલવામાં આવે છે.

આ દ્વૈય દિવસની આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે દીપાવ્યું હતું. બીજા દિવસના પ્રથમ વ્યાખ્યાતા ડૉ. રમણલાલ ચી. શાહનો પરિચય સંઘના 'અભ્યાસ વર્તુળ' ના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહે અને સંવત્સરીના દિવસે દ્વિતીય વ્યાખ્યાતા પ્રા. તારાબેન શાહનો પરિચય 'સંઘ' ના સહમંત્રી ડૉ. ધનવંત ટી. શાહે આપ્યો હતો. શેષ વ્યાખ્યાનોનો પરિચય ડૉ. રમણભાઇએ આપ્યો હતો અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા પણ તેમણે કરી હતી. સંઘની પ્રવૃત્તિઓ માટે મળેલા આર્થિક સહયોગ સહિત આ વ્યાખ્યાનમાળામાં ઉપયોગી એવા સૌ કોઇનો સંઘના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે આભાર માન્યો હતો. ઉલ્લાસ અને જ્ઞાનવર્ધક આ વ્યાખ્યાનમાળાથી ભાવક–શ્રોતાઓ સંઘના આત્મીય બન્યા છે એ સંઘ માટે આનંદ અને ગૌરવપ્રદ બાબત છે.

★ સંઘ સમાચાર ★

* આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત ઉપરોક્ત વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સવિગત કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

વ્યાખ્યાતા	વિષય
શ્રી શશીકાન્ત મહેતા	જપ સાધના
પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી	પૂ. વલ્લભ સૂરિનો-જીવન સંદેશ
ભક્તિ-સંગીત શ્રીમતી પ્રતિભાબેન જૈન (અંબાલા) રજૂ કરશે	

સમય : શુક્રવાર, તા. ૨૧-૯-૮૪ સવારના ૯-૦૦ કલાકે

સ્થળ : બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ-૪૦૦૦૦૭.

આ વ્યાખ્યાનશ્રેણી પૂ. આ. શ્રી વિજયઇન્દ્રદિન્ન-સૂરીશ્વરજી તથા પૂ. આ. શ્રી વિજયજનકચંદ્રસૂરીશ્વરજી આદિની નિશ્રામાં યોજાશે.

આ વ્યાખ્યાનશ્રેણીના સંયોજનની જવાબદારી શ્રી શૈલેશભાઇ એચ. કોઠારી અને શ્રી પન્નાલાલ કે. છેડાને સોંપવામાં આવી છે.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા પ્રેમળ નિમંત્રણ છે.

* પરિસંવાદ

'સંઘ'ના ઉપક્રમે 'કાલિદાસ, શેકસ્પીઅર અને ટાગોરના સાહિત્યમાં નારીસૃષ્ટિ'-એ વિષે એક પરિસંવાદ યોજવામાં આવ્યો છે જેનો સવિગત કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

ઉદ્‌ઘાટન બેઠક

શુક્રવાર, તા. ૨૮-૯-'૮૪ સાંજે ૬-૧૫

વિષય : કાલિદાસ, શેકસ્પીઅર અને ટાગોર વિષે વકતવ્ય તથા એકોકિત પઠન.

પ્રમુખ : ડો. રમણલાલ ચી. શાહ

ઉદ્‌ઘાટક : ડો. વી. વેંકટાચલમ્

અતિથિવિશેષ : (૧) પ્રા. ચંદ્રવદન ચી. મહેતા (૨) શ્રીમતી દુર્ગા ભાગવત

વિશિષ્ઠ વ્યાખ્યાતા : ડો. એમ. એન. પંડ્યા

એકોકિત : (૧) પ્રા. ચંદ્રવદન ચી. મહેતા (૨) શ્રીમતી મીનળ પટેલ

પ્રથમ બેઠક

શનિવાર, તા. ૨૯-૯-૮૪ બપોરના ૩ થી ૫

વિષય : કાલિદાસ, શેકસ્પીઅર અને ટાગોરની નારીસૃષ્ટિમાં પ્રગટ થતો પ્રણય, વિરહ અને શૃંગાર

પ્રમુખ : પ્રા. ચી. ના. પટેલ

વ્યાખ્યાતા : (૧) ડો. ધીરુ પરીખ (કાલિદાસ) (૨) પ્રા. ઇલાબેન પાઠક (શેકસ્પીઅર) અને (૩) પ્રા. ભોળાભાઇ પટેલ (ટાગોર)

દ્વિતીય બેઠક

શનિવાર, તા. ૨૯-૯-૮૪ સાંજના ૫-૫૦

વિષય : કાલિદાસ, શેકસ્પીઅર અને ટાગોરનાં નારીપાત્રો દ્વારા પ્રતિબિંબિત થતું તત્કાલીન સમાજ જીવન અને રાજ્યવ્યવસ્થા.

પ્રમુખ : ડો. મધુસૂદન પારેખ

વ્યાખ્યાતાઓ : (૧) પ્રા. જયાનંદ દવે (કાલિદાસ) (૨) પ્રા. અનિલાબેન દલાલ (શેકસ્પીઅર) અને (૩) આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદી (ટાગોર)

તૃતીય બેઠક

રવિવાર, તા. ૩૦-૯-૮૪ સવારે ૯-૩૦

વિષય : કાલિદાસ, શેકસ્પીઅર અને ટાગોરનાં નારીપાત્રોના મનોવ્યાપાર અને સંવેદના દ્વારા પ્રગટ થતી સનાતન ખોજ, પ્રશ્નો અને સત્યો.

પ્રમુખ : પ્રા. વસંત બાપટ

વ્યાખ્યાતા : (૧) ડો. રાજેન્દ્ર નાણાવટી (કાલિદાસ) (૨) ડો. સુરેશ ઉપાધ્યાય (કાલિદાસ) (૩) પ્રા. દિગીશ મહેતા (શેકસ્પીઅર) અને (૪) ડો. સુમન શાહ (ટાગોર)

ચારે બેઠકના પ્રારંભે શ્લોક, સોનેટ અને કાવ્યપઠન

(૧) શ્રી પ્રતાપ ઓઝા (૨) શ્રીમતી નલિની માડગાંવકર (૩) બલવંત પી. માડગાંવકર અને (૪) શ્રીમતી વાસંતીબેન દાણી (૫) શ્રી વનલતા મહેતા

આ પરિસંવાદના સંયોજનની જવાબદારી ડો. ધનવંત ટી. શાહ, શ્રી અમર જરીવાળા અને શ્રી પન્નાલાલ ર. શાહને સોંપવામાં આવી છે.

* પ્રેમળ જ્યોતિ

'સંઘ' સંચાલિત ઉપરોકત વિભાગ દ્વારા માનવ સેવાના કાર્યો નિયમિત થાય છે અને દર શનિવારે જૈન કલીનીક, કાંદાવાડી (મુંબઇ)માં આ વિભાગની બહેનો સેવા અર્થે નિયમિત હાજર રહે છે. તદુપરાંત જુદી જુદી સંસ્થાઓ અને આશ્રમોની મુલાકાત લઇ તેમની જરૂરિયાત પૂરી પાડે છે. આ વિભાગ શરૂ થયાને આઠ વર્ષ પૂરા થવા આવ્યા છે. આ પ્રવૃત્તિની એક વધુ શાખા વિલેપાર્લામાં શરૂ કરવાનો 'સંઘે' નિર્ણય કર્યો છે. આ વિસ્તારની સામાજિક સેવા કરવાની ખેવના ધરાવતી બહેનો નાણાવટી હોસ્પિટલમાં દર ગુરુવારે બપોરના ૨/૩૦ થી ૪/૦૦ સુધી નિયમિત મળશે. આ શાખાનું ઉદ્‌ઘાટન ટૂંક સમયમાં કરવામાં આવશે. પાર્લા શાખાના સંયોજનની જવાબદારી શ્રીમતી રિમતાબેન કામદાર અને સુલીબેન હીરાણીને સોંપવામાં આવી છે.

* વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ નિમિત્તે સ્નેહ મિલન

છેલ્લા પાંચ દાયકાથી પર્યુષણ પર્વ પ્રસંગે 'સંઘ' દ્વારા યોજાતી જ્ઞાન ગંગોત્રી સમી પચાસમી પર્યુષણ વ્યાખ્યાન-માળાની પૂર્ણાહુતિ નિમિત્તે સીમંત આકારનું સ્નેહ મિલન

શનિવાર, તા. ૧-૯-૮૪ ના રોજ સાંજના સાત કલાકે 'સંધ'ની કાર્યવાહક સમિતિના સક્રિય સભ્ય શ્રી જયંતિલાલ કૃત્તોહચંદ શાહના નિવાસસ્થાને યોજાયું હતું.

પ્રારંભમાં શ્રીમતી વાસંતીબેન દાણીના ભક્તિ-સંગીત બાદ 'સંધ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે સૌને આવકાર આપ્યો હતો. શ્રી ગણપતભાઇ મ. ઝવેરી, શ્રી સુબોધભાઇ એમ. શાહ, શ્રી શૈલેશભાઇ કોઠારી, કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહ, પ્રા. તારાબેન શાહ, અને મંત્રીશ્રી કે. પી. શાહ આદિએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

'સંધ'ના અને વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. રમણભાઇ શાહે આર્ય સુહસ્તિગિરિના શિષ્યને તેની વિદ્વત્તાનો કેવો કેફ હતો તેનું ઉદાહરણ આપી મુઠ્ઠીમાં રહેલી રેતીને ચારે બાજુએ પ્રસરાવતાં હથેળીમાં રેતીના થોડાક રજકણો રહે છે. એ રીતે હાલમાં આપણી પાસે રેતીના રજકણોની માફક અતિ અલ્પ જ્ઞાન રહ્યું છે, તે સમજીને પર્યુષણ વ્યાખ્યાન-માળા પાછળ રહેલી દૃષ્ટિનો ખ્યાલ આપ્યો હતો.

યજમાનશ્રી જયંતિલાલ કૃ-તેહચંદ શાહે ડૉ. રમણભાઇને સુખડનો હાર પહેરાવી પોતાને સૌનું આતિથ્ય કરવાનો લાભ મળ્યો તેનો આનંદ અભિવ્યક્ત કર્યો હતો. અંતમાં શ્રી કે. પી. શાહે સૌનો આભાર માન્યો હતો.

ચીમનલાલ ચકુભાઇ શાહ
શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર

અગ્રિમ પત્રકારોની તસવીરો મુંબઇ ગુજરાતી પત્રકાર સંઘને અર્પણ કરતી વેળાએ 'સંઘે' રૂા. ૫,૦૦૦ નો ચીમનલાલ ચકુભાઇ શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર પ્રતિવર્ષ મુંબઇના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને આપવાનો નિર્ણય કર્યાની જાહેરાત કરી હતી. હવે કારોબારી સમિતિએ મુંબઇના બદલે ભારતના શ્રેષ્ઠ ગુજરાતી પત્રકારને અને રૂા. ૫૦૦૦ ના બદલે રૂા. ૧૧,૦૦૦ નો 'ચીમનલાલ ચકુભાઇ શાહ શ્રેષ્ઠ ગુજરાતી પત્રકાર પુરસ્કાર' પ્રતિવર્ષ આપવાનું ઠરાવ્યું છે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહના સુપુત્રોએ આ માટે રૂા. ૫૧,૦૦૦ નું દાન સંઘને આપવાનું વચન આપ્યું છે.

* જૈન ધર્મ વિષે પરિચય પુસ્તિકા

જૈન ધર્મ વિષે ડૉ. રમણલાલ ચી. શાહે લખેલી પરિચય પુસ્તિકાની છ આવૃત્તિઓ થઇ ચૂકી છે. હાલમાં એ અપ્રાપ્ય હોવાથી સંઘે પરિચય ટ્રસ્ટ દ્વારા એનું પુનર્મુદ્રણ પ્રકાશન કરાવ્યું છે. આ પુસ્તિકા સંઘના કાર્યાલયમાંથી પ્રાપ્ત થઇ શકશે. કિંમત રૂા. ૧-૫૦.

* * *

પર્યુષણ પર્વ દરમિયાન સંઘને મળેલ આર્થિક સહયોગ

સંઘને ભેટ

૩૪૬૭૪ તા. ૧-૯-૮૪ ના અંકમાં પ્રગટ થયેલ યાદી મુજબ
૧૦૦૨ શ્રીમતી સરોજબેન નગીનભાઇ શાહ
૧૦૦૧ મે. મહાવીર સીલ્ક મીલ્સ
૫૦૧ શ્રીમતી ઉષાબેન મહેતા
૫૦૧ શ્રી ખીમજી શીવજી
૫૦૧ ,, નીરંજન સી. શાહ
૫૦૧ ,, બિપિનભાઇ જૈન
૩૦૧ ,, સુવર્ણાબેન જીતુભાઇ દલાલ
૨૫૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૨૫૧ ,, લખમશી નથુ સ્મારક સાધારણ ફંડ
૨૫૧ ,, લતાબેન સેવંતીલાલ પરીખ
૨૫૧ ,, નવીન ચુનીલાલ લખમશી
૨૦૧ ,, અનુપમાબેન શાહ
૧૫૧ ,, રસિકલાલ નરોત્તમદાસ વોરા
૧૫૧ ,, હસમુખલાલ હરખચંદ દોઢીવાલા
૧૫૧ ,, કાંતિલાલ ચુનીલાલ ભંડારી
૧૨૫ ,, સવિતાબેન કાંતિલાલ શાહ
૧૦૧ ,, લક્ષ્મીચંદ કે. શાહ
૧૦૧ ,, હેમલતાબેન લક્ષ્મીચંદ શાહ
૧૦૧ ,, ભારતી ભુપેન્દ્ર શાહ
૧૦૧ ,, રાજેન્દ્ર અમૃતલાલ મહેતા
૧૦૧ ,, મુક્તાબેન એલ. સંઘવી
૧૦૨ ,, ફૂલચંદ મૂળચંદ
૧૦૧ ડૉ. એમ. ડી. પારેખ
૧૦૧ શ્રી શાંતિલાલ ટોકરશી શાહ
૧૦૧ ,, અજ્ઞાત
૧૦૧ ,, બાબુભાઇ વી. શાહ
૧૦૧ ,, દલપતભાઇ ચત્રભુજ શાહ
૧૦૧ ,, ટોકરસી ભૂલાભાઇ વીરા
૧૦૧ ,, મધુરીબેન હંસરાજ શાહ
૧૦૧ ,, રમણીકલાલ છગનલાલ પંચમિયા
૧૦૧ શ્રી વનિતા જે. શાહ
૧૦૧ ,, નીરુબેન હરકિશનદાસ પરીખ
૧૦૧ ,, સરસ્વતી જ. ઝવેરી
૧૦૧ ,, કુંજબાળા આર. કોઠારી
૧૦૦ ,, મોહનલાલ નગીનદાસ જરીવાલા
૧૦૦ ,, શામજી વિશનજી છેડા
૧૦૦ ,, એક ભાઇ
૫૨ ,, મોહનલાલ ઠાકોરદાસ
૫૧ ,, મૂળચંદ નાનાલાલ
૫૧ ,, મોતીબેન કોઠારી
૫૧ ,, આર. ડી. ગાંધી
૫૧ ,, સુખલાલ એમ. મહેતા
૫૧ ,, રમણભાઇ
૫૦ ,, એક બહેન
૨૫ ,, ઝવેરબેન નથુભાઇ પારેખ
૨૫ ,, કાંતિલાલ નથુભાઇ પારેખ
૨૬ ,, પ્રતાપ વ્રજલાલ શાહ
૧૧ ,, સુશીલા ચીમનલાલ ઝવેરી

૪૪,૬૦૩

વ્યાખ્યાનમાળા

૫૦૧ શ્રી સરોજબેન નગીનદાસ શાહ
૨૫૧ શ્રીમતી મોહિનીબેન દલાલ
૨૦૧ ,, મહેન્દ્રભાઇ સૌભાગ્યચંદ ઝવેરી
૧૨૫ ,, સવિતાબેન કાંતિલાલ શાહ
૧૨૫ ,, પ્રભુદાસ લીલાધર
૧૦૧ શ્રીમતી મંજરી એમ. પારેખ
૧૦૧ ,, મુક્તાબેન એલ. સંઘવી
૧૦૧ ,, અજ્ઞાત
૧૦૦ ,, સવિતાબેન કોઠારી
૫૧ શ્રીમતી દમયંતીબેન આર. ઠક્કર
૫૧ શ્રીમતી નિલમ એન. કામદાર
૫૧ શ્રીમતી નલિનીબેન કામદાર
૫૧ શ્રી ધરમચંદ નથુભાઇ શાહ
૫૧ શ્રીમતી સુલોચનાબેન એમ. શાહ
૫૧ ,, મોતીબેન કોઠારી
૫૧ ,, પદ્માબેન શિરીષ મહેતા
૫૦ એક બેન તરફથી
૫૦ એક શુભેચ્છક
૨૫ શ્રી હરસુખભાઇ કૃત્તોહચંદ શાહ
૨૫ ,, રસિલાબેન દિલીપભાઇ કાકાબળિયા
૨૧ ,, વલ્લભદાસ સચદે
૨૧ ,, રસિક વનેચંદ મહેતા
૧૧ ,, દિનેશ કોઠારી

રૂા. ૨૧૬૧

(વધુ યાદી આવતા અંકે)

પર્યુષણ–સાચા અર્થમાં પૂજાનું, ઉપાસનાનું પર્વ

હરીન્દ્ર દવે

નવકાર મંત્રના પાંચ નમસ્કારોમાં પ્રથમ નમસ્કાર અરિહંતને કરાયા છે. બીજા નમસ્કાર સિદ્ધને કરાયા છે. ત્રીજા નમસ્કાર આચાર્યને પહોંચાડાયા છે. અરિહંત, જેના શત્રુઓ નાશ પામ્યા છે, એવા ઉચ્ચ કોટી પર પ્રતિષ્ઠત થયેલ પુણ્યશ્લોક વિભૂતિ કે સિદ્ધિઓ જેને હસ્તમલકવત્ છે એવી વ્યક્તિ, કે જે મન, વચન અને કર્મમાં સમ્યકભાવ રાખે છે, એવા આચાર્ય એ ત્રણે મૌન રહીને પણ જીવન વીતાવી જાય; પરંતુ ચોથા નમસ્કાર ઉપાધ્યાયને કર્યા છે. જે ભણે છે અને પ્રબોધે છે તે ઉપાધ્યાય. પરંતુ જગતની શ્રેષ્ઠતા આ ચારેમાં આવી જાય એવું નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે રામ, કૃષ્ણ વગેરે મહાન અવતારો બીજી કક્ષાના અવતારો છે. પ્રથમ કક્ષાના અવતારો તો સમાજમાં અજ્ઞાત રહીને પસાર થઈ જતા હોય છે. પરંતુ તેઓ હોય છે, એટલે બીજા સ્તરના અવતારો પ્રગટે છે. સૌ લોકમાં જે સાધુ છે એને નમસ્કાર કરીએ ત્યારે અજ્ઞાત રહીને ઉચ્ચ ભૂમિકા પરનું જીવન જીવી જનારા લોકોથી આપણે અજ્ઞાત હોઈએ, તો પણ તેઓને આપણી કૃતજ્ઞતા સાથેના વંદન પહોંચાડીએ છીએ.

આ જેનું સુવર્ણજયંતી વર્ષ છે એ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં, છેલ્લા બે નમસ્કારો જેને પહોંચાડવાના છે એવા બે વર્ગની પ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન છે. ઉપાધ્યાયની વ્યાખ્યા સરળ નથી. પરંતુ પંડિત સુખલાલજી, ફાધર વાલેસ, મોરારી બાપુ, મુનિ વાત્સલ્યદીપ તથા આ કક્ષાના (અહીં જેમનાં નામો નથી મૂકયાં એવા) અનેક મહાનુભાવોને આપણે આ વ્યાખ્યાના પરિધમાં જોયા છે. આ વ્યાખ્યાનમાળામાં આવતા પ્રત્યેક વક્તા માટે ઉપાધ્યાયનું બિરુદ ન વિચારી શકાયઃ પણ સમાજમાં જે પ્રબોધન કરી શકે એવા શ્રેષ્ઠ પુરુષોની ખોજ આ વ્યાખ્યાતાઓમાંથી આપણે કરી લઈએ છીએ. 'ધી' ધાતુમાંથી ઉપાધ્યાય શબ્દ આવ્યો છે. અધ્યયન, અધ્યાપન, અધ્યેતા, અધ્યાપક ઉપાધ્યાય, અધ્યાય આ બધા શબ્દોનું મૂળ ભણવું, અધ્યયન કરવું એવો અર્થ સૂચવતા 'ધી' ધાતુમાં રહ્યું છે, સન ૧૯૩૨ માં પંડિત સુખલાલજીના અધ્યક્ષપદ હેઠળ પ્રથમ પર્યુષણ વ્યાખ્યાનમાળા આરંભ પામી ત્યારથી આ પચાસમી વ્યાખ્યાનમાળા સુધીમાં અધ્યયન કરનાર અને કરાવનાર શિક્ષક, પ્રબોધકની કયારેક સફળ થયેલી, કયારેક અર્ધ સફળ થયેલી તો કયારેક નિષ્ફળ ગયેલી તલાશ જ છે. પ્રજાને ઉપાધ્યાયનો પ્રબોધન કરનારનો–પરિચય થાય તો જ એ આચાર્યને, સિદ્ધને કે અરિહંતને ઓળખી શકે અને લોકોમાં સર્વ સાધુઓ, એટલે આ વ્યાખ્યાનમાળામાં આવતા શ્રોતાઓ. વક્તાઓ કયારેક પોતાને વધારે ચતુર માની લે એવું બને: પણ શ્રોતાઓમાં એવા સાધુ પડયા હોય કે જે ઉપાધ્યાય કરતાં પણ ઊંચી કોટીના આત્મા હોય. એટલે પંડિત સુખલાલજી અને સ્વ. પરમાનંદ કાપડિયાએ સાથે મળીને આરંભ કર્યો એ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો એક, અત્યારે સિદ્ધ કહી શકાય એવો આશય ઉપાધ્યાયને તથા લોકોમાં રહેલા સૌ સાધુઓને વંદન કરવાનો છે. આ બે વંદન જે વિનમ્રતાથી કરી શકે એ આચાર્યને પણ ઓળખી શકે, સિદ્ધને પણ પ્રીછી શકે, સદ્ભાગ્યે અરિહંતનો સાક્ષાત્કાર થાય તો તેમને પણ જાણી શકે. આ દૃષ્ટિએ વ્યાખ્યાનમાળાના સંખ્યાબંધ વક્તાઓનો વિચાર કરું છું ત્યારે જેમને વંદન કરવાનું મન થાય એવા પ્રબોધકો, ઉપાધ્યાયો, શિક્ષકો નજર સામે આવે છે અને પચાસ પચાસ વરસ સુધી આ પરંપરાને જાળવી રાખનારા અને પર્યુષણ પર્વને નવો મહિમા આપવામાં મદદરૂપ થનારા આ શ્રોતાઓ સાધુતા વિના ન સરજાય. જેમ બધા વક્તાઓ ઉપાધ્યાયની કોટીના નથી એમ બધા શ્રોતાઓ પણ સાધુ ન હોય; પણ આ સૌમાં જે ઉપાધ્યાય હોય, સાધુ હોય એ સૌને નમસ્કાર કરીએ: આ નમસ્કાર આપણને પ્રથમ ત્રણ નમસ્કારોની નજીક લઈ જઈ શકશે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રથમ અઠાવીસ વર્ષની શ્રેણીના પ્રમુખ પંડિત સુખલાલજી, પછીના દસ વરસના પ્રમુખ પ્રા. ગૌરીપ્રસાદ ઝાલા તથા છેલ્લાં બાર વર્ષથી આ વ્યાખ્યાનમાળાના પ્રમુખની જવાબદારી નિભાવી રહેલા પ્રા. રમણલાલ સી. શાહ ત્રણે સાચા અર્થમાં ઉપાધ્યાય છે: તેઓએ અધ્યયન કર્યું છે અને અધ્યાપન કરાવ્યું હતું, કરાવે છે. ઉપાધ્યાયમાં આચાર્ય કે સિદ્ધ પણ હોઈ શકે, પણ સિદ્ધ અને આચાર્ય અનિવાર્યપણે ઉપાધ્યાય હોય જ એવું નહીં. અરિહંત કે સિદ્ધ કે આચાર્ય એક શબ્દ બોલ્યા વિના પણ જીવન વીતાવી શકે. ભગવાન મહાવીરે કહ્યા કર્યું છે કે પૂર્ણ સત્ય પ્રગટ જ ન થઈ શકે. સત્ય ઉચ્ચારીએ ત્યારે એની સીમા બંધાઈ જાય છે. ભાષાની સીમા, સાંભળનારની સીમા અને બોલનારની સીમાઓને અતિક્રમી જે સત્ય પ્રગટ થાય છે એ આંશિક છે. એટલે ઉપાધ્યાયનું કામ વધારે કઠીન છે. સત્ય સમજી મૌન થઈ જવું સરળ છે: પણ સત્યને તેની તમામ સીમાઓ સાથે અભિવ્યક્તિ આપવાનું એટલું સહેલું નથી. આ ત્રણ અધ્યક્ષોએ આ સત્ય ઉચ્ચારાય ત્યારે તેને સમજવા, હાજર રહેલા શ્રોતાઓને એ સમજાવવા જે શ્રમ ઉઠાવ્યો છે એ સ્તુતિપાત્ર છે અને આ પરંપરા પચાસ વરસ સુધી ટકાવી અને સંવર્ધી છે શ્રોતાઓએ.

આજે પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ સ્થળે સ્થળે યોજાય છે: પર્યુષણના પ્રભાતે કે રાત્રિએ ભગવદ્સ્તવન તો કરવું જ જોઈએ: ધ્યાન, સામયિક પ્રતાદિ તો જોઈએ જ. પણ વિચારને પ્રેરણા મળે એવું પણ કંઈક બનવું જોઈએ. અને આ વિચારોને ઝીલનારા શ્રોતાઓ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં વધતા જ ગયા છે. આ શ્રોતાઓએ આ વ્યાખ્યાનમાળાને જીવતી રાખી છે: સાથે જ જૈન યુવક સંઘમાં વિસ્તાર, વિશાળતાને આરોપનારા બે મહાનુભાવો–પરમાનંદ કાપડિયા અને ચીમનલાલ ચકુભાઈ શાહને યાદ કરવા ઘટે. આ વ્યાખ્યાનમાળાની સુવર્ણજયંતીમાં એ બંનેનું પ્રદાન અનોખું છે. આ શ્રેણી પર્યુષણ (પરિ + ઉષણ) પર્વને સાચા અર્થમાં પૂજાનું, ઉપાસનાનું પર્વ બનાવે છે.

(મંગળવાર, તા. ૨૮-૮-૮૪)ના 'જન્મભૂમિ'માંથી સાભાર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૧૦-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

નવી દવાઓ, નવી સમસ્યાઓ

રમણલાલ ચી. શાહ

છેલ્લા થોડાક મહિનાઓમાં છાપાંઓમાં નીચેની કેટલીક ઘટનાઓ વાંચવામાં આવી છે :

(૧) ન્યૂઝીલેન્ડની એરલાઇન્સના અમેરિકા જતા એક વિમાનમાં એક એરહોસ્ટેસ ટોયલેટમાં જઇ બધાં કપડાં કાઢી નાખી નગ્ન થઇને બહાર આવી અને સૂતેલા એક પેસેન્જરને વળગી પડી હતી. તાત્કાલિક તપાસ કરતાં એરકંપનીના અધિકારીઓને એમ જાણવા મળ્યું હતું કે એરહોસ્ટેસના આ અસભ્ય વર્તનને માટે, પ્રવાસનો થાક ન લાગે અને સારો 'મૂડ' રહે એ માટે એણે લીધેલી દવાની ગોળીઓ જવાબદાર છે.

(૨) અમેરિકાની એક વિમાનકંપની પાસેથી લાંચ લેવાના આરોપસર જાપાનના તે સમયના ભૂતપૂર્વ વડા પ્રધાન તનાકા સામે કોર્ટમાં કેસ ચલાવનાર જાપાનના એક ન્યાયાધીશ પોતે એક સ્ટોરમાંથી ચોરી કરતાં પકડાઇ પોતાની ગયા હતા. જૂલનો એકરાર કરતાં તેમણે કહ્યું કે પોતે જે દવાની ગોળીઓ લીધી હતી તેની અસરને કારણે આવું અપકૃત્ય પોતાનાથી થઇ ગયું હતું.

(૩) લોસ એન્જલસમાં યોજાયેલી ઓલિમ્પિક સ્પર્ધાઓમાં ચન્દ્રકવિજેતા એવા ચારેક રમતવીરોના ચન્દ્રક પાછા લઇ લેવામાં આવ્યા હતા, કારણ કે રમત પછી તરત જ લેવાયેલા તેમના પેશાબની ડાકતરી તપાસમાં જણાયું હતું કે તેઓએ શરીરમાં વધુ તાકાત આવે તે માટે કેટલીક પ્રતિબંધિત દવાઓ લીધી હતી. તેઓ કુદરતી શારીરિક તાકાતથી નહિ પણ દવાઓની તાકાતથી જીત્યા હતા.

વર્તમાન સમયમાં પ્રતિ વર્ષ નવી નવી દવાઓની શોધ ચાલ્યા કરે છે. આપણું શરીર અને આપણું ચિત્ત એક યંત્ર જેવું છે. એમાં વિવિધ રસાયણો વિવિધ રીતે કામ કરતાં હોય છે. કેટલાંક રસાયણો ખૂટતાં કે વધી જતાં એક અથવા બીજા પ્રકારની બીમારી શરૂ થાય છે. આપણા શરીરમાં વિવિધ પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. એમાં વૃદ્ધિ થતાં પણ કેટલાક રોગો થાય છે. આધુનિક સાધનો વડે શરીરની સૂક્ષ્મ તપાસ કરી શકાય છે. બીમારીનું યોગ્ય નિદાન પણ થઇ શકે છે. અનેક પ્રકારના પ્રયોગની સુવિધા થતાં દુનિયાનું તબીબી વિજ્ઞાન ઝડપથી કેટલાક રોગો આગળ વધી રહ્યું છે. ભૂતકાળમાં જીવલેણ ગણાતા આજે હવે જીવલેણ રહ્યા નથી. દુનિયામાંથી કેટલાક રોગો સર્વથા નાબૂદ થઇ ગયા છે. બીજી બાજુ અગાઉ જે વિશે સાંભળ્યું નહોતું એવા કેટલાક નવા રોગો ઉત્પન્ન પણ થયા છે. અલબત્ત કેટલાક રોગો અગાઉ કદાચ અસ્તિત્વમાં હશે, પરંતુ તેનું ચોકકસ નિદાન ત્યારે નહિ થતું હોય.

શારીરિક અન્ય રોગોની વાત બાજુ પર રાખીએ, પરંતુ વર્તમાન જગતમાં વિવિધ પ્રકારના માનસિક રોગોનું પ્રમાણ વધતું જાય છે. એને માટે કેટલીક દવાઓ તથા વર્તમાન જીવન-વ્યવસ્થા પણ ઘણે અંશે જવાબદાર છે. જે દેશો ભૌતિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણા આગળ વધવા લાગ્યા છે, તે દેશોમાં સગવડોને કારણે શારીરિક શ્રમ તદ્દન ઘટયો છે, અને માનસિક શ્રમ ઘણો વધ્યો છે. મગજના વધુ પડતા ઉપયોગ અને બોજને કારણે માનસિક રોગો વધવા લાગ્યા છે અને તે મટાડવા માટે લેવાતી અને એવી બીજી દવાઓને કારણે પણ એવા કેટલાક રોગો થવા લાગ્યા છે.

વર્તમાન સમયમાં ચિત્તશામક (ટ્રાન્કિવલાઇઝર) એવી વિવિધ પ્રકારની દવાઓ બનવા લાગી છે. તેથી અનેક લોકોને ચિત્તની કૃત્રિમ શાંતિ મળે છે, સરખી ઊંઘ આવે છે અને રોગ કાબૂમાં રહે છે. વર્તમાન સંકુલ અને વ્યગ્ર જીવનમાં અનેક પ્રકારના માનસિક પ્રશ્નો વ્યાપક પ્રમાણમાં ઉદ્ભવે છે. બેકારી, પતિ-પત્ની વચ્ચે અણબનાવ, શેઠ-નોકર વચ્ચેના ઝઘડા, વેપારમાં બોટ અથવા લક્ષ્યાંક પૂરું કરવા માટેની તાલાવેલી, માન અપમાનના પ્રસંગો, કૂડકપટ પકડાઇ જવાની બીક, હિંસક વેરભાવના, લજ્જા, ક્ષોભ, વ્યગ્રતા, અનિદ્રા, અતિશય માનસિક શ્રમ, સતત ઉજાગરા, વગેરેની પરિસ્થિતિ, અકારણ કે સકારણ ભય, એકના એક વિચારોનું વારંવાર ઘોળાવું, સતત એકલતા, અસહ્ય વિયોગ, સમયની સાંચવણી, શકિત કરતાં વધુ જવાબદારીઓ વગેરેને કારણે માનસિક રોગો ઉત્પન્ન થાય છે. અને તેને માટે જાતજાતની દવાઓ શોધાઇ છે અને નવી નવી દવાઓ શોધાતી રહી છે. ઊંઘવા માટેની દવાઓ પણ નીકળી છે અને જાગવા માટેની દવાઓ પણ નીકળી છે. અનુત્સાહ કે ક્ષોભ (Depression)ના નિવારણની દવાઓનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે. એથી અસંખ્ય લોકોને રાહત થઇ છે. પરંતુ આ દવાઓના અકારણ કે વધુ પડતા સેવનને કારણે જે બીજી કેટલીક માનસિક અસમતુલા સરજાય છે તેનું સર્વેક્ષણ જેટલું થવું જોઇએ તેટલું થતું નથી. તાત્કાલિક ઝાઝો નફો કરવા માટે કંપનીઓ દવાઓ ઉતાવળે પ્રચારમાં મૂકી દે છે. આવી કેટલીક દવાઓની વિપરીત અસરને કારણે ડાહ્યા માણસો પણ કયારેક અસભ્ય કે અણછાજતું વર્તન કરી બેસે છે.

અન્ય સ્ત્રી-પુરુષો પાસે અસભ્ય વર્તન કરાવવાને માટે અથવા તેમનો ગેરલાભ લેવાને માટે અથવા જાહેરમાં તેમને અપકીર્તિત કરવા માટે દુષ્ટ માણસો દ્વારા ગુપ્ત રીતે દારૂમાં કે ખાવાપીવામાં દવાઓનું મિશ્રણ કરાય એ ભયસ્થાન જેવું તેવું નથી. શરાબની મોટી પાર્ટીઓમાં એવા કિસ્સા બનવા લાગ્યા છે.

દવા બનાવનારી કંપનીઓ વચ્ચે તીવ્ર રસાકસીભરી સ્પર્ધા ચાલે છે. પોતાની પેટન્ટ દવા ઝટઝટ બજારમાં મૂકી વધુમાં વધુ પૈસા કમાઈ લેવાની આકાંક્ષા કેટલીક કંપનીઓ રાખે છે. એને લીધે પ્રયોગો પૂરતા પ્રમાણમાં કરવામાં આવતા નથી, અને દવાની લાંબે ગાળે માઠી અસર શી શી થાય છે તેનું નિરીક્ષણ કરવાની બહુ પરવા હોતી નથી. વળી, દવાના શૅકબંધ વેચાણને માટે દવાના વેપારીઓ અને સેલ્સમેનો દ્વારા એવો જબ્બરો અને લલચાવનારો પુરુષાર્થ થાય છે કે કેટલાક ડૉક્ટરો જાણતાં-અજાણતાં તેનો શિકાર બને છે. એવા કેટલાક ડૉક્ટરો દ્વારા એવી દવાઓનાં પ્રિસ્ક્રિપ્શન લખાય છે. પરિણામે અનેક લોકો આવી દવાઓની માઠી અસરનો ભોગ બને છે.

દવા બનાવતી કંપનીઓ વચ્ચે કેવી ખતરનાક સ્પર્ધા ચાલતી હોય છે તેનો એક કિસ્સો થોડા સમય પહેલાં અમેરિકામાં બન્યો હતો. દવા અકસીર અને લોકપ્રિય નીવડી અને એનું વેચાણ વધવા માંડ્યું પછીથી એ દવાની ઘણી અસર થાય છે તેવી ફરિયાદો ચારે બાજુથી આવવા લાગી તેથી દવા કંપનીને અને દવા બનાવનાર વૈજ્ઞાનિકોને ઘણું આશ્ચર્ય થયું. બધા સ્ટોરોમાંથી તાબડતોબ એ દવા પાછી ખેંચી લેવામાં આવી. પાછી ખેંચી લીધેલી એ દવાઓમાંથી નમૂનારૂપ કેટલીકનું ફરીથી લૅબોરેટરીમાં પૃથક્કરણ કરતાં આશ્ચર્ય સાથે જાણવા મળ્યું કે જે એક રસાયણ કંપનીએ દવા બનાવવામાં વાપર્યું નથી તે રસાયણ તેમાં હતું. આવું નુકસાનકારક રસાયણ દવામાં આવ્યું કયાંથી? તપાસ કરતાં માલુમ પડ્યું કે કોઇક હરીફ કંપનીએ એવી જ દવા નુકસાનકારક રસાયણ ભેળવીને એ જ નામથી એવા જ પૅકેટમાં બજારમાં વહેતી કરી દીધી હતી. બીજી કંપનીને ન ફાવવા દેવાના આશયથી લાખો માણસોના આરોગ્યને નુકસાન પહોંચાડવામાં મોટી કંપનીઓ જરા પણ અચકાતી નથી. ભારતમાં તો પ્રચલિત નફાકારક નામાંકિત દવાઓની બનાવટી નકલ કરી વેચવા માટે વખતોવખત વેપારીઓ અને આવી દવા બનાવનારાઓ પકડાય છે.

ટી. બી; બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, હૃદયરોગ વગેરે મોટા શારીરિક રોગો મટાડવા માટે અનેક અકસીર દવાઓ છેલ્લા ત્રણ-ચાર દાયકાઓમાં શોધાઇ છે. પેન્સ્યૂલીન, ટેરામાઇસીન, ક્લૉરોમાયસેટીન, સ્ટ્રેપ્ટોમાયસીન, ક્વૉટિઝોન વગેરે દવાઓ એના યોગ્ય ઉપયોગમાં લેવાય તો માનવજાત માટે આશીર્વાદરૂપ નીવડી છે. બીજા કેટલાયે રોગો માટે પણ ઘણી અકસીર દવાઓ નીકળી છે. દવાઓના ક્ષેત્રે છેલ્લાં થોડાં વર્ષોમાં અદ્‌ભુત પ્રગતિ થઇ છે, અને થતી રહી છે. અનુભવી ડૉક્ટરો એ વિશે ઘણો પ્રકાશ પાડી શકે. એવી જ રીતે વિવિધ પ્રકારની શારીરિક તપાસ માટેનાં સાધનો અને પ્રયોગો તથા સર્જરી માટેનાં સાધનો અને પ્રયોગોનો ખૂબ ખૂબ વિકાસ થયો છે. કમ્પ્યૂટરની મદદ પણ તબીબી ક્ષેત્રે ઘણી કામિયાબ નીવડી છે. આયુર્વેદી, યુનાની વગેરે પ્રાચીન વૈદક પદ્ધતિ ઉપર, આધારિત નવાં સંશોધનો પણ ઉપયોગી પુરવાર થયાં છે.

જેમ શારીરિક રોગો માટે તેમ માનસિક રોગોને માટે પણ ઘણી નવી નવી દવાઓ નીકળી છે. કોઇ માનસિક આઘાતને કારણે અચાનક ગાંડા કે ચક્રમ થઇ જતા કેટલાક માણસોને આધુનિક દવાઓથી ફરી પાછા સાવ સાજા થઇ ગયાં હોય એવા કેટલાય કિસ્સા જોવા મળશે. જન્મથી મંદબુદ્ધિવાળાં બાળકો પણ દવાથી હોંશિયાર થાય છે. નવી દવાઓ કેટલું સરસ કામ કરે છે તે આવા દાખલાઓ પરથી જોઇ શકાય છે.

શારીરિક રોગો માટેની દવાઓની પણ વિપરીત અસર કયારેક થાય છે. પ્રસૂતિની વેદના ન થાય અને એ માટે એક જર્મન કંપનીએ બનાવેલી દવાથી ટૂંકા હાથ. પગવાળાં અનેક બાળકો પશ્ચિમની દુનિયામાં જન્મ્યાં છે. હવે એ દવા બંધ થઇ છે. આવી બીજી કેટલીક દવાઓની માઠી અસર પણ થઈ છે. કેટલીક દવાઓ અમુક રોગ મટાડે છે. પરંતુ પછી બીજા કયા રોગ ઉત્પન્ન કરે છે તેની ઝાઝી તપાસ થતી નથી. જે તપાસ થાય છે તે બહુ ટૂંકા ગાળાની અને ઉપર ઉપરની હોય છે. ગંભીર ફરિયાદો ઘણી બધી આવવા માંડે ત્યારે તેવી દવાઓ પાછી ખેંચી લેવાય છે.

શરીરની કે મનની તાકાત અતિશય વધી જાય એવી આશ્ચર્યકારક દવાઓ પણ શોધાઇ છે. એટલા માટે તો એવી દવાઓ ઉપર રમતગમતના ક્ષેત્રે પ્રતિબંધ મુકાય છે. ચિત્તની વિવિધ અપાર શક્તિઓની અનુભૂતિ માટે પણ કેટલીક દવાઓ શોધાઇ છે અને યુવાન વર્ગ તેનાં વ્યસનનો ભોગ થઇ પડે છે. અમેરિકાને સૌથી વધુ સતાવનાર યુવાનોની સમસ્યા તે તેઓમાં વ્યાપક બનેલા દવાઓના વ્યસનની છે.

ઘણા દેશોની યુનિવર્સિટીના કેમ્પસમાં નશાકારી દવાનો ગેરકાયદે વપરાશ પુષ્કળ વધ્યો છે. દુનિયાના અનેક તેજસ્વી યુવાનોની કારકિર્દી દવાના વ્યસનને કારણે બરબાદ થઇ છે. કેટલાકે પ્રાણ પણ ગુમાવ્યા છે

એલ. એસ. ડી. વગેરે કેટલીક ઉન્માદક દવાઓ ચિત્તને દીવારવપ્નની એવી ભૂમિકાએ લઇ જાય છે કે જેમાં માણસને અત્યંત તેજસ્વી રંગો અને આકૃતિઓ દેખાય છે. માણસને એ દુનિયામાં વિલીન થઇ જવાનું મન થાય છે. સાથે સંભાળ રાખનાર જો કોઇ ન હોય તો એવા માણસો મૃત્યુ પામ્યાના દાખલા પણ બન્યા છે. માણસને સહજ રીતે ઊંચાઇએથી પડતું મૂકવાની હોંશ થાય છે, પરંતુ વાસ્તવમાં તે જીવલેણ ભૂસકો હોય છે. એલ. એસ ડી. વગેરે પ્રયોગાત્મક દવાઓ દ્વારા ચિત્તની કેવી અપાર શક્તિ છે અને તેના સેવનથી કેવી કેવી અપાર્થિવ અનુભૂતિઓ થાય છે તેનો અંદાજ નીકળે છે. પરંતુ એકંદરે તો એવી દવાઓ ભયંકર અને સમાજહિત વિરોધી ગણાઈ છે.

યુવાન માણસો આવી દવાઓના અને એવી જ બીજી ચરસ-ગાંજો, કોકેઇન વગેરે ઉત્સાહક, કામો-તેજક દવાના વ્યસનના જ્યારે ભોગ થઇ પડે છે ત્યારે તેમાંથી તેમને છોડાવવા તે ઘણી કપરી અને અતિશય ખર્ચાળ બાબત થઇ પડે છે.

શારીરિક રોગો કરતાં પણ માનસિક રોગો માટેની દવાની

(વધુ માટે જુઓ પાનું ૧૦૯)

ગાંધીજીનો અનાસક્તિયોગ

ચી. ના. પટેલ

ખૂબ ધર્મમંથનને અંતે ગાંધીજીને શ્રીમદ્ ભગવદ્ગીતાના નિષ્કામ કર્મયોગમાં પોતાનો સ્વધર્મ મળી ગયો હતો. તે મળ્યો તે પહેલાં તેઓ સત્ય અને અહિંસાના ધર્મસિદ્ધાન્તો સ્વીકારી ચૂક્યા હતા. એ સિદ્ધાન્તોના આચરણમાં તેમણે નિષ્કામ કર્મયોગની અનાસક્તિ મેળવી પોતાના જીવનમાં ચમત્કારી કહી શકાય એવી આધ્યાત્મિક પ્રગતિ કરી અને સર્વ કોઇ અનુસરી શકે એવો શ્રેયસાધનાનો એક નવો માર્ગ ચીંધી આપ્યો.

પોતાના સેવાધર્મમાં ગાંધીજીએ રાજકીય, ધાર્મિક, સામાજિક, આર્થિક–બધાં ક્ષેત્ર આવરી લીધાં હતાં. એમાંથી તેમને, સામાજિક ક્ષેત્રે સ્ત્રીઓને એમનાં રૂઢિગત બંધનોમાંથી મુક્તિ અપાવવામાં કંઇક સફળતા મળી હતી. બીજાં બધાં ક્ષેત્રોમાં એમને ખૂબ નિરાશા અનુભવવી પડી હતી. ધાર્મિક ક્ષેત્રે તેમણે હિંદુ સમાજને અસ્પૃશ્યતાના કલંકમાંથી મુક્ત કરવા મહાપ્રયાસ કર્યો, પણ તેમના આંદોલનનો એટલો વિરોધ થયો કે એક પ્રસંગે અસ્પૃશ્યો ઉપર અત્યાચારની ઘટનાના સમાચાર સાંભળી તેમને પોતાની અહિંસા સુકાઇ જતી લાગી હતી. આર્થિક ક્ષેત્રે ગાંધીજીએ દેશની અસહ્ય ગરીબીના ઉપાય માટે ખાદીનો કાર્યક્રમ આપ્યો, પણ દેશના શિક્ષિત વર્ગે તે ન અપનાવ્યો અને માત્ર રાજકીય હેતુ માટે જ તેનો ઉપયોગ થયો. તેમનો ગ્રામોદ્યોગોનો પ્રયોગ પણ નિષ્ફળ રહ્યો. ગાંધી સેવા સંઘની એવી અવદશા થઇ કે ગાંધીજીને તે વિખેરી નાખવાનું ઉચિત લાગ્યું. રાજકીય ક્ષેત્રે પણ ગાંધીને નિરાશ થવું પડ્યું, અને છેવટે સ્વરાજ આવ્યું, પણ તે માટે દેશના ભાગલા ને કોમી રમખાણોની અસહ્ય કિંમત ચૂકવવી પડી.

ગાંધીજીએ આ બધી નિરાશાઓ પૂરા અનાસક્તભાવે સહન કરી લીધી. એ નિરાશાઓથી તેઓ પોતાના સેવાધર્મમાં થાક્યા નહિ કે અટક્યા નહિ. તેમના હૃદયમાંથી વહેતું પ્રેમઝરણું ક્યારેય ક્ષીણ થયું નહિ કે પોતાની નિરાશામાં નિમિત્ત બનનાર કોઇ વર્ગ કે વ્યક્તિ પ્રત્યે તેમણે લેશમાત્ર કડવાશ અનુભવી નહિ. ઊંડામાં ઊંડા આઘાતોને ભૂલી તેમની માનવતા હમેશાં તાજી રહી, અને જીવનના અંત સુધી તેઓ સેવામાર્ગે નવા પ્રયાણનું ચિંતન કરતા રહ્યા. કોમી રમખાણોના અમાનુષી અત્યાચારોએ પણ ગાંધીજીની સેવાઝંખનાને મોળી ન પાડી. કોમી શાંતિ માટે તેમણે દિલ્હીમાં ૧૯૪૮ના જાન્યુઆરી માસમાં છેલ્લો ઉપવાસ કર્યો. તે પછી રચનાત્મક કાર્યક્રમોની જુદી જુદી સંસ્થાઓને સંગઠિત કરવા તેમણે દશેક દિવસ વર્ધા જવાનું યોજ્યું હતું, અને ત્યાંથી પાછા આવી તેઓ પાકિસ્તાન જવાનો ઇરાદો રાખતા હતા. મૃત્યુના આગલે દિવસે તેમણે કોંગ્રેસને લોકસેવક સંઘનું રૂપ આપવાના બંધારણનો મુસદ્દો તૈયાર કર્યો હતો. કવિની પ્રતિભા નવનવોન્મેષશાલિની કહેવાઇ છે. ગાંધીજીની સેવાઝંખના પણ અંત સુધી નવનવોન્મેષશાલિની રહી હતી આનું રહસ્ય તેમની અનાસક્તિમાં હતું. ભૂતકાળ ને વર્તમાન, આશા અને નિરાશા, જય અને પરાજય, સર્વ પ્રત્યેની અનાસક્તિએ ગાંધીજીની જીવનશક્તિને અંત સુધી અક્ષત રાખી અને તેમના અંતરમાં સેવાધર્મની નવી નવી પ્રેરણાઓ વહેતી રાખી.

ગાંધીજીની અનાસક્તિનું એક બીજું રૂપ વ્યક્તિઓ સાથેના સંબંધોમાં પ્રગટ થતું. પરંપરાગત સંન્યાસનો આદર્શ માનવસંબંધોથી વિરક્તિનો રહ્યો છે. સંન્યાસી સમદર્શી હોય, તેને સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણા હોય, પણ તે કોઇની સાથે પ્રેમતંતુથી ન બંધાય. ગાંધીજીના સ્વભાવને આવી વિરક્તિ અનુકૂળ નહોતી. તેમનામાં સ્ત્રી–સ્વભાવની પ્રેમશક્તિનો પ્રબળ અંશ હતો. સ્ત્રીને દરેક વ્યક્તિ માટે રસ હોય છે. તે કોઇને કોઇની સાથે પ્રેમસંબંધથી બંધાવા ઝંખે છે. ગાંધીજીમાં એવી રીતે પ્રેમસંબંધથી બંધાવાની અસાધારણ શક્તિ હતી. અંગ્રેજ કવિ ટેનિસનની એક કાવ્યપંક્તિ છે, It is better to have loved and lost/Than never to have loved at all. પ્રેમસંબંધથી દુઃખ થાય એ ભયે પ્રેમસંબંધ ટાળવો તે કરતાં પ્રેમસંબંધ સ્વીકારવો અને તેનું દુઃખ સહન કરવું તે માણસના હૃદયને વધુ તૃપ્તિકર છે. ગાંધીજી એ હૃદયધર્મને અનુસરતા. કૌટુમ્બિક સ્વજનો સાથે, આશ્રમવાસીઓ સાથે, જાહેર પ્રવૃત્તિઓના સાથીઓ અને સહકાર્યકર્તાઓ સાથે, ધર્મમાર્ગના સહપ્રવાસીઓ સાથે, એમ અસંખ્ય સ્ત્રીપુરુષો ને બાળકો સાથે તેમને પ્રેમસંબંધ બંધાયો હતો, અને સામાન્ય મનુષ્યભાવે તેઓ એવા સંબંધનાં સુખદુઃખ અનુભવતા.

પણ ગાંધીજી મુમુક્ષુ હતા, સાધક હતા. એટલે તેમણે પ્રેમસંબંધનાં સુખદુઃખ મોહરૂપ બની પોતાની શ્રેય–સાધનામાં વિક્ષેપ ન કરે એવા અનાસક્ત કેળવ્યા હતા. આવી અનાસક્ત કોઇ વ્યક્તિ સાથે પ્રેમસંબંધ ન બાંધવાની અનાસક્તિ કરતાં ઘણી વધારે મુશ્કેલ છે. પણ ગાંધીજીએ તે આશ્ચર્યજનક માત્રામાં કેળવી હતી. કોઇ પ્રેમસંબંધને તેઓ પોતે માનેલા ધર્મની આડે નહોતા આવવા દેતા. કેટલાક તેમાં ગાંધીજીના હૃદયની કઠોરતા જુએ છે. પણ તે કઠોરતા નહોતી. પોતાના કોઇ વર્તનથી સ્વજનો કે સ્નેહીઓને કલેશ કે દુઃખ થતાં એટલાં જ ગાંધીજીને પોતાને થતાં, પણ તેઓ તે અનાસક્તભાવે સહન કરી લેતા. પોતાના નિમિત્તે કસ્તુરબા અને પુત્રોને દુઃખ થયું હતું તેની તેમણે પુત્રો પાસે ક્ષમા માગી હતી, અને એ દુઃખ ધોવા તેમણે પ્રેમપૂર્વક પ્રયત્ન કર્યો, પણ પોતે માનેલા ધર્મમાર્ગનો ત્યાગ ન કર્યો.

પ્રેમસંબંધોમાં આવી અનાસક્તિ ગાંધીજીએ એટલા પ્રમાણમાં કેળવી હતી કે તેમને મૃત્યુના વિયોગનું દુઃખ પણ ક્ષુબ્ધ ન કરતું. એમને એવું દુઃખ જરૂર થતું. મગનલાલ ગાંધી, મહાદેવ દેસાઇ અને કસ્તુરબાના મૃત્યુનો તેમને ખૂબ દુઃખ થયું હતું. પણ ગાંધીજી આવા દુઃખમાંથી તુરત બહાર નીકળી આવતા અને, મૃત્યુ પામી ન પડેલા ભાઇઓ અને દ્રૌપદીને પાછળ મૂકી હિમાલયનું આરોહણ ચાલુ રાખનાર યુધિષ્ઠિરની જેમ તેઓ ધર્મપથે પોતાની યાત્રા ચાલુ રાખતા. જીવનનાં છેલ્લાં બે ત્રણ વર્ષ દરમિયાન તેમને, પહેલાં એમના બ્રહ્મચર્યપ્રયોગને કારણે અને પછી રાજકીય મતભેદોને કારણે, નિકટના સાથીઓ અને સહકાર્યકર્તાઓ સાથેના પ્રેમસંબંધોમાં ભારે એવો કલેશ થયો હતો. પણ એ બધો કલેશ નિર્મમભાવે સહન કરી ગાંધીજી, રવીન્દ્રનાથ ઠાકુરના 'એકલો જાને રે' કાવ્યની ઉત્તમનિષ્ઠાને વળગી રહ્યા. એ હૃદયમાં એમની અનાસક્તિનું સુફળ હતું. મનુષ્ય ગુમાવ્યા વિના દૈવી સંપત્તિ કેળવવાની એ લોકોત્તર સાધના હતી.

તા. ૧૩–૭–૧૯૮૪, શુક્રવારે અમદાવાદ આકાશવાણીના 'ગાંધીવંદના' કાર્યક્રમમાં પ્રસારિત કરેલો વાર્તાલાપ. અમદાવાદ આકાશવાણીના સૌજન્યથી.

અણુયુદ્ધને આરે ઉભેલું વિશ્વ

● ચેતન આચાર્ય

ઓગષ્ટ ૬ અને ૯, ૧૯૪૫ના દિવસોએ જાપાનનાં હિરોશિમા અને નાગાસાકી નગરો પર અમેરિકાએ અણુબોમ્બ ફેંકયા હતા. આ વાતને આજે ૩૯ વર્ષનાં વહાણાં વાયે ગયાં છે, છતાંય તેની યાદ એટલી જ તાજી છે. આપણે જાણીએ છીએ કે આ ૬ ઠ્ઠી અને ૯ મી ઓગસ્ટે પણ વિશ્વ-ભરમાં અણુયુદ્ધનો વિરોધ કરનારા શાંતિચાહકોએ શાંતિ અને અણુશસ્ત્રોની રોકથામ માટે પ્રાર્થના કરી હતી, અને આવી કરુણતા ફરી ન સર્જાય તેવી પરિસ્થિતિ સર્જવાનું યાદ દેવડાવ્યું. આ પ્રસંગે અણુયુદ્ધની ભયાનકતા વિષે, તેનાં વિસંવાદ વિષે, મહાસત્તાઓની અણુહરીફાઈ વિષે, અને તેમાંથી બચવાના ઉપાય વિષે થોડો વિચાર કરવાનું અપ્રસ્તુત નહીં ગણાય.

અણુશસ્ત્રોની ભયાનકતાનો ખ્યાલ હોવા છતાંય અમેરિકા અને રશિયા બન્ને મહાસત્તાઓ વચ્ચેની અણુહરીફાઈ તીવ્ર હદે પહોંચી છે. રશિયાએ પૂર્વ યુરોપના તેના સાથી દેશોમાં વ્યાપક સંખ્યામાં એસ. એસ. ૨૦ મધ્યમ પ્રકારના અણુ પ્રક્ષેપાત્રો પશ્ચિમ યુરોપ અને અમેરિકાને તાકીને ગોઠવ્યાં છે. તેની સામે અમેરિકાએ પશ્ચિમ યુરોપનાં તેના સાથી દેશોમાં પર્શિંગ-૨ અને ક્રુઝ પ્રકારનાં અનેક અણુપ્રક્ષેપાત્રો રશિયા તરફ તાકીને ગોઠવ્યાં છે. રશિયા પૂર્વ એશિયામાં પણ અણુપ્રક્ષેપાત્રો ગોઠવી રહ્યું છે. અને તે ભયને ખાળવા અમેરિકા પણ તેના નૌકાકાફલાને ટોમહોક પ્રકારનાં અણુ પ્રક્ષેપાત્રોથી સજ્જ કરી રહ્યું છે. આ હરીફાઈને અવકાશમાં લઈ જવાની દીશામાં પણ પગરણ મંડાઈ ચૂક્યાં છે. એમ મનાય છે કે ૫૦,૦૦૦થી પણ વિશેષ અણુશસ્ત્રો આ પૃથ્વીના પટ પર ખડકાઈ ચૂક્યાં છે, અને તે આ પૃથ્વીનો પચાસ વાર નાશ કરવા માટે પૂરતાં છે. અત્યારનાં ૧૦-મેગાટોન અણુબોંબની વિનાશક ક્ષમતા હિરોશિમા અને નાગાસાકી પર ફેંકાયેલા બોંબની ક્ષમતાથી ૮૦ ઘણી છે, અને મર્યાદિત અણુયુદ્ધ પણ સમગ્ર માનવ સંસ્કૃતિનો વિનાશ કરવા શક્તિમાન છે. વૈજ્ઞાનિકો તો કલ્પના કરે છે કે જો અણુયુદ્ધ થશે તો બોંબના વિઘટનથી ઉત્પન્ન થતાં વાદળો પૃથ્વીને ઘેરી વળશે, અને સૂર્યપ્રકાશનાં અભાવથી જે શીત લહર છાઈ જશે તેથી તમામ પ્રાણી-જીવ-સૃષ્ટિનો અંત આવશે.

જો કોઈ ગાંડો કે વિકૃત માણસ મહાસત્તાની ટોચ પર આવે કે કોઈ અણુઅકસ્માત સર્જાય તો શી દશા થાય તેની આ પરથી કલ્પના થઈ શકે તેમ છે. ૩૯ વર્ષ પછી પણ ડેમોકલીસની અણુ-તલવાર પૃથ્વી પર તોળાઈ રહી છે અને માનવજાત ભય અને અસહાયતાના વાતાવરણમાં જીવી રહી છે. પશ્ચિમ યુરોપ, અમેરિકા અને જાપાનમાં તો રીતસર અણુપ્રસાર વિરુદ્ધ શાંતિ આંદોલનો ચાલી રહ્યાં છે, અને જેમ જેમ અણુહરીફાઈ તીવ્ર બનતી જાય છે તેમ આ આંદોલનોની તીવ્રતા અને વ્યાપ પણ વધતાં જાય છે. અત્યારે જાપાન અને પશ્ચિમ યુરોપમાં અણુયુદ્ધ વિરોધી સારી એવી હવા જામી છે, કારણ જાપાને અણુપ્રકોપ અનુભવ્યો છે, પશ્ચિમ યુરોપ હવે પછી તેની યુદ્ધભૂમિ બનવાની ક્ષમતા સંભવિતતા ધરાવે છે. અલબત્ત અણુયુદ્ધ કોઈ ખંડ પૂરતું મર્યાદિત રહેવાનું નથી, અને જો કદાચ અણુજંગ થયો તો સમગ્ર માનવજાત તેના ખપ્પરમાં હોમાઈ જવાની છે અને તેથી જ અણુયુદ્ધવિરોધી શાંતિ આંદોલન અસરકારક અને સર્વવ્યાપી બને તે ખૂબ જરૂરનું છે. કેટલાકનું મંતવ્ય છે કે પશ્ચિમ યુરોપ કે અમેરિકામાં તો આજે નહીં તો કાલે આ શાંતિ આંદોલનો સરકારની નીતિમાં અસર પાડી શકશે. પણ રશિયા જેવા બંધ-સમાજનાં દેશોનું શું ? ત્યાં જે રાજકીય પ્રથા પ્રવર્તે છે તેના સંદર્ભમાં ત્યાંની પ્રજા જાહેર રીતે આંદોલન કરે તે શકય નથી. અલબત્ત રશિયા અને તેના સાથી દેશોની સામાન્ય પ્રજામાં અણુપ્રસાર બાબત છૂપો વિરોધ તો હોવાનો જ, ભલે પછી તેનો ઊભરો બહાર ન દેખાય.

અમેરિકા અને રશિયા વચ્ચે જે અણુ-હરીફાઈ ચાલે છે, તેની પાછળ 'ભયની સમતુલા'નો સિદ્ધાંત કામ કરી રહ્યો છે. રેગન તો માને છે કે અણુશસ્ત્રોની હરીફાઈને લઈને જ વિશ્વ થોડું વધુ સલામત બન્યું છે. વળી, અમેરિકાની અણુપ્રસાર નીતિ મૂળ બે ધારણા પર આધારીત છે. એક તો એ કે પરંપરાગત શસ્ત્રોની હોડમાં રશિયા ખૂબ આગળ નીકળી ગયું છે અને તેથી તેમાં તેને નહીં પહોંચી વળાય, અને બીજું એ કે રશિયા સાથે સત્તાની સમતુલા જાળવવા અણુશસ્ત્ર વિના આરો નથી. રશિયા પણ હડપ થઈ જવાના કે પાછળ પડી જવાના કાલ્પનિક ભયમાં હરીફાઈ વધુ તીવ્ર બનાવી રહ્યું છે, અને બંને મળી શકે તેવું કોઈ બિંદુ જણાતું નથી. થોડા વખત પહેલાં ભારત, સ્વીડન, ગ્રીસ, તાંઝાનિયા, મેકિસકો અને આર્જેન્ટિનાએ અણુશસ્ત્રના પ્રસારને થીજવી (Freeze) દેવાની સામૂહિક અપીલ કરી હતી. પણ બન્ને મહાસત્તાઓએ યોગ્ય પ્રતિસાદ આપ્યો ન હતો. આવા સંજોગોમાં અણુશસ્ત્રોમાં ઘટાડો કરવાની કે સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણની વાત જ કયાં રહી? અલબત્ત શાંતિ-આંદોલનોના પ્રણેતાઓનું અંતિમ લક્ષ્ય તો અણુશસ્ત્રોનું સંપૂર્ણ નિ:શસ્ત્રીકરણ જ છે, ભલે ધીમે ધીમે પણ આ દિશામાં પ્રગતિ થાય તો જ માણસજાત માટે કોઈક ભવિષ્યની સંભવિતતા રહે છે.

અણુયુદ્ધનો સૌથી મોટો વિસંવાદ કે કરુણતા એ છે કે તેમાં પ્રતિપક્ષોએ સામસામા રીતસર લડવાનું નથી, કે નથી કોઈ એક પક્ષનો તેમાં વિજય થવાનો. અણુયુદ્ધ એટલે વિજય વિનાનું આત્મઘાતી યુદ્ધ. તેમાં સર્વનો પરાજય રહેલો છે. જે યુદ્ધમાં માણસનું જ અસ્તિત્વ ન રહેવાનું હોય તેવું યુદ્ધ લડવાનો શો લાભ ?-આટલી સામાન્ય સમજ અને તર્કની આપણે જો કેળવી શકીએ, અને સત્તાના અહંકારની હોડ રમતા સત્તાધારીઓને સહિષ્ણુતા, સહઅસ્તિત્વ અને અહિંસાના માનવીય ગુણો તરફ વાળી શકીએ, તો કદાચ માનવજાતને સંપૂર્ણ વિનાશમાંથી બચાવી શકાશે.

યુગ પ્રશ્નોના ઉકેલ : ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય

© ડા. યશવંત ત્રિવેદી

'તેરા પંથ' અને 'અણુવ્રત સમિતિ' ના સ્થાપક જૈનદર્શનના જ્ઞાતા આચાર્ય શ્રી તુલસીજી, પરમ વિદ્વાન ધર્મપુરુષ યુવાચાર્ય મહાપ્રજ્ઞજી અને પ્રેક્ષા-જાગરણ શિબિરમાં પધારેલાં દસેક હજાર ભાઇ-બહેનોની સમક્ષ તા. ૧૦-૪-૮૩ રવિવારની સવારે જે પ્રવચન આપ્યું તે અહીં સારરૂપે લખું છું.

આજના યુગપ્રશ્નોની વચ્ચે ઊભા રહીને આપણે ધર્મજિજ્ઞાસાનો માર્ગ ખોજવાનો છે. આપણી સામે આજે અનેક પ્રશ્નો છે. આ બધા પ્રશ્નોને આપણે ધારી ધારીને જોવાના છે; એમનાથી ક્યાંય પલાયન થવાનું નથી. આજે ક્રૂરતા, અવજ્ઞા, અવિશ્વાસ, ઘૃણા, યુદ્ધોની વિભીષિકાને ભય, તૃષ્ણા, આત્મરતિ, ભાંગફોડ, અનાત્મીકરણ, વ્યાકુળતા અને અહંકારની વચ્ચે વીસમી સદીના ઉત્તરાર્ધમાં આપણે જીવી રહ્યા છીએ. માણસ, ચહેરો ભૂંસાયેલો હોય તેવો, ટોળામાં શૂન્ય જેવો થતો જાય છે. તનાવ અને તંગદિલીમાં જીવે છે. આશંકા અને વહેમ વચ્ચે એ જીવે છે. માણસ જાણે કે પોતાની ગેરહાજરીમાં—એક્સ એબ્સન્સ્યા—માં જીવે છે!

નિરાશ કરે એવું અહીં ઘણું બધું છે. આ દેશમાં પણ મેનોવરીંગ-દાવપેચ અને મેનિપ્યુલેશન-ધાલમેલ છે; ચરિત્રદોષ કાઢીને બીજાની હત્યા માટે તત્પરતા છે. દ્વેષ અને અવિશ્વાસમાં એકબીજાના શત્રુની જેમ વર્તી રહ્યા છીએ એટલે પરિણામે વ્યક્તિનું અને રાષ્ટ્રનું ચારિત્ર્યઘડતર કરવામાં બહુ મોટી મુશ્કેલીઓ અનુભવીએ છીએ. વ્યક્તિગત, રાષ્ટ્રીય કે વિશ્વના પ્રશ્નો પાર વગરના છે વળી ન્યૂટ્રોન બોમ્બની ધમકી સુધીની યુદ્ધોની વિભીષિકાની ઓથે આપણે ઊભા છીએ. આમાં જો સમતુલા રહેશે નહીં તો હવે માનવજાતિ ઉગરશે નહીં. આવી સ્થિતિ વચ્ચે ધર્મપુરુષોએ, વૈજ્ઞાનિકોએ, વિચારવંત શાણા નાગરિકોએ ભેગા મળીને જીવનના માર્ગ વિષે વિચારવું અતિ જરૂરી છે.

એ સદ્‌ભાગ્યની વાત છે કે આજે અમદાવાદમાં આચાર્યશ્રી તુલસીજી, યુવાચાર્ય મહાપ્રજ્ઞજી તથા તેરા પંથના મુનિવરો પધાર્યા છે. અમદાવાદમાં માત્ર એક લોકમાતા સાબરમતી નહીં પણ પ્રેમધર્મની ગંગા અને પદ્મા પણ આજે આવી મળી છે. અમદાવાદને આંગણે આજે ત્રિવેણીતીર્થ રચાયું છે. અગાઉ સાબરમતીના તટ ઉપર ગાંધીજીએ આપણને ધર્મદીક્ષા આપી હતી. આજે આચાર્યશ્રીની સંનિધિમાં આપણે ફરી ધર્મદીક્ષાથી દીક્ષિત થઇશું એ આપણું ખૂબ મોટું સદ્‌ભાગ્ય છે.

પ્રેક્ષા ધ્યાનની શિબિરમાં આપ ખૂબ ઝીણવટથી શરીર, ઇંદ્રિયો, મન, અધ્યવસાય, સૂક્ષ્મ શરીર અને આત્મા વિષે જાણશો. વિચાર અને ભાવતંત્ર વિષે ઝીણવટથી જોશો. કૃષ્ણ, નીલ અને કાપોત જેવી અશુદ્ધ લેશ્યાઓ અને પદ્મ, તૈજસ અને શુક્લ જેવી શુદ્ધ ભાવોની મીમાંસામાં આપ જોઇ શકશો કે જૈનદર્શને આ બધા વિષે ખૂબ ઝીણવટથી વિશ્લેષણ કર્યું છે. શરીરની સંરચના તથા રંગ, ભાવ, વાણી, ધ્વનિ વગેરેના ઘટકાંશો વિષે ઝીણવટથી સમજવા જેવું છે શરીરપ્રેક્ષા અને શ્વાસપ્રેક્ષા દ્વારા કર્મોનો પુનર્બંધન થાય તે આપણે જોવા જેવું છે. પરિધિમાં રહેલા કષાયતંત્રથી આગળ કેન્દ્રમાં રહેલા આત્માને આપણે ઓળખવાનો અને પામવાનો છે. આત્માને પામવા માટે પૂરેપૂરા જાગી જવું અનિવાર્ય છે.

ધર્મ અને વિજ્ઞાન બન્ને આપણા જીવનમાં સમાંતરે ઘણું બધું આપી શકે તેમ છે. ધર્મ અને વિજ્ઞાન કોઇ જ ટેકાણે વિરોધમાં નથી. વિજ્ઞાન બહારનાં સત્યોની ખોજ કરે છે, ધર્મ અંદરનાં સત્યોની ખોજ કરે છે. માણસ બહાર અને અંદર એમ બન્ને સ્થળે જીવે છે, એટલે જીવનમાં બન્નેનો સમન્વય થવો અનિવાર્ય છે. જેમ નક્કર-concrete બનવું છે તેમ અમૂર્ત-abstract કે રહસ્યમય-mystic પણ જરૂરી છે. પરબ્રહ્મને પામવા માટે-કેવળજ્ઞાન પામવા માટે-ધર્મજિજ્ઞાસા માટે માણસે જેમ ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરવો જોઇએ તેમ તેણે નકારો અને હકારોમાંથી સંવાદની ભાષા પણ શીખવી જોઇએ. એક તબક્કો એવો આવે છે જ્યારે નકારો, વિરોધો, અશ્રદ્ધા, આશંકા જરૂરી હોય છે. અર્જુન જેવી આશંકા પરમાત્મા સુધી લઇ જાય છે. વિષાદ આનંદ તરફ લઇ જાય છે. નકારોમાંથી હકાર તરફ જવું, સંવાદિતા તરફ જવું ખૂબ અગત્યનું છે.

પરબ્રહ્મ અને પ્રકૃતિમાં સતત ગતિશીલતા અને વિકાસ છે. સૂર્યમુખીનું ફૂલ જેવી રીતે સૂર્ય ભણી ઢળતું રહે છે એમ માણસ સતત વિકાસશીલ થતો થતો પરબ્રહ્મ ભણી ઢળતો રહે છે. તેના હાથનો પંજો પણની જેમ વિકસે છે, તેની હડપચી ભૂશિરની જેમ વિકસે છે, તેની આંખોનાં પાણી સરોવરની જેમ હેલારા મારે છે. ધીરે ધીરે મનુષ્ય પૂર્ણ મનુષ્યમાં વિકસતો જાય છે. તેની સમગ્ર યાત્રા તીર્થવતી થવા સર્જાયેલી છે. પ્રકૃતિના ગૂઢ સંકેતોને, વિજ્ઞાનનાં સત્યોને અને ધર્મજિજ્ઞાસાને તેણે ધૃતિપૂર્વક સમજવાના છે. ધીરે ધીરે તેને સંકેતો મળતા રહેશે. તે ધર્મની અને પરબ્રહ્મની ભાષાને સમજતો રહેશે અને સિદ્ધ લોકની અમૃતમય ભાષા તેને જરૂર આવડશે. આ ભાષાને મરમી યોગીઓ જ્યોતિષ્મતી વિશોકા વાણી કહે છે.

ઉપનિષદમાં કહ્યું છે આત્માનં ન અવસાદયેત્. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહેતા કે આત્માને કલેશ કરાવશો નહીં. સદ્‌વાણી, સદ્‌વિચાર અને સદ્‌ગુરુ દ્વારા કષાયને મંદ પાડતા રહો. એટલે કે આત્મ નિયંત્રણ, ઉપવાસ, તપ, ધ્યાન અને પ્રેક્ષા આ બધું જાગરણપૂર્વક થવું જોઇએ. સ્થૂળ અને સૂક્ષ્મ જગતની ભૂમિકા સમજતાં સમજતાં આપણે વ્યક્તિત્વનું રૂપાંતર કરવાનું છે. ભાવ, વિચાર અને વ્યવહારમાં આપણે ધર્મક્રાન્તિ કરવાની છે. ભાવકેન્દ્રના જાગરણ વિષે આપણે સતત જાગૃત રહેવાનું છે. વસ્તુ માત્રના સ્વભાવમાં ધર્મ રહેલો છે. આપણે ભગવાન બુદ્ધ કે મહાવીરની જેમ, શિલ્પી રોદાં કે કવિ રિલ્કેની જેમ વસ્તુઓને ધારી ધારીને જોવાની છે. વસ્તુમાત્રને સમ્યકતામાં જોવાની છે. વસ્તુમાત્રના સમગ્ર દર્શન વગર પૂર્ણજ્ઞાન, કેવળજ્ઞાન અશક્ય છે. આપણે તનાવ-Tensionને લીધે યથાર્થનું પૂરું દર્શન કરી શકતા નથી. આ શિબિરમાં આપ ધીરજપૂર્વક એ શીખવાના છો કે તનાવના આદિ બિંદુ ભાવ પર જાગૃત થવાથી તંગદિલી ચાલી જશે. આપ એ અનુભવી શકશો કે તેનાથી વસ્તુનું અને યથાર્થનું આપને સમ્યક્ દર્શન થશે અને એમ થશે ત્યારે રૂપાંતર અને ઉર્ધ્વીકરણને લીધે આપને અનર્ગળ આનંદની પ્રાપ્તિ થશે. આપણી સતત યાત્રા ધર્મલેશ્યા ભણી વહો, આપણી ચેતના બ્રહ્મજિજ્ઞાસા ભણી વહો. આપણને સહુને પ્રેમામૃતથી છલકાતું જીવન અને પૂર્ણ આનંદ મળો એવી અભીપ્સા છે.

ગાંધીજી વિષે તત્કાલીન સંતો

● ડૉ. કાન્તલાલ શાહ

(૧) શ્રી અરવિંદ (૧૮૭૨-૧૯૫૦)

શ્રી અરવિંદ અને ગાંધીજી લગભગ સરખી ઉંમરના હતા. ગાંધીજી ત્રણ વર્ષ મોટા હતા, ને બે વર્ષ પહેલાં ગયા. એ આફ્રિકાથી આવ્યા ત્યારે, શ્રી અરવિંદ પોંડિચેરીમાં સ્થિર થયા હતા. બંનેનો પ્રત્યક્ષ મેળાપ થયો ન હતો. આપણને આઝાદી મળી તે પ્રસંગે શ્રી અરવિંદે જે સંદેશો આપ્યો હતો, તેમાં આ ઘટનાને પોતાની વર્ષગાંઠ સાથે સાંકળી હતી–જો કે અસહકારમાં કે સત્યાગ્રહમાં કે હિંદ-છોડો ચળવળમાં એમણે કશો જ ભાગ ભજવ્યો ન હતો–અને સંદેશામાં ગાંધીજીના નામનો ઉલ્લેખ પણ નહોતો કર્યો. આ કારણે મારા મનમાં શ્રી અરવિંદ માટે બહુ સખત પૂર્વગ્રહ બંધાઈ ગયો છે, એટલે આ વિષયે કોઈ અરવિંદ શિષ્ય લખે એવું હું ઇચ્છું છું.

(૨) શ્રી રમણ મહર્ષિ (૧૮૭૯-૧૯૫૦)

૧૯૩૮ માં મારાં મિત્રો સાથે હું રમણાશ્રમ ગયો હતો. તે જ દિવસોમાં શ્રી જમનાલાલ બજાજ અને રાજેન્દ્રબાબુ ત્યાં હતા. આ બેમાંથી એક જણે (ઘણું કરીને બજાજે) મહર્ષિને પૂછ્યું, 'અમે ગાંધીજી પાસે જઈએ છીએ. આપ કંઈ સંદેશો સંદેશો આપશો ?'

શ્રી મહર્ષિએ જવાબ આપ્યો : **'જ્યાં હૃદય હૃદયની સાથે વાત કરે છે, ત્યાં શો સંદેશો આપવાનો હોય ?'**

(૩) શ્રી રામદાસ સ્વામી : (૧૮૮૪-૧૯૬૩)

[સાધારણ રીતે જે લોકો દક્ષિણમાં યાત્રાએ જાય છે, તેઓ શ્રી અરવિંદાશ્રમ, શ્રી રમણાશ્રમ અને શ્રી રામદાસ સ્વામીના આનંદાશ્રમની મુલાકાત લે છે. રામદાસજી ગૃહસ્થાશ્રમી હતા; એક પુત્રીના પિતા હતા. ૧૯૨૨માં એમને ભગવાનને મેળવવાની તીવ્ર ઉત્કંઠા જાગતાં, એ ઘર છોડી નીકળી ગયા. પોતાની મેળે જ ભગવાં પહેર્યાં અને મૂળ નામ વિઠ્ઠલરાવને બદલે રામદાસ નામ ધારણ કર્યું. એ પોતાને રામદાસ કહેતા અને બીજાઓને રામ કહેતા. ઘેરથી નીકળ્યા બાદ, કશું પણ પાસે રાખ્યા વિના આખા હિંદુસ્તાનમાં ફર્યા. પ્રવાસમાંથી આવ્યા બાદ મેંગલોર શહેરની બહાર એક ટેકરી પર રહેતા હતા તે દરમિયાન લખેલાં કેટલાંક કાવ્યો; પોતાને થયેલા અનુભવો અને દર્શનો 'એટ ધ ફીટ ઓવ ગોડ' નામના પુસ્તકમાં આપ્યા છે. એમાંનું એક દર્શન (અંગ્રેજીમાં 'વિઝન' શબ્દ વપરાય છે) નીચે આપ્યું છે.]

'એક બીજું દર્શન. એક ઓરડામાં ઝાંખો પ્રકાશ પથરાયેલો હતો. હાથાવાળી એક ખુરશીમાં જગપ્રસિદ્ધ મહાત્માજી–મહાત્મા ગાંધી - બેઠા હતા. એમણે ટૂંકી પોતડી પહેરી હતી. રંગે શ્યામ દેખાતા હતા; દુબળા, ને ક્રમશઃ વળી ગયેલા લાગતા હતા. પરંતુ એમના મુખ પર પરમાત્માનું તેજ ઝળહળતું હતું. આંખો પ્રકાશથી ઝગમગતી હતી, અને ધ્યાનમગ્ન હોય એવી દેખાતી હતી. એમની સામે, બે એક વારને છેટે, રામદાસ જમીન પર બેઠેલા હતા; અને આશ્ચર્ય તો જુઓ ! એમની મૂર્તિમાંથી આપણી નરી આંખે દેખાય એવાં આકર્ષણનાં પ્રકાશમય કિરણો નીકળતાં હતાં અને રામદાસને અનિવાર્ય પણે ખેંચી રહ્યાં હતાં. રામદાસને લાગ્યું કે એક પ્રચંડ લોહચુંબક એકાદ નાની સોયને ખેંચતું હોય, એવા પ્રબળ વેગથી પોતે ખેંચાઈ રહ્યા છે. રામદાસથી બેઠા ન રહેવાયું. એ ઊભો થઈ ગયા, પણ ટટ્ટાર ઊભા રહેવાયું નહિ. કોઈ અગમ્ય રીતે ગાંધીજી તરફ ખેંચાઈ રહ્યા હતા. એમનું શરીર કેડમાંથી થોડું વળ્યું; માથું મહાત્માજી તરફ નમ્યું. પડી ન જવાય એટલા સારુ એ ખુરશી પાસે જઈ ઊભા રહ્યા, ને ત્યાં જ સમાધિસ્થ થઈ ગયા. ('એટ ધ ફીટ ઓવ ગોડ' પાનું ૨૩)

૪ જ્ઞાનયોગી ચંદુભાઈ (૧૮૮૪-૧૯૫૩)

[શ્રી ચંદુભાઈ એક ગૃહસ્થ સંત હતા. તેઓ રાંદેરના વતની હતા; કોઈ કોઈવાર અમદાવાદ આવીને પણ રહેતા. રાંદેરના જાહેર જીવનમાં એમનો મોટો ફાળો હતો. પોતે ખાદી પહેરતા અને રેંટિયો પણ કાંતતા. સ્વ. પંડિત લાલનના મિત્ર હતા. જેને વધારે જાણવાની ઇચ્છા હોય તેમણે 'સસ્તું સાહિત્ય' તરફથી બહાર પડેલાં 'જ્ઞાનયોગી ચંદુભાઈ' અને 'જ્ઞાનયોગી ચંદુભાઈ સાથે અધ્યાત્મ વાર્તાલાપ' એ બે પુસ્તકો જોવાં.]

(૧) 'વ્યવહારનાં સર્વ કામ કરવા છતાં બીજી જ પળે જે સ્થિરતા, શાંતિ અને સમતા અનુભવી શકે છે, હૃદયમાં કશી યે રગડઝગડ નથી અનુભવતો તે જ સાચો સિદ્ધ છે. આવા સાચા સિદ્ધ તો એક ગાંધીજી છે.' ('અધ્યાત્મ વાર્તાલાપ' પાનું ૨૪)

(૨) ૧૯૨૧ માં પૂજ્ય ગાંધીજી રાંદેર પધાર્યા હતા. તે સમયે યોગ્ય વ્યવસ્થા નહિ થઈ શકેલી. પૂજ્ય ગાંધીજીને ખૂબ હેરાન થવું પડેલું. નવજીવન માં પણ લખેલું કે 'રાંદેર જેવો કડવો અનુભવ તો મને મારા હિંદના પ્રવાસ દરમિયાન બીજે ક્યાંયે નથી થયો.' શ્રી ચંદુભાઈ તે વખતે રાંદેરમાં ન હતા. એમણે આ વાત જાણી ત્યારે ખૂબ દુઃખ લાગેલું. એ પછી રાંદેર પણ આગળ વધ્યું શ્રી ચંદુભાઈ કહેતા કે 'એક વાર ગાંધીજી ફરી રાંદેરમાં આવશે અને આપણે ઘેર આ જ ગાદી પર બેસશે.' અમે એ વાતને હસી કાઢતા; પણ એ ખરા પડ્યા. ૧૯૩૦ના એપ્રિલ મહિનામાં પૂજ્ય ગાંધીજી રાંદેર પધાર્યા અને ચંદુભાઈને ત્યાં જ એમણે કહેલી ગાદી ઉપર કલાકેક બેઠા. (એજન, પાનું ૭૯)

(૩) 'એમનાથી મહાન પુરુષ તો બીજો કોઈ મેં જોયો નથી.' (એજન, પાનું ૮૦)

(૪) 'ગાંધીજીનું જીવન ઊંડા ઊતરીને અવલોકો તો તમને અધ્યાત્મનિષ્ઠા શું કરી શકે છે તે સમજાઈ જશે. નથી એ પ્રખર વક્તા, નથી ભારે બુદ્ધિશાળી. દેખાવ, રૂપ રંગ પણ આકર્ષક નથી; વિદ્વત્તામાં પણ એમનાથી ચઢી જાય એવા વિદ્વાનો હશે; શારીરસંપત્તિમાં તો તદ્દન નિર્બળ છે, છતાં એ મહાબળવાન છે. એમનો એક શબ્દ આખા જગતને વિચાર કરતું કરી મૂકે છે; એમની એ મહત્તા અધ્યાત્મ-નિષ્ઠાથી થઈ છે.' (એજન, પાનું ૧૫૪).

(૫) એ પોતે ભલે કહે કે હજી પરમાત્માની મને ઝાંખી જ થઈ છે. પણ પરમાત્માનું સાન્નિધ્ય પામેલો મનુષ્ય એમનાથી

ઉચ્ચ કોટિનો નહિ હોઇ શકે. મહાન પુરુષ પોતાને અલ્પ જ સમજે છે. એમને તો બીજા જ ઓળખી શકે છે. અહિંસાને એ ક્યાં સુધી લઇ ગયા! આટલા મોટા પાયા ઉપર સક્રિય અહિંસાની સફળતાનો પ્રયોગ કરી બતાવ્યો હોય એવો કોઇ પાક્યો નથી.' (એજન પાનું ૨૮૦).

(૬) 'ગાંધીજી ખરેખર યુગપુરુષ છે, યુગપ્રવર્તક છે, અને યુગસ્રષ્ટા પણ છે. એમને સાચા સ્વરૂપમાં સમજનારા ઘણા ઓછા છે.....એમની આંખ અને એમની વાણી એ બે જ એમને મહાન પુરુષ તરીકે જાહેર કરવાને પૂરતા છે. આજે નહિ તો પાંચ પચીશ વર્ષે પણ એમણે સૂચવેલા માર્ગ સિવાય જગતમાં શાંતિ સ્થાપવાનો બીજો માર્ગ જ નથી.' (એજન, પાનું ૨૮૧).

૫. પૂજ્ય રવિશંકર મહારાજ (૧૮૮૪-૧૯૮૪)

'ગાંધીજી એવી રીતે સમદર્શી ભાવથી જીવ્યા કે જ્યાં સુધી રામ અને કૃષ્ણ જીવશે ત્યાં સુધી એ પણ જીવશે.' ('ગીતા બોધવાણી' પાનું ૩૪૦).

પર્યુષણ પર્વ દરમિયાન સંઘને મળેલ આર્થિક સહયોગ

સંઘને ભેટ

૪૩૬૦૩ ગતાંકમાં પ્રગટ થયેલી રકમો
૧૦૦૦ ગં. સ્વ. જયાબેન મોદી
૨૫૧ શ્રી નવીનભાઇ ચુનીલાલ ગાલા

૪૪,૮૫૪

પ્રેમળ જ્યોતિ

૭૮૦૩૩ તા. ૧-૯-૮૪ના અંકમાં પ્રગટ થયેલ યાદી મુજબ
૫૦૦૦ મે. સી. જે. શાહ એન્ડ કું.
૨૫૦૧ શ્રી આર. કે. ટ્રેડીંગ કું.
૨૫૦૦ શ્રી સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૦૦૦ ગં. સ્વ. જયાબેન મોદી
૧૦૦૧ ,, પ્રમીલાબેન રમેશભાઇ દલાલ
૧૦૦૧ ,, ચીમનલાલ કેશવજી
૧૦૦૧ ,, પ્રવીણચંદ્ર રમણલાલ શાહ
૧૦૦૧ ,, અમીષા વીરેન્દ્રકુમાર દોશીની અઠ્ઠાઇ નિમિત્તે હ: શ્રી. રસિકલાલ ન્યાલચંદ દોશી
૫૦૧ ,, રતનબેન જેઠાલાલ માલદે
૫૦૧ ,, રમેશભાઇ વિમળભાઇ શેઠ
૫૦૧ ,, જશવંતીબેન ખુશાલચંદ ટીબ્બોડિયા
૫૦૧ ,, કે. એડવીન એન્જિનિયરીંગ કું. હ. લાભુભાઇ મહેતા
૫૦૧ ,, નર્મદાબેન ઠાકોરદાસ શાહ
૫૦૧ મે. મોદી ફાઉન્ડેશન
૫૦૧ ,, વાંકાનેર માતાજી તરફથી
૫૦૧ ,, એક શુભેચ્છક
૫૦૧ એક બહેન
૫૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ ,, સુશીલાબેન કે. મહેતા
૩૦૦ ,, એક બહેન
૨૫૧ ,, વિમળચંદ્ર ચીમનલાલ પરીખ
૨૫૦ ,, એક શુભેચ્છક
૨૫૧ ,, કાંતાબેન પી. વી. શાહ
૨૫૧ ,, અભય પરમાર કોપ
૨૫૧ શ્રીમતી સુલીબેન હીરાણી
૨૫૧ શ્રીમતી ભાનુબેન એમ. શેઠ
૨૫૧ ,, ભગવાનદાસ મોરારજી
૨૦૦ ,, કાંતિલાલ સી. મોદી
૨૦૧ ,, એક બહેન (કોલાબા)
૧૫૧ ,, સવિતાબેન કોઠારી
૧૨૫ ,, સવિતાબેન કાંતિલાલ શાહ
૧૦૧ ,, રમાબેન હીરાલાલ ઝવેરી
૧૦૧ ,, તારાબેન જે. કોઠારી
૧૦૧ ,, અરુણાબેન મૂળચંદ
૧૦૧ ,, શામજી ચનાભાઇ
૧૦૫ ,, અરુણભાઇ મહેતા.
૧૦૧ શ્રી સુશીલાબેન ચંદ્રકાંત મહેતા
૧૦૦ ,, કુસુમબેન સૂર્યકાંત
૧૦૦ ,, એક બહેન
૧૦૧ ,, ભાણજી ઠાકરશી દેઢીઆ
૧૦૧ ,, મુક્તાબેન એલ. સંઘવી
૧૦૧ ,, મોના અમીનભાઇ દમણિયા
૧૦૧ ,, લલિતાબેન નગીનદાસ
૧૦૧ ,, અજ્ઞાત
૧૦૦ ,, નિરત મોદી
૧૦૦ ,, મનાલી મોદી
૧૦૧ ,, બંસરી એમ. પારેખ
૧૦૧ ,, ચિન્તન વિજય દલાલ
૫૦ ,, એક બહેન
૫૧ ,, ઇન્દુલાલ હીંમતલાલ
૫૧ ,, ભારતી ભૂપેન્દ્ર શાહ
૫૧ ,, સુલોચનાબેન એમ. શાહ
૫૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧ ,, મોતીબેન કોઠારી
૫૦ ,, નીરજ નાગરાજ
૫૦ ,, મુરલી ઇન્દુ અડવાણી
૨૫ ,, મીતાબેન ગાંધી
૨૫ ,, દીપચંદ કેશરીચંદ
૨૦ ,, નિર્મળા ગાટકિયા

૩. ૧,૦૪,૪૭૧

દત્તક બાળક માટે

૫,૦૦૦ શ્રી હેમંતકુમાર મણીલાલ કગતરા
૧૦૦૦ ગં. સ્વ. દયાબેન મોદી
૫૦૧ મહેન્દ્રભાઇ હીરાલાલ શાહ

૬૫૦૧

પ્રબુદ્ધ જીવન

૫૦૧ શ્રી દેવકુંવરબેન જેસંગભાઇ
૫૦૧ ,, સરોજબેન નગીનભાઇ શાહ
૧૨૫ ,, સવિતાબેન કાંતિલાલ શેઠ
૧૨૫ શ્રી પ્રભુદાસ લીલાધર
૧૦૧ ,, અજ્ઞાત
૫૧ ,, નીલમબેન એન. કામદાર
૫૧ ,, મોતીબેન કોઠારી
૫૧ શ્રીમતી નલિનબેન કામદાર
૫૧ ,, મુક્તાબેન એલ. સંઘવી
૫૦ એક શુભેચ્છક
૨૫ શ્રી હરસુખભાઇ કૃતેહચંદ
૨૫ ,, રસિલાબેન દિલીપભાઇ કોકાવળીયા
૨૧ ,, રસિકલાલ વનેચંદ મહેતા
૧૧ ,, દીનેશ કોઠારી

૧૬૮૯-

શ્રી. મ. મો. શાહ સા. વા. પુસ્તકાલય

૧૨૫ શ્રી પ્રભુદાસ લીલાધર
૧૦૧ ,, અજ્ઞાત
૫૧ ,, મોતીબેન કોઠારી
૫૧ ,, મુક્તાબેન એલ. સંઘવી
૫૧ ,, નાલનાબેન કામદાર
૫૦ ,, એક શુભેચ્છક
૨૫ ,, હરસુખ કૃતેહચંદ શાહ
૨૫ ,, રસિલાબેન દિલીપભાઇ કોકાવળીયા
૧૧ ,, દિનેશ કોઠારી

રૂ. ૪૯૦

પેટ્રન સભ્ય

શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠ.

ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર

રૂ.૨૫૭૯૪૬ તા. ૧-૯-૮૪ ના અંકમાં પ્રગટ થયેલી યાદી મુજબ.

૧૫૦૧ શ્રી. ચંદ્રકાંત ટી. દોશી
૧૫૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૫૦૦ સ્વ. પન્નાલાલ ચમનલાલ કોઠારી
૧૧૧૧ મે. ચીમનલાલ મગનલાલ એન્ડ કું.
૧૦૦૦ શ્રી સવિતાબેન કોઠારી
૧૦૦૧ ,, ચીમનલાલ કેશવજી
૧૦૦૦ ,, ચંદુલાલ લલ્લુભાઇ ફાઉન્ડેશન ટ્રસ્ટ
૧૦૦૧ ,, પ્રમીલાબેન રમેશભાઇ દલાલ
૧૦૦૧ સ્વ. રમણીકલાલ ભોગીલાલ ઝવેરી હ: શ્રી. કુસુમબેન
૧૦૦૦ ગં. સ્વ. જયાબેન મોદી
૫૦૦ શ્રી નાથુભાઇ વધાણી
૫૦૦ ,, ગુલાબબેન બાલાચંદ મહેતા
૫૦૧ ,, કે. યુ. મહેતા
૫૦૧ ,, એક બહેન
૫૦૧ ,, હસમુખલાલ હરખચંદ દોઢીવાલા
૫૦૦ ,, સુશીલાબેન કે. મહેતા
૫૦૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૦૦ ,, સવિતાબેન કાંતિલાલ શાહ
૫૦૦ ,, કાંતિલાલ ભાઇચંદભાઇ શાહ
૨૫૧ ,, નિરંજન રવિલાલ ઢીલા
૨૦૧ ,, મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૦૧ ,, નર્મદાબેન ઠાકોરલાલ શાહ
૨૦૧ ,, કાંતિલાલ છોટાલાલ શાહ
૨૦૧ ,, મણીલાલ એસ. પટેલ
૧૦૧ ,, સુશીલાબેન ચંદ્રકાંત મહેતા
૧૦૧ ,, સુલોચનાબેન એમ. શાહ
૧૦૧ ,, જ્યોતિબેન પી. સોની
૧૦૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ ,, એક સદ્‌ગૃહસ્થ
૧૦૧ ,, મુકતાબેન એલ. સંઘવી
૧૦૧ ,, લલિતાબેન નગીનદાસ
૧૦૧ શ્રી પ્રતાપરાય બી. શાહ
૧૦૧ ,, અજ્ઞાત
૧૦૦ ,, મંગળાબેન ઝાટકિયા
૧૦૧ ,, એમ. ડી. પરેખ
૫૦ ,, દીપચંદ કેશરીચંદ શાહ
૫૦ ,, એક સદ્‌ગૃહસ્થ
૫૧ ,, મોતીબેન કોઠારી
૫૧ ,, નીલેશ પી. સોની
૫૦ ,, નીરેન નાગરાજ
૫૧ ,, પદ્માબેન શિરિષ મહેતા

૨,૭૬,૫૩૩

આજીવન સભ્યો

શ્રી જયસુખલાલ ચંપકલાલ વોરા
,, નૌતમલાલ ધરમશી શેઠ
,, કલ્યાણજી કે. દેઢીઆ
,, રાજીવ નગીનદાસ શેઠ
,, વિનોદરાય અ. દોશી
,, વિનોદરાય એમ. વડાલિયા
,, બચુભાઇ જમનાદાસ
,, હિંમતલાલ ઉજમશી શાહ
,, રાજેન્દ્ર એમ. ઝવેરી
,, છેલશંકર અમૃતલાલ પૂંજાણી
,, પ્રમોદ અમૃતલાલ પૂંજાણી
,, સુલીબહેન હીરાણી
,, પ્રમોદચંદ્ર પોપટલાલ શાહ

શ્રમ મંદિરને ભેટ

૬૪૮૩ અગાઉ પ્રગટ થયેલી રકમ
૧૫૦૦ શ્રી પરેશ વિમળાભાઇ શાહ
૧૦૦૦ ,, રસિલાબેન મહેન્દ્રભાઇ ઝવેરી
૫૦૧ ,, લક્ષ્મીબેન હીરજી શાહ
૫૦૧ ,, માંગીબેન જુઠાભાઇ શેઠ
૬૬૧ ,, એકયુપ્રેશરની બહેનો તરફથી
૫૦૧ ,, દેવકુંવરબેન જેસંગભાઇ
૨૫૧ ,, રૂપાલી અમીચંદ શાહ
૨૫૧ ,, હેમલ જયંતિલાલ
૨૫૧ ,, કૌશિક જયંતિલાલ
૨૫૧ ,, દિપેશ જયંતિલાલ
૨૫૧ ,, કુંદનબેન આર. ગાંધી
૨૦૦ ,, કાંતિલાલ ચી. મોદી
૧૦૦ ,, કુશીન મોદી

રૂા. ૧૨૭૦૨

મશીન-ટેલિફોન બુથ માટે

૩૫૦૦ સ્વ. જગજીવનદાસ કકલચંદ દોશી હા. સ્મિતા ટ્રેડીંગ કોર્પોરેશન
૩૫૦૦ એક સદ્‌ગૃહસ્થ

૭૦૦૦

ટી. બી. પેશન્ટ યોજના

૫૦૦૦ શ્રી પ્રાણલાલ મોહનલાલ વડાલીયાના સ્મરણાર્થે હ. નિર્મલાબેન વાડલીયા
૨૫૦૦ શ્રી ચીમનલાલ જેસીંગલાલ દલાલ એન્ડ ફેમીલી

૭૫૦૦

શ્રી દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ

૧૦૦૦ ડૉ. રમણલાલ સી. શાહ
૧૦૦૦ પ્રો. તારાબેન ર. શાહ
૧૦૦૦ શ્રીમતી ધીરજબેન દી. શાહ
૧૦૦૦ શ્રી અમિતાભ ર. શાહ
૧૦૦૦ શ્રીમતી શૈલજા ચેતનભાઇ શાહ
૧૨૫ શ્રી પ્રભુદાસ લીલાધર
૫૧ શ્રીમતી નલિનીબેન કામદાર
૫૦ એક શુભેચ્છક

૫૨૨૬

સંઘને જુદી જુદી પ્રવૃત્તિ માટે મળેલ ભેટની તારીજ

ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર	રૂા. ૨,૭૬,૫૩૩
પ્રેમળ જ્યોતિ	રૂા. ૧,૦૪,૪૭૧
સંઘને ભેટ	રૂા. ૪૪,૮૫૪
મશીન, સ્ટોલ, ટેલિફોન બુથ માટે	રૂા. ૭,૦૦૦
ટી. બી. પેશન્ટ યોજના માટે	રૂા. ૭,૫૦૦
દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટને ભેટ	રૂા. ૫,૨૨૬
વ્યાખ્યાનમાળાને ભેટ	રૂા. ૨૧૬૬
પ્રબુદ્ધ જીવનને ભેટ	રૂા. ૧,૬૮૯
દત્ત બાળક	રૂા. ૬૫૦૧
શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય	રૂા. ૪૯૦
ઝોળીમાં	રૂા. ૨૫,૦૦૦
કુલ	રૂા. ૪,૮૧,૪૩૦

(પાના ૧૦૨ થી ચાલુ)

વિપરીત અસર વધુ ભયંકર હોય છે, કારણ કે એથી માણસનું વ્યક્તિત્વ જ તદ્દન બદલાઇ જાય છે. ચિત્તશક્તિ ઉપર કે જ્ઞાનતંતુઓ ઉપર થતી માઠી અસરને પરિણામે એ દવા લેનાર વ્યક્તિ વિચિત્ર રીતે વર્તવા લાગે છે. એની માનસિક સમતુલા ખોરવાય છે. એથી સમાજમાં એની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. એવી દવાની અસર હેઠળ ગુનાહિત અપકૃત્ય કરનાર માણસની સામે અદાલતમાં કામ ચલાવવામાં આવે તો તે અંગે પણ ભવિષ્યમાં કેટલાક પ્રશ્નો ઊભા થશે. ડોકટરની સલાહ અનુસાર દવા લીધી હોય અને તે પછી ગુનાહિત કાર્ય થયું હોય, ડોકટરને પૂછ્યા વગર પોતાની મેળે વધુ કે ઓછા પ્રમાણમાં દવા લીધી હોય અને તેની અસર હેઠળ ગુનો થયો હોય, ખરેખર ગુનેગાર હોય અને પોતે દવાની અસર હેઠળ ગુનો કર્યો છે તેવો ખોટો બચાવ કરે, (એના લોહી અને પેશાબનો રિપોર્ટ પણ ગેરમાર્ગે દોરવનારો હોય) તો આવા બધા કિસ્સાઓમાં એક સરખો ન્યાય તોળવાનું અઘરું થઇ પડશે. આ તો જાહેરમાં નોંધાય એવા કિસ્સાઓની વાત થઇ પરંતુ અંગત જીવનમાં, ઘર અને કુટુંબોમાં, પાડોશીઓ સાથે, મહેમાનોની સાથે, નોકર – નોકરાણી સામે ખાનગીમાં અણછાજતું વર્તન કરી દવાનું બહાનું કાઢનાર માણસની વાત તો જાહેરમાં કદાચ ન પણ આવે. આ અને આવી બીજી ઘણી સમસ્યાઓ આ નવી દવાઓ ઊભી કરતી જશે. શરાબના અતિસેવનથી માણસ અસંબદ્ધ, બેહૂદું કે અસભ્ય વર્તન કરે છે, પરંતુ તે પહેલાં તેના ચહેરો ચાડી ખાય છે. દવાઓના સેવનમાં તેવું બનશે? ભવિષ્યની દવાઓ માણસ પાસે બિલાડી, કૂતરું, વાંદરો કે વાઘ-સિંહ જેવાં વાણી, વર્તન કે નરપિશાચ જેવું વર્તન નહિ કરાવે એમ કેમ કહી શકાય?

દવા બનાવનારી કંપનીઓ માત્ર કમાણી કરવા તરફ જ લક્ષ્ય રાખતાં લોકોના શારીરિક અને માનસિક આરોગ્ય પ્રત્યેની પોતાની નૈતિક, સામાજિક જવાબદારી પણ લક્ષ્યમાં રાખે એવી આશા વધુ પડતી ન ગણાય.

સાભાર સ્વીકાર

એકયુપ્રેશર દ્વારા અંધત્વ નિવારણ

લે. દેવેન્દ્રભાઇ કે. વોરા કીમત ૦-૫૦

પ્રકાશક: શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦

યોગદર્શન સમુચ્ચય ભા. ૧

વ્યાખ્યાન: પ. પૂ. આ. શ્રી વિજયભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજ કીમત ૨૫ ૦૦

પ્રકાશક: દિવ્યદર્શન ટ્રસ્ટ C/o કુમારપાળ વી. શાહ ૬૮, ગુલાલ વાડી મુંબઇ ૪૦૦૦૦૪.

(૧) શ્રી રવિશંકર મહારાજ
(૨) શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક
(૩) શ્રી ઢેબરભાઇ
(૪) શ્રી બબલભાઇ મહેતા

દરેકના લે: રતિલાલ અબવયું
દરેકની કીંમત ૨-૦૦
પ્રકાશક: રતિલાલ અબવયું
૩, દત્ત સોસાયટી, ભદ્ર પાસે, અમદાવાદ-૩૮૦૦૦૬.

(પાના ૧૧૦ ચાલુ)

બિહારમાં જેહાદ જગાવી. એને રાષ્ટ્રીય પરિમાણ મળે એ દરમિયાન રાષ્ટ્રવ્યાપી આંતરિક કટોકટી જાહેર થઇ અને એમને કારાવાસ મળ્યો. જેલ નિવાસ દરમિયાન એમની તબિયત લથડી અને એમને પેરોલ પર છોડવામાં આવ્યા. મૂત્રપિંડની તકલીફના કારણે નિયમિત ડાયાલીસીસ કરાવવું પડે એવી ગંભીર માંદગીની સ્થિતિમાં તેમણે રાષ્ટ્રને દોરવણી આપી, તેઓ સાચા અર્થમાં લોકનાયક બન્યા.

લોકમાનસની એક બીજી વિશિષ્ટતા પણ છે. પ્રજાના સર્વોપરી ચુકાદા બાદ એનો ફરીથી ન્યાય તોળવાની ચેષ્ટા પ્રજા સાંખી લેતી નથી કટોકટી દરમિયાન લેવાયેલાં કેટલાંક પગલાંઓ વિરુદ્ધ પ્રજાએ ૧૯૭૭ની સામાન્ય ચૂંટણીમાં ફેંસલો આપી દીધો હતો. ત્યાર બાદ ન્યાયમૂર્તિ શ્રી જે. સી. શાહના વડપણ હેઠળ તપાસપંચ નિમાયું. એ તપાસ દરમિયાન કટોકટી કાળનાં કેટલાંક કરતુતો બહાર આવ્યા. શ્રીમતી ઇન્દિરા ગાંધીની ધરપકડ કરવામાં આવી, અને એક દિવસ માટે જેલમાં પૂરવામાં આવ્યાં. સામાન્ય ચૂંટણીમાં શ્રીમતી ઇન્દિરા ગાંધીને સત્તાની બહાર રાખી પ્રજાએ તો કયારની ય સજા ફટકારી દીધી હતી એટલે એમની ધરપકડ અને સજાથી લોકમાનસ એમના તરફ સહાનુભૂતિ ધરાવતું થયું. જનતા શાસન દરમિયાન આંતરિક વિખવાદથી એ પ્રજા નેતાઓથી વિમુખ થઇ અને શ્રીમતી ઇન્દિરા ગાંધી ૧૯૮૦માં પુનઃ વડાપ્રધાન થયાં.

તેલુગુ પ્રજાના અલગ રાજ્ય માટે ૧૯૫૨માં માગણી થઇ અને શ્રી રામુલુ પોટ્ટી ઉપવાસ ઉપર ઊતર્યા હતા. પં. જવાહરલાલ નહેરુએ એ માંગણીની ઉપેક્ષા કરી હતી. ૫૮ દિવસના ઉપવાસ બાદ શ્રી રામુલુ પોટ્ટીનું અવસાન થયું. પરિણામે આંધ્રમાં તોફાનો થયા. પં. નહેરુને અલગ રાજ્યની માંગણી સ્વીકારવી પડી. પ્રજાની માંગણીની યોગ્યાયોગ્યતાનો વિચાર આવાં પ્રસંગે કામ લાગતો નથી પ્રજાને શું ખંગિત છે એ જ મહત્વનું બની રહે છે. લોકમાનસની આવી તાસીર છે.

વિલેપાર્લામાં
'પ્રેમળ જ્યોતિ'ની શાખાનું ઉદ્‌ઘાટન

'સંઘ'ની 'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિની વિલેપાર્લા શાખાનું ઉદ્‌ઘાટન રાખવામાં આવ્યું છે, જેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

ઉદ્‌ઘાટક : **ડો. એસ. સી. શેઠ**
પ્રમુખ : **શ્રીમતી સુનિતાબેન એસ. શેઠ**
અતિથિવિશેષો : **શ્રી અનુપચંદભાઇ શાહ,** ધારાસભ્ય **અને શ્રી મોહનભાઇ આર. પટેલ**
સમય : મંગળવાર, તા. ૨-૧૦-૮૪ ના રોજ સવારના ૧૦-૦૦ વાગે.
સ્થળ : ભગિની સેવા મંદિર, કુમારિકા સ્ત્રી મંડળ હોલ, બીજે માળે, સરોજિની નાયડુ રોડ, વિલેપાર્લે (પ.), મુંબઇ ૪૦૦ ૦૫૭.

આ પ્રસંગે સંઘની સ્વરોજગારી યોજના હેઠળ બે ટેલિફોન બૂથો પણ અર્પણ કરવામાં આવશે.

સૌને સમયસર ઉપસ્થિત થવા વિનંતિ.

હિમતાબેન કામદાર — લિ. ચીમનલાલ જે. શાહ
સુલીબેન હીરાણી — કે. પી. શાહ
સંયોજકો, વિલેપાર્લા શાખા — મંત્રીઓ

નીરુબેન શાહ * કમલબેન પીસપાટી
સંયોજકો, પ્રેમળ જ્યોતિ

લોકશક્તિ વિ. રાજશક્તિ

❖ ચિદ્ગગનમ્

આખરે આંધ્રમાં એન. ટી. રામારાવ પુનઃ ગાદીનશીન થયા. આ ઘટનાને લોકશક્તિના જયજયકાર તરીકે સૌએ વધાવી. આ પહેલાં જમ્મુ અને કાશ્મીરમાં વિપક્ષી સરકારને હટાવવામાં આવી હતી. એમાં પણ આંધ્રની માફક ભારોભાર અન્યાય હતો. કાશ્મીરમાં તોફાનો પણ થયાં હતાં. આમ છતાં ત્યાં લોકશક્તિ અસરકારક ન નીવડી. ફારુક અબ્દુલ્લા પ્રમાણમાં યુવાન છે, અને રાહ જોઈ શકે તેમ છે. આંધ્રમાં એન. ટી. રામારાવ હૃદયની બીમારી અને અમેરિકામાં એ અંગેની શસ્ત્રક્રિયા કરાવીને પથારીમાંથી ઊભા થાય છે ત્યાં રાજશક્તિ એમના નિકટના સાથી ભાસ્કરરાવ દ્વારા એમની પીઠ પાછળ ઘા કરે છે, અને પ્રજા એ સંકેત ઝીલે છે. કાશ્મીરમાં ફારુક અબ્દુલાને પોતાની સત્તાનું હિત હતું. આંધ્રમાં પણ એ તત્ત્વ હતું. આમ છતાં મૂલ્યોની જાળવણી માટે એન. ટી. રામારાવે નાજુક તબિયતમાં જોખમ વહોર્યું. રાજ્યપાલ સમક્ષ પોતાની બહુમતી પુરવાર કરવા ૧૬૧ ધારાસભ્યો સાથે હાજર થયા. પરંતુ એની રાજ્યસત્તાએ ઉપેક્ષા કરી. આ સંજોગોમાં રામરાવે પોતાના સમર્થક ધારાસભ્યો સાથે રાષ્ટ્રપતિ સમક્ષ કવાયત કરી. એથી આંધ્રની ઘટનાને રાષ્ટ્રવ્યાપી પરિમાણ મળ્યું. હરિયાણા, સિક્કીમ, વગેરે રાજ્યોમાં વિપક્ષી સરકાર રચવા ન દેવા કે વિપક્ષી સરકારને હટાવવામાં આંધ્રની ઘટના પરાકાષ્ઠારૂપ છે. આંધ્રમાં લોકશક્તિ જાગ્રત હતી એવા સંજોગોમાં મોટી લાલચની દરખાસ્ત થાય. પરંતુ લોકશક્તિનો પ્રભાવ એવો હતો કે ધારાસભ્યો રામરાવને છોડી ન શક્યા. લોકશક્તિનો આવો પરિચય ઇ. સ. ૧૯૭૭ની સામાન્ય ચૂંટણી બાદ, શ્રી જગજીવનરામ અને તેમના પક્ષને થયો હતો અને તેમના પક્ષને જનતા પક્ષમાં વિલીન થવું પડ્યું હતું.

વ્યક્તિપૂજા (Hero Worshipping) એ આપણી રાષ્ટ્રીય તાસીર છે. પોતાની સમગ્ર કારકિર્દી કે જીવન પ્રજાને સ્વીકૃત એવા સાર્વજનિક હિત માટે હોડમાં મુકાય અને એની પ્રજાને પ્રતીતિ થાય તો લોકશક્તિ એવા મર્દાનગી-ભર્યાં વ્યક્તિત્વને કોઠું આપે છે. લગભગ છેલ્લા બે દાયકાના સમય પર નજર નાખીએ તો લાલબહાદુર શાસ્ત્રી, ઇન્દિરા ગાંધી, મોરારજી દેસાઇ, જયપ્રકાશ નારાયણ અને એન. ટી. રામારાવ : આ બધાં વ્યક્તિત્વનું આવી ભૂમિકા પર પ્રજાએ સમર્થન કર્યું છે.

ઇ. સ. ૧૯૬૪માં પંડિત જવાહરલાલ નહેરુના અવસાન બાદ લાલબહાદુર શાસ્ત્રી વડાપ્રધાન થયા, પરંતુ પાકિસ્તાન સામેના યુદ્ધમાં વિજયી થવાને પગલે તેઓ પ્રજાપ્રિય નેતા બન્યા. ઇ. સ. ૧૯૬૬ માં એમના અવસાન બાદ વચગાળાના સમય માટે અને ઇ. સ. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણી બાદ શ્રીમતી ઇન્દિરા ગાંધી વડા પ્રધાનપદે આરૂઢ થયાં. પરંતુ ઇ. સ. ૧૯૬૯ માં રાષ્ટ્રીય કૉંગ્રેસનું વિભાજન થયું અને તેઓ લઘુ-મતીમાં મુકાયાં. લોકહિતમાં પોતાની કારકિર્દીનું આવું જોખમ તેમને વહોરવું પડ્યું એવું પ્રજાના મનમાં તેઓ સફળતા-પૂર્વક ઠસાવી શક્યાં. ઇ. સ. ૧૯૭૧ની સામાન્ય ચૂંટણીમાં પ્રજાએ એમને સંગીન બહુમતી આપી, અને લોકમાનસે તેમને સ્વીકાર્યાં. બંગલા દેશના યુદ્ધમાં તેઓ વીરાંગના તરીકે બહાર આવ્યાં, અને ૧૯૭૨માં રાજ્યોની ધારાસભાની ચૂંટણીમાં એમને પ્રજાનું પુનઃ સમર્થન મળ્યું. તાજેતરમાં આતંકવાદે માઝા ઊંચકયું ત્યારે તેમણે ખૂબ જ સંયમ અને ધૈર્ય જાળવ્યું. પરંતુ એ આતંકવાદે માઝા મૂકી ત્યારે લશ્કરી પગલાં પણ લીધાં. એ વખતે પ્રજાએ તેમનામાં 'દુર્ગા'ના દર્શન કર્યાં. એ ક્ષણિક નીવડ્યું. આતંકવાદથી પરિસ્થિતિ એવી સર્જાઈ કે લશ્કરી પગલાં લેવા આવશ્યક બન્યા અને એમની પ્રતિષ્ઠા પુનઃ સ્થપાય એવું હેત્વારોપણ એમના આ પગલાંમાં થયું. આજે લોકનજરમાં એમની પ્રાતષ્ઠાનો આંક એટલો ઊંચો રહ્યો નથી.

મોરારજીભાઇ દેસાઇ મહાગુજરાતના આંદોલન વખતે ઇ. સ. ૧૯૫૬માં ઉપવાસ ઉપર ઊતર્યાં : પ્રજાને એ સ્વીકાર્ય ન હતું. એમની સક્ષમાં ચક્કું ય ન ફરકયું. ઇ. સ. ૧૯૭૪ માં ગુજરાતમાં નવનિર્માણનું આંદોલન થયું. પરંતુ ઇન્દિરા ગાંધી ધારાસભાના વિસર્જનની માંગણીને મચક આપતાં ન હતાં. અમાં શ્રી મોરારજીભાઇએ આ માગણીના સમર્થનમાં અનશન કર્યું. નવનિર્માણ આંદોલનને એથી નવું પરિમાણ મળ્યું. ઉપવાસથી મોરારજીભાઇની તબિયત લથડે અવા સંજોગો થયા અને વધારે તાણતા તૂટી જાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. એટલે ધારાસભાના વિસર્જનની લોકમાંગણી સ્વીકારવામાં આવી. વડા પ્રધાન ઇન્દિરા ગાંધીની પણ એક તાસીર છે : હવેલી લેતાં ગુજરાત ખોવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તેઓ લોકશક્તિને નમતું આપે છે. આંધ્ર એનો તાજો દાખલો છે. અનામત બેઠકના આંદોલનમાં સો એ સો ટકા એવી સ્થિતિનું નિર્માણ થયું ન હતું. તેમાં પ્રજાના બે જુદા જુદા વર્ગનું હિત ટકરાતું હતું. એટલે લોકશક્તિ સંગઠિત ન હતી અને વડા પ્રધાને મચક ન આપી. ઇ. સ. ૧૯૭૫ માં રાષ્ટ્રવ્યાપી આંતરિક કટોકટી લાદવામાં આવી. ૧૯ માસના કારાવાસ બાદ બધાં જ વિપક્ષી નેતાઓ મુક્ત થયાં. પ્રજાએ એમનું વીરોચિત સન્માન કરી રાષ્ટ્રની ધૂરા સોંપી. મોરારજીભાઇના સંદર્ભમાં પ્રજાની વિશિષ્ઠતા નોંધવા જેવી છે : શિસ્તપ્રેમી, વહીવટી નિષ્ણાત અને ચીન સાથેના યુદ્ધમાં રાષ્ટ્રહિતમાં સુવર્ણ નિયંત્રણ ધારાના સર્જક મોરારજીભાઇ પ્રજાને સ્વીકાર્ય નથી. યુદ્ધકાળમાં ચર્ચિલની પ્રજાને સ્વીકાર્ય વિન્સ્ટન ચર્ચીલ શાંતિકાળમાં સ્વીકાર્ય ન હતા, તેના જેવી આ બાબત છે.

લોકનાયક જયપ્રકાશ નારાયણે અનેક મોરચે લડત આપી. રાજકારણ છોડી રચનાત્મક કાર્ય તરફ વળ્યા. પરંતુ એમનું કાઠું શુદ્ધ રાજકારણનું હતું. ગુજરાતના નવનિર્માણ આંદોલન બાદ ભ્રષ્ટાચાર સામે એમણે

(વધુ માટે જુઓ પાનુ ૧૦૬)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ક્રિન્ટ ક્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. 1-37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧૦-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

પદ અને પાત્રતા

● રમણલાલ ચી. શાહ

વડા પ્રધાન કે નાયબ વડા પ્રધાન હોય, પ્રમુખ કે ઉપ-પ્રમુખ હોય, જનરલ કે બ્રિગેડિયર હોય, કલેક્ટર કે ડેપ્યુટી કલેક્ટર હોય, મંત્રી કે ઉપમંત્રી હોય, ચાન્સેલર કે વાઇસ-ચાન્સેલર હોય, પ્રોફેસર કે લેક્ચરર હોય, ડાયરેક્ટર કે ડેપ્યુટી ડાયરેક્ટર હોય, મંડલેશ્વર કે મહામંડલેશ્વર હોય, આચાર્ય કે ઉપાધ્યાય હોય-સંસારનાં સામાજિક, શૈક્ષણિક, રાજકીય કે ધાર્મિક ઇત્યાદિ વિવિધ ક્ષેત્રનાં અવેતન કે સવેતન અધિકારનાં જે અનેકવિધ કાયમનાં કે સમયાવધિવાળાં નાનાં - મોટાં પદ છે, તે દરેક ઉપર યોગ્ય, અધિકારી, પૂરી પાત્રતા ધરાવતી વ્યક્તિ બિરાજતી હોય તો દુનિયામાં સુવર્ણયુગ સ્થપાય. પરંતુ વાસ્તવમાં તે શક્ય નથી. અધિકારનાં કેટકેટલાં પદ ઉપર અયોગ્ય, અનાધિકારી, અપાત્ર વ્યક્તિ ખટપટ કરીને બેસી જાય છે અને પછી પોતાના પદનો એવો તો દુરુપયોગ કરે છે કે જેથી ખુદ પદ પણ શરમાય છે. જાગૃત સમાજ ક્યારેક એવી વ્યક્તિઓને પરાણે પદભ્રષ્ટ કરીને જ જંપે છે.

દરેક પદ ઉપર હંમેશાં યોગ્ય વ્યક્તિ જ બિરાજે છે એવું નથી હોતું. ઉચ્ચ સ્થાને બેઠેલી કેટલીક વ્યક્તિઓની લાયકાતનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે લાગે છે કે એના કરતાં વધુ યોગ્ય વ્યક્તિને એ સ્થાન મળ્યું હોત તો એકંદરે સમાજને વધુ લાભ થાત.

કેટલીક પદ વ્યક્તિથી શોભે છે, અને કેટલીક વ્યક્તિઓ પદથી શોભે છે. કેટલાક માણસો એવા ગુણસંપન્ન અને કાર્યદક્ષ હોય છે કે એમને જે પદ આપવામાં આવે તે પદને તેઓ તરત ગૌરવ અપાવે છે. પદ વગર પણ સમાજમાં તેમનું સ્થાન ઘણું ઉચ્ચ અને આદરણીય હોય છે. કેટલાક નાના માણસોને મોટું પદ મળતાં અચાનક મોટા દેખાવા લાગે છે, પદ પરથી નિવૃત્ત થતાં ફરી પાછા તેઓ એવા જ નિસ્તેજ અને વામણા દેખાય છે. પછી લોકો એમનો ભાવ પૂછતા નથી એ વાત જીવનભર એમને ખૂંચ્યા કરે છે.

જે દેશમાં ઉચ્ચતર, ઉચ્ચતમ પદ ઓછાં હોય અને તેના માટે ઉમેદવારો ઘણા બધા હોય તો તે દેશમાં જેટલી વ્યક્તિઓને એ પદ મળે તેના કરતાં ઘણા બધા માણસો એ પદ ન મળવાને કારણે નિરાશ થાય છે. નિરાશ થયેલા કેટલાક માણસો અને એની તરફેણ કરનારાં સગાં-સંબંધીઓ કે ચાહકો નિંદાનું વાતાવરણ સમાજમાં ફેલાવે છે. પદ માટે પસંદગી પામેલ વ્યક્તિ કે પસંદગી કરનાર સભ્યોની સાચી કે કલ્પિત ટીકા, નિંદા; ચારિત્ર્યખંડન એ એમનું મુખ્ય લક્ષ્ય હોય છે, ક્યારેક આવી ટીકા, નિંદા અને એની પ્રતિક્રિયા વર્ષો સુધી ચાલ્યા કરે છે. સમાજમાં એ દ્વારા વિચાર કે લાગણીનું પ્રદૂષણ ફેલાયા કરે છે. અને વાતાવરણ તંગ રહ્યા કરે છે.

યુરોપ-અમેરિકામાં આજીવિકાનો પ્રશ્ન આપણા જેટલો ગંભીર ન હોવાના કારણે તથા વસતિના પ્રમાણમાં વિવિધ અધિકારનાં સંખ્યાબંધ સ્થાનો હોવાના કારણે ત્યાં પદ માટે બહુ સ્પર્ધા હોતી નથી, અને માણસને પોતાની ઇચ્છા તથા લાયકાત અનુસાર યોગ્ય પદ મળી રહે છે. કેટલીક વાર તો અમુક સ્થાન ઉમેદવારોના અભાવે ખાલી પડી રહે છે. આપણે ત્યાં પદ ઓછાં અને ઉમેદવારો ઘણા બધા હોય છે. (મુંબઇમાં જાહેર ક્ષેત્રની એકાદ નોકરી માટે ક્યારેક હજાર-બે હજાર અરજીઓ આવે છે. લાયકાત મેટ્રિક સુધીની મગાય છે, પરંતુ એમ. એ. થયેલા સંખ્યાબંધ ઉમેદવારો પણ અરજી કરતા હોય છે.) તીવ્ર રસાકસીભરી સ્પર્ધા હોવાને કારણે ઘણી ખટપટ થાય છે, લાગવગ લગાડાય છે, અને ક્યારેક ઉમેદવારની પસંદગી બધાને આશ્ચર્યમાં ડૂબાડી દે છે. કોઇ પણ દેશની જેમ જેમ આર્થિક સમૃદ્ધિ વધતી જાય તેમ તેમ યોગ્ય પદ માટે યોગ્ય વ્યક્તિ મળતી જાય એવું સામાન્ય રીતે બને છે. પરંતુ ગરીબ દેશોમાં અનેક યોગ્ય સુપાત્ર વ્યક્તિઓ ઉચ્ચતર કે ઉચ્ચતમ પદ પ્રાપ્ત કર્યા વિના નિરાશામય જીવન પુરું કરે છે.

ભારતમાં દલિત, શોષિત એવા પછાત વર્ગના લોકોને ન્યાય આપવાની દૃષ્ટિએ તથા એ વર્ગનો ઉત્કર્ષ થાય એ દૃષ્ટિએ કેટકેટલાં પદ એ વર્ગને માટે અનામત રાખવામાં આવે છે. એમ કરવામાં સામાજિક દૃષ્ટિ રહેલી છે. ઘણે અંશે તે દૃષ્ટિ યોગ્ય પણ છે; પરંતુ એક વર્ગને ન્યાય કરવા જતાં અન્ય વર્ગને કે વ્યક્તિને અન્યાય થાય એવું પણ બને છે. જેમ સમાજના ઉચ્ચ વર્ગના લોકોમાંથી પસંદગી પામેલ બધા જ માણસો પદને શોભાવે છે એવું બનતું નથી, તેમ પછાત વર્ગમાંથી પસંદગી પામેલા બધા જ માણસો પોતાના પદને ગૌરવ અપાવે એવું કામ કરે છે એમ નહિ કહી શકાય. પછાત વર્ગમાંથી પસંદગી પામેલા માણસોથી કોઇ આખું ખાતું બરાબર જામ છે ત્યારે તેની આબોહવા જ કંઇક જુદી વરતાય છે એવું કેટલાક અનુભવીઓ કહે છે. એ અભિપ્રાયમાં એમનો પૂર્વગ્રહ પણ કામ કરતો હશે, તો પણ ત્યાં એક અભ્યાસ કરવા જેવો વિષય છે.

કેટલીક સંસ્થાઓમાં કોઇક પદ માટે ઉમેદવારની પસંદગીમાં રાજકીય પક્ષો પણ દોરીસંચાર કરે છે, અને પોતાના પક્ષની તરફેણ કરનાર ઉમેદવારને પદ અપાવવા માટે પેંતરા રચે છે. ક્યારેક યોગ્ય અધિકારી ઉમેદવારને નાપસંદ કરવા માટે ઇન્ટરવ્યૂમાં એવા ઓટા, મેફામ પ્રશ્નો જાણીજોઇને પુછાતા હોય છે કે જેના સંતોષકારક ઉત્તર ઉમેદવાર આપી જ ન શકે. ઊંચી કક્ષાના સારા ઉમેદવારને પણ કેમ મૂંઝવવો, હંફાવવો, ગભરાવી મારવો એની કળા ઇન્ટરવ્યૂ લેનાર કેટલાક માણસો બહુ સારી ધરાવતા હોય છે. સર્વશ્રેષ્ઠ વ્યક્તિને પણ નપાસ કરવાની શક્તિ ઇન્ટરવ્યૂની પદ્ધતિમાં રહેલી છે.

કોઇ પદ માટે વ્યક્તિની પસંદગી કરતી વખતે એના સ્વભાવ કે ચારિત્ર્યની વિચારણા કરવામાં આવે તો તે કેટલે અંશે યોગ્ય છે? શૈક્ષણિક લાયકાત, અનુભવ, આવડત અને બૌદ્ધિક સ્તર વગેરેની દૃષ્ટિએ નિરપેક્ષ ધોરણે વ્યક્તિની પસંદગી કરવી જોઇએ; ઉમેદવારની આગળ-પાછળની અંગત વાતોને લક્ષમાં ન લેવી જોઇએ એવો એક મત પ્રવર્તે છે. પરંતુ ખાનગી પેઢીઓ કે જાહેર સંસ્થાઓ તો પોતાનાં હિતને જ લક્ષ્યમાં રાખશે અને ગમે તેવી હોશિયાર વ્યક્તિ દ્વારા પણ ખટપટ, નિંદા, ઝઘડા, કલુષિત વાતાવરણ વગેરેને કારણે પોતાના કાર્યને, કાર્યવાહીને અને હિતને નુકસાન પહોંચે એમ હોય તો તેવી વ્યક્તિને પસંદ નહિ જ કરે. જે ધંધો ખોટમાં ચાલે એ લાંબો સમય કેમ નભાવી શકાય? એટલે કોઇક પદ માટે અમુક વ્યક્તિની વ્યાવસાયિક યોગ્યતા બધા કરતાં ચડી જાય તેવી હોય છતાં તેના વિચિત્ર, તકરારી સ્વભાવને કારણે તેને તે પદ ન મળે એવું પણ બને છે. જ્યારે આવી લાયકાતવાળી વ્યક્તિની પસંદગી ન થાય તો એને અન્યાય થયો છે એમ ન કહી શકાય? તો બીજી બાજુ નિમણુંક આપનાર સંસ્થા એમ કહે છે કે અમે ઉમેદવારોને ન્યાય આપવા બેઠા નથી. સંસ્થાનું કામ વધુ સારી રીતે કેમ થઈ શકે એ જ અમારું લક્ષ્ય હોય છે. ઉમેદવારને ન્યાય આપવા જતાં સંસ્થાને અન્યાય થાય છે તેનું શું?'

ખાનગી કંપનીઓમાં તો માલિક કે ડિરેક્ટર પોતે જ પોતાની મરજી મુજબ યોગ્ય ઉમેદવારની પસંદગી કરી શકે છે. પરંતુ સરકારીતંત્રમાં તેમ નથી ચાલતું. પબ્લિક સર્વિસ કમિશનમાં તો છ-સાત જુદા જુદા પ્રતિનિધિઓ દ્વારા ઉમેદવારોનો ઇન્ટરવ્યૂ લેવાય છે અને બહુમતી કે સર્વાનુમતિથી નિર્ણય થાય છે. ત્યાં શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક અનુભવને આધારે તથા ઇન્ટરવ્યૂમાં તેણે આપેલા જવાબોના આધારે ઉમેદવારની પસંદગી થાય છે. તેનો સ્વભાવ કે ચારિત્ર્ય સામાન્ય રીતે લક્ષ્યમાં લેવામાં આવતાં નથી; નિષ્ણાતોમાંથી કોઇ સભ્ય સ્વભાવ કે ચારિત્ર્યનો નિર્દેશ કરે તો એ એની અંગત બાબત છે એમ કહીને બીજા સભ્યો વિરોધ પણ કરે છે; પરંતુ એને પરિણામે કેટલાંક સરકારી કે અર્ધસરકારી ખાતાંઓમાં અપાત્ર ઉમેદવારો ઘૂસીને આખા તંત્રને ડહોળી નાખે છે. વાતે વાતે ફરિયાદો અને લબાપટ્ટી, પરિણામે એક માણસને કારણે ખાતાના બીજા ઘણા માણસોની શક્તિ સાવધાની રાખવામાં નિરર્થક વેડફાઇ જાય છે.

માણસનું ચારિત્ર્ય એ એની અંગત બાબત છે. જાહેર કે ખાનગી નોકરી સાથે એને કશો જ સંબંધ નથી અને એટલા માટે પસંદગી કરતી વખતે માણસના ચારિત્ર્યની વિચારણા ન કરવી જોઇએ; એ કામ કેવું કરે છે એ જ જોવું જોઇએ, એવો એક મત પ્રવર્તે છે. વિદેશોમાં ઘણે સ્થળે આવો અભિપ્રાય સાંભળવા મળશે. પરંતુ આ બાબતમાં દરેક પદ માટે એક જ સિદ્ધાન્ત ચાલી ન શકે. માણસ ચારિત્ર્યનો ભ્રષ્ટ હોય અને કન્યાશાળા, મહિલા કોલેજ કે મહિલાઓની સંસ્થામાં અધ્યાપક કે વહીવટી કામ કરનાર હોય તો એનાથી આઘા રહેવાનું ઘણા પસંદ કરશે. એવી ભ્રષ્ટ વ્યક્તિ કેટલાયને માટે જોખમરૂપ બને છે. કેટલાકનાં જીવનને બરબાદ કરી નાખી શકે છે. એટલે સમાજહિતચિંતકો તો આવી વિષયાસક્ત વ્યક્તિને મહિલાઓની જાહેર સંસ્થામાંથી દૂર રાખવામાં જ રાજી રહે છે. આવી કોઈ વ્યક્તિ વ્યાવસાયિક સિદ્ધિ ઘણી મોટી ધરાવતી હોય, છતાં એની લંપટતા જો જગજાહેર હોય તો એવી વ્યક્તિને નાપસંદ કરવામાં કોઇ અન્યાય થતો નથી એમ મનાય છે.

કેટલીક વ્યક્તિઓની વ્યાવસાયિક સિદ્ધિ કે પાત્રતા ઘણી ઓછી હોય છે. પરંતુ પોતાના ખુશામતખોર સ્વભાવ અને લાગતાવળતાઓને મોટી ભેટસોગાદો વખતોવખત આપીને રાજી રાખવાની કુનેહને લીધે મોટા સ્થાનો પર બેસી જાય છે. કેટલાક નાના માણસો મોટું પદ જીરવી શકતા નથી. તેમના સ્વભાવમાં તે કુટી નીકળે છે. એમની પોકળતાથી ઘણા દુભાય છે, પરંતુ તંત્ર આગળ લાચાર બની રહે છે.

જ્યારે કોઈ અપાત્ર કે અલ્પપાત્ર યુવાન વ્યક્તિ કોઇ વિભાગ કે ખાતાના વડા તરીકે ખટપટ અને લાગવગથી સ્થાન મેળવી લે છે ત્યારે તે નિવૃત્ત થાય ત્યાં સુધી હાથ નીચેના ઘણા માણસોના વિકાસને રૂંધી નાખે છે અને પોતાના વિભાગ કે ખાતાને બે-ત્રણ દાયકા સુધી નિસ્તેજ બનાવી દે છે.

આપણે ત્યાં રાજદ્વારી ચૂંટણીઓ પછી મંત્રીપદની વહેંચણીમાં ભાષા, જ્ઞાતિ, જાતિ, ધર્મ ઇત્યાદિને લક્ષ્યમાં લેવાય છે. તે તે વર્ગનું પ્રતિનિધિત્વ હોવું જોઇએ તે સાચું, પરંતુ પ્રતિનિધિત્વ ને પાત્રતા એ બંને વચ્ચે જ્યારે વિરોધ હોય ત્યારે પાત્રતાને ભોગે પસંદગી થાય તો તેથી સમાજનું હિત બહુ સચવાતું નથી. તે વર્ગ પ્રત્યે સમાજને અણગમો રહે તે તો વધારામાં. કોઇ કોઇ સંસ્થાઓનાં ઉચ્ચ સ્થાને બહુ તેજસ્વી વ્યક્તિ આવે છે ત્યારે એવી વ્યક્તિ જ્યાં સુધી હોય ત્યાં સુધી બીજાને તે સ્થાન ન મળે એ સ્વાભાવિક છે. એવી તેજસ્વી વ્યક્તિ અને એમના હાથ નીચેની બીજી વ્યક્તિઓ વચ્ચે પાત્રતાનું ઘણું મોટું અંતર હોય છે. એ વ્યક્તિ ન હોય તો બાકીની વ્યક્તિઓમાંથી અવશ્ય કોઇકને સ્થાન મળે અને એ સ્થાન માટેની તેની પાત્રતા પૂરેપૂરી હોય, પરંતુ પેલી વધુ પડતી તેજસ્વી વ્યક્તિને કારણે બીજા લોકોને ઉચ્ચતમ સ્થાન મળતું નથી. કોઇ કોઇ સંસ્થાઓમાં તો પંદર, પચીસ કે પચાસ કે સાઠ વર્ષ સુધી એક જ વ્યક્તિ એના ઉચ્ચતમ સ્થાને રહે છે. એની પાત્રતા માટે બે મત ન હોય. પરંતુ એક જ પદ ઉપર આટલો લાંબો સમય સ્થિર રહેવાને કારણે બીજી કેટલીક યોગ્ય વ્યક્તિઓ એવાં સ્થાનથી વંચિત રહી જાય છે. એમની પ્રગતિ સ્થગિત થઇ જાય છે. એમનો રસ ઓછો થઇ જાય છે. મોટી વ્યક્તિથી સંસ્થાને જેમ લાભ થાય છે, તેમ અન્ય સભ્યોની શક્તિ અને આવડતનો જેટલો લાભ

લેવાનો જોખમે તે લેવાતો નથી. એથી સરવાળે સંસ્થાને અને સમાજને લાભ કરતાં ગેરલાભ વધુ થાય છે. સમજદાર વ્યક્તિએ એક જ પદ ઉપર બહુ લાંબો સમય ચીટકી ન રહેતાં બીજાઓને તક પૂરી પાડવી જોઇએ. કેટલીક શક્તિશાળી વ્યક્તિઓ એક સાથે ઘણાં બધાં ઉચ્ચતમ પદો ભોગવવામાં રાચે છે. પણ એથી બધાં પદને પૂરો ન્યાય મળતો નથી. સમજદાર આગેવાનોએ બહુપદત્વની પણ મર્યાદા રાખવી જોઇએ. સ્થૂલ કે સૂક્ષ્મ અહંકારને પોષનારા પદનો ત્યાગ કરવો એ અઘરામાં અઘરી વાત નથી. પદમોહ પર વિજય મેળવવો એ દુષ્કર કાર્ય છે. કેટલાક સંતમહાત્માઓ સાધુઓમાં આપાતાં પદનો પણ સ્વેચ્છાએ અસ્વીકાર કરે છે.

પદમંડિત થવા છતાં વ્યક્તિ અંતરથી વિનમ્ર રહે તો તેની સુવાસ ફેલાય છે. પદાનુસાર તે તે ક્ષેત્ર કે કાર્યક્ષેત્ર માટે પૂરેપૂરી લાયકાત અને સિદ્ધિની સાથે વ્યક્તિના ઉમદા સ્વભાવ અને ઉન્નત ચારિત્ર્યનો સમન્વય થાય છે ત્યારે તેવી વ્યક્તિઓ વધુ આદરણીય, પૂજનીય બને છે. ઉચ્ચતર પદ પ્રાપ્ત થવા સાથે પોતાના વ્યક્તિત્વને તે પ્રમાણે વિકસાવવું એ પણ અઘરી કળા છે.

કોઇ પણ સમાજ કે રાષ્ટ્રમાં યોગ્ય પદ ઉપર યોગ્ય વ્યક્તિ બિરાજે એનું પ્રમાણ જેટલે અંશે વધુ તેટલે અંશે તે તે સમાજ કે રાષ્ટ્રનો ઉત્કર્ષ વધુ થાય. સર્વ સ્થાને સર્વ વ્યક્તિ પૂરી પાત્રતાવાળી હોય એવું કયારેય સિદ્ધ થશે? મનુષ્ય સ્વભાવ તેમ થવા દેશે ખરો?

સ્વ. મહુવાકર

ડૉ. રમણલાલ ચી. શાહ

'મહુવાકર'ના નામથી વિશેષ જાણીતા એવા આપણા વયોવૃદ્ધ વિદ્વાન, કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી કુલચંદ હરિચંદ દોશીનું ૮૬ વર્ષની ઉંમરે અવસાન થયું છે, એમના અવસાનથી જૈન સમાજને એક તેજસ્વી પ્રતિભાસંપન્ન વિદ્વાન અને સમાજસેવકની ખોટ પડી છે.

સ્વ. મહુવાકરને મુંબઇમાં એમના નિવાસસ્થાને કોઇ કોઇ વખત મળવા જવાનું મારે થયું હતું. જ્યારે જ્યારે એમને મળેલો ત્યારે એમના ઉમળકાભર્યા આવકારની સાથે જૈન-સમાજે વિવિધક્ષેત્રે કરવા જેવાં કાર્યો માટેની એમની તમન્ના અને ધગશની છાપ મન ઉપર ઘણી ઊંડી પડતી. જૂની પેઢીના માણસ એટલે દરેક વસ્તુમાં ખંત અને ચીવટ જણાયા વગર રહે નહિ. જે વસ્તુ હાથ પર લીધી તે કેમ પાર પાડવી તેનું જ સતત લક્ષ્ય રહે. અને તે માટે જે જે વ્યક્તિની જરૂર હોય તેને વારંવાર મળવામાં કે પત્ર લખવામાં જરા પણ થાક વરતાય નહિ. જૈનોની પોતાની સ્વતંત્ર યુનિવર્સિટી હોવી જોઇએ એવો વિચાર દાયકાઓ પૂર્વે એમણે ગાજતો કર્યો હતો. પરંતુ દુર્ભાગ્યે એ દિશામાં આજ દિવસ સુધી કોઇ નક્કર કાર્ય થયું નથી. જૈનોનાં અઢળક નાણાં પ્રતિવર્ષ વિવિધ સંગીન કે સંકીર્ણ યોજનાઓમાં ખર્ચાય છે, પરંતુ જૈન-યુનિવર્સિટીની સ્થાપનાની દિશામાં કોઇ સબળ પ્રયાસ થયા નથી. પોતાનું એ સ્વપ્ન પાર પડેલું સ્વ. મહુવાકર જીવનપર્યંત જોઇ શકયા નહિ તે શોચનીય બાબત લેખાવી જોઇએ.

સ્વ. મહુવાકરે ભાવનગરની જૈન બોર્ડિંગ; પંજાબનું ગુજરાનવાલા (હાલ પાકિસ્તાન) જૈન ગુરુકુળ; પાટણ જૈન-મંડળ છાત્રાલય, ચી. ન. વિદ્યાવિહાર, અમદાવાદ; યશોવિજય જૈન ગુરુકુળ, પાલીતાણા; શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, પાલીતાણા-એમ વિવિધ સંસ્થાઓમાં ગૃહપતિ અને નિયામક તરીકે બધું મળીને લગભગ પિસ્તાળીસ વર્ષ કાર્ય કર્યું હતું. જૈન વિદ્યાર્થીઓનાં સંસ્કારસિંચનમાં એમનું યોગદાન ઘણું મોટું રહ્યું છે.

સ્વ. મહુવાકરે શત્રુંજય, કદંબગિરિ, તારંગા વગેરે તીર્થો, તીર્થકરો, આચાર્યો, મહાનુભાવો વગેરેનાં ચરિત્રો, વાર્તાઓ, નાટકો વગેરે વિવિધ પ્રકારનાં ૬૦ થી વધુ પુસ્તકો લખ્યાં છે. એમાં સ્વ. પૂ. વિજયવલ્લભસૂરિજીનું સવિસ્તર જીવનચરિત્ર ઘણું મહત્ત્વનું છે. એમણે અંગ્રેજી અને હિન્દીમાંથી કેટલાંક પુસ્તકોના અનુવાદો પણ કર્યાં છે.

સ્વ. મહુવાકર પ્રખર વક્તા હતા. એમનો અવાજ બુલંદ હતો. એમનો અભ્યાસ સંગીન હતો. અને એથી પોતાનાં વકતવ્યથી શ્રોતાઓને તેઓ સરસ રીતે પ્રભાવિત કરી શકતા. જૈન ધર્મ વિશે વ્યાખ્યાનો આપવા માટે તેઓ ઘણે સ્થળે ફર્યા હતા. ઇ. સ. ૧૯૫૪માં પૂર્વ આફ્રિકામાં મોમ્બાસામાં નૂતન જૈન દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે તેઓ પ્રવચન આપવા માટે ગયા હતા.

સ્વ. મહુવાકર રાષ્ટ્રવાદી ભાવના ધરાવતા હતા. સમાજના ઉત્કર્ષ માટે અવનવી યોજનાઓ તેમના મનમાં રમ્યા કરતી. વિવિધ પ્રકારનાં નાનાંમોટાં સામાજિક કાર્યો કરવા માટેની એમની ધગશ યુવાનો માટે પ્રેરણારૂપ બની રહે એવી હતી.

સદ્‌ગતના આત્માને શાંતિ હો!

સંઘ સમાચાર

વાર્ષિક પર્યટન સમિતિ

આ સમિતિમાં **શ્રી ગણપતભાઈ મ. ઝવેરી** (સંયોજક), **શ્રી સુબોધભાઇ એમ. શાહ** (સભ્ય) અને **શ્રી રસિકલાલ લહેરચંદ શાહ** (સભ્ય)ની નિમણૂક કરવામાં આવી છે.

યાત્રા-પ્રવાસ સમિતિ

આ સમિતિમાં **શ્રીમતી પ્રતિભાબેન કોઠારી** (સંયોજક), **શ્રીમતી સુરેખાબેન પરીખ** (સંયોજક), **શ્રી શૈલેશભાઈ કોઠારી** (સભ્ય) અને **શ્રી અરુણભાઈ પરીખ** (સભ્ય)ની નિમણૂક કરવામાં આવી છે.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

(૧) પ્રા. તારાબેન ર. શાહ (સંયોજક) (૨) શ્રીમતી શ્રીદેવીબેન ઝવેરી (સભ્ય) (૩) શ્રીમતી રશ્મિબેન ભણશાલી (સભ્ય) (૪) શ્રીમતી મીરાંબેન રમેશભાઈ મહેતા (સભ્ય) અને (૫) શ્રી કે. પી. શાહ (સભ્ય)

ગ્રંથ પુનર્મુદ્રણ સમિતિ

(૧) પ્રા. તારાબેન ર. શાહ (સંયોજક) (૨) ડૉ. ઘનવંત તિ. શાહ (સભ્ય) (૩) પન્નાલાલ ર. શાહ (સભ્ય)

કાલિદાસ, શેક્સપીઅર અને રવીન્દ્રનાથની નારીસૃષ્ટિ

ચી. ના. પટેલ

['સંધ' યોજિત પરિસંવાદમાં તા. ૨૯-૮-૧૯૮૪ શનિવારે પ્રથમ બેઠકમાં અધ્યક્ષીય પ્રવચન]

કલ્પનાસૃષ્ટિનાં સ્ત્રીપાત્રો વિશે હું ક્યારે ને કેવી રીતે રસ લેતો થયો તે ચોક્કસ કહી શકતો નથી. એવાં પાત્રોનો પહેલો પરિચય કરવાની તક મને બાળક તરીકે મળી હતી, પણ મારા સદ્‌ભાગ્યે તે મારા એક શિક્ષકે મારી પાસેથી લઈ લીધી. મારા વતન અસારવામાં દર શ્રાવણની અમાસે મેળો ભરાતો. એક વર્ષે એ મેળામાં મેં 'સ્ત્રીચરિત્રની વાતો' નામનું પુસ્તક જોયું, અને કુતૂહલથી પ્રેરાઈને ખરીદ્યું. તે પછી થોડા માસે રેવન્યૂ ખાતામાં નોકરી કરતા મારા પિતાની બેડા બદલી થઈ. ત્યાં મને પ્રાથમિક શાળાના મારા વર્ગના શિક્ષક સાથે તેમને ઘેર જવાનો સંબંધ થયો. એક દિવસ તેમણે મને, કંઈ વાંચવાનો શોખ છે કે કેમ એ વિશે પ્રશ્ન પૂછ્યો. મેં 'હા' કહી અને ઘેરથી 'સ્ત્રીચરિત્રની વાતો'નું પુસ્તક લાવીને બતાવ્યું. તેમણે તે રાખી લીધું ને કહ્યું કે પછી આપીશ. પણ ફરી મળ્યો ત્યારે કહ્યું કે પુસ્તક ખોવાઈ ગયું. ખોવાઈ ગયા પહેલાં તેમણે તે વાંચ્યું હતું કે નહિ તે ન કહ્યું. તે જે હો તે, સ્ત્રીચરિત્ર વિશેની મારી જિજ્ઞાસા ત્યાં પૂરી થઈ ગઈ. પણ તેને બદલે કવિઓનાં ને સાહિત્યકારોનાં સ્ત્રીસર્જનોએ મારી કલ્પનામાં ભાવનાશીલ સ્ત્રીઓ પ્રત્યે જે આકર્ષણ કેળવ્યું તે મારે માટે કલ્યાણકર નીવડ્યું. એ પાત્રો દ્વારા હું જીવનમાં સ્ત્રી-શક્તિની પવિત્રતા સમજતાં શીખ્યો અને તેનાં ઉદાર ને ઉમદા આવિષ્કારો પ્રત્યે અંદર, ને કયારેક ભક્તિ અનુભવતો થયો.

પણ એવું ફળ આવતાં વર્ષો નીકળી ગયાં. શાળામાં હતો ત્યારથી હું સાહિત્ય વાંચતો થયો હતો. પણ કોઈ સ્ત્રીપાત્ર પ્રત્યે ખાસ આકર્ષણ થયાનું યાદ નથી. પહેલી નવલકથા 'ગુજરાતનો નાથ' વાંચી હતી. તેની વાર્તામાં રસ પડ્યો હતો, પણ તેનાં પાત્રો, કાક કે મંજરી, પ્રત્યે કંઈ આકર્ષણ થયું નહોતું. તે પછી રમણલાલ દેસાઈની 'પૂર્ણિમા' ને 'દિવ્યચક્ષુ' વાંચ્યા તે પણ રસથી વાંચ્યાં. પણ તે નવલકથાઓના વાર્તારસ માટે 'સરસ્વતીચંદ્ર'નો બીજો ને ત્રીજો ભાગ વાંચ્યાં, પણ તેમાં માનચતુર સિવાય કોઈ પાત્રમાં રસ પડ્યો હોય એમ યાદ નથી. કૉલેજનાં પહેલા વર્ષમાં કાલિદાસનું 'વિક્રમોર્વશીય' ભણવાનું આવ્યું અને બીજા વર્ષમાં 'મૃચ્છકટિક' તથા શેક્સપીઅરનું 'ટ્વેલ્ફ્થ નાઇટ.' તે બે વર્ષ દરમિયાન શરદચંદ્રની 'દેવદાસ' અને રવીન્દ્રનાથની 'ઘરે બાહિરે'ના અંગ્રેજી અનુવાદ વાંચ્યા. 'દેવદાસ'ની પાર્વતીમાં કંઈક રસ પડ્યો, પણ કાલિદાસની ઉર્વશી, 'મૃચ્છકટિક'ની વસંતસેના, 'ટ્વેલ્ફ્થ નાઇટ'ની વાયોલા અને 'ઘરે બાહિરે'ની વિમલા, ચારે પ્રત્યે નિરસ રહ્યો. બી. એ. ના પહેલા વર્ષમાં ટોમસ હાર્ડીની ઉત્તમ ગણાયેલી નવલકથા 'ટેસ ઑફ દુર્બરવિલે' અભ્યાસમાં હતી. તેની નાયિકા ટેસમાં મને પહેલીવાર કોઈ સ્ત્રીપાત્રમાં ખરો રસ પડ્યો. બી. એ. ના બીજા વર્ષમાં શેક્સપીઅરના 'કિંગ લિયર'નો અભ્યાસ કર્યો, તેમાં વૃદ્ધ રાજા લિયરમાં મને ખૂબ રસ પડ્યો પણ તેની પુત્રીઓ, બે રાક્ષસીઓ અને એક દેવી, મારી કલ્પનાને ન સ્પર્શી. એમ. એ. નો અભ્યાસ કરતાં મેં શેક્સપીઅરનું 'ઓથેલો' નાટક વાંચ્યું, અને તેની નાયિકા 'ડેસ્ડિમોના'માં મેં એ મહાકવિનાં સ્ત્રીપાત્રોનું જાદુ અનુભવવાનું શરૂ કર્યું. એમ. એ. પાસ થયા હું અધ્યાપક તરીકે જોડાયો તે વર્ષે મેં શેક્સપીઅરનું 'વિન્ટર્સ ટેઇલ' ભણાવ્યું. તેની નાયિકા પર્ડિટા પ્રત્યેના કવિના પિતૃભાવની કોમળતાએ મને આકર્ષ્યો. તે પછી બીજે વર્ષે 'કિંગ લિયર' ભણાવ્યું. તેમાં પણ પિતા-પુત્રી સંબંધની દૈવી કોમળતા, જે હું પાંચ વર્ષ પહેલાં બી. એ. ના અભ્યાસ માટે તે નાટક વાંચતી વેળા નહોતો અનુભવી શક્યો, તેનો પવિત્ર સ્પર્શ અનુભવ્યો. અંગ્રેજ કવિનાં એ બે નાટકોના પ્રતાપે હશે કે કેમ, ત્રણ-ચાર વર્ષ પછી મારી પુત્રીનો જન્મ થયો, અને તે પછી ૨૭ વર્ષે પૌત્રીનો જન્મ થયો, ત્યારે મેં હર્ષનો ઉમળકો અનુભવ્યો હતો તે મારા જીવનની અનેક સુખદ સ્મૃતિઓમાંની બે છે.

કલ્પનાસૃષ્ટિનાં સ્ત્રીપાત્રો વિશે આમ શરૂ થયેલું આકર્ષણ ઉત્તરોત્તર વધતું ગયું અને વાલ્મીકિની સીતા, કાલિદાસની શકુન્તલા અને ગોવર્ધનરામની કુમુદમાં મેં સ્ત્રીઓ પ્રત્યેના વૈષ્ણવી ભાવની સુંદરતા અનુભવી, જેને શરદબાબુની દીર્ઘનવલ 'શ્રીકાન્ત'ની બે મુખ્ય નાયિકાઓ, રાજલક્ષ્મી ને કમલલતાનાં પાત્રોએ દૃઢ કરી. એ ભાવ હવે મારા મન ઉપર એવો કબજો જમાવી બેઠો છે કે હું તેની યોગ્યતા-અયોગ્યતા વિશે વિચાર કરતો નથી. મારે માટે સ્ત્રી અદ્વૈત વેદાન્તની મિથ્યા માયાનું રૂપ નહિ, પણ વૈષ્ણવદર્શનની દૈવી, પવિત્ર માયાની લીલા છે, ભગવદ્‌ગીતાએ ગાયેલી પૂર્ણ પુરુષોત્તમની શ્રી ને વિભૂતિનું રૂપ છે. એ દર્શન કલ્પનાનો શ્રમ હો તો ભલે હો, મને તો સત્ય છે. પણ હું માનું છું કે વાસ્તવવાદીઓના સ્ત્રીદર્શન કરતાં વૈષ્ણવી ભાવના સ્ત્રીદર્શનમાં વધુ સત્ય છે.

સ્ત્રી પ્રત્યેના વૈષ્ણવી ભાવનો દર્શન-પ્રવાહ ભારતમાં વાલ્મીકિના રામાયણથી અને પશ્ચિમમાં પ્લેટોની તત્ત્વમીમાંસાના સૌંદર્યદર્શનથી શરૂ થયો. એ બે પ્રવાહોના રંગ એકબીજાથી ભિન્ન રહ્યા હોવા છતાં તે એકબીજામાં ભળતા રહ્યા છે. ભારતીય પ્રવાહ વાલ્મીકિના ગંગાયમુનાના સંગમ જેવો એક સાથે 'રમ્ય' ને 'પુણ્ય' છે. પશ્ચિમી પ્રવાહ મુખ્યત્વે 'રમ્ય' છે પણ છતાં તેમાં 'કિંગ લિયર'ની કોર્ડીલિયા જેવા પાત્રમાં 'પુણ્ય'ની છાયા વરતાય છે. ભારતીય સ્ત્રીદર્શનના શ્રેષ્ઠ પ્રતિનિધિઓ વાલ્મીકિ ને કાલિદાસ છે તે બેમાં વાલ્મીકિએ 'રમ્ય' ને 'પુણ્ય'નું અમૃતસ્વાદી રસાયન સિદ્ધ કર્યું છે. તેની સરખામણીમાં મને કાલિદાસના દર્શનનાં રસરંગ ઓછાં રૂપસ્પર્શક્ષમ લાગ્યાં છે. એનાં સર્જનોમાંય 'રમ્ય' ને 'પુણ્ય' બેમના રંગ છે, પણ તે એકરસ થયા વિના જુદા પ્રવાહો રૂપે વહેતા લાગે છે. બીજા, ત્રીજા ને ચોથા અંકની શકુન્તલા 'રમ્ય' છે, સાતમાની 'પુણ્ય' છે, 'કુમારસંભવ'માં તપનિરત શિવની સેવા કરતી ઉમા રમ્ય છે.' સંસ્કૃતના અભ્યાસીઓ કદાચ મારી સાથે સંમત નહી થાય, પણ 'રઘુવંશ'ની સીતા મને 'રમ્ય' કે 'પુણ્ય' નહિ પણ કરુણ લાગી છે. કાલિદાસ કરતાં અર્વાચીન ગુજરાતના, પૂર્વ ને પશ્ચિમ બન્નેના માનસપુત્ર ગોવર્ધનરામે રમ્ય ને પુણ્યનું વધુ કલ્પનાપ્રેરક, વાલ્મીકિની યાદ આપે એવું રસાયન સર્જ્યું છે.

ભારતીય સર્જકોના સ્ત્રીદર્શનમાં આમ 'રમ્ય'ની સાથે જે 'પુણ્ય'નો ભાવ ભળ્યો છે તેનું મૂળ ભારતીય તત્ત્વદર્શનની સ્ત્રી પુરુષના અદ્વૈતની પ્રતીતિમાં રહ્યું છે. ભારતીય દ્રષ્ટાઓએ પરમ તત્ત્વને સ્ત્રી ને પુરુષ બન્ને રૂપે, અર્ધનારીશ્વર રૂપે કલ્પ્યું છે. ભારતીય કવિઓ સંસારમાં વિખૂટા પડેલા પરમચેતનના એ અંશોના પુનર્યોગની ઝાંખી કરતા કરતા રહ્યા છે. અને એવા પુનર્યોગમાં તેમણે પુણ્યતાનો સ્પર્શ અનુભવ્યો છે. હનુમાને કરેલા અસ્યા દેવ્યાઃ મનસ્તસ્મિન્ તસ્ય ચાસ્યાં પ્રતિષ્ઠિતમ્ એવા રામસીતાના દર્શનમાં વાલ્મીકિએ અને સરસ્વતીચંદ્રને કુમુદના સહસ્વપ્ન વિહારમાં ગોવર્ધનરામે, ભારતીય કલ્પનાને આકર્ષતા એ પ્રેમઅદ્વૈતનાં સર્વશ્રેષ્ઠ ચિત્ર આપ્યાં છે. કાલિદાસને એવા અદ્વૈતનું કલ્પનાદર્શન નથી, પણ એ અદ્વૈતભાવનાએ પ્રેરેલા સાંસારિક જીવન આદર્શનું તેણે રોચક ચિત્ર આપ્યું છે. એ આદર્શ ધર્મ, અર્થ, કામ ને મોક્ષના ચાર પુરુષાર્થનો હતો. ભારતીય દ્રષ્ટાઓએ કામને દિવ્ય પ્રેરણારૂપે આવકાર્યો છે અને કવિઓએ તેના વિહારનું, આજના વાચકને કયારેક સ્થૂળ લાગે એવું, મુક્ત કલમે વર્ણન કર્યું છે. 'વિક્રમોર્વશીય', 'શાકુન્તલ'નો બીજો ને ત્રીજો અંક, 'કુમારસંભવ'નો ત્રીજો ને સાતમો સર્ગ, 'મેઘદૂત', એ સર્વમાં કાલિદાસે કામના પ્રભાવનું ગૌરવ કર્યું છે; પણ કાલિદાસે કલ્પેલો કામ ધર્મપ્રેરક છે, તે પ્રેમી-પ્રેમિકાને ધર્મસદાચારમાં પ્રવૃત્ત કરે છે અને અંતે વાનપ્રસ્થધર્મ દ્વારા તેમને મોક્ષયાત્રા ગતિ કરાવે છે. અને મોક્ષ એટલે અસ્તિત્વમાત્રના એકત્વનો સાક્ષાત્કાર, જેમાં સ્ત્રીપુરુષનું એકત્વ આવી ગયું. આશ્રમમાંથી વિદાય થતી શકુન્તલાને કણ્વ મુનિ આશીર્વાદ આપે છે તે એ ભારતીય જીવનભાવનાને રમ્યરૂપે મૂર્ત કરે છે. ચિરકાળ સુધી પતિના ક્ષત્રિય રાજધર્મમાં સહચારિણી બની, મુનિ શકુન્તલાને કહે છે, તેને સુયોગ્ય પુત્રની ભેટ આપી. પતિ એ પુત્રને પૃથ્વીના રક્ષણનો ભાર સોંપે ત્યારે તું પતિ સાથે આ આશ્રમમાં પાછી આવજે. કાલિદાસની કલ્પનાને આ પ્રાચીન રાજર્ષિભાવનાનું ખૂબ આકર્ષણ રહ્યું છે. 'રઘુવંશ'માં તેણે ઇક્ષ્વાકુ રાજર્ષીઓનું એ ભાવનાના શ્રેષ્ઠ પ્રતિનિધિઓ તરીકે ગૌરવ કર્યું છે. ગૃહસ્થાશ્રમ ને વાનપ્રસ્થાશ્રમ, એ બન્ને સ્થિતિમાં સ્ત્રીપુરુષનો ધર્મસહચાર માત્ર એમના પોતાના કલ્યાણ માટે નથી, સમગ્ર સંસારના કલ્યાણ માટે છે, 'કુમારસંભવ'ની પ્રેરણા એ ભાવનામાં રહેલી છે. શિવ ને ઉમાનો યોગ રાક્ષસોના સંહાર ને દેવોના રક્ષણ માટે સેનાની કાર્તિકેયના જન્મ અર્થે છે. ઉમા પોતે તે જાણતી નથી, પણ શિવ જેવી, ધર્મચક્ષુને અનાકર્ષક જ નહિ પણ ભયપ્રેરક મૂર્તિ માટે તેને આકર્ષણ થાય એ ઘટનામાં જ તેના કામની પાછળ રહેલી દૈવી પ્રેરણાનો સંકેત છે. ઉમાની અંતઃચેતનાને શિવની બાહ્ય આકૃતિનું નહિ, તેમના કલ્યાણમય અંતરસ્વરૂપનું આકર્ષણ છે, અને તે એ કલ્યાણરૂપને યોગ્ય બને, પરમ તપસ્વી શિવની સહધર્મચારિણી બને, તે અર્થે કવિએ તેને તપશ્ચર્યાની અગ્નિપરીક્ષામાંથી પસાર કરાવી છે. શાકુન્તલ'માં સ્ત્રી-પુરુષના કામસદાચારમાંથી ધર્મસદાચાર પ્રતિ ગતિ છે, 'કુમારસંભવ'માં ધર્મસદાચાર અર્થે પહેલાં તપશ્ચર્યાનું અને પછી સાધનરૂપે કામસદાચારનું નિરૂપણ છે. પણ બન્નેમાં એક જ જીવનઆદર્શની પ્રેરણા છે અને એ આદર્શમાં સ્ત્રીની પુરુષની જીવનસાથી તરીકે પ્રતિષ્ઠા છે

સ્ત્રીપુરુષના ધર્મસદાચારનો કાલિદાસે નિરૂપેલો આ આદર્શ આકર્ષક છે, પણ તેના નિરૂપણમાં મને એક ક્ષતિ લાગી છે. તપ માટે તૈયાર થયેલી ઉમાને મેના કહે છે, તેયઃ વત્ત વત્તે વત્ત ચ તાવર્ક વપુઃ। એમાં ઉમાના દેહની જે કોમળતા સૂચિત થાય છે તે મને માત્ર તેના દેહની જ નહિ પણ તેના મનની ય લાગી છે. ત્રીજા સર્ગને અંતે આવતા કલ્પનાચિત્રમાં એ દ્વિવિધ કોમળતા પૂરી પ્રગટ થતી જણાય છે રોષે ભરાયેલા શિવે ત્રીજા નેત્રથી કામને બાળી નાખ્યો તે દૃશ્યથી ભયભીત બની ઘેર પાછી જતી ઉમા સ્થિર પગલે ચાલી પણ નથી શકતી. તેની એ સ્થિતિ જોઈ પિતા હિમાલયે તેને હાથમાં ઉપાડી લીધી. કવિએ એ દૃશ્યને હાથીની સૂંઢમાં ભરાયેલા કમળની સાથે સરખાવ્યું છે. મારી કલ્પના પૂછે છે, આ કમળમાં ઉમા જે ઉગ્ર તપશ્ચર્યા કરે છે તે કરવાનું ભવ્ય મનોબળ કયાંથી પ્રગટયું ? વાલ્મીકિ રામાયણમાં યુદ્ધને અંતે અગ્નિપરીક્ષાના દૃશ્યની ભવ્ય સીતા, અયોધ્યાકાંડમાં 'હું તમારી સાથે આવીશ જ' કહી રામ સાથે જવાનો આગ્રહ રાખતી સીતાની જ પરિપક્વ મૂર્તિ છે. શિવની સેવા કરતી ઉમા ને શિવને પતિ તરીકે મેળવવા તપ કરતી ઉમા એ બેની વચ્ચે મને એવું વિકાસતંતુનું સાતત્ય નથી લાગ્યું. શકુન્તલાના સમગ્ર ચારિત્ર્યચિત્રમાં પણ પૃથ્વીની સપત્નીમાં કે સિંહબાળ સાથે રમતા શિશુ ભરતની માતામાં અપેક્ષા રાખીએ એવી પરાક્રમી અંતરસંપત્તિ વ્યંજિત નથી થતી. બીજા અંકનો એનો કામજ્વર પણ નિર્બળતાસૂચક જણાય છે.

આમ કાલિદાસ સ્ત્રીના 'પુણ્ય' રૂપ કરતાં તેના 'રમ્ય' રૂપનું નિરૂપણ કરવામાં વધુ સફળ રહ્યો છે. એ રૂપનું સૌથી વધુ આકર્ષક ચિત્ર મને 'મેઘદૂત'માં યક્ષની કલ્પનામાં રમતી પત્નીનું લાગ્યું છે. લગભગ પચાસ વર્ષ ઉપર મેં મેટ્રિકના વર્ગમાં સંસ્કૃતના અભ્યાસ માટે એ કાવ્ય વાંચ્યું ત્યારથી મને તેનું આકર્ષણ રહ્યું છે. એ તરુણ વયે પણ મને કાવ્યમાં વિલાસિતાનાં સૂચનો પ્રાકૃત શૃંગારનાં નહોતાં લાગ્યાં. એક બે જગ્યાએ રુચિભંગ કરે એવાં સ્થૂળ વર્ણનો છે. તે વાંચતા પણ હું ક્ષુબ્ધ થયો હોઉં એમ યાદ નથી. તે પછી છવ્વીસ સત્તાવીસ વર્ષે મેં એ કાવ્ય ફરી વાંચ્યું ત્યારે મારી દૃષ્ટિને શેકસપીઅર ને વાલ્મીકિના પ્રેમદર્શનના સંસ્કાર મળી ગયા હતા, અને એ દૃષ્ટિએ મને કાવ્યના વિરહમાં 'કામકામી'ની અતૃપ્ત દેહતૃષ્ણા નહિ પણ પત્ની-ચેતના સાથે પુનર્યોગ ઝંખતી પુરુષચેતનાના દર્શનની ઝાંખી કરાવી. સંસ્કૃત કૃતિઓમાં મને કાવ્યત્વની દૃષ્ટિએ સૌથી વધુ આકર્ષક રામાયણ ને ભગવદ્ગીતાની સાથે 'મેઘદૂત' લાગ્યું છે. એ કાવ્યત્વ, કવિએ પુરુષ હૃદયના સ્ત્રી પ્રત્યેના એક ઘણા ઊંડા ભાવને શબ્દ ને છંદ દ્વારા વ્યંજિત કર્યો છે, તેમાં રહેલું છે.

આમ મને ભારતીય કલ્પનાનું સ્ત્રીદર્શન આકર્ષે છે, ખૂબ આકર્ષે છે. સાહિત્યનાં સ્ત્રીપાત્રો જીવતાં થઈ શકતાં હોય તો મને વાલ્મીકિની સીતાનું અને ગોવર્ધનરામની કુમુદનું, દૂરથી પણ દર્શન કરવાનું ગમે પણ પશ્ચિમી કલ્પનાનું, વિશેષે શેકસપીઅરનું, સ્ત્રીદર્શન પણ મને એટલું જ આકર્ષે છે. એનાં નાટકો દ્વારા જ સાહેબનાં સ્ત્રીપાત્રો પ્રથમ મારી કલ્પનામાં રમતાં થયાં હતાં. તેનું સ્ત્રીદર્શન મધ્યયુગના રોમેન્ટિક સંસ્કારનું રંગાયું હતું એ રોમેન્ટિક દૃષ્ટિએ સ્ત્રીને પુરુષના પરાક્રમ ને શૌર્યની પ્રેરણામૂર્તિ કલ્પી હતી, એ ભાવને શેકસપીઅરે

સ્ત્રીની પવિત્ર દિવ્યતાનો સંસ્કાર આપ્યો. (આપણા 'નમ: દાસ કર'નું 'ગ્રેમલૌર્ય'નું સૂત્ર મધ્યયુગની એ ગિવલ્રિ ભાવનાનું નમંડી રૂપ હતું, જેમાં સ્ત્રી પ્રત્યે આદર હતો પણ તેની પવિત્રતાની દિવ્યતાનો ભાવ નહોતો.) મધ્યયુગની રંગદર્શી સ્ત્રીભાવનાની શેક્સપીઅરે તેની એક કોમેડી 'એઝ યૂ લાઇક ઇટ' માં નાયક ઓર્લેન્ડોની માત્ર એક ઉક્તિમાં જ કલ્પના-રમ્ય ઝાંખી કરાવી છે તે મારી સ્મૃતિમાં પાંત્રીસ વર્ષથી અંકિત થઇ રહી છે. દ્વેષપ્રેર્યા મોટાભાઇના વર્તનથી દુ:ખી થયેલો ને જીવનથી હતાશ થયેલો ઓર્લેન્ડો નાયિકા રોઝલિન્ડના પ્રથમ દર્શને ઉત્સાહપ્રેર્યો બોલી ઊઠે છે, But heavenly Rosalind! અને શેક્સપીઅરની કોમેડી નાટકોમાં સૌથી પરિપક્વ ગણાયેલી 'ટવેલ્ફ્થ નાઇટ' નો નાયક ઓર્સિનો નાયિકાના પ્રથમ દર્શનની ક્ષણનું વર્ણન કરતાં કહે છે:

O when mine eyes did see olivia first
Me thought she purged the air of pestilence

તેને ઓલિવિયાની પવિત્રતાના સ્પર્શે રોગનાં ઝેરી જંતુઓથી ભરેલી હવા પણ શુદ્ધ બની ગયેલી લાગી હતી.

સ્ત્રીના પ્રેમની સુંદરતાનું અને તેની પવિત્રતાની દિવ્યતાનું શેક્સપીઅરની કલમે સર્જેલું શ્રેષ્ઠ ચિત્ર તેના ટ્રેજડી નાટક 'ઓથેલા'ની નાયિકા ડેસ્ડિમોનાનું છે. તેમાં સ્ત્રીની પવિત્રતાનો દૈવી પ્રભાવ, સ્ત્રીની પ્રેરણામૂર્તિ તરીકેના ભાવના સાથે અવા અકરસ થઇ ગયો છે કે તેણે નાયક ઓથેલોની વાણીમાં અંગ્રેજી ભાષાની સંગીતક્ષમતાનું માહક રૂપ પ્રત્યક્ષ કરાવ્યું છે. નાટકનું એક પાત્ર જેને divine Desdemona કહી પૂજે છે તેના પ્રેમે ઓથેલાના જીવનપાત્રને છલોછલ આનંદથી ભરી દીધું હતું, એટલે ખલનાયક ધૂર્ત ઇયાગોના શબ્દછળથી છેતરાયેલા ઓથેલોને ડેસ્ડેમોના બેવફાદાર હોવાની શંકા થતાં જ તે પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠાની અસહ્ય વેદના અનુભવે છે. યુદ્ધ તેના જીવનનો રસ હતો. યુદ્ધભૂમિના ઉત્તેજના, હણહણતા અશ્વો, ઢોલ – સરણાઇ – નગારાંનો ઉન્માદ, હવામાં ફરફરતા ધ્વજો, એ બધા 'pomp and circumstance of glorious war'ને વિદાય આપતો તે પોકારે છે, Othello's occupation is gone. યુદ્ધના શૌર્યની પ્રેરણામૂર્તિ જ નહિ, ડેસ્ડિમોના ઓથેલાના હૃદયનું સર્વસ્વ હતી, ડેસ્ડિમોનાનું હૃદય ઓથેલોનું પોતાનું હૃદય હતું, where, તે કહે છે, either I must live, or bear no life, ડેસ્ડિમોનાનું હૃદય ઓથેલાના જીવનપ્રવાહનું મૂળ હતું, The fountain from which my current runs, Or else dries up, એ હૃદયમાંથી બહાર ફેંકાઇ જવું એટલે પોતાનું મૃત્યુ. એ વેદનાના આવેશમાં વૈરગ્રસ્તપ્રેર્યો ઓથેલો Blood, blood, blood નો આક્રોશ કરી ડેસ્ડિમોનાની હત્યા કરે છે. મૃત્યુની ક્ષણે ડેસ્ડિમોનાની દાસી આવી પહોંચે અને પૂછે છે, આ કોણે કર્યું Nobody, I myself, commend me to my kind lord કહી ડેસ્ડિમોના મરણોત્તર જીવનની અમરયાત્રાએ પ્રસ્થાન કરે છે. ક્ષમાની આ અંતિમ ક્ષણ પહેલાં પણ જ્યારે ડેસ્ડિમોનાની દાસીએ તેને કહ્યું હતું, કોઇ દુષ્ટે તમારા પતિની કાનભંભેરણી કરી છે (દાસી જાણતી નથી કે એ દુષ્ટ તેનો પતિ જ હતો), ત્યારેય તેણે કહ્યું હતું, If any such there be, heaven pardon him.

સ્ત્રીની ક્ષમાવૃત્તિનું પશ્ચિમી કાવ્યપ્રતિભાએ કરાવેલું આ દર્શન રામાયણના સંસ્કારે રંગાયેલી ભારતીય કલ્પનાને નમી જાય એવું છે. પણ મને પોતાને 'કિંગ લિયર'ની કોર્ડીલિયા વધુ આકર્ષક લાગી છે. ડેસ્ડિમોનાનાં પ્રેમ ને ક્ષમાવૃત્તિ દિવ્ય લાગે છે, પણ તેની સાથે તેનામાં ઊર્મિપ્રધાન સ્વભાવની નિર્બળતા પણ છે. તેની પ્રત્યે વહેમાયેલો ઓથેલો તેને જાત-જાતના અપમાનભર્યા પ્રશ્નો પૂછે છે ત્યારે તે પોતાની સ્વસ્થતા ગુમાવી બેસે છે અને સ્પષ્ટ ઉત્તર આપી શકતી નથી. ઓથેલોએ તેને પોતાની માતા તરફથી મળેલો જાદુઇ પ્રભાવનો રૂમાલ આપેલો તે એક દિવસ તેના હાથમાંથી સરી પડયો હતો અને તેની દાસીએ તે ચોરી લીધો હતો. ડેસ્ડિમોનાને તે ખોવાઇ ગયાની ખબર પડી હતી અને તે તેને ખોળતી હતી, પણ જ્યારે ઓથેલો તેને પૂછે છે, 'ક્યાં છે એ રૂમાલ? ખોઇ નાખ્યો છે?', ત્યારે ભયપ્રેરી તે નરોવા કુંજરોવા જેવો ઉત્તર આપે છે, It is not lost, but what an if it were? –નથી ખોવાઇ ગયો, પણ ખોવાઇ ગયા હોય તોય શું? ડેસ્ડિમોનાનો આ અસ્પષ્ટ ઉત્તર ઓથેલોનો વહેમ પાકો કરે છે, કારણ કે તેણે એ રૂમાલ, ઇયાગોએ જોને ડેસ્ડિમોનાના પ્રેમી તરીકે ઓળખાવ્યો હતો તે કેસ્સિયોની પાસે જોયો હતો. (હકીકતમાં ડેસ્ડિમોનાની ભોળા દાસીએ ડેસ્ડિમોનાના હાથમાંથી સરી પડેલા રૂમાલને ઉપાડી લઇ પોતાના પતિ ઇયાગોને આપ્યો હતો. અને ઇયાગોએ તે કેસ્સિયોને આપ્યો હતો.) આમ ડેસ્ડેમોનાના ઊર્મિલ સ્વભાવની નિર્બળતા તેના ને ઓથેલોના વિનાશમાં કારણભૂત બને છે. તેની સરખામણીમાં કોર્ડીલિયા સ્વસ્થતાની મૂર્તિ છે, જે કે જીવનની વિધિવક્રતા એવી છે કે એની સ્વસ્થતા ય એને કે વૃદ્ધ લિયરને વિનાશમાંથી બચાવી નથી શકતી. (ક્રમશ:)

* સંઘ સમાચાર *

ઉપસમિતિઓ:

ધીરજલાલ ધનજીભાઇ શાહ પુરસ્કાર સમિતિ

'પ્રબુદ્ધ જીવન'ના એક વખતના તંત્રી સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહની સ્મૃતિમાં શ્રી કમલાબેન સુતરીયા દ્વારા 'સંઘ'ને રૂા. ૧૧૦૦૦/-નું દાન મળેલ છે. આ રકમના વ્યાજમાંથી 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લેખોમાંથી શ્રેષ્ઠ લેખને રૂ. ૧૦૦૦/–નો પુરસ્કાર આપવો એવી ભાવનાથી આ દાન સંઘને આપવામાં આવ્યું છે, જેનો 'સંઘે' સાભાર સ્વીકાર કર્યો છે.

આ પુરસ્કાર અંગેના નિયમો ઘડવા અને નિર્ણાયકોને મદદરૂપ થાય એવી નીચે પ્રમાણેની એક સમિતિની નિમણૂક કરવામાં આવી છે.

(૧) **શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, (સંયોજક) (૨) શ્રી ગુણવંતલાલ મ. ઝવેરી, (સભ્ય) (૩) શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ, (સભ્ય) અને (૪) શ્રી ઉષાબેન મહેતા**

વાર્ષિક સ્નેહ-સંમેલન સમિતિ

આ સમિતિમાં સંયોજક તરીકેની જવાબદારી **શ્રી જયંતિલાલ પી. શાહને** સોંપવામાં આવી છે. આ સમિતિમાં વધુ બે સભ્યો લેવાની એમને સત્તા આપવામાં આવી છે.

સૌજન્યમૂર્તિ પંડિત માલવણિયાનું બહુમાન

❖ ડા. ધીરલાલ દવે

ગુજરાતના લોકોને સંસ્કૃત આવડે ખરું? ગુજરાતમાં સંસ્કૃતનો કોઇ વિદ્વાન હોઇ શકે? સંસ્કૃતના જ્ઞાનનો ઇજારો મોટે ભાગે ઉત્તર ભારતનો, થોડોક બંગાળનો, થોડોક મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતનો, પણ આ ઇજારદારો ગુજરાતનો ફાંકરો કાઢી નાખે. 'ગુજરાણાં મુખે ભૃષ્ટ, શિવોપી શવામ ગત:' ગુજરાતનું મુખ ભ્રષ્ટ છે, તે બધા 'શિવ' ને 'શવ' (સવ) (શબ-મડદુ) બનાવી દે છે. આવો આક્ષેપ જૂના વખતમાં થતો. ગુજરાતના બ્રાહ્મણો પણ સંસ્કૃતવિદ્ ઓછા ગણાતા, એટલે ઉત્તર ભારતના બ્રાહ્મણો એવા હલકા મનાતા. સોલંકી રાજાઓ જ્યારે ઉત્તરના બ્રાહ્મણોમાંથી કેટલાકને ગુજરાતમાં આવવા સમજાવી શકયા ત્યારે આ બ્રાહ્મણો મોડા ગુજરાતમાં આવ્યા. અહીં આવ્યા તે ઔદીચ્ય બ્રાહ્મણો કહેવાયા. આ બ્રાહ્મણો પહેલાં તો નહોતા આવતા, પણ સોલંકી રાજાઓ યુક્તિબાજ હતા. એમણે બ્રાહ્મણ ગુરુઓની પત્નીઓને સુવર્ણદાન આપ્યાં અને ગુજરાતમાં ભૂમિદાન આપવાનું કહ્યું. તેથી પત્નીઓના આગ્રહથી બ્રાહ્મણો ગુજરાતમાં આવ્યા. આચાર્ય હેમચંદ્રે 'સિદ્ધહૈમ' નામનું સંસ્કૃત વ્યાકરણ રચ્યું અને એ કલિકાલસર્વજ્ઞે એ યુગના સમગ્ર જ્ઞાનના નિષ્કર્ષ રૂપ ગ્રંથો સંસ્કૃતમાં લખ્યા ત્યારે કાશ્મીર અવંતીએ ગુજરાતની સંસ્કૃત વિષયક વિદ્વત્તાનો કૌંક સ્વીકાર કર્યો.

અર્વાચીન સમયમાં મણિલાલ નભુભાઇ સંસ્કૃત, વેદાન્ત અને યોગના એક પ્રખર તદ્વિદ્ ગણાતા. સ્વામી વિવેકાનંદ એમને મળવા ગુજરાતમાં આવ્યા હતા. જે ધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા ત્યાં જવાનું એમને નિમંત્રણ મળેલું, પણ સંયોગો (અનારોગ્ય અને દ્રવ્યદુર્બલતા હશે)ને કારણે જઇ શકેલા નહીં. 'લાઇટ ઓફ એશિયા', એ ભગવાન બુદ્ધ વિશેના અંગ્રેજી મહાકાવ્યના સર્જક એડવિન ઓર્નોલ્ડ એમની પાસેથી ભારતીય ધર્મપરંપરા વિશે જાણવા માટે આવ્યા હતા અને પોતાને ત્યાં પાટલા પર બેસાડીને એમને જમાડયા હતા. મણિલાલ નભુભાઇ પછી આચાર્ય આનંદશંકરે ગુજરાતની સંસ્કૃતવિષયક વિદ્વત્તાનું ગૌરવ જાળવ્યું. તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમાયા. એ જમાનામાં કુલપતિપદ માટે વિદ્વત્તા બાધક નહોતી હવે તો કુલપતિને સૂક્ષ્મયંત્રથી બરાબર તપાસીને લેવા પડે છે, જેથી અમુક મર્યાદાથી વધારે પડતી વિદ્વત્તા ન હોય તેની ખાતરી કરી શકાય. આનંદશંકરે ગુજરાતની સંસ્કૃત વિદ્વત્તાનું નામ રોશન કર્યું. એમની નિમણૂકમાં કદાચ ગાંધીજીએ પંડિત માલવીયજીને ભલામણ કરીને થોડો ભાગ ભજવ્યો હશે. પોતાના ઉત્તરાધિકારી તરીકે ડો. રાધાકૃષ્ણનની ભલામણ બનારસ હિંદુ યુનિવર્સિટી માટે આચાર્ય આનંદશંકરે કરી હતી. આનંદશંકર પછી પંડિત સુખલાલજીએ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સંસ્કૃત તથા દર્શનોના પ્રખર પંડિત તરીકે આપણી વિદ્વત્તાની પરંપરા ચાલુ રાખી. પંડિત સુખલાલજી પછી એમના પટ્ટશિષ્ય સમા પંડિત શ્રી દલસુખભાઇ માલવણિયાએ સંસ્કૃત-પ્રાકૃતના જ્ઞાનની જ્યોત જલતી રાખી છે. હવે આટલાં વર્ષે ભારત સરકારને એમની કદર કરવાનું સૂઝયું છે. મોડું મોડું થે સૂઝયું છે. તેમ છતાં તે આનંદદાયક બીના છે. ગુજરાતનું એ ગૌરવ છે કે ભારત સરકારે એમને સંસ્કૃતના પ્રકાંડ પંડિત તરીકેનો એવોર્ડ હવે આપ્યો છે. એવોર્ડમાં તામ્રપત્ર ઉપરાંત વાર્ષિક પાંચ હજારનો પેન્શનનો સમાવેશ થાય છે. પેન્શન તો ઠીક, પણ સંસ્કૃતના જ્ઞાનના નકશામાં ગુજરાતનું નામ અંકિત થયું છે એ ગૌરવની વાત છે. શ્રી દલસુખભાઇ માલવણિયા એ માટે અભિવંદન તથા અભિનંદનના અધિકારી છે. અત્યારે સંસ્કૃતના જ્ઞાનનો મહિમા ઓછો થતો જાય છે ત્યારે સંસ્કૃતના જ્ઞાનની પરંપરા જાળવવામાં એમનું પ્રદાન સવિશેષ મહત્ત્વનું બને છે.

સૌરાષ્ટ્રના એક અનાથાશ્રમમાં ઊછરેલ બાળક અમદાવાદની એલ. ડી. ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડોલોજીના નિયામકપદે પહોંચી શકેલ છે, તે એમની વિદ્યાની સાધના અને પુરુષાર્થને આભારી છે. શ્રી. દલસુખભાઇનું મૂળ વતન સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લામાં (ઝાલાવાડમાં) આવેલું સાયલા ગામ. તેમના વડવાઓ માલવણમાં રહેતા, તેથી માલવણિયા કહેવાયા. જ્ઞાતિએ ભાવસાર અને ધર્મે સ્થાનકવાસી જૈન. ૧૯૧૦માં એમનો જન્મ થયો. દસેક વર્ષના થયા ત્યારે પિતા ડાહ્યાભાઇનું અવસાન થયું. સુરેન્દ્રનગરના અનાથાશ્રમમાં રહીને એમણે અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. શ્રી સ્થાનકવાસી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે 'એમને જૈન ટ્રેઇનિંગ કોલેજમાં અભ્યાસ કરવા બિકાનેર મોકલ્યા. અમદાવાદમાં પંડિત બેચરદાસ પાસે એમણે આગમોનો અભ્યાસ કર્યો. ટાગોરના શાંતિનિકેતનમાં પાલિભાષા અને બૌદ્ધ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. થોડો વખત મુંબઇમાં 'જૈન પ્રકાશ'ના કાર્યાલયમાં કામ કર્યું. ૧૯૩૪માં પંડિત સુખલાલજી સાથે એમનો પરિચય થયો. પંડિત સુખલાલજીના વાચક તરીકે બનારસમાં રહ્યા બાદ, તેમના પટ્ટશિષ્ય બન્યા અને ૧૯૪૪માં પંડિત સુખલાલજી બનારસ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા ત્યારે તેમના સ્થાને જૈન ચેરના તેઓ પ્રોફેસર બન્યા. શ્રી કસ્તુરભાઇ લાલભાઇના પ્રયાસોથી અમદાવાદમાં સ્થાપાયેલ એલ. ડી. ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ડોલોજીના નિયામક તરીકે નિયુક્ત થયા. ૧૯૭૬ સુધી સત્તર વર્ષ એમણે આ સંસ્થામાં નિયામક તરીકે કાર્ય કર્યું. આ વિદ્યામંદિર શ્રી કસ્તુરભાઇ લાલભાઇના આર્થિક પુરુષાર્થ તથા દૂરંદેશીભર્યા આયોજનથી શકય બન્યું પણ તે ખરા અર્થમાં વિદ્યામંદિર બન્યું. શ્રી દલસુખભાઇના વિદ્યાકીય પુરુષાર્થથી વયમર્યાદાને કારણે તેઓ ૧૯૭૬માં આ સંસ્થાના નિયામકપદેથી નિવૃત્ત થયા છે. તો પણ તેના સલાહકાર તરીકે તથા માનાર્હ પ્રાધ્યાપક તરીકેની એમની સેવાઓનો લાભ સંસ્થાને મળી રહ્યો છે. વચમાં ૧૯૬૮માં કેનેડાની ટોરોન્ટો યુનિવર્સિટીમાં ભારતીય દર્શનો અને વિશેષ કરીને બૌદ્ધ દર્શનના અધ્યાપન માટે તેઓ દોઢેક વર્ષ જઇ આવ્યા હતા.

જૈનદર્શન અને સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો એમનો અભ્યાસ ઘણો તલસ્પર્શી છે. એમનું વલણ દાર્શનિક સાહિત્ય તરફ વિશેષ રહ્યું છે. જૈનદર્શન, જૈન આગમ, ભગવાન મહાવીર, હિંદુ ધર્મ આદિ વિશેના એમના બારેક ગુજરાતી-હિંદી ગ્રંથોમાં એમના દર્શન – સાહિત્યના પરિશીલનનો નિષ્કર્ષ છે. જૈન ધર્મ અને દર્શન તથા હિંદુ ધર્મ વિશે એમણે જુદા જુદા સમયે સોએક જેટલા નિબંધો આપ્યા છે. હિંદી અને અંગ્રેજીમાં પણ એમના દર્શનશાસ્ત્ર વિશેના નિબંધો પ્રસિદ્ધ થયા છે. પેરિસ અને બર્લિનમાં મળેલી પરિષદોમાં તેમણે અંગ્રેજીમાં ભારતીય તત્ત્વજ્ઞાન વિશે વ્યાખ્યાનો આપ્યા છે. આવા પ્રકાંડ પંડિત હોવા છતાં (કે તેથી જ) તેમની સરળતા, નિરાભિમાનવૃત્તિ અને સહૃદયતા એમના સૌમ્ય વ્યક્તિત્વમાં ઉપસી આવે છે. એમનું પાંડિત્ય એમના સૌજન્યથી શોભે છે અને એમનું સૌજન્ય એમના પાંડિત્યથી શોભી ઊઠે છે.

('ગુજરાત સમાચાર' માંથી સાભાર.)

કાલિદાસ, શેક્સપીઅર અને ટાગોરની નારીસૃષ્ટિ : વિચારપ્રેરક, સૌન્દર્યાધિત સમસંવેદક પરિસંવાદ

સંકલન : ગુલાબ દેઢિયા

ગયે વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પત્રકારત્વ વિશેના એક પરિસંવાદનું સફળ આયોજન કર્યું હતું. તેમ આ વર્ષે પણ સંઘે પરમાનંદ કાપડિયા સ્મારકનિધિના આર્થિક સહયોગથી કાલિદાસ, શેક્સપીઅર અને ટાગોરની નારી-સૃષ્ટિ વિશે એક પરિસંવાદનું આયોજન ધનિ્યન મરચન્ટ્સ ચેમ્બર સભાગૃહ – (ચર્ચગેટ)માં તા. ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજ કર્યું હતું. આ પરિ-સંવાદના સંયોજકો હતા શ્રી અમર જરીવાલા, સહમંત્રી ડો. ધનવંત તિ. શાહ અને સહમંત્રી શ્રી પન્નાલાલ ૨. શાહ.

શુક્રવાર, તા. ૨૮ સપ્ટેમ્બરની ઉદ્‌ઘાટન બેઠકમાં પરિ-સંવાદના સંયોજક અને સંઘના સહમંત્રી ડો. ધનવંત શાહે સૌનું સ્વાગત કરતાં કહ્યું હતું કે નારી પ્રત્યેના આદરને લીધે આપ સૌ અહીં પધાર્યા છો. જગતના દરેક પુરુષે નારીને સૌ પ્રથમ માતા રૂપે જ જોઈ છે. બહુ રપર્શ પામેલા ત્રણે અમર સર્જકો વિશે વાત કરવા નિષ્ઠાવાન મહાનુભાવો અહીં પધાર્યા છે.

કાલિદાસની ભૂમિ ઉજ્જૈનની વિક્રમ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. વી. વેંકટાચલમે બેઠકના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહની વિનંતીથી દીપ પ્રગટાવી પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ડો. વી. વેંકટાચલમે ઉદ્‌ઘાટન પ્રવચનમાં જુસ્સાભરી વાણીમાં કહ્યું હતું કે કાલિદાસ રવીન્દ્રનાથ માટે ખરેખર મહર્ષિ હતા. રવીન્દ્રનાથે કાલિદાસને આત્મસાત્ કર્યા હતા. એમના પદેપદમાં કાલિદાસ દેખાશે. ટાગોરને પાશ્ચાત્ય સાહિત્યે પણ પ્રભાવિત કર્યા હતા. કાલિદાસનું ક્ષેત્ર સીમિત હતું, જ્યારે ટાગોર સામે આખું જગત હતું.

કવિત્વનો ચરમ વિકાસ નાટકમાં છે. સર્જક પોતાના વિચારોને પાત્રો દ્વારા સાક્ષાત કરી, પાત્રોની દૃષ્ટિ અને પાત્રોની ભાષાથી વ્યક્ત કરવા પડે છે. સંસ્કૃત નાટકોમાં બધાં આદર્શવાદી પાત્રો છે એવો આરોપ સાચો નથી. માત્ર રાજાઓ જ છે અને આમજનતા નથી એવું પણ નથી. કાલિદાસે પાત્રોની મહાનતાની સાથોસાથ દુર્બળતા પણ બતાવી છે. શેક્સપીઅરની નારીઓમાં અનેક વિવિધતા છે. સ્ત્રી અને પુરુષનો પ્રેમ એ સંસારની ઉત્કૃષ્ટ વસ્તુ છે તેનો નિર્દેશ ત્રણેય સર્જકોએ કર્યો છે.

અતિથિવિશેષ નાટ્યાચાર્ય પ્રા. ચન્દ્રવદન ચી. મહેતાએ કહ્યું હતું કે શેક્સપીઅર એક અનોખો, અનન્ય અને અદ્વિતીય એવો વિશ્વ સાહિત્યનો નાટ્યકાર છે. એણે ઇંગ્લેન્ડની પ્રજા અને ભાષાને જે પ્રતિષ્ઠા અપાવી છે, તેનો અંદાજ કાઢી શકાય તેમ નથી. ત્રણે સર્જકોની નારીસૃષ્ટિમાં લૌકિક અને અલૌકિક બન્ને પ્રકારનાં પાત્રો મળે છે, ત્રણેએ છેવટે એક જ વાત કરી છે: વેરઝેર ભૂલી જાઓ. હવે શાંત થાઓ.

અતિથિવિશેષ પ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર વિદુષી શ્રીમતી દુર્ગા ભાગવતે કહ્યું હતું કે હું કાલિદાસની ભક્ત નથી, વિવેચક છું. ત્રણે સર્જકો મહાન છે, છતાં ત્રણેને પોતપોતાની મર્યાદાઓ પણ છે. નારીઓને ચીતરવામાં ત્રણે ઊણા ઊતર્યા છે.

વિશિષ્ટ વ્યાખ્યાતા સોમૈયા કૉલેજના પૂર્વાધ્યાય ડો. એમ. એન. પંડ્યાએ શેક્સપીઅરના જીવન અને સર્જન વિશે કહ્યું હતું કે, શેક્સપીઅરે કરુણાંત, સુખાંત, ઐતિહાસિક એમ ૩૬ નાટકો લખ્યાં છે. આ મહાન નાટ્યકારનું જન્મસ્થળ સ્ટ્રેટફર્ડ ઓન એવન પવિત્ર યાત્રાધામ બની ગયું છે. ૪૦૦ વર્ષથી અભ્યાસીઓ તેને વંચિતા આવ્યા છે અને આજ સુધી એમનાં નાટકો કયાંક ને કયાંક ભજવાતાં રહે છે. એમનાં નારીપાત્રો આમ તો સીમિત ક્ષેત્રમાં વિહરે છે છતાં લેડી મેકબેથ અને ડેસડેમોના જેવાં મધ્યમ અને ઉચ્ચ કક્ષાનાં પાત્રો પણ છે.

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે ઉપસંહાર કરતાં કહ્યું હતું કે, પ્રત્યેક ઉત્તમ સર્જકે સ્ત્રી વિશે લખ્યું જ છે. નારી વિશે અન્ય કળાઓમાં, શાસ્ત્રોમાં પણ સર્જન થયેલું છે. સ્ત્રીને સમજવી સહેલી નથી. એથી જ સાહિત્ય સર્જાય



ત્રણ મહાન સર્જકોની નારીસૃષ્ટિ વિષેના પરિસંવાદમાં ડો. વી. વેંકટાચલમ ઉદ્‌ઘાટન પ્રવચન કરી રહ્યા છે. બેઠલાંમાં ડાબી બાજુથી શ્રી ચીમનલાલ જે. શાહ, શ્રી અમર જરીવાલા, ડો. ધનવંત શાહ, – શ્રીમતી દુર્ગાબાઇ, શ્રી ચં. ચી. મહેતા અને ડો. રમણલાલ ચી. શાહ નજરે પડે છે.

છે. સ્ત્રીના હૃદયના તળ સુધી પહોંચવું દુષ્કર છે. સ્ત્રી – પુરુષ પરસ્પરનાં પૂરક છે. પુરુષ લેખકનો સ્ત્રી પ્રત્યેનો અભિગમ અને સ્ત્રી લેખકનો પુરુષ પ્રત્યેનો અભિગમ જુદો પડે છે તેમ પુરુષ લેખકનો પુરુષ પ્રત્યેનો અભિગમ અને સ્ત્રી લેખકનો સ્ત્રી પ્રત્યેનો અભિગમ પણ જુદો પડે છે. પુરુષ સર્જકોને હાથે સ્ત્રીઓને અન્યાય પણ થયો છે. એક જ લેખક યુવાનીમાં જે લખે તે પછીની ઉંમરે જુદું જુદું પણ લખે. પુરુષ અબળાથી જ વધુ બીએ છે. ટોલ્સ્ટોયે કહેલું, 'હું મારો એક પગ કબરમાં મૂકી દઉં ત્યારે સ્ત્રીઓ વિશેનો મારો અભિપ્રાય પૂછવા આવજો.'

ત્યાર બાદ શ્રી ચં. ચી. મહેતાએ પોતાની આગવી શૈલીથી પુરુરવાની ઉન્માદ અવસ્થાની એકોક્તિ રજૂ કરી હતી. પ્રારંભમાં શ્રીમતી મીનળ પટેલે સીતાના ત્યાગ-શ્લોકોનું ભાવસભર પઠન કર્યું હતું.

આ બેઠકનું સંચાલન સંયોજક શ્રી અમર જરીવાલાએ કર્યું હતું અને આભારદર્શન સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે કર્યું હતું.

* * *

શનિવાર ૨૯મી સપ્ટેમ્બરે પહેલી બેઠક પ્રા. ચી. ના. પટેલના પ્રમુખપદે મળી હતી. વિષય હતોઃ 'કાલિદાસ, શેક્સપીઅર અને ટાગોરનાં નારીપાત્રોમાં પ્રગટ થતો પ્રણય, વિરહ અને શૃંગાર.'

પ્રથમ વ્યાખ્યાતા 'કવિલોક'ના તંત્રી ડો. ધીરુ પરીખે કાલિદાસનાં નારી-પાત્રો વિશે કહ્યું હતું કે, કાલિદાસે પ્રેમની સફળતાનો મહિમા ગાયો છે. વિશ્વનો એવો કોઇ પણ મનુષ્ય નહિ હોય જેણે પ્રેમનો અનુભવ નાહ કર્યો હોય. સ્વયં પ્રેમ જ કાલિદાસના પ્રેમમાં પડયો છે. પ્રેમ નહિ, તો કાલિદાસ નહિ. કવિકુલગુરુ કાલિદાસની સર્જનસૃષ્ટિ એટલે સાત્વિક શૃંગારનો મહોત્સવ.

શેક્સપીઅરની નારીસૃષ્ટિ વિશે પ્રા. પ્રભાબહેન પાઠકે કહ્યું હતું કે, પ્રણય એટલે પોતાનો ખ્યાલ છોડી બીજાનો ખ્યાલ કરવો તે. જે અહમને તજે છે તે પ્રેમને લાયક બને છે. સુખની પરમ સીમાએ પહોંચાડનાર કોઇ તત્ત્વ હોય તો તે પ્રેમ છે. શેક્સપીઅરના પ્રણયઘેલાં નાયક નાયિકાઓમાં ક્યાંક કટુતા, ક્યાંક આશંકા તો ક્યાંક સમર્પણભાવ જોવા મળે છે. જુલિયેટ, ડેસ્ડેમોના, ક્લિઓપેટ્રા, લેડી મેકબેથ જેવી નારીઓ એ સમયની પરંપરા અને આદર્શનું ચિત્રણ ઊભું કરે છે.

રવીન્દ્રનાથની નારીસૃષ્ટિ વિશે 'પરબ'ના તંત્રી પ્રા. ભોળાભાઇ પટેલે કહ્યું હતું કે નારી, અર્ધી નારી અને અર્ધી કલ્પના છે. સ્ત્રી વાસ્તવ છે રવીન્દ્રનાથની કવિતા, નાટક અને નવલકથાઓમાં નારીના જુદા જુદા ચહેરા જોવા મળે છે. એમની કવિતાઓમાં નારીનું કન્યા રૂપ વિશેષ જોવા મળે છે. તેમાં વિરહની રેખાઓ છે. રવીન્દ્રનાથની ચિત્રાંગદા કાલિદાસની નારીઓ સાથે બેસી શકે એવી છે. એમની વાર્તાઓમાં વાસ્તવિકતા છે. સ્ત્રીના જીવનનાં તમામ સ્વરૂપોનો પ્રેમ કેવો હોય છે તે જોવા મળે છે. કિશોરી, પરિણીતા અને વિધવાના પ્રેમની વાત રવીન્દ્રનાથે કરી છે. આજથી ૮૦ વર્ષ પહેલાં 'ચોખેર-બાલિ'ની વિધવા વિનોદિનીનો જે પ્રેમ છે તેની વાત ત્યારે કરવી તે અઘરું કામ હતું. બધી જ નબળાઇઓ સાથેનો પ્રેમ છે, જે ચિરંજીવ છે 'ઘરે બાહિરે'ની વિમલાનો પ્રેમ પરિણીતાનો પ્રેમ છે. રવીન્દ્રનાથે કહ્યું છે, 'મારા હૃદયની અંદર કોઇ વિરહિણી નારી બેઠી છે, જે ફરી ફરી ગાયા કરે છે.'

ગાંધી – સાહિત્યના પ્રખર અભ્યાસી અને આ પ્રથમ બેઠકના પ્રમુખ પ્રા. ચી. ના. પટેલે કહ્યું હતું કે, જીવન અને સાહિત્યમાં નારી એવી રહસ્યમય ઘટના છે કે સ્ત્રીઓ અને પુરુષો, જુવાનો અને વૃદ્ધો સૌ કોઇ એના વિશે રસથી વાતો કરતાં રહ્યાં છે. 'શાકુન્તલ'માં માતૃત્વના ગૌરવરૂપ પંકિત છેઃ શકુન્તલા સર્વદમનને દુષ્યંત વિશે કહે છે, 'તારા ભાગ્યને પૂછ!' આ ઉકિત માત્ર કાલિદાસને શેક્સપીઅરની સમકક્ષ બેસાડે છે. શેક્સપીઅરની કલ્પના ક્ષમા રૂપની છે. પિતા અને પુત્રીની વાત શેક્સપીઅર અને રવીન્દ્રનાથ બન્નેમાં છે. સ્ત્રી જગતમાતા બને એ જ ઉત્તમ વસ્તુ છે.

આ બેઠકનું સંચાલન સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે કર્યું હતું અને આભારવિધિ 'અભ્યાસ વર્તુળ'ના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહે કરી હતી.

* * *

શનિવારની બીજી બેઠકનો વિષય હતોઃ 'ત્રણે ય સર્જકોનાં નારી–પાત્રો દ્વારા પ્રતિબિંબિત થતાં તત્કાલીન સમાજજીવન અને રાજયવ્યવસ્થા.' આ બેઠકના અધ્યક્ષ હતા ડો. મધુસૂદન પારેખ.

કાલિદાસનાં પાત્રો વિશે પ્રા. જયાનંદ દવેએ કહ્યું હતું કે, કાલિદાસનાં પાત્રો કાલિદાસના જમાનાનાં જ લાગે છે. પ્રસન્ન દામ્પત્ય એ જ સુખી સમાજની આધારશિલા છે તે કાલિદાસમાં દેખાય છે.

શેક્સપીઅરનાં નારીપાત્રો વિશે પ્રા. અનિલા દલાલે કહ્યું હતું કે, યુગો જશે પણ ક્લિઓપેટ્રાના સૌન્દર્ય અને તારુણ્યની જેમ શેક્સપીઅરના નાટકો અને પાત્રો ચિરંતન રહેશે. શેક્સપીઅરની સૃષ્ટિમાં અનેક દેશો, રાજ્ય વ્યવસ્થાઓ પ્રતિબિંબિત થઇ છે. એમનાં ઐતિહાસિક નાટકોમાં કોઇ સ્ત્રી પાત્ર કેન્દ્રમાં નથી. રાણી એલિઝાબેથનો સમય હતો. પતિ મનોવેદના અનુભવે તેમાં સહભાગી થતી નારીઓ છે. પતિની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા જ લેડી મેકબેથ બધું કરે છે. સમાજદર્શન રોમેન્ટિક કોમેડીમાં જોવા મળે છે, જ્યાં નારી માત્ર વસ્તુ બની રહે છે. નારીની પોતાની અવેરનેસ તો ઇબ્સનની 'નોરા' માં પછીથી જોવા મળે છે. સ્ત્રીના ચારિત્ર્ય પ્રત્યેની શંકા શેક્સપીઅરનાં નાટકોમાં જોવા મળે છે. સ્ત્રીના શીલની અપેક્ષા રાખવામાં આવે છે, જે તે વખતના જનસમાજનો વ્યાપક ખ્યાલ હશે ? રિડમેન તેનો ભોગ બને છે. શેક્સપીઅરની નારીઓમાં ઉમાનો વિશેષ પણ જોવા મળે છે.

રવીન્દ્રનાથની નારીસૃષ્ટિ વિશે આચાર્ય શ્રી જયેન્દ્ર ત્રિવેદીએ કહ્યું હતું કે, રવીન્દ્રનાથ ૧૯મી અને ૨૦મી સદીના સંધિકાળમાં જીવ્યા હતા. ભારતમાં રાજા કરતાં સમાજ જ મુખ્ય રહ્યો છે. તત્કાલીન સત્યને બદલે સર્વકાલીન સત્યની વાત રવીન્દ્રનાથે 'ગોરા' અને 'ઘરે બાહિરે' દ્વારા કરી છે. આ બંને નવલકથાઓ આજે પણ ખરેખર વાંચવા જેવી છે.

અધ્યક્ષ ડો. મધુસૂદન પારેખે સ્ત્રીની લાચાર અને પરવશ સ્થિતિનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, સ્વયંવર કર્યા છે ? માની લો

કે, જો રાવણે ધનુષ તોડ્યું હોત તો સીતાએ તો રાવણને જ પરણવું પડત. સ્ત્રીઓના ચારિત્ર્ય પ્રત્યેની કુશંકાઓ ઘણી કફોડી સ્થિતિ સર્જે છે. કોડીલિયા કે શકુન્તલાએ છેલ્લે ક્ષમા આપવાની જ છે. આપણી સમાજવ્યવસ્થાને કારણે પુરુષ કરતાં સ્ત્રીને વધુ સંતાપ વેઠવાના આવે છે.

દ્વિતીય બેઠકનું સંચાલન સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે કર્યું હતું અને આભારદર્શન શ્રી ગજપતભાઇ મ. ઝવેરીએ કર્યું હતું.

* * *

રવિવાર ૩૦મી સપ્ટેમ્બરની તૃતીય અને અંતિમ બેઠકનો વિષય હતો : 'નારીપાત્રોનાં મનોવ્યાપાર અને સંવેદના દ્વારા પ્રગટ થતી સનાતન ખોજ, પ્રશ્નો અને સત્યો.' આ બેઠકના અધ્યક્ષ ડો. રમણલાલ ચી. શાહ હતા.

સુમધુર અને સરળ સંસ્કૃતમાં પ્રવચન આપતાં ડો. ગૌતમ પટેલે જણાવ્યું હતું કે ભારતીય પરંપરામાં સૌભાગ્યાકાંક્ષી કન્યા પાર્વતી છે. પ્રેમમાં નિરાકાર ઇશ્વર સાકાર બનીને આવે છે. કાલિદાસે 'કુમારસંભવ' માં શિવ અને પાર્વતીને આદર્શ દંપતી રૂપે અંકિત કર્યા છે. સૌન્દર્યથી શિવને વશ કરવા જઓ તો તે અદૃશ્ય થઇ જાય છે. એ કલ્યાણરૂપ શિવ પાર્વતીની તપશ્ચર્યા અને અનન્ય પ્રેમથી વશ થાય છે.

ડો. રાજેન્દ્ર નાણાવટીએ કાલિદાસની સૃષ્ટિ વિશે કહ્યું હતું કે, મનુષ્ય માત્રની ખોજ આઇડેન્ટીટી-વ્યક્તિત્વની ખોજ છે. કાલિદાસની ખોજ જીવનનો અર્થ પામવાની છે. કેન્દ્ર-બિન્દુ પ્રણય છે. પ્રણયને કારણે પુરુષના જીવનમાં બહુ મોટો ફેરફાર નથી થતો પણ સ્ત્રીનું તો સમગ્ર જીવન બદલાઇ જાય છે. ઉચ્ચ વર્ગની સ્ત્રીઓએ પુરુષપ્રધાન સમાજમાં સમાધાન કર્યે જ છૂટકો, એવું કાલિદાસમાં દર્શન થાય છે. ડો. નાણાવટીએ શાકુન્તલના સાત અંકોની રચના અને તેમાં કાલિદાસે કરેલ પાત્રગૂંથણીનો મર્મ સમજાવ્યો હતો.

ડો. સુરેશ ઉપાધ્યાયે કહ્યું હતું કે પ્રેમસૃષ્ટિના ઉત્તમ આલેખનને કારણે કાલિદાસને જગતના મહાન સર્જકોમાં સ્થાન મળ્યું છે. પુરુષ અને નારીના આદર્શો, પુરુષ અને નારીનાં કાર્યોનું સબળ આલેખન કાલિદાસની કૃતિઓમાં જોવા મળે છે. એ સૃષ્ટિ નિત્ય નવીન લાગે છે, જે ઓની ખૂબી છે. કાલિદાસની કવિતા વિશ્વનું કુતૂહલ છે. પ્રેમ મહાન છે, પણ સમર્પણ મહાનતમ છે.

'શબ્દસૃષ્ટિ'ના સંપાદક ડો. સુમન શાહે કહ્યું હતું કે, રવીન્દ્રનાથ અને કાલિદાસનાં પાત્રોએ વ્યક્તિત્વ ચુમાવ્યું જ નથી તો તેમાં શોધવાનું શું હોય? બધાં જ મહાકવિઓ કહે છે, પ્રેમ જ મનુષ્યના જીવનના કેન્દ્રમાં છે. એ ક્રમ વારંવાર આચ્છાદિત થઇ જાય છે, પ્રગટ થતો નથી? એ પ્રેમને રૂંધનાર આપણે પોતે જ છીએ. રવીન્દ્રનાથનો આંતરવારસો અતિ સમૃદ્ધ છે. નારીનું પ્રિયા રૂપ પ્રકૃતિગત છે, પત્ની અને વિધવા સમાજે ઊભાં કરેલાં છે. બીજું સ્વરૂપ સતીલક્ષ્મીનું છે એ પણ પ્રકૃતિગત છે. ત્રીજું સ્વરૂપ અંબા રૂપ છે, માતા રૂપ છે. પ્રકૃતિનું મોટામાં મોટું કામ એ માતા કરે છે. સંસારને સાતત્ય આપે છે. ચોથું સ્વરૂપ આધુનિકાનું છે. દરેક નવી સભ્યતામાં સ્ત્રી જૂનવાણી દેખાય છે, પુરુષો નવી નવી સંસ્કૃતિ રચતા જ રહે છે. રવીન્દ્રનાથની સુચરિતા આધુનિકા છે. આનંદમયી શુદ્ધ માતા છે. માતા વિશે લખવું એ પડકારરૂપ છે. આપણી નવલકથાઓમાં હજી પણ તે પૂર્ણ રૂપે વિકસ્યું નથી. આ પારસંવાદની સૌથી મોટી ફલશ્રુતિ એ છે કે, આપણે કાલિદાસ, શેકસપીઅર અને રવીન્દ્રનાથની સૃષ્ટિ વિશે તો જાણ્યું પણ સાથોસાથ આજે જે ક્ષુલ્લક સાહિત્ય સર્જાઇ રહ્યું છે તે વિષે પણ જાણવા વિચારવા મળશે. એ મહાન સર્જકોનાં પાત્રો આત્મશ્રીવાળાં હતાં.

પ્રમુખસ્થાનેથી ડો. રમણલાલ ચી. શાહે કહ્યું હતું કે, સ્ત્રીને સમજવા સહેલી નથી તો પુરુષને સમજવો પણ કયાં સહેલો છે?! મોટા સર્જકો સૈકાઓ સુધી તપાસાતા રહે છે. આનંદશંકર કહેતા કે, પોતે સરસ્વતીચન્દ્ર દર વર્ષે એક વખત વાંચી જતા. અહીં જે ચર્ચાઓ થઇ તે વિવેચકોની નિરામય દૃષ્ટિની દ્યોતક છે.

પ્રા. તારાબહેન શાહે કાર્યક્રમનું સંચાલન કરતાં કહ્યું હતું કે નારી સૌથી વધુ માતા રૂપ છે. નારીનો પ્રેમ અને વાત્સલ્ય મોઘી મિરાત છે. આ પારસવાદથી સંસ્કાર ઘડતરનું કાર્ય થોડે અંશે પણ થશે તો આનંદ થશે ડો. ધનવંત શાહે આભારદર્શન કર્યું હતું.

ચારેય બેઠકોના આરંભે અને અંતે યોજાયેલા સંસ્કૃત શ્લોકો, શેકસપીઅરના સોનેટસ અને રવીન્દ્ર કવિતાના પઠન કાર્યક્રમમાં શ્રી પ્રતાપ ઓઝા, શ્રીમતી મીનળ પટેલ, પ્રા. બકુલ રાવળ, શ્રીમતી નાલની અને શ્રી બળવંત મઠાંવકર અને શ્રીમતા વાસંતી દાણાએ ભાગ લીધો હતો.

આ પરિસંવાદના સંયોજકોએ હવે કયારેક ગોવર્ધનરામ, નહાનાલાલ, મુનશી, અને રમણલાલ વ. દેસાઇની નારીસૃષ્ટિ વિશે પરિસંવાદનું આયોજન કરવાનો વિચાર વ્યકત કર્યો હતો.

યુનિવર્સિટી કક્ષાના આ ગંભીર અને અર્થસભર પરિસંવાદની ચારે બેઠકોમાં સહૃદય ભાવકોની હાજરીથી યથા સમય આવનારને પણ સભાગૃહમાં બેસવાની જગ્યા ન મળે એવી સ્થિતિ હતી. ત્રણેય મહાન સર્જકોની નારીસૃષ્ટિમાં વિહરવાથી ભાવકોની સાહિત્યાભિમુખતામાં અને આત્મશ્રીમાં વધારો થયો હતો. આ પરિસંવાદના પેપર્સ પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય એવી ઇચ્છા પણ વ્યકત કરવામાં આવી હતી.

સંઘ સમાચાર

સ્ટોલ, ટેલિફોન બૂથ, આદિ તપાસ સમિતિ

(૧) હરિભાઇ ગુલાબચંદ શાહ (૨) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ અને (૩) શ્રી રમણભાઈ લાકડાવાળા

નિમંત્રિત સભ્યો :

સંઘની કારોબારી સમિતિમાં નીચે મુજબ સભ્યોની નિમંત્રિત સભ્યો તરીકે પૂરવણી કરવામાં આવી છે.

(૧) શ્રી ચંદ્રકુમાર જયંતીલાલ શાહ (૨) શ્રી રસીકભાઈ એસ. શાહ (એકયુપ્રેશરવાળા) (૩) શ્રીમતી સ્મિતાબેન શિરીષભાઈ કામદાર (૪) શ્રીમતી સુલીબેન હીરાણી (૫) શ્રી ગુલાબચંદભાઈ શાહ (૬) પ્રા. ગુલાબ ટેઢિયા (૭) શ્રી તરુણિકાબેન બિપિનભાઇ શાહ

પ્રેમળ જ્યોતિ : વિલે પાર્લા શાખાનું ઉદ્‌ઘાટન

● શાંતિલાલ ટી. શેઠ

'માનવતાના કાર્યમાં આર્થિક સહયોગ આપતા પ્રત્યેક દાતાઓએ આવી પ્રવૃત્તિમાં સક્રિય થવું જોઇએ. પ્રતિમાસ રૂ. ૧૦૦/– આપે તેવી સો વ્યક્તિઓને પ્રેરણા આપવી અને આગામી ગાંધી જયંતી સુધીના એક વર્ષમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની 'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિમાં વિલેપાર્લા વિસ્તારના સહૃદયી દાતાઓ તરફથી આ રીતે મળતો રૂ. ૧,૨૦,૦૦૦/– નો નિધિ 'પ્રેમળ જ્યોતિ'ની અહીંની શાખા દ્વારા માનવ-સેવાના કાર્ય માટે વાપરવી એવો સંકલ્પ ગાંધી જયંતીના આજના મંગળ દિને આપણે સૌ કરીએ'. એમ અતિથિવિશેષ ધારાસભ્ય શ્રી અનુપચંદ શાહે સંઘની 'પ્રેમળ જ્યોતિ'ની વિલેપાર્લા શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે પોતાના સંપૂર્ણ સહકારની ખાતરી આપતાં કહ્યું હતું.

પ્રારંભમાં શ્રીમતી મંદાકિનીબેનના મધુર સંગીત અને 'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રીમતી નિરુબેન શાહની પ્રાર્થના બાદ ડૉ. એસ. સી. શેઠે દીપક પ્રગટાવી 'પ્રેમળ જ્યોતિ'ની વિલેપાર્લા શાખાનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને પોતાના તમામ સહકારની ખાતરી આપી હતી.

અતિથિવિશેષ શ્રી મોહનભાઇ પટેલે જણાવ્યું કે આજના યુગમાં લોકહિતનું કામ એ જ સાચો ધર્મ છે. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે કહ્યું કે 'પ્રેમળ જ્યોતિ'ની અનેક શાખાઓ શરૂ કરવી પડે એટલો વિશાળ વર્ગ રાહ જુએ છે. પરિસ્થિતિ જ એટલી વિષમ છે કે પ્રત્યેક માનવીએ માનવતાનાં આવાં કાર્યોમાં યથાશક્તિ આર્થિક સહયોગ આપવો જોઇએ.

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે 'પ્રેમળ જ્યોતિ' પ્રવૃત્તિનો ચિતાર આપી 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે શ્રીમતી સ્મિતાબેન કામદાર અને શ્રીમતી સુલુબેન હીરાણીએ નાણાવટી હોસ્પિટલમાં કામ કરવાની તત્પરતા દાખવી. પરિણામે અમે અહીં શાખા શરૂ કરવાનો સંકલ્પ કર્યો. પ્રારંભમાં તેઓ બાળવિભાગને આવરી લેશે, એમ જણાવી આ કાર્યમાં અહીંના રહેવાસીઓના સહકારથી અમે સફળ થઇશું જ એવું શ્રદ્ધાવચન તેમણે ઉચ્ચાર્યું હતું.

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે શાહે પૂર્વ વક્તાઓનાં વક્તવ્યોમાં પોતાનો સૂર પુરાવી જણાવ્યું કે, હજુ તો કામની શરૂઆત થાય છે ત્યાં જ આ શાખાના સંયોજક બહેનોએ રૂ. ૧૨,૭૭૫ જેવી રકમ એકત્ર કરી આ પ્રવૃત્તિ માટે સંઘને ચરણે ધરી છે. મારા મિત્ર શ્રી ઉમેદભાઇ દોશીએ રૂ. ૨,૫૦૦/- અને અમારા સાથી સંઘના કોષાધ્યક્ષ શ્રી પ્રવીણભાઇ કે. શાહે દર મહીને રૂ. ૫૦૦/- અને જૂહુની કોકી કલબની બહેનો તરફથી દર મહીને રૂ. ૨૫૦/-, એમ એક વર્ષ સુધી આ પ્રવૃત્તિના પોષણ અને સંવર્ધન માટે આપવાનું વચન આપ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ નિમિત્તે મણીલાલ વાડીલાલ નાણાવટી પ્રાથમિક શાળાના સાત બાળકોની વાર્ષિક ફી 'પ્રેમળ જ્યોતિ' તરફથી આપવામાં આવી તે માટે તે શાળાનાં આચાર્યા શ્રીમતી હીરાબેન ભટ્ટે આભાર માની વિલેપાર્લા શાખાની શરૂઆત માટે સંઘને અભિનંદન આપ્યા હતા.

સમારંભના પ્રમુખ શ્રીમતી સુનીતાબેન શેઠે કહ્યું કે સમારંભના આ સ્થળ-ભગિની સેવા મંદિર-ની સ્થાપના પૂ. ગાંધીજીના વરદ હસ્તે થઇ હતી અને તેમના જન્મદિને આ શાખાનું આજે ઉદ્‌ઘાટન થાય છે તેનો મને આનંદ છે. અહીંના નાગરિકોનો પણ પૂરો સહકાર મળી રહેશે એવી શ્રદ્ધા તેમણે વ્યકત કરી હતી.

'પ્રેમળ જ્યોતિ'ના સંયોજક શ્રીમતી કમલબેન પીસપાટીએ પ્રાસંગિક પ્રવચન કરતાં તેમની વિદ્યાર્થિનીઓ અહીં સક્રિય સહકાર આપશે તેમ જણાવ્યું હતું. આભારવિધિ પાર્લા શાખાના સંયોજક શ્રીમતી સ્મિતાબેન કામદારે કરી હતી. આ પ્રસંગે નવ પ્રજ્ઞાચક્ષુ અને અપંગ વ્યક્તિઓને ટેલિફોન બૂથ અને ૭ મશીનો આપવામાં આવ્યાં હતાં.



'પ્રેમળ જ્યોતિ'ની વિલેપાર્લા શાખાનું દીપ પ્રગટાવી ડૉ. એસ. સી. શેઠ ઉદ્‌ઘાટન કરી રહ્યા છે. ઉભેલામાં ડાબી બાજુથી પાર્લા શાખાના સંયોજક શ્રીમતી સ્મિતાબેન કામદાર, ડૉ. રમણભાઇ ચી. શાહ, ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખ શ્રીમતી સુનીતાબેન શેઠ, અતિથિવિશેષ શ્રી મોહનભાઇ પટેલ અને ધારાસભ્ય શ્રી અનુપચંદ શાહ અને 'સંઘ'ના મંત્રીશ્રી કે. પી. શાહ જણાય છે.

અમરાવતીનું તપોવન : આત્મનિરીક્ષણની ઘડી

❖ પન્નાલાલ ૨. શાહ

તપોવન શબ્દશ્રવણથી આપણી સમક્ષ આપણા પ્રાચીન ઋષિકુળના નિસર્ગવાસનું કલ્પનાચિત્ર ખડું થાય. ઋષિ તપ અને સાધના કરે. એમના આશ્રમમાં વિદ્યોપાસના માટે વિદ્યાર્થીઓ આવીને વર્ષો સુધી રહે. એવા તપોવનની રાજ્ય પણ અદબ જાળવે. રાજ્ય એમાં ગૌરવ અનુભવે.

તપોવનના આવા વૈચારિક સંવિધાનને આજે થોડું જુદું સ્વરૂપ અપાયું છે, તપોવનની વિભાવનાને અકબાધ રાખીને. આપણને કરુણા, દયા, દાન આદિ માનવીય ગુણો વારસામાં મળ્યા છે. પરંતુ ઔદ્યોગિકીકરણના આ યુગમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સંક્રમણ લોપ (Communication gap) થયો છે. એ આચરણ-લોપમાં ન પરિણામ અ જાવા માનવાએ એ વિભાવનાને સંસ્થાકીય-સામાજિક સ્વરૂપ આપ્યું. સમાજના સમધારણ માટે એ આવશ્યક પણ મનાયું. અની આર્થિક વિટંબણાનું નિરાકરણ એ સમાજના વધુલખી જવાબદારી છે. સવા સંસ્થાના એવા ત્રણ તપોવન (એ સિવાય પણ હશે) આ લખનારની સમક્ષ છે : (૧) શિવાજીરાવ પટવર્ધનનું અમરાવતીનું તપોવન (૨) બાળાસાહેબ આમટેના આનંદવન આશ્રમ બન (૩) વડોદરા નજીક સિંધરોટમાં શ્રી સુરેશ સોનીનું શ્રમમંદિર. આ ત્રણે ય આશ્રમોમાં કુષ્ઠરોગીઓની સારવાર થાય છે. એમ. એસસી. મા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા સુરેશ સોનીએ તો કુષ્ઠરોગીની સવા કરવા ઉપરાત એમને સ્વાશ્રય દ્વારા આત્મનિર્ભર કરવાના યજ્ઞ માંડયા છે. આ સિવાયના બન્ને તપોવનમાં પણ કુષ્ઠરોગીઓને થાળે પાડવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. ગાંધીજીએ કુષ્ઠરોગી પરચુરે શાસ્ત્રીના સ્વયં સેવા કરી હતી. એવા સેવાને શ્રેષ્ઠ માનવસેવાનું એમણે ગૌરવ બક્ષ્યું હતું.

૮૮ વર્ષની જૈફ ઉમરે શિવાજીરાવ પટવર્ધનને ગાંધીજીના જન્મદિવસે આ તપોવન બંધ કરવાની ફરજ પડી. કારણ હતું આર્થિક વિટંબણાનું. સરકાર સમક્ષ એ અંગે રજૂઆત કરી. ગ્રાન્ટના નિયમોને આધીન એમાં સરકાર અપવાદ કરે તો સરકાર પર પક્ષપાતનું આળ આવે એમ પણ કહેવાયું. આપણને એથી એક વાતની પ્રતીતિ થઇ કે સરકાર કયાંક તો નિયમોથી ચુસ્ત રીતે બંધાયેલી છે !

આપણે દૃષ્ટિવંત, કલ્પનાશીલ નેતૃત્વનો આદર્શ સ્વીકારીએ છીએ, પરંતુ એને આગળી મૂકીને સહેલાઇથી ખતાવી શકતા નથી. નિયમોની જડતા વિરુદ્ધ વ્યવહારુ ઉકેલના મને એક પ્રસંગ યાદ આવે છે. ગુજરાતના નાનાં નાનાં શહેરોનાં અને મોટાં શહેરોનાં ઋગ્ણાલયો વચ્ચે સરકારી અનુદાનનું પ્રમાણ ૧ : ૩ જેવું હતું. મોટાં શહેરોના સાર્વજનિક હોસ્પિટલ્સનું ટ્રસ્ટીમંડળ સમાજમાંથી પણ દાન મેળવી શકે એવી એની ક્ષમતા ગણાય. નાનાં શહેરોની સ્થિતિ એના પ્રમાણમાં એવી સક્ષમ ન ગણાય. એને સરકારી અનુદાન પણ ઓછું. ચૌદ વર્ષ સુધી પ્રજા-સમાજવાદી પક્ષમાં રહીને કામ કરતા રહેલા શ્રી જસવંત મહેતાના સ્વાનુભવની આ વાત હતી. ઇ. સ. ૧૯૬૪માં તેઓ કોંગ્રેસમાં જાળ્યા અને ઇ. સ. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણી બાદ તેઓ ગુજરાતના નાણાં અને ઉદ્યોગ મંત્રી થયા. તેમણે અનુદાનના ઉપરોકત પ્રમાણને ઉલટાવ્યું. એથી નાનાં શહેરોની ઋગ્ણાલયોને સરકારી અનુદાન વધારે મળતું થયું. આવી રીતે સરકાર અમરાવતીના તપોવન માટે કલ્પનાશીલ બની શકી હોત.

અમરાવતીના તપોવન માટે એક પત્રકાર-મિત્રે વાતવાતમાં સૂચન કર્યું કે શિવાજીરાવ પટવર્ધને જનતા સમક્ષ હાથ લંબાવવો જોઇતો હતો. મને આ સૂચન પર વિચાર આવ્યો : ૮૮ વર્ષની જીવન સંધ્યાની વયે શિવાજીરાવ પટવર્ધને તપોવનની આર્થિક વિટંબણા માટે જનતા સમક્ષ હાથ લંબાવવો પડે એ કેવું ? સમાજના સ્વાસ્થ્ય માટે જીવનની પળેપળ વીતાવનાર ઋષિ અમારી સમક્ષ હાથ લંબાવે તો એ તપોવનની ભીડ ભાંગીએ એવી છીછરી આપણી કરુણા ? એ સમાજ કેવો ? અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમનો હરિજનોને આશ્રમમાં સાથે રાખી અમલ કરનાર ગાંધીજીને આશ્રમ ચલાવવા આર્થિક ભીંસ પડી, ત્યારે ચુપચાપ એવી ભીડ ભાંગનાર મહાનુભાવ અને શ્રેષ્ઠિઓ આજે કયાં ? એકાદ મિત્રે એમ પણ કહ્યું કે એકલદોકલ શ્રેષ્ઠ માટે ગજા ઉપરાંતની આ વાત છે.

આપણી પ્રજાકીય સંવેદના ભુંઠી થતી જાય છે. સામાજિક ચેતનાને પ્રજ્વલિત રાખવા કોડિયામાં ઘી પૂરવાનું કે થોડા સમયના અંતરે વાટને સંકોરવાનું વીસરી જવાતું હોય એમ લાગે છે. આપણે કોઇ યોજના હાથ ધરતા પહેલાં શ્રીમંતોનાં ગજવાં તરફ નજર નાખીએ છીએ. અલબત્ત, કેટલેક અંશે એ આવશ્યક પણ છે. પરંતુ સાથોસાથ એ પણ એટલું જ સાચું છે કે સામાજિક કાર્ય માટે ધનરાશિ મેળવવા ગોચરીએ નીકળવાની આપણી તૈયારી હોતી નથી. એક એક પૈસાના સહયોગ દ્વારા સુકૃત ફંડ કરનાર સમયદૃષ્ટિ આચાર્યશ્રી – વિજયવલ્લભસૂરિ આપણી ધૂંધળી નજરમાં આવતા નથી. પ્રજા આવી સમસ્યાને પોતીકી ગણે તો સરકારની એ મજાલ નથી કે અનુદાન વધારી આપવામાં એ આનાકાની કરી શકે. સરકાર એવું અનુદાન આપે કે નહીં એની પરવા કર્યા વિના સૌ પોતપોતાની શકિત અનુસાર સહયોગ આપે તો આવાં તપોવનો નભે. સમાજનું એ સંતાન છે. એનો ઉછેર, એનું રક્ષણ અને અર્થ પુષ્ટિ દ્વારા એનું સંવર્ધન એ આપણી, સમાજની ફરજ છે. એમાં આપણે સૌ ઊણા ઊતર્યા છીએ.

પત્રકાર-મિત્રોની વાત કરીએ તો બે ચાર લેખ લખવાથી કૃતિશ્રી માની શકાય નહીં, આત્મસંતોષ ન લઇ શકાય. આંધ્રની ઘટનાને આ જાગૃત મિત્રોએ પ્રજાકીય આંદોલનનું પરિમાણ આપ્યું અને એનું પરિણામ આપણે સૌએ જોયું. પત્રકાર-મિત્રો આવી સમસ્યાઓના પ્રસંગે કયાં ખટવાય જાય છે તેની મને વિમાસણ છે. આદર્શ અને તત્ત્વજ્ઞાન (Phylosophy)ની વાત કરીએ ત્યારે કેટલાક મિત્રો, આપણી આસપાસના જિવાતા જીવનમાં રસ હોવાનું કહી, સાત્ત્વિક અને તાત્ત્વિક વાતોને ટાળી દે છે, પરંતુ સંવેદનશીલતા અને આવી સામાજિક સમસ્યા પ્રત્યે સમભાવ અને સહાનતાની વાત કરું છું ત્યારે આપણી આસપાસના જિવાતા જીવનમાં રસ ધરાવતા કેટલા પ્રબુદ્ધ મિત્રોએ આવી સમસ્યાઓમાં રસ લીધો અને એના નિરાકરણમાં આપણે કયાં ઊભા છીએ તે તે વિચારવાનું છે. સામાજિક કાર્ય અને માનવસેવાની અહાલેક પોકારતા આપણા સૌ માટે આ આત્મનિરીક્ષણની ઘડી છે. ઓ છપાય છે ત્યાં સમાચાર આવ્યા છે કે સરકારી મદદ વિના તપોવન ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઇ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૭

મુંબઇ તા. ૧-૧૨-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ — મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

રાજકારણમાં હિંસા

● રમણલાલ ચી. શાહ

કોઇ પણ રાજ્યસત્તા લશ્કરી બળની સહાય વિના ઝાઝો સમય ટકી શકે નહિ. સ્વરક્ષણ, આક્રમણ કે પ્રત્યાક્રમણ માટે લશ્કરી તાકાત અનિવાર્ય બની રહે છે. લશ્કર એટલે યુદ્ધ માટેની-હિંસા માટેની પૂર્વતૈયારી. લશ્કરી તાલીમ એટલે ઓછામાં ઓછા સમયમાં દુશ્મનનો સદંતર નાશ કરવાના ધ્યેય માટે અપાતી તાલીમ. એમાં દુશ્મનો પ્રત્યે ન્યાય, નીતિ, પ્રેમ, દયાની વાત ન આવે. માટે જ રાજ્યસત્તા અને ધર્મસત્તા વચ્ચે વિસંવાદ હંમેશાં રહેવાનો.

જે રાજ્યસત્તા પાસે લશ્કર કે લશ્કરી તાલીમ લીધેલા યુવાનો તથા લશ્કરી શસ્ત્રસરંજામ ન હોય તેને અન્ય રાષ્ટ્રો ચડીકમાં પરાજિત કરી, ગુલામ બનાવી શકે. ગુલામીનાં દુઃખો જેણે જોયાં હોય તે સ્વાતંત્ર્યની કિંમત વધુ સમજે, સ્વાતંત્ર્ય સાચવવા માટે લશ્કરી સજ્જતા અનિવાર્ય થઇ પડે છે. આમ, રાજકારણમાં હિંસાની વિચારણા અનિવાર્ય થઇ પડે છે. ભય વિના શાંતિ અને સલામતી નથી, માટે દુશ્મન સતત ડરતો રહે એટલી લશ્કરી તાકાત પોતાની પાસે હોવી જોઇએ એવી કૌટિલ્ય – નીતિમાં રેગન અને ચેરનેન્કો પણ માને છે. પ્રત્યેક રાષ્ટ્ર માટે સેના અને શસ્ત્રસરંજામ એક અનિવાર્ય અંગ બની ગયું છે. પ્રતિ વર્ષ દુનિયાના અબજોના અબજો રૂપિયા એની પાછળ ખર્ચાય છે. તમામ દુનિયા જો ડાહી અને શાંતિપ્રેમ હોય અને સંરક્ષણ પાછળ ખર્ચાતાં બધાં નાણાં જો પ્રજાકલ્યાણ માટે ખર્ચાય તો દુનિયામાં ચડીકમાં નંદનવન સ્થપાય. પરંતુ તેમ થવું વ્યવહારુ નથી. માનવ-જાતિના ભાગ્યમાં તે લખાયું નથી.

પરસ્પર બે રાજ્યો વચ્ચે સીમા વગેરેના સ્વાર્થનું મોટું ઘર્ષણ થતાં યુદ્ધ ફાટી નીકળે છે. જૂના વખતમાં રાજ્યો–રાજ્યો વચ્ચે યુદ્ધો થતાં, ક્યારેક આંતરવિગ્રહ થતા, પરંતુ હવે તો ઘણાં રાષ્ટ્રોમાં આંતરિક કલહને કારણે મોટા હિંસક બનાવો બનવા લાગ્યા છે. ઘાતક શસ્ત્રો સુલભ થવાથી, ભાગી જવા માટે ઝડપી વાહનો લભ્ય થવાથી, પોતાના જ રાષ્ટ્રમાં એક યા અન્ય કારણે અસંતુષ્ટ થયેલો વર્ગ જ્યારે હિંસાનો આશ્રય લે છે ત્યારે પરિસ્થિતિ વિષમ બની જાય છે. બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાનાં કેટકેટલાં રાષ્ટ્રોને આંતરિક આતંકવાદીઓનો પ્રશ્ન કેટલો બધો સતાવી રહ્યો છે ! સ્વાર્થ સર્વોપરિ બને છે ત્યારે માણસ કેટલો બધો નિર્દય બની શકે છે તે આવી ઘટનાઓ દર્શાવે છે.

થોડા દિવસ પહેલાં બ્રિટનનાં વડા પ્રધાન શ્રીમતી માર્ગારેટ થેચર અને એમના સાથીદારોને મારી નાખવા માટે ડાયનામાઇટ રચાયું હતું. બ્રાઇટનની ગ્રાંડ હોટલમાં બોમ્બના વિસ્ફોટને કારણે કેટલાક માણસો મૃત્યુ પામ્યા, કેટલાક ઘાયલ થયા, હોટેલને ઘણું નુકસાન થયું, પરંતુ સદ્‌ભાગ્યે શ્રીમતી થેચર અને એમના સાથીદારો બચી ગયાં. આયરલેન્ડના રોમન કેથોલિક ત્રાસવાદીઓએ સ્વીકાર કર્યો છે કે આ કાવતરું તેઓએ કર્યું હતું.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં દુનિયાના ઘણા દેશોમાં આતંકવાદીઓની બોમ્બ દ્વારા કરાતી આવી હિંસાત્મક પ્રવૃત્તિઓ ઘણી વધી ગઇ છે. થોડા સમય પહેલાં મદ્રાસના એરપોર્ટ ઉપર ભયંકર બોમ્બ ફાટ્યો હતો અને કેટલાક માણસો મૃત્યુ પામ્યા હતા. એ પ્રવૃત્તિ પણ ત્રાસવાદીઓની હતી. પંજાબમાં ત્રાસવાદીઓને કારણે સુવર્ણમંદિરની આખી ઘટના બની ગઇ અને હજુ ત્રાસવાદીઓ ત્યાં શાંત થયા નથી. કેટલાય જાપાની ત્રાસવાદીઓ જાપાન બહાર રહીને જાપાનને અવારનવાર વિમાનો કે વિદેશ-દૂતાવાસો ઉડાવી દેવાની ધમકી આપી સતાવે છે. શ્રીલંકામાં તમિળ ત્રાસવાદીઓની જોરદાર પ્રવૃત્તિ સરકારને મૂંઝવે છે. બંગલાદેશ, થાઇલેન્ડ, મલેશિયા, પેલેસ્ટાઇન, યુગાન્ડા, લેબેનોન, ઇરાન-ઇરાક વગેરે સંખ્યાબંધ દેશોમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે. સરકારી કચેરીઓમાં કે વિદેશ દૂતાવાસોમાં બોમ્બ ધડાકા, રેલવેના અકસ્માતો, વિમાનોનું અપહરણ, ઉચ્ચ રાજદ્વારી પુરુષોની હત્યા વગેરે દ્વારા ત્રાસવાદીઓ સામાન્ય પ્રજાજનોમાં અરેરાટી ફેલાવે છે, ભયનું વાતાવરણ સર્જાય છે અને સરકારો મૂંઝાય છે.

સોવિયેટ યુનિયન, ચીન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરે નાનામોટા કેટલાક દેશોમાં ત્રાસવાદ પ્રમાણમાં નહિ જેવો જ છે. જ્યાં સરમુખત્યારશાહી છે, લશ્કરી શાસન છે ત્યાં કડક હાથે સરકાર એવી પ્રવૃત્તિને ઊગતાં જ દાબી દે છે. જ્યાં લોકશાહી છે ત્યાં ત્રાસવાદી પ્રવૃત્તિ પ્રમાણમાં વિશેષ રહે છે.

સરમુખત્યારશાહીમાં પ્રજાના અમુક વર્ગને પંપાળવાની જરૂર નથી હોતી; નિર્દય ઝડપથી લેવાય છે, અને બધી લશ્કરી તાકાત સાથે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિને ચડીકમાં કચડી નાખી શકાય છે. ભયને કારણે ત્રાસવાદીઓની પ્રવૃત્તિને પ્રજાનો સહકાર પણ ઓછો મળે છે પરંતુ સરમુખત્યારશાહીમાં કે લશ્કરી શાસનમાં મુક્ત હવા ન હોવાથી સમગ્ર પ્રજા આમ તો કચડાયેલી જ રહે છે. ત્યાં પણ જ્યારે સત્તાની લોહિયાળ ઉથલપાથલ થાય છે ત્યારે

અનેક નિર્દોષ માણસો મૃત્યુ પામે છે.

બે રાજ્યસત્તાઓ વચ્ચે મોટું ધર્ષણ થાય ત્યારે તે યુદ્ધમાં પરિણામે છે. યુદ્ધ પૂરું થતાં ફરી પાછી સામાન્ય સ્થિતિ સ્થપાય છે. (જો કે હવે તો પાડોશી રાષ્ટ્રોની દખલગીરી કે મહાસત્તાઓની ચઢવણીને કારણે યુદ્ધો પણ ફાટિયા, વિયેટનામ કે અફઘાન-અફઘાનની જેમ ઘણાં વર્ષો સુધી ચાલ્યા કરે છે.) પરંતુ પોતાના જ દેશમાંથી અમુક વર્ગ, ભાષા, વર્ણ, જાતિ, ધર્મ કે એવાં કોઈ નિમિત્તો રાજ્યની સામે બહારવટે ચઢે છે ત્યારે સત્તાધીશને માટે મૂંઝવણ ઊભી થાય છે. પોતાના જ દેશબાંધવો પ્રત્યે દુશ્મનો સામે લેવાય એવું આત્યંતિક કઠિનું પગલું દરેક વખતે લઈ શકાતું નથી. સૂકા ભેગું લીલું પણ બળે છે. વિરોધ પક્ષો પણ નીતિ-નિયમો બાજુ પર મૂકી તકનો લાભ લેવાનું ચૂકતા નથી. આડકતરી રીતે શસ્ત્રો વગેરેની મદદ પણ થાય છે વિરોધી રાષ્ટ્રો પણ તેને ઉત્તેજન અને સહકાર આપે છે, તથા ભાગી છૂટેલા ત્રાસવાદીઓને ગુપ્ત કે જાહેર આશ્રય આપે છે. પરિણામે દુનિયાના ઘણા દેશોમાં ત્રાસવાદ વધતો ચાલ્યો છે.

જૂના સમયમાં રાજાશાહીમાં રાજા જ સર્વોપરિ સત્તા ધરાવતો હોવાથી એકંદરે શાંતિ રહેતી. ક્યારેક એકલદોકલ વ્યક્તિઓ કે નાની ટોળકીઓ જ રાજ્યની સામે બહારવટે ચઢતી પરંતુ ઝડપી વાહન, ગુપ્ત આશ્રય કે ઘાતક હથિયારનું પ્રમાણ ઓછું હોવાથી તેમને જલદી વશ કરી શકાતા. વર્તમાન લોકશાહીમાં કોઈ એક પક્ષ સત્તા પર હોય ત્યારે આડાના વિરોધ પક્ષો અડધા બહારવટે ચઢ્યા હોય એવી પરિસ્થિતિ કોઈ કોઈ દેશોમાં સર્જાય છે. સત્તારૂઢને આવવાને માટે કુખ્યાત હિંસાત્મક ગુપ્ત ઉપાયો વિચારાય છે. જૂના વખતમાં યુદ્ધમાં રાજા મૃત્યુ પામે એટલે યુદ્ધ પૂરું થયેલું ગણાતું, કારણ કે બધું સૈન્ય અસ્તવ્યસ્ત થઈ જતું. વર્તમાન સમયમાં એવા જ આશયથી સત્તાના સર્વોચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિને મારી નાખવાનું વિચારાય છે. એમ જ્યારે થાય છે ત્યારે તેનો પક્ષ ઘડીભર ડામાડોળ થઈ જાય છે. ક્યારેક રાજકારણ અચાનક પલટો લે છે. ક્યારેક વિરોધી પક્ષનું, ક્યારેક લશ્કરી બળવો કરનારાનું, ક્યારેક ત્રાસવાદીઓનું લક્ષ્ય પણ સર્વોચ્ચ વ્યક્તિની હિંસા કરવાનું હોય છે.

ગાંધીજી, કેનેડી, મુજીબુર રહેમાન, માર્ટિન લ્યુથર કિંગ વગેરે કેટલાય મહાપુરુષોનો ભોગ આ રીતે રાજદ્વારી હેતુથી લેવાયો છે અલબત્ત, એમનાં બલિદાન સાવ નિરર્થક જશે એમ કેમ કહેવાય?

હિંસાથી કશું જ હાંસલ થતું નથી એવું નથી. હિંસાની ઘાતક શક્તિ ઘણાને ભયભીત કરી નાખે છે. વ્યક્તિ હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય, ભયંકર હિંસા આગળ નમતું આપવું પડે છે. લાચારી અનુભવાય છે; પરંતુ હિંસાથી સિદ્ધ કરેલી વસ્તુ ઝાઝો સમય ટકતી નથી. હિંસાત્મક પગલાંથી સત્તારૂઢને ચઢી બેઠેલાઓ પ્રતિહિંસાથી એટલા જ ડરતા હોય છે. પોતાની સત્તા ટકાવી રાખવામાં જ એમની ઘણી શક્તિ વેડફાઈ જાય છે. પ્રજાકલ્યાણનું કામ એમને હાથે બહુ થતું નથી. એકંદરે રાષ્ટ્ર ઝાંખું અને નબળું બની જાય છે.

જેમ સત્તા વધુ તેમ ઉભય પક્ષે હિંસાના વધુ ઉપાયો વિચારાય છે. સત્તા અને અહિંસા બંનેનો સુમેળ સાધ્યો નથી. અહિંસક બળવળ દ્વારા રાજકારણ અને ધર્મ બંનેનો સમન્વય કરવા માટે ગાંધીજીએ ભગીરથ પુરુષાર્થ કર્યો અને દુનિયાની સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ ધર્યું, પરંતુ એવા મહાન કાર્ય માટે એવી જ મહાન વિભૂતિ જોઈએ. નાના પવિત્ર આત્માઓ નાનકડા વર્તુળમાં એવું કામ કરી શકે, સમગ્ર દુનિયામાં એમનો પ્રભાવ ન પડે.

જેમ જેમ વધુ ઘાતક શસ્ત્રોની શોધ થતી જશે તેમ તેમ ત્રાસવાદી રાજકારણ વધતું જશે. અણુવિદ્યાની ગુપ્તતા ઓછી થતી જાય છે. નજીકના ભવિષ્યમાં બીજાં શસ્ત્રોની જેમ નાના અણુબોમ્બ પણ ગેરકાયદે વેચાવા ચાલુ થઈ જશે, ત્યારે મુઠ્ઠીભર ત્રાસવાદીઓ ગુપ્ત કાવતરું કરીને અનેક માણસોનો અચાનક સંહાર કરી શકશે. મોતને હાથમાં લઈને નીકળી પડેલા થોડા ગાંડા માણસો દુનિયાના રાજકારણને જ્યારે ડહોળી નાખી શકે છે, તેમ છતાં કોઈ પણ ડાહી પ્રજા પોતાના રાષ્ટ્રની સત્તા આતંકવાદીઓને નહિ પણ ડાહ્યા માણસોને જ સોંપવાનો વિચાર કરશે. પરંતુ તેઓ ત્યારે જ તેમ કરી શકશે, જ્યારે અહિંસા, પ્રેમ, વિશ્વબંધુત્વની ભાવનાનું સતત પોષણ કર્યા કરે.

અહિંસાની વિધેયાત્મક શક્તિ ઘણી મોટી છે. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધથી માંડી ગાંધીજી સુધી અનેક મહાત્માઓએ અહિંસાનો વ્યાપક પ્રચાર કર્યો છે. રાજ્યસત્તા કરતાં ધર્મસત્તા સરવાળે વધુ સ્થાયી અને ચડિયાતી છે. પ્રજાનું આમૂલ પરિવર્તન કરવાની એની પાસે શક્તિ છે. એ માટે વ્યક્તિગત પુરુષાર્થની સૌથી વધુ અપેક્ષા રહે છે. એ થશે તો સમાજગત કે રાષ્ટ્રગત પુરુષાર્થ વધતાં વાર નહિ લાગે.

રાજકારણમાં પણ નીતિ અને ધર્મનો આગ્રહ સેવનારા ગાંધીજીને કેટકેટલી વાર હજુ આપણે યાદ કરવા પડશે?

ટેલિફોન બુથ અર્પણવિધિ

'સંઘ' સંચાલિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે 'નેબ'ના સહયોગથી રવિવાર, તા. ૨૩ મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના રોજ દાદર રેલવે સ્ટેશન (પશ્ચિમ)ના પ્લેટફોર્મ નં. ૧ પર અને આર સ્ટેશન પર, એમ બન્ને સ્થળોએ એકેક ટેલિફોન બુથ અર્પણ કરવાનો એક સમારંભ યોજાયો હતો.

'સંઘ'ના મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહ અને શ્રી કે. પી. શાહ, મુખ્ય અતિથિ બોમ્બે ટેલિફોનના જનરલ મેનેજરશ્રી આર. ડી. જોશી, અતિથિવિશેષ સેન્ટ્રલ અને વેસ્ટર્ન રેલવેના પોલિસ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી આર. કે. ધાડગે, પશ્ચિમ રેલવેના દાદર સ્ટેશનના સુપરિન્ટેન્ડેન્ટ, શ્રી એમ. પી સોરાટ, એડવોકેટ શ્રી વસંતરાવ સૂર્યવંશી તેમ જ પશ્ચિમ રેલવેના ડિવિઝનલ મેનેજર શ્રી મદન એમ. એલ. શર્માએ પ્રાસંગિક પ્રવચનોમાં અંધજનો અને અપંગોને સહાયરૂપ થવાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

કાર્યક્રમના પ્રારંભે 'પ્રેમળ જ્યોતિ'નાં સંયોજક શ્રીમતી નિરુબેન શાહે પ્રાર્થના રજૂ કરેલ હતી. સંચાલન 'નેબ'ના કાર્યાધિકારી શ્રી મંગસુલીકરે કર્યું હતું. ટેલિફોન બૂથના દાતા એરીસ્ટો કેમિકલ્સ પ્રા લિ. ના ડો. ધનવંતભાઈ શાહનું અને શ્રીમતી ઇન્દિરાબેન વિભાકર કામદારનું આ પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું.

જોઈએ તીખા; અતિ વજ્ર સરીખા

પ્રભુદાસ ગાંધી

નીચા છાપરાવાળું અમારું નાનું ઘર, ઊંચાણવાળી ખુલ્લી જમીન પર હતું. એની અડોઅડ ઉત્તરે તથા પશ્ચિમે અમારી બે એકર જેટલી ખેતરાઉ જમીન હતી. તેમાં કામ કરવા માટે હાથ વડે જ વપરાતાં કોદાળી, પાવડો, ખરપડી દંતાળી જેવાં ઓજારો અમારા પાસે હતાં. રોજ સવાર-સાંજ કલાકો લગી નિયમિત જાતમહેનત કરીને મારા પિતા અને કાકાએ કેટલાક શાક તથા કંદમૂળની ખેતી ઉપરાંત કેળ, લાંબુ, નારંગા, આમ્બા, પોપૈયાં વગેરે થોડાં થોડાં ફળવૃક્ષો ઉછેર્યાં હતાં. મકાઈ, વાલોળ, વટાણા વગેરે વાવવા કરવાનો શ્રમ મારા બા અને કાકી કરતાં. હું ત્યારે સાત આઠ વર્ષનો અને તરણ તો નહોતો જ. જેની ગાઢે સમજણ-અસમજણનો ખીચડો હોય એવડી બારેક વરસની ઉંમરનો હતો. અમારા દિવસો ઠીક ઠીક શાંતિભર્યા વીતી રહ્યા હતા. એવામાં એક અણધાર્યું વલોણું મંડાયું.

એ દિવસના સવારે કસાર ૧, નારંગી રૂપેરી વગેરે બદલતા જતા સૌમ્ય, સોહામણા રંગો વડે ઉષાદેવીએ આકાશને ચેતનવંતુ બનાવી દીધું ત્યારે ઢળવો પાવડો લઈને હું પણ પિતા-કાકા પાસે પહોંચી ગયો. તેઓ બન્ને તો મળસકે અંધારું સંકેલાયા પહેલાં જ કોદાળી વડે કામે લાગેલા. એમણે ફળઝાડો વચ્ચેના જમીન ખોદી કાઢી વૃક્ષોનાં થડ સુધીની માટી પોચી બનાવી હતી. મગનકાકાએ મને ખરી પડેલાં સૂકા પાંદડાં ભેગાં કરવાનું કામ સોંપ્યું અને નારંગીના એક ઝાડની ચારે બાજુ કુંડાળામાં માટી તળે દાબી દેવાનું શીખવ્યું. સાથે સાથે એ કસદાર ખાતરના ગુણધર્મો વિષે વાત કરી. સૂરજ જ્યારે બે વાંસ જેટલો ઊંચે આવ્યો ત્યારે ખેતીકામ આટોપી લઈને અમે ઘરે આવ્યા. સૌએ ભેગા બેસી મકાઈની થૂલી વગેરેનું પેટને ચૂકવણું કર્યું, પણ વડીલોની ધીમી ધીમી વાતચીત પરથી મને સમજાયું કે સૌનાં ચિત્ત અમારે ત્યાંથી થોડે છેટે દક્ષિણ બાજુની ઘરની ઓસરીમાં લાગેલું છે, કેમ કે ત્યાં બાપુજીનો ઉપવાસ એક પણ દિવસ આગળ ચાલ્યો છે. એ ઉપવાસનો તાપ કરતૂરબા પોતાની ઘણી જ નબળી તબિયતે સહન કરી રહ્યાં છે. હમણાં જ ભારે માંદગીમાંથી તેઓ માંડ ઊઠ્યાં છે. બહેન અમનાબા કહેતું ખમાશે આ ચિંતામાં પડાલા જ. આ ઉચાટથી મારી બાનું હૈયું વલોવાઈ રહેલું જણાયું.

મારા પિતાશ્રી બાપુજી પાસે ગયા એમની જાડું હું યે ત્યાં ગયો. બેચાર છોકરાઓ બાપુજીની ઓસરીને કિનારે ઊભા હતા અને બે જણ બાપુજીની પથારી પાસે હતા. છોકરાઓ સાથે ઊભા રહીને મેં પણ બાપુજીની વાતચીત સાંભળી. તેમણે મારા પિતાશ્રીને કહ્યું, 'આજે લીંબડો નથી લીધો. એનેથી પેટમાં ચૂક જેવું જણાય છે એટલે હવે એ લેવાનું બંધ જ કર્યું' ઉપવાસ શરૂ કરતી વખતે ઉપવાસમાં પાણી અને લીંબડો લઈ શકાય એવી છૂટ રાખેલી, પણ લીંબડો એમને ફાવ્યો જ નહીં. એટલે કેવળ પાણીના આધારે કેમ ટકાશે એ ભારે ચિંતા સૌને થઈ પડી. એમના આગળ જરાય ઢીલું મૂકવાની વિનવણી થઈ શકે એમ હતું જ નહીં. એમણે અગાઉથી જ જણાવી દીધેલું કે 'કરેલી પ્રતિજ્ઞા હું પાછી ખેંચું એ તો પશ્ચિમમાં ઊગે તોય ન બને' એટલે ઉપવાસ દરમ્યાન શરીર સારું પાણી સિવાય બીજી કોઈ ચીજનો આધાર લેવાય એવું ન રહ્યું. અને બાપુજી જરૂર પૂરતું પાણી પણ ન લઈ શક્યા, કેમ કે પાણીથીયે ઊબકા જેવી અસર થઈ.

આ બનાવ આપણા દેશમાં નહીં, દૂર-દૂર આફ્રિકા ખંડના દક્ષિણ છેડે બની રહ્યો હતો. ત્યાના વિખ્યાત બંદર તેમજ મહાનગર ડરબનથી બાવીસ કિલોમીટર દૂર આવેલા વનપ્રદેશમાં બાપુજીએ આવું અસાધારણ તપ આદરેલું. એ સ્થળે આવ-જા માટે જે નાનકડું રેલવે સ્ટેશન હતું તેનું નામ ફિનીક્સ હોવાથી બાપુજીના રહેઠાણની જગ્યા પણ ફિનીક્સને નામે ઓળખાતી. અહીં ભારતમાં તો મુનિ, તપસ્વી, સાધકો ઉપરાંત ઘણાયે આરથવાન નર-નારી એક સામટા ઝાઝા દિવસના ઉપવાસ કરનારા હોય છે, પણ ત્યાં દક્ષિણ આફ્રિકામાં રહેનારા ભારતવાસીમાંથી એકાદશી જેવા એકાદ દિવસ કરતાં વધારે ઉપવાસ કોઈ કરે એવું જોવા-સાંભળવામાં નહોતું આવતું. એટલે બાપુજીની ચૌદ દિવસના ઉપવાસની પ્રતિજ્ઞાથી ફિનીક્સમાં સૌ થરથરી ઊઠ્યાં હતાં. વળી બાપુજીએ ઉપવાસ દરમ્યાન અજ્ઞાતવાસ અપનાવવા જેવું કર્યું. એમના ઉપવાસની ખબર ભૂલ્યે-ચૂક્યે બહાર ન જવા દેવાની ઝીણવટભરી ચોકસાઈ બાપુએ રખાવી હતી. આકરું પ્રાયશ્ચિત, બને એટલા એકાંતમાં કરવું જોઈએ એવો એમનો આગ્રહ હતો. તીવ્ર તપશ્ચર્યાની જાહેરાતથી એનું સત્ત્વ ઝંખું પડ્યા વિના ન રહે એ કારણે પણ બાપુજીના ઉપવાસ અંગે લોકોમાં ઉહાપોહ અટકાવવો જરૂરી હતો. અને બાપુજીના ઉપવાસની જાણ થતાં ઘણા બધા પરિચિત સદ્‌ગૃહસ્થો બાપુજી પાસે દોડી આવે એટલે ફિનીક્સની શાંતિમાં વિક્ષેપ થાય એ પણ દહેશત હતી. આથી કરીને ફિનીક્સવાસીઓએ પણ આ ઉગ્ર તપને કેવળ અંગત કૌટુંબિક ઘટના ગણી મોઢે તાળું રાખવાનું હતું.

પાંચમા ઉપવાસને દિવસે નમતે પહોરે ફિનીક્સમાં ખબર ફરી વળી કે બાપુજીને બહુ વરસમું જણાઈ રહ્યું છે. એમની પાસે ભીડ ન થવા દેવાની કાળજી રાખવામાં આવી. મોટેરાંઓએ અરસપરસની વાતચીતમાં ચિંતા દર્શાવી કે 'હજી તો બેંચ્યા એથી બમણા દિવસ બેંચવાના બાકી છે; કેમ થશે?' એ સાંજે ભેગા બેસીને ભજન વગેરેનો કાર્યક્રમ, રોજની જેમ બાપુજીના ઘરના વચલા ઓરડામાં કરવાને બદલે બાપુજીની ઓશરીમાં એમની પથારી પાસે ભેગા બેસીને કરવામાં આવ્યો. એ આખી રાત બાપુજીને ભારે વરસમી થઈ પડી, પણ તેઓ હાર્યા નહીં.

પોતાની સહનશક્તિને એમણે વધારે પ્રબળ બનાવી. પોતાની ચિત્તશાંતિના ચેતનમય વહેણમાં એમણે ઊંડું અવગાહન કર્યું. એમના પાકા સંકલ્પને એમની કાયાએ સાથ પુરાવ્યો. બહુ વિકટ ઝંઝાવાત વચ્ચેયે મહાસાગરમાં કાબેલ સૂકાની પોતાની દિશાએ પોતાનું વહાણ હંકારે જાય તેમ બાપુજીએ પોતાનું ઉપવાસનું વ્રત આગળને આગળ ને આગળ ચલાવ્યું, અને છઠ્ઠો, સાતમો, આઠમો એમ એક પછી એક દિવસ તેઓ પાર કરતા ચાલ્યા.

[ક્રમશ:]

કાલિદાસ, શેકસ્પિયર અને રવીન્દ્રનાથની નારીસૃષ્ટિ

© પ્રા. ચી. ના. પટેલ

(ગતાંકથી પૂણ)

કોર્ડીલિયાનો પ્રેમ ડેસ્ડેમોનના પ્રેમ જેટલો જ ઊંડો છે, પણ તે વાચાળ નથી, શાંત સમુદ્ર જેવો ગંભીર છે. વૃદ્ધ પિતા પુત્રીઓના પ્રેમનું પ્રદર્શન ઇચ્છે છે તેને કોર્ડીલિયાની બે મોટી બહેનો અતિશયોક્તિભર્યા મીઠા શબ્દોથી છેતરી ખુશ કરી રાજ્યનો પોતાનો ભાગ મેળવી લે છે. લિયર છેલ્લે 'Our joy' પોતાની આંખની કીકી સમી કોર્ડીલિયા તરફ વળે છે અને પૂછે છે, what can you say to draw A third more opulent than your sisters? Speak. રાજાએ ત્રણે બહેનોના ભાગ નક્કી કરી રાખ્યા હતા, અને તેમાં કોર્ડીલિયાનો ભાગ સૌથી વધુ સમૃદ્ધ હતો. પિતાના પ્રશ્નના ઉત્તરમાં સત્યપ્રિય સંયમશીલ મિતભાષી કોર્ડીલિયા કહે છે, Nothing, my Lord. Nothing ? રોષથી ઉત્તેજિત થઇ લિયર પૂછે છે, Nothing ? કોર્ડીલિયા વળી કહે છે કે Nothing will come of nothing. કશું નહિ બોલે તો રાજ્યભાગમાં પણ કશું નહિ મળે, રાજા ધમકી આપે છે, Speak again. હવે પછીનો પિતા-પુત્રી સંવાદ શેકસ્પિયરની કલમે આલેખેલાં માનવ-સ્વભાવની સંપત્તિનાં અનેક અવિસ્મરણીય ચિત્રોમાંનું એક છે. તેમાં પ્રગટ થતું સત્ત્વશીલ પ્રેમ ને સ્વમાનનું મિશ્રણ મને divine Desdemonaની ક્ષમાવૃત્તિ કરતાં સ્ત્રી – હૃદયની વધુ આશ્ચર્યમય વિભૂતિ જેવું લાગ્યું છે. વાંચો એ સંવાદઃ

Coardelia – Unhappy that I am, I cannot heave
My heart into my mouth. I love
your majesty. According to my bond,
nor more nor less.

Lear – How, how, Cordelia mend your
speech a little, Lest you mar your
fortunes.

Cordelia – Good may lord,

You have begot me, bred me, lov'd
me : I Return those duties back as
are right fit, Obey you, love you
and most honour you. Why have
my sisters husbands, if they say
They love you all ! Haply, when
I shall wed, That lord whose hand
must take my plight shall carry
Half my love with him, half my
care and duty, Sure I shall never
marry like my sisters, To love my
father all.

Lear – But goes thy heart with this ?
Cordelia – Ay, good my lord.

Lear – So young, and so untender ?
Cordelia – So young, my lord, and true.

પિતા સ્વમાની પુત્રીની સત્યપ્રિયતા નથી સમજી શકતો અને રોષે ભરાઇ તેને રાજ્યભાગમાંથી બાકાત રાખી 'નજર નિકાલ' કરે છે પણ મોહઅંધ બનેલા પિતાને છેતરી ગયેલી બે મોટી પુત્રીઓ પોતાના દુષ્ટતા પ્રગટ કરે છે અને તેમની કૃતઘ્નતા વૃદ્ધ લિયરને ચિત્તભ્રમની દશામાં ધકેલી દે છે. એ સમાચાર સાંભળી ફ્રાન્સના રાજાને પરણેલી કોર્ડીલિયા લશ્કર લઇ પિતાની મદદે આવે છે પોતાના પ્રેમઅમૃતથી કોર્ડીલિયા પિતાના હૃદયના ઘા રૂઝવે છે. તે પિતા-પુત્રીના પુનર્મિલનનું દૃશ્ય અંગ્રેજી સાહિત્યમાં અમર બની રહ્યું છે

પિતાની ચિત્તભ્રમદશા જોઇ દુઃખી થઇ ગયેલી કોર્ડીલિયા ડોકટરને પૂછે છે, Will man's wisdom In the restoring his bereaved sense? માણસનું જ્ઞાન રાજાને ફરી સ્વસ્થ બનાવવા કંઇ કરી શકે? ડોકટર ઉત્તર આપે છે, ના, પ્રકૃતિએ આપણને ઘાઇ-માતા નિદ્રાની બક્ષિસ આપી છે, અને તે પ્રેરી શકે એવી ઔષધિઓ આપી છે. પ્રેમાર્દ્ર કોર્ડીલિયા પ્રાર્થે છે.

All bless'd secrets,
All you unpublished virtues of the earth,
Spring with my tears ! be aidant and
Remediate in the good man's distress !

પૃથ્વીના બધા અપ્રગટ આરોગ્યદાયી ગુણો મારા આંસુના અમૃતે ઔષધિઓરૂપે ઊગી નીકળો, અને અને મારા સાધુ પિતાને પુનર્જીવન આપો. પૃથ્વીએ તે પ્રાર્થના સાંભળી હોય તેમ વૃદ્ધ લિયર માત્ર બુદ્ધિનું નહિ, આત્માનુંય પુનર્જીવન પામીને જાગ્યો. પોતાની જે પ્રિય પુત્રીને તેણે 'નજર નિકાલ' કરી તે પહેલાં 'our joy' 'મારી આંખની કીકી' કહી સંબોધી હતી, તેને સ્મૃતિભ્રંશના ધૂંધળા આવરણમાંથી કંઇક ઓળખી અને તેની ક્ષમા માગતો હોય તેમ તેને પગે પડવા લાગ્યો. No Sir, you must not kneel, પિતાના આશીર્વાદ પ્રાર્થતી કોર્ડીલિયા તેને કહે છે. લિયરને પોતાની જાગ્રત સ્થિતિમાં હજુ શ્રદ્ધા નથી આવી તે કહે છે :

Pray, do not mock me;
I am a very foolish fond old man,

* * *

I fear I am not in my perfect mind.
Me thinks I should know you and know this man,

* * *

Do not laugh at me,
For, as I am a man, I think this lady,
To be my child Cordelia.

એ Child શબ્દ રાજસત્તાના બધા અર્થમાંથી મુક્ત બની માત્ર પિતા રહેલા લિયરમાં ફુરતી વાત્સલ્યની સરવાણી

વિશે કેટલું બધું કહી જાય છે! આંસુથી છલકાતી આંખે કોડીલિયા માત્ર એટલું જ કહ્યા શકે ઃ

And so I am, I am.

Be your tears wet? લિયર પૂછે છે, અને પછી

Yes, faith. I pray, weep not;
If you have poison for me, I will drink it.
I know you do not love me; for your sisters
Have, I do remember, done me wrong;
You have some cause, they have not.

ઉત્તરમાં વળી પાછા કોડીલિયા માત્ર ચાર શબ્દ જ બોલી શકે છે,

No cause, no cause.

કોડીલિયાના ચાર-પાંચ શબ્દના આ બે ઉત્તરો, And so I am, I am અને No cause, no cause, પ્રેમના અગાધ ઊંડાણને માત્ર વ્યંજિત કરતી સંયમના કળાના શ્રેષ્ઠ નમૂના ગણાયા છે અને નાટકનું એ આખું દૃશ્ય શેકસ્પિયરની કાવ્યપ્રતિભાનું શ્રેષ્ઠ સર્જન ગણાયું છે જેટલી વાર મેં એ દૃશ્ય વાંચ્યું છે, તેટલી વાર મારી આંખ જરા ભીની થયા વિના નથી રહી.

સ્ત્રી-હૃદયની પ્રેમક્ષમતાનાં આ શેકસ્પિયરી ચિત્રોમાં વાલ્મીકિ ને કાલિદાસની કલ્પનાના પુણ્યપ્રભાવનો સ્પર્શ છે, પણ તેમાં સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ઊતરતી ગંગાની પવિત્ર ધારાનું દર્શન નથી. સીતા, શકુન્તલા ને ઉમાનાં ચિત્રોમાં વાલ્મીકિ ને કાલિદાસની કલમોએ એવું દર્શન કરાવ્યું છે, તે તેમની કૃતિઓમાં આવતાં તપોવનોના પવિત્ર વાતાવરણને આભારી છે. પશ્ચિમની પ્રજાઓને એવાં તપોવનોનો અનુભવ નહોતો અને એમના કવિઓને એમની કલ્પના નહોતી. વળી ખ્રિસ્તી ધર્મે ઈશ્વરને પ્રેમરૂપે કલ્પ્યો છે, પણ તે પિતાના પ્રેમ રૂપે. સ્ત્રીના રૂપની રમણીયતામાં અને તેના હૃદયની પ્રેમક્ષમતામાં પશ્ચિમી કલ્પનાએ પરમ પુરુષનાં દિવ્ય શ્રી ને વિભૂતિ નથી જોયા. તેનાં સ્ત્રીચિત્રોમાં સ્ત્રીપુરુષના આધ્યાત્મિક અદ્વૈતની કે સ્ત્રીના સહધર્મચારિણી રૂપની ભાવના નથી. તો પણ શેકસ્પિયરની કલમે સ્ત્રીના માનવીય વ્યક્તિત્વનાં વિવિધરંગી લીલારૂપોને જોયાં ને નિરૂપ્યાં છે તે ભારતીય કવિઓનાં સ્ત્રી-ચિત્રો જેટલાં જ કવિની દૈવી સર્જનપ્રતિભાના અવિષ્કારો છે.

શેકસ્પિયરની પ્રખ્યાત ક્લિયોપેટ્રા વિશે નાટકનું એક પાત્ર કહે છે, Age cannot wither her, nor custom stale Her infinite variety. શેકસ્પિયરની નાટકસૃષ્ટિનાં સ્ત્રી-પાત્રોમાં પણ એવી infinite variety, અનંત વિવિધતા છે. તેની શ્રેષ્ઠ નાયિકાઓમાં પ્રેમના સ્વાર્પણ સાથે સ્વમાન-ભાવના, બુદ્ધિની સ્વસ્થતા ને તેજસ્વિતા, સમજશીલતા, મૂંઝવણભરી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાની હૃદયસૂઝ, એવું એટલું બધું છે કે કોઈ વિવેચકે કહ્યું છે, Shakespeare has no heroes, he has only heroines. એ સ્ત્રીસૃષ્ટિમાં દુનિયાના બધા દેશોનાં યુવક-યુવતીઓની કલ્પનામાં અમર બનેલી પ્રેમિકા જૂલિયટ છે, પોતાના પ્રેમને હૃદયમાં ગોપાવી પ્રેમપાત્ર માટે પુરુષ-અનુચરવેશે બીજી નાયિકાના પ્રેમની વિનવણી કરતી, વાયોલેટ પુષ્પના જેવી સુવાસ ફેલાવતી 'ટ્વેલ્ફથ નાઈટ' ની વાયોલા છે, જીવનસંધ્યાનાં ત્રણ નાટકોમાં કાંઈએ વાત્સલ્યભાવથી નિરૂપેલી પુત્રાઓ ઈમોજન, પડિતા ને મિરાંડા છે, ચિરયુવાન માયાવિની ક્લિયોપેટ્રા છે, 'મચ એડો અબાઉટ નથિંગ'ની કટાક્ષયુદ્ધકુશળ બિયેટ્રિસ છે અને 'એઝ યૂ લાઇક ઇટ'ની વિનોદના કુવારા જેવી રોઝલિન્ડ છે, તો લેડી મેકબેથ અને લિયરની બે મોટી પુત્રીઓ ગોનેરિલ ને રિગન જેવી રાક્ષસીઓ પણ છે. એ સર્વ પાત્રોમાંથી મને રોઝલિન્ડની વિનોદચપળતા જીવતી સ્ત્રીઓમાં જોવાની ખૂબ ગમે. મને લાગે છે કે આપણા સમાજે, સંસ્કૃતિએ અને સાહિત્યે સ્ત્રીસ્વભાવની ઊર્મિલતા ઉપર વધુ પડતો ભાર મૂક્યો છે. પણ દ્વેષ કે ઇર્ષ્યાના ડંખ વિના મુક્ત મને હસીને હસાવી શકે એવી સ્ત્રીઓ સમાજમાં જીવનરસ કદાચ વધુ સારી રીતે વહતા રાખી શકે. માનવીય દૃષ્ટિને દેખાતું જીવનનું અંતિમ સત્ય ટ્રેજિડીનું છે, પણ એ સત્યનો ભાર સહન કરવાની શક્તિ કેળવવા માટે કોમેડીનું નિર્દોષ હાસ્ય બહુ જરૂરી છે. ભારતની સ્ત્રીઓ સદીઓથી સીતા, પાર્વતી ને સાવિત્રીનાં કલ્પનાચિત્રોમાંથી પ્રેરણા મેળવતી રહી છે. તેના અતિગંભીર્યના ભાર હલકા કરવા હું કોલેજમાં અધ્યાપન કરતી ત્યારે બહેનોને શેકસ્પિયરનાં 'એઝ યૂ લાઇક ઇટ' નાટકનું અવારનવાર વાંચન કરતા રહેવાની સલાહ આપું.

પ્રાચીન ભારતના સ્ત્રીદર્શનની સહધર્મચારિણી કાળપ્રવાહે માત્ર ગૃહિણી બની રહી અને યુરોપના મધ્યયુગી દર્શનની પ્રેરણામૂર્તિ માત્ર પ્રેયસી બની રહી અર્વાચીન ભારતીય સાહિત્યમાં એ બે, ગૃહિણી ને પ્રેયસીની ભાવનાઓ સાથે કાલિદાસે નિરૂપેલા અને વીસમી સદીના યુરોપમાં નવો અવતાર પામેલા સ્ત્રીના રતિરૂપનો રંગ પણ ભળ્યો છે. રવીન્દ્રનાથ ઠાકુર અને આપણા ગોવર્ધનરામ એમાં અપવાદરૂપે છે. તેમણે પ્રાચીન ભારતીય અને મધ્યયુગી રોમેન્ટિક સ્ત્રીદર્શનને અર્વાચીન સંસ્કાર આપ્યો. સ્ત્રી વિશેની અર્વાચીન ભાવના સ્ત્રીના સ્વતંત્ર વ્યક્તિત્વનું ગૌરવ કરે છે અને જીવનનાં સર્વ ક્ષેત્રોમાં તેને પુરુષની સાથે સમાન સ્થાનની અધિકારિણી ગણે છે. આ ભાવના યુરોપમાં વિકસી અને અંગ્રેજી શિક્ષણ સાથે ભારતમાં આવી. રવીન્દ્રનાથ ને ગોવર્ધનરામે તેને આદરપૂર્વક સ્વીકારી અને પ્રાચીન ભારતની સહધર્મચારિણીની અને મધ્યયુગની પ્રેરણામૂર્તિની ભાવનાઓ સાથે એકરસ કરી.

એમાંથી ગોવર્ધનરામમાં પ્રાચીનતાના સંસ્કાર વધુ પ્રબળ છે અને રવીન્દ્રનાથમાં અર્વાચીનતાના, પણ બન્નેનાં સ્ત્રીદર્શનનો મુખ્ય ભાવ સમાન છે. અર્વાચીન ભારતના એ બેય પ્રતિભા-દ્રષ્ટાઓએ સ્ત્રીને તેમના સમયના સ્વદેશપ્રેમના ને સ્વદેશસેવાના નવા યુગધર્મના સંદર્ભમાં નિરૂપી છે. મે રવીન્દ્રનાથની બે જ નવલકથાઓ વાંચી છે, 'ઘરે બાહિરે' અને 'ગોરા', પણ એ બેનાં સ્ત્રીદર્શનમાં મને રવીન્દ્રનાથની અર્વાચીન સંસ્કારની વિશાળ ને ઊંડી સત્યદૃષ્ટિ સંપૂર્ણ રીતે પ્રગટ થઈ લાગી છે. 'ઘરે બાહિરે' માં તેમણે રાજસિક સ્વદેશાભિમાને પ્રેરેલી સ્ત્રીભક્તિની કૃતકતા અને સ્ત્રીના પ્રેરણામૂર્તિ રૂપની વિકૃતિ નિરૂપ્યાં છે. સાચી સ્ત્રીભક્તિ ને સાચો સ્વદેશપ્રેમ, રવીન્દ્રનાથની દૃષ્ટિએ, પુરુષના સત્યને પૂર્ણ રૂપે પ્રગટાવે, તેનું અહમ્ પોષવાનાં સાધન ન હોય. 'ઘરે બાહિરે' પહેલાં લખાયેલી 'ગોરા'માં તેમણે એ દર્શનને વધારે સ્પષ્ટરૂપે નિરૂપ્યું છે. એની બે નાયિકાઓ, સુચરિતા ને લલિતા, અર્વાચીન સંસ્કારની સ્વાતંત્ર્યપ્રેમી, સ્વમાની યુવતીઓ છે પણ બેમાં સુચરિતા વધુ ભાવનાશીલ અને છતાં વધુ સ્વસ્થ છે. તેના પાત્રમાં રવીન્દ્રનાથે સ્ત્રીના એક નવા પ્રેરક રૂપને કલ્પ્યું છે. તે એના

પાલકપિતા પરેશબાબુની એક સાથે શિષ્યા ને મિત્ર છે અને તેના પાસેથી તેણે શુદ્ધ સત્યશીલતાના સંસ્કાર ઝીલ્યા છે. એ સંસ્કાર એને પોતાની પરિસ્થિતિની મૂંઝવણોમાંથી સહીસલામત રીતે પસાર કરાવી નાયક ગોરાના સ્વદેશસ્વીકારમાં તેની સાથી બનાવે છે.

સુચરિતા પરેશબાબુના કુટુંબના બ્રહ્મોસમાજી વાતાવરણમાં ઊછરી છે અને તે સમાજનો રૂઢ હિંદુ આચારવિચારો પ્રત્યેનો અણગમો તેનામાં પણ કેળવાયો છે. પણ તે સાથે તેને પરેશબાબુની ઉદાર દૃષ્ટિ ને સહિષ્ણુતા પણ મળી છે. પરેશબાબુ નિષ્ઠાવાન બ્રહ્મોસમાજી હતા, પણ બ્રહ્મોસમાજમાંથી તેમને જે મળ્યું હતું તેણે તેમને વિશ્વમિત્ર બનાવ્યા હતા. તેમના સંસ્કારે સુચરિતા સમજતી થઈ હતી કે 'સત્યની સાથેનો માણસનો સાચો સંબંધ ભક્તિનો સંબંધ છે, એ સંબંધ માણસને નમ્ર બનાવે છે. પરંતુ નમ્ર બનાવવાને બદલે જો એ માણસને ઉદ્ધત અને અહંકારી બનાવે તો માણસ એ સત્યની તુલનામાં પોતાની ક્ષુદ્રતા જ માત્ર પ્રગટ કરે છે.' પરેશબાબુના કુટુંબમાં એક હારાનબાબુ નામના ઉત્સાહી બ્રહ્મોસમાજી આવતા. તેઓ સુચરિતા પ્રત્યે પક્ષપાત બતાવતા એટલે બધાંએ માની લીધું હતું કે તેનું સુચરિતા સાથે લગ્ન થશે. સુચરિતાએ પણ મનમાં એ વાતને આવકારી હતી, હારાનબાબુ પ્રત્યેના વ્યક્તિગત આકર્ષણને કારણે નહિ, પણ બ્રહ્મોસમાજ પ્રત્યેની તેમની દેખાતી નિષ્ઠાથી આકર્ષાઈને. પણ કુટુંબમાં વિનય ન ગ રા નામના બે હિંદુ મિત્રો આવતા થયા તેમની પ્રત્યેના હારાનબાબુના વર્તનમાં સુચરિતાને તેમની માનસિક સંકુચિતતા પ્રત્યક્ષ થઈ ગઈ અને તેનું હૃદય ગોરા તરફ ખેંચાવા લાગ્યું.

ગોરામાં સુચરિતાના હૃદયે પોતાના કરતાં જુદી પણ પારદર્શક સત્યશીલતા જોઈ. ગોરા યુરત હિંદુધર્મપ્રેમી હતો. તે હિંદુ ધર્મની નિર્બળતાઓ સમજતો, પણ હિંદુધર્મના ટીકાકારોના આક્રમક પ્રહારો સામે તે એટલી જ આક્રમકતાથી હિંદુ ધર્મનો બચાવ કરતો. પરેશબાબુના કુટુંબ સાથે પહેલા પરિચયના પ્રસંગે તેણે ચાનાસ્તો લેવાની ના કહી એટલે પરેશબાબુનાં પત્ની વરદાસુંદરીએ તેને પૂછ્યું, 'તમે જાતજાતમાં માનો છો?' ઉત્તરમાં ગોરાએ કહ્યું, 'જાતજાત કંઈ મારી ધડેલી થોડી છે તે એમાં ન માનું? સમાજને માનું છું એટલે જાતજાતને માનું છું.' તરતમાં હારાનબાબુ આવ્યા અને દલીલમાં જોડાયા. તેમને ઉત્તર આપતાં ગોરાએ કહ્યું: 'જ્યાં સુધી તમને દેશ ઉપર ખરો પ્રેમ નહિ થાય અને દેશવાસીઓના ભેગા તેમની જોડાજોડ આવીને તમે ઊભા નહિ રહો ત્યાં સુધી તમારા મોંમાંથી દેશની નિંદાનો એક અક્ષર નીકળશે તો પણ હું તે સહન કરવાનો નથી' 'આમ કરીએ તો દેશમાં સુધારા કેવી રીતે થાય?'–હારાને પૂછ્યું. 'સુધારા!'–ગોરાએ 'ગર્જના' કરી. 'સુધારા પછી, સુધારા કરતાં શ્રદ્ધા અને ભક્તિ વધુ અગત્યનાં છે...પહેલાં આપણે એક થઈએ, પછીથી સુધારા આપોઆપ અંદરથી ઊગવા માંડશે ઉપેક્ષા ને અહંકાર દૂર કરી નમ્ર બની અંતરથી સૌની સાથે એક બની જાઓ પછી તમારો પ્રેમ હજારો ભૂલોચૂકોને ઢાંકી શકશે' ગોરાની રૂઢિભક્તિ સાથે સંમત નહિ થવા છતાં સુચરિતાને તેની સ્વદેશભક્તિ સ્પર્શી ગઈ. ગોરાનો પરિચય વધતાં તે પણ તેનાં સ્વદેશભક્તિ ને સ્વધર્મપ્રેમથી રંગાઈ ગૌરવપૂર્વક 'હું હિંદુ છું' કહેતી થઈ અને ગોરાની દેશસેવામાં જોડાવા અધીરી થઈ.

સ્વદેશપ્રેમની નવી ભાવના સુચરિતાને એવી ઉલ્લાસપ્રેરક બની કે એક દિવસ આ ભાવના તેના નાના ભાઈ સતીશ આગળ ઊભરાઈ ઊઠી. 'ઘણું કામ કરવાનાં છે, ભાઈ!' તેણે મુગ્ધ બનીને સાંભળી રહેલા સતીશને કહ્યું. 'આપણે ભાઈબહેન ભેગાં થઈને કામ કરીશું...આપણા દેશમાં નવો પ્રાણ પૂરવાનો છે, ને તેને મહાન બનાવવાનો છે... આટલું હંમેશા યાદ રાખજે કે, એક અતિમહાન દેશમાં તારો જન્મ થયો છે, ખરા હૃદયથી તારે એ મહાન દેશની ભક્તિ કરવાની છે, ને જીવથી તેની સેવા કરવાની છે.'

પણ રવીન્દ્રનાથની દૃષ્ટિએ ગોરા ને સુચરિતની દેશભક્તિમાં એક કચાશ રહી હતી. ભક્તિની અતિશયતામાં ગોરા સ્વેચ્છાએ સાંપ્રદાયિક સંકુચિતતાને આસક્તિપૂર્વક વળગી રહ્યો હતો અને શિષ્યાભાવે સુચરિતા તેને અનુસરતી થઈ હતી. રવીન્દ્રનાથે તેમને એ આસક્તિના બંધનમાંથી મુક્ત કરાવી તેમના સ્વધર્મપ્રેમને વિશુદ્ધ કર્યો. નવલકથાના અંતે તેમણે ગોરાને પોતાના જન્મ વિશેની સત્ય હકીકતનું જ્ઞાન કરાવ્યું. ગોરા હિંદુ માતાપિતાનો નહિ પણ ૧૮૫૭ના વિપ્લવમાં મૃત્યુ પામેલા એક આયરિશ લશ્કરી અમલદારનો પુત્ર હતો. એ જ્ઞાન થતાં ગોરા રૂઢિભક્તિના બધા સંસ્કારોમાંથી મુક્ત થઈ ગયો. પરેશબાબુની પાસે જઈ તેમને દંડવત્ પ્રણામ કરી અને તેમની ચરણરજ લઈ તેણે કહ્યું: 'હું એકદમ મુક્ત બની ઓચિંતાનો એક મહાન સત્યની અંદર આવી પડ્યો છું આખા ભારતવર્ષના સુખ – દુઃખ, શુભ–અશુભ અને જ્ઞાન-અજ્ઞાન એકદમ મારા હૃદયમાં આવી પહોંચ્યાં છે આજે હું ખરો સેવાનો અધિકારી થયો છું... આજે હું એવો પવિત્ર બની ગયો છું કે ચંડાલના ઘરમાં પણ મને અપવિત્રતાનો ભય રહ્યો નથી. પરેશબાબુ, આજે સવારે સંપૂર્ણ અનાવૃત્ત ચિત્ત લઈને હું એકદમ ભારતવર્ષના ખોળામાં જઈને પડ્યો છું. માતાનો ખોળો એટલે શું તે હું આજે આટલે દિવસે પરિપૂર્ણ ભાવે અનુભવ કરી શક્યો છું... તમારી પાસે જ મુક્તિનો મંત્ર છે...મને તમારો શિષ્ય બનાવો. આજે તમે મને એ દેવતાનો મંત્ર આપો, જે હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, બ્રાહ્મ સૌના દેવતા છે, અને જેના મંદિરનાં બારણાં કોઈ પણ જાતિને માટે, કોઈ પણ વ્યક્તિને માટે, કદી પણ બંધ રહેલાં નથી, જે એકલા હિંદુના નહિ પણ આખા ભારતવર્ષના દેવતા છે' સુચરિતા તરફ જોઈને તેને કહ્યું, 'સુચરિતા હું હવે તારો ગુરુ નથી હું તને માત્ર એટલી પ્રાર્થના કરું છું કે મારો હાથ ઝાલી મને તારા આ ગુરુના ચરણમાં લઈ જા.' અને સુચરિતા તેને લઈ ગઈ.

માણસની સંસ્કૃતિના પ્રાચીનતમ યુગથી પુરુષ સ્ત્રીનો હાથ પકડી તેને દોરતો આવ્યો છે. પણ રવીન્દ્રનાથના, અને ગાંધીજીના પણ, સ્ત્રીદક્ષને પુરુષને દોરવાની સ્ત્રીની નૈતિક શક્તિમાં વધુ શ્રદ્ધા રાખી હતી. પોતાના પ્રેમીનો હાથ પકડી તેને તેમના બન્નેના ગુરુની પાસે લઈ જતી સુચરિતાના ચિત્રમાં રવીન્દ્રનાથે સ્ત્રી પ્રત્યેની તેમની એ નવી દૃષ્ટિને મૂર્તિમંત કરી છે ગોરાએ સુચરિતાને સ્વદેશપ્રેમનો મંત્ર આપ્યો, સુચરિતાએ ગોરાને મુક્તિનો મંત્ર પરેશબાબુ પાસે જ છે એવું, પરેશબાબુ પાસેથી પોતાને મળેલા સંસ્કાર દ્વારા પરોક્ષ રીતે જ્ઞાન કરાવ્યું. સ્ત્રી–પુરુષની સમાનતાની અર્વાચીન ભાવનાનું આ ભારતીય દર્શન ધર્મસહચારમાં સ્ત્રીપુરુષની સમાનતાની આ અર્વાચીન ભારતીય ભાવનાને સ્ત્રીઓ ચરિતાર્થ કરશે કે કેમ તેની ઉપર માણસની સંસ્કૃતિના ભવિષ્યનો આધાર રહેશે.

ધર્મ

● પનાલાલ જગજીવનદાસ ગાંધી

દેહ સંબંધી જે ગ્રહણ કરેલ છે તેનો ત્યાગ કરવો એ વિવેકયુક્ત જીવન છે. તે યોગાશ્રિત ત્યાગ છે. પરંતુ તેથી આગળ વધી આત્માને નિરાવરણ કરવા માટે સાધકે સ્વરૂપનું જ્ઞાન-ધ્યાન કરવું જોઇએ.

ધર્મ સમજવા અને સમજાવવા માટે જીવ અને અજીવનું પૃથક્કરણ કરીને આત્માનું સ્વરૂપ સમજાવાય છે. તે જ પ્રમાણે જીવના ગુણદોષોનું પૃથક્કરણ કરાને ધર્મ સમજવો અને સમજાવવો જોઇએ.

ઊંચાનીચી કે સારી-નરસી ક્રિયા કરવી એ ગુણદોષ નથી. ગુણદોષ તત્ત્વ એ ભાવરૂપ પદાર્થ છે, એ ક્રિયારૂપ નથી. કોઇ પણ પદાર્થનું મૌલિક સ્વરૂપ હોય, એમાં વિકૃતિ કરે તેને દોષ કહેવાય છે. દોષ હોય ત્યાં દુઃખ હોય જ. દોષને વર્તમાનકાળે આપણે દુઃખરૂપ વેદાએ છીએ, એટલે જ આપણને ગુણનું વેદન થતું નથી. દુઃખથી મુક્ત થવા માટે દોષમુક્ત થવું જોઇએ. તો જ ગુણ પ્રાપ્ત થાય અને ગુણનું વેદન થાય. અઢાર પાપસ્થાનકના ભાવ સેવવા તે દોષ છે. આ દોષોને દૂર કરીને દોષરહિત થઇ ગુણોને નિરાવરણ કરવા એ જ ધર્મની વાસ્તવિકતા છે. સર્વથા દોષરહિત થવાથી આત્માના સ્વરૂપને પમાય છે આત્મનિશ્ચય સ્વરૂપ અભેદરૂપ છે. ત્રણ કાળમાં શુદ્ધ સ્વરૂપ ધર્મ એકરૂપ છે.

બાહ્યથી નિરારંભી, નિષ્પરિગ્રહી, જીતેન્દ્રિય બનવું એ પ્રધાનપણે કાયયોગ આશ્રિત ધર્મ છે. તે બાહ્ય ધર્મ, અભ્યંતર ધર્મ પ્રાપ્તિ માટેનું નિર્દોષ અને સબળ કારણ-સાધન છે.

ખરેખર તો સર્વ દોષો અર્થાત્ અઢારે પાપ સ્થાનકોથી રહિત થવું અને નિષ્કષાય બનવું તે ધર્મ છે. અજીવમાં એટલે કે જડમાં કોઇ દોષ નથી. દોષ છે એ સંસારી છદ્મસ્થ જીવોમાં છે. જેટલા અંશે દોષ જાય એટલા અંશે ધર્મ. બાહ્ય ધર્મક્રિયા આપણે જે આદરીએ છીએ તેને ધર્મ માનીએ છીએ તે દ્રવ્યરૂપ ક્રિયાધર્મ છે.

હવે આપણે બાહ્ય ધર્મ દ્વારા અભ્યંતર ધર્મક્ષેત્ર ઉપર આવીએ. ધર્મનું મૂળ ક્ષેત્ર, આત્માનું સ્વક્ષેત્ર છે. જે ભાવ સ્વરૂપ છે, એ ભાવ તત્ત્વ છે. બાહ્ય સાધન એ સાધન છે. અનુકૂળ સાધન છે. ધર્મના ક્રિયા ધર્મસાધન અર્થાત્ ધર્મઉપકરણથી કરવાના હોય છે. પરંતુ ભાવસાધન તો આત્માનો ઉપયોગ છે. આત્મઉપયોગને ધર્મસાધન વડે દોષ-રહિત. નિષ્કષાય, નિરાવરણ, નિર્વિકાર, નિર્મળ કરવો એ બાહ્યધર્મ દ્વારા નિષ્પન્ન થતી અભ્યંતર અસર છે.

આપણામાં કયા કયા દોષો છે તે વિચારવું. સ્વ પ્રત્યે, વ્યક્તિ પ્રત્યે, વસ્તુ પ્રત્યે જે જે દોષો સવ્યા હોય, એનું દર્શન કરીને દોષરહિત થવા ઉદ્યમી બનવું જોઇએ.

વળી સ્વયના ગુણ અને દોષોનું પૃથક્કરણ કરીને ધર્મ સમજવા, સમજાવવાથી બાહ્ય કોઇ સાધન કે ક્રિયાના ભેદ, અગર જાતિધર્મના ભેદ, ભેદરૂપ નહિ લાગશે.

ગુનેગાર રાંક છે, રંક રાંક નથી વાસ્તવિક ગુણવાન થવું એ ધનપણું છે અને દોષિત રહેવું તે દરિદ્રપણું છે. અનાદિ કાળથી જીવમાં રહેલા દોષોનું દર્શન કરી, કરાવીને એ દોષો કાઢવા માટે પ્રવૃત્ત થવું તટવા માટે જ ધર્મના સ્થાપના છે. અને એ તે ધર્મની પ્રાપ્તિ છે. આ પ્રમાણે ધર્મ છે એમ સમજ આપી જીવને સાધનક્રિયામાં જોડવાથી કોઇ સંપ્રદાયના, કોઇ વ્યક્તિના ગુલામ રહેશે નહિ.

અર્થ અને કામ રૂપ અસદ્ આરંભ કહી નિષ્પાપ હોઇ શકે નહિ. કારણ કે એમાં હિંસા આદિ ઘણા દોષોની શક્યતા છે. તેથી નિરારંભી જીવન નિષ્પાપ અને પવિત્ર જીવન છે. અસદ્ આરંભ વડે ઉત્પન્ન થયેલી ભોગસામગ્રી, તેનું મમત્વ અને સંગ્રહ અર્થાત્ પરિગ્રહ ભયંકર ઉપાધિ-જન્ય છે, જે ક્લેષ અને અશાંતિનું પરમ કારણ છે એની સામે નિષ્પરિગ્રહીપણું, નિરુપાધિક, શાંત અને સમતાયુક્ત દશા છે. ત્રીજું, ભોગ એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ અને ભોગક્રિયા એ ભય કર પરાધીનતા છે. કોઇ પણ ઇન્દ્રિયોના ભોગ, જડ એવી ભોગસામગ્રી અને વ્યક્તિ વિના ભોગવી શકાતા નથી. તેથી તે પરાધીનતા છે. પરાધીનતા કોઇને પણ ઇષ્ટ નથી, એવો સહુનો અનુભવ છે. બન જેના અનુભવ હોય અવું મંતવ્ય હોવું જોઇએ. અનુભવ વિરુદ્ધ મંતવ્ય એ મુર્ખાઇ છે. આમ જીતેન્દ્રિયપણું એ સ્વાધીનતા છે, જે સર્વને ઇષ્ટ છે. આ રીતે વ્યક્તિમાત્રે સાધ્યથી બ્રષ્ટ થવા સાધક બનવું જોઇએ અને અસદ્ આરંભ, પરિગ્રહ અને ભોગથી દૂર થવું જોઇએ.

અસદ્ આરંભ, પરિગ્રહ અને ભોગરૂપ અધર્મ તો ક્રિયાથી થે દોષરૂપ છે. કારણ કે હિંસા, જડતા અને પરાધીનતા વિના તેની ઉત્પત્તિ નથી અને તે અધર્મ ભાવથી તો દોષરૂપ હોય જ. આમ ઉભયપ્રકારે અધર્મ તો દોષરૂપ છે, મૂળમાં ભાવ દોષરૂપ છે તેથી અધર્મરૂપ ક્રિયા થયા કરે છે. જ્યારે અભ્યંતર-ધર્મ તો જ્ઞાનપ્રધાન છે. ધર્મક્રિયા દ્રવ્યરૂપ છે તે દૃશ્યરૂપ છે. અને ભાવ-ધર્મ અંતરદર્શન અને દૃષ્ટિરૂપ છે.

પ્રભુપૂજા, જિનવાણીશ્રવણ, સામાયિક અને નવકારશી જેવી ધર્મક્રિયા પણ ભગવંતે ના કરવાના બતાવી છે. તેની પાછળ અદ્ભુત રહસ્ય છે કારણ કે જ્ઞાનદર્શનની સર્વજ્ઞ ભગવંતે આપેલી કોઇ પણ ધર્મક્રિયાના જીવ ક્ષપકશ્રેણીથી માંડી કવલી બની શકે છે, જ્યારે ક્ષપકશ્રેણીનો કાળ બે ઘડીનો છે. માટે જ કોઇ પણ ક્રિયા ના વધારે આછી બતાવી નથી.

ધર્મભાવ તો અસીમ, અમર્યાદિત, સર્વવ્યાપક કરવાનો છે ક્રિયા ભલે માત્ર બે ઘડીની કાળમર્યાદાની હોય, યથાશક્તિ હોય! પૂર્ણ ભાવ માટે ક્રિયા પૂર્ણ થઇ શકતી હોતી નથી. કેમ કે ક્રિયા અનેક ભેદે હોય, દેશતત્ત્વ છે. ધર્મક્રિયામાં ભાવ સત્ત્વક્ષી છે. જેમ ખાવાની ક્રિયામાં ચાવવાની અને વાગોળ-વાની આવશ્યકતા છે, તેમ ધર્મક્રિયામાં પણ મનન, ચિંતન, ભાવના ધારણા અને ધ્યાનના આવશ્યકતા છે. ભાવરૂપ અમી ધર્મક્રિયામાં ભેળવવાની ઘણી જરૂર છે. કર્મબંધમાં જે ભાવ છે, રસ છે તે કષાય ભાવનો છે, જે સંસાર છે. માટે કષાય ભાવનો રસ કર્મબંધમાં ન પડે તે માટે જ્ઞાન-ધ્યાનથી જાગૃત રહેવું એ અભ્યંતર ધર્મ છે.

જીવને અધર્મ વિવેકહીન બનાવે છે અને આત્મીયભાવ નથી કરવા દેતો. સત્તા, હકક, અને ડખલવાળું જીવન જીવીયું ત્યાં સુધી બાહ્ય ધર્મકરણી જીવને નિરાવરણ નહિ બનવા દે. ધર્મ કરવા છતાં જીવને ધર્મરૂપે ધર્મ ન ફળતો.

હોય તો તેના કારણમાં આ ત્રણ – સત્તા, હકક અને કબ્જો છે જે ત્રણ ભયંકર દોષરૂપ છે.

મંદિરોના નિર્માણ કરાવવા દ્વારા, મૂર્તિઓ ભરાવવા દ્વારા, શાસ્ત્રો લખાવવા વડે, દર્શન કરવા, કરાવવા વડે, શાસ્ત્રો ભણવા, ભણાવવા વડે કરી હું કેટલો દોષરહિત થયો, એ પરિણામે ફળસ્વરૂપને સમજી, આપણે સાધકે ધર્મતત્ત્વનું મૂલ્યાંકન કરવું જોઇએ, બાકી તો સર્વથા દોષરહિત થવાય નહિ, ક્ષાયિક સમકિત જે કેવલજ્ઞાનની જનની છે, એની પ્રાપ્તિ થાય નહિ, ત્યાં સુધી તો ક્ષાયોપશમિક સમકિતિએ, હું સમકિતિ થયો છું કે નહિ?' એ પ્રશ્નને જાગ્રત રાખી, માત્ર જેટલાં જેટલાં ગુણો પ્રાપ્ત થયા હોય એને સાત્ત્વિક ભાવરૂપ સમ્યકત્વ સમજવું અને જેટલાં જેટલાં દોષ બાકી રહ્યા હોય એને મિથ્યા જાણી સાવધાન રહેવું.

'જગત કેવું છે?' એ જોવા, જાણવા જવું અને એ વિષે મંતવ્યો આપવાં તે ધર્મતત્ત્વ નથી. 'જીવ સ્વયં પોતે કેવો છે?' એ જોવું, જાણવું અને જીવને પોતાને સુધારવો તે ધર્મની વાસ્તવિકતા છે. માત્ર જ્ઞેયને નથી જાણવાનું, પણ સ્વયંના જ્ઞાનસ્વરૂપને જાણવાનું છે. અને તે જ્ઞાનમાંથી મોહભાવ કાઢીને જ્ઞાનને આપણે નિર્વિકારી નિરાવરણ બનાવવું તે ધર્મની વાસ્તવિકતા છે.

વ્યાકરણશાસ્ત્રના અભ્યાસમાં આપણે છ વિભક્તિઓ વિષે શીખ્યા છીએ તેને ધર્મશાસ્ત્રમાં ષટકારક કહેલ છે અને એના દ્વારા ધર્મની સમજ, સાધન અને સાધના-આપેલ છે. કર્તા (Subject); કર્મ (Object); કરણ (By); સંપ્રદાન (For), અપાદાન (From) અને અધિકરણ (in–on) એ છ વિભક્તિ ષટકારક આપણો જીવનવ્યવહાર છે. એમાં મહત્ત્વની વાત એ છે કે ત્રીજું કારક જે 'વડે' છે તેમાં બાકી સાધનની પૂર્તિ કરી છે. બાકીના પાંચ કારક 'હું', 'મને', 'મારામાંથી' અને 'મારા માટે' તથા 'મારામાં' એ સ્વપ્રધાન છે. ત્રીજું કારક જે 'મારા વડે' અને 'બાહ્ય સાધનો' વડે છે તે અનેક ભેદે છે. તેના ભેદમાં નહિ અટકતાં આપણે બાકીનાં પાંચ કારક, જે આત્માની સ્વસાધનરૂપ સાધના માટે છે તેનાથી સાધના કરી સિદ્ધિ હાંસલ કરવાની છે.

અધિકરણની સામે ઉપકરણ વડે ધર્મસાધના છે પણ તે ધર્મ વિકાસરૂપ ત્યારે થાય જ્યારે બહારના ઉપકરણ; એટલે કે ધર્મસાધન પણ ઓછાં થતાં જાય અને અભ્યંતર વિકલ્પો પણ ઓછા થતા જાય જે પણ પાછા સદ્‌વિકલ્પો હોય, ને ઉત્કૃષ્ટ રસવાળા હોય. ગૃહસ્થ શ્રાવકને ધર્મસાધનો વધુ હોય, સાધુ ભગવંતન ઓછાં હોય અને જિનકલ્પી સાધુભગવંતને એથી ય ઓછાં હોય.

ધર્મને સમજવાનો છે તે ધર્મપદાર્થ અને ધર્મતત્ત્વથી સમજવાનો છે અને નહિ કે ધર્મ ધારણ કરનાર વ્યક્તિથી, પછી ભલેને ધર્મ સમજાવનાર વ્યકિત કેમ ન હોય. બહારના ઉપકરણરૂપ સાધન જે દૃશ્યધર્મ છે, તેની સાથોસાથ અભ્યંતર દૃષ્ટિ, દર્શનધર્મ આત્માનો સદ્‌ભાવ છે, એ સમજવું જરૂરી છે. ધર્મના ધ્રુવતત્ત્વને બરોબર સમજીશું નહિ, અને વ્યવહારમાં પાલન કરીશું નહિ, ત્યાં સુધી સંસાર તો દાવાનલ છે જ પણ ધર્મક્ષેત્રોને ય આપણે વિષમ-સ્થિતિમાંથી બહાર લાવી શકીશું નહિ.

ધર્મમાં સત્ ('જેનું ત્રિકાળ હોવું એવો અવિનાશી' અર્થ સત્‌નો ધર્મક્ષેત્રે થાય છે.) એટલે કે અવિનાશીનું સ્વરૂપ સમજી, અસત્ એટલે વિનાશી એવા ભોગ્યપદાર્થો, દેહાધ્યાસ આદિનો ત્યાગ કરી, સત્ એવા પરમાત્માની ભક્તિ કરતાં કરતાં, જ્ઞાન મેળવતાં મેળવતાં, ધ્યાન ધરતાં ધરતાં આપણે સ્વયં સત્ એટલે કે અવિનાશી બની સચ્ચિદાનંદ સ્વરૂપને પામીશું, જે જીવની ચરમ અને પરમ વિકાસપણું આત્યંતિક શુદ્ધાવસ્થા છે. સાધનની સાથે સાથે સાધનાના ભાવો ભળે તો સાધના ફળે અને સાધ્યથી સાધક અભેદ બને.

જેમ પરમાત્માને સંભારી સંભારીને, પરમાત્માના ગુણગાન ગાઇ ગાઇને, સ્વયં પરમાત્મા બનાય છે; તેમ સ્વયં પોતે પોતાના દોષ જોઇજોઇને, આલોચીઆલોચીને, દોષરહિત થઇને પણ પરમાત્મા બનાય છે. આ પ્રમાણે ઉભય રીતે પરમાત્મા થઇ શકાય છે જેમ પક્ષીને બે પાંખ હોય છે અને તે બે પાંખ વડે જ ઊડી શકે છે, એક પાંખથી ઉડ્ડયન થઇ શકતું નથી, તેમ સાધકને બે પાંખની જરૂર છે. એક તો સ્વદોષ – દર્શન અને દર્શનની પીડા તથા બીજી છે સર્વગુણસંપન્ન પરમાત્માની ભક્તિ. પ્રથમ પદ્ધતિ જે સ્વદોષ દર્શન છે તે નિષેધાત્મક છે જ્યારે બીજી પદ્ધતિ પરમાત્મભક્તિ એ વિધેયાત્મક છે. ઉભય સાધના સાથોસાથ કરવાથી શીઘ્ર પરમાત્મા બની શકાય છે.

ભગવાનના ગુણગાન ગાવા સહેલાં છે, પરંતુ સ્વદોષ દર્શનનું કાર્ય કપરું છે. સુખનો કેફ ચઢે છે અને બીજાં આગળ ગા ગા કરીએ જાએ, તેમ પોતાના દોષનું દર્શન કરીને દેવ–ગુરુ–આત્માની સાક્ષીએ 'નિન્દામિ' 'ગરિહામિ' કરવાનું છે. 'નિન્દામિ' એટલે આત્મસાક્ષીએ નિંદા, અને 'ગરિહામિ' એટલે ગુરુની સાક્ષીએ નિંદા (દોષની). ગુરુ સમક્ષ દોષ પ્રગટ કર્યા વિના કદી દોષનો નાશ થતો નથી, કારણ કે જેની (ગુરુની) સમક્ષ દોષ પ્રગટ કરીએ છીએ તે ગુરુ ગુણસંપન્ન હોવાથી દોષનાશક બની શકે છે. આમ કરીએ તો જ ભૂલો ટળે, દોષ દૂર થાય, અને ગુણ પ્રગટે. બીજાં પાસે આપણા પોતાના દોષો પ્રકાશવા એ કાંઇ સહેલી વાત નથી. ખૂબ કપરું અને વિકટ કાર્ય છે.

ટૂંકમાં આત્મા–પરમાત્મા, દેહ–મોહ, ગુણ–દોષને જે યથાર્થ સમજાવી ગુણ તરફ દોરી લઇ જઇ, આત્માને પરમાત્મા બનાવે છે તે ધર્મ છે.

સાભાર સ્વીકાર

૧	ધ્રુવ સુગંધ	પં. પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર	૧-૦૦	વિશ્વકલ્યાણ પ્રકાશન ૬૮૮, મહેસાણા
૨	કમળ જેવા માનવી	,,	૧-૦૦	,,
૩	વાર્તાદીપ	,,	૧-૦૦	,,
૪	વાર્તાની વીણા	,,	૧-૦૦	,,
૫	ઊગતા સૂરજની સાખે	સ્નેહદીપ	૧-૦૦	,,
૬	કૂપમંડૂકી	,,	૧-૦૦	,,

ધાર્મિક પુસ્તકમેળો

ગુલાબ દેઢિયા

થોડા સમય પહેલાં મુંબઈમાં ગુજરાતી પુસ્તકમેળો યોજાઈ ગયો. અગાઉ શ્રી મહેન્દ્ર મેઘાણીએ આ દિશામાં પહેલ કરેલી. આ પ્રયત્નોને સારી સફળતા મળી છે. વધુ પુસ્તકો વેચાય તેથી લેખકો અને પ્રકાશકો તો રાજી થાય જ વળી! સાથોસાથ મનગમતાં અને વસાવવાં જેવાં પુસ્તકો એક જ સ્થળેથી ખરીદીને વાચકો પણ રાજી થયા છે.

આ પુસ્તકમેળામાં ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકો તરફની વાચકોની રુચિની ખાસ નોંધ લેવાઈ હતી. જો હવે માત્ર ધાર્મિક પુસ્તકમેળો યોજવામાં આવે તો એને પણ સફળતા મળે. સુંદરબાઈ હૉલમાં યોજાયેલા પુસ્તકમેળામાં સાહિત્યના વિવિધ પ્રકારોનાં પુસ્તકો મેળામાં હતા. તેમ એક કરતાં વધુ ધર્મનાં પુસ્તકોનાં પ્રદર્શન-વેચાણ સાથે થઈ શકે અથવા કોઈ એક ધર્મનાં પુસ્તકો પરંતુ આ કાર્ય મર્યાદિત કરવામાં આવે તો પણ વ્યવસ્થિત પ્રયત્ન થઈ શકે.

અહીં હું જૈન ધાર્મિક પુસ્તકમેળાની વાત કરું છું, જે અન્ય ધાર્મિક પુસ્તકોને પણ અમુક અંશે લાગુ પાડી શકાય.

જૈન ધાર્મિક પુસ્તકોનું નિયમિત પ્રકાશન કરનાર પ્રકાશકો ખૂબ ઓછા છે. માત્ર ધાર્મિક પુસ્તકો જ્યાંથી મળે એવા જૈન ધર્મના પુસ્તક – વિક્રેતાઓ તો એથી પણ ઓછા છે.

વર્ષોથી જેમણે પુસ્તક પ્રકાશન અને વેચાણ કાર્ય છે અને જ્ઞાનના ભીમાડા વિસ્તાર્યા છે એવી કોટીક પ્રકાશન સંસ્થા અને વિક્રેતા સંસ્થાના નામનો ઉલ્લેખ અત્રે કરું છું આ યાદી સંપૂર્ણ નથી એમાં હજી ઘણાં નામ ઉમેરી શકાય. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર–અમદાવાદ, યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર જૈન આત્માનંદ સભા–ભાવનગર. શ્રી મહાવીર જૈન વિદ્યાલય–મુંબઈ. આગમોદય સમિતિ–સુરત, શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ–મુંબઈ, શ્રાવક ભીમશી માણેક–મુંબઈ, ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય–અમદાવાદ, સરસ્વતી પુસ્તક ભંડાર–અમદાવાદ. આરાધના ભવન–અમદાવાદ, મેઘરાજ જૈન પુસ્તક ભંડાર-મુંબઈ. જૈન પ્રકાશન મંદિર-અમદાવાદ સોમચંદ ડી. શાહ–પાલિતાણા. વિશ્વ કલ્યાણ પ્રકાશન મંદિર-મહેસાણા. જૈન વિશ્વ ભારતી – લાડનું. વીરપતન – રાજગૃહી, પાર્શ્વનાથ શોધ સંસ્થાન–બનારસ. દેવચંદલાલભાઈ ગ્રંથોદ્ધાર ફંડ–સુરત. નગીનભાઈ મંછુભાઈ ગ્રંથોદ્ધાર ફંડ–સુરત. મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ અભય જૈન ગ્રંથમાળા બિકાનેર, સાદુલ ઓરિયેન્ટલ–બિકાનેર, ભારતીય જ્ઞાનપીઠ–દિલ્હી, અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ–મુંબઈ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ, પ્રજ્ઞા પ્રકાશન મંદિર–મુંબઈ, અને ભારતીય વિદ્યા-ભવનની ઘણી જૈન ગ્રંથમાળા, શ્રી જૈન સાહિત્ય વિકાસ–મંડળ–વિલેપાર્લા વગેરે.

મોટા ભાગનાં જૈન ધર્મનાં પુસ્તકો સાધુ–સાધ્વીઓ દ્વારા લખાયેલાં હોય છે. તેમનાં શ્રાવક–શ્રાવિકાઓ તે છપાવે છે જે એક મર્યાદિત વર્તુળમાં વહેંચાય છે, વેચાય તો જૂજ છે ક્યારેક એવું બને છે કે જે શ્રાવક પાસે એ પુસ્તક પહોંચે છે તેની પાસે એ વાંચવાની રુચિશક્તિ નથી અને સામે છેડે જેમને એ પુસ્તક વાંચવા વસાવવાની ઇચ્છા છે તેમને ખબર નથી પડતી. તો ક્યારેક એ પુસ્તક લખનાર કોણ છે, કયા ગચ્છ કે સંપ્રદાયના છે, એટલી પૂછપરછ કરીને જ અટકી જવાય છે. દર વર્ષે નાનામોટા શહેરોમાંથી અનેક જૈન ધર્મગ્રંથો પ્રસિદ્ધ થતા રહે છે, જેમાં જૈનધર્મનો ઊંડાણથી તાત્ત્વિક ખ્યાલ એવાં પુસ્તકોમાં ક્યારેક જ મળે છે. જેનું યોગ્ય વેચાણ કેન્દ્ર ન હોવાથી ઉત્તમ પુસ્તકો પણ વેચાયા વગર વર્ષો સુધી કયાંક પડ્યા રહે છે.

વર્ષમાં એક વખત જો જૈન ધર્મનો ગ્રંથોત્સવ ઉજવવામાં આવે તો જિજ્ઞાસુઓને ઘણો લાભ થાય. સારાં પુસ્તકો વેચાય અને પ્રકાશનપ્રવૃત્તિને વેગ મળે જ્ઞાનનો પ્રસાર થાય.

ઉપલબ્ધ પુસ્તકોનું વેચાણ અને સાથોસાથ અલભ્ય ગ્રંથો અને હસ્તપ્રતોનું પ્રદર્શન ભરવામાં આવે તો અભ્યાસીઓને વધુ લાભ થાય. એમ કરતાં અપ્રાપ્ય પુસ્તકોને ફરી છપાવવાનો વિચાર પણ ક્રિયાશીલ બની શકે. પ્રદર્શનમાં પ્રાચીન ચિત્રો મૂકી શકાય અને આજના સમય પ્રમાણે ધાર્મિક કેસેટો અને ધાર્મિક સામયિકો પણ સ્થાન લઈ શકે.

આ પુસ્તકમેળામાં ગુણવત્તાના ધોરણે એક હજાર કે વધુ પુસ્તકો પસંદ કરીને વેચાણ માટે મૂકવામાં આવે અને તેમને વિષય વાર ગોઠવવામાં આવે તો મુલાકાતીઓને પુસ્તકો શોધવામાં સુગમતા રહે. સાથે એ પુસ્તકોની વિગતવાર ગ્રંથ-સૂચિ પણ પ્રસિદ્ધ કરવામાં આવે જેથી ભાવકો પછી પણ પુસ્તકો મેળવી શકે.

આ ઉપરાંત મુંબઈમાં જે જે ગ્રંથભંડારો છે, ત્યાંનાં પુસ્તકોની એક વિસ્તૃત સંકલિત ગ્રંથસૂચિ તૈયાર કરવામાં આવે તો અભ્યાસીઓને માહિતી હાથવગી રહે કે, કયો અલભ્ય ગ્રંથ કયાંથી વાંચવા માટે પ્રાપ્ત થઈ શકશે.

આ પુસ્તકમેળામાં ધાર્મિક પુસ્તકોની ભાષા, છપાઈ, બાંધણી, અર્પણ, સંપાદન વગેરે મુદ્દાઓની વિશદ ચર્ચા અન્ય પુસ્તકોની સરખામણીમાં થઈ શકે છપાઈ અને બાંધણીની દૃષ્ટિએ આચાર્ય રત્નસુંદરજી અને સ્વામીનારાયણ સંપ્રદાયનાં પુસ્તકોની યાદ આવે છે.

લાભ પંચમને જ્ઞાનપંચમ તરીકે ઉજવતા જૈનોએ ગ્રંથ-પૂજન કરી અટકી ન જતાં જ્ઞાનભંડારોનાં દ્વાર ઉઘાડવા અને પુસ્તકોને સહૃદયી સુધી પહોંચાડવા જૈન ધાર્મિક પુસ્તક-મેળાનું આયોજન કરવા જેવું છે.

જ્ઞાનોત્સવની રાહ જોઈએ.

(પાના નં. ૧૩) થી ચાલુ)

સમાજમાં ચાલતા સામાજિક તેમજ ધાર્મિક સડાઓને દૂર કરવા, એવા ઉદ્દેશને વરેલા સુધારક યુવકો આ સંસ્થામાં સભ્યો તરીકે જોડાયા અને સંઘે સમાજમાં ચાલતા સડા સામે તેમજ બાલદીક્ષા સામે લાલબત્તી ધરી. આ રીતે સમાજને જાગૃત કરવામાં સંઘના આશ્રયે શ્રી રતિભાઈએ અગ્રી ભાગ ભજવ્યો તેમજ સ્વ. પરમાનંદ કાપડિયા અને સ્વ. મણિલાલ મોકમચંદ શાહ સાથે ખભેખભા મીલાવી સમાજને સ્વચ્છ કરવામાં આવા ક્રાન્તિકારી પ્રયાસોમાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો પાછળથી સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહના સહયોગી તરીકે પણ કામ કર્યું.

પ્રથમ સંઘ દ્વારા 'તરુણ જૈન' નામની પત્રિકા પ્રગટ થતી હતી તેના તંત્રી તરીકે તેમણે ટૂંકા ગાળાની સેવા આપી હતી તેમજ સંઘના ઉપપ્રમુખ તરીકે સાત વર્ષ, મંત્રી તરીકે સાત વર્ષ અને કોષાધ્યક્ષ તરીકે અગિયાર વર્ષ. તેમજ સંઘની કાર્યવાહક સમિતિમાં લાંબાકાળ સુધી રહી સંઘની વિકાસયાત્રામાં તેઓ સિમાચિહ્નરૂપ બની ગયા.

તેઓશ્રીએ ડાયમન્ડ મરચન્ટ્સ એસોસીએશન, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, જૈન ઉદ્યોગગૃહ વિગેરે સંસ્થાઓમાં ઉચ્ચ અધિકારપદે આરૂઢ થઈ લાંબા સમય સુધી સેવા આપી.

માટુંગા ગુજરાતી કેળવણી મંડળ (અમૃતલખ અમીચંદ વિવિધલક્ષી વિદ્યાલય) ની શરૂઆતનાં પ્રણ વર્ષ સુધી તેઓએ મંત્રી તરીકે સેવા આપી હતી જૈન સોસાયટી તથા ગુજરાત સોસાયટી, સાયન, તેમણે ઉભી કરી.

મુંબઈ મહાનગરપાલિકાના કોર્પોરેટર તરીકે પણ તેમણે સેવા આપી હતી. મુંબઈ જૈન યુવક સંઘના રથાપકસભ્યોમાંથી તેઓ અંતિમ સભ્ય હતા

નિડરતા, સ્પષ્ટ વિચારસરણી, આચારની સ્પષ્ટતા, નિર્ભિકપણું, ક્રાન્તિકારી વિચારો–આવા અનેક ગુણોથી રબર તેમનું વ્યક્તિત્વ હતું.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ.

મુંબઈ જૈન યુવક સંઘના એક સ્થાપકની ચિરવિદાય

● શાન્તિલાલ ટી. શેઠ



શ્રી રતિલાલ સી. કોઠારી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એક પાયાની વ્યક્તિ, (સંઘના સ્થાપકમાંના એક) સમગ્ર જૈન સમાજના સનિષ્ઠ કાર્યકર, જાણીતા સમાજસેવક અને બળવાખોર સુધારક, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીનું મુંબઈમાં તા. ૧૭-૧૦-૮૪ના રોજ ૭૯ વર્ષની વયે, તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થતાં જૈન સમાજે એક આદરણીય વ્યક્તિ ગુમાવી.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના 'વાવ' ગામમાં તા. ૨૪-૧-૧૯૦૭ના તેમનો જન્મ થયો હતો. સાત વર્ષની બાળવયે તેઓ તેમના કાકા સાથે મુંબઈ આવ્યા હતા. હજુ તો સાતમાં ધોરણમાં તેમનો અભ્યાસ ચાલતો હતો ત્યાં, તેમના કાકાનું અવસાન થતાં અભ્યાસ છોડવો પડ્યો અને કુમળી વયે તેઓ હીરાની દલાલીના ધંધામાં જોડાયા. ધંધામાં નસીબે યારી આપી, આર્થિક રીતે સમૃદ્ધ થયા.

બાળપણથી જ તેમનામાં સેવાવૃત્તિ હતી એટલે તેઓ રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા હતા અને રાષ્ટ્રના ઉચ્ચ સ્તરના નેતાઓ, શ્રી એસ. કે. પાટીલ, સરદાર વલ્લભભાઇ પટેલ વ. સાથે કાર્ય કર્યું હતું ભૂગર્ભમાં રહીને રાષ્ટ્રીય ચળવળને મૂલ્યવાન ટેકો આપ્યો હતો. તેમના વતન પાલણપુરમાં પણ રાષ્ટ્રીય લડતમાં મોખરાના સ્થાને રહી કાર્ય કર્યું એટલે એ બનાસકાંઠા પ્રદેશમાં તેમને સરદારનું બીરુદ મળ્યું હતું. આ રીતે તેઓ મોખરાના રાષ્ટ્રીય સેવક હતા.

મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ જેવી કેળવણીની સંસ્થાઓમાં વર્ષો સુધી હોદ્દા પર રહી તેમણે દાખલારૂપ સેવા બજાવી હતી.

મુંબઈમાં ૧૯૨૮માં 'મુંબઈ જૈન યુથ લીગ'ની સ્થાપના કરવામાં આવી, તેના ઉદ્દેશો હતા, રાજકીય, ધાર્મિક તેમ જ સામાજિક સવાલો હાથ ધરવા, તેમ જ યુવકોમાં જાગૃતિ લાવવાને લગતા ઉપાયો યોજવા. આ સંસ્થાના મંત્રી તરીકે શ્રી રતિભાઇ કોઠારીની વરણી કરવામાં આવી હતી. બીજે જ વર્ષે આ સંસ્થાનું નામ બદલાને 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ' રાખવામાં આવ્યું હતું.

(વધુ માટે જુઓ પાનું ૧૩૧ મું)

વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

ચીમનલાલ શાહ 'કલાધર'

'સંઘ'ના ઉપક્રમે શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણીનો શુભારંભ શુક્રવાર, તા. ૨૧-૯-'૮૪ના બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટીના સભાગૃહમાં થયો હતો.

પ્રથમ વ્યાખ્યાતા શ્રી શશીકાન્ત મહેતાએ 'જપસાધના' વિષય પર પ્રવચન કરતાં જણાવ્યું હતું કે જપ-સાધના એ મનુષ્યને ઉચ્ચ કોટિએ લઇ જનારી સાધના છે. આપણા બધા જ ધર્મોમાં જપસાધનાનો એક વિશિષ્ટ રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે. જપસાધના એટલે મંત્રસાધના. દુનિયાને ભૂલી મનને એકાગ્ર કરી કોઇ મંત્ર કે ધ્યેયનું સ્મરણ કરવા એકચિત્ત બનવું એ જ જપસાધના. જપસાધના માટે તન, મન, વચન, અને વસ્ત્રશુદ્ધિ જોઇએ. સૌથી વધારે તો જીવનમાં વાણીનો સંયમ આવશ્યક છે. જગતનું મોટામાં મોટું કોઇ દૂષણ હોય તો તે વાણીનો દુર્વ્યવહાર છે. વાણી જેટલી સંયમિત અને સૌમ્ય, તેટલી જીવનની સાર્થકતા ગણી શકાય. સાધક મનુષ્યે વાચાળતા ટાળવી જોઇએ.

પૂ. મુનિશ્રી ધર્મધુરંધરવિજયજી મહારાજે 'શ્રી વલ્લભ-સૂરિજીનો જીવન સંદેશ' એ વિષય પર પ્રવચન કરતાં જણાવ્યું હતું કે યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ એક એવા પુનિત સંત હતા કે જેમણે માનવધર્મની પ્રેરક દૃષ્ટિ આપણને આપી હતી. તેઓ હંમેશા કહેતા કે હું ન જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું, ન શૈવ, ન હિન્દુ છું, ન મુસલમાન; હું તો વીતરાગદેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું. યાત્રાળુ છું. આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલાં પોતાના મનમાં જ થવી જોઇએ. તેમના આ પ્રેરક ઉદ્‌ગારો જ તેમને જગવલ્લભ ઠરાવે છે.

કાર્યક્રમના પ્રારંભમાં શ્રીમતી પ્રતિભાબેન જૈન (અંબાલા) એ સુંદર ભક્તિસંગીતનો કાર્યક્રમ આપ્યો હતો. 'સંઘ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે સૌનું સ્વાગત કરતા કહ્યું હતું કે ક્રાંતિકારી અને સમર્થ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીનો મોટા ભાગનો શિષ્યસમુદાય આ વર્ષે મુંબઇમા છે અને એ સૌની નિશ્રામાં 'સંઘ'ના ઉપક્રમે આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણીનો સૌ પ્રથમ પ્રારંભ થાય છે. આ માટે મુંબઇની શ્રી આત્માનંદ જૈન સભા તરફથી રૂા. ૭૫૦૦/-નું દાન મળ્યું છે. પૂ. આ. શ્રી વિજયઇન્દ્રદિન્ન-સૂરિજી, પૂ. આ. શ્રી વિજયજનકચંદ્રસૂરિજી આદિ મુનિ-મંડળની નિશ્રામાં યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન શ્રી શૈલેશભાઇ કોઠારીએ કર્યું હતું.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, મિરઝામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By/South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧૬-૧૨-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર : પાક્ષિક
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

પ્રચંડ નારીશક્તિની વિદાય

● રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં 'રાજકારણમાં હિંસા' નામનો લેખ મેં લખ્યો હતો. એ અંક છપાઇને પ્રેસમાંથી મારા હાથમાં આવ્યો અને તેના ઉપર હું નજર ફેરવતો હતો, ત્યાં શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યાના સમાચાર સાંભળી દુઃખદ આઘાત અનુભવ્યો. મોટી મોટી વ્યક્તિઓની રાજદ્વારી હત્યાના ટાંકેલા દાખલાઓમાં એક વધુ ઉમેરાયો. ઇતિહાસનું વધુ એક પાનું કાળા અક્ષરે લખાયું.

બુધવાર, તા. ૩૧ ઓક્ટોબરે સવારે આપણાં વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીનું મૃત્યુ થયું. વિધિની વિચિત્રતા કેવી છે કે અંગરક્ષક તરીકે જેને રાખવામાં આવ્યા હતા એ જ માણસોએ એમની હત્યા કરી! આરોગ્ય અને શરીરની સુરક્ષા માટે રાષ્ટ્રમાં જેમની સૌથી વધુ સંભાળ લેવાય તે આપણાં વડા પ્રધાન કુદરતી આયુષ્ય પૂરું ન ભોગવી શકયાં. કર્મની લીલા કેવી ન્યારી છે!

શ્રીમતી ઇન્દિરા ગાંધીને ખૂનની ધમકીઓ તો ઘમરજન્સી વખતે પણ મળી હતી, પરંતુ સુવર્ણમંદિરની ઘટના પછી એવી ધમકીઓ વધુ ગંભીર પ્રકારની હતી. એમના ખૂનનું કાવતરું કરનારાઓએ ઠંડે કલેજે યોજનાબદ્ધ રીતે એવું પાકું કાવતરું કર્યું કે કોઇને વહેમ પણ ન આવે. ધર્મને નામે અને કલ્પનામાં પણ ન આવે એવડી મોટી પૈસાની રકમની લાલચોને વશ થઇ અભૂક્ષ માણસો ગમે તેવું ગોઝારું કૃત્ય કરી બેસે છે! આ કાવતરામાં વિદેશમાં વસતા કેટલાક શીખોનો હાથ પણ સીધી કે આડકતરી રીતે ઓછો નહીં હોય એમ મનાય છે. એ શીખોને ગુપ્ત પ્રોત્સાહન અને નાણાં આપનાર કોઇ વિદેશી સત્તાઓ પણ આમાં સંડોવાયેલી હોય તો નવાઇ નહિ. કોઇ પણ રાષ્ટ્રને અસ્વસ્થ અને શક્તિહીન કરવા માટે એની સર્વોચ્ચ વ્યક્તિની હત્યા કરવાની ઘટનાનું પુનરાવર્તન ઝડપથી થવા લાગ્યું છે. સક્રિય અને સંઘર્ષમય રાજકારણમાં ઝંપલાવ્યા પછી જાતને સુરક્ષિત રાખવાનું કાર્ય મોટા મોટા નેતાઓ માટે અઘરું થતું જાય છે.

શ્રીમતી ગાંધીના અવસાનના પ્રત્યાઘાતો ભારતમાં અને આખી દુનિયામાં ઘણા મોટા પડયા છે. એમને માટે આવેલા અંજલિ-સંદેશાઓએ અને એમના અગ્નિસંસ્કાર વખતે ઉપસ્થિત રહેલા સો જેટલાં રાષ્ટ્રોના મહાનુભાવોએ, શ્રીમતી ગાંધીની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા કેટલી મોટી હતી તેની આપણને સવિશેષ ઝાંખી કરાવી છે.

શ્રીમતી ગાંધી રાજરમતનો ભોગ બની ગયાં. પંજાબના પ્રશ્ને એમણે નીડર લશ્કરી પગલું લીધું; પરંતુ એથી વેરભાવ વધ્યો. સુવર્ણમંદિરમાં કેટલાય ઝનૂની શીખોનાં મૃત્યુ થયાં. એ સમયે લશ્કરને શ્રીમતી ગાંધીએ આપેલા આદેશથી વૈરાગ્નિ વધતાં ખુદ શ્રીમતી ગાંધીના પ્રાણ એમાં હોમાયા. આવા ઘરમજનક અપકૃત્યના પ્રત્યાઘાત પણ ઘણા મોટા પડયા અને શ્રીમતી ગાંધીની હત્યા પછી સેંકડો નિર્દોષ માણસોના પ્રાણ હણી લેવાયા. એક વ્યક્તિનું મૃત્યુ પણ અનેક અજાણ્યા, નિર્દોષ માણસોનાં મૃત્યુનું નિમિત્ત બને એ પણ કરુણ અને વિચિત્ર ઘટના લેખાય!

શ્રીમતી ગાંધી પ્રચંડ નારીશક્તિનાં પ્રતીક હતાં. એક મહિલા પોતાના જીવનકાળ દરમિયાન સોળ જેટલાં વર્ષ માટે કરોડો લોકોના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રની સત્તાનું સર્વોચ્ચ સ્થાન ભોગવે અને એમને અલિપ્ત દેશોના ત્રીજા વિશ્વનું પ્રમુખપદ પ્રાપ્ત થયું એ ઘટના ઇતિહાસમાં પણ વિરલ ગણાશે.

શ્રીમતી ગાંધીને જન્મકાળથી જ વિકાસ માટે એક પછી એક સંખ્યાબંધ સુંદર તક સાંપડયા કરી એ જેવું તેવું સદ્ભાગ્ય ન લેખાય. સામાન્ય રીતે બહુ તેજસ્વી માણસોનાં સંતાનો નબળાં હોય છે કે નબળાં રહે છે. પોતાની જ કારકિર્દી બનાવવામાં જ્યારે માણસ આંધળો બની મચ્યો રહે છે ત્યારે એનાથી પોતાનાં સંતાનોના વિકાસની જાણતાં અજાણતાં ઉપેક્ષા થઇ જાય છે. સળંગ બે પેઢી તેજસ્વી હોય એવા દાખલાઓ નથી હોતા એમ નહિ, પરંતુ ઉત્તરોત્તર ત્રણ-ચાર કે વધુ પેઢીઓ તેજસ્વી હોય એવા દાખલા તો લાખોમાં કોઇક જોવા મળે તો મળે. શ્રીમતી ગાંધીને પોતાના પિતા અને દાદા ઉભયનો વારસો મળ્યો હતો. જવાહરલાલને પોતાનાં સંતાનોમાં એક માત્ર દીકરી હતી, એટલે દીકરીને એમણે દીકરાની જેમ ઉછેરી. પુત્રીને માતાનું વાત્સલ્ય ઓછું મળ્યું, પરંતુ જવાહરલાલે તે સવાયું કરીને બતાવ્યું. ગાંધીજી અને જવાહરલાલ જેવા મહાન પુરુષોની વચ્ચે ઉછરવું એ લાભ તો ખરો, પરંતુ પોતાની સ્વકીય કહી શકાય એવી તેજસ્વી પ્રતિભા વિના આટલી સિદ્ધિ સાંપડે નહિ. દેશવિદેશમાં વિદ્યાભ્યાસ માટે અને જીવનના બહુમુખી વિકાસને માટે, સામાન્ય માણસોને ન સાંપડે એવી અનેક મોટી તક શ્રીમતી ગાંધીને સાંપડી. પ્રિયદર્શિની ઇન્દિરાને પ્રેરક પત્રો લખીને જવાહરલાલે તેમનામાં મહાત્વાકાંક્ષાનાં બીજ કિશોરાવસ્થાથી

રોપ્યાં. આઝાદી પૂર્વે અને આઝાદી પછી જવાહરલાલે શ્રીમતી ઇન્દિરા ગાંધીને સતત પોતાની પાસે રાખ્યાં. પોતે જ્યાં જ્યાં વિદેશોમાં ગયા ત્યાં ત્યાં અથવા ભારતમાં પણ દેશવિદેશના મહાનુભાવોને મળતાં તેમણે ઇન્દિરાને સાથે રાખ્યાં. આથી શ્રીમતી ગાંધીની બહુમુખી પ્રતિભાનો વિકાસ સતત થતો રહ્યો. માણસને જેમ જેમ વધુ અને વધુ મોટા મોટા માણસોને મળવાહળવાની તક સાંપડે તેમ તેની પ્રતિભાનો વિકાસ ઘણો બધો થતો રહે એ સ્વાભાવિક છે.

જવાહરલાલે વડા પ્રધાન તરીકે ઘણાં વર્ષ રાજ્ય કર્યું. ભારતની જે કોઇ વ્યક્તિ જવાહરલાલને મળવા આવે તે વ્યક્તિ જવાહરલાલ કરતાં ઊતરતી કક્ષાની હોય, આમ જવાહરલાલના પક્ષેથી અન્ય વ્યક્તિઓને નિહાળતાં શ્રીમતી ગાંધીમાં પણ ગુરુતાનો ભાવ (Sense of Superiority) સતત વિકસતો રહ્યો, અને જવાહરલાલનું વડા પ્રધાનનું સ્થાન પોતાને મળ્યા પછી પોતાના કરતાં કોઇ મોટું નથી, એવો ગુરુતાનો આ ભાવ શ્રીમતી ગાંધીમાં વ્યવહારથી અને સત્તાબળે વિકસતો રહ્યો. જેની પાસે કંઇક સત્તા અને અધિકાર હોય છે તેની પાસેથી કંઇક લાભ મેળવવા માટે સમાજના સારા ગણાતા કેટલાક ઉચ્ચ માણસો પણ નબળાઇ દાખવે છે. મોટા પણ લાલચુ માણસોને જવાહરલાલ પાસે આવતા જોઇને મોટા મોટા માણસોનું પણ માપ કાઢી લેવાની આ આવડત શ્રીમતી ગાંધીએ પણ કેળવી લીધી હતી. મનુષ્ય-મનને પારખવાની, તેના મનમાં ચાલતી હિલચાલોની અટકળ કરી લેવાની તેમની સૂઝ ઉત્તરોત્તર કેળવાતી ગઇ. મોટા મોટા મંધાતાઓને પણ એમની નબળાઇ જાણી લઇ કેમ હંફાવવા, નમાવવા, દૂર કરવા તથા પ્રસંગે કેમ ત્વરિત નિર્ણય કરી ઠરાવવા એની કુનેહ પણ એમની વધતી ગઇ. જવાહરલાલના કુશળ વહીવટીકાર્યની જબરી તાલીમ પણ એમને પુષ્કળ મળતી રહી.

મોહક વ્યક્તિત્વ, છટાદાર વક્તૃત્વ (હિન્દી, અંગ્રેજી અને ફ્રેન્ચમાં), વ્યવહારદક્ષતા, પોતાના આત્મીય સંબંધોમાં પ્રીતિપાત્રતા, સમયની બાબતમાં પ્રમાદનો અભાવ, કેટલાંક અંગત સુખ સગવડનો ભોગ, પ્રશ્નને ગ્રહણ કરવાની કુશાગ્ર બુદ્ધિ, ત્વરિત નિર્ણય લેવાની શક્તિ, ધારેલું પાર પાડવા માટે અડગ મનોબળ, કયારેક વાતને ઇરાદાપૂર્વક વિલંબમાં પાડી દેવાની મણુતરીપૂર્વકની ચાલ, કામ કઢાવી લીધા પછી માણસને આઘો રાખવાની આવડત, નાની બાબતોની સત્તા પણ પોતાને જ હસ્તક રાખવાની આદત, વિપરીત સંજોગોમાં પણ હિંમત હાર્યા વગર સ્વસ્થ રહે તેવું કણ કાળજું, સતત લોકસંપર્ક અને લોકમાનસને પારખવાની સૂઝ, હાજરજવાબી, આંટી-ઘૂંટીના દાવપેચ રમવાની શક્તિ, પ્રસંગે પહેલો પ્રહાર કરી લેવાની અગમચેતી વગેરેને કારણે શ્રીમતી ગાંધીની શક્તિનો પ્રખર વિકાસ થયો હતો. શક્તિશાળી હોય તો જ માણસ સત્તાના ઊંચા સ્થાને પહોંચે, તેવી જ રીતે ઉચ્ચ સત્તાસ્થાને મોટા પછી માણસ હોય તેથી પણ વધુ મોટો દેખાય. તેમાં પણ ભારત જેવા ગરીબ દેશમાં એ વધુ અનુભવાય. શ્રીમતી ગાંધીને પોતાની પ્રતિભા વિકસાવવામાં સત્તાસ્થાનનો લાભ પણ પુષ્કળ મળ્યો હતો. પરિણામે તેમની આંતરરાષ્ટ્રીય પ્રતિભાનો અદ્વિતીય વિકાસ થયો હતો.

શ્રીમતી ગાંધીના હૈયે ભારતના કરોડો ગરીબોના ઉદ્ધાર માટેની સાચી દાઝ હતી. એ દિશામાં એમણે કેટલું કાર્ય પણ કર્યું. જો સત્તાની સ્થિરતા હોત અને રાજરમતના દાવપેચમાં સમય બગાડવો પડતો ન હોત તો કદાચ એ દિશામાં તેમણે વધુ સંગીન કાર્ય કર્યું હોત. ભારતના રાજકારણમાં અસત્યનું, નાણાંની ગેરરીતિઓનું, લાંચ-રુશ્વતનું, અનીતિમય પ્રહારોનું, ચારિત્ર્યખંડનનું, મતદારો, ધારાસભ્યો કે સંસદસભ્યોને ખરીદી લેવાનું, જાહેર માધ્યમોના દુરુપયોગનું, અપાત્ર માણસને ઊંચા સ્થાને બેસાડી પૂતળાની જેમ એની પાસે કામ લેવાનું-ઇત્યાદિ કેટકેટલી બાબતોનું પ્રમાણ ઘણું બધું વધી ગયું છે. આવાં અશુભ કે અનીતિમય પ્રલોભનોને વશ ન થવાની પ્રબળ તાકાત મનુષ્યમાં હોય તો, નિરામય રાજકારણમાં સર્વોચ્ચ સત્તા પર બેઠેલી વ્યક્તિ કેટલું બધું કામ કરી શકે!

નારી માટે સમાનતા અને સ્વાતંત્ર્યની ભાવનાનો વિકાસ થયા પછી છેલ્લા કેટલાક દાયકાઓમાં પોતાના રાષ્ટ્રમાં સત્તાના સર્વોચ્ચ સ્થાને નારી પહોંચી શકી હોય એવાં કેટલાંક ઉદાહરણો આપણને જોવા મળ્યાં છે. પરંતુ એ બધાંમાં રાષ્ટ્રની વસતી, સમસ્યાઓ, કાર્યક્ષેત્ર, સિદ્ધિઓ, પ્રતિષ્ઠા ઇત્યાદિની દૃષ્ટિએ શ્રીમતી ગાંધીનું સ્થાન સૌથી મોટું છે એમ કહી શકાય. એમના અવસાનથી માત્ર ભારતને જ નહિ, સમગ્ર વિશ્વને એક પ્રચંડ, લોકપ્રિય, તેજસ્વી નારી-શક્તિની ખોટ પડી છે.

સ્વર્ગસ્થ શ્રીમતી ગાંધીના વ્યક્તિત્વનાં તમામ પાસાંઓ વિશે લખવાનો અહીં અવકાશ નથી. વળી, તેમના સમગ્ર વ્યક્તિત્વનું અને જીવન કાર્યનું તટસ્થ મૂલ્યાંકન કરવાનો આ અવસર નથી. આપણે તો તેમનામાં રહેલા અનેક ઉત્તમ માનવીય ગુણોને સંભારી તેમને શ્રદ્ધાંજલિ અર્પીએ!

બાલવત્સલ શિક્ષક

● રમણલાલ ચી. શાહ

જે દિવસે શ્રીમતી ઇન્દિરા ગાંધીનું અવસાન થયું તે જ દિવસે, તા. ૩૧મી ઓક્ટોબરે, ભાવનગરમાં આપણા આદરણીય શિક્ષક અને સાહિત્યકાર શ્રી મૂળશંકર મો. ભટ્ટનું ૭૭ વર્ષની ઉંમરે અવસાન થયું. એમના અવસાનથી આપણને સંનિષ્ઠ, આજીવન શિક્ષક અને સંસ્કારસેવકની મોટી ખોટ પડી છે.

સ્વ. મૂળશંકરભાઇનું પ્રવાસ-સાહિત્ય તો શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે વાંચ્યું હતું, પરંતુ તેમને પ્રત્યક્ષ મળવાનું તો થયું ઇ. સ. ૧૯૬૧ માં લોકભારતી-સણોસરામાં ગુજરાતીના અધ્યાપકોનું સંમેલન યોજાયું હતું ત્યારે. અધ્યાપક સંમેલનમાં હું અને મારાં પત્ની જઇ હતાં. સંજોગવશાત્ અમારાં બે નાનાં સંતાનોને સાથે લઇ જવાં પડ્યાં હતાં. ચિ. શૈલજા ત્યારે ત્રણેક વર્ષની હતી અને ચિ. અમિતાભ દસેક મહિનાનો હતો. મારાં પત્ની પણ ગુજરાતીનાં અધ્યાપિકા હોવાથી સંમેલનની બધી સભાઓમાં હાજર રહેવાની એમની ઇચ્છા હતી પરંતુ બંને બાળકોને સાચવવાનાં હોવાથી બધી સભાઓમાં ઉપસ્થિત રહેવાનું તેને માટે શક્ય નહોતું.

પરંતુ સભાને દિવસે સવારે, અમારી સમસ્યાનું અનુમાન

(વધુ માટે જુઓ પાનું ૧૪૧ મું)

જોઈએ તીખા, અંત વજ્ર સરીખા

પ્રભુદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ)

આપણે ત્યાંની કથા-વાર્તાઓને લીધે કે એકેએની ધારણા આપણા મનમાં ઘર કરી ગઈ હોય છે કે ખરેખરું તપ કે કિ ચમત્કાર સરજ્યે જ. બાપુજીએ ફિનીક્સમાં ચૌદ ઉપવાસ કર્યા. જોડે લેશમાત્ર પણ ચમત્કાર સંકળાયેલો કોઈના જોવા-સાંભળવામાં આવ્યો નહોતો. પણ એ વેળાની એક વાત અનેક દાયકાઓ વીતી ગયા છતાં આજેયે મને લાગણીવશ બનાવે છે. મારું એ સંભારણું સાવ કાઢી નાખવા જેવું નંગણાય.

બાપુજીના ઉપવાસના આઠમાં કે નવમા દિવસની આ વાત છે. એ દિવસે ફિનીક્સવાસીઓને થોડી ઘરપત આવી કે હવે ઉપવાસનું વહાણ કાંઠે પહોંચી શકશે. એ દહાડે સવારથી જ આખુયે આકાશ ચોખ્ખું હતું. પવન શાંત હતો. સૂરજદેવતા ઊંચે ને ઊંચે જઈ ચુપચાપ લખલૂટ પ્રકાશ વણથંભ્યે છલકાવતા જતા હતા. ઉપરથી ઊતરી આવનારા એ અપરંપાર તેજને ધરતીમાતા મૂંગી મૂંગી ઝીલ્યે જતી હતી. દિવસના ચઢતે પહોરેય દિશાઓ ચોમેર મધરાત સમી તદ્દન નીરવ હતી. અને અમે ઘરમાં હતાં એ બધાંનું યે લગભગ મૌન જ જણાતું હતું. બાપુજી પાસે મારા પિતાશ્રી બાંટો જઈ આવ્યા અને એમણે ઘરમાં જે વાત કરી એ પરથી સમજાયું કે 'બાપુજીનું શરીર અધું યે નથી રહ્યું. દશા વિકટ બનતી જાય છે. કાયા રોજ સુકાતી જાય છે પણ ક્રુન્દનની જેમ બાપુજી પાર ઊતરવાના. આટલી આકરી તાવણીમાંયે એમણે ખૂબ જ શાંતિ જાળવી રાખી છે. એમને મુખે તેજ અને એમનું જોમ એવાં ને એવાં છે, કસ્તુરબા પણ ભારે ધીરજ રાખી રહ્યાં છે.' આવું બધું સાંભળી મારી મા અને મગનકાકા બા-બાપુજી અંગેના વિચારોમાં પરોવાઈ ગયાં. રોજના ઘરકામમાં સૌ લાગ્યાં હતાં પણ એમનાં મન ઊંડે ઊંડે ઊતરી ગયાં હતાં. મેં કેટલીયે વાર સુધી વડીલોની સામે જિજ્ઞાસાવશ જોયા કર્યું.

પછી મારા સ્વપ્નની વાત કહેવાનું મને સૂઝયું. તે દિવસે સવારે પથારીમાંથી બેઠો થયો ત્યારથી વારે વારે એ સપનું મારી નજર સામે આવ્યા કરતું હતું. એટલે મગનકાકા પાસે બેસીને મેં કહ્યું : 'આજે મને બહુ નવાઈનું સપનું આવ્યું.' મારી સામે એમણે દૃષ્ટિ માંડી. મને એ કહેવાનું પ્રોત્સાહન આપ્યું. મને હિંમત આવી અને મારા આખાયે સ્વપ્નની વાત કરી કે : સ્વપ્નમાં હું ફરતોફરતો બાપુજીવાળી ઓસરી નીચેના ખેતર બાજુ નીકળ્યો ત્યાં મણિલાલકાકાને મેં કામ કરતા જોયા. એટલે શું કરે છે એ જોવા એમની પાસે હું પહોંચ્યો. ત્યાં ઝાડવાઓ વચ્ચે એક બહુ પહોળા મોઢાની જાડી ઊંચી કોઠી ગોઠવી રાખેલી મેં જોઈ. એવી જાતની કોઠી મેં ક્યારેય જોઈ નથી. એમાં ભરેલું પાણી મણિલાલકાકાએ બહાર ઠલવી નાખ્યું. પછી કોઠીને જમીન પર આડી પાડીને એમણે એ ધોઈ, પણ એ સાફ ન થઈ એટલે મણિલાલકાકાએ બીજીવાર એ કોઠીને ધોઈ તોયે એ સરખી રીતે ચોખ્ખી ન થઈ. એટલે વધારે મહેનત કરીને ફરી ફરી એમણે એ કોઠી ધોઈ કાઢી, પણ દર વખતે એમાંથી કાળાશવાળો રગડો બહાર નીકળ્યે જ ગયો અને છોડની આસપાસ ખોદી રાખેલી ક્યારીઓમાં કાળો જાડો થર પથરાઈ ગયો. મહેનત કરી કરીને મણિલાલકાકા પરસેવે રેબઝેબ થઈ ગયા. એમણે લમણાનો પરસેવો લૂછ્યો અને નીચા નમીને એમણે કોઠીમાં તળિયા સુધી હાથ નાખી એ ફરીવાર ધોવા માંડી...અને મારી આંખ ઊઘડી ગઈ!'

મારી વાત સાંભળી મગનકાકાએ મને સવાલ કર્યો કે 'તું સમજ્યો એનો અર્થ?' મેં માથું હલાવ્યું એટલે એમણે સમજાવ્યું કે આપણી અંદર જે મેલ ભરાયો હોય એ બાપુજી ધોઈ રહ્યા છે. એટલા માટે એમના આ ઉપવાસ ચાલે છે. મણિલાલનો મેલ ધોવાઈ ગયો, એ ઉજળા બન્યા.'

સ્વપ્નમાં મેં જોયેલી કોઠી અને મણિલાલકાકાની ભારે મથામણનો મગનકાકાએ જે અર્થ સમજાવ્યો એ મારા મગજમાં બરાબર બેસી ગયો. એમની પાસેથી ઊઠી હું મારે કામે લાગ્યો અને અમારે સારુ બાપુજી પોતે પાર વિનાની વેદના ભોગવી રહ્યા છે, એના વિચારો મારા મનમાં જાગ્યા. 'આપણી અંદરનો મેલ', એ મગનકાકાનો ઉદ્‌ગાર મને પ્રશ્નરૂપ બની ગયો કે 'મારામાં શું મેલ છે?' મારા ધ્યાનમાં આવ્યું કે 'વારે ઘડીએ મને આળસ થઈ આવે છે એ ટેવ મારે કાઢવી જોઈએ.'

પછી મારું વિચારચક્ર આગળ ચાલ્યું. બાપુજીના ઉપવાસો જોડે સાતઆઠ દિવસથી સંકળાયેલા પ્રસંગો અંગે ઝાંખું ઝાંખું સમજાયેલું તે વધારે સ્પષ્ટ થયું. ચૌદ ઉપવાસ શરૂ થયા ત્યારે બાપુજીની સાથે કસ્તુરબાએ અને મણિલાલકાકા તથા રામદાસકાકા (બાપુના દ્વિતીય અને તૃતીય પુત્રો) એ પણ ઉપવાસ કરવાનું વિચાર્યું. તેમ જ ફિનીક્સમાંના બીજા પણ ઘણાં ભાઈ – બહેનોએ ઉપવાસમાં જોડાવાની તૈયારી કરી, પરંતુ બાપુએ એક – એક જણને ભાર દઈને સમજાવ્યું કે બીજાઓ ઉપવાસમાં જોડાય તો કેટલી બધી કઠણાઈ ઊભી થશે અને બાપુજીને પોતાને જ એ વિઘ્નરૂપ બનશે. એટલે ખાવાનું ચાલુ રાખી રોજનું કામ કરવું અને ૧૪ દિવસના બાપુજીના વ્રતને મદદરૂપ બનવું. જ્યારે કસ્તુરબા વગેરેનો બહુ આગ્રહ જોયો ત્યારે જે ઇચ્છે તે પહેલા અને છેલ્લા દિવસના ઉપવાસમાં જોડાઈ શકે એ છૂટ બાપુજીએ આપી. પણ એકલા મણિલાલ ગાંધીને બાપુજીએ ઉપવાસની પૂરી છૂટ આપી, કેમ કે મણિલાલકાકાએ પોતાનું અંતર ખોલ્યું હતું. પોતાનાથી થયેલ દોષ માટે એમણે પોતાના મનનું દુઃખ જણાવ્યું હતું અને તેને સારુ કઠોર પ્રાયશ્ચિત વિના ચેન નહીં પડે, એવી મનઃસ્થિતિ એમણે બાપુજીને જણાવી હતી. એવી બધી ચર્ચા ફિનીક્સવાસીઓ વચ્ચે થયેલી તેની સમજણ મને પડી. અને મણિલાલકાકા પ્રત્યેનો મારો આદર ખૂબ વધી ગયો.

હવે આટલે લાંબે ગાળે મને યાદ નથી રહ્યું કે બાપુજી જોડે મણિલાલકાકાએ પૂરેપૂરા ચૌદ ઉપવાસ કરેલા કે તેમણે ઓછાનો સંકલ્પ કરેલો. પણ એટલું ચોખ્ખું યાદ છે કે બાપુજી સાથે તેમણે ઉપવાસો કર્યા ત્યારે તેઓ ફરતાફરતા રહ્યા હતા, કામ કરતા હતા અને એમના મુખ પર ઉત્સાહ અને મનની શાંતિ દેખાઈ આવતાં હતાં.

મગનકાકાએ 'અંતરનો મેલ ધોવા' પર ભાર મૂક્યો એટલે મારું ભેજું એ બાબતની ચોવટમાં પડ્યું અને તાજી જ જોયેલી જાણેલી હકીકત મનમાંને મનમાં મેં ચાળવા માંડી:-

'પેલાં બહેન તો અક્કડ જ રહ્યાં એટલે બાપુજીને આ ચૌદ ઉપવાસ વહોરી લેવા પડ્યા! બાપુજી, બા, બધા દીકરાઓ પણ સૌ ભેગાં જ જમે, અંગત ઘર રાખ્યું જ નહોતું; વીસ પચીસ છોકરાઓ અને મોટેરાઓની ભેગી રસોઈ થાય ત્યાં ગુપચુપ રસોડામાં જઈ છાનુંછાનું બાઇ લેવાનો એ બહેનનો મોટો ગુનો ગણાયો. બહુ સમજાવી બાપુજીએ એમને માફી આપી અને ફરી આવો અપરાધ ન કરવાનું વચન બાપુજીએ એ બહેન પાસે લેવરાવ્યું. તે સાથે ચેતવણી યે આપી કે આપેલું વચન ન પાળો તો બાપુજીને પોતાને ચૌદ ઉપવાસનું પ્રાયશ્ચિત કરવું પડશે. બાપુજીને એ બહેન પર પુષ્કળ ભરોસો હતો. ઉચ્ચ ભણતરની એમણે ડિગ્રીઓ મેળવી હતી. અમારો વિદ્યાર્થીઓનો વર્ગ લેતાં તેમાં તે બહેન ગુજરાતી, ઇતિહાસ, ગણિત સારી રીતે ભણાવતાં. એટલાં બુદ્ધિશાળી છતાં પોતે આપેલું વચન બીજે જ દહાડે વીસરી જઈ ફરીથી તેઓ પહેલાંના જેવો અપરાધ કરી બેઠાં. બાપુજીની પોતાની નજરે એ પડ્યો. પણ એ બહેને પોતાનો દોષ ઢાંકયો; કેમે ય કબૂલ ન કર્યો. આવું જુઠ્ઠાણું બાપુજીથી ખમી ન શકાયું. એમણે નછૂટકે ચૌદ ઉપવાસ શરૂ કર્યા.

એ બહેને બગભગ મૌન જ રાખ્યું. છોકરાઓ જોડે કંઈ બોલે જ નહીં. વડીલો એ બહેન પાસે જઈ વારાફરતી સમજાવે પણ એ બહેને કોઈ વાતે કોઠું ન જ આપ્યું. બાપુજીના ઉદ્વેગમાં વધારો ન થાય એ સમસ્યા થઈ પડી. છેવટે બાપુજીની સંમતિ મુજબ એ બહેનશ્રીને ફ્રિનીક્સમાંથી વિદાય કરવામાં આવ્યાં. પોતાની દીકરી જેવું વહાલ બાપુજીને હૈયે એ બહેન માટે હતું. એ બહેન પણ પિયેર આવ્યાં હોય એમ ફ્રિનીક્સ પરિવારમાં ઓતપ્રોત હતાં. પણ જાણ્યે અજાણ્યે પોતાને વળગેલો 'અંદરનો મેલ' ધોઈ કાઢવામાં એ બહેનશ્રીની કચાશને કારણે એમને અળગા કરવાનું અને પતિ પાસે મોકલી દેવાનું કડક પગલું લેવાયું. એમને વળાવવા ફ્રિનીક્સ નિવાસી-પ્રૌઢ વયનાં દેવીબહેન-અંગ્રેજ મહિલા મિસ એથડા વેસ્ટને બાપુજીએ ડરબન સુધી મોકલ્યાં. તેમણે સ્ટીમર લેવામાં એ બહેનશ્રીને મદદ કરી.

મણિલાલકાકાનું ઝળહળતું તપ અને અમારાં શિક્ષિકા બહેનની પોતાના પંડની ઓળપાળ એ બન્ને ઘટનાઓની સમજણ મને પડી એટલે બાપુજીના અતિશય આકરા તાપનો પાવનકારી ઊંડો ભય મારા મનમાં જડાઇ ગયો. [ક્રમશઃ]

ભુલ-સુધાર

ગતાંકમાં છેલ્લા પૃષ્ઠ પર વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી માટે શ્રી આત્માનંદ જૈન સભા તરફથી સંઘને રૂ. ૭,૫૦૦ આપવામાં આવ્યા તેવી નોંધ છપાઇ છે, તેને બદલે સંઘને રૂ. ૭૫,૦૦૦ આપવામાં આવ્યા છે એમ વાંચવા વિનંતી.

-તંત્રી

એમને કોણ પ્રેરણા આપતું હશે?

સુબોધભાઇ એમ. શાહ

'પ્રબુદ્ધ જીવન'નાં તા. ૧૬-૯-૮૪નાં તંત્રીલેખમાં કેમ્બ્રિજ યુનિવર્સિટી પાસેના બગીચામાં પક્ષી, બિલાડી અને ઉંદર ત્રણેય પાસે પાસે હોવા છતાં નિર્ભય અને નિર્વેર જણાતાં હોવાનો કિસ્સો બતાવાયો છે. અહીં વોડંન રોડ પરનાં એક મ્યુનિસિપલ ઉદ્યાનમાં રોજ સવારે સાત વાગે નિયમિતપણે એક વૃદ્ધ બંગાલી મહિલા એ થેલીમાં રાંધેલા ભાત અને છેડનાં ટુકડા લઇને આવે છે અને એક ખૂણામાં બેસીને જુદા જુદા કાગળનાં પડીકામાં બિલાડીઓ અને કૂતરાંઓને એક સાથે ભોજન આપે છે. આ મૂગાં પ્રાણીઓ પણ દરરોજ સવારે જાણે નાસ્તાની રાહ જોતાં હોય એમ આજુબાજુ ટોળે વળીને ઊભેલાં હોય છે ને જેવા મિસીસ મેનરજીને આવતાં જુએ કે તરત એકત્ર થઇને એમની આગળપાછળ વીંટળાઇ વળે છે ને કોઇ પણ જાતની ધાંધલ વિના સાથે બેસીને પોતાને મળેલું ભોજન આરોગે છે.

શ્રીમતી મેનરજીની ઉંમર હશે ૭૦/૭૫ ને તદ્દન ગરીબ છે. લઘરવઘર ફાટેલાં કપડાં ને ક્યારેક અમને 'ગુડ મોર્નિંગ' કરે ને પૂછે પણ ખરાં કે આ જનવરો માટે થોડા પૈસા આપો તો કામ ચાલુ રહે. ક્યારેક અમે દસ રૂપિયા-પાંચ રૂપિયા આપીએ. અમે એકવાર પુછ્યું તો કહે કે પોતે ફ્રેંચ લાન્સ લેખિકા હતાં ને અંગ્રેજી પત્રોમાં લેખો લખતાં. પણ હવે નિર્વાહનું કોઇ સાધન રહ્યું નથી. વોડંનરોડથી વળી પાછાં બસમાં બેસીને કોલાબા જાય ને ત્યાં પણ આવું જ કામ આટલી ઉંમરે ને નાદુરસ્ત તબીયતે પણ કરે છે.

સમાજમાં અનેક સંસ્થાઓ માનવ રાહતનું કામ કરે છે. કેટલાક સુખી ગૃહસ્થો પણ ધનદાન દ્વારા અથવા પોતાનો સમય ને શક્તિ ખરચીને ગરીબ અને મધ્યમ વર્ગના માણસોની મદદ કરે છે. પણ તદ્દન ગરીબ અને પોતાનું પણ ઠેકાણું ન હોય એવા માણસોને કોણ પ્રેરણા આપતું હશે કે જેને લીધે આવાં કામો પોતે વ્યક્તિગત સ્તર પર કરે છે, જેને વાતનું સુખદ આશ્રય થાય છે.

'પરબનાં પાણી' પુસ્તક દ્વારા શ્રી અજીત પોપટે બૃહદ્ મુંબઇમાં રાહતનું કામ કરતી કેટલીયે સંસ્થાઓનો આપણને પરિચય કરાવ્યો છે. પરંતુ જાત ઘસીને આવું કામ કરનારી અનેક વ્યક્તિઓ પણ આ સમાજમાં છે. હેન્ગીંગ ગાર્ડન પર ફરવા જઇએ ત્યારે કેમ્પસ કોર્નરથી આગળ જતાં હાથમાં ગરમ ફાટલી લઇને એક ભાઇ બધાંને ચાહ પીરસતા જતાં દેખાય છે.

કોઈ ભાઇ ચ્વેક, બિરકીટ કે ચણાશીંગ એવું વહેંચતા જતા જોવા મળે છે.

મુંબઇ શહેરના ધમાલભર્યા જીવનમાં કરુણાનાં આવાં કામો કરનાર અનેક માણસો આપણને મળી આવશે.

શિયાળામાં ચોપાટી પર કંતાન કે ધાબળા ઓઢાડનારા માણસો વિષે આપણે અવારનવાર વાંચીએ છીએ. હોટલોમાંથી કે પાર્ટીઓમાંથી વધેલું અનાજ પોતાની ગાડીની ડીકીમાં મુકાવીને મોડી રાત્રે ફૂટપાથ પર ભૂખ્યા ગરીબોને જમાડવાનું કામ કરનારાં પણ આ જ શહેરમાં છે.

આ લોકો પ્રસિદ્ધિ માટે આવાં કામો કરતાં નથી હોતાં. એમના ફોટા ભાગ્યે જ છાપામાં છપાય છે. છતાં એમને જે આત્મસંતોષ મળતો હશે તે ગજબનો હશે. સમાજ-જીવનની કઇ ચેતનાનો આ આવિષ્કાર સમજવો?

બાળકોને સમજીએ !

રતિલાલ 'અનિલ'

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૮-'૮૪ના અંકમાં શ્રી રમણલાલ ચી. શાહના લેખમાં નિર્દોષતાના સંદર્ભમાં બાળકોની ચર્ચા કરી છે તે વિશે, તેનાં બીજાં પાસાં વિશે ચર્ચા થઇ શકે.

બાળદશાનાં કર્મોને મહદ અંશે 'લીલા' કહી શકાય. બાળકોમાં યે રુચિ, રસ અને આગ્રહો રહેલાં જ છે, ગમા-અણગમા પણ ખરા જ. વાસ્તવમાં ગમા-અણગમા જ બાળકને પ્રવૃત્તિ માટે પ્રેરે છે. પ્રેય જ એમાં મુખ્ય ભાગ ભજવે છે, એમને માટે શ્રેયનો પ્રશ્ન જ અપ્રસ્તુત છે, કારણ કે એ જ્ઞાન-દશાનો પ્રશ્ન છે. પણ એમના ગમામાં પણ આસક્તિ હોય છે ખરી? એક રમકડું એને એટલું પ્રિય છે કે એને એ રેઢું મૂકતું જ નથી, સૂતી વખતે ય ઘણીવાર એ છાતીએ વળગાડીને ઊંઘે છે, અને એ દશામાં છૂટી યે જાય. પણ દરેક ઘરમાં બાળકોનાં તૂટેલાં રમકડાંના કેટલા બધા અવશેષો જોવા મળે છે. એને માટે બાળકો અફસોસ કરતાં નથી. કદાચ અતિ પ્રિય રમકડું પ્રિય હોય ત્યારે તૂટે તો તે ઉગ્ર પ્રતિભાવ દર્શાવે, પણ એ પ્રત્યે એ ધીરે ધીરે અનાસક્ત થઇ જાય છે. જેટલી દૃઢતાથી એ ચાહે છે, એટલી જ સહજતાથી એને વીસરી પણ જાય છે. એમાં અનાસક્તિભાવ જોઇ શકાય. એ જ્ઞાન-પ્રેરિત નથી, સહજ છે. એને જ્ઞાન હોય તો? આપણે મોટા, સમજુઓ એને સંધરવાના પ્રયત્નો કરીએ એવું જ્ઞાન જ એનામાં નથી. સમજ સાથે, ગણતરી સાથે આસક્તિનો સંબંધ છે. એટલે અનાસક્તિનો પ્રશ્ન શ્રેયાર્થે આવે છે.

બાળકને પ્રેય હોય તે પણ ઘણીવાર શ્રેયની કક્ષામાં આવી જાય છે. બાળકને લીલામાં આનંદ પડે છે તે આપણે ગુમાવી બેસીએ છીએ, એને ગમે એમાં પણ કળાનો કે આકર્ષકતાનો પક્ષ રહેલો છે, જેને એ 'ગાય' કહે છે એવી વિશેષ આકર્ષક કોડી એને કેટલી મૂલ્યવાન લાગે છે! એ સુંદર છે માટે સુંદર છે. વ્યવહારમાં એનું શું મૂલ્ય છે એની ગણતરી જ એને માટે નથી. સામાન્ય કેનવાસ પરના કે એક કોડ પરના ચિત્રને કળાકાર મૂલ્યવાન માને, પદાર્થની ગણતરીએ એનું આંકું મૂલ્ય નથી હોતું તો આ કળાદૃષ્ટિ પણ બાળકોમાં સહજ હોય છે. આપણું સ્થૂળ વ્યવહારુ જ્ઞાન એનું મૂળભૂત આનંદમૂલ્ય બાદ કરીને એમાં વ્યવહારમૂલ્ય આરોપી તે આધારે ન્યાય તોળે છે, એમાં પ્રચલિત માન્યતા, પોતીકો લોભ અને લાભની ગણતરી આવે છે. તે સાથે બીજું યે ઘણું જોડાય છે.

મોરનું ખરી પડેલું પીંછું, કોઇ રૂપાળા પક્ષીનું સુંવાળું પીંછું મળી જાય તો બાળક વિભોર થઇ જાય છે. પોતાની એ મૂડીને ભેરુઓને બતાવી બતાવીને સંતાડે છે. વાસ્તવમાં એક પ્રકારની શ્રીમંતાઇનો એ અનુભવ કરે છે. એ પીંછાનું દુન્યવી મૂલ્ય એને અપેક્ષિત જ નથી, એટલે એ એના આકાર રૂપ, રંગ અને સુંવાળપ જ એને માટે મૂલ્યવાન બને છે. આ દૃષ્ટિ મોટપણે જળવાઇ રહેતી હોય તો કેટકેટલાં સ્થૂળ અન્યાયો મટી જાય! બાળક જીદ કરતો હોય, રડતો હોય કોઇ ચીજ માટે એમાં યે એનો લોભ, આસક્તિ, સંગ્રહખોરી આપણે જે રીતે એ શબ્દોના અર્થ વ્યવહારમાં સાર્થ કરીએ છીએ, તે એનામાં છે ખરાં?

બાળક અને પશુ-પ્રાણીની સરખામણી વિચિત્ર લાગે, છતાં તે કરવા જેવી છે. બંનેમાં મર્યાદિત જ્ઞાન છે. પ્રાણીની અપેક્ષાઓ મર્યાદિત છે, બાળક માણસ છે એટલે એને પ્રાથમિક જરૂરિયાતો ઉપરાન્ત લીલાના આનંદ માટે જરૂરી એવી અપેક્ષાઓ છે-ધરાયેલું પશુ તેના મારણને છોડી ચાલ્યું જાય, એને સંગ્રહનો લોભ, આસક્તિ ન હોય, કારણ કે માણસના સમાજમાં સંગ્રહનું મૂલ્ય ઉપજાવી શકાય-અહીં લોભ લાલચ, શોષણ ઘણું બધું આવે. બાળક પોતાની પ્રિય ચીજને સંધરે, પણ બીજી પળે તો ભૂલી જાય-અનાસક્તિ. આપણે રૂપિયો જડે તો પાવલીને વીસારીએ ખરા? હિંસક પશુ પણ મર્યાદિતપણે હિંસક છે, બાળક પણ હિંસક હોય તો યે મર્યાદિત-પણે એ રડે પણ ખરો.

બાળકમાં અહમ્ હોય, પણ આપણે મોટા સેવીએ એવો નહીં. બે બહેનો રડતે ઊભી વાત કરવામાં તલ્લીન છે. એકની કોરે બાળક છે-પણ મા એની વાતમાં એવી મશગુલ છે કે બાળકના અસ્તિત્વને જ વીસરી જાય છે! પછી પેલું ઉપેક્ષિત બાળક રડે, માને ચીમટા ય ભરે. તો એની પાછળનાં માનસિક કારણો સમજવાનાં હોય છે. શ્રીમંતનો બાળક અજાણ્યે કે કુટુંબ-સંસ્કારે ગમે એટલો અક્કડ રહેતો હોય પણ ગરીબ ભેરુના ગળે હાથ નાખી એ મસ્તીમાં જતો ય હોય છે. એને માટે એ સમયે મોજ કે આનંદની પ્રાપ્તિનું જ મૂલ્ય હોય છે. તો, પેલી અક્કડતા તો સંસ્કાર કે ઉછેરનું પરિણામ હોય એમ સમજીએ.

સમાજ, જ્ઞાન-પૌઢપણું એ જ માણસની મૂળભૂત સમ-સ્યાઓ છે! લોભ, મોહ, લાલચ, આસક્તિ-આ બધું તો બીજે માણસ, ઘણા માણસો એટલે કે સમાજ અને કહેવાતું વ્યવહારુ જ્ઞાન આવે છે, તે સાથે આવે છે.

જૈન-દર્શન અને કર્મબંધન

ડૉ. હસમુખ દોશી

'નિર્દોષ, અજ્ઞાન અને દિવ્ય' વિશેનો મુ. ડૉ. રમણભાઇનો લેખ વાંચીને આનંદ થયો. ડૉ. રમણભાઇએ ઘણી દૃઢતાથી તેમાં પોતાના વિચારોની રજૂઆત કરી છે. એ રજૂઆતમાં નવીનતા છે અને એ સાથે કેટલીક ન સમજાતી સમસ્યાઓનો ઉકેલ પણ છે. પરન્તુ એ છતાં તેમાંની કેટલીક વિગત મને ચિંત્ય લાગી છે.

આપણે જોઇએ છીએ કે જીવનમાં અને જગતમાં કેટલીક નિર્દોષ વ્યક્તિઓ કોઇ કારણ વિના ન સમજી શકાય એવી યાતના સહન કરતી હોય છે. આ સંસારમાં રામકૃષ્ણ પરમહંસ જેવી વ્યક્તિને કેન્સરનો વ્યાધિ અસહ્ય વેદના આપે છે અને મહાત્મા ગાંધીને પોતાના નિષ્પાપ સ્વજનોના ઉપર ત્રણ ત્રણ ગોળીઓ ઝીલવી પડે છે. થોડા સમય માટે પણ ગાંધીજીને કેટલી વેદના થઇ હશે એ કલ્પી શકાય છે. ખુદ ભગવાન શ્રીકૃષ્ણ પારધીના તીરનો

શિકાર બની અસહ્ય પીડા ભોગવીને પોતાનું ભવ્ય જીવન સંકેલે છે. હિન્દુ ધર્મ અને જૈન ધર્મ કર્મના સિદ્ધાંતમાં દૃઢ માન્યતા ધરાવે છે. એક વાર આપણે એ સિદ્ધાંત સ્વીકારી લઈએ તો ઉપર નિર્દેશેલી બધી ઘટનાનો તાળો મળી જાય છે.

પરંતુ કર્મબંધનો મનુષ્યો અને તેમાંય બુદ્ધિશાળી કે શિક્ષિત માનવો સમજી શકે છે. પશુપક્ષીઓની બાબતમાં સમગ્ર સૃષ્ટિ આવા જ્ઞાનથી વંચિત હોય છે. પોતાનું જીવન ટકાવી રાખવા માટે પશુપક્ષીઓ નિરંતર જીવહિંસા કરે છે; અને તેમાં સબળ દુર્બળને હણે એવો એવો નિયમ પ્રવર્તે છે. ડાર્વિનનો Survival of the Fittest નો ન ગમતો સિદ્ધાંત જ અહીં જાણે સાર્વત્રિક બનતો દેખાય છે. ડૉ. રમણભાઈ લખે છે: 'જૈન ધર્મની માન્યતા પ્રમાણે પ્રત્યેક જીવને જન્મજન્માંતરનાં કેટલાંય કર્મ ભોગવવાનાં હોય છે. તે અનુસાર તેની ગતિ નિર્માય છે. વળી પ્રત્યેક ક્ષણે જીવ નવાં કર્મ બાંધે છે...જૈન માન્યતા અનુસાર વાઘ, સિંહ કે બિલાડી, ગરોળી વગેરે પોતાના ખોરાક માટે બીજા જીવોને મારે તો તેમાં પણ હિંસા રહેલી છે અને તેથી પાપ કર્મ અચૂક બંધાય છે.'

બરાબર છે. પણ મને એ સમજાતું નથી કે હિંસક પ્રાણીઓ અને પશુપક્ષીઓ નિરંતર હિંસા કરતાં રહે, પાપ કર્મો બંધાતા રહે, તેની વૃદ્ધિ થતી જ રહે તો પછી તેમની મુક્તિ ક્યારે? આ જન્મમાં તો તેઓ દિનરાત પાપકર્મો કરે છે એટલે સારું કર્મ કરવાની તેમને કોઈ તક મળે એમ નથી. તો પછીના જન્મમાં એમની શી ગતિ? પાપકર્મોની વૃદ્ધિને કારણે તેઓ આથી પણ વધારે હિંસક યોનિમાં જન્મે અને નવાં નવાં પાપકર્મો બાંધતા રહે તો પછી તેમને માટે જન્મજન્માંતરના ફેરાઓમાંથી મુક્તિની કોઈ આશા જ નહિ ને?

આ નિમ્ન કોટિનાં કહી શકાય એવાં પાપી પ્રાણીઓ આ માટે? મનુષ્ય યોનિમાં પણ અમુક સાચા જૈનોને બાદ કરતાં મોટા ભાગના જૈનો તેમ જ બીજા મનુષ્યો જૈનદર્શનોની દૃષ્ટિએ અભક્ષ્ય કહી શકાય એવું બધું ઝાપટતા હોય છે! ડૉ. રમણભાઈએ પોતે જ મને કહેલું કે જાપાન જેવા બૌદ્ધ ધર્મને વરેલા દેશમાં ભાગ્યે અડધો ટકો માણસો પણ શાકાહારી હશે. તો પછી આ મનુષ્યોની મુક્તિનું શું? તેઓ પાપકર્મોના કાયમી ગ્રાહકો જ બની રહે શું?–અને એ રીતે આ અગમ્ય સૃષ્ટિનું વિષાણુચક્ર બસ ચાલતું જ રહે?

ડૉ. રમણભાઈ જૈન ધર્મના ક્ષેત્રે મારા રાહબર જેવા છે. જૈન ધર્મ ઘણો પ્રાચીન, ગહન, દિવ્ય અને સહેલાઈથી ન પામી શકાય એવો છે. તેવા ધર્મમાં રહેલી ઘણી ગૂંચવણો તેમણે મને ફળફળમાં ઉકેલી આપી છે. પરન્તુ આ પ્રશ્ન અને બીજા પણ એવા કેટલાક પ્રશ્નો છે જેનો ઉકેલ હું તેમની પાસેથી 'પ્રબુદ્ધ જીવન'નાં પૃષ્ઠો ઉપર જ ચાહું છું.

ડૉ. શ્રી રમણભાઈની અને સૌ ધાર્મિક મનુષ્યોની ક્ષમાયાચના સાથે

[પ્રત્યેક જીવનું આહાર માટેનું કર્મ એકસરખું બંધાતું નથી. વળી જેમ કર્મ બંધાતાં જાય છે તેમ ભોગવાતાં પણ જાય છે. મન, વચન, કાયાથી, કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રિવિધેત્રિવિધ, જાણતાં અને અજાણતાં બંધાતાં કર્મો તેના પ્રકાર, તેના પેટા–પ્રકાર વગેરે માટે 'કર્મગ્રંથ' વાંચવાથી ઘણું સ્પષ્ટ થશે. લેખકના પ્રશ્નો વિશે અનુકૂળતાએ લખાશે. –ત. ત્રી.]

લોકસંગ્રહ — ડૉ. દિલાવરસિંહ જાડેજા

લોકસંગ્રહ એટલે લોકકલ્યાણ. લોકોને ખોટા માર્ગથી પાછા વાળવાની પ્રવૃત્તિને શંકરાચાર્ય લોકસંગ્રહ કહે છે: લોકાનામ્ ઉન્માર્ગ પ્રવૃત્તિ નિવારણં લોકસંગ્રહ: – પોતે સદાચારમાં પ્રવર્તીને લોકોને સદાચારમાં પ્રવર્તાવવા, લોકોનું સારી રીતે ધારણ, પોષણ અને વર્ધન કરવું તેનો સમાવેશ પણ લોકસંગ્રહમાં થાય છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયમાં શ્રી કૃષ્ણે લોકસંગ્રહ શબ્દ પ્રયોજ્યો છે: લોકસંગ્રહમ્ એવ અપિ સંપશ્યન્ કર્તુમ્ અર્હસિ' ખરેખર જનક વગેરે જ્ઞાનીઓ પણ આસક્તિ રહિત) કર્મો વડે જ પરમસિદ્ધિને પામ્યા છે. લોક–કલ્યાણને જોતાં પણ (તું) કર્મ કરવાને જ યોગ્ય છે,' એમ શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે શ્રી કૃષ્ણ એવો આદેશ આપે છે અનાસક્ત ભાવથી કરવા યોગ્ય કાર્યો. હંમેશા કરવા જોઈએ. તેથીપરમ કલ્યાણની પ્રાપ્તિ થાય છે. જનક વિદેહી જેવા જ્ઞાની મહાપુરુષે લોક-સંગ્રહની ભાવનાથી કર્મસિદ્ધિ મેળવી હતી. વ્યવહાર જીવનમાં એવું જોવા મળે છે કે લોકો શ્રેષ્ઠ વ્યક્તિઓનું અનુસરણ કરે છે. જેવું શ્રેષ્ઠ જનોનું આચરણ હોય તેવું જ સામાન્યજનો કરવા લાગે છે, શ્રેષ્ઠજનોના આચરણને જ તેઓ પ્રમાણભૂત માને છે. શ્રી કૃષ્ણ કહે છે: 'હે પાર્થ, મારે ત્રણે લોકમાં કોઈ કર્તવ્ય નથી અને કંઈ પણ એવું અપ્રાપ્ય નથી જે મારે મેળવવાનું હોય, તો પણ હું કાર્ય કરું છું.' શ્રી કૃષ્ણના કર્મનું પ્રયોજન લોકસંગ્રહ છે. શ્રી કૃષ્ણ અર્જુનને વાત કહે છે: 'જો હું સજાગ બનીને કર્મ ન કરું, તો મનુષ્યો મને અનુસરીને નિષ્ક્રિય બને અને પ્રજા નાશ પામે.' લોકસંગ્રહ અર્થે અહીં કર્મ કરવાની જે વાત થઈ છે તેમાં ફળપ્રાપ્તિની આશાવિહોણા કર્મ ઉપર ભાર મુકાયો છે. ગીતાજીમાં કહ્યું છે: 'અજ્ઞાની જેમ આસક્તિપૂર્વક કર્મ કરે, તેવી રીતે જ્ઞાની માનવ લોકસંગ્રહને લક્ષમાં રાખી કર્મ કરે...'

લોકકલ્યાણ માટે કર્મનિષ્ઠ રહેવાનો આ આદર્શ માત્ર સામાજિક સેવાનો આદર્શ નથી. ગીતાજી સ્પષ્ટ રીતે કર્મ દ્વારા આધ્યાત્મિક વિકાસના આદર્શને આપણી સમક્ષ મૂકે છે. કર્મની પ્રયોગશાળામાં લોકસંગ્રહની આધ્યાત્મિક દૃષ્ટિની કસોટી થતી હોય છે જ્ઞાની વ્યક્તિ કર્મ પ્રત્યે વૈરાગ્યભાવ કેળવે, કર્મને જો અનાવશ્યક, તુચ્છ અને મિથ્યા ગણે તો જેમને જ્ઞાન પ્રાપ્ત થયું નથી એવા લોકો પણ કર્મ પ્રત્યે વૈરાગ્યભાવ કેળવતા થાય; પરિણામે પોતાનો જીવનમાર્ગ ચૂકી જાય. લોકકલ્યાણના વ્યાપક હેતુથી તેમ જ અનાસક્ત-ભાવથી થતું કર્મ વ્યક્તિના આત્મિક વિકાસનું માધ્યમ બની રહે છે. હવે લોકો કર્મમાત્રથી વિમુખ બને તો એમનો વિકાસ થઈ શકતો નથી. જનક વિદેહી જ્ઞાની માનવ હતા; અનાસક્ત હતા અને છતાં લોકજીવન સાથે એમણે કર્મનો સંબંધ તોડ્યો નહોતો. તેમનું કર્મ યજ્ઞમાં અપાતી આહુતિ જેવું હતું કર્મની સોપાન શ્રેણીમાં પહેલું પગથિયું અંગત હિત કે સ્વાર્થ માટે થતા કર્મનું છે, આસક્તિપૂર્ણ કર્મ છે. પછી સામાજિક સેવા માટે થતા કર્મનું પગથિયું આવે પણ આવા કર્મમાં સેવા કરવાનો ફાંકો આવી જવાનો સંભવ રહે છે. કર્મનું સર્વોચ્ચ શિખર શ્રી કૃષ્ણ અને જનક વિદેહી જેવાના યજ્ઞાર્થ કર્મ, લોકસંગ્રહ માટે થતા કર્મમાં જોવા મળે છે, દિવ્ય કર્મનો આ સિદ્ધાંત છે. સમર્પિત બુદ્ધિથી થતું કર્મ લોક કલ્યાણના યજ્ઞમાં અપાતી આહુતિ સમું સુગંધિત બની રહે છે. સંત કબીરે કહ્યું છે: 'કહું સો નામ; સુનુ સો સુમિરન; જો કુછ કરું સો પૂજા.' એટલે હું જે કાંઈ બોલું છું તે પ્રભુના નામરૂપ બની જાય, હું જે કાંઈ સાંભળું છું તે માલિકનું–ખુદાતાલાનું–સ્મરણ બની જાય અને જે કાંઈ કર્મ કરું છું તે પ્રભુની પૂજા બની જાય! 'જે કુછ કરું સો પૂજા!' આપણાં નાનાં–મોટાં બધાં કર્મો જ્યારે પ્રભુની પૂજાનું રૂપ ધારણ કરે ત્યારે લોકસંગ્રહનો આદર્શ મૂર્તિમંત થાય છે.

પડકાર વિ. પલાયનવૃત્તિ

● અર્પિતા ભારતી

આ લેખિકાએ જ્ઞાતિ કક્ષાના એક સામયિકનું તંત્રીપદ સ્વીકાર્યું, ત્યારે ગુજરાતના એક અગ્રણી ભાષાશાસ્ત્રીએ સલાહ આપતાં કહ્યું : 'આપણી જ્ઞાતિઓ વિકાસ રુંધનારી, પ્રત્યાઘાતી અને અસહિષ્ણુ છે. એના અગ્રણીઓ પોતાની માન્યતા વિરુદ્ધ લખનારને સાંખી શકતા નથી. વિચારના (અને પરિવર્તનના) દરવાજાને તાળું મારીને તેઓ વૈચારિક દૃષ્ટિએ ઉદાર, સહિષ્ણુ, લોકશાહી પદ્ધતિના ચાહક અને પરિવર્તનશીલ છે એવું તમારા સમાજના સભ્યોના મનમાં ઠસાવવા તેઓ મુખપત્રનો ઉપયોગ કરશે. રંગમંચ પર પ્રગતિશીલ અને પરિવર્તનશીલ, નેપથ્યમાં પ્રત્યાઘાતી અને રૂઢિચુસ્ત : આ એમની તાસીર છે. તમે એવા મુખપત્રનું સુકાન સંભાળો છો. એટલે વૈચારિક દૃષ્ટિએ સમાજની પ્રગતિ રોકવામાં તમારો ઉપયોગ ન થાય તે લક્ષમાં રાખવા તમારું આટલું ધ્યાન ખેંચું છું.' વગેરે.

અગ્રણીની આવી સલાહમાં આંશિક સત્ય હતું. મારું નિરીક્ષણ પણ એવું હતું. આમ છતાં મેં જવાબદારી સ્વીકારી તેનું એક કારણ છે: આપણી જ્ઞાતિઓ જડ, સંકુચિત, વિકાસને રુંધનારી, પ્રત્યાઘાતી અને અસહિષ્ણુ છે, એમ કહેવા માત્રથી તેમાં સુધારો થવાનો નથી. નેતાગીરીનું પણ સ્થાપિત હિત હોય છે. મુખપત્ર દ્વારા સભ્યો નવી વાત વિચારતા થાય અને પરિસ્થિતિ એની સર્જાયેલી જોઈએ કે સ્થાપિત નેતાગીરીએ પણ એ દિશામાં વિચારવું પડે, પરિવર્તનશીલ થવું પડે, રહેવું પડે. પત્રકારની આ જ તો કામગીરી છે. આજે પણ જ્ઞાતિ કે સમાજ એ જ જૂના સ્થાને ઊભાં હોય, યુગ પ્રમાણે એમાં મૂળભૂત પરિવર્તન ન થતું હોય તો એ માટે નેતાગીરી જેટલી જવાબદાર છે એટલી જ બલ્કે એથી વિશેષ જવાબદારી તે સમાજના વિચારકોની છે. વિચારશીલ પરિબળો સંગઠિત ન થાય અને પરિવર્તનનો પડકાર ન ઝીલે તો સૈકાઓ પછી પણ આપણી સામાજિક સ્થિતિ મહદંશે આજના જેવી જ રહેવાની.

સામાજિક કાર્યોમાં-ખાસ કરીને જ્ઞાતિ કક્ષાના કામમાં અને એની સામેના પડકારમાં સમય અને શક્તિની બરબાદી છે એવી વિચારસરણી એ પલાયનવાદ છે. રાજકારણમાં ખંધા, લુચ્ચા અને અપ્રામાણિક માણસો છે, તેમાં આપણું કામ નહીં, એવું વિચારીને ભાગેડુવૃત્તિ દાખવી, સરળ, નિખાલસ અને પ્રામાણિક સજ્જનો ખોટી નેતાગીરીને મોકળું મેદાન આપે છે. સમાજકારણ અને જીવનનાં અન્ય ક્ષેત્રોમાં પણ બનતું આવ્યું છે, બને છે અને બનતું રહેશે. સ્વ. પરમાનંદ કાપડિયા અને સ્વ. મોતીચંદ કાપડિયાએ ઘોઘારી જ્ઞાતિ છોડીને સમગ્ર જૈન સમાજને તે સમયને અનુરૂપ દોરવણી આપી. મારા જેવી જૈનેતરનો આ અભિપ્રાય છે. એ સમયે જ્ઞાતિનાં બંધનો એવાં હતાં કે એમનાં જેવાં એકલવીરનું એમાં કામ ન હતું. આજે જ્ઞાતિઓ પહેલાં જેવી અસરકારક રહી નથી. એની જગ્યાએ સામાજિક સંસ્થાઓ કાર્યશીલ છે છતાં સમગ્ર સમાજની સાથે આવાં ટૂંકા વતુંળો-પછી જ્ઞાતિ કહો કે સમાજ કહો-તાલ મિલાવે છે ખરાં? આ પ્રશ્ન વિચારવા જેવો છે. ક્ષેત્ર નાનું છે, સંકુચિત છે એમ કહી એની ઉપેક્ષા કરવા જેવી નથી. આવાં નાના નાના સમુદાયોનો તો આખરે સમાજ બને છે. અલબત્ત, હું પુરાણી જ્ઞાતિ પ્રથાને સજીવન કરવાની હિમાયત કરતી નથી.

આજે કેટલીય પ્રગતિશીલ સંસ્થાઓ, કલબો અને ગ્રુપો છે અને નવાં રચાય છે. એવી એક કલબનો ગુજરાતનાં એક પ્રાધ્યાપિકાને અનુભવ થયો. એ કલબના પદાધિકારી બહેન આ અધ્યાપિકા પાસે ગયાં. એમની વકતૃત્વશક્તિની ભારોભાર પ્રશંસા કરી. છેવટે હોદ્દેદાર બહેને પેલાં પ્રાધ્યાપિકાને પોતાની કલબના સભ્ય થવા ઇજન આપ્યું. અધ્યાપિકા બહેને સમય અને આર્થિક કારણોસર એ દરખાસ્તનો વિવેકપૂર્વક અસ્વીકાર કર્યો. પેલી પદાધિકાર બહેન તો એમને કોઇપણ ભોગે સભ્ય બનાવવાનું નક્કી કરીને આવી હતી. એટલે પ્રાધ્યાપિકાની સભ્ય-ફી ભરવાની પોતે તત્પરતા દેખાડી. પ્રાધ્યાપિકાને નવાઇ લાગી. આવી દરખાસ્તનું રહસ્ય જાણવા પ્રાધ્યાપિકાએ પૃચ્છા કરી તો તે કલબનાં અધિકારી બહેને કહ્યું : 'આ વર્ષે અમારી બધી કલબો વચ્ચે વકતૃત્વ સ્પર્ધા યોજવાની છે. જો આપ અમારી કલબના સભ્ય બનો અને વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવો તો અમારી કલબને શીલ્ડ મળે.' આજની પ્રગતિશીલ સંસ્થા, કલબ કે ગ્રુપનું આ વરવું રૂપ છે. હું એમ નથી કહેવા માગતી કે બધે જ આવું છે. અગાઉના અંધકારમય યુગ કરતાં સુધારો છે. પરંતુ સંકુચિતતા તો અહીં પણ છે. પ્રાધ્યાપિકાના ગૌરવને ઠેસ વાગે એવી હીન રીતે એમને પોતાની કલબના સભ્ય થવા કહે ત્યારે તો કહેવાનું મન થાય છે : એ પ્રાધ્યાપિકા તો સભ્ય અને સંસ્કારી છે, જ્યારે કલબનાં એ પદાધિકારી બહેને તો સભ્ય અને સંસ્કારિતાના પાઠ વિદ્યોપાસના કરતાં આવાં અધ્યાપકો પાસેથી હજુ શીખવાના છે. માનવ સ્વભાવની આવી કેટકેટલી વિલક્ષણતા અને વિચિત્રતા છે! જ્ઞાતિ, સંસ્થા અને સમાજના ગૌરવના નામે આવું તો કેટકેટલું ય હાંકયે રાખવામાં આવે છે!

હવે એક જુદી વાત. ખાબોચિયા જેવાં ક્ષેત્રને છોડી દેવા પાછળની દૃષ્ટિ તો અલબત્ત, વિશાળ ફલક પર જવાથી વ્યક્તિને મોકળું મેદાન મળે છે. પરંતુ નાના ક્ષેત્રમાં એ વ્યક્તિની શક્તિ કુંઠિત જ થાય એવું હંમેશાં બનતું નથી. ટૂંકી અને સંકુચિત દૃષ્ટિવાળા ક્ષેત્રમાં માનવ સ્વભાવ પારખીને કામ લેવાની કુનેહ અને પોતાનામાં ધીર પડયું હોય તો કોઇ પણ ક્ષેત્ર નાનું નથી. બધાં જ જો વિશાળ ફલક પર જવાની દૃષ્ટિ રાખે તો નાના અને પછાત વિસ્તારો અને સમાજનો વિકાસ જ ન થાય. દેશના વિકાસમાં રહેલી અસમતુલાની દૃષ્ટિએ આ વાત વિચારવી જોઇએ. અહીં મને સર પ્રભાશંકર પટ્ટણીની વાત યાદ આવે છે. મદ્રાસ પ્રાંતના ગવર્નર તરીકે એમની બનારી નિમણૂક અને કાશ્મીરના મહારાજાએ ખાબોચિયા જેવા ભાવનગર રાજ્યને છોડી કાશ્મીરને પોતાનું કરવા માસિક રૂપિયા પાંચ હજારના પગારની અને અન્ય કદરની આપેલી લાલચ: આ બન્ને દરખાસ્તનો સર પ્રભાશંકર પટ્ટણીએ વિનયપૂર્વક અસ્વીકાર કર્યો. આ વાત ઇ. સ. ૧૯૧૮-૧૯ની છે. એમણે ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું ત્યારે રાજ્યની તિજોરીમાં રોકડા રૂપિયા એકતાલીસની પુરાંત, ઝવેરાતમાં માત્ર એક મોતીની માળા અને રાજ્ય પર લાખો રૂપિયાનું કરજ હતું. આ રાજ્ય રાષ્ટ્રને ચરણે ધરવામાં આવ્યું અને સૌરાષ્ટ્ર રાજ્યમાં ભળ્યું ત્યારે રોકડા અઢાર કરોડ રૂપિયાની પુરાંત, જુદાં જુદાં મોટા

ફરેડા અને મિલ્કતો સોંપવામાં આવ્યાં હતાં. આવી જંગી રકમ અને સમૃદ્ધિ શોષણથી મેળવવામાં આવી ન હતી, પરંતુ ખેતી, શિક્ષણ, કન્યા-કેળવણી, હુન્નર-ઉદ્યોગ, વ્યાપાર અને બંદરની ખીલવણી : એમ રાજ્યનો સર્વાંગી વિકાસ સાધીને અને સાધવા છતાં જમા થઈ હતી. તેમાં સર પ્રભાશંકર પટ્ટણીની દૂરંદેશી, વહીવટી કુશળતા, સંસ્કારિતા, સબંધોમાં માનવીય સ્પર્શ, ઉષ્મા અને હૂંફ કારણરૂપ હતાં. ટૂંકમાં તાત્પર્ય એટલું જ કે માનવીમાં આંતરિક શક્તિ (Inherent Talents) ઘરબ કે માનવોચિત હીર હોય તો ગમે તેવાં સંઘર્ષ જાગે અને સાધનવિહોણાં ક્ષેત્રમાં પણ એ ઝળકી ઊઠે, એટલું જ નહિ, પરંતુ એનો વિકાસ માત્ર વ્યક્તિગત રહેવાને બદલે એની આસપાસના સમગ્ર સમાજના વિકાસનો પર્યાય બનીને રહે છે. વ્યક્તિ વિકાસ ગમે તેટલો સાધે તો પણ જે સમાજમાં એનો જન્મ અને ઉછેર થાય છે એનાં સંસ્કાર એના લોહીમાં વહે છે, અને તે વ્યક્તિ એ સમાજના વિકાસ માટે વત્તો ઓછો અંશે પ્રયત્નશીલ રહે છે. જન્મનાળ ને સંબંધો સાવ એમ કાંઈ અળપાઈ જતાં નથી!

ઘા, વા ને ઘસરકા

જયેન્દ્ર ત્રિવેદી

વર્ષો પહેલાંની વાત છે. ત્યારે શ્રી અજિત શેઠ અને શ્રી નિરુપમા શેઠ સુગમ સંગીતનું આંદોલન ચલાવતાં. એ આંદોલનના એક ભાગ તરીકે વર્ષે વર્ષે જુદા જુદા સ્થળે સુગમ સંગીતનું સંમેલન ભરતાં એક વાર ભાવનગરનો પણ વારો આવ્યો.

અમને થયું કે કંઈક નવીનતા પણ કરી બતાવીએ. ગાંધી સ્મૃતિ સંગ્રહાલયના ક્યુરેટરની મદદથી અમે કાઠિયાવાડનાં લોકવાદ્યોનું એક પ્રદર્શન ભરી શક્યા, જે આજે પણ એ સંગ્રહાલયની શોભા વધારે છે. જાતભાતનાં વાદ્યો! લોક-જીવનમાં સંગીત કેવું વણાઈ જાય છે એ મેં હમણાં વિદેશના પ્રવાસમાં અનુભવ્યું છે. લોકકલાઓનો વારસો વિકસાવવાના સ્વતંત્ર ભારતના આપણે સૌ નાગરિકો કંગાલ રીતે નિષ્ફળ ગયાં છીએ, હા એક 'ડાયરા'ને આપણે વટાવી ખાધો છે!

આ લોકવાદ્યોના સંગ્રહ વખતે એક કાઠિયાવાડી કહેણી કાને પડી જે ભૂલ્યા ભૂલાતી નથી. લોકવાણીમાં જીવનના અનુભવોનું અત્તર કેવી રૂડી પેરે અને અત્યંત સંયમપૂર્વક સંઘરાઈ રહે છે એના આ સુંદર નમૂનો છે. મને કહેવામાં આવ્યું કે આ પાંચ-પચાસ જાતનાં જુદાં જુદાં વાદ્યો છે એને એક સાથે સાંકળી આપો તો! પહેલાં તો હું કંઈ સમજ્યો નહીં પછી વર્ગીકરણની દૃષ્ટિએ મારે એમને વિભાજિત કરવાનાં છે એમ તો હું સમજ્યો પણ મગજ કંઈ કામ કરે નહીં! મેં હાર કબૂલી અને મને કહેવામાં આવ્યું- ઘા, વા અને ઘસરકા! આ ત્રણ શૈલીથી દુનિયાભરનાં વાદ્યો વાગે. મને સાનંદાશ્ચર્ય થયું દુનિયાભરનાં વાદ્યોને સમાવી લેતી આ કાઠિયાવાડી કહેણીના શોધનારને મનોમન ખૂબ પ્રણામ કર્યાં! કેટલાંક વાદ્યો ઘા થી વાગે-ઢોલ નગારા વગેરે. કેટલાંક વાદ્યો વાયુની મદદથી, ફૂંકથી વાગે શરણાઈ, શંખ, વાંસળી વગેરે. તો બાકીનાં કેટલાંક ઘસરકાથી વાગે-સરોદ, સિતાર, સારંગી, વાયોલીન વગેરે. અવાજ ઉત્પન્ન કરવાની આ ત્રણ પ્રચલિત રીતો! સંગીતના સંવાદી સૂર પ્રગટાવવાની આ પ્રાચીન-અર્વાચીન પદ્ધતિઓ!

મને લાગે છે કે આ ઘા, વ ને ઘસરકાની કહેણી આથી વધુ ઊંડે પણ આપણને લઈ જઈ શકે. મનુષ્યની વાણી પણ કયારેક એક ઘા ને બે કટકા કરે છે. કબીરદાસ કહે છે.

'સબદ સબદ કયા કરત હૈ, સબદ ન હાથ ન પાંવ!
એક સબદ ઔષધ કરત, દૂજે કરત હૈ ઘાવ!!'

વાત તો સો ટકા સાચી. શબ્દને હાથ-પગ નથી પણ મનમાં ધરબાયેલા જાતભાતના ભાવો જાણ્યે અજાણ્યે વાણી દ્વારા પ્રગટ થઈ જાય ત્યારે કયારેક તો એકાદ શબ્દપ્રયોગ જ કાપો તો લોહી ન નીકળે એવી અસર કરી જાય. વાણીએ વેરનાં વાવેતર વારંવાર કર્યાં છે. ઇન્દ્રપ્રસ્થ નગરીમાં દુર્યોધનને દ્રૌપદીએ 'આંધળાના દીકરા આંધળા જ હોય!' એવી વ્યંગ્ય વાણી ન સંભળાવી હોત તો કદાચ મહાભારતનું યુદ્ધ થયું ન હોત! 'યુદ્ધ' કહે છે કે દુનિયાનું પ્રત્યેક યુદ્ધ પહેલાં મનુષ્યના મનમાં જન્મે છે. વાત સાવ સાચી પણ એનું જનમતાં જ બાળમૃત્યુ થયું હોત તો માણસ ઉગરી જાત, પણ મનનો એ કુત્સિત કડવો ભાવ વાણી દ્વારા એવી તો રીતે પ્રગટ થાય છે કે બંદૂકની ગોળી જ છૂટી જાણે! અને પેલી ચીની કહેવત સાચ જાચવા છે કે મુખમાંથી નીકળી ગયેલા વાગ્બાણને સો હોર્સ પાવરની શક્તિથી પણ પાછું ખેંચી શકાતું નથી! મેણાં-ટોણાં વગરની કોઈ ભાષા હશે ખરી? સંસારના, પરિવારના કંઈક કલહોનાં મૂળમાં આ મેણાંટોણાં જ ભાગ ભજવતા હોય છે! આયુર્વેદના પંડિતો કહે છે કે શરીરમાં રહેલો અથવા ઉત્પન્ન થયેલો વાયુ અનેક રીતે શરીરને પીડે છે. વાત-પીત-કફના ત્રિદોષથી માણસ જાત ત્રાહિત્રાહી પોકારી જાય છે. આ વાયુ, અર્થાત વા માણસના મગજમાં ચડી જાય ત્યારે જાતભાતના શેખચલ્લીઓ જન્મે છે! માણસને પોતાના કલ્પનાતરંગોના વાતાનુકૂલિત કમરામાં રહેવું બહુ ગમે છે! નાનપણમાં હું સાંભળતો, 'એની વાતો પર ધ્યાન ન દેવું, એ તો વાયુ છે વાયુ.' ત્યારે મન નવાઈ લાગતી! માણસ જેવો માણસ વાયુ કેવી રીતે હોઈ શકે! પછી તો ખબર પડી કે ભાગ્યે જ પૃથ્વીના પડ પર કોઈ માણસ એવો હોઈ શકે જે કયારેક કોઈ ક્ષણે ય 'વાયુ'ના પકડમાં આવ્યો ન હોય! 'વાલ તો વાયડા પડે!' ઉક્તિ તો વાયડા શબ્દ વાયુ તરફ જ સંકેત કરતો હશે ને?

અને નાનામોટા ઘસરકા વગર તો માનવજીવન ચાલી શકે ખરું? બે તાલીશની લડતમાં રેલગાડીઓ અટકાવવા ગ્લીસરીન જેવાં દ્રવ્યોનો ઉપયોગ અમને શીખવવામાં આવ્યો ત્યારે ગાડીના પૈડાની ગતિ ચાલ્યા કરે પણ એક ડગલું ય આગળ ન વધી શકાય તેવા ચીકણા રેશમી ઉપાયની ખબર પડી. ત્યારે ઘસરકાની ઉપયોગિતા પણ સમજાઈ. જીવનને ગતિશીલ રાખવા માટે નાનામોટા સંઘર્ષ અનિવાર્ય છે એમ માત્ર માર્કસવાદ નહીં, દુનિયાનો ઇતિહાસ પણ કહે છે. આ સંઘર્ષનો આરંભ ઘસરકાથી થાય છે. નાનપણમાં પાટી પર કાંકરો કયારેક એવી રીત ઘસાતો કે હૃદયમાં ચરચરાટી થઈ જતી. પાટિયા પર લખતી વખતે ઘણીવાર કોઈ શિક્ષકને ચોકમાંનો દૂષિત ભાગ પણ આવો અનુભવ કરાવે છે. આજે પણ વર્ગમાં ચોક લીધા વગર હું ભણી શકતો નથી.

પાટિયા પર જાતભાતના શબ્દ ચિતરામણ આ ધસરકા વગર કેમ સંભવે? ચંદનનું ઘસાવું કેવું પ્રીતિકર લાગે છે! અગરબત્તીના બળવા જેવું જ! આમ તો ધુમાડો આંખનાકને કનડે જ પણ અગરબત્તીની સળી પર જે દ્રવ્યનું લેપણ થયું છે તેના સત્સંગને લીધે ધુમાડો પણ આહ્લાદક લાગે છે, નાનકડી નાનકડી ધૂમ્રસેરો પણ વાતાવરણને સુગંધિત બનાવે છે! અમારી કૉલેજકન્યાઓ રાષ્ટ્રીય સેવા યોજનાની ગ્રામ-શિબિરોમાં જઈ ઘરે ઘરે નિધુંમ ચૂલાઓની સ્થાપના કરે છે. ત્યારે ત્યારે ટેકનોલોજીએ માણસજાતને આપેલાં સુખોમાં પ્રમુખ સુખ આ છે, એમ મને લાગે છે! નહીં તો આંખ બાળ્યા સિવાય ભારતનો બૃહદ નારીસમાજ રોટલો શેકી કેમ શકે?

આમ તો સૃષ્ટિના સકળ પદાર્થોને કોઈ મોટા ઘાને પરિણામે કે કોઈ ઝંઝાવાતી વાને પરિણામે ઘસારો સતત લાગતો જ રહે છે પણ બધા ઘસારાને પહોંચી શકાય. આ છેલ્લા ત્રણ દાયકાઓમાં આપણા લોકજીવનમાં પ્રસરી ગયેલાં વ્યવહારના સર્વસાધારણ મૂલ્યોને જે ઘસારો પહોંચાડાયો છે તેનો કોઈ ઉપાય હશે ખરો? દરેક વિનાશમાં નિર્માણનાં બીજ છુપાયેલાં હોય છે એવો અત્યાર સુધીનો અનુભવ માણસજાતને છે. આ મૂલ્યોના વિનાશમાં-પદ્ધતિ-પૂર્વકના વિનાશમાં-ભાવિના કયા જાતના નિર્માણની શક્યતાઓ છે એની હું કલ્પના કરી શકતો નથી. મારે તો વા ને ઘસરકાથી જીવનવાદ્ય સંવાદી સૂરે વાગે એવી પરિસ્થિતિ જોઈએ છે. એવો ઘા નથી જોતો જે મૃદંગને ફોડી નાખે, એવો વા નથી જોઈતો, જે બાંસુરીમાંથી માત્ર સુસવાટા કે ફૂંફાડા રૂપે જ બહાર નીકળે. એવા ઘસરકા નથી જોતાં જે રવિશંકરની આંગળીઓનાં ટેરવાંની સંવેદનશક્તિ જ કુંઠિત કરી નાખે!

ઘા, વા અને ઘસરકા કોને ગમે? પણ જ્યારે આત્માને અપાર સુખનો અનુભવ કરાવનાર સંવાદી સૂરો એ જન્માવે ત્યારે કોને ન ગમે?

(પાના નં. ૧૩૪ થી ચાલુ)

કરીને, સાડા છ વાગે મૂળશંકરભાઈ અમારા ઉતારે આવ્યા ને કહ્યું, 'તારાબહેન, તમારાં બાબા-બેબીને મને સોંપી દો. અત્યારે મારે ફરવાનો સમય છે. બંનેને લઈ જાઉં છું. વળી, તમે સભામાં નિશ્ચિંત મને જજો. બાળકોને હું સાચવીશ.

મારાં પત્નીએ કહ્યું, 'અમારાં બાળકો નાનાં છે. તમારાથી અજાણ્યાં છે. અને એમ જલદી કોઈની પાસે જતાં નથી.'

મૂળશંકરભાઈએ કહ્યું, 'તમે એ મારા ઉપર છોડી દો.' એમ કહી અમારા દીકરાને તેડી લીધો અને દીકરીને આંગળીએ લીધી. કોઈ એવા અપાર વાત્સલ્યથી એવા બે-ચાર શબ્દો બાળકોને કહ્યા કે બંને બાળકો કંઈ પણ આનાકાની કર્યા વગર એમની સાથે ચાલ્યાં. અમે તો જોતાં જ રહ્યાં. કલાક પછી મૂળશંકરભાઈ, બંને બાળકોને લઈને અમારી પાસે આવી પહોંચ્યા. બાળકો સ્વસ્થ અને પ્રસન્ન હતાં, એ જોઈ મૂળશંકરભાઈની વાતની અમને ખાતરી થઈ. બાળકોને શું શું ખાવાપીવાનું આપીએ છીએ તે જાણીને ફરી પાછા બને બાળકોને લઈને ગયા. અમે સભામાં પહોંચ્યાં.

સભા પૂરી થઈ ત્યારે અમે મૂળશંકરભાઈ પાસે પહોંચ્યાં. બાળકોએ એમને જરા પણ પજવ્યા નહોતાં એ જાણી અમને આનંદ થયો. પરંતુ વિશેષ આશ્ચર્ય તો એ થયું કે મારાં પત્નીએ ચિ. અમિતાભને લેવા માટે હાથ લંબાવ્યો ત્યારે મૂળશંકરભાઈના હાથમાંથી આપવા માટે એ આનાકાની કરવા લાગ્યો.

બાળમાનસને સમજવાની અને બાળહૃદયને જીતી લેવાની અપૂર્વ કળા મૂળશંકરભાઈ પાસે હતી એની ત્યારે અમને સચોટ પ્રતીતિ થઈ. પછીથી તો સંમેલનના ત્રણેય દિવસ સભાના સમયે અમારાં બાળકોને વખતોવખત સાચવવાની જવાબદારી મૂળશંકરભાઈએ જ લઈ લીધી, એટલું જ નહિ, વચ્ચે વચ્ચે બાળકો સાથે તેઓ પણ સભામાં થોડો થોડો વખત આવીને બેસતા.

અજાણ્યા અપરિચિત બાળક પ્રત્યે પણ એક માતાથી વિશેષ વાત્સલ્ય મૂળશંકરભાઈના હૃદયમાં રહેલું હતું. વિદ્યાર્થી તરીકે એમના હાથ નીચે તાલીમ પામેલા કેટલાય વિદ્યાર્થીઓએ એમના અવસાનથી પોતાની માતા ગુમાવ્યા જેવું દુઃખ અનુભવ્યું હશે!

એક પ્રેમાળ મુરબ્બી

સ્વ. રમણલાલ ઠક્કર

ચીમનલાલ જે. શાહ

મુંબઈના કેટરિંગ જગતમાં જૂના અને જાણીતા મેસર્સ ઠક્કર કેટરર્સના માલિક શ્રી રમણલાલ ઠક્કરનું ૩૧ મી ઑક્ટોબરની સવારે માથેરાનની એમની રૂમ્બી હૉટલમાં ૭૫ વર્ષની વયે અવસાન થયું, જેની નોંધ લેતાં અમે ભારે દુઃખ અનુભવીએ છીએ.

શ્રી રમણભાઈનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે છેલ્લાં કેટલાંક વર્ષોથી ગાઢ નાતો હતો. પર્યુષણ વ્યાખ્યાનમાળા ચોપાટી પરના બિરલા ક્રીડા કેન્દ્રમાં હોય ત્યારે તેઓ ત્યાંની વ્યવસ્થાની ચિંતા કરતા. હૉલની અંદર, બહાર અને સ્ટેજ ઉપર વહેલી સવારથી ખુરશીઓ ગોઠવાઈ જાય, કોઈ સંજોગોમાં 'એરકંડિશનર' બંધ હોય તો એમના રેસ્ટોરન્ટમાંથી ઇલેક્ટ્રિક પંખાઓ-પેડેસ્ટ્રીયલ ફેન્સ-આવી જાય, એ અંગે તેઓ સતત જાગૃત હતા. એમના રેસ્ટોરન્ટના કમ્પાઉન્ડમાં કાર પાર્કીંગ કરવાની સગવડ આપે. પર્યુષણના આઠ-નવ દિવસમાં શ્રીફળ વિધિ કે અન્ય પ્રસંગનો કોઈ ઑર્ડર પણ લે નહિ ખુરશી આદિનું ભાડું પણ ન લે એટલું જ નહિ તેઓ એમના પત્ની કાંતાબેન સાથે આ બધા જ દિવસોમાં વહેલા સાત વાગે આવી જાય અને પૂરા ત્રણ-ચાર કલાક પ્રવચનો અને ભજનો સાંભળે. પ્રવચનોથી તેઓ ખૂબ પ્રભાવિત થતા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની માનવતાની પ્રવૃત્તિઓ એમને ગમતી. એક અંધજનને પત્રભર કરવા એને મશીન અપાવવા તેઓશ્રીએ રૂપિયા ૩૫૦૦/- સંઘને આપ્યા હતા. આ ઉપરાંત તેઓ તાજેતરમાં જ સંઘના આજીવન સભ્ય પણ બન્યા હતા.

શાંત પ્રકૃતિના, જ્યારે મળીએ ત્યારે સ્મિત સહ સૌને આવકાર આપે. મૃદુભાષી એવા રમણભાઈએ વ્યવસાયની બધી જ જવાબદારી બંને પુત્રોને સોંપી તેઓ નિવૃત્ત જીવન ગાળતા હતા. સીઝન થાય એટલે માથેરાન રૂમ્બીમાં જાય. ત્યાં પ્રવાસીઓને કશી તકલીફ તો પડતી નથી ને, એની કાળજી રાખે. ૩૧ મીની સવાર ભારત માટે ખરાબ ઊગવાની છે, એવી પ્રતીતિ એમને થઈ હશે? આવા એક મુરબ્બી મિત્રે કશી જ બિમારી વિના ચિરવિદાય લીધી. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

સ્વ. મૂળશંકર મો. ભટ્ટ

● પન્નાલાલ ૨. શાહ

નાનાભાઈ ભટ્ટની આત્મકથા 'ધડતર અને ચણતર'ની પ્રસ્તાવનામાં પં. સુખલાલજીએ એક સરસ વાત કરી છે: આ દેશમાં અનેક મઠો અને આશ્રમો પેઢી દર પેઢીથી ચાલ્યા આવે છે. જ્યારે પ્રજાને કેળવણીથી પોષવા ઊભી થયેલી સંસ્થાઓ થોડા જ વખતમાં કાં તો વેરવિખેર થઈ જાય છે કાં તો નિષ્પ્રાણ બની જાય છે એનું કારણ એ છે કે શિક્ષણ અને કેળવણીની સંસ્થાઓને જન્મ આપનાર તેમજ તેને પોષનાર પોતાની પાછળ સુયોગ્ય શિષ્યપરંપરા ઊભી નથી કરી શકતો. એટલે કોઈ પણ સંસ્થાએ પ્રાણવાન રહેવું હોય તો સંસ્થાના સ્થાપક અને મુખ્ય જવાબદાર તે સંસ્થાને તેજ અર્પતા રહે, વિકસાવતા રહે એવા શિષ્યો નિપજાવવા જ જોઈએ. નાનાભાઈએ એવી નાની પણ દીપમાળા પ્રગટાવી છે. એવી શિષ્યપરંપરામાં સ્વ. મૂળશંકર મો. ભટ્ટનું નામ સહેજે મૂકી શકાય.

એમનો જન્મ ઈ. સ. ૧૯૦૭ માં. અભ્યાસ ભાવનગરની દક્ષિણામૂર્તિમાં અને અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં. મુખ્ય વિષય તરીકે સંગીત લઈ તેઓ સ્નાતક થયા. પ્રારંભમાં વિલેપાર્લેની રાષ્ટ્રીય શાળામાં સંગીત શિક્ષક તરીકે કામ કર્યું. ત્યારબાદ દક્ષિણામૂર્તિમાં ગૃહપતિ અને શિક્ષક, ભાવનગરની ઘરશાળામાં શિક્ષક, આંબલાની ગ્રામદક્ષિણામૂર્તિમાં બુનિયાદી તાલીમ અધ્યાપન મંદિરના આચાર્ય, લોકભારતી, સણોસરામાં અધ્યાપક, મુખ્ય ગૃહપતિ તથા લોકસેવા મહાવિદ્યાલયના આચાર્યપદે કામ સંભાળ્યું. ઈ. સ. ૧૯૬૫ થી તેઓ નિવૃત્ત હતા.

તેમણે સાગરસમ્રાટ, સાહસિકોની સૃષ્ટિ, પાતાળ–પ્રવેશ, ખગોળની શોધમાં, ચંદ્રલોકમાં, ઓગણીસ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા, વગેરે વૈજ્ઞાનિક – સાહસકથાઓના સંક્ષિપ્તમાં અનુવાદ કર્યા હતા. મહાન – મુસાફરો, તાનસેન વગેરે પ્રવાસીઓનાં જીવનચરિત્રો પણ એમણે લખ્યાં છે. 'અંધારના સીમાડા' એ ટોલ્સ્ટોયના એક નાટકનું ગુજરાતી રૂપાંતર છે. એ જ રીતે વિકટર હ્યુગોની નવલકથા 'લે મિઝરેબલ'ને ગુજરાતીમાં સંક્ષેપમાં ઊતારી છે. 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' લેખ સંગ્રહમાં તેમના શિક્ષક અને કેળવણી વિષયક વિચારો રજૂ થયા છે. બર્ટ્રાન્ડ રસેલના 'ઓન એજ્યુકેશન'નો કેળવણી વિચાર એ નામે ગુજરાતીમાં તેમણે અનુવાદ કર્યો છે.

આવા આજીવન કેળવણીકાર મૂળશંકરભાઈ ભટ્ટનું તાજેતરમાં દેહાવસાન થયું છે. એમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

* * *

સ્વ. મૂળશંકરભાઈને સૌ પ્રથમ ઈ. સ. ૧૯૭૨માં મારે મળવાનું થયું. એ વખતે હું મુંબઈ છોડી મહુવા રહેતો હતો. મહુવાની પારેખ આર્ટ્સ અને સાયન્સ કોલેજમાં શ્રી મૂળશંકરભાઈનું પ્રવચન રાખવાનું હતું. શ્રી મહુવા કેળવણી સહાયક સમાજના તે વખતના મંત્રી (હાલ: અમદાવાદની સિટી સિવિલ કોર્ટના ન્યાયાધીશ) અને મુરબ્બી કરતાં વિશેષે મારા મિત્ર શ્રી ડોલરભાઈ વસાવડાએ એ એમને નિમંત્રણ આપવાની જવાબદારી મને સોંપી. એક વિખ્યાત કેળવણીકાર અને પ્રબુદ્ધ વિચારક તરીકે મારા મન પર એમની છાપ અંકાયેલી હતી. તેઓ મોટા ગજાના ચિંતક, અને વયોવૃદ્ધ અને હું વયમાં ઘણો નાનો. પરસ્પર અજાણ્યા પણ ખરા. ભાવનગરના થીઓસોફિકલ લોજની પાછળના એમના નિવાસસ્થાને હું એમને નિમંત્રણ આપવા ગયો. ખપપૂરતી માંડ વાત થઈ શકે એવું ખારસું અંતર. પરંતુ મૂળશંકરભાઈ એવું અંતર રાખવા દે શેના? એમના મકાનની પરસાળમાં હિંડોળા પર એમની પડખે મને પ્રેમથી બેસાડ્યો. નિમંત્રણનો ખૂબ જ સરળતાથી સહર્ષ સ્વીકાર કર્યો. હું મહુવાનો એટલે મહુવાના ધર્મકર્તા સામાજિક અને રાજકીય જીવનની, કોલેજ અને વિદ્યાર્થીઓની વાતચીતમાં એવો તો ઓતપ્રોત કર્યો અને હું પણ વાતમાં એવો પરોવાયો કે હું કોઈ મુરબ્બી કે મહાનુભાવને મળવા આવ્યો છું એવો ભાવ મારા મનમાંથી બિલ્લી પગે નીકળી ગયો.

શ્રી લોક વિદ્યાલય, વાળુકડ (તા. પાલિતાણા) અને ગંગોત્રી સંસ્કારતીર્થ, માનપુર (તા. ગારિયાધાર)–એ બંને સંસ્થાઓનાં બાલોદ્યાન, ગૌશાળા, આશ્રમશાળા આદિના ભૂમિપૂજન અને ઉદ્‌ઘાટન ગત માર્ચ માસમાં એમના પ્રમુખપદે થયાં. ગુજરાત રાજ્યના હાલના વિરોધ પક્ષના નેતા શ્રી દલસુખ પટેલ સાથે હું અને મારા મિત્ર શ્રી હિંમત ગાંધી છેલ્લાં ૧૬ વર્ષથી આ પ્રવૃત્તિમાં રત છીએ. શ્રી મૂળશંકરભાઈની નિશ્રામાં અમને ગ્રામવિકાસની પ્રવૃત્તિની ટ્રસ્ટીશિપની દીક્ષા આપવામાં આવી. આ પ્રસંગે એમનો સતત સત્સંગ થયો. એમાં વૈચારિક ઔદાર્યના એમના વ્યક્તિત્વનું નિરાળું પાસું જોવા મળ્યું.

માનપુરથી ભાવનગર જતાં અમે સાથે હતા. અગ્નિપરીક્ષા પછી સીતાત્યાગના ભગવાન રામના પગલા અંગે હું વિમાસણમાં હતો. સત્યની પડખે ઊભા રહેવાની ભગવાન રામે જરૂર હતી, એમ મને લાગતું હતું. આ પ્રશ્ન અંગે જિજ્ઞાસાવૃત્તિથી મેં વાત છેડી. એમણે સમજાવ્યું કે ભગવાન રામ મર્યાદાપુરુષ હતા એ વાત સતત લક્ષમાં રાખવી. કુટુંબધર્મ, રાજધર્મ અને વચનપાલન એ તે સમયનો આદર્શ હતો. વૈયક્તિક સુખ અને સ્વતંત્રતા સામે આ આદર્શને અગ્રતા આપવામાં આવતી.એ વખતના સામાજિક સંદર્ભમાં આ વાત વિચારીએ તો એ મર્યાદા સાથે ભગવાન રામના વર્તનને આપણે ન્યાય આપી શકીએ. આજે સમગ્ર માનવસમાજે વૈચારિક વિકાસ સાધ્યો છે. ત્યારે આજના સંદર્ભમાં એ વાત ન્યાયી અને વાજબી ન લાગે એ સ્વાભાવિક છે. હું એમાં સહમત પણ છું. આજની યુવાન પેઢી ન્યાયની દૃષ્ટિએ વિચારે છે અને એ જમાનાથી આપણે એટલો વિકાસ સાધ્યો છે એનો આનંદ વ્યક્ત કરી એમણે ઉમેર્યું: 'જૈન ધર્મની અનેકાંતવાદની વિચારસરણી મને આવી બાબતમાં બહુ ઉપયોગી નીવડી છે.' એમની આ વાત મને સ્પર્શી ગઈ: બે પેઢી વચ્ચેના અંતરને ઓગાળી નાખે એવું એમનું ઔદાર્ય, ન્યાયપૂર્ણ, યોગ્ય અને સાચા વાતને પ્રોત્સાહન આપવાની એમની તત્પરતા અને એમનો કદરદાની સ્વભાવ એ એમના વ્યક્તિત્વનું વિલક્ષણ પાસું હતું. યુવાન પેઢી અને કિશોરો એમને ચાહતા એનું રહસ્ય અહીં જોવા મળે છે.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક: શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ: ૬૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન: ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, મિરજામ, મુંબઈ – ૪૦૦૦૦૪.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૫

મુંબઇ તા. ૧-૧૨-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/-

મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક :
પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

પ્રેરણા સ્રોત

❖ રમણલાલ ચી. શાહ

અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ અને 'પ્રબુદ્ધ જીવન'ના ભૂતપૂર્વ તંત્રી સ્વ. પૂ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના અવસાનને આ વીસમી નવેમ્બરે બે વર્ષ પૂરાં થયાં. એ દિવસે એમના પુણ્યસ્મરણ નિમિત્તે જૈન યુવક સંઘ તરફથી આધ્યાત્મિક ભજનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રી મનમોહન સાયગલે પોતાના મધુર કંઠે વાતાવરણને ભાવાર્દ્ર બનાવી દીધું હતું.

સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની ખોટ જૈન યુવક સંઘ માટે તેમ જ 'પ્રબુદ્ધ જીવન' માટે ન પુરાય તેવી રહી છે. શ્રી ચીમનભાઇ એક મેધાવી, તેજસ્વી, પુણ્યશાળી, પ્રભાવક પુરુષ હતા. એમના સમગ્ર જીવનનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે લોકકલ્યાણની ભાવના એમના હૈયામાં કેટલી ઊંડી વસેલી હતી તેની ઝાંખી થાય છે.

સ્વ. ચીમનભાઇનું જીવન મારા જેવા અનેકને માટે પ્રેરણાસ્રોત સમાન રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એમના અત્યંત નિકટના સંપર્કમાં આવવાનું બન્યું. એમના નિર્મળ, વાત્સલ્યપૂર્ણ અંતરંગ જીવનનો પરિચય થયો. તેઓ હંમેશાં કાર્યરત, સ્વસ્થ અને પ્રસન્ન રહેતા. અનાસક્ત ભાવે તેઓ ઘણી સંસ્થાઓ દ્વારા ઘણી પ્રવૃત્તિઓ કરતા. એમનો પ્રભાવ એવો મોટો હતો કે એમના કહેવામાત્રથી કેટલાય લોકો વિવિધ પ્રવૃત્તિઓ માટે પુષ્કળ દાન આપતા. લોકોનો એમના ઉપર અપાર વિશ્વાસ અને પ્રેમ હતો.

સ્વ. ચીમનભાઇ દૃષ્ટિસંપન્ન મહાપુરુષ હતા. એમની વિચારણા હંમેશાં વિશદ અને તર્કપૂત રહેતી. તેઓ સંયમી અને મિતભાષી હતા. વિવિધ પ્રવૃત્તિઓ અંગે ઘણી વ્યક્તિઓને ઘણી બાબતોમાં સૂચના કે માર્ગદર્શન તેઓ આપતા. તેઓ ત્વરિત નિર્ણય લેતા, અને વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિને એટલી ઝડપથી સમજી લેતા કે સામાન્ય રીતે એમનો નિર્ણય ક્યારેય ખોટો ઠરતો નહિ.

સ્વ. ચીમનભાઇ જેમ ઉત્તમ વક્તા હતા તેમ ઉત્તમ લેખક પણ હતા. ઉંમર થતાં, સ્મરણશક્તિ શિથિલ થતાં કે અન્ય પ્રકૃતિગત ક્ષતિઓ ઉદ્ભવતાં કેટલાય સારા વક્તાઓ મોટી ઉંમરે લાંબું અને અપ્રસ્તુત બોલતા થઇ જાય છે. સ્વ. ચીમનભાઇ ૮૧ વર્ષની ઉંમરે પણ સમયાનુસાર પોતાના વિચારો ક્રમબદ્ધ, તર્કસંગત, અભિનવ મૌલિક દૃષ્ટિથી સચોટ રીતે અસ્ખલિત વાણીમાં વ્યક્ત કરતા. એમનાં લખાણોની શૈલી પણ સરળ, નિરાડંબર, પારદર્શક હતી. કેટલીક વાર ગાંધીજીની શૈલીની યાદ અપાવે એવી તે રહેતી. શિક્ષણ હોય કે રાજકારણ, ધર્મ હોય કે સામાજિક બાબત–એ દરેક વિશે એમનું મૌલિક ચિંતન પ્રેરક અને માર્ગદર્શક બની રહેતું.

સ્વ. ચીમનભાઇના અંતિમ દિવસો પણ અનેકને માટે પ્રેરણારૂપ બની રહે એવા હતા. પેટના કેન્સરને લીધે પોતાનું મૃત્યુ નજીક આવી રહ્યું છે એ જાણ્યા છતાં તેઓ અંતિમ સમય સુધી એટલા જ સ્વસ્થ અને પ્રસન્ન રહ્યા હતા અને સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. મૃત્યુશૈયા ઉપરથી એમણે 'પ્રબુદ્ધ જીવન' માટે લખેલા છેલ્લા ત્રણ લેખો એમની સ્વસ્થ સ્વાનુભૂતિના દ્યોતક છે.

ગાંધીજીએ કહ્યું હતું કે 'મારું જીવન એ મારો સંદેશો છે.' મહાપુરુષોનાં જીવન વર્ષો સુધી અનેકને માટે પ્રેરણારૂપ બની રહે છે. સ્વ. ચીમનભાઇના જીવનકાર્ય અને સદ્‌ગુણોનો જ્યારે વિચાર કરીએ ત્યારે આપણને તેમાંથી કંઇ નવી જ પ્રેરણા સાંપડી રહે છે. એમનું સમગ્ર જીવન પ્રેરણાસ્રોત સમું હતું. પુણ્યાત્માઓનાં ઊંડાણ આભ જેવાં અગાધ હોય છે. સ્વ. ચીમનભાઇના અગાધ જીવનમાંથી આપણને સતત પ્રેરણા મળતી રહે એવી શુભ કામના સાથે એમની દ્વિતીય પુણ્યતિથિ પ્રસંગે આપણે એમના પુણ્યાત્માને ભાવપૂર્વક વંદના કરીએ.

સામાજિક સંસ્થાઓને અનુદાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ 'પ્રેમળ જ્યોતિ' દ્વારા ઘણી બધી વ્યક્તિઓને તેમ જ સંસ્થાઓને નાની મોટી રકમોની મદદ કરવામાં આવે છે એ તો સૌની જાણકારીની વાત છે. હમણાં, સંઘની કાર્યવાહક સમિતિની ભલામણથી સામાજિક કામ કરતી નીચેની સંસ્થાઓને નીચેની વિગતે દાન કરવામાં આવ્યું છે:

રૂા. ૧૫૦૦૦-૦૦ ફ્રેક્ચોશીપ ઓફ ધ ફિઝીકલી હેન્ડીકેપ.
રૂા. ૧૧૦૦૦-૦૦ યુસુફ મહેરઅલી સેન્ટર
રૂા. ૫૦૦૦-૦૦ કિંગ જ્યોર્જ ફિફ્થ ઇન્ફરમરી મેમોરિયલ.
રૂા. ૫૦૦૦-૦૦ એસ. પી. જે. સાધના સ્કૂલ.

નિરુબેન શાહ — ચીમનલાલ જે. શાહ
કમલબેન પીસપાટી — કે. પી. શાહ
સંયોજકો, પ્રેમળ જ્યોતિ — મંત્રીઓ

આ રીતે કુલ રૂ. ૩૧,૦૦૦/- નવેમ્બર માસમાં આપવામાં આવ્યા છે.

કચ્છના સુશ્રાવક સ્વ. શ્રી લખમશી ઘેલાભાઇ

ગુલાબચંદ કરમચંદ શાહ

સંસ્કૃતમાં કચ્છ નો અર્થ કાચબો થાય છે. કચ્છ પ્રદેશનો ભૌગોલિક આકાર કાચબા જેવો છે, જે ચોમાસામાં રણમાં ભરાયેલા પાણીને લીધે ભારતની મુખ્ય ભૂમિથી છૂટો પડી જાય છે. કદાચ આને કારણે કચ્છની સમૃદ્ધ સંસ્કૃતિ પ્રાચીન કાળથી વિશિષ્ટ અને આગવી રહી છે. અરબી સમુદ્રમાં કર્કવૃત્ત ઉપર આવેલા કચ્છને ઘણો જ લાંબો દરિયાકાંઠો કુદરતે બક્ષેલો છે, જેને કારણે કચ્છની પ્રજા વિદેશી વ્યાપાર માટે મશહૂર છે. બેતાલીસ હજાર કિલોમીટરમાંથી ત્રેવીસ હજાર કિલોમીટર જેટલો ભાગ રણપ્રદેશ હોવાથી કચ્છની પ્રજાએ કચ્છની બહાર દેશપરદેશમાં વસવાટ કર્યો છે, તેમ જ ખડતલપણું કચ્છીઓ માટે સ્વાભાવિક બન્યું છે.

આવી પ્રાચીન અને બહારનાં પ્રદૂષણોથી બચેલી કચ્છની ભૂમિમાં દુર્ગાપુર નામનું એક ઘણું જ નાનું ગામ છે. ૭૮ વર્ષ પહેલાં આ ગામના એક ગર્ભશ્રીમંત જૈન કુટુંબમાં શ્રી લખમશી ઘેલાભાઇનો જન્મ થયો. એમનાં માતા મેઘબાઇ ઊંચાં, દેખાવડાં, પ્રતિભાશાળી અને મહાન તપસ્વી શ્રાવિકા હતાં. એમના પિતા ઘેલાભાઇ મુંબઇમાં એકસો વર્ષ જૂની 'લાલજી પુનશી' ની પેઢી તેમના ભાઇ પોપટભાઇ સાથે ચલાવતા અને અનાજ, તેલ, તેલીબિયાં વગેરેના ધંધાને તેમણે સમગ્ર ભારત તેમ જ રંગૂન–બર્મા સુધી વિકસાવેલો.

લગભગ સાઠ વર્ષ પહેલાં શ્રી લખમશીભાઇએ મુંબઇમાં સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલમાં મેટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યો. ત્યાર બાદ સૌ. રતનબેન સાથે તેઓ લગ્નગ્રંથીથી જોડાયા અને તરત બાપદાદાની પેઢીમાં ધંધે લાગી ગયા. વ્યાપારી ક્ષેત્રે ઘણી સફળતા મેળવી અને તેમના ધંધાને લગતાં બધાં એસોસી-એશનોમાં અગ્રણીપદે સેવા આપી. તેઓ ગર્ભશ્રીમંત હોવા છતાં તેમના માતાજી મેઘબાઇની સાદાઇ, સરળતા અને સંતોષ તેમને બાળપણમાં જ મળેલા. યુવાન વયથી તેમણે ખાદી અપનાવી અને આઝાદીની લડતમાં ભાગ લીધો. સ્વ. પરમાનંદ કાપ-ડિયાની પ્રેરણાથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘમાં તેઓ જોડાયા, કાર્યવાહક સમિતિના સભ્ય બન્યા અને સંઘની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો. આદિવાસીઓ અને હરિજનોના ઉત્કર્ષ માટે તેમણે ઘણું સંગીન કામ કર્યું. યુવાન વયમાં જ તેમણે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. છેલ્લાં પંદર વર્ષથી તેઓ નિવૃત્ત અને નિખાલસ જીવન ગાળતા. ચાર જોડી કપડાં સિવાય તેઓએ કોઇ પણ પરિગ્રહ રાખ્યો નહોતો. છેલ્લું ચાતુર્માસ તેમણે આચાર્યશ્રી ગુણસાગરજીની નિશ્રામાં ગાળ્યું અને નવ લાખ નવકાર મંત્રનો જાપ પૂરો કર્યો. પાલિતાણા તેમ જ સમેતશિખરનાં ઐતિહાસિક ગણાય એવા છ'રી' પાળતાં સંઘોના સંઘપતિ બન્યા અને 'સંઘરત્ન'નું બિરુદ મેળવ્યું. ઘાટકોપર જ્યારે બૃહદ્ મુંબઇમાં નહોતું, ત્યારે એમણે ઘાટકોપરના મેયર તરીકે સેવા આપી હતી, તેમ જ ૨૫ વર્ષ સુધી જે. પી. તરીકે સેવા આપી હતી.

આ બાજુ એમના પુત્રોએ 'લખમશી ઘેલાભાઇની કંપની'નો ધંધો અનેકગણો વિકસાવ્યો અને વીજળીવેગે તેમનાં ક્ષેત્રમાં પ્રથમ કક્ષાનું સ્થાન અને માન મેળવ્યું. જેમ જેમ ધંધાના નવા નવા વિકલ્પો કંપની વટાવતી ગઇ, તેમ તેમ લખમશીભાઇએ દાનની નદીનો પ્રવાહ વધારે ને વધારે વેગવંતો બનાવ્યો. વેપારની પ્રગતિ જ્યારે ટોચ શિખરે પહોંચેલી અને ધીકતા ધંધાનો બોજ ઉઠાવવા કુટુંબના વધારે સભ્યોની તાતી જરૂરત હતી, ત્યારે સંતોષી સુશ્રાવક શ્રી લખમશીભાઇ ધંધામાંથી પૂર્ણપણે નિવૃત્ત થયા અને માતુશ્રી મેઘબાઇ તરફથી વારસામાં મળેલ પરિગ્રહપરિમાણના ગુણને વિકસાવી ધાર્મિક પ્રવૃત્તિમાં ગૂંથાઇ ગયા. તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી રામભાઇએ નાના ભાઇઓના સહકારથી પેઢીનું સુકાન સંભાળ્યું અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક્સપોર્ટ–ઇમ્પોર્ટના વેપારમાં નવા વિક્રમો નોંધાવ્યા. શ્રી રામભાઇને પણ તેમનાં દાદીમાં મેઘબાઇનાં સંતોષની ભાવનાના સંસ્કાર નાનપણથી મળેલા. તેને અનુસરીને તેમણે નાના ભાઇ વસનજીભાઇને સમાજકલ્યાણ અને ધર્મના ક્ષેત્રમાં ઝંપલાવવાની પ્રેરણા આપી અને આમ લખમશીભાઇ તેમ જ વસનજીભાઇનો ધંધાકીય બોજો બધા ભાઇઓએ ભેગા મળીને પ્રેમથી ઉપાડી લીધો. જાહેર ક્ષેત્રને વસનજીભાઇ જેવા સાદા, સરળ, સેવાભાવી મૃદુભાષી. અને નમ્ર વ્યક્તિની ભેટ મળી. તેમાં મહદ અંશે યશ શ્રી લખમશીભાઇને, રામભાઇને અને વસનજીભાઇનાં ધર્મ–પત્ની સૌ. કાન્તાબેનને ફાળે જાય છે.

સુશ્રાવકના આવા સુખી અને સંતોષી હર્યાભર્યા કુટુંબમાં પુણ્યશાળી માતુશ્રી મેઘબાઇએ ૧૦૨ વર્ષનું આરોગ્યવાન અને પવિત્ર આયુષ્ય ભોગવ્યું અને એક સાધ્વીને માન મળે તેટલું માન જૈનસમાજ તરફથી મેઘબાઇની પાલખીની અંતિમયાત્રાને મળ્યું.

શ્રી રામભાઇનું ૫૮ વર્ષની ઉંમરે ટૂંક સમય પહેલાં અવસાન થયું. ત્યાર બાદ ફક્ત ત્રણ જ અઠવાડિયાં પછી તેમના પિતાશ્રી લખમશીભાઇનું અવસાન થયું.

મારો આ કુટુંબ સાથે ત્રણ પેઢીથી અંગત સંબંધ રહ્યો છે. દાદીમા મેઘબાઇ, તેમના પુત્ર શ્રી લખમશીભાઇ અને પૌત્ર શ્રી રામભાઇની જીવન–ઝરમરમાંથી આજની યુવાન પેઢીને ઘણું નક્કર શીખવાનું મળે એમ છે. આજના ભ્રષ્ટા-ચારના આર્થિક વાતાવરણમાં રહીને પણ વેપાર પ્રામાણિકતાથી અને સફળતાથી ચલાવી શકાય છે. ઉપાર્જન કરેલું ધન કશા પણ દંભ અને માનની આશા રાખ્યા વગર સુપાત્ર ક્ષેત્રે વાપરી શકાય છે. કુટુંબની યુવાન પેઢીને વ્યર્થ પરિગ્રહની લાલસા-માંથી બચાવી શકાય છે અને કુટુંબના સભ્યોમાં હરીફાઇની લાગણીની જગ્યાએ સંપ અને સહકારની ભાવના જાગૃત રાખી શકાય છે. આ રીતે આજના જમાનામાં પણ, ૨૫૦૦ વર્ષ પહેલાં પ્રરૂપેલા ભગવાન શ્રી મહાવીરના સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને દૈનિક જીવનમાં જીવી શકાય છે, તે સ્વ. લખમશીભાઇએ ચરિતાર્થ કરી બતાવ્યું.

શ્રી લખમશીભાઇને શ્રદ્ધાંજલિ આપતાં નીચેની કચ્છની પંક્તિઓ યાદ આવે છે :

'નામ રહંતાં ઠકરાં, નાણાં નવ રહંત,
કીર્તિ તણાં જે કોટડાં, તે પાડ્યા નવ પડંત.

જોઈએ તીખાં અતિ વજ્ર સરીખાં

પ્રભુદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ)

મને આપેલું સ્થાન ગમ્યું નહોતું. મને મળેલો એ રીતસરનો પાઠ હતો. એ બુદ્ધ ભગતકાકાએ મારા મનમાં જગાડી અને ઘરમાં મેં વધારે ને વધારે જોયું કે માતાપિતા અને કાકા-કાકી ચારેયનાં મન રાત - દહાડો બાપુજીના વિચારમાં જ વળગેલાં છે. એટલે બાપુજી ઉપવાસ કરતા હતા ત્યાં ફરી ફરી મારું જવાનું વધી ગયું. બપોરને વખતે બાપુજી આગળ ચાલી રહેલું વાચન સાંભળવામાં મારું ધ્યાન ગયું. કસ્તુરબા પણ ત્યાં હોય એટલે એમને ગમે તે સમજાય એવું વાંચવાનું સૂચન બાપુજી કરતાં.

નરસિંહ મહેતા, પ્રેમાનંદ ભટ્ટ, શામળ ભટ્ટ, વગેરેની રચનાઓનો સંગ્રહ 'કાવ્ય-દોહન'માં થયેલો. તેમાંથી ધ્રુવ, પ્રહલાદ, સુદામા, સુધન્વા જેવાઓનાં તપ અને કસોટીના પ્રસંગો વાંચવામાં આવતા. તમ જ દયારામ, દલપતરામ, નમ'દાશંકર, વગેરેનાં કાવ્યોમાંથી પણ કેટલુંક વંચાતું. આ બધા વાતના ઊંડા રહસ્યનું મનનચિંતન બાપુજી અને બા કરતાં હોય એટલાં એકાગ્ર બની તેઓ સાંભળતાં. રાવજીભાઈ ધીરગંભીર ગતિથી પોતાના રણકાભર્યા કંઠે જુદા જુદા ઢાળ પ્રમાણે, એ બધું રીતસર ગાઈ સંભળાવતા એટલે મને ય સાંભળાવની મજા પડતી.

'કાવ્ય - દોહન'માંથી વાચન કરાવ્યા પછી બાપુજી ગીતાજીમાંથી છૂટક છૂટક પાંચ - સાત સંસ્કૃત શ્લોકો પણ રાવજીભાઈ પાસે વંચાવતા. રાત પડયે ફિનીક્સમાંના ઘણાં ખરા ભાઈ-બહેનો અને બાળકો બાપુજીને ઘરે એકઠાં થઈ સમૂહમાં ભજન, રામાયણપાઠ વગેરે કાર્યક્રમ નિયમિત કરતા, પછી કસ્તુરબા કહે તે એક પછી એક ગીતા મારી બા અને બીજી બહેનો વારાફરતી સંભળાવતાં. આમ બપોરથી રાત લગી બાપુજીને ત્યાં કથા-કીર્તન સાંભળવા મળતાં.

મને એવું યાદ છે કે અગિયારમા ઉપવાસને દહાડે બાપુજીને ઘણી વધારે નબળાઈ જણાવા લાગી. બોલવાનું એમણે ખૂબ જ ઓછું કરી નાખ્યું. એ બપોરના વાચનક્રમ પૂરો થયા પછી તેઓ પુષ્કળ ઊંડા વિચારમાં ઊતરી ગયા. થોડીવાર પછી એમણે ધીમે સાદે રાવજીભાઈને ગીતામાંથી બીજા અધ્યાયના શ્લોકો વાંચી સંભળાવવાનું સૂચન કર્યું. ત્યારે સંસ્કૃતનો કક્કોયે મને નહોતો આવડતો, પણ મારી બાએ ઘરમાં મને શરૂથી ગીતાના ત્રણ અધ્યાયના સંસ્કૃત શ્લોકો ગોખાવેલા એટલે મને ખબર પડી કે બાપુજીએ વંચાવેલા શ્લોકો બીજા અધ્યાયના છેવટના શ્લોકો છે.

અગિયારમા ઉપવાસથી બાપુજીને નબળાઈ વધી જવાથી એ રાત્રે અમારા ભજન - રામાયણનો કાર્યક્રમ બાપુજીની પથારીની વધારે પાસે જ થયો. ગીતાના જે શ્લોકો એ દિવસે સાંજ પહેલાં બાપુજીએ રાવજીભાઈ પાસે વંચાવેલા એ જ શ્લોકોનો સમૂહપાઠ એ રાત્રે ભજનો પછી કરાવ્યો. બારમા ઉપવાસની રાત્રે તેમ જ તેરમા ઉપવાસની રાત્રે એના એ શ્લોકોનો પાઠ બાપુજીએ બધા પાસે કરાવ્યો ત્યારે મને નવાઈ લાગી કે એકનો એક પાઠ શા સારુ કરાવતા હશે? પણ એ વિષે હું કોઈને કંઈ પૂછી ન શકયો. જ્યારે ઉપવાસને છેલ્લે દિવસે, પારણું કર્યું તે દહાડે પણ બીજા અધ્યાયનો છેવટનો ભાગ સમૂહપાઠ રૂપે કરવામાં આવ્યો ત્યારે હું એટલું સમજયો કે બાપુજી આ શ્લોકોને ખૂબ જ મહત્ત્વના ગણે છે. એટલે જ એ શ્લોકોનો રોજ પાઠ કરાવે છે.

આ રીતે ગીતાના બીજા અધ્યાયના છેલ્લા ઓગણીસ શ્લોકો સદાને સારુ બાપુજીના આશ્રમની સંધ્યા-પ્રાર્થના માટે નિત્યપાઠ બની રહ્યા. એમાંના પહેલા શ્લોકમાં અર્જુનનો પ્રશ્ન છે કે સ્થિર બુદ્ધિવાળો કોને કહેવાય? એ કેવો હોય? આ પ્રશ્નની સમજણ ભગવાને અઢાર શ્લોકોમાં આપી. તેમાં એમણે જણાવ્યું કે :-

'જ્યારે મનુષ્ય મનમાં ઊઠતી બધી કામનાઓને છોડી દઈ, અંતર્મુખ થઈ, હૃદયમાં રહેલા અંતર્યામીને ઓળખી પોતાની ઇન્દ્રિયોને વશમાં રાખે છે અને રાગદ્વેષરહિત બની ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓ કરતો હોય છે ત્યારે તે ચિત્તની પ્રસન્નતા મેળવે છે. ચિત્તપ્રસન્ન રહેવાથી એનાં બધાં દુઃખો ટળે છે. અને પ્રસન્નતા મેળવનારની બુદ્ધિ તરત જ સ્થિર થાય છે. એવો સ્થિરબુદ્ધિવાળો મનુષ્ય માથે દુઃખ આવ્યે દુઃખી દુઃખી નથી થઈ જતો અને સુખ આવ્યે ફૂલાઈ નથી જતો. એમ જેના રાગદ્વેષ જડમૂળથી નીકળી ગયા છે અને જે ઇચ્છા-મમતાને ખંખેરી નાખી અહંકાર વિના ફરેફરે છે તે જ શાંતિ પામે છે. આવી સ્થિતિ પામ્યા પછી એ મોહને વશ થતો નથી. અને છેલ્લી ઘડી લગી એવી સ્થિતિ નભાવી રાખનારને પૂરેપૂરી બ્રહ્મનિર્વાણવાળી શાંતિ મળી જાય છે.'

પુરાણોની કથા છે કે જ્યારે આખો સમુદ્ર વલોવી નાખવામાં આવ્યો ત્યારે અમૃત હાથ આવ્યું. બાપુજીએ બોંતેર દહાડા લગી રાતદિવસ પોતાના જીવતને વલોવી-વલોવીને ગીતાજીમાં સમજાવેલી, બુદ્ધિની સ્થિરતાવાળું ઝળહળતું પુરુષરત્ન પોતાના વ્યક્તિત્વમાં મૂર્તિમંત બનાવ્યું.

સંસારી ખટરાગમાં આઠેય પહોર ગળાડૂબ રહેવામાં જ જીવ્યું સફળ થતું હોવાની જેમણે પોતાના મનમા ગાંઠ વાળી રાખી હોય એવા લોકોવાળા મુલકમાં બાપુજીએ ચાંદ ઉપવાસ કરવાની પોતાની પ્રતિજ્ઞા અણીશુદ્ધ પાર ઉતારી એ સહેજે માન્યામાં ન આવે એવું અભૂતપૂર્વ આશ્ચર્ય હતું. ઉપવાસ શરૂ કર્યા પહેલાં બાપુજી ચોવીસ કલાકમાં એક જ વાર ફળ લેતા. તેમાંયે દૂધ-ઘી નહીં! પેલાં બહેને વચનભંગ કરી અપરાધ કર્યા છતાં સ્વીકાર્યો નહીં તે બનાવ દિનાંક ૧ મે ૧૯૧૪ની મધ્યાહ્નનો હતો. એ જ ઘડીયા શરૂ થયેલ ૧૪ ઉપવાસ ૧૫મી મેના બપોરે પૂરા થયા. કંઈ પણ સમારંભ વિના કેવળ ખાટા કાગદી લીંબુનો રસ લઈને બાપુજીએ ઉપવાસનું પારણું કર્યું. ફિનીક્સમાં પાછી પ્રસન્નતા રેલાઈ.

પણ એકલું લીંબુ લીધા પછી બીજીવાર તે દિવસે કંઈ જ ન લીધું. એ જ દિવસથી એમણે અનિશ્ચિત સમય સુધીનું એકટાણું શરૂ કરી દીધું. બાપુજીની પોતાના ઉપર આટલી બધી કડકાઈ જોઈને મને બહુ લાગી આવ્યું. પણ એમને કહે કોણ? એમના તેજ આગળ સૌને મૂંગા રહેવું જ પડે.

(૧) મણિલાલ ગાંધીને પત્રમાં ૧૭-૪-૧૯૧૪માં બાપુજીએ લખેલું: 'મારો ખોરાક ખજુર ૧૮ પેશી, કેળાં ૯, કાચી મગફળીના દાણાં ત્રણ મુઠ્ઠી, ૪ કરમદાં, બે લીંબુ, બે ચમચા તેલ અને થોડું કોપરું છે-(જુઓ અક્ષરદેહ ગ્રંથ ૧૨ પૃ. ૩૫૩)

(૨) શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલ દ્વારા સંગ્રહિત ગાંધીજીની દિનવારી પાનું ૨૩૭માં નોંધ છે કે આજે તા. ૧૧ નવેમ્બર ૧૯૧૩ના રોજ, તા. ૧૨-૭-૧૩ના રોજ લીધેલું ચાર માસનાં એકટાણાનું વ્રત પુરું થતું હતું, પણ પૌંડ ત્રણનો કર નીકળી ન જાય ત્યાં સુધી આ વ્રત ચાલુ રાખવાનું નક્કી કર્યું.

(ક્રમશ :)

અનુભવ માટે ખુલ્લું મન અને ફેરફારો માટે આવકાર

સૂર્યકાન્ત પરીખ

આપણી સદીઓ જૂની પરંપરાઓ, જીવન જીવવાની શૈલી અને માન્યતાઓ પર આધુનિક ટેકનોલોજીનો એટલો મોટો પ્રહાર આવી રહ્યો છે કે તે નષ્ટ થવાની શરૂઆત થઈ ગઈ છે, એવો અનુભવ કેટલાક વર્ષોથી આપણને થઈ રહ્યો છે. તાજેતરમાં સમગ્ર ભારતમાં મોટા પ્રમાણમાં ટેલિવિઝનના વિસ્તૃતીકરણને કારણે કેટલાંય ઘરોમાં હવે એ અનુભવ રોજેરોજ થઈ રહ્યો છે. આપણા દરેક પર, આપણી ઇચ્છા કે અનિચ્છાથી સતત વિકસતા જતા સંદેશ – વ્યવહાર અને સંપર્કોના જગતમાં અહાગની હવાનો ચેપ ઓછી ઝડપથી લાગી રહ્યો છે, અને તેમાં કોમ્પ્યુટર ટેકનોલોજી અને મોબાઇલાઝેશનના ઉપયોગથી ધરખમ અસરો ઊભી થઈ રહી છે. અને ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિનાં મૂળિયાં જાણે કે ઉખડી રહ્યાં હોય એવું લાગ્યા કરે છે. આ પરિસ્થિતિમાં આવનારા ફેરફારોને સ્વીકારવા માટે કેટલી હદ સુધી ખુલ્લું મન રાખવું અને આવનારી પરિસ્થિતિમાં જે કસોટી આવવાની છે તેને કેવી રીતે અમલમાં મૂકવી, તે અંગે કેવી પૂર્વતૈયારીઓ આપણે કરવાની રહેશે તે પ્રશ્નોનો ઉકેલ શોધવાનો છે.

આ સંદર્ભમાં અમેરિકાના એક પ્રખર માનસ શાસ્ત્રી શ્રી એચ. જી. બ્લોકમેન એમ કહે છે કે જેનામાં જિજ્ઞાસાવૃત્તિ સતેજ છે, અને જેઓ વૈજ્ઞાનિક વૃત્તિથી અને તટસ્થવૃત્તિથી પરિસ્થિતિને અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે, તેઓ આવનારા મોટા પરિવર્તનને બુદ્ધિથી અમલમાં મૂકી શકશે અને તેઓમાં રહેલી ક્રિયાશીલતા, સર્જનશક્તિ અને આગવી સૂઝનો તેઓ સારો ઉપયોગ કરીને પોતાનું અને સમાજનું સુખ વધારવામાં જરૂર મદદરૂપ થશે પરંતુ આવનારા મોટા ફેરફારોને જેઓ આપત્તિરૂપ ગણે છે, તેઓ તેમની તમામ તાકાતથી પોતાની જૂની આદતોને વળગી રહેવાનો પ્રયત્ન કરશે. અને ભયથી કશા ફેરફારને આવકાર્યા વગર પોતાના રક્ષણાર્થે તેમની વ્યવસ્થાશક્તિનો ઉપયોગ કરશે, તો પરિણામે તેમની બુદ્ધિશક્તિ અને તટસ્થવૃત્તિનો વિકાસ રૂંધાશે. જેઓ નિત્ય નવીન પરિસ્થિતિ તરફ દૃષ્ટિક્ષ દાખવીને ક્રમ કર્યા કરશે, તેઓ તેમના વ્યવસાય જ્ઞાનમાં પણ ધીમે ધીમે જડ થઈ જશે.

એક નાનકડા ઉદાહરણરૂપે જોઇએ તો ભારતીય કાપડની મિલોના સંચાલકોને હવે એ અનુભવ થાય છે કે, વાપરનારાઓની નિત્ય નવી બનતી ડેવોને કારણે તથા ઉત્પાદનનાં અન્ય ક્ષેત્રોમાં પણ નવી ટેકનોલોજીના આક્રમણને કારણે તેઓની ઔદ્યોગિક શક્તિ માંદી થઈ છે, અને એ બધાંની સાથે સામાજિક પરિમાણ–માપદંડ પણ ખૂબ બદલાઈ રહ્યાં છે. આવતી કાલની ભારતીય સ્ત્રી અને ૫૦ વર્ષ પહેલાંની ભારતીય સ્ત્રી અંગેની માન્યતાઓ પણ મૂળભૂત રીતે બદલાઈ રહી છે.

નાનામોટાં શહેરોમાં યુવાન સ્ત્રીઓનો પોષાક છેલ્લા ૨૦ વર્ષમાં લગભગ બદલાઈ ગયો છે. પુરુષોના પોષાકોમાં પણ ઘણા મોટા ફેરફારો થયા છે. ખાવા–પીવાની રીત–રસોમાં પણ; બજારુ ખાવાનું, તૈયાર ખાવાનું, વગેરેની આદતો છેલ્લા ૧૫-૨૦ વર્ષમાં ઘણી વ્યાપક થઈ છે, અને વધુ વિસ્તરતી જાય છે.

જીવનનાં આ રીતનાં લગભગ બધાં જ ક્ષેત્રોમાં જે વળાંકો આવી રહ્યા છે, તે માટે ખુલ્લું મન રાખવું જરૂરી છે, અને જેઓ એ જાતનું ખુલ્લું મન રાખશે તેઓ જીવનના નવા પ્રવાહોને પચાવીને આગળ વધી શકશે. જેઓ પોતાના વિચારો અને દૃષ્ટિકોણથી લોકોની કે (પરિસ્થિતિની) પરખ કરવાને બદલે, તે જે સ્વરૂપમાં હોય છે, તે રીતે તેને સમજવાનો પ્રયત્ન ખુલ્લા મનથી કરે છે, તેઓ જ આવી રહેલા ટેકનોલોજીના મહાન આક્રમણને ઝીલીને સુખી થઈ શકશે.

દરેક દરેક પુખ્ત વયની વ્યકિત સામેનો યક્ષ પ્રશ્ન એ છે કે આવી રહેલી ટેકનોલોજીને કારણે થનાર નવા અનુભવો માટે આવનારા ફેરફારોને યોગ્ય વળાંક આપવા કેટલી હદે તેઓ તૈયાર થશે?

અમેરિકામાં હમણાં એક અંદોલન જોર પકડી રહ્યું છે. કે, ભારતીય સંસ્કારોને ઉત્તેજન મળવું જોઇએ, તેથી અમેરિકામાં વિશ્વ હિંદુ પરિષદ જેવી સંસ્થાઓ તે દિશામાં સક્રિય પણ થઈ રહી છે, અને ઊગતી પેઢીના યુવાન-યુવતીઓના કેમ્પ યોજે છે. છતાં કસોટી એ ટંકાણે આવવાની છે કે ભારતીય સંસ્કારોનો અર્થ કોણ શું કરે છે તેના પર ઘણો આધાર છે. આપણી લગ્નપ્રથા, સ્ત્રી-પુરુષોની ફરજો અંગેની ભારતીય પરંપરાના ખ્યાલો, સંયુકત કુટુંબની વ્યાખ્યાના ખ્યાલો, વડીલશાહીની માન–મર્યાદાના ખ્યાલો, વારસાગત મિલ્કતોના ખ્યાલો, મંદિરોમાં પૂજા કરવાની વિધિઓ અંગેના ખ્યાલો, સાધુ-સંતોનાં વચનોમાં વિશ્વાસ મૂકીને તેઓને કોઇ પ્રશ્ન ન પુછાય એવા ખ્યાલો, વગેરે અનેક રોજિંદા જીવનના આપણા વ્યવહારની કસોટી આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીને કારણે વળાંક લેતી આપણી આધુનિક જીવનપદ્ધતિની કસોટી પર ચઢી રહી છે.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

'સંઘ'ના ઉપક્રમે શુક્રવાર, તા. ૪–૧–૧૯૮૫ થી વકતૃત્વ શકિતની ખીલવણી કરવા બહેનો માટે તાલીમ વર્ગ શરૂ કરવામાં આવશે. જેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) સમય : દર શુક્રવારે બપોરના ૩–૦૦ થી ૪–૩૦
(૨) આઠ સપ્તાહનું એક સત્ર રહેશે.
(૩) સત્ર ફી રૂ. ૫૦/– રાખવામાં આવી છે.
(૪) આ વર્ગનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે.
(૫) 'સંઘ'ના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.
(૬) વર્ગ માટે વહેલો તે પહેલોના ધોરણે વધુમાં વધુ ૨૦ બહેનોને લેવામાં આવશે.

સ્થળ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ મુંબઈ-૪૦૦ ૦૦૪.

આ રીતે તાલીમ લેવા ઇચ્છનારે 'સંઘ'ના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

લિ. ભવદીય

મીરાંબેન મહેતા	ચીમનલાલ જે. શાહ
તારાબેન ર. શાહ	કે. પી. શાહ
સંયોજકો	મંત્રીઓ

માનવીય સંબંધો

ડૉ. વસાવડા

મહુવાના એક યુવાન ડૉ. વસંત દોશી અમેરિકામાં સ્થાયી થયા છે. એકવાર તેમની સાથે મારી મુલાકાત થઇ. મેં તેમને પૂછ્યું: 'અમેરિકામાં આટલી સમૃદ્ધિ હોવા છતાં ત્યાં ખૂનામરકી જેવા ગંભીર ગુનાઓ વધુ પ્રમાણમાં કેમ બને છે?' એમણે પ્રત્યુત્તરમાં કહ્યું: 'અમેરિકામાં સામાજિક અને આર્થિક વ્યવહારો જે રીતે ગોઠવાય છે તેથી એક માણસ બીજા માણસને માત્ર માનવી તરીકે મળે તેવું બહુ જ ઓછું બને છે ટિકિટ લેવી, વર્તમાનપત્ર ખરીદવું, બૂટ-પોલિશ કરાવવા વગેરે દૈનિક જીવનના નાનાં-મોટાં કામો માટે સ્વયંસંચાલિત યંત્રવ્યવસ્થા હોય છે. તેથી માત્ર કામ પ્રસંગે જ માણસ બીજા અજાણ્યા માણસને મળે છે. પરિણામે પ્રત્યેક માણસ બીજા માણસને વસ્તુ તરીકે જ જુએ છે. એટલે માનવીય સંવેદનો અને અન્ય પ્રત્યેની સહજ અનુકંપા ઘસાતી જાય છે. પોતાના કૃત્યની બીજા માનવી પર શું અસર થશે તેવો વિચાર પણ તેમને આવતો નથી.'

આ મુલાકાત પછી મને સતત વિચાર આવે છે કે આપણા સમાજમાં-ખાસ કરીને શહેરી સમાજમાં શું સ્થિતિ છે અથવા થતી જાય છે. શહેરોની ગીચતા વધતી જાય છે પણ શહેરમાં વસતા માનવીઓ વધારે એકલતા અનુભવતા હોય તેવું નથી લાગતું?

આપણે ત્યાં જે જાતની સમાજવ્યવસ્થા હતી તેમાં ત્રણ સંસ્થાઓ અગત્યની હતી. (૧) સંયુક્ત કુટુંબ (૨) જ્ઞાતિ પ્રથા અને (૩) મહાજન પ્રથા. સંયુક્ત કુટુંબમાં કુટુંબનો કોઇ પણ સભ્ય-પછી તે અપંગ, અજ્ઞાન કે કોઇ પણ રીતે નબળો હોય તો તે સચવાઇ જતો. જ્ઞાતિ પ્રથામાં સારા-નરસા પ્રસંગે તમામ સભ્યો એક જ સ્તરના હોય તે રીતે કોઇ પણ જાતના ભેદભાવ વિના મળતા, જેથી એક જાતનું સખ્ય સર્જાતું. મહાજન પ્રથામાં નાનાં મોટાં કુટુંબોની સારા-માઠા પ્રસંગોએ સારસંભાળ લેવાતી. અને મુશ્કેલીમાં તેમને સહાય મળી રહેતી. પરિણામે માનવી નિઃસહાયતાની લાગણી ન અનુભવતો. આજે આ ત્રણેય પ્રથાઓ લુપ્ત થઇ છે, થતી જાય છે. આજના યુગમાં ઊભી થયેલી નવી સંસ્થાઓ એનું સ્થાન લઇ શકી નથી. અલબત્ત, એવી સંસ્થાઓનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર તદ્દન જુદું છે. જ્ઞાતિપ્રથા અને સંયુક્ત કુટુંબની વ્યવસ્થામાં ત્રુટિઓ ન હતી અને તે ચાલુ રહે એવું હું કહેવા માગતો નથી. માત્ર આ સંસ્થાઓથી માનવીને સંબંધોની ઉષ્મા મળતી એ બાબત પ્રત્યે અંગુલિનિર્દેશ કરું છું. માનવીય સંબંધોની ઉષ્માના અભાવે માણસના જીવનમાં નિરાશા, હતાશા, નફરત અને વિદ્રોહની ભાવના જાગે છે.

સાહિત્ય, એ સમાજની આરસી છે. આપણા આધુનિક સાહિત્યમાં પણ વર્તમાન સ્થિતિનું પ્રતિબિમ્બ પડે છે. પ્રિયકાન્ત મણિયાર, રમેશ પારેખ, નિરંજન ભગત, મનહર ત્રિવેદી કૈલાસ પંડિત, ચંદ્રકાંત શેઠ, ઉશનસ, સ્નેહરશ્મિ આદિ કવિઓની કૃતિમાં આવી સંવેદના વ્યક્ત થઇ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૨ મા અધિવેશનના પ્રમુખસ્થાનેથી શ્રી યશવંત શુક્લએ કહ્યું: 'જે શ્રદ્ધાઓ અને જે ભાષા મનુષ્યોને સાંધતી હતી તેના વિજ્ઞાન યુગના આઘાતે કરીને ચૂરા થયા છે. નવી શ્રદ્ધાઓએ હજુ તેમનું સ્થાન લીધું નથી. એ માટેની નવી ભાષા હજી ઘડાઇ નથી. પ્રત્યેક વ્યક્તિ જીવનના મહાસાગરમાં તરતા રહેલા અલાયદા ટાપુ જેવી છે.'

શહેરમાં રહેતા આપણા સૌની પરિસ્થિતિ કંઇક આવી છે: ઘરમાં વર્ષો સુધી સાથે રહેવા છતાં પતિ-પત્ની, માબાપ અને સંતાનો વચ્ચે જોઇએ તેવો સંવાદ અને સંબંધ જણાતો નથી. એટલે જ 'પોળોમાં ફરતાં ફરતાં' પુસ્તકમાં શ્રી ફાધર વાલેસે કહ્યું છે કે 'કુટુમ્બમાં સાથે રહેતા કુટુમ્બીઓ વચ્ચે પણ સંવાદ નથી હોતો.' તેમણે કુટુમ્બોમાં જઇ તેમની સાથે રહીને આ અનુભવ કર્યો છે. પત્ની પતિની તમામ જરૂરિયાતો અને કુટુમ્બની તમામ જવાબદારીઓ પૂરી કરે, પણ પત્નીને મળવી જોઇતી પ્રતિષ્ઠા અને ગૌરવ આપણે આપતાં નથી. આવી સ્થિતિ માબાપ અને સંતાનો વચ્ચે પણ પ્રવર્તે છે. માબાપ પોતાનાં સંતાનો પ્રત્યે લાગણી-વિહીન થઇ ગયાં હોય એવી સ્થિતિ સદ્ભાગ્યે હજુ આપણે ત્યાં આવી નથી. પરંતુ જે રીતે સંતાનોને સમજવા, તેના જીવનમાં રસ લેવાનો માબાપે પ્રયાસ કરવો જોઇએ તેવો પ્રયાસ થતો હોય એવું જણાતું નથી. સમાજમાં દહેજનું દૂષણ વધતું જાય છે, અને તેના કારણરૂપ માબાપ પોતાનાં સંતાનને પૈસા પ્રાપ્ત કરવાનું આ નિમિત્તે એક સાધન સમજે છે. પરિણામે કૌટુંબિક જીવનમાં કેટલીય વિસંવાદિતા સર્જાય છે. એના પરિપાકરૂપે પત્નીને સળગાવી દેવાના કે યુવતીના આપઘાતના કિસ્સાઓ રોજિંદી ઘટના હોય તે રીતે વધતા જાય છે. એ સાહજિક ઘટના હોય એ રીતે આપણે જોઇએ છીએ.

બીજા છેડેથી જોઇએ તો માબાપ વૃદ્ધ થાય. પછી તેમના વિચારો, તેમની સંવેદનાઓ સમજવાની કે મૂલવવાની કુરસદ નથી. થોડા સમય પહેલાં દૂરદર્શનના દિલ્હી કેન્દ્ર પરથી શમા ઝૈદીનું નાટક 'સંધ્યા છાયા' રજુ થયું હતું. તેમાં વૃદ્ધ માબાપની સંવેદનાને વાચા આપવામાં આવી હતી. દીકરો, માબાપને પૈસા મોકલી આપે એટલું જ પર્યાપ્ત છે? માનવી પોતાના સુખદુઃખને કોઇ સમજે અને વહેચે (Share) તેમ ઝંખે છે. આ થઇ કૌટુંબિક સંબંધોની વાત.

કૌટુંબિક સંબંધો જેવી સ્થિતિ સમાજના અન્ય માનવીઓ સાથેના સંબંધોમાં પણ પ્રવર્તે છે. વર્ષોથી દૂધવાળો આપણને દૂધ આપતો હોય, ઘરનો નોકર હોય, આપણી પેઢીમાં કામ કરતો કર્મચારી હોય: આ બધાં જીવતા માનવીઓ છે. તેમના પોતાના આગવા પ્રશ્નો હોય છે. તેમને સમજવા તેમના જીવનમાં ડોકિયું કરવાની આપણને કુરસદ નથી. તેમની સાથેનો આપણો વર્ષો સુધીનો વ્યવહાર યંત્રવત્ રહે છે. એલ્વીન ટોફલરે 'ફ્યુચર શોક'માં કહ્યું છે તેમ સમાજની ભૌતિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે અતિ ઝડપથી કાયાપલટ થઇ રહી છે અને જાણે આપણે સંચાના ભાગો હોઇએ તેમ

ગોઠવાતા જઈએ છીએ અને તેમ વર્તી રહ્યા છીએ. આપણી વૈજ્ઞાનિક પ્રવૃત્તિમાં પણ આપણે જવાબદાર અને માનવતાવાદી દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. આપણે ભદ્ર સમાજના લોકો છીએ. પણ આપણા સમાજની મર્યાદા બહાર પણ એક વિશાળ માનવસમુદાય છે. એ પદદલિતોનો આપણે કયારેય વિચાર કરીએ છીએ ખરા? મરાઠી લેખક શ્રી જયવંત દળવીના પુસ્તક 'દુનિયા બહારના માનવી' ઉપર આધારિત ચલચિત્ર 'ચક્ર' આપણામાંથી મોટા ભાગનાએ જોયું હશે. એ જોઈને આ સમાજ પ્રત્યે આપણને સૌને લાગણી થઈ હશે, પણ એ ક્ષણિક નીવડી હશે. આપણે આ સમાજને ઓળખીએ છીએ ખરાં? આપણા માટે તેઓ મજૂર, રીક્ષાવાળા, શાકવાળા, દાતણવાળા વગેરે છે. આપણો તેમની સાથેનો વ્યવહાર વસ્તુલક્ષી રહે છે. આવી સ્થિતિમાં એ આપણા સમાજ સામે અતરો ઊભો કરશે. તેઓ વધારે મજૂરી માંગે, વધારે ભાવ માંગે તો આપણને ચીડ ચડે, પણ આપણને વેપારમાં મન! માન્યો નફો લેવાની છૂટ. આ રીતે આપણા પરસ્પર માપદંડ કેટલા વિસંવાદી હોય છે!

એક માનવ તરીકે બીજા માનવ સાથેના આપણા સંબંધો માનવીય થવા જોઈએ. એક લેખકે કહ્યું છે: માનવી હવામાં પંખીની માફક ઊડી શકે છે; પાણીમાં માછલીની માફક તરી શકે છે, પરંતુ પૃથ્વી પર કેમ જીવવું તે તો જાણતો નથી. આ સંદર્ભમાં આપણે સંવેદનશીલ બનવાની જરૂર છે. આપણે સારાં માબાપ, સારાં સંતાનો, સારા માલિક, સારા પડોશી, સારા સહપ્રવાસી, સારા વેપારી કે સારા કર્મચારી બનીએ. આ માનવ સમાજને માનવીય સમાજ બનાવીએ અને એ રીતે આપણા સૌ માટે એક નૂતન સમાજની રચના કરવા પ્રયાસ કરીએ તો કેવું સારું?

★ સંઘ સમાચાર ★

વિદ્યાસત્ર :

સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત અને 'સંઘ'ના ઉપક્રમે વિદ્યાસત્ર તા. ૬, ૭ અને ૮, જાન્યુઆરી ૧૯૮૫ના રોજ યોજેલ છે, જેની વિગત આ પ્રમાણે છે:

વ્યાખ્યાતા : પ્રા. ચી. ના. પટેલ

વિષય : વાલ્મીકિ, શેકસ્પીઅર અને ગાંધીજીનો પ્રેમધર્મ.

સમય : દરરોજ સાંજના ૬-૧૫

સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ સભાગૃહ-ચર્ચગેટ, મુંબઈ.

સૌને સમયસર ઉપસ્થિત થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

ચીમનલાલ જે. શાહ
તારાબેન ર. શાહ — કે. પી. શાહ
સંયોજક — મંત્રીઓ

વાર્ષિક સ્નેહ-સંમેલન :

'સંઘ'ના સભ્યોનું વાર્ષિક સ્નેહ-સંમેલન શનિવાર, તા. ૫-૧-'૮૫ના રોજ બપોરના ૩ થી ૭ દરમિયાન બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી ખાતે યોજવામાં આવ્યું છે.

આ સ્નેહ-સંમેલનમાં 'સંઘ'ના સભ્યોના પરિવારમાંથી સંગીત, નાટય ઇત્યાદિ સાંસ્કૃતિક કાર્યક્રમ આપવાની જેમની ભાવના હોય તેમણે 'સંઘ'ના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી.

જયંતીલાલ પી. શાહ — ચીમનલાલ જે. શાહ
સંયોજક — કે. પી. શાહ
મંત્રીઓ

ધરમપુર આદિવાસી વિસ્તારની મુલાકાત :

'સંઘ'ના ઉપક્રમે શનિવાર અને રવિવાર, તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બર, ૧૯૮૪ના રોજ ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારની મુલાકાત લેવાનું ગોઠવવામાં આવ્યું છે. 'સંઘ' તરફથી આ વિસ્તારની ઉન્નતિ માટે હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓનું આ મુલાકાત દરમિયાન નિરીક્ષણ કરવામાં આવશે. જેમને આવી મુલાકાત લેવાનો રસ હોય તેમણે 'સંઘ'ના કાર્યાલયને મોડામાં મોડી તા. ૬-૧૨-૮૪ સુધીમાં લેખિત જાણ કરવી. 'સંઘ'ના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. મર્યાદિત સંખ્યામાં સભ્યો લઈ જવાના હોવાથી વહેલો તે પહેલોના ધોરણે મુલાકાતીની પસંદગી કરવામાં આવશે.

સુબોધભાઈ એમ. શાહ — ચીમનલાલ જે. શાહ
ઉષાબેન મહેતા — કે. પી. શાહ
સંયોજકો — મંત્રીઓ

એકયુપ્રેસરના વર્ગો

સોમવાર, તા. ૩-૧૨-૮૪થી બપોરના ૨ થી ૪ ના સમયમાં એકયુપ્રેસરના વર્ગો સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શરૂ થાય છે. દર સોમવારે ચાલુ રહેશે. કોઈ પણ જાતની ફી લેવામાં આવતી નથી.

લાભ લેવા ઇચ્છનારને નામ નોંધાવવા વિનંતિ.

અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

જૈન સાહિત્ય સમારોહ :

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના સંયુકત ઉપક્રમે તા. ૧૫, ૧૬ અને ૧૭ (અનુક્રમે શુક્રવાર, શનિવાર અને રવિવાર) ફેબ્રુઆરી ૧૯૮૫ના રોજ ખંભાત મુકામે છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ યોજાશે.

આ સમારોહમાં જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કલા, સ્થાપત્ય, શિલ્પ, સાહિત્ય ઇત્યાદિના કોઈ પણ વિષય ઉપર વિદ્વાનોને - અભ્યાસ - સંશોધન લેખ મોડામાં મોડું તારીખ ૧૫-૧-૧૯૮૫ સુધીમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ (ગોવાલિયા ટેન્ક) મુંબઈ-૪૦૦૦૩૬ એ સરનામે મોકલી આપવા જણાવવામાં આવ્યું છે.

એક આજીવન ગૃહપતિ

યશવંત દોશી

સ્વ. કુલચંદભાઇ હરિચંદ દોશીને કોઇ એક મિલ્કો લગાવવો હોય તો તે 'આજીવન ગૃહપતિ'નો લગાવી શકાય. અને ગૃહપતિ તરીકે કાયમ વિદ્યાર્થીઓ સાથે જ સંબંધ રહ્યો એટલે શિક્ષણક્ષેત્રમાં પણ એમણે ઘણો રસ લીધો અને ઘણું કામ કર્યું.

એમનો અભ્યાસ આજને હિસાબે તો સાધારણ કહેવાય. કૉલેજમાં એક-બે વર્ષ માંડ ભણ્યા હશે. ગૃહપતિ તરીકેની કોઇ ખાસ તાલીમ તો કયાંય અપાતી જ નથી એટલે એની વાત જ નહિ. પણ દક્ષિણામૂર્તિમાં નાનાભાઇએ છાત્રાલયો અને ગૃહપતિઓ વિષે જે ચિંતન કર્યું અને પ્રસાર્યું તેનો પણ કોઇ ખાસ અભ્યાસ કુલચંદભાઇએ કર્યો હોય એવું એમની સાથેની વાતમાંથી કદી જાણવા મળ્યું નથી.

આમ છતાં ગૃહપતિ તરીકે એમનામાં જે એક વિશિષ્ટ ગુણ હતો તે એમનામાં સ્વયંસ્ફુરણાથી જ આવેલો હોવો જોઇએ. અમદાવાદના શેઠ ચી. ન. છાત્રાલયમાં શાળા અને કૉલેજકાળનાં દસ વર્ષ હું રહ્યો તે દરમિયાન ત્યાં આઠેક મુખ્ય અને સહાયક ગૃહપતિઓ આવી ગયા, છેલ્લાં ચાર વર્ષ, ૧૯૩૬ થી ૧૯૪૦ સુધી કુલચંદભાઇ હતા. પણ એમની જેટલા ઉદાર ભાવનાવાળા ગૃહપતિ બીજા કોઇ નહોતા. બીજા ગૃહપતિઓમાં ગ્રેન્યુએટો પણ હતા, એમાં ભલા માણસો પણ હતા, પણ એમના જેટલો સ્વયંભૂ ઉદારમતવાદી (લિબરલ) વર્તાવ બીજા કોઇમાં દેખાતો નહોતો. એક-બે ગૃહપતિઓ ચિંતનાત્મક મનોવૃત્તિના પણ હતા. છાત્રાલય-જીવન વિષે સૈદ્ધાન્તિક વાતો પણ કરતા અને શિક્ષણશાસ્ત્ર વિષેનાં પુસ્તકો પણ વાંચતા. પણ છાત્રાલયના સંચાલનમાં એ બધું પ્રતિબિંબિત થતું નહિ. કુલચંદભાઇ એથી સાવ ઊલટા. એ શિક્ષણના કે છાત્રાલય-જીવનના સિદ્ધાંતોમાં પડ્યા નહોતા. એ વિષયના વાચનનો રસ ન હોય કે ગમે તે કારણે, એમને મોઢે એવી સૈદ્ધાંતિક વાતો ઝાઝી સાંભળી નથી. અગાઉના કેટલાક નાજુક, સુશિક્ષિત, સંસ્કારી દેખાતા ગૃહપતિઓની તુલનામાં એ થોડા બરછટ પણ લાગે પણ મુખ્ય વાત એ કે છાત્રો સાથેના વ્યવહારમાં અત્યંત ઉદાર વલણના ગૃહપતિ.

કુલચંદભાઇનું આ વલણ કોઇ સિદ્ધાંતમાંથી, કોઇ શિક્ષણ કે તાલીમમાંથી નહિ, પણ એમના મનમાંથી ઊગેલું જણાય છે. વિદ્યાર્થીસમુદાય પ્રત્યે એમનો અંતર્ગત પ્રેમ જ આમાં કારણભૂત હશે એમ સમજાય છે.

વિદ્યાર્થીઓની જરૂરિયાતો, એમની માગણીઓ પ્રત્યે એમનો પ્રતિભાવ મોટે ભાગે સહાનુભૂતિનો રહેતો. એક મોટા જૈન છાત્રાલયના સેક્રેટરી એમ કહેતા કે કંઇક માગણી કરે તો પહેલાં તો ના જ પાડવી. પછી જરૂર પડે તો બાંધછોડ કરવી. કુલચંદભાઇની રીત એથી ઊંધી હતી. વિદ્યાર્થીઓ જે કંઇ માગે તેની હા પાડીને એ આગળ ચાલે. પછી સમજાવટથી માગણી સુધારાવે કે પડતી મુકાવે. એમની આ રીત ઉપલ કાને'ગી પાસેથી મેળવેલી નહોતી. પણ ઘણી બધી માગણીઓમાં રહેલું વાજબીપણું સ્વીકારે. સમગ્ર અભિગમ છાત્રવિરોધી નાહે પણ છાત્રતરફી. આ અભિગમને લીધે કયારેક એ ઢીલા, પોચા પણ ગણાતા. પણ આ બધાના મૂળમાં છાત્રો પ્રત્યેનો પ્રેમ, એમને બને તેટલી વધુ સ્વતંત્રતા આપવાની એક સ્વયંભૂ મનોવૃત્તિ હતી. એ વૃત્તિ એક ટેવ જ બની ગયેલી. છાત્રોની અને સાથીઓની ટીકા સહન કરવાની એમની શક્તિ પારાવાર હતી.

ચી. ન. છાત્રાલયમાં એમને અંગે એક રમૂજ પ્રચલિત થયેલી. કંઇ પણ ફરિયાદ કે માગણી લઇને જાઓ એટલે કુલચંદભાઇ કહેવાના કે 'આપણે નક્કી કરો.' તમે ફરિયાદ કરો કે પાણી નથી આવતું એટલે એ કહેશે 'પાણી કેમ ન આવે? આપણે નક્કી કરો.' કોઇપણ ગૃહપતિ પાસે બધી ફરિયાદોના જવાબ કે ઉકેલ હોય નહિ. ગૃહપતિ ગલ્લાંતલ્લાં કરે, ગુસ્સે થઇ જાય એવું હંમેશાં બન્યા જ કરે. કુલચંદભાઇ પણ એવું કરતા જ. પણ એમનું સમગ્ર વલણ જવાબદારી ટાળવાનું કે ચાલાકીથી જવાબ આપી વાત રોળીટોળી નાખવાનું નહોતું. બની શકે તેટલી સગવડ વિદ્યાર્થીઓ માટે ઊભી કરવાનું હતું.

એમના થોડાક વધુ અનુભવે મને એક બીજી વાત પણ જણાઇ. ગૃહપતિને માથે હંમેશાં એક બાજુ સંચાલકો-ટ્રસ્ટીઓ, કમિટી અને બીજી બાજુ વિદ્યાર્થીઓ, એ બેની વચ્ચે કડીનું કામ કરવાની જવાબદારી હોય. ઘણા ગૃહપતિઓને સંચાલકો સમક્ષ વિદ્યાર્થીઓનો દોષ કાઢવાની અને વિદ્યાર્થીઓ સાથેની વાતમાં સંચાલકોનો હવાલો આપી પોતાની લાચારી પ્રગટ કરવાની ટેવ હોય છે. કુલચંદભાઇ કેટલાક ખરેખરા નિર્ણાયક પ્રસંગોએ કપરા નિર્ણયનો દોષ પોતે જ સ્વીકારી લેતા જોવામાં આવ્યા છે. એ નિર્ણયો એમના નહોતા અને એમણે કેવળ ફરજના ભાગ તરીકે મૂંગે મોંએ એ દોષ પોતાને માથે લઇ લીધેલો એ તો વર્ષો પછી જાણ્યું.

પાલિતાણાના યશોવિજયજી જૈન ગુરુકુળમાં પણ એમણે અગાઉના બંધિયાર વાતાવરણને ધીમે ધીમે ઘણું મોકળું કરેલું. આવી સંસ્થાઓમાં સાધારણ રીતે સ્થાનિક વ્યવસ્થાપક કમિટીઓ ઠીક ઠીક રૂઢિચુસ્ત હોય છે. પણ મુંબઇની કમિટીઓ પણ આ બાબતમાં રૂઢિચુસ્ત વલણ અપનાવતી હોય છે. આ કમિટીઓના સભ્યો મુંબઇની કોઇ સંસ્થાની કમિટીમાં હોય ત્યાં અમુક રીતે વર્તે પણ પાલિતાણાની સંસ્થામાં સાવ જુદી રીતે વર્તતા હોય એવું બનતું હોય છે. આમ છતાં કુલચંદભાઇ પાલીતાણા જેવા બાહેરની સંસ્થાની રૂઢિચુસ્તતા પણ ઓછી કરી શકયા.

જૈન વિદ્યાર્થીઓ પ્રત્યે એમનું વલણ ઉદારદૃષ્ટિનું અને મુક્તિદાયક હતું, તેમ સ્ત્રીઓ પ્રત્યે પણ ઉદાર વલણના એ હિમાયતી હતા. પાલિતાણામાં સ્ત્રીઓ જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લે એવો એમનો આગ્રહ હતો એને અમલમાં મુકાવવા પણ એ મથતા.

પ્રગતિશીલતાની કોઇ જ ટોપી માથે મૂકયા વિના કુલચંદભાઇ પ્રગતિશીલ હતા એવું મારું તારણ છે.

લોકનાયક જયપ્રકાશ

❖ પ્રકાશ ન. શાહ

આજે જયપ્રકાશજીના ત્યાસીમા જન્મદિવસે સ્વાભાવિક જ આ દેશની કામદાર ચળવળની એમની કામગીરી સાંભરી, અને સાથે સાથે એ પણ સાંભરે છે કે એમના ઘડતરનાં વર્ષો સખત મહેનત–મજદૂરીનાં વર્ષો પણ હતાં.

રહો, એમના ઘડતરનાં વર્ષોની વાત જરી વહેલા, સહેજ ટૂંકમાં કરી લઈએ. ગંગા અને સરયુની ભૂમિનું, જ્યાં ઉત્તર પ્રદેશ ને બિહારની સીમાઓ મળે છે તે સિતાબદિયારાનું એ સન્તાન, અને અસહકારના જમાનામાં એમણે અંગ્રેજ રાજના ભણતરનો બહિષ્કાર પોકારેલો. અસહકાર આંદોલનનો તબક્કો વીતી ગયો ત્યારે એમણે નક્કી કર્યું કે આગળ ભણવું જ હોય તો કોંક આઝાદ મુલકમાં ભણવું જોઈએ, અને તે પણ 'જાતમહેનત ઝિંદાબાદ' ને ધોરણે: એટલે એ અમેરિકા ગયા. અને ત્યાં પૈસા પ્રેમાળ પઠાણ શેરખાનના સદ્ભાવથી એમને મજદૂરીનું પહેલું કામ કયું મળ્યું, જાણો છો? એ કામ એવી રીતનું હતું, જે ત્યાર પછી તેઓ જરા જુદી રીતે આખી જિંદગી કરવાના હતા: ફળની વાડીમાં ટોપલા પેક કરતી વેળાએ ખરાબ ફળો વીણીવીણીને કાઢી નાંખવાનું! મુદ્દાની વાત જો કે એ છે કે જયપ્રકાશ બે સત્ર વચ્ચેના ગાળામાં ને જરૂર પડે રાતવરત પણ કાળી મજૂરી કરી ભણતરજોગું કમાઈ લેતા. બહુ સરસ કહ્યું છે એમણે પાછળથી, કે અમેરિકામાં હું સમાજશાસ્ત્ર ભણ્યો છું તે માત્ર યુનિવર્સિટીઓમાં જ નહીં, ખેતરોમાં ને કારખાનાંઓમાં લોકો વચ્ચે કામ કરીને મારી સમજ બંધાઈ છે.

જયપ્રકાશજીની આ વાત મને આજના સમયમાં સૂચક લાગે છે. કેમ કે આજે દેશ, સમાજ, જાહેર જીવન બધું જ થોડાક સફેદપોશ અને બાકીના બધા મહેનતકશ વચ્ચે વહેંચાઈ ગયેલું છે... જૂના ઉજળિયાતો ગયા હોય કે ન ગયા હોય, નવા ઉજળિયાતો પેદા થઈ ચૂક્યા છે–કેટલાક લોકો વ્હાઇટ કોલર ને બહુમતી ભારત બ્લુ કોલર–કે કોલરલેસ! થોડાક સમૃદ્ધિના ટાપુઓ અને ચોમેર ધૂંધવતો ગરીબીનો દરિયો. બે–પાંચ–સાત હજાર બરે લોગ ને બાકી બધી રાંકડી રૈયત. કહેવાતા ભણેલા ને કહેવાતા અભણ વચ્ચેનું, માલિક ને મજદૂર વચ્ચેનું, નાગરિક–નાગરિક વચ્ચેનું આ જે અન્તર તે યુનિવર્સિટી શિક્ષણ ને ખેતમજૂરી બેઉ એક સાથે પાર પાડીને જયપ્રકાશે પોતાપૂરતું તો ભૂંસી જ નાખ્યું. પણ દેશના જાહેર જીવનમાં પણ આવા ઊંચનીચના ભેદ ન રહે એ જોવાની એમની તમન્ના જિંદગીભર રહી.

વિચારક્રાંતી બાબતમાં, ઘણા ખરા કિસ્સામાં આજ લગી જોવા તો એવું મળ્યું છે કે ઝાડવાં ગણે તે જંગલ ચૂકી જાય અને જંગલ જોતો રહે તે ઝાડમાં ભૂલે: સમુદાયની વાત કરે તેને મન વ્યક્તિ કિસ ગિનતીમેં? એ તો, બહુ બહુ તો, રાક્ષસરાય જંતરડામાં એકે રકું માત્ર! અને જે વ્યક્તિ-સ્વાતંત્ર્યના છેડેથી શરૂ કરે એને સમાજની શી તમા? આ બે વલણો વચ્ચે કેટલાક બંકાઓ એવા પાકયા આપણા જમાનામાં, જેમણે બેઉનાં હિતનો મેળ પાડવામાં જ ન્યાય ને સ્વાતંત્ર્ય જોયાં. જયપ્રકાશજી તે મહિલા હતા.

નેતા આખા દેશના. ખરેખરના લોકનાયક પણ ફિકર નાનામાં નાના જણની. ફરી જરા અમેરિકાનાં વર્ષોની વાત કરું? તે દિવસોમાં એક કવિતા લખી હતી એમણે. નવાઈ લાગશે, પણ એ હતી ગૃહિણી વિશે. એનો ભાવ એ હતો કે બ્યરવાળા બાઈ બાપડી સવારથી રાત લગી ઘરનો બધો ઢસરડો કરે છે, પૂરું ખાવા કે સૂવા પણ પામતી નથી. દહાડે નહીં એટલી રાતે ને રાતે નહીં એટલી દહાડે એની કાયા કંતાતી જાય છે. હવે, વિચાર કરો, આપણે મરદજાત ઓફિસમાં, કારખાનામાં, મિલમાં બધે કામ કરીએ છીએ. પણ ઘરમાં ગૂંથાઈને આપણે સારુ બધી ઉઠવેઠ કરતી ઓરતજાત જે કામ કરે છે એનાં વેતનબજથ્થાં કે પી. એફ. કે બોનસનો આપણને ઘણાખરાને વિચાર સુધ્ધાં આવ્યો છે કદી? દેખીતી આર્થિક કમાણી વગરની આ મજૂરી, 'શેડો લેબર' તે આપણા આ સંવેદનશીલ સમાજશાસ્ત્રીઓને કેટલી વહેલી સમજાઈ ગઈ હતી!

મહાભારતકાર વ્યાસનો મહિમા એ વાતે છે કે એમણે અઢાર અક્ષૌહિણી સેના વચ્ચેનો સંગ્રામ આલેખ્યો.. પણ એની વચમાંય પેલાં ટિટોડીનાં બચ્ચાંની કાળજી લેવાનું ન ચૂક્યા. એક વિદેશી મુલાકાતીએ નોંધ્યું છે કે જયપ્રકાશજીને હું ચર્ચાવિચારણા માટે મળ્યો ત્યારે એ મને બેચેન લાગ્યા. પાછળથી મને સમજાયું કે એમની સામેના કબાટમાં ફસાયેલી ગરોળી કાચમાંથી દેખાતાં એમનું ચિત્ત વાતચીતમાં ચોંટયું નહોતું. ગરોળીને એમણે છોડાવી તે પછી જ અમારો પાટો બરાબર બેઠો! વાઘરાય સાથેની વાતચીત વચ્ચેથી વખત કાઢીને આશ્રમની બાળાને હરરે કે દિવેલ લેવા બાબત બે ચબરાકિયાં લખતા ગાંધીજી અહીં સાંભરે છે, ખરું ને?

જે વાત ગૃહિણીની, તે જ કાર્યકરની, નાનામાં નાના માણસની અને વ્યક્તિ-વ્યક્તિની છે. રશિયામાં એક ક્રાંતિકારી લેખક થઈ ગયા, ટોલ્સ્ટોય–ગાંધીજીના ગુરુઓ મહિલા–એમણે એક મજાની વાત કહી છે કે આ માળા ક્રાન્તિવીરો કરે છે, બધું જ પણ કરવા જેવું એક કામ તેઓ અચૂક નથી કરતા, અને તે એ કે જેના નામે તેઓ ચડી બેસે છે એ જનતાના મનેથી ઊતરતા જ નથી! કેટલાયે નેતાઓ કાર્યકરોને નિસરણી રૂપે વાપરીને પોતાની ખાનગી પેઢીને ધીકતી કરી દે છે તે આપણે નથી જોતા?

પણ, હવે જુઓ જયપ્રકાશની વાત. પોતે અને પ્રભાવતીદેવી ઉત્તરાખંડ ગયેલાં, ગંગોત્રી પંથકમાં. થોડોક જાતરાનો તો થોડોક આરામનો ખ્યાલ હશે. ત્યાં ખબર આવ્યા કે બિહારના એક છેવાડાના ગામમાં અન્તિમવાદીઓએ બે સર્વોદય કાર્યકરોને મોતનો જાસો મોકલ્યો છે. બધા કાર્યક્રમ રદ, અને તરત બેઉ ત્યાં પહોંચી ગયાં: મારા કાર્યકરની સાથે મરવાથી મોટું સુખ શું હોય, ને એથી અવળી ફરજે શું હોય, વારુ? દેશવિદેશના બહોળા સંપર્કોવાળા આ જણે એ બધાથી કપાઈ જવાની હદે ગામડાગામમાં થાણું નાખ્યું અને કહ્યું કે અન્તિમવાદીઓનો આક્રોશ જેને આભારી છે તે શોષણો ને અન્યાયો સામેની લડત એ જ સાચો ઉપાય છે. આમનેસામને, 'ફેઇસ ટુ ફેઇસ' નામની નાનીશી પુસ્તિકામાં આ પ્રયોગકથા એમણે સરસ કહી છે.

તો, ચિન્તા વ્યક્તિની માટે સમાજની; ચિન્તા સમાજની, માટે વ્યક્તિની. હમણાં જે પ્રસંગ મેં કહ્યો તે ગંગોત્રીનો હતો ને? ગંગાનું કાર્યક્ય એમાં છે કે ટોચેથી મેદાનોમાં ઊતરી આવીને એણે સાઠ હજાર સગરપુત્રોને તાર્યા. ભરતપુત્રોને તારવા મથેલી આ જીવનગંગામાં આવો, એક બે ખોબિયા આપણે પણ ખાઈએ!

રાજકીય નોંધપોથી

● ચિદમ્બરમ્

સ્વ. યશવંતરાવ ચવ્હાણ :

યશવંતરાવ ચવ્હાણનો તા. ૨૫-૧૧-'૮૪ ના રોજ દેહવિલય થયો. એમના અવસાનથી રાષ્ટ્રને વહીવટી નિષ્ણાત અને પ્રગતિશીલ પણ વ્યવહારુ રાજપુરુષની ખોટ પડી છે. પ્રગતિશીલતાની સાથે વારસવિકતાને નજર સમક્ષ રાખવાની એમની લાક્ષણિકતાના કારણે તેઓ 'વિનીતોમાં ઉદ્દામ અને ઉદ્દામોમાં વિનીત' ગણાતા.

એમની રાજકીય કારકિર્દીનો આલેખ આવો હતો : સૌ પ્રથમ તેઓ ઇ. સ. ૧૯૪૬માં મુંબઇની વિધાન પરિષદમાં ચૂંટાયા. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણી બાદ મુંબઇ રાજ્યના મોરારજીભાઇ દેસાઇના પ્રધાનમંડળમાં તેમને નાગરિક પુરવઠા ખાતાની જવાબદારી સોંપવામાં આવી હતી. ઇ. સ. ૧૯૫૬માં ભાષાના ધોરણે રાજ્યોની પુનઃ રચનાના પગલે મહારાષ્ટ્રમાં સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ અને ગુજરાતમાં મહા ગુજરાત જનતા પરિષદ દ્વારા દ્વિભાષી રાજ્યોને બદલે અનુક્રમે મરાઠી અને ગુજરાતીભાષી અલગ રાજ્ય માટે આંદોલન થયાં હતાં. એટલે સન ૧૯૫૭ ની સામાન્ય ચૂંટણી પડકારરૂપ બની. તેમાં તેઓ સફળ થયા. પરંતુ મુખ્ય પ્રધાનપદ માટે કૉંગ્રેસ પક્ષમાં આંતરિક સ્પર્ધા થઇ. ભાઉસાહેબ હીરેની સામે તેઓ વિજયી થયા અને દ્વિભાષી મુંબઇ રાજ્યના તેઓ પહેલા અને છેલ્લા મુખ્ય મંત્રી થયા. ૧૯૬૦માં દ્વિભાષી મુંબઇ રાજ્યનું વિભાજન થતાં તેઓ નવા મહારાષ્ટ્ર રાજ્યના પ્રથમ મુખ્ય મંત્રી થયા. સને ૧૯૬૨ની સામાન્ય ચૂંટણી બાદ પણ તેઓ આ હોદ્દા પર પુનઃ ચૂંટાયા. પરંતુ ચીન સાથેના યુદ્ધ બાદ કટોકટીભારી પરિસ્થિતિ થઇ ત્યારે વડા પ્રધાન પં. જવાહરલાલ નહેરુએ એમનામાં વિશ્વાસ મૂકી રાષ્ટ્રના સંરક્ષણની જવાબદારી તેમને સોંપી. ૧૯૬૪માં પં. નહેરુના અવસાન બાદ લાલબહાદુર શાસ્ત્રી વડા પ્રધાન થયા. એમના પ્રધાનમંડળમાં પણ તેઓ સંરક્ષણ ખાતાના મંત્રી થયા. તે વખતના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં રાષ્ટ્ર વિજયી નીવડ્યું અને તેમની કામગીરીમાં તેઓ એવા ઝળહળ્યા કે કેટલાય લોકોને એમનામાં છત્રપતિ શિવાજી મહારાજનાં દર્શન થયાં. ત્યાર બાદ તેઓએ ઇન્દિરા ગાંધીના પ્રધાનમંડળમાં ગૃહ, નાણા અને વિદેશ ખાતાના મંત્રી તરીકે, જનતા પક્ષના શાસન દરમિયાન માન્ય વિરોધ પક્ષના નેતાને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો ત્યારે વિરોધ પક્ષના આવા પ્રથમ નેતા તરીકે અને ચરણસિંહના પ્રધાનમંડળમાં નાયબ વડા પ્રધાનનું સ્થાન ભોગવ્યું. છેલ્લે તેઓ આઠમા નાણા પંચના અધ્યક્ષ હતા. તેમણે સવિનય કાનૂન ભંગ અને 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓએ ભૂગર્ભ પ્રવૃત્તિનું સંચાલન પણ કર્યું હતું. એમની આવી વૈવિધ્યભરી કામગીરી માટે અને આધુનિક મહારાષ્ટ્રના ઘડવૈયા તરીકે રાષ્ટ્ર તેમ જ મહારાષ્ટ્રની જનતા તેમને વર્ષો સુધી યાદ કરશે.

સામાન્ય રીતે વ્યકિત જીવંત હોય ત્યારે એની પ્રશંસા અને ટીકા પણ થાય છે. એમની હયાતીમાં એવી વ્યકિતનો વિરોધી વર્ગ પણ એમના મૃત્યુ બાદ એમના ગુણોનું જ સ્મરણ કરે છે. કયારેક અતિશયોકિત પણ થાય છે. યુવાન પેઢીને એમાં દંભ પણ જણાય છે. પરંતુ વ્યકિતની હયાતીમાં કે હાજરીમાં થતી એમની ટીકામાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે એમની દામગીરી અને કાર્યપદ્ધતિમાં સુધારો થાય એવું ધ્વનિત હોય છે. જયારે એવી હસ્તી જ ન હોય ત્યારે એવી ટીકા નિંદામાં પરિણમે છે. આ જ કારણથી વ્યકિતના મૃત્યુ બાદ એમનાં વ્યકિતત્વના ગુણો ગ્રાહ્ય બને એવા આશયથી એમના જીવનનાં સારાં પાસાં વિષે વાતો થાય છે, શ્રદ્ધાંજલિ સભામાં વકતવ્યો થાય છે, અથવા દૈનિકો-સામયિકોમાં લખાય છે. ભારતીય સંસ્કાર કે પરંપરા પાછળ આ ન્યાય છે. શ્રદ્ધાંજલિનું આ સંદર્ભમાં મૂલ્ય છે. સ્વ. યશવંતરાવ ચવ્હાણની તાજેતરના સમયની ધસાતી ગયેલી પ્રતિભા એમની અગાઉની ઝળહળતી કારકિર્દી આડે ઢંકાઇ જાય છે. અને ભારતીય સંસ્કાર, પરંપરા કે વ્યવહાર મુજબ આપણે એમના ગુણોનું સ્મરણ કરીએ એ આવશ્યક અને ઇષ્ટ પણ છે.

પ્રભુ! એમના આત્માને શાંતિ અર્પે.

લાગણીની અભિવ્યકિતમાં સંયમ, વિવેક જરૂરી

વ્યકિત, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પર આપત્તિનો પ્રસંગ આવી પડે કે આનંદનો પ્રસંગ ઊભો થાય ત્યારે લાગણીવશ કે વિવશ બન્યા વિના એ પ્રસંગની અભિવ્યકિતમાં સંયમ અને વિવેક જાળવવો જોઇએ. આમ છતાં આવા પ્રસંગોમાં જરૂરી સ્વસ્થતા કે વિવેક જળવાય નથી એવું ઘણીવાર બનતું જોવા મળે છે.

ઇ. સ. ૧૯૬૪ માં પં. જવાહરલાલ નહેરુનું અવસાન થયું. એમની અંતિમક્રિયા દિલ્હીના શાંતિવનમાં કરવામાં આવી હતી. અગાઉ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની અંતિમ સમાધિ રાજઘાટ પર થઇ હતી. એ જ રીતે વડા પ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીના અંતિમ સંસ્કાર શાંતિવનની બાજુમાં જ કરવામાં આવ્યા. આ બધાં લોકપ્રિય નેતાઓ તરફ પૂરા આદર સાથે આ વ્યવસ્થાની યોગ્યતા વિષે મને પ્રશ્ન થાય છે: દરેક લોકપ્રિય નેતાની અંતિમ વિધિ માટે આ રીતે અલગ-અલગ જગ્યા ફાળવવી કે વ્યવસ્થા કરવી એમાં વિવેક રહ્યો છે ખરો ? વડા પ્રધાન પં. નહેરુના અવસાન બાદ આ અંગે ટકોર કરતા ડૉ. રામ મનોહર લોહિયાએ બહુ સૂચક રીતે પ્રતિભાવ આપ્યો હતો: આ પ્રમાણે વખતોવખત વ્યવસ્થા કરતાં રહેવાથી જતે દહાડે દિલ્હી આખુંય સ્મશાનભૂમિ બની રહેશે. એ જ રીતે અસ્થિ વિસર્જન એ હિન્દુ ધર્મના એક કૌટુંબિક સંસ્કાર છે. સ્વ. ઇન્દિરા ગાંધીની કે અગાઉના લોકપ્રિય નેતાની પૂરી શ્રદ્ધા સાથે મારા મનમાં અવઢવ છે: એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર માટે આની વિધિમાં ભાગ લેવાનો ચીલો પાડવો એ કેટલે

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૧)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૬૮૫, ઝવેરી વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ભિરગામ, મુંબઇ – ૪૦૦૦૦૪.

(પૃષ્ઠ ૧૫૧ થી ચાલુ)

અંશે વાજબી છે. મારા આ પ્રશ્ન અંગે કોઈ સ્પષ્ટીકરણ કરશે તો આનંદ થશે.

અહીં મને રાષ્ટ્રના એક આનંદપર્વનો પ્રસંગ યાદ આવે છે. કવિદાદા હરગોવિંદ પ્રેમશંકરને એક સાંજે શ્રી બળવંતરાય મહેતા મળવા ગયેલા એ વખતે તેઓ સૌરાષ્ટ્ર રાજ્યના પ્રધાનપદે હતા. કવિ સાથે તેમને ઘણો જૂનો સંબંધ. ભાવનગર રાજ્યની ધારાસભાની ચૂંટણી વખતે કવિએ ચોમાસામાં પાકી સડક વગરના મહુવાનાં આજુબાજુનાં ગામડામાં કાદવમાં ગોઠણ સુધી ખૂંપી જતાં તોયે વગર વેતને પ્રજા પરિષદ માટે એમણે કામ કર્યું હતું. એ બધાં સંસ્મરણોને વાગોળતાં શ્રી બળવંત મહેતાએ કહ્યું કે 'અમને માર્ગદર્શન આપવા જેવું–કહેવા જેવું હોય તે જરૂર કહેશો.'

મસ્ત કવિએ પ્રત્યુત્તરમાં કહ્યું: 'મેં સાંભળ્યું છે કે તમે ભાવનગરના દીવાન થયા ત્યારે કેળવણી ખાતા મારફત સૂચના આપવામાં આવી હતી કે કોઈ વિદ્યાર્થીને નાપાસ ન કરવો; નાપાસ થયો હોય તોયે ઉપલા ધોરણમાં ચડાવી દેવો. એ ખરી વાત?'

શ્રી બળવંત મહેતાએ કહ્યું: 'એવો હુકમ નો'તો. સંભવ છે કે સ્વરાજ મળ્યું તેના આનંદમાં એમ કરવા સૂચન કરાયું હોય.

મસ્ત કવિએ જવાબમાં કહ્યું: 'હું સૂચન જ કહું છું. પણ એવી સૂચનાયે દેવાય? હવે આપણે સ્વતંત્ર થયા, એટલે પ્રજાને વધુ સારી તૈયાર કરવા કેળવણીનું ધોરણ સુધારવું પડશે. સ્વરાજ્ય મળ્યા પહેલાં આપણે લડવૈયા હતા. હવે આપણે દેશનો વહીવટ સંભાળવો છે. પીઢ થયા વિના નહિ ચાલે ને એ કામ ભાષણખોરીથી નહિ થાય.' શ્રી બળવંત મહેતાએ આ વાત નમ્રતાથી સાંભળી અને સ્વીકારી

આ પ્રસંગ શ્રી મુકુન્દરાય વી. પારાશર્યે કુમાર માસિકમાં આલેખ્યો છે.

હર્ષના કે શોકના પ્રસંગે અતિરેક કે લાગણી વિવશ થયા વિના હવે આપણે–પ્રજાએ પરિપક્વ થવું જોઈએ. એ જ આ પ્રસંગોના વિવેચનનો હેતુ છે. નમ્રતાપૂર્વક સ્પષ્ટ કરવાનું કે આમાં કર્યાંય લેશમાત્ર ટીકાનો આશય નથી.

'પ્રબુદ્ધ જીવન' અંગે સૂચનાઓ

* 'પ્રબુદ્ધ જીવન'માં સામાન્ય રીતે કાવ્ય, વાર્તા અને નાટક ઇત્યાદિ લેવાતાં નથી. ધર્મ, અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, સમાજ, રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, આદિ જીવનનાં વિવિધ ક્ષેત્રો અને વિષયો પરના લેખોને આ પત્રના ધોરણ અનુસાર સ્થાન અપાય છે.

* પ્રગટ થતા લેખોને યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

* લખાણ સારા અક્ષરે ફુલસ્કેપ કાગળ પર શાહીથી એક બાજુ લખાયેલું હોવું જરૂરી છે. અસ્વીકૃત લખાણ પાછું મોકલાતું નથી. તેથી લેખકોએ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. ટપાલમાં કે અન્ય કારણે ગુમ થયેલ લેખ માટે અમે જવાબદાર નથી.

* વિષયોનું વૈવિધ્ય અને પૃષ્ઠ સંખ્યાની મર્યાદા જાળવીને લેખો પ્રગટ કરવામાં આવે છે. લેખ ક્યારે પ્રગટ થઈ શકશે તે ચોક્કસ જણાવવાનું મુશ્કેલ છે.

* 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં લેખોમાં રજૂ થતા વિચારો તે તે લેખકોના છે. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીની કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તે વિચારો સાથે સહમતી હોવાની જવાબદારી રહેશે નહિ.

* લેખ મોકલવાથી માંડીને વ્યવસ્થા અંગેનો તમામ પત્રવ્યવહાર 'સંઘ'ના કાર્યાલયના સરનામા પર કરવા વિનંતિ.

–તંત્રી

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની પુણ્યતિથિ

સંકલન : શાંતિલાલ ટી. શેઠ

કાળનો પ્રવાહ કેટલો ઝડપથી પસાર થઇ જાય છે એની કલ્પના કરી શકાતી નથી. ગત તા. ૨૦-૧૧-'૮૪ના રોજ ચીમનલાલ ચકુભાઇ શાહના દેહવિલયને જોતજોતામાં બે વર્ષ પૂરાં થયાં. તેમની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે 'સંઘ' તરફથી 'સંઘ'ના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં એક શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાગૃહ ભાવુકોથી ભરચક હતો.

'પ્રેમળજ્યોતિ'ના સંયોજક શ્રીમતી નિરુબેનની પ્રાર્થના બાદ 'સંઘ'ના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે કહ્યું હતું કે આજે કાકાનું સમગ્ર જીવન તાદૃશ થાય છે તેમનું જીવન અત્યંત સ્વસ્થ, ભર્યું ભર્યું અને સક્રિય હતું. ગમે તેવી ઘટના બની હોય પરંતુ તેઓ તદ્દન સ્વસ્થ હોય. નિસ્પૃહ પણ એવા કે તેમનો ફોટોગ્રાફ મોકલ્યો હોય તો જોનારને પાછો મોકલે અને કહે કે ફોટાને મારે શું કરવો છે? તેમની કાર્યપદ્ધતિના કારણે તેમની સાથે જેમણે કામ કર્યું હતું તેમના જીવન ઊંચાં બન્યાં. તેઓ જે જે સંસ્થામાં જોડાયા તે તે સંસ્થાને તેમણે પ્રતિષ્ઠા અપાવી અને આર્થિક રીતે સમૃદ્ધ કરી. 'સંઘ' ઉપર અને મારા ઉપર તેમનો મોટો ઉપકાર છે. તેમના જીવનમાંથી મને પુષ્કળ પ્રેરણા મળી છે અને તેથી મારું જીવન ઉન્નત બન્યું છે.

વધુમાં તેમણે કહ્યું કે પુણ્યાત્માઓના જીવનને ઉપલક દૃષ્ટિએ પામી શકાતું નથી. તે સમુદ્ર જેટલું ઊંડું અને આભ જેટલું અગાધ હોય છે. તેમના અંતઃસ્તલમાં જે સતત શુભ વિચાર અને લોકકલ્યાણનું ચિંતન અવિરત ચાલુ હોય છે તેનું માપ કાઢવું તે આકાશનું માપ કાઢના જેવું કઠિન હોય છે. 'સંઘ' તરફથી તેમના લેખોનું ત્રીજું પુસ્તક આગામી જાન્યુઆરી–ફેબ્રુઆરી માસમાં પ્રગટ થશે. હું એમના પવિત્ર આત્માને ભાવાંજલિ અર્પું છું.

'સંઘ'ના મંત્રીશ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું કે કાકાના સંસર્ગથી મારા જીવનનો પણ ઘણો વિકાસ થયો છે. તેમનાં કુટુંબીજનોએ 'સંઘ' સાથેનો સંબંધ ચાલુ રાખ્યો છે અને 'સંઘ'ની પ્રવૃત્તિઓમાં તન–મન અને ધનથી સહયોગ આપે છે. તે આપણા માટે ગૌરવ અને આનંદની વાત છે.

ત્યાર બાદ શ્રી મનમોહન સાયગલે સતત એક કલાક સુધી વિવિધ ભજનોની લહાણ કરી ભાવુકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

અંતમાં 'સંઘ'ના મંત્રી શ્રી કે. પી. શાહે આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે શ્રી સાયગલનાં ભજનોએ આજના વાતાવરણને અનુરૂપ જમાવટ કરી છે

શ્રોતાઓના મનના ભાવોને સાર્થક કર્યા છે. સ્વ. ચીમનભાઇએ અમારામાં સંસ્કારનું સિંચન કર્યું છે, તેને સાર્થક કરવા અમે જીવનના અંત સુધી અવિરત કામ કરતા રહીશું. પ્રભુ એવું, ઉત્તમ કોટિનું જીવન જીવવા અમને બળ આપે અને સ્વ. ચીમનભાઇનો આત્મા અમને પ્રેરણા આપતો રહેશે એવી શ્રદ્ધા છે.

Regd. No. MH. By / South 54
Licence No. : 37

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ : ૪૬ અંક : ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૧૨-૮૪ છુટક નકલ રૂા. ૧-૦૦ મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર પાક્ષિક :
વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- પરદેશમાં એર મેઇલ $ ૨૦ £ ૧૨ સી મેઇલ $ ૧૫ £ ૯

તંત્રી : રમણલાલ ચી. શાહ

દુર્ઘટનાઓ અને કુમરણ

રમણલાલ ચી. શાહ

થોડા દિવસ પહેલાં ભોપાળમાં એક કારખાનામાં ઝેરી ગેસ છૂટવાને કારણે બે હજારથી વધુ માણસો મૃત્યુ પામ્યા અને બીજા પચાસેક હજાર માણસોના સ્વાસ્થ્ય ઉપર એની માઠી અસર થઇ. બે હજાર જેટલા નિર્દોષ માણસોએ કો'કની ભૂલના કારણે પોતાના પ્રાણ ગુમાવ્યા.

લગભગ બે મહિના પહેલાં શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યાની પ્રતિક્રિયા રૂપે બેએક દિવસમાં દોઢ બે હજાર નિર્દોષ માણસોની હત્યા થઇ.

મુંબઇમાં વડાલા સ્ટેશન પાસે એક મોટો રેલ્વે અકસ્માત સર્જાયો અને સંખ્યાબંધ માણસો મૃત્યુ પામ્યા.

ભારતમાં આ રીતે વખતોવખત અચાનક દુર્ઘટનાઓ સર્જાયા કરે છે અને અનેક નિર્દોષ લોકોના પ્રાણ જાય છે. ભારતમાં કુમરણનું પ્રમાણ ઘણું મોટું છે. કયાંક ટ્રેનોના અકસ્માત થાય છે, કયાંક બંધ તૂટી પડે છે, કયાંક બહુમાળી મકાનો ધરાશાયી થાય છે, કયાંક કોમી હુલ્લડો થાય છે, કયાંક મોટી આગ લાગે છે, કયાંક રોગચાળો ફાટી નીકળે છે, માનવજીવનની જાણે કશી જ કિંમત ન હોય એવી રદ્દિયાળ રીતે આપણાં વહીવટીતંત્રો કામ કરે છે.

આપણો દેશ અત્યંત વિશાળ અને ગીચ વસ્તીવાળો છે, અને એટલા મોટા પ્રમાણમાં જાન-માલના રક્ષણ માટે સુદ્દઢ સુવિધા કરવાનું સરળ નથી. તો પણ દૃષ્ટિપૂર્વક જો આયોજન થાય તો કશું જ અઘરું નથી. ચીને તે કરી બતાવ્યું છે. પરંતુ એક પક્ષે સરકારી કર્મચારી અને અન્ય પક્ષે લાચાર કે સ્વાર્થી પ્રજાજનોએ ભ્રષ્ટાચાર એટલો વ્યાપક બનાવી દીધો છે કે જાનમાલની સુરક્ષા અને સલામતી માટેના કાયદાઓની બહુ કિંમત રહેતી નથી. પોતાનું ધાર્યું કરાવવાને માટે વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને અન્ય માણસો પુષ્કળ લાંચ આપીને ગેરકાયદે ગણાય એવી જોખમકારક બાબતો ઉપર અધિકારીઓની સહી કરાવી લે છે અને લાલચુ ખાઉધરા અધિકારીઓ નાની-મોટી લાંચ મળતાં ગમે તેવું ખોટું કામ મંજૂર કરતા જરા પણ અચકાતા નથી. એનાં પરિણામો ઘણીવાર બિચારા નિર્દોષ માણસોને ભોગવવાનાં આવે છે. કેટલાકના પ્રાણ અચાનક અકાળે હરાઇ જાય છે.

વિદેશમાં કોઇક વખત ટી. વી. પર કાર્યક્રમ જોઇએ તો એકાદ નાનું બાળક ગુમ થઇ ગયું હોય તો તેની ચિંતાજનક શોધ માટે પોલિસો કેટલો બધો પુરુષાર્થ કરતા હોય છે. મનુષ્યજીવનની તેમને મન કિંમત ઘણી મોટી છે. કોઇક ટેકાણે ઊંચા-નીચાં પગથિયાં હોય અને ત્યાં 'Watch your step'નું પાટિયું ન હોય તો વ્યવસ્થાપકોનો ભારે ઠંડ થાય છે. જેને ટેસ વાગી હોય એવા માણસો નુકસાનીનો દાવો પણ કરે છે. આપણાં મોટાં શહેરોમાં રસ્તાના ખાડાઓને લીધે ટેસ વાગવાથી નુકસાનીનો દાવો બધા જ કરે અને નગરપાલિકાઓ પ્રામાણિકપણે તે જો તરત ચૂકવી આપે તો બાર મહિનામાં બધી નગરપાલિકાઓ પૈસા ખૂટી જતા બધ કરી દેવાનો વખત આવે. વસ્તુતઃ પાશ્ચાત્ય દેશોમાં જાન-માલની સુરક્ષા માટે જેટલી જાગૃતિ અને તકેદારી છે તથા કડક કાયદાઓ અને તેના કડક પાલન માટે જેટલી ચુસ્ત, ત્વરિત અને પ્રામાણિક વ્યવસ્થા છે તેની પાંચ ટકા વ્યવસ્થા પણ ભારતમાં હશે કે કેમ તે સવાલ છે. લોકો પોતાની મેળે સાચવી લે છે અને બચી જાય છે. પરંતુ જાન-માલની સલામતી માટેનું તંત્ર તેમાં કંઇ બહુ કાર્ય સજાગપણે કરતું હોય એવું ઓછું જોવા મળે છે. પરિણામે આપણા દેશમાં છાશવારે દુર્ઘટનાઓના સમાચાર છાપાઓમાં ચમકે છે. તેવું પાશ્ચાત દેશોમાં જોવા મળતું નથી. મુંબઇ જેવા નગરમાં ટ્રેન હેઠળ કચડાઇને કે બસ-મોટરના અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની રોજની જેટલી સરેરાશ સંખ્યા છે તે દુનિયાના મહાનગરોમાં કદાચ સૌથી વધારે હશે. ગરીબી, ગીચ વસ્તી, અજ્ઞાન, નાગરિક શિક્ષણનો અભાવ, ભ્રષ્ટાચાર, અધિકારી વર્ગની બેપરવાઇ વગેરેના કારણે ભારતમાં મોટી દુર્ઘટનાઓનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે.

આમાં રાજદ્વારી કે અન્ય કારણોસર થતી ભાંગફોડિયા પ્રવૃત્તિ પણ કેટલીક વખત જવાબદાર હોય છે. અન્ય પક્ષને નુકસાન પહોંચાડવા કે બદનામ કરવાના આશયથી અનેક નિર્દોષ લોકોના જાન હણી લેવાની પ્રવૃત્તિ કરની એ નરી અધમતા છે.

માણસ સાજોસમો હોય, કામધંધે જતોઆવતો હોય કે ઘરમાં શાંતિથી બેઠો કે સૂતો હોય અને પોતાના કંઇ પણ વાંક કે ભૂલ વગર અચાનક મૃત્યુ પામે એ એક પ્રકારની બદનસીબી છે. કમોતે માણસ મરે એ એક કરુણ ઘટના લેખાય. કયારેક વિચાર આવે કે આવી ઘટનાઓ કેમ બનતી હશે? શું તેનો કોઇ ઉપાય નહિ હોય? વ્યવહાર અને ધર્મની ભૂમિકાએ તેના જુદા જુદા ઉત્તર હોઇ શકે. એવો પણ એક મત પ્રવર્તે છે કે કુદરત પોતાની મેળે વસ્તિનું નિયંત્રણ કરી લે છે. પૂર, ધરતીકંપ, રોગચાળો, લડાઇ વગેરેનાં કારણે

અચાનક મોટી સંખ્યામાં માનવસંહાર થાય છે. અને વસતિનું પ્રમાણ ઘટતાં થોડી સમતુલા જળવાય છે. આ કુદરતી આપત્તિઓ કોણ મોકલતું હશે? શું તેની સામે રક્ષણની વ્યવસ્થા ન થઈ શકે? શું એની પાછળ ઈશ્વરનો કોઈ સંકેત હશે? કે શું કર્મની કોઈ લીલા હશે? પાપનો ભાર જ્યારે વધી જાય ત્યારે જ શું આમ બનતું હશે? આવી વિવિધ વિચારણા ધાર્મિક અને સામાજિક એવા વિભિન્ન સ્તરે થાય છે. ભારતના સામાન્ય લોકો પ્રારબ્ધમાં વિશેષ માનતા હોવાથી આવી ઘટનાઓ વખતે માથે હાથ દઈને બેસી રહે છે. 'જેવી ભગવાનની મરજી' એમ કહીને ધર્મના નામે આશ્વાસન લે છે પરંતુ એથી સમસ્યાનો વ્યવહારુ ઉકેલ જલ્દી આવતો નથી.

ભારતમાં ગરીબ લોકોનું પ્રમાણ ઘણું મોટું છે. અને અને કેટલાક રાજદ્વારી નેતાઓ માનવતાને નામે ગરીબો પાસે કાયદાઓનું ઉલ્લંઘન કરાવે છે. તેમનો પક્ષ સત્તા સરકાર સામે વિરોધ કરે છે અને સરકારીતંત્ર કેટલીકવાર લાચાર બની જાય છે. લાચાર ન બને તો પણ સરકારી વહીવટીતંત્રમાં હવે તો એટલી બધી જડતા વ્યાપી ગઈ છે કે 'ઓછું કામ એટલે ઓછી જવાબદારી'નો સિદ્ધાંત ત્યાં વ્યાપકપણે પ્રવર્તવા લાગ્યો છે. બેપરવાઈ અને દંડાઈ વધી છે. ઉપરી અધિકારીઓ પણ હાથ જોડીને બેસી રહે છે. કોઈને સાચી શિક્ષા થાય તો પણ યુનિયનો હડતાલ પર ઊતરે છે. આમ બધી જ રીતે બધાં જ સરકારી ખાતાંઓમાં વહીવટીતંત્ર અત્યંત કથળેલું નજરે પડે છે. એમાં ક્યારેક કાર્યદક્ષતા જોવા મળે તો આનંદ આનંદ થાય છે, જાણે કે અનપેક્ષિત કોઈ સુંદર અનુભવની પ્રાપ્તિ ન થઈ હોય! જે સહજ હોવું જોઈએ તે હવે વિરલ થતાં સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. આવી જ્યાં સ્થિતિ હોય ત્યાં પોતાની પ્રગતિશીલ દૃષ્ટિથી પોતાની સત્તા વાપરીને અધિકારીઓ સરસ નવા કાંઈ ફેરફારો કરે એવા સ્વપ્નાં સેવવાનો વખત પ્રજાજનને માટે તો ક્યારે આવવાનો? પ્રજામાં પણ શિથિલતા, જાગૃતિનો અભાવ, પોતાની ફરજો માટેની સભાનતાનો અભાવ વગેરે તો વધતાં ચાલ્યા છે. પરંતુ સામાન્ય પ્રજાજનોમાં પણ અસ્વચ્છતા, અપ્રામાણિકતા, છેતરપિંડી, બેઈમાની, અણહકનું મેળવી લેવાની વૃત્તિ, કાયદાના પાલન પ્રત્યે બેદરકારી, પોતાનો સ્વાર્થ સાધી લેવાની તત્પરતા, હાલતાં ચાલતાં તકરાર અને મારામારી વગેરે દુર્ગુણો પુષ્કળ પ્રમાણમાં વધ્યા છે, અને પોષાય છે. પરિણામે પાપનો ભાર ભારતીય પ્રજામાં અનહદ વધતો જાય છે એવું કેટલાક સમાજચિંતકો અને ધર્મચિંતકોને લાગે છે.

કરેલા પાપ માણસને મોડા વહેલાં ભોગાવવાનાં અચૂક આવે છે. એવી ભારતીય માન્યતા છે. પાપના ઉદય વગર આવી દુર્ઘટનાઓ બને નહિ એમ મનાય છે. એક સાથે એક જ વખતે મનુષ્ય કે પ્રાણીઓનો મોટો સમુદાય મૃત્યુ પામે ત્યારે તેનું સામુદાયિક પાપકર્મ ઉદયમાં આવ્યું એમ મનાય છે. માટે આવી દુર્ઘટનાઓ અને આ પ્રકારનાં કુમરણ વધતાં જવાનો એવી નિરાશા કેટલાક લોકો સેવે છે.

આ તો ધાર્મિક માન્યતાઓની વાત થઈ. પરંતુ વ્યવહાર દૃષ્ટિએ તો પ્રજામાં જેમ જેમ શિસ્ત વધે, કાયદાઓને માન આપવાની વૃત્તિ વધે, જવાબદારી માટેની સમાનતા વધે તો પરિસ્થિતિ વધારે સ્વચ્છ થાય. ધાર્મિક દૃષ્ટિએ કહેવાતા પાપો ઘટે તો વ્યવહારુ દૃષ્ટિએ પણ દુર્ઘટનાઓ અને કુમરણનું પ્રમાણ ઘટે અને લોકોની સુખાકારી વધે.

આવડા મોટા દેશમાં, આટલી ગીચ વસતિમાં એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું સરળ નથી. ગાંધીજીએ સમગ્ર દેશને જાગૃત અને સભાન કર્યો, રચનાત્મક કાર્યક્રમો આપ્યા. ત્યાગ, સાદાઈ અને પ્રામાણિકતાની ભાવના વધારી, ઠેરઠેર અનેક સ્થાનિક આદરણીય નેતાઓનું સર્જન કર્યું અને આખા દેશની તાસીર બદલાવી નાખી.

વર્તમાન સમયમાં પ્રધાનો, સરકારી અધિકારીઓ, રાજદ્વારી નેતાઓ, ઉદ્યોગપતિઓ વગેરે બધાં જ જ્યાં સ્વાર્થાંધ બની ભ્રષ્ટાચારમાં ગળાડૂબ થયેલા છે ત્યાં કોણ કોની આગળ ફરિયાદ કરે? સૌને સદ્‌બુદ્ધિ સાંપડે એવી પ્રાર્થના જ કરવી રહી.

માનવ રાહતફંડ

ભોપાળમાં ઝેરી ગેસની દુર્ઘટનાના કારણે ૨૦૦૦ થી પણ વધુ માનવો મરણને શરણ થયા છે. કેટલાંય કુટુંબો વેર-વિખેર અને નિરાધાર થઈ ગયા છે. એમના પર આવી પડેલી આવી અણધારી વિપત્તિમાં એમની પડખે ઊભા રહેવું તે આપણા સૌની પ્રથમ ફરજ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ભોપાળની આ દુર્ઘટના નિમિત્તે માનવ રાહતનિધિ સંચય કરવાનું નક્કી કર્યું છે, જેમાં આ છપાય છે ત્યાં સુધીમાં એટલે કે તા. ૧૩-૧૨-'૮૪ સુધીમાં નીચે પ્રમાણે 'સંઘ'ના ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિના સભ્યો, શુભેચ્છકો અને આજીવન સભ્યો તરફથી આર્થિક સહયોગ મળ્યો છે.

૫૦૦૦/- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૫૦૦૦/- મે. નવનીત પ્રકાશન કેન્દ્ર
૧૦૦૧/- શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦૧/- ,, ચંપાબેન લક્ષ્મીચંદ વોરા હ. રજનીભાઈ
૧૦૦૧/- ,, મુકુન્દભાઈ ગાંધી
૧૦૦૧/- ,, મે. સેવંતિલાલ કાંતિલાલ એન્ડ કું. હ. જયંતીલાલ પી. શાહ
૧૦૦૧/- ,, એ. જે. શાહ
૧૦૦૧/- ,, શૈલેશભાઈ કોઠારી
૧૦૦૧/- ,, વસનજી લખમશી શાહ
૧૦૦૦/- ,, બિપિનભાઈ કે. જૈન
૧,૦૦૦- ,, એ. આર. શાહ એચ. યુ. એફ.
૫૦૦/- ,, ડૉ. રમણલાલ ચી. શાહ
૫૦૦/- શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૦/- શ્રી કે. પી. શાહ
૫૦૦/- ,, પ્રવીણભાઈ કે. શાહ
૫૦૦/- ,, સુબોધભાઈ એમ. શાહ
૫૦૦/- ,, ગણપતભાઈ મ. ઝવેરી
૫૦૦/- ,, રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦/- ,, છેડા જ્વેલરી માર્ટ હ. પન્નાલાલ છેડા
૫૦૦/- શ્રી જયંતીલાલ ફત્તેચંદ શાહ
૫૦૦/- મે. જય ફાર્મા કું.
૨૫૧/- શ્રી શાંતિલાલ દેવજી નંદુ
૨૫૧/- ડૉ. ધનવંત તિ. શાહ
૨૫૧/- શ્રી દેવચંદ રવજી ગાલા
૨૦૧/- શ્રી ઉષાબેન મહેતા
૧૫૧/- શ્રીમતી જયાબેન ટી. વીરા
૫૧/- શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ

રૂ. ૨૫,૧૬૩/-

લોકશાહીમાં સ્વસ્થ પ્રજામત

ચી. ના. પટેલ

લોકશાહી એટલે સામાન્ય રીતે બહુમતીનું રાજ્ય એમ મનાય છે. પણ આ લોકશાહીની ખોટી કે અધૂરી વ્યાખ્યા છે. લોકશાહી એટલે કોઇ એક વ્યકિત કે વર્ગનું રાજ્ય નહિ પણ સમગ્ર લોકનું રાજ્ય, લોકની ઇચ્છા પ્રમાણે લોકોના પ્રતિનિધિઓ દ્વારા લોકના હિતમાં ચાલતું રાજ્ય, Government of the people, by the people, for the people. પણ લોકના બે રૂપ હોય છેઃ સ્વાર્થ, રાગદ્વેષ ને અજ્ઞાનથી મૂઢ બનેલા સમુદાયનું, અને પોતાની સ્વતંત્ર વિવેક. બુદ્ધિથી સારાનરસાનો નિર્ણય કરતા લોકસમાજનું. લોકશાહી એટલે એવા લોકસમાજની વિવેકબુદ્ધિ પ્રમાણે ચાલતું રાજ્ય. પ્રખ્યાત ફ્રેન્ચ લેખક રૂસોએ લોકસમાજની એવી સર્વસામાન્ય વિવેકબુદ્ધિને general will તરીકે ઓળખાવી હતી. લોકશાહીને શુદ્ધ રાખવી હોય તો એ general will ને કાળજીપૂર્વક કેળવવી જોઇએ, ગાંધીજીએ એક પ્રસંગે લખેલું કે public opinion is a great power when it is not artificially manufactured (મને શબ્દશઃ વિધાન યાદ નથી, પણ અર્થ મેં આપ્યો છે તે હતો, અને artificially manufactured શબ્દો તેમાં હતા જ.) લોકોને ઉશ્કેર્યા વિના તેમને શાંત સ્વસ્થ ચિત્તે જાહેર પ્રશ્નો વિશે વિચાર કરવા કેળવવા જોઇએ. જાહેર જીવનમાં અહિંસાની મર્યાદા પાળીને જ એમ થઇ શકે.

આવી નૈતિક દૃષ્ટિએ સ્વચ્છ ને શુદ્ધ લોકશાહી હજુ કોઇ દેશે વિકસાવી નથી. પણ એમ કહી શકાય કે કંઇક અંશે ઇંગ્લેન્ડની લોકશાહીએ એ આદર્શની મર્યાદા પાળી છે. પ્રજામત કેળવવાની તેની રીત અઢારમી સદીની શરૂઆતથી વિકસી. સત્તરમી સદી, પહેલાં રાજા ને પાર્લામેન્ટ અને પછી ઉમરાવવર્ગ ને મધ્યમવર્ગ વચ્ચે સંઘર્ષની હતી. તે સંઘર્ષમાં મધ્યમવર્ગે ચોપાનિયાંનો ખૂબ ઉપયોગ કેળવ્યો હતો. એ ચોપાનિયાંનો મિજાજ આક્રમક રહેતો. એ વર્ગવિગ્રહને પરિણામે ૧૬૪૦ થી ૧૬૪૮ નાં આઠેક વર્ષ લોહિયાળ ક્રાંન્તિ થઇ અને તેમાં હારેલા રાજાને ફાંસી આપવામાં આવી. ક્રાંન્તિકારોનું રાજ્ય બાર વર્ષથી વધારે ન ચાલ્યું, અને ૧૬૬૦ માં રાજાશાહી પાછી આવી. પણ તેય એક પેઢીથી વધારે ન ચાલી. સને ૧૬૮૮ માં બીજી લોહી વિનાની ક્રાંન્તિ થઇ અને રાજગાદી છોડી ફ્રાન્સ નાસી ગયેા. તે વર્ષથી ઇંગ્લેન્ડની લોકશાહીનો આરંભ થયો ગણાય છે.

નાસી ગયેલા રાજાને સ્થાને ક્રાન્તિકારોએ હોલન્ડના રાજાને આમંત્રણ આપી ગાદીએ બેસાડ્યો અને તેની પાસે પ્રજાના હકોને માન આપવાનું હકપત્ર સ્વીકારાવ્યું. રાજ્યનાં સૂત્રો ઉમરાવવર્ગના હાથમાં રહ્યાં. પણ તેમનામાં બે પક્ષ પડી ગયા હતા. એક વર્ગ જે વ્હિગ કહેવાયો, તે ૧૬૮૮ ની ક્રાંન્તિને વફાદાર હતો, અને બીજો, જે ટોરી કહેવાયો, તેણે ક્રાંન્તિને અંતરથી સ્વીકારી નહોતી અને તક મળે તો નાસી ગયેલા રાજાને પાછો લાવવાની આકાંક્ષા રાખતો. બે પક્ષને એકબીજા સાથેની હરીફાઇમાં મધ્યમવર્ગના ટેકાની જરૂર પડી, અને એમ મધ્યમવર્ગમાં પ્રજામત કેળવવાની જરૂર ઊભી થઇ. એમાં ટોરી પક્ષે સ્વિફ્ટ અને વ્હિગ પક્ષે સ્ટીલ અને એડિસન, એ ત્રણ પ્રખ્યાત ગદ્ય લેખકોએ મુખ્ય ભાગ ભજવ્યો. સ્વિફ્ટની શૈલી સત્તરમી સદીના ચોપાનિયાં લેખકોના જેવી આક્રમક હતી, પણ સ્ટીલ ને એડિસને એમના ટેટ્લર ને સ્પેકટેટર નામનાં ચોપાનિયામાં પ્રજામત કેળવવાની એક નવી, શાંત ને વિનયી રીત વિકસાવી. પછીના સમયમાં સ્વિફ્ટની આક્રમક વાગ્યુદ્ધની રીત ચાલુ રહી, પણ સ્ટીલ ને એડિસનની શૈલીના અંગ્રેજ માનસ ઉપર ઊંડા સંસ્કાર પડ્યા અને એ સંસ્કારોએ ઇંગ્લેન્ડની લોકશાહીને સ્વસ્થ રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

અઢારમી સદીને અંતે ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઇ. તેણે મધ્યમવર્ગની આર્થિક સમૃદ્ધિ ખૂબ વધારી અને એ વર્ગ રાજસત્તામાં પણ હિસ્સો માગતો થયો. ઉમરાવવર્ગે તેની માગણીનો સખત વિરોધ કર્યો, અને બે વચ્ચે વર્ગવિગ્રહની સ્થિતિ ઊભી થઇ. પણ ઉમરાવવર્ગે ડહાપણ વાપરીને નમતું જોખ્યું અને ૧૮૩૨માં પાર્લામેન્ટનો સુધારો કરી તેમાં મધ્યમવર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ આપ્યું. એ સાથે ઇંગ્લેન્ડમાં મધ્યમવર્ગની ભદ્ર સંસ્કૃતિનો યુગ શરૂ થયો. એ સંસ્કૃતિના બીજાં દૂષણો હશે, પણ તેણે સમાજ-વ્યવહારમાં બુદ્ધિની પ્રતિષ્ઠા કરી. મધ્યમવર્ગની આર્થિક સમૃદ્ધિ અઢારમી સદીમાં વિકસેલા વિજ્ઞાને આપી હતી, અને તેથી એ વર્ગના ચિંતકોમાં બુદ્ધિની શકિત ઉપર ખૂબ શ્રદ્ધા ઉત્પન્ન થઇ. તેઓ માનતા થયા કે બુદ્ધિએ પ્રકૃતિ ઉપર વિજય મેળવી ભૌતિક સુખસગવડો વધારી હતી તે જ પ્રમાણે તે તે માણસજાતની નૈતિક પ્રગતિ પણ સાધશે. અને જીવનનાં સર્વ ક્ષેત્રોમાં શાંતિ ને સહકારનો યુગ સ્થાપશે, એ ચિંતકોનાં લખાણોએ ઇંગ્લેન્ડમાં અનેક સામાજિક, ધાર્મિક, રાજકીય ને આર્થિક સુધારાઓ પ્રેર્યા.

ઓગણીસમી સદીની અંગ્રેજ લોકશાહી બુદ્ધિશકિત ઉપરની આવી શ્રદ્ધાના વાતાવરણમાં વિકસી. તેમાં જાહેર પ્રશ્નો ઉપર છાપાંઓ ને ચૂંટણીસભાઓ દ્વારા પ્રજામત કેળવાતો અને ચર્ચાઓમાં સામાન્ય રીતે સભ્યતાની મર્યાદા જળવાતી. મજૂરોની આર્થિક ને રાજકીય માગણીઓનાં આંદોલનો પણ એવી મર્યાદામાં ચાલતાં. સને ૧૮૪૦ થી ૧૮૪૮ના ગાળામાં વાતાવરણ ઉગ્ર બન્યું હતું, પણ તે ઉગ્રતા હિંસામાં ફાટી નીકળ્યા વિના શમી ગઇ. ત્રીસ વર્ષ પછી, સને ૧૮૮૫ ની આસપાસ, મજૂરોનું એક સરઘસ નીકળ્યું હતું અને તેમાં, આપણે અહીં કયારેક થાય છે એવી પથ્થરબાજી શરૂ થઇ હતી. પણ સરકારે લશ્કરની મદદથી સખત હાથે સરઘસને વિખેરી નાખ્યું. તે પછી ઇંગ્લેન્ડમાં જાહેર આંદોલનોમાં ભાગ્યે જ ઉગ્ર હિંસાનો આશ્રય લેવાયો છે. વીસેક વર્ષ પછી સ્ત્રીઓ માટે મતાધિકારનું આંદોલન ચાલ્યું તેમાં કયારેક હિંસા આચરાઇ હતી, પણ ભારતમાં અને છે તેની સરખામણીમાં તે નજીવી હતી અને જાહેર પ્રજામતનો તેને બિલકુલ ટેકો મળ્યો નહોતો. સુધારા માટે પ્રજામત કેળવવા એક બાજુથી મૂડીવાદનાં અનિષ્ટો વિશે વ્યાપક પ્રચાર ચાલતો રહ્યો અને બીજી બાજુ અવાર-નવાર મજૂરોએ શાંતિમય વ્યવસ્થિત હડતાળોનો આશ્રય લીધો. પરિણામે આજે, ૧૮૩૨ ના મધ્યમવર્ગી રાજકીય સુધારા પછી દોઢસો વર્ષે ઇંગ્લેન્ડમાં સામાજિક ને આર્થિક ન્યાયની ભાવનાઓ દૃઢ થઇ છે અને રાજકીય લોકશાહી બીજા દેશોના પ્રમાણમાં સ્વસ્થ ને સ્વચ્છ રહી છે.

ઇંગ્લેન્ડથી લોકશાહી ભાવનાઓ અઢારમી સદીમાં અમેરિકા ને ફ્રાન્સ ગઇ, અને ફ્રાન્સ દ્વારા આખા યુરોપમાં ફેલાઇ. એ બધા દેશોમાં લોકશાહી રાજકીય પરિવર્તનો હિંસા દ્વારા થયાં, પણ રાજકીય લોકશાહી સ્થપાયા પછી બીજા, સામાજિક ને આર્થિક સુધારાઓ, ઇંગ્લેંડમાં બન્યું તેમ શાંતિમય પ્રચાર દ્વારા થયા.

ભારતમાં પણ અંગ્રેજી શિક્ષણ દ્વારા લોકશાહી ભાવનાઓ આવી. તે ઓગણીસમી સદીના ઇંગ્લેન્ડના બુદ્ધિપ્રધાન સુધારાવાદી સંસ્કારની હતી અને દેશના નેતાઓએ પહેલાં ધાર્મિક ને સામાજિક ને પછીથી રાજકીય સુધારાઓ માટે ઇંગ્લેન્ડમાં પ્રચલિત બનેલી પ્રચારરીતિઓનો આશ્રય લીધો. સામાજિક સુધારાઓનાં આંદોલનો ઠીકઠીક સફળ થયાં, પણ રાજકીય સુધારાની પ્રગતિ બહુ ધીમી રહી. આર્થિક સુધારાની તો કલ્પના પણ ગાંધી યુગના ઉદય પછી આવી. ઇંગ્લેન્ડના મધ્યમવર્ગને ને પોતાના જ લોહીના (અનુક્રમે) ઉમરાવવર્ગ ને મધ્યમ વર્ગ સાથે કામ લેવાનું હતું. તેમની સામે બૌદ્ધિક દલીલોનો પ્રચાર ને હડતાળોની રીત કારગત નીવડી. ભારતના નેતાઓને પરદેશી રાજકર્તાઓ સાથે કામ લેવાનું હતું. એ રાજકર્તાઓ ભારત ઉપરનો પોતાનો કબ્જો ઢીલો ન થવા દેવાના નિશ્ચયમાં દૃઢ હતા. અને ભાષણો, ઠરાવો ને વિનંતી-પત્રોથી તેઓ માની જાય એમ નહોતું. વળી ભારત સાથેના વેપારથી સમૃદ્ધ થયેલી બ્રિટિશ પેઢીએ પણ સરકારને ઉદાર બનવા દે એમ નહોતું. બીજી બાજુ દેશનો શિક્ષિત વર્ગ અંગ્રેજી અમલદારોની આપખુદી ને તુમાખી લાંબો સમય સહન કરી શક્યો નહિ. તેમની પ્રવર્તાયેલી સ્વમાન ભાવનામાંથી ટિળકનું ઉદ્દામવાદી રાજકારણ જન્મ્યું, અને પહેલાં મહારાષ્ટ્રમાં ને પછી બંગાળમાં પ્રચાર પામ્યું. તેની રાજકર્તાઓ ને પ્રજા બન્ને ઉપર અવળી અસર થઇ. રાજકર્તાઓ વધુ દુરાગ્રહી ને આપખુદ બન્યા અને દમનનીતિનું જોર વધ્યું, અને પ્રજામાં હિંસાનો મિજાજ ફેલાવા માંડ્યો, જે ક્રાન્તિવાદી હિંસક પ્રવૃત્તિઓમાં પ્રગટ થયો.

ઇંગ્લંડ સહિત પશ્ચિમના બધા દેશોમાં રાજકીય લોકશાહી વધતા ઓછા પ્રમાણમાં હિંસક ક્રાંતિઓ દ્વારા સ્થપાઇ હતી. ભારતમાં પણ બંગાળની ત્રાસવાદી પ્રવૃત્તિ તત્કાળ પૂરતી સફળ થઇ. તેના ભયે બ્રિટિશ સરકારે દેશના વિનીત નેતાઓને પોતાના પક્ષે રાખવા થોડા રાજકીય સુધારાઓ આપ્યા અને ત્રાસવાદી પ્રવૃત્તિઓને જન્મ આપનાર બંગાળના ભાગલા રદ કર્યા. પણ એ પ્રવૃત્તિઓએ જે આક્રમક મિજાજ ઉત્પન્ન કર્યો તેણે લાંબે ગાળે દેશને નુકસાન કર્યું. આક્રમક મિજાજ ને હિંસા ચેપી રોગ જેવાં છે તે પ્રજાના વધુ ને વધુ મોટા વર્ગમાં ફેલાતાં જાય છે અને એક કે બીજા રૂપે પ્રગટ થાય છે. પશ્ચિમના લોકશાહી દેશો એમના પોતાના આંતરિક વ્યવહારોમાં શાંતિમય નીતિરીતિઓની મર્યાદા પાળે છે, પણ હિંસાવૃત્તિએ એમનામાં એવાં ઊંડાં મૂળ નાખ્યાં છે કે લગભગ બે સદીથી એ પ્રજાઓ બિન યુરોપીય પ્રજાનું ક્રૂર શોષણ કરતી આવી છે અને બે વિશ્વયુદ્ધો લડયા પછી આજે પોતાની એ શોષણખોર સંસ્કૃતિનું રક્ષણ કરવા એટમ બોમ્બ દ્વારા પૃથ્વીની સપાટી ઉપરથી સમગ્ર જીવનનો નાશ કરવા પણ તૈયાર થઇ છે. રશિયાએ રાજકીય, સામાજિક, ને આર્થિક ક્રાંતિ માટે પશ્ચિમના લોકશાહી દેશો કરતાં પણ વધુ હિંસાનો આશ્રય લીધો છે, અને પરિણામે એના સ્વભાવમાં પણ હિંસાવૃત્તિ દૃઢ બની ગઇ છે અને તેના રાજકર્તાઓ પશ્ચિમના લોકશાહી દેશોના રાજકર્તાઓ સાથે પૃથ્વી ઉપરથી માણસજાતનો નાશ કરવાની પ્રવૃત્તિમાં સહકાર કરી રહ્યા છે. ભારતમાં રાજકીય હેતુ માટે આચરેલી હિંસાનું પરિણામ ઊલટું આવ્યું છે. પરદેશો સાથેના વ્યવહારમાં તે શાંતિની નીતિરીતિઓમાં માને છે, પણ પોતાના આંતરિક વ્યવહારોમાં વર્ગ વર્ગ વચ્ચે વેરઝેર એટલાં વધી ગયાં છે કે સ્વાતંત્ર્ય-લડત દરમિયાન રાજકીય એકતાની જે કંઇ ભાવના કેળવાઇ હતી તે ભયમાં આવી પડી છે.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા, તે સમયથી દેશમાં હિંસક રાજકીય પ્રવૃત્તિઓના આવા પરિણામનો ભય જોયો હતો. સને ૧૯૦૮ના એપ્રિલ માસમાં બંગાળમાં પહેલું ત્રાસવાદી ખૂન થયું. અને ત્રણ માસ પછી ઓગષ્ટમાં લોકમાન્ય ટિળકને રાજદ્રોહ માટે ૭ વર્ષની સજા થઇ તે બંને પ્રસંગે તેમણે 'ઇન્ડિયન ઓપિનિયન'માં દક્ષિણ આફ્રિકાના હિંદીઓને ચેતવ્યા હતા. પહેલા પ્રસંગે તેમણે લખ્યું હતું: 'રશિયાની પદ્ધતિ હિંદમાં દાખલ થઇ એ ઉપરથી આપણે રાજી થવાનું નથી...આવા બનાવોથી લોકો પોતાનું કર્તવ્ય ભૂલશે એવો સંભવ છે. હકો મેળવવાના જે સહેલા ને સીધા રસ્તા છે.'– પ્રજાજીવનની શુદ્ધિ કરી સ્વરાજ્ય ને દૃઢ પ્રજામત કેળવવાના–'તે ભુલાઇ જશે ને છેવટે જે ઉપાયો હાલ પારકાની સામે વાપર્યા માનીએ છીએ તે આપણી જ સામે વપરાશે.' બીજા પ્રસંગે તેમણે લખ્યું હતું: 'અંગ્રેજી રાજ્ય ઉખેડવામાં જ હિંદનું ભલું નથી. અંગ્રેજી રાજ્ય ઉખેડવામાં જોર વાપરવું, મારામારી કરવી એ નુકસાનકારક છે, અને વગર જરૂરનું છે... હકો તો એક ગુલામીમાંથી બીજી ગુલામીમાં જશે.' બીજે વર્ષ, ૧૯૦૯ના જુલાઇ માસમાં ગાંધીજી દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્નો અંગે ઇંગ્લેન્ડ ગયા હતા ત્યારે તેઓ પહોંચ્યા તે પહેલાં થોડા દિવસ અગાઉ કોઇ પંજાબી યુવાને એક અંગ્રેજ અમલદારનું ખૂન કર્યું હતું. તે પ્રસંગે વળી તેમણે લંડનથી 'ઇન્ડિયન ઓપિનિયન'માં લખ્યું: 'આવા ખૂનથી અંગ્રેજો કદી હિંદુસ્તાનમાંથી જશે તો પછી રાજ્ય કોણ કરશે? જવાબ તો એ જ આવે કે ખૂનીઓ જ રાજ્ય કરશે. એવા રાજ્યની અંદર હિંદુસ્તાન વેરાન ને પાયમાલ થઇ જાય.'

ગાંધીજીના સત્યાગ્રહે દેશને આક્રમક હિંસક મિજાજનાં એવાં આત્મઘાતી પરિણામોમાંથી બચાવ્યો, પણ તે પૂરો ન બચ્યો. અહિંસક સત્યાગ્રહની સાથે સાથે હિંસક પ્રવૃત્તિઓ ચાલુ રહી, અને સત્યાગ્રહ આંદોલનોની અહિંસા પણ કાચી રહેતી. સને ૧૯૨૦–૨૨ ના અસહકાર આંદોલન દરમિયાન એટલી બધી પ્રત્યક્ષ હિંસા આચરાઇ કે ૧૯૨૨ ના ફેબ્રુઆરી માસમાં ચૌરીચોરાના હત્યાકાંડ પછી ગાંધીજીએ લડત પાછી ખેંચી લીધી. પ્રત્યક્ષ હિંસાની સાથે સૂક્ષ્મ (વિચાર ને વાણીની) હિંસા પણ ઉગ્ર પ્રમાણમાં આચરાતી હતી. તે વખતે ગાંધીજી એ હિંસા નહોતા સમજ્યા, પણ બેત્રણ વર્ષ પછી, ૧૯૨૪ માં, હિંદુ-મુસ્લિમ રમખાણો શરૂ થયાં ત્યારે તેમને લાગ્યું, અને જાહેરમાં તેમણે કબૂલ્યું, કે અસહકારના આંદોલનમાં જે હિંસક મિજાજ ફેલાયો હતો તે હવે રમખાણો રૂપે પ્રગટ થતો હતો. બંગભંગના આંદોલનમાં રવીન્દ્રનાથ

ઠાકુરને પણ એવી જ હિંસાની ગંધ આવી હતી અને તેથી થોડો સમય તેમાં ભાગ લઇ તેઓ આંદોલનથી તટસ્થ થઇ ગયા હતા.

સને ૧૯૩૦ ને ૧૯૩૨ની સવિનય કાનૂન ભંગની લડતોમાં પ્રત્યક્ષ પ્રમાણમાં ઘણી ઓછી રહી હતી, પણ સૂક્ષ્મ હિંસા અસહકારના આંદોલન દરમિયાન હતી તેટલી નહિ તોય સારી માત્રામાં આચરાઇ હતી. એટલે ગાંધીજીએ ૧૯૩૪માં લડત પાછી ખેંચી લીધી અને દેશમાં વધુ શુદ્ધ અહિંસા પ્રગટાવવા પોતે ગ્રામોદ્યોગોના ઉદ્ધારના કાર્યક્રમમાં રોકાઇ ગયા. એક વર્ષ પછી ૧૯૩૫ના ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટથી કાચું પાકું પ્રાંતિક સ્વરાજ્ય મળ્યું તેનો ઉપયોગ કરવા ઇચ્છનાર કૉંગ્રેસ નેતાઓને ગાંધીજીએ તેમ કરવાનું ઉત્તેજન આપ્યું અને તેમાં તેમને મદદ પણ કરી. પણ લગભગ ચાલીસ વર્ષથી દેશના રાજકારણમાં જે ઉદ્દામવાદી મિજાજ ફેલાતો જતો હતો, તેણે હવે બે રૂપ લીધાં : કોમવાદી આક્રમકતાનું ને આર્થિક વર્ગવિગ્રહનું. સત્તા બે વર્ષ ચાલેલા પ્રાંતિક સ્વરાજના પ્રયોગ દરમિયાન એ બંને પ્રકારની હિંસાવૃત્તિએ જોર પકડયું, અને ગાંધીજીએ વલ્લભભાઇને એક પત્રમાં લખ્યું હતું તેમ દેશમાં 'તોફાની પવન' શરૂ થયો. એ પવનનું પરિણામ. ૧૯૩૯ના માર્ચની ત્રિપુરી કૉંગ્રેસમાં એક બાજુ સુભાષ બોઝ ને તેમના પક્ષકારો અને બીજી બાજુ વલ્લભભાઇ ને કૉંગ્રેસના બીજા જૂના નેતાઓ વચ્ચે વૈમનસ્ય થયું, અને એક વર્ષ પછી ૧૯૪૦ના માર્ચ માસમાં મુસ્લિમ લીગે પાકિસ્તાન માટે આક્રમક ને ઝનૂની પ્રચાર કર્યો, એમાં આવ્યું.

સૂક્ષ્મ હિંસા ને પરસ્પર વેરઝેરના એ વાતાવરણમાં, ૧૯૩૯ના સપ્ટેમ્બર માસમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે જયપ્રકાશ ને સુભાષ બોઝનું ખૂન દબાણ હોવા છતાં બ્રિટિશ સરકાર સામે સત્યાગ્રહ કરવાની ગાંધીજીની બિલકુલ ઇચ્છા નહોતી. તેમણે વારંવાર કહ્યું હતું કે સત્યાગ્રહને પરિણામે વર્ગવર્ગ વચ્ચે વેરઝેર વધશે અને અંધાધૂંધી ફેલાશે અને તેમાંથી સ્વરાજ નહિ મળે. ૧૯૪૧ના ડિસેમ્બરમાં જાપાન યુદ્ધમાં જોડાતાં પરિસ્થિતિ બદલાઇ અને આપદ્ધર્મ તરીકે ગાંધીજીએ બ્રિટિશોને હિંદ છોડાવવાની લડત ઉપાડી. એ લડતમાં સરકાર ને પ્રજા બંને પક્ષે ખૂબ હિંસા આચરાઇ. ગાંધીજીએ એ હિંસા માટે મોટા ભાગનો દોષ સરકારને આપ્યો હતો, પણ ૧૯૪૪ના મે માસમાં જેલમાંથી છૂટયા પછી તેઓ પ્રજાની હિંસાનું પ્રમાણ પણ સમજ્યા હતા. ખાસ કરીને બિહારમાં અસામાજિક તત્ત્વો લડતમાં વ્યાપક પ્રમાણમાં જોડાયાં હતાં. અને બે વર્ષ પછી ૧૯૪૬ના ઓક્ટોબરમાં નોઆખલીના અત્યાચારોના પ્રત્યાઘાત રૂપે બિહારમાં તેનાથી પણ વધુ ક્રૂર અત્યાચારો થયા તેનો દોષ ગાંધીજીએ ૧૯૪૨ની લડતમાં ઉત્તેજન પામેલાં એ અસામાજિક તત્ત્વોને આપ્યો હતો. એ પછી તો ૧૯૪૭-૪૮માં શરૂ થયેલો 'તોફાની પવન' વાવંટોળ બની ગયો જેણે હિંદુ-મુસ્લિમ-શીખોની માનવતાનાં મૂળ લગભગ ઉખાડી નાખ્યાં. ગાંધીજીની અહિંસાએ દેશને એ સર્વનાશકારી પરિણામના ભયમાંથી તત્કાલ પૂરતો બચાવી લીધો, પણ સ્વરાજનાં ૩૭ વર્ષ દરમિયાન જૂનો 'તોફાની પવન' જુદાં જુદાં નિમિત્તે વાતો રહ્યો છે. પંજાબમાં છેલ્લા થોડા માસ દરમિયાન જે બન્યું છે તે એ પવનની છેલ્લામાં છેલ્લી લીલા છે. એનાં શું પરિણામ આવશે તે ભવિષ્યના ગર્ભમાં છે. દેશના રાજકીય નેતાઓ ને શિક્ષિતો ચેતશે અને પ્રત્યક્ષને સૂક્ષ્મ બન્ને પ્રકારની હિંસાનો ત્યાગ કરી સ્વસ્થ લોકશાહીના વિકાસ માટે પ્રજા-જીવનના વાતાવરણને શાંતિમય બનાવશે, કે જે આંતરિક પરિસ્થતિનો લાભ લઇ બ્રિટિશોએ ભારતમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું તેનું પુનરાવર્તન થશે ?

સાભાર સ્વીકાર

શિશુ વિહાર, કૃષ્ણનગર, ભાવનગરનાં પ્રકાશનો

(૧) એકયુપ્રેસર દ્વારા અંધત્વ નિવારણ લે. દેવેન્દ્ર કે. વોરા કિંમત ૦-૫૦ (૨) ઉપાસના લે. ચંપકલાલ ત્રિભોવનદાસ ત્રિવેદી મૂલ્ય રૂા. ૪-૫૦

પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, શાંતિ નિકેતન, મું. **તીથલ.**નાં પ્રકાશનો.

(૧) ક્ષમાપના : લે. મુનિશ્રી જિનચંદ્રવિજયજી કિં. રૂા. ૩-૦૦

(૨) આતમ વિંઝે પાંખ : લે. મુનિશ્રી મુનિચંદ્રવિજયજી કિં. રૂા. ૩-૦૦

(૩) સમર્પણની સુવાસ : લે. મુનિશ્રી જિનચંદ્રવિજયજી કિં. રૂા. ૪-૦૦

લેખક શ્રી રતિલાલ અંધેર્યું, ૩, દત્ત સોસાયટી, અમદાવાદ-૭નાં પ્રકાશનો:

(૧) રવિશંકર મહારાજ કિં. રૂા. ૨-૦૦ (૨) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક કિં. રૂા. ૨-૦૦ (૩) શ્રી ઠેબરભાઇ કિં. રૂા. ૨-૦૦ શ્રી બબલભાઇ મહેતા કિં. રૂા. ૨-૦૦

અન્ય પ્રકાશનો :

યોગદૃષ્ટિ સમુચ્ચય ભા. ૧ વ્યાખ્યાતા પૂ. આ. શ્રી વિજય-ભુવનભાનુસૂરીશ્વરજી મ. પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, ૬૮, ગુલાલ-વાડી, મું બઇ-૪ કિં. રૂા. ૨૫-૦૦. In Search of the Ultimate by Vinod J. Kapasi, 62, Vaughan Rd. Horrow, MIDDLEX, U. K. પૂ. રણછોડ-દાસજી મહારાજના વચનામૃતો સંપા. યોગેન્દ્ર પ્રકા. શ્રી કેશુભાઇ શેઠ, દેવકિસન ભવન, પ્લોટ નં. ૪૬, નોર્થ જુહુ, પાર્લા રોડ નં. ૧, મું બઇ-૪૯. કિં. રૂા. ૪-૦૦ મોરપીંછ લે. સાધુ માધવપ્રિયદાસ પ્રકા. સ્વામીનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૪ કિં. રૂા. ૧-૫૦ રાષ્ટ્રસેવક ત્યાગી રાજવી દરબાર શ્રી ગોપાળદાસ દેસાઇ લે. સતીશચંદ્ર મ. જોષી પ્રકા. ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટ, વલ્લભનગર કન્યા કેળવણી મંડળ, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૨ કિં. રૂા. ૨૫-૦૦ વેરા વિનાનો વહીવટ : પંચાયત લે. અને પ્રકા. મહેન્દ્ર દેસાઇ, પ્રગતિ પ્રકાશન, હવેલી, વસો (વાયા : નડિયાદ) કિં. રૂા. ૩-૦૦

ભૂલસુધાર

'પ્રબુદ્ધ જીવન' ના તા. ૧-૧૨-૮૪ના અંકમાં 'સંઘ સમાચાર' માં વિજ્ઞાપ્તિની તારીખ ૬, ૭, ૮ જાન્યુઆરી-૧૯૮૫ છપાઇ છે. તેને બદલે તા. ૭, ૮ અને ૯ જાન્યુઆરી-૧૯૮૫ એમ વાંચવું. -તંત્રી

આકાશમાંથી તેજાબનો વરસાદ

❁ વિજયગુપ્ત મૌર્ય

આકાશમાંથી વરસે તે પાણી અશુદ્ધ જ હોય એવી માન્યતા હવે સાચી રહી નથી. આકાશમાંથી હવે તેજાબનો વરસાદ પણ વરસી રહ્યો છે. નોર્વેમાં થયેલો એક અભ્યાસ બતાવે છે કે ૨,૮૪૦ સરોવરોમાંથી ૧૭૧૧ સરોવરોમાં તેજાબના વરસાદથી બધાં માછલાં મરી ગયા છે. બીજા ૬૪૧ સરોવરોમાં માછલાંની વસતિ ઘણી ઘટી ગઇ છે. ગ્રેટ બ્રિટનમાં પણ આવું બન્યું છે. પાણીમાંથી માછલાં તરફડિયાં મારતાં સપાટી પર આવે અને મરી જાય. લોકો વિમાસણમાં પડે છે કે આમ કેમ બનતું હશે? જ્યાં માછલી લોકોનો મુખ્ય ખોરાક છે ત્યાં આ ઘટનાની ગંભીરતા તેમના જીવન ઉપર સીધી અસર કરે છે.

યુરોપમાં જંગલ ઉપર તેજાબી વરસાદ થવાથી ઘણાં વૃક્ષો નાશ પામ્યાં છે. પર્યાવરણનો નાશ કરવામાં ઓઝોન અને નાઇટ્રોજન ઑકસાઇડ પણ સલ્ફર ડાયૉકસાઇડ સાથે સામેલ થયા છે. વધુ પડતાં ઔદ્યોગીકીકરણનો આ અભિશાપ છે.

ખનિજ કોલસામાં વધુ ઓછા પ્રમાણમાં ગંધક હોય છે. કોલસા બાળવાથી ગંધક અને ઑકિસજનના સંમેલનથી સલ્ફર ડાયૉકસાઇડ બને છે, જે વાતાવરણમાં ફેલાઇ જાય છે. જ્યારે વરસાદ પડે ત્યારે વરસાદના પડી રહેલાં ટીપાં વાતાવરણમાંથી પસાર થાય ત્યારે તેમાંથી સલ્ફર ડાયૉકસાઇડ ગ્રહણ કરી બે છે અને સલ્ફ્યુરિક ઍસિડ એટલે કે ગંધકનો તેજાબ બને છે. ખાસ કરીને પશ્ચિમ યુરોપી દેશોમાં અને અમેરિકામાં ઉદ્યોગો એટલા બધા વધી ગયા છે કે પ્રદૂષણ એક અતિ ગંભીર સમસ્યા બની ગયેલ છે. જલચરો અને વૃક્ષો ઉપરાંત ખેતરમાં વાવેતરને અને અન્યત્ર ઐતિહાસિક ઇમારતોને પણ તેજાબનો વરસાદ નુકસાન કરે છે. આ પ્રદૂષણ માટે ગુનેગાર એવાં કારખાનાં છે કે જે ખનિજ કોલસા અને ખનિજ તેલ બાળે છે. ખનિજ તેલમાં પણ વધુઓછા પ્રમાણમાં ગંધક હોય છે. આપણે મથુરા પાસે તેલ રીફાઇનરી બાંધી ત્યારે વિદ્વાનોએ વિરોધ કર્યો હતો કે તેમાંથી નીકળતો સલ્ફર ડાયૉકસાઇડ વાયુ તાજમહાલના મનોહર આરસને નુકસાન કરશે, પરંતુ વડા પ્રધાન ઇન્દિરા ગાંધી પોતે પ્રકૃતિ-પ્રેમી હોવાથી તેમણે આશ્વાસન આપ્યું કે મથુરાનું પ્રદૂષણ આગ્રા સુધી નહિ પહોંચે એવી ખાતરી કર્યા પછી જ મથુરા રીફાઇનરી બાંધવામાં આવી છે. ટેન્કર જહાજો તેલ ભરીને કચ્છના અખાતમાં આવે છે અને પાઇપલાઇનમાં તેલ રેડી મથુરા સુધી પહોંચાડે છે. બ્રિટનમાં સંસદસભ્યોની અને નિષ્ણાતોની એક સમિતિ રચવામાં આવી હતી, જેણે તાપ વીજળીનાં કારખાનાં અને બીજાં કારખાનાં જેઓ ખનિજ કોલસા અને ખનિજતેલ બાળે છે તેમને અપરાધી ઠરાવ્યા. પશ્ચિમ યુરોપમાં કેટલાક દેશોએ ભેગા મળી નક્કી કર્યું છે કે પ્રદૂષણ કરનાર વાયુઓમાં કંઇ નહિ તો ૩૦ ટકા ઘટાડો કરવો. બ્રિટન હજી એ મંડળમાં સામેલ થયું નથી. પશ્ચિમ યુરોપમાં સૌથી વધુ સલ્ફર ડાયૉકસાઇડ બ્રિટિશ કારખાનાં ફેલાવે છે. અને તેમાં પણ તાપ વીજળી સંકુલ વધુ પ્રદૂષણ કરે છે. યુરોપી સમાન બજારના રાષ્ટ્રસમૂહે ઠરાવ્યું છે કે ઇ. સ. ૧૯૯૫ સુધી બ્રિટને પ્રદૂષણ ફેલાવતા વાયુઓમાં ૬૦ ટકા ઘટાડો કરવો. બ્રિટનના પ્રદૂષક વાયુઓ ઉત્તર સમુદ્ર અને નોર્વેમાં થઇને સ્વીડન સુધી પહોંચે છે અને ઉપર કહ્યું તેમ બજારો સરોવરોને ગંભીર નુકસાન કરે છે. આ પ્રદૂષક વાયુઓ વાદળોમાં ભળી જાય છે, તેથી વાદળોમાંથી સલ્ફ્યુરિક ઍસિડવાળો વરસાદ કે બરફ વરસે છે.

બ્રિટનમાં લિંકન કેથેડ્રલ નામનું દેવળ તેના શિલ્પ અને ઘાટ માટે વખણાતું હતું. ઇ.સ. ૧૯૧૦ માં લેવાયેલી તેની તસવીરો તેનું સૌંદર્ય વ્યકત કરે છે. આજે તેનું શિલ્પ ઍસિડથી ખવાઇ ગયું છે, કારણ કે તાપવીજળીનાં કારખાનાંમાંથી નીકળતા પ્રદૂષણના વાયુઓ તેની સાથે અથડાઇને આગળ વધે છે. આવું એક ઐતિહાસિક અને મનોહર સ્થાપત્ય ધરાવતું દેવળ પશ્ચિમ જર્મનીમાં કોલોન નગરમાં છે, જે તેના શિલ્પ અને સ્થાપત્ય માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. (આ નગર ઉપરથી કોલોન વૉટરનું નામ પડયું છે.) આ દેવળ ૧૫ મી સૈકામાં બંધાયું હતું. તેમાં તેજાબની વર્ષાથી પથ્થરકામ ઍટલું બધું ખવાઇ ગયું છે કે પથ્થરો બદલવા પડે છે. તેના એક સ્થપતિએ કહ્યું છે કે પાંચ વર્ષ પછી તેના બધા પથ્થર બદલાઇ ગયા ગયા હશે. બ્રિટનમાં પણ નદીઓ અને સરોવરોને નુકસાન થાય છે. ત્યાં ખાસ કરીને ડુંગરો ઉપર પ્રદૂષણવાળું હિમ એકઠું થાય છે. ઉનાળામાં હિમ ઓગળે ત્યારે નદીઓમાં અને સરોવરોમાં ઍસિડવાળું પાણી જવાથી જળની જીવસૃષ્ટિને નુકસાન થાય છે. આ પ્રદૂષણની અસર શરદી, ઉધરસ અને બ્રોંકાઇટીસવાળા દરદીઓ પર વધુ થાય છે. શહેરમાં પણ મકાનોને નુકસાન થાય છે તે માટે ઘરમાં વપરાતા ચૂલા અને મોટર વાહનો ઉપરાંત સ્થાનિક ઉદ્યોગો જવાબદાર છે.

આપણા દેશમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપથી થઇ રહ્યો છે. તાપવીજળીનાં કારખાનાં વધી રહ્યાં છે. તેમાં ખનિજ કોલસા અને ખનિજ તેલ અથવા ખનિજ ગેસ વપરાય છે. આપણા ઉદ્યોગો યુરોપ – અમેરિકાના ઉદ્યોગોની સરખામણીમાં હજી ઊભી શકે નહીં દુનિયામાં ઉદ્યોગક્ષેત્રે બીજા દેશોની સરખામણીમાં આપણું દસમું કે બારમું છે સ્થાન છે તેમ છતાં પર્યાવરણમાં પ્રદૂષણનો વધારો થઇ રહ્યો છે. દર વર્ષે આપણે વધુ ને વધુ ખનિજ તેલ, ખનિજ ગેસ અને ખનિજ કોલસા વાપરી રહ્યા છીએ. આપણા અરબી સમુદ્રમાં ગેસના ભંડાર એટલા બધા છે કે તે બધાંનો સદુપયોગ કરવા આપણે શકિતમાન થઇએ ત્યાં સુધી જે ગેસ આપણાં અંકુશમાં ન રહે તે મિથ્યા બાળી નાંખવો પડે છે. આપણું પર્યાવરણ (વાતાવરણ, વનસ્પતિ, સમુદ્ર, મીઠાંપાણીનાં જળાશયો, ઇમારતો વગેરે) પ્રદૂષણ ન ફેલાવે એવી શરતે પરવાના આપવામાં આવે છે. પરંતુ સરકારી તંત્ર અને પ્રજા પ્રદૂષણ વિશે જાગૃત નથી અને ઉદ્યોગો પ્રદૂષણ નિવારક જોગવાઇનો ખર્ચ કરવા રાજી નથી. તેથી વધુમાં વધુ પ્રદૂષણ નદીઓમાં અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં તથા મોટાં શહેરોમાં ફેલાય છે. દા. ત. મુંબઇમાં લાખો મોટરવાહનો, હજારો કારખાનાં અને ઘરોઘર લાખો ચૂલા કેટલા બધા પ્રદૂષણ વાયુઓ સતત કાઢયા કરે છે. આ વિષયના એક અમેરિકન નિષ્ણાત શ્રીમતી રશ મૂર 'મેન ઍન્ડ ધી ઍનવાયરનમેન્ટ' નામના પુસ્તકમાં (ગુજરાતી અનુવાદઃ ભાષાન્તર નિધિ પ્રકાશન, ભાવનગર) લખ્યું છે તેમ પ્રદૂષણનાં વ્યાપક ઘાતક પરિણામોથી બચવું હોય તો તેમણે ઉદ્યોગોમાં ઘટાડો કરીને અને ધનવાન દેશોએ પોતાનું જીવન ધોરણ થોડું નીચે ઉતારીને પણ પ્રદૂષણથી બચવું જોઇશે.

જોઈએ તીખાં અતિ વજ્ર સરીખા

❖ પ્રભુદાસ ગાંધી

(ગતાંકથી ચાલુ)

'મણભર આચરણ અને અધોળ જેટલી શિખામણ' એ બાપુજીએ ચીંધી રાખેલી એમના પોતાના જાતઅનુભવની ગુરુકૂંચી છે. હવેના નવા તોલમાપને હિસાબે કહેવું જોઈએ કે 'એક આખા ક્વિન્ટલ જેટલું આચરણ કરીને પછી જ દોઢસો ગ્રામ જેટલી શિખામણ આપવી કામની. નહીં તો ગોસાંઈ તુલસીદાસજીનું મહેણું સાચું ઠરે કે પારકાને ઉપદેશ દેવામાં પાવરધા ઘણાં બધાં હોય છે; પણ આચરી બતાવનારને દીવો લઈ શોધવા જવું પડે : પર ઉપદેશ કુશલ બહુતેરે જે આચરહીં તે નર થોરે । બાપુજી હજારો-લાખો વચ્ચેના એક એવા વિરલ નર હતા, જે બોલ્યા પહેલાં તે વાતનું લાંબા વખત સુધી જાતે પૂરેપૂરું આચરણ કર્યા પછી જ બોલે.

ફીનિક્સમાંના ચૌદ ઉપવાસ, તેની જોડે સંકળાયેલું મહિનાઓ લગીનું એકટાણું અને એકટાણામાંયે ફળાહારની માત્રા ઉપર મોટો કાપ–એ બધું કોઈ એક બે વ્યક્તિ પર દાઝ કાઢવા સારુ અથવા પોતાનો હૈયાઉકળાટ શમાવવા કાજે નહોતું કર્યું પણ પોતાના તપત્યાગની મૂડી દિવસે દિવસે સવાઈ કરવા સારુ કર્યું હતું. ફીનિક્સની સ્મૃતિઓનું વર્ણન મેં 'જીવનનું પરોઢ' નામના પુસ્તકમાં આપ્યું છે તે પુસ્તકના ઉપસંહારમાંનો થોડો અંશ અહીં આપવો અસ્થાને નહીં ગણાય. દક્ષિણ આફ્રિકાથી બાપુજીની સાથે અમારે ફીનિક્સવાસીઓએ ભારત આવવાનું નક્કી થયું અને અમે ત્યાંથી અહીં આવવા નીકળ્યા. તે વચગાળામાં મેં જે ત્યાં ફીનિક્સમાં જોયું–જાણ્યું તે અંગેની મારી નોંધ એ ઉપસંહારમાં મેં નીચે મુજબ આપી છે :–

'ફીનિક્સમાં કેવા કેવા પ્રયોગો ચાલ્યા, બાપુજીએ પોતાના ઉગ્રતાપથી અમને કેવા તપાવ્યા એની વાતો વર્ણવી શકું એટલી છાપ મારા બાળ-મગજમાં કોતરાઈ રહી. પણ એ વખતના ઇતિહાસનું મહત્ત્વ કળી શકું એવી મારી ત્યારે ઉંમર નહોતી આજે હવે ત્યાંના છેવટના પાંચ મહિનાઓના એક એક દિવસનો ઇતિહાસ ખોળવાનો પ્રયત્ન કરતાં હું થાકતો નથી. મારા મનમાં એક વિશ્વાસ જડાઈ ગયો છે કે માનવ-સહજ ઝીણી ઝીણી નબળાઈઓ ઓળંગી જઈને, માન અપમાન તેમ જ મોટાઈ તથા અભિમાન ઓગાળી નાંખીને, ક્રોધસાગરને અગસ્ત્યની જેમ પેટમાં સમાવી દઈને, મરણભય સમૂળગો પી જઈને, મનના ઉછાળાઓને આવરી લઈને તથા મન-બુદ્ધિ-હૃદય તેમ જ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોને એકસરખી ઊંચી સપાટી ઉપર પહોંચાડી દઈને જે ક્ષણોએ બાપુજી મહામાનવ બન્યા તથા સાધકમાંથી સિદ્ધ થયા એ અણમોલી ક્ષણો મોટે ભાગે આ પાંચ મહિનાની અંદરની જ છે. દુઃખ એ છે કે એ પળોની ચોકકસ જાણકારી આપણી પાસે નથી.'

'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માં પ્રાયશ્ચિત રૂપે ઉપવાસવાળા પ્રકરણની અંદર ફીનિક્સમાંના ઉપવાસ વિષે બાપુજીએ ટૂંકાણમાં જણાવ્યું છે :–

'બાળકો અને બાળાઓને પ્રમાણિકપણે ઉછેરવા–કેળવવામાં કેટલી ને કેવી કઠણતાઓ છે તેનો અનુભવ દિવસે દિવસે વધતો ગયો. શિક્ષક અને વાલી તરીકે તેમના હૃદયમાં પ્રવેશ કરવાનો હતો, તેમનાં સુખદુઃખમાં ભાગ લેવાનો હતો, તેમનાં જીવનની ગૂંચો ઉકેલવાની હતી. તેમની ઊછળતી જુવાનીના તરંગોને સીધે માર્ગે દોરવાના હતા.

'ફીનીક્સમાં મારી તીખી પરીક્ષા થઈ. બે વ્યક્તિઓના ભયંકર પતનના ખબર મને પડ્યા. સત્યાગ્રહની મહાન લડતમાં કર્યાયે નિષ્ફળતા જેવું દેખાય તેથી મને આઘાત ન પહોંચતો, પણ આ બનાવે મારી ઉપર વજ્ર સમો પ્રહાર કર્યો. હું ધ્રવાયો, મને લાગ્યું કે પોતાની રક્ષા નીચે રહેલાના પતનને સારુ વાલી કે શિક્ષક થોડે ઘણે અંશે પણ જવાબદાર છે. વળી મને ભાસ્યું કે જો હું આ પતનને સારુ પ્રાયશ્ચિત કરીશ તો જ આ પતિત થયેલાં મારું દુઃખ સમજી શકશે, ને તેથી તેમને પોતાને દોષનું ભાન થશે ને કંઈક માપ આવશે. તેથી મેં સાત દિવસના ઉપવાસ અને સાડાચાર માસના એકટાણાંનું વ્રત લીધું. આ નિશ્ચય કર્યો કે તુરત હું હળવો થયો, શાંત થયો, દોષિત ઉપરનો ક્રોધ ઊતર્યો ને તેમની ઉપર દયા જ રહી.'

'આ બનાવમાંથી જ થોડા સમય પછી મારે ચૌદ ઉપવાસ કરવાનો પ્રસંગ આવેલો. તેનું પરિણામ ધાર્યા કરતાં પણ વધારે સારું આવ્યું એવી મારી માન્યતા છે.

'સાત ઉપવાસ અને એકટાણાં અમને કોઈને વસમા ન લાગ્યાં. ચૌદ ઉપવાસનો છેલ્લો ભાગ મને સારી પેઠે વસમો લાગ્યો હતો. તે વેળા રામનામનો ચમત્કાર હું પૂરો સમજ્યો નહોતો એટલે દુઃખ સહન કરવાની શક્તિ ઓછી હતી. પાણીનો સ્વાદ જ નહોતો ગમતો ને લેતાં મોળ આવતી હતી. તેથી પાણી ઘણું જ થોડું પીતો. આથી ગળું સુકાયું, ક્ષીણ થયું, ને છેવટના દિવસોમાં કેવળ ધીમે સાદે જ બોલી શકતો. આમ છતાં લખાવવાનું આવશ્યક કામ છેલ્લા દિવસ સુધી કરી શકયો હતો, ને રામાયણ પત્યાદિ છેવટ લગી સાંભળતો. કંઈ પ્રશ્નો વિષે અભિપ્રાયો આપવાનું આવશ્યક કાર્ય પણ કરી શકયો હતો.'

રાવજીભાઈ લખે છે કે :–

'સાત ઉપવાસ થયા પછી બીજા ચૌદ ઉપવાસ કરવાનો પ્રસંગ ઉભો થયો. આ પ્રસંગ મારી દૃષ્ટિએ તો નજીવા કારણથી ઉપસ્થિત થયેલો જણાયો આપણી નજરે બહુ નજીવા ગુનો તેમને ભારે દુઃખરૂપ નીવડતો અને હૃદયની ક્ષતિ કે મેલાપણું તે સહેજે સહન કરી શકતા નહીં. તે દિવસો જ એવા હતા. તે જેવા દુઃખદ હતા. તેવા જ સ્વાનુભવના, આત્મનિરીક્ષણના અને જ્ઞાનદાયી હતા. તા. ૨૨/૪/૧૪ (ચૌદ ઉપવાસ શરૂ કર્યાના આઠ દિવસ પહેલાં) ના રોજ તેમણે પોતાના હૃદયની દુઃખદશા નીચે પ્રમાણે વર્ણવેલી : 'આજ સુધી કોઈ પણ દિવસો આવી માનસિક વેદનાના નહીં, ગયા હોય. મારું બોલવું, મારું હસવું, મારું ચાલવું, મારું ખાવું અને મારું કામ કરવું એ બધું સંચાની માફક જ હમણાં ચાલે છે. કંઈ પણ લખી શકતો નથી. હૃદય જાણે કે શુષ્ક થયું હોય તેમ જણાય છે. હાલની મારી વેદનાની હદ નથી. ઘણી વખત તો પેટમાં મારવા માટે મારા ગજવામાંથી છરી કાઢવાનો વિચાર કર્યો, કેટલીક વાર સામેની ભીંતમાં માથું કૂટવાનો વિચાર કર્યો, કેટલીક વાર આ સંસારમાંથી નાસી છૂટવાનો વિચાર કર્યો. પણ પછી

એમ વિચાર થયો હે ભલા જીવ! મૂખ' જીવ! આમ ઘેલો તું કેમ બની જાય છે? આવી માનસિક વેદનાને સમયે પણ તું સમતોલ નહીં રહે તો તને જે જરા જેવું જ્ઞાન મળ્યું છે તે શા કામનું રહેશે? આમ વિચાર કરી હું મારા હાલના દિવસો ગાળું છું. પંદર દિવસના ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા લેતાં લેતાં અચકાયો. આનો વિચાર આવ્યોઃ હું પંદર દિવસ ન ખાઉં તો તે સાથે જ બાનું મરણ થાય. આવા ભયથી હાલ તુરત માટે તે વિચાર માંડી વાળ્યો.'

ઉપર મુજબની બાપુજીની મનોદશા દરમ્યાન એક દિવસ (તા. ૧-૫-૧૪) સવારના સાડા દશ વાગ્યે બધાં જમવા બેઠેલાં અને બાપુજી તથા રાવજીભાઇ પીરસવાનું કામ કરતા હતા ત્યારે બંને જણ પીરસીને રસોડામાં ગયા એ વખતે બાપુજી બોલી ઊઠયા, 'એણે ગજબ કર્યો. આજે પણ તેણે હેતુપૂર્વક જૂઠાણું વાપર્યું'. અને મારે ચૌદ દિવસના ઉપવાસ કરવાના થયા. તમે ખાઇ લો. પછી મગનલાલ અને છગનલાલને બોલાવો.'

રાવજીભાઇએ કહ્યું, 'હમણાં જ બોલાવી લાવું. મારે ખાવું નથી.' બાપુજીએ એમને પાછા વાળ્યા અને બોલ્યાઃ 'મારો હુકમ છે. તમે ખાઇ લો. તમારે કોઇએ મારી પાછળ ઉપવાસ કરી આપણું નિત્ય કાર્ય' બગાડવાનું કે તેમાં ખામી લાવવાની નહી'

રાવજીભાઇએ દલીલ કરીઃ 'પણ તમે આમ જેમાં ને તેમાં ઉપવાસ કરો તેનો શો અર્થ'? ચૌદ દિવસના ઉપવાસ શા સારુ? અમારા પાપથી તમે શાને ઉપવાસ કરો? જેનાં તેનાં પાપથી તમે ભૂખે મરો તે કયાંનો ન્યાય?'

બાપુજી હસ્યા અને ગંભીર ભાવે બોલ્યાઃ

'ગમે તે જૂઠું બોલે કે મને છેતરે, તેથી મને ન લાગે; તેથી હું મને દોષિત ન ગણું. ચૌદ દિવસના ઉપવાસ કરવાનો મેં નિશ્ચય કર્યો છે તે કાંઇ કોઇના પાપનું પ્રાયશ્ચિત કરવા ખાતર નહીં, પણ ગઇ કાલે મેં જે પ્રતિજ્ઞા કરેલી કે, "હવે બીજી વખત આમ હેતુપૂર્વક જૂઠાણું તું વાપરીશ તો હું ચૌદ દિવસના ઉપવાસ કરીશ" તે પ્રતિજ્ઞાના પાલન ખાતર મારે તે ઉપવાસ કરવા પડશે. છતાં જેના પર મને મારે વિશ્વાસ હોય, જેને માટે મેં અનેક જોખમો વેઠવાને મારો આત્મા રેડયો હોય, તે જ વ્યકિત અસત્ય વાપરી મને સતત છેતર્યા કરે તો તેમાં મારું જ પાપ છે, એમ મને દીવા જેવું સ્પષ્ટ જણાય છે. મારા માણસો જેને હું મારા ગણું છું, મારા હૃદયના પ્રતિબિંબ ગણું છું. તેમનામાં અસત્ય હોવું જ ન જોઇએ; આ મારું જીવન છે. આ ખાતર હું જીવું છું.'

રાવજીભાઇ ચૂપ રહ્યા. બધા જાણતા હતા કે બાપુજીનો નિશ્ચય એટલે ભીષ્મ-પ્રતિજ્ઞા. રાવજીભાઇએ નોંધ્યું છે કે 'આ ચૌદે દિવસ હું તેમની સેવા કરવાને ભાગ્યવાન બન્યો. છેલ્લા ઉપવાસને દિવસે તો તેમનાથી પથારીમાંથી ઉઠાતું પણ ન હતું. ચાર દિવસ પછી (તા. ૧૬-૫-૧૯૧૪)ના રોજ જોહનિસબર્ગથી મિ. કેલનબેકનો તાર આવ્યો. તારને બીજે દિવસે તા. ૨૦-૫-૧૪ના રોજ તેઓ સાંજની ગાડીમાં ચારેક વાગ્યે ઊતરવાના હતા. બે અઢી વાગ્યે બાપુજી પથારીમાં પડયા પડયા બોલ્યાઃ 'મારી સાથે જેને સ્ટેશને આવવું હોય તે તૈયાર થાઓ. છાપખાનાનાં કે નિશાળના કામવાળું કોઇ ન આવે.' આમ બોલી પથારીમાંથી ઊઠયા. હાથમાં લાકડી લીધી, ચંપલ પહેર્યા અને ચાલવા માંડયું. હું પણ સાથે સાથે ગયો.'

આમ તે દિવસ એટલી બધી નબળાઇ છતાં બાપુજી પગે ચાલીને ફીનિક્સ રેલવે સ્ટેશને ગયા અને આવતાં-જતાં આઠ કિલોમીટર ચાલીને સૌને આશ્રમમાં ડૂબાડી દીધાં. લાંબા ઉપવાસ પછી અનિવાર્ય ગણાય એવો આરામ બાપુજીએ જતો કર્યો અને આખો દિવસ પ્રવૃત્તિમાં વળગી રહ્યા, એમ અઠવાડિયું વીત્યું ત્યાં તો એમણે જોહનિસબર્ગ થઇ કેપટાઉન પહોંચવા માટે લગભગ બે હજાર કિલોમીટર જેટલો લાંબો રેલપ્રવાસ કરવાનો કાર્યક્રમ નક્કી કર્યો. એ વખતે દેવદાસકાકા જોડે હું બાપુજીની સામે બેઠો હતો. એમના પગ ગોઠણથી ધૂટી સુધી સૂકાઇને વાંસની ચપટી ખપાટ જેવા પાતળા દેખાતા હતા. પીંડલીઓની ગોળાઇ હતી જ નહીં, તોયે બાપુજીએ લાંબી મુસાફરીએ નીકળવાનું ઠરાવ્યું. એની મને બહુ નવાઇ લાગી. મેં દેવદાસકાકાને ધીમેથી પૂછયું 'આટલી બધી નબળાઇ છે છતાં જવાનું?' એમણે હળવેથી કહ્યું: 'એ તો બાપુ છે. જાહેર કામ માથે આવ્યું એટલે રોકાય જ નહીં.'

આવું બધું જે જોયેલું તે કેમ વર્ણવવું એ મને સૂઝતું નથી. તુલસીદાસજીએ વર્ણવ્યા પ્રમાણે કહી શકાયઃ

> असन बसन बासन व्रत नेमा
> करत कठिन रिषिधरम सप्रेमा ।
> बरनत सकल सुकवि सकुचाही
> देखी दसा मुनिराज लजाही ॥

ખરેખર બાપુજીએ ઋષિધરમ – પ્રાચીનકાળમાં થંઇ ગયેલા મહર્ષિઓનો જીવનધર્મ–અપનાવ્યો હતો, જેનો મહિમા વર્ણવ્યો ન જાય એવો ઊજળો હતો. (ક્રમશઃ)

આદિવાસીઓના ભેરુ – જૈન યુવક સંઘ

● પન્નાલાલ ૨. શાહ

[ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં એનાડે ફાઉન્ડેશનના સહયોગથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘે આ વિસ્તારનાં ૩૦ ગામોમાં પ્રાયોગિક ધોરણે સામાજિક સેવાનાં કાર્યો હાથ ધર્યાં છે. તેનો અહેવાલ અત્રે રજૂ કર્યો છે.

—તંત્રી]

ગુજરાતનું ચેરાપુંજી છતાં પાણીની તકલીફ

ધરમપુર તાલુકામાં વરસાદનું જોર ઘણું. એટલે આ તાલુકો ગુજરાતનું ચેરાપુંજી ગણાય. સરેરાશ વાર્ષિક વરસાદ ૧૨૫ થી ૧૪૦ ઇંચ, છતાં પીવાના પાણીના સાંસાં. ડુંગરાળ જમીન અને સિંચાઇ યોજનાના અભાવનું એ પરિણામ. પાકી સડક તો ઠીક, કાચી સડક પણ નામની. પરિણામે વર્ષમાં ચારથી ૭ માસ ધરમપુર તાલુકાના એકદમ અંદરનાં ગામડાંઓ મુખ્ય મથક સુધીના સંપર્કથી વંચિત, [ભાગ' વાહનવ્યવહારનાં સાધનો બસ, મોટર અને રેલવે આદિ જિંદગીમાં જોઇ જ ન હોય એવા આ લોકો. એમને પછાત કહેવામાત્રથી એમની

સ્થિતિ સમજી શકાય કે કેમ એ એક પ્રશ્ન છે.

એશિયામાં સૌથી મોટો તાલુકો

એશિયાભરમાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો આ તાલુકો. તેનો વિસ્તાર ૧૬૫૦.૨ ચોરસ માઇલ. જંગલો અને ડુંગરાઓથી આ વિસ્તાર આચ્છાદિત. અહીંની વસતિ ૨,૧૪,૭૧૧ની છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કારોબારી સમિતિના સભ્યોએ તા. ૨૬-૨-૧૯૮૪ના રોજ આ વિસ્તારની મુલાકાત લીધી હતી, ત્યારે આરોગ્ય અને શિક્ષણની સ્થિતિનો ખ્યાલ કરી સંઘે આ વિસ્તારના આદિવાસીઓના ભેરુ થવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો. આ વિસ્તારની કાયાપલટ માટે દાતાઓ પાસેથી આર્થિક સહયોગ મેળવ્યો અને હવે પ્રાયોગિક ધોરણે થયેલાં કાર્યોનો આંખે દેખ્યો અહેવાલ મેળવવા સંઘ તા. ૧૫ અને ૧૬, ડિસેમ્બર, ૧૯૮૪ના રોજ આ વિસ્તારની મુલાકાતે જઇ રહ્યો છે. એનાડે ફાઉન્ડેશનના સહયોગથી આ કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે; સમગ્ર વહીવટીતંત્ર એનાડે ફાઉન્ડેશનનું છે.

શિક્ષણ ક્ષેત્રે સંઘનું પ્રદાન

સમગ્ર તાલુકામાં ૨૧૫ પ્રાથમિક શાળાઓ છે. એમાંથી ૧૧૨ શાળાઓ બંધ છે. બાકીની શાળાઓ પૈકી કેટલી કાગળ પરની યોજનાનો ભાગ છે અને કેટલી ખરેખર કાર્યરત છે એ સંશોધનનો વિષય છે, એટલે શિક્ષણનું પ્રમાણ ન-ગણ્ય છે.

આ સંજોગોમાં સંઘે આર્થિક રીતે પછાત આદિવાસી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાનું કામ હાથ ધર્યું. હોંશિયાર વિદ્યાર્થીને ઉચ્ચ અભ્યાસ માટે સત્ર ફી, મોંઘા સાધનો અને પુસ્તકો માટે આર્થિક સહાય આપવામાં આવી છે. સ્થાનિક જંગલ સહકારી મંડળી દ્વારા પુસ્તકો અને નોટબુકસનું વિતરણ કરવામાં આવે છે.

આરોગ્યક્ષેત્રે સંઘનું કાર્ય

આરોગ્યની દૃષ્ટિએ જોઇએ તો સરકારે તાલુકાનાં કુલ ૨૩૮ ગામોને ચાર વિભાગમાં વહેંચી નાખ્યાં છે દરેક વિભાગ માટે એકેક આરોગ્ય-કેન્દ્ર છે. આ વિભાજન પદ્ધતિ એવી વિચિત્ર છે કે સારવાર માટે દરદીએ આરોગ્ય કેન્દ્ર પર પહોંચવા માટે સરેરાશ ૩૦ કિલોમીટરનું અંતર કાપવું પડે અને વહીવટીતંત્રની એવી બલિહારી છે કે આટલો પરિશ્રમ લીધા બાદ દાક્તર મળે જ એની ખાતરી નહીં. આ સંજોગોમાં વહેમમાં સબડતા આદિવાસીઓ આવાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો લાભ લઇ શકે એ વાતમાં ઝાઝો દમ નથી.

સંઘે આ ક્ષેત્રે કામ હાથ ધર્યું. તેમાં દૃષ્ટિ એવી રાખી કે ગામડાંના લોકોનાં ઘર સુધી આપણે પહોંચવું. લોકોને આપણા કામમાં વિશ્વાસ પડે એ માટે સ્થાનિક કાર્યકરોને આ કામમાં જોડ્યા શરૂઆતમાં જંગલ વિસ્તારમાં આવેલાં ૩૦ ગામોમાં કામ હાથ ધર્યું. ચાર ધોરણ સુધી અભ્યાસ કરેલા યુવકોને આ કામ માટે પસંદ કર્યા, જેમને સરકારી પ્રાથમિક આરોગ્ય-કેન્દ્રના દાક્તરો તાલીમ આપે અને સંઘે પણ તાલીમ આપે એવા નિષ્ણાતોની વ્યવસ્થા કરી. આવી તાલીમ લીધેલ યુવક સી. એચ. વી. તરીકે કામ કરે, એમને જુદા જુદા રોગોની દવાનું એમને કિટ આપવામાં આવ્યું. એટલે યુવક ગામડામાં રહીને સ્થાનિક લોકોની સારવાર કરે છે. નાણાકીય વ્યવસ્થા એવી છે કે દવા તથા CHV સવિંસના ૫૦ ટકા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને બાકીના ૫૦ ટકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભોગવે છે. ડેમિયન ફાઉન્ડેશન કોમ્યુનિટી પ્રોગ્રામની દેખરેખ રાખે છે અને ખર્ચ પણ ભોગવે છે.

જુદી જુદી સંસ્થાઓ વચ્ચે સંકલન, સહકાર

આ બધી કામગીરીમાં જુદાં જુદાં ગામોની જંગલ સહકારી મંડળીઓ, રેડક્રોસ સોસાયટી, વલસાડની કાપડિયા હોસ્પિટલ, નવસારીની આંખની હોસ્પિટલ, ડેમિયન ફાઉન્ડેશન અને સરકારશ્રી તરફથી આર્થિક સહયોગ અને સહકાર મળે છે, જે નીચેના કોઠા પરથી સ્પષ્ટ થાય છે:

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : આદિવાસી વિસ્તારમાં થયેલાં કામો

ક્રમ	કાર્યની વિગત	લાભાર્થી	સરકારી સહાય	જંગલ મંડળી-નો ફાળો	અન્ય સંસ્થા-નો ફાળો	સંઘની સહાય	કુલ
૧	સ્કોલરશિપ	૭૦	—	—	—	૭,૦૦૦	૭,૦૦૦
૨	પુસ્તકો, નોટબુકસ	૪૨૫	—	૧૯,૮૭૪	—	૩,૦૦૦	૨૨,૮૭૪
૩	જનરલ મેડિકલ કેમ્પ	૧૯૧૮	૫૦૦	૩,૦૦૦	૨,૦૦૦	૨,૦૦૦	૭,૫૦૦
૪	ટી. બી. કેમ્પ	૧૨૫	૪,૦૦૦	૧,૦૦૦	૫૦૦	૫૦૦	૬,૦૦૦
૫	આઇ કેમ્પ	૧૨	—	૫૦૦	૫૦૦	૨૦૦	૧,૨૦૦
૬	અકસ્માત રાહત	૧	—	૫૦૦	૫,૪૦૦	૨૦૦	૬,૦૦૦
૭	કોમ્યુનિટી હેલ્થ પ્રોગ્રામ-દવા	૧૧૫૦	—	—	૧,૦૦૦	૫,૦૦૦	૬,૦૦૦
૮	દવાની પેટી, કિટ, ડબ્બી-૨૦ યુનિટ,	—	—	—	—	૧,૬૦૦	૧,૬૦૦
૯	CHV સવિંસ ચાર્જ	—	—	—	—	૩,૦૦૦	૩,૦૦૦
૧૦	પ્રોગ્રામ દેખરેખ	—	—	—	૧,૫૦૦	—	૧,૫૦૦
	કુલ	૩૬૦૧	૪,૫૦૦	૨૪,૮૭૪	૧૦,૮૦૦	૨૨,૫૦૦૦	૬૨,૬૭૪

આ રીતે જૈન યુવક સંઘના રૂ. ૨૨,૫૦૦/= ના આર્થિક સહયોગથી ૩૦ ગામોમાં રૂ. ૬૨,૬૭૪/= ના કામો થયાં. આ તાલુકાના બધાં ગામડાંઓને આવરી લેવા છે. એ માટે પયુંષણ પર્વ દરમિયાન મળેલ આર્થિક સહયોગથી વિશેષ સહકારની દાતાઓ પાસેથી અપેક્ષા રહે તે સ્વાભાવિક છે.

શિખરજીમાં વિદ્વદ્ સંમેલન

રમણલાલ ચી. શાહ

અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિજી તથા પ. પૂ. મુનિવર્ય શ્રી કલાપ્રભસાગરજીની પ્રેરણાથી સમેતશિખર મધુવનમાં એક વિદ્વદ્ સંમેલન તા. ૨૪, ૨૫, ૨૬, નવેમ્બર, ૧૯૮૪ના રોજ યોજવામાં આવ્યું હતું. આ સંમેલનના મુખ્ય સંયોજક શિખરજી પાસે આવેલા જમુઇ નગરના વિદ્વાન પ્રાધ્યાપક ડો. શ્યામાનંદ પ્રસાદ હતા. પૂ આચાર્ય ભગવંત તથા પૂ. કલાપ્રભસાગરજીની વિનંતીથી મારે આ સંમેલનમાં ભાગ લેવા માટે જવાનું થયું હતું. મારા પરમ મિત્ર. અચલગચ્છના આગેવાન શ્રી વસનજી લખમશી શાહે અમારી જવા-આવવાની તથા ભોજન ઉતારાની વ્યવસ્થાની જવાબદારી સંભાળી લીધી હતી. મારી સાથે મારા મિત્ર એડવોકેટ શ્રી નેમચંદ ગાલા પણ આવ્યા હતા. આ સંમેલનમાં ત્રીસેક જેટલા મોટા મોટા વિદ્વાનોએ ભાગ લીધો હતો, પરંતુ તેમાંના ઘણા ખરા બિહારના હતા. કલકત્તાથી શ્રી ભવરલાલ નાહટા તથા દિલ્હીયા શ્રી હિરાલાલ દુગ્ગડ પણ પધાર્યા હતા. આમ આ સંમેલનમાં બહુશ્રુત વિદ્વાનોની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

આ સંમેલનનો મુખ્ય વિષય હતો 'ભગવાન મહાવીરનું જન્મ સ્થાન.' ડો. શ્યામાનંદ પ્રસાદે 'श्रमण भगवान महावीरका जन्मस्थान क्षत्रियकुंडग्राम' નામની પુસ્તિકા લખી છે. એને અનુસરીને આ વિષયની વિગતે છણાવટ આ સંમેલનમાં થઇ હતી.

ડો. શ્યામનંદે પ્રથમ બેઠકમાં પોતાના સ્વાગત પ્રવચનમાં વિષયની માંડણી કરી અને એ પછી ત્રણે બેઠકોમાં જુદા જુદા વિદ્વાનોએ તે અંગે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા હતાં. પ્રારંભમાં પ. પૂ. કલાપ્રભસાગરજીએ દિક્કુમારીઓએ કરેલા ભગવાનના જન્મોત્સવનો ઉલ્લેખ કરી, ક્ષત્રિયકુંડ પાસે આવેલા શકશકાણી નામના પહાડોનો નિર્દેશ કરી તથા રાજા નંદીવર્ધનના અને બીજા કેટલાક પ્રસંગોનાં પ્રમાણો આપી દર્શાવ્યું કે ક્ષત્રિયકુંડ એ જ ભગવાન મહાવીરની જન્મભૂમિ હોઇ શકે, વૈશાલી નહિ.

આ સદીના આરંભમાં ડો. હરમન જેકોબી, ડો. વિન્સેન્ટ સ્મિથ, ડો. હર્નલ વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ એવો મત દર્શાવ્યો હતો કે ભગવાન મહાવીરનું જન્મસ્થાન વૈશાલી છે. અને કલ્પસૂત્ર વગેરેમાં આવતું કુંડગ્રામ તે વૈશાલીનું એક પરું છે. પાશ્ચાત્ય વિદ્વાનોને અનુસરીને કેટલાક ભારતીય વિદ્વાનોએ પરંપરાગત રીતે વૈશાલીનો જ ઉલ્લેખ કર્યો છે, પરંતુ કેટલાંક વર્ષો પહેલાં પ. પૂ. દર્શનવિજયજી નામના મહારાજે આ વિષયમાં પુષ્કળ સંશોધન કરીને 'ક્ષત્રિયકુંડ' નામના પોતાના પુસ્તકમાં આધારો આપીને બતાવ્યું છે કે વૈશાલી નહિ પરંતુ ક્ષત્રિયકુંડ એ જ ભગવાન મહાવીરની જન્મભૂમિ છે. ભગવાન મહાવીર ઘર છોડીને તપશ્ચર્યા કરવા નીકળે છે એ વખતે એમની વિહારયાત્રામાં આવેલાં સ્થળો કોલાગ, મોરાગ અસ્થિક, દક્ષિણ વાચાલ, ઉત્તર વાચાલ, કનકખલ વગેરે આજે પણ ક્ષત્રિયકુંડની આસપાસ વિદ્યમાન છે. નદીઓ તથા પર્વતોનાં નામ, તે સમયની બોલાતી ભાષા, ત્રિશલા માતાને આવેલાં સ્વપ્નો અને રાજા સિદ્ધાર્થે સમજાવેલો તેનો અર્થ એ ઘટના વગેરે દર્શાવે છે કે ભગવાન મહાવીરનો જન્મ વૈશાલીમાં નહિ પરંતુ ક્ષત્રિયકુંડમાં થયો હતો. વૈશાલી ભગવાન મહાવીરનું મોસાળ હતું, પરંતુ એમનો જન્મ મોસાળમાં નહિ પરંતુ પોતાના પિતાને ત્યાં ક્ષત્રિય કુંડમાં થયો હતો.

આ સંમેલનમાં પૂ. કલાપ્રભસાગરજી, ડો. શ્યામાનંદ પ્રસાદ, ડો. રાધાકૃષ્ણ ચૌધરી, ડો. સી. પી. એમ. સિંહા, ડો. પ્રકાશશરણ પ્રસાદ, ડો. જયસ્વાલ ડો. પ્રભાત (સરસિજ) શ્રી નરેશચંદ્ર મિશ્રભંજન, ડો. ઠાકુર હરદયાલ, શ્રી અજીતકુમાર પ્રસાદ, ભગવાનદાસ કેશરીજી, ડો. સરજુ. પ્રસાદ સિંહા, ડો. સીતારામ રાય, ડો. શોભનાથ પાઠક, શ્રી ભવરમલ નાહટા, શ્રી હીરાલાલ દુગ્ગડ, પૂ. મુનિ નેમિચંદ્રજી, શ્રી ઓમકાર નિરાલા, શ્રી નેમચંદ ગાલા વગેરે વિદ્વાનોએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. આ વિદ્વાનોમાં પટણા યુનિવર્સિટી, ગયા યુનિવર્સિટી, ભાગલપુર યુનિવર્સિટી, મિથિલા યુનિવર્સિટી વગેરે યુનિવર્સિટીઓના ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષેના પ્રાધ્યાપકોની તથા સરકારી પુરાતત્ત્વ વિભાગના વિદ્વાનોની સંખ્યા ઘણી મોટી હતી. ચર્ચામાં ભાગ લેતાં મેં મારા વિચારો રજૂ કરતાં કહ્યું હતું કે વૈશાલી કરતાં ક્ષત્રિયકુંડના પક્ષે એકંદરે વધુ પુરાવા ઉપલબ્ધ છે. એટલે અત્યારે તો સ્પષ્ટ જણાય છે કે ભગવાન મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ છે. આમ છતાં ઇતિહાસકાર હંમેશાં તટસ્થ, પૂર્વગ્રહમુક્ત, સાંપ્રદાયિક અભિનિવેશથી રહિત અને સત્યાન્વેષી હોવો જોઇએ. ભવિષ્યમાં વૈજ્ઞાનિક સાધનોના મદદ વડે જે કોઇ સ્થળ માટે વધુ પુરાવા સાંપડે તે સ્થળનો સ્વીકાર કરવાની ઇતિહાસકારની હંમેશાં તૈયારી રહેવી જોઇએ. સાંપ્રદાયિક સંકુચિતતાથી આ બાબતમાં પોતાના જૂના મતને વળગી રહેવાનું યોગ્ય ન ગણાય. મનુષ્યની સ્મૃતિને મર્યાદા છે અને કાળ ભલભલી વસ્તુઓને ઝાંખું કરી નાખે છે એટલે ઐતિહાસિક સંશોધનની બાબતમાં સાવધ રહેવું જોઇએ.

મોટી સંખ્યામાં વિદ્વાનોની ઉપસ્થિતિથી આ સંમેલનને એક પ્રકારનું ગૌરવ સાંપડ્યું હતું. આવા સંમેલનના આયોજન માટે પ. પૂ. કલાપ્રભસાગરજીને બહુ ધન્યવાદ ઘટે છે. એમને પોતે આ વિષયમાં ઉપલબ્ધ તમામ સાહિત્યનો અભ્યાસ કરી પોતાના વિચારો સ્પષ્ટતાથી દર્શાવ્યા હતા. જૈન સાહિત્ય અને સંશોધનમાં તેઓ ઊંડો રસ ધરાવે છે એટલે તેમના હાથે વિવિધ વિષયોની છણાવટ કરતાં સંમેલનો ભવિષ્યમાં યોજાતાં રહે એવી હાર્દિક શુભેચ્છા.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, મિરજામ, મુંબઇ – ૪૦૦૦૦૪.